
# મહાભારતના મોતી




# Mahabharat Na Moti

[ Principal stories of Mahabharata in Gujarati ]



- શ્રી યોગેશ્વરજી

## NOTICE


**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


☼ ☼ ☼ ☼ ☼


e-book

| | |
|---|---|
| Title | : Mahabharat Na Moti |
| Language | : Gujarati |
| Version | : 2.2 |
| Pages | : 505 |
| Created | : July 22nd 2013. |


☼ ☼ ☼ ☼ ☼

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We would welcome your comments.

☼ ☼ ☼ ☼ ☼

## નિવેદન

મહર્ષિ વ્યાસના નામ અને કામને કોણ નથી જાણતું ? એમના વિના ભારતીય સંસ્કૃતિ ખરે જ અનાથ હોત. બ્રહ્મસૂત્ર તથા ગીતા જેવા ચિંતનશીલ મહાગ્રંથોની જેમ એમણે કેટલાંક પુરાણોની પણ રચના કરી છે. એ પુરાણોમાં ભાગવત અને મહાભારત મુખ્ય છે.


બીજું કેટલુંય સાહિત્ય કાળના વહેવા સાથે, કાળના મહોદધિમાં મળી ગયું છે, પરંતુ મહર્ષિ વ્યાસનું સરજેલું એ સાહિત્ય શાશ્વત છે અને આજે પણ એટલું જ ઉપયોગી અથવા આશીર્વાદરૂપ થઇને પ્રકાશી રહ્યું છે. વરસો પહેલાં રચાયું હોવા છતાં, એ આજે પણ એવું જ અવનવું લાગે છે. એનો આત્મા એવો અનેરો, અસાધારણ અથવા અલૌકિક છે. પ્રજાને સાંસ્કૃતિક ને નૈતિક સંદેશ પૂરો પાડવાનું તથા પ્રેરણાપીયૂષ પાવાનું કામ એ વરસોથી કરી રહ્યું છે.

જ્ઞાનવિજ્ઞાનથી ભરેલા મહાભારતરૂપી સમુદ્રનાં મોતી મહર્ષિ વ્યાસે પ્રખર પરિશ્રમ કરીને વિશ્વના હિતને માટે બહાર કાઢ્યાં છે. એ મોતી માનવમાત્રને માટે એટલાં બધાં કીમતી તથા કલ્યાણકારક છે કે વાત નહિ. એ મોતીને આપણે આપણી દૃષ્ટિથી મૂલવીએ તો ઘણો મોટો લાભ થશે, એમાં સંદેહ નથી. એ મોતી કેવળ પહેરવાનાં નથી પરંતુ જીવનમાં આત્મસાત્ કરવાનાં છે. એ જ એમની વિશેષતા કે ખૂબી છે.

**- યોગેશ્વર**

☼ ☼ ☼ ☼ ☼

**શ્રી યોગેશ્વરજીના હસ્તાક્ષર**



# અનુક્રમણિકા


**આદિ પર્વ**

૦૧. મહાભારતની વિચારણા
૦૨. મહાભારતનું માહાત્મ્ય
૦૩. મહર્ષિ વ્યાસનો જન્મ
૦૪. ગણપતિનો સહકાર
૦૫. ગુણવત્તાનો આદર
૦૬. સદગુરુનો અનુગ્રહ
૦૭. જનમેજયનો શાપ
૦૮. એકનિષ્ઠ ગુરુભક્તિ
૦૯. સમુદ્રમંથન
૧૦. પરીક્ષિતને શાપ
૧૧. શાપ સાચો ઠર્યો
૧૨. સર્પોથી રક્ષા
૧૩. સંક્ષિપ્ત મહાભારત
૧૪. દુષ્યંતનો આશ્રમપ્રવેશ
૧૫. કર્મસંસ્કાર
૧૬. દુષ્યંત શકુંતલાનો ગાંધર્વવિવાહ
૧૭. શકુંતલાનો સ્વીકાર
૧૮. કચ શુક્રાચાર્ય પાસે
૧૯. મૃતસંજીવની વિદ્યાની પ્રાપ્તિ
૨૦. દેવયાની દુઃખી બની
૨૧. યયાતિને શુક્રાચાર્યનો શાપ
૨૨. યયાતિનું વનગમન
૨૩. પ્રતીપની સિદ્ધાંતપ્રિયતા
૨૪. ભીષ્મપ્રતિજ્ઞા
૨૫. ભીષ્મની અગ્નિપરીક્ષા
૨૬. ધૃતરાષ્ટ્ર, પાંડુ, વિદુરના જન્મ
૨૭. કર્મનું પરિણામ
૨૮. તત્કાલીન પરિસ્થિતિ
૨૯. ગાંધારીનો નિર્ણય
૩૦. કર્ણનો જન્મ
૩૧. પાંડુના લગ્ન
૩૨. કૌરવોનો જન્મ
૩૩. પાંડુનું મૃત્યુ
૩૪. પાંડવોનો જન્મ
૩૫. મહર્ષિઓ સમાચાર પહોંચાડે છે
૩૬. સત્યવતીનું તપ
૩૭. દુર્યોધનનો દુર્વ્યવહાર
૩૮. દ્રોણની અવહેલના
૩૯. ભીષ્મની ગુણદર્શિતા
૪૦. અર્જુનની પ્રતિજ્ઞા
૪૧. એકલવ્યની ગુરુદક્ષિણા
૪૨. અર્જુનની એકાગ્રતા
૪૩. અર્જુનને આશીર્વાદ - દ્રુપદનો પરાજય
૪૪. કાળની ગતિ
૪૫. કણિકની રાજનીતિ
૪૬. લાક્ષાગૃહમાં પાંડવોનો બચાવ
૪૭. ભીમનો શોક
૪૮. ઘટોત્કચનો જન્મ
૪૯. વ્યાસનો મેળાપ
૫૦. બકાસુરનો નાશ
૫૧. ધૃષ્ટદ્યુમ્ન અને દ્રૌપદી
૫૨. પાંડવો પાંચાલનગરમાં
૫૩. દ્રૌપદીની પ્રાપ્તિ
૫૪. દ્રૌપદી વિશેનું સ્પષ્ટીકરણ
૫૫. દ્રૌપદીની વાત
૫૬. પાંડવો હસ્તિનાપુરમાં

૫૭. સુંદ અને ઉપસુંદની કથા
૫૮. નંદિનીની શક્તિ
૫૯. અર્જુનના ઉપવાસ
૬૦. ઉલૂપીનો મેળાપ
૬૧. ચિત્રાંગદાનો મેળાપ
૬૨. સુભદ્રાહરણ
૬૩. ઇન્દ્રનું વરદાન

**સભાપર્વ**

૬૪. મયદાનવની મિત્રતા
૬૫. મયદાનવની નિર્માણકળા
૬૬. દેવર્ષિ નારદનો રાજધર્મ
૬૭. જરાસંઘના નાશની ભૂમિકા
૬૮. જરાસંઘની ઉત્પત્તિકથા
૬૯. સહદેવનો રાજ્યાભિષેક
૭૦. શિશુપાલનો નાશ
૭૧. શિશુપાલની જન્મકથા
૭૨. વિનાશનો સંકેત
૭૩. દ્યુતની તૈયારી
૭૪. દ્યુતમાં પરાજય
૭૫. કૃપા તથા વરદાન
૭૬. પાંડવોનો વનવાસ

**વનપર્વ**

૭૭. અક્ષયપાત્ર
૭૮. શરણની શક્તિ
૭૯. મૈત્રેયમુનિનો શાપ
૮૦. કૃષ્ણનું વરદાન
૮૧. ઊર્વશીનો શાપ
૮૨. દમયંતીનું લગ્ન
૮૩. દમયંતીનો ત્યાગ
૮૪. દમયંતીની પવિત્રતા
૮૫. દૈવી શક્તિની સહાયતા
૮૬. નળનો જીવનપ્રવાહ
૮૭. નળની માહિતી
૮૮. અદભૂત ગણનાવિદ્યા
૮૯. નળ-દમયંતીનું પુનર્મિલન
૯૦. નળનો સદભાવ
૯૧. દધિચિનું સર્વસમર્પણ
૯૨. મહર્ષિ કપિલનું વરદાન
૯૩. ગંગાનો અનુગ્રહ
૯૪. ઋષ્યશૃંગનો પ્રસંગ
૯૫. પરશુરામની પિતૃભક્તિ
૯૬. મહર્ષિ ચ્યવનની કાયાપલટ
૯૭. શિબિનો સમર્પણભાવ
૯૮. અષ્ટાવક્રનો વિજય
૯૯. ભીમ ને હનુમાનનો મેળાપ
૧૦૦. અજગર સાથે વાર્તાલાપ
૧૦૧. કૌશિકની કથા
૧૦૨. ધર્મવ્યાધનો મેળાપ
૧૦૩. ધર્મવ્યાધનો જન્માન્તરવૃતાંત
૧૦૪. ધર્મવ્યાધની ધર્મવાણી
૧૦૫. દ્રૌપદીનું વશીકરણ
૧૦૬. દ્રૌપદીને કૃષ્ણની સહાયતા
૧૦૭. જયદ્રથ તથા દ્રૌપદી
૧૦૮. રાવણાદિનું તપ
૧૦૯. સાવિત્રીની કથા-૧
૧૧૦. સાવિત્રીની કથા-૨
૧૧૧. દાનેશ્વરીકર્ણ
૧૧૨. યક્ષ અને યુધિષ્ઠિર
૧૧૩. યુધિષ્ઠિરને યક્ષના વરદાન

**વિરાટ પર્વ**

૧૧૪. પ્રારંભ

૧૧૫. દુર્ગાસ્તુતિ
૧૧૬. પાંડવોનો અજ્ઞાતવાસ
૧૧૭. જીમૂતનો નાશ
૧૧૮. કીચકનો મોહ
૧૧૯. કીચકનો દુર્વ્યવહાર
૧૨૦. કીચકનો નાશ
૧૨૧. દ્રૌપદીની રક્ષા
૧૨૨. પાંડવોએ ગાયોને પાછી વાળી
૧૨૩. પાંડવોની નિષ્કામતા
૧૨૪. અર્જુનની ઓળખાણ
૧૨૫. અર્જુને ગોધનને પાછું વાળ્યું
૧૨૬. ઉત્તરાનું લગ્ન

**ઉદ્યોગ પર્વ**

૧૨૭. શ્રીકૃષ્ણનું વ્યક્તિત્વ
૧૨૮. અર્જુન અને દુર્યોધન
૧૨૯. નહુષને શાપ મળ્યો
૧૩૦. વિદુર નીતિ - ૧
૧૩૧. વિદુર નીતિ - ૨
૧૩૨. સનતસુજાત ઋષિનો સદુપદેશ
૧૩૩. શ્રીકૃષ્ણના નામો
૧૩૪. વિદુરને ત્યાં કૃષ્ણ
૧૩૫. દુર્યોધન અને વિદુર
૧૩૬. કૃષ્ણનું કલ્યાણકર્મ
૧૩૭. કૃષ્ણ તથા કર્ણ
૧૩૮. કર્મ તથા કુંતી
૧૩૯. બલરામની તીર્થયાત્રા

**ભીષ્મ પર્વ**

૧૪૦. મહાભારત યુદ્ધની વિશિષ્ટતા
૧૪૧. મહર્ષિ વ્યાસની દિવ્યશક્તિ
૧૪૨. અર્જુનનો વિશ્વાસ
૧૪૩. દુર્ગાસ્તોત્ર
૧૪૪. ભગવદ્ ગીતાનો સમાવેશ
૧૪૫. મહાપુરુષોની ઉદારતા
૧૪૬. યુધિષ્ઠિરનો વિષાદ
૧૪૭. કૃષ્ણ અને ભીષ્મ
૧૪૮. પાંડવોના વિજયનું રહસ્ય
૧૪૯. ભીષ્મના મરણનું રહસ્ય
૧૫૦. અર્જુને ભીષ્મને ઉશીકું આપ્યું
૧૫૧. ભીષ્મનો યુદ્ધને રોકવાનો પ્રયાસ

**દ્રોણ પર્વ**

૧૫૨. સંજયનું વ્યક્તિત્વ
૧૫૩. યુધિષ્ઠિરને પકડવાનો વિચાર
૧૫૪. જયદ્રથનું તપ
૧૫૫. પાશુપતાસ્ત્રની પ્રાપ્તિ
૧૫૬. જયદ્રથનો નાશ
૧૫૭. દ્રોણાચાર્ય મૃત્યુ પામ્યા
૧૫૮. ભગવાન શંકરની સ્તુતિ

**કર્ણ પર્વ અને શલ્ય પર્વ**

૧૫૯. પરશુરામના શાપનું સ્મરણ
૧૬૦. ઋષિના શાપનું સ્મરણ
૧૬૧. સત્ય તથા ધર્મવિષયક વિચારો
૧૬૨. અશ્વત્થામા દુર્યોધનને સમજાવે છે
૧૬૩. કર્ણનું મૃત્યુ
૧૬૪. કૃપાચાર્યની સલાહ
૧૬૫. દુર્યોધન ધરતી પર ઢળી પડ્યો
૧૬૬. પ્રતિક્રિયા
૧૬૭. અર્જુનનો રથ બળી ગયો
૧૬૮. ગાંધારીને સાંત્વન

**સૌપ્તિક પર્વ અને સ્ત્રી પર્વ**

૧૬૯. અશ્વત્થામાનો ભયંકર નિર્ણય

૧૭૦. અશ્વત્થામાનું ભયંકર કર્મ
૧૭૧. અશ્વત્થામાના મણિની પ્રાપ્તિ
૧૭૨. વિદુરનું આશ્વાસન
૧૭૩. યુદ્ધોત્તર પ્રતિક્રિયા
૧૭૪. ગાંધારીનો શાપ અને ઉત્તરક્રિયા

**<u>શાંતિ પર્વ</u>**

૧૭૫. શંખ અને લિખિત
૧૭૬. કૃષ્ણની અલૌકિકતા
૧૭૭. ભગવાન કૃષ્ણની સ્તુતિ
૧૭૮. શ્રીકૃષ્ણનું ભીષ્મને વરદાન
૧૭૯. ભીષ્મ પિતામહ પાસે

☼ ☼ ☼ ☼ ☼



"મહાભારતને કોઇ ઉપમા આપવી હોય તો તે ગણ્યાંગાઠ્યાં સુંદર જવાહીરોની એકાદ તિજોરીની ના આપી શકાય પણ અમૂલ્ય રત્નોની એકાદ અખૂટ ખાણ સાથે જ સરખાવી શકાય, કે જે ખાણ જેમ જેમ વધુ ને વધુ ઊંડી ખોદીએ તેમ તેમ તેમાંથી કીમતી જવાહીર વધુ ને વધુ નીકળતાં જ જાય."

- મહાત્મા ગાંધી

# આદિપર્વ

# ૧. મહાભારતની વિચારણા

મહર્ષિ વ્યાસના નામ અને કામને કોણ નથી જાણતું ? એમના વિના ભારતીય સંસ્કૃતિ ખરે જ અનાથ હોત અને વિશ્વસંસ્કૃતિને પણ મોટી ખોટ પડત. બ્રહ્મસૂત્ર તથા ગીતા જેવા ચિંતનશીલ મહાગ્રંથોની જેમ એમણે કેટલાંક પુરાણોની પણ રચના કરી છે. એ પુરાણોમાં ભાગવત અને મહાભારત મુખ્ય છે. પોતાના સનાતન જ્ઞાન-સંદેશથી એ અમર છે.

બીજું કેટલુંય સાહિત્ય કાળના વહેવા સાથે, કાળના મહોદધિમાં મળી ગયું છે, પરંતુ મહર્ષિ વ્યાસનું સરજેલું એ સાહિત્ય શાશ્વત છે અને આજે પણ એટલું જ ઉપયોગી અથવા આશીર્વાદરૂપ થઇને પ્રકાશી રહ્યું છે. એને નથી વૃદ્ધાવસ્થા કે નથી વ્યાધિ. દેશ, કાળ કે અવસ્થાની અસર એને નથી થતી. વરસો પહેલાં, અતીતકાળમાં રચાયું હોવા છતાં, એ આજે પણ એવું જ અવનવું લાગે છે. એનું સ્વરૂપ જ એવું છે અને એનો આત્મા એવો અનેરો, અસાધારણ અથવા અલૌકિક છે કે કદી પુરાણું નથી થયું પરંતુ નિત્ય નૂતન રહ્યું છે. પ્રજાને સાંસ્કૃતિક ને નૈતિક સંદેશ પૂરો પાડવાનું તથા પ્રેરણાપીયૂષ પાવાનું કામ એ વરસોથી કરી રહ્યું છે.

સમુદ્રમાં મોતી થાય છે એ વાત સુવિદિત છે. એ મોતી પરિશ્રમસાધ્ય છે અને જીવનમાં એટલાં બધાં આવશ્યક પણ નથીઃ પરંતુ જ્ઞાનવિજ્ઞાનથી ભરેલા મહાભારતરૂપી સમુદ્રનાં મોતી તો મહર્ષિ વ્યાસે પ્રખર પરિશ્રમ કરીને વિશ્વના હિતને માટે બહાર કાઢ્યાં છે. એ મોતી માનવમાત્રને માટે એટલાં બધાં કીમતી તથા કલ્યાણકારક છે કે વાત નહિ. એ મોતી કેવળ પહેરવાનાં નથી પરંતુ જીવનમાં આત્મસાત્ કરવાનાં છે. એ જ એમની વિશેષતા કે ખૂબી છે. એ મોતીને આપણે આપણી દૃષ્ટિથી મૂલવીએ તો સાચેસાચ લાભ જ થાય, અને ઘણો મોટો લાભ થાય, એમાં સંદેહ નથી. કામ ઘણું મોટું કે ભગીરથ છે : છતાં પણ મૂલ્યવાન છે માટે કરવું જ રહ્યું. એકંદરે એ લાભકારક સાબિત થશે.

મહાભારતની મહત્તા તથા ઉપયોગિતા વિશે એના આરંભના આદિપર્વના પહેલા અધ્યાયમાં જે વિવરણ છે તેનો વિચાર ખાસ ધ્યાનપૂર્વક કરવા જેવો છે. આ રહ્યું એ વિવરણ :

"ધર્મ, અર્થ, કામ તથા મોક્ષનું જેમાં સંક્ષેપમાં તથા વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે, એવા મહાભારતરૂપી સૂર્યે અજ્ઞાનરૂપી ઘોર અંધકારમાં અથડાતા લોકોની આંખ જ્ઞાનના અલૌકિક અંજનની સળીથી ઉઘાડીને એમનો અનાદિ કાળનો અંધકાર દૂર કર્યો છે. પુરાણરૂપી આ પરિપૂર્ણ ચંદ્રે શ્રુતિરૂપી કૌમુદીને પ્રકટાવી, માનવબુદ્ધિરૂપે કુમુદવનને વિકસાવ્યું છે. આ ઇતિહાસરૂપી દીપકે મોહરૂપી આવરણને હઠાવી, લોકોની અંતઃકરણરૂપી ગુફાઓની અંદર પ્રકાશ પાથર્યો છે. મેઘ જેવી રીતે પ્રાણીમાત્રનો આશ્રય છે, તેવી રીતે આ મહાભારતરૂપી વૃક્ષ સર્વે મોટા મોટા કવિઓનું આશ્રયરૂપ રહેશે. મેઘની જેમ આ મહાભારત વૃક્ષ સૌને શાંતિ આપશે."

એ મહાગ્રંથ વિશે શ્રી લોકમાન્ય તિલક શું કહે છે તે જોઇએ. એ પંડિતપ્રવર મહાપુરુષ એની ગુણવત્તાની અક્ષરદેહમાં અભિવ્યક્તિ કરતાં લખે છેઃ

"ઇતિહાસ અથવા તત્વજ્ઞાન તરીકે અથવા પ્રાચીન શાસ્ત્રીય પરિભાષા મુજબ ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારે પુરુષાર્થનું જ્ઞાન પ્રાપ્ત કરાવનાર તરીકે પણ આ ગ્રંથના જેટલાં વખાણ કરીએ એટલાં ઓછા છે. ભારતભૂમિમાં ચારે તરફ જે હિંદુ સમાજ અથવા આર્યસમાજ ફેલાયેલો છે તેના જીવાત્મા તરીકે આ ગ્રંથને ગણીએ તો તેમાં લેશ પણ અતિશયોક્તિ નથી થતી. અમારામાંથી અનેક જાતના માણસો અનેક કારણોથી એનું અધ્યાપન હજુ સુધી કરતા આવ્યા છે. કાલિદાસ જેવા કવિઓએ પોતાની અલૌકિક કવિતાશક્તિને માટે જે કથાનકોને પ્રમાણભૂત ગણીને લીધાં છે તેમાંનાં પણ કેટલાંક કથાનકો આ રત્નનિધિમાંનાં જ છે. ઉત્તર ભારતના ભાટોએ રજપૂતાનાના રજપૂત વીરોની વીરતાને પાનો ચઢાવવા માટે આ જ ત્રૈલોક્યચિંતામણિ મહાભારતનો ઉપયોગ કર્યો છે. અને અર્વાચીન ધર્મશાસ્ત્રકારોએ તથા રાજનીતિજ્ઞોએ પણ ધર્મ, નીતિ અને વ્યવહારનાં લોકોપયોગી પ્રમાણો તથા વચનો આ સર્વપયોગી ભંડારમાંથી જ ઉદધૃત કરેલાં છે.તત્વજ્ઞાન તરફ જોઇએ તો એને માટે પણ બરાબર એ જ ન્યાય લાગુ પડે છે.એટલે કે આ ગ્રંથને પાંચમો વેદ કહેવામાં આવે છે તે યોગ્ય જ છે. વ્યાસે પોતે જ આ ગ્રંથ વિશે કહ્યું છે કે જે આની અંદર છે તે જ બધા સાહિત્યમાં છે અને જે આની અંદર નથી તે ક્યાંય નથી, તે યોગ્ય જ છે. એમનું એ કથન કાંઇ અતિશયોક્તિભર્યું નથી. ભારતવર્ષમાં નાનાં બાળકોનાં કોમળ ચિત્તથી માંડીને અનુભવોથી ઘડાયેલા કે પાકટ બનેલા વૃદ્ધો સુધી સૌ કોઇ પર જે ગ્રંથે આજ સુધી સચોટ અસર ઊભી કરી છે, તેના કર્તાનાં બુદ્ધિવૈભવ, પ્રતિભા તથા સામર્થ્ય કેટલાં અલૌકિક હોવાં જોઇએ તે વિશેષ કહી બતાવવાની જરૂર નથી.તદન અર્વાચીન કાળમાં, અર્થાત્ શ્રી શિવાજી મહારાજના સમયમાં જે દેશોન્નતિ, રાષ્ટ્રોન્નતિ થયેલી, એમાં પણ એ જ ગ્રંથ કારણભૂત થયેલો છે. પેશ્વાઇમાં પણ ધર્મ, વ્યવહાર ને રાજનીતિ શીખવવામાં અમારા મહારાષ્ટ્ર પ્રાંત તરફ એ જ ગ્રંથનો ઉપયોગ કરવામાં આવેલો. ધર્મવિષયમાં સર્વસામાન્ય થઇ ચૂકેલી શ્રીમદ્ ભગવદ્ ગીતા પણ મૂળ તો મહાભારતમાંની જ છે ને ? બારમી સદીના અરસામાં જે ધર્મજાગૃતિ થયેલી તેમાં પણ તેનું જ ભાષાંતર કારણભૂત થયું હતું. આથી રહી શકાય છે કે ભારતવર્ષમાં ઉન્નત પુરુષાર્થનાં બીજ હમેશાં કાયમ રાખી, પ્રસંગાનુસાર તે બીજોમાંથી યોગ્ય અંકુર ઉત્પન્ન કરવાની બાબતમાં આ મહાભારત નામક રાષ્ટ્રીય ગ્રંથ જ સંસ્કૃત અથવા પ્રાકૃત ભાષાંતર દ્વારા કારણભૂત થયો છે."

"ભારત વર્ષમાં અત્યારે જ્યારે એક તરફ રાષ્ટ્રીય એકતા પ્રાપ્ત કરવા માટે જેટલાં પણ સાધન મળી આવે એટલાં ખોળી કાઢવાને તત્પર છીએ, ત્યારે બીજી તરફ અત્યંત અફસોસની વાત છે કે જે રાષ્ટ્રીય ગ્રંથનો આજે સેંકડો હજારો વર્ષથી હિંદુઓ સમાજને સંગઠિત કરવા પાછળ અત્યુત્તમ ઉપયોગ થતો આવેલો, એની આજના આપણા નવયુવાનો જ અવગણના કરી રહ્યા છે. આવી સ્થિતિમાં આ તરફ કેટલાક સમયથી આ ગ્રંથના અનુવાદો તેમજ સંક્ષિપ્ત ગદ્યપદ્ય ગ્રંથો એ જ હેતુથી પ્રસિદ્ધ થવા લાગ્યા છે કે જેથી ઉપર્યુક્ત શોચનીય દશા કાંઇક અંશે દૂર થાય. પોતાના પૂર્વજોનાં વૈભવ, વીરતા, ઉદાત્ત વિચાર તેમજ મહત્તા નવી પ્રજાના મનમાં યોગ્ય સમયે ઉતારાય : મહાભારત જેવા રાષ્ટ્રીય ગ્રંથ પ્રત્યે એમના મનમાં આદરભાવ પેદા થાય : અને એ દ્વારા એ પ્રજા પોતાનાં આચરણ સુધારીને દેશકલ્યાણ કરવાને તૈયાર થાય."

"તાત્પર્ય એ છે કે ઘણા વિદ્વાન તથા દેશહિતૈષીઓનું ધ્યાન હવે આ તરફ દોરાયું છે કે સ્વરાજ્યના સમયે નાનાં બાળકોને જેવી રીતે આ ગ્રંથની અને એમાંના પાત્રોની ઓળખાણ સહજમાં કરાવાતી, તેવી રીતે આ સમયમાં પણ - અર્થાત્ જ્યારે સાર્વજનિક શિક્ષણ માટે પાઠશાળાઓ સ્થપાઇ ચૂકી છે તેવા સમયમાં પણ, નાનાં બાળક સુધ્ધાંને આ ગ્રંથનો સારી પેઠે પરિચય કરાવવો જોઇએ."

મહાત્મા ગાંધીજીનો અનુભવાત્મક અભિપ્રાય પણ આ મહાગ્રંથ વિશે જાણવા જેવો છે. તે લખે છે:

"મેં આ પહેલાં મહાભારતનો સંપૂર્ણ ગ્રંથ વાંચ્યો ન હતો. કોઇ કોઇ વાર થોડું થોડું જોયું હોય તે જુદી વાત. મેં તો ઊલટો એની વિરુદ્ધમાં જ મત બાંધી દીધો હતો કે એમાં મારપીટ, લડાઇ અને ઝગડાઓની કહાણીઓ હશે.....પરંતુ પછી જ્યારે મેં એને વાંચવું શરૂ કર્યું ત્યારે તો પછી અમુક ભાગ સિવાય એ એટલું બધું મનમોહક થઇ પડ્યું, એમાં એટલી બધી લેહ લાગી ગઇ, કે એકવાર શરૂ કર્યા પછી એ ગ્રંથ પૂરો કરવાને હું અધીરો જ બની ગયો, અને એ સંપૂર્ણ વાંચી રહ્યા પછી એ વિશેના મારા પહેલાંના ખ્યાલો ખોટા ઠર્યા."

"એ ગ્રંથ મેં યરોડા જેલમાં ચાર મહિનામાં પૂરો કર્યો ત્યારે મને લાગ્યું કે આ મહાભારતને કાંઇ ઉપમા આપવી હોય તો તે ગણ્યાંગાઠ્યાં સુંદર જવાહીરોની એકાદ તિજોરીની ના આપી શકાય પણ અમૂલ્ય રત્નોની એકાદ અખૂટ ખાણ સાથે જ સરખાવી શકાય, કે જે ખાણ જેમ જેમ વધુ ને વધુ ઊંડી ખોદીએ તેમ તેમ તેમાંથી કીમતી જવાહીર વધુ ને વધુ નીકળતાં જ જાય."

મહાત્મા ગાંધીજીના સેવાનિષ્ઠ કર્મયોગી સમકાલીન સંત ભિક્ષુ અખંડાનંદે લખ્યું છે :

"ભારતવર્ષમાં મહાભારતના નામથી કોઇક જ હિંદુ-આર્ય અજાણ્યો હશે. આ ગ્રંથ રચાયો ત્યારથી માંડીને અદ્યાપિ સુધીનાં હજારો વર્ષ દરમિયાન હિંદુ જાતિમાં જે જે પ્રાચીન ગ્રંથો અતિઆકર્ષક, માર્ગદર્શક અને ઉપકારક ગણાતા આવ્યા છે; તેમાં મહાભારત ગ્રંથ સદા પ્રથમ શ્રેણીમાં જ રહ્યો છે અને રહેશે."

પંડિત રામજીલાલ શર્માએ લખ્યું છેઃ

"જે જાતિ પાસે આ મહાભારત જેવો જગતભરમાં જોટા વગરનો અનુપમ ગ્રંથ હયાત હોય, તે કદી પણ પડતી દશામાં રહી શકે નહીં. જે જાતિ પાસે પોતાના પૂર્વજોનાં એવાં તેજસ્વી, સ્ફુર્તિદાયક અને અનુકરણીય વીરચરિત્રો હોય, તેનું નામ સભ્ય જાતિઓની શ્રેણીમાંથી બાતલ રહી શકે નહીં. પરંતુ ત્યારે એ ઉપરથી તો અહીં એ જ પ્રશ્ન ઊભો થાય છે કે મહાભારત જેવો ગ્રંથ હયાત હોવા છતાં પણ આજે હિંદુ જાતિ કર્તવ્યભ્રષ્ટ કેમ થતી જાય છે ? ભગવાન શ્રીકૃષ્ણ, બાલબ્રહ્મચારી ભીષ્મપિતામહ, મહાયોદ્ધો અર્જુન, મહાબલી ભીમ, ધર્માત્મા યુધિષ્ઠિર, મહાપંડિત સહદેવ, મહાનીતિજ્ઞ વિદુર, મહાપરાક્રમી કર્ણ અને યુદ્ધવિશારદ દ્રોણાચાર્ય આદિ મહાત્માઓની અનેકાનેક વીરકથાઓ ધરાવનારો મહાભારત ગ્રંથ મોજુદ છતાં પણ આજે

હિંદુ જાતિ શા માટે ડૂબી રહી છે ? ગીતા જેવું અમૃતમય શિક્ષણ હયાત હોવાં છતાં હજી પણ હિંદુ જાતિ પોતાના પૂર્વજોનાં નામ ઉપર શા માટે કલંક લગાડી રહી છે ?

કારણ એનું માત્ર એ જ છે કે, હિંદુ જાતિએ મહાભારત ગ્રંથ વાંચવો-સાંભળવો છોડી દીધો છે. અને પોતાના પૂર્વજોની ગુણગાથાઓનું ગાન બંધ કરી દીધું છે."

મહાભારત વિશે પંડિત ઇશ્વરીપ્રસાદ શર્માના વિચારો :

"મહાભારતમાં સર્વ રસોનો યથાસ્થાને સમાવેશ કરવામાં આવ્યો છે. શૃંગારથી તે વૈરાગ્ય સુધીના બધા રસોનું એમાં એવું સુંદર મિલન થયું છે કે ભારતના પ્રાચીન વીરોની આ પવિત્ર કથા બહુ જ મનમોહક, હૃદયગ્રાહી અને પ્રભાવશાળી બની રહી છે; અને તેથી કરીને અત્યંત પ્રાચીનકાળથી અદ્યાપિપર્યંતના બધા પંડિતોનો એ જ મત છે કે, જે કંઇ મહાભારતમાં છે તે જ બીજે સ્થળે જોવામાં આવે છે; અને જે તેમાં નથી તે ક્યાંય પણ નથી."

મહાભારત મહાગ્રંથ વિશેના વિવિધ વિદ્વાનોના એવા એવા અભિપ્રાયોને અથવા વિચારોને રજૂ કરીએ તો અતિવિસ્તાર થઇ જાય. એટલે આ પ્રકરણને આટલેથી જ પરિસમાપ્ત કરીએ. વિદ્વાનોના એવા અનેકવિધ અભિપ્રાયો અથવા પ્રગલ્ભ વિચારો પ્રદર્શાવે છે કે એ મહામૂલ્યવાન મહાગ્રંથ પંડિતો, વિદ્વાનો અને મહાપુરુષોમાં અતિશય આદરપાત્ર મનાય છે અને એની પ્રશસ્તિ કરતાં એ થાકતા કે ધરાતા નથી.

એ મહાગ્રંથનો અભ્યાસ સૌને માટે આવશ્યક છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨. મહાભારતનું માહાત્મ્ય

લગભગ બધા જ મોટામોટા ધર્મગ્રંથોમાં એમના માહાત્મ્યનો ઉલ્લેખ આવે છે. ગ્રંથકારને માહાત્મ્ય લખવાથી જ સંતોષ વળે છે. અથવા તો ધર્મગ્રંથોની સર્વોપરિતા અને આવશ્યકતા બતાવવાને માટે એમના માહાત્મ્ય તરફ એ અંગુલિનિર્દેશ કરતા હોય છે. એવી પ્રવૃત્તિમાં લોકમાનસ પણ જેવો તેવો ભાગ નથી ભજવતું. લોકો મોટેભાગે એવું પૂછતાં હોય છે કે અમુક ધર્મક્રિયા કે ધર્મગ્રંથનો આશ્રય લેવાથી શું પરિણામ આવશે ! એમની મનોવૃત્તિને લક્ષમાં લઇને, એને સંતોષવાના શુભ ઉદ્દેશથી પ્રેરાઇને, ગ્રંથકાર પોતાના ગ્રંથનું માહાત્મ્ય કહી બતાવે છે. એ માહાત્મ્ય અથવા તો ફળશ્રુતિથી પ્રેરાઇને કે પછી પ્રભાવિત થઇને વાચકો ગ્રંથનો લાભ લેવા માટે તૈયાર થતા હાય છે. એ દૃષ્ટિએ જોતાં ફળશ્રુતિ કે માહાત્મ્યનો ઉલ્લેખ કાંઇ અસ્થાને નથી.

મહાભારતમાં પણ મહર્ષિ વ્યાસે માહાત્મ્યનો એવો નિર્દેશ કરેલો છે. મહાભારત ગ્રંથના પઠન-પાઠનની શક્યતા કે શક્તિની તેમાંથી સૂચના મળે છે. એ નિર્દેશ પર ઊડતો દૃષ્ટિપાત કરી જઇએ. આ રહ્યો એ ઉલ્લેખ કે નિર્દેશઃ

"જે વિદ્વાન પુરુષ ઉદાર, દાની, આસ્તિક અને સત્યપરાયણ પુરુષોને શ્રીકૃષ્ણદ્વૈપાયન રચિત આ વેદ વાંચી સંભળાવશે, તેને ધન મળશે, ભ્રૂણહત્યા કરવાથી થયેલું પાપ પણ આ ઇતિહાસ સાંભળવાથી છૂટી જાય છે એ નિઃસંશય છે. જેમ ચંદ્ર રાહુથી મુક્ત થાય છે, તેમ ભારે દુરાચારી પણ આ ઇતિહાસ સાંભળવાથી સર્વે પાપોથી મુક્ત થાય છે . આ ઇતિહાસનું નામ જય છે માટે જયની ઇચ્છાવાળાએ તે સાંભળવો જ જોઇએ. એ સાંભળનાર પૃથ્વીને જીતે છે તેમજ શત્રુને હરાવે છે. વળી આ ઇતિહાસ શ્રવણ કરવાથી શ્રેષ્ઠ પુત્રની પ્રાપ્તિ થાય છે તથા મહાકલ્યાણ થઇ જાય છે. આ ઇતિહાસ પવિત્ર ધર્મશાસ્ત્ર છે, પરમ અર્થશાસ્ત્ર છે, એમ અમાપ બુદ્ધિવાળા વ્યાસદેવે કહ્યું છે.

"અત્યારે કોઇ કોઇ આ મહાભારતનું કીર્તન કરે છે. એવી રીતે ભવિષ્યમાં બીજા અનેક એને સાંભળશે. આનું શ્રવણ કરીને પુત્રો પિતાના પ્રિય તથા આજ્ઞાંકિત બને છે. જે માણસ આનું શ્રવણ કરે છે તેનું શારીરિક, વાચિક અને માનસિક પાપ છૂટી જાય છે. ભરતકુળનું આ મહાન જન્મવૃત્તાંત જે ઇર્ષ્યારહિત થઇને સાંભળે છે, તેને વ્યાધિનો ભય જ નથી રહેતો. તેને પરલોકનો ભય તો હોય જ ક્યાંથી ? જે માણસ પુણ્યને અર્થે આ લોકમાં પવિત્ર પુરુષોને આ મહાપવિત્ર મહાભારત સંભળાવે છે, તેને સનાતન ધર્મની પ્રાપ્તિ થાય છે. જે માણસ પવિત્ર થઇને કુરુઓના વિખ્યાત વંશનું કીર્તન કરશે, તેનો વંશ વિસ્તાર પામશે અને લોકોમાં તે સર્વશ્રેષ્ઠ ને પૂજ્ય મનાશે."

"વ્રત તથા નિયમના પાલનપૂર્વક જે કોઇ ચાતુર્માસમાં આ મહાભારતનું પઠન કરશે, તે બધી જાતનાં પાપોથી મુક્તિ મેળવશે. મહાભારતનો પાઠ કરનાર વેદોમાં પારંગત થયેલો મનાશે. આ મહાભારત સર્વે વેદોના સમુચ્ચયરૂપ છે. ધર્મમય બુદ્ધિવાળાઓએ એનું શ્રવણ કરવું જોઇએ. જે વિદ્વાન બ્રાહ્મણ આ

લોકમાં પર્વને દિવસે આ ગ્રંથનું શ્રવણ કરાવે છે તે નિષ્પાપ થાય છે, સ્વર્ગને જીતે છે, અને સનાતન બ્રહ્મલોકને પામે છે. જે માણસ શ્રાદ્ધને અંતે આ મહાભારતનું એક પદસરખું પણ બ્રાહ્મણોને સંભળાવે છે, તેનું તે શ્રાદ્ધ તેના પિતૃઓને અક્ષયતૃપ્તિ આપે છે. દિવસે ઇન્દ્રિયોથી અથવા મનથી, જાણતાં કે અજાણતાં, જે પાપ કર્યાં હોય છે, તે આ મહાભારતનું આખ્યાન સાંભળતાં જ લય પામે છે."

"ભરતકુલના મોટા જન્મવૃત્તાંતો આમાં વર્ણવાયા છે તેથી આનું નામ મહાભારત છે. એના કથાકીર્તનથી માણસોનાં મહાપાતકો છૂટી જાય છે. શક્તિશાળી શ્રીકૃષ્ણદ્વૈપાયન મુનિ પવિત્ર અને નિત્ય ઉદ્યોગપરાયણ રહીને ત્રણ વર્ષમાં મહાભારતની રચના કરીને સફળમનોરથ થયા હતા. એ મહર્ષિએ તપ તથા નિયમનું પાલન કરીને આ રચ્યું છે. તેથી બ્રાહ્મણે નિયમશીલ રહીને એનું શ્રવણ કરવું જોઇએ. શ્રીકૃષ્ણદ્વૈપાયને કહેલી આ ઉત્તમ તથા પવિત્ર કથાને જે સંભળવાશે અને માનવો તેનું શ્રવણ કરશે, તેમને કદીય પાપ નહિ અડે, પછી ભલે તે સુકર્મી હોય કે કુકર્મી હોય. ધર્મકામનાવાળા મનુષ્યે આ સર્વ ઇતિહાસને આખોય સાંભળવો જોઇએ. તેમ કરવાથી તેને સિદ્ધિ સાંપડશે. મનુષ્યને આ પરમપવિત્ર ઇતિહાસના શ્રવણથી જે પ્રસન્નતા મળે છે, તે સ્વર્ગલોકને પામ્યાં છતાં પણ તેને નથી મળતી."

"શ્રદ્ધાપૂર્વક આ કથાને સાંભળનાર તથા સંભળાવનારને રાજસૂય અને અશ્વમેઘ યજ્ઞોનું ફળ મળે છે. આ મહાભારત વેદો સમાન છે. તે રત્નનિધિ છે, ઉત્તમ ને પવિત્ર છે, કર્ણમધુર તથા સાંભળવા યોગ્ય છે, પાપનાશક તેમજ શીલવર્ધક છે. વાચકને જે આ મહાભારત ભેટ આપે છે, તેણે જાતે સાગરરૂપી કટિમેખલાવાળી પૃથ્વીનું દાન કર્યું છે એમ સમજી લેવું. ધર્મ, અર્થ, કામ અને મોક્ષના સંબંધમાં જે અહીં છે તે જ બીજે છેઃ પરંતુ જે અહીં નથી તે બીજે ક્યાંય નથી."

મહાભારતના આદિપર્વનાં ઉપરનાં અવતરણો પરથી એના માહાત્મ્યનો ખ્યાલ આવે છે. એ માહાત્મ્ય જિજ્ઞાસુ તથા રસિકજનોને જરૂર પ્રેરક થશે. તોપણ, મહાભારતના બીજી જાતના, વિશેષ ઉપયોગી, સાચા માહાત્મ્યનો વિચાર અવશ્ય કરવા જેવો છે. મહાભારતનું માહાત્મ્ય આટલામાં જ નથી સમાયું. અને હોય તોપણ, તેને બીજી રીતે વિચારવાની આવશ્યકતા છે. તેવી રીતે વિચારવાની પદ્ધતિ લાભકારક થઇ પડશે. એ પદ્ધતિ કઇ છે ? અથવા તો મહાભારતનું સાચું ને મૂળભૂત માહાત્મ્ય શામાં સમાયેલું છે ? એનો વિચાર પણ કરવો જોઇએ.

મને લાગે છે કે કુટુંબક્લેશમાંથી મુક્તિ એ મહાભારત જેવા મહાગ્રંથનું સાચું માહાત્મ્ય છે અને હોવું જોઇએ. મહાભારતના વાચન, શ્રવણ તથા ચિંતનમનનમાં રસ લેનાર માનવ જો કુટુંબક્લેશમાંથી મુક્તિ ના મેળવે તો શું કામનું ? એનું વાચન, શ્રવણ, ચિંતન ને મનન અધૂરું જ રહેશે. કુટુંબક્લેશની ભયંકર જ્વાળામાંથી તો મહાભારતનું નિર્માણ થયું હતું. એટલે મહાભારત કુટુંબક્લેશમાંથી મુક્તિ મેળવવાનો સનાતન સંદેશ આપે છે, અને એના રસિયાઓએ એ સંદેશ ઝીલીને એવી મુક્તિ મેળવવી જ રહી.

વ્યસનમુક્તિનો સંદેશ પણ મહાભારતના માહાત્મ્યમાં આવી જાય છે. એ વાત દ્યુતના પ્રસંગ પરથી જાણીતી છે. સ્ત્રીની લાલસા, પરસ્ત્રી પ્રત્યેનો અસભ્ય વ્યવહાર કેટલો બધો અમંગલ, અપશુકનિયાળ,

અભિશાપરૂપ અથવા તો વિઘાતક નીવડે છે એ વાત દ્રૌપદીના ચીરહરણના પ્રસંગ પરથી સહેલાઇથી શીખવા મળે છે, અને એ પણ મહાભારતના માહાત્મ્યની અંતર્ગત આવી જાય છે એ પણ યાદ રાખવા જેવું છે. એની સાથે સાથે, સત્યનો જય અને અસત્ય અથવા અનીતિનો ક્ષય થાય છે. એ પણ આ મહાન ગ્રંથનો સંદેશ છે. એ સંદેશને દૃષ્ટિ સમક્ષ રાખીને માણસે ઇશ્વર, સત્ય, ધર્મ, ન્યાય ને નીતિનો પક્ષ લેવાનો છે, તથા એ પક્ષને સાચવી રાખવાની ભરચક કોશિશ કરવાની છે. એમ કરતાં દુઃખ આવે, પ્રતિકુળતા, વિરોધ કે સંકટનો સામનો કરવો પડે તો પણ, પોતે હિંમત નથી હારવાની, નિરાશ નથી થવાનું, ને નાસીપાસ પણ નથી બનવાનું. સર્વે પ્રકારના સંજોગોમાં એણે પોતાની મનોવૃત્તિને સ્થિર રાખવાની છે.

મહાભારતનું આટલું માહાત્મ્ય અથવા મૂળભૂત માહાત્મ્ય જો યાદ રહે તો કેટલો બધો મહત્વનો લાભ થાય ? પ્રજા એ મૂળભૂત માહાત્મ્યને ભૂલી ગઇ છે એ ચિહ્ન એના ઉત્કર્ષને માટે આવકારદાયક તો નથી જ. પુસ્તકોનું જ્યારે પોપટપારાયણ જ કરવામાં આવે અને એના આત્માની અવગણના થાય ત્યારે એ પદ્ધતિ લાંબે ગાળે ભારે હાનિકારક થઇ પડે એ દેખીતું જ છે.

## અન્ય માહાત્મ્યનિર્દેશ

મહાભારતના શ્લોકોમાં ઉપર્યુક્ત ઉલ્લેખો સિવાય બીજી રીતે પણ માહાત્મ્યનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે નિર્દેશ આ પ્રમાણે :

यत्र विष्णुकथा दिव्याः श्रुतयश्र्च सनातना ।
तच्छ्रोतव्यं मनुष्येण परं पदमिहेच्छता ॥
श्रूयतां सिंहनादोङयमृषेस्तस्य महात्मनः ।
अष्टाद्दश पुराणानां कर्तुर्वेदमहोदधेः ॥

જેમાં ભગવાન વિષ્ણુની દૈવી કથાઓને વર્ણવવામાં આવી છે અને સનાતન શ્રુતિઓનું પ્રતિપાદન કરાયું છે તે મહાભારતનું શ્રવણ આ લોકમાં જે મનુષ્ય પરમપદની ઇચ્છા રાખતો હોય તેણે કરવું જોઇએ. અઢાર પુરાણોના રચયિતા જ્ઞાનના મહાસાગર સરખા મહર્ષિ વેદવ્યાસનો સિંહનાદ સાંભળીને સદા મહાભારતનું શ્રવણ કરો.

धर्मशास्त्रमिदं पुण्यमर्थशास्त्रमिदं परम ।
मोक्षशास्त्रमिदं प्रोकतं व्यासेनामितबुद्धिना ॥
भारतं सर्वशास्त्राणामुत्तमं भरतर्षभ ।
संप्रत्याचक्षते चेदं तथा श्रोष्यन्ति चापरे ॥

અમાપ બુદ્ધિવાળા મહર્ષિ વ્યાસે કહેલું આ મહાભારત પવિત્ર ધર્મશાસ્ત્ર છે, ઉત્તમ અર્થશાસ્ત્ર તથા મોક્ષશાસ્ત્ર છે. હે ભરતશ્રેષ્ઠ, મહાભારત સર્વ શાસ્ત્રોમાં એવું ઉત્તમ હોવાથી જ અત્યારે વિદ્વાનો એનો વાચન શ્રવણ લાભ લે છે અને ભવિષ્યમાં પણ લેતા રહેશે. એને દેશકાળના બંધન નહીં નડે.

अनागतश्र्च मोक्षश्र्च कृष्णद्वैपायन प्रभुः ।
संदर्भे भारतस्यास्य कृतवान्धर्मकाम्यथा ॥
धर्मे चोर्थे च कामे च मोक्षे च भरतर्षभ ।
यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न कुत्रचित् ॥

દીર્ઘદૃષ્ટિવાળા મોક્ષસ્વરૂપ મહર્ષિ વેદવ્યાસે આ મહાગ્રંથની રચના કેવળ ધર્મની કામનાથી કરેલી છે. હે ભરતશ્રેષ્ઠ, ધર્મ અર્થ કામ તથા મોક્ષ એ ચતુર્વિધ પુરુષાર્થ સંબંધમાં આ મહાભારતમાં જે કાંઇ કહ્યું છે તે જ બીજાં શાસ્ત્રોમાં કહેલું છે. જે આમાં નથી કહ્યું તે બીજે ક્યાંય નથી કહ્યું.

एतत्पवित्रं परममेतद्धर्मनिदर्शनम् ।
एतत्सर्वगुणोपेतं श्रोतव्यं भूतिमिच्छता ॥
कायिकं वाचिकं चैव मनसा समुपार्जितम् ।
तत्सर्वं नाशमायाति तमः सूर्योदये यथा ॥

આ મહાભારત પરમપવિત્ર, ધર્મને પ્રદર્શાવનારું, સર્વગુણસંપન્ન છે. કલ્યાણની આકાંક્ષાવાળા માનવે એનું શ્રવણ કરવું. એના શ્રવણથી કાયિક, વાચિક, માનસિક સર્વ દોષો તથા અપરાધો સૂર્યોદય થતાં અંધકાર નાશ પામે છે તેમ નાશ પામે છે.

यथा समुद्रो भगवान्यथा मेरुर्महान गिरिः ।
उभौ ख्यातो रत्ननिधी तथा भारतमुच्यते ॥
न तां स्वर्गगतिं प्राप्य तपष्टिं प्राप्नोति मानवः ।
यां भुत्वैव महापुण्यमितिहासमुपाश्नुते ॥

ઐશ્વર્યશાળી સમુદ્ર અને મહાપર્વત મેરુ રત્નના ભંડાર તરીકે પ્રખ્યાત છે તેમ મહાભારત પણ રત્નનો ભંડાર કહેવાય છે. મહાભારતના પરમપુણ્યશાળી ઇતિહાસના શ્રવણમનનથી જેવો સંતોષ સાંપડે છે તેવો અસાધારણ સર્વોત્તમ સંતોષ સ્વર્ગની પ્રાપ્તિથી પણ નથી સાંપડતો.

शरीरेण कृतं पापं वाचा च मनसैव च ।
सर्वं संत्यजति क्षिप्रं च इद शृणुयान्नरः ॥
भरतानां महज्जन्म शृण्वतामनसूयताम् ।
नास्ति व्याधिलयं तेषां परलोक भयं क्रुतः ॥

આ મહાભારતને સાંભળનાર માનવ તન, મન તથા વાણીથી કરાતાં પાપકર્મોને તરત જ છોડી દે છે. જે માનવ ઇર્ષારહિત બનીને ગુણગ્રાહકબુદ્ધિથી પ્રેરાઇને ભરતવંશીઓમાં મહાન ચરિત્રોને સાંભળે છે તેને વ્યાધિનો ભય નથી રહેતો, તો પરલોકનો ભય તો હોય જ ક્યાંથી **?**

इदं हि वेदैः समितिं पवित्रमपि चोन्तमम् ।
श्राव्यं श्रुतिसिखं चैव पावनं शीलवर्धनम् ॥
य इंद भारतं राजन्वाचकाय प्रयच्छति ।
तेन सर्वामही दत्ता भवेत्सागरमेखला ॥

આ મહાભારત વેદતુલ્ય છે, ઉત્તમ પરમપવિત્ર, સાંભળવાયોગ્ય, કર્ણમધુર તથા શીલની અભિવૃદ્ધિ કરવાની શક્તિવાળું છે. હે રાજન્, વાચનમનનની અભિરુચિવાળા માનવને જે આ મહાભારતનો મહાગ્રંથ આપે છે તેણે સાગર સુધીની સમસ્ત પૃથ્વીને પ્રદાન કરી એવું સમજી લેવું.

अष्टादृश पुराणानि धर्मशास्त्राणि सर्वशः ।
वेदाः सांगास्तथैकत्र भारतचैक्तः स्थितम् ॥
महत्त्वादभारवत्त्वाच्य महाभारतमुच्यते ।
निरुत्तग्मस्य वो वेद सर्वपापैः प्रमुच्यते ॥

એક તરફ અઢાર પુરાણો, સર્વ ધર્મશાસ્ત્રો અને અંગો સહિત વેદો હોય તથા બીજી બાજુએ એકલું મહાભારત હોય તોપણ તે બધાની બરાબરી કરી શકે છે. આ ગ્રંથ ખૂબ જ મહત્વવાળો અને જ્ઞાનવિજ્ઞાનરૂપી અસાધારણ વજનવાળો હોવાથી મહાભારત તરીકે ઓળખાય છે. એના રહસ્યને જાણનાર માનવ સર્વ પાપોમાંથી મુક્તિ મેળવે છે.

पुण्योङयमितिहासांख्यः पवित्रं चेदमत्तमम ।
कृष्णेन मुनिना विप्रनिर्मितं सत्यवादिना ॥
सर्वज्ञेन विधिज्ञेन धर्मज्ञानवता सता ।
अतीन्द्रियेण शुचिना तपसा भावितात्मना ॥

ऐश्वर्ये वर्तता चैवसांख्ययोगवता तथा ।
नैकतंत्र विखुद्वेन दृष्टवा दिव्येन चक्षुषा ॥
कीर्तिं प्रथयता लोके पांडवानां महात्मनाम ।
अन्येषां क्षत्रियाणां च भूरिद्रविणतेजसाम ॥

હે વિપ્ર, સત્યવાદી દૈવજ્ઞ, ધર્મજ્ઞ, સત્પુરુષ, ઇન્દ્રયાતીત વસ્તુવિષયોને વિલોકનારા, પવિત્ર તપથી વિશુદ્ધ થયેલા ચિત્તવાળા, ઐશ્વર્યશાળી, જ્ઞાન તથા યોગની નિષ્ઠાવાળા, અસંખ્ય શાસ્ત્રોના જ્ઞાતા, અલૌકિક આર્ષદૃષ્ટિથી અવલોકીને મહાત્મા પાંડવોની તથા અન્ય અસાધારણ પ્રતિભાસંપન્ન ક્ષત્રિયોની કીર્તિને જગતમાં સુપ્રસિદ્ધ કરનારા, કૃષ્ણદ્વૈપાયન મહામુનિ વ્યાસે આ મહાભારતરૂપી પવિત્ર, પુણ્યમય, ઉત્તમ ઇતિહાસગ્રંથને આલેખ્યો છે.

त्रिभिर्वषैलब्धिकामः कृष्णद्वैपायने मुनिः ।
नित्योत्थितः शुचिः शक्तो महाभारतमादितः ॥
तपो नियममास्थाय कृतमेत-महर्षिणा ।
तस्मा-नियमसंयुक्तैः श्रोतव्यं ब्राह्मणैकदम ॥

કૃષ્ણદ્વૈપાયન મુનિ ત્રણ વરસના એકનિષ્ઠ પરિશ્રમ પછી આ મહાભારતને રચીને પવિત્ર શક્તિશાળી, સફળમનોરથ થયા. એમણે મહાભારતની રચના તપ તથા નિયમપૂર્વક કરી માટે બ્રાહ્મણોએ એનું શ્રવણ વિશેષ વ્રતનિયમોથી સંપન્ન થઇને કરવું જોઇએ.

इतिहासमिमं पुण्यं महार्थं वेदसंमतम् ।
व्यासोक्त श्रूयते येन कृत्वा ब्राह्मणमग्रतः ॥
स नरः सर्वकामांश्र्च कीर्ति प्राप्येद शौनक ।
गच्छेत्परमिकां सिद्धिमत्र मे नास्त संशयः ॥

હે શૌનક, જે માનવ મહર્ષિ વ્યાસે કહેલા મહાન ઊંડા અર્થવાળા, વેદતુલ્ય આ પવિત્ર ઇતિહાસનું ઉત્તમ બ્રાહ્મણ પાસેથી શ્રવણ કરે છે તે માનવ આ લોકમાં સર્વ કામનાઓની સિદ્ધિ કરી કીર્તિને મેળવી, અંતે સર્વોત્તમ સિદ્ધિને પ્રાપ્ત કરે છે એમાં મને લેશ સંશય નથી.

भारतं सर्वशास्त्रामामुत्तमं भरतर्षभ ।
भारतात्प्राप्यते मोक्षस्त्वमेतद् ब्रवामि तत् ॥
एवमेतन्महाराज नात्र कार्या विचारणा ।
श्रद्धानेम वैभाव्यमेवमाह गुरुमर्म ॥

હે ભરતશ્રેષ્ઠ, તને સત્ય કહુ છું કે મહાભારત સઘળાં શાસ્ત્રોમાં ઉત્તમ છે. તેના ચિંતન-મનનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. હે મહારાજ, મારું કથન તદ્દન વાસ્તવિક છે. યથાર્થ છે. એના પર પુનર્વિચાર કરવા જેવો નથી. મારા ગુરુનો ઉપદેશ પણ એ જ છે કે મહાભારતનો શ્રદ્ધાપૂર્વક લાભ લેવો જોઇએ.

भारतश्रवणे राजन् पारणे च नृपोत्तम ।
सदा यत्नवा भाव्यं श्रेयस्तु परमिच्छता ॥
आकर्ण्य भकत्या सततं जयाख्यं भारतं प्रहृत् ।
श्रीश्र्चकीर्तिस्तिथा विद्या भवंति सहिताः सदा ॥

હે નૃપશ્રેષ્ઠ રાજન, પરમકલ્યાણની ઇચ્છાવાળા પ્રત્યેક મહાભારતનું શ્રવણમનન કરવું. જયનામના મહાભારતનું ભક્તિસહિત સતત શ્રવણમનન કરનારને લક્ષ્મી, કીર્તિ, વિદ્યાની સદા પ્રાપ્તિ થાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩. મહર્ષિ વ્યાસનો જન્મ

વિશ્વમાં જેનો જોટો જડે તેમ નથી એવા એક લાખ જેટલા શ્લોકવાળા અનોખા મહાભારત ગ્રંથના કર્તા મહર્ષિ વ્યાસનો જન્મ કેવી રીતે થયેલો તે જાણો છો ? એ કથા પણ જાણવા જેવી છે.

શાસ્ત્રો અને સંતપુરુષોએ જેમની અસાધારણ શક્તિ તથા બુદ્ધિપ્રતિભાને જોઇને જેમને ઇશ્વરના લોકકલ્યાણ માટે પ્રકટનારા મુખ્ય એવા ચોવીસ અવતારોમાંના એક કહીને અંજલિ આપી એ મહાપુરુષનો આવિર્ભાવ કેવા અસાધારણ સંજોગોમાં અને કેટલી બધી રહસ્યમય રીતે થયો હતો તે પણ જાણવા જેવું છે.

વ્યાસના પિતા પરાશર.

એટલે જ વ્યાસને 'પારાશર્ય' પણ કહેવામાં આવે છે.

એ પરાશર મુનિ એક વાર તીર્થયાત્રા કરવા નીકળ્યા હતા, ત્યારે એક ધન્ય ઘડીએ એમણે મત્સ્યગંધાને જોઇ. તે પોતાના પિતાની સેવા માટે નાવ ચલાવતી'તી.

એ અત્યંત રૂપવતી, સુમધુર સ્મિતવાળી, ને સિદ્ધોના મનને પણ મંત્રમુગ્ધ ને મોહિત કરે તેવી હતી.

મુનિ એને જોઇ મોહિત થઇ ગયા. એમણે એની માગણી કરી.

મત્સ્યગંધાએ શાંતિપૂર્વક સુધામય સ્વરમાં કહેવા માંડ્યું : ' મુનિવર ! તમે નથી જોતા કે નદીને કાંઠે ઋષિઓ છે ? એમનાં દેખતાં આપનો સમાગમ કેવી રીતે થઇ શકે ? હું તમારી ઇચ્છા કેવી રીતે પૂરી કરી શકું ?'

પરાશર મુનિએ એના પ્રત્યુત્તરમાં, પોતાની અજબ યોગશક્તિની મદદથી, ચારે તરફ ધુમ્મસ પેદા કર્યું એથી આજુબાજુ બધે અંધારું ફરી વળ્યું.

એનું અવલોકન કરીને કન્યા આશ્ચર્યચકિત થઇ ગઇ તથા શરમાઇ ગઇ. એને ખબર ના પડી કે હવે શું કરવું ?

મુનિની શક્તિ અપ્રતિમ હતી; અને આવા મહામહિમાવાન, મેધાવી મુનિની માગણીને પાછી ઠેલવી એ એને જરા અટપટું લાગ્યું.

પોતાની કામનાની તૃપ્તિ ના થવાથી મુનિ રોષે ભરાઇને શાપ આપી દે તો ? એ પ્રશ્ન પણ વિચારવાનો હતો. છતાં એણે શાંતિથી કહ્યું : 'તમારી કામના પૂરી કરવાથી મારા કન્યાભાવને દોષ લાગે. એ અવસ્થામાં મારાથી કેવી રીતે જીવી શકાય અને ઘેર પણ કેવી રીતે જઇ શકાય ? આ વાતનો તમે તટસ્થ રીતે ને શાંતિપૂર્વક વિચાર કરો એવી મારી પ્રાર્થના છે.'

મુનિએ કહ્યું : 'મારી કૃપાથી તારા કન્યાભાવને દોષ નહી લાગે તેની હું તને ખાતરી આપું છું. હું તારા પર પ્રસન્ન છું. તું મારી પાસે વરદાન માગી લે.'

મત્સ્યગંધાના શરીરમાંથી માછલાં જેવી દુર્ગંધ આવતી હતી. તે દૂર થાય ને પોતાનું શરીર સુવાસિત બની જાય એવું એણે વરદાન માગ્યું.

મુનિએ પોતાના લોકોત્તર તપોબળથી એની મનોકામના પૂરી કરી. મત્સ્યગંધા અદભૂત સૌરભથી સંપન્ન બની. તેથી એ ગંધવતીના નામથી પણ ઓળખાવા માંડી.

એવી રીતે યમુનાદ્વીપમાં મહર્ષિ વ્યાસનો જન્મ થયો.

મુનિ પરાશર પોતાના આશ્રમે ગયા. અને થોડાક મોટા થતાં વ્યાસ પણ તપશ્ચર્યા કરવા વિદાય થયા.

મહર્ષિ વ્યાસ દ્વીપમાં જન્મ્યા હોવાથી દ્વૈપાયન કહેવાયા.

ધર્મનો હ્રાસ થતો જોઇને તથા યુગદશાનો વિચાર કરીને, તે મહાપુરુષે વેદોનો વ્યાસ અથવા તો શાખાવિભાગ કર્યો તેથી તે 'વ્યાસ' પણ કહેવાયા.

વ્યાસજીનો જન્મ આવી અદભુત રીતે મત્સ્યગંધા અથવા સત્યવતીના સંયોગથી થયો છે. છતાં એ પ્રસંગને લક્ષ્ય કરીને શાસ્ત્રોમાં ક્યાંય એમની કે એમના પિતા પરાશરની ટીકા કરવામાં નથી આવી કે એમને હલકી મનોવૃત્તિને વશ થઇને નિંદાપાત્ર ગણવામાં નથી આવ્યા. એ કાંઇ જેવી તેવી વાત છે કે ?

એ શું બતાવે છે ? એ જ કે એ જમાનામાં લોકો વિશેષ કરીને ગુણાનુરાગી હતા, અને નિરર્થક ચર્ચાવિચારણાને વ્યક્તિગત આક્ષેપોથી દૂર રહીને મહાપુરુષોની પ્રશસ્તિ કરવામાં માનતા હતા. સર્વશ્રેષ્ઠ મનાતા મહાપુરુષોની મહાનતાને અંજલિ આપવી એ જ સૌનું કર્તવ્ય હતું. લોકોમાં એટલી વિશાળતા હતી. મહર્ષિ વ્યાસ કે મુનિ પરાશરની મહાનતાની પ્રસ્થાપનામાં એ વાત કદી પણ વચ્ચે નથી આવી એ ખાસ યાદ રાખવા જેવું છે.

એક બીજી વાતનો નિર્દેશ પણ નાનકડી કથામાંથી આપોઆપ મળી રહે છે.

એ નિર્દેશ છે મુનિ પરાશરની અસાધારણ શક્તિનો. એમની શક્તિ કેટલી બધી અસામાન્ય-અદભુત હતી ?

એના વિના ચારે તરફ ધુમ્મસ પાથરીને મત્સ્યગંધાને એ દૈવી પરિમલનું પ્રદાન ભાગ્યે જ કરી શક્યા હોત.

તુલસીદાસે રામાયણમાં 'સમરથકો નહિ દોષ ગોસાંઇ' કહ્યું છે તે તેમના જેવા શક્તિશાળી સંતપુરુષોના જ સંબંધમાં ને ?

એ ઉપરાંત, વિશેષ વિચારણીય એવી એક ત્રીજી વાત પણ છે.

મુનિ પરાશર આટલા બધા દૈવી શક્તિસંપન્ન, વિદ્વાન, તપસ્વી પુરુષ હોવાં છતાં મત્સ્યગંધાને જોઇને મોહિત થઇને તેની સાથે શરીરસંબંધની કામના કરી બેઠા, એ એમની નિર્બળતા કે અલ્પતા હતી એવું ના માની શકાય. એવા મહાવિવેકી, સાધનારત મુનિવર એવી રીતે હાલતાંચાલતાં કામવશ કે કામુક બની જાય એવું ના કહી શકાય. એવું માનીને કે કહીને, બે ડગલાં આગળ વધીને એવા નિર્ણય પર પણ ના પહોંચાય કે પરાશર મુનિ જેવા પણ સ્ત્રીને જોઇને કામુક બની ગયા તો આપણે બની જઇએ એમાં શી નવાઇ ? એમાં શું અજુગતું ? ના, ના. એવો ઉતાવળિયો અર્થ વગરનો દાખલો ના લેવાય. પરાશર મુનિ કે કોઇક બીજા મુનિ, ઋષિ કે તપસ્વી મોહિત થઇને ભાન ભૂલ્યા હોય તોપણ, એ ઉદાહરણોને આદર્શ માનીને બીજાએ એ માર્ગે જવાની અથવા તો એમની નકલ કરવાની જરૂર નથી. જીવનનો ઉચ્ચતમ આદર્શ તો શુદ્ધિ તથા સંયમનો હોઇ શકે, અને એ જ આદર્શ આશીર્વાદરૂપ કે શ્રેયકર થઇ શકે.

પરાશર મુનિ મત્સ્યગંધાને જોઇને ભાન ભૂલ્યા કે અંધ બન્યા એવું માનવાને કોઇ કારણ નથી. ઊલટું, એ તો સંપૂર્ણ સ્વસ્થ હતા, વિવેકી હતા, ને શાંત હતા, એવી છાપ એમના વ્યવહારથી સહેજે પડે છે. માટે તો એમણે મત્સ્યગંધા પર કોઇ પ્રકારનું આક્રમણ ના કર્યું, પરંતુ એને સમજાવી, એની ઇચ્છાનુસાર એને લાભ પહોંચાડી, એની સંમતિ મેળવીને જ જે કરવાનું હતું તે કર્યું. એ વિષયલોલુપ તો હતા જ નહિ. એટલે તો મત્સ્યાગંધાને એટલી સહેલાઇથી છોડીને તપ કરવા ચાલી નીકળ્યા. જો કોઇ વિષયાંધ વ્યક્તિ હોત તો એવું ના કરી શકત. એ તો મત્સ્યગંધાની સંમતિની પ્રતીક્ષા જ ના કરત, એની સંમતિને વજનદાર ના ગણત, એકપક્ષીય રીતે પોતાનું મનમાન્યું કરત, અને મનમાન્યું કર્યા પછી પણ મત્સ્યગંધાનો ત્યાગ કરત, અને મત્સ્યગંધાની વિદાયમાં પણ વ્યવધાન નાખત. સંસારમાં વિષયી જીવોના જીવનમાં આવું બધું જોવા મળે છે. પરંતુ પરાશરના સંબંધમાં એવું કશું નથી દેખાતું એ શું બતાવે છે ? એ જ કે પરાશર એવા પામર વિષયી જીવ ન હતા. એ યોગી હતા, જ્ઞાની હતા, તપસ્વી હતા, સંયમી તથા શુદ્ધ હતા, ને સિદ્ધ હતા.

તો પછી એમણે મત્સ્યગંધાની સાથે સંબંધ કેમ કર્યો ? એ પ્રશ્ન સ્વભાવિક રીતે જ ઊભો થાય છે. પારસ્પરિક સંમતિથી, પવિત્ર પ્રેમભાવથી પ્રેરાઇને થનારો, સ્ત્રીપુરુષનો એવો સંબંધ એ વખતે અમંગલ કે મલિન નહોતો મનાતો. અધ્યાત્મિક વિકાસમાં માનનારી વ્યક્તિઓ માટે પણ. એ એનો એક જવાબ. અને બીજો જવાબ એ કે પરાશર મુનિ પરમ તપસ્વી તથા ક્રાંતદર્શી હતા. પોતાની તપઃપૂત, સહજપ્રાપ્ત દૈવી દૃષ્ટિથી ભવિષ્યમાં ડોકિયું કરી એમણે જોઇ લીધું હોવું જોઇએ કે પોતાની સાથેના સત્યવતીના સ્નેહસંબંધને પરિણામે આખી અવની માટે આશીર્વાદરૂપ એક પરમપ્રતાપી, પ્રતિભાસંપન્ન મહાપુરુષનો જન્મ થવાનો છે. પોતે એમાં નિમિત્તરૂપ બનવાનું છે. ઇશ્વરના એ વિધાનને ઓળખીને એમણે એને શાંતિપૂર્વક વધાવી લીધું અને અલિપ્તભાવે પોતાનું કર્તવ્ય પુરું કર્યું.

એવી વિશાળ દૃષ્ટિથી વિચારીએ તો જ એ પ્રસંગને ન્યાય કરી શકીએ.

☼ ☼ ☼ ☼ ☼

## ૪. ગણપતિનો સહકાર

આવો વિશાળ મહાન ગ્રંથ લખાયો કેવી રીતે ?

મહાભારતના આદિપર્વમાંથી એનો ઉલ્લેખ સહેજે મળી રહે છે.

એ ઉલ્લેખ ગણપતિ વિશેનો છે.

મહાભારત ગ્રંથની મનોમન રચના કર્યા પછી એને અક્ષરદેહમાં આલેખવાની અભિલાષા મહર્ષિ વ્યાસને થઇ આવી ત્યારે, એક વાર બ્રહ્મા એમની પાસે આવી પહોંચ્યા.

બ્રહ્માનો વિધિપૂર્વક સત્કાર કરીને એમણે એમને આસન આપ્યું. પછી એમની આજ્ઞાથી એમની પાસે બેસીને કહેવા માંડ્યા :

'મેં આ પરમ પવિત્ર કાવ્ય રચ્યું છે. તેમાં વેદનું ગૂઢ રહસ્ય છે, વેદાંગો ને ઉપનિષદોની વ્યાખ્યા છે તથા ઇતિહાસ તેમ જ પુરાણોનો પ્રકાશ છે. એમાં ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણેનું નિરૂપણ છે. વિવિધ ધર્મો અને આશ્રમોનાં લક્ષણો છે : તપશ્ચર્યા તથા બ્રહ્મચર્યનું તત્વદર્શન છે: તેમ જ ભગવાને જે જે અને જ્યારે જ્યારે દિવ્ય મનુષ્યાવતારો ધારણ કર્યા છે તેનું વર્ણન છે. લોકવ્યવહારનો ક્રમ પણ એમાં કહેવામાં આવ્યો છે. વળી જે પરબ્રહ્મ સકળ વિશ્વમાં વ્યાપીને રહ્યાં છે તેમનું પણ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. પરંતુ પૃથ્વી પર આ મહાગ્રંથને લખી શકે એવો કોઇ લેખક નથી.'

એમના વચનો સાંભળીને બ્રહ્માએ કહ્યું કે તમારા એ ભગીરથ ગ્રંથશિરોમણિના લહિયા તરીકે કામ કરવાની યોગ્યતા એકમાત્ર ગણપતિમાં જ છે. તમે તેમનું સ્મરણ કરો એટલે એ ઉપસ્થિત થશે ને તમને મદદ કરશે.

મહર્ષિ વ્યાસે ગણપતિનું સ્મરણ કર્યું એટલે ગણપતિ એમની પાસે પ્રકટ થયા.

વ્યાસે એમનું પૂજન કરીને કહ્યું : મેં મનોમન મહાભારતની કલ્પના કરી છે. હું બોલતો જઉં તેમ તમે લખતા રહેવાની સંમતિ આપો તો સંસારની મહામૂલી સેવા થાય.'

ગણપતિ એ પ્રસ્તાવ સાંભળીને પહેલાં તો વિચારમાં પડયા. પરંતુ પછી બોલ્યા : 'તમે કહો છો તે વાત આવકારદાયક છે. તે સંસારને સારુ શ્રેયસ્કર છે તે હું જાણું છું તમારા કલ્યાણકારક કાર્યમાં સહકાર આપવા હું સર્વપ્રકારે તૈયાર છું . પરંતુ મારી એક શરત છે.'

'શી શરત?' મહર્ષિ વ્યાસને નવાઇ લાગી. ગણપતિએ શરતનું નામ લઇને છટકવાની વૃત્તિ સેવી કે શું ?

'તમે નવાઇ ના પામશો.' વ્યાસના મનોભાવોનો પ્રત્યુત્તર પૂરો પાડતા હોય તેમ ગણપતિ બોલ્યા: 'મારી વૃત્તિ છટકવાની નથી. શરત મારી સહેતુક છે. હું કાંઇ જેવા-તેવા લેખકનો લહિયો ના થઉં. લેખક એટલો બધો સિદ્ધહસ્ત જોઇએ કે લખતાં લખતાં મારી કલમ ક્ષણભર પણ અટકવી ના જોઇએ.'

વ્યાસે કહ્યું: 'તમારી શરત મને મંજૂર છે. પરંતુ મારી પણ એક શરત છે કે તમારે પણ પર્યાપ્ત વિચાર કર્યા વિના કશું ના લખવું.'

વ્યાસની શરત સાથે ગણપતિ સંમત થયા.

પછી તો મહાભારતનું સર્જન શરૂ થયું.

વચ્ચે વચ્ચે વ્યાસ એવા કૂટ શ્લોકો કહેતા જતા જેમના ભાવાર્થનો વિચાર કરતાં ગણપતિને ઘણો વખત લાગતો. એવી રીતે મહર્ષિને જરૂરી આરામ મળી રહેતો.

સંપૂર્ણ મહાભારત એવી રીતે પૂરું થયું.

ગણપતિ એટલે ઇન્દ્રિયોના અધિપતિ આત્મા. એ આત્માની સાથે જે એક બને ને સહકાર સાધે તે ઉત્તમ સનાતન સાહિત્યનું સર્જન કરી શકે, એટલું જ નહિ પણ સંસારને આશ્ચર્યચકિત કરી નાખનારાં મોટાં કામો પણ કરી શકે, એ આ પ્રસંગનું તાત્પર્ય છે. આત્મશક્તિથી સંપન્ન થયેલો માનવ શું નથી કરી શકતો ? અર્થાત્ સર્વ કાંઇ કરી શકે છે. જે ધારે તે બધું જ.

*

ગણપતિના સુભગ સક્રિય સહયોગથી સરજાયેલા અવનીના અલૌકિક આશ્ચર્ય જેવા એ સ્વનામધન્ય મહર્ષિ વ્યાસ દ્વારા રચાયલા મહામૂલ્યવાન મહાભારત ગ્રંથ વિશે એના આદિપર્વના પ્રથમ અધ્યાયમાં સમુચિત રીતે જ આલેખવામાં આવ્યું છે કે -

જેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું સંક્ષેપમાં તથા સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે એવા મહાભારતરૂપી સૂર્યે અજ્ઞાનરૂપી અતિગાઢ અંધકારમાં અથડાતા અસંખ્ય આત્માઓની આંખને જ્ઞાનાંજનની સળીથી ઉઘાડીને એમના અંધકારનો અંત આણ્યો છે. આ પુરાણરૂપી પૂર્ણ ચંદ્રે શ્રુતિરૂપી જ્યોત્સ્નાને પ્રગટાવી તથા પ્રસારીને માનવબુદ્ધિના કમનીય કુમુદવનને વિકસિત કર્યું છે. આ ઇતિહાસરૂપી પરમ દૈદીપ્યમાન પ્રદીપે માનવમનના મોહરૂપી આવરણને હઠાવીને અનેકની અંતઃકરણરૂપી ગુફાઓમાં ગૌરવપૂર્ણ પાવન પ્રકાશ પાથર્યો છે. મેઘ જેમ પ્રાણીમાત્રનો આશ્રય છે તેમ આ મહાભારતરૂપી મહાન ગ્રંથવૃક્ષ સઘળા મહાન કવિઓનું તથા લેખકોનું આશ્રયરૂપ રહેશે.

સંગ્રહ અથવા અધ્યાય મહાભારતરૂપી અતિવિશાળ વૃક્ષનું બીજ છે. પૌલોમ અને આસ્તિક પર્વ તેની જડ છે. સંભવપર્વ તેનો શાખાવિસ્તાર. સભાપર્વ અને વનપર્વ એ સુવિશાળ વિરાટ વૃક્ષ પર રચાયેલા પક્ષીઓના માળા. અરણીપર્વ તેનું રૂપ. વિરાટપર્વ અને ઉદ્યોગપર્વ તેનો સાર. ભીષ્મપર્વ તેની મહાશાખા, દ્રોણપર્વ તેનાં પર્ણ. કર્ણપર્વ શ્વેત પુષ્પ. શલ્યપર્વ તેની સુગંધ, સ્ત્રીપર્વ અને ઐષિકપર્વ તેની વિમળ વિશ્રામછાયા, શાંતિપર્વ તેનું મહાફળ. અશ્વમેધપર્વ એનો અદભુત અલૌકિક અમુલખ અમૃતરસ. આશ્રમવાસિકપર્વ એનો ચોતરો અને મૌસલપર્વ સુદીર્ઘ સુવિશાળ શાખાઓના અગ્રભાગ છે.

પવિત્ર પ્રજ્ઞાપૂત પંડિતરૂપી પંખીઓ એ મહાભારતરૂપી મંગલમય વિશાળ વૃક્ષનું સેવન કરે છે. મહાભારતવૃક્ષ મેઘની પેઠે સૌને શાંતિ આપશે.

ભગવાન દ્વૈપાયન ઋષિએ આ મંગલ મહામહિમાવાળા મહાભારત મહાગ્રંથમાં કુરુવંશના વિસ્તારનું, ગાંધારીની ધર્મશીલતાનું , વિદુરની પ્રજ્ઞાનું, કુંતિની ધૃતિનું, શ્રીકૃષ્ણના માહાત્મ્યનું, પાંડવોની સત્યનિષ્ઠાનું અને ધૃતરાષ્ટ્રપુત્રોની દુષ્ટતાનું વર્ણન કર્યું છે. આ ઉત્તમ આદ્યભારત પુણ્યકર્મવાળા પુરુષોનાં ઉપાખ્યાનો

સહિત એક લાખ શ્લોકવાળું છે એવું સમજી લેવું. મહર્ષિ વ્યાસે સૌથી પ્રથમ ઉપાખ્યાનો વિના ચોવીસ હજાર શ્લોકોમાં ભારતસંહિતા રચેલી. પંડિતો એ ચોવીસ હજાર શ્લોકોને જ ભારતના નામથી ઓળખે છે.

ભગવાન વ્યાસના ધર્મપરાયણ સકળ વેદના જ્ઞાતાઓમાં શ્રેષ્ઠ અથવા અગ્રગણ્ય ગણાતા શિષ્ય વૈશંપાયને એક લાખ શ્લોકોવાળી મહાભારતસંહિતાનું પરીક્ષિતપુત્ર રાજા જનમેજયના સર્પસત્રપ્રસંગે સંકીર્તન કરેલું. એને અનુસરીને કહીએ તો દુર્યોધન ક્રોધરૂપી મહાવૃક્ષ છે. કર્ણ એનો શાખાવિસ્તાર. શકુનિ એની શાખા. દુઃશાસન એની ઉપરનાં ફળફૂલ. અજ્ઞાનથી અંધ બુદ્ધિરહિત ધૃતરાષ્ટ્ર તેનું મૂળ. યુધિષ્ઠિર ધર્મમય મહામૂલ્યવાન મહાવૃક્ષ. અર્જુન એનો શાખાવિસ્તાર. ભીમ એની શાખા. નકુલ અને સહદેવ એની ઉપરનાં ફૂલ અને ફળ. ભગવાન શ્રીકૃષ્ણ તથા વિશુદ્ધ વિદ્વાન બ્રાહ્મણ એનું મૂળ.

☼ ☼ ☼ ☼ ☼

## ૫. ગુણવત્તાનો આદર

મહાભારત મહાગ્રંથના રસિક ભાવિક શ્રોતાએ અથવા મહાભારતની કમનીય કલ્યાણકથાના ભોક્તાઓ પેલી પ્રસિદ્ધ કવિતાપંક્તિથી સુપરિચિત હશે. એ લોકપ્રિય કવિતાપંક્તિ ઠેરઠેર ગવાતી સંભળાય છે.

વૈશંપાયન એણીપેરે બોલ્યા સુણ જનમેજય રાય,
વિસ્તારી તુજને કહું છું હું કથાતણો મહિમાય.

એ પંક્તિઓનું શ્રવણ કરનારને સ્વાભાવિક રીતે જ પ્રશ્ન પેદા થાય કે વૈશંપાયન કોણ હશે અને એમણે જો કહી હોય તો રાજા જનમેજયને મહાભારતની કલ્યાણકારિણી કથા ક્યારે કયા સંજોગોમાં કહી ?

મહાભારતના આદિપર્વના આરંભમાં એના પર પર્યાપ્ત પ્રકાશ પાડતાં કહેવામાં આવ્યું છે કે -

"માતા સત્યવતીની આજ્ઞાથી તથા પ્રજ્ઞાશીલ ગંગાપુત્ર ભીષ્મ પિતામહની સલાહથી વીર્યવાન અને ધર્માત્મા કૃષ્ણદ્વૈપાયને વિચિત્રવીર્યની પત્નીઓમાં ત્રણ અગ્નિસમાન અલૌકિક કૌરવપુત્રોને ઉત્પન્ન કરેલા. પાંડુ, ધૃતરાષ્ટ્ર અને વિદુર."

"એમના જન્મ પછી મહામેધાવી મહર્ષિ વ્યાસ તપશ્ચર્યા કરવા ફરીવાર એકાંતમાં ગયા."

"તે ત્રણે વયોવૃદ્ધ બનતાં પરલોકવાસી થયા ત્યારે મહર્ષિ વેદવ્યાસે મહાભારત રચ્યું."

"એ પછી પરીક્ષિતપુત્ર જનમેજયે અને અન્ય અનેક વિદ્વાનોએ મહાભારતના શ્રવણની ભાવના પ્રદર્શાવવાથી મહર્ષિ વ્યાસે પાસે બેઠેલા પોતાના શિષ્ય વૈશંપાયનને એ મહાન કલ્યાણકારક ગૌરવગ્રંથને સંભળાવવાનો આદેશ આપ્યો. એ આદેશને અનુસરીને વૈશંપાયન મુનિએ યજ્ઞકર્મના અવકાશ વખતે, વારંવાર પ્રેરણા પામીને, સભાસદો સાથે બેસીને સૌને મહાભારત સંભળાવવા માંડ્યું."

આદિપર્વના આરંભમાં પ્રથમ અધ્યાયમાં મહાભારત મહાગ્રંથના એક અન્ય વક્તાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એમનું નામ ઉગ્રશ્રવા અથવા સૂત.

એમના કથાકાર તરીકેના કલ્યાણકર્મ સંબંધી કહેવામાં આવ્યું છે કે -

"એક સમયે લોમહર્ષણના પુત્ર, સૂતવંશી, પુરાણોના પ્રખર અભ્યાસી, સૂતકુળને આનંદ આપનારા ઉગ્રશ્રવા નૈમિષારણ્યના પવિત્ર તપઃપૂત તીર્થમાં કુલપતિ શૌનકના બાર વરસના સત્રમાં દીક્ષિત બનેલા અને પરમ સુખસહિત વિરાજેલા બ્રહ્મર્ષિઓ પાસે પહોંચી ગયા. એમને અતિશય વિનયપૂર્વક આશ્રમમાં આવેલા અને નૈમિષારણ્યના નિવાસી તપસ્વીઓ એમની પાસેથી કથાશ્રવણ કરવા એમની આજુબાજુ બેસી ગયા.

"સૂતપુત્રે એમને પ્રેમાદરપૂર્વક પ્રણામ કરીને એમની તપશ્ચર્યાના સમાચાર પૂછયા."

"એ બધા બ્રહ્મર્ષિઓએ તથા તપસ્વીઓએ પણ એમનો અતિશય સ્નેહ અને સન્માનપૂર્વક સત્કાર કર્યો."

"એમને બેઠેલા જોઇને કોઇ ઋષિએ એમનું શુભાગમન ક્યાંથી થયું અને અત્યાર સુધી ક્યાં વિરાજતા હતા તે વિશે પૂછયું."

"એમના પ્રશ્નના પ્રત્યુત્તરમાં સૂતપુત્ર ઉગ્રશ્રવાએ જણાવ્યું કે મહાનુભાવ રાજર્ષિ જનમેજયના સર્પયજ્ઞમાં વૈશંપાયન મુનિએ રાજરાજેન્દ્ર પરીક્ષિતના પરમપ્રતાપી પુત્ર જનમેજયને મહર્ષિ વેદવ્યાસે કહેલી વિવિધ પ્રકારની મનોહર પુણ્યકથાઓ વિધિપૂર્વક સંભળાવેલી. એ સઘળી અપૂર્વ અર્થોવાળી મહાભારત કથાઓ સાંભળ્યા પછી વિવિધ તીર્થો તથા દેશોમાં કરીને હું બ્રાહ્મણોથી સેવાયેલા સમંતપંચક નામના પવિત્ર સ્થાનમાં ગયો. ત્યાં પહેલા કૌરવો, પાંડવો અને બીજા રાજાઓનું યુદ્ધ થયેલું, ત્યાંથી હવે આ આશ્રમે આવ્યો છું તમારી ઇચ્છા હોય તો હું તમને પુરાણોની ધર્મ અને અર્થથી ભરપૂર કથાઓ તથા મહાન નરેશો અને ઋષિમુનિઓનો ઇતિહાસ સંભળાવું."

"ઋષિઓએ કહ્યું કે પરમર્ષિ દ્વૈપાયન મુનિએ જે પુરાણ કહ્યું છે, તે સાંભળીને દેવો તથા બ્રહ્મર્ષિઓએ ભારે પ્રશંસા કરી છે. આખ્યાનોમાં શ્રેષ્ઠ, વિચિત્ર પદવાળા અને પર્વોથી યુક્ત, સુક્ષ્મ અર્થનું પ્રતિપાદન કરનારા, તેમજ ન્યાયયુક્ત અને વેદોના અર્થોથી અલંકૃત તે ભારત ઇતિહાસની સંહિતા અર્થભરી છે, અનેક શાસ્ત્રોના આશયથી યુક્ત છે, પવિત્ર છે, સંસ્કારશુદ્ધ છે, અને વળી વૈશંપાયને ભગવાન વ્યાસની આજ્ઞાથી જનમેજયના સર્પસત્રમાં તેને વિધિપૂર્વક ને પ્રસન્નતાથી સંભળાવી છે તે ચારે વેદોના અર્થોને સિદ્ધ કરનારી છે. પાપનો ભય હરી લેનારી છે, પુણ્યવતી છે, અને અદભુત કર્મના કરનારા વ્યાસે રચી છે. તે અમે સાંભળવા ઇચ્છીએ છીએ."

ઋષિઓની એવી આકાંક્ષાના અનુસંધાનમાં સૂતપુત્ર ઉગ્રશ્રવાએ એમને મહાભારતની અદભુત કથા સંભળાવવા માંડી.

એ કથાપ્રસંગમાં સૌથી ઉલ્લેખનીય અગત્યની હકીકત પ્રત્યે અંગુલિનિર્દેશ કરવાનું આવશ્યક લાગે છે. બ્રહ્મર્ષિઓની સભામાં સૂતપુત્ર પહોંચ્યા ત્યારે એ બ્રહ્મર્ષિઓએ એમનું સમુચિત સન્માન કર્યું, એમને ઉચ્ચ આદરણીય આસન આપ્યું, અને એમના શ્રીમુખથી કથાશ્રવણ કરવાની ઇચ્છા પ્રદર્શાવી. એ સઘળું સૂચવે છે કે પ્રાચીન ભારતમાં જાતિ, કુળ કે એવી અન્ય બાહ્ય ઉપાધિની દૃષ્ટિએ કોઇને હલકા કે પછાત માનવા-મનાવવાની પ્રથાનો આશ્રય નહોતો લેવાતો. જાતિ, કુળ કે એવી અન્ય વસ્તુને બદલે ગુણવત્તા કે યોગ્યતાનો આદર થતો. યોગ્યતા જ મહત્વની મનાતી. ગુણો જ પૂજાપાત્ર ગણાતા.ઉગ્રશ્રવા સૂતપુત્ર હોવા છતાં એમની અસાધારણ યોગ્યતાને લીધે વ્યાસપીઠ પર વિરાજીને મહાભારત જેવા મહાન ગ્રંતરત્નના ઉપદેશક બની શક્યા. ભારતીય સંસ્કૃતિની એ વિશેષતાને વિચારવા જેવી છે. આમાં થયેલું વર્ણાશ્રમપ્રથાનું પ્રવર્તન કોઇને ઉચ્ચ-નીચ, ઉત્તમ અથવા અધમ, માનવા માટે નહોતું થયું પરંતુ સામાજિક સુવ્યવસ્થા માટે થયેલું એ ખાસ યાદ રાખવા જેવું છે.

☼ ☼ ☼ ☼ ☼

# ૬. સદગુરુનો અનુગ્રહ

આદર્શ ગુરુ પોતાના શરણાગત શિષ્યની કાયાપલટ કરે છે.

શિષ્યનું જીવન ઉજ્જવળ, ઉત્તમ, આદર્શ બને અને રહે તેનું ધ્યાન રાખે છે.

શિષ્યની ગુણવત્તા, વિશેષતા તથા યોગ્યતાને નિહાળીને પ્રસન્ન બને છે. એને પ્રોત્સાહન પ્રદાન કરે છે.

શિષ્ય પોતાના જેવો અસાધારણ અધિકાર મેળવે અને પોતાનો સદાને સારુ આશ્રિત ના રહે એવું અંતઃકરણપૂર્વક ઇચ્છે છે, અને એ ઇચ્છાના અમલ માટે બનતું બધું જ કરી છૂટે છે.

પોતાનો શિષ્ય પ્રતિષ્ઠા પામે, પ્રજ્ઞાશીલ બને, અને ઉચ્ચ સાધનાત્મક જીવન જીવીને સિદ્ધિ તથા શાશ્વત શાંતિના શ્રેયસ્કર સર્વોત્તમ સુમેરુ શિખરને પાર કરીને પોતાના કરતાં પણ આગળ વધે એવું ઇચ્છે છે.

સન્માનના પ્રતિષ્ઠામૂલક પ્રસંગો દરમિયાન પોતે પાછળ રહીને શિષ્યને આગળ કરે છે સન્માન ધરે છે. શિષ્યના વિજયમાં પોતાનો વિજય ગણે છે.

એથી ઊલટું, કનિષ્ઠ ગુરુ શિષ્યની પ્રગતિથી પીડા પામે છે. શિષ્યને સાધાનાત્મક સિદ્ધિના માર્ગે આગળ જતો જોઇને જલે છે.

શિષ્યને પોતાનો પ્રતિસ્પર્ધી સમજે છે. કાયમનો સેવક, નોકર, આશ્રિત કે ગુલામ માને છે.

અવારનવાર ડરાવે છે, ધમકાવે છે, અપમાનિત કરે છે, ઉત્સાહરહિત બનાવે છે.

શિષ્યને સન્માનતો નથી, સન્માનવા દેતો નથી. શિષ્યને પ્રતિષ્ઠિત થવા દેતો નથી. એના ભોગે પોતે પ્રતિષ્ઠિત બને છે. બનવા માટે ઇચ્છે છે.

શિષ્યની સફળતાને, સિદ્ધિને, શાંતિને સાર્થકતા કે સર્વોત્તમતાને સાંભળી શકતો નથી. સમજવાની અને સન્માનવાની વાત તો અલગ રહી. એની તો એને કલ્પના પણ નથી આવતી.

પોતાનાથી મોટો ગુરુ સંસારમાં બીજો કોઇ જ નથી એવું માને-મનાવે છે. પોતાના સિવાયના બીજા બધાને માટે આત્મવિકાસના મંગલમય મંદિરદ્વારને યાવચ્ચંદ્રદિવાકરૌ બંધ કરી રાખે છે.

કૃપણ હોય છે, સ્વાર્થી હોય છે. ગુરુતાગ્રંથિથી પીડિત બંધાયેલો.

આદર્શ ગુરુ શિષ્યને અને અન્ય સૌને માટે આત્મવિકાસના મંગલમય મંદિરદ્વારને ઉઘાડાં રાખે છે, ઉઘાડી આપે છે.

પિતાથી વધારે પ્રેમપૂર્વક પોષણ કરે છે. માતાથી વિશેષ મમતાપૂર્વક માવજત. આચાર્ય કરતાં અધિક-અનેકગણા અધિક અનુરાગથી પ્રરાઇને અન્યને આલોકિત કરે છે.

મહાભારતના રચયિતા સ્વનામધન્ય મહર્ષિ વ્યાસ એવા જ એક આપ્તકામ આદર્શ લોકોત્તર સદગુરુ હતા. ગુરુના પણ ગુરુ. સાક્ષાત્ પરબ્રહ્મ.

રામચરિતમાનસનાં સુંદર સુમધુર સારવાહી શબ્દોમાં કહીએ તો "કૃપાસિંધુ નરરૂપ હરિ."

લોકગુરુ.

માટે તો એમણે લોકકલ્યાણને માટે મહાભારતના પ્રાણવાન પ્રાણપ્રદાયક પ્રદીપને પ્રગટાવ્યો. મહાભારત પરથી એની પ્રતીતિ થાય છે.

આદર્શ ગુરૂ હોવાથી એમણે એ મહાભારતની કલ્યાણકારિણી કથાને એમના શિષ્ય દ્વારા કહેવડાવીને એમને પ્રતિષ્ઠા અપાવી. એમનું બહુમાન થવા દીધું એમના અંતરંગ અધિકારને ઓળખીને એમને પ્રોત્સાહન પ્રદાન કર્યું. આદિપર્વના ૬૦મા અધ્યાયનું અવલોકન કરવાથી એ વાતને સહેલાઇથી સમજી શકાશે. એમાં કહેવામાં આવ્યું છે કે -

જનમેજય રાજાએ સર્પસત્રની દીક્ષા લીધી છે એવું જાણીને વિદ્વાન સ્વાનુભવસંપન્ન ઋષિ કૃષ્ણદ્વૈપાયન ત્યાં પધાર્યા, તે પાંડવોના પિતામહ હતા.

એ પરમયશસ્વી મહાપુરુષે વેદાંગો તથા ઇતિહાસ સાથે વેદોનું અધ્યયન કરેલું.

તપમાં, વ્રતમાં, વેદાધ્યયનમાં,ઉપવાસોમાં અને યજ્ઞમાં કોઇ એમનાથી આગળ નહોતું.

એ ઉત્તમ વેદવેદાએ વેદને ચાર વિભાગોમાં વહેંચેલા.

એ કવિ, બ્રહ્મર્ષિ, સદાચારી, સત્યવ્રતી હતા.

રાજર્ષિ જનમેજય તે મહાન ઋષિને શિષ્યો સાથે પધારેલા જોઇને પોતાની મંડળી સાથે ઊભા થઇને સત્વર સ્નેહપૂર્વક સામે ગયા. ઇન્દ્રરાજ જેમ ગુરુ બૃહસ્પતિને આસન આપે એમ સભાસદોની સંમતિથી એમણે એમને સુવર્ણદાન આપ્યું. આસન ઉપર બિરાજેલા અને દેવર્ષિઓના સમૂહથી પૂજા પામેલા મહર્ષિ વ્યાસની રાજા જનમેજયે શાસ્ત્રવિધિ પ્રમાણે પૂજા કરી.

એ પછી પ્રસન્ન થયેલા જનમેજયે એમની પાસે બેસીને એમના કુશળ સમાચાર પૂછ્યા. સર્વ સભાસદોએ મહર્ષિ વ્યાસનું પૂજન કર્યું અને એમણે સભાસદોની વળતી પૂજા કરી. તે પછી રાજા જનમેજયે મહર્ષિ વ્યાસને પ્રણામ કરીને પૂછ્યું કે તમે કૌરવો તથા પાંડવોને પ્રત્યક્ષરૂપે જોયા છે. તો અમને તેમનાં ચરિત્રો સંભળાવો. તેમને સાંભળવાની અમારી ઉત્કટ ઇચ્છા છે. મારા સઘળા પિતામહો ક્રોધાદિથી રહિત કર્મવાળા હતા તોપણ તેમની વચ્ચે વિરોધ કેમ થયો ? અશુભ ચિત્તવાળા બનેલા તે પૂર્વજોની વચ્ચે સર્વસંહારક ભયંકર સંગ્રામ કેમ થયો ?

રાજા જનમેજયના શબ્દોને સાંભળીને મહર્ષિ વ્યાસે પોતાની પાસે બેઠેલા શિષ્ય વૈશંપાયનને જણાવ્યું કે કૌરવો અને પાંડવો વચ્ચે જે વિરોધ થયો હતો તેના સંબંધમાં તેં મારી પાસેથી જે કાંઇ સાંભળ્યું છે તે સઘળું રાજા જનમેજયને તથા બધાને કહી સંભળાવ. એટલે પોતાના ગુરુના આદેશને અનુસરીને વિપ્રવર વૈશંપાયને રાજાને, સભાસદોને, તથા સઘળા રાજાઓને કૌરવો પાંડવોના વિરોધ, સંગ્રામ અને સર્વનાશનો સઘળો પ્રાચીન ઇતિહાસ સંભળાવવાની શરૂઆત કરી.

મહર્ષિ વ્યાસ સરખા સમર્થ સદગુરુના આદેશથી અસાધારણ ઉત્સાહ પ્રગટયો. એમની મહાભારત કથા અતિશય પ્રેરક અને આનંદદાયક બની રહી. સાચા સદગુરુનો અનુગ્રહ શું ના કરી શકે ?

☼ ☼ ☼ ☼ ☼

## ૭. જનમેજય શાપ

આદિપર્વમાં એક સામાન્ય દેખાતી છતાં પણ ફળશ્રુતિ દૃષ્ટિથી અતિશય અગત્યની અસામાન્ય કથા આવે છે. એનું વિહંગાવલોકન કરવાથી લાભ થાય તેમ છે.

કથાના આરંભમાં આલેખાયા પ્રમાણે રાજા પરિક્ષિતના શરીર ત્યાગ પછી તેમના પરમપ્રતાપી સુપુત્ર જનમેજયે પોતાના ભાઇઓ સાથે, કુરુક્ષેત્રમાં વિશાળ તથા સુદીર્ઘ સમયના યજ્ઞનું આયોજન કર્યું.

વિખ્યાત વિરાટ યજ્ઞના અનુષ્ઠાન માટે એમના શ્રુતસેન, ઉગ્રસેન, ભીમસેન નામના ત્રણ ભાઇઓ બેઠેલા.

યજ્ઞના અનુષ્ઠાન દરમિયાન યજ્ઞની એ પવિત્ર ભૂમિમાં એક કૂતરો પહોંચી ગયો.

જનમેજયના ભાઇઓએ તેને મારવાથી તે રડતાં ને બૂમો પાડતાં પોતાની માતા પાસે પહોંચ્યો.

માતાએ તેના રુદનનું કારણ પૂછતાં તેણે પોતાની કથા કહીને જણાવ્યું કે મને જનમેજયના બંધુઓએ માર્યો છે. માતાએ કહ્યું તેં કોઇક અપરાધ કર્યો હશે.

"મેં કશો જ અપરાધ કર્યો નથી." એણે સ્પષ્ટીકરણ કર્યું ; "મેં યજ્ઞનાં હવિદ્રવ્યોને નિહાળ્યાં નથી ને ચાટયાં પણ નથી."

એ શબ્દોને સાંભળીને પોતાના પુત્રના દુઃખે દુઃખી થયેલી માતા સરમા તરત જ યજ્ઞસ્થાનમાં પહોંચી અને જનમેજયને કહેવા લાગી કે, મારા પુત્રે કોઇ અપરાધ કર્યો નથી, હવિદ્રવ્યોને જોયાં કે ચાટયાં નથી તોપણ તેને શા માટે માર્યો ?

જનમેજયે કશો જવાબ ના આપ્યો એટલે સરમાએ આગળ કહ્યું : "નિર્દોષ પર પ્રહાર કર્યો છે તેથી તમને અણચિંતવ્યો મહાન ભય આવી મળશે."

સરમાના શબ્દોથી જનમેજયને ચિંતા થઇ. યજ્ઞની સુખદ પરિસમાપ્તિ પછી દુઃખી હૃદયે હસ્તિનાપુરમાં પ્રવેશીને એ શાપનું નિર્વિઘ્ને નિવારણ કરવાની શક્તિવાળા કોઇક સુયોગ્ય પુરોહિતની શોધ માટે એમણે પ્રયત્ન કર્યો.

એ કથા સૂચવે છે કે માનવની પેઠે માનવેતર જીવોનું જીવન પણ મૂલ્યવાન અને એમને એટલું જ પ્રિય હોવાથી, અને માનવ સંસ્કૃતિનો સર્વશ્રેષ્ઠ સંદેશાવાહક તથા અન્યનો આશ્રયદાતા હોવાથી, એણે સર્વ જીવો પ્રત્યે સારો વ્યવહાર કરવો જોઇએ. અનાવશ્યક  હિંસા, યાતના અને અન્યાય-અત્યાચારથી દૂર રહેવું જોઇએ. માનવ એક તરફ જીવનના ઉત્કર્ષ માટે કર્તવ્યનો મહાયજ્ઞ કરે ને બીજી તરફ ષડરિપુઓનો શિકાર બને અને નિર્દોષને રંજાડે તો તેનો સાધનાયજ્ઞ અપૂર્ણ રહે અથવા અભિશાપરૂપ ઠરે.

યજ્ઞ જનમેજયની ઇચ્છાથી એમના તત્વાવધાનમાં થઇ રહેલો તેથી તેના દોષની જવાબદારી એમની પણ માની લેવાઇ. પ્રાણીમાત્ર પ્રત્યેના પ્રેમ, સદભાવ તથા સદવ્યવહારની સદાય આવશ્યકતા છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૮. એકનિષ્ઠ ગુરુભક્તિ

ગુરુની કૃપા શું ના કરે ? સર્વ સાંસારિક સુખ અને ઐશ્વર્ય તો ધરે જ, પરંતુ એનાથી આગળ વધીને માનવને અસત્યમાંથી પરમ સત્ય પાસે પહોંચાડે, અવિદ્યારૂપી અંધકારમાંથી મુક્તિ આપીને પ્રજ્ઞાના પવિત્રતમ પ્રદેશમાં પ્રવેશ કરાવીને પ્રજ્ઞાનસ્વરૂપ પરમાત્માનો પરિચય કરાવે, અને મૃત્યુના પાશને તોડી નાખીને અમૃતમય બનાવે. નરમાંથી નારાયણ કરે. ગુરુકૃપાના કલ્યાણકારક કલ્પવૃક્ષનો જેને પણ લાભ મળે તે સર્વપ્રકારે સર્વસ્થળે કૃતાર્થ બને. એને લાલસા કે વાસના રહે જ નહીં. એ છેવટે સંપૂર્ણપણે અકામહત્ નિર્મળ, નિર્વાસનિક બની જાય.

ગુરુની એવી અસાધારણ અમોઘ કૃપાને પામવા માટે શિષ્યમાં અસામાન્ય અતૂટ શ્રદ્ધાભક્તિ જોઇએ. ગુરુને માટે સંપૂર્ણ સમર્પણભાવ અને એનાથી પ્રેરાઇને ગુરુના આદેશને અનુસરવાની તૈયારી જોઇએ. ગુરુ જે કહે છે કે કરે છે તે મંગલને માટે જ કરે છે અને કહે છે એવો દૃઢ અચળ વિશ્વાસ જોઇએ. સાનુકૂળ સંજોગોમાં તો એવો વિશ્વાસ ટકે અથવા અકબંધ રહે પરંતુ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ હાલે કે ડગે નહીં ત્યારે અતિશય આશ્ચર્યકારક ઠરે ને કલ્યાણ કરે. એમાં કોઇ પ્રશ્ન ના હોય, શંકા ના હોય, ફરિયાદ ના હોય. પોતાનું મોટામાં મોટું બલિદાન આપવું પડે તોપણ તેને માટેની સહર્ષ તૈયારી કે તત્પરતા હોય. પોતે કોઇ નાનું કે મોટું બલિદાન આપે છે એવી લાગણી જ ના હોય. એવો શિષ્ય ગુરુકૃપાથી જીવનની મરુભૂમિમાંથી સ્વર્ગની સૃષ્ટિ કરી શકે. મૃત્યુના મુખમાંથી અમૃતના અલૌકિક અક્ષયપાત્ર સાથે બહાર આવી શકે.

ગુરુ પ્રત્યેની એવી અચળ અખૂટ શ્રદ્ધાશક્તિ અતિશય વિરલ હોય છે. તેનો પાવન પ્રકાશ કોઇક સુપાત્રના જ જીવનમાં પ્રગટી શકે છે.

મહાભારતમાં એવા વિરલ, અસાધારણ શ્રદ્ધાભક્તિવાળા શિષ્યની કથા આવે છે. એ શિષ્યનું નામ આરુણિત.

એના ગુરુ આપોદ ધૌમ્યના ત્રણ શિષ્યો હતાઃ ઉપમન્યુ, આરુણિ અને વેદ.

એ ત્રણમાંથી આરુણિ પાંચાલ દેશનો નિવાસી હતો.

ગુરુ આપોદ ધૌમ્યે એને એક વાર ખેતરમાં ક્યારીએ જવાની ને પાળ બાંધવાની આજ્ઞા કરી.

ગુરુની આજ્ઞાનુસાર એ ખેતરમાં ક્યારી પાસે પહોંચ્યો પરંતુ પ્રયત્ન કરવા છતાં પણ બરાબર અભ્યાસ ના હોવાથી, પાળ ના બાંધી શક્યો ત્યારે એને ખૂબ જ દુઃખ થયું.

ગુરુની આજ્ઞાના પાલન માટે એણે એક વિકલ્પ શોધ્યો. પાણીને રોકવા માટે ક્યારીની પાળની જગ્યાએ એ પોતે જ સૂઇ ગયો. એથી પાણી ક્યારીમાંથી બહાર ના ગયું અને એને સંતોષ થયો.

ઉપાધ્યાય આમોદ ધૌમ્યને એની આવશ્યકતા પડતાં શિષ્યો પાસેથી માહિતી મેળવીને એમણે ખેતરમાં જઇને આરુણિને બોલાવવા બૂમ પાડી. બૂમ સાંભળીને આરુણિ ક્યારી આગળથી ઊભો થઇને તરત જ એમની પાસે આવીને પૂજ્યભાવે પ્રણામ કરીને કહેવા માંડયોઃ "ક્યારડામાંથી નીકળતું પાણી રોકાતું નહોતું અને પાળ બંધાતી નહોતી એટલે પાણીને રોકવા માટે પાળની જગ્યાએ હું પોતે જ સૂઇ ગયેલો. આપે મને બોલાવ્યો માટે હું આવી પહોંચ્યો છું મને ઉચિત લાગે તે આદેશ આપો."

ગુરુએ જણાવ્યું : "તું ક્યારડાને ભેદીને ઉપરથી આવેલો હોવાથી તારું નામ ઉદ્દાલક રહેશે. તેં મારા આદેશને પરિપૂર્ણપણે પાળ્યો હોવાથી તારું સર્વપ્રકારે કલ્યાણ થશે. તને વેદોનો અને ધર્મશાસ્ત્રોનો પ્રકાશ સાંપડશે."

એમના અમોઘ આશીર્વાદથી આનંદ પામીને એ પોતાના દેશમાં ગયો.

ગુરુએ કરેલી સેવાભાવનાની ને શ્રદ્ધાભક્તિની કપરી કસોટીમાંથી સફળતા તથા પ્રસન્નતાપૂર્વક પાર ઊતરીને એમના અસીમ અનુગ્રહને અનુભવીને એ ધન્ય બન્યો.

પોતાના બીજા શિષ્ય ઉપમન્યુને ગુરુ આપોદ ધૌમ્યે ગાયોનું રખવાળુ કરવાનો આદેશ આપવાથી ઉપમન્યુ ગાયોને સાચવવા લાગ્યો.

એ દિવસે ગાયોને ચારતો ને સાંજે ગુરુગૃહે પહોંચીને ગુરુને પ્રણામ કરતો.

ગુરુએ એને હૃષ્ટપુષ્ટ જોઇને એના આહાર વિશે પૂછ્યું તો એણે ઉત્તર આપ્યો કે હું ભિક્ષા લાવીને જીવનનિર્વાહ કરું છું.

ગુરુએ જણાવ્યું કે મને અર્પણ કર્યા વિના ભિક્ષા ના જમાય એટલે એણે એ દિવસથી ભિક્ષાન્ન લાવીને એમને અર્પણ કરવા માંડયું.

ભિક્ષાનું સઘળું અન્ન ગુરુદેવ આરોગી જતા હોવાથી એને ખાવા માટે કશું જ ના રહેતું. તોપણ દિવસો પછી પણ એ એવો જ પ્રતાપી ને શક્તિશાળી દેખાયો ત્યારે એમણે એના રહસ્યને જાણવાની ઇચ્છાથી એના ભોજન વિશે પૂછ્યું તો એણે આશ્ચર્યકારક રીતે સ્પષ્ટીકરણ કરતાં જણાવ્યું કે પ્રથમ વાર આણેલી ભિક્ષા આપની સૂચનાનુસાર આપને અર્પણ કરીને બીજી વારની ભિક્ષા પર મારો નિર્વાહ કરું છું.

ગુરુએ જણાવ્યું કે ગુરુકુળમાં રહેનારને માટે એ પ્રકારની પ્રવૃત્તિ સારી ના ગણાય. એવી પ્રવૃત્તિથી ભિક્ષાન્ન પર નિર્વાહ કરનારા બીજાની ભિક્ષામાં તું કાપ મૂકે છે ને બીજાની સમસ્યાને સરળ કરવાને બદલે ગંભીર બનાવે છે.

ઉપમન્યુએ એવું ના કરવાની બાંયધરી આપી. એણે આખા દિવસ પર્યંત ગુરુની સુચનાનુસાર ગાયોની સેવા કરીને સાંજે એમની પાસે પહોંચી પ્રણામ કરવા માંડયા.

એમણે એને એક દિવસ પૂછ્યું કે તું તારી સઘળી ભિક્ષા મને અર્પણ કરે છે તે મારા કહ્યા પ્રમાણે ફરી વાર ભિક્ષા માટે નથી જતો તોપણ આટલો બધો સ્વસ્થ કેમ છે ?

ઉપમન્યુએ જણાવ્યું કે હું ગાયોનું દૂધ પીને આજીવિકા ચલાવું છું.

ગુરુએ એવી રીતે દૂધ પીવાના કામને અનૈતિક ઠરાવીને તેના પર પ્રતિબંધ ફરમાવ્યો તોપણ ઉપમન્યુનું સ્વાસ્થ્ય દિવસો પછી પણ સારું રહ્યું. ગુરુ દ્વારા એના રહસ્ય વિશે પૂછવામાં આવતાં એણે સ્પષ્ટીકરણ કર્યું કે ગાયોનાં વાછરડાં પોતાની માતાના આંચળને ધાવતી વખતે ફીણને બહાર કાઢે છે તે ફીણ મારો ખોરાક થાય છે.

ગુરુએ એને એ ફીણનો ઉપભોગ કરવાની ના પાડીને જણાવ્યું કે વાછરડાં તારા પર કરુણા કરીને જે ફીણ બહાર કાઢે તે ફીણને પીને તું તેમના જીવનનિર્વાહમાં અડચણ પેદા કરે છે.

એથી એણે ગાયોના દૂધના ફીણનો ઉપભોગ કરવાનું છોડી દીધું.

ગુરુના આદેશનું અનુસરણ એને મન એના જીવનનું સારસર્વસ્વ હતું.

ક્ષુધાથી અતિશય પીડિત થઇને એણે એક દિવસ વનમાં વિહાર કરતાં આકડાનાં પાંદડાં ખાધાં.

ખારાં, તીખાં, કડવાં, સૂકા જેવા અને પેટમાં અગન પેદા કરનારાં આકડાનાં પાનના પ્રાશનથી આંખમાં અતિશય ગરમી વ્યાપવાથી એ અંધ બન્યો, અને વનમાં વિહરતાં કૂવામાં પડી ગયો.

સૂર્યાસ્ત થવા છતાં પણ એનું આશ્રમમાં આગમન ના થવાથી ગુરુને એની ચિંતા થઇ ને જાતજાતના તર્કવિતર્કો થવા લાગ્યા.

શિષ્યોની સાથે વનમાં જઇને એમણે એને બોલાવવા માટે બૂમો પાડી ત્યારે એમની બૂમોને સાંભળીને એણે આર્ત અવાજે જણાવ્યું કે હું કૂવામાં પડ્યો છું. અતિશય અસહ્ય ક્ષુધાને સંતોષવા માટે આકડાનાં પાંદડાને ખાવાથી હું અંધ બન્યો છું.

ગુરુએ પરમકરુણાથી પ્રરાઇને જણાવ્યું કે તું દેવોના ગુરુ અશ્વિનીકુમારોની સ્તુતિ કર તો એ પ્રસન્ન બનીને તને અંધત્વમાંથી મુક્ત કરીને અભિનવ દૃષ્ટિ પ્રદાન કરશે.

ઉપમન્યુએ અશ્વિનીકુમારોની સ્તુતિ કરી. એ સ્તુતિથી પ્રસન્ન બનીને એની સમક્ષ પ્રગટીને એને માલપૂડો પ્રદાન કર્યો.

ઉપમન્યુએ તે માલપૂડાને ખાધો નહીં ત્યારે અશ્વિનીકુમારોએ સ્પષ્ટતા કરી કે તારા ગુરુએ પૂર્વે કરેલી અમારી પ્રશસ્તિથી પ્રસન્ન બનીને અમે એમને જે માલપૂડો અર્પણ કરેલો એ માલપૂડાને એમણે એમના ગુરુને અર્પણ કર્યા વિના જ આરોગેલો. એવી સ્પષ્ટતા છતાં પણ એણે ગુરુને અર્પણ કર્યા સિવાય માલપૂડાને ખાવાનો ઇન્કાર કર્યો ત્યારે અશ્વિનીકુમારે પરમ સંતોષ પામીને એને અમોઘ આશીર્વાદ અને વરદાન આપતાં જણાવ્યું કે તારી આવી એકનિષ્ઠ ગુરુભક્તિથી અમે પ્રસન્ન થયા છીએ. તારા ગુરુને તો લોઢા જેવા કાળા દાંત છે પરંતુ તારા દાંત સોનાના થશે. તને દૃષ્ટિની પુનઃ પ્રાપ્તિ થશે અને તારું સર્વપ્રકારે મંગલ થશે.

ઉપમન્યુએ સુંદર અભિનવ દૃષ્ટિથી સંપન્ન બનીને સદગુરુ પાસે પહોંચીને સઘળી કથા કહી સંભળાવી. એની ગુરુભક્તિથી પરમ પ્રસન્ન બનીને ગુરુએ એને આશીર્વાદ આપતાં જણાવ્યું કે તને સર્વે વેદો તથા શાસ્ત્રોનો પ્રકાશ સાંપડશે.

એની ગુરુભક્તિ આખરે ફળી. ગુરુની એકનિષ્ઠ ભક્તિના માર્ગમાં આરંભમાં અનેક પ્રકારની આકરી અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડે છે. સામાન્ય શિષ્યોનાં મન એથી ડગી જાય છે પરંતુ અસામાન્ય મનોબળવાળા શ્રદ્ધાભક્તિસંપન્ન આત્માઓ એથી ચલાયમાન નથી થતા. સરવાળે એમને લાભ જ પહોંચે છે. આકરી અગ્નિપરીક્ષામાં પણ એમને તો આનંદ જ આવે છે. ઉપમન્યુનું ઉદાહરણ એની સાક્ષી પૂરે છે.

મહાભારતમાં ઉપમન્યુ દ્વારા કરાયેલી અશ્વિનીકુમારોની સ્તુતિનો સારભાગ આ પ્રમાણે છેઃ

“હે અશ્વિનીકુમારો, તમે સૃષ્ટિની પહેલાં હતા અને હિરણ્યગર્ભરૂપે પ્રથમ પ્રગટેલા. તેમ જ વિચિત્ર પ્રપંચાકારે પ્રકાશી રહ્યા છો. દેશકાળ અને વસ્તુકૃત વિભાગથી રહિત, અનંત છો. હું વાણી તથા તપ દ્વારા તમને આત્મસ્વરૂપમાં પામવા ઇચ્છું છું. "

“તમે વૃત્તિ તથા ચૈતન્યનું રૂપ ધારીને પ્રકાશી રહ્યા છો. શરીરરૂપી વૃક્ષ પર વિહંગની પેઠે વિરાજી રહ્યા છો. પ્રકૃતિગત વિક્ષેપશક્તિથી સમસ્ત સૃષ્ટિને સરજો છો. સત્વ, રજ તથા તમ ત્રણે ગુણોથી રહિત અને મનવાણીથી અગોચર છો."

"તમે અમાપ છો, જ્યોતિર્મય છો, સંગરહિત છો. લય પામતા જગતના અધિષ્ઠાનરૂપ છો, અને એ છતાં પણ ભ્રમ તેમ જ ક્ષયથી રહિત છો. તમે સૂર્યને ઉત્પન્ન કરીને દિવસ અને રાતરૂપી શુકલ તથા કૃષ્ણ તંતુઓથી વરસરૂપી વસ્ત્રને વણો છો. એ વર્ષરૂપી વસ્ત્રથી વેગપૂર્વક દેવમાર્ગ અને પિતૃમાર્ગનું નિર્માણ કરો છો, અથવા કર્મફળના ઉપભોગની વ્યવસ્થા કરો છો. પરમાત્માની કાળશક્તિથી ગળાયેલા જીવરૂપી પક્ષીને મોક્ષનું સર્વશ્રેષ્ઠ સૌભાગ્ય આપતાં તમે મુક્ત કરો છો. રાગાદિ વિષયોમાં જકડાઇ રહેલા મૂર્ખ જીવો ઇન્દ્રિયોમાં આસક્તિ કરીને ભાન ભૂલે છે ત્યાં સુધી તમને શરીરરૂપે સમજે છે."

"દિવસ-રાતરૂપી ત્રણસો સાઠ ગાયો સૌને જન્માવનારા ને નષ્ટ કરનારા વરસરૂપી વાછરડાને જન્માવે છે. તત્વજ્ઞાનરૂપી દૂધને દોહી લે છે. હે અશ્વિનીકુમારો, તે વરસરૂપી વાછરડાને જન્માવનાર તમે જ છો. હું જન્માદિ દુઃખથી ખૂબ જ દુઃખી છું. તમે પ્રથમ દસ દિશાની, સૂર્યની, આકાશની રચના કરી છે. એ સૂર્યે પ્રકાશિત કરેલી દિશાઓ અને કાળને અનુસરીને ઋષિઓ સઘળાં વેદાનુકૂળ કર્મો કરે છે અને દેવો તથા મનુષ્યો પોતપોતાના અધિકારને અનુસરીને ઐશ્વર્ય ભોગવે છે."

“તમે પંચતન્માત્રાઓને રચી છે અને એમનું પરસ્પર સંમિશ્રણ કરીને જુદા જુદા પદાર્થો બનાવ્યા છે. એમનામાંથી ચૌદ ભુવનની સૃષ્ટિ થઇ છે. શરીર, બુદ્ધિ, ઇન્દ્રિયરૂપી વિકારને વશ થઇને સર્વે જીવો વિષયોને ભોગવી રહ્યા છે. દેવ, માનવ, પશુ આ અવનિનો આશ્રય લઇ રહ્યા છે. હે સુપ્રસિદ્ધ અશ્વિનીકુમારો, હું તમારી પૂજા કરું છું. તમે ઉત્પન્ન કરેલાં આકાશનાં અનંત કાર્યોની પણ પૂજા કરું છું. કર્મના ઇપ્સિત ફળ સિવાય દેવોના મનોરથો પણ સિદ્ધ નથી થતા. તમે તે કર્મફળના પ્રદાતા છો. નિત્યમુક્ત છો."

“હે અશ્વિનીકુમારો, સંસારના માર્ગે મૂઢ બનીને મેં મારી આંખને ખોઇ નાખી છે. તમને નિહાળવાની ને તમારી સ્તુતિ કરવાની શક્તિથી હું વંચિત છું. હું આ ભયંકર કૂપમાં પડ્યો છું, તેવી રીતે ભવકૂપમાં પણ પડ્યો છું ને તમારે શરણે આવ્યો છું."

☼ ☼ ☼ ☼ ☼

## ૯. સમુદ્રમંથન

મહાભારત મહાગ્રંથમાં કહ્યા પ્રમાણે પ્રકાશના પરમ પ્રજ્વલિત પૂંજ જેવો મેરુ નામનો પર્વત.

પોતાનાં સુવર્ણ સરખાં શુદ્ધ અને સમુજ્જવળ શિખરોની સહાયતાથી પ્રભાકરની પ્રભાને પણ ઝાંખી પાડનાર.

એ અદભુત પર્વતને દેવો અને ગંધર્વો સેવી રહેલા. અધર્મી માનવોને માટે દુર્ગમ ગણાતો.

ભયંકર સર્પાદિથી વીંટાયેલો. અસંખ્ય અલૌકિક ઔષધિઓથી અલંકૃત બનેલો. સરિતા તથા સુંદર સુવિશાળ વૃક્ષોથી ભરેલો. વિવિધ પ્રકારનાં સુમનોહર સુધાસભર સ્વરવાળાં વિહંગોના સમૂહોના નિનાદથી ગાજી રહેલો. પોતાની અસાધારણ ઊંચાઇને લીધે જાણે કે સ્વર્ગલોકને ઢાંકીને ઊભેલો.

એના વિભિન્ન શિખરો મહામૂલ્યવાન રત્નોથી ભરપૂર દેખાતાં.

એ સુંદર સુવિશાળ સ્વર્ણ શિખરો પર બેસીને સ્વર્ગનિવાસી પરમ તેજસ્વી દેવો અમૃતને મેળવવા માટે મંત્રણા કરવા લાગ્યા.

એ મંત્રણા દરમિયાન બ્રહ્માને નારાયણે જણાવ્યું કે દેવો તથા દાનવો મળીને સંયુક્ત રીતે સમુદ્રનું મંથન કરો તો એમાંથી અમૃત નીકળશે. સઘળાં રત્નોને અને સમસ્ત ઔષધિઓને મહાસાગરમાં નાખીને એનું મંથન કરો એટલે અમૃતની ઉપલબ્ધિ થશે.

નારાયણના મંગલ માર્ગદર્શન પ્રમાણે દેવોએ શેષનાગની મદદથી પર્વતશ્રેષ્ઠ મંદરાચલને સમુદ્રમાં ઉતારીને એના મંથનનો ઉદ્યોગ આરંભ્યો.

નારાયણના અમોઘ આશીર્વાદથી પરમ શક્તિશાળી બનેલા દેવો અને દાનવો સમુદ્રમંથન કરવા માંડયા. એના પરિણામે સમુદ્રમાંથી અસંખ્ય શીતળ કિરણોવાળો, ઉજ્જવળ, પ્રસન્નમન, સુધાસભર ચંદ્ર પ્રાદુર્ભાવ પામ્યો. એ પછી લક્ષ્મી પ્રગટયાં. પછી સુરા, ઉચ્ચૈઃશ્રવા નામે શ્વેત અશ્વ, કૌસ્તુભમણિ અને અમૃત ભરેલું શ્વેત કમંડલ ધારીને ભગવાન ધન્વંતરીનું પ્રાગટય થયું એ પછી ચાર ઉજ્જવળ દાંતવાળો ઐરાવત નામનો હાથી નીકળ્યો અને ધુમ્રસમૂહ સાથેના અગ્નિની પેઠે જલી રહેલું કાલકૂટ નામનું વિશ્વને વીંટી વળનારું વિષ પેદા થયું.

એ વિષની મહાભયંકર જીવલેણ ગંધથી ત્રણે લોક મૂર્છિત થઇ ગયા.

બ્રહ્માની પ્રાર્થનાને લક્ષમાં લઇને મંત્રમૂર્તિ ભગવાન મહેશ્વરે એ વિષને વિશ્વકલ્યાણની ઉદાત્ત ભાવનાથી પ્રેરાઇને પોતાના કંઠમાં ધારણ કર્યું. ત્યારથી એ નીલકંઠ તરીકે પ્રખ્યાતિ પામ્યા.

દાનવોને સમુદ્રમંથનના પરિણામે સાંપડેલી સુધા તથા લક્ષ્મીને મેળવવાનો મનોરથ જાગવાથી એ દેવોનો વિરોધ તથા વિદ્વેષ કરવા લાગ્યા.ત્યારે એમને સંમોહિત કરવા માટે નારાયણે પોતાની માયાથી મોહિનીરૂપ ધારણ કર્યું.

એ મોહિનીમાં આસક્ત બનીને ભ્રાંતચિત્ત થયેલા દાનવોએ એને અમૃતપાત્ર આપી દીધું. દેવોને એ અમૃતપાત્ર દ્વારા અમૃતનું પાન કરાવવામાં આવ્યું.

દાનવોને જ્યારે સાચી વસ્તુનો ખ્યાલ આવ્યો ત્યારે એ દેવો પ્રત્યે ક્રોધે ભરાયા. એના પરિણામે ભયંકર દેવાસુર સંગ્રામનો આરંભ થયો. એમાં અંતે દેવોનો વિજય થયો.

સમુદ્રમંથનની એ કથા શું સચવે છે ? એનો સારાંશ શો હોઇ શકે ? આપણને કથાના શબ્દાર્થ કરતાં ભાવાર્થ સાથે જ સવિશેષ સંબંધ છે. માનવજીવનનો સુવિશાળ સુદ્દસ્તર સત્વશીલ સમુદ્ર. મનરૂપી મેરુ અથવા મહામૂલ્યવાન મંદરાચલ. મનમાં દેવો પણ રહે ને દાનવો પણ નિવાસ કરે. મનરૂપી મંદરાચલની મદદથી માનવજીવનના સર્વશ્રેયસ્કર સાધનાત્મક અભ્યાસક્રમનો આધાર લઇને ઉદ્યોગ કરે. જીવનના શુભાશુભ સંસ્કારોના, ઉદાત્ત અથવા અનુદાત્ત પરિબળોના સંયુક્ત સહકારથી એવો ઉદ્યોગ આરંભાય. સમસ્ત જીવનની સાધનાનું પરમ પ્રયોજન અથવા અંતિમ લક્ષ્ય અમૃતની - અમૃતસ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ હોય. એને માટેની સાધનાની પાછળ પરમકૃપાળુ નારાયણના અસાધારણ અમોઘ આશીર્વાદ હોય.

જીવનના ક્ષીરસમુદ્રમાં સાધનાત્મક પુરુષાર્થના મંગલમય મંથનનો આરંભ થાય એટલે સાધકને નાનીમોટી સિદ્ધિઓ સાંપડે. સાધક એમને મહત્વની માનીને, એમને મેળવીને બેસી રહેશે કે અમૃત માટેના સાધનાત્મક ઉદ્યોગમાં આગળ વધશે એનો આધાર એની પોતાની સંસ્કારિતા તથા સમજશક્તિ પર રહે છે. સિદ્ધિના સંમોહનમાં પડેલો ને ભાન ભૂલેલો સાધક અમૃતના અલૌકિક આસ્વાદનો અને અમૃતનો અધિકારી નથી બની શક્તો. પ્રકૃતિના અનેકવિધ અનંત ઐશ્વર્યના મનમોહક મોહિનીરૂપથી મોહિત થાય છે. એવું ના થાય એટલા માટે માનવે જીવનવિકાસની સર્વોત્તમ સાધના દરમિયાન જાગ્રત રહેવું જોઇએ, અને પોતાની અંદર રહેલા દાનવને દૂર કરવાની, આસુરી સંપત્તિનો સંબંધવિચ્છેદ કરવાની, કોશિશ કરવી જોઇએ.

અમૃતનું પાન દાનવોથી નહિ થાય, દેવોથી જ થઇ શકશે. માનવની દબાયેલી, વિસ્મૃત પામેલી, દિવ્યતાનો એટલા માટે જ પુરસ્કાર કરવો રહેશે. જીવનને આસુરી સંપત્તિના આધિપત્યને બદલે દૈવી સંપત્તિ કે શક્તિની પ્રબળતાથી પ્રાણવાન ને પવિત્ર કરવું પડશે.

ઇશ્વરના અમોઘ આશીર્વાદથી આરંભાયેલી જીવનવિકાસની, પૂર્ણતાની, પ્રતિષ્ઠાની, અંતરંગ આશીર્વાદરૂપ સાધનાના વચગાળાના વખતમાં કોઇ વાર વિષ પણ નીકળશે. લોકાપવાદ, દુન્યવી હાનિ, સંતાપ, પ્રમાદ, નિષ્ફળતા, હતાશા, વિષાદ, વિપરીતતા, વ્યાધિરૂપી વિવિધરંગી વિષ. નિર્બળ નાસીપાસ થશે, ડરશે, ને ચલાયમાન બનશે, પરંતુ જીવનનો સબળ સાધક એનાથી ડરી કે ડગી નહીં જાય. એ વિષનું એ કલ્યાણકારક બનીને પ્રેમપૂર્વક પાન કરશે. એવો સાધક સાધનાના સર્વોત્તમ વિકાસશિખરને સર કરશે અને આત્યંતિક વિજય મેળવશે. જીવન છે જ - મળ્યું છે જ અમૃતનું પાન કરવા. એની મદદથી અમૃતને ના મેળવીએ તોપણ વિષનું વમન તો ના જ કરીએ. જે અમૃતને મેળવવા મનોરથ કરતા કે મથતા હોય તેમના માર્ગમાં વિષને ના ફેલાવીએ તોપણ ઘણું.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૦. પરીક્ષિતને શાપ

મહાભારતમાં મહારાજા પરીક્ષિતનું ઉપાખ્યાન પણ જોવા મળે છે.

ભારત વર્ષના મહાભારત જેવા જ અન્ય અગત્યના મનાતા સાંસ્કૃતિક સદગ્રંથ શ્રીમદ્ ભાગવતમાં એ ઉપાખ્યાન આવે છે. એ ઉપાખ્યાન સુપ્રસિદ્ધ હોવાથી એની વિગતથી સામાન્ય રીતે સૌ કોઇ સુપરિચિત હોવાં છતાં પણ એના ઉપર ઊડતો દૃષ્ટિપાત કરી જઇએ.

વનમાં મૃગયા માટે નીકળેલા પરીક્ષિતે મૃગને બાણ મારીને એનો પીછો કર્યો અને છેવટે એકાંત શાંત આહલાદક અરણ્યમા પ્રવેશ કર્યો.

ત્યાં એક મૌનવ્રત ધારી મુનિને નિહાળીને પોતાનો પરિચય આપ્યો અને અરણ્યમાં અદૃશ્ય થઇ ગયેલા મૃગ વિશે પૂછ્યું, પરંતુ મુનિએ મૌનવ્રતધારી અને એ મૃગ વિશે કશું જ જાણતા નહિ હોવાથી, કશો ઉત્તર ના આપ્યો.

શ્રીમદ્ ભાગવતમાં તે મુનિનું નામ શમીક મુનિ આપવામાં આવ્યું છે પરંતુ મહાભારતમાં એમનો ચોક્કસ નામનિર્દેશ પ્રથમ નથી મળતો, પાછળથી મળે છે. શ્રીમદ્ ભાગવતના કથાલેખન પ્રમાણે મહારાજા પરીક્ષિતે આશ્રમમાં પ્રવેશ કર્યો ત્યારે શમીક મુનિ ધ્યાનમગ્ન દશામાં બેઠેલા, પરંતુ મહાભારતના આલેખન પ્રમાણે એ ગોચરના સ્થાનમાં બેસીને ધાવતી વખતે વાછરડાના મુખમાંથી બહાર નીકળતા દૂધના ફીણને પીતા હતા. એ બંને મહાગ્રંથોના વર્ણનમાં એવી રીતે થોડોક તફાવત દેખાય છે.

પરંતુ મૂળ કથામાં કશો તફાવત નથી દેખાતો. એ કથા પ્રમાણે ક્રોધાતુર બનેલા પરીક્ષિતે ધનુષની મદદથી મરેલા સાપને ઉપાડીને મુનિના ખભા પર નાખ્યો. એ છતાં પણ મુનિ શાંત જ રહ્યા. એમણે રાજાને કશું શુભાશુભ કહ્યું નહીં. એથી રાજાનો ક્રોધ મટી ગયો અને એણે વ્યથિત હૃદયે રાજધાની પ્રતિ પ્રયાણ કર્યું.

મુનિ પર ક્રોધ કરવાનો ને મરેલા સાપને નાખવાનો એ પ્રસંગ મહારાજા પરીક્ષિતને માટે સારો કે શોભાસ્પદ ના ગણાય. એક રાજાની પોતાની પ્રજા પ્રત્યેની જવાબદારી ઘણી અસામાન્ય કહેવાય. એમાં પણ અરણ્યવાસી એકનિષ્ઠ સાધનામગ્ન મુનિજનો પ્રત્યેનો એનો વ્યવહાર વધારે વિવેકયુક્ત, નમ્ર, સૌજન્યમય અને સમુદાર હોવો જોઇએ. રાજા પોતાના વ્યક્તિગત વ્યવહારથી પ્રજાના અન્ય વર્ગોને માટે આદર્શ અનુકરણીય ઉદાહરણરૂપ બને છે. પરીક્ષિતને એનો ખ્યાલ ના રહ્યો. એની મતિ મલિન બની ગઇ. એથી ઊલટું, મુનિનું મન એવું જ મંગલ રહ્યું. એ કોઇ પણ પ્રકારની અનાવશ્યક ઉત્તેજના વગરના, સાત્વિક તથા શાંત રહ્યા. એમના વ્યવહારે એમના જીતેન્દ્રિયપણાની પ્રતીતિ કરાવી. એમને માટે એવી પવિત્ર પ્રતિક્રિયા યોગ્ય જ હતી.

પરંતુ એ સાધારણ દેખાતી ઘટનાએ પાછળથી ઘણું મોટું સ્વરૂપ ધારણ કર્યું. ઋષિના સુપુત્ર શૃંગીને એ પ્રસંગની માહિતી મળતાં સ્વાભાવિક રીતે જ અતિશય ક્રોધ થયો. એ માહિતી એણે પોતાના સહાધ્યાયી કૃશ પાસેથી મેળવી. એણે તરત જ ક્રોધાતુર બનીને કહ્યું કે જે અપરાધી રાજાએ મારા વયોવૃદ્ધ મૌનવ્રતધારી પિતાના ખભા પર મરેલા સાપને નાખ્યો છે તે પાપીને, બ્રાહ્મણોનું અપમાન કરનારને, કુરુકુળને અપયશ

આપીને કલંકિત કરનારને અતિશય ક્રોધી, ઝેરી, તીવ્ર તેજવાળો સર્પનાથ તક્ષક મારા વચનથી પ્રેરાઇને આજથી સાતમે દિવસે યમસદનમાં લઇ જશે.

એનું નામ ભવિતવ્ય. વિધિના લેખ. પ્રારબ્ધ. જે કહો તે.

મહારાજા પરીક્ષિત ગયેલા મૃગયા કરવા અને કરી ગયા બીજું જ. દોડેલા મૃગની પાછળ પરંતુ પ્રારબ્ધ એમની પાછળ દોડયું. જેની એમને કલ્પના પણ નહિ તેવી ઘટના બની ગઇ.

મહાભરતની એ કથા પરંપરા સૂચવે છે કે માનવ ગમે તેટલો બળવાન હોવા છતાં નિર્બળ છે. પ્રાણવાન હોવા છતાં પંગુ છે. પ્રકૃતિની પરવશતામાંથી મુક્ત નથી ત્યાં સુધી પ્રકૃતિના હાથમાં કઠપૂતલી બનીને રમ્યા કરે છે. એ પરવશતામાંથી જે મુક્તિ મેળવે છે તે વીર કહેવાય છે. મહાવીર.

મુનિ એવા મહાવીર હોવાથી શૃંગીએ આપેલા શાપની વાતને એના જ શ્રીમુખે સાંભળીને દુઃખી થયા. એમણે જણાવ્યું કે "તે યોગ્ય કર્યું નથી. મારું પ્રિય કર્યું નથી. તપસ્વીઓનો એ ધર્મ નથી. આપણે તે રાજાના દેશમાં રહીએ છીએ. એણે આપણું ન્યાયપૂર્વક પાલન કર્યું છે. તેથી એનું અહિત કરવાનું મને ના ગમે. મને લાગે છે કે એને મારા વ્રતની માહિતી ન હતી એથી જ આવું કુકર્મ કર્યું. એ ક્ષુધાતુર તથા તૃષાર્ત હોવાથી વિવેકબુદ્ધિને ખોઇ બેઠો લાગે છે."

"તું શમથી સંપન્ન બનીને, વનમાં ફળફૂલને ખાઇને, ક્રોધને કાઢી નાખીને તપ કર. ફરી વાર ધર્મનો આવો ક્ષય ના કરતો. ક્રોધ જિતેન્દ્રિય મુનિઓએ સંચિત કરેલા ધર્મને હરી લે છે, અને ધર્મવિહીનને કદી સદગતિ નથી મળતી. ક્ષમાશીલ યતિઓની શાંતિ જ સિદ્ધિદાયિની હોય છે. ક્ષમાવાનને આ લોક અને પરલોક બંને મળી શકે છે. તેથી તું સદા ક્ષમાશીલ અને જિતેન્દ્રિય રહીને તપ કર. ક્ષમાશીલ બનવાથી જ તને બ્રહ્મલોક પાસેના કર્મમુક્તિ આપનારા લોકોની પ્રાપ્તિ થશે."

શમીક મુનિએ પોતાનું અશુભ કરનારનું હિત જ ઇચ્છયું, એમણે મહારાજા પરીક્ષિતને પાછળની સઘળી પરિસ્થિતિથી પરિચિત કરવા માટે એની પાસે એમના ગૌરમુખ નામના શિષ્યને મોકલ્યો.

સઘળી હકીકતને જાણીને પરીક્ષિતની પીડાનો પાર ના રહ્યો. સમજુ સદબુદ્ધિસંપન્ન માનવ કોઇવાર દુર્બુદ્ધિથી પ્રેરાઇને ભૂલ કરી બેસે છે તોપણ સદબુદ્ધિના સૂર્યનો પુનઃપ્રકાશ પથરાતાં પાછળથી પસ્તાય છે. જે પુરુષ પોતાની ભૂલને સમજી લે છે તેને માટે સુધરવાની ને સન્માર્ગગામી બનવાની તક પણ તૈયાર રહે છે. પરીક્ષિતના જીવનપ્રસંગમાંથી એ શીખવાનું છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧. શાપ સાચો ઠર્યો

શાપની વાતને સાંભળીને મહારાજા પરીક્ષિતને ખૂબ જ સંતાપ થયો.

પરીક્ષિતના પશ્ચાતાપનો પાર રહ્યો નહીં.

એમાંય જ્યારે એને શમીકમુનિના મૌનવ્રત વિશે માહિતી મળી ત્યારે તો પોતાના દુર્વ્યવહાર બદલ ખૂબ જ દુઃખ થયું.

પોતાના મંત્રીઓ સાથે ચર્ચાવિચારણા કરીને એણે એક સુરક્ષિત એકદંડિયા મહેલનું નિર્માણ કરાવ્યું. એમાં વૈદો, મંત્રસિદ્ધ બ્રાહ્મણો અને ઔષધોની સંપૂર્ણ વ્યવસ્થા કરીને એના સંરક્ષણની યોજના બનાવી.

એવી રીતે સર્વ તરફથી સંપૂર્ણપણે સુરક્ષિત બનીને એ રમણીય રાજપ્રાસાદમાં રહીને મંત્રીઓની મદદથી રાજ્યકાર્ય કરવા માંડયો. રાજપ્રાસાદમાં રહેતા એને કોઇ જોઇ શકતું નહોતું. બહાર નીકળનારી હવા પણ તેમાં પુનઃ પ્રવેશી નહોતી શકતી.

મૃત્યુ અવશ્યંભાવિ છે એવું જાણવા છતાં પણ મોટા ભાગના માનવોને મરવાનું ગમે છે ? મૃત્યુ આત્માનું નથી હોતું, શરીરનું હોય છે, એ જાણ્યા છતાં પણ શરીરને છોડવા કોણ તૈયાર થાય છે ? માનવ વધારે ને વધારે જીવવા માગે છે. અને એ છતાં પણ કાળ ક્યાંથી ક્યારે આવે છે તેની ખબર નથી પડતી. એકાદ અપવાદ સિવાય કાળ માનવ ઇચ્છે કે ના ઇચ્છે તોપણ પોતાનું કાર્ય ચોક્કસ રીતે કર્યે જ જાય છે.

પરીક્ષિતના સંબંધમાં પણ એવું જ બન્યું.

મરવાનું કોને ગમે છે ? કોઇકને જ ! જગતના મોટા ભાગના મનુષ્યો તો જીવનને વધારે દીર્ઘ, અને સુખી જીવનને જ ઇચ્છે છે. અમર જીવનની અભિલાષા પણ કેટલાક રાખતા હોય છે.

રાજા પરીક્ષિત પણ એમાં અપવાદરૂપ ન હતા. પોતાને તક્ષક નાગના કરડવાથી સાત દિવસમાં મૃત્યુ થવાનો શાપ મળ્યો છે, એ જાણીને તેઓ ચિંતામાં ડૂબી ગયાં. પોતાના મંત્રીઓની સલાહ પ્રમાણે એક સ્તંભની ઉપર એક સુરક્ષિત ભવન બનાવડાવ્યું. એ ભવનમાં એમણે રહેવા માંડયું. અને એમાં પોતાની સાથે અનેક અનુભવી વૈદ્યો, ઔષધિઓ તથા મંત્રની મદદથી સાપના વિષને દૂર કરવાની વિદ્યા જાણનારા બ્રાહ્મણોને રાખવામાં આવ્યા.

મંત્રીઓ અને અંગરક્ષકો પ્રતિપળ એમની પાસે રહીને એમની રક્ષા કરતા. રાજાની અનુજ્ઞા વિના એમની પાસે કોઇ પણ ના જઇ શકતું.

એવી પૂર્ણ તૈયારીમાં છ દિવસ પસાર થઇ ગયા પછી સાતમે દિવસે કાશ્યપ નામે એક વિદ્વાન બ્રાહ્મણ રાજા પરીક્ષિત પાસે જવા તૈયાર થયો. રાજાને મળેલા શાપની ખબર હોવાથી એણે નક્કી કર્યું કે રાજાને આજે તક્ષક નાગ કરડશે, તે પછી મારા મંત્રબળથી હું એમને જીવતા કરી દઇશ. કાશ્યપ મહાન મંત્રવેત્તા હતો.

બીજી બાજુથી તક્ષક પણ પોતાનું કામ પૂરું કરવા માટે ચાલી નીકળ્યો. એણે ઇચ્છાનુસાર રૂપ ધારણ કરવાની પોતાની શક્તિથી વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું ને કાશ્યપની આગળ આવીને પૂછયું :

'આજે તમે કોઇ અગત્યના કામે જઇ રહ્યા હો એવું લાગે છે. તમારી ચાલ ઝડપી છે. એવું કયું કામ આવી પડયું છે ?'

કાશ્યપે કહ્યું,

'રાજા પરીક્ષિતને આજે તક્ષક નાગ કરડવાનો છે. એમને જીવતા કરવાની અભિલાષાથી હું એમની પાસે જઇ રહ્યો છું.'

'તો તમે એમને જીવતા કરી શકો એમ છો ?'

'જરૂર.'

'કેવી રીતે ?'

'મારી પાસે મૃતસંજીવની વિદ્યા છે. સાપના વિષને દૂર કરવાની વિદ્યાનું પણ મને જ્ઞાન છે.'

તક્ષકે થોડોક વિચાર કરીને કહ્યું, ' મારા દંશથી નિષ્પ્રાણ બનેલાને જો તમે જીવાડી શકતા હો, તો મને તમારી એ શક્તિનો પરચો બતાવો. આ પાસેના વૃક્ષને મારા ઝેરથી જલાવી દઉં છું. તમે તેને પુનર્જીવિત કરો.'

કાશ્યપે કહ્યું, ' તમે વૃક્ષને ખાખ કરશો તોપણ મારી શક્તિથી હું તેને લીલુંછમ કરી દઇશ.'

તક્ષકે એ વિશાળ વૃક્ષને દંશ દીધો કે તરત જ એ એના વિષના પ્રભાવથી સળગી ઊઠયું.

પરન્તુ કાશ્યપે તરત પોતાની જ વિદ્યાનો પ્રયોગ કરી બતાવ્યો. એણે એ વૃક્ષની રાખને ભેગી કરી અને પોતાના મંત્રપ્રયોગથી જોતજોતામાં એ વૃક્ષને પહેલાંની જેમ લીલુંછમ કરી દીધું.

તક્ષકને ભારે આશ્ચર્ય થયું . એને વિશ્વાસ થઇ ગયો કે કાશ્યપ પોતાનું કર્યું કરાવ્યું ધૂળમાં મેળવશે.

એણે એક બીજી યુક્તિ અજમાવી.

' તમે રાજાને જીવતા કરવા જાવ છો તે કોઇક વસ્તુપ્રાપ્તિની કામનાથી જ જતા હશોને ? તમારી કામના દુર્લભ હશે તોપણ હું એની પૂર્તિ કરી દઇશ. એને માટે તમારે રાજા પાસે નહિ જવું પડે. બ્રહ્મશાપથી રાજાના આયુષ્યનો નાશ થયો હોવાથી એમને પુનર્જીવિત કરવાના કામમાં તમને સફળતા ના પણ મળે. તો એ પરિસ્થિતિમાં તમારો આજ સુધીનો ઉજ્જવળ યશ ફીકો પણ પડી જાય'

તક્ષકની એ યુક્તિ સફળ નીવડી. કાશ્યપે જણાવ્યું.

' રાજાને પુનર્જીવિત કરવા પાછળનું મારું પ્રયોજન ધનની પ્રાપ્તિ કરવાનું છે.

' તો પછી હું તમને જેટલું જોઇએ તેટલું ધન આપું.'

કાશ્યપે ધ્યાન ધરીને જોયું તો રાજાનું આયુષ્ય ક્ષીણ થયેલું લાગ્યું. એટલે એમને જીવાડવાનો પુરુષાર્થ કરવાને બદલે એ તક્ષક પાસેથી ઇચ્છાનુસાર ધન લઇને વિદાય થયો.

તક્ષકે પોતાના અનુચરોને એ બધું જણાવ્યું એટલે એ પણ રાજી થયા. રાજા પરીક્ષિતના મૃત્યુની ભૂમિકા તૈયાર થઇ ગઇ.

કાશ્યપને તક્ષકના મેળાપનો મહાભરતનો આ પ્રસંગ આપણને સૂચવે છે કે ધનની લિપ્સાથી પ્રેરિત થઇને માણસ શું નથી કરતો ? એ લિપ્સા આગળ એની વિદ્યા, સમજ, શક્તિ, ધીરજ, નિષ્ઠા, વીરતા તથા પવિત્રતા બધું જ ગૌણ બની જાય છે, ઝાંખુ પડી જાય છે. ધનની લાલસામાં અટવાયેલો માણસ પોતાના

સાચા સ્વાર્થને ભૂલી જાય છે. બીજાના હિતને ભૂલી જાય છે ને કેટલીક વાર ના કરવાનાં કામ પણ કરી બેસે છે. સામાજિક અને રાષ્ટ્રીય જીવનમાં આવાં ઉદાહરણો અનેક બને છે. એ બધાં ભયસ્થાનોમાંથી માણસે બચવું જોઇએ, વ્યક્તિ, સમષ્ટિ કે રાષ્ટ્રના જીવનનો નાશ કરવા માગનારા અને એને માટેની પોતાની અનર્થકારક યોજનાઓની આગળ કોઇએ કાશ્યપની કર્તવ્યપરાયણતાને ફાવવા ના દેનારા તક્ષકોથી સૌએ ચેતતા રહેવાનું છે.

કાશ્યપે કર્તવ્યપરાયણ થઇને રાજાની પાસે જઇને ધારેલું કર્યું હોત તો ઇતિહાસ જુદો જ હોત. ધન તો એને રાજા પાસેથી પણ મળી રહેત, એનો યશ પણ અક્ષય રહેત, અને સમાજને લાભ થાત. તક્ષકના કરડવાથી શાપ તો સફળ થાત જ, પરન્તુ કાશ્યપ રાજાને ભલે થોડો વખતને માટે પણ પુનર્જીવિત કરત.

તેથી એનું ને એની વિદ્યાનું ગૌરવ વધત. પરંતુ એની લાલસાને લીધે એવું ના થઇ શક્યું.

* * *

કાશ્યપ ઋષિને એમની ઇચ્છાનુસાર ધન પ્રદાન કરીને, પાછા વાળીને, તક્ષક પોતાનું ધારેલું કામ કરવાના ઉદ્દેશથી ઉત્સાહિત થઇને હસ્તિનાપુરની દિશામાં ચાલી નીકળ્યો.

એને પોતાના કાર્યમાં સફળતા મેળવવા સંબંધી કોઇ પ્રકારનો સંદેહ ના રહ્યો.

રસ્તામાં એને સમાચાર મળ્યા કે રાજા પરીક્ષિતે એક વિશેષ પ્રકારના ભવનનું નિર્માણ કરાવીને એમાં રહેવાનું શરૂ કર્યું છે અને અનેક જાતના વૈદ્યો, ઔષધિશાસ્ત્રજ્ઞો, અસ્ત્ર-શસ્ત્રધારી અંગરક્ષકો તેમ જ સાપના વિષને ઉતારવામાં કુશળ ઉસ્તાદો આઠે પ્રહર એમની રક્ષા કરે છે.

એવા સંપૂર્ણપણે સુરક્ષિત રાજાની પાસે પહોંચવાનું કામ દેખીતી રીતે મુશ્કેલ હોવા છતાં તક્ષક હિંમત ના હાર્યો, ન ડર્યો, અથવા ગભરાયો પણ નહિ. એણે શાંતિપૂર્વક વિચાર કરીને પોતાની અદભુત રહસ્યમયી માયાથી રાજાને સાંપડેલો શાપ સફળ કરવાની યોજના ઘડી કાઢી.

એ યોજનાનુસાર એણે એના અનુચર જેવા બીજા નાગને તપસ્વીઓના વેશમાં રાજાની પાસે મોકલ્યા. તક્ષકે એમને આદેશ આપ્યો કે તમે કોઇ પણ પ્રકારના ભય કે સંકોચ વિના મુનિઓનો વેશ ધારણ કરીને રાજાની પાસે જાવ અને એમને આશીર્વાદ રૂપે ફળ, ફુલ, કંદમૂળ અર્પણ કરો. પછી આગળનું કામ હું કરી લઇશ.

તક્ષકના અનુચર નાગ તપસ્વીઓનો વેશ ધારણ કરીને રાજા પરીક્ષિત પાસે જઇ પહોંચ્યા. એમણે રાજાને શુભાશીર્વાદ આપિને ફળફૂલ અર્પણ કર્યા.

એમની વિદાય થયા પછી એમના પ્રસાદરૂપે પ્રાપ્ત થયેલા એ ફળમાંથી થોડાક ફળ ખાવાની ઇચ્છા રાજાએ પોતાના ચતુરમંત્રીઓ પાસે પ્રગટ કરી.

મંત્રીઓની સંમતિથી રાજાએ ખાવા માટે એક ફળ લીધું.

એ ફળનું ભક્ષણ કરતાં એમની દૃષ્ટિ એની અંદરના એક કીડા પર પડી.

એ કીડો એકદમ નાનો હતો. એની આંખ કાળી હતી અને એના શરીરનો રંગ લાલ હતો.

એ કીડાને પકડીને રાજા પરીક્ષિતે પોતાના મંત્રીઓને કહ્યું કે, સૂર્યાસ્ત થઇ રહ્યો હોવાથી મને વિષનો ડર નથી લાગતો. આ કીડો જો તક્ષક બનીને મને કરડે તોપણ શું થયું ? એ મને કરડે તો ઋષિપુત્રે આપેલો શાપ સફળ થાય.

મંત્રીઓના મન પણ એ વખતે જાણે કે મોહિત થઇને ભાન ભૂલ્યાં હોય તેમ એ કશું જ ના બોલ્યા.

વૈદ્યો તથા ઔષધિશાસ્ત્રજ્ઞો પણ મૂક રહ્યા.

ઘડીના છઠ્ઠાભાગમાં, અરે નિમીષમાત્રમાં, જે નાટક થઇ ગયું તેની કોઇને ખબર જ ના પડી.

કેવું વિચિત્ર નાટક ?

રાજા પરીક્ષિત જાણેકે ભાન જ ના રહ્યું હોય તેમ, એ કીડાને એમણે પોતાની ગરદન ઉપર મૂક્યો. એમને સમજાયું નહિ કે કીડાનું રૂપ તક્ષકે જ ધારણ કરેલું છે.અથવા કીડાના રૂપમાં બીજું કોઇ જ નથી પરન્તુ તક્ષક પોતે જ છે.

મંત્રીઓ અને અંગરક્ષકોને જો એની સહેજ પણ ગંધ આવી હોત તો કીડાને કદાચ ત્યાં જ કચડી નાખત. એ એને ગમે તે ઉપાયે પણ જીવતો ના જવા દેત. પરન્તુ એ પણ રાજાની આજુબાજુ એમનો વિચિત્ર અભિનય જોતાં મંત્રમુગ્ધ બનીને ઉદાસીનની જેમ ઊભા જ રહ્યા.

રાજાએ કીડાને પોતાની ગરદન પર મૂક્યો કે તરત જ કીડાના રૂપમાં રહેલા તક્ષકે પોતાનું મૂળસ્વરૂપ ધારણ કર્યું.

એને જોઇને બધા ચમક્યા.

પરન્તુ એથી વધારે કાંઇ પણ થઇ શકે એ પહેલાં તો તક્ષક વિકરાળ રૂપ ધારણ કરીને રાજાની ગરદનની આજુબાજુ વીંટળાઇ વળ્યો. શાપથી પ્રેરિત થયેલા એ ભયંકર તક્ષકે રાજાને દંશ દઇને પોતાનું કામ પૂરુ કર્યું.

મંત્રીઓ રડવા લાગ્યા. બીજા કેટલાક ભયભીત બનીને છુપાવા અને નાસવા લાગ્યા.

થોડા વખતમાં તો લાલ કમળના રંગવાળા નાગરાજ તક્ષકને સૌએ આકાશમાર્ગથી ચાલ્યો જતો જોયો.

એના વિષના પ્રભાવથી સ્તંભના આધારે ટકી રહેલું એ સુંદર ભવન પણ સળગવા લાગ્યું. એટલે રાજાને છોડીને સૌ નાસવા માંડયાં.

રાજા નિષ્પ્રાણ બની ગયા.

પહેલાનાં ઋષિઓના આશીર્વાદ અથવા શાપ નિષ્ફળ નહોતા જતા એ તો સાચું જ. પરંતુ એ પણ એટલું જ સાચું છે કે જે થવાનું છે તે કદી પણ કોટિ ઉપાયે પણ અન્યથા નથી થતું. માણસ ગમે તેટલી કોશિશ કરે કે સુરક્ષાની ગમે તેવી યોજનાઓ ઘડે તોપણ કાળ પોતાનું કામ કરવાનો જ. મૃત્યુ એને મહાત કરવાનું જ. એવું વિચારીને નમ્ર બનવાનું છે. જાગ્રત થવાનું છે. ને જીવનનું શ્રેય સાધવા કટિબદ્ધ બનીને અનેક જાતનાં દુષ્કર્મોમાંથી છૂટવાનું છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨. સર્પોથી રક્ષા

મહારાજા જનમેજયના સુપ્રસિદ્ધ સર્પયજ્ઞમાં જરત્કારુ ઋષિના પુત્ર આસ્તીકે સર્પોની સુરક્ષા સાધીને એમના દ્વારા જે વરદાન મેળવેલું તે વરદાન સૌ કોઇ જાણે એ આવશ્યક છે.

એ વરદાન એક પ્રકારનું અભયવચન છે.

એ અભયવચનને અનુસરીને, મહાભારતમાં જણાવ્યા પ્રમાણે, જે વ્યક્તિ નીચેનો પાઠ કરશે તેને સર્પનો ભય નહીં રહે. એ પાઠવાક્યો આ પ્રમાણે છેઃ

असितं चार्तिमंतं च सुनीथं चापि यः स्मरेत् ।
दिवा वा यदि रात्रौ नास्य सर्पभयं भवेत् ॥
यो जरत्कारुणा जातो जरत्कारौ महायशाः ।
आस्तीकः सर्पसत्रे वः पन्नगान्योऽभ्यरक्षत ॥
तं स्मरंत महाभागा न मां हिंसितुमहर्थ ।
सर्पापसर्प भद्रं ते गच्छ सर्प महाविष ।
जनमेजयस्य यज्ञांते आस्तीकवचनं स्मर ॥
आस्तीकस्य वचः श्रुत्वा यः सर्पो न निवर्तते ।
शतधा भिद्यते मूर्घ्नि शिशंवृक्षफलं त्रथा ॥

મહાભારતના આદિપર્વના અંતર્ગત આવેલા આસ્તીકપર્વના અધ્યાય ૫૮ના ઉપયુક્ત ૨૩ થી ૨૬ સુધીના શ્લોકોના ભાવાર્થ આ પ્રમાણે -

"જે કોઇ દિવસે કે રાત્રે અસિત, આર્તિમાન અને સુનીથનું સ્મરણ કરશે તેને સર્પનો ભય નહિ રહે."

"જે મહાયશસ્વી આસ્તીક જરત્કારુ ઋષિથી જરત્કારુનાત્રિણીમાં જન્મ્યા છે અને તમને સર્પોને જેમણે સર્પથી રક્ષ્યા છે તે આસ્તીકનું હું સ્મરણ કરું છું. હે મહાભાગ્યશાળી સર્પો, હું તમારાથી હણાવા યોગ્ય નથી."

"હે સર્પ, હે મહાવિષધર, અહીંથી ચાલ્યો જા. તારું કલ્યાણ થાવ. જનમેજયના યજ્ઞના અંત વખતના વચન યાદ કર."

"આસ્તિકના વચનને યાદ કરીને જે સર્પ પાછો નહીં વળે તેના શિરના શિષણ વૃક્ષના ફળની પેઠે સેંકડો ટુકડા થઇ જશે."

એ શ્લોકોના અનુસંધાનમાં આગળ પર જણાવવામાં આવ્યું છે કે આસ્તીકના આખ્યાનનું કીર્તન કરનારને પણ ક્યારેય કોઇ સ્થળે સર્પોનો ભય નહીં રહે.

મહાભારતનાં એ વચનમાં વિશ્વાસ રાખીએ.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૩. સંક્ષિપ્ત મહાભારત

આદિપર્વના ૬૧મા અધ્યાયમાં સ્વનામધન્ય વક્તા વૈશંપાયને સંક્ષેપમાં કહેલો મહાભારત કથાનો સાર આ પ્રમાણે છેઃ એ સાર મહાભારતની મુખ્ય કથાને સમજવા માટે ઉપયોગી થઇ પડશે.

"પિતા મૃત્યુ પામ્યા પછી યુધિષ્ઠિરાદિ વીરો ઘેર આવ્યા અને ટૂંક વખતમાં જ વેદશાસ્ત્રોમાં તથા ધનુર્વિદ્યામાં વિદ્વાન થઇ ગયા. સત્ય, વીર્ય અને ઓજસથી સંપન્ન નગરજનોએ માન્ય ગણેલા અને શ્રી તથા યશવાળા એ પાંડવોને જોઇને કૌરવોને આંખમાં ખૂંચવા લાગ્યું. ક્રૂર દુર્યોધને, કર્ણે અને શકુનિએ તેમને કેદ કરવા અને દેશવટે મોકલવા માટે વિવિધ ઉપાયો કરવા માંડયા. વિવિધ રીતે પીડવા માંડયા. તે પાપી ધૃતરાષ્ટ્રપુત્રે એક વાર ભીમને અન્નમાં ઝેર આપ્યું, પણ તે વીર વક્રોદર તેને પચાવી ગયો. એક વાર ગંગાકિનારે પ્રમાણકોટિ વડ નીચે સૂતેલા ભીમસેનને બાંધીને ગંગાજીમાં ફેંકી દીધો. અને પોતે નગરમાં આવી રહ્યો. કુન્તીપુત્ર મહાબાહુ ભીમસેનને કાળા મહાઝેરીલા સર્પો કરડાવ્યા, પણ તે શત્રુનાશન વીર મરણ ના પામ્યો. પાંડવોને બચાવવા માટે મહામતિ વિદુર સદા પ્રયત્નશીલ રહેતા. સ્વર્ગમાં રહેલો ઇન્દ્ર જેમ જીવલોકનો સુખદાતા છે તેમ વિદુર પણ પાંડવોના નિરંતર સુખદાતા હતા. જ્યારે દૈવથી ભાવિને માટે રક્ષાયેલા પાંડવોને દુર્યોધન ગુપ્ત અને પ્રગટ એવા વિવિધ ઉપાયોથી પણ મારી શક્યો નહીં, ત્યારે કર્ણ અને દુઃશાસન વિગેરે મંત્રીઓ સાથે મંત્રણા કરીને તથા ધૃતરાષ્ટ્રની આજ્ઞા મેળવીને તેણે એક લાક્ષાગૃહ બનાવવાની આજ્ઞા આપી. પછી પોતાના પુત્રનું જ ભલું ઇચ્છતા એ અંબિકાસુત રાજા ધૃતરાષ્ટ્રે રાજ્યને ભોગવવાની લાલસાને કારણે તે પાંડવોને ત્યાં વિદાય કર્યા. પાંડવો હસ્તિનાપુરમાંથી માતા સાથે ત્યાં જવા નીકળ્યા. જતી વેળાએ વિદુરજી તે મહાત્માઓના સલાહકાર થયા તેથી લાક્ષાગૃહમાંથી બચી ગયા અને મધરાતે વનમાં ભાગી ગયા."

"શત્રુનાશન મહાત્મા પાંડવો કુન્તી માતા સાથે વારણાવત નગરમાં જઇને રહ્યા. તેઓ ત્યાં સાવધ રહીને પુરોચનથી પોતાનું રક્ષણ કરતા. ધૃતરાષ્ટ્રની આજ્ઞા પ્રમાણે એક વર્ષ સુધી લાક્ષાગૃહમાં વસ્યા. વિદુરજી પ્રેરણા પ્રમાણે તેમણે સુરંગ ખોદાવડાવી. પછી લાક્ષાગૃહને આગ લગાડીને તથા પુરોચનને બાળીને શત્રુદમન પાંડવો ભયભીત ચિત્તે માતા સાથે ત્યાંથી બહાર ગયા. ત્યાં વનમાં ઝરણા પાસે તેમણે હિડિમ્બ નામના ભયંકર રાક્ષસને જોયો. તે રાક્ષસેન્દ્રને મારી નાખ્યો. પોતે ઓળખાઇ જશે એવી બીકથી તથા ધૃતરાષ્ટ્રના પુત્રોના ભયથી પાંડવો ત્યાંથી રાતોરાત આગળ દોડ્યા. ત્યાં ભીમસેનને હીડીમ્બા મળી અને તેનાથી ઘટોત્કચ પુત્ર થયો. પછી તીવ્ર વ્રતવાળા તે પાંડવો એક નગરીમાં ગયાં. ત્યાં તેઓ વેદનું અધ્યયન કરવાવાળા બ્રહ્મચારીઓના રૂપે માતા સાથે એક બ્રાહ્મણને ઘેર કેટલોક વખત રહ્યા. ત્યાં ભીમસેનને બક નામના માનવભક્ષી ભૂખ્યા રાક્ષસનો મેળાપ થયો. પુરુષોમાં સિંહ જેવા વીર ભીમે પરાક્રમથી તેને મારી નાખ્યો. અને નગરનું સંકટ શમાવ્યું. પાંચાલ દેશોમાં કૃષ્ણાનો સ્વયંવર થાય છે એમ સાંભળીને તેઓ ત્યાં ગયા અને તેને પ્રાપ્ત કરી. દ્રૌપદીને પામીને એક વર્ષ પછી પાંડવો હસ્તિનાપુર આવ્યા."

"રાજા ધૃતરાષ્ટ્ર તથા શાંતનુપુત્ર ભીષ્મના કહેવાથી પાંડવો સર્વ સંબંધીઓ અને સર્વ રત્નો લઇને ખાંડવપ્રસ્થ નગરમાં ગયા."

"મહાયશસ્વી ભીમસેને પૂર્વ દિશા જીતી, વીર અર્જુને ઉત્તર દિશા જીતી. નકુલે પશ્ચિમ દિશા જીતી, અને શત્રુનાશી સહદેવે દક્ષિણ દિશા જીતી, આમ તે બધાએ સમગ્ર વસુધાને વશ કરી. સૂર્ય જેવાં પાંચ પરાક્રમી પાંડવોથી અને આકાશમાં વિરાજતા સૂર્યથી પૃથ્વી જાણે છ સૂર્યવાળી થઇ."

"પછી સત્યશીલ, પરાક્રમી, ધર્મરાજ યુધિષ્ઠિરે પોતાના પ્રાણથીયે વિશેષ વહાલા, સ્થિર મનવાળા, સર્વગુણોથી યુક્ત અર્જુનને વનમાં મોકલ્યો. તે (સૌરમાસની ગણત્રીએ) અગિયાર વર્ષ અને દસ માસ વનમાં રહીને દ્વારિકામાં શ્રીકૃષ્ણ પાસે ગયો, ત્યાં કમલનયની અને કલ્યાણભાષિણી વાસુદેવની નાની બહેન સુભદ્રાને તેણે પત્ની તરીકે મેળવી."

"ખાંડવવનમાં અગ્નિએ પૃથાસુત અર્જુનને ઉત્તમ ગાંડીવ આપ્યું. સાથે અક્ષરબાણવાળાં બે ભાથાં આપ્યાં અને કપિધ્વજ રથ આપ્યો. ત્યાં અર્જુને મય નામના મહાઅસુરનો ઉદ્ધાર કર્યો. તેણે સર્વ રત્નોવાળું દિવ્ય સભાગૃહ બનાવ્યું. મૂર્ખ દુર્બુદ્ધિ દુર્યોધનને એ સભાની લાલસા થઇ. શકુનિ સાથે રહીને તેણે યુધિષ્ઠિરને ધૃતમાં છેતર્યા. અને બાર વર્ષ માટે વનવાસ તેમજ એક વર્ષ કોઇક રાજ્યમાં અજ્ઞાતવાસ આપ્યો. પછી ચૌદમે વર્ષે પાછા આવીને તેમણે પોતાની સંપત્તિ માગી, તે તેમને ના મળી. એટલે યુદ્ધ થયું. એમાં અનેક ક્ષત્રિયોને મારીને તથા દુર્યોધનને હણીને પાંડવોએ પોતાનું ગયેલું રાજ્ય પાછું મેળવ્યું. શુભકર્મી પાંડવોનો આ પ્રાચીન સંક્ષિપ્ત ઇતિહાસ છે. અંતે પાંડવોનો જય થયો."

☼ ☼ ☼ ☼ ☼

# ૧૪. દુષ્યંતનો આશ્રમપ્રવેશ

મહાભારતમાં વર્ણવાયેલી દુષ્યંત અને શકુંતલાની કથા આજે પણ અવનવી, આકર્ષક, રોચક લાગે છે. લેખકો, કવિઓ, કથાકારો એમાંથી પ્રેરણા મેળવે છે. મહાકવિ કાલિદાસે એનો જ આધાર લઇને સંશોધન સંવર્ધન સાથે પોતાની પ્રખ્યાત કૃતિ અભિજ્ઞાનશાકુંતલનું સર્જન કર્યું. વરસો પહેલાં લખાયલી આપણી ' સ્મૃતિ ' નામની નવલકથા એ જ પૌરાણિક કથાવસ્તુ પર આધારિત છે. એ કથા સૌને માટે પ્રેરક થઇ પડે તેવી છે.

દુષ્યંત અને શકુંતલા કોઇક પરંપરાગત પ્રાણવાન પૂર્વસંસ્કારોથી પ્રેરાઇને એકમેક પ્રત્યે પ્રથમ મેળાપે જ પ્રેમ કરતાં થયાં. દુષ્યંત હસ્તિનાપુરનો રાજા અને શંકુતલા એકાંત આશ્રમવાસિની. એ બંનેનો મેળાપ ક્યાં અને કેવી રીતે થયો અને રાજા દુષ્યંતે અરણ્યના એકાંત આશ્રમમાં કયા સંજોગોમાં પ્રવેશ કર્યો તે જાણવા જેવું છે.

રાજા દુષ્યંતના અરણ્ય શાંત એકાંત આશ્રમના પ્રવેશનું મુખ્ય કારણ મૃગયા હતું. રાજા દુષ્યંતે મૃગયા કરતાં એકાંત અરણ્યમાં પ્રવેશ કર્યો. મહાભારતમાં કહ્યા પ્રમાણે -

"હજારો મૃગોને મારીને રાજા દુષ્યંતે પોતાના વિશાળ લશ્કર અને વાહનો સાથે એક મૃગને માટે બીજા વનમાં પ્રવેશ કર્યો. ભૂખ્યો તથા તરસ્યો રાજા વનની અંદરના પ્રદેશ સુધી પહોંચ્યો તો ત્યાં શૂન્ય વિસ્તાર દેખાયો. ત્યાંથી આગળ વધતાં એક બીજું મહાવન મળ્યું. તે મહાવન ઉત્તમ આશ્રમોથી અલંકૃત, મન અને આંખને આનંદ આપનારું, શીતલ સુખકારક સમીરથી સંપન્ન, ફૂલોવાળાં વૃક્ષોથી ભરેલું, લીલાછમ સુંવાળા ઘાસથી છલાયલું, સુમધુર સ્વરવાળાં વિહંગોના નાદવાળું, કોકિલના ટહુકારથી અને તમરાંઓના અવાજથી છલેલું હતું."

"એ પરમસૌન્દર્યસંપન્ન વનમાં ફૂલફળ કે કંટક સિવાયનું ભ્રમરગણ ના બેઠું હોય એવું એક પણ વૃક્ષ નહોતું. પંખીઓના કલરવવાળા, સુમનોથી સંપૂર્ણપણે સુશોભિત, સર્વઋતુનાં સુખકારક શીતળ વૃક્ષોથી વીંટળાયલા, એ ઉત્તમ મનહર વનમાં મહાધનુર્ધારી અતિબળવાન રાજાએ પ્રવેશ કર્યો. પવનથી ડોલતાં ફૂલભરેલી શાખાપ્રશાખાવાળાં વૃક્ષોએ એના પર ચિત્રવિચિત્ર પુષ્પોની વૃષ્ટિ કરી. એથી એ પરમ પ્રતાપી રાજા પ્રસન્ન થયો. મસ્ત વાનરો તથા કિન્નરોવાળું તે વન સિદ્ધો, ચારણો, ગંધર્વો અને અપ્સરાઓના સમૂહથી સેવાયેલું. ત્યાં પરમસુખકર સુશીતળ, સુગંધભરેલો તથા પુષ્પોના પરાગને પ્રસારનારો પવન ક્રીડા કરવા માટે વિહાર કરતાં વૃક્ષો પાસે આવી રહેલો."

"એ વનમાં રાજાએ એક શ્રેષ્ઠ સ્મરણીય, આહલાદક આશ્રમ જોયો. તે વિવિધ વૃક્ષોથી ઢંકાયેલો. એમાં પવિત્ર અગ્નિઓ પ્રજ્વલિત હતાં. એમાં યતિઓ, સાધકો, મુનિઓ વિરાજતા. એમાં અનેક અગ્નિગૃહો હતાં. એની સમીપે માલિની નદી વહેતી. વિહંગવૃંદોથી શોભતી તે નદી તપોવનથી અતિશય આકર્ષક લાગતી. ત્યાં વિહરતાં હરણાંને અને પશુઓને વેરરહિત વિલોકીને રાજા આશ્ચર્ય અને આનંદ પામ્યો. માલિની નદીનાં પ્રસન્ન પ્રશાંત તટપ્રદેશ પર ચક્રવાક પક્ષી ક્રીડા કરતાં. ત્યાં મદોન્મત્ત હાથીઓ, વાઘો અને સાપોનો

વાસ હતો. કશ્યપગોત્રી મહર્ષિ કણ્વનો મુનિસમૂહથી સેવાયેલો શ્રેષ્ઠ રમણીય આહ્લાદક આશ્રમ ત્યાં જ હતો એ જ પવિત્ર તટપ્રદેશ પર. એ નરનારાયણના સુંદર આશ્રમની પેઠે શોભી રહેલો."

"રાજાએ મસ્ત મયૂરોના મીઠા ટહુકારથી ગાજી રહેલા મહાવનમાં પ્રવેશ કર્યો."

"એને મહર્ષિ કણ્વનાં દર્શનની અભિલાષા હતી."

"એણે હાથી, ઘોડા, પાળાઓથી પરિપૂર્ણ પોતાની સેનાને વનમાં એક બાજુએ રાખીને જણાવ્યું કે હું હવે રજોગુણરહિત તપસ્વીશ્રેષ્ઠ મહર્ષિ કણ્વનાં દર્શન માટે જઉં છું હું જ્યાં સુધી પાછો ના આવું ત્યાં સુધી તમે ઊભા રહેજો. મારી પ્રતીક્ષા કરજો ."

"એ નંદનવનસમા વનમાં પ્રવેશતાં જ રાજા દુષ્યંતની ભૂખતરસ મટી ગઇ. એને અપાર આનંદ થયો. એણે સઘળાં રાજચિહ્નોને અળગાં કર્યા અને પોતાના પ્રધાન તથા પુરોહિત સાથે આશ્રમમાં પ્રવેશ કર્યો. એણે આશ્રમનું અવલોકન કરવા માંડયું. યજ્ઞવિદ્યાનાં જુદાંજુદાં અંગોને જાણનારા યજુર્વેદવેત્તાઓથી અને નિયમપરાયણ સામવેદી ઋષિઓનાં સુમધુર સામગાનોથી એ આખોય આશ્રમ અલંકૃત લાગતો. એમાં સામવેદ અને અથર્વવેદમાં નિપુણ ઋષિઓ પદ તથા ક્રમને અનુસરીને પોતપોતાની સંહિતાના પાઠ કરી રહેલા."

"શત્રુનાશક રાજાએ ત્યાં નિયમપરાયણ, વ્રતશીલ, જપ તથા હોમમાં મગ્ન વિપ્રોને જોયાં. ત્યાં ભારે પરિશ્રમપૂર્વક ગોઠવવામાં આવેલાં આકર્ષક અદભુત આસનોને અવલોકીને એને આશ્ચર્ય થયું. એ સુંદર, સર્વોત્તમ આશ્રમને જોઇને તે ધરાયો નહીં."

એ આખાય વર્ણનમાં એ વાત સવિશેષ ઉલ્લેખનીય છે કે રાજા દુષ્યંતે સેનાને દૂર રાખી, પોતાનાં વ્યક્તિગત રાજચિહ્નોને અળગાં કરીને, કણ્વમુનિના આશ્રમમાં પ્રવેશ કર્યો. રાજા તરીકેના કોઇ પણ પ્રકારના અહંકાર વિના, કેવળ ગુણજ્ઞ ભાવે, નમ્રાતિનમ્ર બનીને. આપ્તકામ આત્મદર્શી ઋષિવરોનાં દર્શન માટે એવી રીતે જ જવાનું હોય. પોતાની દુન્યવી ઉપાધિઓને પરિત્યાગીને. અહંને ઓગાળી નાખીને. પૂર્વગ્રહમાંથી મુક્તિ મેળવીને એવા સત્પુરુષોના દર્શનસમાગમથી ત્યારે જ લાભ થાય. રાજા દુષ્યંતના એ વ્યવહાર સાથે રાજા પરીક્ષિતનો વ્યવહાર સરખાવવા જેવો છે. પરીક્ષિત શમીકમુનિના આશ્રમમાં રાજારૂપે, અહંતાથી સંપન્ન બનીને ગયેલો. પરિણામે એનો આશ્રમપ્રવેશ અભિશાપરૂપ, અશાંતિદાયક થઇ પડ્યો. દુષ્યંતને માટે કણ્વમુનિના આશ્રમનો પ્રવેશ પ્રેરક, વરદ, શાંતિકારક, અમોઘ આશીર્વાદરૂપ ઠર્યો. બંને પ્રસંગો એક જ પ્રકારના પરંતુ પદ્ધતિમાં, દૃષ્ટિમાં તથા મનોવૃત્તિમાં તફાવત એટલે બંનેના પરિણામ જુદાંજુદાં આવ્યા.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫. કર્મસંસ્કાર

પૂર્વના કર્મસંસ્કારો કદી છૂપા રહેતા નથી. સ્વાનુભવસંપન્ન સદબુદ્ધિસમૃદ્ધ, સત્પુરુષો અને શાસ્ત્રો સર્વસંમતિથી જણાવે છે કે માનવના શેષ રહેલા કર્મસંસ્કારો કદી મિથ્યા થતા નથી. તે ભોગવવા જ પડે છે ને પોતાનું સારુંનરસું ફળ અવશ્ય આપે છે. સુખ પ્રદાન કરે છે કે દુઃખ. હર્ષ આપે કે શોક. લાભ પહોંચાડે છે કે હાનિ. આશીર્વાદ બને છે અથવા અભિશાપરૂપ. અમૃત ધરે છે કે વિષ. અભ્યુત્થાન કરાવે છે કે અધઃપતન. મિત્રતા કરાવે છે કે શત્રુતા. પ્રેમ અનુભવાવે છે કે વેર. શાંતિ ચખાડે છે અથવા અશાંતિ આપે છે. અનુકૂળતાને પ્રગટાવે છે કે પ્રતિકૂળતાને. માનવની ઇચ્છા હોય કે અનિચ્છા, તૈયારી હોય કે પૂર્વતૈયારી ના હોય તો પણ, એ એમનું કાર્ય દેશકાળના બાહ્ય બંધન કે અન્ય વ્યવધાન વિના કર્યે જ જાય છે. પેલી લોકોક્તિમાં કહ્યા પ્રમાણે લાડી લંકાની ને વર ઘોઘાનો હોય તોપણ તેમનો મેળાપ કરાવે છે, તેમની વચ્ચે પરસ્પર પ્રેમભાવને પ્રગટાવે છે, અને એમને સ્નેહના સનાતન શક્તિશાળી સૂત્રે બાંધીને એક બનાવે છે.

કણ્વમુનિના એકાંત આહ્લાદક આશ્રમમાં પ્રવેશનારા રાજા દુષ્યંતના અને આશ્રમમાં રહેનારી મહર્ષિની પાલક પુત્રી શકુંતલાના શેષ રહેલા કર્મસંસ્કારો, કોઇપણ પ્રકારની પૂર્વયોજના સિવાય આકસ્મિક રીતે મેળાપ કરાવનારા સાબિત થયા. મહાભારતના આદિપર્વની અંતર્ગત આવેલા સંભવપર્વમાં એનું વર્ણન કરાયલું છે.

પોતાના મંત્રીઓને અને પુરોહિતને વિદાય આપીને રાજા દુષ્યંત આશ્રમમાં એકલો જ આગળ વધ્યો. આશ્રમમાં એણે આત્મરતિ આત્મતૃપ્ત મહર્ષિ કણ્વને જોયા નહીં, એટલે કોઇને બોલાવવા માટે બૂમ પાડી. એનો અવાજ સાંભળીને તપસ્વિનીના વેશવાળી, સાક્ષાત્ લક્ષ્મીસરખા ચંદન સ્વરૂપવાળી, શ્યામ આંખથી અલંકૃત, શકુંતલાએ બહાર આવીને એનું આસન, પાદ્ય, અર્ઘ્યથી સમુચિત સ્વાગત કર્યું.

દુષ્યંતે એવા ઉમળકાભરેલા વિધિપૂર્વકના સ્નેહસત્કારથી આનંદ થયો.

દુષ્યંતે મહર્ષિ કણ્વના સમાચાર પૂછ્યા તો શકુંતલાએ સ્પષ્ટીકરણ કરતાં કહ્યું કે મહર્ષિ વનમાં ફળ લેવા માટે ગયા છે અને થોડા વખતમાં જ પાછા આવશે.

શકુંતલાને ઉત્તમ કુળવાળી, શોભાયુક્ત સુમધુર સંમોહક હાસ્યવાળી, તપ, ઇન્દ્રિયસંયમ તથા સૌન્દર્ય અને યૌવનથી સભર જોઇને દુષ્યંતે એનો પરિચય પૂછયો અને અસાધારણ રૂપગુણથી અલંકૃત હોવા છતાં એકાંત અરણ્યના આશ્રમમાં વસવાનું કારણ જાણવા માગ્યું.

દુષ્યંતે એને જણાવ્યું કે તારા સુમધુર દર્શને મારા મનને મોહિત કર્યું છે ને હરી લીધું છે.

રાજા દુષ્યંત નીકળેલો મૃગયા કરવા પરંતુ એ જ શકુંતલાસરખી આશ્રમવાસિનીના સૌન્દર્યનો શિકાર બની ગયો. કેટલી બધી સહજતાથી અને સરળતાપૂર્વક એણે એ વાતની રજૂઆત કરી !

એ શાને માટે આવેલો, આશ્રમમાં પ્રવેશેલો, ને શું કરી બેઠો ?

એનું નામ જ કર્મસંસ્કાર. શેષ રહેલા કર્મસંસ્કારો પોતાનું કાર્ય જ્ઞાત અથવા અજ્ઞાત અવસ્થામાં પણ કરે જ. કરે છે. તેની પ્રતીતિ થઇ.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૬. દુષ્યંત-શકુંતલાનો ગાંધર્વવિવાહ

રાજા દુષ્યંતે શકુંતલાને એનો પરિચય પૂછયો.

શકુંતલાએ સુમધુર સ્મિત સાથે શાંતિપૂર્વક ઉત્તર આપ્યો કે હું તપસ્વી, ધૃતિમાન, ધર્મજ્ઞ તથા મહાત્મા ભગવાન કણ્વની પુત્રી કહેવાઉં છું.

દુષ્યંતે કહ્યું કે સૌના પરમારાધ્ય અને પૂજ્ય ભગવાન કણ્વ તો ઊર્ધ્વરેતા છે. ધર્મ કદાચ પોતાના નિયમમાંથી ચળી જાય તો પણ એ જિતેન્દ્રિય મહાપુરુષ એમના વ્રત અથવા આદર્શમાંથી ચલાયમાન ના થાય. એમની યોગ્યતા એવી અપાર છે. તો પછી તું તે મહાપ્રતાપી મહાપુરુષની પુત્રી કેવી રીતે કહેવાય છે ?

શકુંતલાની સ્મૃતિ સળવળી ઊઠી.

એનું મન વરસો પહેલાંની પ્રસંગ-પરંપરામાં પ્રવાહિત બનવા લાગ્યું.

પોતાની જાતને સહેજ સ્વસ્થ કરતાં એણે કહેવા માંડયું કે કોઇક મુનિએ કણ્વમુનિને મારા જન્મસંબંધી પ્રશ્ન પૂછેલો ત્યારે કણ્વમુનિએ આપેલા ઉત્તરનું મને સ્મરણ થાય છે. કણ્વમુનિએ કહેલી કથાના શ્રવણથી મારા જન્મનું રહસ્ય સમજાશે અને મને મહર્ષિ કણ્વની પુત્રી શા માટે કહેવામાં આવે છે તેની માહિતી મળશે.

દુષ્યંતની જિજ્ઞાસાને લક્ષમાં લઈને એના સંતોષકારક જવાબરૂપે શકુંતલાએ મહર્ષિ કણ્વના શ્રીમુખે સાંભળેલી, પોતાને કાંઇક અંશે પરિચિત એવી પોતાની જીવનકથા સંભળાવી.

મહર્ષિ કણ્વે કહેલી એ જીવનકથાનો સારાંશ આ પ્રમાણેઃ

પૂર્વકાળમાં વિશ્વામિત્ર નામના મહાતપસ્વી તપ કરી રહેલા.

એમના તીવ્રતમ તપને જોઇને દેવોના અધિપતિ ઇન્દ્રને ચિંતા લાગી. એને ભય લાગ્યો અથવા આશંકા પેદા થઇ કે તપસ્વી વિશ્વામિત્ર ઋષિ મને સ્થાનભ્રષ્ટ કરશે. એટલે એણે અપ્સરાશ્રેષ્ઠ મેનકાને વિશ્વામિત્ર ઋષિને એમના તપમાંથી ચલાયમાન કરવાની આજ્ઞા કરી. સૂર્યના સરખા પરમતપસ્વી વિશ્વામિત્ર મુનિ ઘોર તપશ્ચર્યામાં પ્રવૃત છે. હે સર્વોત્તમ સુંદરી, તું તેમને તારા અદ્વિતીય રૂપ, યૌવન, માધુર્ય, અભિનય, સ્મિત સંભાષણાદિથી લલચાવીને તપથી ભ્રષ્ટ કર.

મેનકાએ જણાવ્યું કે ભગવાન વિશ્વામિત્ર મહાતેજસ્વી, મહાતપસ્વી તથા ક્રોધી છે તેની તમને ખબર છે. તેમના તેજ, તપ, અને કોપથી તમે પણ સંતાપ પામી રહ્યા છો તો હું કેમ ના પામું ? એમણે મહાભાગ્યવાન વસિષ્ઠને પોતાના પ્રિય પુત્રોથી વિખૂટા પાડ્યા છે. ક્ષત્રિયજાતિમાં જન્મવા છતાં તે બળપૂર્વક બ્રાહ્મણ બન્યા છે. એમણે કૌશિકી નદીને પાણીથી પરિપ્લાવિત કરી છે. સદગુરુના શાપથી સંતપ્ત બનેલા ત્રિશંકુને શરણ આપ્યું છે. મને એમનો ભય લાગે છે. એવી આજ્ઞા આપો કે જેથી ક્રોધ પામેલા તે ઋષિ મને ખાખ ના કરી નાખે. જે ઋષિ પોતાના તેજથી લોકોને ભસ્મ કરી શકે છે, પગથી પૃથ્વીને કંપાવી શકે છે, મહામેરુ પર્વતને ફેંકી દઇ શકે છે, અને દિશાઓને પલટાવી શકે છે, તે પ્રજ્વલિત અગ્વિ જેવા તપોયુક્ત જિતેન્દ્રિયને મારા જેવી સ્ત્રી કેવી રીતે અડી શકે ? અગ્નિના જેવા ઉજ્જવલ મુખવાળા, સૂર્ય તથા ચંદ્રના જેવી આંખની કીકીઓવાળા અને કાળના જેવી જીભવાળા તેમને મારા જેવી અબળા કેવી રીતે અડકી શકે ? મારા જેવી નારી તેમનાથી કેમ ના ડરે ? હે ઇન્દ્રરાજ ! તમે મને જવા કહ્યું છે તો ઋષિ પાસે ના જાઉં એમ પણ

કેમ બને ? હે દેવરાજ ! મારી રક્ષાનો વિચાર કરો. હું ક્રીડા કરતી હોઉં ત્યારે પવન મારું વસ્ત્ર ઉડાડી મૂકે. તમારા પ્રસાદથી કામદેવ ત્યાં મારા સહાયક બને. હું ઋષિને લોભાવતી હોઉં તે વખતે વનમાં સુગંધી વાયુ વહે.

ઇન્દ્રે ' તથાસ્તુ ' કહીને એ પ્રમાણે વ્યવસ્થા કરી આપી એટલે મેનકા કૌશિકના આશ્રમે ગઇ. ઇન્દ્રે વાયુદેવને આજ્ઞા કરી અને તત્કાલ મેનકા વાયુ સાથે ચાલી. તેણે તપથી ક્ષીણપાપ થયેલા વિશ્વામિત્રને આશ્રમમાં તપ કરતા જોયા. ઋષિને પૂજા અર્પીને તે તેમની સમક્ષ ક્રીડા કરવા લાગી. તે વખતે વાયુએ તેના સુંદર વસ્ત્રને ઉડાડી મૂક્યું. વસ્ત્રની ઇચ્છાવાળી તે સુંદરી લજ્જાયુક્ત થઇને તે અગ્નિ જેવા તેજસ્વી ઋષિના દેખતાં ત્યાં ભૂમિ ઉપર દોડવા લાગી.

મેનકાને મુનિશ્રેષ્ઠ વિશ્વામિત્રે વસ્ત્રહીન જોઇ. તેના રૂપગુણને જોઇને તે વિપ્રર્ષિ કામવશ થઇ ગયા. તેમણે તેની સાથે સંગની ઇચ્છા કરી અને તેને બોલાવી. તે બન્ને લાંબા કાળ સુધી ત્યાં વિહાર કરવા લાગ્યા. યથેચ્છા ક્રીડા કરતાં તેમનો કાળ જાણે એક દિવસ જેટલો લાગ્યો. પછી માલિની નદીને કિનારે, હિમાલયના રમણીય મેદાનમાં તે મુનિ દ્વારા મેનકાએ શકુંતલાને જન્મ આપ્યો.

સફળ-મનોરથ બનેલી મેનકા તે કન્યાને માલિની નદીના તટપ્રદેશ પર મૂકીને ઇન્દ્રભવનમાં ગઇ. સિંહો તથા વાઘોથી ભરેલા તે નિર્જન વનમાં સૂતેલી બાળાને જોઇને પક્ષીઓ તેને ચોમેરથી વીંટળાઇ વળ્યાં. માંસલોભી હિંસક પ્રાણીઓ વનમાં તે બાળાને મારી ના નાખે તેટલા માટે પક્ષીઓ ત્યાં તે મેનકાપુત્રીનું રક્ષણ કરવા લાગ્યાં. હું સ્નાન માટે જતો હતો ત્યારે મેં એ નિર્જન અને સુંદર વનમાં પક્ષીઓથી ઘેરાઇને સૂતેલી એ કન્યાને નિહાળી. એને લાવીને મેં પુત્રી તરીકે રાખી. જન્મદાતા, પ્રાણદાતા અને અન્નદાતા એ ત્રણેને ક્રમપૂર્વક ધર્મશાસ્ત્રમાં પિતા કહ્યા છે. નિર્જન વનમાં શકુન્તો(પક્ષીઓ)એ એનું રક્ષણ કર્યું હતું તેથી મેં એનું શકુંતલા નામ રાખ્યું. એવી રીતે શકુંતલા મારી પુત્રી જાણો. અનિંદિતા શકુંતલા પણ મને પિતા માને છે.

શકુંતલા એટલા સ્મૃતિશબ્દોને સંભળાવીને સ્નેહથી સાકાર પ્રતિમા સમી દુષ્યંત આગળ ઊભી રહી.

દુષ્યંત એની સહજતાથી પ્રભાવિત બન્યો અને બોલ્યો કે તારા કથન પ્રમાણે તું ખરેખર રાજપુત્રી છે. હું તને મળી ને મુગ્ધ બન્યો છું તને અત્યારે જ સુવર્ણમાળાઓ, વસ્ત્રો, સુવર્ણકુંડળો, જુદા જુદા દેશોમાં પાકેલા ઉત્તમ મણિઓ, રત્નો, સુવર્ણમુદ્રાઓ તથા સુંદર મૃગચર્મો આપું છું. મારું સમસ્ત રાજ્ય તારું થશે. તું મારી પત્ની બન. આપણે શાસ્ત્રમાં સૂચવ્યા પ્રમાણે ગાંધર્વવિવાહ કરી લઇએ.

શકુંતલાએ દુષ્યંતના પ્રેમપૂર્ણ પ્રસ્તાવના પ્રત્યુત્તરમાં જણાવ્યું કે મારા પિતા ફળાદિ લાવવા આશ્રમ બહાર ગયા છે. તે પાછા આવ્યા પછી તમારી ઇચ્છા પૂરી કરશે. થોડીવાર પ્રતીક્ષા કરો.

પરંતુ દુષ્યંતને ઉતાવળ હતી. એણે કહ્યું કે મારું મન તને નિહાળીને મોહિત થયું છે. તારા પિતાની અનુપસ્થિતિમાં તું તારો નિર્ણય કરી શકે છે. તને એટલી સ્વતંત્રતા છે. મનુષ્ય પોતે જ પોતાનો બંધુ છે. પોતે જ પોતાની ગતિ છે. માટે તું તારી સ્વેચ્છાથી તારું ધર્મપૂર્વકનું દાન કરી શકે છે.

શકુંતલાએ દુષ્યંત પાસેથી વચન લીધું કે ભવિષ્યમાં એને જે પુત્ર થાય તેને જ યુવરાજ બનાવવામાં આવે. બીજા કોઇને નહીં.

એ પછી ગંધર્વવિવાહ કર્યો.

દુષ્યંતે શકુંતલાને જણાવ્યું કે તારે માટે ચતુરંગિણી સેનાને મોકલીને તેને અસાધારણ સન્માન સહિત રાજધાનીમાં બોલાવી લઇશ.

એ પ્રસંગ પછી એણે શકુંતલાની વિદાય લાધી.

ગાંધર્વવિવાહનો એ પ્રસંગ બતાવે છે કે શકુંતલા દુષ્યંતની પ્રેમમાગણી પછી પણ સંપૂર્ણ સ્વસ્થ હતી. એ આશ્રમવાસિની તરીકેની પોતાની જવાબદારીને જાણતી હોવાથી દુષ્યંતને ગાંધર્વવિવાહની અનુમતિ આપતા પહેલાં મહર્ષિ કણ્વની ઉપસ્થિતિનો આગ્રહ રાખી શકી અને પોતાના ભાવિ પુત્રના યુવરાજપદની બાંયધરી માગી શકી. એ મોહાંધ હોત તો એવું ના વિચારી શકત. રાજા દુષ્યંતે ગાંધર્વવિવાહ કરતાં પહેલા મહર્ષિ કણ્વની પ્રતીક્ષા ના કરીને થોડીક ઉતાવળ કરી એવું લાગવાનો સંભવ છે ખરો, પરંતુ એ છતાં વિધિપૂર્વક વિવાહને - ગાંધર્વવિવાહને માન્ય તો રાખ્યો જ છે. એના શકુંતલા પ્રત્યેના પ્રેમની પ્રબળતાને લક્ષમાં લેતાં એવી ઉતાવળ કાંઇ વધારે પડતી ના કહેવાય.

દુષ્યંતે શકુંતલા સાથેના ગાંધર્વવિવાહ પછી હસ્તિનાપુર તરફ પ્રયાણ કર્યું. ત્યારે આશ્રમમાં મહર્ષિ કણ્વની ઉપસ્થિતિ ન હતી એ એક રીતે જોતાં ઘણું સારું થયું. એથી મહર્ષિ કણ્વની દિવ્ય શક્તિનો, દૃષ્ટિનો તથા ઉદારતાનો અને ઉદાત્તતાનો પરિચય થઇ શક્યો. દુષ્યંતના પ્રત્યાગમન પછી મહર્ષિ કણ્વે આશ્રમમાં પ્રવેશ કર્યો ત્યારે પરિસ્થિતિ પલટાઇ ગયેલી. બીજો કોઇ સામાન્ય માનવ હોત તો શકુંતલાના વર્તનને સ્વચ્છંદી, અવિચારી, અમંગલ અથવા અનર્થકારક કહીને એને સખત શબ્દોમાં ઠપકો આપત, અસહ્ય દંડ કરત, અને પોતાની જ્ઞાત અથવા અજ્ઞાત રીતે અવજ્ઞા કરવા બદલ આશ્રમમાંથી કાઢી મૂકત. પરંતુ મહર્ષિ કણ્વ એવી કાચી માટીના બનેલા નહોતા. એમનું વ્યક્તિત્વ અસાધારણ હતું. એટલે એમનો પ્રતિભાવ અન્ય પ્રકારનો રહ્યો. એમણે ગાંધર્વિવાહના પ્રસંગને છેક જ સહજ રીતે લીધો. એમના ઉદગારો પરથી પ્રતીત થાય છે કે એ અલૌકિક શક્તિથી અલંકૃત હતા. એમને ગાંધર્વિવાહની ઘટનાની પ્રથમથી જ માહિતી હતી એવું લાગે છે.

મહાભારતમાં લખ્યું છે કે શકુંતલા શરમને લીધે પિતા પાસે ના ગઈ. દિવ્ય જ્ઞાનવાળા પરમ તપસ્વી મહર્ષિ કણ્વે પોતાની દિવ્ય દૃષ્ટિથી બધું જાણીને શકુંતલાને જણાવ્યું કે કલ્યાણી, મારી અનુપસ્થિતિમાં આજે એકાંતમાં તેં કરેલો પુરુષસંગ ધર્મનો વિરોધી નથી. ક્ષત્રિયને માટે ગાંધર્વવિવાહ શ્રેષ્ઠ છે. તેમાં કામસંપન્ન પુરુષનું કામસંપન્ન સ્ત્રી સાથે એકાંત મિલન કહ્યું છે. તેં જેને તારા પતિ તરીકે સ્વીકાર્યો છે તે રાજા ધર્માત્મા, મહાત્મા તથા પુરુષશ્રેષ્ઠ છે. તારો પુત્ર ચક્રવર્તી બનશે. તેનું રાજ્ય અખંડ રહેશે.

મહર્ષિ કણ્વની એવી ઉદારતા અને ઉદાત્તતા આદર્શ અને અનુકરણીય લેખાય.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૭. શકુંતલાનો સ્વીકાર

આદર્શ પત્ની સદા પોતાના પતિનું કલ્યાણ કરવા માગે છે, કલ્યાણ કરે છે. પરમ કલ્યાણ.

પતિના સુખમાં પોતાનું સુખ સમજે છે. પતિના ઉત્કર્ષમાં પોતાનો ઉત્કર્ષ.

એને માટે સહન કરવું પડે તો સ્મિતપૂર્વક સહન કરે છે પણ ખરી.

પતિ ભ્રાંતિવશ બનતો હોય, કોઇ કારણે કુમાર્ગે જતો હોય, તો તેનું હૃદય રડે છે. કાળજું ક્રંદન કરી ઊઠે છે.

પતિને સન્માર્ગગામી બનાવવા, ભ્રાંતિરહિત કરવા, બનતું બધું જ કરી છૂટે છે.

શકુંતલા એમાં અપવાદરૂપ ન હતી. પોતાના પ્રિય પતિ દેવ દુષ્યંતનું હિત એના હૈયે વસતું હોવાથી, એણે મહર્ષિ કણ્વ પાસે બે વરદાનોને માગી લીધા. પ્રથમ વરદાન પૌરવોની ધર્મિષ્ઠતાનું અને બીજું વરદાન તેમના અખંડ સનાતન સામ્રાજ્યયોગનું.

મહર્ષિ કણ્વ પાસે કેવળ સામ્રાજ્યના સુખોપભોગના વરદાનને માગવાને બદલે એણે ધર્મિષ્ઠતાના વરદાનને પણ માગ્યું એ શું સૂચવે છે ? એ જ કે ધર્મપરાયણતા વિનાનું જીવન પરિપૂર્ણ નથી અને સંપૂર્ણ સુખ નથી આપી શક્તું ગમે તેવું સામ્રાજ્ય સુખ પણ ધર્મપરાયણતાથી રહિત હોય તો આદર્શ નથી હોતું. જીવન ધર્મમય હોય તો જ ઉજ્જવળ બને છે તથા શ્રેયષ્કર ઠરે છે.

શકુંતલાએ પોતાના પ્રિય પતિ દુષ્યંતનું સર્વ પ્રકારે શુભ ઇચ્છવા છતાં પણ એના જીવનમાં વચગાળાના વખત માટે અશુભ આવી પહોંચ્યું. તે કેવી રીતે તે જોઇએ.

દુષ્યંતથી છૂટી પડેલી શકુંતલાએ મહર્ષિ કણ્વના આશ્રમમાં સુયોગ્ય સમયે પ્રદીપ્ત પાવકની પેઠે કાંતિવાળા, રૂપ તથા ઉદારતા જેવા સદગુણોથી સંપન્ન, પરમપ્રતાપી પુત્રને જન્મ આપ્યો.

પુણ્યવાનોમાં શ્રેષ્ઠ કણ્વમુનિએ એના ધર્મશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સંસ્કારો કર્યા.

ઊજળા અણિયાળા દાંતોવાળો, સિંહના સરખા કઠોર શરીરવાળો, ચક્રના ચિહ્નવાળા હાથવાળો, મોટા મસ્તકવાળો, મહાબળવાન, સુંદર દેવબાળક જેવો એ કુમાર દિનપ્રતિદિન મોટો થવા માંડ્યો.

એ બાળક છ વરસનો થયો ત્યારે અસામાન્ય શક્તિવાળો દેખાયો. એનાં કર્મો અતિશય અદભુત અને આશ્ચર્યકારક હતાં. એ મહર્ષિ કણ્વના આશ્રમના સિંહ, વાઘ, વરાહ, ભેંસ તથા હાથીઓને પકડતો; તેમને આશ્રમની પાસેનાં વૃક્ષો સાથે બાંધી દેતો; તેમની સાથે ક્રીડા કરતો અને તેમના પર બેસીને બહાર નીકળતો.

કણ્વાશ્રમના નિવાસીઓએ એ સૌનું દમન કરતો હોવાથી એનું નામ સર્વદમન પાડ્યું.

પુત્રનાં લક્ષણ પારણામાં એ ન્યાયે સર્વદમનમાં શૈશવથી જ અસાધારણ બળબુદ્ધિનું દર્શન થવા લાગ્યું.

સમયને સુયોગ્ય સમજીને મહર્ષિ કણ્વે શકુંતલાને સર્વદમન સાથે રાજા દુષ્યંત પાસે પોતાના વિશ્વાસપાત્ર શિષ્યો સહિત મોકલી આપી. પરંતુ મહર્ષિની ને શકુંતલાની ગણતરી મિથ્યા કરી. દુષ્યંતે શકુંતલાનો અસ્વીકાર કરતાં જે કાંઇ કહ્યું એનો સાર એવો હતો કે એનો અને શકુંતલાનો વિવાહ થયો જ

નથી ને સર્વદમન એનો પુત્ર નથી. પોતે કદી શકુંતલાને મળ્યો જ નથી એટલે બનાવટી કથાને ઉપજાવી કાઢીને શકુંતલા ગળે પડે છે !

શકુંતલાના માથા પર આભ તૂટી પડ્યું. એનું અંતર અશાંત બની ગયું.

એણે દુષ્યંતના વિપરીત વ્યવહારથી વિસ્મય પામીને એની સમક્ષ વાસ્તવિક પરિસ્થિતિની રજૂઆત કરતાં કોપપૂર્વક કહ્યું કે મહારાજ ! જાણતાં છતાં તમે નિઃશંક સાધારણ માણસની જેમ 'હું નથી જાણતો' એવું ક્યાંથી બોલો છો ? આ સાચું છે કે જૂઠું તે તમારું હૃદય જાણે છે. આત્માની સાક્ષીએ તમે કલ્યાણકારી વચન બોલો. આત્માની અવગણના ના કરો. જે પોતે એકરૂપે હોઇને પોતાને બીજે જ રૂપે બતાવે છે, તે જાતને છુપાવનાર કયું પાપ ન કરે ? તમે માનો છો - હું એકલો છું પણ તમે સર્વ પાપકર્મોને જાણવાવાળા તે અંતર્યામી પુરાણમુનિને જાણતા નથી. તમે તેમની સમક્ષ પાપ કરી રહ્યા છો.

શકુંતલા સ્વમાની હોવાથી, દુષ્યંતે એની વાતને માની જ નહીં ત્યારે ત્યાંથી વિદાય થવા માટે તૈયાર થઇ. એણે જણાવ્યું કે સત્ય સમાન બીજો કોઇ ધર્મ નથી, સત્યથી કશું ઉત્તમ નથી, અને અસત્ય જેવું કોઇ પાપ નથી. સત્ય જ પરબ્રહ્મ તથા પરમનિયમ છે. તમે તમારી પ્રતિજ્ઞાનો પરિત્યાગ ના કરો. આપણો સમાગમ સત્ય થાવ. તમને જો વિશ્વાસ આવતો ના હોય અને આ અસત્યનો જ પ્રસંગ લાગતો હોય તો હું અહીંથી વિદાય થઉં છું. મારો આ પુત્ર તમારા વિના પણ પર્વતરાજથી સુશોભિત વિશાળ પૃથ્વીનું પાલન કરશે.

એ જ વખતે ઋત્વિજો, પુરોહિતો, આચાર્યો અને મંત્રીઓથી ઘેરાયેલા દુષ્યંતને આકાશવાણી સંભળાઇ. આકાશવાણી એટલે માનવની અંદરના ને બહારના અવકાશમાંથી સંભળાનારી વાણી. એ આકાશવાણીએ દુષ્યંતને સ્પષ્ટતાપૂર્વક જણાવ્યું કે દુષ્યંત, તું પુત્રનું પાલન કર. શકુંતલાનો અનાદર ના કર. શકુંતલાએ સઘળું સાચું જ કહ્યું છે. આ તારો પોતાનો પુત્ર છે. એનું નામ ભરત પડશે.

આકાશવાણીના શ્રવણથી હર્ષાન્વિત બનેલા દુષ્યંતે શકુંતલા સાથે સર્વદમનનો સ્વીકાર કર્યો. એણે પોતાના પુરોહિતોને અને પ્રધાનોને કહ્યું કે શકુંતલાના શબ્દો પરથી હું એનો પુત્ર સાથે સ્વીકાર કરત તો લોકનજરે એવો વ્યવહાર શંકાસ્પદ બનત. મારે એટલા માટે જ સર્વ કાંઇ જાણતો હોવા છતાં પણ આવો વ્યવહાર કરવો પડ્યો.

દુષ્યંતે પોતાની શકુંતલાને સુયોગ્ય રીતે સન્માનીને સાંત્વન આપ્યું કે આપણો સંબંધ લોકોથી અજાણ હોવાથી તેની શુદ્ધિ માટે મારે આવું વિચારવું પડ્યું.

ભરતનો યુવરાજપદે અભિષેક કરવામાં આવ્યો. મોટો થતાં તે સાર્વભૌમ સમ્રાટ થયો.

શકુંતલાના જીવનમાં આવી પડેલી વચગાળાની વિપત્તિ એવી રીતે સદાને માટે દૂર થઇ અને છેવટે સુખશાંતિ તથા સમૃદ્ધિમાં પરિણમી.

જે સત્ય હતું તે સત્ય જ રહ્યું ને પ્રકાશી ઊઠ્યું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૮. કચ શુક્રાચાર્ય પાસે

મહાભારતમાં આલેખાયેલું મહારાજા યયાતિનું ચરિત્ર સરસ, સારગર્ભિત, સુપ્રસિદ્ધ છે.

એનું વિહંગાવલોકન કરી લઇએ.

નહુષપુત્ર યયાતિએ સમ્રાટ થઇને વરસો સુધી પૃથ્વીનું પાલન કરેલું. એણે અનેક યજ્ઞો કરેલા.

તે સદા અત્યંત ભક્તિપૂર્વક પિતૃઓ અને દેવોની ઉપાસના કરતો. તે અજેય યયાતિ સઘળી પ્રજા ઉપર દયા રાખતો. તેને દેવયાની તથા શર્મિષ્ઠા દ્વારા મહા ધનુર્ધારી અને સર્વ ગુણથી યુક્ત એવા પુત્રો થયા. યદુ અને તુર્વસુ દેવયાની દ્વારા જન્મ્યા અને શર્મિષ્ઠા દ્વારા દ્રુહ્યુ, અનુ અને પૂરુનો જન્મ થયો.

પૂર્વકાળમાં દેવો તથા દાનવો વચ્ચે ઐશ્વર્યની અભિવૃદ્ધિ માટે મહાભયંકર યુદ્ધ થયેલું ત્યારે દેવોએ વિજય મેળવવાની મહેચ્છાથી પ્રેરાઇને યજ્ઞ માટે અંગિરાના પુત્ર બૃહસ્પતિને પુરોહિતપદે પ્રતિષ્ઠિત કર્યા અને દાનવોએ કવિપુત્ર શુક્રને પસંદ કર્યા.

બૃહસ્પતિ તથા શુક્ર આચાર્ય અને બ્રાહ્મણ હોવાં છતાં એકમેકની સ્પર્ધા કરતા.

એ જમાનામાં ભારતમાં સંજીવની વિદ્યાની શોધ થયેલી અને દાનવોના ગુરુ શુક્રાચાર્ય એ અલૌકિક વિદ્યામાં નિષ્ણાત મનાતા.

યુદ્ધમાં ભાગ લેનારા જે દાનવોનો દેવો નાશ કરતા તેમને દાનવો તરફથી ગુરુ શુક્રાચાર્ય પોતાની સંજીવની વિદ્યાની સહાયતાથી સત્વર જીવતા કરતા. એવી રીતે તે દાનવ યોદ્ધાઓ મરવા છતાં પણ મરતા નહિ અને ફરીવાર યુદ્ધ કરવા માટે તૈયાર થતા.

યુદ્ધના મેદાનમાં દેવો પણ મરાતા, પરંતુ દેવોના ગુરુ બૃહસ્પતિ પાસે મૃતસંજીવની વિદ્યા ના હોવાથી એ એમને શુક્રાચાર્ય જેમ પુનર્જીવિત નહોતા કરી શકતા. એને લીધે દેવો ખૂબ જ ઉદ્વિગ્ન રહેતા.

એમણે વિચાર્યું ને નક્કી કર્યું કે શુક્રાચાર્ય પાસે પહોંચીને ગમે તેમ કરીને સંજીવની વિદ્યાને શીખી લેવી જોઇએ.

પરંતુ શુક્રાચાર્ય પાસે પહોંચે કોણ ? દેવોએ એને માટે પોતાના ગુરુ બૃહસ્પતિના સુપુત્ર કચની પસંદગી કરીને દાનવોના રાજા વૃષપર્વાને ત્યાં રહેતા શુક્રાચાર્ય પાસે પહોંચવા પ્રાર્થના કરી : "તમે જ શુક્રાચાર્ય પાસે પહોંચીને એ મહાન વિદ્યાને શીખી શકશો. તે દેવોને નથી રક્ષતા; દાનવોને રક્ષે છે. એથી અમે મોટી મુશ્કેલીમાં મુકાઇ ગયા છીએ તો અમે તમારા શરણે આવ્યા છીએ તો અમને મદદ કરો. શુક્રાચાર્યને દેવયાની નામે પુત્રી છે. તમે તેને શીલ, દાક્ષિણ્ય, માધુર્ય, સદાચાર અને ઇન્દ્રિયનિગ્રહથી પ્રસન્ન કરશો એટલે સંજીવની વિદ્યાની પ્રાપ્તિમાં મદદ મળશે."

બૃહસ્પતિપુત્ર કચે લાગણીને અને માગણીને માન્ય રાખી.

એ કથા કહેવા માગે છે કે વિરોધી, પ્રતિસ્પર્ધી કે શત્રુ પાસે પણ કોઇ પણ વિદ્યા હોય તો તેની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવો. ગમે તેમ કરીને પોતાનો સ્વાર્થ સાધવો ને પોતાનું સંરક્ષણ કરવું. કચની પેઠે પોતાના સમાજના લાભ માટે તૈયાર રહેવું અને એને માટે કોશિશ કરતાં કે ગમે તેવું બલિદાન આપતાં અચકાવું નહીં.

સમાજની સમુન્નતિના કલ્યાણકાર્યમાં સદા ઉપયોગી બનવું. તેને માટે સ્વસ્થ ચિત્તે શાંતિપૂર્વક યોજના બનાવવી અને તે યોજનાને છેવટ સુધી વળગી રહેવું.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૯. મૃતસંજીવની વિદ્યાની પ્રાપ્તિ

દાનવોના ગુરુ શુક્રાચાર્યની સહાનુભૂતિ તથા કૃપા સાંપડતાં કચને છેવટે વિદ્યાની પ્રાપ્તિ થઇ. એ વિદ્યાની પ્રાપ્તિ માટેના પુરુષાર્થમાં શુક્રાચાર્યની સુપુત્રી દેવયાનીની પ્રીતિ તથા સદભાવના પણ મદદરૂપ બની. મહાભારતમાં જણાવ્યું છે તેમ કચ શુક્રાચાર્ય તથા દેવયાની ઉભયને આરાધવા લાગ્યા. યૌવનમાં પ્રવેશેલી દેવયાનીને ફૂલો, ફળો અને વિવિધ પ્રકારે પ્રસન્ન કરી. દેવયાની પણ વ્રતનિયમપરાયણ કચની સેવા કરવા લાગી.

પરંતુ કચનો સાધનામાર્ગ નિષ્કંટક ન હતો.

દાનવોને ખબર પડી કે કચ પોતાના શત્રુ દેવોના ગુરુ બૃહસ્પતિનો પુત્ર છે ત્યારે તે ખૂબ જ રોષે ભરાઇને એનું મૃત્યુ નિપજાવવાનો વિચાર કરવા માંડ્યા. કચ અને એની દ્વારા દેવો સંજીવનીવિદ્યાના રહસ્યજ્ઞાનને જાણી જાય એવી કરુણ પ્રતિકૂળ પરિસ્થિતિ માટે એ તૈયાર નહોતા.

એકાંત અરણ્યમાં ગાયોની સંભાળ રાખતા કચને એકલો જોઇને એકવાર એમણે મારી નાખ્યો અને એના ટુકડા કરીને શિયાળ તથા વરુઓને નાખી દીધા. ગાયો ગોવાળ વિના એકલી પોતાને સ્થાને પાછી વળી. દેવયાનીએ તે વખતે પિતાને કહ્યું કે તમે અગ્નિહોત્રના અગ્નિમાં આહુતિ આપી છે, સૂર્ય અસ્ત પામ્યો છે, અને ગાયો રખેવાળ વિના પાછી આવી છે. કચ દેખાતો નથી. કચ નક્કી હણાયો કે મરી ગયો હશે. તમને સાચું કહું છું કે હું તેના વિના નહીં જીવી શકું.

શુક્રાચાર્યે સંજીવની વિદ્યાનો પ્રયોગ કરીને કચને બોલાવ્યો. કચ વરુઓનાં શરીરોને ભેદી ભેદીને બહાર નીકળ્યો અને સન્મુખ થયો. તે સંજીવની વિદ્યાથી હર્ષ પામ્યો. દેવયાનીએ તેને પૂછ્યું કે તેં વિલંબ કેમ કર્યો ? ત્યારે તે બોલ્યો કે સમધિ, દર્ભ તેમજ લાકડાંનો ભારો લઇને હું આશ્રમ પાસેના વડના વૃક્ષ નીચે વિશ્રામ કરવા બેઠો. ગાયો પણ વૃક્ષની છાયામાં બેઠી. ત્યારે ત્યાં દાનવોએ મને હણી નાંખ્યો, અને મારા ટુકડા કરીને શિયાળ તથા વરુઓને નાખી તેઓ સુખે પોતાના ઘેર ગયા.

ફરીથી કચ દેવયાનીના કહેવાથી ફૂલને વીણવા માટે મનગમતા વનમાં ગયો. ત્યાં દાનવોએ તેને જોયો અને તેના ટુકડે ટુકડા કરી સમુદ્રના જળમાં ભેળવી દીધા. શુક્રાચાર્યે સંજીવની વિદ્યાના બળથી બૃહસ્પતિ પુત્ર કચને હાક મારી. તેણે ફરી આવીને તે સર્વ સમાચાર કહ્યા પછી ત્રીજીવાર અસુરોએ તેને મારી નાખ્યો, તેનું બાળીને ચૂરણ કરી નાખ્યું, અને શુક્રાચાર્યને મદિરામાં મેળવીને પાઇ દીધુ.

દેવયાનીની પ્રાર્થનાથી શુક્રાચાર્ય તેને ફરીવાર જીવતો કરવા તૈયાર થયા ને બોલ્યા કે બૃહસ્પતિ પુત્ર ! તું સિદ્ધિને યોગ્ય છે. દેવયાની તને ભજે છે. તું જો કચરૂપી ઇન્દ્ર ના હોય તો અત્યારે જ સંજીવની વિદ્યાને પામી લે. મારા પેટમાંથી બ્રાહ્મણ સિવાય કોઇ પાછો જીવતો બહાર આવી શકતો નથી. તેથી તું વિદ્યાને મેળવ. હું તને જીવતો કરું છું. પછી મારા દેહમાથી બહાર આવીને તું મારા પુત્રરૂપ થઇને મને જીવતો કરજે.

ગુરુ પાસેથી વિદ્યા મેળવીને કચ તે જ ઘડીએ શુક્રચાર્યના પેટને ફાડીને બહાર આવ્યો. કચે તે પછી મરણ પામેલા ગુરુને સજીવન કર્યા.

તે સિદ્ધવિદ્યાને અતિશય આદરભાવે વંદન કર્યા પછી કૃતકૃત્ય બનેલા કચે સદગુરુ શક્રાચાર્યને સંબોધીને જણાવ્યું કે હું વિદ્યાહીન હતો. તમે મારા શ્રવણદ્રયમાં અમૃતનું સિંચન કર્યું છે. તમને મારાં માતાપિતા તુલ્ય માનું છું. કૃતજ્ઞ માનવ પોતાના ગુરુનો દ્રોહ નથી કરતો. જે જ્ઞાનને પામીને સત્યજ્ઞાનના દાતા સર્વ ભંડારના ભંડાર સરખા સદગુરુને આદર નથી આપતા તે પ્રતિષ્ઠાથી વંચિત બનીને પાપલોકમાં પ્રવેશે છે ને દુઃખી બને છે.

મહાભારતમાં કરાયલું મૃતસંજીવની વિદ્યાનું એ વર્ણન આશ્ચર્યકારક છે. એ વર્ણન વિસ્મયકારક હોવા છતાં પણ સાચું છે અને સૂચવે છે કે માનવની શક્તિ તથા શક્યતાઓ અસીમ છે. એ શક્તિઓનો સમુચિત સુવિકાસ સાધીને તે મોટા મોટા વિક્રમોને સરજી શકે છે. ભારતના ભૂતકાલીન મહામાનવોએ એવા અવિસ્મરણીય વિસ્મયકારક વિક્રમો સરજેલા. મૃતસંજીવની વિદ્યાનો વિક્રમ એમાંનો એક હતો.

એમણે સ્થૂળ રીતે કેવળ ભૌતિક સિદ્ધિઓને મેળવેલી અને આધ્યાત્મિક રીતે આત્માના અનુશાસનની દૃષ્ટિએ પછાત હતા એવું નથી સમજવાનું. એ આત્માના અનુશાસન અથવા અભ્યુદયની દિશામાં પણ આગળ વધેલા. તેની સુખદ સંતોષકારક પ્રતીતિ કચના વ્યક્તિગત જીવનના હવે પછીના પ્રસંગ પરથી થઇ રહે છે.

સદગુરુ શુક્રાચાર્ય પાસેથી સંજીવનીવિદ્યાને શીખીને કૃતાર્થ કચ સ્વર્ગલોકમાં જવા તૈયાર થયો ત્યારે એને નેહની નજરે નિહાળતી, એના પર મોહિત થયેલી, દેવયાનીએ એની સાથે વિધિપૂર્વક લગ્ન કરવાની માગણી કરી.

કચે એની માગણીનો અસ્વીકાર કરતાં કહ્યું, "તારા પિતા ભગવાન શુક્રાચાર્ય મારે માટે પરમ માનનીય ને પૂજ્ય છે. તું મારે માટે એમનાથી અધિક પૂજ્ય છે. તું ગુરુપુત્રી હોવાથી તારે માટે આવી માગણી કરવાનું ઉચિત નથી."

દેવયાની લગ્નની ફરીવાર માગણી કરવા લાગી તો પણ કચ પોતાની માન્યતામાં અચળ રહ્યો ને બોલ્યો; "હે શુભ વ્રતવાળી, તું મને ના કરવાયોગ્ય કાર્યને કરવાનો આદેશ આપે છે. તું ધર્મથી મારી બેન થઇ છે."

દેવયાની બોલી; "હું ધર્મની તથા કામની સિદ્ધિ માટે જ તારી ઇચ્છા કરું છું. તું મારી ઇચ્છાનો અનાદર કરશે તો તને સંજીવનીવિદ્યાની સિદ્ધિ નહિ સાંપડે."

કચે કહ્યું; " તારા કોઇ દોષને કારણે તારો અસ્વીકાર કરતો નથી. તું ગુરુપુત્રી છે. એમ સમજીને જ હું તને સ્વીકારતો નથી. વળી ગુરુએ મને આ માટે આજ્ઞા પણ આપી નથી. તો તું મને શાપ ભલે આપે. હે દેવયાની ! હું તને ઋષિસંમત ધર્મ કહું છું. એટલે તું મને શાપ આપે એ યોગ્ય નથી. તેં કામવશ થઇને જ શાપ આપ્યો છે તેથી તારી કામના સફળ નહીં થાય. કોઇ પણ ઋષિપુત્ર તને નહીં પરણે. તેં મને કહ્યું કે મારી વિદ્યા મને ફળશે નહીં, તો હું જેને વિદ્યા ભણાવીશ તેને તો તે અવશ્ય ફળશે."

એટલું કહીને કચ ઇન્દ્રભવનમાં ગયો. ત્યાં દેવોએ એનું આદરસન્માન કર્યું ને કહ્યું કે તેં કરેલા અદભુત કલ્યાણકાર્યને લીધે તારો યશ અમર રહેશે.

કચે વિદ્યા મેળવીને સન્માર્ગને છોડ્યો નહીં અને પોતાના મૂળ લોકનું પ્રલોભનમાં પડીને વિસ્મરણ ના કર્યું. એ એની અસામાન્ય આત્મશક્તિ - સંયમવૃત્તિ અને શુદ્ધિ દર્શાવે છે. ભારતીય સંસ્કૃતિ લગ્નની અને બીજી બધી જ જીવનોપયોગી પ્રવૃત્તિની પાછળ વિવેકનું પીઠબળ આવશ્યક માને છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૦. દેવયાની દુઃખી બની

અસુરોના રાજા વૃષપર્વાની સુપુત્રી શર્મિષ્ઠા.

અસુરોના ગુરુ, રાજા અને પરમ પ્રેમાસ્પદ પૂજનીય આશ્રિત, મૃતસંજીવની વિદ્યાના તત્કાલીન એકમાત્ર પરમનિષ્ણાત મનાતા, મહાપુરુષ શુક્રાચાર્યની સુપુત્રી દેવયાની.

એ બંનેની વચ્ચે વિરોધ થયો. બંનેમાં મન એકાએક ઊંચા થયાં.

એનું કારણ સાધારણ હતું. બહારથી જોતાં સાધારણ પરંતુ અંદરથી અવલોકતાં અસાધારણ.

શર્મિષ્ઠા તથા દેવયાની પોતાની સ્નેહાળ સૌન્દર્યસંપુટ સરખી સખીઓ સાથે સમીપવર્તી વનમાં વિહરવા માટે નીકળેલી.

અતિશય આકર્ષક, આહ્લાદક, સુંદર, એકાંત વનમાં જળક્રીડા કરીને તે સર્વે સુકુમારીઓ પોતાની જાતને પરમસુખી અને બડભાગી માનતી બહાર નીકળીને વસ્ત્રોને શોધીને બનતી વહેલી તકે પહેરવા લાગી.

દેવરાજ ઇન્દ્રે વાયુરૂપ બનીને તેમનાં વસ્ત્રોને એકઠાં અને અવ્યવસ્થિત કરી દીધેલાં.

રાજા વૃષપર્વાની સુપુત્રી શર્મિષ્ઠાએ ઉતાવળમાં અને અજ્ઞાનને લીધે ભૂલમાં દેવયાનીનાં વસ્ત્રોને પહેરી લીધાં. વાત દેખીતી રીતે નાની હતી તોપણ તેણે ઘણું મોટું સ્વરૂપ ધારણ કર્યું.

દેવયાનીએ શર્મિષ્ઠાને પોતાનાં વસ્ત્રોને પહેરવા માટે, એના એવા અશિષ્ટાચાર બદલ ઠપકો આપ્યો તો શર્મિષ્ઠા પણ ક્રોધે ભરાઇને અનુચિત વચનોને વદવા માંડીઃ "મારા પિતા બેઠા કે સૂતા હોય છે ત્યારે તારા પિતા નીચા હલકા આસન પર બેસીને વિનયપૂર્વક ભાટચારણની પેઠે એમની સ્તુતિ કરે છે. તું યાચકની, દાન લેનારની ને સ્તુતિ કરનારની પુત્રી છે, ને હું સ્તુતિ પામનાર, દાન આપનાર અને દાનને ના સ્વીકારનારની સુકન્યા છું. હે ભિક્ષુણી, તું માથું પછાડ, કકળાટ કર, છાતી કૂટ કે ક્રોધ કર તો પણ મારી આગળ કશું નહિ ચાલે. તું શસ્ત્ર વગરની છે અને હું શસ્ત્રવાળી. તને પહોંચી વળીશ."

એટલું બોલીને બેસી રહેવાને બદલે શર્મિષ્ઠાએ આગળ વધીને દાઝયા પર ડામ દેતી હોય તેમ વસ્ત્ર વિનાની દેવયાનીને પાસેના કૂવામાં નાખી દીધી, અને દેવયાનીને મરેલી માનીને ક્રોધાગ્નિમાં સળગતાં અન્ય સખીઓ સાથે નગર તરફ પ્રયાણ કર્યું.

શર્મિષ્ઠાએ ઉતાવળમાં જ્ઞાત અથવા અજ્ઞાત અવસ્થામાં થયેલી ભૂલને માટે દેવયાનીની ક્ષમાયાચના કરવાને બદલે એના પર કટુ વચનોનો વરસાદ વરસાવીને એને કૂવામાં નાખવાનો કરેલો દુર્વ્યવહાર એકદમ અનુચિત હતો. એને માટે એને લેશપણ પશ્ચાતાપ ના થયો એ આશ્ચર્યકારક કહેવાય. કૂવો પાણી વગરનો હોવાથી દેવયાની દૈવેચ્છાથી બચી ગઇ છે એની એને ખબર નહોતી.

કૂવામાં ક્રોધાતુર શર્મિષ્ઠા દ્વારા પાડી દેવાની પ્રક્રિયા દેવયાનીને માટે આશીર્વાદરૂપ થઇ. વિભુના વરદાનરૂપ.

નહુષપુત્ર રાજા યયાતિ મૃગયાની ઇચ્છાથી પ્રેરાઇને એ વનમાં પ્રવેશ્યો ને પાણીની શોધ કરવા માંડ્યો ત્યારે એણે દેવયાનીને જોઇ.

એણે એની માહિતી માગી ત્યારે દેવયાનીએ પોતાનો ને પોતાના પિતાનો પરિચય પ્રદાન કરીને પોતાને કૂવામાંથી બહાર કાઢવાની પ્રાર્થના કરી.

રાજા યયાતિએ એની પ્રાર્થનાને અનુલક્ષીને એને કરુણા કરીને કૂવામાંથી બહાર કાઢીને પોતાના નગર પ્રતિ પ્રયાણ કર્યું.

દેવયાનીએ પોતાની પાસે પહોંચેલી ધૂર્ણિકા નામની દાસીને પોતાના પિતા પાસે મોકલીને જણાવ્યું કે હું વૃષપર્વાના નગરમાં નહિ આવું.

ધર્ણિકાએ રાજા વૃષપર્વાના નગરમાં રહેતા શુક્રાચાર્યને દેવયાનીની સઘળી કથા કહી સંભળાવી. એ સાંભળીને શુક્રાચાર્ય ખૂબ જ દુઃખી થયા ને પોતાની સુપુત્રીને શોધવા વનમાં ગયા.

એમણે એના સંતપ્ત અંતરને આશ્વાસન આપીને શાંત કરતાં કહ્યું કે "દેવયાની, તું સ્તુતિ કરનારની, ભિક્ષુકની કે દાન લેનારની પુત્રી નથી. પ્રશસ્તિ ના કરનારા પરંતુ પ્રશસ્તિ પામનારા પિતાની પુત્રી છે. વૃષપર્વા, ઇન્દ્ર અને નહુષપુત્ર યયાતિ સૌને તેની માહિતી છે. મારું સામર્થ્ય અચિંત્ય, બ્રહ્મરૂપ, દ્વંદ્વાતીત, ઇશ્વરીય છે. આ ભૂમિમાં કે સ્વર્ગલોકમાં જે કાંઇ છે તે સર્વનો હું સદાનો અધીશ્વર છું. હું જ પ્રજાના પરમહિતની ઇચ્છાથી જલધારાને છોડું છું. હું જ સઘળી ઔષધિઓને પોષું છું."

સદગુરુ શુક્રાચાર્યે સંભળાવેલા આદિ પર્વની અંતર્ગત આવેલા સંભવપર્વના ૭૯મા અધ્યાયમાં સમાવાયેલા દેવયાનીના ઉત્તર સાથેના આ શબ્દો સવિશેષ ઉલ્લેખનીય છેઃ " દેવયાની ! જે માનવ સદા બીજાના નિંદાશબ્દોને સહી લે છે, તેણે આ આખું જગત જીત્યું છે એમ જાણ. જે ઊછળતા ક્રોધને ઘોડાની જેમ કાબૂમાં રાખે છે તેને જ સંતો સારથિ કહે છે; માત્ર લગામોને ઝાલી રાખનારને નથી કહેતા. હે દેવયાની ! જે ઊછળેલા ક્રોધને વશ રાખે છે તેણે આ સમસ્ત જગત જીત્યું જાણજે. સાપ જેમ પોતાની જીર્ણ થયેલી કાંચળીને તજે છે તેમ જે ઊછળેલા ક્રોધને ક્ષમા વડે ટાળી દે છે તે જ પુરુષ કહેવાય છે. જે રોષને રોકી લે છે, નિંદાશબ્દોને સાંખી લે છે, અને સંતાપિત થયા છતાં સંતાપ આપતો નથી, તે દૃઢ પુરુષાર્થને પાત્ર થાય છે. જે મહિને મહિને સો વરસ સુધી અખંડ પિતૃયજ્ઞો કરે છે તે. અને જે માણસ કદી કોઇના ઉપર ક્રોધ કરતો નથી, એ બેમાંથી ક્રોધ ના કરનારો જ ઉત્તમ છે. અજ્ઞાન બાળકો અને બાલિકાઓ જે વેર કરે તેનું ડાહ્યાએ અનુકરણ ના કરવું જોઇએ. કેમ કે બાળકો બલ અને અબલ ને જાણતાં નથી હોતાં."

દેવયાનીએ જણાવ્યું : " હું બાળા છું તો પણ ધર્મના અંતરને સમજું છું અક્રોધ અને ક્રોધના બલાબલ પણ જાણું છું. શિષ્ય હોવા છતાં જેમનું આચરણ શિષ્યને યોગ્ય નથી, તેમને માટે મંગલ ઇચ્છનારે ક્ષમા ના જ રાખવી જોઇએ. મને ચારિત્ર્યહીનોમાં રહેવું રુચતું નથી. જે માણસો ચારિત્ર્ય અને કુલીનતાની નિંદા કરે છે તે પાપી બુદ્ધિવાળાઓ સાથે કલ્યાણની કામનાવાળા ડાહ્યા પુરુષે વસવું જ ના જોઇએ. જેઓ ચારિત્ર્ય અને કુલીનતાના જ્ઞાતા હોય તેવા સત્પુરુષો સાથે જ વાસ કરવો જોઇએ. એ વાસ જ શ્રેષ્ઠ કહેવાય છે. અગ્નિની ઇચ્છાવાળો પુરુષ અરણિને મથે છે તેમ વૃષપર્વાની પુત્રીની દુષ્ટ અને મહાભયંકર વાણી મારા હૃદયને મથી રહી છે. જે ધનહીન માનવ શત્રુની ઉજ્જવળ લક્ષ્મીને ઉપાસે છે તેને માટે તો મરણ જ મંગલ છે એવું વિદ્વાન માણસોએ જણાવ્યું છે."

☼ ☼ ☼ ☼ ☼

## ૨૧. યયાતિને શુક્રાચાર્યનો શાપ

સદગુરુ શુક્રચાર્યે પોતાની પુત્રી દેવયાની સાથે શર્મિષ્ઠા દ્વારા કરાયલા દુર્વ્યવહારને માટે રાજા વૃષપર્વાને ઠપકો આપીને એના રાજ્યને ત્યાગવાની તૈયારી દર્શાવી ત્યારે વ્યથિત વૃષપર્વાએ એમની પોતાની રીતે પ્રશંસા કરીને માફી માગી.

શુક્રાચાર્યે એને દેવયાનીને પ્રસન્ન કરવા જણાવ્યું એટલે એ દેવયાની પાસે પહોંચ્યો.

દેવયાનીએ કહ્યું કે મારા પરમપૂજ્ય પિતા મને જ્યાં પણ આજ્ઞા આપે ત્યાં શર્મિષ્ઠા મને સહસ્ત્ર કન્યાઓ સાથે દાસી થઇને અનુસરે.

વૃષપર્વાના કહેવાથી શર્મિષ્ઠાએ દેવયાનીની એ માગણીને માન્ય રાખી. એ પછી દેવયાનીની ઇચ્છાને અનુસરીને શુક્રાચાર્યે રાજા વૃષપર્વાનો નગરમાં પ્રવેશ કર્યો.

એ ઘટના પછી દેવયાની તથા યયાતિના પુનર્મિલનની પળ આવી પહોંચી.

પુનર્મિલનની પળ ? હા. એમના પુનર્મિલનની પરમપ્રેરક પાવન પળ.

મહાભારતમાં આલેખ્યા પ્રમાણે - "સુદીર્ઘ સમય પછી સુંદરી દેવયાની સહસ્ત્ર દાસીઓ અને શર્મિષ્ઠા સાથે તે જે વનમાં ક્રીડા માટે ગઇ અને યથેચ્છ ફરવા લાગી. ત્યાં તે સર્વસખીઓ સાથે બહુ જ આનંદ પામી. તે સર્વે ક્રીડાઓ કરતી, મધુવૃક્ષનું મધુ પીતી, વિવિધ ભોજનો કરતી, અને ફળોને આરોગતી હતી. એવામાં મૃગયાની ઇચ્છાવાળો અને થાકથી પીડાયેલો નહુષપુત્ર યયાતિ પાણી માટે ફરી વનનાં તે જ વિભાગમાં આવી પહોંચ્યો. તેણે મધુપાન કરતી, ક્રીડા કરતી, અને સુંદર આભૂષણોથી વિભૂષિત થયેલી દેવયાની અને શર્મિષ્ઠાને જોઇ. વળી નિર્મળ હાસ્યવાળી, અજોડ રૂપવાળી, સુંદરીઓમાં શ્રેષ્ઠ, અને શર્મિષ્ઠાથી પગચંપી જેવી સેવા પામતી તે દેવયાનીને બેઠેલી જોઇ."

યયાતિએ એ બંનેનો પરિચય પૂછયો એટલે દેવયાનીએ પરિચય પ્રદાન કર્યો.

દેવયાનીની જિજ્ઞાસાના જવાબમાં રાજા યયાતિએ પણ પોતાની ઓળખાણ આપી. યયાતિએ આશ્ચર્ય વ્યક્ત કરતાં શર્મિષ્ઠા પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં કહ્યું કે આ મનોહર ભ્રમરવાળી અને અત્યંત સુંદર આકર્ષક અંગવાળી કન્યા દાનવપતિ વૃષપર્વાની પુત્રી હોવાં છતાં તારી સખી તથા સેવિકા શી રીતે થઇ, તો દેવયાની કેવળ એટલું જ બોલી કે સૌ કોઇ ભાગ્યને જ અનુસરે છે એટલે એ હકીકતને પણ ભાગ્યાધીન જ સમજો. એણે વધારામાં દાસી શર્મિષ્ઠા તથા સહસ્ત્ર સુકુમારીઓ સાથે પોતાને પત્ની તરીકે સ્વીકારવાની માગણી કરી.

યયાતિએ એ પ્રસ્તાવના અનુસંધાનમાં એના પિતાના અનુમોદનની ઇચ્છા દર્શાવી એટલે દેવયાનીના સંદેશને સાંભળીને શુક્રાચાર્ય સત્વર આવી પહોંચ્યા. તેમણે પોતાની પુત્રી દેવયાનીને પટરાણી તરીકે સ્વીકારવાની પ્રાર્થના કરી.

યયાતિએ દેવયાની સાથે લગ્ન કરવાથી પોતાને વર્ણસંકરતાનો દોષ ના લાગે એવું વરદાન માંગ્યું.

શુક્રાચાર્યે એ વરદાન આપીને બીજા વરદાનને પણ માગવા માટે જણાવ્યું. વધુમાં સવિશેષ સ્પષ્ટીકરણ કરતાં કહ્યું કે દેવયાનીને તમે તમારી ધર્મપત્ની તરીકે સ્વીકારો. વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાને સદા માન આપજો પરંતુ કદી શય્યાભાગિની ના કરશો.

રાજા યયાતિએ શુક્રાચાર્યના શબ્દોને માન્ય રાખીને એમની પૂજ્યભાવે પ્રદક્ષિણા કરીને દેવયાની સાથે શાસ્ત્રોક્ત વિધિવિધાનને અનુસરીને લગ્ન કર્યું.

લગ્ન પછી દેવયાની તથા શર્મિષ્ઠાસરખી સઘળી દાસીઓ સાથે તે પોતાની રાજધાનીમાં પહોંચ્યો.

યયાતિ તથા દેવયાનીનો એ લગ્નપ્રસંગ દર્શાવે છે કે દેવયાનીની લગ્ન માટેની માગણી એના પિતા શુક્રાચાર્યની સંમતિ પછી જ યયાતિએ મંજૂર રાખી. પોતાને વર્ણસંકરતાનો દોષ લાગે નહીં તેનું પણ ધ્યાન રાખ્યું એ લગ્નપ્રસંગ પાછળ લેશ પણ ઉતાવળ નહોતી; સંપૂર્ણ આત્મજાગૃતિ હતી, વિવેક હતો.

પરંતુ લગ્ન પછીનાં વરસોમાં વખતના વીતવાની સાથે એ આત્મજાગૃતિ અને વિવેકશક્તિ મોળી કે મંદ પડી હોય એવું લાગે છે. એટલે તો યયાતિએ શુક્રાચાર્યની આજ્ઞાને અવગણીને, શર્મિષ્ઠાની માગણી તથા લાગણીને લક્ષમાં લઇને, શર્મિષ્ઠા સાથે શરીર સંબંધ કર્યો. એ શરીરસંબંધ વરસો સુધી ચાલુ રહેવાથી શર્મિષ્ઠાને ત્રણ પુત્રો થયા.

દેવયાનીને એની માહિતી મળી ત્યારે એને અસાધારણ દુઃખ થયું. એ ખૂબ જ ક્રોધે ભરાઇને પોતાના પિતાને ત્યાં જવા માટે તૈયાર થઇ.

યયાતિ દેવયાનીની દશા દેખીને સંતાપ પામ્યો અને એને મનાવવા માટે એની પાછળ ચાલ્યો. દેવયાની સાથે શુક્રાચાર્ય પાસે પહોંચીને એણે પ્રણામ કર્યા.

શુક્રાચાર્યે દેવયાની દ્વારા સઘળી કથાને સાંભળ્યા પછી યયાતિને જણાવ્યું કે તમે ધર્મજ્ઞ હોવા છતાં અધર્મનું કાર્ય કર્યું છે એટલે તમને વૃદ્ધાવસ્થા તરત જ ઘેરી વળશે.

શુક્રાચાર્યના શાપથી યયાતિ સત્વર વૃદ્ધાવસ્થાને પામ્યો.

એણે શુક્રાચાર્યને જણાવ્યું કે મને હજુ દેવયાનીના સુખોપભોગથી સંપૂર્ણ તૃપ્તિ નથી થઇ, એટલે મને વૃદ્ધાવસ્થાના શાપના પરિણામમાંથી મુક્તિ આપો.

શુક્રાચાર્યે શાપને હળવો કરતાં કહ્યું કે કોઇ બીજાને વૃદ્ધાવસ્થા આપી શકાશે. મારું ધ્યાન ધરીને તમે તમારી ઇચ્છા પ્રમાણે બીજાને વૃદ્ધાવસ્થા આપી શકશો. તેથી તમને પાપ નહી લાગે. જે પુત્ર તમને તમારા વાર્ધક્યના બદલામાં પોતાનું યૌવન આપશે તે જ રાજા થશે, આયુષ્ય તથા કીર્તિને મેળવશે, અને અનેક સંતાનોવાળો બનશે. એ શબ્દોને સાંભળીને યયાતિને સહેજ સંતોષ થયો. અલ્પ આશ્વાસન મળ્યું.

શારીરિક સુખોપભોગની વાસનાની નિવૃત્તિ સદસદવિવેકની પ્રાપ્તિ તથા તેના પરિણામે સાંપડનારી વૈરાગ્યની જાગૃતિ વિના નથી થતી. એને યુવાવસ્થા કે વૃદ્ધાવસ્થા સાથે એટલો સમીપનો સંબંધ નથી હોતો જેટલો મનની અવસ્થા સાથે. યયાતિના મનની અવસ્થા પરિપકવતા પર નહોતી પહોંચી તેથી તેને વૃદ્ધાવસ્થાનું દુઃખ થયું આજે પણ કેટલાય માનવો કુદરતી રીતે આવતી વૃદ્ધાવસ્થાને પસંદ કરવાને અથવા અપનાવવાને બદલે તેનો વિરોધ કરીને તેને રાખવા કે કુત્રિમ રીતે બાહ્ય સાધનસામ્રગીની સહાયથી યુવાન દેખાવાનો, ને શારીરિક સુખોપભોગોને સુદીર્ઘ સમયપર્યંત ભોગવવાનો પ્રયત્ન કરે છે. એ સઘળા યયાતિઓ છે ને યયાતિનું સ્મરણ કરાવે છે. એમની વાસના અબાધિત બને છે, અમર્યાદ કરે છે, અને એમને અસ્વસ્થ અને નિરાશ કરે છે. યયાતિનું કથાનક એવો સેવાપયોગી શાશ્વત સંદેશ ધરે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૨. યયાતિનું વનગમન

વૃદ્ધાવસ્થા કોઇને પસંદ પડે ખરી ? માનવનું ચાલે તો તે તેને પસંદ ના કરે. સ્વતંત્રતાપૂર્વકની પસંદગીનો અબાધિત અધિકાર આપવામાં આવે તો એને અપનાવવાની અભિરુચિવાળું ભાગ્યે જ કોઇ મળે. પરંતુ એને અપનાવવાનો અથવા ના અપનાવવાનો સવાલ જ રહેતો નથી. એ એવી ચોક્કસ રીતે અટળપણે આવે છે કે વાત નહીં. માનવને પસંદ પડે કે ના પડે તો પણ વખતના વીતવાની સાથે આવે જ છે. એની અવગણના અથવા અવહેલના નિરર્થક છે. એનો ઉદ્વેગ, ભય અથવા વિષાદ નકામો છે. એથી કોઇ ધારેલો હેતુ નથી સરતો, આવશ્યકતા તો એને અનિવાર્ય સમજીને, એનો સદુપયોગ કરવાની અને એને તનથી આગળ વધીને બની શકે તો મનમાં પ્રવેશતી અટકાવવાની છે. શરીર યુવાન રહે અને મન વૃદ્ધ બને એના કરતાં શરીર વૃદ્ધ થવા માંડે પરંતુ મન યૌવનથી સંપન્ન રહે એવી વધારે સારી અને ઇચ્છવા જેવી છે. જે અપવાદરૂપ અવસ્થામાં તન તથા મન બંને વૃદ્ધ બની જાય અથવા જર્જરિત અને અનુપયોગી થાય એ અવસ્થા મરણની આવૃત્તિ જેવી જ બની જાય.

યયાતિને શુક્રાચાર્યના શાપના પરિણામે અકાળે અનિચ્છાએ વૃદ્ધાવસ્થાની પ્રાપ્તિ થઇ એટલે એ અવસ્થા ગમી નહીં. એ અવસ્થાને એ આનંદપૂર્વક સહજ રીતે અપનાવી ના શક્યો.

એ વૃદ્ધાવસ્થાના બદલામાં પોતાના પુત્રોમાંથી કોઇક પુત્ર એને યુવાવસ્થા આપે એવી એને ઇચ્છા થઇ.

શુક્રાચાર્યના શાપમાંથી એટલી આશા અથવા શક્યતા તો સમાયલી જ.

એણે પોતાના પુત્રોને પોતાની વૃદ્ધાવસ્થાને ગ્રહણ કરવા માટે કહી જોયું.

યદુએ, તુર્વસુએ, દ્રુહ્યુએ, અનુએ વૃદ્ધાવસ્થાને લેવાની ને બદલામાં યૌવનને આપવાની ના પાડી. એમણે એમની આગવી રીતે એના દોષોનું વર્ણન કર્યું.

સૌથી છેલ્લા પાંચમા પુત્ર પુરુએ પોતાના યૌવનને આપવાની ને યયાતિની વૃદ્ધાવસ્થાને લેવાની તૈયારી દર્શાવી.

પુરુની પિતૃભક્તિથી પ્રસન્ન થયેલા યયાતિએ એને આશીર્વાદ આપતાં જણાવ્યું કે તારા રાજ્યમાં પ્રજા સઘળી કામનાઓની પૂર્તિથી પ્રસન્ન રહેશે.

યયાતિએ શુક્રાચાર્યનું ધ્યાન ધરીને પુરુને પોતાની વૃદ્ધાવસ્થા પ્રદાન કરી.

વૃદ્ધાવસ્થાના બદલામાં સાંપડેલી પુરુની યુવાવસ્થાની મદદથી યયાતિએ યૌવનસહજ શક્તિસંપત્તિથી વિષયોનું સેવન કરવા માંડ્યું.

વિષયભોગોને ભોગવવામાં એનો વખત ખૂબ જ સંતોષપૂર્વક વીતવા લાગ્યો.

ફરીથી સાંપડેલા યૌવનનો સ્વર્ણસમય પણ એક દિવસ અચાનક પૂરો થશે એવા વિચારથી એને અસાધારણ ઉદ્વેગ થવા તથા ભય લાગવા માંડ્યો.

યૌવનના સુખોપભોગનો સમય સહસ્ત્ર વરસનો હોય તોપણ એનો અંત તો આવવાનો જ. એ કાંઇ અમર અથવા યાવચ્ચંદ્રદિવાકરૌ રહેનારો ના જ હોય.

એ વખતે, એનો અંત આવે ત્યારે શું ?

પરિસ્થિતિ અતિશય કરુણ થાય. જીવનનો એવો ધક્કો વાગે કે વાત નહીં. એને લીધે સમસ્ત ચિત્તતંત્ર ખોરવાઇ જાય. ઉન્માદ થાય.

પ્રાપ્તિનો આનંદ અજબ હોય છે પરંતુ અપ્રાપ્તિનો અવસાદ પણ એવો જ અસાધારણ. અનિર્વચનીય.

યયાતિએ વિશ્વાચી અપ્સરા સાથે મેરુ પર્વતના શિખર પર, સુશોભિત નંદનવનમાં, તથા અસંખ્ય સૌન્દર્યસ્થાનોમાં વરસો સુધી સ્વૈરવિહાર કરીને ઇન્દ્રિયોના ભોગોને ભોગવ્યા તોપણ પરિતૃપ્તિને ના અનુભવી, ત્યારે અંતઃકરણમાં સદબુદ્ધિનો સૂર્યોદય થવાથી પુરુને ઉદ્દેશીને ઉદગારો કાઢયા કે વિષયવતી વૃત્તિનો નાશ કઠિન છે.

"હે અરિનાશન, તારા યૌવનની સહાયતાથી મેં મારી મરજી મુજબ ઉત્સાહપૂર્વક વિષયોને ભોગવ્યા છે, તોપણ મને સંતોષ નથી સાંપડ્યો. કામવાસના વિષયોના ઉપભોગથી શમતી નથી પરંતુ ઘીને નાખવાથી જેમ અગ્નિ વધે છે તેમ, વધતી જાય છે. આ પૃથ્વીમાં જે ધનધાન્ય, સુવર્ણ, પશુ તથા સ્ત્રીઓ છે તે એકઠાં મળીને પણ પૂરતાં લાગતાં નથી. તેથી તૃષ્ણાનો ત્યાગ કરવો જોઇએ. જેનો ત્યાગ દુર્બુદ્ધિવાળા પુરુષો દ્વારા કપરો છે, જે વૃદ્ધાવસ્થાને પામીને પણ જીર્ણ થતી નથી, અને જે પ્રાણનાશક રોગના જેવી ઘાતક છે, તે તૃષ્ણાનો ત્યાગ કરવાથી જ સુખ સાંપડે છે. મેં આસક્ત ચિત્તથી વિષયોને સેવ્યા અને મારાં સહસ્ત્ર વર્ષો સમાપ્ત થઇ ગયાં તોપણ મારી તૃષ્ણા દિનપ્રતિદિન વધતી જ જાય છે. તેથી તે તૃષ્ણાને ત્યાગીને, ચિત્તને પરબ્રહ્મમાં પરોવીને, અને દ્વંદ્વ તથા મમત્વમાંથી મુક્તિ મેળવીને, હું હવે મૃગો સાથે વનમાં વિચરીશ. પુરુ, હું તારા પર પ્રસન્ન છું. તારું કલ્યાણ થાવ. તારા યૌવનને હવે પાછું લે અને રાજ્યનો સ્વીકાર કર. તું મારો પ્રિય કરનારો પુત્ર છે."

રાજા યયાતિનો એ અનુભવ સામાન્ય રીતે માનવમાત્રનો અનુભવ કહી શકાય. સૌ સામાન્ય રીતે સમજે છે કે કામની તૃપ્તિ કામનાના અધિકાધિક ઉપભોગથી નથી થતી; વિવેક અથવા સદબુદ્ધિપૂર્વકના સંયમ દ્વારા જ થઇ શકે છે. તોપણ સૌ કોઇ આત્મસંયમના માર્ગે આગળ નથી વધતા. એથી અતૃપ્તિ અથવા અશાંતિનો અંત નથી આવતો. પરિતૃપ્તિ વિષયોના વધારે ઉપભોગમાં નથી કિન્તુ ત્યાગમાં અથવા સમજપૂર્વકના સંયમમાં રહેલી છે એ જેટલું પણ વહેલું સમજી લેવાય તેટલું સારું છે.

યયાતિએ પુનઃ વૃદ્ધાવસ્થા લીધી અને પુરુએ પુનઃ યૌવનને સ્વીકાર્યું.

યયાતિએ સૌને જણાવ્યું કે જે પિતાથી પ્રતિકૂળ વ્યવહાર કરે તેને સજ્જનો પુત્ર નથી માનતા. જે માતપિતાના વચનને પાળે છે અને માતપિતાને અનુકૂળ હોય તે જ પુત્ર કે સુપુત્ર કહેવાય છે. પુરુએ મારા વચનને માન્ય રાખ્યું તેથી મારો સાચો વારસ તે જ છે. શુક્રાચાર્યે પણ કહેલું કે મારા આદેશને અનુસરનારો પુત્ર જ રાજા થશે.

પુરુનો રાજ્યાભિષેક કરીને યયાતિએ આત્મકલ્યાણની અભિલાષાથી પ્રેરાઇને વનવાસની દીક્ષા લીધી.

એ પોતાના પાટનગરથી બહાર નીકળ્યો.

પુરુના નામથી પૌરવવંશ પ્રારંભ પામ્યો.

*

પુરુને રાજ્ય પ્રદાન કર્યા પછી યયાતિએ સંભળાવેલો સદ્‌પદેશ સાચેસાચ નોંધપાત્ર છે. એ સ્વાનુભવસિદ્ધ શ્રેયસ્કર સદ્‌પદેશની રજૂઆત આજે પણ ઉપયોગી હોવાથી અસ્થાને નહિ ગણાય.

યયાતિએ પુરુને પ્રેમપૂર્વક કહ્યું : "ક્રોધ ના કરનારો માનવ ક્રોધને કરનારા માનવથી ઉત્તમ માનવો. ક્ષમાવાન અક્ષમાવાનથી અધિક છે. મનુષ્યો અન્ય પ્રાણીઓ કરતાં શ્રેષ્ઠ છે. વિદ્વાનો અવિદ્વાનો કરતાં શ્રેષ્ઠતર છે."

" નિંદા કરનારની સામી નિંદા ના કરવી. ક્ષમાશીલનો સદભાવ નિંદકને શાંત કરે છે અને એથી એ ક્ષમાશીલને પુણ્યલાભ મળે છે.

કોઇને પીડા ના પહોંચાડવી.

કઠોર વાણી ના બોલવી. કોમળ વાણી જ કહેવી.

શત્રુને મારણ જેવા હલકા ઉપાયોથી વશ ના કરવો.

જે વાણીથી બીજાને ઉદ્વેગ થાય તેવી દાહક, હલકી, આસુરી વાણીને ના બોલવી. જે માનવ બીજાને વાણીરૂપ શૂળોથી ભેદી નાખે છે, જે દુષ્ટ વાણીરૂપી વિષને વહે છે, પીડા પહોંચાડે છે તથા કઠોર છે, એને આ દુનિયામાં મહાન દરિદ્રી સમજવો.

સજ્જનોની આગળ પૂજાવું અને સજ્જનોની પાછળ રક્ષિત રહેવું. વર્તનને વિમળ અને આદર્શ રાખીને દુર્જનોની નિંદાને સદા સહી લેવી અને સજ્જનોનું આચરણ આચરવું.

વદનમાંથી છૂટનારાં વાણીરૂપી બાણ બીજાનાં મર્મસ્થાનોમાં પડે છે. તેમનાથી ઘાયલ બનનાર અતિશય દુઃખ પામે છે. એટલે વિદ્વાનો બીજાને વાણીરૂપી બાણ ના મારે.

પ્રાણીમાત્રને માટે દયા, મિત્રતા, દાન તથા મધુર વાણી, એ ચાર જેવું કોઇ પણ વશીકરણ નથી.

પૂજ્ય હોય તેમને પૂજવા. દાન આપવું.

કોઇ વાર યાચના ના કરવી."

☼ ☼ ☼ ☼ ☼

## ૨૩. પ્રતીપની સિદ્ધાંતપ્રિયતા

ભૂતમાત્રના કલ્યાણકાર્યમાં સદાય રત રાજા પ્રતીપે ગૌરવવંતા ગંગાકિનારે રહીને વરસો સુધી જપનો આધાર લેતાં તપ કર્યું.

તપના સમય દરમિયાન એકવાર અતિશય આકર્ષક, સૌન્દર્યવતી, સદગુણોથી સમલંકૃત, સુકુમારી જલપ્રવાહમાંથી બહાર આવી.

એનું નામ ગંગા.

જલપ્રવાહમાંથી બહાર આવીને ગંગા રાજા પ્રતીપના જમણા સાથળ પર બેસી ગઇ.

વેદાધ્યયન કરી રહેલા રાજા પ્રતીપે આશ્ચર્યચકિત થઇને તે કલ્યાણમયીને પોતાના મનોરથની અભિવ્યક્તિ કરવા કહ્યું તો ગંગાએ જણાવ્યું કે, હું તમારી ભક્ત છું અને તમારી કામના કરું છું માટે મારો સ્વીકાર કરો.

ગંગાસરખી રૂપરૂપના અંબાર જેવી પરમસૌન્દર્યમયી સ્ત્રી સામેથી પોતાને સ્વીકારવાનો પ્રસ્તાવ મૂકે તોપણ કોઇ એનો અસ્વીકાર કરે એવું બને ?

હા. એવું જ બન્યું. રાજા પ્રતીપે સંપૂર્ણ સ્વસ્થતાસહિત શાંતિપૂર્વક જણાવ્યું કે હું પરસ્ત્રીગમન નથી કરતો. પરસ્ત્રીને માતા બરાબર માનું છું. મારું એવું ધર્મવ્રત છે.

ગંગાએ સ્પષ્ટીકરણ કર્યું કે હું પરસ્ત્રી નથી, દિવ્ય કન્યા છું, ને તમને જ સાચા દિલથી ચાહું છું, માટે મારો સ્વીકાર કરો.

પરંતુ પ્રતીપનું ચિત્ત ચળ્યું નહીં. એણે જણાવ્યું કે તું મારા જમણા સાથળ પર બેઠી હોવાથી હું તારો સ્વીકાર તારી ઇચ્છા પ્રમાણે નહીં કરી શકું. જમણા સાથળ પર સંતાનનો તથા પુત્રવધૂઓનો અધિકાર હોય છે. કામિની માટે તો ડાબું સાથળ જ સુરક્ષિત રખાયેલું છે. માટે તું મારી પુત્રવધૂ બન. હું તને મારા પુત્ર માટે પસંદ કરું છું.

ગંગા રાજા પ્રતીપની પુત્રવધૂ બનવા તૈયાર થઇ પરંતુ બોલી કે મારી એક શરત છે. એ શરતનું પાલન કરાશે તો જ હું તમારી પુત્રવધૂ તરીકે રહી શકીશ. હું જે કાંઇ કરું તે કર્મોનો તમારા પુત્રે કશો વિચાર કરવો નહીં અને તે કર્મોમાં કશી ડખલગીરી ના કરવી.

રાજાએ તે શરતને માન્ય રાખી એટલે ગંગા અંતર્ધાન બની ગઇ.

પ્રતીપ રાજાના આદર્શ નિર્મળ જીવનચરિત્રનો પ્રતિઘોષ આ નાનકડા પ્રસંગમાં ખૂબ જ પ્રાણવાન અને વેધક રીતે પડ્યો છે. એ પ્રતિઘોષ પ્રેરક અને આનંદદાયક છે. ગંગા સરખી સુંદરી પોતાના ખોળામાં આવીને બેઠી ને વરવા માટે તૈયાર થઇ તોપણ રાજા પ્રતીપે અચલ રહીને પોતાની સિદ્ધાંતપ્રિયતાને છોડી નહીં. એની સદબુદ્ધિ સુંદરીની સંમોહિનીથી ચળી નહીં. એને શરીરનો મોહ સતાવતો હોત તો તોવું ના બનત.

જેનું મનોબળ મજબૂત છે તેની પાસે સર્વ કાંઇ છે.

જેનું મનોબળ કમજોર છે તેની પાસે બીજું બધું હોય તો પણ મહત્વનું કશું જ નથી.

રાજા પ્રતીપને કાળક્રમે મહાક્ષિષ નામે પુત્ર થયો. રાજા શાંત થઇ રહેલા વંશવિસ્તારને ચાલુ રાખવા માટે નિમિત્તરૂપ બન્યો હોવાથી તેનું નામ શાંતનુ પણ કહેવાયું.

પરિપકવાવસ્થા પર પહોંચતાં પ્રતીપે તેનો રાજ્યાભિષેક કરીને વનગમન કર્યું.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૪. ભીષ્મપ્રતિજ્ઞા

પ્રતીપપુત્ર શાંતનું રાજા, અન્યની પેઠે મૃગયાનો શોખીન હતો.

એ એની અભિરુચિને અનુસરીને મૃગયા માટે સતત વનમાં વિહરવા લાગ્યો.

મૃગોને અને મહિષોને પકડવાના પ્રયત્નો કરતો ને મારતો. તે નૃપશ્રેષ્ઠ સિદ્ધો તથા ચારણોથી સેવાયેલા ગંગાના વિશાળ તપઃપૂત તટપ્રદેશ પર એકલો ફરવા માંડ્યો.

ત્યાં એક વાર એની દૃષ્ટિ એક અતિશય તેજસ્વી શરીરવાળી, સૌન્દર્યના સંપુટ સરખી, સાક્ષાત્ લક્ષ્મી જેવી એક સ્ત્રી પર પડી.

અલૌકિક આભૂષણોથી અલંકૃત, પારદર્શક પાતળા વસ્ત્રવાળી, એ રૂપરૂપના અંબાર જેવી સુંદરીને નિહાળતાં વેંત જ એ આશ્ચર્યચકિત અને રોમાંચિત બની ગયો. એનું સૌન્દર્યપાન કરતાં ધરાયો જ નહીં.

એ પરમસુંદરી સ્ત્રીની પણ એવી જ દશા થઇ.

એના પ્રાણમાં પ્રેમના ફુવારા ફૂટયા અને રાજા શાંતનુને જોતાં એ તૃપ્તિ ના પામી.

શાંતનુએ એને એનો પરિચય પૂછીને પોતાની પત્ની બનવા માટે માગણી કરી.

એ અતિશય આકર્ષક, અસાધારણ આહ્લાદદાયિની, પરમસુંદરી સ્ત્રી ગંગાએ એ માગણીને પ્રસન્નતાપૂર્વક માન્ય રાખીને જણાવ્યું કે હું તમારી પટરાણી બનીશ, પરંતુ મારાથી કાંઇ શુભ અથવા અશુભ થતું દેખાય તો તમારે મને કશું અપ્રિય ના કહેવું અને મારી વચ્ચે પણ ના આવવું. તમે જો મારી વચ્ચે આવશો કે મને કોઇ કામ કરતાં રોકશો તો ત્યારે હું તમને છોડી દઇશ.

શાંતનુએ એને અનુમતિ આપી.

ગંગાને મેળવીને એ ઇચ્છાનુસાર ભોગ ભોગવવા લાગ્યો. એના શીલ, સદાચાર, ગુણ, રૂપ, ઔદાર્ય અને સેવાભાવથી એ અંતરમાં પરમસંતોષ અને પ્રસન્નતા પામ્યો. એ સર્વોત્તમ સ્ત્રીના સ્નેહ, સદગુણ, સંભાષણ અને નયનાભિરામ નૃત્યાભિનયથી વશ થયેલા રતિસુખસાગરમાં ડૂબેલા રાજાને વરસો ક્યાં ને કેવી રીતે વીતી ગયાં તેની ખબર પણ ના પડી.

તે સુંદરતાના સનાતન સર્વશ્રેષ્ઠ સંપુટસમી ગંગા દ્વારા શાંતનુને જે ક્રમેક્રમે સાત પુત્રો થયા તેમને ગંગાએ નદીમાં નાખી દીધા. એ પછીથી જન્મેલા આઠમા પુત્રને જળપ્રવાહમાં નાખવા માટે એણે તૈયારી કરી ત્યારે શાંતનુએ એને વચ્ચે પડીને, એ કામને નિંદ્ય ગણાવીને, અટકાવી. ગંગાએ એ વખતે જણાવ્યું કે મારી શરત આજે પૂરી થઇ. હું મહર્ષિઓના સમૂહથી સેવાતી જહ્નુપુત્રી ગંગા છું. હું તમારી સાથે દેવકાર્યના પ્રયોજનની સિદ્ધિ માટે રહેલી. એ પુત્રો હતા મહાભાગ્યશાળી મહાઓજસ્વી વસુદેવો. મહર્ષિ વસિષ્ઠના શાપદોષને લીધે તે સૌ માનવદેહને પામેલા. તેમને માટે મહામંડળમાં તમારા જેવો કોઇ બીજો યોગ્ય જનક નહોતો ને મારા જેવી સુયોગ્ય જનની નહોતી. તેથી તેમની માતા થવા માટે મેં માનવદેહ ધારણ કરેલો. મારે વસુદેવો સાથે વાત થયેલી કે તેમના જન્મ પછી હું તેમને માનવશરીરમાંથી મુક્તિ આપીશ. તેમને મહાત્મા આપવે એવો શાપ આપેલો. એકેક વસુના અષ્ટમાંશથી આઠે વસુઓના સ્થાનસમા આ સુપુત્રને મેં તમારે માટે વસુઓ પાસેથી પ્રાપ્ત કર્યો છે. તેનું રક્ષણ કરજો.

એ અતિશય આકર્ષક પરમસૌન્દર્યમયી ગંગા કુમારને લઈને ત્યાંથી અંતર્ધાન થઇ ગઇ.

તે કુમાર દેવવ્રત તથા ગાંગેયના નામથી પ્રસિદ્ધ પામ્યો. મહાભારત વર્ણવે છેઃ

"ધર્મમાં પ્રવર્તતા સર્વ ધર્મવાનોમાં શ્રેષ્ઠ તે શાંતનુને રાજાઓએ રાજરાજેન્દ્રના પદે અભિષિક્ત કર્યો. કુરૂઓના સુંદર નગર હસ્તિનાપુરમાં રહીને તે સાગરપર્યંતની વસુંધરાનું શાસન કરતો. તે ઇન્દ્રરાજના જેવો ધર્મજ્ઞ, સત્યવચની અને સરળ હતો. દાન, ધર્મ, તપ અને યોગની મદદથી પરમ ઐશ્વર્યવાન થયો હતો. રાગ અને દ્વેષથી વિમુક્ત અને ચંદ્રના જેવો પ્રિયદર્શન હતો. તેજમાં તે સૂર્ય જેવો, વેગમાં વાયુ સમાન, ક્રોધમાં યમ સમાન, અને ક્ષમામાં પૃથ્વી સરખો હતો. પૃથ્વીપાલ શાંતનુના શાસનમાં પશુઓ, વરાહો મૃગો તેમજ પક્ષીઓનો પહેલાંની જેમ વધ થતો ન હતો."

"અહિંસારૂપી પ્રધાન બ્રહ્મધર્મવાળા તે રાજ્યમાં વિનયસંપન્ન અને કામ તથા રાગથી વિમુક્ત તે શાંતનુ સૌની ઉપર સમદૃષ્ટિથી શાસન કરતો. મહાબળવાન, મહાસત્યશાળી, મહાવીર્યવાન અને મહારથી તે સર્વ અસ્ત્રોમાં તેમજ પૃથ્વીનાં અન્ય આયુધોમાં સંપૂર્ણ નિષ્ણાત હતો."

"એક વાર રાજા શાંતનુ મૃગને બાણ મારીને ગંગા નદી ઉપર અનુસરતો હતો ત્યારે ભાગીરથીમાં ઓછું પાણી અવલોકીને વિચારવા લાગ્યો કે, નદીઓમાં શ્રેષ્ઠ ગંગા આજે પહેલાંની જેમ કેમ વહેતી નથી ? તેણે ત્યાં એક સુંદર આકર્ષક કુમારને જોયો. તે ઇન્દ્રદેવની જેમ દિવ્ય અસ્ત્ર ચલાવતો અને તીક્ષ્ણ બાણો વડે સમગ્ર ગંગાને ઘેરીને ઊભેલો. ગંગાને શરસમૂહથી આચ્છાદિત થયેલી અને તે કુમારનું અલૌકિક કર્મ અવલોકીને રાજા ખૂબ જ વિસ્મય પામ્યો. તેણે તે કુમારને તેના જન્મ વખતે જ જોયેલો. તેને ઓળખવા જેટલી સ્મૃતિ ના આવી. તે કુમારે પણ તેને માયાથી મોહિત કર્યો અને તત્કાળ અદૃશ્ય થયો. તે જ વખતે ઉત્તમ સ્વરૂપને ધારણ કરેલી ગંગાએ તે કુમારનું દર્શન કરાવ્યું. અલંકારોથી અલંકૃત થયેલી વિમળ વસ્ત્રવાળી ગંગાને તેણે અગાઉ જોઇ હતી તોપણ તે ઓળખી શક્યો નહીં. ગંગાએ એ કુમારની પુત્ર તરીકે ઓળખાણ આપીને એને ઘેર લઇ જવા માટે જણાવ્યું."

"ગંગાએ એ પ્રમાણે અનુજ્ઞા આપી એટલે એ સૂર્યસમાન તેજસ્વી પુત્રને લઈને શાંતનુ પોતાના નગરમાં ગયો. તેણે તેનો પૌરવવંશના રાજ્યપાલન માટે યુવરાજપદે અભિષેક કર્યો." - આદિપર્વઅંતર્ગત સંભવપર્વ અધ્યાય ૧૦૦.

એ વર્ણન શાંતનુના જીવનની મહત્વની ઘટનાઓની ઉપર પ્રકાશ ફેંકવાની સાથેસાથે દેવવ્રત કે ગાંગેયના અસાધારણ જન્મ તથા કર્મ પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે. ગાંગેયની અલૌકિક કર્મશક્તિને લીધે ગંગાસરખી વિશાળ સરિતા શરસમૂહથી ઢંકાઇ ગયેલી. પુત્રનાં લક્ષણ પારણાંમાં એ કહેવતને અનુસરીને વિચારીએ તો એ વર્ણનમાં ગાંગેયના ભાવિ પરાક્રમનાં પ્રાણવાન બીજ દેખાય છે.

°

એ કથા એટલે આવીને અટકવાને બદલે આગળ ચાલે છે. એનો આસ્વાદ લેવા જેવો છે.

રાજા શાંતનુ એકવાર યમુના નદીના તટપ્રદેશ પરના એકાંત સુંદર ચિત્તાકર્ષક વિશાળ વનમાં વિહરવા લાગ્યો. ત્યાં વિહરતાં એને એકાએક ઉત્તમ અદભુત અવર્ણીનીય સુગંધનો અનુભવ થયો.

એનું ઉદભવસ્થાન શોધવા માટે તેણે આજુબાજુ બધે જ ફરવા માંડ્યું તો છેવટે એક દેવાંગના સમાન અતિશય સુંદર સ્વરૂપવાળી એક માછીમાર કન્યાને નિહાળી.

શાંતનુની જિજ્ઞાસાવૃત્તિના જવાબમાં એણે એની ઓળખાણ આપતાં જણાવ્યું કે હું દાશકન્યા છું. ને મારા પિતા મહાત્મા દાશરાજના આદેશને અનુસરીને નાવ ફેરવું છું.

સૌન્દર્ય, માધુર્ય, સુગંધથી છલેલી એ કુમારિકાને અવલોકીને શાંતનુ મોહમગ્ન બનીને કામના કરવા લાગ્યો.

સૌન્દર્ય અને અસામાન્ય સૌન્દર્યની માનવસહજ અસર કોને ના થાય ? એ અસર નીચે આવીને એણે એ સૌન્દર્યમયી કલ્યાણસ્વરૂપા કુમારિકાના પિતા પાસે પહોંચીને એની માગણી કરી.

એ કમનીય કુમારિકાના પિતા દાશરાજે રાજા શાંતનુ સાથેના પુત્રીના પાણિગ્રહણ માટે તૈયારી બતાવી પરંતુ એની સાથેસાથે એક શરત મૂકી. અતિશય કઠોર કહી શકાય અથવા સહેલાઇથી સ્વીકારવાનું મન ના થાય એવી આકરી શરત. એણે જણાવ્યું કે તમારી દ્વારા આ કન્યાને જે પુત્ર થાય તેનો જ તમારા પછી રાજા તરીકે રાજ્યાભિષેક થાય એના સિવાય બીજા કોઇનો રાજ્યાભિષેક ના કરવામાં આવે.

શરત અતિશય આકરી હોવાથી, કામપ્રભાવથી પ્રભાવિત થયો હોવા છતાં પણ શાંતનુએ સહસા કશું કહેવાને કે કબૂલવાને બદલે મૌન રાખીને હસ્તિનાપુર પ્રયાણ કર્યું.

હસ્તિનાપુરમાં પહોંચ્યા પછી શાંતનુનું મન ખૂબ જ વિચારમગ્ન, દુઃખી તથા શોકિત રહેવા માંડ્યું. એની અવસ્થા લાગણીપ્રધાનતાને લીધે અતિશય કરુણ બની ગઇ. એની રસવૃત્તિ મંદ પડવા તથા ચિંતા વધવા લાગી. કોઇક અસાધ્ય વ્યાધિગ્રસ્ત માનવની જેમ એનું શરીર દિનપ્રતિદિન સુકાવા અને મુખમંડળ નિસ્તેજ પડવા માંડયું. દેવવ્રતે એનું કારણ પૂછ્યું તો એણે જણાવ્યું કે આપણા ઉજ્જવળ મહાન લોકોત્તર વંશમાં સંતાન તરીકે તું એક જ છે અને સદાય પુરુષાર્થપ્રિય તથા શસ્ત્રપરાયણ રહે છે. માનવશરીરની ક્ષણભંગુરતા અને અનિત્યતાનો વિચાર કરવાથી મને શોક થાય છે. કોઇ વાર તને આપત્તિ આવે તો ? કદાચ તારી કાયાનો નાશ પણ થઇ જાય તો પછી આપણું કુળ પણ ક્યાંથી રહી શકે ? મને પુનર્લગ્નની ઇચ્છા નથી પરંતુ સંતતિના સાતત્યની ઇચ્છા અવશ્ય છે. એ ઇચ્છા ભવિષ્યના વિચાર સાથે મળીને મને કોરી ખાય છે.

બુદ્ધિશાળી દેવવ્રત પરિસ્થિતિની ગંભીરતાને સમજીને પોતાની રીતે વિચારવા લાગ્યો. તે પિતા શાંતનુના હિતેચ્છુ વૃદ્ધ પ્રધાન પાસે પહોંચ્યો.

એ વૃદ્ધ પ્રધાનને પૂછવાથી દેવવ્રતને પેલી કન્યાની વાત કરી.

દેવવ્રતે એ વાતને સાંભળીને કેટલાક મોટી ઉંમરના ક્ષત્રિયો સાથે દાશરાજની મુલાકાત લીધી અને પેલી કન્યાની પિતાને માટે માંગણી કરી.

દાશરાજે રાજસભામાં બેઠેલા દેવવ્રતને જણાવ્યું કે તમે શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ અને શાંતનુના વિશ્રામરૂપ એકમાત્ર પુત્ર છો તો પણ તમને કાંઇક કહું છું. આવા પ્રશસ્ય લગ્નસંબંધને જતો કરવાથી સ્વયં ઇન્દ્રને પણ પસ્તાવું પડે. આ સુવર્ણા સત્યવતીનું પ્રાગટ્ય તમારા જેવા સદગુણી આર્યના વીર્યથી થયેલું છે. ધર્મજ્ઞ પુરુષશ્રેષ્ઠ રાજા શાંતનુ એની સાથે લગ્ન કરવા માટે સંપૂર્ણપણે યોગ્ય છે. પૂર્વે દેવર્ષિ ઋષિશ્રેષ્ઠ

અસિતે પણ સત્યવતીની કામના કરેલી પરંતુ મેં ના પાડેલી. મુખ્ય મુદ્દો સત્યવતીના ભાવિ સંતાનનો છે. તમારી ઉપસ્થિતિમાં તેમને કોઇ રાજ્યાધિકાર આપે એવું નથી લાગતું. તમારો વિરોધ તથા કોપ વિનાશક થઇ પડે. હું એ જ વિચારથી એને લગ્નમાં બાધક માનીને પાછો પડું છું.

એ શબ્દોને સાંભળીને દેવવ્રતે ત્યાં સમુપસ્થિત સૌની સમક્ષ પ્રતિજ્ઞા કરતાં કહ્યું કે આ સત્યવતીને જે પુત્ર થશે તે પુત્ર જ મહારાજા શાંતનુ પછી અમારા સૌનો રાજા થશે.

પરંતુ દાશરાજને એટલાથી સંતોષ ના થયો. એણે એ અસંતોષના મૂળમાં રહેલી આશંકાની અભિવ્યક્તિ કરતાં કહ્યું કે તમે કરેલી પ્રતિજ્ઞા તમને છાજે તેવી છે. એ પ્રતિજ્ઞા અન્યથા નહિ જ થાય તેની મને ખાતરી છે. પરંતુ મને તમારો નહિ પણ તમારા ભાવિ પુત્રનો ભય લાગે છે. એના વિશે શંકા રહે છે.

એ વિચારને સમજીને, પોતાના પિતાના જીવનને સરળ તથા નિષ્કંટક બનાવવા અને એમના સંકલ્પને સાકાર કરવા, દેવવ્રતે પિતા પ્રત્યેના પ્રેમ અને પૂજ્યભાવથી પ્રેરાઇને, સૌની સમક્ષ ઊભા થઇને પુનઃ પ્રતિજ્ઞા કરી કે રાજ્યને તો મેં આ પહેલાં જ છોડી દીધું છે, પણ હવે સંતાન સંબંધમાં નિશ્ચય કરું છું કે હું મારા સમસ્ત જીવન દરમિયાન અખંડ બ્રહ્મચર્યનું પાલન કરીશ એટલે સ્વાભાવિક રીતે જ અપુત્ર રહીશ.

એ પ્રતિજ્ઞા કાંઇ જેવી તેવી ન હતી. ભીષ્મ પ્રતિજ્ઞા હતી. એને સાંભળીને હર્ષથી રોમાંચિત થયેલા દાશરાજે શાંતનુને સત્યવતી આપવાની તૈયારી દર્શાવી.

ઋષિવરો, દેવો અને અપ્સરાઓએ એ પ્રતિજ્ઞાને સાભળીને અંતરીક્ષમાંથી પુષ્પોની વૃષ્ટિ કરતાં દેવવ્રતને ભીષ્મ નામ પ્રદાન કર્યું. ભીષ્મે સત્યવતીને રથમાં બેસાડી, હસ્તિનાપુરમાં લાવીને, રાજા શાંતનુને અર્પણ કરી.

સૌએ ભીષ્મની મુક્તકંઠે પ્રશંસા કરી.

શાંતનુએ ભીષ્મને ભાવવિભોર તથા પ્રસન્ન બનીને ઇચ્છામૃત્યુનું વરદાન આપતાં કહ્યું કે તું જ્યાં સુધી જીવવા ઇચ્છશે ત્યાં સુધી જીવી શકીશ. મૃત્યુનો પ્રભાવ તારા પર નહિ રહે. તારા આદેશાનુસાર જ મૃત્યુ આવી શકશે.

ઉપર્યુક્ત કથામાં શાંતનુના મનની નિર્બળતાનું પ્રતિબિંબ પડેલું છે. એણે પેલી સુકુમારીના પ્રેમપ્રભાવમાં પડીને પોતાના જ સુખનો વિચાર કર્યો. કામનો પ્રભાવ પ્રબળ હોય છે તેવી પ્રતીતિ એ પ્રસંગ કરાવી આપે છે અને જો દેવવ્રતને માટે સાચી લાગણી હોત તો એ દાશરાજના પ્રસ્તાવને ના સ્વીકારત. પરંતુ ભાવિ બળવાન. કર્મસંસ્કારો અતિશય પ્રબળ અથવા અસાધારણ. એટલે એને અન્યથા ના સૂઝયું. દેવવ્રતનું દિલ અધિક ઉદાર, વિશેષ વિશાળ દેખાય છે. એણે પિતાના જીવનપથને સરળ કરવા માટે આજીવન અવિવાહિત રહેવાની પ્રતિજ્ઞા કરી. કેવી ભયંકર ભારે ભીષ્મ પ્રતિજ્ઞા ! એવા સુપુત્રો કેટલા મળે જે પોતાના વ્યક્તિગત સુખવિચારને તિલાંજલિ આપીને, પિતાના જીવનપંથને પ્રશસ્ત કરે ને પિતાને મદદરૂપ બને ? સત્યવતીને શાંતનુ સાથેના વિવાહ માટે દેવવ્રત પોતે જ લઇ આવ્યો એ શું સૂચવે છે ? ભીષ્મ, એનું અસાધારણ ઔદાર્ય, એના અદભુત ચારિત્ર્યબળને લીધે એ આજે પણ અમર છે. પ્રતિજ્ઞા શબ્દપ્રયોગ આજે પણ સુવિખ્યાત છે.

☼ ☼ ☼ ☼ ☼

# ૨૫. ભીષ્મની અગ્નિપરીક્ષા

પ્રતિજ્ઞા લેવાનું કામ ધાર્યા જેટલું સહેલું નથી હોતું. કાંઇક અંશે કઠિન કહી શકાય તેવું હોય છે. પરંતુ એના કરતાં વધારે કઠિન હોય છે પ્રતિજ્ઞાનું પાલન. એ વધારે મજબૂત મનોબળ માગી લે છે. સામાન્ય મનોબળવાળા માનવો કોઇ કારણે પ્રતિજ્ઞા લે છે ખરા, પરંતુ સઘળા સંજોગોમાં પાળી શકતા નથી. સંજોગો સાનુકૂળ હોય ત્યારે પ્રતિજ્ઞાના પાલનમાં ખાસ મુશ્કેલી ના પડે પરંતુ પરિસ્થિતિ પ્રતિકૂળ બનતાં મુશ્કેલી અનુભવાય અને પ્રતિજ્ઞાપાલનને છોડી દેવાય અથવા છોડી દેવાનો વિચાર સેવાય તો તે પ્રતિજ્ઞાપાલન સાચું તથા સંપૂર્ણ ના કહેવાય. લીધેલી કે કરાયેલી પ્રતિજ્ઞાને ગમે તેવા સંજોગોમાં પણ પાળવામાં કે વળગી રહેવામાં આવે એ અત્યંત આવશ્યક હોય છે, અને અધિક મનોબળ માગી લે છે. એવું પ્રતિજ્ઞાપાલન દેશકાળની અસરો થી અબાધિત રહે છે ને સત્ય તેમજ સંપૂર્ણ કહેવાય છે.

ભીષ્મનું પ્રતિજ્ઞાપાલન મહાભારતમાં વર્ણવ્યા પ્રમાણે સંપૂર્ણ ને સાચું હતું. એ સઘળા સંજોગોમાં અખંડ રહ્યું. એ આકરી અગ્નિપરીક્ષામાંથી પસાર થયું તો પણ એને કોઇ પ્રકારની આંચ ના આવી. એ પ્રલોભનની પ્રદીપ્ત પાવકજાળમાં પડીને પણ પ્રાણવાન રહ્યું ને વધારે પ્રબળ ઠર્યું.

એનું અવલોકન રસપ્રદ, પ્રસન્નતાદાયક, પ્રેરક થઇ પડશે.

રાજા શાંતનુએ સત્યવતી સાથે લગ્ન કર્યું એ લગ્નના પરિણામસ્વરૂપે બુદ્ધિમાન વીર્યવાન પુરુષશ્રેષ્ઠ ચિત્રાંગદનો જન્મ થયો. એ પછી વિચિત્રવીર્ય નામે બીજો પુત્ર જન્મ્યો. એ પુત્ર યુવાવસ્થામાં પ્રવેશ્યો તે પહેલાં જ શાંતનુનો સ્વર્ગવાસ થયો. શાંતનુના સ્વર્ગવાસ પછી પોતાની પ્રતીજ્ઞાના પૂર્વાધને અનુસરીને સત્યવતીની સંમતિથી ભીષ્મે ચિત્રાંગદનો રાજ્યાભિષેક કર્યો.

પરંતુ ચિત્રાંગદના લલાટમાં લાંબા વખતનું રાજ્યસુખ નહોતું લખાયલું. ચિત્રાંગદે પોતાના અતુલિત બળપરાક્રમના પ્રભાવથી અસંખ્ય રાજાઓને જીતી લીધા. એની ઉપર એના સરખા જ નામવાળા ચિત્રાંગદ નામના મહાબળવાન ગંધર્વરાજે આક્રમણ કર્યું. એની સાથે એનું કુરુક્ષેત્રમાં સુપ્રસિદ્ધ સરસ્વતી નદીના તટપ્રદેશ પર ત્રણ વરસ સુધી મહાભયંકર યુદ્ધ થયું. એના પરિણામે ચિત્રાંગદનું મૃત્યું થવાથી શાંતનુપુત્ર ભીષ્મે એની ઉત્તરક્રિયા કરાવીને યૌવનના પ્રાંગણમાં પ્રવેશેલા વિચિત્રવીર્યનો રાજ્યાભિષેક કર્યો.

વિચિત્રવીર્યે ધર્મ અને શાસ્ત્રપરંપરાની પ્રસ્થાપિત મર્યાદામાં રહીને, ભીષ્મે સૂચવ્યા પ્રમાણે રાજ્ય કરવા માંડ્યું.

વિચિત્રવીર્ય વિવાહલાયક વયનો થતાં સત્યવતીની સલાહ પ્રમાણે એના વિવાહ માટે વિચાર કર્યો. એમણે સાંભળ્યું કે કાશીરાજની અપ્સરાસમી આકર્ષક અને સુંદર ત્રણ કન્યાઓ પતિની પસંદગીની ઇચ્છાથી પ્રેરાઇને એકસાથે સ્વયંવર કરવાની છે. એવી માહિતી મેળવીને રથશ્રેષ્ઠ ભીષ્મે માતા સત્યવતીની અનુમતિ લઇને રથમાં વિરાજીને વારાણસી તરફ પ્રયાણ કર્યું.

સ્વયંવરમાં પ્રસ્થાપિત પરંપરાગત પરંપરા પ્રમાણે સઘળા સમુપસ્થિત રાજાઓનાં નામકીર્તન કરવામાં આવ્યાં. ત્યારે કાશીરાજની ત્રણે પરમ સુંદર કન્યાઓ ભીષ્મને નિહાળીને, એમને વૃદ્ધ જાણીને ઉદ્વેગપૂર્વક આગળ ચાલી. એ જોઇને સ્વયંવરમાં સમુપસ્થિત બીજી રાજાઓ કહેવા લાગ્યા કે પરમ ધર્માત્મા

મનાતો, વૃદ્ધ, કરચલી તથા પળિયાંવાળો આ નિર્લજ્જ ભીષ્મ અહીં શા માટે આવ્યો હશે ? એ બ્રહ્મચારી ભીષ્મ તરીકે પૃથ્વીમાં મિથ્યા પંકાય છે. પોતાની પ્રતિજ્ઞામાંથી ચ્યુત બનીને લોકોને શો ઉત્તર આપશે ?

એમનાં વ્યંગપૂર્ણ વચનોને સાંભળીને ભીષ્મના ક્રોધનો પાર ના રહ્યો.

સમર્થ ભીષ્મે એ ત્રણે કન્યાઓને લઇને પોતાના રથમાં બેસાડી દીધી અને મેઘસદૃશ ઘોર ગંભીર અવાજથી જાહેર કર્યું કે રાજાઓ સ્વયંવરને વખાણે છે ને સત્કારે છે પરંતુ ધર્મવાદીઓ બળપૂર્વક હરવામાં આવેલી કન્યા સાથેના લગ્નને ઉત્તમ માને છે, તેથી હું આ કન્યાઓને બળપૂર્વક હરી જઉં છું. તમે તમારા વિજય કે પરાજય માટે પ્રયત્ન કરો. હું યુદ્ધ માટે તૈયાર થઇને ઊભો છું.

એવી રીતે રાજાઓને યુદ્ધ માટે આમંત્રીને ભીષ્મ કન્યાઓ સાથે સત્વર ચાલી નીકળ્યા.

રાજાઓ ક્રોધે ભરાયા. તે અનેક રાજાઓ અને ભીષ્મની વચ્ચે ખૂબ જ રોમાંચક ઘોર યુદ્ધ શરૂ થયું. રાજાઓએ ભીષ્મની ઉપર એકસામટાં દશ હજાર બાણો છોડ્યાં, પણ તે સર્વ બાણો આવી પહોંચે તે પહેલાં જ ભીષ્મે વાળને પણ વીંધે એવી મહાન બાણવૃષ્ટિ કરીને તેમને ભાંગી નાખ્યાં. તે સર્વે રાજાઓ ભીષ્મને ચારે તરફથી ઘેરી વળ્યા, ને બાણની ઝડી વરસાવવા લાગ્યા. જાણે કે વાદળાં પર્વત ઉપર વૃષ્ટિ કરી રહ્યાં. ભીષ્મે પોતાનાં બાણોથી બાણવર્ષાને રોકી દીધી અને ત્રણ-ત્રણ બાણોથી દરેક રાજાને વીંધી નાખ્યો. તે વખતે એકેક રાજાએ ભીષ્મને પાંચ પાંચ બાણોથી ઘાયલ કર્યા. ભીષ્મે વળતાં બબ્બે બાણો મારીને તે પરાક્રમીઓને વીંધી નાખ્યા. એવી રીતે બાણ અને શક્તિઓથી ભરેલું તે યુદ્ધ દૈવ અને દાનવ વચ્ચેના યુદ્ધ જેવું અતિશય ઘોર થયું. ભીષ્મે સમરાંગણમાં સેંકડો ધનુષો, કવચો અને મસ્તકોને છેદી નાખ્યાં. તેમનું અલૌકિક આશ્ચર્યકારક કાર્ય, તેમની શીઘ્ર હાથ ચલાવવાની કુશળતા અને યુદ્ધમાં પોતાનું રક્ષણ કરવાની શક્તિ જોઇને શત્રુઓ પણ તેમને પૂજવા લાગ્યા. સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ તે ભરતવંશીએ એવી રીતે તેમને રણભૂમિમાં પરાજય આપ્યો અને કન્યાઓને લઇને આગળ વધ્યા.

તે વખતે રણમાં અમાપ આત્મશક્તિવાળો મહારથી શાલ્વરાજ શાંતનુપુત્ર ભીષ્મ ઉપર પાછળથી ચઢી આવ્યો. નરશ્રેષ્ઠ શાલ્વરાજે શાંતનુપુત્ર ભીષ્મને તીવ્રવેગી સેંકડો બાણોથી ઢાંકી દીધા. એ બંનેની વચ્ચે મહાભયંકર યુદ્ધ ફાટી નીકળ્યું. છેવટે નૃપોત્તમ શાલ્વરાજને જીતીને ભીષ્મે તેને જીવતો છોડી દીધો. શાલ્વરાજ પોતાના નગરમાં ગયો અને ધર્મપૂર્વક રાજ્યનું શાસન કરવા લાગ્યો. બીજા રાજાઓ પણ પોતપોતાના રાજ્યમાં ગયા. ભીષ્મ કન્યાઓને જીતીને હસ્તિનાપુરમાં પાછા ફર્યા.

અસાધારણ પરાક્રમપૂર્વક હરી લાવવામાં આવેલી તે સર્વગુણસંપન્ન કન્યાઓને ભીષ્મે પોતાના નાનાભાઇ વિચિત્રવીર્યને અર્પણ કરીને વિચિત્રવીર્યના વિવાહની વ્યવસ્થા કરવા માંડી. એમણે સત્યવતી સાથે વિચારવિનિમય કરીને વિવાહનો નિશ્ચય કર્યો. એ વખતે કાશીપુત્રની પુત્રી અંબાએ જણાવ્યું કે હું તો મનથી શાલ્વને વરી ચૂકી છું. શાલ્વ પણ મને વર્યા છે. સ્વયંવરમાં હું શાલ્વને જ વરવાની હતી. મારા પિતાને પણ અમારા વિવાહનો વિચાર પસંદ હતો. એટલે મારી સાથે ધર્માનુરૂપ વ્યવહાર કરવાની મારી પ્રાર્થના છે.

ભીષ્મની ઉદારતા તથા સહાનુભૂતિ તો જુઓ. એમણે વેદમાં પારંગત પંડિતો સાથે પરામર્શ કરીને કાશીપુત્રી અંબાને ઇચ્છાનુસાર ગમે ત્યાં જવાની અનુજ્ઞા આપી.

એ પછી પોતાના નાના ભાઇ વિચિત્રવીર્યને અંબિકા અને અંબાલિકા નામની બે કન્યાઓ પરણાવી.

એ બંને કન્યાઓ સુયોગ્ય પતિને મેળવ્યાના સંપૂર્ણ સંતોષ સાથે વિચિત્રવીર્યને પૂજવા લાગી.

લગ્નજીવનના સાત વરસ વિલાસાત્મક સુખોપભોગ પછી વિચિત્રવીર્ય ભયંકર અસાધ્ય ક્ષયરોગમાં સપડાઇને મૃત્યુ પામ્યો. એને ઉગારવાના ચિકિત્સકો તથા મિત્રોના સઘળા પ્રયત્નો વ્યર્થ ગયાં.

ગંગાપુત્ર ધર્માત્મા ભીષ્મે સત્યવતીની સલાહને અનુસરીને એની સમુચિત ઉત્તરક્રિયા કરી.

વિચિત્રવીર્ય અપુત્ર જ મૃત્યુ પામ્યો હોવાથી સત્યવતીએ ભીષ્મને જણાવ્યું કે તું વિચિત્રવીર્યની બંને સ્ત્રીઓ સાથે સમાગમ કરીને પુત્રોત્પત્તિ કર. એ સ્ત્રીઓ પુત્રની કામનાવાળી છે. એમની સાથે સમાગમ સાધવો ના હોય તો ધર્મપૂર્વક લગ્ન કરી લે. અથવા તારો રાજ્યાભિષેક કરાવીને સામ્રાજ્યનું શાસન કર.

સત્યવતીની માગણીઓ ભલભલાના મનને મોહિત કરે તેવી હતી. એણે દર્શાવેલાં પ્રલોભનો કાંઇ નાનાં ન હતાં. તોપણ ધર્માત્મા ભીષ્મ પોતાની પૂર્વપ્રતિજ્ઞાને સ્મરીને અચળ રહ્યા. એ એમની પ્રતિજ્ઞાના કસોટી સમયે પણ એ અડગ રહ્યા. એવા દૃઢપ્રતિજ્ઞ પુરુષો અતિવિરલ હોય છે. સત્યવતીની માગણીના અનુસંધાનમાં કહેવાયેલા ભીષ્મના ચિરસ્મરણીય, સુંદર, સત્યસભર શબ્દો આ રહ્યાઃ "માતા તમે મને પરમ ધર્મનું ઉદાહરણ આપ્યું છે પરંતુ સંતાન સંબંધી મારી પરમ પ્રતિજ્ઞાથી તમે પરિચિત છો. તમારા નિમિત્તે બનેલી ઘટનાને તમે જાણો છો. હું તમારી આગળ તે સત્યને માટે પુનઃપ્રતિજ્ઞા કરું છું. હું ત્રિલોકને પણ તજી દઉં, દેવલોકના રાજ્યને પણ તજી દઉં, અરે એ બંનેથી વિશેષ હોય તેને પણ તજી દઉં, પણ સત્યનો ત્યાગ કદાપિ નહિ કરું. પૃથ્વી ગંધ, પાણી રસ, જ્યોતિ રૂપ, વાયુ સ્પર્શ, સૂર્ય પોતાની પ્રભા, ધૂમકેતુ ઉષ્ણતા, આકાશ શબ્દ, ચંદ્ર શીતળ ચારુ કિરણત્વ, વૃત્રને મારનાર ઇન્દ્ર પોતાનું પરાક્રમ અને ધર્મરાજ પોતાનો ધર્મ છોડે તોપણ હું સત્યના ત્યાગનો વિચાર પણ નહિ કરું. મારે માટે સત્ય સર્વોત્તમ છે."

વિલાપ કરતી, પુત્રલાલસાવાળી, ધર્મવિરોધી વચનોને વદતી દીન સત્યવતીને ઉદ્દેશીને ભીષ્મે ફરીવાર કહ્યું કે "તમે ધર્મ તરફ દૃષ્ટિપાત કરો. આપણો વિનાશ ના કરો. જે સત્યમાંથી ચલિત થાય છે તેને ધર્મશાસ્ત્રો વખાણતાં નથી. શાંતનુનો વંશ આ અવનીમાં અક્ષય બને તેવો સનાતન ક્ષાત્રધર્મ તમને કહી બતાવીશ. તમે આપદકાળના ધર્મ અને અર્થમાં પારંગત પુરોહિતોને ને પંડિતોને સાથે રાખીને લોકાચારને લક્ષમાં લઇને તે પ્રમાણે કરી શકશો."

સંસારમાં સત્યવતી પણ છે અને ભીષ્મ પણ. એક પ્રેમનું પ્રતીક છે તો બીજું શ્રેયનું જેની શક્તિ સવિશેષ હોય છે તે જીતી જાય છે ને સુખી થાય છે. માનવે ભીષ્મ બનીને પોતાના વિચારો, સંકલ્પો, સિદ્ધાંતો અથવા આદર્શોમાં દૃઢ રહેવાનું છે. વ્રતોને વિરોધની વચ્ચે પણ વળગી રહેતાં શીખવાનું છે. ભીષ્મનું ઉદાહરણ એવા સંદેશને પૂરું પાડતું આદર્શ ઉદાહરણ છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૬. ધૃતરાષ્ટ્ર, પાંડુ, વિદુરના જન્મ

સત્યવતીના રાજા શાંતનુ સાથેના લગ્નસંબંધ પહેલાં મહર્ષિ પરાશર દ્વારા જન્મેલા પરમપ્રતાપી સુપુત્ર મહર્ષિ વ્યાસ.

સત્યવતીએ આપદકાળમાં તેમનું સહાયતા માટે સ્મરણ કર્યું.

એણે ભીષ્મને ઉદ્દેશીને જણાવ્યું કે તેણે ચાર વેદોના વિભાગ કર્યા હોવાથી તે વ્યાસ કહેવાય છે. તેનો વર્ણ કૃષ્ણ હોવાથી કૃષ્ણ તરીકે પણ ઓળખાય છે. તે સત્યવાદી, શમસંપન્ન, તપસ્વી, ક્ષીણપાપ, દ્વીપમાં જન્મવાથી દ્વૈપાયનના વિશિષ્ટ સાંકેતિક નામે વિખ્યાત વ્યાસે મને આપત્તિસમયે સ્મરણ કરવાનું કહ્યું છે. એને બોલાવીને હું આદેશ આપીશ એટલે રાજ્યના વિશાળ હિતને લક્ષમાં લઈને એ વિચિત્રવીર્યની પત્નીઓ દ્વારા પુત્રોત્પત્તિ કરશે. એ કલ્યાણકાર્યમાં તારી સંમતિ જોઈએ.

ભીષ્મે સંમતિ આપી એટલે સત્યવતીએ મુનિ કૃષ્ણદ્વૈપાયન કે વ્યાસને યાદ કર્યા.

વેદમંત્રોના ઉચ્ચાર કરતાં મહર્ષિ વ્યાસ ત્યાં અન્યથી અજ્ઞાત રીતે પ્રગટ થયા.

સત્યવતીએ એમને જણાવ્યું કે પુત્રો પર માતા તથા પિતા ઉભયનો સમાન અધિકાર હોય છે.

વ્યાસ બોલ્યા કે તમે મારું સ્મરણ કરવાથી હું તમારી આગળ ઉપસ્થિત થયો છું તો તમારું શું પ્રિય કરું તેની મને આજ્ઞા આપો.

સત્યવતીએ સઘળો ઇતિહાસ કહી સંભળાવ્યો અને વ્યાસને વિચિત્રવીર્યની પત્નીઓમાં ગર્ભાધાન કરવા કહ્યું.

વ્યાસે વિચિત્રવીર્યની બંને સ્ત્રીઓ એક વરસ સુધી પોતાના સૂચવેલા વ્રતને કરે એવું જણાવ્યું, પરંતુ સત્યવતીને ઉતાવળ હતી એટલે વ્રતના અનુષ્ઠાનનો વિચાર અળગો રહ્યો.

મહર્ષિ વ્યાસે અંબિકા સાથે સમાગમ કર્યા પછી સત્યવતીની જિજ્ઞાસાના જવાબમાં જણાવ્યું કે વિધિપૂર્વક જન્મેલો આ ગર્ભસ્થ બાળક દસ હજાર હાથી જેવો બળવાન થશે. એ રાજર્ષિઓમાં શ્રેષ્ઠ, વિદ્વાન, પરમ ભાગ્યવાન, મહાવીર્યવાન અને અસાધારણ બુદ્ધિમાન બનશે. તેને સો પુત્રો થશે. પરંતુ માતાના દોષને લીધે એ જન્મથી અંધ રહેશે.

કુરુઓનો રાજા અંધ હોય તો યોગ્ય નહીં એવું સમજીને સત્યવતીએ બીજા પુત્ર માટે પ્રાર્થના કરી, અને વ્યાસે એ પ્રાર્થનાને માન્ય રાખી.

વિચિત્રવીર્યની બીજી પત્ની અંબાલિકા વ્યાસના વેશને વિલોકીને ફિક્કી તથા પીળી પડી ગઇ. વ્યાસે તેને જણાવ્યું કે મારા વિરૂપને વિલોકીને તું પીળી પડી ગઇ હોવાથી તારો પુત્ર પણ પીળો કે પાંડુ થશે. એનું નામ પણ એ જ રહેશે.

સત્યવતીને પણ એમણે એવી માહિતી પ્રદાન કરી.

અંબિકાને અંધ પુત્ર જન્મવાથી સત્યવતીએ (અંબિકાના) બીજા પુત્ર માટે પ્રાર્થના કરી.

એ પ્રાર્થનાને અનુલક્ષીને મહર્ષિ વ્યાસ અંબિકા પાસે જવા તૈયાર થયા. પરંતુ એમના વિકૃત વેશથી ભયભીત બનીને અંબિકાએ પોતાને બદલે દાસીને અલંકારોથી અલંકૃત કરીને એમની પાસે મોકલી આપી.

વ્યાસે એનો સમાગમ સાધીને જણાવ્યું કે તું હવે દાસીપણાંમાંથી મુક્તિ મેળવશે. તારા ઉદરમાં આવેલો બાળક પૃથ્વીમાં પરમ ધર્માત્મા બનશે અને સદબુદ્ધિશાળીઓમાં શ્રેષ્ઠ થશે.

એવી રીતે ધૃતરાષ્ટ્ર, પાંડુ તથા વિદુરના જન્મ થયા.

કામક્રોધથી મુક્ત, પરમાર્થતત્વના જ્ઞાતા ધર્મ પોતે જ મહાત્મા માંડવ્યના શાપથી વિદુરરૂપે જન્મેલા. કૃષ્ણદ્વૈપાયને સત્યવતીને એ વાત પ્રથમથી જ કહી બતાવેલી.

ધર્મના અને માતા સત્યવતીના ઋણથી મુક્ત બનીને મહર્ષિ વ્યાસ ત્યાંથી વિદાય થયા.

મહાભારતની એ કથા ધૃતરાષ્ટ્રાદિના જન્મના રહસ્યનું ઉદઘાટન કરવાની સાથેસાથે એ જમાનાના વિચિત્ર લાગે એવા લોકાચાર તરફ અંગુલિનિર્દેશ કરે છે. સત્યવતી મહર્ષિ વ્યાસને ભીષ્મની અનુમતિથી વિચિત્રવીર્યની પત્નીઓમાં ગર્ભાધાન માટે આદેશ આપે છે એ આશ્ચર્યકારક હોવા છતાં એ જમાનાની વિલક્ષણતાને સૂચવે છે. કોઇને એમ પણ થાય કે એને બદલે સત્યવતીએ વ્યાસને જ રાજ્ય ચલાવવાનો આદેશ આપ્યો હોત તો ? તે ઉચિત ના કહેવાત ? અરે, સત્યવતી જ શાસન ચલાવત તોપણ ખોટું નહોતું. પરંતુ એ કાળમાં સ્ત્રીઓ શાસન નહિ ચલાવતી હોય એવું લાગે છે. મંત્રીઓ સંયુક્ત રીતે બીજી યોજનાને વિચારી શક્યા હોત. પરંતુ એને બદલે સત્યવતીને એ જ ઉચિત લાગ્યું.

મહર્ષિ વ્યાસ કામુક તો હતા નહીં. માતાની આજ્ઞાને અનુસરવાની એમણે તૈયારી બતાવી. એ વિષયી કે વિલાસી હોત તો વિચિત્રવીર્યની સ્ત્રીઓને એક વરસ સુધી વ્રત કરવા માટે ના જણાવત. પોતાના કાર્યને પૂર્ણ કરીને એ શરીરસુખની સંમોહિનીમાં પડ્યા વિના સત્વર વનમાં ગયા અને ધૃતરાષ્ટ્રાદિના જન્મકર્મના વૃત્તાંતોને પોતાની દિવ્ય દૃષ્ટિથી દેખીને એમણે કહી બતાવ્યા એ દર્શાવે છે કે એ પરમોચ્ચ અવસ્થાએ પહોંચેલા સર્વથા અલિપ્ત મહાપુરુષ હતા, અને આપદ્ કાળમાં અપવાદરૂપે જ માતાની આજ્ઞાને અનુસરવા તૈયાર થયેલા. બીજા કોઇએ એમનું અનુકરણ કરવાનું વિચારવાનું પણ ના હોય.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૭. કર્મનું પરિણામ

કર્મ કાયમને માટે ફળે છે. કર્મ જાણતાં કરવામાં આવ્યું હોય અથવા અજાણતાં, અને ઉપરથી નિહાળતાં તદ્દન નાનું હોય કે મોટું, કિન્તુ પોતાનું પરિણામ અવશ્ય ઉપજાવે છે. કોઇવાર એક જન્મ દરમિયાન તો કોઇવાર બીજા જન્મમાં. એવી માન્યતા તથા માન્યતામૂલક શ્રદ્ધા ભારતીય સંસ્કૃતિના સંતો અને ધર્મશાસ્ત્રગ્રંથો શરૂઆતથી જ શરીરધારણ સાથે સાંપડેલા શ્વાસની જેમ ધરાવતા આવ્યા છે. એ માન્યતા તથા શ્રદ્ધાનો પ્રબળ પ્રતિઘોષ મહાભારતના સુવિશાળ સાહિત્યસિંધુમાં પ્રસંગોપાત્ત પડતો રહે છે. એવા એક પ્રાણવાન પ્રતિઘોષનું શ્રવણ કરવાનું અસ્થાને નહિ લેખાય.

આદિપર્વના ૧૦૭મા અધ્યાયના આરંભમાં જ રાજા જનમેજયે વૈશંપાયનને પૂછ્યું છે કે, ધર્મે એવું કયું પાપકર્મ કરેલું કે તેમને શાપ મળ્યો અને વિદુરરૂપે જન્મવું પડયું ?

રાજા જનમેજયની જિજ્ઞાસાના જવાબમાં વક્તાશ્રેષ્ઠ વૈશંપાયને માંડવ્યમુનિનું ઉપાખ્યાન સંભળાવ્યું.

માંડવ્યમુનિ સર્વ ધર્મગ્રંથોના જ્ઞાતા, સત્યપરાયણ, તપોનિષ્ઠ, ધૈર્યવાન પ્રસિદ્ધ બ્રાહ્મણ હતા.

એ આશ્રમના મુખ્ય દ્વાર પાસેના વૃક્ષની નીચે હાથને ઊંચા રાખીને મૌનવ્રત સાથે તપશ્ચર્યા કરી રહેલા.

એમની તીવ્ર તપશ્ચર્યાના એ સુદીર્ઘ સમય દરમિયાન એક વાર કેટલાક લૂંટારાઓ ચોરીના માલ સાથે આશ્રમમાં આવ્યા.

એમની પાછળ રાજ્યના રક્ષકો પડ્યા હોવાથી એમણે ચોરીના માલને મુનિના આશ્રમમાં મૂકી દીધો ને ત્યાં જ છુપાઇ રહેવાનું પસંદ કર્યું.

રક્ષકોએ મુનિ પાસે પહોંચીને એમને ચોરોના સંબંધમાં પૂછયું પરંતુ મુનિ કશું બોલ્યા નહીં એટલે આશ્રમમાં તપાસ કરીને છુપાયેલા ચોરોને પકડી પાડ્યા અને ચોરીનો માલ હસ્તગત કર્યો. એમણે શંકાસ્પદ સમજીને મુનિને અને સઘળા ચોરોને બાંધીને રાજા સમક્ષ રજૂ કર્યા. રાજાએ એમને મારી નાખવાની આજ્ઞા કરી એટલે રક્ષકોએ મહાતપસ્વી મુનિને ઓળખ્યા સિવાય જ શૂળીએ લટકાવી દીધા.

શૂળી પર લાંબા સમય સુધી નિરાહાર રહેવા છતાં મુનિ મૃત્યુ પામ્યા નહિ ત્યારે મંત્રીઓ સાથે મંત્રણા કરીને રાજાએ મુનિની ક્ષમા માગીને મોહ અને અજ્ઞાનને લીધે કરાયેલા અપરાધ માટે ક્રોધ ના કરવાની પ્રાર્થના કરી.

પ્રસન્ન થયેલા માંડવ્ય મુનિને શૂળી પરથી નીચે ઉતારીને રાજાએ શૂળીનું ફળું કાઢવા માંડયું પરંતુ તે નીકળ્યું નહીં ત્યારે શૂળીને મૂળમાંથી કાપી નાખી.

મુનિએ શરીરમાં રહી ગયેલી શૂળીની અણી સાથે જ તપશ્ચર્યા આદરી. ત્યારથી એમની અણી માંડવ્યના નામથી પ્રસિદ્ધિ થઇ.

એક વાર ધર્મરાજાના સ્થાનમાં જઇને એમણે ધર્મને ઠપકો આપતાં પૂછ્યું કે, મારા કયા પાપકર્મને લીધે મને આવી કઠોર ફળપ્રાપ્તિ થઇ ?

ધર્મરાજે જણાવ્યું કે તમે તમારી બાલ્યાવસ્થામાં પતંગિયાની પૂછડીમાં સળી પેસાડેલી. તમને તેનું ફળ મળ્યું છે. અલ્પ દાન પણ અનેકગણું વધે છે તેમ અલ્પ અધર્મ પણ અનેક રીતે દુઃખ આપે છે.

મુનિએ કહ્યું કે તમે મારા અજાણતાં થયેલા અતિશય અલ્પ અપરાધનો મહાન દંડ આપ્યો છે તેથી શૂદ્રયોનિમાં માનવરૂપે જન્મ પામશો.

ધર્મરાજ એ શાપને લીધે જ વિદુરરૂપે જન્મ પામ્યા. તે ધર્મ અને અર્થમાં કુશળ, લોભક્રોધમુક્ત, દીર્ઘદર્શી અને શાંતપ્રિય હતા અને કુરુઓના કલ્યાણમાં રત રહેતા.

વિદુરના જન્મરહસ્યની એ કથા વાંચનાર સાંભળનારને જરાક અવનવી લાગવાનો સંભવ હોવા છતાં એની દ્વારા એક વાતનો નિર્દેશ અવશ્ય મળે છે કે કરેલું કર્મ કદી પણ નિષ્ફળ જતું નથી. એટલે નાના કે મોટા પ્રત્યેક કર્મને માનવે ખૂબ જ વિચારીને સંભાળપૂર્વક કરવું જોઇએ. એક પતંગિયાની પૂંછડીમાં અજ્ઞાતવસ્થામાં સળીને નાખવાથી આટલો બધો અસહ્ય દંડ ભોગવવો પડ્યો તો જે માનવો તનમનવચનથી અહર્નિશ અનેક પ્રકારના અપરાધો, દોષો કે કુકર્મો કરતા હોય તેમને કેવાં ભયંકર પરિણામો ભોગવવાં પડશે ? દુઃખથી દુઃખી તથા તાપથી સંતપ્ત જીવોનાં પાછલા કર્મો કેવાં કઠોર હશે ? અજ્ઞાત અવસ્થામાં કોઇ કુકર્મ ના કરાય, વ્યસનના શિકાર ના થવાય, તેનું ધ્યાન રાખવું જોઇએ. આ કથામાંથી એટલો બોધપાઠ ગ્રહણ કરાય તોપણ ઘણું. સત્કર્મપરાયણ નિર્મળ જીવન સુખી કરે છે ને કુકર્મરત મલિન જીવન દુઃખી બનાવે છે. સૌએ એ સમજી લેવાની આવશ્યકતા છે.

☼ ☼ ☼ ☼ ☼

# ૨૮. તત્કાલીન પરિસ્થિતિ

ધૃતરાષ્ટ્ર, પાંડુ તથા વિદુરના જન્મથી સર્વત્ર સુખશાંતિ સમૃદ્ધિની નવી લહર ફરી વળી.

કુરુઓ, કુરુમંગાલ દેશ તથા કુરુક્ષેત્ર ત્રણે સમુન્નતિને પામ્યાં.

ભૂમિ ધાન્યવતી બની અને ધાન્ય રસકસવાળાં બન્યાં. વૃક્ષો ફૂલ તથા ફળવાળાં થયાં.

એ ત્રણે પુણ્યાત્માઓના જન્મને સમસ્ત પ્રકૃતિએ જાણે મંગલમય મહોત્સવ કરીને પરમપ્રસન્ન બનીને ખૂબ જ કૃતજ્ઞતાપૂર્વક વધાવી લીધો.

વરસાદ યથાસમય વરસવા લાગ્યો. પશુપક્ષી આનંદમગ્ન બન્યાં. શૂરવીર, વિદ્વાન તથા સંત સુખી થયા. રાજ્યમાં ક્યાંય ચોર નહોતા દેખાતા. કોઇ અનાચારી નહોતા. કોઇને અધર્મમાં અભિરુચિ નહોતી દેખાતી.

પ્રજા પરસ્પર પ્રીતિવાળી, સત્યપરાયણ, યજ્ઞશીલ તથા ધર્મવાન હતી. કામ, ક્રોધ, લોભાદિ વિચારોથી મુક્ત હતી. એ ધર્માનુસાર પવિત્ર પ્રાણવાન પ્રવૃત્તિ કરતી.

કુરુઓએ સમૃદ્ધ કરેલા તે રમણીય પાવન પ્રદેશમાં કોઇ કૃપણ નહોતું. કોઇ સ્ત્રી વૈધવ્યને પામતી નહીં.

તે દેશ મહાપરાક્રમી ભીષ્મથી સારી પેઠે સુરક્ષિત થયેલો. યજ્ઞસ્થંભોથી ચિત્રિત તથા રમણીય બનેલો. રાષ્ટ્રમાં ભીષ્મે પ્રારંભેલું અને પ્રવર્તાયેલું ધર્મચક્ર ચાલી રહેલું.

ત્રણે કુમારોને જાતકર્માદિ સંસ્કારક્રિયાઓ કરવામાં આવી ત્યારે સર્વત્ર આનંદ આનંદ છવાઇ ગયો. દાન આપો અને ભોગ ભોગવો એવા ઉદગારો ચારે તરફ ફરી વળ્યા.

સંસ્કારસંપન્ન, વ્રત તેમજ અધ્યયનપરાયણ, શ્રમ તથા વ્યાયામકુશળ ત્રણે બંધુઓએ યૌવનમાં પ્રવેશ કર્યો. એમણે વેદમાં, ધનુર્વેદમાં, ગદાયુદ્ધમાં, ઢાલ-તલવારમાં, ગજવિદ્યામાં અને નીતિશાસ્ત્રમાં પ્રવીણતા પ્રાપ્ત કરી. ઇતિહાસ, પુરાણાદિમાં નિપુણ બનીને વેદવેદાંગની પટુતા મેળવી.

પાંડુ ધનુર્વિદ્યામાં સૌથી ઉત્તમ કે પારંગત હતો, ધૃતરાષ્ટ્ર સૌથી વધારે વીર્યવાન, અને વિદુર સૌથી અધિક ધર્મપરાયણ તથા પરમ તત્વજ્ઞ.

ધૃતરાષ્ટ્ર જન્માંધ હોવાથી ને વિદુર દાસીપુત્ર હોવાથી પાંડુને રાજગાદીને માટે યોગ્ય ગણીને રાજ્યનો અધીશ્વર બનાવવામાં આવ્યો.

એ ઉલ્લેખ પરથી સ્પષ્ટ થાય છે કે વિદુર બીજી રીતે યોગ્ય અને ઉત્તમ હોવાં છતાં દાસીપુત્ર કે શૂદ્ર હોવાથી રાજ્યાધિકારથી વંચિત રહ્યો. એ ઘટનામાં એ વખતની સામાજિક પરિસ્થિતિનો પડઘો પડેલો છે. એક દાસી દ્વારા વિદુરનો જન્મ થયો એ શું સૂચવે છે ? એ જ કે કાદવમાંથી કમળ થાય તેમ મહામાનવો કોઇને પણ નિમિત્ત બનાવીને પ્રગટી શકે. અંધકારના ઓળા વચ્ચેથી ચંદ્ર જાગી શકે. વરસાદના ઘોર વાદળની વચ્ચે ઇન્દ્રધનુની સૃષ્ટિ થઇ શકે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૯. ગાંધારીનો નિર્ણય

ગંગાનંદન ભીષ્મે વિદુરની સલાહ લઇને કુરુઓના વંશવિસ્તારની યોજના ઘડી કાઢી.

ધૃતરાષ્ટ્ર, પાંડુ તથા વિદુર લૌકિક રીતે ઉંમરલાયક થયા હોવાથી એમના લગ્નના આયોજનનો સંકલ્પ કર્યો.

ધર્મવેત્તા વિદુરને એમણે જણાવ્યું કે આપણું કુળ પરમ ગુણવાન અને પ્રસિદ્ધ છે. બીજા પૃથ્વીપાલોનાં રાજ્યો કરતાં આપણું રાજ્ય વિશિષ્ટતા ધરાવે છે ને જુદું તરી આવે છે. આપણા કુળને ધર્મજ્ઞ ધર્મપરાયણ રાજાઓએ સંભાળપૂર્વક રાખેલું છે. તેનો કદી નાશ નથી થયો. એ કુળ સાગરની પેઠે વૃદ્ધિ પામે એવું કરવાની આવશ્યકતા છે. આપણા કુળને માટે યદુવંશી કન્યા, સુબલની સુપુત્રી અને મદ્રરાજની કન્યા એ ત્રણે કન્યાઓ સુયોગ્ય છે એવું મેં સાંભળ્યું છે. એ કન્યાઓ કુળવતી, રૂપવતી, ક્ષત્રિયોમાં સર્વોત્તમ તથા આપણા સંબંધને માટે સર્વપ્રકારે યોગ્ય છે. આપણા કુળના વંશવિસ્તાર માટે એમની માગણી કરવાની મારી ઇચ્છા છે.

સુબલની સુપુત્રી, સર્વ પ્રકારનાં શુભ લક્ષણોથી સંપન્ન ગાંધારીએ ભગવાન શંકરની સમ્યક એકનિષ્ઠ અનુરાગપૂર્ણ આરાધના દ્વારા સો પુત્રોની પ્રાપ્તિનું વરદાન મેળવેલું.

ભીષ્મે પંડિતો પાસેથી એવી વાત સાંભળીને ગાંધારરાજ સુબલ પાસે દૂત મોકલ્યા.

દૂતની વાતને સાંભળીને રાજા સુબલ કોઇપણ પ્રકારના નિર્ણય પર પહોંચવાને બદલે ઊંડા વિચારમાં પડી ગયો. ખાસ તો એટલા માટે કે એને માહિતી અને સંપૂર્ણ વિશ્વસનીય માહિતી મળી કે ધૃતરાષ્ટ્ર પ્રજ્ઞાચક્ષુ છે.

છેવટે કુળ, ખ્યાતિ તથા ચરિત્ર વિશે બુદ્ધિપૂર્વક શાંતચિત્તે વિચાર કરીને પોતાની ધર્મચારિણી પ્રિય પુત્રી ગાંધારીને ધૃતરાષ્ટ્રને અર્પણ કરવાનો એણે નિર્ણય કર્યો.

ગાંધારીને પિતાના નિર્ણયની ખબર પડી. એણે જાણ્યું કે જેની સાથે પોતાનું લગ્ન થવાનો નિર્ણય લેવાયો છે તે ધૃતરાષ્ટ્ર તો જન્માંધ છે તોપણ કોઇ પ્રકારનો વિરોધ ના કર્યો. એનું કારણ એની પિતા પ્રત્યેની પ્રીતિ કે ભક્તિ હોય કે બીજું ગમે તે હોય પરંતુ એ શાંત રહી.

લલાટના લેખને કોણ મટાડી શકે ? પરંતુ ગાંધારીએ એક ઉપાય આદર્યો. પોતાના જન્માંધ પતિ ધૃતરાષ્ટ્રને દેખીને દુઃખ ના થાય એટલે અથવા એક આદર્શ પતિવ્રતા સ્ત્રી તરીકે પતિના સંકટમાં સહભાગિની બનવા માટે માટે એણે પણ આંખ હોવા છતાં એને આચ્છાદિત કરવાનું નક્કી કર્યું.

એણે એક વિમલ વસ્ત્રની અનેક ગડીઓ વાળીને એનાથી પોતાની બંને આંખ પર પાટો બાંધ્યો. એવી અવસ્થામાં એનો ભાઇ શકુનિ એને કૌરવો પાસે લાવ્યો. સર્વશ્રેષ્ઠ સત્કાર પામેલી ગાંધારીને એણે ધૃતરાષ્ટ્રને અર્પી. ભીષ્મની અનુમતિથી ધૃતરાષ્ટ્રનો ગાંધારી સાથે વિવાહ થયો.

શકુનિ સત્કાર પામીને પોતાના નગરમાં ગયો ને ગાંધારી સદગુણ, સદવિચાર, સદાચારથી સૌને સંતોષવા લાગી.

એક પત્ની પતિ પ્રત્યેના પવિત્ર પ્રેમ અને પૂજ્ય ભાવથી પ્રેરાઇને કેવો ભોગ આપી શકે તે વાત ગાંધારીના જીવનવ્યવહાર પરથી સમજી શકાય છે. પતિ પ્રજ્ઞાચક્ષુ છે તો પોતે પણ નથી નિહાળવું, આંખને બંધ ઢાંકેલી જ રાખવી છે, એવો ગાંધારીનો નિર્ણય આદર્શ અથવા અનુકરણીય ના લાગે તોપણ પવિત્ર પ્રેમનો પરિચાયક અને સમર્પણભાવનો સૂચક કે સંદેશાવાહક તો લાગશે જ એમાં સંદેહ નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૦. કર્ણનો જન્મ

વસુદેવના પિતા શૂરસેન સર્વે યદુઓમાં શ્રેષ્ઠ કહેવાતા. કહેવાતા તો ખરા પરંતુ શ્રેષ્ઠ હતા પણ.

એમને આખી અવની અજોડ અને અનુપમ અવર્ણનીય કહી શકાય એવી, રૂપરૂપના અંબારસમી પૃથા અથવા કુંતી નામની કન્યા.

શૂરસેને પોતાના સંતાન વગરના ફોઇના પુત્ર કુંતીભોજને પ્રથમ સંતાન અર્પણ કરવાની કરેલી પવિત્ર પ્રેમપૂર્ણ પ્રતિજ્ઞા પ્રમાણે એ કન્યાને સત્યવાદી રહીને સમર્પિત કરી.

એ સુકુમારી શૂરસેનના સર્વ પ્રથમ સંતાન રૂપે પ્રગટેલી.

કુંતીભોજને ત્યાં એ બ્રાહ્મણો, વિદ્વાનો અને અતિથિઓની સેવામાં રોકાયલી રહેતી. એને એમના સત્કાર અને સેવાકર્મના અનુષ્ઠાનથી અતિશય સંતોષ અને આનંદ મળતો.

એકવાર એ સેવાભાવી સુકન્યાએ પરમ ધર્મપરાયણ, જિતેન્દ્રિય, ઉત્તમ તપવ્રતવાળા, મહામુનિ દુર્વાસાની સર્વોત્તમ શ્રદ્ધાભક્તિસહિત સેવા કરીને એમને સર્વ પ્રકારે સંતુષ્ટ કર્યા. ઋષિએ પૂર્ણપણે પ્રસન્ન બનીને એને ભાવિ આપદધર્મનો વિચાર કરીને મંત્ર આપીને જણાવ્યું કે આ મંત્રથી જે જે દેવનું આવાહન કરશે તે તે દેવના પ્રભાવ કે પ્રસાદથી તને પુત્રપ્રાપ્તિ થશે.

મહર્ષિ દુર્વાસાની વિદાય પછી એક દિવસ કુંતીને કુતૂહલવશ થઇને મંત્રપ્રયોગની આકાંક્ષા થઇ આવી. એણે આવાહન કરવાથી એની પાસે ભગવાન સૂર્યનારાયણ આવી પહોંચ્યા. એમને વિલોકીને કુંતી પરમવિસ્મય પામીને બોલી કે મેં તો કેવળ પરીક્ષા કરવા માટે જ મંત્રનો પ્રયોગ કર્યો છે. એ પ્રયોગ પાછળ કોઇ બીજો આશય નથા. મારા સાહસયુક્ત અસાધારણ અપરાધને માટે મને ક્ષમા કરો.

કુંતીને પોતાના કઠોર સાહસકર્મના ભાવિ પ્રતિકૂળ પરિણામને વિચારીને લોકભય લાગ્યો ને સંકોચ થયો.

સૂર્યનારાયણે એની આગળ સ્પષ્ટતા કરી કે મારી કૃપાથી તને કોઇ પ્રકારનો દોષ નહિ લાગે. એથી ઊલટું, મને કોઇપણ પ્રકારના પ્રયોજન વગર બોલાવવાનો દોષ લાગશે.

સૂર્યનારાયણ સાથેના સમાગમના પરિણામરૂપે કુંતી પુત્રવતી બની. એ પુત્ર પરમપ્રતાપી, સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ, જન્મથી જ કાયા પર કવચવાળો, સ્વરૂપવાન અને દેવબાળક જેવો દેખાતો. એનું મૃદુ મુખમંડળ નૈસર્ગિક રીતે ધારણ કરેલા, જન્મથી જ વારસામાં મળેલા, કુંડળને લીધે વિશેષ લાવણ્યયુક્ત અને દેદીપ્યમાન બનેલું.

ભગવાન સૂર્યનારાયણે કુંતીને પુનઃ કૌમાર્ય આપ્યું.

કુંતીએ લોકલાજથી બચવા માટે, લોકાપવાદથી ડરીને, પોતાના એ અકાળે પ્રગટેલા પરમપ્રતાપી પુત્રને સરિતામાં વહાવી દીધો. સરિતામાં વહી રહેલા એ સુપુત્રને સૂતપુત્ર અધિરથે પોતાની પત્ની રાધાની અનુમતિથી બહાર કાઢીને ઘેર લાવીને ઉછેરવા માંડ્યો. એ કવચકુંડળાદિ ધન અથવા વસુ સાથે જન્મ્યો હોવાથી એનું નામ વસુષેણ પડ્યું. પાછળથી એ કર્ણના નામથી પ્રસિદ્ધિ પામ્યો.

એ કથા સ્વતંત્ર રીતે વિચારવા જેવી છે. કુમારી માતાઓ આજે પણ થાય છે તેમ ભૂતકાળમાં પણ થતી હશે એવું કુંતીની કથા પરથી કલ્પી શકાય છે. લોકપવાદ આજે નડે છે તેમ તે વખતે પણ નડતો હતો. કુંતીને ભય લાગે કે સંકોચ થાય તે સ્વાભાવિક હતું. તેની કુમારિકા તરીકેની લાગણી કે ભાવનાની કદર કરીને ભગવાન સૂર્યનારાયણે તેની સાથે શરીરસમાગમ ના કર્યો હોત તો સારું હતું. કુંતીએ તેને માટે પ્રાર્થના તથા વિજ્ઞપ્તિ પણ કરેલી. એટલે એ પછી બળજબરી કરવાનો કશો અર્થ ન હતો. તોપણ જે થવાનું હતું તે થયું. કુંતીએ મહર્ષિ દુર્વાસાના મંત્રનો પરીક્ષાત્મક પ્રયોગ કરીને પ્રારંભમાં જ ભૂલ કરી, એ ભૂલના ભોગ માતા-પુત્ર બંનેને બનવું પડ્યું. સરિતામાં લાચારીવશ છોડી દેવાયેલા પુત્રને બીજું બધું મળ્યું પણ માતા અને પોતાની માતાની મમતા તેમજ મીઠી જન્મજાત માવજત ના મળી, તો માતાને માતા બન્યા ને રહ્યા છતાં પણ પોતાના પુત્રનો પ્રેમ ના મળ્યો. કોમળ કાળજાની કેવી કરુણ કથા !

મહાભારતકારે એ કુમારનો વિશેષ પરિચય પ્રદાન કર્યો છે.

વખતના વીતવા સાથે તે પરમપ્રતાપી મહાબળવાન કુમાર કર્ણ સઘળાં શસ્ત્રાસ્ત્રોમાં નિપુણ બન્યો.

એને સૂર્યોપાસના પ્રત્યે પુષ્કળ પ્રેમ હોવાથી, સૂર્યોદયથી આરંભીને મધ્યાહ્નોત્તર સમય સુધી તે ભગવાન સૂર્યનારાયણને ઉપાસતો રહેતો. એ જ્યારે મંત્રજપ કરતો ત્યારે જે પણ યાચક આવતા એમને નિરાશ નહોતો કરતો. એવી રીતે એની પરમ દાનવીર તરીકે પ્રસિદ્ધ હતી. બ્રાહ્મણોને માટે એ સર્વસ્વ સમર્પવા માટે તૈયાર રહેતો.

એની દાનપ્રિયતાનો લાભ ઉઠાવીને અર્જુનને મદદરૂપ થવા માટે એકવાર ઇન્દ્રે એની પાસે બ્રાહ્મણનું રૂપ લઇને એના મહામૂલ્યવાન કવચની માગણી કરી. એવી માગણી કર્ણને કાજે ખરેખર હાનિકારક હોવાં છતાં, પોતાની દાનપ્રિયતાની પરંપરાના પરિપૂર્ણ પાલન માટે એણે કવચનું દાન કર્યું.

ઇન્દ્રે એના એ અસાધારણ દાનકર્મથી પ્રસન્ન થઇને એને એક અમોઘ દિવ્ય શક્તિ આપી અને આશીર્વાદ આપતાં જણાવ્યું કે દેવો, દાનવો, માનવો, ગંધર્વો, યક્ષો, નાગો અને રાક્ષસોમાંથી જેને પણ જીતવાની તું ઇચ્છા કરશે તે આ શક્તિની મદદથી જિતાઇ કે મરી જશે.

એ અલૌકિક શક્તિએ કર્ણને અજેય બનાવી દીધેલો.

કર્ણ કુંતીપુત્ર હોવા છતાં કુંતીએ જન્મતાંવેંત જ તેનો ત્યાગ કર્યો હોવાથી પોતાની માતાને નહોતો જાણતો. પાછળથી થયેલા કુંતીના બીજા પુત્રો કે પાંડવો પોતાના ભાઇ છે એવું પણ નહોતો સમજતો. જો જાણતો કે સમજતો હોત તો મહાભારતનો ઇતિહાસ જુદો જ વળાંક લેત. કર્ણ પાંડવોના પક્ષે રહીને, પાંડવોને સવિશેષ પ્રેમથી નિહાળીને, એમને બનતી બધી રીતે મદદરૂપ બનવા તૈયાર રહેત. એ પાંડવવિરોધી કૌરવછાવણીમાં ધકેલાઇ જાત નહીં. એમ બનતાં કુંતીને સૌથી વધારે સુખ થાત. સંતોષ મળી જાત. પરંતુ સૌથી વધારે ક્લેશનો અનુભવ કુંતીને કરવો પડ્યો અને ભૂલનો ભોગ જીવનપર્યંત કર્ણને બનવું પડ્યું. વિધિનું એ વિધાન કાંઇ ઓછું અમંગલ અથવા વિપરીત નહોતું.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૧. પાંડુના લગ્ન

કુંતીભોજની વિશાળ લોચનવાળી, ધર્મનિષ્ઠ, સર્વગુણસંપન્ન, સૌન્દર્યમૂર્તિ પુત્રી-અલબત્ત પાલક પુત્રી પૃથા કે કુંતીની કામના કેટલાય રાજપુરુષોએ કરેલી.

એમની કામના તથા પ્રાર્થનાને લક્ષમાં લઈને યૌવનના પ્રાંગણમાં પ્રવેશેલી કુંતીને કાજે સ્વયંવરની યોજના ઘડવામાં આવી.

એ સ્વયંવરમાં સમુપસ્થિત થયેલા અસંખ્ય પુણ્યશાળી પ્રતાપી રાજાઓમાંથી કુંતીએ પરમપ્રતાપી, સર્વાધિક પુણ્યશાળી, સિંહસરખા સ્વાત્મસન્માનવાળા, વિશાળ છાતીવાળા, સઘળા રાજાઓની કાંતિને સૂર્યસમાન ઢાંકી દેનારા, ઇન્દ્ર સરખા આકર્ષક, રાજા પાંડુને નિહાળીને, અચિંત્ય અનંત આકર્ષણને અનુભવીને, એના કંઠમાં વરમાળાને પહેરાવી દીધી.

કુંતી પાંડુને વરી છે એવું જાણીને બીજા બધા રાજાઓ જેવી રીતે આવ્યા હતા તેવી રીતે હાથી, ઘોડા તથા રથ પર બેસીને નિરુત્સાહ બનીને પાછા ફર્યા.

કુંતીભોજે કુંતીનો પાંડુ સાથે વિધિપૂર્વક વિવાહ કરીને કૃતકૃત્યતા અનુભવી.

બ્રાહ્મણો અને મહર્ષિઓના શુભાશીર્વાદથી સંપન્ન પાંડુએ પોતાની સેના સાથે નગરમાં પ્રવેશ કર્યો.

એ પછી કેટલોક કાળ વીત્યા પછી શાંતનુપુત્ર ભીષ્મે પાંડુના બીજા વિવાહનો વિચાર કર્યો.

ભીષ્મ વયોવૃદ્ધ પ્રધાનો, બ્રાહ્મણો, અને સુવિશાળ ચતુરંગિણી સેના સાથે મદ્રપતિ રાજા શલ્યના નગર તરફ ગયા.

રાજા શલ્યે સામે જઇને તેમનું સાદર સમુચિત સંતોષકારક સ્વાગત કર્યું અને એમને પ્રેમપૂર્ણ પૂજન-અર્ચનપૂર્વક નગરમાં પ્રવેશ કરાવ્યો.

ભીષ્મે પોતાના સુખકારક શુભાગમનનું કારણ પૂછવામાં આવતાં શલ્યની સૌન્દર્યમંડિતા યશસ્વિની બહેન માદ્રીની પાંડુ માટે માગણી કરી. શલ્યે એ માગણીને સહર્ષ માન્ય રાખી.

ભીષ્મે શલ્યને અઢળક સુવર્ણ તથા વિવિધ રત્નો આપ્યાં. વળી હાથી, ઘોડા, રથ, વસ્ત્ર, અલંકાર, મણિ, મુક્તા તથા પરવાળાં આપ્યાં.

શલ્યે એથી પ્રસન્ન બનીને પોતાની બેન માદ્રીને સમલંકૃત કરીને ભીષ્મને સમર્પી.

ભીષ્મે હસ્તિનાપુરમાં પ્રવેશીને સુયોગ્ય સમયનો નિર્ણય કરીને માદ્રી સાથે પાંડુનો વિધિપૂર્વક વિવાહ કરાવ્યો.

પાંડુએ માદ્રી તથા પ્રથમની પત્ની કુંતી સાથે સ્વૈચ્છિક સુખોપભોગ કરવા માંડ્યો.

એક માસ પર્યંત સ્વૈરવિહાર કરીને એણે અન્ય રાજ્યોના વિજયનો આરંભ કર્યો અને એને માટે પણ ભીષ્મના અમોલ અસાધારણ આશીર્વાદ મેળવ્યા.

એ સઘળી ઘટનાઓ ભીષ્મના વિરાટ અસામાન્ય વ્યક્તિત્વને સૂચવે છે. ભીષ્મે આજીવન અવિવાહિત રહેવાની અને રાજગાદીના અધિકારને ત્યાગવાની પ્રતિજ્ઞા તો પાળી બતાવી, પરંતુ એથી આગળ વધીને, સહજ પણ હતોત્સાહ કે નિષ્ક્રિય થયા વિના, કુળ, રાજ્ય અને રાજ્યના ઉપભોક્તાની સુખ, શાંતિ, સમુન્નતિને

માટે પૂરતા રસપૂર્વક બનતું બધું જ કરવાનું ચાલુ રાખ્યું એ એમની વિશેષતા બતાવે છે. રાજ્યની, પદની, ઇચ્છા સિવાય રાજ્યના સમુત્કર્ષ માટે સામાન્ય સક્રિય સેવક બનીને સર્વ કાંઇ કરી છૂટવાનો એ મહામંત્ર સૌ કોઇએ અપનાવવા જેવો છે.

ભીષ્મે દેવકરાજાની કન્યાનું વિદુર સાથે લગ્ન કરાવીને પોતાના એક વિશેષ કર્તવ્યને પૂર્ણ કર્યું.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૨. કૌરવોનો જન્મ

ધૃતરાષ્ટ્ર તથા ગાંધારીના પુત્રો અથવા કૌરવોના જન્મની કથા અતિશય અસામાન્ય, અપવાદરૂપ કહી શકાય એવી, અભૂતપૂર્વ અને આશ્ચર્યકારક છે. એમનો જન્મ માતાના ઉદરમાંથી નથી થયો, પરંતુ અનોખી રીતે થયો છે. આજના સુશિક્ષિત સુવિચારશીલ માનવના કલ્પવામાં કે માનવામાં ન આવે એવી રીતે. તોપણ કથાનું વર્ણન મહાભારતના મહાગ્રંથની દૃષ્ટિએ કરીએ તો અસ્થાને અથવા અનુચિત નહિ લેખાય.

મહાભારતના આદિપર્વની અંતર્ગત સંભવપર્વમાં, ક્રમિક રીતે કહીએ તો એકસો પંદરમાં અધ્યાયમાં, જનમેજયની જિજ્ઞાસાના જવાબમાં મહાભારતની કલ્યાણકારિણી કથાના વિદ્વાન વિખ્યાત વિચારશીલ વક્તા વૈશંપાયને જે કાંઇ જણાવ્યું છે તેનો સારાંશ આ પ્રમાણે છેઃ

"એક વાર દ્વૈપાયન મુનિ ખૂબ જ શ્રમિત બનીને ક્ષુધાતુર અવસ્થામાં હસ્તિનાપુરમાં ધૃતરાષ્ટ્રને ત્યાં જઇ પહોંચ્યા. ધૃતરાષ્ટ્રની પત્ની ગાંધારીએ એમનો સ્નેહપૂર્વક સત્કાર કરીને એમને સર્વ પ્રકારે સંતોષ આપ્યો. એટલે મહર્ષિ વ્યાસે એને વરદાન માગવાનો આદેશ આપ્યો."

"ગાંધારીએ એથી પ્રસન્ન થઇને પોતાના પતિ જેવા સો પુત્રોની માગણી કરી."

"મહર્ષિ વ્યાસે તેની માગણીને મંજૂર રાખીને એવો આશીર્વાદ આપ્યો."

"સમય પર ગાંધારીને ધૃતરાષ્ટ્રથી ગર્ભ રહ્યો. ગાંધારીએ એને બે વરસ સુધી ધારણ કર્યા પછી જાણ્યું કે કુંતીને સૂર્યસમાન મહાતેજસ્વી પરમપ્રતાપી પુત્રનો જન્મ થયો છે અને પોતાનો ગર્ભ સ્થિર રહ્યો છે ત્યારે એ વિચારમાં પડીને દુઃખી થઇ."

એણે ધૃતરાષ્ટ્રને સહેજ પણ ખબર ના પડે એવી રીતે ગર્ભને પ્રહાર કરીને બહાર પાડ્યો. એમ થતાં લોઢાના કપાયલા ગઠ્ઠા જેવી માંસપેશી બહાર નીકળી. ગાંધારીએ એને ફેંકી દેવાનો નિર્ણય કર્યો.

એ નિર્ણયને જાણીને ત્યાં મહર્ષિ વ્યાસ આવી પહોંચ્યા એટલે ગાંધારીએ એમને સઘળી પરિસ્થિતિથી માહિતગાર કર્યા અને જણાવ્યું કે તમે મને સો પુત્ર થશે એવું વરદાન આપેલું તે મિથ્યા થયું છે અને માંસપેશી જન્મી છે."

"મહર્ષિ વ્યાસે કહ્યું કે હું વિનોદમાં કોઇ વાર બોલું છું તોપણ તે મિથ્યા નથી થતું. મારી વાણી અમોઘ છે. એથી કોઇ પ્રકારની શંકા કરવાની આવશ્યકતા નથા. મારા વચનમાં વિશ્વાસ રાખીને તું ઘીથી ભરેલા સો કુંડા તૈયાર કરાવ. એમને સંભાળપૂર્વક સુરક્ષિત રાખીને આ માંસપેશીને ઠંડા પાણીથી ભીની રાખ."

"મહર્ષિની સૂચનાનુસાર એ માંસપેશી પર ઠંડા પાણીનું સિંચન કરવામાં આવ્યું એટલે એમાંથી અંગૂઠાના અગ્રભાગ જેવા સો ગર્ભભગો છૂટા પડ્યા. સમય પરિપકવતા પર પહોંચતાં ક્રમશઃ એકસો એક ભાગ છૂટા થયા. તે ગર્ભભાગોને ઘીથી ભરેલા કુંડામાં મુકાવીને, ગાંધારીને આવશ્યક સૂચના પ્રદાન કરીને, મહર્ષિ વ્યાસે હિમગિરિના પવિત્ર શ્રેયસ્કર ઋષિમુનિસેવિત પ્રશાંત પ્રદેશમાં તપશ્ચર્યા માટે પ્રયાણ કર્યું."

"મહર્ષિ વ્યાસના અમોઘ આશીર્વાદને અનુસરીને એ ગર્ભભાગોમાંથી સૌથી પ્રથમ પુત્ર તરીકે દુર્યોધનનો જન્મ થયો. એ પછી ક્રમેક્રમે બીજા પુત્રો જન્મ્યા."

"ગાંધારીને એક પુત્રીને પામવાની ઇચ્છા હોવાથી મહર્ષિ વ્યાસે તેને તે માટે પણ આશીર્વાદ આપેલો. એને અનુલક્ષીને એકશો એકમા ભાગમાંથી એક કન્યાનો જન્મ થયો. એનું નામ દુઃશલા પડ્યું. તેનું લગ્ન પાછળથી જયદ્રથ સાથે થયેલું."

"ગાંધારી સગર્ભાવસ્થામાં ઉદરવૃદ્ધિથી પીડાતી હતી ત્યારે ધૃતરાષ્ટ્રની પરિચર્યામાં રહેતી એક વૈશ્યસ્ત્રીથી યુયુત્સુ નામે પુત્રનો જન્મ થયો."

"ગર્ભકાળ પ્રમાણે દુર્યોધન સૌથી મોટો હતો. જન્મસમય પ્રમાણે યુધિષ્ઠિરનો નંબર પ્રથમ હતો. પરમ પ્રતાપી ભીષ્મ અને વિદુરને માહિતી આપવામાં આવેલી. દુર્યોધન તથા ભીમ બંને એક જ દિવસે જન્મેલા. દુર્યોધને જન્મતાં જ ગધેડાની જેમ ભૂંકવા અને રડવા માંડયું ત્યારે ગધેડાં, કૂતરાં, ગીધો, શિયાળો તથા કૂતરાંઓએ સામેથી શોરબકોર પૂર્વક ઉત્તર આપ્યો. વાયુ વેગથી વાવા લાગ્યો. દિશાપ્રદિશામાં દાહ થયો. એથી ભયભીત અને સાશંક ધૃતરાષ્ટ્રે ભીષ્મને, વિદુરને, મિત્રોને, વિદ્વાનોને તથા કૌરવોને ઉદ્દેશીને જણાવ્યું કે આપણી કુળકીર્તિને વધારનાર યુધિષ્ઠિર જયેષ્ઠ હોવાથી પોતાની યોગ્યતાને લીધે રાજ્યને પામે છે, પરંતુ આ પુત્ર એના પછી રાજા બની શકશે ?"

"ધૃતરાષ્ટ્રના એ શબ્દોને સાંભળીને ભયંકર હિંસક પશુઓએ તથા શિયાળોએ ભીષણ અવાજો કરવા માંડયા. એને સુણીને વિદુરે અને વિદ્વાનોએ જણાવ્યું કે તમારો આ પુત્ર કુળનો નાશ કરનારો થશે માટે તેનો ત્યાગ કરો. સોમાંથી એક પુત્ર ભલે ઓછો થાય. એનો ત્યાગ કરીને કુળનું ને જગતનું કલ્યાણ કરો. કુળને કાજે એકને તજવો જોઇએ. ગામ માટે કુળને તજવું જોઇએ. દેશને માટે ગામને તજવું જોઇએ. અને આત્માને માટે સમસ્ત સૃષ્ટિને છોડવી જોઇએ."

"સૌએ એવું કહ્યું તોપણ પુત્રની મમતાને લીધે ધૃતરાષ્ટ્રે માન્યું નહીં."

જો માન્યું હોત તો મહાભારતનો ઇતિહાસ જુદો જ હોત.

ધૃતરાષ્ટ્ર તથા ગાંધારીના એ પુત્રોના જન્મની કથા અનેકને આશ્ચર્યકારક લાગશે. સહેલાઇથી નહિ સમજાય. જગમાં જે બને છે તે બધું બુદ્ધિગમ્ય હોય છે જ એવું નથી હોતું. પૃથ્વીની પ્રદક્ષિણા કરવાનું, ચંદ્ર મંગળ જેવા ગ્રહો પર ઊતરવાનું, પૃથ્વીના પેટાળમાં પ્રવેશવાનું, પાણી પવન પાવક પર પ્રભુત્વ મેળવવાનું, એવા અનેક આશ્ચર્યકારક કાર્યો આધુનિક વિજ્ઞાને કરી બતાવ્યાં છે, ટેસ્ટ ટ્યુબ બેબીનો પ્રયોગ પણ પ્રખ્યાત છે. એ દ્વારા માતાપિતાના સીધા શારીરિક સંબંધ સિવાય ઉદરમાંથી નહીં પરંતુ ટ્યુબમાંથી સંતાનને જન્માવવાનો વિજ્ઞાનનો પ્રયત્ન છે. સંતાન માતાના ઉદરમાં જન્મવાને બદલે બીજી રીતે જન્મી શકે છે એ વાતને વિજ્ઞાને પ્રયોગો દ્વારા પુરવાર કરી છે. કૌરવોના જન્મની કથાને એ સંદર્ભમાં, આધુનિક વૈજ્ઞાનિક પ્રયોગો અન્વેષણો અને પ્રયોગોના પરિપ્રેક્ષ્યમાં પેખીએ તો એમાં કશી અતિશયોક્તિ લાગવાનો સંભવ નથી. એવા જન્મો અશક્ય લાગે તોપણ અસંભવ નથી. સંભવી શકે છે.

મહર્ષિ વ્યાસે પોતાની આશીર્વાદાત્મક અમોઘ આત્મશક્તિથી એ કાર્ય કરી બતાવ્યું હોય તો તેમાં ના માનવા જેવું કશું નથી લાગતું. આધુનિક વૈજ્ઞાનિક પ્રયોગો એ વાતને સમજવામાં ઓછાવત્તા પ્રમાણમાં

સહાયતા પહોંચાડે છે. ભૂતકાલીન ભારતમાં એવા અનેકવિધ પ્રયોગો કરવામાં આવતા હશે એવું આ પ્રકારની જુદી જુદી કથાઓ પરથી કલ્પી કે સમજી શકાય છે."

☼ ☼ ☼ ☼ ☼

## 33. પાંડુનું મૃત્યુ

મૃગયાના વધારે પડતા રસ અથવા શોખવાળા પાંડુએ કુંતી તથા માદ્રીની સંપૂર્ણ સંમતિથી એમની સાથે સ્વેચ્છાથી વનમાં વસવા તથા વિહરવા માંડયું.

રાજપ્રાસાદના રમણીય રસછલેલા સુખોપભોગ પદાર્થોથી ભરપૂર વાસને અને સમુદ્ર શયનોને છોડીને તે વનમાં વસીને રોજ મૃગયાપરાયણ રહેવા માંડયા.

એ હિમાલય પર્વતના દક્ષિણ ભાગમાં વિસ્તરેલા શાલવૃક્ષના વનવાળા પ્રદેશમાં વિચરવા લાગ્યા.

ખડગ, બાણ, ધનુષ અને વિચિત્ર કમનીય કવચને ધારણ કરતા પરમશાસ્ત્રવિદ્ પાંડુને વનવાસી પ્રજા દેવ સમાન સમજતી.

વનમાં દેવરાજ ઇન્દ્રની પેઠે પરમ પ્રસન્નતાપૂર્વક સ્વૈરવિહાર કરનારા પાંડુના જીવનમાં પ્રારબ્ધવશાત્ એક દિવસ આપત્તિ આવી પડી. એનાથી એક ભયંકર ભૂલ થઇ ગઇ અને એને અચાનક શાપના ભોગ બનવું પડ્યું.

એ અભૂતપૂર્વ અસાધારણ ઘટનાપ્રસંગને લીધે એના જીવને નવો વળાંક લીધો.

મૃગો અને સર્પોથી સેવાયેલા અતિવિશાળ આહ્લાદક અરણ્યમાં ફરતાં ફરતાં પાંડુરાજાએ મૃગોના એક યૂથપતિને મૈથુનકર્મમાં પ્રવૃત થતો નિહાળ્યો.

મૈથુનકર્મ પ્રત્યેક પ્રાણીને માટે સામાન્ય રીતે એક સુખદ કર્મ હોય છે એ વાતને વિસ્મરીને કે જોઇએ એટલું મહત્ત્વ ના આપીને, એણે સોનેરી મૂળવાળાં, સુંદર પાંખના, તીવ્ર ગતિવાળાં પાંચ તીક્ષ્ણ બાણોથી મૈથુનકર્મરત મૃગ તથા મૃગલીને વીંધી નાખ્યાં.

મૃગના સ્વરૂપને ધારીને એક પરમ તેજસ્વી તપોધન ઋષિપુત્ર પોતાની પત્ની સાથે ક્રીડા કરી રહેલો. એણે ધરતી પર ઢળી પડતી વખતે વિલાપપૂર્ણ વાણીમાં કહેવા માંડયું કે કામક્રોધથી ઘેરાયેલા, બુદ્ધિહીન, ઘોર પાપપરાયણ પુરુષો પણ આવા ભયંકર કુકર્મોને નથી કરતા; તો પછી તું તો નિત્ય ધર્મપરાયણ રહેનારા ઉત્તમ કુળમાં જન્મ્યો છે. તો તેં તારી બુદ્ધિને અવિવેકી બનીને શા માટે બગાડી નાખી ? તારે અમારી અવસ્થાનો વિચાર કરીને મૈથુનપ્રવૃત્તિની પરિસમાપ્તિ સુધી પ્રતીક્ષા કરવી જોઇતી હતી. મૈથુનસમય પ્રાણીમાત્રને માટે પરમસુખદાયક તથા ઉપયોગી હોય છે. એ સમય દરમિયાન તેં વિદ્વાન હોવા છતાં અવિવેકી બનીને ખૂબ જ ભારે ઘાતકી કુકર્મ કરી નાખ્યું છે. હું પુરુષાર્થની ફળપ્રાપ્તિરૂપ સંતાનને મેળવવા માટે જ મૈથુનનો આશ્રય લઇ રહેલો. તેં મારી મહેચ્છાને મારી નાખી છે. આ કર્મ અયોગ્ય, ક્રૂર અને નિંદાપાત્ર છે. સનાતન સુખશાંતિરૂપી સ્વર્ગનો નાશ કરનારું, કીર્તિવિરોધી, અધર્મમૂલક છે. તને સ્ત્રીઓ સાથેના સુખોપભોગનો સ્વાનુભવ છે. વળી તું ધર્મશાસ્ત્રોના રહસ્યજ્ઞાનનો જ્ઞાતા છે. છતાં પણ તેં આવું કુકર્મ કર્યું એ આશ્ચર્યકારક અને આઘાતજનક છે. બુદ્ધિ ક્યારે દુર્બુદ્ધિ બને છે તેની ખબર નથી પડતી. હે નૃપશ્રેષ્ઠ, તારે તો કુકર્મપરાયણ, હિંસક, ધર્મ-અર્થ-કામ-મોક્ષથી વિમુખ રહેનારા માનવોને વશમાં રાખવા જોઇએ, ફળમૂળ પર રહેનારા, મૃગવેશવાળા, વનમાં વસનારા, સદા શાંતિપરાયણ, મારા જેવા નિર્દોષ મુનિને મારીને તેં મોટી ભૂલ કરી છે. તેં મને માર્યો હોવાથી હું તને શાપ આપું છું કે તું કામમોહિત બનીને જ્યારે અવશ થશે ત્યારે

આવી રીતે આયુષના અંત આણનારા મૃત્યુને પામીશ. હું કિંદમ નામે તપઃપૂત મુનિ છું. માનવોની લજ્જાને લીધે હું મૃગનો વેશ લઇને મૈથુન કરી રહેલો. કામમોહિત થઇને તારી પ્રિયતમા સાથે શરીરસંબંધ કરશે ત્યારે તું પણ આવી જ અવસ્થાની પ્રાપ્તિ કરીશ. જે સ્ત્રી સાથે સમાગમ કરશે તે પણ તારું અનુગમન કરશે. તેં મને મારા સુખની ક્ષણોમાં દુઃખ આપ્યું છે તેમ તું પણ સુખની પવિત્ર પળો દરમિયાન દુઃખ પામશે.

એટલું બોલીને મૃગ મૃત્યુ પામ્યો.

પાંડુને ખૂબ જ દુઃખ થયું. પશ્ચાતાપ પણ થયો.

મૃત મૃગની પાછળ એ બંધુની પેઠે વિલાપ કરવા માંડયો.

પરંતુ અવસર વીતી ગયા પછી વિલાપ કરવાથી શું થાય ? વિવેકી પુરુષ સદબુદ્ધિથી સંપન્ન બનીને જાગ્રત રહીને પ્રથમથી જ એવી રીતે પગલાં ભરે છે કે પાછળથી દુઃખી થવું કે પસ્તાવું નથી પડતું. પોતાની ભૂલને માટે દુઃખી થવાથી કે પશ્ચાત્તાપ કરવાથી જીવનવિકાસમાં મદદ મળે છે ખરી; કોઇ પ્રકારનું નુકશાન નથી થતું, પરંતુ અધિક સારી, ઇચ્છવા જેવી આદર્શ અવસ્થા તો એ છે કે ભૂલ થાય જ નહીં ને દુઃખી થવાનું કે પશ્ચાત્તાપ કરવાનું કારણ જ ના રહે.

પાંડુએ વિચાર્યું કે અશુદ્ધ આત્માઓ, ઉત્તમ શુદ્ધ સંતોના કુળમાં જન્મ્યા હોય તોપણ, કામજાળમાં મોહિત થઇને પોતાના કર્મને લીધે દુર્ગતિ પામે છે. હું મૃગયામાં આસક્ત બનીને આજે દુર્બુદ્ધિનો ભોગ થઇ પડયો. હવે હું મોક્ષ માટે જ પુરુષાર્થ કરીશ. પુત્રાદિ સાંસારિક બંધનો ખરેખર ક્લેશકારક છે. હું તો પિતા વ્યાસની અખંડ બ્રહ્મચર્યવૃતિનું સદા અનુસરણ કરીને અરણ્યમાં એકલો રહીને જીવનને તપશ્ચર્યામાં જોડી દઇશ. વૃક્ષના મૂળને મારું આશ્રયસ્થાન બનાવીશ.

પાંડુએ એકલા જ રહીને અરણ્યમાં જીવનને નિર્ગમન કરવાનો સંકલ્પ કર્યો ત્યારે કુંતી તથા માદ્રીએ પોતાને સાથે રહેવા દેવાની માગણી કરી. પાંડુએ એ માગણીને મંજૂર રાખીને પોતાના અંગ પરના સઘળા અલંકારોને દૂર કર્યા અને કામ, લૌકિક સુખ, રતિપ્રીતિ સઘળું છોડીને વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો.

પાંડુના નિર્ણય તથા જીવનપરિવર્તનને જોઇને તેના સાથીઓ અને સેવકો અતિશય દુઃખ પામ્યા.

હસ્તિનાપુરમાં પહોંચીને એમણે સઘળા સમાચાર કહ્યા ત્યારે ધૃતરાષ્ટ્રાદિના શોકનો પાર રહ્યો નહીં. એમની પીડા પરાકાષ્ઠા પર પહોંચી.

ફળ તથા કંદમૂળ પર રહેતા પાંડુએ કુંતી તથા માદ્રી સાથે નાગશત પર્વત પર પ્રયાણ કર્યું. ત્યાંથી ચૈત્રરથ જઇને કાલકૂટ પર્વત પરથી પસાર થઇને હિમાલયને ઓળંગીને ગંધમાદન પર્વત પર પદાર્પણ કર્યું. તે પછી ઇન્દ્રદ્યુમ્ન સરોવર પાસે પહોંચીને હંસકૂટ પર્વતને પાર કરીને શતશૃંગ પર્વત પર જઇને ખૂબ જ તીવ્રતાપૂર્વક તપ કરવા માંડયું. એણે પ્રથમથી જ સંકલ્પ કરેલો કે હું વસતિના સુખ અને અન્નને છોડીશ, વલ્કલને પહેરીશ, ગાઢ વનમાં વિચરીશ તથા તપ કરીશ. પરિમિત આહારથી કૃશ બનીશ. ઠંડી-ગરમીને સહીશ. ક્ષુધા-તૃષાને ગણકારીશ નહીં. તીવ્ર તપથી શરીરને સૂકવી નાખીશ. એકાંતમાં આત્મચિંતનનો આધાર લઇશ. શરીરની પરિસમાપ્તિ સુધી સર્વોત્તમ વ્રત તપને વળગી રહીશ.

પાંડુનો સંકલ્પ અસાધારણ અને અડગ હતો.

ભર્તૃહરિ મહારાજે વૈરાગ્યશતકમાં એક સરસ શ્લોક લખ્યો છે. એનો ભાવાર્થ એવો થાય છે કે ભિક્ષાનું ભોજન છે અને એ પણ એક જ વાર અને રસકસ વગરનું. પૃથ્વી પર પથારી છે. શરીર સિવાય કોઇ બીજા સગાસ્નેહી કે પરિચારક નથી. પહેરવા માટે ફાટેલી તૂટેલી સાંધેલી ગોદડી છે. તોપણ વિષયો છૂટતા નથી.

भिक्षासनं तदपि नीरसमेकवारं
शय्या च भूः परिजनो निजदेहमात्रं;
जीर्णा च खंडशतखंडमयी च कंथा,
हा हा तथापि विषया न परित्यजंति.

યોગીરાજ ભર્તુહરિ પોતાના અનુભવના આધાર પર સૂચવવા માગે છે કે બાહ્ય ત્યાગ ગમે તેટલો પ્રબળ હોય તોપણ વિષયવતી વૃત્તિને શાંત કરીને પરમાત્મમયી કરવાની આવશ્યકતા રહે છે. મનને નિર્મળ, નિર્વિષય, ઉદાત્ત બનાવવામાં ના આવે ત્યાં સુધી ત્યાગ, તપ અને એકાંતસેવનનો વાસ્તવિક લાભ અથવા આનંદ નથી મળતો.

પાંડુનો જ્વલંત જીવનવૃત્તાંત એની સાક્ષી પૂરે છે.

એકાંત અરણ્યમાં તીવ્ર તપશ્ચર્યાનો આશ્રય લેવા છતાં પણ પાંડુ પોતાના મનને સંપૂર્ણપણે નિર્વિષય ના કરી શક્યો. માટે તો તેનું આકસ્મિક રીતે જ મૃત્યું થયું.

મહાભારતના આદિપર્વના એકસો પચાસમા અધ્યાયને અનુસરીને કહીએ તો "પાંડુ પોતાના બાહુબળનો આશ્રિત રહીને પર્વતના રમ્ય વિશાળ વનમાં વાસ કરતો. એકવાર વનને પુષ્પપરાગથી ભરનારા, પ્રાણીમાત્રને સંમોહિત કરનારા, ચૈત્રવૈશાખના વસંતઋતુના સોનેરી સમયમાં એ પોતાની પત્ની સાથે વનમાં વિહરી રહેલો. પલાશ, તિલક. આમ્રવૃક્ષ, ચંપક પારિભદ્રક જેવાં ફળફૂલની શોભા સમૃદ્ધિથી સંપન્ન અસંખ્ય વૃક્ષો, વિવિધ જલાશયો તથા પદ્મોથી વીંટળાયલા વનને વિલોકીને એના અંતરમાં કામવિકાર પેદા થયો."

"શ્વેત વિશુદ્ધ વસ્ત્રોથી સુશોભિત માદ્રી દેવની પેઠે પ્રસન્ન મનથી વિહરતા પાંડુને અનુસરી રહેલી. એ સુંદર સૂક્ષ્મ વસ્ત્રવાળી માદ્રીને જોતાંવેંત જ ગહન વનમાં દાવાનલ ફાટી નીકળે તેમ પાંડુની કામવાસના ભભૂકી ઊઠી. એ કમલલોચનાને એકાંતમાં એકલી જોઇને એ કામથી પરવશ થઇ ગયો. કામના વેગને રોકી શક્યો નહીં. એણે એકાંતમાં ઊભેલી માદ્રીને બળપૂર્વક પકડી લીધી."

"માદ્રી શાપથી કંપી રહેલી. એ પતિને વારવા લાગી. પરંતુ કામથી સર્વાંગે ઘેરાયલો હોવાથી પાંડુએ શાપનું ધ્યાન ના રાખ્યું, શાપને મહત્વનો ના માન્યો, અને માદ્રી સાથે શરીરસંબંધ કર્યો. વિધિને વશ થયેલા પાંડુએ શાપજન્ય ભયને ગણકાર્યા સિવાય જીવનના અંત માટે કામોપભોગ કર્યો. તેની બુદ્ધિ નાશ પામી. તે પરમ ધર્માત્મા કુરુનંદન પાંડુ પોતાની પત્ની માદ્રી સાથે સમાગમ કરીને શાપના પરિણામરૂપે સત્વર મૃત્યુ પામ્યો."

"માદ્રી મૃત્યુ પામેલા પાંડુના અંગને આલિંગીને દુઃખના દરિયામાં ડૂબીને પોકારો પાડવા લાગી."

"કુંતી, તેના પુત્રો અને માદ્રીના બે પુત્રો તેના પોકારોને સાંભળીને ત્યાં આવી પહોંચ્યા."

"કુંતી પાંડુની પાછળ દેહત્યાગ કરવા તૈયાર થઇ પરંતુ માદ્રીએ એને રોકી. પોતાના પુત્રોની સંભાળ રાખવાની ખાસ ભલામણ કરી, ચિતાગ્નિમાં રહેલા તે નરશ્રેષ્ઠનું તરત જ અનુગમન કર્યું."

પાંડુ તથા માદ્રી બંનેના શરીર શાંત થયાં.

કવિ કાન્તે પોતાના વસંતવિજય નામના સરસ ખંડકાવ્યમાં પાંડુના એ અંતિમ જીવનપ્રસંગનું અત્યંત રોચક રીતે વર્ણન કર્યું છે. એ કાવ્યનું શીર્ષક સૂચક છેઃ વસંતવિજય. વિચારવિજયને બદલે વિચાર અને વર્તન પર વસંતનો વિજય. જે સંપૂર્ણ સંયમી હોય છે તે વસંત જેવી સઘળી ઋતુઓથી અલિપ્ત રહીને એમનો વિજય કરે છે પરંતુ સહેજ પણ અસંયમી અથવા ગાફેલ હોય છે એના પર ઋતુનો કે વાતાવરણનો વિજય થાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૪. પાંડવોનો જન્મ

સામાજિક મૂલ્યો સમય સમય પર બદલાતાં જાય છે. નિયમોના બાહ્ય માળખામાં સમયોચિત ફેરફારો થતા રહે છે.

મહાભારતના તટસ્થ અધ્યયનના પરિણામે એવી ઉપલક છાપ પેદા થાય છે.

મહાભારત કાળમાં નીતિનિયમોનું બંધારણ જુદું હતું.

એ વખતની લૌકિક સામાજિક હવા જુદી હતી.

આજે કોઇ પતિ પોતાની પત્નીને પુત્રેચ્છાથી પ્રેરાઇ ને, તે ઇચ્છાને સંતોષવા માટે, અન્ય પુરુષ સાથે શરીરસંબંધ કરવાની અનુમતિ આપી શકે ? અને એવી અનુમતિ આપે તોપણ પત્ની એને અનુસરે ! સત્યવતીએ વિચિત્રવીર્યની સ્ત્રીઓ દ્વારા પુત્રોની ઉત્પત્તિ કરવા મહર્ષિ વ્યાસને બોલાવીને પ્રાર્થના કરી અને મહર્ષિ વ્યાસે તે પ્રાર્થનાને સ્વીકારી; વિચિત્રવીર્યની સ્ત્રીઓએ પણ મને કે કમને સત્યવતીની સલાહને અથવા ઇચ્છાને, માન્ય રાખીને મહર્ષિ વ્યાસ સાથે સમાગમ કર્યો; એવું આપણા જમાનામાં બની શકે ? તેની કલ્પના પણ કોઇ કરી શકે ? ધારો કે કોઇ એવી કલ્પના કરીને એને અનુસરે તો તે સામાજિક સ્વાસ્થ્યની દૃષ્ટિએ હિતાવહ ગણાય ? વર્તમાન સમયમાં તેની ટીકા કે નિંદા અને જાહેર આલોચના થયા સિવાય રહે ? તે કાર્યને સારું, ઉત્તમ અથવા આદર્શ ગણાય અને વધાવી લેવાય ? મહાભારતકાળમાં તથા મહાભારત મહાગ્રંથમાં તેની ટીકાનિંદા નથી થઇ. તેના પર વિરોધી નોંધ પણ નથી લખવામાં આવી. એથી ઊલટું, એનાથી આગળ વધીને એવા કાર્યને સહજ સમજીને સત્કારવામાં આવ્યું છે એ એ જમાનાની તાસીર બતાવે છે.સામાજિક પરિસ્થિતિનો પ્રવાહ તે વખતે કેવો હતો તે દર્શાવે છે. એ પ્રવાહ સહજ હોવાથી કોઇએ કોઇના પર દોષારોપણ નથી કર્યો.

મહાભારતના વાચન મનન પરથી લાગે છે કે એ વખતના લગ્નજીવનમાં પુત્રપ્રાપ્તિની વાતને અત્યધિક અગત્યની ગણવામાં આવતી. સંતાનની પ્રાપ્તિ સિવાય જીવનમાં કાંઇક મહત્વનું ખૂટે છે, તે જીવનનું સાર્થક્ય અધૂરું રહે છે એવું સમજાવવામાં આવતું. એ સંદર્ભમાં, એવી વૈચારિક પૂર્વભૂમિકા સાથે પાંડવોના પ્રાદુર્ભાવના મહાભારતોક્ત વૃત્તાંતને વાંચવાથી અલ્પ પણ આશ્ચર્ય નહિ થાય. એ કથાવૃત્તાંત તત્કાલીન પરિસ્થિતિના પરંપરાગત પ્રવાહ સાથે સુસંગત જ લાગશે.

પાંડવોના પ્રાદુર્ભાવ પાછળ પાંડુ તથા કુંતીની પુત્રપ્રાપ્તિની ભાવના જ કામ કરી રહેલી.

પાંડુએ એ ભાવનાને કુંતી આગળ રજૂ કરીને પ્રજનન કાર્ય માટે પોતાની અશક્તિ દર્શાવીને પુત્રપ્રાપ્તિ માટે અન્ય વૈકલ્પિક વ્યવસ્થા કરવા કહ્યું ત્યારે કુંતીએ કૌમાર્યાવસ્થા દરમિયાન પોતે કરેલી દુર્વાસાઋષિની સેવાના સુફળરૂપે સાંપડેલા વરદાનની ને મંત્રદાનની વાત કરી. કુંતીએ જણાવ્યું કે તે ભગવાને મને કહેલું કે આ મંત્રથી તું જે દેવને બોલાવશે તે સકામ હશે કે નિષ્કામ હશે તોપણ તને વંશ થશે. તે તે દેવના અનુગ્રહથી તને પુત્ર થશે. એમનું વચન સત્ય છે. એને માટેનો સુયોગ્ય સમય આવી ગયો છે. તમારી આજ્ઞા અથવા અનુમતિથી હું મંત્રપ્રયોગ દ્વારા દેવોને બોલાવીશ અને આપણે માટે પુત્ર પામીશ. તમે જેમને કહેશો તે દેવને હું પ્રથમ બોલાવીશ.

પાંડુએ એને સૌથી પ્રથમ ધર્મરાજને બોલાવવાની સૂચના કરીને જણાવ્યું કે ધર્મે પ્રદાન કરેલો તે પુત્ર ધાર્મિક થશે. એનું મન અધર્મમાં કદી પણ નહિ રમે.

એ વાર્તાલાપ પરથી પ્રતીત થાય છે કે એમની પ્રવૃત્તિની પાછળનું પ્રમુખ પ્રેરક પરિબળ કામવાસના કે શારીરિક સુખોપભોગ ન હતું કિન્તુ કર્તવ્યના અનુષ્ઠાનનું હતું.

કુંતીએ દુર્વાસા મુનિએ આપેલા મંત્રનો ઉપયોગ કરીને ધર્મરાજને બોલાવ્યા. એમના સંયોગથી એને પુત્રરત્નની પ્રાપ્તિ થઇ.

ચંદ્ર જ્યેષ્ઠ નક્ષત્રમાં હતો. અભિજિત મુહૂર્ત. સૂર્ય મધ્યાકાશમાં. ત્યારે તે પુત્રના પ્રાદુર્ભાવ સાથે આકાશવાણી થઇ કે પાંડુનો આ પ્રથમ પુત્ર ધાર્મિકોમાં શ્રેષ્ઠ, નરોત્તમ, વિક્રમયુક્ત, સત્યવાદી તથા રાજા થશે. યશ, તેજ, વ્રતથી સંપન્ન બનશે ને યુધિષ્ઠિરના નામથી ઓળખાશે. ત્રણે લોકમાં ખ્યાતિ પામશે.

પાંડુના કહેવાથી કુંતીએ બીજી વાર મંત્રપ્રયોગ કરીને વાયુદેવનું આવાહ્ન કર્યું. વાયુદેવ મૃગ પર બેસીને આવી પહોંચ્યા. એમણે પોતાને બોલાવવાનું કારણ પૂછયું એટલે કુંતીએ મહાકાય, પરમ સામર્થ્યવાન, સૌના અભિમાનનો અંત આણનારા, ખૂબ જ બળવાન પુત્રની માગણી કરી. એના પરિણામે ભીમનો જન્મ થયો અને આકાશવાણી સંભળાઇ કે આ બાળક સઘળા બળવાનોમાં શ્રેષ્ઠ થશે.

એક વાર કુંતીના ખોળામાં ભીમ સૂતેલો ત્યારે વાઘને નિરખીને કુંતી તરત જ ઊભી થઇ ગઇ. ખોળામાં સૂતેલા ભીમનું તેને સ્મરણ રહ્યું નહીં. વજ્રકાય ભીમે પાસેના પર્વત પર પડીને તેના ટુકડા કરી નાખ્યા. એ દેખીને પાંડુને નવાઇ લાગી.

સંસારમાં સૌથી શ્રેષ્ઠ અને આદર્શ પુત્રરત્નની પ્રાપ્તિ માટે પાંડુએ સંકલ્પ કરીને મહર્ષિઓ સાથે મંત્રણા આદરીને કુંતીને શુભ સંવત્સર વ્રત કરવાની ભલામણ કરી. દેવોના દેવ ઇન્દ્રની પ્રસન્નતા મેળવવા માટે એણે પોતે પણ પ્રતિદિન સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી સમાધિમગ્ન બનીને તીવ્ર તપ કરવા માંડયું. એથી પ્રસન્ન બનીને ઇન્દ્રે ત્રિભુવનમાં પ્રખ્યાત, ગૌબ્રાહ્મણ અને સુહૃદોનો અર્થસાધક, દુષ્ટાત્માઓને શોકિત અને પુણ્યાત્માઓને પ્રસન્ન કરનારા, શત્રુઓને સંહારનાર પુત્રને પ્રદાન કરવાની તૈયારી બતાવી.

પાંડુએ પ્રસન્ન બનીને કુંતીને ઇન્દ્રનું આવાહ્ન કરવા અને એવા સુપુત્રની માગણી કરવા જણાવ્યું. કુંતીએ દેવરાજ ઇન્દ્રનું આવાહ્ન કરવાથી એને અર્જુનની પ્રાપ્તિ થઇ. અર્જુનના જન્મ સમયે ગગન ને ગજવતી જે ગેબી વાણી થઇ તેને સર્વ આશ્રમવાસીઓએ તથા ભૂતોએ સાભળી. એ વાણીએ જણાવ્યું કે કુંતી, આ પુત્ર કાર્તવીર્ય જેવો વીર્યવાન શિવસમો પરાક્રમી, ઇન્દ્ર જેવો અજેય બનશે. વંશને વિસ્તારશે. વિષ્ણુએ પૂર્વે અદિતિની પ્રીતિને વધારેલી તેમ આ પુત્ર તારી પ્રીતિને વધારશે. મન્દ્ર દેશને, સોમક સાથે કુરુદેશને, ચેદિ કાશી અને કરુષ દેશોને તાબે કરશે. કૌરવ વંશની રાજ્યલક્ષ્મીને ધારણ કરશે. અગ્નિ એના બાહુબળથી ખાંડવ વનમાં તૃપ્તિ પામશે. એ મહાબળવાન ગ્રામવાસીઓને તથા મહીપાલોને જીતીને ત્રણવાર અશ્વમેધ યજ્ઞો કરશે. એ પુત્ર પરશુરામ અને વિષ્ણુ જેવો પરમ પરાક્રમી બનશે. યુદ્ધમાં મહાદેવ શંકરને પ્રસન્ન કરશે. એમની પાસેથી પાશુપતાસ્ત્ર મેળવશે. ઇન્દ્રના આદેશથી દેવોનો દ્વેષ કરનારા નિવાતકવચ નામના દૈત્યોનો નાશ કરશે. સઘળાં અલૌકિક અસ્ત્રોને પ્રાપ્ત કરશે અને ગયેલી લક્ષ્મીને પાછી મેળવશે.

પાંડુએ પુત્રપ્રાપ્તિના લોભથી કુંતીને ફરીવાર મંત્રપ્રયોગ માટે સૂચવ્યું ત્યારે કુંતીએ કહેલા શબ્દો ખાસ યાદ રાખવા જેવા છે. એ શબ્દો દર્શાવે છે કે કુંતી કામુક કે વિલાસી નહોતી પરંતુ સંપૂર્ણ જાગ્રત તથા કર્તવ્યનિષ્ઠ હતી. એણે જણાવ્યું કે શાસ્ત્રકારો ચોથા પ્રસવને આપત્કાળમાં પણ ઉચિત નથી ગણતા. ચોથી વારના પ્રસવવાળી સ્ત્રી સ્વૈરિણી કહેવાય છે ને પાંચમી વાર વેશ્યા મનાય છે. તમે એ જાણો છો તોપણ મંત્રપ્રયોગને માટે આગ્રહ શા માટે કરો છો ?

કુંતીની એ દૃષ્ટિ તથા વિચારસરણીને સૌ કોઇ અનુસરે તો વસતિવધારાનો પૂરઝડપે વધી રહેલો પ્રશ્ન આપોઆપ હળવો બને અને ઊકલે એવું નથી લાગતું?

પાંડુએ એ પછી કોઇ પ્રકારનો આગ્રહ ના કર્યો.

પરંતુ માદ્રીને નિસ્સંતાન હોવાનું અસાધારણ દુઃખ રહેતું હોવાથી, એ દુઃખને દૂર કરવા માટે પાંડુના કહેવાથી એણે માદ્રીને કોઇ એક દેવનું ચિંતન કરવા જણાવ્યું.

માદ્રીએ ચોક્કસ રીતે વિચારીને બે અશ્વિનીકુમારોનું સ્મરણ કર્યું.

એના પરિણામે છેવટે એને બે પુત્રો થયા. બે જોડિયા પુત્રો નકુલ અને સહદેવ.

રૂપવાનોમાં અજોડ કહી શકાય એવા એ પુત્રોના પ્રાગટય વખતે પુનઃ આકાશવાણી થઇ કે રૂપ, ગુણ તથા સત્વથી સંપન્ન આ સુકુમારો અશ્વિનીકુમારોથી અધિક થશે અને સુંદરતા તથા તેજથી પ્રકાશશે.

પાંડવો એકેક વરસના અંતરે જન્મેલા. એમને દેખીને પાંડુને પરમ સંતોષ થયો. પરમાનંદ મળ્યો.

દિવસે દિવસે એ વધવા લાગ્યા.

પાંડવોના જન્મની એ અદભુત મહાભારતકથાને જાણીને કોઇને પ્રશ્ન થશે કે કુંતીને ને માદ્રીને મંત્રપ્રયોગથી તે તે દેવના આશીર્વાદને લીધે પાંડુ દ્વારા જ પુત્રોની પ્રાપ્તિ થઇ એવું માનીએ તો ? એવું માનવામાં હરકત નથી પરંતુ પાંડુ પુત્ર માટે અયોગ્ય છે એવું પ્રથમ જ કહેવાયું છે. એ ઉપરાંત, કર્ણના જન્મની કથા પણ લક્ષમાં લેવાની છે. કુંતી કુંવારી માતા બનીને કર્ણને પામી અને દેવોના અમોલ આશીર્વાદથી માદ્રી સાથે પાંડુ દ્વારા બીજા પાંડવોને પામી એવું માનીએ તોપણ પાંડુને પાંડવોના જન્મ પહેલાં મળેલા શાપની વાત તો રહે જ છે. તેની સંગતિ બેસાડવા એ શાપ પાંડવોના જન્મ પછી મળ્યો એવી નવી વાત ઉપજાવવી પડે.

જે થયું, થાય છે, થશે તે બધું આપણી પ્રકૃતિ, સમજ કે રુચિ પ્રમાણેનું ના પણ હોય તોપણ સ્વીકારવું રહે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૫. મહર્ષિઓ સમાચાર પહોંચાડે છે

પાંડુનું મૃત્યુ થયા પછી મંત્રવેત્તા મહર્ષિઓએ એકઠા થઇને અંદર અંદર મંત્રણા કરીને, પાંડવોને લઇને વિના વિલંબ હસ્તિનાપુર પહોંચવાનો અને પાંડવોને ભીષ્મ તથા ધૃતરાષ્ટ્રને સોંપવાનો નિર્ણય કર્યો.

એ નિર્ણયને અનુસરીને મહાન તપસ્વીઓ તથા દિવ્ય મહર્ષિઓએ કુંતી, પાંડવો અને પાંડુ તેમજ માદ્રીના દેહાવશેષો સાથે હસ્તિનાપુર તરફ પ્રયાણ કર્યું.

હસ્તિનાપુરમાં પહોંચીને એમણે દ્વારપાલ દ્વારા રાજાને પોતાના, કુંતીના ને પાંડવોના શુભાગમનના સમાચાર મોકલ્યા.

હજારો ચારણો અને મહર્ષિઓનું એવી રીતે એકાએક આગમન થયેલું જાણીને જનતાના વિવિધ વર્ગોને અસાધારણ આશ્ચર્ય થયું.

સૂર્યોદય થતાં સૌ તેમના દેવદુર્લભ દર્શન અને સત્કાર માટે બહાર નીકળ્યા.

ભીષ્મ, વિદુર, ધૃતરાષ્ટ્ર, દુર્યોધનાદિ કૌરવો, સત્યવતી, ગાંધારી અને નગરજનોએ અતિશય આનંદમગ્ન બનીને એ પરમપ્રતાપી પવિત્રતાની પ્રતિમા જેવા મહર્ષિઓના ચરણકમળમાં પરમ પૂજ્યભાવે નમ્રતાપૂર્વક પ્રણામ કર્યા.

ભીષ્મે તે તપઃપૂત માંગલ્યમૂર્તિ મહર્ષિઓનું વિધિપૂર્વક પૂજન કરીને એમની આગળ રાજ્યસંબંધી નિવેદન કર્યું.

જટા અને મૃગચર્મને ધારણ કરનારા એક સૌથી વિશેષ વૃદ્ધ મહર્ષિએ સર્વે મહર્ષિઓ તરફથી પાંડુ તથા માદ્રીના શરીરત્યાગના સમાચાર કહ્યા અને પાંડવોનો પરિચય પ્રદાન કર્યો.

"કૌરવોના વંશજ નરાધીશ પાંડુ કામોપભોગને છોડીને અહીંથી શતશૃંગ પર્વત પર ગયેલા. બ્રહ્મચર્યવ્રતપરાયણ તેમને દિવ્ય મંત્ર દ્વારા ધર્મરાજથી આ યુધિષ્ઠિર નામે પુત્ર થયો છે. વાયુદેવે ભીમ નામે મહાબળવાન પુત્ર આપ્યો છે. ઇન્દ્રથી કુંતીમાં અર્જુન જન્મ્યો છે, અને અશ્વિનીકુમારોના અનુગ્રહથી માદ્રીએ મહાધનુર્ધારી પુરુષસિંહ સરખા નકુલ-સહદેવને જન્મ આપ્યો છે. સદા ધર્મપરાયણ રહીને વનવાસને અનુભવતા પાંડુએ એવી રીતે પોતાના વિનાશ પામતા વંશને ઉગાર્યો કે ઉદ્ધાર્યો છે. સંતોની વૃત્તિમાં રહેતા પુત્રલાભ પામેલા પાંડુરાજાનો આજથી સત્તરમા દિવસે સ્વર્ગવાસ થયો છે. પતિવ્રતા માદ્રીએ પતિની પાછળ પાવક પ્રવેશ કર્યો છે. આ એમના સ્થૂળ શરીરના અવશેષો છે. એમની સુયોગ્ય અને શાસ્ત્રોક્ત રીતે ઉત્તરક્રિયા કરીને તમારા કર્તવ્યના અનુષ્ઠાનનો સંતોષ અનુભવો."

પાંડુ તથા માદ્રીના મૃત્યુ સમાચારથી સૌ કોઇ દુઃખી બન્યા ને સ્વાભાવિક રીતે જ શોક કરવા લાગ્યા.

એ સમાચારથી સૌને માટે વજ્રપાત સમાન ભયંકર અથવા અસહ્ય થઇ પડ્યા.

મંત્રવેત્તા મહર્ષિઓ પોતાનું કાર્ય પૂર્ણ કરીને ત્યાંથી વિદાય થયા.

ધૃતરાષ્ટ્રની સૂચનાથી વિદૂરે ભીષ્મની સાથે રહીને પાંડુ તથા માદ્રીની ઉત્તરક્રિયા કરી.

એ પ્રસંગ ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતા દર્શાવે છે. એ જમાનામાં તપઃપૂત વિવિક્તવાસી મંત્રદર્શી મહર્ષિઓ પણ સમાજનો સંબંધ વિચ્છેદ કરીને જીવતા નહોતા. એમના હૈયામાં સમાજનું હિત વસતું. તે

હિતને આચરવા એ અહર્નિશ તૈયાર રહેતા. એ સર્વહિત ભાવનાથી પ્રરાઇને જ એમણે હસ્તિનાપુરમાં પ્રવેશીને પાંડુ માદ્રીના મૃત્યુના અને પાંડવોના પ્રાદુર્ભાવના સમાચાર આપ્યા. સમાજમાં કે સમાજથી દૂર રહેનારા આપ્તકામ કૃતકૃત્ય મહાપુરુષો પણ સમાજને ઉપયોગી બનવાનું કર્તવ્ય બજાવે એ અત્યંત આવશ્યક છે. સૌ કોઇએ - માનવમાત્રે, સમાજસેવાના પરમ મંગલ મહાયજ્ઞમાં પોતાનો ફાળો આપવો જ જોઇએ. મંત્રદર્શી મહર્ષિઓની જીવનપ્રવૃત્તિ એવી સનાતન શ્રેયસ્કર પ્રાણવાન પ્રેરણા પૂરી પાડે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૬. સત્યવ્રતીનું તપ

મંત્રદર્શી મહર્ષિઓની વિદાય પછી કુંતીએ, રાજા ધૃતરાષ્ટ્રે તથા ભીષ્મે સ્વજનો સાથે પાંડુનું સુધામય શ્રાદ્ધ કર્યું. એમણે કુરુઓને તથા અસંખ્ય સાત્વિક શ્રેષ્ઠ સુપાત્ર બ્રાહ્મણોને ભોજન કરાવ્યું. રત્નભંડારો અને સુંદર ગામો અર્પણ કર્યા.

એ પછી પાંડવો સાથે સૌ હસ્તિનાપુરમાં પાછાં ફર્યા.

મહાભારતનું તે વર્ણન મહાભારતકાળમાં મરણોત્તર ક્રિયાઓ કરાતી અને શ્રાદ્ધના અનુષ્ઠાનનો આધાર લેવાતો એ ઐતિહાસિક હકીકત પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે. મૃત વ્યક્તિની પાછળ અને શ્રદ્ધાપૂર્વક કરવામાં આવતી ક્રિયાઓ સુદીર્ઘ સમયથી કરાતી આવી છે. માનવના અંતરાત્માને એમણે સંતોષ અને આનંદ પૂરો પાડ્યો છે, તથા અન્યની સક્રિય સેવાનો અવસર આપ્યો છે.

નગરજનો ને ગ્રામવાસીઓ પોતાના જ પ્રિય સુહૃદનો સ્વર્ગવાસ થયો હોય તેમ પાંડુનો દિવસો સુધી શોક કરતા રહ્યા.

શ્રાદ્ધક્રિયાની સંતોષકારક સુખદ પરિસમાપ્તિ પછી મહર્ષિ વેદવ્યાસે દુઃખમાં ડૂબેલી શોકાતુર માતા સત્યવતીને જણાવ્યું કે સુખના સોનેરી દિવસો હવે પરિસમાપ્તિ પર પહોંચ્યા છે. કપરો કાળ પાસે આવ્યો છે. એકેક કરતાં ચઢી જાય એવા પાપપૂર્ણ દુઃખી દિવસો આવી રહ્યા છે. ધરતી રસકસ વિનાની થઇ જશે. અનેક છળકપટથી છલેલો, દોષદૂષણથી ભરપૂર, ધર્મકર્મ અને અણિશુદ્ધ આચારના લોપવાળો અતિઘોર સંકટમય સમય શરૂ થશે. કુરુઓના દુરાચારથી પૃથ્વી પીડા પામીને ત્રાસી ઊઠશે. માટે તું તપોવનમાં પ્રવેશીને ચિત્તવૃત્તિનો નિરોધ કરીને યોગપરાયણ થા. કુળના ભયંકર સર્વનાશને તું ના જુએ એજ બરાબર છે.

સત્યવતી સમજી ગઇ કે કૌરવોની કપટબુદ્ધિ અને કલુષિતતાને લીધે સઘળા ભરતવંશીઓ તથા નગરજનો એમનાં સગાસંબંધીઓ સાથે નાશ પામશે.

ભીષ્મની અનુમતિ મેળવીને પોતાની બંને પુત્રવધુઓ સાથે તે એકાંત અરણ્યમાં ગઇ. ત્યાં એ ત્રણે સન્નારીઓએ ધર્મની પ્રસ્થાપિત પરંપરાગત માન્ય મર્યાદામાં રહીને તીવ્ર તપશ્ચર્યાનો આધાર લઇને છેવટે પોતાના પાર્થિવ તનુનો પરિત્યાગ કર્યો.

એ આલેખન પરથી પ્રતીત થાય છે કે મહર્ષિ વ્યાસને પોતાની તપઃપૂત દૈવી દૃષ્ટિની મદદથી કૌરવોના ભયંકર દુરાચારની અને એમાંથી પરિણમનારા સંકટની ને સામૂહિક સર્વનાશની માહિતી પ્રથમથી જ મળી ચૂકેલી. એમની અંદર એવી લોકોત્તર શક્તિ હતી. એટલે તો એ માતા સત્યવતીને એનો સ્પષ્ટ ખ્યાલ આપી શકેલા. એક અન્ય અગત્યની આધારભૂત વાત એ છે કે ધર્મશાસ્ત્રોમાં મોટે ભાગે પુરુષો જીવનની ઉત્તરાવસ્થામાં સંસારની ઉપરામતાને કેળવીને આત્મકલ્યાણ માટે વનપ્રદેશમાં પ્રવેશે છે એવાં શબ્દચિત્રો જોવા મળે છે, પરંતુ પુરુષના સાથ વિના સ્ત્રી એકલી જ તપ કરવા અરણ્યમાં જતી ને વસતી હોય એવાં ઉદાહરણો અધિક નથી મળતાં. સત્યવતીનું ઉદાહરણ એમાં અસાધારણ અપવાદરૂપ છે. ભારતીય સંસ્કૃતિના અતીતમાં પણ સ્ત્રી કેવું સન્માનની સંપૂર્ણ સ્વતંત્ર સ્થાન ધરાવતી હતી તેની સાક્ષી પૂરે છે.

☼ ☼ ☼ ☼ ☼

# ૩૭. દુર્યોધનનો દુર્વ્યવહાર

ઘરમાં કે કુટુંબમાં થનારો અંદર અંદરનો ક્લેશ દુઃખનું, અશાંતિનું અને વિનાશનું કારણ થઇ પડે છે.

ઘરમાં કે કુટુંબમાં સંપ, સ્નેહ, સહયોગનું સામ્રાજ્ય પ્રવર્તતું હોય તો તે સ્વર્ગનું સર્જન અને વૈકુંઠવાસ જેવું વાતાવરણ ઉભું કરે છે. પૂર્વાવસ્થામાં શાંતિ અને આનંદ છવાઇ જાય છે. જ્યાં એવું નથી હોતું ત્યાં નરક નિર્માય છે. દુર્દિનનો દાવાનળ શરૂ થાય છે.

સંપથી સુખ તથા શક્તિ વધે છે. યશ, વૈભવ, વિજય મળે છે.

કુસંપ ક્લેશનું, અવનતિનું કારણ ઠરે છે.

'ઘર ફૂટયે ઘર જાય ' ની પેલી પરંપરાગત પ્રસિદ્ધ લોકોક્તિ પ્રમાણે ઘર કે કુટુંબમાં એકરાગ ના હોય અને એને બદલે પરસ્પર ઇર્ષા, કટુતા, દ્વેષ અને અહંકારનું વાતાવરણ પ્રવર્તતું હોય, સ્વાર્થને છૂટો દોર મળતો હોય, તો અશાંતિના અંકુરો ઊગી નીકળે છે.

સૂત્રો એકઠાં થઇને રજ્જૂને રચે છે ત્યારે પરમશક્તિશાળી બની જાય છે. પરંતુ વિકેન્દ્રિત બને છે કે છૂટાં પડે છે ત્યારે એમની શક્તિ આપોઆપ ઓછી થાય છે. રજ્જૂ બળવાન હાથીને પણ બાંધી શકે છે, કોસને ફેરવવાના કામમાં લાગે છે, પરંતુ એમાંથી છૂટું પડેલું સૂત્ર શક્તિ વગરનું બની જાય છે.

સૂર્યમંડળમાંથી છૂટું પડેલું કિરણ અને સુવિશાળ સાગરમાંથી અલગ થયેલું તરંગ કેટલુંક કામ કરી શકે ?

કૌરવો તથા પાંડવોના જીવનપ્રસંગો એની સાક્ષી પૂરે છે.

એમની અંદરનો કુસંપ અને વિદ્વેષ એક અથવા બીજા કારણે ઉત્તરોત્તર વધતો જ ગયો અને અંતે અસાધારણ અશાંતિનું કારણ બન્યો. એમાંથી યુદ્ધની ચિનગારી પેદા થઇને ઘોર, અતિઘોર સર્વસંહારક ઝેરજ્વાળા જાગી. બંનેને સદાને સારુ સહન કરવું ને સર્વનાશના ભોગ બનવું પડ્યું.

એનો આશ્ચર્યકારક ખેદજનક સંપૂર્ણ ઇતિહાસ તો ક્રમે ક્રમે જોઇશું. અત્યારે તો એટલું જ સમજી લઇએ અને અંતરમાં અંકિત કરી દઇએ કે સ્વાર્થ, લાલસા, ઇર્ષા તથા કુસંપ વ્યક્તિગત રીતે તો દુઃખી કરે છે કે હાનિ પહોંચાડે જ છે પરંતુ એથી આગળ વધીને સુસમૃદ્ધ સમુન્નત પરમશક્તિશાળી સામ્રાજ્યોના પાયાઓને હચમચાવી મૂકે છે તથા તેમને જોતજોતામાં, કોઇની કલ્પનામાં પણ ના આવી શકે એવીરીતે જમીનદોસ્ત કરે છે. વરસોની મહામહેનતે તૈયાર કરાયલી મહામૂલી માનવસંસ્કૃતિને માટીમાં મેળવે છે.

મહાભારત કાળના પુરોગામી જેવા રામાયણકાળે પણ એ સનાતન સત્યનું દર્શન કરાવેલું અને મહાભારતનો સુપ્રસિદ્ધ ઇતિહાસ પણ એની પ્રતીતિ કરાવે છે.

પ્રાચીન ભારતનાં રામાયણ અને મહાભારત કાળનાં બે મહાન યુદ્ધો એની કરુણાતિકરુણ કથા સમાં છે. એમનામાંથી માનવ બોધપાઠ ગ્રહણ કરે તો સારું. માનવના મનનાં, ઘરનાં, કુટુંબનાં, ગામ કે નગરનાં અને દેશનાં તથા દેશ-પ્રદેશ વચ્ચેના રામાયણ-મહાભારત યુદ્ધનો અંત આવે. એ યુદ્ધ થાય જ નહીં.

મહાભારતમાં જણાવ્યું છે કે "વેદોક્ત સંસ્કારોને પામતા પાંડવો દિનપ્રતિદિન મોટા થવા લાગ્યા. વિવિધ પ્રકારના ભોગોને ભોગવવા લાગ્યા."

"એ કૌરવો સાથે સુખ, શાંતિ, આનંદપૂર્વક ક્રીડા કરતા અને એમની શક્તિ તથા વિશિષ્ટતાને લીધે સઘળી રમતોમાં જુદા તરી આવતા. દોડવામાં, તાકેલું લાવવામાં, જમવામાં અને ધૂળ ઉડાવવામાં ભીમસેન સઘળા ધૃતરાષ્ટ્ર પુત્રોને ચીસ પડાવતો. હર્ષમાં ખેલતા ધૃતરાષ્ટ્રપુત્રોને પકડી લઇને તે સંતાઇ જતો અને તેમને માથેથી પકડીને ટક્કર લડાવતો. એકસો એક મહાતેજસ્વી કૌરવકુમારોને એકલો જ સહેલાઇથી કબજે કરતો. તે મહાબળવાન તેમને વાળથી પકડીને નીચે પટકતો ત્યારે તેમનાં ઘૂંટણ, માથાં તથા ખભા છોલાઇ જતા. એ ચીસ પાડતા ધૃતરાષ્ટ્રપુત્રોને ધરતી પર ઘસડતો. કોઇક વાર જળક્રીડામાં દસ બાળકોને હાથથી પકડી લઇને પાણીમાં ડૂબકી મારતો અને તેઓ મરવા જેવા થઇ જતા ત્યારે જ છોડતો. તેઓ જ્યારે ઝાડ ઉપર ચઢીને ફળોને એકઠાં કરતા ત્યારે ભીમ પગની લાતથી ઝાડોને ધ્રુજાવી મૂકતો. એના પ્રબળ પાદપ્રહારથી વૃક્ષો ધણધણી ઊઠતાં એટલે તેના પર ચઢેલા કુમારો ફળ સાથે નીચે ગબડી પડતા. તે કુમારો ભીમસેનની સરસાઇ કરતા તોપણ કુસ્તીમાં, વેગમાં કે શિક્ષણમાં તેની બરાબરી કરી શકતા નહીં. તે ધૃતરાષ્ટ્રપુત્રોની સ્પર્ધા કરતો અને તેમને રંજાડતો, પણ તે બધું બાલબુદ્ધિથી જ થતું; દ્વેષને લીધે નહીં. ભીમસેનના એવા અતિ પ્રસિદ્ધ પરાક્રમને લીધે દુર્યોધન દુષ્ટભાવ બતાવવા લાગ્યો. મોહ અને અશ્વર્યને લીધે પાપોને જ જોયા કરનારા તે ધર્મવિહીનની બુદ્ધિ પાપી થઇ ગઇ. તે વિચારવા લાગ્યો કે ભીમ બલવાનોમાં શ્રેષ્ઠ છે તો એને છળથી પકડી લેવો જોઇએ. એ એકલો પણ અમારી સૌની સ્પર્ધા કરે છે. તે નગરના ઉદ્યાનમાં સૂતો હોય ત્યારે તેને અમે ગંગામાં નાંખી દઇશું પછી તેના નાના ભાઇ અર્જુનને તેમજ તેનાથી મોટા યુધિષ્ઠિરને બળાત્કારે બાંધીને કેદમાં પૂરીને અમે પૃથ્વીનું શાસન કરીશું."

"તેણે જલવિહારને માટે ભાતભાતનાં ભવનો તૈયાર કરાવ્યાં. સર્વ કામપદાર્થોથી ભરપૂર બીજાં અનેકવિધ ઘરોને બનાવડાવ્યાં. ગંગાના તીર ઉપર આવેલા સ્થાનમાં થોડું જલમાં ને થોડું સ્થલમાં એવું ઉદક ક્રીડન નામે ક્રીડાગૃહ કરાવ્યું. ત્યાં રસોઇકાર્યમાં કુશળ કારીગરોએ અસંખ્ય સુંદર વાનગીઓને તૈયાર કરી. તેણે પાંડવોને ત્યાં જઇને જલક્રીડા કરવાનું આમંત્રણ આપ્યું. યુધિષ્ઠિરે એનો સ્વીકાર કર્યો. તે પછી રથોમાં તેમ જ ઉત્તમ હાથીઓ પર બેસીને કૌરવો પાંડવો સાથે નગરની બહાર નીકળ્યા. ઉદ્યાનવન પાસે પહોંચીને તેમણે મહાજનોને વિદાય કર્યા. પછી સિંહો જેમ પર્વતની ગુફામાં પ્રવેશે તેમ તે વીરોએ તે ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. કુવારાઓ તેમ જ સંચારમાર્ગોથી શોભતા, રાજસેવકોએ સાફ કરેલા, ચિત્રિત બનાવેલા ઉદ્યાનને સૌ જોવા લાગ્યા. છલોછલ ભરેલાં જલાશયો અને કમળોથી ઢંકાયેલું તેનું પાણી શોભી રહ્યું હતું. ઋતુઋતુનાં પુષ્પોથી ધરતી છવાઇ ગઇ હતી. સૌ એની અંદર ગયા, અને ત્યાંના વિવિધ પદાર્થોને ભોગવવા લાગ્યાં. તેઓ એકબીજાનાં મોંમાં ખાવાના પદાર્થ મૂકવા લાગ્યા. તે વખતે ભીમસેનને મારી નાખવાની ઇચ્છાથી દુર્યોધને ખાવાના પદાર્થમાં કાલકૂટ વિષને ભેળવ્યુ. અંતરમાં અસ્ત્રા જેવો ને વાણીમાં અમૃત જેવો દુર્યોધન જાતે ઊઠયો ને ભીમસેનને ભાઇ તથા મિત્રની જેમ ઘણો આગ્રહ કરીને ઝેર ભેળવેલા પદાર્થોને ખવડાવવા લાગ્યો. તેમાં રહેલા દોષને ના જાણવાથી ભીમ તે ખોરાકને પ્રસન્નતાથી ખાઇ ગયો. દુર્યોધન મનમાં હસીને પોતાને સફળ મનોરથ માનવા લાગ્યો. તે પછી પાંડવો અને કૌરવો પ્રસન્ન મને જલક્રીડા કરવા લાગ્યા. જલક્રીડા પૂરી થતાં તેમણે વસ્ત્રો અને અલંકારોને ધારણ કર્યા. વિહાર કરીને વીરો થાકી ગયા એટલે સૂર્યાસ્ત થતાં તેમણે તે વિહારગૃહોમાં જ રહેવાનું પસંદ કર્યું. તે વખતે વ્યાયામથી અધિક થાકેલો

ભીમ જલક્રીડા માટે આવેલા કુમારોને બહાર મૂકી ગયો અને પોતે તે જ સ્થળમાં આવીને સૂઇ ગયો. થાકી ગયેલો, મદોન્મત્ત બનેલો અને સર્વાંગે વિષ વ્યાપેલો ભીમ ઠંડો પવન લાગતાં જડ જેવો થઇ ગયો. પછી દુર્યોધને પોતે તે મરેલા જેવા ભીમને લતાઓની રસીઓથી બાંધ્યો અને તે જ જગ્યાએથી પાણીમાં ગબડાવી મૂક્યો."

"બેભાન થયેલો ભીમ જલને તળિયે પહોંચ્યો ત્યાં નાગભવનમાં તેણે નાગકુમારોને છૂંદી નાંખ્યા એટલે ભયંકર વિષવાળા, મોટી દાઢવાળા અને બળતા ઝેરવાળા અનેક નાગોએ ટોળે વળીને ભીમને ડંખ દીધા એટલે સ્થિર થયેલું કાલકૂટ વિષ સર્પના વહેતા વિષથી ઊતરી ગયું. તે દાઢવાળા સર્પોના દાંતો તેના મર્મભાગ ઉપર પડયા હતા તોપણ તેની વિશાલ છાતીની દૃઢતાને લીધે તેની ચામડીને પણ ભેદી શક્યા નહોતા. ઝેર ઊતરવાથી ભીમ જાગી ગયો. તેણે સર્વ બંધનોને છેદી નાંખ્યા. અને તે સર્વ સર્પોને પકડીને પછાડવા લાગ્યો. કેટલાક સર્પો ભયભીત થઇને ભાગી છૂટયા. બાકીના સૌ વાસુકિ નાગ પાસે દોડી ગયા. તેઓ સર્પરાજ વાસુકિને કહેવા લાગ્યા કે કોઇએ આ માણસને બાંધીને પાણીમાં ધકેલી દીધો હતો. અમને લાગે છે કે તે વિષ પી ગયો છે. અમે એને નિશ્ચેષ્ટ અવસ્થામાં જોયો હતો. અમે એને ડસ્યા એટલે એ જાગી ઊઠયો અને ભાનમાં આવી ગયો. પછી નાગોની સાથે વાસુકિ ત્યાં આવ્યો. પ્રખર પરાક્રમવાળા મહાબાહુ ભીમને જોવા લાગ્યો. કુન્તીના માતામહ આર્યક નામના નાગરાજે પણ તેને જોયો. તેણે તેને ગાઢ આલિંગન કર્યું. વાસુકિ પણ તેના ઉપર પ્રસન્ન થયો. પાંડુપુત્ર ભીમ વાસુકિના આદેશથી કુંડમાના અમૃતને પીવા લાગ્યો. એના પાનથી સહસ્ત્ર હાથીનું બળ મળતું. ભીમ એ રીતે આઠ કુંડાં ગટગટાવી ગયો. પછી નાગોએ આપેલા દિવ્ય શયનમાં સુખપૂર્વક સૂઇ ગયો."

કૌરવો તથા પાંડવો રથો, હાથીઓ, ઘોડાઓ અને અન્ય અનેક વાહનોમાં બેસીને ભીમ વિના હસ્તિનાપુર જવા નીકળ્યા. કેટલાકે ભીમ આગળ ગયો છે એવું માની લીધું.

હસ્તિનાપુરમાં પહોંચ્યા પછી ભીમને ના જોવાથી તેમના દુઃખનો ને સંશયનો પાર રહ્યો નહીં.

કુંતી પણ દુઃખમાં ડૂબી ગઇ. એણે વિદુરને કહ્યું કે ભીમ સદા દુર્યોધનની આંખમાં ખૂંચી રહ્યો છે. દુર્યોધન દુષ્ટબુદ્ધિ, ક્રુર, ક્ષુદ્ર, રાજ્યલોભી ને નિર્લજ્જ છે. એણે ભીમને મારી નાખ્યો હશે ? મારું મન એના વિચારથી બહાવરું બન્યું છે ને કાળજું બળી રહ્યું છે.

વિદૂરે એને આશ્વાસન આપ્યું.

આઠમા દિવસે ભીમ જાગ્યો ત્યારે અમૃતરસનું પાચન થવાથી અજોડ બળવાળો બની ગયેલો.

સર્પોએ એને આશીર્વાદ આપતાં જણાવ્યું કે તું દસ હજાર હાથીના જેવો બળવાન બનશે ને યુદ્ધમાં અજય રહેશે.

અનેક અલૌકિક અલંકારોથી અલંકૃત થઇને એમની અનુજ્ઞા મેળવીને ભીમ એમની સક્રિય સહાયથી છેવટે હસ્તિનાપુરમાં આવ્યો ત્યારે સૌને શાંતિ થઇ.

ભીમે સૌને પોતાની આપવીતી કહી સંભળાવી. યુધિષ્ઠિરે સૌને શાંત અને સાવધાન રહેવાની સલાહ આપી.

પરંતુ દુર્યોધન તો પાંડવોને પજવવા કૃતનિશ્ચય હતો. એણે થોડા વખત પછી યુધિષ્ઠિરના પ્રિય સારથિનો નાશ કરાવ્યો. વળી ભીમને ભોજનમાં નવું, તીક્ષ્ણ, જલદ કાલકૂટ વિષ અપાવ્યું. પાંડવોને યુયુત્સુ દ્વારા તેની માહિતી મળી.

ભીમ પોતાની અપવાદરૂપ અનંત શક્તિથી તે વિષને કોઇ પણ પ્રકારના નુકસાન કે વિકાર વિના પચાવી ગયો. એ વિષ એનો વાળ પણ વાંકો ના કરી શક્યું.

દુર્યોધન, કર્ણ તથા શકુનિ બીજા કૌરવોની સાથે મળીને પાંડવોને હાનિ પહોંચાડવા અને હણવા પ્રયત્નો કરતા રહેતા પરંતુ સફળ નહોતા થતા. તેમના મનની મુરાદ મનમાં જ રહી જતી. પાંડવોની અજબ રીતે રક્ષા થતી. એ બધું જાણીને પાંડવોને દુઃખની તેમજ ક્રોધની લાગણી થઇ આવતી, પરંતુ વિદુરની સલાહને અનુસરીને તે પોતાના પ્રતિકૂળ મનોભાવોને પ્રગટ કર્યા સિવાય શાંત જ રહેતા.

દુર્યોધનાદિ કૌરવોના કાયમ માટેના દુર્વ્યવહારને લીધે કુટુંબમાં કટુતા, કલેશ અથવા વૈમનસ્યનાં વિનાશબીજ વવાયલાં. તે એમનું આગળનું કાર્ય કર્યે જતાં.

રાજા ધૃતરાષ્ટ્રે તેમના શિક્ષણ માટે કૃપાચાર્યને નિયુક્ત કર્યા.

દુર્યોધનનો દુર્બુદ્ધિયુક્ત દુર્વ્યવહાર દિનપ્રતિદિન વધતો જ ગયો. મહાભારતના મહાગ્રંથની મદદથી એનું ક્રમિક અવલોકન કરી શકાશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૮. દ્રોણની અવહેલના

ઉત્તમ વ્રતનિયમવાળા, ગંગાદ્વાર આગળ વાસ કરતા, ભરદ્વાજ નામે મહાન ઋષિ.

એમના દ્રોણ નામના પુત્ર.

મહર્ષિ ભરદ્વાજના મિત્ર રાજા પૃષતાનો પુત્ર દ્રુપદ.

દ્રોણ અને દ્રુપદ બંને લગભગ સમવયસ્ક.

એ બંનેની વચ્ચે મિત્રતાનો સંબંધ થયો.

ક્ષત્રિયક્ષેત્ર રાજપુત્ર દ્રુપદ રોજ મહર્ષિ ભરદ્વાજના શાંત એકાંત કુદરતી સૌન્દર્યસંપન્ન આહ્લાદક આશ્રમમાં જઇને દ્રોણ સાથે કલાકો સુધી ક્રીડા કરતો અને અધ્યયનરત રહેતો.

રાજા પૃષતના અવસાન પછી દ્રુપદનો ઉત્તર પાંચાલના રાજા તરીકે અભિષેક કરવામાં આવ્યો.

મહર્ષિ ભરદ્વાજના સુખદ સ્વર્ગારોહણ પછી પરમતપસ્વી દ્રોણે ગંગાના એ પવિત્ર તટવર્તી સ્થાનમાં રહીને તપ કરવા માંડયું. વેદવેદાંગમાં વિદ્વાન તથા સતત તપશ્ચર્યાના અનુષ્ઠાનથી નિર્મળ બનીને શરદવાનની સુપુત્રી કૃપી સાથે લગ્ન કર્યું.

ધર્માચરણ, ઇન્દ્રિયદમન અને અગ્નિહોત્રમાં તત્પર કૃપીને દ્રોણ દ્વારા અશ્વત્થામા નામે પુત્ર થયો. જન્મતાંની સાથે જ એણે ઉચ્ચૈઃશ્રવા નામના અશ્વની પેઠે હણહણાટ કરવાથી એનું નામ અશ્વત્થામા પડયું.

દ્રોણે મહેન્દ્ર પર્વત પર પહોંચીને ભૃગુનંદન પરમ શક્તિશાળી પરશુરામ પાસેથી ઉત્તમ પ્રકારનાં અલૌકિક અસ્ત્રોને પ્રાપ્ત કરીને એમના અસાધારણ અનુગ્રહથી એમના પ્રયોગ, ઉપસંહાર અને રહસ્યના સર્વશ્રેષ્ઠ જ્ઞાનની ઉપલબ્ધિ કરી. ધનુર્વેદના સાંગોપાંગ સંપૂર્ણ શિક્ષણને પણ મેળવી લીધું.

એવી રીતે સર્વ પ્રકારે કૃતાર્થ થઇને દ્રોણ પોતાના વિદ્યાવસ્થાના પરમપ્રિય ઘનિષ્ઠ મિત્ર રાજા દ્રુપદ પાસે પહોંચ્યા. એમણે પોતાની પુરાતન પ્રીતિ તથા મૈત્રીને યાદ કરીને દ્રુપદ સાથે એના અનુસંધાનમાં નિખાલસપૂર્વક વાર્તાલાપ કરવા માંડયો, પરંતુ દ્રુપદે એમનો સમુચિત સત્કાર ના કર્યો. તે હવે મિત્રતાને રાજ્યસુખના મદમાં પડીને કે કોઇક બીજા કારણે ભૂલી ગયેલો. એ ઉભયની મિત્રતા રામ અને સુગ્રીવની કે કૃષ્ણ અને સુદામાની મિત્રતાની પેઠે પારદર્શક તેમજ ચિરસ્મરણીય રહેવા નહોતી સરજાયલી. કૃષ્ણે ઉજ્જયિની નગરીમાં સાંદીપનિ મુનિના ગુરૂકુળમાં રહીને સાથે ભણેલા પોતાના સાધારણ સ્થિતિવાળા સન્મિત્ર સુદામાનો વરસો પછી દ્વારિકામાં પોતાની સર્વોપરી સમૃદ્ધિના સ્વર્ણ સમયમાં સંપૂર્ણ સન્માન સાથે સમુચિત સત્કાર કરીને દીનહીન અભાવગ્રસ્ત સુદામાને લેશ પણ ઓછું આવવા ના દીધું. એમણે સંસારના સાંસ્કૃતિક ઇતિહાસને મૈત્રીનું આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું. રામ અને સુગ્રીવે પણ છેવટ સુધી એકમેકની પડખે રહીને, એકમેકમાં સુખદુઃખને પોતાનાં સમજીને, એકમેકને ઉપયોગી થવા માટે બનતું બધું જ કરી બતાવ્યું. દ્રુપદ તથા દ્રોણના સંબંધમાં એથી ઊલટું જ બન્યું. દ્રોણના મૈત્રીપૂર્ણ વ્યવહારના બદલામાં દ્રુપદે ક્રોધ અને આવેશમાં ભ્રકુટિને ચઢાવીને, લોચનને લાલ કરીને ઐશ્વર્ય મદથી ઉન્મત્ત બનેલા અંતઃકરણની ઓળખાણ આપતાં જે ઉદ્દંડ વચનો કહ્યા તે એકદમ અનુચિત, દાઝયા પર ડામ દેનારા અને શત્રુને છાજે તેવાં હતાં. એ વચનો દ્રોણને માટે અસહ્ય બની ગયાં અને એનું પરિણામ અતિશય અશુભ આવ્યું.

એ વચનો દ્રોણને માટે મર્મભેદક બની ગયાં.

એ અવિવેકયુક્ત વિષ કરતાં પણ વધારે વિષમય વચનો આ રહ્યાઃ

"હે બ્રહ્મન્ ! તમારી બુદ્ધિ એકદમ અપરિપક્વ, સ્વાનુભવ અને સમજણ વગરની છે. તમે સાહસપૂર્વક કહ્યું કે હું તમારો મિત્ર છું. હે મંદબુદ્ધિ ! ઐશ્વર્યસંપન્ન રાજાઓને ઐશ્વર્યહીન અને ધનભ્રષ્ટ મનુષ્યો સાથે મૈત્રી નથી જ હોતી. માનો કે એવી મૈત્રી હોય તોપણ વખત વીતતાં તે મૈત્રી જીર્ણ થઇ જાય છે.પૂર્વે મારી તમારી સાથે સમાન સામર્થ્ય બંધનરૂપે મૈત્રી હોય તોપણ કોઇના પણ હૃદયમાં મૈત્રી અજરામર રહેતી નથી. કાળ એને છૂટી પાડે છે અથવા ક્રોધ ઉખેડી નાખે છે. એ જીર્ણ મૈત્રીને ઉપાસો નહીં. દૂર કરો. તે વખતે તમારી સાથે મારે કોઇ પ્રયોજન નિમિત્તે મૈત્રી થઇ હતી. દરિદ્રી ધનવાનનો મિત્ર ના હોય, તેમ અવિદ્વાન વિદ્વાનનો મિત્ર ના હોય. ષંઢ કદી પણ શૂરવીરનો મિત્ર ના હોય. તમે જૂની મૈત્રીને શા માટે આગળ કરો છો ? ધનમાં સરખા અને વિદ્વત્તામાં સમાન હોય તેમની વચ્ચે જ વિવાહ તથા મૈત્રી થાય છે. જે શ્રોત્રીય નથી તે શ્રોત્રીય નો મિત્ર નહીં થાય. જે રથવાળો નથી તે રથવાળાનો મિત્ર નહીં થાય. જે રાજા નથી તે રાજાનો મિત્ર નહીં થાય. તો પછી તમે શા માટે અગાઉની મૈત્રીને આગળ લાવો છો ? મને તેની સ્મૃતિ સુખદ નથી લાગતી. એ મારા પર કોઇ પ્રકારનો સહેજ પણ પ્રભાવ નથી પાડતી."

દ્રુપદના શબ્દોને સાંભળીને દ્રોણાચાર્ય ક્રોધે ભરાયા.

એ શબ્દો, એમની પાછળની વ્યંજના સાથે એમને માટે અતિશય અશાંતિદાયક બની ગયા.

પાંચાલપતિ દ્રુપદ પ્રત્યેની કટુતા, દ્વેષ તથા પ્રતિશોધ ભાવનાને હૃદયમાં ધારણ કરીને તે હસ્તિનાપુર પહોંચ્યા.

હસ્તિનાપુરમાં કૃપાચાર્યને ત્યાં ગુપ્તરૂપે રહીને એ પાંડવોને અસ્ત્રવિદ્યા શીખવવા લાગ્યા.

દ્રુપદે કરેલી ઘોર અવહેલનાને એ કેમે કરીને ભૂલી શકતા ન હતા.

એ અવહેલના આગળ જતાં દ્રુપદને માટે અમંગલ આપનારી અથવા અભિશાપરૂપ નીવડી. મહાભારતના મહાયુદ્ધમાં એનો ફાળો પણ નોંધપાત્ર હતો.

કોઇએ કોઇ સામાન્ય માનવનું પણ અપમાન શા માટે કરવું જોઇએ ? કોઇએ કોઇની પણ અવજ્ઞા શાને માટે કરવી જોઇએ ? સૌએ પદ, પ્રતિષ્ઠા, ધન, યશ, યૌવન, સૌન્દર્યથી ઉદ્દંડ બનવાને બદલે નમ્ર અને સેવાભાવી બનવું જોઇએ.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૯. ભીષ્મની ગુણદર્શીતા

માનવીની અસાધારણતા, લોકોત્તરતા કે ગુણવત્તા કાંઇ કાયમ માટે છૂપી રહી શકે છે ? માનવ ગુપ્તરૂપે રહેતો હોય કે રહેવા માગતો હોય તોપણ એની ગુણવત્તા અથવા વિશિષ્ટતા સુદીર્ઘ સમય સુધી ગુપ્ત નથી રહી શકતી. સંગપ્રસંગે, એક અથવા બીજા નિમિત્તથી તે પ્રગટે છે, પ્રત્યક્ષ બને છે, કે પાંગરે છે. અભ્રના આવરણ પાછળનો ચંદ્ર કયાં સુધી છૂપો રહી શકે ? શેવાળથી વચગાળાના વખતને માટે ઢંકાયેલું પાણી કાંઇ કાયમ કાજે ઢંકાયલુ રહી શકે ? અજાના જૂથની વચ્ચે વસનારો સિંહ ક્યાં સુધી અજ્ઞાત રહે ? દ્રોણની અસાધારણ પ્રતિભા પણ વધારે વખત સુધી અદૃષ્ટ અથવા અપરિચિત રહી શકી નહીં. એમનું વિરાટ વ્યક્તિત્વ મેઘમંડળને ભેદીને બહાર નીકળનારા, એને મંડિત કરનારા, મેઘધનુની પેઠે પ્રત્યક્ષ બન્યા વિના રહી શક્યું નહીં. એના પરિણામે અનેકનું હિત સધાયું.

એકવાર પાંડવો હસ્તિનાપુરની બહાર નીકળીને ગિલ્લીદંડા રમતાં બધે સ્વેચ્છાપૂર્વક ફરવા લાગ્યા.

ગિલ્લીદંડાની રસપૂર્ણ રમત રમતાં તેમની ગિલ્લી કૂવામાં પડી ગઇ.

એમના રંગમાં એવી રીતે એકાએક ભંગ પડ્યો.

ગિલ્લીને કૂવામાંથી બહાર કાઢવા માટે એમણે બનતા બધા પ્રયત્નો કરી જોયા પરંતુ તે પ્રયત્નો સફળ થયા નહીં ત્યારે એ એકદમ નિરાશ થઇ ગયા.

એમની સઘળી ચેષ્ટાઓને દ્રોણ પાસે ઊભા રહીને જોઇ રહેલા. એ મંદમંદ સ્મિત કરીને કહેવા માંડયા કે તમારા ક્ષાત્રબળને તથા તમારી અસ્ત્રસિદ્ધિને ધિક્કાર છે. ભરતના વિખ્યાત વંશમાં જન્મવા છતાં એક સાધારણ ગિલ્લીને કૂવાની બહાર કાઢી શકતા નથી ? હું ગિલ્લી તથા વીંટી બંનેને તણખલાંની સળીઓની મદદથી બહાર કાઢી આપું છું.

શ્યામ વર્ણના, દુઃખમાં ડૂબેલા, મસ્તક પર શ્વેત કેશવાળા, શુષ્ક મુખાકૃતિવાળા, પુરુષાર્થપરાયણ દ્રોણે એવું કહીને પોતાની વીંટીને પાણી વિનાના કૂવામાં નાખી દીધી, અને તણખલાંની સળીઓની મૂઠિકાને અસ્ત્રવિદ્યાથી અભિમંત્રીને એક સળીથી ગિલ્લીને ભેદી, તે સળીને બીજી સળી સાથે સાંધી, બીજી સળીને ત્રીજી સળી સાથે જોડીને, ગિલ્લીને તરત જ બહાર કાઢી. એ પછી એમણે ધનુષબાણને ધારણ કરી, ધનુર્વિદ્યાના અસાધારણ પ્રયોગથી વીંટીને બાણથી વીંધીને બાણ સાથેની વીંટીને કૂવામાંથી બહાર કાઢી.

એ બધું નિહાળીને પાંડવો આશ્ચર્યચકિત બન્યા અને અંજાઇ ગયા.

એમણે એમને વંદીને એમનો પરમપૂજ્ય ભાવે પરિચય પૂછયો તો એમણે એ અનુભવપ્રસંગને ભીષ્મની પાસે પહોંચીને વર્ણવવાની આજ્ઞા આપી.

કુમારોનો સ્વાનુભવપ્રસંગ સાભળીને ભીષ્મે દ્રોણને ઓળખી કાઢયા. એમને સામે જઇ સમુચિત સત્કાર કરીને એ પોતાની સાથે લઇ આવ્યા.

ભીષ્મ પોતે પરમ ધનુર્વિદ શસ્ત્રાસ્ત્ર વિદ્યાથી સંપન્ન હોવાં છતાં પણ દ્રોણને સમુચિત રીતે સન્માનીને પોતાની સાથે લઇ આવ્યા એ શું બતાવે છે ? - એમની અસાધારણ વિનમ્રતા અને ઊંડી ગુણગ્રાહકતા. હીરાની પરીક્ષાને - ગુણવત્તાને ઝવેરી જ જાણે તેમ એમણે દ્રોણની લોકોત્તરતાને પારખીને મૂલવી બતાવી.

એમાં એમની અંગત સ્વાર્થવૃત્તિ કે ઇર્ષા, ગુરુતાગ્રંથિ વચ્ચે ના આવી. કેટલી મહાન ગુણદર્શિતા ! એવી ગુણદર્શિતા સમાજમાં વધે ને વ્યાપક બને તો ?

ભીષ્મે દ્રોણના આગમનના પ્રયોજન વિશે પૂછ્યું એટલે દ્રોણે પોતાની આપવીતીને સંભળાવતાં કહેવા માંડયું :

"હું અસ્ત્રપ્રાપ્તિ માટે ધનુર્વેદ શીખવવાની ઇચ્છાથી પ્રેરાઇને મહર્ષિ અગ્નિવેશ પાસે ગયેલો. ત્યાંથી બ્રહ્મચારી રહીને, મનને વશ રાખીને, જટા ધારણ કરીને તથા ગુરુસેવાપરાયણ રહીને, ઘણાં વર્ષો સુધી રહેલો. પાંચાલપતિનો યજ્ઞસેન નામનો સમર્થ મહાબળવાન રાજપુત્ર પણ ધનુર્વિદ્યા અને અસ્ત્રવિદ્યા માટે ત્યાં રહેતો હતો. અમે બંને મિત્રો થયેલા. બાળપણથી માંડીને અમે સાથે અધ્યયન કર્યું. મારા તે મિત્રે મને કહેલું કે હું મારા પિતાનો પ્રિયતમ પુત્ર છું. પાંચાલપતિ જ્યારે રાજ્યાભિષેક કરશે ત્યારે તને તે રાજ્ય ભોગવવા મળશે. હું આ તને સાચેસાચ શપથપૂર્વક કહું છું. પછી અમે છૂટા પડયા, ને મેં લગ્નજીવનમાં પ્રવેશ કર્યો. મારે અશ્વત્થામા નામે પુત્ર થયો. એકવાર ધનવાનના પુત્રોને ગાયનું દૂધ પીતા જોઇને બાળક અશ્વત્થામા રડ્યો ત્યારે હું દિગ્મૂઢ જેવો થઇ ગયો. હું એકથી બીજા છેડા સુધી ફરી વળ્યો તોપણ મને દૂઝણી ગાય ના મળી ! મેં મારા પ્રિય પુત્રને સાથે લીધો અને પૂર્વના સ્નેહ અનુરાગનું સ્મરણ કરીને હું પત્ની સાથે દ્રુપદ રાજા પાસે ગયો. તે ગાદીપતિ થયો છે એવું સાભળીને હું મને કૃતાર્થ માનવા લાગ્યો. તેની મૈત્રીને તથા તેના પૂર્વવચનને સંભારીને હું પ્રીતિપૂર્વક તે રાજ્યારૂઢ પ્રિય મિત્રને મળ્યો. પણ તેણે તો મને અજાણ્યા જેવો ગણીને હસી કાઢયો ને જણાવ્યું કે તમારી બુદ્ધિ કાચી અને સમજ વિનાની છે. એટલે તમે સાહસપૂર્વક બોલી બેઠા છો કે હું તમારો મિત્ર છું. પહેલાં મારે તમારી સાથે સામર્થ્યના બંધનરૂપે મૈત્રી હતી પણ વખતના વીતવાની સાથે તે મૈત્રી જીર્ણ થઇ છે. સખ્ય તો સમાન સ્થિતિવાળાઓમાં જ હોય છે. વિષમ સ્થિતિવાળાઓમાં નથી હોતું. કોઇનું પણ સખ્ય અજર રહેતું નથી. તમે એ જીર્ણ મૈત્રીને ના ઉપાસો. એને દૂર જ કરો. તમારી સાથે મારે પ્રયોજન નિમિત્તે મૈત્રી હતી. અનંત ઐશ્વર્યયુક્ત ભૂપાલોને ઐશ્વર્યહીન અને ધનભ્રષ્ટ મનુષ્યો સાથે ક્યારેય સખ્ય હોય નહીં. તમારે માટે મેં કોઇ પ્રતિજ્ઞા કરી હોય તો મને તેનું સ્મરણ નથી."

"તેણે એવું કહ્યું એટલે એ પ્રતિજ્ઞાને હું થોડા જ વખતમાં પૂરી કરીશ એમ કહીને હું પત્ની સાથે ત્યાંથી ચાલી નીકળ્યો. દ્રુપદનાં વચનથી મને રોમેરોમે ક્રોધ વ્યાપ્યો. પછી હે ભીષ્મ ! ગુણવાન સુયોગ્ય શિષ્યોને મેળવવા માટે હું અહીં કુરુપ્રદેશમાં આવ્યો છું. તમે મને રમ્ય હસ્તિનાપુરમાં લાવ્યા છો." દ્રોણે એવું જણાવ્યું એટલે ભીષ્મે કહ્યું કે તમે કુમારોને અસ્ત્રવિદ્યા શીખવો. કુરુઓના ભવનમાં તમે માનસહિત પ્રીતિપૂર્વક ભોગોને ભોગવો. કુરુઓનું ધન તેમજ રાજ્ય તમારું જ છે. કુરુઓ તમારા જ છે એમ માનો. તમે અમને અમારા સદભાગ્યે સાંપડ્યા છો. તમે અમારા પર મહાન કૃપા કરી છે.

ભીષ્મના સ્નેહપૂર્ણ સમુચિત સત્કારથી દ્રોણ પ્રસન્ન થયા. એમનું મન હળવું બન્યું અથવા રાહતને અનુભવવા લાગ્યું.

ભીષ્મે કૌરવોને બોલાવીને એ પરમપ્રતાપી મહાપુરુષને શિષ્યો તરીકે સુપરત કર્યા.

એમના હસ્તિનાપુરના નિવાસ માટે એક સુંદર સુસજ્જ સુવ્યવસ્થિત મકાન પણ આપવામાં આવ્યું.

એ મકાનમાં પ્રવેશીને એમની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં.

એમને પ્રચુર ધન પણ આપવામાં આવ્યું.

એમણે અવર્ણનીય આનંદનો અનુભવ કરતાં કૌરવો તથા પાંડવોને પોતાના શિષ્યો તરીકે સ્વીકારીને સર્વોત્તમ અમોઘ અસ્ત્રવિદ્યાથી અલંકૃત કરવાનાં સ્વપ્નાં સેવવા માંડ્યા.

એમનું હિત એમના હૈયે વસ્યું.

ભીષ્મની અસાધારણ ગુણદર્શિતાને લીધે કૌરવ-પાંડવોને દ્રોણાચાર્ય જેવા મહાન સર્વશ્રેષ્ઠ સિદ્ધહસ્ત ધનુર્ધરની પ્રાપ્તિ થઇ. પરિણામે સમસ્ત કુરુકુળને લાભ થયો.

આપણે બીજાની ગુણવત્તા, વિશેષતા અથવા અસાધારણતાને અવલોકીને બેસી રહીએ એ બરાબર નથી. બીજાની ગુણવત્તા, વિશેષતા અથવા અસાધારણતાનો આદર કરવાની આવશ્યકતા છે. આપણે એનો આદર કરીએ એટલું જ નહીં પરંતુ એથી આગળ વધીને એને અનુમોદન અને ઉત્તેજન આપીએ અને એનો બનતા પ્રમાણમાં વધારે ને વધારે પ્રચાર કરીએ, એની જાહેરાત કરીએ, એ પણ એટલું જ આવશ્યક છે. એવી વૃત્તિ તથા પ્રવૃત્તિથી આપણને પોતાને અને બીજાને લાભ પહોંચશે.

☼ ☼ ☼ ☼ ☼



# ૪૦. અર્જુનની પ્રતિજ્ઞા

કૌરવોને અને પાંડવોને શિષ્ય તરીકે સ્વીકાર્યા પછી દ્રોણાચાર્યે એમને ધનુર્વિદ્યાનું અને અલૌકિક શસ્ત્રાસ્ત્રોનું શિક્ષણ આપવા માંડયું.

પોતાના અસાધારણ અમોઘ અનુભવના આધાર પર એમણે એમને તાલીમ આપવા માંડી.

હસ્તિનાપુરનો નિવાસ અને પરમપ્રતાપી ભીષ્મ સરખા સત્પુરુષનો સમાગમ એમને સારુ સંપૂર્ણપણે શ્રેયસ્કર થઇ પડ્યો. એમને લીધે કૌરવ-પાંડવોને અનેરો લાભ થવા લાગ્યો. એમનો જીવનપ્રવાહ પલટાયો.

પરંતુ હસ્તિનાપુરના અસાધારણ સુખસમૃદ્ધિભર્યા, સંપત્તિછલેલા, જીવનને સાર્થક કરવાની શક્યતાવાળા, પરમ જાજ્વલ્યમાન જીવનમાં પણ એ ભૂતકાળના કટુ અનુભવપ્રસંગનું વિસ્મરણ ના કરી શક્યા. એ પીડાજનક પ્રતિકૂળ પ્રસંગને એ વારંવાર વાગોળવા લાગ્યા. રાજા દ્રુપદ દ્વારા કરવામાં આવેલા પોતાના અસહ્ય અપમાનનો પ્રસંગ.

એને દિનપ્રતિદિન તાજો રાખીને અને અવનવો બનાવીને એમણે દ્રુપદ પ્રત્યેના પ્રતિશોધભાવને વધારેલો કે બળવાન બનાવેલો. યજ્ઞકુંડની અગ્નિજ્વાળામાં ઘીની આહુતિ પડે તેમ.

દ્રુપદના દુર્વ્યવહારનો બદલો લેવાની લાગણીએ એમના અંતઃકરણમાં જોર પકડેલું. એમના શબ્દકોશમાં ક્ષમા નામનો શબ્દ જાણે લખાયેલો જ નહીં. ક્ષમા વીરસ્ય ભૂષણમ્ એ પરંપરાગત પ્રચલિત સુપ્રસિદ્ધ સૂત્રનો એમને મન જાણે કે કશો અર્થ જ નહોતો. એ સૂત્ર એમને માટે નિરર્થક બની ગયેલું.

દ્રુપદે મિત્ર તરીકે મદદ કરવાને બદલે, મદદનો મનોરથ લઇને મળ્યા ત્યારે, પોતાની ઘોર અતિઘોર અવહેલના કરી એ પ્રસંગ એમના પ્રાણને પાર વિનાની પીડા પહોંચાડી રહેલો.

એ પીડાને શાંત કરવાનો એમણે સંકલ્પ કરેલો. એટલે તો કૌરવો અને પાંડવોને એકાંતમાં બેસાડીને એમણે એકવાર જણાવ્યું કે મેં જે કરવા ધાર્યું છે તે મારા મનમાં ઘોળાયા કરે છે. તમારે સૌએ શસ્ત્રાસ્ત્ર વિદ્યાને શીખીને મારું તે કાર્ય પૂર્ણ કરવાનું છે. દ્રુપદને કોઇપણ પ્રકારની દયા વિના દંડ દેવાનું કાર્ય. તે કાર્ય પૂરું થશે ત્યારે જ મને શાંતિ થશે.

દ્રોણાચાર્યના શબ્દોને સાંભળીને સઘળા કૌરવશિષ્યો શાંત રહ્યા પરંતુ અર્જુને એમના કાર્યને પૂર્ણ કરવાની પ્રતિજ્ઞા લીધી.

એ પ્રતિજ્ઞાથી દ્રોણાચાર્ય પ્રસન્ન થયા અને અર્જુનને ભેટી આનંદમાં અશ્રુ સારવા લાગ્યા.

ગુરુ શિષ્યની અંદર પ્રતિશોધ ભાવ જગાવવા અને દૃઢાવવાને બદલે દયા, પ્રેમ તથા ક્ષમાના દિવ્ય ભાવોને પોષે છે ને વધારે છે. પરંતુ દ્રોણાચાર્ય એવા સદગુરુ ન હતા, ધનુર્વિદ્યાના ગુરુ હતા. જીવનમાં બીજી ભૌતિક સ્થૂળ વિદ્યાઓની અને સુખોપભોગની સાધનસામગ્રી કે સંપત્તિની સાથે સાથે આધ્યાત્મિકતાની અભિરુચિ અને અભિવૃદ્ધિ પણ હોવી જોઇએ. તો જ જીવન આદર્શ અને અનુકરણીય બની શકે. એવું જીવન જ પોતાને ને બીજાને મંગલ માર્ગદર્શન ધરે. એવા જ્યોતિર્મય જીવનનો મહામંત્ર વેર નહિ પણ પ્રેમ, ભયને બદલે નિર્ભયતા, હોય.

☼ ☼ ☼ ☼ ☼

# ૪૧. એકલવ્યની ગુરુદક્ષિણા

દ્રોણાચાર્યે કૌરવો તથા પાંડવોને ધનુર્વિદ્યામાં અને અનેક પ્રકારનાં અસામાન્ય શસ્ત્રાસ્ત્રોના પ્રયોગમાં પારંગત કરવા માંડયા ત્યારે કેટલાક બીજા રાજાઓ અને રાજપુત્રો પણ એમની પાસે શસ્ત્રવિદ્યાને શીખવાની આકાંક્ષાથી એકઠા થયા. વૃષ્ણીઓ, અંધકો અને કર્ણે પણ એમની પાસે પહોંચીને એમની અસાધારણ વિદ્યાશક્તિનો લાભ લેવા માંડયો.

સૂતપુત્ર કર્ણ અર્જુનની સ્પર્ધા કરતો અને દુર્યોધનનો આશ્રય લઇને પાંડવોને અપમાનિત બનાવતો.

અર્જુન ધનુર્વેદનું વધારે ને વધારે જ્ઞાન મેળવવાની મહેચ્છાથી પ્રેરાઇને સદા દ્રોણાચાર્યની સાથે રહેતો. ઉત્તમ શસ્ત્રાસ્ત્રોના પ્રયોગમાં, શીઘ્રતામાં તથા સરળતામાં અર્જુન સર્વે શિષ્યો કરતાં ઉત્તમ બન્યો. દ્રોણાચાર્ય પોતે પણ એનું વિશેષ ધ્યાન રાખીને એને સવિશેષ સ્નેહથી નિહાળવા લાગ્યા.

પોતાના પુત્ર અશ્વત્થામાને પણ એ અનુકૂળતા મળતાં કેટલાક વિશિષ્ટ પ્રયોગો શીખવવા માંડયા.

અર્જુનની ગુરુભક્તિ, શ્રદ્ધાભક્તિ અને શસ્ત્રાસ્ત્રવિદ્યાને ગ્રહણ કરવાની અસાધારણ શક્તિથી પ્રસન્ન થઇને એમણે એને જણાવેલું કે જગતમાં તારા જેવો કોઇ બીજો ધનુર્ધર ના થાય તેનું હું ધ્યાન રાખીશ.

એ દિવસોમાં નિષાદરાજ હિરણ્યધનુનો પુત્ર એકલવ્ય એમની પાસે વિદ્યાપ્રાપ્તિની ઇચ્છાથી ઉપસ્થિત થયો.

એણે પોતાને શિષ્ય તરીકે સ્વીકારવાની માગણી કરી પરંતુ એને ભીલપુત્ર જાણીને અને અન્ય રાજકુમારોનો વિચાર કરીને એમણે એનો શિષ્ય તરીકે સ્વીકાર ના કર્યો.

એકલવ્ય સુદૃઢ શ્રદ્ધાભક્તિ ધરાવતો હોવાથી નિરાશ ના થયો.

એણે દ્રોણાચાર્યને પરમ પૂજ્યભાવે વંદી, મનોમન ગુરૂ બનાવી, ત્યાંથી પ્રયાણ કરીને અરણ્યમાં જઇને એમની માટીની મૂર્તિ બનાવીને એની આગળ ધનુર્વિદ્યાના પ્રયોગોને પ્રારંભ્યા.

ગુરુએ શિષ્યનો સ્વીકાર ના કર્યો પરંતુ તેથી શું થયું ? શિષ્યે ગુરુનો સ્વીકાર કરી લીધો એટલે એનું કામ થઇ ગયું. એની ભાવનાનો વિજય થયો. એની સાધનાની સફળતાનો માર્ગ મોકળો બન્યો.

શિષ્ય ગુરુમાં શ્રદ્ધા રાખે ને ગુરુને સર્વસમર્પણ કરીને પોતાના મનમાં અથવા અંતરના અંતરતમમાં ધારે એટલે એનું કાર્ય મહદઅંશે પરિપૂર્ણ થાય.

માટીની મૂર્તિમાં ગુરુની ભાવના કરીને એકલવ્યે યમનિયમનું પરિપાલન કરીને પોતાની જાતને ધનુર્વિદ્યાના તથા શસ્ત્રાસ્ત્રવિદ્યાના પ્રયોગોમાં જોડી દીધી.

મક્કમ અને એકાગ્ર મનને લીધે સ્વલ્પ સમયમાં તો એ એમની પરાકાષ્ઠા પર પહોંચી ગયો. સહજ સંપૂર્ણ સિદ્ધિને પામ્યો.

એક વાર દ્રોણાચાર્યની આજ્ઞાથી કૌરવો અને પાંડવો મૃગયા માટે રથોમાં બેસીને વનમાં નીકળ્યા. ત્યાં એમણે શિકાર કરવાના સાધન તથા કૂતરા સાથે વિચરતા કોઇક માનવને નિહાળ્યો.

તે કૂતરો વનની વાટે એકલો આગળ વધીને ધનુર્વિદ્યાના પ્રયોગો કરતા એકલવ્ય પાસે પહોંચી ગયો.

જટાધારી એકાંત પ્રિય એકલવ્યને જોઇને તે ભસવા માંડયો એટલે એકલવ્યે એને ભસતો બંધ કરવા માટે એના મુખમાં કુશળતાપૂર્વક સાત બાણ માર્યા.

એ બાણથી કૂતરો મર્યો નહીં કે ઘાયલ ના થયો. ફક્ત મૂંગો બની ગયો.

એવી અવસ્થામાં એ પાંડવો પાસે આવીને ઊભો રહ્યો ત્યારે પાંડવો એને અવલોકીને આશ્ચર્યચકિત બની ગયા. એમની બુદ્ધિ કે સમજશક્તિ કાંઇ કામ ના કરી શકી.

એવી ધનુર્વિદ્યાની પારંગતતા એમણે ક્યાંય કોઇ વાર પેખી નહોતી.

એની કલ્પના પણ નહોતી કરી.

બાણ મારનારની પારંગતતાની તે પ્રશંસા કરવા લાગ્યા.

વનમાં વિહરતા પાંડવો આખરે વનની અંદરના ભાગમાં વસીને ધનુર્વિદ્યાના પ્રાણવાન પ્રયોગો કરનારા યુવાન એકલવ્ય પાસે પહોંચી ગયા. એકલવ્યનું બાહ્ય સ્વરૂપ બદલાઇ ગયું હોવાથી એ એને ઓળખી શક્યા નહીં.

એનો પરિચય પૂછવામાં આવતાં એણે એની ઓળખાણ આપતાં જણાવ્યું કે હું નિષાદરાજ હિરણ્યધનુનો પુત્ર ને દ્રોણાચાર્યનો એકનિષ્ઠ શિષ્ય એકલવ્ય છું.

પાંડવો એનો પરિચય પામીને આશ્ચર્યચકિત અને આનંદવિભોર બનીને પાછા આવ્યા અને દ્રોણાચાર્ય સમક્ષ એની પ્રશંસા કરવા લાગ્યા. એકલવ્યની પ્રશંસા સાંભળીને અર્જુન દ્રોણાચાર્યની આગળ પોતાના વેદનામય મનોમંથનને વ્યક્ત કરતાં જણાવ્યું કે તમે મને સંસારનો સર્વોત્તમ ધનુર્વિદ્યાવિશારદ બનાવવા માંગતા હતા પરંતુ એકલવ્ય મારાથી અનેકગણો આગળ વધી ગયો છે !

અર્જુનને એકલવ્યની ઇર્ષા થઇ. એ તેજોદ્વેષનો શિકાર બની ગયો.

ગુરુ દ્રોણાચાર્ય પણ એવી રીતે જ વિચારવા લાગ્યા. એમણે એકલવ્યને અપંગ કરી નાખવાનો પરમઘાતક પારધિ જેવો ભયંકર સંકલ્પ કર્યો.

અર્જુનને લઇને એ ધનુર્વિદ્યાના સતત પ્રયોગો કરી રહેલા એકલવ્ય પાસે આવી પહોંચ્યા એટલે એકલવ્યે એમને ઓળખીને એમના ચરણોમાં પરમપૂજ્ય ભાવે પ્રણામ કરીને એમનું શિષ્ય તરીકે વિધિપૂર્વક પૂજન કર્યું.

પૂજનવિધિને પૂરી કરીને એ હાથ જોડીને પોતાની શિષ્ય તરીકે ઓળખાણ આપીને ઊભો રહ્યો. એટલે દ્રોણાચાર્યે ગુરુદક્ષિણાનું સ્મરણ કરાવ્યું. એકલવ્યે ગુરુદક્ષિણામાં સર્વકાંઇ સમર્પવાની તૈયારી બતાવી એટલે દ્રોણાચાર્યે સહેજ પણ સંકોચ સિવાય, નિર્દયતાનું નગ્ન અમાનવીય તાંડવનૃત્ય કરાવતાં; એના જમણા હાથનો અંગૂઠો માગી લીધો. જમણા હાથનો અંગૂઠો એટલે ધનુર્વિદ્યાની જીવાદોરી. એના સિવાય ધનુર્વિદ્યાની કલ્પના પણ ના કરી શકાય. સત્યપ્રતિજ્ઞ ગુરુભક્ત એકલવ્યે પ્રસન્નતા તથા ઉદારતાપૂર્વક, પોતાના જમણા હાથના અંગૂઠાને કાપીને ગુરુને અર્પણ કર્યો. કશો વિરોધ કે વિવાદ ના કર્યો.

એકલવ્ય આંગળીઓથી બાણને મારવા લાગ્યો તોપણ પ્રથમની પ્રવીણતાને પ્રાપ્ત ના કરી શક્યો. એની ગુરુભક્તિ શકવર્તી ઠરી ને વિજયી બની, પરંતુ દ્રોણાચાર્યની શિષ્યપ્રીતિ પાંગળી ઠરી. ગુરુદક્ષિણામાં જમણા હાથનો અંગૂઠો માગવાને બદલે દ્રોણાચાર્ય એકલવ્ય પાસે યુદ્ધમાં ભાગ ના લેવાની અથવા ભવિષ્યના

સંભવિત યુદ્ધમાં ને સદા અર્જુનની પડખે ઊભા રહેવાની અને ધનુર્વિદ્યાના વિષયમાં અર્જુનથી આગળ ના વધવાની કે અર્જુનના સમકક્ષ રહેવાની માગણી કરી શક્યા હોત. પરંતુ દ્રોણાચાર્ય તથા અર્જુનને એવું ના સૂઝવાથી એકલવ્ય જેવા નિર્દોષ નવયુવાન આત્માનો એની અદભુત અસાધારણ વિદ્યા સાથે અકાળે જ અંત આવ્યો. યાવચ્ચંદ્રદિવાકરૌ જીવંત રહીને પ્રેરણા પ્રદાન કરતી રહી એની અલૌકિક શ્રદ્ધા અને સમર્પણભાવના. એકલવ્ય અમર બન્યો.

☼ ☼ ☼ ☼ ☼

# ૪૨. અર્જુનની એકાગ્રતા

એકલવ્યની અસાધારણ ધનુર્વિદ્યા-કારકિર્દીનો એકાએક અકલ્પનીય રીતે અંત આવ્યો અને એ વિદ્યાક્ષેત્રમાં પોતાનો કોઇ પ્રતિસ્પર્ધી ના રહ્યો એટલે અર્જુન ચિંતામુક્ત અને પ્રસન્ન બન્યો. એના જીવનના વ્યોમમાં વ્યાપેલાં ભય તેમ જ વિષાદનાં વાદળાં સહેલાઇથી ને સદાને માટે દૂર થઇ ગયાં.

દ્રોણાચાર્ય પાસેથી વિદ્યાને પ્રાપત કરીને ભીમ અને દુર્યોધન ગદાયુદ્ધમાં નિષ્ણાત નીવડયાં. અશ્વત્થામા સઘળી વિદ્યાના ગુપ્તજ્ઞાનમાં સર્વોત્તમ ઠર્યો. નકુલ તથા સહદેવ બંને ખડગવિદ્યામાં બીજા બધા શિષ્યો અથવા સહપાઠીઓ કરતાં નિપુણ થયા. યુધિષ્ઠિર રથીઓમાં શ્રેષ્ઠ બન્યાં. અર્જુન સઘળી વિદ્યાઓમાં સિદ્ધહસ્ત બની ગયો અને રથીઓના દલપતિઓના દલપતિ તરીકે સમુદ્રપર્યંતની પૃથ્વીમાં પ્રસિદ્ધિ પામ્યો.

અસ્ત્રવિદ્યાનું અદભુત અધ્યયન સૌને સમાન રીતે કરાવવામાં આવતું હોવા છતાં પણ અર્જુન એ વિદ્યાક્ષેત્રે સૌથી આગળ વધી ગયો અને દ્રોણાચાર્યનો વિશેષ કૃપાપાત્ર બન્યો.

સૌથી વધારે સામર્થ્યવાન ભીમ અને સઘળી વિદ્યાઓમાં વિશારદ અર્જુનને માટે કૌરવો કટુતા તથા સહજ વિદ્વેષનો વિપરીત ભાવ રાખવા માંડયા.

દ્રોણાચાર્ય એનાથી સુપરિચિત હતા.

એકવાર એમને એ સૌની વેધશક્તિને જાણવાની ઇચ્છા થવાથી, એમણે કુશળ શિલ્પી પાસે એક કુત્રિમ પક્ષીને તૈયાર કરાવ્યું. એને વૃક્ષની ટોચ પર રખાવીને શસ્ત્રાસ્ત્રવિદ્યામાં આગળ વધેલા સઘળા શિષ્યોને એકત્ર કરીને લક્ષ્ય તરીકે ઓળખાવ્યું.

સૌને ધનુષબાણ સાથે એકત્ર થઇ, શરસંધાન કરી, એ પક્ષીને તાકીને ઊભા રહેવા જણાવ્યું.

સૌથી પ્રથમ યુધિષ્ઠિરને પક્ષીને વીંધવા માટે તૈયાર થવાનો આદેશ આપ્યો. એ આદેશને અનુસરીને યુધિષ્ઠિર હાથમાં ધનુષબાણ લઇને ધનુષ પર બાણને ચઢાવીને, વિહંગને વીંધવા માટે તૈયાર થયા એટલે દ્રોણાચાર્યે પૂછયું કે " વૃક્ષની ઉચ્ચોચ્ચ શાખ પર બેઠેલા પેલા પક્ષીને જુએ છે ?"

"જોઉં છું." યુધિષ્ઠિરે ઉત્તર આપ્યો.

"વૃક્ષને, મને, તથા તારા ભાઇઓને પણ જુએ છે ?"

"હા, વૃક્ષને, તમને તથા મારા ભાઇઓને પણ જોઉં છું."

યુધિષ્ઠિરના એ શબ્દોને સાંભળીને દ્રોણાચાર્યે એકદમ અપ્રસન્ન બનીને ઠપકો આપતા હોય એમ જણાવ્યું કે "તારાથી વિહંગને વીંધી શકાશે નહીં. માટે તું એક તરફ હઠી જા."

દ્રોણાચાર્યની આજ્ઞા પ્રમાણે યુધિષ્ઠિરે એક તરફ હઠીને પ્રેક્ષક તરીકે ઊભા રહેવાનું પસંદ કર્યું.

એ પછી દ્રોણાચાર્યે દુર્યોધનને તથા બીજા કૌરવોને, ભીમ અને પાંડવોને, તેમજ જુદાજુદા દેશોના રાજકુમારોને વારાફરતી એવા જ પ્રશ્નો પૂછી જોયા. સૌએ યુધિષ્ઠિર જેવા જ પ્રત્યુત્તરોને પ્રદાન કરવાથી એમને હરીફાઇમાંથી હઠી જવા માટે જણાવ્યું.

સૌએ એમની સૂચનાનો અમલ કર્યો એટલે એમણે અર્જુનને આગળ આવવા માટે કહીને પૂછયું કે "તું પેલા વૃક્ષને, વિહંગને ને મને જોઇ શકે છે ?"

અર્જુને તરત જ ઉત્તર આપ્યો કે "હું તમને કે વૃક્ષને નથી જોતો, પરંતુ એકલા પંખીને જ જોઇ રહ્યો છું."

એના પ્રત્યુત્તરથી પ્રસન્ન બનીને દ્રોણાચાર્યે ફરીવાર પૂછયું કે તું જો પંખીને જ પેખતો હોય તો એ પંખી કેવું છે તે વર્ણવી શકશે ?

અર્જુને વિશેષ સ્પષ્ટીકરણ કરતાં જણાવ્યું કે "હું પક્ષીના મસ્તકને જ જોઉં છું, ધડને નથી જોતો."

દ્રોણાચાર્યે અતિશય આનંદમગ્ન બનીને અર્જુનને બાણ મારવાનો આદેશ આપ્યો એટલે અર્જુને બાણ મારીને પંખીના મસ્તકને ધડથી અલગ કર્યું.

એ અદભુત અદૃષ્ટપૂર્વ પરાક્રમને પેખીને પ્રસન્નતાના પારાવારમાં ડૂબેલા ભાવવિભોર દ્રોણાચાર્યે અર્જુનને આલિંગીને આશીર્વાદ આપ્યા.

એમને ખાતરી થઇ કે અર્જુન યુદ્ધમેદાનમાં દ્રુપદને હરાવી શકશે.

એ પ્રસંગ એ સમયના અન્ય ધનુર્વિદો કરતાં અર્જુનની ઉત્તમતાને પુરવાર કરે છે. પરંતુ એની સાથેસાથે એક અન્ય અગત્યની હકીકત પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે કે કોઇપણ કાર્યની કે વસ્તુની સંપૂર્ણ સિદ્ધિને માટે મનની સ્થિરતા અથવા એકાગ્રતા અનિવાર્યરૂપે આવશ્યક હોય છે. એ વસ્તુ સાથે તન્મય થવું ઘટે છે. ઉપનિષદમાં જણાવ્યું છે કે પ્રણવ ધનુષ્ય છે, આત્માનું બાણ છે, પરબ્રહ્મ પરમાત્માનું પ્રાપ્તવ્ય કે લક્ષ્ય છે. એ લક્ષ્યને, પ્રમાદને પરિત્યાગીને, પરમ પુરુષાર્થી બનીને, એકાગ્રતાપૂર્વક સાવધાન થઇને, વીંધવું જોઇએ, અને છેવટે આત્માને એની સાથે ઓતપ્રોત કરવો જોઇએ.

प्रणवो धनुः शरो हवात्मा, ब्रह्म तल्लक्षमुच्यते ।
अप्रमत्तेन वेद्धव्यं, शरवत्तन्मयो भवेत् ॥

સાધકોને સારુ એમાં સંદેશ સમાયેલો છે. સાધકની ચિત્તવૃત્તિ અન્ય સઘળા પદાર્થોમાંથી પાછી વળીને પરમાત્મામાં પ્રતિષ્ઠા પામે અને એકાગ્ર બને છે ત્યારે એને પરમાત્માનું રહસ્યજ્ઞાન પ્રાપ્ત થાય છે. પરમાત્માનો સાક્ષાત્કાર સાંપડે છે. એકાગ્રતા કેવી અદભુત હોવી જોઇએ એનો ખ્યાલ અર્જુનના એ ઉદાહરણ પરથી આવી શકે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૩. અર્જુનને આશીર્વાદ - દ્રુપદનો પરાજય

જે સૌભાગ્યશાળી હોય છે તેમને લક્ષ્મી સદા સામેથી સ્મિતપૂર્વક આવીને ચાંલ્લો કરતી દેખાય છે.

સફળતા અને સંપત્તિનો એમની ઉપર વરસાદ વરસે છે.

એ સદા સર્વત્ર વિજયી બને છે.

અર્જુનના સંબંધમાં એ વાત સાચી ઠરી.

એકવાર દ્રોણાચાર્યે પવિત્ર ગંગાપ્રવાહમાં સ્નાન કરવાની મહેચ્છાથી પ્રેરાઇને પ્રવેશ કર્યો ત્યારે એમના પગને એક અતિબળવાન મગરે પકડી લીધો.

એમના હૃષ્ટપુષ્ટ માંસલ સાથળને સકંજામાં લઇને એ મગરે એમને મારી નાખવાનો પ્રયત્ન કર્યો.

દ્રોણાચાર્ય સ્વયં સંપૂર્ણ સમર્થ હોવાં છતાં, શિષ્યમંડળને મદદ માટે બોલાવીને મગરનો નાશ કરવા અને પોતાને એના મૃત્યુપાશમાંથી મુક્તિ આપવા માટે આજ્ઞા કરી.

એ આજ્ઞાને અનુસરીને અર્જુને વિપળનાય વિલંબ વિના આગળ આવીને મગરને પાંચ સુતીક્ષ્ણ, મૃત્યુના દૂત જેવાં, બાણની મદદથી મારી નાખ્યો.

બીજા બધા શિષ્યો એના એ અભૂતપૂર્વ અલૌકિક પરાક્રમને પેખીને મૂઢની જેમ અવાક બનીને ઊભા રહ્યા અને પરમવિસ્મય પામ્યા.

એના બાણના પ્રયોગથી મગરના ટુકડેટુકડા થઇ ગયા અને પોતાની રમતમાત્રમાં કોઇપણ પ્રકારની તકલીફ વિના સહેલાઇથી રક્ષા થઇ એટલે દ્રોણાચાર્યે એને પ્રસન્ન અંતરે અભિનંદન આપીને એના પર વિશેષ અનુગ્રહનો વરસાદ વરસાવતાં જણાવ્યું કે તારા પરમ ઐતિહાસિક લોકોત્તર કલ્યાણકાર્યને લીધે તું સર્વોત્તમ શિષ્યપદે પ્રસ્થાપિત થઇ ચૂક્યો. અજોડ બની ગયો. તારા પ્રખર પરાક્રમના પુરસ્કારરૂપે હું તને બ્રહ્મશિર નામનું અમોલ અસાધારણ અસ્ત્ર આપું છું. એ અસ્ત્રનો પ્રયોગ સામાન્ય મનુષ્યો પર ના કરીશ. એનો પ્રયોગ અલ્પ તેજવાળા સામાન્ય માનવ પર કરવામાં આવશે તો એ સમસ્ત સંસારને બાળીને સ્વાહા કરી નાખશે. આ અસામાન્ય મનાતા અસ્ત્રને ખૂબ જ જાગૃતિ અથવા નિત્ય સાવધાનીપૂર્વક ધારણ કરજે. યુદ્ધમાં તને બાધા પહોંચાડનારા કોઇ અસાધારણ શક્તિસંપન્ન શત્રુ સામે આ અલૌકિક અસ્ત્રનો ઉપયોગ કરવાથી તે તેને માટે ઘાતક નીવડશે. આ સંસારમાં તારા જેવો કોઇ બીજો ધનુર્ધર નહિ થાય; તો તારાથી વધારે મહાન તો થશે જ ક્યાંથી ? હું તને અમોલ આશીર્વાદ આપું છું કે તું પરમ કિર્તિમાન બનશે અને સર્વે શત્રુઓથી અજેય રહેશે.

દ્રોણાચાર્યે અર્પેલા એ સર્વોત્તમ શુભાશીર્વાદથી અર્જુનનું સદભાગ્ય સોળે કળાએ ખીલી ઊઠ્યું.

એ પછી કેટલાક દિવસો વીતી ગયા પછી દ્રોણાચાર્યે હસ્તિનાપુરની રંગભૂમિમાં સઘળા કુમારોની જાહેર પરીક્ષા કરી ત્યારે અર્જુન અને કર્ણ પરાક્રમમાં સૌથી આગળ તરી આવ્યાં. ભીમે તેજોદ્વેષથી પ્રેરાઇને કર્ણનું જાહેરમાં સૂતપુત્ર કહીને અપમાન કર્યું ત્યારે માતા કુંતી મૂક રહી.

દુર્યોધને કર્ણને પુરસ્કૃત કરવા માટે અંગદેશનો રાજા બનાવ્યો.

એનો કોઇએ વિરોધ ના કર્યો. યુધિષ્ઠિર જેવા તટસ્થ પુરુષો સમજી ગયા કે કર્ણ સૌથી શ્રેષ્ઠ ધનુર્ધર છે; એને અર્જુનનો સંતોષકારક પ્રત્યુત્તર કહી શકાય.

એ પછી થોડા જ દિવસોમાં રાજા દ્રુપદના પરાજયનો ચિરસ્મરણીય પ્રસંગ ઉપસ્થિત થયો.

એ અગત્યના ઉલ્લેખનીય પરાક્રમ-પ્રસંગ પાછળ પણ દ્રોણાચાર્યના અમોઘ આશીર્વાદ કામ કરી રહેલા.

દ્રોણાચાર્યની ઇચ્છા, યોજના તથા પ્રેરણા જ એની પાછળ કારણરૂપ બનેલી.

પાંડવોને અને કૌરવોને અસ્ત્રવિદ્યામાં પરિપૂર્ણપણે પારંગત થયેલા જોઇને, દ્રોણાચાર્યે એમની પાસેથી ગુરુદક્ષિણા લેવાની મહેચ્છાથી પ્રેરાઇને, એમને એકત્ર કરીને જણાવ્યું કે તમારું સૌનું પરમ કલ્યાણ થાય એવું ઇચ્છું છું. મારી તમારી પાસેથી લેવાની ગુરુદક્ષિણા તરીકે તમે રાજા દ્રુપદ સાથે યુદ્ધ કરીને તેને પકડી લાવો.

એમના એ ઉદગારો દર્શાવે છે કે એમના અંતઃકરણમાં પડેલો અપમાનનો મર્મઘાતક ઘા હજુ રુઝાયો ન હતો. એ ઘા એવો જ અખંડ રહેલો અને વખતના વીતવા સાથે તાજો તથા બળવાન બનતો ગયેલો.

માન અને અપમાન ઉભયની પરસ્પર વિરોધી, અનુકૂળ અને પ્રતિકૂળ પ્રતિક્રિયાને શાંતિપૂર્વક સહવાનું કામ મોટા મોટા મુનિઓને માટે પણ મુશ્કેલ હોય છે. એને માટે ધાર્યા કરતાં વધારે સંગીન, શક્તિશાળી, સત્વપ્રધાન, શ્રેષ્ઠ સાધનાની આવશ્યકતા પડે છે.

દ્રોણાચાર્યની ગુરુદક્ષિણાની માગણીને સંતોષવા માટે કૌરવપાંડવ યોદ્ધાઓ પોતપોતાના રથમાં બેસીને દ્રોણાચાર્ય સાથે બહાર નીકળ્યા.

દુર્યોધન, કર્ણ, યુયુત્સુ, દુઃશાસન, વિકર્ણ, જરાસંધ, સુલોચન અને અન્ય અનેક અતિપરાક્રમી યોદ્ધાઓએ પાંડવોની સાથે પાંચાલ દેશમાં પ્રવેશીને નગરના રાજમાર્ગ પર અધિકાર કરવા માંડયો. દ્રુપદને એની માહિતી મળવાથી એ એના ભાઇઓ સાથે રાજમહેલમાંથી વિના વિલંબે બહાર નીકળ્યો.

કૌરવકુમારોએ ગર્જના કરીને બાણનો વરસાદ વરસાવવા માંડયો એટલે સામા પક્ષ તરફથી શ્વેત રથમાં બેઠેલા યજ્ઞસેને યુદ્ધમેદાનમાં આવીને બાણ મારવા માંડયાં. બંને પ્રતિસ્પર્ધી પક્ષ વચ્ચે જોતજોતામાં સર્વસંહારક મહાભયંકર યુદ્ધ ફાટી નીકળ્યું. દ્રુપદ પોતે બાણની જાળ વડે કૌરવોને મૂંઝવીને ચારે તરફ ફરવા તથા લડવા લાગ્યો.

થોડાક સમયની પ્રતિક્ષા પછી ભીમે, અર્જુને અને અન્ય પાંડવ યોદ્ધાઓએ યુદ્ધમાં સક્રિય ભાગ લીધો એટલે તો યુદ્ધ એની પરાકાષ્ઠાએ પહોંચી ગયું. અર્જુને દ્રુપદને બાણની પરંપરાથી હાથી પરથી નીચે પાડ્યો, તેનું ધનુષ તોડી પાડયું, ધ્વજને જમીન પર પાડી નાખ્યો, અને પાંચ બાણથી એના સારથિ અને અશ્વોને વીંધી નાખ્યા. દ્રુપદે તે ધનુષને ફેંકી દઇને બીજું બાણ સાંધવા માંડયું ત્યારે કૌન્તેયે તલવારને તાણીને સિંહગર્જના કરી. એ કૂદીને દ્રુપદના રથની ધરી પર તૂટી પડયો અને નિર્ભયતાપૂર્વક રથમાં પહોંચ્યો. એણે મદોન્મત્ત હાથીની પેઠે યેનકેન પ્રકારેણ યુદ્ધ કરતા દ્રુપદને મહાબલવાન માવતની જેમ પકડી લીધો.

એ દેખીને પાંચાલસેના યોદ્ધાઓ સાથે દસે દિશામાં દોડવા લાગી.

પાંડવો દ્રુપદને એના અમાત્ય સહિત પકડીને દ્રોણાચાર્ય પાસે લાવ્યા ત્યારે પૂર્વના પ્રતિશોધ ભાવને મનમાં ઘોળીને, ગુરુદક્ષિણા પામેલા દ્રોણાચાર્યે ગર્વભંગ થયેલા, ધન હારી ગયેલા, અધીન બનેલા દ્રુપદને જણાવ્યું કે મેં તારા દેશને જીતી લીધો છે ને તારા નગરને ઉજ્જડ કર્યું છે. તારું જીવન શત્રુના હાથમાં છે. તને આપણી પૂર્વની મિત્રતા યાદ આવે છે ?

દ્રુપદની દયનીય દશાને દેખીને દ્રોણાચાર્યનો પ્રાણ સહેજ પીગળ્યો એટલે એમણે હસીને આગળ કહ્યું કે તું પ્રાણનાશનો ભય ના રાખીશ. અમે તો ક્ષમાશીલ બ્રાહ્મણો છીએ એટલે હું તને ક્ષમા કરીશ. આપણે આશ્રમમાં સાથે રહીને શૈશવાવસ્થામાં ક્રીડા કરેલી. હું તારી સાથે ફરીથી મિત્રતા ઇચ્છુ છું. મારું વરદાન છે કે તું અડધા રાજ્યની પ્રાપ્તિ કર. જે રાજા ના હોય તે રાજાનો મિત્ર બનવા માટે યોગ્ય કહેવાય નહીં. તને તેની ખબર છે. ગંગાના જમણા તટપ્રદેશનું રાજ્ય તારું રહેશે ને ડાબા તટપ્રદેશનું મારું. તને તે વ્યવસ્થા માન્ય હોય તો મને તારો મિત્ર માની લે.

દ્રુપદે નિરુપાય હોવાથી એ વાતને માન્ય રાખીને દ્રોણાચાર્યની મિત્રતાની માગણી કરી.

દ્રોણાચાર્યે તેને છોડી દઇ, સત્કારીને અડધું રાજ્ય આપ્યું.

પરંતુ વાત એટલેથી ના અટકી.

મનથી દીન બનેલા દ્રુપદે ગંગાતટ પર માકન્દી પ્રાંતના કાંપિલ્ય નામના નગરમાં વસવા માંડયું. દ્રુપદે દ્રોણાચાર્યે કહ્યા પ્રમાણે ચર્મણ્વતી નદી સુધીના દક્ષિણ પાંચાલ દેશનું રાજ્ય કરવા માંડયું. એણે નિશ્ચયાત્મક રીતે સમજી લીધું કે દ્રોણાચાર્યને અસ્ત્ર બળથી હરાવી નહિ શકાય. તે પોતાને બ્રાહ્મબળમાં ઊતરતો માનીને દ્રોણાચાર્યને વશ કરી શકે એવા પરમપ્રતાપી પુત્રની પ્રાપ્તિ માટે પૃથ્વી પર ફરવા લાગ્યો.

કથા કહે છે કે વેર વેરથી નથી શમતું. દિલમાં પડેલા ઘા દિલમાં જ રહી જાય, દ્વેષથી બળવાન બને, તો પ્રતિશોધ વૃત્તિથી પાંગરતા જાય છે. એનું ઓસડ પ્રેમ છે, દ્વેષ કે પ્રતિશોધ ભાવ નથી. દ્રોણાચાર્યે દ્રુપદ પ્રત્યેના વિરોધી ભાવથી પ્રેરાઇને પોતાનું વેર લીધું અને થયેલા અપમાનનો બદલો લેવાનો પ્રયાસ કર્યો તોપણ વેર વેર જ રહ્યું એ વેરભાવ દ્રુપદના અંતરને બાળવા અને અશાંત કરવા લાગ્યો. એના પરિણામે દ્રુપદે જે સંકલ્પ કર્યો એ ખૂબ જ ભયંકર હતો. એ સંકલ્પ આગળ જતાં દ્રોણાચાર્યને માટે ઘાતક ઠર્યો. એ માટે જ વેરભાવને સદબુદ્ધિનો આશ્રય લઇને સદાને સારુ શાંત કરવાની અનિવાર્ય આવશ્યકતા છે.

☼ ☼ ☼ ☼ ☼

# ૪૪. કાળની ગતિ

કાળની ગતિ અતિશય ગહન છે.

એ ગતિને પ્રમાથિ, મહા બળવાન, દૃઢ પવનની ગતિ સાથે સરખાવીએ કે બીજા કોઇક પદાર્થની ગતિ સાથે પરંતુ એ ગતિ હોય છે અતિશય અનિર્વચનીય, અકલ્પનીય અને વેગવાળી એમાં સંદેહ નથી.

દિવસ પછી મહિના, મહિના પછી વરસ, કાળ પોતાનું કાર્ય અબાધિત રીતે કર્યે જ જાય છે.

દ્રુપદના ઐતિહાસિક શકવર્તી પરાજ્યના પ્રસિદ્ધ પ્રસંગને એક વરસ વીતી ગયું એટલે પાંડવોની સદભાગ્યશ્રી વળી પાછી ચમકી ઊઠી. એમને લૌકિક રીતે એક વિશેષ લાભ થયો.

યુધિષ્ઠિરની ધીરતા, સ્થિરતા, સહનશીલતા, મૃદુતા, સાત્વિકતા, સરળતા, દયાભાવના તથા સહૃદયતાને લક્ષમાં લઇને ધૃતરાષ્ટ્રે એમનો યુવરાજપદે અભિષેક કર્યો.

યુધિષ્ઠિરે સ્વલ્પ સમયમાં પોતાના શીલ, સદવ્યવહાર તથા સેવાભાવથી પોતાના પિતા પાંડુના નામને પણ પાછળ પાડી દીધું અને વિશેષ ઉજ્જવળ કર્યું.

ભીમ બળરામ પાસેથી ખડગયુદ્ધનું અને રથયુદ્ધનું સતત તેમજ વિશેષ શિક્ષણ મેળવવા લાગ્યો.

અર્જુન ધનુર્વિદ્યામાં ને લક્ષ્યવધમાં કુશળ થયો. અસ્ત્રવિદ્યાના ક્ષેત્રે અજોડ બન્યો.

સહદેવે દ્રોણાચાર્ય પાસેથી સફળ નીતિના શિક્ષણને પ્રાપ્ત કર્યું.

નકુલ ચિત્રયોધીના બિરદને પામીને અતિરથી તરીકે પ્રખ્યાતિ પામ્યો.

એ દિવસો દરમિયાન દ્રોણાચાર્યે અર્જુન પાસે ગુરુદક્ષિણા માગી.

અર્જુને ગુરુદક્ષિણા આપવાની તૈયારી બતાવી એટલે દ્રોણાચાર્યે જણાવ્યું કે ગુરુદક્ષિણામાં એટલું માગું છું કે કોઇ વાર યુદ્ધમાં હું તારા વિરોધી તરીકે વર્તું કે પ્રતિસ્પર્ધીના પક્ષમાં જઉં તો તારે મારી સાથે યુદ્ધ કરવું.

અર્જુને એ માગણીને માન્ય રાખીને દ્રોણાચાર્યને એવું વચન આપ્યું.

દ્રોણાચાર્યે અર્જુન પાસેથી માગેલી ગુરુદક્ષિણાનો એ પ્રસંગ સૂચક છે. દ્રોણાચાર્યે એવી ગુરુદક્ષિણાની માગણી શા માટે કરી ? શું એમની વિરુદ્ધ અલૌકિક આંતરદૃષ્ટિને લીધે એમને કોઇ ભાવિ યુદ્ધનો અને એમાં અર્જુનના પ્રતિપક્ષી બનવાનો કોઇ અણસાર આવેલો ? કે પછી એમનાથી એવી માગણી આપોઆપ થયેલી ? માનસશાસ્ત્રની દૃષ્ટિએ મૂલવીએ તો કહી શકાએ કે એમના આંતરમને ભાવિ યુદ્ધપ્રસંગની શક્યતાનો પ્રતિઘોષ પાડયો. ગમે તેમ પણ ભવિષ્યમાં લડાનારા કોઇક યુદ્ધમાં દ્રોણાચાર્ય અને અર્જુન, એટલે કે એક મહાન સિદ્ધહસ્ત અને મહાન સુપાત્ર શિષ્ય એકમેકના શત્રુ બનીને વિપક્ષમાં રહી શકે એવી શક્યતા ઊભી થઇ. કાળની લીલા અતિશય ગહન છે. એણે પોતાનો માર્ગ કર્યો. આગળનો રસ્તો સરળ કર્યો. એટલે જ દ્રોણાચાર્યે એવું માગી શક્યા. નહિ તો અર્જુન પાસે એવું માગત કે ભવિષ્યમાં કોઇ વાર યુદ્ધ થાય તો પણ આપણે એકમેકના વિરોધી કે પ્રતિસ્પર્ધી તરીકે ના વર્તીએ ને વિપક્ષમાં રહીને ના લડીએ; એવા યુદ્ધમાં બનતાં સુધી ભાગ જ ના લઇએ. તો ભવિષ્યનું ઘટનાચક્ર જુદી જ દિશામાં કાર્ય કરત. પરંતુ કાળની ગતિ કે લીલા અતિશય ગૂઢ હોય છે. એની પ્રતીતિ ગુરુદક્ષિણાના એ પ્રસંગ પરથી સહેલાઇથી થઇ રહે છે.

☼ ☼ ☼ ☼ ☼

# ૪૫. કણિકની રાજનીતિ

પોતાના પાર વિનાના પરાક્રમથી પાંડવોએ પરરાજ્યોને જીતીને પોતાના રાજ્યની અભિવૃદ્ધિ કરી.

પરમ પ્રતાપી પાંડુ પણ જેને વશ કરવા અસમર્થ અથવા નિષ્ફળ નીવડેલો તે યવનાધિપતિ રાજાને અર્જુને અપાર પરાક્રમથી વશ કર્યો.

અતિશય સામર્થ્યવાન અને કુરુઓ પ્રત્યે સદા દ્વેષ રાખનારા વિપુલ નામે સૌવીરરાજને અર્જુને સંગ્રામમાં શક્તિ દાખવીને મારી નાખ્યો.

ભીમની મદદથી અર્જુને પોતાના એક રમણીય રથમાં રહીને પૂર્વ દિશાના સઘળા રાજાઓને એમના દસ હજાર રથો સાથે જીતી લીધા. એ પછી દક્ષિણ દિશાના રાજાઓને જીતી લઇને કુરુરાજ્યમાં અનંત ધનભંડાર એકઠો કર્યો.

પાંડવોને એ પ્રચંડ પુરુષાર્થ અને અભ્યુદય સૌને માટે આનંદદાયક થઇ પડે તેવો હોવા છતાં, ધૃતરાષ્ટ્રનું મન એ સઘળા સમાચારને સાંભળીને, પાંડવોને માટે દૂષિત ભાવને અનુભવવા લાગ્યું. પાંડવોની અસાધારણ શક્તિ તથા સફળતાથી પ્રસન્ન બનવાને બદલે એનું અંતર ઉત્તરોત્તર અશાંત બનીને બળવા માંડયું. એને દિનપ્રતિદિન ખૂબ જ ચિંતા થવા લાગી. રાતે નિંદ્રા પણ ના આવવા માંડી. પાંડુપુત્રોને શૂરવીર, પરમ શક્તિશાળી અથવા ઓજસ્વી થયેલા જાણીને એને એમના પ્રત્યે વિદ્વેષ થવા લાગ્યો. એની પીડાનો પાર ના રહ્યો.

પાંડવોના સમુત્કર્ષથી ધૃતરાષ્ટ્રે સુખી થવું જોઇતું હતું. પાંડવો એને માટે કાંઇ પરાયા નહોતા. પાંડુની અનુપસ્થિતિમાં એમનું ધ્યાન એના સિવાય બીજું કોઇ રાખે તેમ ના હોવાથી, એને એવું ધ્યાન રાખવાની એની કૌટુંબિક તથા નૈતિક જવાબદારી હોવાથી, એમના અભ્યુદયથી એણે આનંદવું જોઇતું હતું. પરંતુ એનું અંતર માનવસહજ ઉમળકાથી પ્રેરાઇને આનંદી ના શક્યું ને દુઃખી બન્યું એ એની પ્રકૃતિગત નિર્બળતા દર્શાવે છે. ભવિષ્યના સર્વસંહારક મહાભયંકર મહાભારતના મહાયુદ્ધનું એ પણ એક મહાન કારણ હતું - ધૃતરાષ્ટ્રનો ને દુર્યોધન જેવા કૌરવોનો પાંડવો પ્રત્યેનો વિદ્વેષ. વખતના વીતવા સાથે એ વિદ્વેષ ઘટવાને બદલે વધતો જ ગયો અને આરંભના અંગારા સરખા સામાન્ય સ્વરૂપમાંથી અભિવૃદ્ધિ પામીને વિશાળ વહ્નિજ્વાળામાં પરિણમી સર્વલક્ષી બની ગયો. કુટુંબના વડીલ જેવી મહત્વની વ્યક્તિ પોતાના કર્તવ્યને ચૂકે તો કુટુંબના નાશમાં કેવી રીતે કારણરૂપ બને એનું સરસ સારગર્ભિત ઉદાહરણ ધૃતરાષ્ટ્ર પૂરું પાડે છે. ધૃતરાષ્ટ્રપુત્ર દુર્યોધને આગળ પર એ ઉદાહરણને પરિપુષ્ટ કર્યું છે.

ધૃતરાષ્ટ્રે પોતાના મંત્રવેત્તા, રાજશાસ્ત્રના રહસ્યના પરમજ્ઞાતા, મંત્રીશ્રેષ્ઠ કણિકની સલાહ માગી. પાંડવોના ઉત્કર્ષથી મને ઇર્ષા થાય છે તો મારે શું કરવું ? પાંડવો સાથે સંધિ રાખવી, સંપથી રહેવું કે ઘર્ષણમાં ઉતરવું ?

સલાહકાર જો તટસ્થ તથા સદબુદ્ધિથી સંપન્ન હોય તો સાચી સલાહ આપીને જીવનને શ્રેયમાર્ગે વાળે છે, પરંતુ પૂર્વગ્રહયુક્ત હોય અને વાસ્તવદર્શી કે વ્યવહારકુશળ ના હોય તો ઊલટી સલાહ આપીને વિદ્વેષ અને અશાંતિને વધારે છે. કણિકે ધૃતરાષ્ટ્રને પાંડવો પ્રત્યે પ્રેમ જગાવીને એમના અભ્યુદયથી

આનંદવાની સાચી સલાહ આપવાની આવશ્યકતા હતી. એને બદલે એણે જે કૂટ કટુ રાજનીતિનો ઉપદેશ આપ્યો એને લીધે પરિસ્થિતિ સુધરવાને બદલે બગડી અને ધૃતરાષ્ટ્રનું મન વધારે સાશંક, ચિંતાતુર તથા દુઃખી બન્યું.

કણિકની એ રાજનીતિ વિચારવા જેવી છે.

કણિકે કહ્યું : "રાજાએ હંમેશા દંડને ઉગામેલો રાખવો અને પોતાના પરાક્રમને પ્રકાશિત રાખવું. જાતે છિદ્ર વિનાના રહીને સામાનાં છિદ્રોને જોતા રહેવું. પારકાનાં છિદ્રોને પકડી તેમનો પીછો પકડવો. નિત્ય દંડથી સજ્જ રહેનારા રાજાથી જ લોકો ડરે છે; તેથી તેણે સર્વ કાર્યો દંડથી જ સિદ્ધ કરવાં. રાજા પારકાનું છિદ્ર શોધી કાઢીને તેનો કેડો લે, પણ પારકો પોતાનું છિદ્ર જોઇ ના જાય એવી રીતે વર્તે. કાચબો જેમ પોતાનાં અંગોને સંકોરીને રક્ષે છે તેમ રાજાએ પોતાનાં કાર્યોને છૂપાં રાખીને રક્ષવા. આરંભ્યા પછી કોઇ કામ ક્યારેય અધૂરું અટકાવવું નહીં. કેમ કે, થોડો પણ કાપ્યા વિનાનો રહી ગયેલો કાંટો પણ લાંબી પીડા કરાવે છે. અપકારી શત્રુઓનો તો વધ જ થાય. આપત્તિમાં આવેલા પરાક્રમી અને મહાયોદ્ધા શત્રુને સારી પેઠે ચીરી નાખવો અથવા ભગાડી દેવો. રિપુ દુર્બલ હોય તોપણ તેની અવજ્ઞા ના કરવી. કેમ કે નાની સરખી ચિનગારી પણ છેવટે આખા વનને ફૂંકી મૂકે છે. આંધળા થવાનું હોય ત્યાં આંધળા થવું અને બહેરા બનવાનું હોય ત્યાં બહેરાશ લાવવી. ધનુષને તણખલાની તોલે પણ ગણવું અને મૃગની જેમ નિદ્રા પણ લેવી. સાંત્વન આદિ ઉપાયોથી વશ આવેલા શત્રુને હણી નાખવો. તે શરણે આવ્યો એમ માનીને તેને વિશે દયા ના કરવી. શત્રુ હણાતાં રાજાને નિરાંત વળે છે, અને કશો ભય રહેતો નથી. પૂર્વના અપકારીને તથા શત્રુને દાન આદિ ઉપાયોથી હણવો. પછી તેના પક્ષકારોનો નાશ કરવો. કેમ કે આધારરૂપ મૂળ જ કપાઇ જાય છે ત્યારે તેને આશરે જીવનારા સૌ મરી જાય છે. ઝાડનું મૂળ જ કપાઇ જાય તો પછી ડાળીઓ ક્યાંથી ઊભી રહેવા પામે ? પોતે ગુપ્ત રહીને નિત્ય શત્રુ તરફ એકાગ્ર રહેવું અને તેનાં છિદ્રોને જોયા કરવા. અગ્નિહોત્ર, યજ્ઞ, ભગવાં, જટા અને મૃગચર્મને ધારણ કરીને શત્રુ લોકોમાં વિશ્વાસ પેદા કરવો અને વરુની જેમ તેમના ઉપર કૂદી પડવું. સમય ના આવ્યો હોય ત્યાં સુધી શત્રુને ખભે બેસાડીને ફેરવવો પણ અવસર આવે ત્યારે ઘડાને પથરા ઉપર પછાડીને ફોડી નાખવામાં આવે છે તેમ તેને ફૂટી નાખવો. શત્રુ દીન થઇને ઘણું ઘણું કહે તોપણ તેને કદી છૂટો કરવો નહીં. તેના પર કૃપા કરવી નહીં. અપકારીઓને હણી જ નાખવા. શત્રુને સાંત્વનથી કે દાનથી ભેદ તથા દંડથી, હણવો તેને સર્વ ઉપાયોથી ઉખેડી જ નાખવો."

કણિકની એ રાજનીતિને કૂટ પુરુષની રાજનીતિ કહી શકાય. સરળ, સીધા, છળરહિત પુરુષની નીતિ ના કહેવાય. એવા પુરુષને તો એવી નીતિનું સ્વપ્નું પણ ના આવે.

કણિકે પોતાની રાજનીતિનો ઉપદેશ આપતાં ધૃતરાષ્ટ્રને ઉદ્દેશીને આગળની વાતના અનુસંધાનમાં એક ચતુર શિયાળની કથાને સંભળાવીને જણાવ્યું કેઃ

"પુત્ર, મિત્ર, ભાઇ, પિતા તથા ગુરુ પણ જો શત્રુની જેમ વર્તતા હોય તો સ્વહિતને વિચારીને તેમને પણ હણી નાખવા. સોગંદ ખાઇને, ધન આપીને, વિષ દઇને, કે કપટજાળ ફેલાવીને પણ શત્રુને મારી નાખવો. એની ઉપેક્ષા ના કરવી. ગુરુ પણ મદોન્મત્ત બન્યો હોય, કાર્ય અને અકાર્યને સમજતો ના હોય, અને વિષયગામી બન્યા હોય તો તેને પણ દંડ દેવો."

"ક્રોધ ચઢયો હોય તોપણ ક્રોધ નથી ચઢયો એવો દેખાવ કરવો. સદા હસી હસીને બોલવું અને ક્રોધે ભરાઇને કદી પણ બીજાનો તિરસ્કાર ના કરવો. ઘા કરતાં પહેલાં અને ઘા કરતી વખતે પણ મીઠું મીઠું બોલવું. પ્રહાર કર્યા પછી કૃપા બતાવવી, શોક કરવો અને આંસુ પણ પાડવાં. વળી શત્રુને સાંત્વન, દાન અને અનુકૂળ વર્તનથી આશ્વાસન પણ આપવું. આમ છતાં જો તે ન્યાયના માર્ગથી ડગે તો તેના ઉપર પ્રહાર કરવો. ઘોર અપરાધ કરનારો પણ જો ધર્મનો આશ્રય લઇને ઊભો રહે તો વાદળાંથી જેમ કાળો પર્વત ઢંકાઇ જાય છે તેમ તેનો તે દોષ પણ ઢંકાઇ જાય છે. જે મનુષ્ય બૂરી રીતે ધન મેળવતો હોય તેને તથા નાસ્તિક અને ચોરોને પોતાના રાજ્યમાં વસવા ના દેવા."

"શત્રુને સામા ઊઠીને, આસન આપીને તેમ જ ભેટ દઇને અત્યંત વિશ્વાસમાં લેવો અને પછી તીણી દાઢ બેસાડીને મારી નાખવો. જે આપણે વિશે શંકા ના રાખતા હોય, તેમજ જે આપણે વિશે શંકા રાખતા હોય તે સૌને વિશે આપણે શંકા રાખવી. કેમકે જેમને વિશે શંકા ના થઇ હોય, તેમના તરફથી જ્યારે ભય આવે છે ત્યારે જડથી ઊખડી જવાની સંભાવના રહે છે. અવિશ્વાસીનો વિશ્વાસ ના રાખવો, તેમજ વિશ્વાસી હોય તેનો પૂરો વિશ્વાસ ના રાખવો, કારણ કે વિશ્વાસી મનુષ્યથી ઊપજેલા ભયથી જડમાંથી નષ્ટ થવું પડે છે. દૂતોને સારી પરીક્ષા કરીને પોતાના અને પારકાના રાજ્યમાં મૂકવા. પરરાષ્ટ્રમાં પાખંડીઓ અને તપસ્વી આદિ વેશધારીઓને યોજવા. ઉદ્યાનો, વિહારસ્થાનો, દેવમંદિરો, પાનગૃહો, શેરીઓ, સર્વ તીર્થો, ચકલાઓ, કૂવાઓ, પર્વતો, વનો, સંમેલનો અને નદીઓ એ સર્વ સ્થાને જાસૂસોને ફરતા રાખવા. જીભે મીઠા રહેવું અને હૃદયે અસ્ત્રા જેવા. ઐશ્વર્ય ઇચ્છનારે હાથ જોડવા, સોગન ખાવા, સાંત્વન કરવું, શિર નમાવીને પગે લાગવું, તેમજ આશાઓ આપવી. રાજનીતિજ્ઞે આશા આપીને ધન આદિરૂપ ફૂલ બતાવવું પણ ફળ ના બતાવવું. ફળ બતાવવું પડે તો તે હાથમાં ના આવે એવું રાખવું અને તે પાકા જેવું હોવા છતાં પણ પાકેલું નથી એવું જણાવું જોઇએ."

"કોમળ કે કઠોર ગમે તેવું કાર્ય કરીને, પોતાના આત્માને દીનતામાંથી ઉદ્ધારવો અને સમર્થ થઇને ધર્મનું આચરણ કરવું. શત્રુ સાથે સંધિ કરીને જે કૃતકૃત્યની જેમ નિશ્ચિંત થઇને સૂઇ રહે છે તે ઝાડ ઉપર સૂતેલા માણસની જેમ નીચે પડતાં જ જાગે છે. જાસૂસથી રક્ષિત રહીને રાજાએ સદા પોતાની મંત્રણાઓને ગુપ્ત રાખવા યત્ન કરવો, અને ઇર્ષ્યારહિત થઇને પોતાના ક્રોધાદિ આવેશોને પ્રગટ થવા દેવા નહીં. શત્રુના મર્મને છેદ્યા વિના, કઠોર કાર્યને કર્યા વિના અને માછીમારની જેમ બીજાને હણ્યા વિના મોટી લક્ષ્મી પ્રાપ્ત થતી નથી. શત્રુનું સૈન્ય જ્યારે પીડિત, વ્યાધિગ્રસ્ત અને નિર્વીર્ય હોય, જ્યારે તે તરસ્યું અને ભૂખ્યું હોય, તેમજ જ્યારે તે વિશ્વાસને ખોઇ બેઠેલું હોય, ત્યારે તેના ઉપર હુમલો કરવો."

"નાના સરખા શત્રુની પણ જો ઉપેક્ષા કરી હોય તો તે તાડની જેમ પોતાની જડ ઘાલે છે, અને ગહનવનમાં નાખેલા અગ્નિના તણખાની જેમ જોતજોતામાં પ્રસરી જાય છે. તમે પાંડુપુત્રોથી તમારી જાતનું રક્ષણ કરો. પાંડુપુત્રો બળવાન થઇ ગયા છે. આથી તમારું જે કર્તવ્ય છે તે હું તમને સ્પષ્ટ રીતે કહું છું. એવું કરો કે પાંડુપુત્રોથી તમને ભય ના રહે. તમારે પાછળથી પસ્તાવું પડે નહીં."

કણિકે ધૃતરાષ્ટ્રને એક નાની સરખી કથા કહી સંભળાવી : "મહારાજ, વરસો પહેલાં વનમાં નીતિશાસ્ત્રના સિદ્ધાંતોને જાણનારું એક શિયાળ રહેતું. એ યુક્તિપ્રયુક્તિ દ્વારા પોતાનો હેતુ સિદ્ધ કરવામાં કુશળ હતું. એ ચતુર શિયાળ એના ચાર મિત્રો વાઘ, ઊંદર, ઘેટું તેમ જ નોળિયા સાથે વનમાં વાસ કરતું.

એક વાર એ પાંચે મિત્રોએ વનમાં વિહાર કરતા એક બળવાન, યુવાન, હૃષ્ટપુષ્ટ હરણને જોયું. એને મારવાની ઇચ્છા થઇ. પણ આક્રમણ કરીને મારવાનું મુશ્કેલ લાગવાથી અંદરોઅંદર મંત્રણા કરી.

શિયાળે કહ્યું : "વાઘ, તેં આ હરણને મારવાના કેટલાય ઉપાયો કરી જોયા, પરંતુ એ ચતુર, યુવાન અને દોડવામાં હોંશિયાર હોવાથી નથી પકડી શકાયું. એ જ્યારે સૂતું હોય ત્યારે આપણો મિત્ર ઊંદર જો એના પગનું માંસ ખાઇ જાય તો એ નાસી શકે નહિ. પછી તું એને સહેલાઇથી મારી શકે ને આપણે બધાં ભેગાં મળીને એનું માંસ ખાઇ શકીએ."

શિયાળની સલાહ સૌને પસંદ પડી. એ સલાહ પ્રમાણે ઊંદરે સૌથી પહેલાં જઇને હરણના પગનું માંસ ખાઇ લીધું. પછી વાઘે એને મારી નાખ્યું. હરણનો નાશ થયેલો જોઇને સૌને આનંદ થયો. શિયાળને એની અસાધારણ બુદ્ધિશક્તિને માટે સૌએ ધન્યવાદ આપ્યાં. શિયાળે સૌને સ્મિત કરીને કહ્યું કે, "તમે બધા ભોજન કરતાં પહેલાં સ્નાન કરી આવો. તમે પાછા આવશો ત્યાં સુધી હું મૃગના મૃત શરીરની ચોકી કરીશ."

સૌ નદીમાં નહાવા ગયા. મહાબળવાન વાઘ સ્નાનાદિથી નિવૃત થઇને સૌથી પહેલાં પાછો આવ્યો ત્યારે શિયાળને ચિંતામગ્ન જોઇને એને પણ ચિંતા થઇ. એણે ચિંતાનું કારણ પૂછયું.

"વીર વાઘ, ઉંદર હજુ હમણાં જ મને કહી ગયો કે વાઘને ધિક્કાર છે. મૃગને તો મેં માર્યું છે. છતાં એ મારા બાહુબળના પરિણામરૂપે આજે પોતાનું પેટ ભરશે. મિત્ર, ઉંદરનાં એવાં અહંકારયુક્ત વચન સાંભળ્યાં પછી મને તો માંસ ખાવાની જરા પણ રુચિ નથી રહી."

વાઘે જણાવ્યું : "મિત્ર, ઊંદરના શબ્દોએ મારી આંખ ઉઘાડી નાખી છે. હું હવે વનમાં વિહરનારાં પ્રાણીઓનું માંસ મારા બાહુબળથી જ એમનો શિકાર કરીને ખાધા કરીશ." એટલું કહીને વાઘ ચાલ્યો ગયો.

ત્યાર પછી આવેલા ઊંદરને શિયાળે કહ્યું, "મિત્ર, તારું મંગલ હો. મને હમણાં નોળિયાએ જણાવ્યું છે કે વાઘે આ મૃગને માર્યું હોવાથી એના દાંતનું ઝેર એના માંસમાં ભળી ગયું છે એટલે એ માંસને હું નહીં ખાઉં. હું તો ઊંદર ખાઇને જ પેટ ભરવાની ઇચ્છા રાખું છું. તું મારી ઇચ્છાનું અનુમોદન કર."

શિયાળની વાત સાંભળીને ઊંદર ડરી ગયો ને દરમાં પેસી ગયો. એટલામાં તો ઘેટું આવ્યું. શિયાળે એને કહ્યું : "વાઘને તારા પર ગુસ્સો ચઢયો છે માટે અહીં રહેવામાં તારું શ્રેય નથી. એ એની સ્ત્રી સાથે થોડીવારમાં આવી પહોંચશે. માટે જેમ ઠીક લાગે તેમ કરી લે."

ભયનું માર્યું ઘેટું ત્યાંથી એ જ વખતે નાસી ગયું. છેલ્લે આવેલા નોળિયાને જોઇને શિયાળ બોલ્યું : "મેં મારા બાહુબળથી વાઘ-ઘેટાં વગેરેને હરાવી નસાડી મૂક્યા છે. મારી સાથે લડી, મને હરાવીને તું ચાહે તો માંસ ખાઇ શકે છે."

નોળિયાએ કહ્યું : "બળવાન વાઘ અને બુદ્ધિમાન ઊંદર પણ તારી આગળ હારી ગયા. તો પછી મારો હિસાબ જ શો ?" અને એ પણ પલાયન થઇ ગયો.

આ પ્રમાણે પોતાની અપ્રિતમ ચતુરાઇથી બીજા બધાંને નસાડી મૂકીને શિયાળે મૃગના માંસનો સ્વાદ લીધો. કુરુનંદન, શિયાળની નીતિથી ચાલનાર રાજા ઉત્તરોત્તર સુખી થાય છે. કાયરને ભય આપી, ને નીચ તથા સરખે સરખાને શક્તિ બતાવીને પોતાનું કાર્ય સિદ્ધ કરવું જોઇએ. મહારાજ, સામ, દામ, દંડને ભેદનું આ દૃષ્ટાંત મેં તમને સંક્ષેપમાં કહી સંભળાવ્યું.

મહાભારતનું એ દૃષ્ટાંત જરા અનોખું છે. મહાભારત કાળને વીત્યે આજે કેટલો વખત વીતી ગયો છે. મહાભારતકાળનાં અને આજનાં મૂલ્યોમાં ફેર પણ પડયો છે. એ દૃષ્ટિએ વિચારીએ તો ડગલે ને પગલે દગાફટકા, વિશ્વાસઘાત અને છેતરપિંડીની પ્રથાનો આપણે પુરસ્કાર નહિ કરી શકીએ. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જીવનની તંદુરસ્તી અને સમૃદ્ધિ માટે એવી પ્રથા અત્યંત અમંગલ અથવા અનર્થકારક થઇ પડશે. ધૃતરાષ્ટ્રની પેઠે આપણે બીજાનાં સુખશાંતિ, સમુન્નતિને સમૃદ્ધિ જોઇને જલીશું નહિ, અને શિયાળ જેવા એકલપેટા પણ નહિ થઇએ. પરંતુ જે આપણી સુખસમૃદ્ધિ જોઇને જલે છે અને શિયાળ જેવા સ્વાર્થી કે સર્વલક્ષી બનીને આપણા વ્યક્તિગત, સમષ્ટિગત કે રાષ્ટ્રીય જીવનમાં અશાંતિની આગ સળગાવવા તેમજ આપણા પર તરાપ મારીને આપણા હક્કના હિસ્સાને હડપી લેવા માગે છે, તેમના પ્રત્યે ગાફેલ નહિ જ રહીએ. એટલું જ નહિ, એમને પરાસ્ત કરવા, એમને નાકામિયાબ બનાવવા, બનતું બધું જ કરી છૂટીશું. એટલી ચતુરતા તો જોઇશે જ. દેશમાં જ્યારે બાહ્ય અને આંતર આક્રમણ અથવા અવ્યવસ્થાના ઓળા ઊતર્યા હોય ત્યારે મહાભારતની એ શિક્ષા ખાસ યાદ કરવા જેવી છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૬. લાક્ષાગૃહમાં પાંડવોનો બચાવ

પાંડવો સાથે કેવો વ્યવહાર રાખવો જોઇએ એ સંબંધી પોતાના મંત્રી કણિકની સલાહ લેવાની ધૃતરાષ્ટ્રને માટે કોઇ આવશ્યક્તા ન હતી. ધૃતરાષ્ટ્રને માટે પોતાની નીતિનો નિર્ણય કરવાનું ને નીતિવિષયક યોજનાને ઘડવાનું કાર્ય કઠિન નહોતું. પાંડવો કાંઇ એના જન્મજાત શત્રુ નહોતા કે કોઇએ ભૂલેચૂકે પણ એમનો ભય રાખવો પડે અથવા એમના માટે કશી આશંકા સેવવી પડે. એમના દિનપ્રતિદિન વધતા જતા પરાક્રમને પેખીને એણે પ્રસન્ન થવું જોઇતું હતું. એણે કૌરવોને તથા પાંડવોને પોતાની બે આંખ બરાબર માનીને સમદૃષ્ટિપૂર્વક જોવા જોઇતા હતા. એને બદલે કૌરવોને પોતાના માન્યા અને પાંડવોને પરાયા. કૌરવોના અભ્યુદયથી આનંદ અનુભવ્યો અને પાંડવોના ઉત્કર્ષથી શોક. એટલે કોઇ પણ પ્રકારના વિશેષ નોંધપાત્ર કારણ વિના હાથે કરીને અશાંતિ વહોરી લીધી.

મંત્રી કણિકે જે નીતિનો ઉપદેશ આપ્યો. એ નીતિ પોતાના કટ્ટર વિરોધી, હિતશત્રુ કે દુશ્મનને લાગુ પડે તેવી વધારે હતી. તે નીતિનો અમલ પાંડવોના સંબંધમાં કરવા જેવો નહોતો. ધૃતરાષ્ટ્રને માટે પાંડવો પ્રિયજનો અથવા હિતેચ્છુઓ હતા. એ કદી પણ એનું અમંગલ નહોતા ઇચ્છતા. છતાં પણ ધૃતરાષ્ટ્રને એમને માટે પૂર્વગ્રહયુક્ત ભેદભાવ તથા દુર્ભાવના હોવાથી એણે કણિકની નીતિવિષયક સલાહ લીધી.

એ સલાહ એને માટે સુખદ બનવાને બદલે દુઃખદ બની.

બીજાને માટેનો દ્વેષભાવ સદા દુઃખ આપે છે ને પ્રેમભાવ સુખ. જે અન્યના અભ્યુદયને ઇચ્છે છે અને અન્યના અભ્યુદયને અવલોકીને આનંદે છે કે તે સુખી થાય છે. અન્યની ઉન્નતિને જોઇને જલે છે તે દુઃખી બને છે. સુખ આપવાથી સુખ સાંપડે છે ને દુઃખી કરવાની ઇચ્છા, યોજના કે કોશિશ માનવને પોતાને જ દુઃખી કરે છે.

એવી રીતે સુખી થવાનું કે દુઃખી બનવાનું માનવના પોતાના હાથમાં છે.

જેવી જેની ઇચ્છા ને જેવો જેનો પ્રયત્ન.

કણિકે રાજનીતિનો ઉપદેશ આપીને ઘેર જવા પ્રયાણ કર્યું, પરંતુ એ ઉપદેશનો પ્રભાવ ધૃતરાષ્ટ્ર પર ખૂબ જ પ્રતિકૂળ પડયો. ધૃતરાષ્ટ્રનું અંતર અતિશય શોકાતુર બની ગયું.

કણિકે કહેલી રાજનીતિને લક્ષમાં લઇને દુર્યોધન, કર્ણ અને શકુનિ ભેગા મળીને પાંડવોને પીડા પહોંચાડવાના આશયથી પરસ્પર વિચાર વિનિમય કરવા લાગ્યા.

એમની વિવેકબુદ્ધિનો નાશ થયો હોવાથી અને એ પોતાના હિતાહિતનો યથાર્થ વિચાર કરી શકે તેમ ના હોવાથી, એમણે એક અમંગલ યોજના બનાવી.

એ યોજનાનુસાર ધૃતરાષ્ટ્રની અનુમતિ મેળવીને એમણે કુંતીને પાંડવો સાથે બાળી મૂકવાનો નિર્ણય કર્યો.

ધૃતરાષ્ટ્રે એ નિર્ણયને આવકાર્યો એના પરથી ધૃતરાષ્ટ્રની બુદ્ધિ કેટલી બધી દીન અને હીન બનેલી તેની પ્રતીતિ થાય છે.

પરંતુ કુંતી સાથે પાંડવો એક અસાધારણ અમંગલમાંથી ઊગરી ગયા.

વિદુરે એમના પ્રત્યેના પ્રેમભાવથી પ્રેરાઇને એમને મહત્વની મહામૂલ્યવાન મદદ કરી.

મહાભારતના એ વિષયક વર્ણનનું વિહંગાવલોકન કરવાનું રસપ્રદ થઇ પડશે.

ભીમ તથા અર્જુનને ખૂબ જ બળવાન અને અસ્ત્રશસ્ત્રવિદ્યાસિદ્ધ થયેલા જોઇને દુર્યોધન બળવા લાગ્યો.

એમાં અધૂરામાં પૂરું જાણે કે બળતામાં ઘી હોમાતું હોય એમ હસ્તિનાપુરના નગરજનો પાંડવોના પ્રતાપને સંપૂર્ણપણે સમજીને યુધિષ્ઠિરને રાજ્યગાદી મળે તેવી ઇચ્છા કરવા લાગ્યા. પાંડુના વારસ તરીકે યુધિષ્ઠિરની યોગ્યતા એમને સૌથી વધારે લાગી.

એ માહિતીને મેળવીને દુર્યોધનની પીડાનો પાર રહ્યો નહીં.

એણે ધૃતરાષ્ટ્ર સાથે વિચારવિનિમય કરીને પાંડવોને ગમે તેમ કરીને વારણાવત નગરમાં ખસેડવાનો નિર્ણય કર્યો.

પાંડવો વારણાવત નગરની સુંદરતા તથા સમૃદ્ધિની પ્રશંસાને સાંભળીને ત્યાં રહેવા જવા તૈયાર થયા.

ધૃતરાષ્ટ્રે એમને ત્યાં જવા માટે તૈયાર કર્યા.

ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય અને અન્ય સૌના શુભાશીર્વાદ મેળવીને એ હસ્તિનાપુરની બહાર નીકળ્યા.

એમના એ પ્રયાણથી પ્રસન્ન થઇને દુર્યોધને મંત્રી પુરોચનને બોલાવીને જણાવ્યું કે તું મારો પરમસહાયક તથા વિશ્વાસપાત્ર હોવાથી તને ગુપ્ત અને અગત્યનું કામ સોંપી રહ્યો છું. તું ખચ્ચર જોડેલા વાયુવેગી રથમાં બેસીને વહેલી તકે વારણાવત નગરમાં જઇને એક સુંદર ભવનનું નિર્માણ કર. એ ભવનના નિર્માણમાં શીઘ્ર સળગી ઊઠે એવા પદાર્થોનો ઉપયોગ કરજે. એની દીવાલો પર ઘી, તેલ, ચરબી, લાખ જેવાં દ્રવ્યોનો માટીમાં મેળવીને લેપ કરાવજે. એની ચારે તરફ ઘી, તેલ, શણ, લાખ તથા લાકડાં નંખાવજે. એમાં અલૌકિક આનંદદાયક આસનો, વાહનો, શય્યાઓ તૈયાર કરાવીને પાંડવોને રહેવા માટે બોલાવજે. વારણાવતના વાસીઓને તથા પાંડવોને એના ગુપ્ત રહસ્યની અને એની ભયંકરતાની પૂર્વમાહિતી ના મળી જાય તેનું ખાસ ધ્યાન રાખજે. પાંડવો એમાં નિશ્ચિંતતાપૂર્વક સૂતા હોય ત્યારે એને રાતે આગ લગાડજે. એથી કુંતી સાથે પાંડવો બળીને નાશ પામશે. કોઇ આપણને કશો દોષ નહીં દે. આપણા પરાક્રમની કોઇને ગંધ પણ નહીં આવે.

પુરોચન દુર્યોધન જેવો જ દુર્બુદ્ધિયુક્ત હોવાથી વારણાવત જઇને એ આદેશનું પાલન કરવા તૈયાર થયો.

પાંડવો પ્રયાણ માટે તૈયાર થયા ત્યારે હસ્તિનાપુરના સમજુ લોકોને શંકા થઇ. એ ધૃતરાષ્ટ્રના દુર્વિચાર, દુર્ભાવ અને પાંડવો પ્રત્યેના દુર્વ્યવહારની ટીકા કરીને વારણાવત જવા તૈયાર થયા, પરંતુ યુધિષ્ઠિરે એમને સમજાવીને હસ્તિનાપુરમાં જ રોકી રાખ્યા.

પાંડવો વારણાવતમાં પહોંચ્યા તે પહેલાં તો પુરોચને ત્યાં તેમને માટે લાક્ષાગૃહનું નિર્માણ કરી નાખેલું.

વારણાવત માટે વિદાય થતી વખતે વિદુરે મિતાક્ષરી સાંકેતિક ભાષામાં યુધિષ્ઠિરને દુર્યોધનની મલિન મુરાદ વિશે કહી સંભળાવ્યું. યુધિષ્ઠિર એ સાંકેતિક ભાષાને સુચારુરૂપે સમજી શક્યા. કુંતીના પૂછવાથી એમણે એના ગૂઢાર્થને કહી બતાવ્યો કે "ઘરમાંના અગ્નિથી ચેતતા રહેજો. તમને કોઇ માર્ગ અજાણ્યો નથી. લાક્ષાગૃહમાં સુરંગ તૈયાર કરાવવાથી તે સુરંગમાં પ્રવેશીને સુરક્ષિત રીતે બહાર નીકળી શકાશે. તમને કોઇને પુરોચન મકાનને આગ લગાડશે તોપણ નહિ બાળી શકે."

વારણાવતવાસીઓએ પાંડવોનો વિધિસહિત સમુચિત સત્કાર કરીને પોતાના નગરના એમના પુણ્યપ્રવેશને વધાવ્યો અને અસાધારણ આનંદ દર્શાવ્યો.

પુરોચને એમને માટે નિર્માયલા ખાસ નિવાસસ્થાનમાં ઉતારો આપ્યો. એ નિવાસસ્થાનમાં દસેક દિવસ રહ્યા પછી પાંડવો પુરોચનની યોજનાનુસાર લાક્ષાગૃહમાં રહેવા લાગ્યા એથી પુરોચનની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં.

વિદુરની વાણીને યાદ કરીને યુધિષ્ઠિરે એ ગૃહની ભયંકરતાને સમજી લીધી. ભીમે યુધિષ્ઠિરને લાક્ષાગૃહ ત્યાગીને પહેલાંના મકાનમાં રહેવા જવાની સૂચના કરી પરંતુ યુધિષ્ઠિરે એ સૂચનાને ના સ્વીકારી. એમણે જણાવ્યું કે વધારે સારું તો એ છે કે આપણે મનોભાવોને ગુપ્ત રાખીને સાવધાનીપૂર્વક અહીં જ રહીએ અને અહીંથી બહાર નીકળવાનો રસ્તો શોધતા રહીએ. કારણ કે પુરોચનને આપણા મનોભાવોની માહિતી મળતાં જ એ આપણા જીવનને જોખમમાં મૂકશે કે આપણને બાળી નાખશે. પુરોચનને લોકોનો, રાજ્યનો કે ધર્મનો કશાનો ભય નથી. એ તો દુર્યોધનના આદેશનું જ અનુસરણ કરે છે. આપણે બળવાના ભયથી ભાગી જઇએ તોપણ દુર્યોધન આપણને એના ગુપ્તચરો દ્વારા મારી નંખાવશે. આપણે કોઇને ખબર પડે નહિ એવી રીતે જમીનમાં પહોળી સુરંગ કરીએ. એને લીધે આપણે લાક્ષાગૃહને આગ લગાડવામાં આવશે તોપણ બળી નહિ શકીએ.

એ વખતે વિદુરે મોકલેલો એક ખાણિયો આવ્યો. એણે એમની અનુમતિથી સુરંગ ખોદવાનું શરૂ કર્યું. થોડા વખતમાં તો સુરંગ તૈયાર થઇ ગઇ. પુરોચનના ભયથી ખાણિયા દ્વારા એના મુખને બંધ કરવામાં આવ્યું. દુર્બુદ્ધિના પ્રતીક જેવો પુરોચન ભવનના દ્વાર પાસે જ રહેતો. પાંડવો દિવસે વનમાં મૃગયા માટે જતા અને રાતે શસ્ત્રાસ્ત્રો સાથે સૂઇ રહેતા.

એવી રીતે એક વરસ વીતી ગયું એટલે પુરોચનની પ્રસન્નતાનો પાર ના રહ્યો પરંતુ સમયને સાનુકૂળ સમજીને યુધિષ્ઠિરે પાંડવોને કહ્યું કે હવે આપણે શસ્ત્રગારને સળગાવીને પુરોચનને પોતાને બાળીને, તેમજ અહીં છ માણસોને રાખીને કોઇને ખબર ના પડે એવી રીતે નાસી છૂટીએ.

કુંતીએ એક રાતે દાનદૃષ્ટિથી અન્યને ભોજન કરાવેલું ત્યારે અન્નની આશાવાળી એક ભીલડી પોતાના પાંચ પુત્રો સાથે ત્યાં પહોંચી ગઇ. એ મદિરાપાનથી ઉન્મત્ત બનેલી ને ભાન ભૂલેલી. એ એના પુત્રો સાથે રાતે એ જ ભવનમાં સૂઇ રહી. રાતે ભયંકર પવન ફુંકાવા લાગ્યો ત્યારે ભીમે પુરોચનની પાસે આગ લગાડી, અને લાક્ષાગૃહના દ્વારને સળગાવ્યું. લાક્ષાગૃહની ચારે તરફ આગ સળગાવી. લાક્ષાગૃહને સળગતું જોઇને પાડવોએ માતા કુંતી સાથે સુરંગમાં પ્રવેશ કર્યો.

ભવનને ભયંકર આગ લાગેલી જોઇને વારણાવતના નગરજનોએ ત્યાં એકઠા થઇને ધૃતરાષ્ટ્રને, દુર્યોધનને ને પાપી પુરોચનને દોષ દેવા માંડયો. પુરોચને લાક્ષાગૃહને આગ લગાડી અને એના પરિણામે તે પોતે પણ નાશ પામ્યો એવું માનીને સૌ આનંદ પામ્યા.

પરંતુ પાંડવોના નાશની કલ્પનાથી સૌનાં કાળજાં કંપી ઉઠયાં. આક્રંદવા લાગ્યાં. એમને ખબર નહોતી કે પાંડવો બચી ગયા છે.

જે બીજાને મારવા માગે છે તે જ કેટલીક વાર મરે છે. કવિએ સરસ શબ્દચિત્રને દોરતાં લખ્યું છેઃ

બાણ તાણીને ઊભો પારધિ, સીંચાણો કરે તકાવ;
પારધિને પગે સર્પ ડસિયો, સીંચાણા શિરમહીં ઘાવ;
બાજ પડયો હેઠો રે, પંખી ઊડી ગયાં સુખે.
જેને રામ રાખે રે તેને કોણ મારી શકે,
અવર નહિ દેખું રે બીજો કોઇ પ્રભુપખે.

કુદરતનો ક્રમ અજબ હોય છે. તોપણ માનવ બીજાને મારવાના મનોરથ સેવે છે ને પ્રયત્નો કરે છે એ કેટલું બધું આશ્ચર્યકારક અને અનુચિત છે ?

લાક્ષાગૃહમાંથી ઊગરીને પાંડવો આગળ વધીને નદી પાસે પહોંચ્યા ત્યારે એમણે વિદુરે મદદ મોકલેલા કોઇક માનવને જોયો. એની પાસે નાવ હતી. તે નાવ વાયુ સામે ટક્કર ઝીલે તેવી અને વાયુવેગે ચાલનારી હતી. એની મદદથી પાંડવો ગંગાના સામા કિનારે પહોંચી ગયા.

પાંડવો ગંગાના સામા કિનારે પહોંચી ગયા એટલે વિદુરે મોકલેલો તે માનવ એમને આશિષ આપીને ત્યાંથી હસ્તિનાપુર જવા માટે વિદાય થયો. પાંડવોને એવી રીતે ચમત્કારિક મહામૂલ્યવાન મદદ મળી.

સવાર પડતાં વારણાવત નગરના લોકોએ આગને ઓલવવા માંડી. એમણે લાક્ષાગૃહને અને પુરોચનને બળેલાં જોયાં. એમણે પાંચ પુત્રોવાળી ભીલડીને પણ બળેલી જોઇને કુંતી સાથે પાંડવો નાશ પામ્યા છે એવું અનુમાન કર્યું. એ સમાચાર ધૃતરાષ્ટ્રને પહોંચાડ્યા.

વારણાવતના વાસીઓ અતિશય દુઃખી થઇને કહેવા લાગ્યા કે દુષ્કર્મપરાયણ દુર્યોધને જ પાંડવોના વિનાશ માટે આવું ષડયંત્ર રચ્યું હશે. દુર્યોધને ધૃતરાષ્ટ્રના સમર્થનથી, ધૃતરાષ્ટ્રના જાણતાં જ પાંડુના વારસોને બાળી મૂક્યા છે. ધૃતરાષ્ટ્રે દુર્યોધનને રોક્યો નહીં. ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, વિદુર અને બીજા કૌરવો પણ ધર્મને નથી અનુસરતા.

ધૃતરાષ્ટ્રે પાંડવોના મરણનો શોક કર્યો. એમની ઉત્તરક્રિયા કરવાની આજ્ઞા કરી. વિદુરે સત્ય વાતની માહિતી હોવાથી શોક ના કર્યો. તે પાંડવો પ્રત્યેના પ્રેમભાવથી પ્રેરાઇને એમને મદદરૂપ બનવા ને રક્ષવા બનતું બધું જ કરી છૂટેલા. એમને એમના પ્રયત્નો સફળ થયા એનો સંતોષ હતો.

જેને રામ રાખે, રાખવા માગે, તેને કોણ મારી શકે ?
સાચી રક્ષા, સુરક્ષા, તેની જ છે - રામની.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૭. ભીમનો શોક

ધૃતરાષ્ટ્ર, દુર્યોધન તથા પુરોચન તરફથી પાંડવોને હેરાન કરવાના, પીડા પહોંચાડવાના અને મારી નાખવાના પ્રયત્નો કરવામાં આવ્યા તોપણ પાંડવો હેરાન થયા, પીડિત બન્યા કે મરી શક્યા નહીં.

પાંડવો લાક્ષાગૃહમાં બળી ગયા છે એવું જાણીને કૌરવોને અસાધારણ આનંદ થયો.

એમને ખબર નહોતી કે પાંડવો તો જીવતા છે ને લાક્ષાગૃહમાંથી સુરક્ષિત રીતે બહાર નીકળીને, નાવમાં નદીને પાર કરીને, એકાંત અરણ્યમાં આગળ વધતા પોતાનો રસ્તો કાપી રહ્યા છે.

કુંતી અને અન્ય ભાઇઓની સંભાળ રાખતો ને રક્ષા કરતો ભીમ અરણ્યમાં આગળ વધી રહેલો.

ભયંકર અરણ્યમાં એવી રીતે આગળ વધતાં સંધ્યાકાળ થઇ ગયો.

જોતજોતામાં આજુબાજુ બધે જ ઘોર અંધકાર વ્યાપી ગયો.

વનનો એ વિભાગ કંદમૂળ, ફળફૂલ તથા પાણી વગરનો તથા જંગલી જનાવરો અને મૃગોથી ભરેલો હતો.

પાંડવો ક્ષુધા, તૃષા, થાકથી પીડાઇ રહેલા.

અરણ્યમાં આગળ વધવાનું અશક્ય લાગવાથી એ માર્ગમાં એક બાજુએ બેસી ગયા. કુંતી પણ એમની સાથે આર્ત બનીને બેસી ગઇ. એને ખૂબ જ તરસ લાગેલી. એણે અવારનવાર જણાવ્યું કે પાંચ પાંચ પુત્રોની માતા હોવા છતાં આજે મને પીવાનું પાણી પણ નથી મળતું એ કેવું કહેવાય ?

એની કરુણ વાણીને સાંભળીને ભીમનું હૈયું હાલી ઊઠ્યું. એનું અંતર અતિશય કરુણ બની ગયું.

કેટલી બધી વિચિત્ર પ્રતિકૂળ પરિસ્થિતિ ?

ભીમ એ અતિઘોર અરણ્યમાં આગળ ચાલ્યો તો એને સુંદર સઘન છાયાવાળો રમણીય વડ દેખાયો. એ વિશાળ વટવૃક્ષની શીતળ છાયામાં માતા કુંતી તથા બંધુઓને બેસાડીને એ સમીપમાં સારસ પક્ષીઓના શબ્દો સંભળાતા હતા ત્યાં કોઇક જળાશયનું અનુમાન કરીને પાણી લેવા માટે પહોંચી ગયો.

બે ગાઉ દૂર આવેલા જળાશયમાં સ્નાન કરી તથા પાણી પીને સૌને માટે તે પાણી લઇને બનતી વહેલી તકે પાછો ફર્યો ત્યારે તરસ અને થાકને લીધે સૌ જમીન પર સૂઇ ગયેલાં.

એ અદભુત દૃશ્યને દેખીને એ વિષાદગ્રસ્ત બનીને વિલાપ કરવા લાગ્યો.

"મારી માતા અને મારા ભાઇઓ દીનહીન અભાવગ્રસ્ત બનીને આજે આવી અસહાય અવસ્થામાં પૃથ્વી પર પથારી સિવાય સૂતાં છે એનાથી અધિક કષ્ટકારક અશાંતિદાયક દૃશ્ય બીજું કયું હોઇ શકે ? વારણાવતમાં એમનાં મહામૂલ્યવાન પરમસુખદ શય્યાઓમાં સૂવાનું સદભાગ્ય સાંપડેલું. એ શય્યાઓમાં કેટલીક વાર જેમને ઊંઘ નહોતી આવતી એમને આજે પૃથ્વીના ખુલ્લા પટ પર સૂવું પડ્યું છે. શત્રુસમૂહનો સંહાર કરનારા વીર વસુદેવની બેન, કુંતિરાજની પુત્રી, સુલક્ષણા, વિચિત્રવીર્યની પુત્રવધૂ, પાંડુની પત્ની, સુકોમળ શયનને યોગ્ય, અમારી માતા કુંતી જમીન પર સૂતી છે ! રાજપ્રાસાદમાં સૂનારા આ નૃસિંહોને આજે જમીન પર સૂતેલા જોઇ રહ્યો છું. પરમ પરાક્રમી અર્જુન, ત્રિભુવનના રાજા બનવાને યોગ્ય ધર્મરાજ ધર્મપ્રાણ

યુધિષ્ઠિર, અને સૌન્દર્યસંપત્તિમાં અશ્વિનીકુમારો સરખા નકુલ અને સહદેવ, પ્રાકૃત પુરુષોની પેઠે ધરતીની ધૂળ પર સૂતા છે."

"ધૃતરાષ્ટ્રે એમને બહાર કાઢીને બધી રીતે બરબાદ કરીને મારી નાખવાની યોજના ઘડી હોવા છતાં અમે અમારા ભાગ્યને લીધે બળી ગયા નથી. અગ્નિની ભીષણ જ્વાળામાંથી ઊગરીને અને આ એકાંત અરણ્યમાં વિશાળ વૃક્ષનો આશ્રય લઇને બેઠા છીએ. અમે હવે ક્યાં જઇએ ? હે દુર્મતિ, અલ્પદર્શી દુર્યોધન, તારી ઇચ્છા ભલે સફળ થાય. દેવો તારા પર પ્રસન્ન છે. મને તારો વધ કરવા માટે યુધિષ્ઠિર તરફથી આદેશ નથી મળતો, માટે જ તું જીવી રહ્યો છે. હું આજે જ પરમ ક્રોધાતુર બનીને તને, તારા પુત્રોને, પ્રધાનોને, નાના ભાઇઓને, કર્ણને અને શકુનિને યમસદનમાં મોકલી આપું, પરંતુ પાંડવશ્રેષ્ઠ ધર્માત્મા યુધિષ્ઠિર તારા સદભાગ્યને લીધે તારા પર કોપાયમાન થતા નથી. તેથી તું જીવી રહ્યો છે."

ભીમ એવું કહીને શોક કરવા લાગ્યો.

દીનદુઃખી મનનો બનીને ધરતી પર જાગતો બેસી રહ્યો.

મહાભારતનો એ કથાપ્રસંગ એટલા માટે સૂચક છે કે સુખદુઃખ, સંપત્તિ-વિપત્તિ, માનવજીવનમાં આવ્યા કરે છે એથી હતોત્સાહ બનીને, નિરાશ થઇને, વિષાદગ્રસ્ત બનીને, માનવે ભંગાઇ નથી જવાનું. દૈવના કે અન્ય કોઇના પર નિર્થક દોષારોપણ નથી કરવાનું. જે મનસ્વી અને કાર્યાર્થી હોય છે તે સુખદુઃખને લક્ષમાં લીધા વિના, ગૌણ ગણીને, છેવટ સુધી આગળ વધે છે. કોઇવાર પર્યંક પર પથારી થાય કે કોઇવાર પૃથ્વી પર તો પણ એ શોકાતુર બન્યા સિવાય પુરુષાર્થના પાવન પંથે પ્રગતિ કરે છે. એ સંજોગોનો શિકાર બનવાને બદલે સ્વામી બને છે, શાસન કરે છે.

☼ ☼ ☼ ☼ ☼

# ૪૮. ઘટોત્કચનો જન્મ

અગ્નિની જવાલા પાસે, એની આજુબાજુ જેમ પ્રકાશનું નાનું મોટું વર્તુળ હોય છે ને મેહુલામાં ભીનાશ ને મીઠાશ; ઉનાળાના દિવસો દરમિયાન સંતપ્ત વૃક્ષની શાખાપ્રશાખાઓની નીચે સઘન શીતળ સુમધુર ઘટા દેખાય છે અને વર્ષાઋતુના વરસાદી વાદળથી વીંટળાયેલા વાવાઝોડાવાળા ઘોર ગગનની અંદર ઇન્દ્રધનુનો વૈભવ જોવા મળે છે ; રાતના અખૂટ અંધકારને અંતે જેમ ઉષા પ્રગટે છે; તેમ જીવનમાં પણ વિપત્તિ પછી સંપત્તિ અને હાનિ પછી લાભની પ્રાપ્તિ થતી હોય છે. જીવનના પ્રગતિપંથના પ્રવાસીઓ જીવનની એવી અદભુતતાને સમજીને આશા, શ્રદ્ધા, ધીરજ તથા હિંમત સાથે આગળ વધવું પડે છે.

લાક્ષાગૃહમાંથી સુરક્ષિત રીતે બહાર નીકળ્યા પછી પાંડવોને પાર વિનાની પ્રતિકૂળતાઓનો સામનો કરવો પડયો, પરંતુ લાક્ષાગૃહમાંથી છૂટયા પછી વિપરીત વિકટ વિપત્તિમય વનવિચરણ દરમિયાન ભીમને એકાએક લાભ થયો.

એ લાભ વનમાં થયેલા હિડિમ્બાના મેળાપનો હતો.

વનમાં સાગના વૃક્ષની ઉપર હિડિમ્બ નામે ક્રૂર, માનવભક્ષી, મહાવીર્યવાન, પરમ પરાક્રમી રાક્ષસ રહેતો.

હિડિમ્બા એની બહેન.

પાંડવોને જોઇને હિડિમ્બાને એમનું રક્ષણ કરવાની ઇચ્છા થઇ.

ક્ષુધાથી પીડાયેલો, વિકરાળ વદનવાળો, પીળાં લોચનવાળો, હિડિમ્બ અતિશય ભયંકર દેખાતો.

એણે હિડિમ્બાને પાંડવોનો નાશ કરવાનું અને એમનાં મૃત શરીરોને પોતાની પાસે ઉજાણી કરવા માટે લઇ આવવાનું કામ સોંપ્યું.

એના આદેશને અનુસરીને હિડિમ્બા પાંડવો પાસે પહોંચી તો ભીમ સિવાયના બીજા બંધુઓને સૂતેલા જોયા. એક ભીમ જાગી રહેલો.

શાલવૃક્ષના નવા ઊગેલા છોડ જેવા, અજોડ રૂપવાળા ભીમને નિહાળતાંવેંત હિડિમ્બા મોહાઇ ગઇ અને એની કામના કરવા લાગી. એણે પાંડવોનો નાશ ના કરવાનો સંકલ્પ કર્યો અને વિચાર્યું કે એમને મારવાથી મારા ભાઇને પળ માટે તૃપ્તિ થશે પરંતુ એમને ન મારવાથી મને વરસો સુધી કામવાસનાની પરિતૃપ્તિનો આનંદ અનુભવવા મળશે. ભાઇના સંબંધ કરતાં પતિનો પ્રેમ વધારે મૂલ્યવાન અને બળવાન હોય છે.

ઇચ્છાનુસાર સ્વરૂપને ધારણ કરનારી હિડિમ્બા ઉત્તમ માનુષી રૂપ લઇને અલૌકિક અલંકારોથી અલંકૃત બનીને ભીમ પાસે પહોંચીને વાતચીત કરવા લાગી. એણે એના મનના ભાવોને પ્રગટ કર્યા.

હિડિમ્બાને પાછાં ફરતાં વિલંબ થવાથી હિડિમ્બ એની પાસે પહોંચીને એના માનુષી રૂપને જોઇને દુઃખી થયો ને ક્રોધે ભરાયો. એની અને ભીમની વચ્ચે મહાભયંકર યુદ્ધ થયું. એ દ્વંદ્વયુદ્ધમાં હિડિમ્બ મરાયો. ભીમ વિજયી બન્યો.

હિડિમ્બાની મનોકામના પૂરી થઇ. ભીમે એને પુત્રોત્પત્તિ સુધી મળતાં રહેવાની તૈયારી બતાવી. એ પણ માતા કુંતી અને પોતાના બીજા ભાઇઓની અનુમતિ મેળવીને.

વનમાં હિડિમ્બાથી ભીમને ઘટોત્કચ નામે પુત્ર થયો. એ પાંડવોને પ્રિય થઇ પડયો. એણે સદાય પાંડવોની પડખે રહેવાની તૈયારી બતાવી.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૯. વ્યાસનો મેળાપ

દિવસો પછી દિવસો. મહિના પછી મહિના, વરસો પછી વરસો.

કાળચક્ર એમ અબાધિત રીતે પોતાનું કામ કરતું રહ્યું.

પાંડવો પોતાના જ્યોતિર્મય જીવનના અવનવા અનુભવો કરતા રહ્યા.

ઘટોત્કચે એમની અનુમતિ મેળવીને ઉત્તર દિશા તરફ ચાલતાં પહેલાં જણાવ્યું કે પૂર્વકાળમાં રાવણ અને ઇન્દ્રજિત પરમ સમર્થ યોદ્ધાઓ તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે તેમ શરીરબળમાં તેમના જેવો બનીને હું પણ પ્રસિદ્ધિ પામીશ. સંસારમાં કોઇ મારી બરાબરી કરનારો યોદ્ધો નહિ હોય. મારા પિતાને જ્યારે પણ મારી આવશ્યક્તા લાગશે ત્યારે હું તેમની પાસે આવીને, મારાથી બનતી બધી જ મદદ કરવા માટે, વિના વિલંબ ઊભો રહીશ.

એ મહામહિમાવાન મહારથીનું સર્જન અસીમ સામર્થ્યસંપન્ન મનાતા કર્ણનો યુદ્ધમેદાનમાં મુકાબલો કરવા અને એની લોકોત્તર શક્તિને નિષ્ફળ બનાવવા માટે કરવામાં આવેલું.

પાંડવોએ પોતાનો પ્રવાસ ચાલુ રાખ્યો. એક વનમાંથી બીજા વનમાં પ્રવેશતા, મૃગયા દ્વારા મૃગોને હણતા, એ આગળ વધ્યા.

એમણે જટાઓ વધારેલી અને વલ્કલ તથા મૃગચર્મનાં વસ્ત્રો પહેરેલાં. તપસ્વીઓનો વેશ ધારણ કરેલો.

એક વાર એમને માર્ગમાં એમના પિતામહ કૃષ્ણદ્વૈપાયન વ્યાસનો મંગલ મેળાપ થયો. માતા કુંતીએ તથા પાંડવોએ એમને પ્રેમપૂર્વક પરમ પૂજ્યભાવે પ્રણામ કર્યા.

સત્પુરુષનો સ્વર્ગીય સમાગમ કદી નિષ્ફળ નથી જતો. એ એક અથવા બીજી રીતે આશીર્વાદરૂપ, અમોલ, ઉપયોગી ઠરે છે. ચિરસ્મરણીય બને છે.

મહર્ષિ વ્યાસે પાંડવોને પોતાની અપરિમિત પ્રગલ્લભ પ્રજ્ઞાશક્તિના પરિપાકરૂપે જણાવ્યું કે તમારી સાથે કૌરવો તથા ધૃતરાષ્ટ્ર સારો વ્યવહાર નહિ કરે તેની મને પ્રથમથી જ માહિતી હતી. તમને અત્યાર સુધી પડેલું કષ્ટ તમારા હિત માટે છે. એનો શોક કે ખેદ ના કરશો. તમારે માટે પરમસ્નેહ હોવાથી જ હું તમારી સમક્ષ ઉપસ્થિત થયો છું. અમારા જેવા માનવો તમારા જેવા દીન તથા બાળકો પર સવિશેષ પ્રેમ રાખે છે. અહીં બાજુમાં આવેલા સુંદર શાંત કોલાહલરહિત નગરમાં તમે ગુપ્તવેશે વાસ કરજો. ત્યાં હું તમને ફરી વાર મળીશ.

મહર્ષિ વ્યાસે એમને ધીરજ તથા હિંમત આપીને એકચક્રા નગરીમાં આવીને આશ્વાસન આપ્યું. એમણે કહ્યું કે યુધિષ્ઠિર સઘળા રાજાઓને વશ કરશે. ભીમ અને અર્જુનની મદદથી સમુદ્રરૂપી મેખલાવાળી પૃથ્વીને જીતશે ને ભોગવશે. તારા અને માદ્રીના મહારથી પુત્રો સ્વરાજ્યમાં સુખપૂર્વક પ્રસન્ન મનથી વિહાર કરશે; રાજસૂય અને અશ્વમેધ જેવા અતિ ભારે દક્ષિણાવાળા યજ્ઞોનો આશ્રય લેશે; સ્નેહીસંબંધીઓને ભોગ, ઐશ્વર્ય, સંપત્તિ, સુખ આપશે; અને એમના પૂર્વજોના રાજ્યને ભોગવશે.

એમણે એમના માટે એક બ્રાહ્મણના ઘરમાં રહેવાની વ્યવસ્થા કરીને જણાવ્યું કે એક મહિના સુધી મારી પ્રતીક્ષા કરજો અને દેશકાળને વિચારીને શાંતિથી રહેજો. હું તમને જરૂર મળીશ.

એ પછી વિદાય થયા. પાંડવોને માટે એમનો સમાગમ સુખદ અને પ્રેરક થઇ પડ્યો.

સત્પુરુષોનો સમાગમ હોય છે જ પરમપ્રેરક, સુખદ, શક્તિસંચારક એ નવજીવનનું દાન દે છે અને સર્વ સ્થળે, સર્વાવસ્થામાં તારક બને છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૦. બકાસુરનો નાશ

મહર્ષિ વ્યાસે કરેલી વિશેષ વ્યવસ્થા પ્રમાણે પાંડવોએ કુંતી સાથે એકચક્રા નગરીમાં રહેવા માંડયું.

થોડા જ વખતમાં એમને ખબર પડી કે જે બ્રાહ્મણ કુટુંબના ઘરમાં પોતે રહે છે તે બ્રાહ્મણ કુટુંબ કશીક મુશ્કેલીમાં મુકાયું છે.

પાંડવો વિવિધ વનો, સુમનોહર સરિતાપ્રદેશો અને સુંદર સરોવરોનું નિરીક્ષણ કરતા તથા ભિક્ષા દ્વારા જીવનનિર્વાહ ચલાવતા.

ભિક્ષા દ્વારા જે કાંઇ મળતું તેને તે કુંતીને અર્પણ કરતા.

કુંતી ભાગ પાડી આપતી તે પછી તે ભોજન કરતાં સામાન્ય રીતે ભિક્ષાના કુંતી દ્વારા બે ભાગ પાડવામાં આવતા. એમાંનો એક ભાગ કુંતી સાથે પાંડવોને માટે રાખવામાં આવતો ને બીજો ભાગ ભીમને આપવામાં આવતો.

એવી રીતે એ પ્રદેશમાં રહેતાં કેટલોક કાળ વીતી ગયો ત્યારે એક દિવસ પાંડવો ભિક્ષા માટે ગયેલા અને ભીમ માતા કુંતી સાથે ઘેર રહેલો ત્યારે ઘરનાં માણસો કોઇક કષ્ટને લીધે રડતાં ને કકળતાં દેખાયાં.

કુંતીએ એમના કષ્ટસંબંધી માહિતી મેળવી.

એ માહિતીને મેળવીને તેનું કાળજું કંપી ઊઠ્યું. બ્રાહ્મણે આપેલી એ માહિતીનો સાર સંક્ષેપમાં એવો હતો કે એકચક્રા નગરની સમીપમાં બક નામે રાક્ષસ રહેતો. એ માનવભક્ષી રાક્ષસ નગર તથા પ્રદેશનો સ્વામી હતો અને નગર તથા પ્રદેશનું સદા માટે રક્ષણ કરતો. એ રક્ષણના બદલામાં એને વીસ ખારી એટલે ત્રણસો વીસ મણ ચોખા, બે પાડા અને એક માનવનું ભોજન આપવું પડતું. એ પ્રદેશનો રાજા ન્યાયનીતિ વગરનો મંદબુદ્ધિવાળો હોવાથી પ્રજાને ઉપદ્રવમુક્ત કરવાના પ્રયત્નો નહોતો કરતો. રાક્ષસનો નાશ કરવા માટે આગળ નહોતો આવતો કે મેદાનમાં નહોતો આવતો. એને લીધે એ માનવભક્ષી ભયંકર રાક્ષસે અને અન્ય આસુરી પરિબળોએ સર્વત્ર આતંક ફેલાવેલો. એ દિવસે રાક્ષસના ભોજન માટે માનવ અને અન્ય સામગ્રી સાથે એ રાક્ષસ પાસે પહોંચવાનો એ બ્રાહ્મણનો વારો હતો. એ સંબંધી બ્રાહ્મણ, એની પત્ની, એનાં બે સંતાનો વચ્ચે વાર્તાલાપ ચાલી રહેલો. એ ચારમાંથી પ્રત્યેક વ્યક્તિ બીજાના જીવનને બચાવવા માટે એના બદલામાં બકાસુર પાસે પહોંચવા તૈયાર હતી. બ્રાહ્મણનું અંતર એ પરિસ્થિતિથી ખૂબ જ અશાંત બનેલું. એને એમાંથી છૂટવાનો કે રાક્ષસના ભયમાંથી મુક્તિ મેળવવાનો કોઇ વિકલ્પ કે માર્ગ નહોતો દેખાતો.

કુંતીએ એને આશ્વાસન આપીને જણાવ્યું કે તમારે કોઇએ આજે એ મહાભયંકર રાક્ષસ પાસે નથી જવાનું. તમારી પીડા અમારી પીડા છે અને તમારી અશાંતિ અમારી અશાંતિ. તમારું કામ અમને સોંપી દો. મારા પાંચ પુત્રોમાંથી એક પુત્ર આજે એ રાક્ષસ પાસે જરૂરી સઘળી સામગ્રી લઇને પહોંચી જશે.

કુંતીનો પ્રસ્તાવ બ્રાહ્મણને સહેજ પણ પસંદ ના પડ્યો. પોતાના પ્રાણની રક્ષાને માટે બીજા બ્રાહ્મણના અથવા અતિથિના પ્રાણની આહુતિ આપવાનું સાહસકર્મ એને આવકારદાયક ના લાગ્યું. એની કલ્પના પણ કંપાવનારી લાગી. એણે કહેલા શબ્દો એના ઉદાત્ત અંતરના, આદર્શ જીવનવ્યવહારના, અને સર્વોત્તમ ભારતીય જીવનદૃષ્ટિના પરિચાયક હતા. એ શબ્દોનો સારાંશ આ રહ્યો.

"પરંતુ મારે મારું પોતાનું કલ્યાણ પણ સમજવું જોઇએ. બ્રાહ્મણવધ અને આત્મવધ એ બેમાંથી મને આત્મવધ અધિક કલ્યાણકારક લાગે છે. બ્રહ્મહત્યાને મહાપાપ કહેવામાં આવ્યું છે. એમાંથી કોઇ કાયમને માટે છૂટી નથી શકતું. અજાણતાં પણ બ્રાહ્મણોનો વધ કરવામાં આવે એના કરતાં પોતાનો વધ કરાય તે વધારે સારું છે. મારી વ્યક્તિગત સમજણ એવી છે. બીજાઓ મારો વધ કરશે તો મને કોઇ પ્રકારનું પાપ નહિ લાગે, પરંતુ મારા જીવનની રક્ષા માટે બ્રાહ્મણનો નાશ થાય તો તે નિંદ્ય અને હલકો કહેવાશે."

"પોતાના અતિથિનો અથવા આશ્રયે આવેલાનો ત્યાગ કરવો તથા યાચના કરનારાનો વધ કરવો તેને પંડિતો નિંદ્ય કાર્ય માને છે. આપદધર્મના વેત્તા મહાત્માપુરુષોએ જણાવ્યું છે કે નિંદ્ય અને નિષ્ઠુર કર્મ કદી પણ ના કરવું, મારો આજે મારી પત્ની સાથે નાશ થાય તો ભલે પણ મારાથી ભૂલેચૂકે પણ બ્રાહ્મણના નાશ માટે અનુમોદન નહિ આપી શકાય "

કુંતીએ બ્રાહ્મણોને પોતાની રીતે સમજાવવામાં સફળતા મેળવી.

બ્રાહ્મણના પરિવાર વતી બકાસુર પાસે ભીમ જાય એવું ભીમને વિશ્વાસમાં લઇને નક્કી કર્યું.

યુધિષ્ઠિરે પહેલાં તો એ વાતનો વિરોધ કર્યો પરંતુ પાછળથી માતા કુંતીના દૃષ્ટિબિંદુને લક્ષમાં લઇને, પોતાને આશ્રય આપનારની સર્વ પ્રકારે રક્ષા કરવાનું પોતાનું કર્તવ્ય છે એવું સમજાવાથી, ને ભીમ પોતાના અસાધારણ સામર્થ્યથી રાક્ષસનો સહેલાઇથી નાશ કરી શકશે એવી પ્રતીતિ થવાથી, એ વાત સાથે સંમત થયા.

કુંતીએ બ્રાહ્મણને એ આખીય વાતને અને આગળની સઘળી ઘટનાપરંપરાને નગરજનોથી ગુપ્ત રાખવાની સૂચના આપી.

રાતના શાંત સમયે ભીમ પેલા પુરુષભક્ષી રાક્ષસ પાસે અન્ન સાથે પહોંચ્યો. ભીમે વનમાં બેસીને રાક્ષસને પડકારતાં ભોજન કરવા માંડયું. ભીમના શબ્દોને સાંભળીને બકાસુર ક્રોધે ભરાઇને એની આગળ આવ્યો. ભીમને ભોજન કરતો જોઇને તે પોતાના દાંત પીસવા લાગ્યો, ને બોલ્યોઃ

"યમરાજને ઘેર જવાની ઇચ્છાવાળો કયો દુર્બુદ્ધિવાળો માણસ મારે માટે લાવવામાં આવેલા અન્નને મારા જ દેખતાં ખાઇ રહ્યો છે ?"

એ શબ્દોને લેશ પણ મહત્વના માન્યા સિવાય ભીમે હસતાં હસતાં ભોજન કરવાનું ચાલુ રાખ્યું.

બકાસુર બંને હાથ ઊંચા કરી, ગર્જના કરતાં ભીમને મારવા દોડયો. એણે ભીમને બંને હાથની મદદથી સખત માર માર્યો તોપણ ભીમ ખાતો જ રહ્યો એટલે એ વૃક્ષને ઊંચકીને આગળ આવ્યો, ત્યારે ભીમે ભોજનવિધિને પૂરી કરીને મોં ધોઇને લડવાની તૈયારી કરી.

બકાસુરે વારાફરતી ફેંકેલાં વિવિધ વૃક્ષોને પકડીને ભીમે એની ઉપર પાછાં ફેંક્યા.

બંનેની વચ્ચે ભયંકર વૃક્ષયુદ્ધ થયું.

આખરે ભીમે ઊછળીને એને બંને હાથે પકડીને ખેંચવા માંડયો.

એ પણ ક્રોધે ભરાઇને ભીમને ખેંચવા લાગ્યો.

બકાસુર થાકી ગયો એટલે પૃથ્વી પર પછાડીને ભીમે મારવા માંડયો ત્યારે એના મોંમાંથી લોહી પડવા લાગ્યું. અંતે એ નિષ્પ્રાણ બની ગયો.

મરતાં પહેલાં એણે પાડેલી ભયંકર ચીસને સાંભળીને એના સાથીઓ અને સેવકો ગભરાઇને બહાર નીકળ્યા.

ભીમે એમને આશ્વાસન આપીને એમની પાસે માણસોને ના મારવાની પ્રતિજ્ઞા કરાવી.

એ પ્રતિજ્ઞાના પાલનથી નગરજનો સદાને માટે નિર્ભય, નિશ્ચિંત તથા સુરક્ષિત બન્યા.

ભીમ માનવભક્ષી મૃત મહારાક્ષસ બકાસુરના શરીરને નગરના વિશાળ દરવાજા ઉપર નાખીને રાતના ઘોર અંધકારમાં કોઇને ખબર ના પડે એવી રીતે ચાલી નીકળ્યો.

માતા કુંતીને અને અન્ય પાંડવોને એ પરાક્રમપ્રસંગની વાત સાંભળીને સ્વાભાવિક રીતે જ આનંદ થયો.

જે બીજાને કામ આવે, મદદરૂપ થઇ શકે, બીજાને જીવન આપે, તે જ સાચા અર્થમાં જીવન.

પ્રભાતે નગર બહાર ગયેલા માનવો, પર્વતના પ્રચંડ શિખર જેવા તે ભયંકર રાક્ષસને લોહીમાં તરબોળ અને મરેલો પડેલો પેખીને અતિશય આશ્ચર્ય પામ્યા.

રાક્ષસનાં નાશના સુખદ સમાચારને સાંભળીને આબાલવૃદ્ધ સૌ મોટી સંખ્યામાં એને જોવા માટે એકઠાં થયાં.

જે બ્રાહ્મણનો રાક્ષસ પાસે ભોજનને પહોંચાડવાનો વારો હતો તેની માહિતી મેળવીને સૌ તેને રાક્ષસના નાશના રહસ્ય વિશે પૂછવા લાગ્યા તો તેણે પાંડવોની કથાને ગુપ્ત રાખીને જણાવ્યું કે કોઇક અજ્ઞાત મંત્રસિદ્ધ મહામાનવે મને મારા પરિવાર સાથે રડતો જોઇને, આશ્વાસન આપીને, રાક્ષસને મારા વતી પોતે જ ભોજનને પહોંચાડવાની તૈયારી બતાવી. એ મહામાનવે આ લોકકલ્યાણનું કાર્ય કર્યું લાગે છે.

એ સાંભળીને નગરવાસીઓ વિસ્મય પામ્યા.

જેણે પણ એ ઉત્તમ કલ્યાણકાર્ય કર્યું એના પર અભિનંદનની વર્ષા વરસાવવા લાગ્યા.

માનવભક્ષી બકાસુરોનો સમાજમાં આજે તોટો નથી. એ માનવીને રંજાડે છે, ચૂસે છે, શોષે છે. પાર વિનાની પીડા પહોંચાડે છે. મૃતઃપાય કે નષ્ટ કરી નાખે છે. એવા માનવરાક્ષસોનો સર્વથા અભાવ નથી. એમનો પ્રતિકાર અને નાશ કરનારા ભીમસમા પરમપરાક્રમી પ્રતાપી પુરુષોની સર્વત્ર આવશ્યક્તા છે. માનવ નિર્બળોનો પક્ષ લે અને એવા અસુરોનો અંત આણે એ આવશ્યક છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૧. ધૃષ્ટદ્યુમ્ન અને દ્રૌપદી

પાંડવો માતા કુંતી સાથે એકચક્રા નગરીમાં રહેતા હતા ત્યારે તેમને એક દિવસ અચાનક એક પ્રવાસના રસિયા પુરુષનો મેળાપ થયો.

એ પુરુષે પાંડવોએ પૂછવાથી પોતાના પ્રવાસની જુદા જુદાં સંસ્મરણો સાથે માહિતી આપી.

એ માહિતીવર્ણન દરમિયાન રાજા દ્રુપદની જીવનકથા પણ સ્વાભાવિક રીતે જ કહેવામાં આવી.

એના સારભાગનું વિહંગાવલોકન કરવા જેવું છે.

'હાર્યો જુગારી બમણું રમે' એવી પરંપરાગત પ્રચલિત કહેવત પ્રમાણે, દ્રોણના હાથે કારમો પરાજય પામીને અસાધારણ અપમાન વેઠયા પછી દ્રુપદે એ અસાધારણ અપમાનને ને ઘોર પરાજયને યાદ રાખીને, એનો બદલો લેવાની ઇચ્છાથી પ્રેરાઇને, જુદા જુદા પ્રદેશોનો પ્રવાસ કરવા માંડયો.

એના પ્રવાસનું આયોજન કોઇ સર્વોત્તમ ધર્મકર્મસિદ્ધ પુરુષપ્રવરની શોધનું હતું.

એવા પુરુષપ્રવરના અદભુત ધર્મકર્મથી અને અસીમ અનુગ્રહથી પોતાને પરમપ્રતાપી પુત્રરત્નની પ્રાપ્તિ થાય અને એવા સુપુત્રની શકવર્તી શક્તિની સહાયતાથી દ્રોણને દંડ દઇ શકાય એવી એની મહેચ્છા હતી.

યુદ્ધ એક પ્રશ્નને કદાચ કામચલાઉ સમયને માટે ઉપર ઉપરથી શાંત કરે છે પરંતુ બીજા પ્રશ્નોને પેદા કરે છે. પોતાની પાછળ કટુતા તથા વિદ્વેષ મૂકી જાય છે.

દ્રોણે દ્રુપદને યુદ્ધમાં પરાજિત કર્યો પરંતુ દ્રુપદના અંતરમાં અવનવો વિદ્વેષ અને પ્રતિશોધભાવ પેદા થયો.

દ્રુપદનું પરિભ્રમણ એનું પરિણામ હતું.

ગંગાતટવર્તી પવિત્ર પ્રદેશમાં પરિભ્રમણ કરતાં તે કલ્માષપાદ નગરની પાસેના એક આશ્રમમાં પ્રવેશ્યો. એ આશ્રમમાં એણે યાજ અને ઉપયાજ નામે બે ઉત્તમ વ્રતપરાયણ બ્રહ્મર્ષિઓને જોયા.

તે બંને બ્રહ્મર્ષિઓ મનના સંપૂર્ણ સંયમવાળા, પરમાત્માપરાયણ, વેદની સંહિતાના અધ્યયનમાં રત, સૂર્યના ઉપાસક અને સુંદર સ્વરૂપવાળા હતા.

દ્રુપદે ઉપયાજની શ્રદ્ધાભક્તિપૂર્વક વિશેષ સેવા કરી, એમની સઘળી કામનાઓને સંતોષીને જણાવ્યું કે તમે મને દ્રોણનું મૃત્યુ લાવે એવા પ્રતાપી પુત્રની પ્રાપ્તિ થાય તેને માટે જે કાંઇ યોગ્ય લાગે તે કરો તો તમને એક અબજ ગાયો આપીશ.

દ્રુપદે એટલી બધી ગાયોને આપવાની તૈયારી બતાવી એના પરથી દેશમાં એ વખતે અગણિત ગોધન હશે એવું ચોક્કસ અનુમાન કરી શકાય છે.

ઉપયાજની બીજી બધી કામનાઓને સંતોષવાની પણ બાંયધરી આપી. પરંતુ ઉપયાજ એવું કાર્ય કરવા તૈયાર ના થયા. એમણે મોટા ભાઇ યાજને પ્રાર્થવાની ભલામણ કરી.

દ્રુપદે યાજ ઋષિના આશ્રમે પહોંચીને તેમને પૂજીને દ્રોણનો નાશ કરી શકે એવા પુત્રની પ્રાપ્તિ માટે યજ્ઞ કરવાની પ્રાર્થના કરી.

યાજે ઉપયાજને મનાવીને તેમની સહાયતાથી સંયુક્ત રીતે યજ્ઞકર્મને કરવાની તૈયારી કરી.

દ્રુપદે એ યજ્ઞકર્મની સિદ્ધિ માટે ઉપયોગી સામગ્રીને મેળવવા માટે મદદ કરીને પ્રતાપી પુત્રને માટે સંકલ્પ કર્યો.

યાજે યજ્ઞનો આરંભ કર્યો.

યજ્ઞના અગ્નિમાંથી દેવસદૃશ, અગ્નિજ્વાળા જેવા સ્વરૂપવાળો, ભયંકર કુમાર પ્રગટયો. એણે મુકુટ અને કવચને ધારણ કરેલાં. એના હાથમાં ધનુષ, બાણ તથા તલવાર હતાં. એ સિંહનાદ કરી રહેલો.

એ સુંદર સર્વોત્તમ રથમાં બેસીને સત્વર વિદાય થવા લાગ્યો ત્યારે એને અવલોકીને પાંચાલો પ્રસન્નતાસૂચક ઉદગારો કાઢવા લાગ્યા.

એ વખતે આકાશવાણી સંભળાઇ કે આ ભયભંજન રાજકુમાર પાંચાલોના યશને વિસ્તારશે, રાજાના શોકને શમાવશે, અને દ્રોણના નાશ માટે નિમિત્ત બનશે.

એ યજ્ઞવેદીમાંથી જ સર્વોત્તમ સદભાગ્યશાલિની, સુદર્શના, અતિશય આકર્ષક અને સુંદર, શ્યામ લોચનવાળી, નીલ વાંકડિયા વાળવાળી, ઊંચા તામ્રરંગી નખવાળી, સરસ ભ્રમરવાળી, અને ભરાવદાર છાતીપ્રદેશથી સુશોભિત હતી - સાક્ષાત્ દેવકન્યા માનવવેશમાં પ્રગટી હોય તેવી.

એના આવિર્ભાવ વખતે આકાશવાણી થઇ કે આ સકળ સુંદરીઓમાં શ્રેષ્ઠ સુકુમારી કૃષ્ણા ક્ષત્રિયોના નાશ માટે જન્મી છે. એ સમુચિત સમયે તે કાર્યને કરશે. એનાથી કૌરવોને મહાન ભય પેદા થશે.

એ સાંભળીને પાંચાલો સિંહના સમૂહ જેમ ગર્જવા લાગ્યા.

દ્રોણે ધૃષ્ટદ્યુમ્નને પોતાની પાસે બોલાવીને અસ્ત્રવિદ્યા શીખવી એ પણ ખાસ ઉલ્લખનીય છે.

ધૃષ્ટદ્યુમ્ન અને દ્રૌપદી એવી અલૌકિક રીતે યજ્ઞકુંડમાંથી પ્રગટયાં એવી કથા કેટલાક વિદ્વાનોએ રુચિકર ના લાગવાથી એ એવું અર્થઘટન પણ કરે છે કે એ બંનેનો જન્મ યજ્ઞાનુષ્ઠાનના પરિણામે પરંતુ સામાન્ય રીતે જ થયેલો. અયોનિજ જન્મની વાત એમને વિશ્વસનીય કે માનવા જેવી નથી લાગતી. છતાં પણ મહાભારતનું એ વર્ણન નોંધપાત્ર તો છે જ.

☼ ☼ ☼ ☼ ☼

## પ૨. પાંડવો પાંચાલનગરમાં

ધૃષ્ટદ્યુમ્ન તથા દ્રૌપદીના જન્મની કથાને સાંભળીને પાંડવોને ચિત્રવિચિત્ર લાગણીનો અનુભવ થયો.

ખાસ કરીને ધૃષ્ટદ્યુમ્નની જન્મકથાને સાંભળીને.

ધૃષ્ટદ્યુમ્નનો જન્મ દ્રોણાચાર્યના નાશ માટે છે; દ્રુપદ દ્વારા એ પ્રયોજનની પૂર્તિ માટે જ યજ્ઞ કરાવવામાં આવેલો; એ યજ્ઞકાર્ય સંપૂર્ણપણે સફળ થયું; અને એના અંતે અલૌકિક આકાશવાણી થઇ; એ અલૌકિક આકાશવાણીએ ધૃષ્ટદ્યુમ્નના જન્મનું રહસ્ય સ્પષ્ટપણે શંકારહિત રીતે કહી સંભળાવ્યું; એ બધું જાણીને એમને અતિશય દુઃખ થયું.

સવિશેષ તો એટલા માટે કે એમને દ્રોણાચાર્ય પ્રત્યે પુષ્કળ પ્રેમ હતો.

દ્રોણાચાર્ય એમના અસ્ત્રવિદ્યાગુરુ બનેલા.

એમના તથા દ્રુપદના મિત્રભાવને અને અમિત્રભાવને, દ્રુપદ સાથેના યુદ્ધને અને દ્રુપદના પરાભાવને એ જાણતા હતા.

એ પરાભાવના પરિણામે દ્રુપદના મનમાં અસાધારણ પ્રતિશોધભાવ પેદા થાય, અને એ અતિપ્રખર પ્રતિશોધભાવ દ્રોણાચાર્યના નાશ માટેની યોજના બનાવીને એ યોજનામાં આંશિક રીતે સફળ થાય, તેની માહિતી મેળવીને એમનાં હૈયાં હચમચી ઊઠયાં. એ અતિશય અસ્વસ્થ બની ગયા.

પરંતુ હવે એનો કોઇ ઉપાય નહોતો રહ્યો. વાત ધાર્યા કરતાં ખૂબ જ આગળ વધી ગયેલી.

હવે તો આકાશવાણી અસત્ય ઠરે તો જ કશુંક અન્યથા થઇ શકે. ઘટનાચક્ર ધાર્યા કે માન્યા કરતાં જુદી રીતે ચાલવા લાગે. એ એક જ આકાંક્ષા શેષ રહી.

એકચક્રા નગરીમાં નિવાસ કરતાં કરતાં સુદીર્ઘ સમય પસાર થઇ ગયો. જે જે સુરમ્ય વનો તેમજ ઉપવનો હતાં તે પણ સંતોષકારક રીતે જોવાઇ ગયાં. પાંડવોને ભિક્ષા પણ આવશ્યકતાનુસાર બરાબર નહોતી મળતી. એટલે માતા કુંતીના કથનાનુસાર પાંડવોએ સર્વસંમતિથી પાંચાલદેશમાં પહોંચવાનો નિર્ણય કર્યો. ત્યાં એ વખતે સુકાલ પ્રવર્તતો હતો એ પણ સારું હતું.

પાંડવોએ પાંચાલ દેશ માટે પ્રસ્થાન કર્યું તે પહેલાં, પોતાના પૂર્વવચનને અનુસરીને, એમને મહર્ષિ વ્યાસ મળ્યા.

કુંતી તથા પાંડવો એમનાં દર્શન-સમાગમથી પ્રસન્નતા પામ્યાં.

મહર્ષિ વ્યાસે એમને પાંચાલ દેશમાં પહોંચીને પાંચાલ નગરમાં રહેવાનો ને સર્વપ્રકારે સુખશાંતિને પામવાનો શુભાશીર્વાદ આપ્યો.

તેમને ત્યાં કૃષ્ણા કે દ્રૌપદી મળશે એવું પણ જણાવ્યું.

પાંડવો એમની પ્રેરણા પ્રમાણે પાંચાલદેશમાં જવા માટે તૈયાર થયા.

જે વખતે જે થવાનું હોય છે તે થઇને જ રહે છે, માનવ તો નિમિત્ત માત્ર છે, એ લોકોક્તિને સાચી થવાનો સમય શરૂ થયેલો તે આગળ ચાલ્યો.

☼ ☼ ☼ ☼ ☼

# ૫૩. દ્રૌપદીની પ્રાપ્તિ

પેલી પ્રખ્યાત કવિતાપંક્તિમાં કહ્યા પ્રમાણે, પ્રારબ્ધકર્મની લીલા અતિશય ગહન, અનિર્વચનીય અથવા અટપટી હોય છે.

માનવની મરજી મુજબનું, એના મનોરથ પ્રમાણેનું પ્રારબ્ધ કેટલીક વાર એનાથી દૂર રહે છે, તો કેટલીક વાર જેની કલ્પના ના કરી હોય, ઇચ્છા ના રાખી હોય, કે માગણી ના મૂકી હોય, એવું અનુકૂળ કે પ્રતિકૂળ પ્રારબ્ધ એની આગળ આવીને અનાયાસે ઊભું રહે છે. એવું પ્રારબ્ધના પરિપાકરૂપ સદભાગ્ય કે દુર્ભાગ્ય એના જીવનમાં આવી મળે છે. એના સંબંધમાં કોઇ ચોક્કસ નિયમ નથી બાંધી શકાતો. એટલે જ કવિએ એને ઘેલું કહીને એના ભરોસે ના રહેવાનું સૂચવ્યું છે. એ કયા સમયે, કેવી રીતે, શું કરે, તેના વિશે કશું જ ચોક્કસપણે કહી શકાય નહીં. એનું કોઇ સુનિશ્ચિત અનુમાન પણ ના કરી શકાય. કવિ બાલાશંકરે કહ્યું છે:

'અરે પ્રારબ્ધ તો ઘેલું રહે તે દૂર માગે તો,
ન માગ્યે દોડતું આવે, ન વિશ્વાસે કદી રહેજે.'

પાંડુના મૃત્યુ પછી માતા કુંતી તથા પાંડવો પ્રારબ્ધની એવી અટપટી લીલાનો અનુભવ કરી રહેલાં. એને લીધે એમને સાંસારિક સુખદુઃખના, લાભહાનિના, માનાપમાનના મિશ્રિત અનુભવો થઇ રહેલા. એ પ્રારબ્ધના ગુપ્ત ભંડારમાં હજુ એમને સારુ અન્ય અસંખ્ય સારા-નરસા ઉત્તમ-અનુત્તમ સ્વાનુભવો શેષ હતાં. એમાંના કેટલાક સ્વાનુભવોના સ્વાદ માટે પ્રારબ્ધ એમને પાંચાલનગરની દિશામાં લઇ ગયું.

પાંચાલનગર જતાં એમને માર્ગમાં ફરી વાર મહર્ષિ વ્યાસના દર્શનનો લાભ થયો.

મહર્ષિ વ્યાસે એમને આશીર્વાદ આપ્યા. સત્પુરુષના આશીર્વાદનું પરિણામ સદા શુભ જ આવે છે.

પાંચાલનગરમાં પાંડવોને માટે સાનુકૂળ શુભ પ્રારબ્ધ જાણે કે પ્રતીક્ષા કરી રહેલું.

નગરમાં પ્રવેશીને પાંડવોએ પ્રજાપતિના ઘરમાં રહેવાનું રાખ્યું.

ત્યાં પણ તે ભિક્ષાન્ન પર રહીને એમના જીવનનો નિર્વાહ કરવા લાગ્યા.

નગરમાં એ એવી ગુપ્ત રીતે રહેતા કે એમને કોઇ ઓળખી શક્યું નહીં.

એ દિવસો દરમિયાન રાજા દ્રુપદે પોતાની પ્રિય પુત્રી દ્રૌપદીના સ્વયંવરનું આયોજન કરેલું. એના મનનો મનોરથ તો એવો હતો કે દ્રૌપદી અર્જુનને વરે, પરંતુ એ જમાનાની દેશપરંપરાને અનુલક્ષીને એણે સ્વયંવરની તૈયારી કરેલી. એણે એક સુંદર, સુદૃઢ, આકર્ષક, અણનમ ધનુષ કરાવેલું. એ પછી આકાશમાં ઊંચે એક કુત્રિમ યંત્ર કરાવીને તે ફરતા યંત્રના છિદ્રમાંથી જોઇ શકાય એવું એક નિશાન રાખેલું.

દ્રુપદે સ્વયંવરની સુયોગ્ય સમયે ઘોષણા કરીને સભામંડપમાં સંમિલિત રાજાઓ, રાજપુરુષો અને અન્ય અતિથિઓને સુસ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે આ ધનુષને ધારણ કરીને, આ તૈયાર કરવામાં આવેલાં બાણની મદદથી, જે આ યંત્રની અંદરના સતત રીતે ફરી રહેલા નિશાનને વીંધી શકશે તે પરમપ્રતાપી વીર પુરુષ મારી સુપુત્રી દ્રૌપદી સાથે લગ્ન કરી શકશે. દ્રૌપદી એને વરમાળા પહેરાવશે.

દ્રુપદની વાણીને સૌ મંત્રમુગ્ધ બનીને સાંભળી રહ્યા.

એ વાણી સૌની શૂરવીરતાને લલકારનારી થઇ પડી.

"નગરના ઇશાન ખૂણામાં સપાટ અને સુંદર ભૂમિ ઉપર ચારેકોર પથરાયેલાં ભવનો સાથે સ્વયંવરસભા શોભી રહી. તેને ફરતાં કોટ અને ખાઇઓ હતાં અને દરવાજા તથા તોરણોથી તે સુમંડિત હતી. વિવિધ ચંદરવાઓ તેને ચોમેરથી શોભા આપી રહેલા. તેમાં સેંકડો તૂરીઓના ઘોષ ગાજતા, મહામૂલા અગરુચંદનના ધૂપ મહેકતા, ચંદનજલના અભિષેક થતા, ફૂલમાળાઓની શોભા હતી. આકાશને અડનારા અતિ ઉચ્ચ ઉજ્જવળ પ્રાસાદો દેખાતા. તે ભવનોમાં સોનેરી જાળીઓનાં અવગુંઠનો હતાં, શોભામયી મણિભરી ભીંતો હતી, સુખપૂર્વક ચઢવાની સીડીઓ હતી, અને મોટાં આસનો તથા સારાં સાહિત્યો હતાં. તેમાં સુગંધ યોજન જેટલે દૂરથી આવતી. તેમને સો મોકળા દરવાજા હતા, અને શય્યા તથા આસનોથી તે શોભી રહેલા. હિમાલયનાં શિખરોની જેમ એ ભવનોનાં અંગો અનેક ધાતુઓથી રંગેલા."

"ત્યાં સુંદર અલંકારો ધારણ કરેલા, એકબીજાની સ્પર્ધા કરી રહેલા, રાજવીઓ વિવિધ પ્રકારનાં વિમાનાસનો ઉપર બેઠેલા. નગર અને જનપદના લોકો પણ કૃષ્ણનાં દર્શન માટે ચારે તરફથી આવીને મહામૂલ્યવાન મંચો ઉપર બેઠા હતાં."

"પાંડવો ત્યાં બ્રાહ્મણો સાથે બેઠા અને પાંચાલ રાજની અનુપમ સમૃદ્ધિને જોવા લાગ્યા. તે સંમેલનમાં રત્નોનાં અનેકાનેક દાન અપાયાં. તે સ્વયંવર દિવસો સુધી નટ તથા નર્તકોની શોભા સાથે વધતો રહ્યો. એનો સોળમો રમણીય દિવસ આવ્યો ત્યારે સર્વાંગે સ્નાનશુદ્ધ થયેલી, સુંદર વસ્ત્રો ધારણ કરેલી, સર્વ અલંકારોથી વિભૂષિત થયેલી દ્રૌપદી સુંદર સુવર્ણમાળાને લઇને રંગભૂમિ ઉપર આવી પહોંચી. સોમવંશના મંત્રજ્ઞ અને પવિત્ર બ્રાહ્મણ પુરોહિતે ફૂલદર્ભને પાથરીને વિધિપૂર્વક ઘીથી અગ્નિમાં હોમ કર્યો. અગ્નિને તૃપ્ત કર્યા પછી તેમણે બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવીને ચોતરફ વાગી રહેલાં વાજિંત્રોને બંધ કરાવી દીધાં."

"એવી રીતે એ સમસ્ત રંગમંડપ શબ્દશૂન્ય કે શાંત થયો ત્યારે ધૃષ્ટદ્યુમ્ન કૃષ્ણા અથવા દ્રૌપદીને લઇને તેમાં પ્રવેશ્યો."

"એણે ત્યાં એકત્ર થયેલા સૌને મેઘના જેવી ગંભીર વાણીમાં મોટેથી કોમળ, ઉત્તમ, અર્થભરેલાં વચનો કહ્યાં કે હે પૃથ્વીનાથો, આ ધનુષ છે, નિશાન છે, અને આ બાણો છે. આ ઉપર દેખાતા યંત્રના છિદ્રમાંથી પાંચ તીક્ષ્ણ આકાશચારી બાણોથી પેલા લક્ષ્યને વીંધવાનું છે. તમારામાંથી જે કોઇપણ વીર પુરુષ એ મહાન કાર્ય કરશે તેને મારી બેન કૃષ્ણા વરમાળા પહેરાવશે."

ધૃષ્ટદ્યુમ્ને દ્રૌપદીને દુર્યોધન, દુર્મુખ, દુઃશાસન, કર્ણ, વિકર્ણ તથા ત્યાં આવેલા અન્ય અનેક પરમપ્રતાપી પુરુષોનો પરિચય કરાવ્યો.

દ્રૌપદી એ સૌને માટે અસાધારણ આકર્ષણરૂપ બની રહી. સૌ એને મેળવવાના મનોરથ કરવા લાગ્યા. પરંતુ એકલા મનોરથ કરવાથી શું વળે ? દ્રૌપદીને મેળવવા માટે લક્ષ્યને ભેદવાનું હતું, અને એ કાર્ય ધારવા જેટલું સરળ નહોતું.

"અલંકાર અને કુંડળને ધારણ કરેલા, પરસ્પર સ્પર્ધા કરતા, અને પોતાનું બાહુબળ તથા શસ્ત્રાસ્ત્રબળ સૌથી શ્રેષ્ઠ હોવાનું અભિમાન રાખતા સર્વ નવયુવાન નરેન્દ્રો આયુધોને ઉઠાવીને ઊભા થયા."

"ત્યાં રંગમંડપમાં મત્ત ગજેન્દ્ર જેવા રૂપવાળા, પદ્મની પાછળ દોડનારા હસ્તિરાજ જેવા, ભસ્મથી ઢંકાયેલા અંગવાળા, અગ્નિ જેવા પાંચ પાંડવોને જોઇને યદુવીરોમાં મુખ્ય કૃષ્ણ વિચાર કરવા લાગ્યા."

"જુદા જુદા રાજાઓ, રાજપુત્રો તથા રાજપૌત્રો દ્રૌપદીને મેળવવાના મનોરથથી મંડિત બનીને પોતાના પરાક્રમને પ્રગટ કરવા લાગ્યા. એ બધા નિષ્ફળ ગયા ને દુઃખી બન્યા."

"એમને નિષ્ફળ અને દુઃખી બનેલા જોઇને ધનુર્ધરોમાં શ્રેષ્ઠ કર્ણે ત્યાં પહોંચીને તરત જ ધનુષને રમતમાત્રમાં ઉપાડીને એની ઉપર શરનું અનુસંધાન કર્યું. એ પરમપ્રતાપી કર્ણ લક્ષ્યભેદ કરીને નિશાનને પૃથ્વી પર પાડશે એ સંબંધી કોઇને શંકા ના રહીં. પરંતુ એના માર્ગમાં એક અગત્યનો અસાધારણ અંતરાય ઊભો થયો. દ્રૌપદીએ એને જોઇને ઊંચા સ્વરે જણાવ્યું કે, હું સૂતપુત્રને નહિ પરણું."

"એ સાંભળીને કુંતીપુત્ર કર્ણે હાસ્ય, વેદના અને રોષ સાથે સૂર્ય તરફ દૃષ્ટિપાત કરીને તે પ્રત્યંચા ખેંચેલા ધનુષને મૂકી દીધું."

એ ઘટના મહાભારતના સમયની સામાજિક પરિસ્થિતિ પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે. એ વખતે સમાજમાં સૂતોને તથા સૂતપુત્રોને સંપૂર્ણપણે સુયોગ્ય હોવા છતાં પણ સમુચિત, સન્માનનીય સ્થાન પ્રદાન કરવામાં નહિ આવતું હોય એવું કર્ણના આ પરાક્રમપ્રસંગ પરથી પુરવાર થાય છે. કર્ણ સર્વ રીતે સુયોગ્ય હોવાં છતાં તેને સૂતપુત્ર છે માટે જ નહિ પરણવાની દ્રૌપદીએ જહેરાત કરી, અને એ જાહેરાતને કોઇ પણ પ્રકારના વિરોધ વિના સૌએ મૂંગે મોઢે સ્વીકારી લીધી, એના પરથી એની પ્રતીતિ થાય છે. દ્રૌપદીના સ્વયંવરમાં જાતિભેદને મહત્ત્વ મળ્યું.

ચેદિદેશના સ્વામી શિશુપાલને ધનુષ ઉપાડવામાં નિષ્ફળતા મળી. મહાબળવાન રાજા જરાસંઘ ધનુષ પાસે પહોંચીને અછળ પર્વતપેઠે ઊભો રહ્યો, પરંતુ ધનુષથી ભિડાઇ જતાં તે પણ શિશુપાલની જેમ જમીન પર ઘૂંટણભેર પડી ગયો. એથી હતોત્સાહ અને લજ્જિત થઇને પોતાના રાજ્ય તરફ વિદાય થયો.

મહાવીર્યવાન મદ્રરાજ શલ્યને પણ સફળતા ના મળી.

એવી રીતે સઘળા શૂરવીરો શરસંધાન કરીને નિર્ધારિત નિશાનને તાકવામાં નિષ્ફળ ગયા ત્યારે અર્જુન બ્રાહ્મણોની વચ્ચેથી ઊભો થયો. એણે ક્ષણવારમાં ધનુષને ધારણ કરીને એની ઉપર પાંચ બાણ ચઢાવ્યાં. પછીથી છિદ્ર વાટે નિશાનને વીંધ્યું એટલે એ વીંધાઇને તરત જ પૃથ્વી પર પડ્યું. એ વખતે અંતરીક્ષમાં નાદ ગાજી ઊઠયો. સમાજમાં શોર થયો. દેવોએ અર્જુન પર પુષ્પોની વૃષ્ટિ કરી. યુધિષ્ઠિર, સહદેવ અને નકુલ ઉતારા પર પહોંચી ગયા. રાજા દ્રુપદે સર્વ પ્રકારે પ્રસન્ન થઇને અર્જુનને આવશ્યકતાનુસાર સેના સાથે સહાયતા પહોંચાડવાનો સંકલ્પ કર્યો. દ્રૌપદી સુમનમાળાને લઇને સ્મિત સહિત અર્જુન પાસે પહોંચી. અર્જુન રંગભૂમિમાંથી બહાર નીકળ્યો ત્યારે પત્ની દ્રૌપદી પણ તેની પાછળ બહાર નીકળી.

☼ ☼ ☼ ☼ ☼

# ૫૪. દ્રૌપદી વિશેનું સ્પષ્ટીકરણ

રાજા દ્રુપદે પોતાની કન્યા દ્રૌપદીને એક બ્રાહ્મણ યુવાનને અર્પણ કરી એ જોઇ સ્વયંવરમાં એકઠા થયેલા કેટલાક રાજાઓ અતિશય રોષે ભરાઇને કહેવા લાગ્યા કે આ દ્રુપદે આપણને સૌને તૃણસમાન સમજી, આપણો અનાદર કરી, દ્રૌપદી એક બ્રાહ્મણને વરે એને માટે અનુમતિ આપી છે. એણે આપણી અવગણના કરી છે. માટે આપણે એના પુત્ર સાથે એનો નાશ કરીએ એ જ બરાબર છે. એણે સઘળા રાજ્યાધીશોને બોલાવી, દિવસો સુધી સરસ સ્વાદિષ્ટ ભોજનાદિથી સત્કારીને એમનું માન ના રાખ્યું. એને કોઇપણ રાજા યોગ્ય ના લાગ્યો ? સ્વયંવર તો ક્ષત્રિયોને માટે જ હોય છે. એમાં બ્રાહ્મણોને ભાગ લેવાનો ને કન્યાને મેળવવાનો અધિકાર નથી હોતો. દ્રૌપદી કોઇ રાજાને વરવા માટે ઇચ્છતી ના હોય તો એને અગ્નિમાં નાખીને વિદાય થઇએ. બ્રાહ્મણે લોભથી કે ખોટી ચપળતાથી આપણું અપ્રિય કરવાનું સાહસ કરી નાખ્યું છે તો પણ તેનો કોઇ રીતે નાશ કરાય નહીં ભવિષ્યના અન્ય સ્વયંવરોમાં આપણી સ્થિતિ આવી કફોડી ના થાય તેને માટે આપણે આજે અસાધારણ પરાક્રમ કરવું જોઇએ.

રાજાઓ એવું કહીને દ્રુપદને વિવિધ આયુધો સાથે દંડ દેવાને તૈયાર થયા.

એમણે આક્રમણ કર્યું એટલે દ્રુપદે ગભરાઇ તથા ભયભીત બનીને સ્વરક્ષા માટે બ્રાહ્મણોનું શરણ લીધું.

ભીમ અને અર્જુને મદઝરતા હાથીઓની પેઠે વેગપૂર્વક દોડી આવતા રાજાઓનો સ્વભાવસહજ શૂરવીરતા સહિત સામનો કર્યો.

સ્વયંવરના સુંદર સુખમય સ્થાનમાં એવી રીતે ભયંકર યુદ્ધ ફાટી નીકળ્યું.

યુદ્ધમાં ભીમ અને અર્જુનનું પ્રખર પરાક્રમ પેખીને ત્યાં ઊભેલા કૃષ્ણે બળરામને જણાવ્યું કે આ બ્રાહ્મણકુમારો ભીમ અને અર્જુન જ હોવા જોઇએ. એમના સિવાય આવું લોકોત્તર પરાક્રમ બીજું કોઇ પણ ના કરી શકે. એમાં મને સહેજ પણ શંકા નથી. પાંડવો કુંતી સાથે લાક્ષાગૃહમાંથી બચી ગયા છે એવી સામાન્ય જનસમાજમાં પ્રચલિત વાત સંપૂર્ણ સાચી લાગે છે.

બળરામે કૃષ્ણના ઉદગારોને અનુમોદન આપ્યું. એ સાંભળીને સંતોષ અને આનંદ વ્યક્ત કર્યો.

અર્જુન અને કર્ણનું તથા ભીમ અને શલ્યનું એકમેકથી અપરિચિત અવસ્થામાં અતિભયંકર યુદ્ધ થયું.

એમણે એકમેકને પોતાના પરાક્રમના પરચા બતાવ્યા.

એમના અદભુત પરાક્રમને પેખીને કૃષ્ણે સઘળા રાજાઓને શાંત કરીને સમજાવ્યા કે દ્રૌપદીને અધર્મ નહિ પરંતુ ધર્મપૂર્વક મેળવવામાં આવી હોવાથી હવે એને માટે યુદ્ધનો આશ્રય લેવાનું નિરર્થક છે.

કૃષ્ણની દરમિયાનગીરીથી રાજાઓએ યુદ્ધકર્મમાંથી નિવૃત થઇને વિસ્મિત બનીને પોતપોતાનાં નગરોની દિશામાં પ્રયાણ કર્યું.

જનસમૂહની ભારે ભીડમાંથી બહાર નીકળેલા, યુદ્ધમાં જખમી બનેલા, ભીમ અને અર્જુનની પાછળ દ્રૌપદીએ ચાલવા માંડયું, ત્યારે તે બંને પૂર્ણિમાના દિવસે વાદળથી વિમુક્ત થયેલા સૂર્ય અને ચંદ્રની પેઠે શોભી તથા પ્રકાશી રહેલાં.

કલ્યાણકાર્યમાં કેટલીક વાર વિવિધ પ્રકારનાં વિઘ્નો આવતાં હોય છે. સત્ય, ન્યાય, નીતિને વફાદાર રહેનારા મજબૂત મનોબળવાળા માનવો એ વિઘ્નોથી ગભરાયા કે ડર્યા વગર એમાંથી માર્ગ કાઢીને આગળ વધે છે ને સફળ બને છે કે વિજયી ઠરે છે.

પાંડવો વેળાસર આવ્યા નહિ એટલે માતા કુંતીને ચિંતા થવા લાગી કે કૌરવોએ એમને ઓળખી કાઢયા તો નહીં હોય અને કશું અમંગલ તો નહીં થયું હોય ? મહર્ષિ વ્યાસનો આશીર્વાદ પણ એળે ગયો કે શું ?

એ વખતે મોટા ભાગના મનુષ્યો સૂઇ ગયેલા. ત્યારે ભીમ અને અર્જુને દ્રૌપદી સાથે કુંભારની કર્મશાળામાં પ્રવેશ કરીને અમે ભિક્ષા લાવ્યા છીએ એવું પરમ પ્રસન્નતાપૂર્વક જણાવ્યું.

કુંતીએ કહ્યું કે તમે બધા ભેગા મળીને તેનો ઉપયોગ કરજો.

એ પછી એની દૃષ્ટિ અચાનક દ્રૌપદી પર પડી તો એને થયું કે મારાથી કષ્ટકારક વચનો કહેવાઇ ગયાં. દ્રૌપદીનો હાથ પકડીને યુધિષ્ઠિર પાસે પહોંચીને એણે જણાવ્યું કે મેં ભિક્ષા છે એવું સમજીને બધા મળીને ઉપયોગ કરો એવું કહેલું. તો મારું કથન મિથ્યા ના થાય અને પાંચાલરાજની પુત્રીને અધર્મ ના થાય તેવો માર્ગ વિચારીએ.

એ સાંભળીને ધર્મરાજ યુધિષ્ઠિરે અર્જુનને કહ્યું કે તેં દ્રૌપદીને સ્વયંવરમાં તારા પ્રખર પરાક્રમને પ્રદર્શાવીને પ્રાપ્ત કરી છે માટે તેની શોભા તારી સાથેના પાણિગ્રહણથી જ થઇ શકશે. તું પાવકને પ્રજ્વલિત કરીને એનું વિધિપૂર્વક પાણિગ્રહણ કર. ત્યારે અર્જુને જણાવ્યું કે સૌથી પ્રથમ તમારો, પછી ભીમસેનનો, પછી મારો, અને તે પછી નકુલ-સહદેવનો વિવાહ થાય તે ઉચિત ગણાશે. માટે આ કન્યાનું પાણિગ્રહણ તમારે કરવું જોઇએ. પછી ભીમસેનનો, મારો અને નકુલ-સહદેવનો વિવાહ ભલે થાય. મારો અભિપ્રાય આવો હોવા છતાં જે ધર્માનુરૂપ, યશકર, પાંચાલરાજ દ્રુપદને હિતાવહ લાગતું હોય તે વિચાર કરીને કરો અને અમને યોગ્ય આજ્ઞા આપો, કારણ કે અમે સઘળા તમારી આજ્ઞામાં છીએ.

પાંડવોએ દ્રૌપદી તરફ દૃષ્ટિપાત કરીને એકબીજા સામે જોયું. દ્રૌપદીને નિહાળીને તેમનું મન હાથમાં રહ્યું નહીં. દ્રૌપદીનું સ્વરૂપ કામોદ્દીપક હોવાથી એમનામાં મદનનો પ્રાદુર્ભાવ થયો.

એમની એવી કામાતુર અવસ્થાને અવલોકીને અને એમના મનના ભાવોને જાણીને યુધિષ્ઠિરને વ્યાસના શબ્દોનું સ્મરણ થયું. એથી દ્રૌપદીને પ્રાપ્ત કરનારાના બીજા પાંડવો શત્રુ બનશે એવી આશંકાથી એમણે જણાવ્યું કે દ્રૌપદી આપણા સૌની ભાર્યા થશે.

એ શબ્દોને સાભળીને અન્ય પાંડવો સ્તબ્ધ બની ગયા.

એટલામાં કૃષ્ણ અને બળદેવ કુંભારની કર્મશાળામાં પાંડવો પાસે પહોંચ્યા. એ પાંડવોને સ્વયંવરના અને એ પછીના યુદ્ધપ્રસંગ પરથી ઓળખી ગયેલા.

પાંડવોને એમણે એમના લાક્ષાગૃહમાંથી થયેલા બચાવ માટે તથા લોકોત્તર દિવ્ય પરાક્રમ માટે અભિનંદન આપીને એમની વિદાય લીધી.

દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ન સ્વયંવર પછી કુંભારગૃહે જવા નીકળેલા ભીમ અને અર્જુનની પાછળ કુતૂહલથી પ્રેરાઇને પહોંચેલો. એ કોઇની પણ નજરે ના પડાય તેમ, સંપૂર્ણ સાવચેત રહીને, કુંભારના ગૃહમાં પાંડવોની પાછળ છુપાઇને બેઠેલો.

પાંડવોની પરિસ્થિતિ જોઇને તેને ખૂબ જ નવાઇ લાગી. વિધિની વિચિત્રતાને વિચારીને દુઃખ પણ થયું.

તે પાછો દ્રુપદ પાસે પહોંચ્યો ત્યારે દ્રુપદની પાંડવોને માટેની જિજ્ઞાસાના જવાબમાં એણે ભીમ અને અર્જુનની કુંભારગૃહમાં પ્રવેશ્યાની, ત્યાં પાસે પાસે જ બેઠેલા ત્રણ યુવાનો તથા તેમની જનનીને જોયાની, દ્રૌપદીને ત્યાં જ મૂકીને ચાર પાંડવોના ભિક્ષા માટે બહાર જવાની, પાછાં ફરતાં ભોજન કર્યાની, શયન કરવાની, અને પરસ્પરના ક્ષત્રિયોચિત વાર્તાલાપની વાત કહી સંભળાવી, અને એ બધા લાક્ષાગૃહમાંથી ઊગરેલા કુંતી સાથેના પાંડવો જ છે એવું અનુમાન પણ રજૂ કર્યું.

એ સમાચારથી પ્રસન્ન બનેલા દ્રુપદે પાંડવોની વધારે તપાસ કરવા તથા સાચી, વિશ્વાસનીય, વિશેષ માહિતી મેળવવા માટે પોતાના પુરોહિતને મોકલ્યો.

પુરોહિતે યુધિષ્ઠિરને તેમની જાતિ વગેરે જણાવવાની પ્રાર્થના કરી અને જણાવ્યું કે પાંડુરાજા અને દ્રુપદ રાજામાં ગાઢ મિત્રતા હોવાથી કૃષ્ણાને પાંડુરાજાની પુત્રવધૂ બનાવવાનો રાજા દ્રુપદનો મનોરથ હતો. વળી દ્રુપદ એવું ઇચ્છે છે કે વિશાળ દીર્ઘબાહુથી યુક્ત અર્જુન જો મારી કન્યાને ધર્મપૂર્વક પ્રાપ્ત કરી લે તો તેથી મારું મહાન હિત જ સધાશે.

યુધિષ્ઠિરે ભીમસેનને પુરોહિતનું પાદપૂજન કરવાની આજ્ઞા કરી. એમણે પુરોહિતને જણાવ્યું કે દ્રુપદરાજાએ પોતાની કન્યાને કાજે ક્ષાત્રધર્મને અનુસરીને કરેલા સ્વયંવરમાં લક્ષ્યભેદ કરીને મેળવવામાં આવેલી કન્યા માટે ચિંતા કરવાની આવશ્યકતા નથી. ધનુષને પ્રત્યંચા ચઢાવવાનું કાર્ય કોઇ દુર્બળ મનુષ્યથી ના થઇ શકે એ દેખીતું જ છે. અસ્ત્રવિદ્યામાં નિપુણ ના હોય અને અધમ કુળમાં જન્મેલો હોય તે લક્ષ્યને પૃથ્વી પર પાડી શકે નહીં. એ લક્ષ્યભેદ કરનારને હરાવવાની શક્તિ આજે સંસારમાં કોઇની નથી.

એટલામાં દ્રુપદને ત્યાં ભોજન તૈયાર હોવાના સમાચાર આવવાથી, દ્રૌપદીનું પાણિગ્રહણ કરવાનું ત્યાં જ સૂચવાયાથી, પાંડવો દ્રુપદે મોકલેલા મહામૂલ્યવાન રથોમાં બેસીને દ્રુપદના રાજભવનમાં ભોજન માટે ગયા. કુંતી તથા દ્રૌપદીએ પણ બીજા રથમાં બેસીને પ્રયાણ કર્યું.

ત્યાં પાંડવોના વ્યવહાર પરથી તે રાજકુમાર જ હોવા જોઇએ એવું દ્રુપદાદિએ નિશ્ચયાત્મક રીતે માની લીધું. દ્રુપદના આગ્રહને માન આપીને યુધિષ્ઠિરે સર્વે પાંડવોની સાચી ઓળખાણ આપી એથી દ્રુપદની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં. એને પોતાનું જીવન ધન્ય લાગ્યું. એણે અર્જુનને પોતાના કુળધર્મને અનુસરીને દ્રોપદીનું પાણિગ્રહણ કરવા કહ્યું.

યુધિષ્ઠિરે જણાવ્યું કે દ્રૌપદી અમારા સૌની પત્ની થશે. મારી માતાએ પણ એવું જ સૂચવ્યું છે. હું અને ભીમ હજુ અવિવાહિત છીએ. તારી રત્નસમાન કન્યાને અર્જુને જીતી હોવાં છતાં, રત્નોનો ઉપભોગ સાથે મળીને કરવાની અમારી આકાંક્ષા છે.

દ્રુપદે એ શબ્દોને સાંભળીને સત્વર સ્પષ્ટીકરણ કર્યું કે એક પુરુષ ઘણી સ્ત્રીઓ કરી શકે એવું તો કહેલું છે, પરંતુ એક સ્ત્રી અનેક પતિ કરે એવું તો કોઇ કાળે ક્યાંય સાંભળ્યું નથી. એવી બુદ્ધિ શા માટે થાય છે ? એવો શિષ્ટાચાર તથા શ્રુતિથી વિરુદ્ધ વ્યવહાર કરવાનું ઉચિત નથી લાગતું.

દ્રુપદની એટલી બધી સ્પષ્ટતા પછી પણ યુધિષ્ઠિરે જણાવ્યું કે ધર્મની ગતિ ખૂબ જ સૂક્ષ્મ હોય છે. અમારી અંદર એને જાણવાનું સામર્થ્ય નથી. પૂર્વકાળના પુરુષો જે માર્ગે ગયા છે તે માર્ગે અમે પણ જઇશું. મારી વાણીથી કદી પણ અસત્યોચ્ચારણ નથી થયું. મારી મતિ અધર્મ તરફ નથી જતી. મારી માતા એમ જ કહે છે અને મારો પણ એવો મનોરથ છે. એ નિશ્ચિત ધર્મ છે. માટે ચિંતા કે શંકા ના કરતાં એનું આચરણ કરવાનું છે.

એટલામાં ત્યાં મહર્ષિ વ્યાસ પધાર્યા એટલે દ્રુપદે એમની આગળ પોતાના મનોમંથનને રજૂ કર્યું, અને કહ્યું કે આ મને શિષ્ટાચાર તથા શ્રુતિથી વિરુદ્ધ અધર્મ લાગે છે. પહેલાંના પવિત્ર પુરુષોએ આ ધર્મનું આચરણ કદી કર્યું નથી. વિદ્વાનોએ કદી પણ અધર્માચરણ ના કરવું જોઇએ. એથી હું યુધિષ્ઠિરના કહેવા પ્રમાણે કરવા તૈયાર નથી.

ધૃષ્ટદ્યુમ્ને પણ જણાવ્યું કે પોતે સદાચરણી હોય એવો જયેષ્ઠ ભ્રાતા કનિષ્ઠ ભ્રાતાની ભાર્યા સાથે સમાગમ કેવી રીતે કરી શકે ?

યુધિષ્ઠિરે કહ્યું કે મારી વાણી અનૃતનો ઉચ્ચાર કર્યો નથી, અને અધર્મ તરફ મારી મતિ વળતી નથી. આથી આ બાબતમાં મારો મત અનુકૂળ હોવાથી એ કોઇપણ પ્રકારે અધર્મ નથી. સર્વ ગુરુઓમાં માતા શ્રેષ્ઠ ગુરુ છે, તથા ભિક્ષા મુજબ સર્વે મળીને ઉપભોગ કરી લો એવા શબ્દો માતાના મુખમાંથી પણ નીકળ્યાં છે. તેથી એ સર્વોત્કૃષ્ટ ધર્મ છે એમ હું માનું છું.

કુંતીએ કહ્યું કે ધર્માનુચરણ કરનારા યુધિષ્ઠિરે જે કહ્યું તે સાચું છે. મને અનૃતની બીક લાગે છે માટે હું અનૃતમાંથી કેમ મુક્ત થઇશ ? વ્યાસે કહ્યું કે, તું અનૃતમાંથી મુક્તિ મેળવીશ, કેમકે એ જ સનાતન ધર્મ છે.

એમ કહીને વ્યાસ દ્રુપદને હાથ પકડીને અંદર લઇ ગયા અને તેને સનાતન અને વિહિત ધર્મની કથાઓ કહી.

મહર્ષિ વ્યાસે કહેલી મનાતી એ બંને કથાઓની ચર્ચાવિચારણાને હાલપૂરતી મુલતવી રાખીને મહાભારતમાં આલેખાયેલી આટલી કથાને તટસ્થ રીતે વિચારીએ તોપણ તે તર્કસંગત અને મૂળ કથા સાથે સુસંગત નથી લાગતી. કથાના મૂળ પરંપરાગત પ્રવાહ પ્રમાણે પાંડવો પાંચાલનગરમાં મહર્ષિ વ્યાસ જેવા પરમ હિતચિંતકના શુભાશીર્વાદ સાથે પ્રવેશેલા. દ્રૌપદીના સ્વયંવરમાં સંમિલિત થયેલા. સ્વયંવરમાં સૂચના મુજબ અથવા ધૃષ્ટદ્યુમ્ને કરેલી જાહેરાત પ્રમાણે અર્જુને લક્ષ્યવેધ કરીને દ્રૌપદીને પ્રાપ્ત કરેલી. દ્રૌપદી પોતે પણ એવા પરમપ્રતાપી પુરુષને પોતાના પતિ તરીકે પસંદ કરવા પ્રતિજ્ઞાબદ્ધ હતી. રાજા દ્રુપદે પણ એને અનુમોદન આપીને એના સ્વયંવરનું આયોજન કરેલું. અર્જુને લક્ષ્યવેધ કર્યા પછી અન્ય રાજાઓ સંઘર્ષ માટે તૈયાર થયા ત્યારે યુધિષ્ઠિર સહદેવ તથા નકુલ સાથે કુંભારગૃહમાં કુંતી પાસે પહોંચી ગયેલા. તેમણે કુંતીને અર્જુને લક્ષ્યવેધ દ્વારા દ્રૌપદીને મેળવ્યાની વાત કરી જ હોય. પાંડવો ભિક્ષા માટે નથી ગયા પરંતુ દ્રૌપદીના

સ્વયંવરમાં ગયા છે એની કુંતીને ખબર હતી. એટલે ભીમ અને અર્જુન દ્રૌપદી સાથે એની પાસે પહોંચ્યા ત્યારે ભિક્ષાના અન્ન સાથે આવ્યા છે એવું માનવાનું એને માટે કોઇ કારણ નહોતું. અને એવા કારણથી પ્રેરાઇને તમે બધા વહેંચી લો એવું ઉચ્ચારવાનું લેશ પણ યુક્તિસંગત નહોતું. એણે દ્રૌપદીને જોયેલી હોવી જ જોઇએ.

વળી એણે કદાચ, માનવા ખાતર માની લઇએ કે, ભિક્ષાન્ન સમજીને વહેંચી લો એવું જણાવ્યું હોય તોપણ એને એટલું બધું ગંભીર, અસાધારણ, અધર્મયુક્ત સ્વરૂપ આપવાની આવશ્યકતા નહોતી. ધર્મના પાલનની અને અનૃતમાંથી ઊગરવાની આટલી બધી ચિંતા કરનારાં યુધિષ્ઠિર, કુંતી તથા મહર્ષિ વ્યાસ તદ્દન ભૂલી ગયાં કે રાજા દ્રુપદનો પણ ધર્મ હતો, એમણે પોતાના વચનનું, પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવાનું અને એવી રીતે અનૃતમાંથી બચવાનું હતું. દ્રૌપદીને પાંચ પાંડવોની પત્ની બનાવવાનો અવ્યવહારુ, અમાનુષી, અધમ, અધર્મયુક્ત પ્રસ્તાવ મૂકીને એ બધા એને અને દ્રુપદને અનૃતની વાટે વાળી રહેલા અને પોતે પણ અનૃત અને અધર્મની આરાધના માટે તૈયાર થયેલા.

વસ્તુસ્થિતિ સાવ સીધીસાદી અને સરળતાથી ઊકલે તેવી હોવા છતાં એને એમણે ઇરાદાપૂર્વક હાથે કરીને ગૂંચવી નાખેલી એવી છાપ પડ્યા વિના નથી રહેતી. એ બધા કુંતીને કહી શક્યા હોત કે આ કાંઇ સ્થૂળ ભિક્ષાન્ન નથી કે એને વહેંચીને ભોગવી શકાય; આ તો દ્રૌપદી છે. તો કુંતી પરિસ્થિતિની વાસ્તવિકતાને વિચારીને ઉતાવળમાં અજ્ઞાનને લીધે કરાયેલી પોતાની ભૂલને સહેલાઇથી સુધારી શકી હોત. કુંતીનું એવું ધર્મસંગત કર્તવ્ય હતું. એનું ભાન એને તો ના થયું કિન્તુ બીજા કોઇએ પણ ના કરાવ્યું એ આશ્ચર્યજનક છે.

પાંડવોની દશા - ખાસ કરીને યુધિષ્ઠિરની - જોઇતું હતું અને વૈદે આપ્યું જેવી તકવાદી તથા સ્વાર્થી છે. તેમની બુદ્ધિ ભ્રમિત હોવાથી તે દ્રુપદના દૃષ્ટિબિંદુને પણ નથી ગણકારતા. એ યેન કેન પ્રકારેણ દ્રૌપદીને પોતાની કરવાની કે પચાવી પાડવાની પ્રવૃત્તિ કરતા હોય એવું લાગે છે.

અર્જુનના આરંભના ઉદગારો એની મરદાનગીના સૂચક નથી.

એ આખાય પ્રસંગમાં જેને હોળીનું નાળિયેર બનાવવામાં આવી છે તે દ્રૌપદીની દશા ખૂબ જ દયાજનક છે. એ કાંઇ જ નથી બોલતી કે વિરોધનો સ્વર પણ નથી ઉચ્ચારતી કે તમે ધર્મપાલનની વાતો કરો છો પણ મારા ધર્મપાલનનું શું ? મેં તો જે લક્ષ્યવેધ કરે તેને જ પરણાવાની પ્રતિજ્ઞા કરી છે. તેથી હું અર્જુન સિવાય બીજા કોઇને નહીં પરણું. નહીં પરણી શકું. એનું મૌન એના વ્યક્તિત્વની વિરુદ્ધ લાગે છે.

સંક્ષેપમાં કહીએ તો દ્રૌપદીના પાંચ પતિની એ આખીએ કથા ક્ષેપક અથવા મૂળ મહાભારત કથામાં પાછળથી ઉપજાવી કાઢેલી લાગે છે. યુધિષ્ઠિર પોતાને ને ભીમને અવિવાહિત તરીકે ઓળખાવે છે એ અધર્મ નહીં તો બીજું શું છે ? કારણ કે ભીમે હિડિમ્બા સાથે લગ્ન કરેલું. એ વખતે પહેલાં પોતાનું લગ્ન થવું જોઇએ એવી દલીલ અને એ બધા ભાઇઓની પત્ની થવી જોઇએ એવી દલીલ એમણે નથી કરી. એટલે દ્રૌપદીને એ કથા દ્વારા હોળીનું નાળિયેર બનાવવામાં આવી છે. એ અર્જુનની જ પત્ની હતી એમ માનવાનું તર્કસંગત અને યોગ્ય લાગે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૫. દ્રૌપદીની વાત

દ્રૌપદીના વિવાહ સંબંધી મહર્ષિ વ્યાસે દ્રુપદને કહેલી કથા નીચે પ્રમાણે છેઃ

તપોવનમાં એક અતિશય સુંદર આકર્ષક રૂપવતી ઋષિકન્યા હતી. તેને ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં પણ પતિ નહોતો મળતો. એણે તીવ્ર તપ કરીને ભગવાન શંકરને પ્રસન્ન કર્યા.

એણે શંકરે વરદાન માગવાનું કહેતાં કહ્યું કે મારે સર્વગુણસંપન્ન સર્વશ્રેષ્ઠ પતિ જોઇએ છે.

એ કન્યાએ એવું પાંચ વાર કહ્યું એટલે શંકરે જણાવ્યું કે તેં પાંચ વાર પતિને માટે માગણી કરી છે તેથી તને પાંચ પતિની પ્રાપ્તિ થશે.

કન્યાએ જણાવ્યું કે મારે પાંચ પતિ નથી જોઇતા, એક જ પતિ જોઇએ છે; તોપણ અંતઃકરણમાં પ્રસન્ન થયેલા તે દેવાધિદેવે ફરીવાર શુભ ભાષણ કરીને, તેના સ્પષ્ટિકરણની અથવા અભિપ્રાયની પરવા કર્યા વિના કે લેશ પણ નોંધ લીધા વિના કહ્યું કે તેં પતિ આપો, પતિ આપો, એવું કહીને મારી પાંચ વાર પ્રાર્થના કરી છે તેથી હવે તારા પાંચ જ પતિ થશે. તારું કલ્યાણ થાવ. વર્તમાન શરીર છૂટીને બીજા જન્મમાં બીજા શરીરની પ્રાપ્તિ થતાં મારું આ વરદાન સાર્થક થશે.

એ કથાને વર્ણવીને મહર્ષિ વ્યાસે દ્રુપદને જણાવ્યું કે એ વરદાનને અનુસરીને ઉત્પન્ન થયેલી તારી દેવકન્યા દ્રૌપદી ઇશ્વરી સંકેતથી પાંચે પાંડવની પત્ની ઠરેલી છે માટે હવે તને જેમ ઉચિત લાગે તેમ કરી શકે છે.

દ્રૌપદીના પૂર્વજન્મના રહસ્યની એ કથા સાંભળ્યા પછી રાજા દ્રુપદે જણાવ્યું કે મારો સંશય હવે દૂર થયો. મેં પ્રથમ આ વાત જાણી ન હતી. તેથી મારી પુત્રીનો એક જ પતિ સાથે સંબંધ કરવા પ્રયત્ન કર્યો હતો; પણ ખરેખર દૈવ આગળ કોઇનું કાંઇ ચાલતું નથી. માટે દૈવવિહિત જે હોય તે જ કરવું યોગ્ય છે. દૈવનો સંબંધ ટાળવો અશક્ય છે. અને તેને ટાળવા માટે આ જન્મે કરેલા કર્મથી કંઇ જ સિદ્ધ થતું નથી. કન્યાને એક ઉત્તમ પતિ મેળવી આપવાના ઉદ્દેશથી મેં જે શરત કરી તે અનેક પતિને મેળવી આપવાના કારણભૂત થઇ પડી ! સાક્ષાત્ શંકરે જ જ્યારે એવું વરદાન આપ્યું છે ત્યારે અધર્મ હો તોપણ, એમાં મારો અપરાધ નથી; માટે દ્રૌપદીને જેમ રુચે તેમ કરે.

એ પછી મહર્ષિ વ્યાસે ધર્મરાજાને પ્રથમ દ્રૌપદીનું પાણિગ્રહણ કરવાની આજ્ઞા કરી. તે મુજબ ધૌમ્ય મુનિએ હવન કરીને યુધિષ્ઠિર સાથે દ્રૌપદીની ગાંઠ બાંધી આપી. ત્યાર બાદ બીજે, ત્રીજે, ચોથે અને પાંચમે દિને, અનુક્રમે બાકીના પાંડવોએ તેનું પાણિગ્રહણ કર્યું. વૈશંપાયન કહે છે કે વ્યાસે તેને એક અદભુત કથા એ કહી હતી કે દ્રૌપદી દરરોજ એકેક પાંડવ સાથે લગ્ન કર્યા પછી કુમારી થઇ જતી.

દ્રૌપદીના પૂર્વજન્મની મહર્ષિ વ્યાસે આલેખેલી એ કથાનો નીરક્ષીર વિવેકથી વિચાર કરવાથી એ કથા પાછળથી દ્રૌપદીના પાંચ પાંડવો સાથેનાં લગ્નની વાતના સમર્થનને માટે ઉપજાવી કાઢેલી છે એવી છાપ પડયા વિના નથી રહેતી. તપોવનની ઋષિકન્યાએ ભગવાન શંકર પાસે એક જ પતિની માગણી કરેલી એ વાતની એણે સ્પષ્ટતા પણ કરી. એ છતાં પણ શંકર એની સ્પષ્ટતાને અવગણીને એના ઉપર અકારણ 'પાંચ વાર બોલી' એવું કહીને પાંચ પતિને ઠોકી બેસાડે છે એ એક પ્રકારની બળજબરી જ કહેવાય. એવી

બળજબરી સાધારણ શિક્ષિત સમજુ માનવ પણ ના કરી શકે તો પછી શંકરને માટે તો તેની કલ્પના પણ કેવી રીતે કરી શકાય ? શંકર એવા અવિચારી ના જ હોય. કથાકારે એમને ઋષિકન્યાની ઇચ્છા વિરુદ્ધ એને પાંચ પતિની પ્રાપ્તિનું એમને વરદાન આપતા બતાવીને એમના વ્યક્તિત્વને અન્યાય કર્યો છે, અને નીચું આણ્યું છે. ઋષિકન્યાને તો ભયંકર અક્ષમ્ય અન્યાય કર્યો જ છે.

ઋષિકન્યાએ જે પતિની માગણી કરેલી તે બીજા જન્મને માટે નહોતી કરી પરંતુ તે જ જન્મને માટે કરેલી. ભગવાન શંકર અને કથાકાર બન્ને એ મહત્વની વાતને પણ ભૂલી જાય છે.

દ્રુપદે વ્યાસને કહ્યા મુજબ પાંચ પાંડવો સાથેનાં લગ્ન પહેલાં દ્રૌપદીના વિચારને જાણવાની પરવા નથી કરી, પોતાની ને દ્રૌપદીની લક્ષ્યવેધ કરે તેની સાથે જ લગ્ન કરાવવા - કરવાની પ્રતિજ્ઞાની પણ પરવા નથી કરી, એ હકીકત અત્યંત આશ્ચર્યકારક લાગે છે.

એટલે એ આખીય કથા ક્ષેપક માનવા જેવી ને પાછળથી ઉમેરેલી હોય તેવી છે. દ્રૌપદીનું લગ્ન એની ને દ્રુપદની પ્રતિજ્ઞા પ્રમાણે અર્જુન સાથે જ થયેલું એ ચોક્કસ છે.

*

દ્રૌપદીના પાંડવો સાથેના કહેવાતા લગ્નના અનુસંધાનમાં એના સમર્થનમાં મહર્ષિ વ્યાસ દ્વારા રાજા દ્રુપદને કહેવાયેલી મનાતી દ્રૌપદીના પૂર્વજન્મ સાથે સંબંધ ધરાવનારી બીજી કથાનો ઉલ્લેખ ના કરીએ તે જ સારું છે, કારણ કે તે કથા જરા પણ બુદ્ધિસંગત નથી. એને પ્રથમ નજરે નિહાળતાં જ એ પાછળથી ઉમેરેલી, જોડી કાઢેલી અને ઢંગધડા વગરની દેખાય છે. એમાં શંકરને પણ દ્યુત રમતા બતાવવામાં આવ્યા છે. એ કથાની યથાર્થતાને કોઇપણ બુદ્ધિશાળી જ નહિ પરંતુ સામાન્ય વ્યાવહારિક બુદ્ધિથી સંપન્ન માનવ પણ ના સ્વીકારી શકે.

મહાભારતકાળમાં બહુપતિત્વની પ્રથા પ્રચલિત નહોતી; એટલા માટે જ રાજા દ્રુપદે યુધિષ્ઠિર સમક્ષ એને માટે પોતાની અસંમતિ બતાવતાં સ્પષ્ટ કરેલું કે એક પુરુષને માટે અનેક સ્ત્રીઓને કરવાનું કહેલું છે પરંતુ એક સ્ત્રીના અનેક પતિ હોય એવું ક્યાંય નથી સાંભળ્યું. તારી એવી અમંગલ બુદ્ધિ કેવી રીતે થઇ ? એવો શિષ્ટાચારથી ને શ્રુતિથી વિરુદ્ધ અધર્મ કરવો ઉચિત નથી. ધૃષ્ટદ્યુમ્ને પણ જણાવેલું કે એક સદાચારી વડીલ બંધુ પોતાના લઘુ બંધુની ભાર્યા સાથે કેવી રીતે શરીરસંબંધ કરી શકે ?

મનુસ્મૃતિમાં કહેવામાં આવ્યું છે કે સાધ્વી સન્નારીને એક જ પતિ હોય છે.

વળી એમાં જણાવ્યું છે કે નાના ભાઇએ મોટા ભાઇની પત્નીને ગુરુપત્ની સમાન અને મોટાભાઇએ નાનાભાઇની પત્નીને પુત્રવધૂ સમાન માનવી જોઇએ.

મનુસ્મૃતિ એવું પણ જણાવે છે કે બુદ્ધિમાન પુરુષે પોતાની કન્યાનું દાન કોઇને આપ્યું હોય તો તે જ કન્યાનું દાન બીજાને ના આપવું.

એટલે દ્રૌપદીના પાંચ પાંડવો સાથેનાં લગ્નની વાત સત્ય તથા તર્કથી વેગળી છે એમાં કશી શંકા નથી રહેતી.

*

"દ્રૌપદીના લગ્ન પછી દ્રુપદરાજાએ મહારથી પાંડવોને વિવિધ પ્રકારનું ઉત્તમ ધન પહેરામણીમાં આપ્યું. શ્રેષ્ઠ સુવર્ણની માળાઓવાળા તેમ જ સોનાની લગામથી શોભતા ચાર ચાર ઘોડા જોડેલા સો રથો આપ્યાં. વળી સુવર્ણના શિખરોવાળા સો પર્વતો જેવા સોનાની અંબાડીવાળા સો હાથીઓ આપ્યાં. તેમજ મહામૂલાં વસ્ત્રો, આભૂષણો, અંબરો અને માળાઓથી શોભતી શ્રેષ્ઠ યૌવનવાળી સો દાસીઓ આપી. વિશેષમાં દિવ્યરૂપધારી પ્રત્યેક પાંડવને અગ્નિની સાક્ષીએ ધન તેમજ અમૂલ્ય વસ્ત્રો તથા પ્રભાવવાળા અલંકારો આપ્યાં. લગ્ન થયાં પછી મહાબલવાન ઇન્દ્ર સમાન પાંડવો અનેક રત્નરૂપી લક્ષ્મીને પામીને પાંચાલરાજના નગરમાં વિહાર કરવા લાગ્યાં."

"પાંડવો માટે શ્રીકૃષ્ણે મોસાળામાં વિવિધ વૈદૂર્ય મણિઓ અને સુવર્ણના અલંકારો મોકલ્યા. અનેક દેશમાં બનેલાં અમૂલ્ય વસ્ત્રો, શાલદુશાલાઓ, મૃગચર્મો, રત્નો, સુંદર અને સુંવાળા વિવિધ જાતનાં ઊંચા શયનો, આસનો તથા વાહનો, તેમ જ વૈદૂર્ય અને વજ્રમણિ જડેલા સેંકડો વાસણો મોકલ્યા. રૂપ, યૌવન અને દાક્ષિણ્યથી સંપન્ન તથા સુવિભૂષિત હજારો દાસીઓ આપી. સારા કેળવેલા સુલક્ષણા હાથીઓ, સુશોભિત સુંદર અશ્વો, સુવર્ણના ઉજ્જવલ પટાઓથી વિભૂષિત કરેલા હાથીદાંતના રથો, સોનાની કરોડો મુદ્રાઓ, તેમજ કાચા સોનાના ઢગના ઢગો - એ સઘળું મોકલાવ્યું. ગોવિંદને પ્રસન્ન કરવાની ઇચ્છાએ ધર્મરાજ યુધિષ્ઠિરે તે સઘળું પરમ આનંદપૂર્વક સ્વીકાર્યું."

મહાભારતના એવા વર્ણન પરથી જણાય છે કે એ કાળમાં લગ્ન પછી વિદાય થતી કન્યાને પોતાની શક્તિ પ્રમાણે ઉપહાર આપવાની પ્રથા પ્રવર્તમાન હતી.

દ્રૌપદીને દ્રુપદ દ્વારા અપાયેલી સામગ્રી એ વખતની સંપત્તિને સૂચવે છે.

મોસાળું એ જમાનામાં પણ કરાતું. પાંડવોને માટે કરાયેલા કૃષ્ણના મોસાળા પરથી એમના ઐહિક ઐશ્વર્યનો ખ્યાલ આવે છે.

એ વખતની અસાધારણ લક્ષ્મીસંપત્તિની સરખામણીમાં વર્તમાન કાળની લક્ષ્મી કે સંપત્તિ છેક જ સાધારણ લાગવાનો સંભવ છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૬. પાંડવો હસ્તિનાપુરમાં

અર્જુનનું દ્રૌપદી સાથે લગ્ન થયું છે એવું નિહાળીને દુર્યોધનને અવનવી લાગણી થઇ આવી.

એ પોતાના પ્રિય ભાઇઓ, અશ્વત્થામા, કર્ણ, શકુનિ, કૃપાચાર્ય સાથે પાંચાલનગરથી મ્લાન મુખે, નિરાશ અને હર્ષરહિત હૈયે, દીનહીનની પેઠે પાછો ફર્યો.

અતિશય શરમિંદા બનેલા દુઃશાસને એને જણાવ્યું કે અર્જુને બ્રાહ્મણના સ્વરૂપમાં સ્વયંવરમાં ભાગ લીધો ના હોત તો દ્રૌપદીને કદાપિ ના મેળવી હોત. સ્વયંવરમાં ઉપસ્થિત રહીને પ્રખર પરાક્રમ બતાવવા છતાં પણ કોઇ એને અર્જુન તરીકે ઓળખી શક્યું નહીં એ કાંઇ જેવું તેવું આશ્ચર્ય ના કહેવાય. એનું મુખ્ય કારણ અર્જુનનું અને પાંડવોનું દૈવ છે. મને તો લાગે છે કે દૈવ જ મહત્વનું છે ને પુરુષાર્થ તો ગૌણ, નિરર્થક કે નકામો છે. આપણે એમને હસ્તિનાપુરમાંથી એક અથવા બીજા કારણે બહાર મોકલ્યા અને પુરોચનને આગળ કરીને અનેક પ્રકારની ગુપ્ત યુક્તિપ્રયુક્તિપૂર્વક લાક્ષાગૃહમાં બાળી નાખવાની યોજના બનાવી, પરંતુ આપણી એ યોજના નિષ્ફળ ગઇ. નહિ તો પરિસ્થિતિ તદ્દન જુદી હોત. મને તો એમનું પ્રારબ્ધ જ જોર કરતું લાગે છે એટલે એ દિનપ્રતિદિન બળવાન બનતા જાય છે. હવે તો સ્વયંવરમાં વિજયી બનવાથી એમનો દ્રુપદ સાથે અતૂટ સ્નેહસંબંધ સ્થપાઇ ગયો. વિધિની કેવી બલિહારી છે ? જે પાંડવોએ દ્રોણાચાર્યના આદેશથી રાજા દ્રુપદનો ઘોર પરાજય કરેલો તે જ પાંડવોને તે જ દ્રુપદે સ્વયંવરને યોજીને પોતાના પ્રેમથી પુરસ્કૃત કર્યા છે. દ્રુપદને જાણે કે પોતાની જીવનની તાજેતરની ઘટનાનું વિસ્મરણ થયું.

એવી રીતે વિવિધ વિચારોમાં ડૂબેલા ચિંતાતુર કૌરવોએ હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો.

અર્જુને સ્વયંવરમાં લક્ષ્યવેધ કરીને દ્રૌપદીને મેળવી છે તથા ધૃતરાષ્ટ્રપુત્રો સ્વયંવરમાં હારી, હતાશ તથા ગર્વરહિત બનીને હસ્તિનાપુરમાં વીલા વદને પાછા ફર્યા છે એવા સમાચારને સાંભળીને વિદુરની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં.

એ પાંડવોના સાચા સ્વજન તથા પરમહિતચિંતક હતા.

પાંડવોના અભ્યુદયને એ પોતાનો અભ્યુદય સમજતા.

એમણે ધૃતરાષ્ટ્રની પાસે પહોંચીને પોતાની પ્રાકૃતિક પ્રસન્નતાને પ્રગટ કરતાં કહ્યું કે આપણું સર્વોત્તમ સદભાગ્ય છે કે કુરુઓનો અભ્યુદય થાય છે !

વિદુરના એ શબ્દોને સાંભળીને વિસ્મય પામેલા રાજા ધૃતરાષ્ટ્રે એમાં પ્રસન્નતાપૂર્વક પૂરણી પૂરતાં જણાવ્યું કે સદભાગ્ય છે, સદભાગ્ય છે, સાચેસાચ સદભાગ્ય છે.

પ્રજ્ઞાચક્ષુ રાજા ધૃતરાષ્ટ્રે એવું અનુમાન કરેલું કે તેનો મોટો પુત્ર દુર્યોધન દ્રૌપદી સાથે પરણ્યો છે એટલે એણે એના અંતરાત્માના અસાધારણ આનંદની અભિવ્યક્તિ કરતાં દુર્યોધનને બોલાવીને કહેવા માંડયું કે દ્રૌપદીને અનેક પ્રકારનાં અલૌકિક આભૂષણો આપીને મારી પાસે લઇ આવો.

ત્યારે વિદુરે એમને સાચી માહિતી પૂરી પાડી, ને કહ્યું કે દ્રૌપદી સ્વયંવરમાં પોતાના પરાક્રમને પ્રદર્શાવનાર અર્જુનને વરી છે તથા પાંડવો કુશળ છે. એમને વિશાળ સૈન્યબળવાળા અનેક અવનવા મિત્રો અને સંબંધીઓ પણ પ્રાપ્ત થયા છે.

એટલા સ્પષ્ટીકરણ પછી પણ ધૃતરાષ્ટ્રે સંતોષને વ્યક્ત કરતાં જણાવ્યું કે પાંડવો મને પાંડુ કરતાં પણ વધારે પ્રિય છે. એ અતિશય કુશળ, વીર, અને મિત્રોવાળા છે. એમના અનેક સંબંધીઓ પણ ખૂબ જ શક્તિશાળી છે. દ્રુપદને એનાં સ્વજનો સાથે મિત્ર તરીકે મેળવીને સંપત્તિ વગરના કોઇપણ રાજાને ઐશ્વર્યવાન થવાની આકાંક્ષા થાય તેમ છે.

ધૃતરાષ્ટ્રના શબ્દોને સાંભળીને સંતોષ પામેલા વિદુરે ઉદગાર કાઢયા કે તમારી બુદ્ધિ સદાને માટે આવી રહેજો.

વિદુરે ધૃતરાષ્ટ્રની વિદાય લીધી એટલે દુર્યોધન તથા કર્ણ ત્યાં જઇને બોલ્યા કે તમે આ પરિસ્થિતિને આપણો અભ્યુદય સમજો છો એ અતિશય આશ્ચર્ય છે. શત્રુના ઉદયને તમે તમારો ઉદય માનો છો ? તમે વિદુરની આગળ પાંડવોની પ્રશંસા કરી. તમારે તો એમની શક્તિનો નાશ થાય એવો પ્રયત્ન કરવો જોઇએ તેને બદલે તમે તેમને મદદ મળે એવી ભળતી જ પ્રવૃત્તિ કરી રહ્યા છો. આપણે સૌ સાથે મળીને એવી યોજના બનાવીએ કે પાંડવો આપણો નાશ ના કરે.

ધૃતરાષ્ટ્રે જણાવ્યું કે મારી માન્યતા પણ એવી જ છે, તોપણ વિદુરને મારા મનોભાવોની સાચી માહિતી ના મળે એટલા માટે મેં એની આગળ પાંડવોની પ્રશંસા કરી. હું મારા તથા તમારા સ્વાર્થને સંપૂર્ણપણે અને સારી રીતે સમજી શકું છું. એ સ્વાર્થની સિદ્ધિને માટે મેં શરૂઆતથી જ સંકલ્પ કરેલો છે.

દુર્યોધનને ને કર્ણને સંતોષ થયો.

દુર્યોધને ધૃતરાષ્ટ્રને પાંડવો સાથે સફળતાપૂર્વક કામ લેવાની સોનેરી સલાહ આપતાં જણાવ્યું કે આપણે આપણા પરમવિશ્વાસુ, ચતુર, ગુપ્ત બ્રાહ્મણો દ્વારા કુંતી તથા માદ્રીના પુત્રોમાં ભેદ પડાવીએ. દ્રુપદને, તેના પુત્રોને તથા મંત્રીઓને પુષ્કળ ધન આપીને લલચાવીએ. તેથી તે પાંડવોને છોડી દેશે અથવા પોતાની પાસે રાખવાનું પસંદ કરશે. પાંડવોને કહેવામાં આવે કે એમનું હસ્તિનાપુરમાં રહેવાનું હાનિકારક છે તો એમની અંદર વિરોધ થાય અને એ અહીં ના આવે. કેટલાક માણસો દ્વારા દ્રૌપદીને ઉશ્કેરવામાં આવે. દ્રૌપદીના સંબંધમાં પાંડવોમાં ફાટફૂટ પડાવવામાં આવે તો તે દ્રૌપદીને છોડી દે. ભીમ સૌમાં વધારે શક્તિશાળી હોવાથી આપણા ગુપ્તચરોની મદદથી તેનું જ મૃત્યું નિપજાવીએ. ભીમના આશ્રય અને સામર્થ્યને લીધે જ યુધિષ્ઠિર નિશ્ચિંત બનીને ફરે છે. એનું કાસળ કાઢી નાખવામાં આવતાં બીજા બધાનો ઉત્સાહ મરી જશે, એમનું ઓજસ અદૃશ્ય થશે. એ રાજ્યને મેળવવાનો પ્રયત્ન કે મનોરથ નહિ કરે. ભીમ વિનાના અર્જુનની વિસાત કશી જ નહિ હોય. ભીમ વિનાના નિર્બળ પાંડવો આપણે શરણે આવીને આપણી આજ્ઞા પ્રમાણે વર્તવાનું પસંદ કરશે ત્યારે આપણે નીતિશાસ્ત્રને અનુસરીને એમનો અંત આણીશું. એકેક કુંતીપુત્રને સ્વરૂપવતી સર્વશ્રેષ્ઠ સુંદરીઓ દ્વારા સંમોહિત કરીએ તોપણ દ્રૌપદીનું મન ઉપરામ થાય. એમને અહીં લાવવા માટે કર્ણને મોકલી શકાય, અને એ અહીં આવે પછી એમનો નાશ થાય. એ બધામાંથી કોઇ પણ ઉપાય અજમાવવો જોઇએ.

દુર્યોધનના એ વિચારો એના દુષ્ટતાથી ભરેલા મનની સાક્ષી પૂરતા હતા.

એ પાંડવો પ્રત્યે પ્રેમભાવ રાખીને સંપ તથા સહયોગથી શાંતિપૂર્વક રહેવા માગતો જ ન હતો. નહિ તો એનું કામ સરળ બન્યું હોત.

ધૃતરાષ્ટ્રએ પણ દુર્યોધનને સમજાવીને સન્માર્ગે વાળવાનું પોતાનું પિતા તરીકેનું કર્તવ્ય બજાવવાને બદલે પાંડવો પ્રત્યે અશુભબુદ્ધિ રાખી. કુટુંબમાં વડીલ જ પોતાના કર્તવ્યને ચૂકે તો તેનું પરિણામ કુટુંબકલેશ વિના બીજું શું આવે ? તે કલેશ ક્રમશઃ વધતાં છેવટે યાદવાસ્થળીમાં અને સર્વનાશમાં પરિણમે.

મહાભારત તેની સાક્ષી પૂરે છે. પ્રતીતિ કરાવે છે.

કર્ણના વિચારો પણ જાણવા જેવા છે. એણે કહ્યું કેઃ

"તારી સમજ બરાબર નથી. તે પહેલાં પણ સૂક્ષ્મ ઉપાયોથી તેમને વશ કરવા પ્રયત્ન કર્યા હતા, પણ તેમને અધીન કરી શક્યા નથી. તેઓ અહીં તારી સમીપમાં હતા, પક્ષ વિનાના હતા, છતાં તેમનો બાધ કરી શકાયો નહીં. હવે આજે તેમનો પક્ષ થયો છે, તેઓ વિદેશમાં છે, અને સર્વ રીતે વૃદ્ધિ પામ્યા છે, એટલે વશ થાય એમ નથી, એવી મારી માન્યતા છે. દૈવીશક્તિથી સમર્થ થયેલા અને બાપદાદાની ગાદી ઇચ્છતા તેમને આપણે આપત્તિઓમાં નાખી શકીશું નહીં. તેમનામાં પરસ્પર ફાટફૂટ પડાવવી એ પણ શક્ય નથી. કૃષ્ણાને પાંડવોથી વિરક્ત કરવી એ પણ બની શકે એમ નથી. પાંચાલનરેશ દ્રુપદરાજ આર્યવ્રતવાળો છે. ધનનો લોભિયો નથી. એને સઘળું રાજ્ય આપવાથી પણ તે કદી કુંતીપુત્રોનો ત્યાગ કરશે નહીં. તેનો પુત્ર ગુણવાન અને પાંડવોમાં પ્રીતિવાળો છે."

"પાંડવો જ્યાં સુધી દૃઢમૂલ થયા નથી, ત્યાં સુધી તને ગમે તો તેમના ઉપર પ્રહાર કર્યા કરીએ. જ્યાં સુધી આપણો પક્ષ મોટો છે અને પાંચાલનો પક્ષ નાનો છે, ત્યાં સુધી યુદ્ધનો પ્રારંભ કરીને તેમને મારવાનો પ્રારંભ કરી દેવો. જ્યાં સુધી પાંચાલરાજ પોતાના મહાવીર્યવાન પુત્રો સાથે રણસંગ્રામ માટે તૈયારી ના કરે, ત્યાં સુધી તમે પરાક્રમ પ્રદર્શાવો, જ્યાં સુધી વૃષ્ણીવંશી શ્રીકૃષ્ણ પાંડવોના રાજ્યને સારુ પોતાની યાદવસેના લઇને પાંચાલદેશની રાજધાની તરફ ના આવે ત્યાં સુધી તમે પરાક્રમને પ્રદર્શાવો. શ્રીકૃષ્ણ પોતાની ધનસંપત્તિ, ભોગસામગ્રી કે રાજ્ય સુધ્ધાં પણ પાંડવોને માટે ઓવારી નાખે તેમ છે."

"ક્ષત્રિયોને માટે પરાક્રમ જ પ્રશંસાપાત્ર છે. પરાક્રમ જ શૂરવીરોનો સ્વધર્મ છે. તારી મોટી ચતુરંગી સેનાથી દ્રુપદને મરડીને પાંડવોને અહીં શીઘ્ર લઇ આવીએ. પાંડવો સામ, દામ કે ભેદથી વશ થાય એમ નથી; તેથી પરાક્રમપૂર્વક તેમનો નાશ કરો. તેમને પરાક્રમથી જીતીને અખિલ પૃથ્વીનો ઉપભોગ કરો."

કર્ણના શબ્દોને સાંભળીને ધૃતરાષ્ટ્રની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એણે એને શાબાશી આપી, કર્ણ ! સૂતનંદન ! તારા જેવા પરમ બુદ્ધિશાળી શસ્ત્રવિદ્યામાં નિપુણ વીરની પાસેથી આવાં જ વચનોની આશા રાખી શકાય.

ધૃતરાષ્ટ્રના એ ઉદગારો સૂચવે છે કે એના અંતરમાં પાંડવો પ્રત્યે સહાનુભૂતિ નહોતી. કટુતા, ઇર્ષા તથા દુર્ભાવના ભરેલી.

એના કહેવાથી ભીષ્મે અને દ્રોણે પણ પોતાના વિચારો દર્શાવ્યા. ભીષ્મે સ્પષ્ટતાપૂર્વક જણાવ્યું કેઃ

"પાંડુપુત્રો સાથે વિગ્રહ કે ઘર્ષણ કરવાની વાત નકામી છે. મારાથી તેવી વાતને અનુમોદન નહિ આપી શકાય. ધૃતરાષ્ટ્ર ને પાંડુ મારા છે તેમ કૌરવો અને પાંડવો મારા છે. મારે એમને રક્ષવા જોઇએ. એ મારા, તારા, દુર્યોધનના ને સર્વે કુરુઓના હોવાથી તેમની સાથે સંઘર્ષ કરવાનું યોગ્ય નથી. તે વીરો સાથે સંધિ કરીને એમને અડધું રાજ્ય આપવું જોઇએ. કેમકે આ રાજ્ય એમના પણ કુરુશ્રેષ્ઠ પૂર્વજોનું છે. રાજ્યને

દુર્યોધન પોતાના પિતાનું માને છે તેમ પાંડવો પણ માને છે. તે યશસ્વી પાંડવોને જો રાજ્ય ના મળે તો તે દુર્યોધનનું કે બીજા કોઇનું પણ કેવી રીતે થઇ શકે ? હે ભરતોત્તમ, તેં જે રાજ્યને અધર્મથી મેળવ્યું છે તેને પાંડવોએ ન્યાયદૃષ્ટિથી પ્રથમથી જ પ્રાપ્ત કર્યું છે. તું એમને અડધું રાજ્ય નહિ આપે તો અપકીર્તિ અને અહિત થશે. અપકીર્તિવાળુ જીવન વ્યર્થ હોવાથી કીર્તિનું રક્ષણ કર. કીર્તિ જ પરમબળ છે. કીર્તિ નાશ પામતી નથી ત્યાં સુધી માનવ જીવે છે. કીર્તિનો નાશ થતાં નાશ પામે છે. પાંડવો જીવતા છે તે તો તારા પરનું કલંક ટળ્યા બરાબર છે. રાજ્યના સમાન અધિકારી હોવા છતાં એમને અધર્મથી દૂર કરવામાં આવ્યા છે એ ઉચિત નથી."

દ્રોણે જણાવ્યું : "ભીષ્મે જે મત દર્શાવ્યો છે તે મારો પણ છે. કુંતીપુત્રોને એમનો ભાગ મળવો જોઇએ. કોઇ પ્રિય બોલનારા મનુષ્યને પાંડવો માટે પુષ્કળ રત્નો લઇને દ્રુપદને ત્યાં જલદી મોકલો. તે મનુષ્ય દ્રુપદ પાસે જાય અને કહે કે તમારી સાથેના સંબંધથી અમારી ઉન્નતિ થઇ છે. ધૃતરાષ્ટ્ર તથા દુર્યોધન પ્રસન્ન થયા છે. તેણે કુંતીપુત્રોને તથા માદ્રીસૂતોને સાંત્વન આપવું. તારી આજ્ઞાથી દ્રૌપદીને સુવર્ણનાં અનેક ઉજ્જવલ આભૂષણો આપવામાં આવે. દ્રુપદપુત્રો માટે, પાંડવો માટે, તેમજ કુંતીને માટે યોગ્ય વસ્તુઓ મોકલાય. પાંડવો અને દ્રુપદને સાંત્વનાનાં વચનો કહીને દૂતે પાંડવોને અહીં આવવા વિશે કહેવું. પાંડવોને આવવાની રજા મળે એટલે દુઃશાસન અને વિકર્ણ તેમને અહીં લાવવા માટે સુંદર સેના સહિત સામે જાય. તમારા તરફથી સત્કાર પામીને તે પાંડવો પ્રજાની અનુમતિથી પિતૃઓની રાજગાદીએ વિરાજે. તારા પુત્રો માટે અને પાંડવો માટે આ જ વ્યવહાર કરવો યોગ્ય છે."

કર્ણને ભીષ્મ તથા દ્રોણની સલાહ ના ગમી. એણે ધૃતરાષ્ટ્રને અને દુર્યોધનને એમનાથી સાવધાન રહેવા માટે જણાવ્યું.

દ્રોણે કર્ણને પાંડવો પર અકારણ દ્વેષ ના રાખવા અને પોતાના તથા ભીષ્મના ઉપર મિથ્યા દોષારોપણ ના કરવાની સૂચના કરી. વધુમાં જણાવ્યું કે હું તો કુળનો ઉત્કર્ષ થાય એવું પરમહિતકારી વચન કહું છું. એથી જો વિપરીત કરવામાં આવશે તો કુરુઓ જોતજોતામાં વિનાશ પામશે એવો મારો નિશ્ચયાત્મક અભિપ્રાય છે.

વિદુરે ધૃતરાષ્ટ્રને કર્ણના વિરોધી વચનોને લક્ષમાં ના લેવાની, દ્રોણ અને ભીષ્મની વાતને માનવાની, તેમજ પાંડવોને અન્યાય કરીને એમની સાથે વેર ના બાંધવાની સલાહ આપી.

"દ્રોણે અને ભીષ્મે તમને સર્વોત્તમ અને શ્રેયસ્કર શબ્દો કહ્યા છે. એમના કરતાં તમારા સાચા વિશેષ મિત્ર બીજા કોણ છે ? એ બંને વયમાં, વિદ્યામાં, બુદ્ધિમાં વૃદ્ધ છે. એમનો તમારી ઉપર અને પાંડુપુત્રો પ્રત્યે સદભાવ અને સમભાવ છે. એમણે અગાઉ પણ તમને કશું અકલ્યાણકારક કહ્યું નથી ને તમારું અહિત કર્યું નથી. એ તમને સાચી સલાહ શા માટે ના આપે ? એ ધર્મજ્ઞો ધનને માટે કે બીજા કોઇ સ્વાર્થી હેતુની સિદ્ધિ માટે પણ ખોટું કહે તેવા નથી. દુર્યોધનાદિ જેમ તમારા પુત્રો છે તેમ પાંડવો પણ પુત્રો છે. માટે એમની સાથે સદભાવપૂર્ણ સ્નેહમય સારા સંબંધો રહે એ ઇચ્છવા જેવું છે. એમની શક્તિ અસાધારણ હોવાથી એમને જીતવાનું અશક્ય છે. એમના પિતાના રાજ્ય પર એમનો ધર્માનુસાર પ્રથમ અધિકાર છે. એટલા માટે એમની સાથે વેર બાંધ્યું છે એટલે એને આપણા પક્ષમાં લેવાથી આપણા બળની વૃદ્ધિ થશે. દશાર્હ દેશના યાદવો

પણ અનેક અને શક્તિશાળી છે. તે સઘળા કૃષ્ણની સાથે જ રહેશે ને જ્યાં કૃષ્ણ હશે ત્યાં જ જય હશે. જે કાર્યને સામથી સાધી શકાય છે તે કાર્યને કયો વિવેકી ને સદબુદ્ધિસંપન્ન પુરુષ સંઘર્ષથી સાધવાની ઇચ્છા રાખે ? નગરની અને જનપદની પ્રજા પૃથાપુત્રો જીવે છે એ જાણીને એમનાં દર્શન માટે ઉત્સુક છે. એમનું પણ ભલું કરો. દુર્યોધન, કર્ણ તથા શકુનિ અધાર્મિક, દુર્બુદ્ધિવાળા અને નાદાન છે. તેમના શબ્દોને કાને ધરતા નહીં. તમને મેં પહેલાં પણ કહેલું કે દુર્યોધનના દુર્બુદ્ધિયુક્ત અપરાધથી સમસ્ત પ્રજા નાશ પામશે."

ધૃતરાષ્ટ્રને ભીષ્મ, દ્રોણ તથા વિદુરની સલાહ પસંદ પડી. એણે વિદુરને જણાવ્યું કે મારા પુત્રોની પેઠે પાંડવો પણ આ રાજ્યના અધિકારી છે. તેમને, તેમની માતા કુંતી તથા કૃષ્ણા સાથે અહીં સન્માનપૂર્વક લઇ આવ. એ જીવે છે ને દ્રુપદકન્યાને પામ્યા છે એ અતિશય આનંદની વાત છે.

ધૃતરાષ્ટ્રની આજ્ઞાને અનુસરીને વિદુરે પાંડવો પાસે પહોંચવા માટે પ્રયાણ કર્યું. એમણે સાથે રત્નસંપત્તિ લીધી.

એમણે દ્રુપદને, કુંતીને, દ્રૌપદીને, પાંડવોને પ્રેમપૂર્વક મળીને વિવિધ રત્નો અને દ્રવ્યોને અર્પણ કર્યા.

એમણે ધૃતરાષ્ટ્ર, દ્રોણાચાર્ય તથા ભીષ્મ વતી સૌને કુશળ સમાચાર પૂછયા અને રાજા દ્રુપદને પાંડવોને હસ્તિનાપુર આવવાની અનુજ્ઞા આપવા જણાવ્યું.

ત્યાં ઉપસ્થિત રહેલાં પાંડવોના પરમ હિતચિંતક કૃષ્ણની સલાહ લઇને દ્રુપદે પાંડવોને કુંતી સાથે હસ્તિનાપુર જવાની અનુમતિ આપી.

ધૃતરાષ્ટ્રે પાંડવવીરો આવે છે એ સાંભળીને તેમને સત્કારવા સારુ કૌરવોને તથા મહાચાપધારી વિકર્ણને, મહાધન્વી દ્રોણને અને ગૌતમકૃપને સામા મોકલ્યા. મહાબળવાન વીર પાંડવો તે કૌરવાદિથી વીંટાઇને ધીરે ધીરે હસ્તિનાપુરમાં પ્રવેશ્યા. પાંડવોને જોઇને લોકોનાં શોકદુઃખ નાશ પામ્યા. પાંડવોએ ધૃતરાષ્ટ્ર, ભીષ્મ તેમજ અન્ય પૂજનીય ગુરુજનોના ચરણોમાં અભિવંદન કર્યા. સર્વ નગરવાસીઓ સાથે કુશળ સમાચારની વાત કરી. તેઓ ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી રાજભવનમાં રહેવા ગયાં. તેમણે થોડોક સમય વિશ્રામ કર્યો પછી રાજા ધૃતરાષ્ટ્રે તથા શાન્તનુપુત્ર ભીષ્મે તેમને પોતાની પાસે તેડાવ્યા.

ધૃતરાષ્ટ્રે એમને કહ્યું કે ફરી આપણી વચ્ચે વિગ્રહ થાય નહીં તે માટે તમે ખાંડવપ્રસ્થમાં નિવાસ કરો. વજ્રધારી ઇન્દ્રથી રક્ષાતા દેવોની જેમ અર્જુનથી રક્ષણ પામતા ત્યાં વસશો ત્યારે તમને કોઇપણ બાધા કરી શકશે નહીં. તમારા ભાગનું અડધું રાજ્ય મેળવીને તમે બધા ખાંડવપ્રસ્થમાં રહો.

અડધા રાજ્યને મેળવીને પાંડવો ઘોર વનમાં જવા નીકળ્યા. અને ખાંડવપ્રસ્થમાં પહોંચ્યા. પછી શ્રીકૃષ્ણને સાથે રાખીને તે અચ્યુત પાંડવોએ ત્યાં સ્વર્ગ જેવું સુશોભિત નગર બનાવ્યું.

ઇન્દ્રના જેવા તે પાંચ મહાચાપધારીઓને લીધે તે શ્રેષ્ઠ નગર નાગોથી શોભતી ભોગવતી નગરીની જેમ શોભી રહ્યું. વીર કેશવ અને બલરામ તે નગરને વસાવીને પાંડવોની અનુમતિ લઇને દ્વારકા ગયા.

આનું નામ પ્રારબ્ધ. એ કયારે શું કરે છે તે વિશે કાંઇ જ ચોક્કસપણે કલ્પી કે કહી શકાતું નથી. ઘડીકમાં રંક કરે છે તો ઘડીમાં રાય. ઘડીમાં સુખ ધરે છે તો ઘડીમાં દુઃખ. પળમાં પીડા પહોંચાડે છે તો પળમાં પ્રસન્નતા. ક્ષણમાં હસાવે છે તો બીજી ક્ષણે રડાવે છે. પાંડવોનું પ્રારબ્ધ પલટાયું તો તે ફરી વાર હસ્તિનાપુરમાં આવીને રાજ્યને પામ્યા ને સ્થિર થયાં. માનવે કદી પણ આશાને ના છોડવી જોઇએ. આસક્તિ

ના કરવી જોઇએ. પુરુષાર્થને ના તજવો જોઇએ. કારણે કે કાલે, ઘડી પછી શું થશે તેની તેની ખબર કોઇની નથી પડતી.

મહાભારતની આટલી વાત પરથી એક વસ્તુ સહેલાઇથી સ્પષ્ટ થાય છે કે ધૃતરાષ્ટ્રનું મન ચંચળ હતું. તે મોટે ભાગે દુર્યોધન તથા કૌરવો તરફ ઢળેલું. ભીષ્મ તથા દ્રોણાચાર્ય અને વિદુર તટસ્થ રહીને સાચી વસ્તુને સમજી શકેલા. એમણે ધૃતરાષ્ટ્રને જે સલાહ આપેલી તે રાગદ્વેષ વગરની, પૂર્વગ્રહથી મુક્ત તથા સાચી હતી. કુટુંબની સુખાકારી તથા શાંતિનો આધાર એના વડીલોની તટસ્થ, નિષ્પક્ષ, સાચી દોરવણી પર અને એને અનુસરવા પર રહેતો હોય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૭. સુંદ અને ઉપસુંદની કથા

પાંડવો રાજ્યને પામીને દ્રૌપદી સાથે ઇન્દ્રપ્રસ્થમાં આનંદથી સુંપૂર્ણ સુખપૂર્વક માતા કુંતીની સેવા કરતાં રહેવા લાગ્યા. રાજ્યને પામીને, સત્યવ્રત અને મહાતેજસ્વી યુધિષ્ઠિરે ભાઇઓ સાથે પૃથ્વીનું ધર્મપૂર્વક પાલન કરવા માંડયું. મહાપ્રજ્ઞાવાળા, સત્યધર્મમાં પરાયણ તે પાંડુનંદનો શત્રુઓને જીતીને પરમ આનંદ પામીને ત્યાં વસતા હતાં. તે પુરુષવરો મહામૂલ્યવાન રાજ્યાસનો ઉપર બેસીને સર્વ નગરનાં કાર્યો કરતાં. એકવાર તે રાજ્યાસન પર બેઠા હતા ત્યારે દેવર્ષિ નારદ ત્યાં અચાનક આવી પહોંચ્યાં. યુધિષ્ઠિરે તેમને સુંદર આસન આપ્યું, વિધિપૂર્વક અર્ધ્ય આપ્યો, અને રાજ્ય વિશે નિવેદન કર્યું. દ્રૌપદી પણ પવિત્ર અને સ્વસ્થચિત્ત થઇને જ્યાં પાંડવો સાથે નારદ બેઠા હતા ત્યાં આવી. તેણે દેવર્ષિના ચરણમાં નમન કર્યા અને બે હાથ જોડીને તેમની સમક્ષ ઊભી રહી. ઋષિશ્રેષ્ઠ ભગવાન નારદે તેને વિવિધ પ્રકારના આશીર્વાદ આપ્યા એટલે એ વિદાય થઇ એટલે નારદે પાંડવોને કહ્યું કે પાંચાંલીને લીધે તમારામાં કોઇ ભેદભાવ ના પડે તેટલા માટે તમારે સારુ કોઇ નીતિનિયમ કરવો જોઇએ.

પૂર્વે સુંદ અને ઉપસુંદ નામે બે ભાઇઓ સાથે રહેતા હતા. તેઓ બીજાઓથી મારી શકાય નહીં એવા અને ત્રણે લોકમાં વિખ્યાત હતાં. તોપણ એક તિલોત્તમાને કારણે તે બન્નેએ એકબીજાનો નાશ કર્યો. આથી પરસ્પર પ્રીતિવાળા તમે બંધુપ્રેમનું રક્ષણ કરજો. એવું કરજો કે આ વિષયમાં તમારામાં ભેદભાવ ના પડે.

એટલું જણાવીને નારદે એમને સુંદ અને ઉપસુંદની કથા કહી.

પાંડવોએ એ કથાને સાંભળીને દેવર્ષિ નારદની સમક્ષ નિયમ કર્યો કે આપણામાંથી જે કોઇ ભાઇ દ્રૌપદી સાથે બેઠેલા બીજા ભાઇને જોઇ જાય તે બાર વર્ષ સુધી બ્રહ્મચારી રહીને વનમાં વાસ કરે. પાંડવોએ તેવા નિયમની વ્યવસ્થા કરી એટલે મહામુનિ નારદે પ્રસન્નતા પામીને ત્યાંથી પ્રયાણ કર્યું.

દેવર્ષિ નારદે પાંડવોને કહેલી અને મહાભારતના આદિપર્વમાં આલેખાયેલી સુંદ અને ઉપસુંદની એ કથા પર દૃષ્ટિપાત કરી લઇએ.

ભારતવર્ષના સાંસ્કૃતિક ધાર્મિક સહિત્યભંડારમાં પુરાણોનું સ્થાન ખૂબ જ મહત્વનું છે. એમની અંદર પણ મહાભારતનું મહત્વ સવિશેષ છે. વેદ, ઉપનિષદ ને દર્શનશાસ્ત્રોના ગહનતમ જ્ઞાન સિદ્ધાંતોને સરળતાથી ને સંપૂર્ણપણે સમજવાનું કાર્ય સામાન્ય બૌદ્ધિક પ્રતિભાવાળા માનવોને માટે અતિશય કપરું હોવાથી, પરમ હિતપરાયણ સ્વાનુભવસંપન્ન મહર્ષિ વ્યાસે મહાભારત જેવા મહાપુરાણની રચના કરી છે. અને એ દ્વારા કથાત્મક ધર્મને તત્વજ્ઞાનવિષયક જુદા જુદા સંદેશને પ્રવાહિત કર્યા છે. મહાભારતને માટે તો એવું પણ કહેવાય છે કે જે એમાં નથી તે બીજે ક્યાંય નથી, અને જે એમાં છે તે બીજે પણ છે ' व्यासोच्छिष्टं जगत् सर्वम् ' કહીને સૂચવવામાં આવ્યું છે કે જ્ઞાનવિજ્ઞાનની એવી કોઇએ શાખા-પ્રશાખા નથી; જેના વિશે મહર્ષિ વ્યાસે મહાભારતમાં પોતાના વિચારો પ્રકટ ના કર્યા હોય. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-માનવજીવનના એ ચતુર્વિધ પુરુષાર્થોને લક્ષ્ય કરીને એમાં ચિંતન-મનનની રસભરપૂર સામગ્રી પીરસવામાં આવી છે. એ

સામગ્રી સનાતન અને પ્રેરણાત્મક હોવાથી આજે પણ સમય બદલાયો હોવા છતાં પણ, એટલી જ રસમય અને ઉપયોગી છે.

મહાભારત ભારતવર્ષનો સાંસ્કૃતિક ગૌરવગ્રંથ છે. એમાં આવતી જુદી જુદી કથાઓ અને ઉપકથાઓ માનવજીવન અને રાષ્ટ્રના અભ્યુત્થાનને માટે અસાધારણ ઉપકારક તત્વોથી ભરપૂર છે. સુંદ અને ઉપસુંદ નામના અસુરોની ઉપકથા એવી જ ચિરંજીવ ને પ્રેરક કથા છે. એ ઉપકથાનો પરિચય કરવા જેવો છે.

હિરણ્યકશિપુના વંશમાં નિકુંભ નામે એક પરમ પરાક્રમી પ્રતાપી દૈત્ય થઇ ગયો. સુંદ અને ઉપસુંદ બંને એના જ પુત્રો હતા. મોટા થતાં એ પરાક્રમી, પ્રતાપી ને ક્રૂર પ્રકૃતિના ભાઇઓ દૈત્યોના સરદાર બન્યા.

એમની વચ્ચે એટલો બધો પ્રેમભાવ તથા મેળ હતો કે વાત નહિ. એ બંને સાથે જ જમતા, ને સાથે જ ફરતા. એમના દેહ જુદા પણ આત્મા જાણે એક હતો.

વખતના વીતવા સાથે એમના અંતરમાં ત્રિલોકનું સ્વામિત્વ પ્રાપ્ત કરવાની મહત્વકાંક્ષા પેદા થઇ. એ મહત્વકાંક્ષાથી પ્રેરાઇને એમણે શાસ્ત્રોક્ત રીતે દીક્ષા લઇને વિંધ્યાચલ પર્વત પર જઇને તપશ્ચર્યા કરવાનો પ્રારંભ કર્યો.

તપશ્ચર્યા પણ કેવી ? એકદમ કઠોર કહી શકાય એવી. અન્ન તથા જલનો ત્યાગ કરીને કેવળ વાયુ પર રહીને બંને હાથ ઉપર ઉઠાવીને સૂર્યની સામે દૃષ્ટિ સ્થિર કરીને એ તપવા માંડ્યા.

એમના પ્રબળ તપથી પ્રસન્ન થઇને એમની આગળ બ્રહ્મા પ્રકટ થયા. એમણે વરદાન માગવા કહ્યું તો એ પ્રણામ કરીને બોલ્યા :

"દેવ ! તમે અમારા પર પ્રસન્ન થઇને અમને વરદાન આપવા માગતા હો તો અમે બંને માયાવી, શાસ્ત્રાર્થમાં કુશળ, ઇચ્છાનુસાર રૂપ ધારણ કરનારા, બળવાન અને અમર બની જઇએ એવું વરદાન આપીને અમને કૃતાર્થ કરો."

બ્રહ્માએ કહ્યું, "મનુષ્યો કે દૈત્યોને માટે અમર બનવાનું અશક્ય છે. અમર તો કેવળ દેવો જ બની શકે છે. એટલે અમર બનવા સિવાયનાં તમે માગેલાં બીજા વરદાન તમને આપી શકું."

"તો પછી એને બદલે એવું વરદાન આપો કે અમે દુનિયાના કોઇ પણ પ્રાણી કે પદાર્થથી ના મરીએ. અમારું મૃત્યુ જ્યારે થાય ત્યારે એકબીજાનાં હાથે જ થાય." સુંદ અને ઉપસુંદ બોલ્યા.

'તથાસ્તુ' કહીને બ્રહ્મા પોતાના દિવ્ય લોકમાં જવા માટે ચાલી નીકળ્યા, અને તપશ્ચર્યા દ્વારા પ્રાપ્ત થયેલા વરદાનથી સંતુષ્ટ બનેલા સુંદ અને ઉપસુંદ ઘેર આવ્યા.

ઘેર આવીને અહંકારથી ઉન્મત્ત બનીને તેમણે મોટો ઉત્સવ કર્યો.

એ ઉત્સવમાં એમના બંધુઓ, મિત્રો તથા સ્નેહીઓએ પણ ભાગ લીધો.

એ પછી થોડોક વખત આમોદપ્રમોદમાં પસાર કરીને એ બંને ભાઇઓ દિગ્વિજય કરવા તૈયાર થયા.

એ માયાની શક્તિવાળા ભયંકર અસુરોના ઉત્પાતને લીધે પ્રજા દુઃખી બની ગઇ.

એમની ભયંકર પ્રવૃત્તિને જોઇને જિતેન્દ્રિય મુનિઓ અને મહાત્મા પુરુષોની પીડાનો પાર ના રહ્યો, એમની ચિંતા, વેદના અને અશાંતિનો અતિરેક થતાં એમણે બ્રહ્મલોકમાં જઇને સુંદ અને ઉપસુંદ તથા એમના અનુચરોના અનર્થની વાતો બ્રહ્માને કહી બતાવીને પ્રજાની પીડાના નિવારણ માટે પ્રાર્થના કરી.

બ્રહ્માએ એમને આશ્વાસન આપ્યું અને એ અસુરોનો નાશ કરવા માટે વિશ્વકર્મા પાસે એક સુંદર સ્ત્રી તૈયાર કરાવી. સૃષ્ટિનાં શ્રેષ્ઠ રત્નોના અંશમાંથી એના રચના થઇ હોવાથી એનું નામ તિલોત્તમા પાડયું. બ્રહ્માના આદેશથી એ અસુરોને મોહિત કરવા માટે ચાલી નીકળી.

સુંદ અને ઉપસુંદ તિલોત્તમાને જોઇને ભાન ભૂલી ગયા. અને એનો હાથ પકડીને ઊભા રહ્યા. તિલોત્તમા બોલી કે મારો સંકલ્પ છે કે હું કોઇ એકની જ થઇશ, બેની નહિ થાઉ.

સુંદ અને ઉપસુંદ તિલોત્તમાને મેળવવાના ઉદ્દેશ્યથી ભયંકર ગદાયુદ્ધમાં પ્રવૃત્ત થયા.

બંને એકબીજા પર તૂટી પડયા.

બંનેના શરીર લોહીથી લથપથ થઇ ગયાં. અને એ આખરે નિર્જીવ બનીને ચિત્કાર કરતા ધરતી પર ઢળી પડયા.

તિલોત્તમા પોતાનું કાર્ય સ્પૂર્ણપણે સફળ થયેલું જોઇને સંતોષ પામી. દેવો મુનિઓ ને બ્રહ્માએ એને અભિનંદન આપ્યાં.

આ કળાત્મક કથા શું સૂચવે છે ? માનવ પ્રખરમાં પ્રખર તપ કરે ને મોટામાં મોટી શક્તિ મેળવે તોપણ પ્રકૃતિના મોહપાશમાંથી નથી છૂટતો ત્યાં સુધી સ્વસ્થતા, પૂર્ણતા કે મુક્તિ નથી મેળવી શકતો. પોતાના જીવનનું શ્રેય પણ નથી સાધી શકતો. સ્વાર્થરૂપી માયા, સત્તારૂપી માયા, શરીરની મોહિનીરૂપી મહામાયા માનવને ચલિત કરી સંમોહિત બનાવીને એને એની નિષ્ઠામાંથી ડગાવીને, જો એ સાવધાન ના હોય તો એનો મૃત્યુઘંટ વગાડી દે છે. માટે માનવે જાગ્રત રહેવાની, જુદી જુદી જાતના મોહમાંથી મુક્તિ મેળવવાની ને શક્તિનો સદ્ઉપયોગ કરવાની આવશ્યકતા છે. જે પોતાની બુદ્ધિ તથા શક્તિનો દુરુપયોગ કરે છે તે વિનાશ પામે છે એમાં સંશય નથી. સામાન્ય ને અસામાન્ય સઘળા માનવોએ એ સંદેશને અથવા બોધપાઠને યાદ રાખવાનો છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૮. નંદિનીની શક્તિ

મહાભારતના આદિ પર્વના ૧૭૫મા અધ્યાયમાં મહામુનિ વસિષ્ઠ અને વિશ્વામિત્રની કથા કહેવામાં આવી છે. એનો ઉલ્લેખ પણ કરી લઇએ.

મહાભારતમાં મુખ્ય કથાની સાથે, કોઇવાર સુમેળ સાધે એવી રીતે તો કોઇવાર સુમેળ ના સાધતી દેખાય એવી રીતે કેટલીક ઉપકથાઓ કહેવામાં આવી છે. એ ઉપકથાઓ પ્રેરણાત્મક તથા રસપ્રદ છે. એમને લીધે મહાભારતનો ગ્રંથવિસ્તાર સારા પ્રમાણમાં અને અનાવશ્યક રીતે વધ્યો છે.

પેટાકથાઓનું આલેખન અનિવાર્ય ના હોવા છતાં હૃદયગંમ અને બોધપ્રદ હોવાથી સઘળી કે કેટલીક પેટાકથાઓ ક્ષેપક છે કે કેમ એની ચર્ચાવિચારણાને ગૌણ ગણીને કે એક બાજુએ રાખીને એમનું અવલોકન કરીએ છીએ. એ અવલોકન ઉપયોગી થઇ પડશે એવી આશા સાથે.

મહામુનિ વસિષ્ઠ અને વિશ્વામિત્રની વાત ઓછાવત્તા પ્રમાણમાં જનસમાજમાં પ્રચલિત છે. મહાભારતમાં એનો શુભારંભ કરતાં કહેવામાં આવ્યું છે કે કુશિકના પ્રસિદ્ધ પુત્ર ગાધી કાન્યકુબ્જના મહારાજા હતા.

તેમને વિશ્વામિત્ર નામે પ્રખ્યાત પુત્ર.

તેમની પાસે સેના, સાધન તથા વાહનોનો પાર ન હતો.

એમને મૃગયાનો શોખ હોવાથી, એકવાર રમણીય મરુભૂમિમાં અને એકાંત ઘોર અરણ્યોમાં મૃગો તથા વન્ય વિકરાળ વરાહોને વીંધતા વીંધતા, એ પોતાના પ્રધાન સાથે મૃગયા કરતા સખત પરિશ્રમ તથા તૃષાથી પરવશ બનીને મહામુનિ વસિષ્ઠના આશ્રમમાં આવી પહોંચ્યા.

અતિથિને દેવ માનવાની ભાવનાને જીવનમાં વણી લેનારા મહામુનિ વસિષ્ઠે એમનો સ્નેહસહિત સમુચિત સત્કાર કર્યો.

વસિષ્ઠ પાસે એક સુંદર ચિત્તાકર્ષક કામધેનુ ગાય હતી. તે સર્વ પ્રકારની ઇચ્છાઓને કે મનોરથોને પૂરા કરવાની અસાધારણ દૈવીશક્તિથી સંપન્ન હતી. તે પોતાની સદભાવ સહિત સેવા કરનારને ઇચ્છાનુસાર અમૃતય દૂધ તો આપતી જ, પરંતુ એથી આગળ વધીને અન્ય અલૌકિક ભોગપદાર્થોને પણ પ્રદાન કરતી.

એના અમોઘ અનુગ્રહથી ગ્રામની અને અરણ્યની ઔષધિઓની, વિવિધ જીવનોપયોગી, જુદાંજુદાં રત્નોની, વસ્ત્રોની, તેમજ ખાદ્ય ને પેય પદાર્થોની પ્રાપ્તિ થતી.

વસિષ્ઠે વિશ્વામિત્રને તેમના પ્રધાન તથા સૈન્ય સાથે સત્કાર્યા તે જોઇને વિશ્વામિત્ર પરમ સંતોષ પામ્યા. અને સાથે સાથે આશ્ચર્યચકિત બનીને વિચારવા લાગ્યા કે અરણ્યના એકાંત આશ્રમમાં રહેતા અકિંચન જેવા દેખાતા મહામુનિ વસિષ્ઠ પાસે આટલું બધું અદભુત અમાપ ઐશ્વર્ય ક્યાંથી આવ્યું ?

એમની નજર પેલી કામધેનુ ગાય પર પડી. એમને એ અનંત ઐશ્વર્યનું સઘળું રહસ્ય સંક્ષેપમાં સમજાઇ ગયું. એમની સઘળી શંકાનું સુખદ સમાધાન થયું.

એમણે એ નંદિની ગાયને આત્મિક અભિનંદન આપીને વસિષ્ઠમુનિને કહ્યું કે તમને એક અબજ જેટલી ગાયો આપું અથવા માગો તો મારું રાજ્ય પણ આપું. તેના બદલામાં મને આ નંદિની ગાય આપો.

વસિષ્ઠમુનિએ જણાવ્યું કે નંદિની ગાય દેવ, અતિથિ અને આશ્રમને ઉપયોગી હોવાથી અઢળક ધનભંડારને કે રાજ્યના બદલામાં પણ આપી શકાય નહીં.

વસિષ્ઠમુનિએ ગાયને સમજાવટથી આપવાની ના પાડી એટલે વિશ્વામિત્રે એને બળજબરીથી લઇ જવાની તૈયારી કરીને હંસ તથા ચંદ્રના જેવી ધવલ નંદિની ગાયને કોરડાથી કાયર કરીને જ્યાં ત્યાંથી બાંધીને બળાત્કારપૂર્વક હરી જવા માંડી.

કલ્યાણકારિણી નંદિની બૂમો પાડી અસહાય બનીને વસિષ્ઠ પાસે પહોંચીને ઊંચું મુખ કરીને ઊભી રહી. એને ખૂબ જ મારવામાં આવી તોપણ એ ત્યાંથી ખસી જ નહીં.

વિશ્વામિત્રના સૈનિકો એના વાછરડાને બાંધીને બળપૂર્વક લઇ જવા લાગ્યા ત્યારે એ બેબાકળી બની ગઇ. વસિષ્ઠે એને પોતાની રક્ષાને માટે બનતું બધું જ કરી છૂટવાનો આદેશ આપ્યો એટલે એણે એની અસાધારણ શક્તિસંપત્તિનો પ્રયોગ કર્યો.

કોઇ કોઇની ઉપર આક્રમણ ના કરે પરંતુ પોતાની ઉપર આક્રમણ થતું હોય તો સ્વરક્ષાર્થે આવશ્યક પ્રતિકાર તો કરે જ. એવો પ્રતિકાર ઇચ્છવાયોગ્ય અને આવકારદાયક મનાય છે. અન્યાયને અને અત્યાચારને મૂંગે મોઢે સહી લેવામાં, અને એવી રીતે પ્રકારાન્ત પોષણ પૂરું પાડવામાં બહાદુરી તો નથી જ. વ્યાવહારિકતા કે નીતિમત્તા પણ નથી જ.

વસિષ્ઠના આદેશને અનુસરીને નંદિની ગાયે ભયંકર સ્વરૂપને ધારણ કરીને વિશ્વામિત્રની સેનાને ચારે તરફ નસાડવા માંડી.

એ અતિશય ક્રોધાતુર બનીને મધ્યાહ્નના સૂર્યની પેઠે તપવા લાગી. એના પુચ્છમાંથી અનવરત અંગારવર્ષા થવા માંડી.

એના અંગપ્રત્યંગમાંથી અસંખ્ય શસ્ત્રધારી સૈનિકો પ્રાદુર્ભાવ પામ્યા.

વિશ્વામિત્રનો પ્રત્યેક યોદ્ધો એણે પ્રગટાવેલા પાંચ-પાંચ કે સાત-સાત સૈનિકોથી ઘેરાઇ ગયો. વિશ્વામિત્રનું સૈન્ય ગભરાઇને ત્રાસ પામીને હારવા માંડ્યું. નંદિનીએ સમસ્ત સૈન્યને ત્રણ યોજન જેટલે દૂર ધકેલી દીધું.

બ્રહ્મતેજના એવા અસાધારણ પ્રભાવને પેખીને વિશ્વામિત્રનું મન ક્ષાત્રભાવ પરથી ઊઠી ગયું. તપને જ પરમબળ માનીને એમણે સમૃદ્ધ રાજ્યને ને રાજ્યલક્ષ્મીને ત્યાગીને તપમાં મનને પરોવીને સિદ્ધિની પ્રાપ્તિ કરી. છેવટે બ્રાહ્મણત્વ મેળવ્યું.

મહાભારતનો એ પ્રસંગ મહામુનિ વસિષ્ઠની સ્વભાવસહજ શાંતિ તથા નંદિની ગાયની લોકોત્તર શક્તિ તરફ અંગુલિનિર્દેશ કરે છે ને સૂચવે છે કે પ્રત્યેકે પોતાની રક્ષા પોતાની મેળે કરવાની શક્તિથી સંપન્ન બનવું જોઇએ. આપણી સાચી રક્ષા આખરે તો કોણ કરે છે ? આપણી નિર્દોષતા, સત્યનિષ્ઠા, ધર્મપરાયણતા.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૯. અર્જુનનો વનવાસ

કેટલીક વાર ઉત્સાહમાં આવીને કોઇ વ્રત કે નિયમ લેવામાં આવે છે ત્યારે ખબર પણ નથી હોતી કે એ વ્રત કે નિયમપાલન સંબંધમાં થોડા વખતમાં જ કસોટીમાં અથવા આકરી અગ્નિપરીક્ષામાં મુકાવું પડશે.

અગ્નિપરીક્ષા આવે છે ત્યારે સામાન્ય માનવો એનાથી ડરી અને ડગી જાય છે. મજબૂત મનોબળવાળા માનવો મક્કમ રહે છે. એ પોતાના વ્રત કે નિયમપાલનને બનતી બધી જ રીતે વળગી રહે છે અને આવશ્યકતાનુસાર નાનો કે મોટો ભોગ આપવા તૈયાર રહે છે.

દેવર્ષિ નારદના સૂચવ્યા પ્રમાણે પાંડવોએ નિયમપાલનની વ્યવસ્થા તો કરી પરંતુ થોડા વખતમાં એમને માટે જાણે કે અસાધારણ કસોટીકાળ આવી પહોંચ્યો. ખાસ કરીને અર્જુન માટે.

પાંડવો માતા કુંતી તથા દ્રૌપદી સાથે ખૂબ જ સુખશાંતિપૂર્વક પોતાના જીવનના દિવસોને નિર્ગમન કરતા હતા ત્યારે એક પ્રસંગ બન્યો.

કેટલાક ચોરો કોઇ બ્રાહ્મણની ગાયો ચોરી ગયા. બ્રાહ્મણને તે દેખીને સ્વાભાવિક રીતે જ ખૂબ દુઃખ થયું. ક્રોધ પણ થયો. એણે ખાંડવપ્રસ્થમાં પહોંચીને પાંડવોને ફરિયાદ કરીને મદદ માટે પ્રાર્થના કરી.

જે રાજા કરરૂપી ખલિભાગને ગ્રહણ કરીને પ્રજાનું રક્ષણ કરતો નથી એ આદર્શ કહેવાતો નથી. એ પોતાના કર્તવ્યને ચૂકે છે. એવું જણાવીને એણે એકદમ અસહાય બનીને રડવા માંડયું.

એની પ્રાર્થનાને અને એના પોકારો સાંભળીને અર્જુને એને મદદ કરવાની તત્પરતા દર્શાવી, પરંતુ એમાં એક મુશ્કેલી આવી. પાંડવો જ્યાં પોતાનાં શસ્ત્રોને રાખતા ત્યાં આયુધશાળામાં યુધિષ્ઠિર દ્રૌપદી સાથે વિરાજેલા હોવાથી અર્જુન ત્યાં નિશ્ચિત નિયમાનુસાર પ્રવેશી શકે તેમ નહોતો. એક તરફ બ્રાહ્મણનો પોતાની સહાયતા સારુ પોકાર અને બીજી બાજુએ સેવા. અર્જુને નિર્ણય કર્યો કે બ્રાહ્મણની સેવા કરવી જોઇએ; તેને માટે ભલે નિયમભંગ થાય ને ગમે તેવું કષ્ટ ભોગવવું પડે. સેવાસહાયતા ના કરવાથી અમને દોષ લાગશે, અધર્મ થશે, અને કરવાથી અમારી અને યુધિષ્ઠિરની પ્રતિષ્ઠામાં વધારો થશે અને ધર્મપાલનનો પવિત્ર યશ મળશે. નિયમપાલનના ભંગથી શરત પ્રમાણે ભલે વનવાસ મળે પરંતુ સેવાધર્મનો ત્યાગ ના કરવો જોઇએ એવું માનીને એણે આયુધશાળામાં પ્રવેશીને યુધિષ્ઠિરની સંમતિથી શસ્ત્રોને લઇને રથમાં બેસીને ચોરોનો સામનો કરીને સઘળી ગાયો બ્રાહ્મણને સુપ્રત કરી.

નિયમભંગના દંડરૂપે અર્જુન વનમાં જવા માટે તૈયાર થયો ત્યારે યુધિષ્ઠિરે દુઃખી થઇને એને એવા દંડને ના ભોગવવા માટે સમજાવ્યો, પરંતુ અર્જુને એમની વાતને ના માની. નિયમ એટલે નિયમ. એનું પાલન સર્વાવસ્થામાં કરાવું જ જોઇએ.

અર્જુન યુધિષ્ઠિરની અનુજ્ઞા લઇને બાર વરસ સુધી વનમાં વસવા માટે વિદાય થયો.

સૌએ એને ભારે હૈયે વિદાય આપી.

☼ ☼ ☼ ☼ ☼

# ૬૦. ઉલૂપીનો મેળાપ

અર્જુને નિયમભંગના દંડને ભોગવવા માટે વનવાસને સ્વીકારીને વનમાં પ્રયાણ કર્યું.

એ પ્રસંગ સૂચવે છે કે પોતાના નિયમનું પરિપાલન સઘળા સંજોગોમાં સર્વપ્રકારે ઉત્તમ અને શ્રેયસ્કર હોવા છતાં પણ, કોઇવાર કોઇની સેવાનો અવસર ઉપસ્થિત થાય ત્યારે સેવાનું મહત્વ સમજીને તૈયાર રહેવું જોઇએ. એમ કરતાં કોઇ કષ્ટ આવે તો તે કષ્ટને સહર્ષ ભોગવવું જોઇએ.

કષ્ટ કરતાં કર્તવ્ય કે સેવાનું મહત્વ વધારે છે, એ ભૂલવાનું નથી.

અર્જુને નગરને છોડીને વનને માટે શાંતિપૂર્વક પ્રયાણ કર્યું ત્યારે સૌનાં દિલ દ્રવી ગયાં. અંતર અતિશય લાગણીવશ થયાં. વ્યગ્ર બન્યા.

સૌ અર્જુનની પ્રશંસા કરવા લાગ્યા.

વેદમાં પારંગત થયેલા વિદ્વાન બ્રાહ્મણો એની પાછળ ચાલ્યા.

ભગવદભક્તો, સૂતો, પૌરાણિકો, કથકો, શ્રમણો, વનવાસીઓ, દિવ્ય આખ્યાનોને સંભળાવનારા દ્વિજો અને અન્ય અનેક સાથીઓ સાથે અર્જુન ચાલવા માંડયો.

જાણે કે મરુતોની સાથે ઇન્દ્ર ચાલ્યો.

વિવિધ વનો અને ઉપવનો, સરોવરો, સરિતાઓ, સાગરો, સામાન્ય પ્રદેશો તથા તીર્થસ્થાનોમાંથી પ્રસન્નતાપૂર્વક પસાર થતાં એ ગંગાદ્વાર પાસે પહોંચી ગયો.

ત્યાં એણે આનંદપૂર્વક નિવાસ કર્યો.

એકવાર એ ગંગાસ્નાન કરી રહેલો ત્યારે એને મહારાજ નાગરાજની કન્યા ઉલૂપીનો મેળાપ થયો.

એ એને જોતાં ને મળતાંવેત કામવશ બની ગઇ. એને ગંગાના ઊંડાણમાં આવેલા પોતાના અતિરમણીય પરમ આહ્લાદક રસમય રાજભવનમાં લઇ ગઇ.

અર્જુને ત્યાં કૌરવ્યનાગના ભવનમાં અગ્નિને અવલોકીને એમાં આહુતિ આપી. એથી અગ્નિદેવ પ્રસન્ન થયા.

ઉલૂપીએ અર્જુનને પોતાની ઓળખાણ આપીને પોતાની સવિશેષ શક્તિથી અર્જુનના વનવાસના કારણને અને જીવનના રહસ્યને કહી બતાવ્યું. ઉલૂપીની એ શક્તિ વિસ્મયજનક હતી. વિશેષ વિસ્મયજનક વસ્તુ તો એ હતી કે એને અર્જુનને માટે આકર્ષણ થયું. એણે અર્જુન પાસે પોતાના પ્રેમને સ્વીકારવાની માગણી કરી.

સ્ત્રીપુરુષના નિસર્ગસહજ સ્વાભાવિક આકર્ષણનો વિચાર કરતાં એવી માગણી કાંઇ વિસ્મયજનક ના કહેવાય.

અર્જુને બાર વરસના બ્રહ્મચર્યવ્રતના નિયમની વાત કરી તો પણ ઉલૂપીએ પોતાને શાંતિ આપવી એ પણ ધર્મ છે, અને એના પાલનથી નિયમને દોષ નહિ લાગે એવું જણાવ્યું.

અર્જુન એ રાતે ઉલૂપી સાથે નાગભવનમાં રહ્યો. સવારે છૂટા પડતી વખતે ઉલૂપીએ એને વરદાન આપ્યું કે તમે જળમાં બધે અજય રહેશો, અને સઘળાં જળચરો પર પ્રભુત્વ મેળવશો. તમને સઘળાં જળચરો સર્વપ્રકારે સાનુકૂળ રહેશે.

એ મેળાપ અર્જુનને માટે આશીર્વાદરૂપ થયો. ઉલૂપીને માટે પણ.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૧. ચિત્રાંગદાનો મેળાપ

ઉલૂપીની વિદાય લઇને અર્જુન અરણ્યના એકાંત પ્રદેશમાં આગળ વધ્યો.

હિમાલયના શાંત એકાંત આહ્લાદક વિસ્તારમાં આગળ વધતાં એ અગસ્ત્યવટ પાસે પહોંચીને વસિષ્ઠ પર્વતને પસાર કરીને ભૃગુતુંગ અથવા તુંગનાથના પવિત્ર પ્રદેશમાં પ્રવેશ્યો.

એ પછી ત્યાંથી નીચે ઊતરીને એણે અન્ય અનેક તીર્થસ્થાનોનાં દર્શન કરીને પૂર્વદિશા તરફ ચાલવા માંડયું.

અંગ, વંગ તથા કલિંગદેશોના તીર્થો તથા પુણ્યધામોનો દર્શનલાભ લઇને, બ્રાહ્મણોને વિદાય કરીને, કેટલાક સહાયકો સાથે એ સમુદ્રતટ પરથી પસાર થઇને મણિપુરમાં પહોંચ્યો, અને ત્યાનાં ધર્મજ્ઞ મહારાજા ચિત્રવાહનને મળ્યો.

ચિત્રવાહનને ચિત્રાંગદા નામે સૌન્દર્યવતી કમનીય કન્યા હતી.

એને નગરમાં ફરતી નિહાળીને, અર્જુનને એના પ્રત્યે આકર્ષણ થવાથી, રાજા પાસે પહોંચીને એણે એ સુંદર રતિ સમાન રાજકન્યા માટે પોતાનો પરિચય પ્રદાન કરીને માગણી કરી ત્યારે રાજાએ સ્પષ્ટીકરણ કરતાં જણાવ્યું કે અમારા પૂર્વજ રાજા પ્રભંજને પુત્રપ્રાપ્તિ માટે કઠોર તપ કરેલું. એના તીવ્રતમ તપથી પ્રસન્ન થઇને ભગવાન શંકરે વરદાન આપ્યું કે તારા કુળમાં વંશપરંપરા એકેક સંતાન થશે. ત્યારથી અમારા કુળમાં પ્રત્યેક પેઢીએ એક સંતાન થાય છે. મારી પહેલાંના સૌને કુમારો જન્મેલા પરંતુ મારે ત્યાં કુમારિકાનો જન્મ થયો છે. એ કુમારિકા મારે મન કુમાર જ છે. એને તમારી દ્વારા જે પુત્ર થાય તે એના મૂલ્યરૂપે થાય અને અમારા કુળને વિસ્તારે. એ શરતે કન્યાને અર્પણ કરવાની મારી તૈયારી છે.

અર્જુને મહારાજા ચિત્રવાહનની એ શરતને માન્ય રાખી.

એણે ચિત્રાંગદાને પત્ની તરીકે સ્વીકારીને ત્યાં ત્રણ વરસ સુધી નિવાસ કર્યો.

એ દરમિયાન ચિત્રાંગદાએ પુત્રને જન્મ આપ્યો.

એ પછી એની અને મહારાજા ચિત્રવાહનની અનુમતિ લઇને અર્જુન આગળ વધ્યો.

થોડાક વખત પછી એણે ચિત્રાંગદાને મળવા માટે મણિપુરમાં પુનઃપ્રવેશ કર્યો ત્યારે એના પુત્રનું નામ બભ્રુવાહન પાડવામાં આવેલું.

અર્જુને એ પુત્રને મહારાજા ચિત્રવાહનને એની પૂર્વશરત પ્રમાણે, ચિત્રાંગદાના મૂલ્યરૂપે અર્પણ કર્યો, અને ચિત્રાંગદાને ઇન્દ્રપ્રસ્થમાં આવવાનું તથા સર્વે સ્વજનોને મળવાનું આમંત્રણ આપ્યું. યુધિષ્ઠિર દ્વારા ભવિષ્યમાં થનારા રાજસૂય યજ્ઞમાં પણ ઉપસ્થિત રહેવાનું આમંત્રણ આપ્યું. એણે એને એ વખતે ઇન્દ્રપ્રસ્થમાં મળવા માટેનું આશ્વાસન આપ્યું.

અર્જુનના વનવાસનો સમય એવી રીતે વિભિન્ન પ્રદેશોમાં વિસ્તરેલાં જુદાં જુદાં તીર્થોનાં દર્શનમાં અને લગ્નજીવનના અભૂતપૂર્વ અવનવા અનુભવોમાં પસાર થયો.

એનાં જીવનમાં હજુ બીજા કેટલાક અસાધારણ અનુભવો થવાના હોવાથી, એ ત્યાંથી ગોકર્ણતીર્થ તરફ આગળ વધીને પશ્ચિમ સમુદ્રના પ્રશાંત તટપ્રદેશ પરનાં જુદાંજુદાં તીર્થ સ્થળોમાં ને પુણ્ય પ્રદેશોમાં પ્રવેશ્યો.

છેવટે દિવસોના પરિભ્રમણ પછી ભાગ્ય એને પ્રભાસતીર્થમાં લઇ આવ્યું.

એ પ્રાચીન સુપ્રસિદ્ધ તીર્થસ્થાનને નિહાળીને એને અતિશય આનંદ થયો.

એ પોતાના સ્વજન શ્રીકૃષ્ણના પુણ્યપ્રદેશની પાસે પહોંચેલો.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૨. સુભદ્રાહરણ

"શ્રીકૃષ્ણે સાંભળ્યું કે અપરાજિત અર્જુન પ્રભાસના રમણીય અને પાવનકારી તીર્થમાં આવ્યો છે એટલે તે મળવા માટે ત્યાં આવ્યા. શ્રીકૃષ્ણ અને અર્જુન પ્રભાસમાં પરસ્પર મળ્યા અને એકબીજાને ભેટયા. પછી પરસ્પર કુશળ પૂછીને નર તથા નારાયણ ઋષિના અવતારરૂપ તે બંને પ્રિય મિત્રો વનમાં બેઠા. શ્રીકૃષ્ણ અને અર્જુને પ્રભાસમાં યથેચ્છ વિહાર કર્યો અને રૈવતક પર્વત ઉપર નિવાસ કરવાને ગયા. શ્રીકૃષ્ણના આદેશથી માણસોએ તે પર્વતને આગળથી શણગારી રાખ્યો હતો, તેમજ ત્યાં ભોજનાદિની તૈયારી કરી હતી."

"ભોજન બાદ શય્યામાં સૂતાં સૂતાં તે મહાબાહુએ શ્રીકૃષ્ણને નદીઓ, જળાશયો, પર્વતો, ઝરણાઓ તેમજ વનો વિશે વાતો કહી. એમ વાતો કહેતાં કહેતાં સ્વર્ગતુલ્ય શય્યામાં નિદ્રા આવી ગઇ. પછી મધુરગીતો, વીણાવાદન તથા મંગલસ્તુતિઓ સાથે તે જાગ્યો. પછી શ્રીકૃષ્ણનાં અભિનંદન પામેલો અર્જુન શ્રીકૃષ્ણ સાથે સુવર્ણની ધ્વજા ઇત્યાદિથી શોભતા રથમાં દ્વારકા તરફ  જવા ઊપડયો. અર્જુનના સત્કાર માટે સમસ્ત દ્વારકાને સારી રીતે સુશોભિત કરવામાં આવી હતી. અર્જુનને જોવાની ઇચ્છાથી પ્રેરાઇને દ્વારકાવાસી સેંકડો અને હજારોની સંખ્યામાં રાજમાર્ગ ઉપર આવ્યા. ત્યાં હજારો ને સેંકડો નારીઓ અર્જુનને જોવાને માટે ટોળે મળી હતી. ભોજ, વૃષ્ણી તથા અંધકવંશોના સ્ત્રીપુરુષોની ભારે ભીડ જામી હતી. ભોજ, વૃષ્ણી અને અંધકવંશના સર્વ વંશજો તરફથી અર્જુન સત્કાર પામ્યો. યદુકુળના સર્વ કુમારોએ તે વીરને સત્કાર્યો. રત્નો, ભોજન તથા ભોગસામગ્રીઓથી ભરપૂર કૃષ્ણના ભવ્ય ભવનમાં તે શ્રીકૃષ્ણ સાથે અનેક રાત્રિઓ સુધી રહ્યો."

મહાભારતના આદિપર્વના ૨૧૮મા અધ્યાયનું એ વર્ણન ખૂબ જ રસપ્રદ છે. એ વર્ણન શ્રીકૃષ્ણ અને અર્જુનના પારસ્પરિક પ્રાકૃતિક પ્રેમસંબંધ પર પ્રકાશ પાડે છે. એ પછીના અધ્યાયોમાં એ કથા આગળ વધે છે. એ કથા નોંધપાત્ર હોવાથી એનું અવલોકન કરી લઇએ.

કેટલાક દિવસો પછી રૈવતક પર્વત પર વૃષ્ણીઓ અને અંધકકોનો એક ઉત્સવ થયો. એ ઉલ્લાસપ્રધાન ઉત્સવ વખતે ભોજ, વૃષ્ણી અને અંધક વીરોએ પોતાની રીતે દાન કર્યું.

ત્યાં વૃષ્ણીઓના રાજા ઉગ્રસેન પણ એમની સ્ત્રીઓ સાથે આવેલા.

બળરામ, કૃષ્ણ તથા અર્જુન પણ પધારેલા.

વાદકો વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડતા, નર્તકો નૃત્ય કરતા, ગાયકો ગાન ગાતા. પરમ ઓજસ્વી વૃષ્ણીકુમારો, અનેકવિધ અલંકારોથી અલંકૃત બની, સુવર્ણચિત્રવાળાં વાહનોમાં વિરાજીને, સર્વત્ર વિહાર કરતા.

નગરજનો એમની સ્ત્રીઓ તથા સ્વજનો સાથે હજારોની સંખ્યામાં નાનાંમોટાં વાહનોમાં કે પગપાળા ફરી રહેલા.

એ ઉલ્લાસમય ઉત્સવ સ્થળ પર અલંકારોથી અલંકૃત બનેલી, ચિત્તાકર્ષક સ્વરૂપવાળી, કૃષ્ણની બહેન સુભદ્રા પણ પોતાની સખીઓ સાથે આવેલી.

સૌન્દર્યના સર્વશ્રેષ્ઠ સંપુટસમી સુભદ્રાને નિહાળીને અર્જુનનું મન મોહિત થયું. હૈયું હાથમાં ના રહ્યું.

એ જોઇને કૃષ્ણે એને કહ્યું કે વનમાં વિચરનારાનું અંતર પણ કામથી વલોવાઇ જાય છે, એના પરથી કામની વિશ્વવિજયી અસાધારણ શક્તિનો ખ્યાલ આવે છે. કામનો પ્રભાવ કેટલો બધો અલૌકિક હોય છે તેની કલ્પના કરી શકાય છે.

કૃષ્ણે અર્જુનને સુભદ્રાનો પરિચય કરાવ્યો. એ પરિચય અર્જુનને માટે આનંદદાયક થઇ પડયો. એણે એમની આગળ સુભદ્રાને પોતાની પત્ની તરીકે મેળવવાની મહેચ્છા પ્રગટ કરી. એ મહેચ્છાને સફળ કરવાનો માર્ગ પણ પૂછ્યો.

કૃષ્ણે એને જણાવ્યું કે "ક્ષત્રિયો માટે સ્વયંવરવિવાહ ઉત્તમ છે. પણ હે પાર્થ, સ્ત્રીઓનો સ્વભાવ અચોક્કસ હોવાથી એ વિવાહ શંકાયુક્ત છે. વળી વિવાહને નિમિત્તે બળપૂર્વક કન્યાનું હરણ કરવું એ પણ શૂરવીર ક્ષત્રિયો માટે પ્રશંસાપાત્ર છે એમ ધર્મજ્ઞો જાણે છે. તું મારી બહેનનું બળપૂર્વક હરણ કરી જા."

પછી અર્જુન તથા શ્રીકૃષ્ણે પોતાના કર્તવ્યનો નિશ્ચય કર્યો અને ઇન્દ્રપ્રસ્થમાં રહેતા ધર્મરાજ યુધિષ્ઠિર પાસે શીઘ્રગતિવાળા દૂતોને મોકલ્યા. યુધિષ્ઠિરે એ સર્વે વાતને સાંભળીને પોતાની સંમતિ આપી.

સુભદ્રા રૈવતક પર્વત ઉપર ગઇ છે એમ જાણીને અર્જુન શ્રીકૃષ્ણ પાસે ગયો અને પોતે કરવા ધારેલા કાર્યની યોજના તેમને સમજાવીને તેમની અનુજ્ઞા મેળવી. તેણે મૃગયાના બહાના હેઠળ રથમાં બેસીને પ્રસ્થાન કર્યું. તે વખતે સુભદ્રા પર્વતરાજ રૈવતની પૂજા કરીને, સર્વદેવોને પૂજન અર્પીને તેમજ બ્રાહ્મણો પાસે સ્વસ્તિવચન બોલાવીને, પર્વતની પ્રદક્ષિણા કરીને, દ્વારકા તરફ આવવા નીકળી હતી.

કામબાણથી પીડાઇ રહેલા અર્જુને સર્વાંગસુંદર સુભદ્રાને દોડીને બળપૂર્વક પકડીને રથમાં બેસાડી દીધી. પવિત્ર સુમધુર સ્મિતવાળી સુભદ્રાને લઇને સુવર્ણના અંગવાળા રથમાં બેસીને એણે પોતાના નગર તરફ જવા માંડયું.

અર્જુને સુભદ્રાનું હરણ કર્યું છે એવું જાણીને સૈનિકોએ દ્વારકાનગરની સુધર્માસભામાં પહોંચીને એ સમાચાર કહી સંભળાવ્યા.

સભાપાલે સત્વર સેનાથી મઢેલી મહાઘોષવાળી રણભેરી બજાવી. તેને સાંભળીને ભોજો, વૃષ્ણીઓ અને અંધકો સઘળાં કાર્યોને છોડીને ભેગા થયા.

અર્જુનના પરાક્રમ સમાચારને સાંભળીને વૃષ્ણીવીરોનાં લોચનો લાલ બની ગયાં. એ સૌએ પોતાના પરાક્રમનો પરચો બતાવવાની તૈયારી કરી.

ચારે તરફ અસામાન્ય કોલાહલ થઇ રહ્યો.

બળરામે સૌને સમજાવીને શાંત પાડયા અને અર્જુનને અનુમોદન આપવા માટે કૃષ્ણને ઠપકો આપ્યો ને કહ્યું કે તમે આ બધું જોઇને મૂંગા થઇને બેસી રહ્યા છો એ આશ્ચર્યકારક છે અમે સૌએ તમારે લીધે અર્જુનનો સત્કાર કરેલો. એણે આપણી અવગણના કરીને પોતાના કાળ જેવી સુભદ્રાનું બળપૂર્વક હરણ કરીને મારા માથા પર પગ મૂક્યો છે. નાગ પગની ઠેસને સાંખતો નથી તેમ હું પણ એને નહિ સાંખી લઉં. એની ઉદ્ધતતાને હું નહિ સહું. આજે પૃથ્વીને કૌરવો વિનાની કરી નાખીશ.

સૌએ બળરામને અનુમોદન આપ્યું; પરંતુ કૃષ્ણે એમને શાંત પાડવાનો પ્રયાસ કર્યો. એમણે જણાવ્યું કે અર્જુને આપણું અપમાન નથી કર્યું. પરંતુ સન્માન કર્યું છે. આ સંબંધ સર્વ પ્રકારે ઉચિત છે સુભદ્રા

યશસ્વિની છે અને એવા જ પરમ યશસ્વી પૃથાપુત્રે એનું હરણ કર્યું છે મારી સલાહ પ્રમાણે એની પાછળ દોડીને એને આશ્વાસન આપીને પાછા લાવવાનું જ બરાબર છે.

કૃષ્ણની સલાહ માનીને સૌએ અર્જુનને સન્માનપૂર્વક પાછો બોલાવ્યો.

અર્જુન અને સુભદ્રાનો વિવાહ થયો.

એ પછી ત્યાં વરસ સુધી રહીને અર્જુને શેષ સમય પુષ્કરરાજમાં પસાર કર્યો.

બાર વર્ષ પૂરાં થતાં એ ખાંડવપ્રસ્થમાં પ્રવેશીને એ રાજા યુધિષ્ઠિર તથા દ્રૌપદી પાસે પહોંચ્યો.

દ્રૌપદીએ એને જણાવ્યું કે પેલી યાદવપુત્રી સુભદ્રા જ્યાં હોય ત્યાં જ જાવ. ભારાને સારી પેઠે બાંધ્યો હોય તોપણ એના પર બીજો બંધ બાંધીએ તો તે પહેલો બંધ ઢીલો પડી જાય છે. એવું જ સ્નેહના સંબંધમાં સમજવાનું છે.

અર્જુને એની અનેક પ્રકારે ક્ષમા માગીને એને આશ્વાસન આપ્યું.

તટસ્થ રીતે વાંચતાં વિચારતાં એવું લાગે કે અર્જુને જે વ્રત લઇને વનવાસ આરંભેલો એ બ્રહ્મચર્યવ્રતને એણે જોઇએ તેવું ને તેટલું મહત્વ ના આપ્યું. ઉલૂપીએ શરીરસુખની માગણી કરી તો એ ડગી ગયો. એમાં અધર્મ નથી એવી દલીલને કોઇ પણ પ્રકારના પ્રતિવાદ વગર સાચી માની બેઠો. જરૂરી વિવેક ના કરી શક્યો. ચિત્રાંગદા સાથે પણ બાર વરસનો વનવાસસમય સમાપ્ત થતાં પહેલાં જ લગ્ન કર્યું. વળી દ્વારકામાં સુભદ્રા સાથે સ્નેહસંબંધ અને વિવાહ કર્યો. એ બધા પ્રસંગોને જોતાં એવું લાગે કે અર્જુનનું મન ચંચળ હતું--વધારે પડતું ચંચળ, તો એવી લાગણીને અસ્થાને અથવા અસત્ય ના કહિ શકાય. એ જમાનામાં એકથી વધારે વિવાહની પ્રથા પ્રવર્તમાન હતી એવું માનીએ તોપણ અર્જુને વનવાસ દરમિયાન સંયમથી રહેવાનું હતું. એ વાતને યાદ રાખનારો, દ્રૌપદી સાથે લગ્ન કરી ચૂકેલો અર્જુન મક્કમ મનવાળો હોય તો આટલા બધા બીજા લગ્નસંબંધો કરે ખરો ?

શ્રીકૃષ્ણે એને એના નિયમ કે વ્રતનું સ્મરણ નથી કરાવ્યું એ આશ્ચર્યકારક લાગે છે.

દ્રૌપદીનો વિરોધ એના પવિત્ર પ્રેમનો સૂચક તથા સહેતુક લાગે છે. અર્જુને એની ક્ષમા માગી એ સારું ચિહ્ન કહેવાય.

°

અર્જુને સુભદ્રાને ગોપિકાના વેશ સાથે અંતઃપુરમાં મોકલી.

સુભદ્રા કુંતીને પગે લાગી એટલે કુંતીએ એને આશીર્વાદ આપ્યા.

એ પછી સુભદ્રાએ દ્રૌપદી પાસે પહોંચીને, પ્રણામ કરીને જણાવ્યું કે હું તમારી દાસી છું.

દ્રૌપદીએ પણ એને અંતઃકરણના આશીર્વાદ આપ્યા.

અર્જુનને ઇન્દ્રપ્રસ્થમાં સુરક્ષિત રીતે પહોંચેલો જાણીને કૃષ્ણ બળરામ સાથે ત્યાં પહોંચી ગયા.

એમની સાથે અસંખ્ય યોદ્ધાઓ અને મહારથીઓ હતાં.

યુધિષ્ઠિરે સહદેવ તથા નકુલને એમના સત્કાર માટે સામા મોકલ્યા.

પરમપ્રતાપી યશસ્વી શ્રીકૃષ્ણે વરપક્ષવાળાને કન્યા પક્ષ તરફથી ઉત્તમ ધન આપ્યું. સુભદ્રાને પણ સ્વજનોએ મોકલેલું અઢળક દ્રવ્ય પ્રદાન કર્યું.

શ્રીકૃષ્ણે સોનાથી જડેલા ઘૂઘરીઓવાળી ઝૂલોથી શોભતા ચાર ચાર ઘોડાવાળા હજાર રથો અને સંપૂર્ણપણે કેળવાયેલા સારથિઓ આપ્યા.

મથુરાપ્રદેશમાં પેદા થયેલી, પુષ્કળ દૂધ આપનારી, પવિત્ર અને તેજસ્વી દસ હજાર ગાયો આપી. ચંદ્રના કિરણ જેવી કાંતિવાળી, સુવર્ણના શણગારવાળી અને શુદ્ધ હજાર ઘોડીઓ આપી. સારાં કેળવાયેલા, પવનના જેવા વેગવાળાં, કાજળ જેવા કાળા કેશવાળાં હજાર ખચ્ચરો આપ્યાં. સ્નાન અને શણગારના કાર્યમાં ચતુર, સુયોગ્ય વયવાળી, ગૌરવર્ણી, સુંદર વેશવાળી, સારી ક્રાંતિવાળી, ગળામાં સોનાની સો મહોરોની કંઠીવાળી, રૂંવાડાં વિનાની, સુંદર આભરણોવાળી અને સેવાચાકરીમાં કુશળતાવાળી એક હજાર દાસીઓ આપી. બાહ્લીક દેશના મજબૂત પીઠવાળા એક લાખ ઉત્તમ ઘોડાઓ કન્યાદાનમાં ભેટ આપ્યા. અગ્નિના જેવું તેજસ્વી, શોધ્યા વિનાનું તથા શુદ્ધ કરેલું સોનું, દસ મનુષ્યના ભાર જેટલું, આશરે પચાસ મણ આપ્યું.

"હળને ધારણ કરનારા સાહસપ્રિય બલરામે આ સંબંધને સત્કારી તથા તેથી પ્રસન્નતા પામી અર્જુનને વિવાહની ભેટમાં એક હજાર મદમત્ત હાથીઓ આપ્યા. તે હાથીઓને ત્રણ સ્થળે મદ ઝરતો હતો; તેઓ પર્વતના શિખર જેવા દેખાતા હતા; અને યુદ્ધમાં પાછો ફરે નહીં એવા હતા. તેમને રણકતી ઘંટડીઓ ઝૂલતી હતી, સુંદર સુવર્ણની સાંકળો બાંધેલી હતી, અને તેમની સાથે મહાવતો હતા.

"ધર્મરાજ યુધિષ્ઠિરે તે સર્વનો સ્વીકાર કર્યો અને વૃષ્ણિ તથા અંધકવંશના તે મહારથીઓને સત્કાર આપ્યો. વૃષ્ણિ અને અંધક મહારથીઓ કુરુશ્રેષ્ઠોએ આપેલાં ઉજ્જવળ રત્નોને લઇને, બલરામને મોખરે રાખીને, પાછા ફર્યા. કૃષ્ણ રમણીય ઇન્દ્રપ્રસ્થ નગરમાં અર્જુન સાથે રહ્યા."

સુભદ્રાએ એક પુત્રને જન્મ આપ્યો. એનું નામ અભિમન્યુ પડ્યું. એના જન્મના અસાધારણ આનંદની અભિવ્યક્તિરૂપે યુધિષ્ઠિરે બ્રાહ્મણોને દસ હજાર ગાયો તથા સુવર્ણમહોરોનું દાન કર્યું.

ઉંમરલાયક થતાં અર્જુને એને અસ્ત્રવિદ્યામાં કુશળ કરીને પોતાના જેવો કરી દીધો.

બીજા પાંડવોને પણ સમય પર પુત્રપ્રાપ્તિ થઇ એથી સૌ હર્ષ પામ્યા.

સુભદ્રાના લગ્ન પછી શ્રીકૃષ્ણે બલરામ સાથે મળીને આપેલી સંપત્તિ તથા અભિમન્યુના જન્મની ખુશાલીમાં યુધિષ્ઠિરે આપેલા દાનનો વિચાર કરવાથી એ સમયની ભૌતિક સમૃદ્ધિનો ખ્યાલ આવે છે. એ વખતનો સમાજ કેટલો બધો ઐશ્વર્યશાળી હશે એની કલ્પના સહેલાઇથી કરી શકાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૩. ઇન્દ્રનું વરદાન

મહાભારતના આરંભના આદિપર્વના અંતભાગમાં ખાંડવવનના દહનની વાત આવે છે.

ઇન્દ્રથી રક્ષાયેલા ખાંડવવનને અગ્નિએ શ્રીકૃષ્ણ અને અર્જુનના સંયુક્ત સહકારથી પંદર દિવસ સુધી ચારે તરફથી બાળી નાખ્યું.

એ વિશાળ વન ખૂબ જ ભયંકર રીતે બળી રહેલું ત્યારે કૃષ્ણે મય દાનવને પોતાની જાતને બચાવવા માટે તક્ષકના ભવનમાંથી નાસી જતો જોયો.

વાયુરૂપી સારથિવાળા અગ્નિએ સશરીર થઇ, જટાધારી બની, વાદળની પેઠે ગર્જના કરીને એને પકડવાનો વિચાર કર્યો. પરંતુ એ દાનવોના સર્વશ્રેષ્ઠ શિલ્પી તરીકે સુપ્રસિદ્ધ હોવાથી કૃષ્ણે પોતે જ એના નાશના નિર્ણયથી પ્રેરાઇને સુદર્શન ચક્રને ઉગામ્યું.

મયદાનવે એથી નાહિંમત બની તથા ડરીને અર્જુનની પાસે દોડી જઇને એની મદદ માગી. અર્જુન, દયા કરીને દોડો અને મને બચાવી લો.

એના દયાજનક શબ્દોને સાંભળીને અર્જુનને દયા આવી.

અર્જુને એને જીવતદાન આપીને જણાવ્યું કે તારે લેશ પણ ડરવાની આવશ્યકતા નથી. તને આ અસાધારણ અસહ્ય અગ્નિજ્વાળામાંથી ઉગારી લેવામાં આવશે.

અર્જુને એને અભયદાન આપ્યું છે એવું જાણીને કૃષ્ણે એના નાશના સંકલ્પને છોડી દીધો.

અગ્નિએ પણ એને બાળ્યો નહીં.

અગ્નિએ પરમ સંતોષ પામીને અર્જુનને પોતાનું પ્રત્યક્ષ અલૌકિક દર્શન આપ્યું.

મરુદગણોથી ઘેરાયલા ઇન્દ્રે પણ અંતરીક્ષમાંથી નીચે ઊતરીને કૃષ્ણને અને અર્જુનને જણાવ્યું કે તમે જે કર્મ કર્યું છે તે દેવોથી પણ નથી કરી શકાય તેમ. તમે મારી પાસેથી ઇચ્છાનુસાર વરદાન માગો.

અર્જુને ઇન્દ્ર પાસેથી સઘળાં અમોઘ અસ્ત્રોની માગણી કરી. ઇન્દ્રે એને કહ્યું કે તારા તીવ્ર તપથી તારા પર મહાદેવ પ્રસન્ન થશે ત્યારે સુયોગ્ય સમય સમજીને હું તને એ સર્વ અમોઘ અસ્ત્રોને અર્પણ કરીશ.

કૃષ્ણે અર્જુન સાથેના અવિચળ સ્નેહસંબંધની માગણી કરી.

ઇન્દ્રે એ માગણીને સ્વીકારીને દેવે સાથે સ્વર્ગપ્રતિ પ્રયાણ કર્યું.

અગ્નિએ પરમતૃપ્તિ પામીને કૃષ્ણને અર્જુન સાથે પ્રસન્નતાપૂર્વક વિદાય આપીને સ્વેચ્છાપૂર્વક અન્યત્ર જવાની સૂચના કરી એટલે કૃષ્ણે અર્જુન અને મયદાનવ સાથે સમીપવર્તી સરિતાના પ્રશાંત પવિત્ર તટપ્રદેશ પર પહોંચીને વિશ્રામ કર્યો. એમણે માગેલા વરદાન પરથી એમનો અર્જુનને માટેનો પ્રેમ દેખાઇ આવે છે.

અર્જુને મયદાનવને અભયદાન આપ્યું એ ઘટનાપ્રસંગ એના શરણાગતને રક્ષાભાવની સાક્ષી પૂરે છે. એને તપશ્ચર્યા પછી સુયોગ્ય સમયે અમોઘ અસ્ત્રોને અર્પવાની ઇન્દ્રે બતાવેલી તૈયારી ઉત્તમ વસ્તુ અધિકારીને જ અર્પવાની વિવેકશક્તિ, તૈયારી તથા ચીવટ દર્શાવે છે.

☼ ☼ ☼ ☼ ☼

# સભા પર્વ

## ૬૪. મયદાનવની મિત્રતા

સંસારમાં કેટલાક માનવ એવા છે જે બીજાએ પહોંચાડેલા નાના મોટા લાભને જીવનપર્યંત યાદ રાખે છે, બીજાએ કરેલા સામાન્ય અથવા અસામાન્ય ઉપકારનું સદા સ્મરણ કરે છે. એને માટે પોતાને ઋણી સમજે છે, અને એનો બદલો વાળવા માટે તૈયાર રહીને બદલો વાળવાનો એક પણ અવસર નથી ચૂકતા. એથી ઊલટું, કેટલાક માનવો એવા પણ હોય છે. જે બીજાએ પહોંચાડેલા નાના-મોટા લાભને કે કરેલા સામાન્ય અથવા અસામાન્ય ઉપકાર પોતાની વ્યકિતગત સગવડ પ્રમાણે સહેલાઈથી ભૂલી શકે છે, ભૂલી જાય છે. અને એથી આગળ વધીને ભલું કરનારાનું બૂરું કરવા માટે સદા તૈયાર રહે છે, એને માટેનો એક પણ અવસર ચૂકતાં નથી. સંતપુરુષો તથા શાસ્ત્રો પહેલા પ્રકારના પુરુષોને સજ્જન કહે છે ને બીજાને દુર્જન. એકને કૃતજ્ઞી કહીને ઓળખાવે છે. અને બીજાને કૃતઘ્ની તરીકે.

મયદાનવ સજ્જન અથવા કૃતજ્ઞ હોવાથી અર્જુને આપેલા જીવનદાનને ના ભૂલી શકયો. એ અર્જુનના અને કૃષ્ણના ઉપકારને યાદ કરીને એમનો એકનિષ્ઠ મમતાળુ મિત્ર બની રહ્યો અને એમના પ્રત્યુપકાર માટેના સ્વપ્નાંને સેવવા લાગ્યો.

એણે અર્જુનને પૂછયું પણ ખરું કે, તમે મને કોપાયમાન કૃષ્ણથી તથા ભયંકર અગ્નિજ્વાળામાંથી બચાવ્યો છે. તો હું તમારું શું પ્રિય કરું? હું દાનવોનો અતિનિપુણ વિશ્વકર્મા હોવાથી તમારે માટે કોઈ પ્રિય અને ઉત્તમ કાર્ય કરવાનો મનોરથ સેવું છું.

અર્જુને એને શ્રીકૃષ્ણની પ્રાર્થના કરવાનો આદેશ આપ્યો.

એણે કરેલી પ્રાર્થનાને અનુલક્ષીને કૃષ્ણે એને યુધિષ્ઠિરને માટે સૌને આશ્ચર્યચકિત કરનારી, અનનુકરણીય, અલૌકિક, સભાનું નિર્માણ કરવાની સૂચના કરી.

એ સૂચનાથી મયદાનવને પરમ સંતોષ તથા હર્ષ થયો.

કૃષ્ણે તે પછી દ્વારકા પહોંચવા માટે પ્રસ્થાન કર્યું.

તે પછી વિજયીશ્રેષ્ઠ અર્જુનને મયદાનવે કહ્યું કે તમે રજા આપો તો હું હમણાં વિદાય લઉં. કૈલાસની ઉત્તરે મૈનાક પર્વત છે. ત્યાં પૂર્વે દાનવો યજ્ઞ કરતા હતા. ત્યારે મેં બિન્દુ સરોવર આગળ એક વિચિત્ર અને રમ્ય મણિમય સંગ્રહપાત્ર બનાવ્યું હતું તે સત્યવચની વૃષપર્વાની સભામાં હતું. તે જો હજુ સુધી ત્યાં હશે તો તેને લઇ ને હું પાછો આવીશ. પછી યશ વધારનારી, મનને આનંદ આપનારી, અને સર્વરત્નોથી વિભૂષિત થયેલી વિચિત્ર સભા હું પાંડવોને માટે બનાવીશ. બિન્દુ સરોવર ઉપર એક ભયંકર ગદા પણ છે. મને લાગે છે. કે રાજા વૃષપર્વાએ રણમાં રિપુઓને રગદોળીને તેને ત્યાં દાટી રાખી છે. તે ગદા સુવર્ણબિન્દુઓથી વિચિત્ર દેખાવવાળી, મોટી, ભારે ભાર સહેનારી, મજબૂત, એક લાખ ગદાઓની બરાબરી કરનારી, અને શત્રુઓનો નાશ કરનારી છે. તે ગદા ભીમને માટે યોગ્ય છે. વળી ત્યાં સુંદર ઘોષવાળો વરુણનો દેવદત્ત નામે મહાશંખ છે. એ બધું હું તમને લાવી આપીશ.

અર્જુનને આ પ્રમાણે કહી ને અસુરે ઉત્તર દિશા તરફ પ્રયાણ કર્યું.

થોડોક વખત વીત્યા પછી એણે એ સઘળી સાધનસામગ્રી સાથે ઈન્દ્રપ્રસ્થમાં પુનઃ પ્રવેશ કર્યો. એણે ભીમને શ્રેષ્ઠ ગદા આપી અને અર્જુનને ઉત્તમ દેવદત્ત  શંખ આપ્યો. એની મિત્રતા પાંડવને માટે એવી રીતે મહામૂલ્યવાન થઇ પડી.

☼ ☼ ☼ ☼ ☼

# ૬૫. મયદાનવની નિમાર્ણકળા

ભારતનો ભૂતકાળ સર્વ પ્રકારે ભવ્ય અને ભાતીગળ હતો. રામાયણ અને મહાભારતકાળ દરમિયાન ભારત આધ્યાત્મિક ક્ષેત્રે તો આગળ હતું જ પરંતું સાથે સાથે ભૌતિક અથવા સાંસારિક ક્ષેત્રે પણ સુવિકસિત હતું. એની સમુન્નતિ સર્વતોમુખી હતી. શિલ્પકળામાં આગળ વધીને નગરનિર્માણ અને સભાભવન નિર્માણની દિશામાં એણે અવનવો અભૂતપૂર્વ શકવર્તી વિકાસ સાધેલો. એની અલ્પ જેવી ઝાંખી માટે મહાભારતના સભાપર્વના ત્રીજા અને સુડતાલીસમા અધ્યાયો પર દષ્ટિપાત કરી જોઈએ.

મયદાનવ એ જમાનાનો સર્વોતમ શિલ્પકાર હતો. અર્જુનના આદેશને અનુસરીને એણે મહારાજા યુધિષ્ઠિરની રાજ્યસભાને તૈયાર કરવાનો નિર્ણય કર્યો એણે હિમાલયના સુપ્રસિધ્ધ પર્વતપ્રદેશથી જુદીજુદી મહામૂલ્યવાન સામગ્રી લાવીને અદ્દભૂત અપૂર્વ રત્નમય સભાભવનના નિર્માણની શરૂઆત કરી. દસ હજાર હાથના ઘેરાવાથી એ સભાભવનની રચના અંત્યંત રમણીય, ચમત્કૃતિજનક, આશ્ચર્યકારક અને દર્શનીય હતી. આકાશને અડવાનો મનોરથ કરતી હોય એવી એ સભા દેવસભા તથા બ્રહ્મસભાથી પણ વધારે સુંદર સમૃધ્ધશાળી, રત્નોની દીવાલવાળી તથા ચિંતા અને થાકને દૂર કરનારી દેખાતી. કિંકર નામના આઠ હજાર આકાશમાં ઊડનારા, ભયંકર સ્વરૂપવાળા, મહાબળવાન મહાકાય રાક્ષસો એ અલૌકિક સુખપ્રદાયક સભાનું રક્ષણ કરતાં.

મયદાનવે સભાભવનમાં નિર્મળ નીરથી છલેલું સરોવર બનાવેલું. એમાં અનેક સુવર્ણમય પદ્મો અને વૈદૂર્ય મણિના દલથી સુશોભિત કમળો દેખાતા. એમાં સોનાની માછલીઓ ને સોનેરી કાચબા મૂકેલા. એની આસપાસ આરસપહાણના સુંદર પગથિયાં કરેલાં. હંસ કારંડવ, સારસ, ચક્રવાક જેવા વિવિધ વિહંગો એમાં વિહાર કરતાં. મોતી તથા રત્નસમૂહથી સંપન્ન હોવાને લીધે કોઈ કોઈ દર્શનાર્થી તો ભ્રાંતિમાં પડતા અને એ સરોવરમાં પડી જતાં. એ સભાભવનની આજુબાજુ શીતળ, સ્નિગ્ધ, છાયાવાળાં ફળફૂલથી ભરેલાં વૃક્ષો ફેલાયેલાં તેમજ વલ્લરીઓ વીંટાળાયલી. સર્વત્ર સુવાસિત સમીરલહેરી ફર્યા કરતી. મયદાનવે એ અસાધારણ ઐશ્વર્યસંપન્ન સભાભવનનું નિર્માણ ચૌદ મહિનામાં કરેલું. એ સુંદર સર્વસુખસંપન્ન સભાભવનને નિહાળીને યુધિષ્ઠિરને અને પાંડવોને અન્ય દર્શનાર્થી સાથે અતિશય આનંદ થયો. અનંત આશ્ચર્ય પણ થયું.

દુર્યોધન એ સભાભવનનું નિરીક્ષણ કરવા ગયો ત્યારે એના વૈભવ ને સૌન્દર્યને દેખીને આશ્ચર્યમાં પડ્યો. એની પ્રત્યેક સામગ્રી એને અદ્રષ્ટપૂર્વ, અનોખી, અપૂર્વ લાગી. હસ્તિનાપૂરમાં એવી અદભુત સામગ્રીનું અવલોકન એણે નહોતું કર્યું, સભાભવનમાં ફરતાં ફરતાં એ બિલોરી પથ્થરનાં ચોક પર પહોંચ્યો તો ત્યાં એણે નિર્મળ પાણી જોયું, જળાશયને જોઈ એણે પોતાનાં વસ્ત્રોને ઊંચાં લઈ લીધાં. પાછળથી પોતાની ભૂલ સમજાતાં એ ભોંઠોં પડી ગયો, આગળ વધતાં એક સ્થળે જળાશય સમજીને એ સંભાળપૂર્વક આત્મરક્ષા માટે પ્રવૃત થયો તો સ્થળ પર પડી ગયો, કારણ કે ત્યાં જળાશય હતું જ નહિ. ત્યાંથી ઊઠીને એ ઉદાસ મનથી સભાભવનમાં વિહરવા લાગ્યો. થોડોક દૂર જતાં એક વાવ મળી. એના નિર્મળ નીરને નિહાળીને એણે પોતાના પૂર્વઅનુભવના આધાર પર એને ચોક માનીને આગળ વધવા માંડ્યુ તો એના અસાધારણ આશ્ચર્ય

વચ્ચે એ વાવની અંદર પડી ગયો. એનાં કપડાં ભીંજાઈ ગયાં. એને પાણીમાં પડતો પેખીને એની સાથેના સેવકો હાસ્યને ના રોકી શક્યા. એની અવસ્થા એ સઘળાં સંજોગોની વચ્ચે અતિશય દયાજનક ને કરુણ બની ગઈ.

ભીમે એ જોઈને અટ્ટહાસ્ય કર્યું. કિન્તુ યુધિષ્ઠિરે અનુચરોને આજ્ઞા કરીને દુર્યોધન માટે બીજા વસ્ત્રો મંગાવી આપ્યાં એણે એ વસ્ત્રો પહેરી લીધાં. ભીમની સાથે અર્જુન, નકુલ અને સહેદેવે પણ એને પાણીમાં પડતો જોઈને હાસ્ય કરેલું એથી એની પીડાનો પાર રહ્યો નહીં. એનું હૈયું વલોવાઈ ગયું.

આગળ જતાં એક ઓસરી આવી. એને પાણીથી ભરેલો કુંડ સમજીને એણે વસ્ત્રો સંકેલી લીધાં. એ જોઈને સૌ ફરીવાર હસી પડ્યા. એ સ્થળે એક દ્વાર હતું તે ઉઘાડું દેખાતું એ બંધ દ્વારને ખુલ્લું સમજીને એ આગળ વધ્યો તો એને માથામાં એવું તો જોરથી વાગ્યું કે એ તમ્મર ખાઈને ધરતી પર ઢળી પડ્યો. થોડેક આગળ વધતાં એક ઉઘાડું દ્વાર આવ્યું બંધ સમજીને ઉઘાડવા માટે એણે આરંભ કર્યો કે તરત જ એ સ્થિરતાને ગુમાવીને પડી ગયો. એવી રીતે અવારનવાર વાગવાથી એણે સભાભવનના શેષભાગને જોવાનું માંડી વાળીને શકુનિ સાથે હસ્તિનાપુર પ્રતિ પ્રયાણ કર્યું, એનો સઘળો ઉત્સાહ ઓસરી ગયો. અને એના અંતરમાં ઘોર નિરાશા ફરી વળી.

પાંડવોના અસાધારણ ઐશ્વર્ય ને અવલોકીને એને વેદના, ચિંતા અને ઈર્ષા થઈ. પરસુખને જોઈને સુખી તથા પરદુઃખને દેખીને દુઃખી થનારને સત્પુરુષ કહેવામાં આવે છે. દુર્યોધન એવો સત્પુરુષ સાબિત ના થયો. એને લીધે કૌરવ પાંડવ વચ્ચેના વૈમનસ્ય અને કલહનું બીજારોપણ થયું એમની વચ્ચેનું અંતર ઘટવાને બદલે ખૂબ જ વધી ગયું

મયદાનવની એ સ્થાપત્યકળા કેવી અનોખી હશે એની કલ્પના મહાભારતના એ વર્ણન પરથી સહેલાઈથી કરી શકાય છે. એ અપ્રતિમ સ્થાપત્યકળાના પ્રતીક રૂપે રચાયેલી યુધિષ્ઠિરની દિવ્યસભા એ જમાનાની એક અસાધારણ ચમત્કૃતિ સમાન હતી. એ જમાનામાં એક બાજુએ અઢળક અખૂટ ભૌતિક સાધનસંપત્તિ હતી તો બીજી બાજુએ એનો સર્વોતમ સદુપયોગ કરી શકે એવા મયદાનવ જેવા સુયોગ્ય સદવિદ્યાસંપન્ન પુરૂષો પણ હતાં. મહત્વની નોંધપાત્ર હકીકત તો એ છે કે મયદાનવ અસુર તરીકે ઓળખાતો. એક અસુરની શકિત એટલી બધી અસાધારણ હતી. એ દર્શાવે છે કે વિકાસના ક્ષેત્રમાં સુરાસુરનો કશો ભેદ નહોતો મનાતો. સમાજની સેવા, સમૃધ્ધિ તથા સુખાકારી માટે પોતાની શકિતસામગ્રીનો સર્વોત્તમ સંપૂર્ણ સદુપયોગ કરવાની સ્વતંત્રતા સૌ કોઈ ધરાવતું.

☼ ☼ ☼ ☼ ☼

# ૬૬. દેવર્ષિ નારદનો રાજધર્મ

મહાભારતના સભાપર્વના પાંચમા અધ્યાયમાં દેવર્ષિ નારદે યુધિષ્ઠિરને ઉદ્દબોધેલો

રાજધર્મ સૌનું ધ્યાન ખેંચનારો અને સવિશેષ ઉલ્લેખનીય તેમજ પ્રેરક હોવાથી, એનું વિહંગાવલોકન કરી લઈએ.

પાંડવો ગંધર્વો સાથે એક વાર રાજ્યસભામાં બેઠેલા ત્યારે, વેદો અને ઉપનિષદોને જાણનારા, દેવતાઓથી પૂજા પામેલા, ઈતિહાસપુરાણના જ્ઞાતા, પરમાત્માના પરમકૃપા પાત્ર, દેવર્ષિ નારદે ત્યાં પ્રવેશ કર્યો

એ ન્યાયનાં પાંચ અધિકરણોમાં કુશળ અને વેદના છ અંગોને સંપૂર્ણપણે જાણનારા તથા ધર્મનાં તત્ત્વોમાં પારંગત હતા. ઉત્તમ વક્તા, સંબંધ પ્રમાણે પ્રવચન કરનારા, વિદ્વાન, સ્મૃતિમાન, નીતિવેત્તા તથા કવિ હતા.

ધર્મ, અર્થ, કામ, મોક્ષની યથાર્થ વિચારણા કરી ચૂકેલા.

સાંખ્ય અને યોગના જ્ઞાતા હતા.

સર્વશાસ્ત્રવિશારદ, ગાંધર્વવિદ્યાના પ્રેમી, પરમતેજસ્વી, મનના જેવા વેગવાળા, દેવર્ષિ નારદનું યુધિષ્ઠિરે સહર્ષ સન્માનસહિત સ્વાગત કર્યું. એમને પરંપરાગત વિધિને અનુસરીને ઉત્તમ આસન આપ્યું.

દેવર્ષિ નારદ આસન પર શાંતિપૂર્વક બેસીને જે પ્રશ્નો પૂછયા તે પ્રશ્નોનો સારાંશ નીચે પ્રમાણે છેઃ એ સારાંશ એ જમાનાની જીવનદષ્ટિને જાણવા સમજવા માટે ઉપયોગી હોવાથી વિચારવા જેવો છે.

તમારું ધન યોગ્ય રીતે કે સન્માર્ગે વપરાય છે?

તમારું મન ધર્માચરણમાં રત રહે છે ?

મન તમારે માટે સુખકારક થાય છે ? કોઈ પ્રકારની હાનિ તો નથી પહોંચાડતું ? તમારા પૂર્વજોએ ઉત્તમ, મધ્યમ, અધમ ત્રણે પ્રકારની પ્રજા પ્રત્યે જે ધર્મ તથા અર્થપૂર્વકની ઉત્તમ વૃત્તિને આચરી હતી તેનું તમે અનુસરણ કરો છો ?

અર્થથી ધર્મને, ધર્મથી અર્થને, અથવા સુખાભાસી કામથી ધર્મ અને અર્થ બંનેને કોઈ પ્રકારની બાધા તો નથી પહોંચાડતા ? ધર્મ, કામથી અર્થનું સેવન સદ્દબુધ્ધિપૂર્વક સુનિશ્ચિત સમયમર્યાદાને લક્ષમાં લઈને કરી રહ્યા છો ?

પોતાની તથા શત્રુઓની શક્તિને વિચારીને કાર્ય કરો છો ?

તમારી સાત પ્રકૃતિ-કિલ્લાઓના અધ્યક્ષ, સેનાધ્યક્ષ, સેનાપતિ, ધર્માધ્યક્ષ, પૂરોહિત, વૈદ અને જ્યોતિષી-લુપ્ત તો નથી થઈ ? ધનવાન બનીને વ્યસની તો નથી થઈ ? તે તમારા કાર્યમાં સર્વ રીતે રસ દાખવે છે ?

જે બનાવટી દંભી દૂતો છે છતાં પણ જેમને માટે તમને શંકા નથી, તેમના તરફથી તથા તમારા બીજા મંત્રી તરફથી તમારી ગુપ્ત મંત્રણા બહાર પડી જાય છે ?

મિત્રો, શત્રુઓ અને ઉદાસીનો જે કરવા માગે છે. તેથી તમને માહિતી છે ?

તમે સુયોગ્ય સમયે સંધિ તથા વિગ્રહનો આધાર લઈ શકો છો ?

તમે તમારા જેવા સદગુણી, સદબુદ્ધિસંપન્ન, વયોવૃદ્ધ વિશુદ્ધ, કાર્યાકાર્યની સમજશક્તિવાળા, કુલીન તથા તમારામાં પ્રીતિવાળા પુરૂષોને મંત્રીપદ માટે પસંદ કર્યા છે ? રાજાના વિજયનું સાચું રહસ્ય મંત્રી પાસે જ રહેતું હોય છે.

મંત્રણાઓને સારી રીતે ગુપ્ત રાખનારા, શાસ્ત્રમાં વિશારદ અમાત્યોથી સુરક્ષિત રહેલા તમારા રાજ્યને શત્રુઓ રંજાડતા તો નથી ને ?

તમે નિદ્રાને અધીન ના રહેતાં પાછલી રાતે જાગ્રત થાઓ છો કે ? પાછલી રાતે તમે યોગ્યાયોગ્યનું ચિંતન કરો છો ?

તમે નિર્ધારેલી વાત રાષ્ટ્રમાં પ્રસરી તો નથી જતીને ?

થોડી મહેનતે ફળનારાં પણ મોટી પ્રાપ્તિ કરાવનારાં કાર્યોનો તમે ઝટ આરંભ કરો છો ? તેવાં ખેતી આદિ વૈશ્યોનાં કામોમાં તમે વિઘ્નો તો નથી નાખતા ? એ સઘળાં કર્મ કરનારાઓ તમારી આંખથી અળગાં નથી ને ? તેઓ શંકાથી પર છે ? અથવા તે સૌને વાંરવાંર કાઢી મૂકીને પાછા તો સંઘર્યા નથી ? કેમ કે ઉદય થવામાં સ્નેહ જ કારણરૂપ મનાય છે.

ધર્મોમાં અને સર્વશાસ્ત્રોમાં પંડિત એવા વિદ્યાગુરુઓ કુમારોને બધી રીતે શિક્ષણ આપીને ઉત્તમ યોદ્ધાઓ કરે છે ને ?

સર્વ કિલ્લાઓને ધન, ધાન્ય, આયુધો, જલ, યંત્રો, શિલ્પીઓ અને ધનુર્ધારીઓથી ભરપૂર રાખ્યા છે ?

ધીમાન, શૂરવીર, જિતેન્દ્રિય અને વિચક્ષણ મંત્રી એકલો હોય તોપણ રાજાને કે રાજપુત્રને મહાન ઐશ્વર્ય મેળવી આપે છે.

શત્રુઓ જાણે નહિ એવી રીતે સર્વદા સાવધાન તથા નિત્ય ઉદ્યમશીલ રહીને તમે સર્વ રિપુઓની તપાસ રાખતા રહો છો ?

તમે વિનયસંપન્ન, કુલીનવંશી, બહુશ્રુત, ઈર્ષ્યારહીત અને મહાનુભાવ પુરોહિતનો સત્કાર કર્યો છે ?

તમારો જ્યોતિષનો નિર્ણય આપનારો સર્વ અંગોમાં નિષ્ણાંત છે? તમે ઉગ્ર દંડથી પ્રજાને અતિ ઉદ્વેગ કરતા નથીને ? મંત્રીઓ રાજ્યનું યથાર્થ શાસન કરે છે ? મંત્રીઓ તમારો અનાદર તો કરતાં નથી ને ? તમારો સેનાપતિ સાહસીક, શૂરો, મતિમાન, ધીરજવાળો, પવિત્ર, કુળવાન, પ્રીતિવાન અને નિપૂણ છે ? સેનાને આપવાનાં ભોજનખર્ચ અને પગાર યોગ્ય સમયે ઉચિત રીતે આપો છો ? એમાં ઢીલ તો નથી કરતાંને ?

તમારા કુળના કુમારો અને મુખ્ય પુરુષો તમારામાં ભક્તિભાવવાળા છે ? તેઓ તમારે માટે યુદ્ધમાં પ્રાણને ઓવારી નાખવાને સદા સજ્જ છે ?

કોઈ મનુષ્ય પુરુષાર્થ કરી ને પોતાનું કામ શોભાવે તો તેને અધિક માન અને વધુ પગાર મળે છે ? વિદ્યાવાન, વિનયવાન અને જ્ઞાનકુશળ નરોનો તમે ગુણ પ્રમાણે યોગ્ય સત્કાર કરો છો ? તમારે માટે પ્રાણદાન કરનારા અને આપત્તિમાં આવી પડેલાં માણસોની સ્ત્રીઓનું ભરણોપોષણ કરો છો ? તમે સકલ

પૃથ્વી ને મન માતા તથા પિતાની જેમ સમાન અને શંકાથી પર છો ને ? શત્રુરાજ્યના મોટા મોટા યોદ્ધાઓને તમે ગુપ્ત રીતે યોગ્યતા પ્રમાણે રત્નો વહેંચો છો?

શત્રુઓ ઉપર ચઢાઈ કરો છો તે પહેલાં સામ, દામ, ભેદ અને દંડ એ ચાર ઉપયોગ વિધિપૂર્વક યોજો છો ? તમારા મૂલરૂપ રાજ્યને દૃઢ કર્યા પછી જ શત્રુઓ સાથે લડો છો ? તેમને જીતવા માટે પરાક્રમ બતાવો છો ? તેમને જીતીને તેમનું રક્ષણ કરો છો ને ?

તમારા ખેડુતો તો સંતુષ્ટ છે ને ? તમારા રાષ્ટ્રમાં અનેક મોટાં જલભર્યાં તળાવો વિભાગવાર ખોદાવ્યાં છે ? તમારે ત્યાં ખેતી માત્ર વરસાદ ઉપર આધાર રાખનારી નથીને ? તમારા ખેડુતોને અનાજ અને બીજની તંગી તો રહતી નથી ? તેમને સેંકડે એક ટકો વ્યાજ લઈને નાણાં ધીરવાની તમે કૃપા કરો છો ?

સ્ત્રીઓને તમે સાંત્વન આપો છો ને ? તેમની સારી પેઠે રક્ષા કરો છો ? તેમના ઉપર વિશ્વાસ તો મૂકતા નથી ને ? તેમજ તેમને છૂપી વાતો કહેતા નથી ને ?

રાતના બીજા અને ત્રીજા પહોરમાં સૂઈ રહી, ચોથે પહોરે ઊઠી, ધર્મ અને અર્થનું ચિંતન કરો છો ને ?

તમે બ્રાહ્મણો અને સાધુઓને સર્વ વિદ્યાઓને તથા તેમના ગુણોને જોઈને પરમ-કલ્યાણકારી શુભ પૂજા અર્પો છો ? તેમને સ્વર્ગ અને મોક્ષ આપનારી દક્ષિણાઓ આપો છો?

કોઈ આર્ય, શુદ્ધચિત્ત અને પવિત્ર માણસ ચોરીના મિથ્યા આળમાં સપડાયો હોય,તો તે અણજાણ માણસ શાસ્ત્રો રમાડનારા માણસો હાથે, લોભે કરીને માર્યો તો નથી જતો ને ? કોઈ દુષ્ટ, બૂરા કામો કરનારો અને ચોર ખાસ માણસોને હાથે પકડાયો હોય તો દ્રવ્યના લોભથી તેને છોડી મૂકવામાં આવતો નથી ને ?

વેદાધ્યન સફળ છે ? તમારૂ ધન સફળ છે ? તમારી પત્નીઓ સફળ છે ? તમારું શાસ્ત્રશ્રવણ સફળ છે ?

અગ્નિહોત્રથી વેદો સફળ થાય છે ? દાન અને ભોગથી ધન સફળ થાય છે. રતિ અને પુત્રથી પત્નીઓ સફળ થાય છે, અને સદાચાર થી શાસ્ત્રશ્રવણ સફળ થાય છે

તમે આંધળાં, મૂંગાં, પાંગળાં, અંગહીન, સગાંસંબધી વિનાનાં તેમજ સંન્યાસીઓને પિતારૂપ થઈ પાળો છો ?

નિંદ્રા, આળસ, ભય, ક્રોધ, ઢીલાપણું અને દીર્ધસૂત્રીપણું - એ છ અનર્થોને તમે દૂર કર્યા છે ને ?

જે રાજા આ પ્રમાણે વર્તે છે તે આ લોકમાં સુખપૂર્વકનો વિહાર કરે છે અને પરલોકમાં ઈન્દ્રલોકને પામે છે.

દેવર્ષિ નારદનાં સદ્દુપદેશને સાંભળીને યુધિષ્ઠિરે સરળતા તથા નમ્રતાપૂર્વક જણાવ્યું કે મારી સમજશકિતને અનુસરીને હું એ પ્રમાણે વર્તવાનો પ્રયાસ કરૂં છું. પૂર્વના રાજાઓએ કરેલાં કર્મો ન્યાયસંગત, અર્થયુકત અને હેતુવાળાં હતાં. અમે એમના માર્ગે પરિપૂર્ણપણે નથી ચાલી શકતા તોપણ ચાલવાનો પ્રયત્ન કરીએ છીએ.

દેવર્ષિ નારદનાં સદ્દુપદેશ સૂચવે છે કે તે સમયે રાજશક્તિનું ધર્મશક્તિ કે સંતશક્તિ ધ્યાન રાખતી. બંનેની વચ્ચે સુભગ સમન્વય સધાયેલો. દેવર્ષિ નારદ સરખા પરમ પ્રતાપી આદર્શ સંતપુરુષો રાજાઓ અને શાસકો પણ એમને સત્કારતા એને એમના શબ્દોને પરમપૂજ્ય ભાવે, ગુણજ્ઞ વૃત્તિથી, સ્નેહસહિત સાંભળતા.

એવા સંતપુરુષો સદા જાગ્રત રાખતા અને પ્રજાના પરમ કલ્યાણમાં પ્રેરતા. એમનું સેવાક્ષેત્ર તથા સેવાકાર્ય એવી રીતે ખૂબ જ મહત્વનું ને વિશાળ રહેતું. સંતો પણ સુવિશાળ દૃષ્ટિવાળા બનીને સમયોચિત સદ્દુપદેશ, પ્રેરણા તથા માર્ગદર્શન આપતા રહેતા, અને સત્તા, પદ, પ્રતિષ્ઠા કે વ્યક્તિગત લાભાલાભની ગણતરીથી કે લાલસાથી પર બનીને શ્વાસ લેતાં એટલે પરમ આદર્શરૂપ બની શકતાં.

દેવર્ષિ નારદે યુધિષ્ઠિરની સભાની પ્રશંસા કરતાં કહ્યું કે મનુષ્યલોકમાં મેં આ સભા જેવી મણિમંડિત સભા સાંભળી કે જોઈ નથી. એ સાંભળીને યુધિષ્ઠિરને અને અન્ય સૌને અસાધારણ આનંદ થયો.

યુધિષ્ઠિરના એક પ્રશ્નના પ્રત્યુત્તરમાં દેવર્ષિ નારદે જણાવ્યું કે તમારા પિતા પાંડુએ મને મનુષ્યલોકમાં આવતો જાણીને એક સંદેશો આપેલો. તેમણે તમને જણાવેલું કે તું પૃથ્વીને જીતવા સમર્થ છે તથા તારા બંધુઓ તને વશ છે. તેથી તું રાજસુય યજ્ઞનું અનુષ્ઠાન કર. એ યજ્ઞાનુષ્ઠાનને લીધે મને ઈન્દ્રની સભામાં અસંખ્ય વરસો સુધી આનંદ ભોગવવા મળશે. તમે તમારા પિતાના સંકલ્પને પૂરો કરો. તમે તેને પૂરો કરી શકો તેમ છો. એ મહાન સિદ્ધિમાં કેટલાંય વિઘ્નો આવે છે. યજ્ઞનો નાશ કરનારા બ્રહ્મરાક્ષસો એની ક્ષતિઓને શોધતા રહે છે. એ યજ્ઞ વખતે ક્ષત્રિયોનો સર્વસંહાર કરનારું મહાયુદ્ધ પણ થતું હોય છે. એને માટે કશુંક નિમિત્ત બને છે. એ સઘળું વિચારીને જે કલ્યાણકારક લાગે તે કરી લો. વૃદ્ધિ પામો, આનંદ અનુભવો અને બ્રાહ્મણોને ધનસંપત્તિથી સંતોષો.

ઋષિમુનિના મંડળથી મંડિત નારદે એ પછી યુધિષ્ઠિરની અનુમતિ મેળવીને ત્યાંથી પ્રયાણ કર્યું. એમના પ્રયાણ પછી રાજા યુધિષ્ઠિરે પોતાના બંધુઓ સાથે રાજસુય યજ્ઞના અનુષ્ઠાન માટે ગંભીરતાથી મંત્રણા કરી.

☼ ☼ ☼ ☼ ☼

# ૬૭. જરાસંધના નાશની ભૂમિકા

દેવર્ષિ નારદની સૂચના પ્રમાણે મંત્રીઓએ રાજા યુધિષ્ઠિરને રાજસૂય યજ્ઞના અનુષ્ઠાન માટે સલાહ આપીને કહ્યું કે તમે તેને માટે સર્વ પ્રકારે સુયોગ્ય છો.

યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણની સલાહ લેવા માટે એમને દ્વારકાથી બોલાવ્યા.

એમણે પણ રાજસૂય યજ્ઞ કરવાની અનુમતિ આપીને જણાવ્યું કે અત્યારે રાજા જરાસંધે ભોજવંશની લક્ષ્મીનો પરાભવ કર્યો છે, અને મોટા મોટા રાજાઓએ એનો ચક્રવર્તી રાજાના પદે અભિષેક કર્યો છે. પ્રતાપી શિશુપાલ રાજા એના આશ્રયમાં રહીને એનો સેનાપતિ થયો છે. એ જરાસંધ જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી તમે રાજસૂય યજ્ઞને સફળ કરી શકશો નહીં. એણે સઘળા રાજાઓને જીતીને ગિરિવ્રજ દુર્ગમાં પૂરી રાખ્યા છે. અમે પણ એના ભયથી અથવા આક્રમણની આશંકાથી મથુરાને છોડીને દ્વારકા નગરીમાં ગયા હતા. તમારે જો રાજસુય યજ્ઞ કરવો હોય તો એ રાજાઓની મુક્તિ માટે તથા જરાસંધના નાશ માટે પ્રયત્ન કરવો પડશે.

યુધિષ્ઠિરને શ્રીકૃષ્ણની વાત સહેલાઇથી સમજાઇ ગઇ.

પાંડવોને તથા મંત્રીઓને સમજતા વાર ના લાગી.

યુધિષ્ઠિરે જણાવ્યું કે મેં સાંભળ્યું છે તે પ્રમાણે જરાસંધ પરમપરાક્રમી છે અને તમારાથી, ભીમથી અને અર્જુનથી પણ જીતી શકાય તેમ નથી, તો પછી તેને કેવી રીતે વશ કરી શકાય ?

ભીમે પોતાનો અભિપ્રાય આપતાં જણાવ્યું કે રાજા કાર્ય ના ભયને લીધે જ કાર્યનો આરંભ કરતો નથી અને નિર્બળ હોવા છતાં અનુચિત ઉપાયોથી બળવાન પર આક્રમણ કરે છે તે નાશ પામે છે. વળી નિર્બળ પુરુષ પણ જો સતત પુરુષાર્થી હોય તો બળવાન શત્રુને જીતી શકે છે, તથા ધારેલા પ્રયોજનની પૂર્તિ કરે છે. કૃષ્ણમાં નીતિ છે, મારામાં બળ છે. અર્જુનમાં જય છે. એટલે ત્રણ અગ્નિ એકત્ર થઇને જેમ યજ્ઞને પૂરો કરે છે. તેમ અમે ત્રણે મળીને મગધરાજ જરાસંધને પૂરો કરીશું.

કૃષ્ણએ કહ્યું કે નાદાન માણસ કાર્યનો આરંભ કરે છે પરંતુ તેના પરિણામને નથી સમજતો. પુરુષાર્થી કર્મપરાયણ રાજાઓ પરિણામનો વિચાર નહિ કરનારા મૂર્ખ શત્રુને ક્ષમા આપતા નથી. જરાસંધ તમારે માટે અસાધારણ અંતરાયરૂપ છે. તમે એ પણ સારી પેઠે સમજી લો કે સેંકડો રાજવંશીઓમાંથી એક પણ જરાસંધને રોકી શકતો નથી. એ સામ્રાજ્યપદને શક્તિપૂર્વક ભોગવી રહ્યો છે. એનાથી નાના મોટા સઘળા રાજવંશીઓ સદાને માટે ભયભીત છે. રત્નોને ધારણ કરનારા રાજાઓ પણ એને આરાધી રહ્યા છે. તો પણ આટલાથી એને સંતોષ થતો નથી. એ અધિકાધિક અન્યાય કર્યા જ કરે છે. મુકુટધારી રાજાઓને એ આતંક ફેલાવીને બળજબરી નમાવે છે. એ કોઇ પુરુષ પાસેથી રાજભાગ ના લેતો હોય એવું કદાપી સાંભળ્યું નથી.

જરાસંઘે સો જટલા રાજાઓને વશ કર્યાં છે.

નિર્બળ રાજાથી તો તેમનો સામનો કેવી રીતે કરી શકાય?

કેદ કરેલા રાજાને પશુની પેઠે માર મારી, તેમનું પાણીથી પ્રોક્ષણ કરી, તેમને ભગવાન પશુપતિનાથના મંદિરમાં બલિ તરીકે અર્પણ કરનાર છે. એના એ મનોરથમાં એ મક્કમ છે.

આપણે એ મગધરાજ જરાસંઘને યુદ્ધ માટે આમંત્રણ આપીએ. જરાસંઘે હોમ માટે ૮૬ રાજાઓને કેદ કર્યા છે. હવે ચૌદ ખૂટે છે. સો પૂરા થતાં તે ક્રૂર કર્મ કરશે. પરંતુ જે વીરપુરુષ એના કામમાં વિઘ્ન નાખશે તે ઉજ્જવળ કીર્તિને સંપાદન કરશે. જે જરાસંઘને જીતશે તે ચક્રવર્તી સમ્રાટ બનશે.

અર્જૂને કહ્યું કે ધનુષ્ય, શસ્ત્ર, બાણો, વીર્ય, પક્ષ, ભૂમિ, યશ અને બલ એ બધું દુર્લભ હોવાં છતાં મને સુલભ થયું છે. સુપ્રતિષ્ઠિત વિદ્વાનો ઊંચા કુળમાં થયેલા જન્મની પ્રસંશા કરે છે, પણ બલની બરાબરીમાં આવે એવું બીજું કશું જ નથી. મને તો બલ જ રુચે છે. પરાક્રમવાળા કુળમાં જન્મેલો નિવીર્ય પુરુષ શું કરી શકે? પણ નિવીર્ય કુલમાં જન્મેલો પુરુષ વીર્યવાન હોય તો તે વિશેષ છે. તે જ ક્ષત્રિય છે જેને શત્રુઓ પર વિજય મેળવવાની વૃત્તિ હોય છે. વીર્યવાન સર્વગુણોથી વિહીન હોય છે તો પણ એકલો રિપુઓને તરી જાય છે. નિર્વીર્ય સર્વ ગુણોથી સંપન્ન હોય છતાં પણ શું કરી શકે ?

આપણે જરાસંઘના વિનાશનો વિચાર કરીશું અને બીજા રાજાઓનું રક્ષણ કરીશું તો એથી શ્રેષ્ઠ કાર્ય બીજું શું હોઈ શકે? આપણે ગુણોવાળા છીએ તેમ છતાં તમે પોતાને ગુણહીન કેમ માનો છો? આપણે ચક્રવર્તીપદ ધારણ કરવાને શક્તિમાન છીએ માટે શત્રુઓની સાથે યુદ્ધ કરીશું.

કૃષ્ણે અર્જૂનના અભિપ્રાય સાથે સંમત થતાં જણાવ્યું કે અર્જૂનના વિચારો બરાબર છે. આપણને દિવસે કે રાતે કયાંય મૃત્યુ નથી દેખાતું. યુદ્ધ ના કરવાથી કોઈ અમર બન્યું હોય એવું આપણે નથી સાભળ્યું. સુનીતિ અને અનુકૂળતાનો સુભગ સુયોગ થતાં કાર્યની પરમસિદ્ધિ સાંપડે છે અને સંગ્રામમાં એક શત્રુને વિજય મળે છે, કારણ કે બંને શત્રુ કદાપિ સમાન હોઈ શકતા નથી. નીતિ વિનાનાં સુયોગ્ય સાધનો સિવાયના સંગ્રામમાં ભયંકર સંહાર થાય છે. બંને જો સમાન રીતે ન્યાયપૂર્વક યુદ્ધ કરે તો બંનેના વિજય બાબતમાં શંકા રહે. આપણે શત્રુઓની સાથે નીતિપૂર્વક યુદ્ધ કરીશું, આપણા પોતાના છિદ્રોને સાચવી રાખીશું અને શત્રુના છિદ્રોને લક્ષમાં લઈને પરાક્રમ કરીશું, તો નદીના વેગથી વૃક્ષ ઊખડી પડે છે તેમ શત્રુનો અંત આવશે. આપણે કોઈને ખબર ના પડે એવી રીતે નિર્દોષતાપૂર્વક શત્રુના સ્થાનમાં પહોંચીને, એના પર આક્રમણ કરીને, ધારેલો હેતુ સિદ્ધ કરીએ. વ્યુહબદ્ધ સેનાવાળા અતિપરાક્રમી સમર્થ શત્રુ સાથે જાહેર રીતે યુદ્ધ ના કરવું એવો મારો અભિપ્રાય છે. જરાસંઘનો યુદ્ધમાં નાશ થશે એ સંબંધી મારા મનમાં કશી શંકા નથી.

કૃષ્ણનો એ નીતિવિષયક નિર્ણય સૌ કોઈને પસંદ પડયો. સૌએ એને આવકાર્યો.

જરાસંઘના નાશની ભૂમિકાનું એવી રીતે નિર્માણ થયું.

એ પ્રસંગ સૂચવે છે કે જીવનના જટીલ જંગમાં પ્રતિસ્પર્ધીઓની સામે સફળતાપૂર્વક લડીને વિજયી બનવાની મહેચ્છાવાળા માનવમાં ધીરજ જોઈએ; હિંમત જોઈએ, નીડરતા જોઈએ, નીતિમત્તા જોઈએ, અને વ્યવહારકુશળતા તથા બુદ્ધિબળ જોઈએ. કેવળ બાહુબળ, શસ્ત્રબળ કે ભૌતિક બળ પૂરતું નથી થતું.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૮. જરાસંઘની ઉત્પત્તિકથા

મહાભારતમાં આલેખાયેલી જરાસંઘની ઉત્પત્તિકથા કાંઈક અંશે આશ્ચર્યકારક, અનોખી અને આનંદદાયક છે. એનો ઉલ્લેખ કરવા જેવો છે.

મગધદેશનો બ્રુહદ્રથ નામે પરમ પરાક્રમી, યુદ્ધના મદવાળો, રૂપવાન, વીર્યવાન રાજા. જાણે કે બીજો ઈન્દ્ર

તેજમાં સુર્ય જેવો, ક્ષમામાં પૃથ્વી જેવો, ક્રોધમાં યમ જેવો, સંપત્તિમાં કુબેર સરખો. પોતાના કુળપરંપરાગત સદગુણો અને વિશેષતાઓને લીધે એણે સુર્યનાં સોનેરી કિરણોની પેઠે પૃથ્વીને વ્યાપી દીધેલી અને પ્રકાશિત કરેલી.

એનું લગ્ન મહાવીર્યવાન કાશીરાજની બે આકર્ષક સર્વોત્તમ સ્વરૂપવાન કન્યાઓ સાથે થયેલું.

એમની સાથે સંસારસુખનો ઉપભોગ કરતાં કરતાં યુવાવસ્થા પસાર થઈ ગઈ તો પણ એને પુત્રની પ્રાપ્તિ ના થઇ.

એણે અનેકવિધ કલ્યાણકાર્યો અને યજ્ઞાનુષ્ઠાનો કર્યાં તો પણ એની મનોકામના પૂરી ના થઇ ત્યારે એને સ્વાભાવિક રીતે જ ઘોર નિરાશા થઇ. એનું જીવન નીરસ થયું, બોજારૂપ બન્યું.

એ દિવસો દરમિયાન દૈવયોગે એક પ્રસન્નતાપ્રદાયક આશાજનક પ્રસંગ બન્યો.

ગૌતમવંશી મહાત્મા કાક્ષીવાનના ઉદાર સુપુત્ર ચંદ્રકૌશિક પોતાની તપશ્ચર્યાને પૂર્ણ કરીને એની રાજધાનીમાં આવીને એક વિશાળ વૃક્ષની નીચે વિરાજ્યા.

એમના શુભાગમનના સુખદ સમાચારને મેળવીને બ્રુહદ્રથ પોતાની પત્ની સાથે એમનું દર્શન કરવા ગયો.

એણે એમના ચરણે અનેકવિધ અસંખ્ય રત્નોની ભેટ ધરી.

એથી સંતોષાઇ ને એમણે એને આકાંક્ષાનુસાર વરદાન માંગવા કહ્યું, ત્યારે એમણે દુઃખી હૃદયે જણાવ્યું કે હું તો રાજ્યને ત્યાગીને તપોવનમાં જવા માટે તૈયાર થયો છું મને નિ:સંતાનને વળી રાજ્યનુ તેમજ વરદાનનું શું પ્રયોજન ?

એ કરુણ શબ્દોને સાંભળીને ચંડકૌશિક મુનિ એ સુવિશાળ સઘન વૃક્ષની છાયામાં ધ્યાનમગ્ન બન્યા.

એ વખતે એમના ખોળામાં એક આમ્રફળ પડ્યું.

એ આમ્રફળ અસાધારણ રસથી ભરેલું. એને પોપટે ચાંચ નહોતી મારી.

મુનિ એ એને હાથમાં લઇ ને અભિમંત્રિત કરીને અમોલ આશીર્વાદ સાથે રાજાને અર્પીને એને પાછા ફરવાનો આદેશ આપ્યો.

રાજાએ મુનિને પરમ પૂજ્ય ભાવે પ્રણમીને સ્વગૃહે જવા માટે પ્રયાણ કર્યું. એ પછી રાજાએ સુયોગ્ય સમય સમજીને એ આમ્રફળ બંને રાણીઓને ખૂબ જ સંભાળપૂર્વક શુભેચ્છા સહિત પ્રદાન કર્યું.

બંને રાણીઓએ બે સમાન ભાગ કરીને તેનું પ્રાશન કર્યું.

સમય પર એમને ગર્ભવતી થયેલી થયેલી જોઇને રાજાની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં.

મંત્રવિદ્યાનો કેટલો બધો અદભુત પ્રભાવ ! મહાપુરુષોના શુભાઆશીર્વાદની કેટલી બધી અમોલ શક્તિ !

એવા મહાપુરુષોનું વરદાન, એમના આશીર્વાદ, કદી કોઇયે કારણે નિષ્ફળ જાય જ નહીં. એમનું બળ અનંત હોય છે. આ પ્રસંગ એની પ્રતીતિ કરાવે છે.

સુયોગ્ય સમય આવતાં એ બંને રાણીઓએ શરીરની એકેક ફાડને જન્મ આપ્યો.

એ ફાડમાં એકેક આંખ, એકેક હાથ, એકેક પગ, અડધું મુખ, અડધું પેટ, અને અડધી ઇન્દ્રિયને નિહાળીને ઉભય રાણીઓ ઉદ્વેગ પામીને કંપવા લાગી.

એમણે એ ઉભય ફાડોને ભય સાથે છોડી દીધી.

દાસીઓએ એ ઉભય ગર્ભભાગોને સાદી રીતે ઢાંકી દઇને મકાનની બહારના ચકલામાં મૂકી દીધા.

એમને જરા નામની રાક્ષસીએ ઉપાડી લીધા, અને દૈવાધીન બનીને જોડી દીધા.

એમને જોડતાંવેંત જ એમાંથી એક કુમારનો જન્મ થયેલો જોઇને તે રાક્ષસીને ખૂબ જ નવાઇ લાગી.

એ વજ્ર જેવા મજબૂત બાળકને ઉપાડવાનું પણ એને માટે અશક્ય થઇ પડ્યું. બાળકનાં રુદનના ભયંકર સ્વરને સાંભળીને અંતઃપુરનાં માણસો ગભરાઇને બહાર આવ્યાં.

રાણીઓ પણ તરત જ બહાર આવી.

રાક્ષસીએ એ બાળકનો નાશ કરવાને બદલે એને રાણીઓને અપર્ણ કર્યો .

રાજાને એ બધું જાણીને અતિશય આનંદ થયો.

જરા નામની રાક્ષસી અદ્રશ્ય થઇ ગઇ. એણે બાળકનાં શરીરના બંને ભાગોને જોડ્યાં હોવાથી બાળકનું નામ જરાસંધ પાડ્યું

એ અતિશય શક્તિસંપન્ન, સપ્રમાણ શરીરવાળો, આહુતિ પામેલા અગ્નિ જેવી કાંતિવાળો, જરાસંધ શુકલ પક્ષનાં ચંદ્રની જેમ દિનપ્રતિદિન મોટો થવા લાગ્યો.

એવી અદભુત હતી એની ઉત્પત્તિકથા.

પરમતપસ્વી ચંડકૌશિક મગધદેશમાં પુનઃ પધાર્યા ત્યારે રાજાએ એમનું વિધિપૂર્વક પૂજન કર્યું.

ઋષિએ જણાવ્યું કે આ પુત્ર ઐશ્વર્યશાળી બનશે ને સ્વપરાક્રમથી સઘળું પ્રાપ્ત કરશે. સાધારણ પંખીઓ ગરુડની ગતિને જેમ પહોંચી નથી શકતાં તેમ બીજા રાજાઓ એના પરાક્રમને પહોંચી નહિં શકે. એની વચ્ચે પડનાર વિનાશ પામશે. દેવોનાં શસ્ત્રો પણ એને પીડા નહિ પહોંચાડે. એ મહાદેવના દર્શનનો દૈવી લાભ મેળવશે.

મગધરાજે જરાસંધનો રાજ્યાભિષેક કરીને પોતાની પત્નીઓ સાથે તપોવનમાં તપ માટે પ્રવેશ કર્યો.

એ પછી જરાસંધ સ્વપરાક્રમથી રાજાઓને વશ કરવા લાગ્યો.

દીર્ઘકાળપર્યંત તપ કરીને રાજા બ્રુહદ્રથે પોતાની પત્નીઓ સાથે સ્વર્ગગમન કર્યું.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૯. સહદેવનો રાજ્યાભિષેક

જરાસંઘે મહર્ષિ ચંડકૌશિકના વરદાન અને આશીર્વાદને અનુસરીને સકળ સંપત્તિની પ્રાપ્તિ કરીને રાજ્યનું શાસન કરવા માડ્યું.

કૃષ્ણે જ્યારે કંસનો નાશ કર્યો ત્યારે તેને કૃષ્ણની સાથે વેરની ગાંઠ બંધાઈ.

એથી અદભુત કલ્યાણકર્મવાળા કૃષ્ણ મથુરા નગરીમાં રહેતા ત્યારે એ મહાબળવાન મગધરાજ જરાસંઘે પોતાના ગિરિવ્રજ નગરમાંથી નવાણું આંટા ઘુમાવીને એક ગદા ફેંકી.

એ ગદા નવાણું યોજન દૂર પડી.

એને અવલોકીને નગરજનોએ એના સમાચાર શ્રીકૃષ્ણને પહોંચાડ્યા.

મથુરાપુરી પાસેનું એ સ્થાન ગદાવસાન તરીકે પ્રસિધ્ધિ પામ્યું.

જરાસંઘના હંસ તથા ડિમ્ભક નામના બે બળવાન મંત્રીઓ મરાયા એટલે કૃષ્ણે કહ્યું કે જરાસંઘનો કાળ હવે પાસે છે. સુરો અસુરો એકઠા મળીને પણ એને યુધ્ધમાં જીતી શકે તેમ નથી માટે તેનો પરાજય દ્વંદ્વ યુધ્ધથી કરવો જોઇએ એવું લાગે છે. બીજો કોઈ વિકલ્પ નથી દેખાતો. મારામાં નીતિ છે, ભીમમાં બળ છે અને અર્જુન આપણા બન્નેનું રક્ષણ કરનારો છે. ત્રણ અગ્નિઓ જેમ યજ્ઞને સિધ્ધ કરે છે તેમ આપણે મગધરાજને પુરો કરીશું. ત્રણે તે નરપતિને એકાંતમાં મળીશું. ત્રણમાંથી એકાદની સાથે તો તે યુધ્ધમાં ઊતરશે જ. અપમાન, લોભ અને ભુજબળના મદથી તે નિઃસંશય ભીમસેનની સાથે યુધ્ધમાં ઊતરશે. ઘમંડી લોકના મૃત્યુ માટે જેમ યમ સમર્થ છે, તેમ મહાબળવાન અને મહાબાહુ ભીમસેન તેને માટે પૂરતો છે.

યુધિષ્ઠિર બોલ્યા કે તમે તો પાંડવોના નાથ છો. અમે તમારે આશ્રયે છીએ. તમે જે કહો છો તે યોગ્ય જ છે. કેમકે જેમનાથી લક્ષ્મી મોં ફેરવીને બેઠી હોય છે, તેમની આગળ તમે રહેતા નથી. હવે એવું કરો કે જેથી એ કાર્ય જલદી પાર પડે.

પછી શ્રીકૃષ્ણ, ભીમ તથા અર્જુન મગધરાજને મળવા નીકળ્યા. તેમણે તેજસ્વી સ્નાતક બ્રાહ્મણનો વેશ લીધો. મિત્રજનોને તેમને મનોહર વચનોથી અભિનંદન આપ્યાં. કુરુદેશથી નીકળીને તેઓ કુરુજાંગાલની વચ્ચે થઈને રમણીય સરોવરે ગયા. પછી કાલકૂટ પર્વતને વટાવીને તેમણે અનુક્રમે ગંડકી, મહાશોણ, સદાનીરા તથા એકપર્વતની નદીઓને પાર કરી. રમણીય સરયુ નદીને ઊતરીને તેમણે પૂર્વકૌશલ દેશ જોયો. ત્યાંથી આગળ વધીને મિથિલા, માલા અને ચર્મણ્વતી નદીએ પહોંચ્યા. પછી ગંગા અને શોણને પાર કરીને પૂર્વ દિશા તરફ વળ્યા અને મગધદેશની સીમમાં આવ્યા. છેવટે નિરંતર ગોધનથી ભરેલા, જળથી છલેલા, સુંદર વૃક્ષોવાળા, ગોરથગિરીએ પહોંચીને તેમણે મગધની રાજધાનીમાં પ્રવેશ કર્યો.

નગરમાં પહોંચીને એમણે ગઢ પરની ભયંકર ભેરીઓને ભાંગી નાખી, તથા સ્મરણચિહ્ન રૂપ સુદ્રઢ બુરજનો નાશ કર્યો.

માર્ગે મળેલા માળી પાસેથી માળાઓ લઈ લીધી.

એમણે આખરે જરાસંઘના વિશાળ રાજભવનમાં પ્રવેશ કરયો.

રાજા જરાસંઘે એમને અવલોકીને એમનું વિધિસહિત સન્માન કર્યું.

કૃષ્ણે કહ્યું કે મારી સાથેના આ બંને પુરુષો વ્રતધારી હોવાથી મધરાત પહેલાં લેશ પણ બોલશે નહીં એટલે એમને યજ્ઞશાળામાં ઉતારો આપીને જરાસંધ રાજપ્રાસાદમાં ગયો.

મધરાત પછી જરાસંધ પાછો આવ્યો.

કૃષ્ણે, અર્જુને અને ભીમે એને આશીર્વાદ આપ્યા એટલે એણે એમને જણાવ્યું કે તમે સ્નાતક બ્રાહ્મણોનો વેશ લીધો છે તે મને બરાબર લાગતો નથી. તે વેશ કૃત્રિમ છે. સ્નાતકનું વ્રત રાખનારા બ્રાહ્મણો માળાને અને અંગરાગને અકારણ ધારણ નથી કરતા. તમે ફૂલમાળાને ધારણ કરી છે પરંતુ તમારા હાથ પર ધનુષની પણછને ચઢાવ્યાની નિશાની પડેલી છે. તમે ક્ષાત્ર તેજવાળા દેખાતા હોવા છતાં તમને બ્રાહ્મણો તરીકે ઓળખાવો છો એ ખરેખર આશ્ચર્યકારક છે. તમે ચૈલકય પર્વતના શિખર પ્રદેશને ભેદીને, આડમારગનો આશ્રય લઈને, નગરમાં છળપૂર્વક પ્રવેશ કર્યો છે અને હવે મિથ્યા પરિચય પ્રદાન કરો છો તે હું જાણું છું. તો હવે તમારો સાચો પરિચય પ્રદાન કરો અને તમારા શુભાગમનનું કારણ કહો.

કૃષ્ણે સ્પષ્ટીકરણ કરતાં કહ્યું કે બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય ત્રણે સ્નાતકનું વ્રત લઈ શકે છે. વળી પુષ્પધારીને લક્ષ્મીની પ્રાપ્તિ થતી હોવાથી અમે પુષ્પ ધારણ કરીએ છીએ. ધીરપુરૂષો શત્રુઓના ભવનમાં આડા મારગેથી અને મિત્રના ગૃહમાં મુખ્ય દ્વારથી પ્રવેશતા હોય છે.

જરાસંધે જણાવ્યું કે મેં તમારી સાથે કદી પણ વેર કર્યું હોય એવું મને નથી લાગતું. મેં તમારું કોઈ દિવસ કોઈ પ્રકારનું અશુભ કર્યું નથી, છતાં પણ તમે મને તમારા અમિત્ર માનો છો એ અતિશય આશ્ચર્યકારક છે. મેં તમારો કે કોઈનો કોઈ અપરાધ નથી કર્યો .

કૃષ્ણે શાંતિપૂર્વક કહ્યું કે તેં ક્ષત્રિયોને ખુબ જ હેરાન કર્યા છે. એવા અસાધારણ અપરાધને લીધે તું નિરપરાધી નથી. કેદ કરેલા રાજાઓનું તું શંકરને બલિદાન આપવા ઈચ્છે છે. એથી ભયંકર દોષ અથવા અપરાધ બીજો કયો હોઈ શકે ? યજ્ઞમાં માનવોનું બલિદાન અપાતું હોય એવું કયાંય જોયું કે સાંભળ્યું નથી. અમે તને અધર્મમાંથી પાછો વાળવા અને ધર્મની રક્ષા કરવા આવ્યા છીએ. ક્ષત્રિયો તરીકેનું અમારું એ કર્તવ્ય છે. એને માટે યુધ્ધને માટે પણ તૈયાર છીએ.

કૃષ્ણે પોતાનો, અર્જુનનો અને ભીમનો પરિચય આપ્યો એટલે જરાસંધે પોતાના સુપુત્ર સહદેવનો રાજ્યાભિષેક કરવાનો આદેશ આપ્યો.

સેના વિનાના પુરુષ સાથે સેના સિવાય એકલા જ યુધ્ધ કરવું જોઈએ એવી પ્રસ્થાપિત પરંપરાગત નીતિમાં માનનારા અને એવી નીતિના પાલનનો આગ્રહ રાખનારા જરાસંધે તે ત્રણમાંથી ભીમ સાથે યુધ્ધ કરવાનું નકકી કર્યું, એણે માથા પરના મુગટને ઉતારી વાળને બાંધીને દ્વંદ્વ યુધ્ધને માટે તૈયારી કરી.

એણે ભીમને આગળ આવવા જણાવ્યું એટલે કૃષ્ણનું માર્ગદર્શન મેળવીને ભીમ આગળ આવ્યો.

કેવળ હાથરુપી શસ્ત્રવાળા, નરોમાં સિંહસરખા, એ ઉભય વીરોએ એકમેકના હાથને સ્પર્શીને તરત જ પાદાભિનંદન કર્યું.

રોષે ભરાયેલા સિંહની જેમ એમણે પરસ્પર દ્વંદ્વયુધ્ધ કરવા માંડ્યું.

બંને પ્રતિસ્પર્ધીઓ મલ્લવિદ્યામાં કુશળ હોવાથી હાથની અને અન્ય અંગોની મદદથી કુસ્તી કરીને એકમેકને હંફાવવાની અને હરાવવાની કોશીશ કરવા લાગ્યા.

એમના દ્વંદ્વયુધ્ધને નિહાળવા નગરજનો હજારોની સંખ્યામાં એકઠાં થયેલાં.

કારતક મહીનાના પ્રથમ દિવસથી આરંભાયેલું એ ભયંકર દ્વંદ્વયુદ્ધ રાતદિવસ, આહાર વિના, એકધારું તેર દિવસ સુધી ચાલ્યા પછી, જરાસંધને ચૌદસને દિવસે થાક લાગ્યો ત્યારે કૃષ્ણના સૂચન પ્રમાણે ભીમે એનો નાશ કરવાનો સંકલ્પ કર્યો.

એણે જરાસંધને ઉઠાવીને ચારે તરફ ભમાવવા માંડયો. એણે એને સો ચક્કર ખવડાવીને નીચે પૃથ્વી પર પટકીને તેની પીઠને ઘૂંટણોની મદદથી ભાંગી નાખી. એ પછી એને પગથી પકડીને એના બે ચીરા કરીને ભયંકર ગર્જના કરી.

રાત પડતાં એ ત્રણે વીરોએ એના શબને ઉપાડીને રાજભવનના વિશાળ દ્વાર પાસે મુકી દીધું.

કૃષ્ણે જરાસંધના ધ્વજવાળા રથને તૈયાર કરી, એમાં ભીમ અને અર્જુન સાથે વિરાજીને કારાવાસમાં ક્લેશ વેઠતા રાજાઓને મુક્ત કર્યા, અને ગિરિવ્રજની બહાર પ્રયાણ કર્યું.

નગરની બહારના સુવિશાળ સપાટ પ્રદેશમાં નગરજનોએ એ ત્રણેનું સમુચિત સ્વાગત કર્યું. કારાવાસમાંથી છૂટેલા રાજાઓએ પણ એમને વિધિપૂર્વક પૂજીને પોતાની કૃતજ્ઞતાને પ્રગટ કરી.

કૃષ્ણે રાજાઓને રાજસૂય યજ્ઞ કરવાની મહેચ્છાવાળા યુધિષ્ઠિરને સર્વ પ્રકારે સહાયતા કરવા માટે જણાવ્યું એટલે સઘળા રાજાઓએ એવી સહાયતા માટે વચન આપ્યું .

કૃષ્ણે જરાસંધના સુપુત્ર સહદેવનો વિધિપૂર્વક રાજયાભિષેક કરાવીને ઇન્દ્રપ્રસ્થની દિશામાં પ્રયાણ કર્યું.

ઇન્દ્રપ્રસ્થમાં પહોંચ્યા પછી યુધિષ્ઠિરે કૃષ્ણેને સત્કારી પૂજીને અભિનંદન આપ્યા.

અર્જુન તથા ભીમને પણ સત્કાર્યા.

નિર્ધારિત સમયે કૃષ્ણ દ્વારકા જવા નીકળ્યા.

જરાસંધના નાશથી પાંડવોની પ્રતિષ્ઠા વધી ગઇ. કૃષ્ણની નિર્મમતા અને નિઃસ્વાર્થ સેવાભાવના પુનઃ પ્રગટ થઇ. એ ધારત તો જરાસંધના નાશ પછી મગધનરેશ બની શકત; પરંતુ એવી ઇચ્છા પણ એમને ન હતી. સહદેવને મગધનરેશ બનાવી, પ્રકારાન્તરે એના હૃદયને જીતી લઇને, પોતે તો સમાજના સ્વાર્થરહિત સાચા સેવક જ રહ્યા. એમણે સંપત્તિસંગ્રહ, સત્તાપ્રાપ્તિ કે સાસંરિક સુખોપભોગ કશાની આકાંક્ષા ના રાખી એમના જીવનની એ વિશેષતા સેવાક્ષેત્રમાં રુચિ રાખનારા ને પડેલા સૌ કોઇને માટે પ્રેરણાત્મક છે. એની પ્રેરકતા આજે પણ ઓછી નથી થઇ. ભવિષ્યમાં પણ ઓછી નહિ થાય.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૦. શિશુપાલનો નાશ

જરાસંઘના નાશ પછી પાંડવોએ રાજસૂયયજ્ઞની પૂર્વભૂમિરૂપે અન્ય રાજાઓને વશ કરીને દિગ્વિજય કરવાનો આરંભ કર્યો

એવી દિગ્વિજય માટે યુધિષ્ઠિરની આવશ્યક અનુમતિ મળી ગઇ.

વિશાળ સેનાસમૂહથી ઘેરાયેલા અર્જુને અગ્નિએ આપેલા રમણીય રથમાં વિરાજીને પ્રયાણ કર્યું.

ભીમે તથા પુરુષોમાં સિંહ સરખા નકુલ સહેદેવે યુધિષ્ઠિરથી સન્માનિત બનીને પોતાની વિજયયાત્રા આરંભી.

અર્જુને ઉત્તર દિશામાં વિજય મેળવ્યો, ભીમસેને પૂર્વ દિશામાં, સહદેવે દક્ષિણ દિશામાં અને નકુલે સ્વપરાક્રમે પશ્ચિમ દિશામાં.

ધર્મરાજ યુધિષ્ઠિરે એ દરમ્યાન ખાંડવપ્રસ્થમાં રહીને રાજ્યસુખનો ઉપભોગ  કર્યો.

યુધિષ્ઠિરના સંરક્ષણથી, ધર્મના પરિપાલનથી અને શત્રુઓના સંહારથી સઘળી પ્રજા સત્કર્મપરાયણ બનીને સંપૂર્ણ સુખશાંતિપૂર્વક રહેવા લાગી.

સુચારૂરૂપે શાશન ચાલવાથી સર્વત્ર માગ્યા મેહ વરસતા. ધરતી સમૃદ્ધિશાળી બનેલી. ગોરક્ષા, કૃષિ, વ્યાપારનાં વિવિધ પ્રકારનાં કલ્યાણકાર્યો સંતોષકારક રીતે ચાલ્યાં કરતાં.

ચોર, ડાકુ, ઠગરા અને અસત્ય ભાષણ કરનારનો રાજ્યમાં સર્વત્ર અભાવ  હતો.

ધર્મપરાયણ યુધિષ્ઠિરના  રાજ્યકાળ દરમિયાન અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વ્યાધિ, આગ, અકાળ મૃત્યુ એમાનું ક્યાંય કશું જ નહોતું દેખાતું,

ધર્માનુસાર પ્રાપ્ત  કરેલા ધનને લીધે એમના ધનભંડાર ખુબ જ વધી ગયેલા. એ કોઇ કારણે ઓછો થાય એવી કોઇ પ્રકારની સંભાવના નહોતી.

પોતાના ધનભંડાર, અન્નસંગ્રહ એને અનંત ઐશ્વર્યનું અનુમાન કરીને ધર્મરાજ યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞના અનુષ્ઠાનને માટે નિર્ણય કર્યો. એવા યજ્ઞને માટેની પૂર્વભૂમિકા તૈયાર હતી.

મિત્રોએ અને પ્રશંસકોએ એમના નિર્ણયને અનુમોદન આપ્યું એથી યુધિષ્ઠિરના ઉત્સાહમાં અભિવૃદ્ધિ થઇ.

એટલામાં દ્વારકાની સંપત્તિ તથા સેના પર પિતા વસુદેવના અધિકારને સ્થાપીને, ધર્મરાજ યુધિષ્ઠિર માટે અનંત ધનભંડાર લઇને, કૃષ્ણે પોતાની સેના સાથે ઇન્દ્રપ્રસ્થમાં પ્રવેશ કર્યો.

યુધિષ્ઠિરે એમનો સમુચિત સત્કાર કર્યો.

યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કરવાનો વિચાર રજુ કર્યો તો કૃષ્ણે એને અતિશય ઉત્સાહિત થઇને અંતઃકરણપૂર્વક અનુમોદન આપ્યું.

યુધિષ્ઠિરને એથી શાંતિ થઇ ને બળ મળ્યું. એમણે રાજસૂય યજ્ઞને માટેની અનેકવિધ સાધનસામગ્રી એકઠી કરવા માંડી.

ઇન્દ્રસેન, વિશોક અને અર્જુનના પ્રિય સારથિ પૂરુને અન્નાદિ લાવવાનું અને સુસ્વાદુ ભોજનસામગ્રી કે ખાદ્ય અને પેય પદાર્થોને તૈયાર કરવાનું કામ સોપ્યું.

દ્વૈપાયન વ્યાસે મૂર્તિમંત વેદો જેવા પરમ ભાગ્યશાળી પંડીતોને યજ્ઞમાં ઋત્વિજ બનવાનું આમંત્રણ આપ્યું.

વ્યાસે બ્રહ્માનું ગ્રહણ કર્યું.

ધનંજય ગોત્રમાં શ્રેષ્ઠ સુસામા નામના આંગિરસ સામગાન કરનારા અથવા ઉદગાતા થયા.

બ્રહ્મર્ષિ શ્રેષ્ઠ યાજ્ઞવલ્કય અધ્વર્યુશ્રેષ્ઠ બન્યા અને વસુના સુપુત્ર પૈલમુનિ ધોમ્યની સાથે હોય. એ ઋષિઓના વેદવેદાંગમાં પારંગત થયેલા સુપુત્રો તથા શિષ્યોએ સ્વસ્તિવાચન દ્વારા યજ્ઞનો સંકલ્પવિધિ કરીને શાસ્ત્રોક્ત રીતે ભૂમિપૂજા કરી.

યુધિષ્ઠિરને યોગ્ય કાળે યજ્ઞની દિક્ષા આપવામાં આવી.

યુધિષ્ઠિર દીક્ષિત થઈને અસંખ્ય માનવોથી ઘેરાઈને યજ્ઞસ્થાને ગયા.

યજ્ઞક્રિયામાં ઉપસ્થિત રહેવા માટે યુધિષ્ઠિરે ભીષ્મ, દ્રોણ, વિદુર, કૃપાચાર્ય તથા પોતાની પર પ્રીતિ રાખનારા સૌ કોઈને નકુલને હસ્તિનાપુર મોકલીને આમંત્રણ આપેલું, એટલે એ સઘળા પણ સુયોગ્ય સમયે પહોંચી ગયા.

એ એમની સાથે યજ્ઞની ભેટ તરીકે વિવિધ રત્નો લાવેલા.

ભીષ્મ પિતામહને તથા દ્રોણાચાર્યને પૂજ્યભાવે પ્રણામ કરીને યુધિષ્ઠિરે કૃપાચાર્ય, અશ્વત્થામા, દુર્યોધન તથા વિવિંશતિને રાજસૂય યજ્ઞને પોતાનો સમજીને એમાં સર્વપ્રકારે સહાયતા કરવા માટે પ્રાર્થના કરી.

એમણે ભોજનાલયમાં પ્રબંધનું કાર્ય દુ:શાસનને સોંપ્યું.

બ્રાહ્મણોના સ્વાગતકાર્ય માટે અશ્વત્થામાની અને રાજાઓના સન્માન-સત્કાર કાર્ય માટે સંજયની નિયુક્તિ કરી.

ભીષ્મને અને દ્રોણને સમસ્ત યજ્ઞના નિરીક્ષક અને સલાહકાર તરીકે પસંદ કર્યા. સુંદર કાંતિવાળા સુવર્ણની અને રત્નોની તપાસ માટે તેમજ દક્ષિણાઓને આપવાના કાર્ય માટે કૃપાચાર્યની પસંદગી કરી.

બાહલીક, ધૃતરાષ્ટ્ર, સોમદત્ત તથા જયદ્રથ સર્વના સર્વાધિકારી બનીને વિહરવા લાગ્યા. વિદુરને ખર્ચખાતું સોંપવામાં આવ્યુ.

દુર્યોધનને યજ્ઞમાં આવનારી નાનીમોટી ભેટના નિરીક્ષક તથા અધિનાયક તરીકે નીમવામાં આવ્યો.

શ્રી કૃષ્ણે યજ્ઞમાં ભાગ લેવા માટે આવનારા બ્રાહ્મણોના ચરણ પ્રક્ષાલનનું કાર્ય સ્વૈચ્છિક રીતે સ્વીકારી લીધું. એ કાર્ય દ્વારા એમની જન્મજાત નમ્રતાનું દર્શન થયું.

સૌ કોઈએ વિવિધ રત્નોથી ધર્મરાજ યુધિષ્ઠિરના ભંડારની વૃધ્ધિ કરી.

યુધિષ્ઠિરનો એ અલૌકિક રાજસૂય યજ્ઞ સર્વ પ્રકારે સાર્થક બન્યો. સફળતાને વર્યો.

એ યજ્ઞ દેવર્ષિ નારદની અને અન્ય અનેક ઋષિમુનિ, તપસ્વી, શાસ્ત્રોના પારદર્શી વિદ્વાનોની સમુપસ્થિતિથી સવિશેષ સમલંકૃત બનેલો.

એ સૌ યજ્ઞકાર્યની સફળતા નિહાળીને પ્રસન્નતાને પામ્યા.

રાજસૂય યજ્ઞના નિયમો અનુસાર જે સૌથી શ્રેષ્ઠ અને સમર્થ હોય તેમની અગ્રપૂજા કરવાનો અથવા યજ્ઞની પૂર્ણાહુતિ પહેલા તેમને પ્રથમ અર્ધ્ય આપવાનો ભીષ્મે વિચાર રજૂ કર્યો, અને યુધિષ્ઠિરની જિજ્ઞાસાના જવાબમાં કૃષ્ણ જ સૌથી સમર્થ કે શ્રેષ્ઠ હોઈને અગ્રપૂજાને યોગ્ય છે એવો નિર્ણય સંભળાવ્યો. એમણે જણાવ્યું કે શ્રી કૃષ્ણ સમસ્ત ભૂમંડળમાં પોતાના તેજ, સામર્થ્ય, પરાક્રમથી જયોતિર્ધરોમાં ભાસ્કર પ્રકાશે તેમ પ્રકાશી અથવા ઝગમગી રહ્યા છે. સૂર્ય વિનાનું સ્થાન  જેમ સૂર્યથી પ્રકાશીત થાય છે અને વાયુ વિનાનું સ્થાન જેમ વાયુથી આનંદભર્યું અને શાંત થાય છે તેમ આપણી આ સમગ્ર સભા કૃષ્ણથી પ્રકાશિત અને પ્રસન્ન છે.

ભીષ્મના આદેશાનુસાર સહદેવે કૃષ્ણને અગ્રપૂજા કરીને પ્રથમ અર્ધ્ય આપ્યો.

કૃષ્ણે એનો સંપૂર્ણ સ્વસ્થતા તથા શાંતિપૂર્વક સ્વીકાર કર્યો, પરંતુ એમને મળેલા એ બહુમાનને શિશુપાલ ન સહી શક્યો.

મહાબળવાન ચેદિરાજ શિશુપાલે તેજોદ્વેષથી પ્રેરાઈને, સભામાં સૌની વચ્ચે ભીષ્મને અને યુધિષ્ઠિરને મહેંણા માર્યાં અને કૃષ્ણ ઉપર અનેકવિધ આક્ષેપો કર્યા. એણે એની અસંમતિને દર્શાવતાં રોષભરી ભાષામાં કહેવા માંડયું કે આ સુવિશાળ સભામાં અસંખ્ય મહીપાલો હોવા છતાં વૃષ્ણિપુત્ર કૃષ્ણની અગ્રપૂજા કરવામાં આવી છે તે ઉચિત નથી. પાંડવો, તમે બુધ્ધિમાં બાળક અને મૂઢ હોવાથી કશું સમજતા નથી. ધર્મ અતિશય સૂક્ષ્મ છે. એ ધર્મનું સૂક્ષ્મ દર્શન ગંગાપુત્ર ભીષ્મ પણ કરી શક્યા નથી. એ અલ્પ વિચારવાળા લાગે છે. તમે યદુવંશી કૃષ્ણનું સર્વ મહીપાલોની  વચ્ચે પૂજન કર્યું છે પરંતુ તે રાજા નથી તે છતાં પણ એને અર્ધ્ય કેવી રીતે અપાયો ? કૃષ્ણને વૃધ્ધ તરીકે સન્માનતા હો તો પણ વૃધ્ધ વાસુદેવની ઉપસ્થિતિમાં તેના પુત્રને અર્ધ્યને લાયક કેવી રીતે કહી શકાય ? કૃષ્ણને આચાર્ય તરીકે માનતા હો તોપણ દ્રોણાચાર્યથી શ્રેષ્ઠ આચાર્ય બીજા કોણ છે ? કૃષ્ણને ઋત્વિજ માનતા હો તો કૃષ્ણ દ્વૈપાયન વ્યાસની ઉપસ્થિતિમાં એની અગ્રપૂજા ના કરી શકાય. ઇચ્છામૃત્યુવાળા શાંતનુપુત્ર ભીષ્મ હોવાથી કૃષ્ણની પૂજા શા માટે કરી ? સર્વશાસ્ત્રવિશારદ અશ્વત્થામા, પુરુષશ્રેષ્ઠ રાજેન્દ્ર દૂર્યોધન અને ભરતવંશીઓના આચાર્ય કૃપાચાર્યની સંનિધિમાં કૃષ્ણની પૂજા કેવી રીતે કરી શકાય ? કિંપુરુષના આચાર્ય દ્રુમ, પાંડુસમાન સુલક્ષણવાળા રાજા ભીષ્મક, રાજા રુકમ, શ્રેષ્ઠ એકલવ્ય અને મદ્રાધિરાજ શલ્ય હોવા છતાં કૃષ્ણની પૂજા કેમ કરાઇ ? પોતાના પરાક્રમ માટે સઘળા રાજાઓમાં પ્રશંસા પામેલા વીર પરશુરામ અને આત્મબળના આશ્રયથી રાજાઓને રણમાં જીતનારા કર્ણને નગણ્ય ગણીને કૃષ્ણનું પૂજન કેવી રીતે કર્યું ? કૃષ્ણ ઋત્વિજ, આચાર્ય કે રાજા પણ નથી તોપણ તેનું પૂજન કરવામાં આવ્યું તે તેને સારું લગાડવા માટે ? પ્રથમ જો કૃષ્ણનું જ પૂજન કરવું હતું તો બીજા બધા રાજાઓને અહીં શાં માટે બોલાવ્યા ? અપમાનિત કરવા ? અમે કુંતીનંદનને કર આપીએ છીએ તે ભયથી, લોભથી કે સાંત્વનથી નથી આપતા પરંતુ એ ધર્મપારાયણ છે ને ચક્રવર્તીપદ ઈચ્છે છે માટે આપીએ છીએ. પરંતુ તે અમને માન નથી આપતા. તમે રાજચિહ્નનોથી રહિત કૃષ્ણને રાજસમાજ વચ્ચે જે માન આપ્યું છે એ અમારું અપમાન નથી તો બીજુ શું છે ? ધર્મપુત્રનો ધર્માત્મા તરીકેનો યશ નકામો જ ફેલાયો છે કારણકે વૃષ્ણિવંશમાં જન્મેલા જે દુરાત્માએ પૂર્વે જરાસંઘનો અન્યાયથી નાશ કરાવેલો તે ધર્મભ્રષ્ટને આવી પૂજા કોણ આપે ? યુધિષ્ઠિરમાંથી ધર્માત્માપણું જતું રહ્યું છે. કૃષ્ણની પૂજા કરાવીને એણે આપણી કૃપણતા જ દર્શાવી છે.

કુંતી પુત્રો કદાચ ભય પામ્યા હોય કે દીન થયા હોય તો પણ હે માધવ, તું કેવી પૂજાને યોગ્ય છે તે તારે જાણવું જોઈતું હતું. આ કૃપણોએ અર્પેલી પૂજાને માટે અયોગ્ય હોવા છતાં પણ એ પૂજાને તેં શા માટે સ્વીકારી ? નિર્જન સ્થળમાં કૂતરો જેમ બલિદાનનો ટૂકડો મેળવીને આનંદ પામે છે તેમ તું પણ એ પૂજાથી આનંદે છે.

એવી રીતે વિરોધનો સખત સૂર નોંધાવીને શિશુપાલ અન્ય રાજાની સાથે સભામાંથી બહાર નીકળી ગયો. યુધિષ્ઠિરે તેની પાછળ જઈને તેને રોકીને શાંતિપૂર્વક સમજાવવા માંડયો. "હે મહાપાલ, તમે જે બોલ્યા છો તે તમારે માટે ઉચિત નથી. એથી તો અધર્મ થયો છે ને કર્કશતા પ્રગટી છે. ભીષ્મ પરમતત્વને સુચારુરૂપે સમજે છે. તમે એમના સંબંધી ગેરસમજ કરીને એમનો અનાદર કરો નહીં આ સભામાં તમારાથી વિશેષ વૃદ્ધ રાજાઓ પણ બેઠા છે. તેમને કૃષ્ણની અગ્રપૂજાના વિરાધનું કોઇ કારણ નથી દેખાતું તો તમને શા માટે દેખાય છે ? તમે ધીરજ તથા શાંતિ રાખો તે જ ઉચિત છે. તમે કૃષ્ણને તત્વપૂર્વક નથી જાણતા."

ભીષ્મે શાંતિપૂર્વક સ્પષ્ટીકરણ કરતાં જણાવ્યું કે કૃષ્ણની અગ્રપૂજાને જે સત્કારતો નથી તે દયાપાત્ર છે. રાજાઓની સભામાં મને એક પણ રાજા એવો નથી દેખાતો જે યુધ્ધમાં દેવકીનંદનના તેજથી જીતાયો ના હોય. આ અચ્યુત કૃષ્ણ કેવળ અમારે માટે જ માનનીય ને પૂજ્ય છે એવું નથી પરંતુ ત્રણે લોકને માટે પૂજાપાત્ર છે. એણે અનેક ક્ષત્રિયવીરોને યુધ્ધમાં જીત્યા છે અને એમની અંદર જગત રહેલું છે. એટલા માટે આ સભામાં અન્ય અનેક વૃદ્ધો હોવા છતાં હું કૃષ્ણને જ સર્વોત્તમ તથા પૂજ્ય માનું છું. શ્રી કૃષ્ણ જ સંસારની ઉત્પત્તિના તથા સૌના લયના કારણરૂપ કહ્યા છે. કૃષ્ણ અવ્યક્ત પ્રકૃતિરૂપ છે, સનાતન કર્તા છે. અને ભૂતમાત્રથી પર છે. એથી સૌથી વિશેષ પૂજ્ય છે.

પરંતુ એ સ્પષ્ટીકરણની શિશુપાલ પર લેશ પણ અસર ના થઇ. કૃષ્ણની અને અન્યની ક્રમિક પૂજાવિધિને પેખીને એ અતિશય ક્રોધે ભરાઇને રાજાઓને કૃષ્ણ તથા પાંડવો સાથેના યુદ્ધને માટે લલકારવા લાગ્યો.

રાજાઓ શિશુપાલના પ્રભાવમાં આવીને ઊભા થઇ ગયા.

ભીષ્મે શિશુપાલને સમજાવીને શાંત કરવાનો પૂરતો પ્રયાસ કરી જોયો પરંતુ શિશુપાલ સંયમ ખોઇ બેસીને અનેક પ્રકારના અનુચિત આક્ષેપો કરવા લાગ્યો "ભીષ્મ, તું કુરુઓમાં શ્રેષ્ઠ હોવા છતાં વિવેકને ખોઇ બેઠો છે. એક નાવ બીજી નાવ સાથે બંધાઇને ચાલે છે અથવા એક આંધળો બીજા આંધળાને અનુસરે છે તેમ તું જેમનો અગ્રણી છે તે કુરુઓ પણ તારી પાછળ પાછળ પગલાં ભરે છે. કૃષ્ણનાં પુતનાવધ જેવાં કર્મોનું વિશેષ રૂપે કીર્તન કરીને તેં અમારા અંતરને વ્યથા પહોંચાડી છે. તુ મૂર્ખ અને અભિમાની બનીને કેશવની ભોટાઇ કરે છે તો તેમ કરતાં તારી જીભનાં ટુકડાં કેમ નથી થતાં ? સાવ મૂર્ખ માણસ પણ જેની નિંદા કરી શકે તેમ છે તે ગોવાળિયાને તું જ્ઞાનવૃદ્ધ હોવા છતાં આકાશમાં ચઢાવવા માંગે છે! કૃષ્ણે બાળપણમાં પૂતનારૂપી પંખીડું માર્યું અને યુદ્ધમાં નિષ્ણાત નહિ એવા બે અશ્વોને અને આખલાને માર્યો એમાં કયું પરાક્રમ કરી નાખ્યું ? એણે લાકડાના ચેતનરહીત ગાડાને પગથી નીચે પાડી નાખ્યું એમાં કયું મોટું આશ્ચર્ય હતું ? કીડીના રાફડા જેવા ગોવર્ધન પર્વતને એણે એક અઠવાડીયા સુધી ધારણ કરી રાખ્યો એમાં મને કશું નવાઈ જેવું નથી લાગતું. એ કૃષ્ણે જે બળવાનનું અન્ન ખાધેલું એ બળવાન કંસનો નાશ કર્યો એમાં કશું આશ્ચર્યકારક

નથી લાગતું. હે કૌરવાધમ, હું ના જાણતો હોઉં તેમ તું કેશવને જ્ઞાનવૃદ્ધ, શ્રેષ્ઠ, મહાન કહીને તેની બડાઈ હાંકે છે. એ ગોહત્યા તથા સ્ત્રીહત્યા કરનાર કૃષ્ણ તું કહે તેથી જ પૂજાપાત્ર કેવી રીતે થઈ શકે ? એ વળી સ્તુતિપાત્ર કેવી રીતે થાય ? તું કૃષ્ણને બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ અને જગતનો પ્રભુ માને છે એટલે એ પણ એવું માની બેસે છે. એવી રીતે કહેવાનું અને માનવાનું અસત્ય છે. કૃષ્ણ જેમને માટે સૌથી વિશેષ પૂજય છે અને જેમનો તું માર્ગદર્શક છે તે પાંડવોની પ્રકૃતિ તો તારાથી પણ વધારે પાપી ગણાય તેવી છે. તું ધર્મવાન હોવા છતાં સત્યપુરૂષોના માર્ગથી ચલિત થઈને અધાર્મિક થયો છે. તું ધર્મના સાચા રહસ્યને સમજતો હોત તો તારી બુદ્ધિમાં જ્ઞાનનો ઊંચો પ્રકાશ પથરાયો હોત. તારૂં ભલું થાવ. પોતાને પ્રજ્ઞ માનનારા તેં બીજાની કામનાવાળી અંબા નામની કન્યાનું હરણ કરેલું. તારો ભાઈ વિચિત્રવીર્ય સત્પુરૂષોના માર્ગને અનુસરતો હોવાથી તે કન્યાને ગ્રહણ કરવા નહોતો ઈચ્છતો. તું પોતાને જ્ઞાની ગણાવે છે પરંતુ તારી આંખ આગળ જ તારા ભાઈની પત્નીઓએ પરપુરૂષથી સંતાનોને મેળવેલાં. તારામાં ધર્મ નથી. તારૂં બ્રહ્મચર્ય વ્યર્થ છે. તું બ્રહ્મચર્યવ્રતને ધારણ કરે છે તે તો ભ્રમ કે નપુંસકપણાને લીધે, તારા ધર્મ વિષેના જે અધકચરા ભ્રામક વિચારો છે તેમના પરથી તેં વૃદ્ધોને સેવ્યા હોય એવું અનુમાન નથી થતું. તું નિ:સંતાન છે, વૃદ્ધ છે, મિથ્યા ધર્મને અનુસરનારો છે. તેથી છેવટે નાશ પામશે.

"કૃષ્ણે, અર્જૂને અને ભીમસેને કરેલું જરાસંઘવધનું કાર્ય યોગ્ય હતું એવું કોણ માને છે ? તું પાંડવોને મિથ્યા સલાહ આપીને સત્પુરૂષોના માર્ગમાંથી હઠાવી રહેલો છે તો પણ તેઓને તેની સમજ પડતી નથી અને તેઓ તે કાર્યને કલ્યાણકારક માને છે એ અતિશય આશ્ચર્યકારક છે."

શિશુપાલના કર્કશ કઠોર શબ્દોને સાંભળીને ભીમના ક્રોધનો પાર રહ્યો નહીં. એને અતિશય ક્રુદ્ધ થયેલો જોઈને શિશુપાલે જણાવ્યું કે ભીષ્મ, ભીમને મારી સાથે લડવું છે તો તું તેને છોડી દે. હું તેને માટે તૈયાર જ છું. જેવી રીતે પાવક પતંગિયાને ખાખ કરી નાખે છે તેમ મારો પ્રભાવ એને ભસ્મીભૂત કરી દેશે તે રાજાઓ જોઈ શકશે.

શિશુપાલે કૃષ્ણ સાથે લડવાની ઈચ્છાથી પ્રેરાઈને જણાવ્યું કે જનાર્દન, હું તને આહ્વવાન આપું છું, તું મારી સાથે યુધ્ધમાં ઊતર એટલે તને પાંડવોની સાથે પૂરો કરી દઉં. એ પાંડવોએ અન્ય અનેક રાજાઓની અવજ્ઞા કરીને તારી અગ્રપૂજા કરી છે તેથી તેમનો પણ નાશ થવો ઘટે છે.

શિશુપાલનાં વિષમય વચનોને સાંભળીને અત્યાર સુધી શાંત રહેલા કૃષ્ણે કહ્યું કે શિશુપાલ અમારો શત્રુ છે. એ નિષ્ઠુર અને કૃતઘ્ની છે. એ અમારો ભાણેજ હોવા છતાં અમને પ્રાગજ્યોતિષપુરમાં ગયેલા જાણીને એણે દ્વારકાને આગ લગાડેલી. પૂર્વે ભોજરાજ રૈવતક પર્વત પર ક્રીડા કરતા હતા ત્યારે તે ત્યાં પહોંચી, સર્વને માર મારી બાંધીને પોતાના પુરમાં પાછો ફરેલો. મારા પોતાના અશ્વમેઘ યજ્ઞ વખતે સંરક્ષકો સાથે છૂટા મૂકેલા પવિત્ર અશ્વને યજ્ઞમાં વિઘ્ન નાખવા માટે આ પાપબુધ્ધિવાળો હરી ગયેલો. અહીંથી વિદાય થઈને સૌવીર દેશ તરફ જઈ રહેલી તપસ્વી બભ્રુની પત્નીને એની અનિચ્છા છતાં મોહથી ઊંચકી ગયેલો. મામાનું બૂરૂં કરવાવાળા આ શિશુપાલે કરૂષરાજને માટે નક્કી કરાયેલી વિશાલીરાજની તપસ્વિની કન્યા ભદ્રાને કપટવેશ લઈને હરી લીધેલી. માત્ર ફોઈને લીધે હું આ મહાન સંકટને સહી રહ્યો છું. મૃત:પાય જેવા એણે રુકિમણી માટે પણ મનોરથ કરેલા પણ તેને તે મેળવી નહોતો શકયો.

શિશુપાલે અટ્ટહાસ્ય કરીને કહ્યું કે મારે માટે નિશ્ચિત કરાયેલી એ રુકિમણી વિશે આ સભામંડપમાં રાજાઓની વચ્ચે વાત કરતાં તને શરમ નથી આવતી ? તું ક્રોધ કરે કે પ્રસન્ન બને તેથી કશો જ ફેર નથી પડવાનો.

કૃષ્ણે એ વખતે સુદર્શન ચક્રનું સ્મરણ કર્યું ને કહ્યું કે એની માતાએ એના સો અપરાધોને સહી લેવા માટે મને પ્રાર્થના કરેલી. મેં તેની પ્રાર્થના માન્ય રાખેલી. હવે એની અવધિ પૂરી થતી હોવાથી હું સૌના દેખતાં એનો નાશ કરીશ.

કૃષ્ણે સુદર્શન ચક્રથી શિશુપાલનું મસ્તક ધડથી અલગ કર્યું.

વ્રજપાતથી પર્વતની પેઠે શિશુપાલ સત્વર નીચે પડ્યો.

એને એના કઠોર કુકર્મનું ફળ મળી ગયું.

એના અંગમાંથી નીકળેલા પ્રકાશે કૃષ્ણના શરીરમાં પ્રવેશ કર્યો.

યુધિષ્ઠિરના આદેશાનુસાર એનો વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

એના પુત્રનો ચેદિદેશના રાજા તરીકે અભિષેક થયો.

રાજસૂય યજ્ઞની સુખદ પ્રસન્નતાપૂર્વક પરિસમાપ્તિ થઈ.

સમાજમાં સત્કર્મવિરોધી, સજ્જનશત્રુ શિશુપાલો ઘણા છે અને સત્કર્મસહાયક સમાજસંરક્ષક પણ છે. માનવે પોતે કેવા થવું છે તેનો નિર્ણય કરવાનો છે.

સત્કર્મમાં સાધક ના થઈ શકાય તો બાધક તો ના જ બનાય તેનું ધ્યાન રાખીએ તો પણ ઘણું.

શિશુપાલો નાશ કરી શક્તા નથી; નાશ પામે છે; એ હકીકત છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૧. શિશુપાલની જન્મકથા

મહાભારતના સભાપર્વના ૪૩મા અધ્યાયમાં આલેખાયેલી જન્મકથા અસામાન્ય હોવા છતાં રસપ્રદ તથા જાણવા જેવી છે. એનું વિહંગાલોકન કરવું અસ્થાને નહિ ગણાય.

એ કથામાં કહ્યા પ્રમાણે ચેદિરાજના વંશમાં જન્મેલા શિશુપાલને જન્મથી ત્રણ આંખ હતી અને ચાર હાથ હતા. જન્મતાંવેંત તે ગધેડાની પેઠે ભૂંકેલો ને ગરજેલો તેથી તેના માતાપિતા ખૂબ જ દુ:ખી થયાં અને એની અસામાન્ય કુરૂપતા જોઈને એને ત્યાગવાનું વિચારવા લાગ્યા.

એ વખતે આકાશવાણી દ્વારા રાજાને કહેવામાં આવ્યું કે તારો પુત્ર ધનવાન અને બળવાન બનશે. તું એની ચિંતા ના કરીશ કે કોઈ પ્રકારનો ભય રાખીશ નહીં. તું એનું પ્રસન્નતાપૂર્વક પાલન કરજે. હમણાં તેનું મૃત્યુ નથી થવાનું. એને શસ્ત્રથી હણનાર જન્મી ચૂકયો છે.

શિશુપાલની માતાને એને મારનાર વિશે માહિતી મેળવવાની જીજ્ઞાસા થઈ. તો એ જીજ્ઞાસાના જવાબમાં આકાશવાણીએ જણાવ્યું કે જેના ખોળામાં રાખવાથી આ બાળકના વધારાના બે હાથ જમીન પર ખરી પડશે અને જેને જોવાથી આનું ત્રીજું નેત્ર લલાટમાં સમાઈ જશે તે આનો કાળ બનશે.

એની એવી અસાધારણ આશ્ચર્યકારક કથાને સાંભળીને જુદાજુદા રાજાઓ એને જોવા આવ્યા.

રાજાએ એમને સમુચિત રીતે સત્કારીને શિશુપાલને વારાફરતી સૌના ખોળામાં બેસાડ્યો. પરંતુ આકાશવાણી સાચી ના પડી.

શિશુપાલનો વૃતાંત સાભળીને કૃષ્ણ તથા બળરામ દ્વારકાથી નીકળીને પોતાની યદુવંશી ફોઈને મળવા અને અને એના બાળકને નિહાળવા ચેદિપુરીમાં પ્રવેશ્યા.

રાજપત્ની ફોઈએ એમને સાદર સત્કારીને શિશુપાલને કૃષ્ણના ખોળામાં બેસાડ્યો કે તરત જ તેના વધારાના બે હાથ જમીન પર  પડી ગયા. અને ત્રીજી આંખ લલાટમાં સમાઈ ગઈ. આકાશવાણીની વાત આંશિક રીતે સાચી પડી તે દેખીને શિશુપાલની માતા સ્વાભાવિક રીતે જ વ્યથાતુર બની અને ગભરાઈ ગઈ. કૃષ્ણ પોતે જ એનો કાળ બનશે એવી કલ્પના પણ નહોતી કરી શકતી. શું એ વાસ્તવિક્તા બનશે ? એણે કૃષ્ણ પાસે માગી લીધું કે તમે શિશુપાલના અપરાધોને ક્ષમા કરજો.

કૃષ્ણે એની પ્રાર્થનાને ને માગણીને લક્ષમાં લઈને જણાવ્યું કે તમે ચિંતા કરશો નહીં . હું તમારા પુત્રના સો અપરાધોને સહી લઈશ.

માતાને એવી બાંહેધરીથી શાંતિ મળી. એને એ વખતે શી ખબર કે શિશુપાલ ભવિષ્યમાં સો થી અધિક અપરાધો કરીને આકાશવાણીની વાત સાચી પાડશે!

પરિસ્થિતિએ એવો પલટો લીધો કે કૃષ્ણને શિશુપાલના કાળનું કઠોર કામ કરવું પડ્યું .

એ પ્રસંગ સૂચવે છે કે આખરે તો જે થવાનું હોય છે તે જ થાય છે. ધાર્યું તો ધરણીધરનું જ બને છે, માનવનું નથી બનતું. શિશુપાલે અપરાધો કર્યા જ ના હોત તો કદાચ પરિસ્થિતિ જુદી હોત. પરંતુ શિશુપાલને એવી સદ્દબુદ્ધિ સૂઝી જ નહીં. વિધિનો વિજય થયો.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૨. વિનાશનો સંકેત

પરમાત્માના પરમકૃપાપાત્ર પરમાત્માદર્શી મહાપુરૂષોની શક્તિ અનંત હોય છે. તે શક્તિને લીધે તેમને ભૂતભાવિના પડદા ખોલવાનું શક્ય હોય છે.

તે શક્તિનું દિગ્દર્શન તે કરાવે કે ના કરાવે તે તેમની સ્વેચ્છા પર નિર્ભર હોય છે, પરંતુ તેમની અંદર અસાધારણ શક્તિ હોય છે એમાં શંકા નથી.

એનો અનુભવ કોઈક ધન્ય ક્ષણે થતો હોય છે.

મહર્ષિ વ્યાસની શક્તિ એવી અલૌકિક હતી એની પ્રતીતિ મહાભારતના ઘટનાચક્ર પરથી સહેલાઈથી થઈ રહે છે.

રાજસૂય યજ્ઞની સુખદ પરિસમાપ્તિ પછી શ્રીકૃષ્ણે દ્વારકા માટે પ્રસ્થાન કર્યું.

દુર્યોધન અને શકુનિ બંને સ્વેચ્છાથી દિવ્યસભામાં રહ્યા.

એ સુવર્ણ સમય દરમ્યાન એક શિષ્યમંડળથી ઘેરાયેલા મહર્ષિ વ્યાસ યુધિષ્ઠિર પાસે આવી પહોંચ્યા.

યુધિષ્ઠિરે એમને આવતા જોઈને આસન પરથી ઊભા થઈને એમનું સામે જઈને સ્નેહસહિત સ્વાગત તથા પૂજન કર્યું.

મહર્ષિ વ્યાસે રાજસૂય યજ્ઞના સફળ અનુષ્ઠાન માટે યુધિષ્ઠિરને આત્મિક અભિનંદન આપ્યાં અને થોડાક સમય પછી એમની વિદાય માગી એટલે યુધિષ્ઠિરે એમને પૂછયું કે ચેદિરાજ શિશુપાલના મરણથી સઘળા ઉત્પાતો શાંત થયા છે ને ?

મહર્ષિ વ્યાસે એમની જીજ્ઞાસાના જવાબમાં જણાવ્યું કે ઉત્પાતોની અસામાન્ય અસર તેર વરસ સુધી પહોંચે છે. તેથી તે શાંત નહિ થાય. કટોકટીનો કપરો કાળ તો હજુ હવે આવી રહયો છે. એના પરિણામે સર્વે ક્ષત્રિયો નાશ પામશે. તું તેને માટે નિમિત્ત બનશે. તને એકને કારણરૂપ કરીને સૃષ્ટિભરના ક્ષત્રિયો કાળથી પ્રેરાઈને ભયંકર સંગ્રામ માટે એકઠા થશે. દુર્યોધનના દોષથી તેમજ ભીમ અને અર્જૂનની સર્વતોમુખી સર્વસંહારક સંયુક્ત શક્તિથી તે સૌ પરસ્પર લડીને નાશ પામશે. એ ભવિતવ્ય છે અને એમાં કોઈ પ્રકારે ફેર નહિ પડે. કાળને કોઈયે પ્રકારે કોઈનાથી પણ હઠાવી નહિ શકાય. હું હવે કૈલાશ તરફ પ્રયાણ કરીશ. તું જીતેન્દ્રિય, સાવધ, શાંત, સદબુદ્ધિથી સંપન્ન બનીને પૃથ્વીનું પાલન કરજે.

મહર્ષિ વ્યાસ એવું કહીને પોતાના શિષ્યો સાથે ત્યાંથી વિદાય થયા.

યુધિષ્ઠિર ચિંતા તથા શોકમાં પડીને વિચારવા લાગયા કે દૈવને પુરૂષાર્થથી કેવી રીતે અટકાવી કે પલટાવી શકાય ? મહર્ષિ વ્યાસનું ભવિષ્યકથન ખોટું નહિ થાય. બીજાના નાશ માટે મારે નિમિત્ત બનવાનું થાય એના કરતા મારૂં શરીર શાંત થાય તે જ બરાબર છે.

અર્જૂને એમને આશ્વાસન આપ્યું.

યુધિષ્ઠિરે જાગૃતિપૂર્વક જીવવાનો, કોઈનો વિરોધ ના કરવાનો, અને ભેદભાવ કે વિગ્રહના કારણને પેદા ના થવાનો સંકલ્પ કર્યો. નાના કે મોટા સંઘર્ષનું નિમિત્ત ના બનવાનો નિર્ણય કર્યો.

પરંતુ ઘટનાચક્ર જુદી રીતે આગળ વધ્યું.

એણે બતાવ્યું કે જે થવાનું હોય તે થાય જ છે. એની આગળ કોઈનું કશું નથી ચાલતું. માનવ એને પલટાવવાનો પ્રયત્ન કરે છે, કરી શકે છે, પરંતુ થાય છે તો તે પ્રમાણે જ.

☼ ☼ ☼ ☼ ☼

# ૭૩. દ્યુતની તૈયારી

ઉદાર મનના માનવોને પરસંપત્તિને પેખીને, અન્યના ઉત્કર્ષ વિષે સાંભળીને, પ્રસન્નતા થાય છે તથા મિત્રભાવના જાગે છે, પરંતુ અનુદાર મનના મલિન માનવોને દ્વેષભાવ જાગે છે તથા દુઃખ થાય છે.

પાંડવોના અભ્યુદય અને ઐશ્વર્યને અવલોકીને દુર્યોધન દુઃખી બન્યો.

એની વેદના વધી પડી.

એનો દ્વેષભાવ દ્વિગુણિત થયો.

પાંડવોને પરમપ્રસન્ન જોઈને, જુદાજુદા રાજાઓને એમને આધીન રહેલા નિહાળીને અને પરમમહિમાવાળા પાંડવોના આબાલવૃદ્ધ હિતકારી છે એવું દેખીને તેનું મુખમંડળ ફીકું પડી ગયું.

હસ્તિનાપુરમાં પ્રવેશતા પહેલાં એણે શકુનિને એની જીજ્ઞાસાના જવાબરૂપે જણાવ્યું પણ ખરું કે અર્જૂનના શસ્ત્રપ્રતાપથી જીતાયેલી સમગ્ર પૃથ્વીને યુધિષ્ઠિરના એકાધિકારમાં આવેલી જોઈને અને અનુપમ અદ્દભૂત અતિશય આશ્ચર્યકારક રાજસૂય યજ્ઞને ઐશ્વર્યસહિત અવલોકીને મને નખશીખ ઈર્ષા વ્યાપી છે અને ગ્રીષ્મઋતુની અસર નીચે આવીને અલ્પ અથવા સાધારણ સલિલ સૂકાઈ જાય છે તેમ હું બળીને અહર્નિશ સુકાઈ રહ્યો છું. શ્રીકૃષ્ણે શિશુપાલનો નાશ કર્યો ત્યારે શિશુપાલની સહાયતા માટે કોઈ પણ તૈયાર ના થયું. પાંડવોના પરમપ્રતાપથી પ્રભાવિત થયેલા રાજાઓએ એ અપરાધ મૂંગા મોઢે સહી લીધો. કૃષ્ણે જે કઠોર અનુચિત કુકર્મ કર્યું તે પાંડવોના પ્રતાપથી જ. હું આગમાં પ્રવેશીશ, વિષપાન કરીશ, અથવા પાણીમાં પડીને મરીશ, પરંતુ જીવી શકીશ નહીં. પોતાના પ્રતિસ્પર્ધીઓ કે શત્રુઓની ઉત્તરોત્તર ઉન્નતિને અને પોતાની અવનતીને કયો સદ્દબુદ્ધિ સંપન્ન ધીરવીર પુરૂષ સહી શકે ? યુધિષ્ઠિરની લક્ષ્મીને હું એકલે હાથે હારી શકું તેમ નથી. મને કોઈ સાથી પણ જણાતો નથી. એથી જીવવાનું અસહ્ય લાગતાં હું મૃત્યુનો વિચાર કરી રહ્યો છું. મને તો લાગે છે કે દૈવ જ બળવાન અને પુરૂષાર્થ નિરર્થક છે. પહેલાં મેં પાંડવોના વિનાશ માટે યત્નો કરેલાં પરંતુ જળમાં કમળ જેમ એમનો દિનપ્રતિદિન વિકાસ થાય છે. યુધિષ્ઠિરની રાજલક્ષ્મીને તથા શ્રેષ્ઠ સભાને નિહાળીને પાંડવોએ તથા સભાના સંરક્ષકોએ કરેલી મારી અભૂતપૂર્વ હાંસીને યાદ કરીને હું ઈર્ષાથી અથવા તેજોદ્વેષથી અગ્નિની જેમ જલી રહ્યો છું. મને મરવાની રજા આપો.

શકુનિએ એને પોતાની રીતે શાંતિ આપીને સમજાવવાનો પ્રયાસ કર્યો. કહ્યું કે તારે પાંડવો પ્રત્યે દ્વેષભાવ રાખવાની આવશ્યક્તા નથી. તે પોતાના ભાગ્યને ભોગવી રહયા છે, એમના નાશ માટે તેં અત્યાર સુધી અનેક યોજનાઓ બનાવી તો પણ એમનો નાશ નથી કરાયો. એમનું પ્રારબ્ધ પ્રબળ હોવાથી તે ઉગરી શકયા છે. તે દ્રૌપદીને, વિશ્વવિજય મેળવવામાં મદદરૂપ થાય તેવા દ્રુપદને, તેના પુત્રોને તથા વીર્યવાન વાસુદેવને પામ્યા છે. સતત પુરુષાર્થી પાંડવોએ પોતાના પિતાના રાજયમાંથી ભાગ મેળવ્યો છે. અને પોતાના પ્રતાપથી વધાર્યો છે. એનો શોક અસ્થાને છે. તું તને અસહાય માને છે તે મિથ્યા છે. તારા પક્ષમાં દ્રોણ, દુઃશાશન, અશ્વસ્થામા, કર્ણ, કૃપાચાર્ય, સૌમદત્ત, હું અને મારા બંધુઓ સર્વ છે. તું એકલો નથી. અમારા સૌના સહયોગથી તું સમસ્ત વસુધા પર વિજય મેળવ. પાંડવો મહારથી, મહાધનુર્ધારી, શસ્ત્રાસ્ત્રકુશળ અને

સંગ્રામમાં અજોડ છે. પરંતુ યુધિષ્ઠિરને જીતી શકાય તેમ છે. તેમને જીતવાની યુક્તિ હું જાણું છું. યુધિષ્ઠિરને દ્યુતનો અસાધારણ શોખ છે છતાં પણ દ્યુત રમતા બરાબર આવડતું નથી. હું પાસા નાખવામાં નિષ્ણાત છું. સમસ્ત સંસારમાં એ વિદ્યામાં કોઈ મારી બરાબરી કરે તેમ નથી. માટે તું નિરાશ થયા સિવાય, હિંમત ને ધીરજ રાખીને, વ્યાવહારીક બુદ્ધિનો ઉપયોગ કરીને, યુધિષ્ઠિરને દ્યુત રમવાનું આમંત્રણ આપ. હું મારી દ્યુતવિદ્યાના પ્રભાવથી તેના રાજ્યને અને એની અસાધારણ લક્ષ્મીને તારે માટે જીતી લઇશ. ધૃતરાષ્ટ્રની સંમતિ મેળવીને એ કાર્યને વહેલી તકે શરૂ કરીએ.

દુર્યોધનને દ્યુતની એ યોજના પસંદ પડી.

શકુનિ  તથા દુર્યોધન ધૃતરાષ્ટ્રને મળ્યા ત્યારે ધૃતરાષ્ટ્રે દુર્યોધનની અસ્વસ્થતા અથવા અશાંતિનું કારણ પૂછ્યું તો દુર્યોધને તે કારણ કહી બતાવ્યું.

શકુનિએ એના નિવારણ માટે દ્યુતનો ઉપાય બતાવ્યો.

ધૃતરાષ્ટ્રે તે સંબંધી વિદુરની સલાહ માગી.

વિદુરે દ્યુતને પારસ્પરિક ભેદભાવ, વૈમનસ્ય અને વિનાશનું કારણ કહીને એનાથી દૂર રહેવાની સલાહ આપી તો પણ ધૃતરાષ્ટ્રને દુર્યોધન પ્રત્યે વિશેષ પ્રેમભાવ તથા મમત્વ હોવાથી તેણે દુર્યોધનની વાત ટાળવાને બદલે સેવકોને આદેશ આપ્યો કે સહસ્ત્ર સ્તંભવાળી, સો દ્વારવાળી, સુવિશાળ, રમણીય, નેત્રમનોહર, ચિત્તાકર્ષક, સભાને સત્વર તૈયાર કરો.

સેવકોએ આદેશનું અનુકરણ કર્યું

ધૃતરાષ્ટ્રે વિદુરના અભિપ્રાયને અનુસરીને દુર્યોધનને દ્યુતની વિનાશકતાનો ખ્યાલ આપ્યો પરંતુ દુર્યોધન દ્યુત રમવા મક્કમ રહ્યો. ધૃતરાષ્ટ્રે એને અનેક પ્રકારે સમજાવીને યુધિષ્ઠિર તથા પાંડવોની અકારણ ઈર્ષા ના કરવા અને એમની સાથે સુખશાંતિથી રહેવા સલાહ આપી પરંતુ એ સલાહની અસર એની ઊપર કશી પણ ના થઈ.

છેવટે ધૃતરાષ્ટ્રે વિદુરને મોકલીને યુધિષ્ઠિરને દ્યુત રમવા માટે બોલાવી દીધા. હસ્તિનાપુરમાં પ્રવેશીને યુધિષ્ઠિર ધૃતરાષ્ટ્રના ભવનમાં જઇને તેમને મળ્યા. ગાંધારીને પણ મળ્યા.

કૌરવો પાંડવોને પેખીને ખુબ જ પ્રસન્ન થયા. એમણે પાંડવોને રત્નજડિત ઘરોમાં ઉતારો આપ્યો.

દ્રૌપદી તથા અન્ય સ્ત્રીઓનો પણ સમુચિત સત્કાર કરવામાં આવ્યો.

યુધિષ્ઠિરે દુર્યોધન અને શકુનિ સમક્ષ દ્યુત સર્વપ્રકારે અનર્થકારક હોવાની દલીલો કરવા છતાં છેવટે દ્યુતને રમવાની તૈયારી કરી એ શું દર્શાવે છે ? યુધિષ્ઠિરનું નિબળું મનોબળ. દ્યુત અનર્થકારક છે. એવી સમજણને અખંડ રાખીને એમણે દ્યુતમાં લેશ પણ ભાગના લીધો હોત તો પરિસ્થિતિ છેક જ જુદી હોત. પરંતુ એમનું મનોબળ એટલું કાચું નીકળ્યું. એને લીધે પાછળથી અનેક પ્રકારની ઉપાધીઓ એમને અને એમની સાથે સંકળાયેલા સૌને માટે પેદા થઇ.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૪. દ્યુતનો પરાજય

દ્યુતનો નિર્ણય કરાયો એટલે સઘળા રાજાઓ ધૃતરાષ્ટ્રને આગળ કરીને સભાસ્થળમાં પ્રવેશ્યા.

ભીષ્મ પિતામહ દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, અને મહામતિ વિદૂર અપ્રસન્ન મનથી એમની પાછળ પહોંચ્યા.

એ સમસ્ત સભાસ્થળ દેવોને લીધે સ્વર્ગ શોભે તેમ શોભવા લાગ્યું

દ્યુતનો આરંભ થયો એટલે યુધિષ્ઠિરે ઉત્તમ પ્રકારના સુવર્ણોથી મઢેલો, અતિશય કાંતિવાળો, મણિમય મહામૂલો હાર દાવમાં મૂક્યો, તો દુર્યોધને અસંખ્ય મણિઓ અને પુષ્કળ ધન મૂક્યું.

દ્યુતવિદ્યાના રહસ્યને સંપૂર્ણપણે સમજનારા શકુનિએ હાથમાં પાસાને લઈને દાવ રમીને યુધિષ્ઠિરને જણાવ્યું કે અમારો જય થયો.

યુધિષ્ઠિરે જણાવ્યું કે તું દાવમાં કપટ કરીને જીતી ગયો છે એનો અહંકાર શા માટે કરે છે ? આપણે ફરીવાર સામસામા દાવ નાખીએ. મારી પાસે સહસ્ત્ર સુવર્ણ મુદ્રાઓથી ભરેલી સુંદર પેટીઓ છે. અક્ષય ધનભંડાર અને જાતજાતના સોનાચાંદી છે. હું તારી સામે તેમને દાવમાં મૂકું છું.

શકુનિ બોલ્યો કે હું એ પણ જીતી ગયો.

યુધિષ્ઠિરે કહ્યું કે આ મારો હજારો રથસામાન, વ્યાઘ્રચર્મથી મઢેલો, સર્વત્ર પ્રખ્યાતિ પામેલો, સુંદર ચક્રો તથા સામગ્રીવાળો, વિજય પ્રાપ્ત કરાવનારો, રથોમાં ઉત્તમ, મેઘ તથા મહોદધિ જેવા ઘોષવાળો સંહ્લાદન નામનો રાજરથ છે. એને આઠ અશ્વ જોડેલા છે. એ રથને હું દાવમાં મૂકું છું.

એ પછી યુધિષ્ઠિરે એક લાખ તરુણ દાસીઓને અને એક લાખ તરુણ દાસોને દાવમાં મૂક્યા તો એ દાવ પણ શકુનિ જીતી ગયો.

યુધિષ્ઠિરનો દ્યુતનો રસ વધતો જવાથી એણે દાવમાં એક હજાર મદઝરતા, સોનાની સાંકળ અને સોનાની અંબાડીવાળા, સુંદર દાંતવાળા, રાજાઓની સવારીને યોગ્ય, સંગ્રામમાં સર્વ પ્રકારના ઘોષને સહી શકનારા, વિરાટ શરીરના, આઠ આઠ હાથણીવાળા, નગરના દરવાજાને તોડી નાખનારા, નવમેઘ સમાન શ્યામ રંગવાળા, હાથી મૂકયા.

શકુનિએ હસતાં હસતાં કોઈ પણ પ્રકારના વિશેષ પરિશ્રમ વિના જીતી લીધા.

યુધિષ્ઠિરે સોનાના ધ્વજદંડથી તથા પતાકાઓથી સુશોભિત હજાર રથ મૂક્યા. એમને સરસ કેળવેલા ઘોડા જોડેલાં અને એમની સાથે વિવિધ પ્રકારના યુદ્ધો કરનારા રથી હતા. એ રથીને યુદ્ધ હોય કે ના હોય તોપણ વેતનમાં માસિક હજાર સુવર્ણ મુદ્રાઓ મળતી.

શકુનિએ પોતાની ચાતુરીથી એ રથીને પણ જીતી લીધા.

યુદ્ધમાં હારીને પ્રસન્ન થયેલા ચિત્રરથે અર્જૂનને જે ઉત્તમ પ્રકારના અશ્વો આપેલા એ અશ્વોને યુધિષ્ઠિરે હોડમાં મૂકયા. શકુનિએ દાવ નાખીને એ અશ્વોને પણ જીતી લીધા. એ પછી યુધિષ્ઠિરે દસ હજાર રથો, ગાડાંઓ અને એમની સાથેના સાઠ હજાર વીરોને દાવમાં મૂકયા.

શકુનિએ એ પણ જીતી લીધું.

યુધિષ્ઠિર પાસે લોઢાનાં ને તાંબાના પાત્રોથી ઢાંકેલા ચારસો ભંડારો હતા. તે દરેક ભંડારમાં પાંચ પાંચ દ્રોણ જેટલું સર્વોત્તમ સુવર્ણ મુકાયેલું.

યુધિષ્ઠિરે એ સુવર્ણ ભંડારોને દાવમાં મૂક્યા.

શકુનિએ તે દાવને પણ જીતી લીધો.

દ્યુતની એ પ્રતિકૂળ પ્રવૃત્તિને પેખીને વિદૂરને વ્યથા થઈ.

એમણે દુર્યોધનને, કૌરવો તથા પાંડવોને હિતમાં વચન કહ્યાં, દ્યુતની વિનાશકારક્તાનો ખ્યાલ આપ્યો, એનાથી દૂર રહેવા જણાવ્યું, પરંતુ દુર્યોધને અને શકુનિએ ના માન્યું

યુધિષ્ઠિરનું મન પણ મોહાંધ અને મૂઢ બનેલું.

દ્યુતક્રીડાના કેફમાં પડીને એમણે દાવમાં પોતાની સમસ્ત સંપત્તિને મૂકી. એ સંપત્તિને હાર્યા પછી નકુલને, સહદેવને, ભીમને, અર્જૂનને દાવમાં મૂક્યા.

એ બધા દાવ હાર્યા પછી યુધિષ્ઠિરે પોતાની જાતને દાવમાં મૂકી દીધી.

એ દાવમાં પણ શકુનિનો વિજય થયો.

એણે પાંચાલપુત્રી દ્રૌપદીને હોડમાં મૂકવાની ભલામણ કરી.

યુધિષ્ઠિરે વિજેતા બનવાની એક માત્ર આશા અથવા મહેચ્છાથી પ્રેરાઈને એ ભલામણને સ્વીકારી લીધી.

છળમૂર્તિ શકુનિએ પાસા નાખીને દ્રૌપદીને પણ જીતી લીધી.

સભામાં હાહાકાર થઈ ગયો.

ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્યને પરસેવો થયો.

ધૃતરાષ્ટ્ર, કર્ણ, દુર્યોધન, દુઃશાશનની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

દ્યુતથી યુધિષ્ઠિર જેવાની બુદ્ધિ પણ બદલાઈ ને બગડી ગઈ એ શું સૂચવે છે ? એ જ કે દ્યુતથી સૌ કોઈએ દૂર રહેવું જોઈએ. એ કલ્યાણકારક કદાપિ નથી.

યુધિષ્ઠિરને દ્યુતમાંથી મુક્તિ મેળવવા માટે વિદૂરે સમજાવી જોયા પરંતુ ભીષ્મ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય કશું જ ના બોલ્યા એ શું બતાવે છે? એવા પરમપ્રતાપી પુરૂષવરો જો વચ્ચે પડયા હોત તો પરિસ્થિતિ જુદી જ હોત.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૫. કૃપા તથા વરદાન

શકુનિએ છળકપટયુક્ત પાસા નાખીને દ્યુતમાં દ્રૌપદીને જીતી લીધી એટલે દુર્યોધને વિદૂરને ભલામણ કરી. બીજી રીતે કહીએ તો આદેશ આપ્યો કે, દ્રૌપદીને વહેલી તકે લઈ આવો. એ અમારા ભવનમાં દાસી તરીકે અન્ય દાસીઓની સાથે રહે ને વાસીદું કાઢે તથા બીજા કામો કરે.

વિદૂરે સ્પષ્ટીકરણ કર્યું કે યુધિષ્ઠિરે સંપૂર્ણ હાર્યા પછી જ કૃષ્ણાને હોડમાં મૂકી હોવાથી તે કાર્ય અનુચિત હોવાથી એ દાસી ના થઈ શકે અને એને લાવી પણ ના શકાય; પરંતુ દુર્યોધન ના સમજ્યો. એણે દ્રૌપદીને લાવવાનો આગ્રહ ચાલુ રાખ્યો, અને વિદૂરને ના કહેવાના વચનો કહી નાખીને એ કામ ત્યાં બેઠેલા પ્રાતિકામી નામે સારથીને સોંપ્યું.

પ્રાતિકામી દ્રૌપદી પાસે પહોંચ્યો એટલે એની સઘળી વાતને સાંભળીને દ્રૌપદી બોલી કે સ્વંય હારી ગયેલા યુધિષ્ઠિર મને હોડમાં કેવી રીતે મૂકી શકે ?

દ્રૌપદીની બૌદ્ધિક પ્રતિભા તથા પ્રગલ્ભતાની પ્રતીતિ કરાવનારા એ પ્રશ્નનો પ્રત્યુત્તર એ સભામાં કોઈથી ના આપી શકાયો.

દુર્યોધને દ્રૌપદીને સ્વંય આવીને જે કાંઈ પૂછવું હોય તે પૂછવા જણાવ્યું તો પણ દ્રૌપદી ના આવી એટલે એને લાવવાનું કામ દુર્યોધને દુઃશાશનને સોંપ્યું.

દુઃશાશન પાંડવોના ભવનમાં પહોંચી ગયો. એણે દ્રૌપદીને દ્યુતમાં જીતાઈ ગઈ હોવાથી પોતાની સાથે આવવા અને દુર્યોધનની સેવામાં રહેવા જણાવ્યું.

દુઃખી મનવાળી દ્રૌપદી ત્યાંથી ઊઠીને પોતાના ફીકા મ્લાન મુખને હાથથી લુછી રાજા ધૃતરાષ્ટ્રની સ્ત્રીઓની દિશામાં દોડવા લાગી. દુઃશાશન ક્રોધે ભરાઈને તેની પાછળ દોડ્યો.

એણે દ્રૌપદીના કેશને પકડી લીધા, અને એને સભાભવનમાં પ્રવેશ કરાવ્યો.

દ્રૌપદીએ જણાવ્યું કે હું રજસ્વલા છું અને એક વસ્ત્રવાળી હોવાથી સભામાં આવી રીતે લઈ જવું એકદમ અનુચિત છે. છતાં પણ એણે માન્યું નહીં.

દુઃશાશને જણાવ્યું કે તું રજસ્વલા હોય, એક વસ્ત્રવાળી હોય કે વસ્ત્ર વગરની હોય, પરંતુ દ્યુતમાં જીતાઈને દાસી બની છે. દાસીના વસ્ત્રો તો સ્વામીની રુચી પ્રમાણે જ હોય છે.

સભામાં વિરાજેલા ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય જેવા મહાનુભાવો, હારેલા યુધિષ્ઠિરને મને હોડમાં મૂકવાનો શો અધિકાર છે એ પ્રશ્નનો, દ્રૌપદીને પ્રત્યુત્તર પ્રદાન કરી શક્યા નહીં.

ધૃતરાષ્ટ્ર પુત્ર વિકર્ણે કહ્યું કે દ્રૌપદીના પ્રશ્નનો તમે ઉત્તર આપો. અહીં એકત્ર થયેલા મહાપુરૂષો એક અક્ષર પણ નથી ઉચ્ચારતા તો પણ મને જે ન્યાયોચિત લાગે છે તે કહી રહ્યો છું. રાજાઓને માટે ચાર વસ્તુઓને અતિશય અશુભ અને અમંગલકારક કહેવામાં આવી છે - મૃગયા, મદ્યપાન, દ્યુત અને અધિક મૈથુનાસક્તિ. એ ચારેયમાં ડૂબેલો માણસ નીતિને તથા ધર્મને નેવે મૂકીને જેમ ફાવે તેમ વર્તે છે, અને એ અયોગ્ય માનવની ક્રિયાને લોકો માન્ય રાખતા નથી. યુધિષ્ઠિરે દ્યુતની મોહિનીમાં પડીને દ્યુત રમનારાથી

લલકારાઈને દ્રૌપદીને હોડમાં મૂકવાનું કુકર્મ કર્યું છે. યુધિષ્ઠિરે પોતાની જાતને હાર્યા પછી એને હોડમાં મૂકી છે. શકુનિએ એને હોડમાં મૂકવાની માંગણી કરેલી, એટલે હું એને જીતાયેલી માનતો નથી.

દુર્યોધનના નાના ભાઈ વિકર્ણના એ શબ્દો કેટલાક રાજાને પસંદ પડ્યા. એમણે એમને સાભળીને સંતોષ અને ઉલ્લાસ વ્યક્ત કર્યો; પરંતુ કર્ણે પોતાની અસંમતિ દર્શાવીને જણાવ્યું કે જે કાંઈ થઈ રહ્યું છે તે યોગ્ય જ છે. યુધિષ્ઠિરે દ્યુતમાં પોતાના સર્વસ્વને હોડમાં મૂકેલું તેમાં દ્રૌપદી પણ આવી ગઈને જીતાઈ ચૂકી. પાંડવોના સઘળા ધનને શકુનિએ ધર્મપૂર્વક જીતી લીધું છે.

કર્ણે દુઃશાશનને પાંડવોનાં ને દ્રૌપદીનાં વસ્ત્રો ઉતારી લેવાનો આદેશ આપ્યો એટલે પાંડવોએ પોતાનાં ઉત્તરીય વસ્ત્રોને ઉતારી નાખ્યાં. એમણે કશો વિરોધ ના કર્યો.

દુઃશાશનને દ્રૌપદીના ચીરને સભાની વચ્ચે ખેંચવા માંડ્યું.

એ વખતે દ્રૌપદી સર્વપ્રકારે અસહાય હતી, તોપણ એણે અંતરના અંતરતમમાંથી, પોતાની લજ્જાને બચાવવા માટે, શ્રી હરિનું ચિંતન કરવા માંડ્યું. એણે પ્રેમપૂર્વક પ્રાર્થના કરી કે હે ગોવિંદ, હે દ્વારકાવાસી, હે કૃષ્ણ, હે કેશવ, ગોપીઓના સ્વજન અને સ્નેહી ! મને કેમ છોડી દીધી છે ? મારો કૌરવોથી પરાભવ થઈ રહ્યો છે. હે નાથ, હે રમાના ને વ્રજના નાથ, હે દુઃખવિદારક, હે જનાર્દન, મને કૌરવરૂપી સાગરમાં ડૂબેલીને ઉદ્ધારો. હે કૃષ્ણ, હે મહાયોગી, હે વિશ્વાત્મા, વિશ્વભાવન,ગોવિંદ! મને કૌરવો પીડી રહયા છે. હું સાચા દિલથી તમારા શરણે આવી છું. મારું રક્ષણ કરો.

દ્રૌપદી એવી રીતે સાચા સ્નેહ સહિત સ્મરણ કરતાં અતિશય આર્ત બનીને રડવા લાગી. ભકત કવિ સુરદાસે દ્રૌપદીના એ મનોભાવોને પોતાના પદમાં સરસ રીતે રજૂ કરયા છે :

લજ્જા મોરી રાખો શ્યામ હરિ!
કીની કઠિન દુઃશાશન મોસે ગહિ કેશોં પકરી... લજ્જા.
આગે સભા દુષ્ટ દુર્યોધન ચાહત નગ્ન કરી;
પાંચો પાંડવ સબ બલ હારે તિનસોં કછું ન સરી... લજ્જા.
ભીષ્મ દ્રોણ વિદુર ભયે વિસ્મય તીન સબ મૌન ધરી;
અબ નહિં માતાપિતાસુતબાંધવ, એક ટેક તુમ્હરી... લજ્જા.
વસન પ્રવાહ કિયે કરુણાનિધિ, સેના હાર પરી;
સૂર શ્યામ જબ સિંહશરણ લઈ સયાલોંકો કાહિ ડરી? ... લજ્જા.

કરુણાળુ કૃષ્ણ પોતાના શરણાગત ભકતના પોકારને સાંભળીને શાંત કેવી રીતે રહી શકે ? દ્રૌપદીની દર્દભરી પ્રાર્થનાને સાભળીને એ શય્યાસનને છોડીને દોડ્યા. એમણે દ્રૌપદીના શરીરને સૂક્ષ્મ શક્તિની મદદથી ઢાંકી દીધું. એના શરીર પર વસ્ત્રો જ વસ્ત્રો થઈ ગયા. દુઃશાશન ખેંચતો ગયો તો પણ, એ થાકયો તોપણ, વસ્ત્રોનો અંત ના આવ્યો.

કૃષ્ણકૃપાનો કેવો કલ્પનાતીત ચમત્કાર !

દ્રૌપદીએ એ કૃપા માટે કામના અને પ્રાર્થના કરી તો એની ઉપર એ કૃપા વરસી રહી.

એ પ્રાણવાન પ્રસંગ દ્વારા કૃષ્ણની અસાધારણ આત્મશક્તિનું અને અનુકંપાનું દર્શન થયું.

જીવાત્મા એવી રીતે પરમાત્માનું શરણ લે તો કશું જ અશક્ય ના રહે. એને સર્વ પ્રકારનાં સંકટોમાંથી મુક્તિ મળી શકે, શાંતિ મળી શકે, શાશ્વત સુખાકારી સાંપડી શકે. વિભુ પોતાનો કૃપાનો વરસાદ વરસાવવા તૈયાર છે, વરસાવે છે, પરંતુ જીવ એ અનુકંપાને ઝીલવા તૈયાર છે ખરો ? જીવની એ તૈયારી ના હોવાથી એ કૃપા દ્રષ્ટીગોચર બનતી નથી કે ઉપલબ્ધ પણ નથી બનતી.

એ અદ્રષ્ટપૂર્વ દ્રશ્યને દેખીને રાજાઓ દ્રૌપદીની પ્રશસ્તિ કરવા લાગ્યા અને દુઃશાશનની નિંદા.

ભીમસેને એ વખતે ક્રોધે ભરાઈને સભામાં ઘોર પ્રતિજ્ઞા કરી કે દુઃશાશનની છાતીને યુદ્ધમાં બળપૂર્વક ચીરી નાખીને હું તેનું લોહી પીશ. મારી એ પ્રતિજ્ઞાને ના પાળું તો મને મારા પૂર્વ પિતામહોની ગતિ ના મળશો.

ભીમસેનની પ્રતિજ્ઞાને સાંભળીને સમસ્ત સભામાં શોરબકોર થઈ રહ્યો.

સૌ દુઃશાશનની નિંદા કરવા લાગ્યા.

દ્રૌપદીના વસ્ત્રને ખેંચતા ખેંચતા દુઃશાશન છેવટે થાકી ગયો અને નિરાશ બનીને નીચે બેસી ગયો.

કર્ણે દ્રૌપદીને રાજભવનમાં લઈ જવા માટે આદેશ આપ્યો એટલે દુઃશાશને એને ખેંચવા માંડી.

દ્રૌપદી ખૂબ જ દુઃખી બનીને બોલી કે મારા માથા પર આટલું બધું કષ્ટ પડી રહ્યું છે તો પણ પાંડવો મૂક બનીને બેસી રહ્યા છે એ આશ્ચર્યકારક છે. એ વિરોધનો અક્ષર પણ નથી ઉચ્ચારતા. એનું કારણ એ અને આ રાજાઓ જાણે. રાજાઓનો ધર્મ કયાં ગયો ? પૂર્વે સ્ત્રીઓને રાજસભામાં નહોતી લાવવામાં આવતી. એ પરંપરાનો આજે લોપ થયો છે. રાજસભામાં સ્ત્રીને લાવીને એના પર વિપત્તિ વરસાવવામાં આવે છે તો પણ ધર્મરક્ષકો, ધર્મજ્ઞો તથા ધર્મધુરંધરો મૂક બનીને જોયા કરે છે !

દુર્યોધને સભાજનો વચ્ચે દ્રૌપદીના દેખતાં વસ્ત્રને ઊંચુ કરીને ભીમને પોતાનું સાથળ બતાવ્યું એટલે ભીમે ક્રોધે ભરાઈને કહ્યું કે દુર્યોધનના સાથળને હું યુદ્ધમાં મારી ગદાથી તોડી નાખીશ. મારી એ પ્રતિજ્ઞા છે.

ભીમના રોમેરોમમાંથી અગ્નિની જ્વાળાઓ સળગવા લાગી.

ભીષ્મે, વિદુરે અને ધૃતરાષ્ટ્રે ભાવિ કુળવિનાશની કલ્પના કરી.

ધૃતરાષ્ટ્રે દ્રૌપદીને આશ્વાસન આપીને ઇચ્છાનુસાર વરદાન માંગવા કહ્યું તો દ્રૌપદીએ માંગ્યું કે યુધિષ્ઠિર દાસત્વ માંથી મુક્તિ મેળવે અને મારા પુત્ર પ્રતિવિન્ધ્યને કોઈ ભૂલેચૂકે પણ દાસપુત્ર ના કહે.

ધૃતરાષ્ટ્રે પ્રસન્ન બનીને બીજા વરદાનને માગવા જણાવ્યું તો દ્રૌપદીએ માગ્યું કે ભીમ, અર્જૂન, સહદેવ, અને નકુલ પણ રથ તથા ધનુષબાણ સાથે દાસ મટી જાય અને સ્વાધીન થાય.

ધૃતરાષ્ટ્રેએ બંને વરદાનને માન્ય રાખીને ત્રીજું વરદાન માગવા માટે જણાવ્યું એટલે દ્રૌપદીએ કહ્યું કે આટલાં વરદાન પૂરતાં છે. લોભ ધર્મનાશનું મૂળ હોવાથી મારે વધારે કોઈ વરદાન નથી માંગવું.

ધૃતરાષ્ટ્રની અનુમતિથી યુધિષ્ઠિરે પોતાના બંધુઓ સાથે રાજ્યના ઉપભોગ માટે ઇન્દ્રપ્રસ્થ તરફ પ્રયાણ કર્યું.

દ્રૌપદીએ એવી રીતે નિમિત્ત બનીને હારેલી બાજીને જીતી આપી. એ એની વિશેષતા.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૬. પાંડવોનો વનવાસ

સ્ત્રીને સામાન્ય રીતે અબળા કહવામાં આવે છે પરંતુ વાસ્તવિક રીતે એવું નથી હોતું. સ્ત્રી અબલા નથી પરંતુ સબલા છે, પરમ શક્તિશાળી છે; સર્વશક્તિમાન મહાદેવીનું પ્રતિક છે. એ પુરુષને મદદરૂપ બને છે ને તારે છે. દ્રૌપદીએ પોતાના જ્યોતિર્મય જીવન દ્વારા એ વાતને પુરવાર કરી આપી.

યુધિષ્ઠિર અતિશય વિવેકી, ડાહ્યા, ધર્મના મર્મને જાણનારા. છતાં પણ એમની નબળાઈ કેટલી બધી મોટી ? એમની નબળાઈ-દ્યુતપ્રિયતા. મહાભારત સૂચવે છે કે મોટા મનાતા અથવા સાચેસાચ મોટા માનવોમાં પણ કેટલીકવાર નાની મોટી નબળાઈ રહેતી હોય છે. યુધિષ્ઠિરમાં પણ નબળાઈ હતી. એ નબળાઈને લીધે એમણે ભૂલ કરી. નબળાઈને લીધે કોઈ માનવ ભૂલ કરે અથવા વિપથગામી બને એ સમજી શકાય તેવું છે, પરંતુ ભૂલને જાણ્યાં પછી બીજી વાર પણ એવી ભૂલનું પુનરાવર્તન કરવા પ્રેરાય એ વધારે કરુણ કહેવાય. યુધિષ્ઠિરે જે દ્યુતક્રીડાની ભૂલ કરીને પોતાનું સર્વસ્વ ગુમાવેલું એ દ્યુતક્રીડાની ભૂલ ફરીવાર કરી. પરિણામે પોતાને ને પાંડવોને હાની પહોંચાડી. એ સંબંધમાં એમનો બચાવ ભાગ્યે જ થઈ શકે. માણસે પોતાની ભૂલમાંથી પદાર્થપાઠ શીખીને ભૂલનું પુનરાવર્તન ના કરવું જોઈએ.

યુધિષ્ઠિર સમજદાર હોવા છતાં બીજીવાર દ્યુતક્રીડા માટે તૈયાર થયા.

ધૃતરાષ્ટ્રે પાંડવોને પોતાની દ્યુતમાં ખોવાયેલી સઘળી સંપત્તિ સાથે પ્રેમપૂર્વક વિદાય કર્યા છે એ જાણીને દુઃશાશને દુર્યોધનને પાંડવોથી સાવધ રહેવા અને યુધિષ્ઠિરને ફરીવાર દ્યુતક્રીડા માટે બોલાવવા કહ્યું.

દુર્યોધને ધૃતરાષ્ટ્ર પાસેથી યુધિષ્ઠિરને ફરી વાર દ્યુત માટે આમંત્રવાની અનુમતિ મેળવી લીધી.

ગાંધારીએ ધૃતરાષ્ટ્રને દુર્યોધનને દ્યુતકર્મની અનુમતિ ના આપવા માટે કહી જોયું, પરંતુ એનું કથન વ્યર્થ ઠર્યું.

યુધિષ્ઠિર દ્યુતની હાનીકારકતાને સમજવાં છતાં પણ દ્યુત રમવા તૈયાર થયા ત્યારે દ્યુતક્રીડા આરંભતા પહેલાં શકુનિએ જણાવ્યું કે આ વખતના દ્યુતકર્મની સાથે અવનવી શરતોને નકકી કરવાંમાં આવી છે. દ્યુતમાં જે હારે તેણે તે શરતોનું પાલન કરવાનું છે. અમે જો તમારાથી હારી જઈએ તો રુરુ મૃગનાં ચર્મને પહેરીને વનમાં જઈએ અને ત્યાં બાર વરસ સુધી વનવાસ કરીએ, તેરમાં વરસે કોઈ ઓળખે નહિ એવી રીતે કોઈ અજ્ઞાત સ્થળમાં રહીએ. તેરમાં વરસે કોઈક કારણે ઓળખાઈ જઈએ તો તેના દંડ તરીકે બીજા બાર વરસ માટે વનમાં વસીએ. દ્યુતમાં જો તમારો પરાજય થાય તો દ્રૌપદી સાથે તમારે બાર વરસ માટે વનમાં વસવું, તેરમાં વરસે અજ્ઞાતવાસ સેવવો, અને એ વરસે ઓળખાઈ જાવ તો બીજાં બાર વરસ માટે વનવાસ ભોગવવો. વનવાસનાં અને અજ્ઞાતવાસના મળીને તેર વરસો સારી પેઠે પૂરાં થાય તો તમારે અથવા અમારે પોતાના રાજયને ફરી વાર પ્રાપ્ત કરવું

દ્યુતની શરતને સાંભળીને સભાજનો દુર્યોધનને અને શકુનિને ધિક્કારવા લાગ્યા. એ બંને એમની દુર્બુદ્ધિયુક્ત તથા સ્વાર્થી દેખાયા. એ શરતો પાછળનો પાંડવો પ્રત્યેનો વિદ્વેષભાવ પણ છૂપો ના રહ્યો.

યુધિષ્ઠિર દ્યુત માટે તૈયાર થયા.

શકુનિ પહેલાંની પેઠે એ દાવમાં પણ શીઘ્ર અને સહેલાઈથી જીતી ગયો.

દ્યુતમાં હારેલાં પાંડવોએ વનવાસની દીક્ષા લીધી અને શ્યામ મૃગચર્મોને તથા ઉત્તરીય વસ્ત્રોને ધારણ કર્યાં.

દુર્યોધનને અને દુ:શાસનને એથી અસાધારણ આનંદ થયો.

દુ:શાસન બોલ્યો કે હવે દુર્યોધનનું શાસનચક્ર પ્રવર્ત્યું છે. પરાજીત પાંડવો મહાવિપત્તિને પામ્યા છે. પાંડવોને અમે સુદીર્ઘ સમય માટે અનંતકાળના નરકમાં નાંખી દીધા છે. જે પાંડવો ધનથી છકી જઇને ધૃતરાષ્ટ્રપુત્રોની હાંસી કરતા તે હવે દ્યુતમાં પરાજય પામીને ધનવૈભવ સંપત્તિ છોડીને વનમાં જાય છે. દ્રૌપદી, આવા પ્રતિષ્ઠા વિનાના, હલકાં અને ઉત્તરીય વસ્ત્રોને ધારણ કરનારા પાંડવો પાસેથી તને શું સુખ મળવાનું છે? તું અહીં જ કોઇ મનગમતાં પતિને વરી લે. કૌરવોમાંથી કોઇક સુપાત્રને વરવાથી તારો ક્લેશ દૂર થશે.

દુ:શાસનનાં કઠોર અનુચિત વચનોને સાંભળીને ભીમના ક્રોધનો પાર ના રહ્યો. એણે જણાવ્યું કે તું શબ્દોના શરથી અત્યારે અમારા મર્મભાગોને વીંધી રહ્યો છે. પરંતું યુદ્ધમાં તારા મર્મસ્થળ વીંધીને એનો બદલો લઇશ. ક્રોધ અને લોભને વશ થઇને જે તને અનુસરે છે તે સૌને હું સપરિવાર યમલોકમાં પહોંચાડીશ.

પાંડવો સભામાંથી બહાર જવા લાગ્યા ત્યારે દુર્યોધન ભીમની પેઠે ચાલીને તેમના ચાળા પાડવા લાગ્યો. એને દેખીને ભીમે જણાવ્યું કે આ કામને આટલે આવીને પુરૂ થયેલું માનીશ નહીં. થોડા વખતમાં તને સપરિવાર મારીને હું તારા પરિહાસનો જવાબ આપીશ. હું તારો નાશ કરીશ, અર્જૂન કર્ણનો નાશ કરશે, અને સહદેવ શકુનિને મારશે.

અર્જૂને પણ પોતાના પરાક્રમની ભાષામાં જણાવ્યું કે મારી સાથે યુધ્ધ કરનારા સૌને યમસદનમાં પહોંચાડીશ. આજથી ચૌદમાં વરસે દૂર્યોધન જો અમારા રાજયને સત્કારપૂર્વક પાછુ નહિં આપે તો તેનું પરિણામ ખરેખર ખુબ જ વિનાશક આવશે.

સહદેવે અને નકુલે પણ પોતપોતાની રીતે કૌરવોના કુકર્મનો બદલો લેવાની પ્રતિજ્ઞા કરી.

વિદુરે વનવાસના વિપરીત વખત દરમિયાન દ્રૌપદીને પોતાને ત્યાં આશ્રય આપવાની શુભેચ્છા પ્રદર્શાવી પરંતુ દ્રૌપદી પાંડવો સાથે વનમાં જવા માટે કૃતસંકલ્પ હતી. એણે એ માટે કુંતીના આશીર્વાદ માગ્યા.

પાંડવો દ્રૌપદી તથા ધૌમ્ય મુનિ સાથે હસ્તિનાપુરમાંથી બહાર નીકળ્યા.

કાળ ક્યારે શું કરશે તેની ખબર કોને પડે છે ? તેની પૂર્વમાહિતી કોને મળે છે ? એની લીલા અકલ્પ્ય, અવર્ણનીય, અજબ છે.

એને લીધે પાંડવોનો જીવનપ્રવાહ બીજી દિશામાં વહેવા લાગ્યો.

☼ ☼ ☼ ☼ ☼

(સભા પર્વ સમાપ્ત)

વડોદરા, રામનવમી, ૨–૧–૧૯૮૩ ગુરુવાર

# વન પર્વ

## ૭૭. અક્ષયપાત્ર

સૂર્યોપાસના પ્રાચીન કાળથી પ્રવર્તમાન છે. એની શક્તિ અસાધારણ, અસીમ અને અમોઘ છે. જે પણ પરમ શ્રદ્ધાભક્તિથી પ્રેરાઇને એનો આધાર લે છે તે સફળ મનોરથ અને કૃતાર્થ થાય છે. મહાભારતના વનપર્વના ત્રીજા અધ્યાયમાં એ ઉપાસનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એનું વિહંગાવલોકન કરી લઇએ.

યુધિષ્ઠિર દુર્યોધન સાથેના દ્યુતમાં સર્વ કાંઇ હારી ગયા અને પાંડવો તથા દ્રૌપદી વનમાં જવા નીકળ્યા ત્યારે એમના પ્રત્યે અનુરાગ અને આદરભાવ રાખનારા કેટલાક વેદજ્ઞ સદાચારી બ્રાહ્મણો પણ એમની સાથે જવા તૈયાર થયા. યુધિષ્ઠિરે એમને સમજાવવાના તથા યેનકેન પ્રકારેણ પાછા વાળવાના પર્યાપ્ત પ્રયત્નો કરી જોયા, પરંતુ એ પ્રયત્નો સફળ ના થયા. વનમાં અતિથિ તરીકે આવનારા વેદવેત્તા બ્રાહ્મણોનો ને અન્ય માનવોનો સમુચિત સત્કાર કરવા જેટલી સામગ્રીના અભાવને લીધે પોતાને દયનીય દશામાં મુકાવું પડે, અને સ્વભાવસહજ સેવાધર્મનું અનુષ્ઠાન ના થઇ શકે તો જીવનનો અર્થ પણ શો રહે, એ વિચારથી એમની ચિંતા તથા પીડા પરાકાષ્ઠાએ પહોંચી.

એમની સમસ્યાને સહાનુભૂતિપૂર્વક સમજીને ધર્માત્માશ્રેષ્ઠ મહર્ષિ ધૌમ્યે એમને સૂર્યોપાસનાનો ઉપદેશ આપતાં જણાવ્યું કે સૂર્ય સર્વે પ્રાણીઓનો પિતા અથવા સમસ્ત જગતનો આત્મા છે. તમે એનું શરણ લો. સૂર્યનું શરણ સ્વીકારીને ધર્માનુસાર તપશ્ચર્યામાં પ્રવૃત્ત થવાથી તમારા પર જે વિશેષ અનુગ્રહ થશે તેથી તમારી ચિંતા દૂર થશે ને તમે સૌનું પાલન કરી શકશો.

યુધિષ્ઠિરને એ સદુપદેશથી  સંતોષ થયો.

સ્વનામધન્ય ધર્માત્મા શ્રેષ્ઠ મહર્ષિ ધૌમ્યે યુધિષ્ઠિરને સૂર્યનારાયણનાં એકસો આઠ નામો કહી બતાવ્યાં. તે નામો આ પ્રમાણેઃ સૂર્ય, અર્યમા, ભગ, ત્વષ્ઠા, પૂષા, અર્ક, સવિતા, રવિ, ગભસ્તિમાન્, અજ, કાલ, મૃત્યુ, ધાતા, પ્રભાકર, પૃથ્વી, જલ, તેજ, આકાશ, વાયુ, સોમ, બૃહસ્પતિ, શુક્ર, બુધ, અંગારક, ઇન્દ્ર, વિવસ્વાન્, દીપ્તાંશુ, શુચિ, શૌરિ, શનૈશ્વર, બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, સ્કંદ, યમ, વૈદ્યુતાગ્નિ, જઠરાગ્નિ, ઐન્ધનાગ્નિ, તેજપતિ, ધર્મધ્વજ, વેદકર્તા, વેદાંગ, વેદવાહન, સત્યયુગ, ત્રેતા, દ્વાપર, કલિયુગ, કલા, કાષ્ઠા, મુહૂર્ત, ક્ષપા, યામ, ક્ષણ, સંવત્સરકર, અશ્વત્થ, કાલચક્ર, વિભાવસુ, વ્યકતાવ્યક્ત પુરુષ, શાશ્વત યોગી, કાલાધ્યક્ષ, પ્રજાધ્યક્ષ, વિશ્વકર્મા, તમોનુદ, વરુણ, સાગર, અંશ, જીમૂત, જીવન, અરિહા, ભૂતાશ્રય, ભૂતપતિ, સ્રષ્ટા, સંવર્તક, વહનિ, સર્વાદિ, અલોલુપ, અનંત, કપિલ, ભાનુ, કામદ, સર્વતોમુખ, જય, વિશાલ, વરદ, મન, સુપર્ણ, ભૂતાદિ, શીઘ્રગ, ધન્વન્તરિ, ધૂમકેતુ, આદિદેવ, દિતિસૂત, દ્વાદશાત્મા, અરવિંદાક્ષ, પિતા, માતા, પિતામહ, સ્વર્ગદ્વાર, પ્રજાદ્વાર, મોક્ષદ્વાર, ત્રિવિષ્ટપ, દેહકર્તા, પ્રશાંતાત્મા, વિશ્વાત્મા, વિશ્વતોમુખ, ચરાચરાત્મા, સૂક્ષ્માત્મા, મૈત્રેય.

એ નામો બ્રહ્માએ કહેલાં છે. એમનો ફળનિર્દેશ કરતાં એમણે જણાવ્યું કે સૂર્યોદય સમયે શુદ્ધ અને એકાગ્ર મનથી એ નામોનો પ્રેમપૂર્વક પાઠ કરનાર પુત્ર-સ્ત્રી, ધન-રત્ન, દ્યુતિ તથા મેધા મેળવે છે, અને બીજા જન્મમાં પૂર્વજન્મના જ્ઞાન સાથે જન્મે છે. દેવાધિદેવ દિવાકરના આ સરસ સ્તોત્રપાઠથી શોકરૂપ સંસારસાગરમાંથી મુક્તિ મળે છે ને સઘળી ઇચ્છાઓની પૂર્તિ થાય છે.

ધર્માત્માશ્રેષ્ઠ ધૌમ્યનો સદુપદેશ સાંભળીને ધર્મરાજ યુધિષ્ઠિરે સૂર્યોપાસના માટે તપનો આરંભ કર્યો. એમણે સ્નાન, આચમન, પ્રાણાયામ કરીને ભગવાન સૂર્યનારાયણની સ્તુતિ કરી. એમની ઉપાસનાથી પ્રસન્ન થયેલા સૂર્યનારાયણ તેજોમય સ્વરૂપને ધારણ કરીને પ્રગટ થયા ને બોલ્યા કે તમારી સઘળી ઇચ્છાઓ મારી કૃપાથી પૂરી થશે. તમને બાર વરસ સુધી પ્રતિદિન અન્ન મળ્યા કરશે. આ તાંબાનું પાત્ર તમને અર્પણ કરું છું. એમાં તૈયાર કરેલી રસોઇ દ્રૌપદી પીરસતી રહેશે ત્યાં સુધી કદી ખૂટશે નહીં. તેર વર્ષ પૂરાં થયા પછી તમને પુનઃ રાજ્યપ્રાપ્તિ થશે.

એટલું કહીને એ અદૃશ્ય થઇ ગયા.

સૂર્યનારાયણના સ્તોત્રપાઠનો મહિમા ઘણો મોટો છે. પવિત્ર હૃદયથી એ સ્તોત્રનો આધાર લેનારના સર્વ મનોરથ પૂર્ણ થાય છે. સવાર-સાંજ એનો પાઠ કરનાર સર્વે પ્રકારનાં બંધન તથા સંકટમાંથી મુક્તિ મેળવે છે.

સૂર્યનારાયણ ભગવાને અર્પણ કરેલું એ અક્ષયપાત્ર પાંડવોને માટે અમોઘ આશીર્વાદરૂપ થઇ પડ્યુ. એની મદદથી એમની અતિથિસેવા સારી રીતે ચાલુ રહીં. દ્રૌપદી જ્યાં સુધી ભોજન ના કરતી ત્યાં સુધી એની ખાદ્યસામગ્રી ખૂટતી નહીં. ભોજન ગમે તેટલું તૈયાર કર્યું હોય તો અખૂટ બની જતું યુધિષ્ઠિર સૌથી પહેલાં બ્રાહ્મણોને જમાડતા, પછી પોતાના ભાઇઓને, પછી અતિથિઓને, અને છેવટે પોતે જમતા. સૌથી છેલ્લે દ્રૌપદી જમતી. એ પછી ખાદ્યસામગ્રી આપોઆપ ખૂટી જતી.

એવું અદભુત અક્ષયપાત્ર સમાજસેવા માટે કેટલું બધું કામ લાગે ? આજે એવું સ્થૂળ અક્ષયપાત્ર નથી દેખાતું પરંતુ સૂક્ષ્મ પાત્ર તો છે જ. માનવના અંતરની ઉદારતા, ઉદાત્તતા અને નિઃસ્વાર્થ સેવાભાવના એક અસાધારણ અક્ષયપાત્ર છે. એ અક્ષયપાત્રની મદદથી માનવ સેવાભાવનાથી સંપન્ન બનીને સેવાકર્મ કરતો રહે તો એની સામગ્રી અનંત બને અને અન્યને માટે આશીર્વાદરૂપ ઠરે.

યુધિષ્ઠિરે કરેલી સૂર્યની સ્તુતિનો સારભાગ આ પ્રમાણે છેઃ

"હે ભાનુ ! તમે જગતના નેત્રરૂપ છો. સર્વ દેહધારીઓના આત્મા છો. પ્રાણીમાત્રના જન્મસ્થાન છો. ક્રિયાવાનોના આચારરૂપ છો. સર્વજ્ઞાનનિષ્ઠોની ગતિરૂપ છો. યોગીઓના આશ્રય છો. મુમુક્ષુઓની ગતિ છો. તેમનું મોક્ષદ્વાર છો. તમે જ લોકને ધારણ કરો છો, તમે જ લોકને પ્રકાશ આપો છો, તમે જ તેને પવિત્ર કરો છો. તમે જ તેને પાળો છો. હે ઋષિગણોથી પૂજા પામેલા ! વેદમાં પારંગત થયેલા બ્રાહ્મણો તમારી આગળ યોગ્ય કાળે આવીને પોતાની વેદની શાખાએ નિશ્ચિત કરેલા મંત્રો વડે તમારું પૂજન કરે છે. વરદાનની ઇચ્છા રાખતા સિદ્ધો, ચારણો, ગંધર્વો, યક્ષો, ગુહ્યકો અને પન્નગો તમારા ચાલ્યા જતા દિવ્યરથને અનુસરે છે. શ્રેષ્ઠ વિદ્યાધરો દિવ્ય મંદારમાલાઓથી તમને અર્ચન આપીને પોતાના મનોરથોની પૂર્ણ સિદ્ધિ મેળવે છે. સર્વ જ્યોતિઓ તમારામાં રહેલી છે. તમે જ સર્વ જ્યોતિઓના સ્વામી છો. ધર્મ, જ્ઞાન, વિરાગ અને ઐશ્વર્ય આદિ સાત્વિક ભાવો તમારામાં રહેલા છે. જે સુદર્શન ચક્રથી સારંગપાણિ ભગવાને દેવશત્રુઓના મદનો નાશ કર્યો હતો, તે વિશ્વકર્માએ તમારા તેજથી જ કર્યું હતું. ઉનાળામાં તમે તમારાં કિરણોથી સર્વદેહધારીઓના તથા સર્વ ઔષધિઓના રસના તેજને લો છો ને ફરી વર્ષામાં તેની વૃષ્ટિ વરસાવો છો. વર્ષાઋતુમાં તમારાં કિરણોમાંના કેટલાંક તાપ આપે છે. કેટલાંક દાહ આપે છે, અને કેટલાંક મેઘરૂપ થઇ ગર્જના કરે છે.

વીજળીના ચમકારા નાખે છે. જલધારા વરસાવે છે. તમે ઉદય ના પામો તો આ જગત અંધકારમય થઇ જાય અને બુદ્ધિમાનો ધર્મ, અર્થ અને કામમાં પ્રવૃત્તિ કરી શકે નહિં. તમે મનુઓના, મનુપુત્રોના, જગતના, અમાનવોના મન્વતરોના અને સર્વ ઇશ્વરોના ઇશ્વર છો. તમે ઇન્દ્ર કહેવાઓ છો, રુદ્ર છો, વિષ્ણુ છો, પ્રજાપતિ છો, અગ્નિ છો, સૂક્ષ્મ મન છો, પ્રભુ છો, સનાતન બ્રહ્મ છો.

સાતમ કે છઠે જે માણસ અહંકારરહિત અને પૂજનપરાયણ રહીને તમારી ભક્તિપૂર્વક પૂજા કરે છે તેને સાક્ષાત્ લક્ષ્મી સેવે છે. જેઓ અનન્ય ચિત્તે તમને અર્ચન વંદન કરે છે, તેમને આપત્તિઓ, આધિઓ અને વ્યાધિઓ આવતાં નથી. તમારામાં જ ભાવમય થયેલા ભક્તો સર્વરોગોથી રહિત થાય છે, સર્વપાપોથી મુક્ત થાય છે, સુખી થાય છે અને દીર્ઘાયુ ભોગવે છે. આ લોકમાં વરદાનને ઇચ્છતો બીજો કોઇ માણસ પણ જો સ્વસ્થ મનથી નિયમપરાયણ રહીને આ સ્તોત્રનો પાઠ કરે છે તો સૂર્ય ભગવાન તેને તેનું ઇચ્છેલું ફળ આપે છે. ભારે દુર્લભ હોય તેને પણ પ્રાપ્ત કરે છે. જે પુરુષ કે સ્ત્રી આ સ્તોત્રને નિત્ય હૃદયમાં રાખે છે અથવા સાંભળે છે. તે પુત્રાર્થી હોય તો પુત્ર પામે છે, ધનાર્થી હોય તો ધન પામે છે, અને વિદ્યાની કામનાવાળો હોય તો વિદ્યા પામે છે. જે સ્ત્રી કે પુરુષ બેઉ સંધ્યાકાળે આ સ્તોત્રનો નિત્યપાઠ કરે છે તે આપત્તિમાંથી છૂટે છે. બંધનમાં બંધાયેલા બંધનથી છૂટાં થાય છે. આ સ્તોત્ર પૂર્વે બ્રહ્માએ ઇન્દ્રને આપ્યું હતું. ઇન્દ્ર પાસેથી તે નારદને મળ્યું હતું. અને નારદ પાસેથી ધૌમ્યને પ્રાપ્ત થયું હતું. યુધિષ્ઠિરે તે ધૌમ્ય પાસેથી મેળવીને સર્વ મનોરથો સિદ્ધ કર્યા હતા. આ સ્તોત્રનો પાઠ કરનારો સંગ્રામમાં નિત્ય વિજય મેળવે છે, વિપુલ ધનસંપત્તિ મેળવે છે, સર્વ પાપોથી મુક્ત થાય છે, અને છેવટે સૂર્યલોકને વિષે જાય છે."

☼ ☼ ☼ ☼ ☼

## ૭૮. શરણની શક્તિ

નીતિ, ન્યાય, સત્ય અને સદાચારના માર્ગે આગળ વધનારાનો માર્ગ સદાને સારુ સાફ નથી હોતો. એ માર્ગે અહર્નિશ એકધારી અનુકૂળતા હોય છે એવું નથી હોતું; પ્રતિકૂળતાની પરંપરા પણ પેદા થાય છે. સુખને બદલે દુઃખ, સંપત્તિને બદલે વિપત્તિ, સ્તુતિને બદલે નિંદા, હર્ષને બદલે શોક, અને અમૃતને બદલે વિષનો અનુભવ પણ કરવો પડે છે. તો પણ એનું પરિણામ સદા સુનિશ્ચિત રીતે સારૂં, સાનુકૂળ અથવા અમૃતમય હોય છે. નીતિ, ન્યાય, સત્ય અને સદાચારના મંગલમય માર્ગે ચાલનારની સદા સદગતિ થાય છે અને જો સહેજ પણ સાચી શ્રદ્ધાભક્તિ હોય તો પરમાત્માની પરમ શક્તિ એની રક્ષા કરે છે. દ્રૌપદી તથા પાંડવોના જીવનવૃતાંત પરથી એની સંતોષકારક પરિપૂર્ણ પ્રતીતિ થાય છે.

પાંડવો દ્રૌપદી સાથે નગરની જેમ વનમાં પણ સુખશાંતિપૂર્વક નિવાસ કરે છે એવું જાણીને દુર્બુદ્ધિ દુર્યોધનને દુઃખ થયું. એ એના સાથીદારો તથા મંત્રીઓ સાથે મળીને એમને અધિકાધિક આપત્તિમાં નાખવાની યોજના ઘડવા લાગ્યો. એ સમય દરમિયાન એક વાર પરમ તપસ્વી મહર્ષિ દુર્વાસા પોતાના દસ હજાર શિષ્યો સાથે એને ત્યાં અતિથિ તરીકે આવી પહોંચ્યા. દુર્યોધને એમનું અસાધારણ આદરભાવ તથા શ્રદ્ધાભક્તિ સહિત સ્વાગત અને આતિથ્ય કર્યું.

દિવસોના દીર્ઘકાળના આતિથ્યથી પ્રસન્ન થયેલા દુરારાધ્ય દુર્વાસાએ એને વરદાન માગવાનું કહ્યું. દુર્યોધનની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં. એ એ જ પળની પ્રતીક્ષા કરતો હતો. કર્ણ તથા દુઃશાસન જેવા સાથીઓની સલાહ પ્રમાણે એણે અગાઉથી જ વરદાનના વિષયનો નિર્ણય કરી રાખેલો. તદનુસાર એણે જણાવ્યું કે અમારા કુળમાં યુધિષ્ઠિર સૌથી શ્રેષ્ઠ અને જયેષ્ઠ છે. સદગુણી, સચ્ચરિત્ર અને સત્યશીલ છે. મારે માગવાનું વરદાન એ જ છે કે એમની પાસે જઇને તમે એમના શિષ્યો સાથે અતિથિ બનો. મારી ઉપર સાચેસાચ અનુગ્રહ કરવા માગતા હો તો એવે વખતે એમના અતિથિ બનો કે જ્યારે દ્રૌપદી પાંડવો ને અન્ય અતિથિ અભ્યાગતોને જમાડી, સ્વયં ભોજન કરીને, સુખશાંતિપૂર્વક વિશ્રામ કરતી હોય.

દુર્વાસાએ એની આકાંક્ષાનુસાર કરવાની અનુમતિ આપી એટલે એની પ્રસન્નતા પરાકાષ્ઠા પર પહોંચી. એ પોતાને કૃતકૃત્ય સમજવા લાગ્યો. એણે માગેલા વરદાન પાછળ દ્રૌપદીને તથા પાંડવોને મુશ્કેલીમાં મૂકવાનો ને ક્રુદ્ધ બનેલા દુર્વાસા દ્વારા શાપ અપાવવાનો આશય સ્પષ્ટ હતો. પરંતુ એને ખબર નહોતી કે જેને રામ, સર્વાન્તર્યામી સર્વશક્તિમાન શ્યામ, રાખે તેને કોણ મારી શકે ? ભૂતકાળના અત્યાર સુધીના અનુભવોમાંથી એ આવશ્યક અને આશીર્વાદરૂપ એવું કશું જ નહોતો શીખ્યો.

એ પછી અનુકૂળ અવસર આવતાં મહામુનિ દુર્વાસા વનમાં વસતા પાંડવો પાસે પહોંચી ગયા. દસ હજાર શિષ્યો સાથે અતિથિરૂપે પધારેલા તપસ્વીશ્રેષ્ઠ દુર્વાસાનું પાંડવોએ સમુચિત સ્વાગત કર્યું. યુધિષ્ઠિરે એમને સ્નાનાદિથી પરવારીને શિષ્યમંડળી સાથે ભોજન માટે આવવાનું આમંત્રણ આપ્યું. દુર્વાસા મુનિ શિષ્યો સાથે સરિતાતટ પર સ્નાન તથા ધ્યાન માટે ગયા.

દ્રૌપદીને એ બધી માહિતી મળી ત્યારે એ વિચારમાં પડીને ચિંતામાં ડૂબી ગઇ. સૌને ભોજન કરાવીને એ પોતે ભોજન કરી ચૂકી હોવાથી સૂર્યનારાયણ ભગવાને પ્રદાન કરેલા પાત્રમાંથી હવે અધિક અન્નની પ્રાપ્તિ

માટે લેશ સંભવ ન હતો. એ અવસ્થામાં દુર્વાસામુનિનું એમની શિષ્યમંડળી સાથે આતિથ્ય કેવી રીતે કરી શકાશે એની એને સમજ ના પડી.

પરંતુ પ્રતિકૂળતાથી ડરી, ડગી કે ગભરાઇ જાય તે ભક્ત ના કહેવાય. દ્રૌપદી ભગવાન કૃષ્ણની એકનિષ્ઠ પરમભક્ત હતી. એણે એમનું શરણ લીધું અને એમને પ્રાર્થતાં એમની આગળ આત્મનિવેદન કરવા માંડયું.

ભક્તવત્સલ ભગવાન કૃષ્ણ દ્રૌપદીની પ્રાર્થના સાંભળીને સત્વર એની પાસે પહોંચ્યા. દ્રૌપદી એમનાં દર્શનથી પ્રશાંતિ પામી એની પ્રાર્થનાના પ્રયોજનને જાણીને કૃષ્ણે કહ્યું: દ્રૌપદી, મને ભૂખ લાગી હોવાથી પહેલાં ભોજન કરાવ.

દ્રૌપદીએ પોતાની પરિસ્થિતિ જણાવી એટલે ભગવાન કૃષ્ણે સૂર્યનારાયણે પ્રદાન કરેલું પાત્ર મંગાવીને જોયું તો એની અંદર શાકનું એક ફોડવું ચોંટી રહેલું. ભગવાને વિશ્વરૂપ, યજ્ઞાધિપતિદેવ અને સમસ્ત સૃષ્ટિની સંતૃપ્તિનો સંકલ્પ કરીને એને આરોગી લીધું. એ પછી ભીમને દુર્વાસાદિને બોલાવવાનો આદેશ આપ્યો.

દુર્વાસા એમના શિષ્યો સાથે સ્નાનાદિ સત્કર્મમાં રત હતા એ જ વખતે ભગવાન કૃષ્ણના પરમ અદભુત અસીમ સામર્થ્યને લીધે એમને આકંઠ તૃપ્તિનો અનુભવ થયો એને અજીર્ણ થયા જેવું લાગ્યું. શિષ્યોએ ઉપરાઉપરી ઓડકાર ખાતાં મુનિની આગળ ભોજનની અનિચ્છા દર્શાવી. દુર્વાસાની દશા પણ એવી જ હતી. એમણે કહ્યું કે આપણે પાંડવોને ભોજનની તૈયારીનો આદેશ આપીને નકામો પરિશ્રમ કરાવ્યો, એમના ભોજનનો દુરુપયોગ કરીને દોષપાત્ર બન્યા. પાંડવો જેવા પરમ ભગવદભક્તોનો અપરાધ અતિશય અનર્થકારક થઇ શકે છે. એ સંબંધમાં રાજર્ષિ અંબરીષનું ઉદાહરણ હજુ નથી ભુલાયું. પાંડવો ક્રોધે ભરાઇને આપણને સૌને ભસ્મિભૂત પણ કરી શકે એમ છે. એટલા માટે એમને પૂર્વસૂચના આપ્યા સિવાય જ આપણે વિદાય થઇએ એ ઠીક થશે.

એ સૌ વિદાય થયા તે પછી ભીમ સરિતાતટ આગળ આવી પહોંચ્યો. ત્યાંના તપસ્વીઓના શ્રીમુખથી સઘળા સમાચાર સાંભળીને ભીમે તથા અન્ય પાંડવોએ વિવિધ વિચારો કરવા માંડયા.

ભગવાન કૃષ્ણે કરેલી વિશેષ કૃપાની માહિતી મેળવીને એમની ચિંતા શમવાથી એમને શાંતિ વળી.

ભગવાન કૃષ્ણની અસાધારમ અનુકંપાને લીધે દુર્બુદ્ધિયુક્ત દુર્યોધનની એમને શાપ અપાવવાની ને દુઃખી બનાવવાની યોજના લેશ પણ સફળ ના થઇ.

દ્રૌપદીને અને પાંડવોને અનેક પ્રકારે આશ્વાસન આપીને કૃષ્ણ ત્યાંથી ચાલી નીકળ્યા. એમણે આરોગેલા એક જ પત્રે સૌને સંતૃપ્તિ પૂરી પાડી, કારણકે એ સમસ્ત સૃષ્ટિસ્વરૂપ, સર્વરૂપ હતાં.

કથા કહે છે કે ભગવાનનું શરણ અને સ્મરણ સર્વ પ્રકારનાં સંકટમાંથી મુક્તિ આપનારું ને શાંતિ સમર્પનારું છે. દ્રૌપદીની જેમ જીવ એનો અનુરાગપૂર્વક અંતરના અંતરતમમાંથી આશ્રય લે છે તો નિશ્ચિંત, નિર્ભય, સફળમનોરથ, ધની ને ધન્ય બને છે. એનું અલ્પ પણ ભગવાનના અસાધારણ અનુગ્રહથી અનંત બને છે, અમૃત ઠરે છે, પરમ તૃપ્તિ ધરે છે.

જીવનનું પરમ અક્ષયપાત્ર આજે ખાલી પડ્યું છે. એમાં સુખ શાંતિ, સમૃદ્ધિ, સંતૃપ્તિની સૃષ્ટિ નથી થતી. એને લીધે માનવ બેચેન તથા દુઃખી છે. જો એનો સંબંધ પરમાત્માની સાથે થાય તો એમના અમોલ અનુગ્રહથી જીવન ઉજ્જવલ બને અને સુખશાંતિનો અક્ષયભંડાર ભરાઇ જાય. સ્વલ્પ જ શ્રદ્ધા-ભક્તિ કે સમર્પણયુક્ત સ્નેહભાવના હોય તોપણ પરમાત્મા એને વિરાટ કરે, અસીમ ગણે, અને અનંતગણું ફળ આપીને કૃતકૃત્યતા ધરે.

☼ ☼ ☼ ☼ ☼

# ૭૯. મૈત્રેય મુનિનો શાપ

પાંડવો વનમાં વસતા હતા તે દરમિયાન એકવાર ધૃતરાષ્ટ્ર પાસે મૈત્રેય મુનિ પધાર્યા.

ધૃતરાષ્ટ્રે એમનું વિધિપૂર્વક સન્માનની ભાવનાથી પ્રરાઇને સ્વાગત કર્યું.

મૈત્રેય મુનિ સુયોગ્ય આસન પર વિરાજ્યા એટલે ધૃતરાષ્ટ્રે એમને પૂછ્યું કે તમે કુરુજાંગલ દેશમાં સુખશાંતિપૂર્વક વિહરીને અહીં કુશળતાપૂર્વક પહોંચ્યા છો ને ? વનમાં પાંડવો સ્વસ્થતાપૂર્વક કોઇ પણ પ્રકારના વિષાદ વિના વસે છે ? એ એમની શરત પ્રમાણે વનમાં જ વસવા ઇચ્છે છે ને ?

ધૃતરાષ્ટ્રના પ્રશ્નોના પ્રત્યુત્તરમાં મહામુનિ મૈત્રેયે જણાવ્યું કે તીર્થયાત્રાના નિમિત્તથી કુરુજાંગાલ દેશમાં પ્રવેશેલો અને ધર્મરાજ યુધિષ્ઠિરને તથા પાંડવોને મળેલો. જટા તથા મૃગચર્મને ધારનારા તેમને જોવા કે મળવા માટે ત્યાં મુનિમંડળો આવેલાં. ત્યાં મેં તમારા પુત્રોને થયેલી બુદ્ધિની ભ્રાંતિ, તેમણે કરેલા દ્યુતના અન્યાય, અને એને લીધે પેદા થયેલા મહાન ભય અથવા અસાધારણ અમંગલ સંબંધી વાતોને સાંભળી, મને તમારે માટે ને કૌરવોને માટે વિશેષ લાગણી તેમ જ સ્નેહ હોવાથી હવે હું તમને મળવા માટે અહીં આવ્યો છું. તમારા, ભીષ્મના ને દ્રોણના જેવાના જીવતાં કૌરવ-પાંડવો આવી રીતે વિરોધ કરે તે યોગ્ય નથી. તમે એવા અસાધારણ અન્યાયના મૂક દૃષ્ટા બનીને બેસી રહ્યા છો તે બરાબર નથી. આ સભામાં પાંડવો પ્રત્યે છળયુક્ત લૂંટારા જેવું વર્તન કરવામાં આવ્યું છે.

મૈત્રેય મુનિએ દુર્યોધનને પણ જણાવ્યું કે હું તારા હિતને માટે જે કાંઇ કહું છું તેને શાંતિથી સાંભળી લે. તું પાંડવોનો દ્રોહ કરવાને બદલે તારું, પાંડવોનું ને સૌ કોઇનું પ્રિય કર. પાંડવો શૂરવીર છે, પરમ પરાક્રમી છે, દસ હજાર હાથીઓના જેવા બળવાળા અને વજ્રના જેવી લોખંડી કાયાવાળા છે. સત્ય વ્રતને ધારણ કરનારા, પુરુષાર્થના ગૌરવવાળા, ઇચ્છાનુસાર રૂપ લેનારા, અને રાક્ષસોને હણનારા છે. એ અહીંથી નીકળીને રાતે આગળ વધતા હતા ત્યારે ભયંકર સ્વરૂપવાળો રાક્ષસ કિર્માર એમનો રસ્તો રોકીને ઊભો રહેલો. ભીમે તેને વાઘ હરણને પૂરું કરે તેમ પૂરો કરી નાખેલો. હજાર હાથીઓના બળવાળા જરાસંઘનો નાશ ભીમે દિગ્વિજય વખતે કેવો સહેલાઇથી કરી નાંખેલો તેને પણ યાદ કર. પાંડવો સામે યુદ્ધમાં કોઇ પણ ઊભો રહી શકે તેમ નથી. માટે ક્રોધને તથા દ્વેષને તિલાંજલિ આપીને એમની સાથે સલાહ-સંપથી રહેવાનું પસંદ કર.

મૈત્રેય મુનિએ એ પ્રમાણે કહેતા હતા ત્યારે દુર્યોધન હસીને હાથીની સૂંઢના જેવા આકારવાળા પોતાના સાથળને હાથથી થાબડીને પગથી જમીનને ખોતરવા લાગ્યો. તે દુર્બુદ્ધિ કશું જ બોલ્યો નહિ અને નીચું મુખ રાખીને બેસી રહ્યો. દુર્યોધનને આંખ આડા કાન કરતો તથા જમીન ખોતર્યા કરતો જોઇને મૈત્રેય મુનિને ક્રોધ ચઢયો. કોપને વશ થયેલા મુનિવર્ય મૈત્રેયે વિધિથી પ્રેરાઇને એને શાપ આપવાનો મનમાં વિચાર કર્યો. ક્રોધથી લાલચોળ નેત્રવાળા મૈત્રેયે જલ સ્પર્શ કરીને દુષ્ટાત્મા દુર્યોધનને શાપ આપ્યો કે તું મારો અનાદર કરીને મારી આ વાતને માનવા ઇચ્છતો નથી, તેથી તારા એ અભિમાનનું ફળ તને તરત જ મળશે. તારા  દ્રોહને લીધે મહાયુદ્ધ ઊભું થશે. અને બલવાન ભીમ તેમાં ગદાપ્રહારથી તારાં સાથળોને ભાંગી નાખશે. મુનિએ એ પ્રમાણે કહ્યું એટલે ધૃતરાષ્ટ્ર ભયભીત બનીને તેમને પ્રસન્ન કરવા માંડયા.

મૈત્રેયે કહ્યું કે તારો પુત્ર જો શાંત થશે તો આ શાપ નહિ લાગે. પણ જો એથી ઊલટું થશે તો શાપ લાગશે જ.

મૈત્રેયમુનિ જેમ આવ્યા હતા તેમ ચાલ્યા ગયા; અને કિર્મીરના વધની વાતથી ઉદવેગ પામેલો દુર્યોધન બહાર ચાલ્યો ગયો.

મૈત્રેયમુનિ આવેલા ધૃતરાષ્ટ્રને મળવા માટે પરંતુ દુર્યોધનને શાપ આપીને વિદાય થયા એ શું દર્શાવે છે ? એ જ કે જે થવાનું હોય છે તે થઇને જ રહે છે. ધૃતરાષ્ટ્રે અને દુર્યોધને મહામુનિ મૈત્રેયની સાચી શિખામણ ના સાંભળી. દુર્યોધને તો શિષ્ટાચારયુક્ત ના કહેવાય એવો અમંગલ વ્યવહાર પણ કર્યો. એવી રીતે મુનિની અવજ્ઞા કરી. એ અવજ્ઞાના પરિણામરૂપે એમને અભિશાપના ભાગી બનવું પડયું. મહામુનિ મૈત્રેયે ધૃતરાષ્ટ્રને અને દુર્યોધનને બંનેને પાંડવો સાથે પ્રેમપૂર્વક રહેવાનો અવસર પૂરો પાડેલો પરંતુ એ એનો લાભ ના લઇ શક્યા. એટલે દુર્યોધનની દુર્બુદ્ધિ કાયમ રહી અને વિદ્વેષનો વહ્નિ વધારે ને વધારે બળવાન બનતો ગયો. ધૃતરાષ્ટ્રે તથા દુર્યોધને મહામુનિ મૈત્રેયની સલાહને માની હોત તો પરિસ્થિતિ જુદી જ હોત. મહાભારતના ઇતિહાસનું આલેખન અન્ય પ્રકારે કરાયું હોત. પરંતુ એમણે એમની સલાહને ના સ્વીકારી એ એમનું દુર્ભાગ્ય.

મહાપુરુષોનું અપમાન કદી પણ કલ્યાણકારક નથી બનતું. એમના આશીર્વાદ અને અભિશાપ અમોઘ ઠરે છે. મહાભારતનો આગળનો ઇતિહાસ એની પ્રતીતિ કરાવશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૮૦. કૃષ્ણનું વરદાન

વનવાસના વિકટ વખત દરમિયાન એકવાર શ્રીકૃષ્ણ પાંડવો પાસે પધાર્યા.

ધૃષ્ટદ્યુમ્ન આદિ વીર ભાઇઓથી ઘેરાયેલી અને શરણ ઇચ્છતી પાંચાલી યુધિષ્ઠિરાદિ ભાઇઓ સાથે બેઠેલા કમલનયન શરણાગતવત્સલ શ્રીકૃષ્ણ પાસે ગઇ અને ક્રોધપૂર્વક કહેવા લાગી કે અસિતદેવલે કહ્યું છે કે પૂર્વે પ્રજાના સર્જનકાલે એક તમે જ હતા; તમે જ પ્રજાપતિ અને સર્જનહાર છો. જમદગ્નિના પુત્ર પરશુરામે કહ્યું છે, તેમ તમે વિષ્ણુ છો. હે મધુસુદન ! તમે યજ્ઞ છો, યજ્ઞકર્તા છો. યજનયોગ્ય છો. ઋષિઓ તમને ક્ષમારૂપ અને સત્વરૂપ કહે છે. કશ્યપે તમારા સંબંધમાં કહ્યું છે તેમ તમે યજ્ઞરૂપ છો. નારદે કહ્યું છે તેમ હે ભૂતવાન ! હે ભૂતેશ ! તમે ઇશ્વરેશ્વર છો. તમે બ્રહ્મા, શંકર અને ઇન્દ્ર આદિ દેવવૃન્દો સાથે, બાળક રમકડાં સાથે રમત કરે તેમ ક્રીડા કરો છો. હે પ્રભુ ! સ્વર્ગલોક તમારા શિરથી વ્યાપ્ત છે. પૃથ્વીલોક તમારા ચરણથી વ્યાપેલો છે. તમે સનાતન પુરુષ છો. તપસ્યાથી શુદ્ધચિત્ત થયેલા અને આત્મદર્શનથી તૃપ્ત બનેલા ઋષિઓમાં તમે પરમ પુરુષ છો. પુણ્યકારી યુદ્ધમાં પૂંઠ ન બતાવનારા અને સર્વધર્મોથી સંયુક્ત રાજર્ષિઓની તમે જ ગતિ છો. તમે પ્રભુ છો, વિભુ છો, લોકો, લોકપાલો, નક્ષત્રો, દશે દિશાઓ, આકાશ, ચંદ્ર અને સૂર્ય એ સઘળાં તારામાં જ રહ્યાં છે. પ્રાણીઓની મરણશીલતા અને દેવોની અમરતા તમારે જ આધીન છે. સર્વકાર્યો તમારામાં જ પ્રતિષ્ઠિત છે. તમે ઇશ્વર છો. તો હે મધુસૂદન ! હું સ્નેહથી તમને મારું દુઃખ કહું છું તે તમે સાંભળો. હે કૃષ્ણ ! હે વિભુ ! તમારી સખી અને ધૃષ્ટદ્યુમ્નની બહેન એવી મારા જેવી સ્ત્રીને સભામાં કેમ ઘસડવામાં આવી ? મને જોઇને દુરાત્મા ધૃતરાષ્ટ્ર-પુત્રો હસવા લાગ્યા હતા. મને બળજબરીથી દાસી બનાવવામાં આવી હતી. ભીમસેનના બલને ધિક્કાર હો અને ધિક્કાર હો અર્જુનના ગાંડીવને ! કેમ કે પેલા અધર્મોએ મને ઘસડી ત્યારે એ બંને તે સાંખી રહ્યા હતા. અલ્પબલ પુરુષો પણ પોતાની પત્નીઓનું રક્ષણ કરે છે. પત્નીનું રક્ષણ કરવામાં આવે છે તો પ્રજાનું રક્ષણ થાય છે. અને પ્રજાનું રક્ષણ કરવામાં આવે છે તો આત્માનું રક્ષણ થાય છે. પાંડવો શરણે આવેલાનો કદી પણ ત્યાગ કરતા નથી, પણ મને તો તેમણે શરણ આપ્યું નહિ. ધૃતરાષ્ટ્ર-પુત્રોએ અધર્મથી અમારું રાજ્ય હરી લીધું છે. હું પાંડુની પુત્રવધૂ છું, શ્રેષ્ઠ સતી છું. છતાં હે મધુસૂદન ! પાંચ પાંડુપુત્રોના દેખતાં જ મારા કેશપાશને પકડવામાં આવેલા. એમ કહીને કૃષ્ણાએ રોવા માંડયું. આંખ લૂછતી અને નિશ્વાસ નાખતી તે અશ્રુભર્યા કંઠે ક્રોધપૂર્વક બોલી કે પતિઓ મારા નથી, પુત્રો મારા નથી, બાંધવો નથી. ભાઇઓ નથી, અને પિતા મારા નથી. અરે ! મધુસૂદન ! તમેય મારા નથી. હે કૃષ્ણ ! હે કેશવ ! તમારે મારી રક્ષા કરવી જોઇએ.

દ્રૌપદીએ એ પ્રમાણે કહ્યું એટલે શ્રીકૃષ્ણ બોલ્યા કે :

તું જેમના પર ક્રોધે ભરાઇ છે, તેમની સ્ત્રીઓ પણ પોતાના પ્રિયતમોને અર્જુનનાં બાણોથી ઢંકાઇ ગયેલા, તથા મૃત્યુને પામેલા જોઇને આ જ પ્રમાણે રડયા કરશે. પાંડવોને માટે જે યોગ્ય હશે તે હું કરીશ જ. હું તને પ્રતિજ્ઞાપૂર્વક સત્ય કહું છું કે તું રાજરાણી થશે. આકાશ પડી જાય, હિમાલય ફાટી જાય, પૃથ્વીના ચૂરેચૂરા થઇ જાય, અને સાગર સુકાઇ જાય તોપણ, મારું વચન કદી પણ મિથ્યા નહિ થાય.

વનવાસ દરમિયાન કૃષ્ણે દ્રૌપદીને એવી રીતે આશ્વાસન અને વરદાન આપ્યું એનું મુખ્ય કારણ દ્રૌપદીની કૃષ્ણને માટેની પ્રખર પ્રીતિ તથા શ્રદ્ધાભક્તિ હતું. દ્રૌપદીને તથા પાંડવોને કૃષ્ણ માટે પરમ પ્રેમ હતો. એ એમના એકમાત્ર આધાર હતા. દ્રૌપદીને એમના અલૌકિક અનુગ્રહનો અનુભવ હતો. એથી જ એણે એમની આગળ આત્મનિવેદન કર્યું. જે જીવ શિવની આગળ આત્મનિવેદન કરે છે તેની શિવ સદા રક્ષા કરે છે. દ્રૌપદીનો પ્રસંગ એની સાક્ષી પૂરે છે.

☼ ☼ ☼ ☼ ☼

# ૮૧. ઉર્વશીનો શાપ

વનવાસના વખત દરમિયાન યુધિષ્ઠિરની અનુમતિ મેળવીને અર્જુને સ્વર્ગલોકમાં પ્રવેશ કર્યો.

ઇન્દ્રે એનો પરમ પ્રેમપૂર્વક અસાધારણ સત્કાર કર્યો.

દેવો તથા ગંધર્વોએ સર્વોત્તમ પૂજાસામગ્રી લાવીને અર્જુનની અર્ચના કરી.

એ સઘળા અર્જુનને ઇન્દ્રભવનમાં લઇ ગયા.

અર્જુન ત્યાં રહીને ઇન્દ્ર પાસેથી વિવિધ પ્રકારની શસ્ત્રાસ્ત્રવિદ્યા શીખવા લાગ્યો, અને પાંચેક વરસના સમયની અંદરઅંદર તો એમાં પારંગત બની ગયો.

ઇન્દ્રે અર્જુનને નૃત્યવિદ્યા તથા સંગીતવિદ્યામાં વિશારદ બનાવવા માટે ચિત્રસેનની પસંદગી કરી.

ચિત્રસેન પાસેથી અનિયમિત રીતે અને કોઇ કોઇવાર તાલીમ મેળવવા છતાં પણ અર્જુન અલ્પ સમયમાં જ સંગીત તથા નૃત્યવિદ્યામાં નિપુણ બની ગયો.

ચિત્રસેન સાથે એની ગાઢ, અતિગાઢ મિત્રતા થઇ.

એવી પલટાયેલી પરિસ્થિતિમાં પણ એ પોતાના ભાઇઓને ને માતા કુંતીને ભૂલ્યો નહોતો. વનવાસનાં અને વનવાસ પહેલાંનાં અનેકવિધ સુખદુઃખાત્મક વિરોધાભાસી સંસ્મરણોને એ ભૂલી શકતો નહોતો.

એ સંસ્મરણો એને અવારનવાર પીડા પહોંચાડતાં.

ઇન્દ્રે અર્જુનના જીવનમાં અવનવો અનિવર્ચનીય આનંદ પ્રગટાવવા સ્વર્ગલોકની સર્વાંગસુંદરી અપ્સરા ઉર્વશીને એની પાસે પહોંચાડવાનો પ્રબંધ કર્યો. ચિત્રસેનને ઉર્વશી પાસે મોકલ્યો.

ચિત્રસેને ઉર્વશી પાસે પહોંચીને કહ્યું કે હું ઇન્દ્રના આદેશથી આવ્યો છું. તું વીર અર્જુનને જાણે છે. એ પોતાના સહજ સર્વોત્તમ સદગુણોથી, લક્ષ્મીથી, શીલથી, રૂપથી, વ્રતથી, બળથી તથા ઇન્દ્રિયનિગ્રહથી સર્વત્ર સુપ્રસિદ્ધ છે. પ્રતિષ્ઠાવાન તેજસ્વી, ક્ષમાશીલ, મત્સરરહિત છે. એ ચારે વેદોને અંગો અને ઉપનિષદો સાથે જાણે છે અને પુરાણગ્રંથમાં પણ પારંગત છે. બ્રહ્મચર્ય, દક્ષતા કુળશુદ્ધિ, સદગુરૂસેવા, શ્રવણાદિ આઠ લક્ષણવાળી મેધા તથા યુવાનીથી સંપન્ન છે. બીજાને સન્માને છે. નમ્ર છે. મધુભાષી છે. ઇન્દ્રની આકાંક્ષા છે કે તું એની સેવામાં સમુપસ્થિત રહીને એને સ્વર્ગવાસનો સર્વોત્તમ સંતોષ ધર.

ચિત્રસેનના શબ્દોને સાંભળીને ઉર્વશી પ્રસન્નચિત્ત બની ગઇ. એને લાગ્યું કે ઇન્દ્રે એને સર્વશ્રેષ્ઠ સન્માનપદ પૂરું પાડયું. એણે તરત જ જણાવ્યું કે અર્જુનની વિશેષતાને જાણીને હું પ્રથમથી જ એના પર મોહ પામી છું અને એને વરી છું. હું એની પાસે અવશ્ય આવીશ.

ચિત્રસેનને સંતોષ થયો.

એની વિદાય પછી ઉર્વશીએ સ્નાનાદિથી નિવૃત થઇને આકર્ષક અલંકારોને ધારણ કર્યા.

રાતે ચંદ્રોદય થતાં એણે અર્જુનના ભવન પ્રતિ પ્રયાણ કર્યું.

એનું સ્વરૂપ અતિશય આકર્ષક બનેલું.

સૌન્દર્યની સુમધુર સજીવ મૂર્તિસમી એ અસાધારણ આહ્લાદયુક્ત બનીને થોડી વારમાં જ અર્જુનના ભવ્ય ભવનમાં પ્રવેશી ત્યારે અર્જુને એનો સત્કાર કર્યો.

અર્જુને એના શુભાગમનનું કારણ પૂછયું તો એણે જણાવ્યું કે સ્વર્ગલોકમાં તમારા શુભ પ્રવેશ વખતે મહાન મંગલોત્સવ થયેલો. દેવરાજ ઇન્દ્રે વિશાળ સભાનું આયોજન કરેલું. એ સંમેલનમાં અસાધારણ ઐશ્વર્યથી અલંકૃત, સૂર્ય અને ચંદ્ર તથા અગ્નિ જેવા અલૌકિક અંગવાળા રુદ્રો, આદિત્યો, અશ્વિનો, વસુઓ, મહર્ષિઓ, રાજર્ષિશ્રેષ્ઠો, સિદ્ધો, ચારણો, યક્ષો, પોતપોતાનાં સ્થાન, માન, પ્રભાવ પ્રમાણે વિરાજેલા. એ વખતે ગંધર્વોએ વીણા વગાડી દિવ્ય રસમય હૃદયાભિરામ ગીત આરંભ્યું. અપ્સરાઓ અદભુત રીતે નૃત્ય કરવા લાગી.

એ વખતે તમે મારાથી મોહિત અથવા મંત્રમુગ્ધ બનીને મને કોઇક ચિત્રાંકિત વ્યક્તિની પેઠે નિર્નિમેષ નેત્રે નીરખી રહેલા.

હું તમારા અંતરના અસીમ અનિર્વચનીય અનુરાગનું અનુમાન અનાયાસે કરી શકેલી. એને સહેલાઇથી સંપૂર્ણપણે સમજી શકેલી.

દેવોએ પ્રયોજેલો એ સ્વાગત સમારંભ સમાપ્ત થયો એટલે સૌ પોતાના નિવાસસ્થાને ગયા.

અપ્સરાઓ પણ સ્વસ્થાને ગઇ.

હું સ્વયં તમને નિહાળીને સંમોહિત થયેલી.

હવે દેવરાજ ઇન્દ્રનો ચિત્રસેન દ્વારા સંદેશ સાંપડ્યો કે મારે મારા અતુલિત રૂપમાધુર્ય સાથે તમારી સેવા માટે ઉપસ્થિત થવું. મને એ સંદેશથી અત્યાધિક આનંદ થયો કારણકે મારો અંતરાત્મા પણ તમારા પ્રત્યે આકર્ષાયેલો. હું કામમોહિત થઇને તમારી પાસે આવી છું તો તમે મારો સહર્ષ સ્વીકાર કરીને સ્વેચ્છાનુસાર સુખ અનુભવો.

ઉર્વશીના ઉદગારોને સાંભળીને અર્જુનને આશ્ચર્ય થયું. એણે લેશ પણ વિલંબ વિના સ્પષ્ટીકરણ કર્યું કે તું તો મારે માટે ગુરુપત્ની સમાન છે. મારી દૃષ્ટિએ જેવી પવિત્ર અને પૂજ્ય પરમભાગ્યવતી કુંતી તથા ઇન્દ્રપત્ની શચી છે તેવી હે કલ્યાણી, તું પણ છે. પેલા સરસ સંગીતમય સ્વાગત સમારંભ વખતે મેં તારા તરફ વિશેષ ધ્યાનપૂર્વક જોયેલું તેનું કારણ બીજું હતું. હું તને પૌરવવંશની જનની તરીકે જોતો હતો. એક પ્રકારના વિશેષ અવર્ણનીય આદરભાવથી. એની પાછળ કોઇ પ્રકારની વિકારી દૃષ્ટિ નહોતી. આજે પણ નથી. ના જ હોય.

ઉર્વશીએ કહ્યું કે અમે તો અપ્સરાઓ છીએ. નિત્યનવી. અમારે કોઇ બંધન અથવા આવરણ નથી હોતું. અમે સંપૂર્ણ સ્વતંત્ર છીએ. સર્વતંત્ર સ્વતંત્ર. અમને માતા માનવી યોગ્ય નથી. હું તમારા પર મોહિત થઇ છું, કામાતુર તથા પ્રેમિકા છું. મારો સ્વીકાર કરીને મારી ઇચ્છાની પૂર્તિ કરો.

અર્જુન પોતાના પૂર્વવિચારમાં અચળ રહ્યો. એણે ઉર્વશીને માતા જ માની. એને લીધે ઉર્વશી પોતાની વિવેકશક્તિ તથા સ્વસ્થતાને ખોઇ બેઠી. એણે અર્જુનને અતિશય ક્રોધાતુર બનીને શાપ આપ્યો કે તું મારી ઇચ્છાની પૂર્તિ કરવા માટે મને સ્વીકારતો નથી તો તને શાપ આપું છું કે તું સ્ત્રીઓની વચ્ચે માનહીન નર્તક બનશે અને નપુસંક થઇને વિહરશે.

ઉર્વશી પોતાના ભવનમાં ભગ્નહૃદયે પાછી ફરી.

અર્જુન અભિશાપની પ્રાપ્તિ છતાં પણ સ્વસ્થ જ રહ્યો.

ઇન્દ્રને ચિત્રસેન દ્વારા એ ઘટનાની માહિતી મળી ત્યારે એણે અર્જુનને એકાંતમાં બોલાવીને એના અણિશુદ્ધ આચરણને માટે આત્મિક અભિનંદન આપ્યાં અને કહ્યું કે તને પુત્રરૂપે પામીને કુંતી સુપુત્રવતી થઇ છે અને ધન્ય બની છે. તને અનેકાનેક અભિનંદન ઘટે છે. મોટામોટા મુનિઓને માટે પણ કઠિન કહેવાય એવું કલ્યાણકાર્ય તેં કરી બતાવ્યું છે. તને ઉર્વશી દ્વારા સાંપડેલો શાપ તારે માટે વરદાનતુલ્ય થઇ પડશે. તને ઉપયોગી થશે. તેરમા વરસે તમારે સૌને અજ્ઞાતવાસ વેઠવાનો છે તે વખતે એ શાપ ભોગવાઇ જશે. નર્તકના રૂપમાં નપુસંક તરીકે એક વરસ સુધી રહ્યા પછી તે શાપ દૂર થશે ને તને પુનઃ પુરુષત્વ પ્રાપ્ત થશે.

ઇન્દ્રના શબ્દોના શ્રવણથી અર્જુનને આનંદ થયો. આવશ્યક આશ્વાસન મળ્યું.

મહાભારતના વનપર્વના ૪૬મા અધ્યાયની એ કરુણાસભર કથા અર્જુનના વિશદ વિરાટ વ્યક્તિત્વ પ્રત્યે અંગૂલિનિર્દેશ કરતાં સૂચવે છે કે અનુકૂળ અથવા પ્રતિકૂળ પરિસ્થિતિમાં માનવે પોતાના મન-અંતરને અર્જુનની પેઠે વશ, નિર્મળ અને સંયમી રાખતાં શીખવું જોઇએ. પોતાની નિષ્ઠામાં અડગ રહેવું જોઇએ. પોતાની નિષ્ઠામાં દૃઢ અથવા અડગ રહેનારને માટે જીવનનો પથ જ્યાતિર્મય તથા પ્રશસ્ત બની જાય છે, અભિશાપ આશીર્વાદરૂપ થાય છે. એણે કરેલું ધર્માનુષ્ઠાન જ એની રક્ષા કરે છે. એ સદા સુખી બને છે કે સફળ ઠરે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૮૨. દમયંતીનું લગ્ન

માનવ પોતાના દુઃખનો કે દુર્ભાગ્યનો નિચાર કરીને બેસી રહે તો એને એ દુઃખ અને દુર્ભાગ્ય અસાધારણ અથવા અસહ્ય લાગે. પરંતુ એને બદલે દુઃખ અને દુર્ભાગ્યના વિપરીત વખતમાં પોતાના જેવા અથવા પોતાના કરતાં વધારે દુઃખી અથવા દુર્ભાગી માનવોના જીવનનો વિચાર કરે તો તેને દુઃખને શાંતિથી સહ્વાની ને દુઃખનો ઉપાય કરવાની પ્રેરણા તથા શક્તિ સાંપડે. પોતાનું દુઃખ હળવું લાગે. વનવાસના દિવસોમાં યુધિષ્ઠિરને પોતાનું દુઃખ સૌથી વધારે લાગતું હતું. એટલે એ દિવસો દરમિયાન એને શાંત કરવા માટે, એમના પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે એમની પાસે પહોંચેલા મહર્ષિ બૃહદશ્વે એમને મહારાજા નળની જીવન કથા કહી. વનપર્વમાં આલેખાયેલી એ કથા રસમય અને કલ્યાણકારિણી હોવાથી એનું વિહંગાવલોકન અસ્થાને નહિ ગણાય. ઊલટું, આશીર્વાદરૂપ થઇ પડશે.

વીરસેનનો પુત્ર નળ, બળવાન, રૂપવાન, ગુણવાન અને અશ્વવિદ્યામાં નિષ્ણાત હતો. દેવરાજ ઇન્દ્રની જેમ તે દેવોનો અધીશ્વર હતો. તે નિષધદેશનો અધિપતિ, દ્યુતપ્રેમી, વેદવેત્તા તથા સત્યપ્રેમી હતો. ઉદાર, જિતેન્દ્રિય, પ્રજાપાલક, ધનુર્ધરોમાં શ્રેષ્ઠ, સાક્ષાત્ મનુ જેવો.

વિદર્ભદેશમાં ભીમ નામે રાજા હતો. તેને દમયંતી નામની લક્ષ્મીના અવતાર જેવી, સુંદરતાની પ્રાણવાન પ્રતિમૂર્તિ સરખી સદગુણસંપન્ન સુપુત્રી હતી.

એની વિશિષ્ટતાનું વર્ણન સાંભળીને નળને એના પ્રત્યે અગમ્ય આકર્ષણ થયું.

એવી રીતે દેવાંગનાથી પણ અધિક આકર્ષક દમયંતીને નળના ગુણમહિમાની વાતોને સાંભળીને નળને માટે પણ અનંત આકર્ષણ પેદા થયું.

એ આકર્ષણ દિનપ્રતિદિન વધતું જ ગયું. બંનેને એકમેકને મળવા અને એકમેકનાં બનવા માટે અતિશય આતુર કરવા લાગ્યું.

એક દિવસ નળ પોતાના એકાંત આહ્લાદક અંતઃપુરની પાસેના ઉદ્યાનમાં બેઠેલો ત્યાં એણે સોનેરી પાંખવાળા હંસોને નિહાળીને એમાના એક હંસ પક્ષીને પકડી લીધું.

હંસે કહ્યું કે મારો વધ કરશો નહીં. મને મુક્ત કરશો તો હું તમારું પ્રિય કરીશ. દમયંતી પાસે પહોંચીને એવી રીતે વાત કરીશ કે તેનું મન તમને છોડીને બીજે ક્યાંય નહિ જાય. તમારા સિવાય એ બીજા કોઇ પુરુષનો વિચાર જ નહિ કરે.

હંસના કથનથી પ્રસન્ન બનીને નળે એને મુક્તિ આપી એટલે એ બધા હંસો દમયંતી પાસે વિદર્ભદેશમાં ગયા.

સખીસમૂહથી ઘેરાયેલી દમયંતી એ અદભુત સ્વરૂપવાળા હંસોને નિહાળીને હર્ષ પામીને એમને પકડવાના આશયથી એમની પાછળ દોડી એટલે પેલો હંસ એને કહેવા માંડયો કે દમયંતી, નિષધદેશમાં નળ નામે રાજા છે તેનું સ્વરૂપ અશ્વિનીકુમાર જેવું છે. કોઇ માનવ તેની બરાબરી કરી શકે તેમ નથી. તે સાક્ષાત્ કામદેવ સમાન છે. તું તેની પત્ની થશે તો તારું જીવન સાર્થક બનશે. તું તેને માટે સર્વપ્રકારે યોગ્ય છે. તું

સ્ત્રીરત્નરૂપ છે ને નળ પુરુષોમાં શ્રેષ્ઠ છે. તમારા બંનેનો સમાગમ સરિતા અને સાગરના સમાગમ જેવો સફળ તથા સર્વશ્રેષ્ઠ નીવડશે.

દમયંતીએ નળને પણ એવું જ કહેવાની ભલામણ કરી.

હંસે નિષધદેશમાં પહોંચીને નળને સઘળી વાત કહી સંભળાવી.

હંસની પાસેથી નળની વિશેષતાની વાતને સાંભળીને દમયંતી વિહ્વળ બની ગઇ. એનો પ્રેમ તથા વિરહ પરાકાષ્ઠા પર પહોંચી ગયો. એણે યેન કેન પ્રકારેણ નળને મળવા તથા વરવા મનોરથ કરવા માંડયા.

એ અતિશય અસ્વસ્થ બની ગઇ.

એનો રંગ પીળો પડી ગયો. આત્મા અસ્વસ્થ બન્યો.

વિદર્ભનરેશને એની માહિતી મળતાં એના તરફથી એના સ્વયંવરની વ્યવસ્થા કરી.

જે નીરક્ષીરનો, સત્યાસત્યનો, બંધમોક્ષનો, આત્માનો અને અનાત્માનો, ગ્રાહ્યત્યાજ્યનો વિવેક કરી શકે તે પરમહંસ કે પરમ સંત. તે જ હંસ પક્ષી.

જીવ દમયંતી જેવો.

એની પાસે પહોંચીને એ સંત કે પરમહંસ એના મૂળભૂત સ્વામી; સખા કે પ્રિયતમ પરમાત્માનો મહિમા કહી બતાવે છે. તે મહિમાના શ્રવણમનનથી જીવ સંસ્કારી હોય છે તો શિવ પ્રત્યે આકર્ષાય છે. શિવને મળવાના મનોરથને સેવે છે. શિવને માટે આતુર બને છે.

આધ્યાત્મિક જીવનના વિકાસપથમાં એવી પરિસ્થિતિ અથવા ભૂમિકા સહજ બને છે.

નળ-દમયંતીની જીવનકથા એના તરફ અંગુલિનિર્દેશ કરે છે.

°

દમયંતીની માનસિક પરિસ્થિતિને વિચારીને એના પિતા વિદર્ભનરેશ ભીમે એને માટે સ્વયંવરનું આયોજન કરીને અસંખ્ય મહીપતિઓને આમંત્રણ મોકલ્યા.

એ આમંત્રણને અનુલક્ષીને જુદા જુદા રાજાઓ અને રાજપુરુષો એ સ્વંયવરમાં ભાગ લેવા માટે પોતાની સેના સાથે આવી પહોંચ્યા.

ઇન્દ્ર તથા અગ્નિ જેવા દેવો પણ સ્વયંવરની વાતને સાંભળીને એમનાં વાહનો તથા ગણો સાથે વિદર્ભદેશમાં પહોંચી ગયા.

દમયંતીના ધ્યાનમાં ડૂબેલા નિષધનરેશ નળે પણ સ્વયંવર માટે પ્રયાણ કર્યું.

સુયોગ્ય સમયે પરમ લાવણ્યમયી દમયંતી પોતાના શરીરસૌષ્ઠવથી રાજાઓનાં મન અને નયનને આકર્ષતી સ્વયંવરમંડપમાં પ્રવેશી ત્યારે દર્શકો એને અવલોકીને અતિશય આશ્ચર્યચકિત, આકર્ષિત અને મંત્રમુગ્ધ બની ગયા.

સ્વયંવર મંડપમાં પાંચ સમાન રૂપરંગ અને આકૃતિવાળા પુરુષોને પેખીને દમયંતી નળને ઓળખી શકી નહી. એ સંદેહમાં ને મૂંઝવણમાં પડી. નળને ઓળખ્યા વિના એને વરમાળા કેવી રીતે પહેરાવવી ?

છેવટે એણે દેવોનું શરણ લઇને શ્રદ્ધાભક્તિપૂર્વક સ્તવન કરીને કહ્યું કે મેં હંસના શબ્દોને સાંભળીને નિષધનરેશ નળને મારા સ્વામી તરીકે સ્વીકાર્યા છે. જો એ સત્ય હોય તો એ સત્યના પ્રભાવથી દેવો મને એ નળનું દર્શન કરાવો. મન અને વાણીથી મેં એમના વિના બીજા કોઇનો મારા સ્વામી તરીકે સ્વીકાર નથી કર્યો. એ સત્યના પ્રભાવથી હું નળને ઓળખી શકું તેમ કરો. દેવોએ પણ એ નળનું મારા પતિ તરીકે નિર્માણ કર્યું છે. તો એ સત્યના પ્રભાવથી હું નળનો પરિચય પામી શકું એમ કરો. નૈષધનાથ નળની આરાધના માટે જ મેં મારા વ્રતને આરંભ્યું છે. એ સાચું હોય તો એ સત્યના પ્રભાવથી હું નળને ઓળખી શકું એવું કરો. મહાસમર્થ લોકપાલો પોતાના સ્વરૂપને મારા પવિત્ર પ્રેમના પ્રભાવથી પ્રગટ કરો જેથી હું નળને સહેલાઇથી ઓળખી શકું.

દમયંતીની પ્રાર્થનાને સાંભળીને; એનો દૃઢ નિરાધાર, નળને માટેનો સત્ય પ્રબળ પારદર્શક પ્રેમ, એની ભાવના તથા પવિત્રતા, બુદ્ધિ અને નળ માટેની એકનિષ્ઠ ભક્તિને દેખીને દેવોએ ખૂબ જ પ્રભાવિત થઇને પોતાના સ્વરૂપને પ્રગટાવ્યું.

દમયંતીએ એ સર્વ દેવોને પરસેવા વિનાના, સ્તબ્ધ આંખવાળા, પ્રફુલ્લ પુષ્પમાળાઓ પહેરેલા, રાજ વગરના અને પૃથ્વીને સ્પર્શ કર્યા સિવાય વિરાજેલા વિલોક્યા. નળને છાયાવાળો, કરમાયલી માળાવાળો, પરસેવાવાળો, રજવાળો, પાંપણના પલકારવાળો અને જમીનને સ્પર્શીને બેઠેલો જોયો.

નળને ઓળખીને દમયંતીએ એના કંઠમાં વરમાળા આરોપી.

દેવો, માનવો, મુનિઓ અને મહર્ષિઓએ નળની પ્રશંસા કરી.

નળે દમયંતીને જણાવ્યું કે દેવોની સમક્ષ તેં મને પતિ તરીકે પસંદ કર્યો છે માટે હું પણ તને સર્વ પ્રકારે અનુકૂળ રહીશ. મારા શરીરમાં પ્રાણ હશે ત્યાં સુધી તને પ્રેમ કરી તથા તારું ધ્યાન રાખીશ. તને લેશ પણ દુઃખ નહિ પડવા દઉં.

ભીમરાજે નળ-દમંયતીનાં વિધિ સહિત વિવાહસંસ્કાર કરાવ્યા.

દમયંતીની એ કથા સૂચવે છે કે જે માગે છે તેને મળે છે. જેને જેને માટે પ્રમાણિક પ્રેમ છે તેને તે અવશ્ય મળે છે. પ્રેમની શક્તિ અસીમ અથવા અવર્ણનીય છે. એ શક્તિથી દેવો પણ પ્રસન્ન થાય છે, અનુકૂળ બની જાય છે, અને ઇચ્છાનુસાર આશીર્વાદ વરસાવે છે. અણિશુદ્ધ અને એકનિષ્ઠ અનુરાગની એ પરમ સનાતની શક્તિને કેળવવા માટે માનવે પ્રયાસ કરવો જોઇએ. એ શક્તિનું પ્રાગટય અને પ્રાબલ્ય થતાં સઘળી સિદ્ધિઓ સહજ રીતે જ આવી મળે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૮૩. દમયંતીનો ત્યાગ

જીવનના આટાપાટા એટલા બધા અટપટા અથવા અસાધારણ રહસ્યમય હોય છે કે સામાન્ય તો શું પરંતુ અસામાન્ય માનવને પણ એમની ખબર નથી પડતી. એમના મર્મને જાણવાનું કઠિન હોય છે. એ આટાપાટાની રમત ક્યારે કેવો રંગ બદલશે તે વિશે કશું જ ચોક્કસપણે નથી કલ્પી શકાતું કે નથી કહી શકાતું. ઘડી પછી શું થશે તેની માહિતી મોટે ભાગે કોઇને નથી મળતી. એ આટાપાટાની રસમય રમતમાં ક્ષણમાં જીતવાનો સંભવ રહે છે તો ક્ષણમાં હારનો. ક્ષણમાં હસવાનું હોય છે તો ક્ષણમાં રડવાનું. કોઇવાર લાભ થાય છે તો કોઇવાર હાનિ. કોઇવાર સંપત્તિ મળે છે તો કોઇકવાર વિપત્તિ. કોઇકવાર અભ્યુત્થાનનો અનુભવ થાય છે તો કોઇકવાર અધઃપતનનો. બુદ્ધિ સુધરે છે અને બગડે છે પણ ખરી.

મહારાજા નળને એવો અનુભવ થયો.

એને એના કોઇક પૂર્વકર્મના સુપરિણામરૂપે દમયંતી મળી ત્યારથી એના જીવનમાં સ્વર્ગીય સુખશાંતિનું સામ્રાજ્ય છવાઇ ગયું. એને એવું લાગ્યું કે જીવન પરિપૂર્ણ બની ગયું, ધન્ય બની ગયું. હવે એમાં કશું જ કરવાનું, કશું જ મેળવવાનું, શેષ ના રહ્યું. પરંતુ એ પરિસ્થિતિ સુદીર્ઘ સમય સુધી ના ટકી. માનવના જીવનની સુખાકારી, શાંતિ, સુદ્રઢતા, સંગીનતા, સમુન્નતિ, સુરક્ષાનો આધાર એની સદબુદ્ધિ પર રહેતો હોય છે. નળની બુદ્ધિ એટલી બધી સત્યવતી ના રહી શકી. એટલે તો એને દ્યુતક્રીડામાં ભાગ લેવાનું મન થયું. દ્યુત વિનાશકારક છે, વ્યસન છે, એ વાતનું એને સ્મરણ ના રહ્યું. એવું શુભ સ્મરણ રહ્યું હોય તોપણ એ સ્મૃતિને એ અનુસરી ના શક્યો. જીવનમાં મદદરૂપ ના બનાવી શક્યો. પરિણામે એના જીવનમાં જ નહિ પરંતુ દમયંતીના જીવનમાં પણ આપત્તિના ઓળા ઊતરી પડયા. એનું જીવન અશાંત બની ગયું.

મહાભારતના આલેખનને અનુસરીને એ ઘટનાચક્રનો ઊડતો ઉલ્લેખ કરી લઇએ.

નળના ભાઇ પુષ્કરે કલિના કુટિલ પ્રભાવ નીચે આવીને નળને દ્યુત માટે આમંત્રણ આપ્યું. એની ઇચ્છા નળરાજાને દ્યુતમાં હરાવીને રાજા બનવાની ને સ્વતંત્ર રીતે રાજ્યસુખનો ઉપભોગ કરવાની હતી.

નળે દ્યુતના આમંત્રણનો સ્વીકાર કર્યો. દ્યુતના મદમાં મત્ત બનેલા તેને મિત્રો પણ સમજાવીને દ્યુતકર્મમાંથી પાછો વાળી શક્યા નહીં. નળ દ્યુતમાં ધન, સુવર્ણ, વસ્ત્રો, વાહનો અને અન્ય સંપત્તિને હારી ગયો. નળે દમયંતીની તથા સચિવોની શિખામણને નગણ્ય સમજીને મહિનાઓ સુધી દ્યુતકર્મમાં ભાગ લીધો.

એને હારેલો જાણીને દમયંતીએ સમયસૂચકતાને વાપરીને સારથિ વાર્ષ્ણેયને બોલાવીને સચિવોની સંમતિથી પોતાનાં બે બાળકોને પોતાના પિતા પાસે કુંડિનપુર મોકલી દીધાં.

સારથિ એ બાળકોને કુંડનિપુરમાં પહોંચાડીને અયોધ્યા પાછો ફર્યો.

નળ પોતાના રાજ્યને પણ હારી ગયો ત્યારે પુષ્કરે દમયંતીને હોડમાં મૂકવા માટે જણાવ્યું પરંતુ નળે એવું ખોટું સાહસ ના કર્યું.

સર્વ પ્રકારે પરાજય પામેલા નળે અંગ પરથી અલંકારોને ઉતારી નાખ્યા. એક જ વસ્ત્રને પહેરીને પુરની બહાર પ્રયાણ કર્યું. દમયંતીએ પણ એક વસ્ત્ર સાથે એનું અનુસરણ કર્યું.

પુષ્કરે વિજયના મદમાં સમસ્ત નગરમાં ઢંઢેરો પિટાવેલો કે નળની સાથે જે કોઇ પણ સારો વ્યવહાર કરશે તેનો વધ કરવામાં આવશે, એટલે નગરજનો એના પ્રત્યે ઉદાસીન રહ્યા.

નળ-દમંયતીને નગરને છોડ્યા પછી ત્રણ દિવસ સુધી કેવળ પાણી પર રહેવું પડ્યું.

એ પછી નળ ફળ તથા કંદમૂળને મેળવવાની ઇચ્છાથી પ્રેરાઇને આગળ વધ્યો. એની પાછળ પાછળ દમયંતી ચાલી.

ક્ષુધાતુર નળે સુવર્ણસદૃશ પાંખવાળાં કેટલાંક પંખીઓને જોયાં. એણે એ પંખીઓને પકડવા માટે એમની ઉપર પોતાના એકના એક વસ્ત્રને ઢાંકી દીધું તો એ વસ્ત્રને લઇને પંખીઓ એકાએક ઊડી ગયાં. ભાગ્યની ગતિ ન્યારી છે. નળે દમયંતીને આગળ વધવાના જુદાજુદા માર્ગો બતાવવા માંડયા, પરંતુ દમયંતી અચળ રહી અને વિપરીતતા તથા વિપત્તિના વખતમાં એનો ત્યાગ કરવા તૈયાર ના થઇ.

એણે નળને પોતાના પિતાની પાસે કુંડિનપુર પહોંચવાની ભલામણ કરી, પણ સ્વમાની નળને એ અવસ્થામાં ત્યાં પહોંચવાનું ઉચિત ના લાગવાથી, એ ભલામણોનો અસ્વીકાર કરવો પડ્યો.

અડધા અડધા વસ્ત્રને પહેરીને બંને આગળ ચાલ્યાં.

ક્ષુધા તથા તૃષાથી પીડાતાં તે બંને એક ધર્મશાળા પાસે પહોંચ્યાં ને પૃથ્વી પર સૂઇ ગયાં.

દમયંતી નિદ્રાધીન બની ગઇ પરંતુ નળને નિદ્રા ના આવી. એનું ચિત્ત ચગડોળે ચઢયું. એને થયું કે દમયંતીનો ત્યાગ કરવાથી એ કદાચ એના પિતા પાસે પહોંચીને સુખી થાય; મારી સાથે રહેવાથી તો દુઃખી જ થશે; એથી એનો ત્યાગ જ કલ્યાણકારક છે. એ પરમ યશસ્વિની, પરમ ભાગ્યશાળી, પતિવ્રતા હોવાથી એકલી પડશે તોપણ એનું અમંગલ નહિ થઇ શકે.

પાસે પડેલી તલવારની મદદથી દમયંતીના વસ્ત્રના બે ટુકડા કરીને, એક ટુકડાને શરીરે લપેટીને, એ એનો ત્યાગ કરીને ચાલી નીકળ્યો.

એ તે સ્થાનમાં પુનઃ પાછો આવ્યો, ને દમયંતીને જોઇને રોવા લાગ્યો. અરે ! મારી પ્રિયાને પૂર્વે વાયુ અને સૂર્ય પણ દેખી શકતા નહોતા. તે આજે આ સ્થાનમાં ભૂમિ ઉપર અનાથની જેમ સૂઇ રહી છે. મારાથી વિરહ પામેલી એ શુભ સતી મૃગો અને સાપોથી સેવાયેલા ઘોર વનમાં કેવી રીતે એકલી ફરશે ?

હે મહાભાગ્યવતી ! તું ધર્મથી અભિરક્ષિત છે. આદિત્યો, વસુઓ, રુદ્રો, અશ્વિનો અને મરુદગણો તારું રક્ષણ કરો. સંસારમાં અનુરૂપ રૂપવાળી પોતાની પ્રિય પત્નીને એ આ પ્રમાણે કહીને ઊઠીને ચાલવા માંડયો. નળ વારંવાર તે સ્થાને પાછો આવતો. એક બાજુ કલિ તેને ખેંચી રહ્યો હતો તો બીજી બાજુ પ્રેમ પાછો આકર્ષતો.

આખરે કલિથી પરવશ થયેલા, મોહમાં પડેલા, નળે પોતાની સૂતેલી સ્ત્રીને છોડી દીધી. મહાભારત સૂચવે છે કે મુસીબતમાં માનવની મતિ મલિન બને છે. સારાસારને ખોઇ બેસે છે. ના કરવાનું કરી નાખે છે. નળે પોતાના દમયંતીની સુરક્ષાના કર્તવ્યને તિલાંજલિ આપી એ એની નિર્બળતા કહેવાય. માનવે મનોબળથી મંડિત બનીને, ધૈર્યને સેવીને, કર્તવ્યરત બનવાની આવશ્યકતા છે. એનું ઘડતર જ એવું થવું જોઇએ કે એ દુઃખમાં પણ ડગે નહીં અને કર્મને, ધર્મને તજે નહીં.

☼ ☼ ☼ ☼ ☼

# ૮૪. દમયંતીની પવિત્રતા

મહારાજા નળ અને દમયંતીનું નામ કોણે નથી સાંભળ્યું ? ભારતના ધર્મકથાવિષયક સાહિત્યમાં રસ ધરાવનાર સૌ એમની કલ્યાણકારિણી કથાથી ઓછેવત્તે અંશે માહિતગાર છે. એ કથાને કહેવાયે વરસો વીતી ગયાં છે તો પણ આજે પણ એ એવી જ પ્રેરક અને પથપ્રદર્શક લાગે છે. મહાભારતના વનપર્વમાં એનું વિસ્તારપૂર્વક વર્ણન કરાયું છે.

કલિયુગના પ્રતિકૂળ પ્રભાવ નીચે આવીને નળે દમયંતીનો અરણ્યમાં રાત્રી દરમિયાન અસહાયાવસ્થામાં પરિત્યાગ કર્યો. એના પોતાના વસ્ત્રને લઇને પક્ષીઓ ઊડી ગયાં હોવાથી એણે દમયંતીના વસ્ત્રના અર્ધભાગને ફાડીને પોતાના અંગની રક્ષા કરી. ગાઢ નિદ્રામાંથી જાગેલી દમયંતીએ નળે પોતાનો પરિત્યાગ કર્યો છે એવું જાણીને ખૂબ જ વ્યથાપૂર્વક વિલાપ કરવા માંડયો. એની ચિંતા અને પીડાનો પાર ના રહ્યો. એનું સમસ્ત ચિત્તતંત્ર બેચેન બની ગયું. અરણ્યમાં આમતેમ પરિભ્રમણ કરતાં તથા પોકારો પાડતાં એ પોતાના પ્રાણપ્રિય પ્રિયતમને શોધવા લાગી.

પરંતુ એની શોધ નિષ્ફળ ગઇ, નળના સમાચાર કોઇ રીતે ક્યાંયથી ના મળ્યાં, એનો મધુમય મેળાપ ના થયો, ત્યારે વિરહજન્ય વેદના ને વિહ્વળતા વધી ગઇ.

આંખમાં અસ્ખલિત અશ્રુધારા સાથે અશાંતિપૂર્વક અરણ્યમાં આગળ વધતાં એની નજર એક મહાભયંકર અજગર પર પડી. એ અજગર પોતાનું મુખ ફાડીને એને ગળી જવાની લાલસાથી એની દિશામાં આગળ વધતો હતો. એ ખૂબ જ ભયંકર અને દયારહિત દેખાયો.

દમયંતી પોતાની સુરક્ષા માટે નળનું સ્મરણ કરતી વધારે ને વધારે વિલાપ કરવા લાગી. એની પવિત્રતા તથા સત્યનિષ્ઠા અને પ્રીતિને લક્ષમાં લઇને પરમાત્માની પરમપ્રબળ શક્તિએ એની સુરક્ષાનો અકસીર ઉપાય કર્યો. જેનું કોઇ ના હોય તેના પણ પરમાત્મા તો છે જ. માનવની સારી રક્ષા કોણ કરે છે ? એનું ધર્મપાલન, સત્કર્માનુષ્ઠાન અને શીલ. એ બધું દમયંતીની વહારે આવ્યું. એના પોકારોને સાંભળીને અરણ્યમાં શિકારે નીકળેલો એક પારધિ એની પાસે આવી પહોંચ્યો. એણે સમગ્ર પરિસ્થિતિની ગંભીરતાને પારખી લઇને સુતીક્ષ્ણ શસ્ત્રની સહાયતાથી એ મહાભયંકર અજગરનો તત્કાળ નાશ કરી નાખ્યો. દમયંતી ભયમુક્ત બનીને પોતાના સંરક્ષકને નિહાળી રહી.

પારધિની જિજ્ઞાસાના જવાબમાં એણે એની સમગ્ર જીવનકથા અથથી ઇતિ સુધી કહી સંભળાવી. પારધિએ એને આશ્ચર્ય સહિત સાંભળી તો ખરી, કિન્તુ એનું મન દમયંતીના અસાધારણ સૌન્દર્યને નિહાળીને મોહાયું. એની બુદ્ધિ બગડી. જેણે અજગરનો એક જ શસ્ત્રપ્રહારે નાશ કરી નાખ્યો અને એવી રીતે આજ સુધી અરણ્યના કેટલાય જીવોનો સંહાર કરેલો એ પારધિ દુર્વાસાના દુષ્પ્રહારની અસર નીચે આવી ગયો. કામ, ક્રોધ અને લોભનો શિકાર કરવાનું કામ ખરેખર કપરું છે. તે મનુષ્યનો સતત પ્રયત્ન તથા ઇશ્વરની પરમકૃપા માગી લે છે.

એણે દુર્ભાવથી પ્રેરાઇને, દમયંતીને એકલી જાણીને, એની આગળ અમંગલ માગણીને મૂકી. પરંતુ દમયંતી એકલી ક્યાં હતી ? એની સાથે ધર્મ અને ધર્મના અધિષ્ઠાતા ઇશ્વર હતા. એ એની રક્ષા કરવા તૈયાર

હતા. પારધિના દુર્ભાવને જાણીને પોતાની પવિત્રતાની રક્ષાના પ્રયોજનથી પ્રેરાઇને એણે તરત જ ઉદગાર કાઢયા કે જો મેં નળસિવાય બીજા કોઇએ પુરુષને માનસિક રીતે પણ પ્રેમની નજરે નિહાળ્યો ના હોય તો આ દુષ્ટ શિકારી અત્યારે જ મૃત્યુ પામે.

એ ઉદગારો નીકળતાં જ શિકારી એ જ ક્ષણે ધરતી પર ઢળીને મૃત્યુ પામ્યો.

શિકારી ભયંકર હતો. કેટલાક શિકારી નિર્દોષ પશુપંખીની અને માનવની હત્યા કરે છે અને કેટલાક બીજાની સુખાકારી, શાંતિ, સમુન્નતિ, સમૃદ્ધિ તેમજ શાલવૃત્તિનો શિકાર કરવા ફરતા હોય છે. સ્વસ્થ સમાજને માટે એ બંને પ્રકારના શિકારીઓ શાપરૂપ અને ઘાતક છે. સત્યનું પાલન કરનારે એ બંનેમાંથી કોઇએ શિકારીથી ડરવાનું, ગભરાવાનું કે ડગવાનું નથી. મહાભારતના વનપર્વનો ૬૩મો અધ્યાય આ કથાપ્રસંગ દ્વારા એવો સંદેશ આપે છે.

દમયંતીની પ્રીતિ તથા પવિત્રતાની પ્રતીતિ આ પ્રસંગ પરથી સહેલાઇથી થઇ રહે છે. આજની સ્ત્રીઓ એની કલ્પના કરી શકશે અને એમાંથી જીવનોપયોગી પ્રેરણાસામગ્રી પામી શકશે તો એમને ને સૌને સારુ શ્રેયસ્કર થશે. દમયંતી તન મન વચનથી એક નળને જ ભજતી અને ભજવા માગતી હતી. એણે એની નિષ્ઠા નળમાં જ કેન્દ્રિત કરેલી. એ દેહલાલસાનો શિકાર સ્વપ્ને પણ બનવા નહોતી માગતી, સાનુકૂળ સંજોગોમાં પણ. એને લીધે એની અંદર સતીત્વની સર્વોત્તમ શક્તિનો પ્રાદુર્ભાવ થયેલો. એ સર્વોચ્ચ સનાતની શક્તિથી એ પાપબુદ્ધિથી પ્રેરાયેલા પારધિના નાશ દ્વારા પોતાની સુરક્ષા સાધી શકી.

માનવની સાચી સુરક્ષા એના શીલથી જ થઇ શકે છે.

એવી રીતે પોતાની સુરક્ષા કોઇ પણ કરી શકે છે.

આજે પણ અને ભવિષ્યમાં પણ.

☼ ☼ ☼ ☼ ☼

## ૮૫. દૈવીશક્તિની સહાયતા

દુર્ભાવનાથી ભરેલા શિકારીના નાશ પછી દમંયતી એ એકાંત અરણ્યમાં આગળ વધી. અરણ્યમાં અસંખ્ય હિંસક ભયંકર પ્રાણીઓ વાસ કરતાં ને વિચરતાં. ક્યાંક ક્યાંક મ્લેચ્છ જાતિના દસ્યુ પણ જુદીજુદી મંડળીઓમાં જોવા મળતા. ભયાનક રૂપવાળા પિશાચ, નાગ અને રાક્ષસો પણ રહેતા. એવા ચિત્રવિચિત્ર ચિંતાજનક અરણ્યમાં નળની શોધ કરતી વિયોગવેદનાથી વ્યથિત દમયંતી વિચરવા લાગી.

નળનું નામનિશાન દેખાયું નહિ ત્યારે, થાકીને લોથપોથ થયેલી દમયંતી એક ઠેકાણે શિલા પર બેસીને વિલાપ કરવા લાગી. એનો વિષાદ પરાકાષ્ઠા પર પહોંચી ગયો. એના પ્રાણના પ્રત્યેક પરમાણુમાં પાર વગરની પીડા થવા માંડી. એને જીવનની જરી પણ મમતા ના હોવા છતાં પણ પોતાના પ્રાણપ્રિય પરમ પ્રેમાસ્પદ પતિ નળના પુનર્મિલનની આશામાં એ જીવનતંતુને ટકાવી રહેલી.

અનેક પ્રકારના પ્રેમપ્રલાપો કરતાં એણે એક સિંહને એની તરફ આવતો જોયો. એની પાસે પહોંચીને એ પ્રેમાસક્ત સ્વરે પરમનિર્ભયતા પૂર્વક કહેવા લાગીઃ મૃગરાજ, તું સમસ્ત વનનો રાજા છે. હું વિદર્ભનરેશ રાજા ભીમની સુપુત્રી અને નિષધનરેશ મહારાજા નળની પત્ની છું. પતિના વિરહથી વ્યથિત થઇને એમને શોધી રહી છું. તેં એમને જોયા હોય તો મને એમની માહિતી આપીને શાંતિ પ્રદાન કર. નહિ તો મારું ભક્ષણ કરીને સર્વ પ્રકારના સંતાપ અને શોકમાંથી મુક્તિ આપ.

સિંહ શાંતિથી બીજી દિશામાં ચાલ્યો ગયો. એટલે દમયંતી વળી વિલાપ કરવા લાગી. એનું આક્રંદ અતિશયતા પર પહોંચ્યું. એણે એકદમ અસહાય બનીને પર્વતપંક્તિને પતિના સમાચાર પૂછયા. એને અને અખિલ અરણ્યને પોતાને મદદરૂપ બનવા માટે પ્રાર્થના કરી. એ પ્રાર્થનાના પ્રત્યુત્રરૂપે કે બીજા કોઇયે કારણે, ત્રણ દિવસપર્યંત લગાતાર ચાલ્યા પછી એણે અરણ્યમાં એક આશ્રમ જોયો. એ શાંત આહ્લાદક આશ્રમમાં પરમ પ્રતાપી પ્રાતઃસ્મરણીય તપસ્વીઓ તપ કરી રહેલા. એમના દેવદુર્લભ દર્શનથી પ્રસન્નતા પામેલી દમયંતીનું એમણે સમુચિત સ્વાગત કર્યું. દમયંતીએ એમના પૂછવાથી પોતાનો સઘળો વૃતાંત કહી સંભળાવ્યો એટલે એમણે એને આશ્વાસન આપતાં જણાવ્યું કે આગળ પર તને સુખશાંતિ, સમૃદ્ધિ અને કલ્યાણની પ્રાપ્તિ થશે. અમે તપઃપૂતા દિવ્યદૃષ્ટિ દ્વારા દેખી શકીએ છીએ કે તને તારા પતિનો વહેલી તકે મેળાપ થશે ને શાંતિ મળશે. દુઃખના દિવસો વધારે નહિ ટકે. તારા પતિ શોક-સંતાપમાંથી મુક્તિ મેળવીને રાજ્યશ્રી દ્વારા અસીમ ઐશ્વર્યના અધિકારી બનશે. એ નીતિની મર્યાદામાં રહીને એટલું જણાવીને એ ઋષિઓ દમયંતીના આશ્ચર્ય વચ્ચે અગ્નિહોત્ર અને આશ્રમની સામગ્રી સાથે એકાએક અદૃશ્ય થઇ ગયા.

સાચા દિલની પ્રાર્થના ફળે છે ને સંતપ્તને સાંત્વના તથા શાંતિ આપે છે. આ પ્રસંગમાંથી એવો ધ્વનિ ઊઠે છે.

જીવાત્મા પોતાના મૂળભૂત સચ્ચિદાનંદ સ્વરૂપથી, પરમ પ્રિયતમથી વ્યથિત થાય અને એમને માટે પ્રાર્થના કે પ્રવૃત્તિ કરે; તો દમયંતીની પેઠે પથપ્રદર્શન, પ્રેરણા ને શાંતિ પામે. એની આતુરતાને અવલોકીને એને દૈવી મહાપુરુષો દર્શન આપે ને બનતી બધી જ મદદ કરે.

°

દમયંતીને થયેલા એ આકસ્મિક અલૌકિક અનુભવથી એની શ્રદ્ધા વધી અને બળવત્તર બની.

એને નળના પુનર્મિલનમાં લેશ પણ સંદેહ ના રહ્યો.

અવનવી આશા, આકાંક્ષા, શ્રદ્ધાભક્તિ, તથા હિંમત સાથે એ અરણ્યમાં આગળ વધી.

અરણ્યમાં એને અચાનક એક સંઘનો સમાગમ થયો. એની સાથે આગળ વધવાનું સરળ બન્યું. પરંતુ એ સંઘ પર એક રાત જંગલી હાથીઓના ટોળાએ આક્રમણ કર્યું.

એને લીધે સંઘના અસંખ્ય માનવો નાશ પામ્યા. થોડાક વેદશાસ્ત્ર પારંગત કર્મકાંડી પંડિતો ઉગરવા પામ્યા. એમની સાથે દમયંતીએ આગળ પ્રયાણ કર્યું, અને ચેદિરાજના મહાનગરમાં પ્રવેશ કર્યો.

ત્યાં એને રાજમાતાનો મેળાપ થયો. રાજમાતાએ તેને સ્વેચ્છાથી પોતાની પાસે બોલાવીને તેનો પરિચય પૂછયો એટલે તેણે પોતાની સઘળી કથા કહી સંભળાવી. ફક્ત પોતાના પિતાનું ને પતિનું નામ ના કહ્યું.

રાજમાતાએ એને પોતાને ત્યાં રહેવા માટે જણાવ્યું ને કહ્યું કે મને તારા પ્રત્યે પ્રેમ છે. મારા માણસો તારા પતિની શોધ કરશે. અથવા તે પોતે જ કોઇકવાર અહીં આવી પહોંચશે. તું તારા પ્રિય પતિને અહીં રહીને જ પામી શકીશ.

રાજમાતાના શબ્દોને સાંભળીને દમયંતી બોલી કે હું અહીં રહેવા માટેના તમારા આમંત્રણને સ્વીકારું છું, પરંતુ મારી શરતને પાળવી પડશે. હું કોઇનું ઉચ્છિષ્ટ ખાઇશ નહી, હું કોઇના પગ ધોઇશ નહીં, બીજા પુરુષો સાથે વાતચીત કરીશ નહીં. કોઇ પુરુષ મારા પ્રત્યે કુદૃષ્ટિ કરે અથવા મારી માગણી કરે તો તમારે તેને દંડ કરવો પડશે. એ જો અવારનવાર એવું કરે તો એનો વધ કરવો જોઇશે. મારા સ્વામીને શોધવા માટે હું બ્રાહ્મણોને ઇચ્છાનુસાર મળતી રહીશ.

દમયંતીની શરતને રાજમાતાએ માન્ય રાખી.

પોતાની સુપુત્રી સુનંદા સાથે દમયંતીને રહેવા માટે વ્યવસ્થા કરી.

દમયંતી ત્યાં નળનું સ્મરણ કરતી તથા નળના સુખદ સમાગમનાં સ્વપ્નાંને સેવતી ઋણાનુંબંધને અનુસરીને રહેવા લાગી.

એ ઘટના એના વ્યક્તિત્વની વિશેષતા બતાવે છે. એની જન્મજાત નીડરતા, તિતિક્ષા, સમયસૂચકતા અને આત્મજાગૃતિ પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે. એને પોતાની શીલરક્ષા કેટલી બધી પ્રિય હતી તેનું પ્રેરક ઉદાહરણ પૂરું પાડે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૮૬. નળનો જીવનપ્રવાહ

દમયંતીને ત્યાગીને અરણ્યમાં એકલા નીકળેલા નળનું શું થયું તે પણ જાણવા જેવું છે.

મહાભરતના વનપર્વના ૬૬મા અધ્યાયના આરંભમાં જ આલેખવામાં આવ્યું છે કે અરણ્યમાં આગળ વધતા નળરાજાએ એક ઠેકાણે ભયંકર દાવાનળનું દર્શન કર્યું.

દાવાનળમાંથી કોઇએ એને પોતાની પાસે પહોંચવાનો આદેશ આપ્યો.

એ આદેશને અનુસરીને એણે એ અસામાન્ય દાવાનળના મધ્યભાગમાં પ્રવેશ કર્યો તો ત્યાં ગૂંચળું વળીને સૂતેલા નાગરાજને જોયો.

એ નાગનું નામ કર્કોટક હતું. એને દેવર્ષિ નારદે શાપ આપેલો કે તને નળ લઇ જાય નહીં ત્યાં સુધી તું આ સ્થાનમાં સ્થાવરની પેઠે પડી રહેજે. તે તને જ્યારે લઇ જશે ત્યારે તું મારા શાપમાંથી મુક્તિ મેળવશે.

કર્કોટક નાગે નળને શાપની વાત વર્ણવીને પોતાને સહાયતા પહોંચાડવા જણાવ્યું અને એના બદલામાં પોતે મિત્રભાવે એને બનતી બધી જ મદદ કરશે એવું વચન આપ્યું.

શાપને લીધે એનાથી એક ડગલું પણ આગળ નહોતું વધાતું.

એ પોતાની અસાધારણ શક્તિથી અંગૂઠા જેવડો બની ગયો એટલે એના સૂચવ્યા પ્રમાણે નળ એને ઉપાડીને દસ ડગલાં આગળ વધ્યો. એ વખતે નાગ નળને કરડયો એટલે નળનું સ્વરૂપ બદલાઇ ગયું.

પોતાને વિકૃત સ્વરૂપવાળો વિલોકીને નળ વિસ્મય પામ્યો.

નાગે એને આશ્વાસન આપતાં અને સ્પષ્ટીકરણ કરતાં કહ્યું કે મેં તમારા અસલ સ્વરૂપને અદૃશ્ય કર્યું છે એટલે કોઇ તને ઓળખી શકશે નહીં. મારી પરમકૃપાથી હવે તમને કલિથી, દાઢવાળાં પ્રાણીઓથી, શત્રુઓથી કે બ્રહ્મવેત્તાઓથી કોઇ પ્રકારનો ભય નહિ રહે. વિષને લીધે કશી પીડા નહિ થાય. રણમેદાનમાં સદાને માટે વિજય સાંપડશે. તમે આજે જ અહીંથી અયોધ્યાનગરીમાં રાજા ઋતુપર્ણ પાસે પહોંચીને તમારો બાહુક નામના સારથિ તરીકે પરિચય પ્રદાન કરો. રાજા ઋતુપર્ણ દ્યુતવિદ્યામાં નિષ્ણાત છે. તમારી પાસેથી અશ્વવિદ્યા શીખીને તે તમને દ્યુતવિદ્યાનું રહસ્યજ્ઞાન પ્રદાન કરશે. ઇક્ષ્વાકુ કુળનો એ રાજા તમારો મિત્ર બનશે; દ્યુતવિદ્યામાં પરમ પારંગત બનીને તમે કલ્યાણની પ્રાપ્તિ કરશો. તમારી પત્નીને તથા બાળકોને મળશો, અને રાજ્યને મેળવશો. તમને તમારા અસલ સ્વરૂપને ઓળખવાની ઇચ્છા થાય ત્યારે આ વસ્ત્રને ધારણ કરજો અને મારું સ્મરણ કરજો.

કર્કોટક નાગે નળને બે દિવ્ય વસ્ત્રો આપ્યાં.

એ પછી એ અદૃશ્ય થઇ ગયો.

નાગના અદૃશ્ય થયા પછી નળે ત્યાંથી આગળ વધીને દસમે દિવસે ઋતુપર્ણ રાજાના અયોધ્યાપુરમાં પ્રવેશ કર્યો.

એણે રાજાને બાહુક તરીકે પરિચય પ્રદાન કર્યો અને જણાવ્યું કે અશ્વવિદ્યામાં મારી બરાબરી કરે તેવું જગતમાં બીજું કોઇ જ નથી. આર્થિક તથા વ્યવહારિક વિષયોના સલાહકાર તરીકે પણ હું સારી સહાયતા કરી

શકું તેમ છું. ભોજન તૈયાર કરવામાં પણ મેં પટુતાને પ્રાપ્ત કરી છે. તમે મારું પોષણ કરશો તો તમને મારાથી બનશે તેટલી બધી જ રીતે મદદરૂપ થઇશ.

રાજા ઋતુપર્ણે એને માસિક દસ હજાર મુદ્રાના વેતનથી પોતાની અશ્વશાળાના અધિનાયક તરીકે નીમ્યો.

એવી રીતે કર્કોટક નાગની કૃપાથી એનો જીવનપ્રવાહ એક નવી દિશામાં વહેવા માંડયો.

જીવનનો પ્રવાહ એવી રીતે પાર વિનાનાં પરિવર્તનોની શક્યતા ધરાવે છે. એની દિશાપ્રદિશા નિશ્ચિત નથી. એ યાવચ્ચંદ્રદિવાકરૌ એક જ રીતે નથી વહેતો. એમાં અવનવા આવર્તો અને વળાંકો આવે છે. અનોખા અકલ્પ્ય રસો ઉમેરાય છે. એટલા માટે કોઇએ એનાથી નિરાશ બનવાની આવશ્યકતા નથી હોતી, એનું આજનું સ્વરૂપ કોઇને રુચિકર લાગે કે ના લાગે તો પણ એ સ્વરૂપ સનાતન નથી એવું સમજીને પ્રયત્નશીલ બનવાની અને અન્ય અનુકૂળ પરિણામોને માટે પ્રતીક્ષા કરવાની આવશ્યકતા છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૮૭. નળની માહિતી

રાજા ઋતુપર્ણને ત્યાં સ્થૂળ સુખોપભોગની સામગ્રી વચ્ચે વસવા છતાં પણ નળનો અંતરાત્મા અશાંત રહ્યો. દમયંતીનું સ્મરણ-મનન એને સતાવવા અને દુઃખી કરવા લાગ્યું. દમયંતીને મળવાની આતુરતા એના અંતરમાં અતિશયતા પર પહોંચી. એના વિનાનું જીવન એને મરણની આવૃત્તિ જેવું લાગ્યું.

દમયંતીના પિતા ભીમે પણ દમયંતીને દુઃખમુક્ત કરવાની કામનાથી પ્રેરાઇને, નળની શોધખોળ માટે માણસોને મોકલ્યા. એમને દમયંતીને શોધી કાઢવાની પણ સૂચના આપી.

નળ-દમયંતીને શોધી કાઢનારને હજાર ગાયો, ગામ અને અન્ય જમીનનું દાન આપવાની ઘોષણા કરી.

દિવસોના એકધારા પરિશ્રમ પછી સુદેવ નામના બ્રાહ્મણે ચેદિપૂરીમાં રહેતી દમયંતી શોધી કાઢી.

રાજમાતાએ દમયંતીનો પરિચય પામીને એને પ્રસન્નતાપૂર્વક સુંદર પાલખીમાં બેસાડીને વિશાળ સેના સાથે એના પિતાની પાસે વિદાય કરી.

પિતાની પાસે પહોંચ્યા પછી દમયંતીએ નળની માહિતી મેળવવા માટે બનતો બધો જ પ્રયત્ન કર્યો.

એણે મોકલેલો પર્ણાદ નામનો બ્રાહ્મણ રાજા ઋતુપર્ણની અયોધ્યાપુરીમાં પહોંચ્યો.

ત્યાં એનો એકાંતમાં બાહુક સાથે જે વાર્તાલાપ થયો તેના પરથી તે જ નળ છે એવી એને પ્રતીતિ થઇ.

એ સમાચારને જાણીને દમયંતીએ સઘળી વાતને ગુપ્ત રાખીને પોતાના સ્વયંવરની યોજના કરીને સુદેવને અયોધ્યા મોકલ્યો.

સુદેવે અયોધ્યાપુરીમાં પ્રવેશીને રાજા ઋતુપર્ણને જણાવ્યું કે ભીમનંદની દમયંતીનો ફરીવાર સ્વયંવર થઇ રહ્યો છે. આવતી કાલે થનારા એ સ્વયંવરમાં તમે ઉપસ્થિત રહો તો સારું. સ્વયંવરમાં તે બીજા પતિને પસંદ કરશે કારણ કે વીર નળ જીવંત છે કે નહિ તેની માહિતી મળતી નથી.

નળને એ જાણીને નવાઇ લાગી અને અતિશય દુઃખ થયું.

દમયંતી એવું પગલું ભરી શકે ખરી ?

એનું મન કશું સમજી શક્યું નહીં.

રાજા ઋતુપર્ણે એને સ્વયંવરમાં પહોંચવા માટે આવશ્યક તૈયારી કરવાનો આદેશ આપ્યો.

નળે એ આદેશને અનુસરીને આવશ્યક તૈયારી કરી લીધી.

એને અનેક પ્રકારના વિચારો આવવા લાગ્યા. એ વિચારો શુભાશુભ બંને પ્રકારના હતા.

દમયંતીની નિષ્ઠામાં એને વિશ્વાસ તો હતો જ પરંતુ એનો પોતાનો પૂર્વ વ્યવહાર ત્રુટિપૂર્ણ હતો. એણે પોતે જ દમયંતીનો અકારણ, વિના અપરાધ પરિત્યાગ કરેલો.

એને ખબર નહોતી કે હવે એના પુનર્મિલનની પાવન પળ પાસે આવેલી.

માનવની દૃષ્ટિ તથા શક્તિ છે જ કેટલી બધી સીમિત ?

☼ ☼ ☼ ☼ ☼

# ૮૮. અદભુત ગણનાવિદ્યા

બાહુક નામધારી નળને સારથિ બનાવીને રાજા ઋતુપર્ણે વિદર્ભ દેશ પ્રતિ પ્રયાણ કર્યું. વાયુવેગે પસાર થતો રથ નદી, સરોવર, વન, ઉપવન, પર્વતો પાર કરીને આગળ વધવા લાગ્યો. રાજા ઋતુપર્ણ બાહુકની એકાગ્રતા, ઉત્સાહવૃત્તિ, સાવધાની, રથની નિયંત્રણશક્તિ તથા કળાને નિહાળીને આશ્ચર્યચકિત, ભાવવિભોર અને મંત્રમુગ્ધ બની ગયા. એ એની અસાધારણ શક્તિની મનોમન પ્રશંસા કરવા લાગ્યા.

માર્ગમાં એમના અંગ પરનો ખેસ નીચે પડી ગયો. એમણે બાહુકને રથ રોકવાની આજ્ઞા કરી તો બાહુકે કહ્યું કે તમારો ખેસ ચાર ગાઉ જેટલો પાછળ રહી ગયો છે. હવે એને લાવી શકાશે નહીં.

એના પરથી રથ કેટલો બધો ઝડપથી ચાલતો કે દોડતો હતો એનું અનુમાન કરી શકાય છે.

થોડેક છેટે એક બેડાનું વૃક્ષ દેખાયું. પોતાની વિશેષ વિદ્યાનો ચમત્કાર બતાવવાની આકાંક્ષાથી પ્રેરાઇને રાજા ઋતુપર્ણે જણાવ્યુંઃ બાહુક, પેલા વૃક્ષનાં પાંદડાં તથા ફળની સુનિશ્ચિત સંખ્યા હું અત્યારે ને અત્યારે બતાવી શકું તેમ છું. મારી પાસે સંખ્યાગણનાની એવી વિશિષ્ટ શક્તિ છે. એ વૃક્ષની બે મોટી, સુવિશાળ શાખાઓ  પર પાંચ કરોડ પાંદડાં છે. બીજી નાની ડાળીઓ સાથે એ શાખાઓ પર બે હજાર પંચાણું ફળ છે. એકસો એક પાંદડાં અને એકસો એક ફળ પૃથ્વી પર પડયાં છે.

રાજા ઋતુપર્ણના શબ્દોને સાંભળીને બાહુકે રથને રોકીને એ શબ્દોની યથાર્થતાનો નિર્ણય કરવાનો વિચાર કર્યો. એણે રાજાને પોતાનો પરીક્ષાવિચાર કહી બતાવ્યો. રાજાને વિદર્ભનગર પહોંચવાની ઉતાવળ હોવાં છતાં બાહુકની હઠ આગળ ઝૂકવું પડ્યું.

બાહુકે એમની અનુમતિ મેળવીને વૃક્ષને કાપી નાખીને એનાં પાંદડાં તથા ફળોને ગણી જોયાં તો એમની સંખ્યા બરાબર એટલી જ નીકળી. એથી એને અતિશય આશ્ચર્ય થયું. રાજા ઋતુપર્ણ પાસે અસાધારણ અમોઘ ગણનાવિદ્યા છે એમાં એને સંદેહ ના રહ્યો. એ વિદ્યા શીખવવા માટે એણે નમ્રતાપૂર્વક પ્રાર્થના કરી. એ વિદ્યાના બદલામાં પોતાની અસાધારણ અશ્વવિદ્યાને શીખવવાની તૈયારી બતાવી. રાજા ઋતુપર્ણે અક્ષવિદ્યામાં પણ પોતાની પટુતા જાહેર કરીને બાહુકની માગણીથી એ બંને વિદ્યાઓ એને શીખવી દીધી. અશ્વવિદ્યા પોતે સાનુકૂળ સમયે પાછળથી શીખી લેશે એવું કહીને રથ બનતી ત્વરાથી આગળ વધારવાનો આદેશ આપ્યો.

અક્ષવિદ્યાને જાણતાંવેંત જ બાહુક નામધારી નળના શરીરમાંથી કલિયુગ બહાર નીકળ્યો. એનો પ્રતિકૂળ પ્રભાવ દૂર થવાથી એને શાંતિ મળી.

મહાભારતના વનપર્વના ૭૨મા અધ્યાયની એ કથા તત્કાલીન ભારતની બે વિશિષ્ટ વિદ્યાઓનો પરિચય કરાવે છે. આજે આપણે કોમ્પ્યુટરની વાત કરીએ છીએ, પરંતુ પ્રાચીન ભારતના રાજા ઋતુપર્ણ જેવા વિરલ લોકોથી, કોમ્પ્યુટરો જેવી ત્વરિત અને ચોક્કસ ગણના કરી શકાય કે કેમ એ પ્રશ્ન છે. માનવની સુષુપ્ત શક્તિ જાગ્રત બની, ખીલીને કેવી અસાધારણ બની શકે છે એનું એ એક ઉદાહરણ છે.

બાહુક નામધારી નળે અશ્વવિદ્યાની નિપુણતાથી એક રાતમાં રથ દ્વારા ચારસો ગાઉનું અંતર કાપીને વિદર્ભનગરમાં પ્રવેશ કરેલો. ☼ ☼ ☼ ☼ ☼

## ૮૯. નળ-દમયંતીનું પુનર્મિલન

રાજા ઋતુપર્ણે નળ પર પ્રસન્ન થઇને એને માર્ગમાં અક્ષવિદ્યા શીખવી.

એ વિદ્યાના પ્રભાવથી નળના શરીરમાંથી કલિયુગ બહાર નીકળ્યો.

નળની અસાધારણ અશ્વવિદ્યાના પ્રભાવથી રાજા ઋતુપર્ણે સંધ્યા સમયે કુંડિનપુરમાં પ્રવેશ કર્યો ત્યારે સેવકોએ ભીમને એના શુભાગમનના સમાચાર પહોંચાડયા.

રથના ચિરપરિચિત ઘોષને સાંભળીને દમયંતીએ નળના આગમનનું અનુમાન કર્યું.

એનું અંતર અને અંગેઅંગ આનંદ પામીને અવનવા અવર્ણનીય ભાવોને અનુભવવા લાગ્યું.

પુણ્યશ્લોક નળનાં દર્શનની દિવ્ય ઇચ્છાથી પ્રેરાઇને એ મહેલની ઊંચી અટારી પર ચઢી.

એણે રથમાં રાજા ઋતુપર્ણને, વાર્ષ્ણેયને ને બાહુકને બેઠેલા જોયા. નળને ના નિહાળવાથી એ દુઃખી થઇ.

ભીમે ઋતુપર્ણનો સત્કાર કર્યો.

ઋતુપર્ણને ત્યાં સ્વયંવરનું કોઇ ચિહ્ન ના દેખાયું.

ભીમને પણ ઋતુપર્ણના આગમનનું કારણ ના સમજાયું. દમયંતીએ નળની માહિતી મેળવવા સ્વયંવરનું જે નિમિત્ત ઊભું કરેલું કરેલું તેની કોઇને કલ્પના પણ નહોતી.

દમયંતી અસામાન્ય બુદ્ધિશાળી હતી. એણે પોતાની વિશ્વાસુ દાસી કેશિનીને બાહુક પાસે મોકલીને એના રહસ્યજ્ઞાનને મેળવવાનો પ્રયાસ કર્યો.

કેશિનીએ બાહુકનું વિવિધ પ્રકારે પરીક્ષણ કરીને કહ્યું કે આના જેવો અતિપવિત્ર કર્મવાળો કોઇ પણ માણસ મેં પૂર્વે જોયો નથી, તેમ સાંભળ્યો પણ નથી. નીચું બારણું આવતાં તે કદી પણ નમતો નથી; ઊલટું, એને જોઇને તે બારણું જ સુખે અને પ્રતિબંધ વિના અંદર જઇ શકાય એવું ઊંચું થઇ જાય છે. સાંકડી જગ્યા પણ એને માટે વિશાળ અને સરિયામ થાય છે. ભીમરાજે ઋતુપર્ણને માટે જાતજાતના ભોજન પદાર્થો મોકલ્યા હતા. પશુનું પુષ્કળ માંસ પણ મોકલ્યું હતું. માંસને ધોવા માટે ઘડાઓ ગોઠવ્યા હતા. બાહુકે તે ઘડાઓ ઉપર દૃષ્ટિ કરી કે તરત જ તે જલથી ભરાઇ ગયા. પછી બાહુકે તે માંસાદિ ધોયાં અને ચૂલે ચઢાવ્યાં. તેણે મૂઠીભર ઘાસ લઇને તેને સૂર્ય સામે ધર્યું, એટલે ત્યાં એકદમ અગ્નિ પ્રગટયો. એ મહાન આશ્ચર્યને જોઇને હું વિસ્મિત થઇ અને અહીં આવી છું. એનામાં મેં બીજાં પણ મહાન આશ્ચર્યો જોયાં છે. અગ્નિને અડવા છતાં પણ એ તેથી દાઝતો નથી. એની ઇચ્છા થતાં જ જલ ધોધબંધ ધસારાથી વહેવા લાગે છે. વળી મેં એક બીજું અતિ મહાન આશ્ચર્ય જોયું. પુષ્પોને લઇને તેણે બે હાથે ધીરે ધીરે ચોળ્યાં. ફૂલોને હાથથી મસળ્યાં તો પણ તે તેવાં ને તેવાં જ રહ્યાં હતાં; એટલું જ નહિ પણ વિશેષ સુગંધીદાર અને પ્રફુલ્લિત થયાં હતાં એ અદભુત લક્ષણોને જોઇને હું અહીં દોડતી આવી છું.

પુણ્યશ્લોક નળની તે ચેષ્ટાઓને સાભળીને દમયંતીએ માન્યું કે આ નળરાજા જ આવ્યા છે. બાહુક પોતાના પતિ નળરાજ છે એવી એને શંકા થઇ. ફરીથી એણે રોતાં રોતાં મીઠી વાણીમાં કેશિનીને કહ્યું કે બાહુકનું ધ્યાન ના હોય ત્યારે રસોડામાંથી બહાર પડેલું તેનું રાંધેલું માંસ લઇ આવજે. કેશિની બાહુકની પાસે

ગઇ અને ત્યાંથી ગરમ માંસને લઇ આવી. દમયંતીએ અગાઉ અનેકવાર નળે રાંધેલું માંસ ખાધું હતું, તેથી માંસને ખાતાં જ માન્યું કે આ સારથિ નળ જ છે. તે મોટેથી કલ્પાંત કરવા લાગી અને અત્યંત વ્યાકુળ થઇ ગઇ. તેણે પોતાનાં બે બાળકોને કેશિની સાથે મોકલ્યાં. બાહુકે ઇન્દ્રસેનાને તથા તેના ભાઇ ઇન્દ્રસેનને ઓળખી કાઢ્યાં. તરત જ તે સામે દોડ્યો. તેમને ખોળામાં લીધાં. દેવબાળકો જેવાં એ બંને બાળકોને મળીને બાહુકનું મન દુઃખથી ઘેરાઇ ગયું, અને ઊંચે સાદે રોવા લાગ્યો. પછી જાણે કાંઇક યાદ આવ્યું હોય તેમ એકાએક બંને બાળકોને ઉઠાડીને તે કેશિનીને કહેવા લાગ્યો કે આ બે બાળકો જેવાં જ મારે પણ બાળકો છે. આથી એમને જોતાંવેંત જ મને આંસુ આવ્યાં. તું વારંવાર અહીં આવે છે તેથી લોકો કદાચ દોષદૃષ્ટિએ શંકા કરશે. અમે તો આ દેશના અતિથિઓ છીએ. માટે હવે તું સુખેથી ચાલી જા.

કેશિનીની કથા સાંભળીને દમયંતીને બાહુકના રૂપ વિશે જાણવાની ઇચ્છા થઇ. એણે પોતાના માતાપિતાની અનુમતિ મેળવીને બાહુકને પોતાની પાસે બોલાવ્યો.

દમયંતીને ત્યાં એકાએક અવલોકીને નળ આશ્ચર્યચકિત તથા દુઃખી થઇ ગયો.

એ બંનેની વચ્ચેના વાર્તાલાપથી બંનેને સંતોષ થયો.

દમયંતીને નળનું મિલન થયું ને નળને દમયંતીનું.

દમયંતીના સ્વયંવરના સમાચાર તો મિથ્યા અને પોતાને શોધી કાઢવાના સાધન સમાન હતા એવી દમયંતીના સ્પષ્ટીકરણથી નળને ખાતરી થઇ. એ વખતે આકાશવાણી થઇ કે દમયંતી નિષ્પાપ છે. એણે શીલરૂપી ઉજ્જવળ કોશનું રક્ષણ કર્યું છે. અમે એના ત્રણ વરસથી સાક્ષી છીએ. તારે માટે જ એણે સ્વયંવરનો ઉપાય યોજ્યો છે. જગતમાં તારા વિના બીજો કોઇ પુરુષ એક દિવસમાં સો યોજન જઇ શકે તેમ નથી. તું દમયંતીને મળ્યો છે ને દમયંતી તને મળી છે. એ સંબંધમાં શંકા કરીશ નહીં. તું એનો સ્વીકાર કર અને એ તારો સ્વીકાર કરે.

નળે નાગરાજને યાદ કરીને તેણે આપેલું નિર્મળ વસ્ત્ર ધારણ કર્યું એટલે એને એના અસલ સ્વરૂપની પ્રાપ્તિ થઇ.

નળ અને દમયંતીની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

દમયંતીની દુઃખકથા કહી બતાવે છે કે માનવે દુઃખ કે કષ્ટના કારમા દિવસો દરમિયાન પણ ધીરજ તથા હિંમતને ના હારવી, આશાને ના ત્યાગવી, અને દુઃખ, કષ્ટ કે મુસીબતમાંથી મુક્તિ મેળવવાનો મનોરથ તેમ જ પ્રયત્ન કરવો. દમયંતીની કથા ભારતીય નારીના મજબૂત મનોબળની, અદમ્ય આત્મવિશ્વાસની, આત્મસંયમની, ત્યાગની, પાવિત્ર્યની, શીલની અને નિષ્ઠાવ્રતની કલ્યાણકથા છે. નર અને નારી ઉભયને માટે એ એકસરખી પ્રેરક, કલ્યાણકારક અને ઉપયોગી છે.

રાજા ઋતુપર્ણ નળને નિહાળીને આશ્ચર્ય અને આનંદ પામ્યો.

એણે જ્ઞાત અથવા અજ્ઞાત રીતે કોઇ પ્રકારનો દુર્વ્યવહાર કરાયો હોય તો નળની ક્ષમા માગીને બીજા સુયોગ્ય સારથિ સાથે પોતાના નગર પ્રતિ પ્રયાણ કર્યું.

ભીમને સંપૂર્ણ સંતોષ થયો.

દમયંતીની માતાએ અને પુલકિત પ્રજાજનોએ મહોત્સવ મનાવ્યો.

રાજા ઋતુપર્ણના પ્રયાણ પછી નળે દિવસો સુધી દમયંતી સાથે કુંડિનપુરમાં વસીને નિષધદેશ જવા માટે વિદાય લીધી.

એનું પ્રારબ્ધ પલટાયું.

પ્રારબ્ધ ક્યારે કોનું પલટાય છે તે વિશે ચોક્કસપણે કશું જ નથી કહી શકાતું. માટે જ માનવે કોઇપણ સ્થળે, કોઇપણ સંજોગોમાં, નાહિંમત નથી થવાનું; નિરાશાવાદી નથી બનવાનું.

નળાખ્યાનનો એ સર્વકાલીન સર્વોપયોગી સંદેશ છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૯૦. નળનો સદભાવ

સામાન્ય માનવોનાં મન પ્રતિશોધભાવથી ભરપૂર હોય છે. કોઇની દ્વારા એમને કાંઇ જ સહન કરવું પડ્યું હોય કે કોઇક એમનું કાંઇક ખરાબ કરે તો એનો ડંખ એમની અંદર રહી જાય છે. એથી પ્રેરાઇને એ એનો બદલો લેવા માટે તૈયાર રહે છે, અને એવો બદલો લેવાનો સાધારણ અથવા અસાધારણ અવસર આવે તો પણ એનો પૂરેપૂરો લાભ લેવાનું નથી ચૂકતા. એ કાયમ માટે ઝેરની કોથળી લઇને ફર્યા કરે છે. પરંતુ અસામાન્ય માનવોનાં મન જુદાં અને અમૃતથી ભરેલાં હોય છે. એમની અંદર પવિત્ર પ્રેમના ફુવારા ફૂટ્યા તથા ઊડ્યા કરે છે. એ કોઇને માટે ડંખ, દ્વેષ કે પ્રતિશોધભાવ નથી રાખતા. સૌનું શુભ ચાહે છે તથા કરવા તૈયાર રહે છે. એ તો ખરું જ પરંતુ અશુભ તાકનારાનું પણ શુભ તાકે છે ને કરે છે. એમનાં અંતર એટલાં બધાં ઉદાત્ત, ઉદાર અને મંગલમય હોય છે. એ સંદર્ભમાં મહારાજા નળનો જીવનવ્યવહાર જોવા જેવો છે. કેવળ જોવા જેવો જ નહિ, ધડો લેવા જેવો. એ જીવનવ્યવહાર પરથી સાબિત થાય છે કે નળ એક સાત્વિક સાચો સત્પુરુષ હતો.

નળના નાના ભાઇ પુષ્કરે અક્ષવિદ્યાના પ્રભાવથી દ્યુતનો આધાર લઇને એનું રાજ્ય, ઐશ્વર્ય, ધન અને સર્વસ્વ જીતી લીધું એથી નળને દમયંતી સાથે નગરને છોડીને વનમાં વિચરવું પડ્યું. એ બંનેને અસંખ્ય સંકટોનો સામનો કરવો પડ્યો. પરંતુ દુઃખના દિવસો પણ સદા એકસરખા નથી રહેતા. રાજા ઋતુપર્ણ પાસેથી અક્ષવિદ્યા શીખી, દમયંતીને પુનઃ પ્રાપ્ત કરી ચૂકેલા નળનું પ્રારબ્ધ પલટાયું ને સાનુકૂળ બન્યું. અક્ષવિદ્યાના પ્રભાવથી એણે પુષ્કરને દ્યુત માટે ફરી વાર આમંત્રણ આપીને દ્યુત રમવા અથવા યુદ્ધ કરવા તૈયાર થવા જણાવ્યું.

પુષ્કર દ્યુતમાં સઘળું હારી ગયો. નળને હરાયેલું રાજ્ય, ઐશ્વર્ય, ધન પાછું મળ્યું. પુષ્કરે દ્યુતમાં પોતાના પ્રાણની બાજી પણ લગાવી દીધેલી. એ દાવમાં પણ એ હારી ગયો ત્યારે નળે જણાવ્યું કે તારે સપરિવાર દમયંતીના દાસ બનવું પડશે. હું ધારું તો તને અત્યારે જ પ્રાણદંડ આપી શકું તેમ છું પરંતુ એટલો બધો અધમ નહિ બનું. તને જીવનની ભિક્ષા આપું છું. મારી જીતેલી તારી સંપત્તિ પણ તને સુપરત કરું છું. ભાઇનો સંબંધ તથા સ્નેહ સાચો, સુદૃઢ, સનાતન હોય છે. તારા પ્રત્યેનો મારો પ્રેમભાવ પહેલાંની પેઠે જ ચાલુ રહેશે. મારાથી તારું અકલ્યાણ નહિ કરી શકાય. મારા આશીર્વાદથી તું ચિરંજીવી બનીને પરમ સુખોપભોગ કર.

પુષ્કર પર એ ઉત્તમ વ્યવહારનો પ્રભાવ પ્રબળપણે પડ્યા વિના રહ્યો નહીં. એણે એવી કલ્પના પણ નહોતી કરી. એણે જણાવ્યું કે તમે કૃપા કરીને મને ધન, પ્રાણ, આશ્રયનું પ્રદાન કર્યું છે. મારાથી એ કદાપિ નહિ ભૂલી શકાય. હું પ્રાર્થું છું કે તમે દીર્ઘાયુ બનીને સ્વસ્થ શરીરથી અનંતકાળ સુધી સર્વોત્તમ સામ્રાજ્યસુખનો ઉપભોગ કરો.

મહિના સુધી નળની પાસે રહીને એ સ્વજનો સાથે પોતાના રાજ્યમાં ગયો. એ નળનો એકનિષ્ઠ સેવક બન્યો.

વિદ્વેષ વિદ્વેષને વાવે છે, વધારે છે, ને સ્નેહ તથા સદભાવ સ્નેહ અને સદભાવને. એક અશાંતિ આપે છે, અવનતિ તરફ આગળ વધારે છે, અને બીજાથી સુખશાંતિ સંપત્તિ, સમુન્નતિ, સુયશ સાંપડે છે. માનવે, માનવસમાજે એમાંથી એકની પસંદગી કરવાની છે.

☼ ☼ ☼ ☼ ☼

# ૯૧. દધીચિનું સર્વસમર્પણ

મહાભારત આટલું બધું લોકપ્રિય કેમ છે તેના કેટલાંય કારણો છે. એમાંનું એક અગત્યનું કારણ એ પણ છે કે એમાં ઉચ્ચ જીવનના આદર્શોને સમાવી લેતી કથાઓ અત્યંત આકર્ષક અને આહ્લાદક રીતે અંકિત કરવામાં આવી છે. એ કથાઓ માનવહૃદયને સ્પર્શે છે, જાગ્રત કરે છે, અને પ્રેરણાની એ શક્તિ સનાતન હોવાથી આજે વરસો થયાં તોપણ મહાભારતની અસરકારકતા એવી જ અક્ષય અને એકધારી રહી છે.

આવો, એ કથાઓમાંની એક કથાનું રસપાન કરવા મહાભારતના વનપર્વમાં પહોંચી જઇએ અને અંતભાગનું ઊડતું નિરીક્ષણ કરીએ.

દેવતાઓના ઉપર એમના ગુરુ બૃહસ્પતિની કૃપા હતી ત્યાં સુધી એમની શક્તિ સર્વોચ્ચ રહી, પરંતુ ગુરુની અવકૃપા થતાં એ અશક્ત બન્યા અને એમને દાનવોએ જીતી લીધા. ગુરુની અવકૃપા થવાનું કારણ સ્પષ્ટ હતું. એકવાર ગુરુ બૃહસ્પતિ દેવતાઓની સભામાં આવ્યા ત્યારે ઇન્દ્રાણી સાથે સિંહાસન પર બેઠેલા ઇન્દ્રે ઊભા થઇને એમનું સન્માન ન કર્યું. બૃહસ્પતિ ત્યાંથી કાંઇ પણ બોલ્યા વિના વિદાય થયા. ઇન્દ્રે પોતાને એવા વર્તન માટે પાછળથી પશ્ચાતાપ થયો પરંતુ એ પ્રસંગ પછી એમની શક્તિનો નાશ થતો ગયો, અને છેવટે પોતાના ગુરુ શુક્રાચાર્યની મદદથી દાનવોએ એમના પર વિજય મેળવ્યો.

પરંતુ દેવતાઓ એમ કાંઇ હિંમત હારે ખરા કે ? એમણે બ્રહ્માના કહેવાથી વિશ્વરૂપને ગુરુ કર્યા અને એમના માર્ગદર્શન પ્રમાણે ચાલીને દાનવો પર ફરી વિજય મેળવ્યો. પણ વાત એટલેથી જ ના અટકી. વિશ્વરૂપના પિતા ત્વષ્ટાએ દેવતાઓનો મદ ઉતારવા તથા એમને કાબૂમાં રાખવા યજ્ઞકુંડમાં આહુતિ આપીને એક અસુરની ઉત્પત્તિ કરી. એ અસુરનું નામ વૃત્રાસુર પડ્યું.

વૃત્રાસુરનો દેખાવ અતિશય ભયંકર હતો. તેમજ એનું  સામર્થ્ય પણ અત્યંત વિશાળ હતું. દેવતાઓ એની સામે ટકી ન શક્યા એટલે ઇન્દ્રે બ્રહ્માનું શરણ લીધું. બ્રહ્માએ પ્રસન્ન થઇને ઇન્દ્રને ઉપાય બતાવ્યો કે દધીચિ ઋષિના શરીરના હાડકાનું જો વજ્ર બનાવવામાં આવે તો તે વજ્રથી વૃત્રાસુરનો નાશ થઇ શકેશે. બીજી કોઇએ રીતે વૃત્રાસુરનો નાશ નથી થઇ શકવાનો. તમે દધીચિ ઋષિને જઇને પ્રાર્થના કરો તો તમારી પ્રાર્થનાને લક્ષમાં લઇને લોકકલ્યાણને માટે તમારી માંગણી તે જરૂર મંજૂર રાખશે. દેવતાઓ વિચારમાં પડયા. દધીચિ ઋષિ પોતાના શરીરનું સમર્પણ કરવા તૈયાર થશે ખરા ?

એમને શંકા થઇ.

છતાં પણ એ દધીચિ મુનિ પાસે જઇ પહોંચ્યા.

પહોંચ્યા વિના છૂટકો જ ક્યાં હતો ?

દધીચિ ઋષિએ ઇન્દ્રની વાત સાંભળીને સામેથી પૂછયું કે "બ્રહ્માંડમાં એવું કોણ છે જેને પોતાનું શરીર પ્રિય ન હોય ? એવા પ્રિય શરીરનો ત્યાગ કરવાની તૈયારી કોણ બતાવી શકે ?

ઇન્દ્રે નમ્રતાપૂર્વક કહ્યું, 'પ્રત્યેક શરીરધારીને પોતાનું શરીર પ્રિય છે. એમ કહો કે સૌથી વધારે પ્રિય છે. તોપણ બીજાના હિતને માટે જો કરવો પડે તો એનો ત્યાગ તમારા જેવા કોઇક વિરલ મહાપુરુષો જ કરી શકે છે. '

દધીચિ ઋષિએ કહ્યું : 'હું તો તમારા મનોભાવો જાણવા માગતો હતો, બાકી ઇશ્વર ઇચ્છાનું ઉલ્લઘન મારાથી નહિ જ કરી શકાય. એમણે ધાર્યું જ છે તો શરીરનો ત્યાગ કરવા સસ્મિત તૈયાર છું. તમે મારા મરણધર્મ શરીરનો ઉપયોગ કરીને વૃત્રાસુરનો નાશ કરી શકો છો.'

દધીચિ ઋષિએ સમાધિમાં પ્રવેશ કરીને સાપ જેવી રીતે કાંચળીનો ત્યાગ કરે તેવી સહજ રીતે, પોતાના શરીરનો ત્યાગ કર્યો.

દેવતાઓ અત્યંત હર્ષ પામ્યા.

ઋષિના મૃત શરીરમાંથી એમણે વજ્ર બનાવ્યું. એ વજ્રથી છેવટે ઇન્દ્રે વૃત્રાસુરનો નાશ કર્યો.

લોકકલ્યાણને માટે સ્વાત્મસમર્પણની કેટલી બધી સુંદર, સારગર્ભિત અને અદભુત કથા મહાભારતે રજૂ કરી છે ? લોકહિતના પરમ કલ્યાણકારક ભાવથી પ્રેરાઇને વ્યક્તિએ સમષ્ટિને માટે બુદ્ધિ, વિદ્યા, બળ ને ધન અર્પણ કરવા તો તૈયાર થવું જ જોઇએ, પરંતુ એથી આગળ વધીને જરૂર પડયે શરીરનું બલિદાન દેવા પણ તત્પર રહેવું જોઇએ, એ સનાતન સંદેશ આ કથામાં સમાયેલો છે. આ અવનીમાંથી આસુરી તત્વોનો અંત આણવા માટે દૈવી પ્રકૃતિવાળાં તત્વોએ એક થવાનું છે અને પોતાનું સર્વસમર્પણ કરવાનું છે સંક્ષેપમાં કહીએ તો સૌએ પવિત્ર કર્તવ્યરત ત્યાગમૂર્તિ દધીચિ બનવાનું છે. તો સંસારની કાયાપલટ થતાં ને સંસારને સ્વર્ગીય બનતાં વાર નહિ લાગે.

એક તરફ આસુરી શક્તિ હતી તો બીજી બાજુ દૈવી શક્તિ. દૈવી શક્તિએ આસુરી શક્તિ પર વિજય મેળવ્યો. દૈવી શક્તિ આસુરી શક્તિ પર વહેલી કે મોડી વિજય મેળવે જ છે. દૈવી શક્તિ વિશેષ બળવાન છે. સનાતન છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૯૨. મહર્ષિ કપિલનું વરદાન

સગર રાજા. ઇક્ષ્વાકુ વંશ.

સગર રાજાની વૈદર્ભી તથા શૈબ્યા નામની બે સૌન્દર્યવતી સ્ત્રીઓ.

એમને કોઇ સંતાન ના હોવાથી એમની ચિંતાનો પાર ન હતો.

રાજા સગરે પોતાની પ્રિય પત્નીઓ સાથે પુત્રપ્રાપ્તિની ઇચ્છાથી પ્રેરાઇને કૈલાસ પર્વતના પવિત્ર પ્રાણવાન પ્રશાંત પ્રદેશમાં પહોંચીને તપ કરવા માંડયું.

કઠોર તપ. એના પરિણામે આશુતોષ ભગવાન શંકરે દર્શન આપ્યું.

ભગવાન શંકરને પોતાની પત્નીઓ સાથે પ્રણામ કરીને રાજાએ મનોવાંછિત વરદાન આપવાની પ્રાર્થના કરી ત્યારે ભગવાન શંકરે કહ્યું કે તને તારી એક રાણીથી પરમ પરાક્રમી અને અતિશય અભિમાની સાઠ હજાર પુત્રો થશે. તેમનો એકસામટો નાશ થશે. બીજી રાણીથી એક જ પરંતુ સુપાત્ર, શૂરવીર, સત્કર્મપરાયણ સુપુત્ર થશે. તે વંશના વિસ્તાર માટે નિમિત્ત બનશે.

ભગવાન શંકરના અંતર્ધાન થયા પછી રાજા સગર, પોતાની પત્નીઓ સાથે પ્રસન્ન ચિત્તે પર્વત પરથી પાછો ફર્યો.

વખતના વીતવાની સાથે શૈબ્યાને અતિશય આકર્ષક સુંદર પુત્ર થયો.

વૈદર્ભીએ તૂમડાને જન્મ આપ્યો.

રાજા સગરે તૂમડાનો ત્યાગ કરવાનો વિચાર કર્યો ત્યારે આકાશવાણી સંભળાઇ કે તું તેવું સાહસ ના કરતો. તૂમડામાંથી બીજ કાઢીને એમને ઘીથી ભરેલા હૂંફાળા ઘડાઓમાં સાચવી રાખ. તેથી તને સાઠ હજાર પુત્રો થશે. મહાદેવનું વરદાન સંપૂર્ણ સાચું ઠરશે.

આકાશવાણીએ સૂચવ્યા પ્રમાણે સગર રાજાને સમય પર સાઠ હજાર પુત્રોની પ્રાપ્તિ થઇ.

એ સઘળા પુત્રો ભયંકર, કુકર્મપરાયણ અને વ્યોમમાં વિહરનારા હતા.

એ સૌની અવજ્ઞા કરતા.

એ જ્યારે યુવાવસ્થામાં પ્રવેશ્યા ત્યારે સગર રાજાએ અશ્વમેઘ યજ્ઞની દીક્ષા લીધી.

સગરપુત્રોથી સંતપ્ત પ્રજાજનો દેવો સાથે બ્રહ્માને શરણે જઇને એમની સહાયતા માટે પ્રાર્થવા લાગ્યા.

બ્રહ્માએ એમને આશ્વાસન આપતાં જણાવ્યું કે તમે તમારા સ્વસ્થાને પાછા ફરો. પોતાનાં કુકર્મોનાં પરિણામે સગરપુત્રોનો થોડા વખતમાં જ નાશ થશે.

એમની એ અમોઘ ભવિષ્યવાણીની પૂર્વભૂમિકારૂપે જ જાણે કે સગર રાજાના અસાધારણ અશ્વમેઘ યજ્ઞનો આરંભ થયો.

અશ્વમેઘ યજ્ઞનો સાઠ હજાર પુત્રોથી રક્ષાયેલો અશ્વ પૃથ્વી પર વિચરણ કરતો સુવિશાળ સમુદ્રતટે પહોંચીને એકાએક અદૃશ્ય થયો.

સગરે એને આકસ્મિક રીતે હરાયેલો અથવા અદૃશ્ય થયેલો જાણીને પોતાના પુત્રોને એની શોધખોળ માટે આદેશ આપ્યો એટલે એ સમસ્ત ભૂમંડળમાં, દિશાપ્રદિશામાં એની શોધ કરવા લાગ્યા.

એમની શોધ નિષ્ફળ ગઇ અને એ સઘળા પાછા ફર્યા તોપણ સગરે એમને પાછા મોકલ્યા.

ફરી વાર શોધ કરતાં એમણે ધરતીમાં એક ઠેકાણે ચિરાડ જોઇ.

એ ચિરાડને દેખીને એમણે સમુદ્રના ઇશાન ખૂણામાં આશાપૂર્વક ખોદવા માંડયું. તો છેવટે ત્યાં ધરાતલ પર એમણે અશ્વમેધ યજ્ઞના એ અશ્વને ફરતો જોયો.

એ અશ્વની સમીપે પરમ તેજસ્વી તપોમૂર્તિ સ્વનામધન્ય મહર્ષિ કપિલને નિહાળ્યાં.

અશ્વને અવલોકીને એ આનંદમગ્ન બની ગયા. રોમાંચિત થયા.

પ્રારબ્ધથી પ્રેરાઇને, મહર્ષિ કપિલનો અનાદર કરીને, ખૂબ જ ક્રોધે ભરાઇને એ અશ્વને પકડવા માટે આગળ વધ્યા.

એમણે મહર્ષિ કપિલને ચોર સમજીને એમની સાથે દુર્વ્યવહાર કરીને એમનું અપમાન કર્યું.

પરમાત્માના પરમ કૃપાપાત્ર પ્રાતઃસ્મરણીય સંતપુરુષો પ્રત્યેનો દુર્વ્યવહાર કદી પણ કલ્યાણકારક નથી થતો. એવા પરમપ્રતાપી મહાપુરુષોનું અપમાન અનર્થકારક થઇ પડે છે. એમની અવહેલના અથવા અવજ્ઞા અમંગલ બને છે. એમનો આદર કરવામાં ના આવે તોપણ અનાદર તો ભૂલેચૂકે પણ ના કરાય એનું સદા ધ્યાન રાખવું જોઇએ. મહાભારતની આ કથા એવી ગર્ભિત શિક્ષા પૂરી પાડે છે.

સગરના સાઠ હજાર પુત્રોના દુર્વ્યવહારને દેખીને કપિલે સંપૂર્ણ સ્વસ્થતાપૂર્વક પોતાનાં નેત્રોને ઉઘાડ્યા. એમના નેત્રોમાંથી પ્રકાશના જે કિરણો પ્રગટયાં તે કિરણોના પ્રભાવથી સગરના સાઠ હજાર પુત્રો ક્ષણવારમાં જ બળીને ભસ્મીભૂત બની ગયા.

દેવર્ષિ નારદે એ સમસ્ત ઘટનાપ્રસંગના સમાચાર રાજા સગરને પહોંચાડ્યા ત્યારે સગરનું દિલ સ્વાભાવિક રીતે જ અતિશય દુઃખી બની ગયું.

એવી પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી કેવી રીતે માર્ગ કાઢવો તેની સમજ એને ના પડી.

મહાભારતના વનપર્વની એ કથા એટલેથી અટક્યા વગર આગળ વધે છે.

રાજા સગરની શૈખ્યા નામની રાણી. એને અસમંજસ નામે પુત્ર. એનું જીવન અતિશય ઉપદ્રવકારક હોવાથી નગરજનોએ કંટાળીને તથા ત્રાસીને રાજાને ફરિયાદ કરી.

રાજાએ અમાત્યોની સાથે પરામર્શ કરીને એને નગર બહાર કાઢી મૂક્યો.

પોતાનો પુત્ર પણ જો વિપથગામી અને અન્યને માટે અનર્થકારક હોય તો એને દંડપાત્ર સમજવો જોઇએ એવી અદભૂત આદર્શ શાસનપરંપરા એ વખતે પ્રવર્તમાન હતી.

એ અનર્થકારક અસમંજસનો પુત્ર અંશુમાન ગુણ તથા કર્મે અસમંજસ કરતાં સારો હતો.

એણે સગર પાસેથી યજ્ઞની, યજ્ઞના અશ્વની, મહર્ષિ કપિલની, અને એમની દ્વારા ભસ્મીભૂત થયેલા સગરના સાઠ હજાર પુત્રોના નાશની કથા સાંભળીને વ્યથાને અનુભવીને મહર્ષિ કપિલના દેવદુર્લભ દર્શન માટે પ્રયાણ કર્યું.

એનો પ્રાણ પોતાના પિતૃઓના પરિત્રાણની પ્રેરણાથી પ્રેરાયેલો.

મહર્ષિ કપિલ પાસે પહોંચીને એણે એમનું અને અશ્વનું અવલોકન કર્યું.

મહર્ષિ કપિલને પરમ પૂજ્યભાવે પ્રણામ કર્યા એટલે એના વિનયપૂર્ણ વ્યવહારથી પ્રસન્ન બનીને મહર્ષિએ એને આશીર્વાદ આપીને વરદાન માગવા માટે જણાવ્યું ત્યારે એણે પોતાના પૂર્વજોના પરિત્રાણ માટે પ્રાર્થના કરી.

એણે પ્રથમ વરદાનમાં યજ્ઞકાર્યને પરિપૂર્ણ કરવાના પ્રયોજનથી પ્રેરાઇને યજ્ઞના અશ્વની માગણી કરી; અને બીજા વરદાનમાં પિતૃઓના પરિત્રાણને માગી લીધું.

મહર્ષિ કપિલે બંને વરદાન માટે અનુમતિ આપીને જણાવ્યું કે તારી માગણીને હું માન્ય રાખું છું. તારી અંદર ધર્મ, ક્ષમા તથા સત્ય છે. તારે લીધે રાજા સગર કૃતાર્થ છે. તારા પ્રભાવથી સગરપુત્રો સ્વર્ગમાં પ્રવેશશે અને એમનો સમુદ્ધાર થશે. તારો પૌત્ર મહાદેવને પ્રસન્ન કરીને સગરપુત્રોના સમુદ્ધાર માટે સ્વર્ગમાંથી ગંગાને પૃથ્વી પર વહેતી કરશે. તું યજ્ઞના અશ્વને લઇ જા અને રાજા સગરે આરંભેલા પવિત્ર યજ્ઞને પૂર્ણ કર.

એ શબ્દોના શ્રવણથી અંશુમાનને શાંતિ થઇ.

એટલા માટે જ કદાચ કહેવામાં આવ્યું છે કે મહાપુરુષોનો કોપ કલ્યાણકારક હોય છે. એમનો અભિશાપ પણ આશીર્વાદરૂપ ઠરે છે. એમની પ્રવૃત્તિ સમજાય કે ના સમજાય તોપણ સદાને સારુ શ્રેયસ્કર બને છે. મહર્ષિ કપિલના સંબંધમાં એવું જ થયું એથી એમને માટે અંશુમાનનો આદરભાવ વધી ગયો. એને અતિશય આનંદ થયો.

યજ્ઞના અશ્વને લઇને અંશુમાન સગર રાજાના યજ્ઞસ્થાને પહોંચ્યો.

અંશુમાનની પુરુષાર્થકથાને સાંભળીને સગરનું દુઃખ કાંઇક અંશે હળવું બન્યું.

અંશુમાનને સમુચિત રીતે સન્માનીને એણે યજ્ઞકર્મની પરિસમાપ્તિ કરી.

યજ્ઞકર્મની સુખદ પરિસમાપ્તિ થતાં દેવોએ સગરનું સવિશેષ સ્વાગત કર્યું.

સગર રાજાએ સુદીર્ઘ સમય સુધી સૂખપૂર્વક શાસન કર્યું.

એના પછી અંશુમાન રાજા બન્યો.

અંશુમાનના અવસાન પછી એના પુત્ર દિલીપને રાજ્ય મળ્યું.

દિલીપે પોતાના પિતૃઓની સદગતિને લક્ષમાં રાખીને, મહર્ષિ કપિલના વરદાનની વાતને યાદ રાખીને, ગંગાને પૃથ્વી પર ઉતારવાનો પ્રખર પ્રયત્ન કર્યો, પરંતુ એ પ્રયત્ન સફળ થયો નહી.

એનો પુત્ર ભગીરથ સત્યનિષ્ઠ, ધર્મપરાયણ, સદાચારી તથા સાત્વિક હતો. એનો રાજ્યભિષેક કરીને દિલીપે પરંપરાગત પ્રથા પ્રમાણે વનના એકાંત શાંત પવિત્ર પ્રદેશમાં પ્રવેશ કર્યો.

પોતાના સર્વોત્તમ જ્યોતિર્મય જીવનવ્યવહારથી રાજા ભગીરથે પ્રજાજનોનાં હૃદયને જીતી લીધાં. પોતાના પૂર્વજોની દુર્ગતિ વિશે સાંભળીને એની પીડાનો પાર રહ્યો નહીં. દિવસોના મનોમંથન પછી પોતાના પૂર્વજોના પરિત્રાણ માટે, મંત્રીઓને રાજ્યના શાસનની જવાબદારી સોંપીને, એણે હિમાલય પવિત્ર પ્રદેશમાં તપ કરવા માટે પ્રયાણ કર્યું.

☼ ☼ ☼ ☼ ☼

## ૯૩. ગંગાનો અનુગ્રહ

પોતાના પૂર્વજોના પરિત્રાણ માટે ભગવતી ભાગીરથીની આરાધના માટે આતુર બનેલા રાજા ભગીરથે ઋષિમુનિ મંડિત, સિદ્ધ સાધકજનસેવિત, હિમાલય પર્વતના પુણ્યપ્રદેશમાં પ્રવેશ કર્યો.

એ પુણ્યપ્રદેશ અનેકવિધ આકારોવાળાં ધાતુમય શિખરોથી સુશોભિત હતો. તેની ચારે બાજુ મેઘોનો વિસ્તાર હતો. નદીઓ, કુંજો, માંડવાઓ અને મહાલયોથી તે શોભી રહ્યો હતો. ગુફાઓ અને કોતરોમાં સંતાયેલા સિંહો અને વાઘોનો ત્યાં નિવાસ હતો. વિચિત્ર અંગવાળા વિવિધ રીતે મધુર સ્વરથી ગાન કરતાં પંખીઓથી, કોયલોથી, ભૃંગરાજોથી, હંસોથી, બપૈયાઓથી, જલકૂકડીઓથી, મોરથી, પોપટોથી, કોયલોથી, આંખના શ્યામલ છેડાવાળાં ચકોરોથી અને પુત્રપ્રિય પક્ષીઓથી તે પર્વત શોભા ધારણ કરી રહ્યો હતો. રમણીય જલાશયોમાં ખીલેલી કમલિનીઓથી ભરપૂર હતો. સારસોના સુમધુર સ્વરોથી સુશોભિત તે પર્વતના શિલાતલોને કિન્નરો અને અપ્સરાઓ સેવતાં હતાં. એનાં વૃક્ષોને દિગ્ગજો દંતશૂળોની અણીથી ચોમેરથી ઘસતા હતા. ત્યાં વિદ્યાધરો નિવાસ કરતા. તે વિવિધ રત્નોથી ભરેલો હતો. ભયંકર ઝેરવાળા અને ભયંકર જિહ્વાવાળા સર્પોનો ત્યાં નિવાસ હતો. ક્યાંક તે સુવર્ણના ઢગ જેવો હતો, ક્યાંક ચાંદી જેવો અને ક્યાંક અંજનના સમૂહ જેવો હતો. ત્યાં ફળ, મૂળ અને જળનો આહાર કરીને એ નરશ્રેષ્ઠે સહસ્ત્ર વર્ષો સુધી તપશ્ચર્યા કરી. જ્યારે સહસ્ત્ર દિવ્ય વર્ષો પસાર થઇ ગયાં. ત્યારે મહાનદી ગંગાએ પોતે મૂર્તિમાન થઇને તેને દર્શન આપ્યાં.

માતા ગંગાએ એની આકાંક્ષાની અભિવ્યક્તિ માટે પૂછયું તો એણે સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે મારા પિતામહો યજ્ઞના અશ્વને શોધી રહેલા ત્યારે મહર્ષિ કપિલના ક્રોધથી એ એક પળમાં જ મૃત્યું પામ્યા. એમના સ્થૂળ અવશેષની ભૂમિ તમારા અમૃતપાણીથી પવિત્ર નહિ થાય ત્યાં સુધી તેમની સદગતિ નહિ થઇ શકે. તમે મારા તે પિતૃઓને સ્વર્ગમાં લઇ જઇને સર્વોત્તમ સદગતિ પ્રદાન કરો એવી મારી પ્રાર્થના છે.

ભગીરથીના શબ્દોને સાંભળીને ગંગાએ જણાવ્યું કે હું તારી મંગલ મનોકામનાને પૂર્ણ કરવા તૈયાર છું પરંતુ એને માટે એક મુશ્કેલી છે. મારો પ્રવાહ અતિશય પ્રબળ અથવા વેગવાન અને અસહ્ય છે. હું જ્યારે આકાશમાંથી પૃથ્વી પર પડતી હોઇશ ત્યારે મારા અસાધારણ વેગને કોણ રોકી શકશે ? પૃથ્વી એના આઘાતથી હાલી ઊઠશે ને ફાટી જશે. મારા અસાધારણ વેગને સફળતા સહિત સહવાની શક્તિ નીલકંઠ ભગવાન શંકર સિવાય બીજા કોઇમાં નથી. તું તેમને પ્રસન્ન કરીને તેમની કૃપાની કામના કર. તે મને પોતાના મસ્તક પર ધારણ કરશે અને એવી રીતે તારી મનોકામનાની પૂર્તિ થશે.

ગંગાના સુખદ સ્પષ્ટીકરણથી ભગીરથનો માર્ગ મોકળો બન્યો.

એ પ્રસન્નતાપૂર્વક ભગવાન શંકરના નિવાસસ્થાન કૈલાસ પર્વત પર પહોંચ્યો.

ત્યાં સુદૃઢ સંકલ્પ તથા શ્રદ્ધાભક્તિ સહિત સુદીર્ઘ સમયપર્યંત તપશ્ચર્યાનો આધાર લઇને એણે ભગવાન શંકરને પ્રસન્ન કર્યા.

એની અસાધારણ શ્રદ્ધાભક્તિથી પ્રસન્ન બનીને ભગવાન શંકરે ગંગાને પોતાના મસ્તક પર ધારણ કરવાની તૈયારી બતાવી એથી એને સંપૂર્ણ સંતોષ થયો. એના કલ્યાણકાર્યની પૂર્વભૂમિકા એવી રીતે તૈયાર થઇ ગઇ.

એણે માતા ગંગાનું શાંતિથી સ્તુતિસહિત સ્મરણ કર્યું. એટલે ગંગાએ ભગવાન શંકરને નિહાળીને નીચે પડવા માંડયું.

ભગવાન શંકરે ગંગાના પ્રબળ પ્રવાહને પોતાની સુવિશાળ જટામાં ઝીલી લીધો.

ભગીરથ ગંગાના પવિત્ર પ્રવાહ સાથે સમુદ્રતટ પાસે પહોંચ્યો.

પોતાના દુર્ગતિપ્રાપ્ત પિતૃઓના પરિત્રાણની એની આકાંક્ષા એવી રીતે પરિપૂર્ણ થઇ.

ભગીરથની કથા સૂચવે છે કે પુત્ર જો સુપુત્ર હોય તો પોતાના પિતૃઓનો પુનરુદ્ધાર કરી શકે. પ્રત્યેક પુત્ર સુપુત્ર બને, ઠરે, અને રહે એ આવશ્યક છે.

ગંગાના પ્રવાહને પરમાત્માનો પરમ વિચિત્ર પ્રેમકરુણાપ્રવાહ કહીએ તો કહી શકાય કે એ પ્રવાહને સફળતાસહિત પ્રસન્નતાપૂર્વક પરિપૂર્ણપણે ઝીલવા માટે માનવે શંકર એટલે પરમ કલ્યાણકારક દેવતુલ્ય બનવું જોઇએ. તપસ્વી ભગીરથની પેઠે તપશ્ચર્યા કરીને જીવનની સર્વોચ્ચ વિકાસાવસ્થા પર પહોંચીને પોતાની અંદર દબાયલી દિવ્યતાને પ્રગટાવવી જોઇએ. એમ થતાં જીવન જ્યોતિર્મય બને, એનો સમુદ્ધાર દૂર ના રહે.

☼ ☼ ☼ ☼ ☼

## ૯૪. ઋષ્યશૃંગનો પ્રસંગ

મહાભારતના મહામહિમામય મહાગ્રંથને હીરા, માણેક, મોતી કે સુવર્ણની મહામૂલ્ય ખાણ સાથે સરખાવી શકાય. એનો લાભ લેનારની વૈચારિક, બૌદ્ધિક કે ભાવાત્મક દરિદ્રતા દૂર થાય છે. એની દ્વારા જીવનોપયોગી અવનવી પ્રાણવાન પ્રેરણાની પ્રાપ્તિ થાય છે. એમાં આલેખાયેલાં આખ્યાનો, ઉપદેશાયલી ઉપકથાઓ, અને કહેવાયલી પ્રદાનકથા જુદાજુદા પ્રેરક સનાતન સંદેશથી સમલંકૃત છે. એ આબાલ-વૃદ્ધ સૌ કોઇને પોતપોતાની શક્તિ તથા યોગ્યતા પ્રમાણે અનેક પ્રકારે લાભ પહોંચાડે છે.

મહાભારતના વનપર્વની અંતર્ગત તીર્થયાત્રાપર્વના ૧૧૦થી ૧૧૩મા અધ્યાયમાં સંબંધી પણ એવું જ સમજવાનું છે.

મહર્ષિ કાશ્યપ અથવા વિભાંડકનો પરમ તપસ્વી તથા જિતેન્દ્રિય ઋષ્યશૃંગ હતો.

એ નિરંતર જીવન જીવતો ને વનમાં વસતો.

એના માથામાં એક શિંગડું હોવાથી એનું નામ ઋષ્યશૃંગ પડયું.

એનું મન સદા સંયમની સાધનામાં અથવા બ્રહ્મચર્યમાં સંલગ્ન રહેતું.

એ વખતે આંગદેશના રાજા લોમપાદના રાજ્યમાં એના કોઇ અસાધારણ અક્ષમ્ય અપરાધને લીધે વૃષ્ટિના થવાથી પ્રજા પીડાવા લાગી.

એની પીડાને પેખીને રાજા લોમપાદે પંડિતોને એકઠા કરીને વૃષ્ટિનો અકસીર ઉપાય પૂછ્યો તો એમનામાંથી એક પારદર્શી પરમ પવિત્ર વિદ્વાન પંડિતે પ્રત્યુત્તર પ્રદાન કર્યો કે સરળ સ્વભાવવાળા, સ્ત્રીઓથી અપરિચિત, અરણ્યવાસી ઋષ્યશૃંગનાં પવિત્ર પગલાં જો રાજ્યમાં પડે તો વરસાદ વરસી શકે એમાં કોઇ પ્રકારનો સંશય નથી.

રાજા લોમપાદે એ મહામાન્ય પંડિતના અનુભવાત્મક અભિપ્રાયને લક્ષમાં લઇને રાજકીય વિચારધારામાં વિશારદ એવા મંત્રીઓને બોલાવીને એમની સાથે આવશ્યક વિચારવિનિમય કર્યો.

એણે વિચાર્યું કે ઋષ્યશૃંગ ગમે તેવો આત્મરત અને એકાંતવાસી હશે તોપણ પરમાત્માની પરમશક્તિ અથવા મહામાયાની પ્રતિમૂર્તિ સરખી સ્ત્રીનું આકર્ષણ અનંત અને અમોઘ હોય છે. એ અદમ્ય આકર્ષણની અસર નીચે આવીને મોટામોટા મુનિ, જ્ઞાનીઓ તથા વિદ્વાનો પણ મોહાય છે ને ભાન ભૂલી પરવશ બને છે. સ્ત્રીની અચિંત્ય અલૌકિક સંમોહશક્તિ મોટામોટા મેધાવીને અને મહારથીઓના મનમાં પણ સંમોહ પેદા કરે છે. મતિભ્રમ જગવે છે. ઋષ્યશૃંગ એમાં અપવાદરૂપ નહિ હોય. નહિ હોય શકે.

એણે નગરની મુખ્ય મુખ્ય વેશ્યાઓને બોલાવીને ઋષિપુત્ર ઋષ્યશૃંગને વિવિધ ઉપાયો દ્વારા લોભાવીને બતાવીને વિશ્વાસમાં લઇને રાજ્યની વસતિમાં લાવવાનો આદેશ આપ્યો.

એ આદેશ એમને માટે અનોખો હતો.

એને સાંભળીને એ ડરી અને નાહિંમત બની ગઇ.

એ કામ અશક્ય છે એવું કહેવા લાગી.

પરંતુ એક વૃદ્ધાએ એને માટેની તૈયારી બતાવીને જણાવ્યું કે તે તપોમૂર્તિ ઋષ્યશૃંગને લાવવા માટે હું મારી રીતે પ્રયત્ન કરી જોઇશ અને મને શ્રદ્ધા છે કે એમાં સફળ થઇશ. તમારે મને ઇચ્છા અથવા આવશ્યકતા પ્રમાણેની સાધનસામગ્રી આપવી પડશે.

રાજા લોમપાદે એની માગણીને માન્ય રાખીને એને આવશ્યક સાધનસામગ્રી પૂરી પાડી તથા પુષ્કળ ધન અને મહામૂલ્યવાન રત્નો અર્પણ કર્યા.

એ ધનસામગ્રીથી સંતુષ્ઠ થઇને એ વૃદ્ધા સુંદરી કેટલીક સ્વરૂપવાન સર્વશ્રેષ્ઠ સુંદરીઓને લઇને ધારેલા કાર્યની સિદ્ધિ માટે વનમાં ગઇ.

એ સુંદરીએ વનમાં એક નૌકાશ્રમ તૈયાર કરાવ્યો.

એ વિવિધ પુષ્પો, ફળો, લતાઓવાળાં કુત્રિમ વૃક્ષોથી આકર્ષક અને આહ્લાદક દેખાતો.

એ નૌકાશ્રમને કાશ્યપ મુનિના આશ્રમથી થોડેક દૂર રાખીને, કાશ્યપમુનિને બહાર ગયેલા જાણીને, એમના આશ્રમમાં પોતાની બુદ્ધિશાળી પંદર પુત્રીને મોકલી.

વેશ્યાપુત્રીએ એ એકાંત અરણ્યાશ્રમમાં પ્રવેશીને ઋષ્યશૃંગ સાથે પોતાની રીતે વાર્તાલાપ કરીને પોતાના અનુરાગપૂર્ણ આકર્ષક અભિનય દ્વારા એના મનને મોહિત કર્યું.

એના અનેકવિધ આહ્લાદક અભિનયથી ઋષ્યશૃંગના મનમાં વિકારો પેદા થયા ત્યારે અગ્નિહોત્રનો વખત થયો છે એવું બહાનું કાઢીને એ સુંદરી ત્યાંથી વિદાય થઇ.

પરંતુ એટલા વખતમાં તો એનું સ્વપ્ન સિદ્ધ થઇ ગયું.

ઋષ્યશૃંગ પર એના એ સ્વલ્પ સંસર્ગનો પ્રભાવ એટલો બધો પ્રતિકૂળ પડ્યો કે એના પ્રયાણ પછી એણે મદનથી ઘેલા બની, ભાન ભૂલી, એનું જ ચિંતન મનન અને ધ્યાન કરવા માંડ્યું.

એનું અંતર એ રૂપસુંદરીને મળવા માટે આકુળવ્યાકુળ બની ગયું.

કહે છે કે સજ્જનોનો ક્ષણવારનો સત્સંગ સંસારસાગરને તરવા માટેની નૌકા બરાબર થઇ પડે છે અને અમોઘ આશીર્વાદરૂપ ઠરે છે. એ કથનને બીજી રીતે થોડુંક ઉલટાવીને કહેવું હોય તો કહી શકાય કે દુર્જનોનો અથવા વિષયવતી વૃત્તિવાળા માનવોનો અલ્પ અથવા અધિક સંગ, સંગ કરનારની અવસ્થા અપરિપક્વ હોય અને એ સતત સાવધાન, સદબુદ્ધિસંપન્ન અને જાગ્રત ના હોય તો સંસારસાગરમાં ડૂબવા માટેનું, વિપથગામી બનવાનું, કે અધઃપતનને આમંત્રવાનું સાધન થઇ પડે છે. અભિશાપરૂપ ઠરે છે. આત્મિક અભ્યુત્થાનના માર્ગે આગળ વધનારા સાધકે સદાસદ બુદ્ધિનો આશ્રય લઇને ક્ષણેક્ષણે આત્મનિરીક્ષણ કરતા રહીને, સંગની પસંદગીનું પૂરેપૂરું ધ્યાન રાખવું પડે છે.

ઋષ્યશૃંગનો પ્રસંગ એ કથનની પ્રતીતિ તથા સ્મૃતિ કરાવે છે.

મહામુનિ વિભાંડક અથવા કાશ્યપે ઋષ્યશૃંગની ચિત્તવૃત્તિને જાણી લીધી.

એની ચંચળતા, વિકારવશતા તથા વિક્ષિપ્તતા એમનાથી છૂપી ના રહી.

એમણે એને જણાવ્યું કે તેં અગ્નિહોત્રમાં હોમ કર્યો હોય એવું નથી લાગતું. રોજની જેમ ગાયની સેવા પણ નથી કરી. તું પહેલાંના જેવો નથી જણાતો. ચિંતામાં ડૂબેલો દેખાય છે, ભાન ભૂલ્યો છે, દીન થયો છે. આજે અહીં કોઇ આવ્યું હતું ?

ઋષ્યશૃંગે એ પ્રશ્નના ઉત્તરરૂપે જે કાંઇ કહ્યું તે તેની સરળતા, સહજતા અને નિષ્કપટતા દર્શાવે છે. એના ઉદગારો આ રહ્યા : "અહીં એક જટાધારી બ્રહ્મચારી આવેલો. તે મનસ્વી ન તો નાનો હતો કે ન તો અતિ મોટો. તેનો વર્ણ સુવર્ણ જેવો હતો. તેની આંખો કમલ જેવી વિકસેલી હતી. સાક્ષાત્ દેવોના જેવી તેની શોભા હતી. તે રૂપનો ભંડાર અને સૂર્યના જેવો ઝળહળતો હતો. તેનાં લોચન શ્યામ અને મનોહર હતાં. શરીરે તે અત્યંત ગૌર હતો. તેની જટા કાળી, મનોરમ, સુગંધભરી, સોનાને દોરે ગૂંથેલી અને અતિ લાંબી હતી. આકાશમાં જેમ વીજળી ચમકે તેમ એના ગળામાં એક ક્યારા જેવું આભૂષણ ચળકતું હતું. એના ગળાની નીચે બે ગોળ દડા હતા, તે રોમરહિત અને મનને હરનારા હતા. તેનો નાભિનો ભાગ મધ્યમાંથી ઊંડો હતો. તેની કમર અત્યંત પાતળી હતી તથા તેના ચીરમાંથી આ મારા જેવી સુવર્ણમયી મેખલા ઝગમગતી. તેના બંને પગે અદભુત દેખાવવાળું કાંઇક રૂમઝૂમતું શોભતું હતું. આ રુદ્રાક્ષમાળા છે તેમ તેના હાથોમાં રણકાર કરતાં કંકણો હતાં. તે જ્યારે ચાલતો ત્યારે તે કંકણો સરવરમાંના મત્ત હંસોની જેમ કૂજન કરતાં. તેના ચીર અદભુત શોભાભર્યાં હતા. મારા વલ્કલો તે ચીરો જેવાં રૂપવતાં નથી. તેનું મુખ આશ્ચર્યકારક સુંદરતાભર્યું હતું. તેની વાણી ચિત્તને પ્રસન્ન કરતી. કોકિલના જેવી તેની વાણીને સાંભળીને મારો અંતરાત્મા આતુર થઇ ગયો હતો. વૈશાખ માસમાં પવનથી ડોલી ઊઠેલું મધ્યવન જેનું શોભી ઊઠે તેવી રીતે ઉત્તમ પુષ્પોની સુગંધીવાળો તે પવનના સ્પર્શથી ડોલતો અત્યંત શોભી રહ્યો હતો. તેની જટા સુંદર રીતે બાંધેલી હતી, છતાં લલાટમાંથી તે સરખી રીતે બે ભાગમાં વહેંચાઇને વળગી રહી હતી. તેના કાન સુંદર રૂપભર્યાં ચિત્રવિચિત્ર ચક્રવાકોથી જાણે કે ઢંકાઇ ગયા હતા. દેવપુત્ર જેવા તે બ્રહ્મચારીને જોઇને મને પરમપ્રીતિ અને રતિ થઇ છે. તે મારા અંગને ભેટતો હતો અને મારી જટાને પકડીને મારા મુખને નમાવતો હતો. મારા મુખ ઉપર મુખને મૂકીને તેણે જે અવાજ કર્યો તેથી મને અત્યંત આનંદ થયો. મેં એને પગ ધોવાનું પાણી અને ફળો આપ્યાં. પણ તેણે તે સ્વીકાર્યાં નહિ. તેણે મને બીજાં ફળો આપ્યાં. મારા ફળોમાં તેના ફળોના જેવો રસ ન હતો. તેમની છાલ પણ તેનાં ફળોના જેવી ન હતી. એ ઉદાર રૂપવાળાએ મને અતિ સ્વાદભર્યું પાણી આપ્યું. તેને પીને મને અતિશય હર્ષ થયો. જાણે પૃથ્વી ફરવા માંડી હોય એવું લાગ્યું. હીરને દોરે ગૂંથેલી આ રહી તેની મઘમઘતી ચિત્રવિચિત્ર ફૂલમાળાઓ. તપથી ઝગઝગી રહેલો તે બ્રહ્મચારી એ માળાઓને અહીં વેરીને પોતાને આશ્રમે ચાલ્યો ગયો છે. તેના જવાથી મારું મન બહાવરું બની ગયું છે અને મારા શરીરે જાણે અગન ઊઠી છે. હું ઇચ્છું છું કે તે અહર્નિશ અહીં જ રહે. હું તેની પાસે જવા ઇચ્છું છું. તે આર્યધર્મી જેવું તપ કરે છે તેવું તપ હું તેની સામે રહીને કરવા ઇચ્છું છું. હું તેને નહિ જોઉં તો મારું દિલ દુઃખી થશે."

એના પિતા મહામુનિ વિભાંડકે જણાવ્યું કે વનમાં રાક્ષસો એવા અદભુત દર્શનવાળા રૂપને ધારણ કરીને ફરતા હોય છે. એ વનવાસી મુનિઓને લોભાવી, મોહિત કરીને ઉત્તમ લોકથી અથવા અવસ્થાથી ભ્રષ્ટ કરે છે. તપસ્વીઓએ એમની સામે જોવું અને એમનાથી પ્રભાવિત ના થવું જોઇએ.

વિભાંડકે ત્રણ દિવસ સુધી શોધ કરી તોપણ તે રૂપવતી સ્ત્રીની માહિતી ના મળી ત્યારે એ આશ્રમમાં પાછા ફરીને ફળ લેવા માટે ગયા. એ અવસર નો લાભ લઇને પેલી સુંદરી ઋષ્યશૃંગ પાસે પહોંચી.

એને જોઇને ઋષ્યશૃંગને નવજીવન મળ્યું.

એણે એ સુંદરી સાથે પોતાના પિતાની અનુપસ્થિતિમાં એના આશ્રમે પહોંચવાની ઇચ્છા દર્શાવી એટલે સુંદરીએ એને યુક્તિ-પ્રયુક્તિપૂર્વક નાવમાં બેસાડીને નાવને છોડી મૂકી.

સંગના પરિણામે કોઇવાર સંગદોષ પેદા થાય છે અને એને લીધે મતિભ્રમ ઊપજે છે. એની અસર નીચે આવવાથી જે પંથે ના ભરવાનાં હોય તે પંથે પગલાં ભરાય છે.

ઋષ્યશૃંગની કથા એ હકીકત પ્રત્યે અંગૂલિનિર્દેશ કરે છે.

એ સુંદરી ઋષ્યશૃંગને રાજા લોમપાદ પાસે લાવી.

રાજા લોમપાદે એને પોતાના અંતઃપુરમાં પ્રવેશ કરાવ્યો એજ વખતે આકાશમાં વરસાદનાં વાદળ ઊમટયાં અને ચારે તરફ વરસાદ વરસવા લાગ્યો.

એ ધાર્યા પ્રમાણેનો અસાધારણ ચમત્કાર જોઇને રાજા લોમપાદને અતિશય આનંદ થયો.

એના મનોરથની સિદ્ધિ થવાથી એણે ઋષ્યશૃંગને પોતાની પુત્રી શાંતા અર્પણ કરી.

મહામુનિ વિભાંડક આશ્રમમાં ઋષ્યશૃંગને ના નિહાળવાથી ક્રોધે ભરાઇને રાજા લોમપાદને દંડ દેવાની ઇચ્છાથી પ્રેરાઇને એની પાસે જવા નીકળ્યા.

રાજા લોમપાદે એમને સુચારુરૂપે સત્કારીને એમની પૂજા કરી.

એ પૂજાથી, ઋષ્યશૃંગના ઐશ્વર્યના અવલોકનથી, અને ઋષ્યશૃંગની ધર્મપત્ની સૌન્દર્યમૂર્તિ શાંતાના વિનયપૂર્ણ વ્યવહારથી, એમનો ક્રોધ તથા વિરોધ શાંત થઇ ગયો.

એમણે રાજા લોમપાદ પર શુભાશીર્વાદનો વરસાદ વરસાવ્યો, અને એક પુત્રની પ્રાપ્તિ થતાં રાજાનાં પ્રિય કાર્યોને પરિપૂર્ણ કરીને વનમાં પાછા આવવાનો ઋષ્યશૃંગને આદેશ આપ્યો.

ઋષ્યશૃંગે એ આદેશનું પાલન કર્યું.

એણે અરણ્યના આશ્રમમાં પ્રવેશ કર્યો. ત્યાં શાંતાએ છાયાપેઠે સાથે રહીને એની સેવા કરી.

પરમાત્માના પવિત્ર પંથે પ્રયાણ કરનારનું, પરમાત્માનું સાચા દિલથી શરણ લેનારનું, કદી અકલ્યાણ થાય છે ખરું ? ના નથી થતું. પરમાત્માની પરમશક્તિ, પરમકૃપા, સદા તેની સંભાળ રાખે છે ને રક્ષા કરે છે. પરિસ્થિતિ પ્રારંભમાં પ્રતિકૂળ દેખાય તો પણ એને માટે આખરે અનુકૂળ બની જાય છે. ગીતામાં કહ્યું છે કે મારા ભક્તનો કદી નાશ નથી થતો. **न मे भक्तः प्रणश्यति ।**

☼ ☼ ☼ ☼ ☼

# ૯૫. પરશુરામની પિતૃભક્તિ

વેદાધ્યાનમાં પારંગત પરમતપસ્વી મહામુનિ જમદગ્નિ.

એમની પત્ની રાજા પ્રસેનજિતની પુત્રી રેણુકા.

એમનાં પાંચ પુત્રો. એમાં સૌથી નાના પુત્ર પરશુરામ.

એ પરમ પિતૃભક્ત પરશુરામની પિતૃભક્તિની કથા જાણવા જેવી છે.

એના પ્રત્યે અંગુલિનિર્દેશ અસ્થાને નહિ જણાય.

કહે છે કે વ્રતધારિણી રેણુકા એક વાર આશ્રમની સમીપે આવેલી સરિતામાં સ્નાન કરવા ગયેલી.

સરિતાસ્નાન કરીને પાછી ફરતી વખતે એણે રાજા ચિત્રરથને પોતાની પત્ની સાથે જળમાં સ્વચ્છંદતાપૂર્વક કામક્રીડા કરતો જોયો.

એ દૃશ્યને દેખીને એનું મન દૂષિત બન્યું અને એની ઇચ્છા કરવા લાગ્યું.

એ અસહાય અવસ્થામાં એ ભયભીત બનીને આશ્રમમાં પહોંચી.

મહામુનિ જમદગ્નિએ એના મલિન મનોભાવને જાણીને એના એ માનસિક અપવિત્રતાના અપરાધને લીધે એને દંડ દેવાનો વિચાર કર્યો.

વાત જરાક વિચિત્ર અને વધારે પડતી કઠોર લાગવાનો સંભવ છે; પરંતુ તટસ્થ રીતે પૂર્વગ્રહરહિત રહીને વિચારવાથી સમજી શકાશે કે એ કાળમાં શારીરિક સંયમને અને શુદ્ધિને અગત્ય આપવામાં આવતી એ તો સર્વાંશે સાચું હતું, પરંતુ એથી આગળ વધીને માનસિક સંયમને અને શુદ્ધિને પણ આવશ્યક માનવામાં આવતાં. એમનો આગ્રહ પણ એટલા જ ધ્યાનપૂર્વક, બલ્કે એથી વિશેષ ધ્યાનપૂર્વક, રાખવામાં આવતો. મહર્ષિ જમદગ્નિની પ્રતિક્રિયાને એવા અસામાન્ય અપવાદરૂપ સંજોગોને અનુસરીને સમજવાની છે. તો જ તેને સહાનુભૂતિપૂર્વક સમજીને ન્યાય કરી શકાશે. જે વ્યક્તિ શરીરના સંયમને પણ મહત્વનો નહિ માનતી હોય અને એનાથી આગળ વધીને શરીરને વ્યક્તિગત ભોગવિલાસપૂર્તિનું સ્વૈચ્છિક સગવડભર્યું સાધન સમજતી હશે તે વ્યક્તિ એની પાછળની અનુશાસનાત્મક ઉદાત્ત ભદ્ર ભાવનાને ભાગ્યે જ સમજી, વિચારી કે મૂલવી શકશે.

મહર્ષિ જમદગ્નિ કદાચ પુત્રોની કસોટી કરવા માગતા હશે.

એથી એમણે એમને રેણુકાનો વધ કરવાની આજ્ઞા કરી.

પરંતુ પ્રથમ ચાર પુત્રો માતા પ્રત્યેના પ્રેમ અને મમત્વને લીધે એનો શિરચ્છેદ કરવા તૈયાર ના થયા.

એક તરફ પિતાની આજ્ઞા; બીજી તરફ માતાની મમતા. છેવટે માતાની મમતાનો વિજય થયો.

મહર્ષિ જમદગ્નિએ એમને શાપ આપ્યો એટલે એ ચારે ભાઇઓ તરત જ જડ જેવા બનીને ત્યાં ધરતી પર ઢળી પડ્યા.

એ વખતે પરશુરામે આશ્રમમાં પ્રવેશ કર્યો.

પિતાની આજ્ઞાને શિરોધાર્ય સમજીને એમણે માતાની મમતાને ગૌણ ગણીને પરશુને લઇને માતાના મસ્તકને ઉડાવી દીધું. મહર્ષિ જમદગ્નિનો ક્રોધ શાંત થયો. એમણે પ્રસન્ન બનીને પરશુરામને ઇચ્છાનુસાર વરદાન માગવા માટે જણાવ્યું.

પરશુરામે વરદાન માગતાં કહ્યું કે મારા પર કૃપા કરો કે જેથી મારી માતાને પુનર્જીવનની પ્રાપ્તિ થાય; મેં કરેલા વધની તેને સ્મૃતિ ના રહે; મને એ પાપ કર્મનો સ્પર્શ ના થાય; મારા જડતાને પામેલા ભાઇઓ પ્રથમની અવસ્થામાં આવી જાય; સંગ્રામમાં કોઇ મારી બરાબરી ના કરી શકે અને મને દીર્ઘાયુ મળે.

મહર્ષિ જમદગ્નિએ એ સઘળી ઇચ્છાઓને માન્ય રાખી. પરશુરામની પિતૃભક્તિ સફળ થઇ.

એ પિતૃભક્તિથી પ્રેરાઇને એમણે પૃથ્વીને ક્ષત્રિયો વિનાની કરવાની પ્રતિજ્ઞા કરી.

એ પ્રસંગ પણ જાણવા જેવો છે.

મહર્ષિ જમદગ્નિના પુત્રો એકવાર બહાર ગયેલા ત્યારે એમના આશ્રમમાં અનૂપદેશના રાજા કાર્તવીર્યે પ્રવેશ કર્યો.

એનું નામ સહસ્ત્રાર્જુન હતું.

ઋષિપત્ની રેણુકાએ એનો સમુચિત સત્કાર કર્યો પરંતુ એના પર એ સાનુકૂળ અસર ના થઇ કારણ કે એનું મન આશ્રમની કામધેનુમાં લાગેલું.

એણે કામધેનુંનાં વિરોધ કે ક્રંદનની પરવા કર્યા વિના એના વાછરડાનું બળજબરીથી હરણ કર્યું અને આશ્રમના વિશાળ વૃક્ષોનો નાશ કર્યો.

મહર્ષિ જમદગ્નિ દ્વારા એ બધી વાતને સાંભળીને કામધેનુને કલ્પાંત કરતી જોઇને પરશુરામે સહસ્ત્રાર્જુનને દંડ દેવાની ઇચ્છાથી પ્રેરાઇને એની પાછળ દોડીને એના હાથને કાપી નાખીને એનો નાશ કર્યો.

એથી અતિશય ક્રોધે ભરાયલા સહસ્ત્રાર્જુનના પુત્રો પરશુરામની અનુપસ્થિતિમાં મહર્ષિ જમદગ્નિ પર તૂટી પડયા.

કોઇપણ પ્રકારનો હિંસક પ્રતિકાર ના કરનારા એ પરમ તપસ્વીને ભયંકર રીતે માર મારી, બાણથી વીંધીને તે ચાલ્યા ગયા. મહર્ષિ જમદગ્નિ મૃત્યુ પામ્યા.

પરશુરામે સમિધા સાથે આશ્રમમાં આવીને એ દુઃખદ દૃશ્યને દેખીને અસાધારણ આઘાત અનુભવ્યો અને વિલાપ કરવા માંડયો.

પિતાના અગ્નિસંસ્કાર કર્મથી પરવારીને એમણે સઘળા ક્ષત્રિયોનો વધ કરવાની પ્રતિજ્ઞા લીધી.

એમણે શસ્ત્રની સહાયથી સહસ્ત્રાર્જુનના પુત્રોને મારી નાખ્યા. પૃથ્વીને એકવીસ વાર નક્ષત્રી કરી.

સહસ્ત્રાર્જુનની અને એના પુત્રોની ભૂલ એવી રીતે સમસ્ત ક્ષત્રિયકુળને માટે ભયંકર દુષ્પરિણામ લાવનારી થઇ પડી.

પરશુરામનો પ્રતિશોધભાવ પણ કેવો ? એને લીધે એકની ભૂલને લીધે બીજા અનેકને ભોગવવું પડ્યું.

☼ ☼ ☼ ☼ ☼

## ૯૬. મહર્ષિ ચ્યવનની કાયાપલટ

ભારતવર્ષના ભવ્ય ભૂતકાળમાં આધ્યાત્મિક અભ્યુત્થાનની સાથે સાથે આધિભૌતિક અભ્યુદય પણ પરાકાષ્ઠા પર પહોંચેલો એ હકીકત પ્રત્યેનો અંગુલિનિર્દેશ આપણે આગળ પર કરી લીધો છે. એની અનેક વિદ્યાઓમાંની એક વિદ્યા આયુર્વેદ વિકાસના કેટલા બધા અસાધારણ તબક્કા પર પહોંચી હતી અને એમાં પરમનિષ્ણાત મનાતા કેવા આયુર્વેદાચાર્યો અસ્તિત્વ ધરાવતા એની ઝાંખી મહાભારતના કેટલાક પ્રસંગો દ્વારા કરી શકાય છે. મહર્ષિ ચ્યવનને પ્રાપ્ત થયેલા નવયૌવનનો પ્રસંગ એવો જ છે. એ પ્રસંગ દ્વારા અસાધારણ સામર્થ્યસંપન્ન આયુર્વેદાચાર્ય અશ્વિનીકુમારોનો પરિચય થાય છે.

મહર્ષિ ચ્યવન મહર્ષિ ભૃગુના સુપુત્ર હતા. એ એક દિવસ સરોવરના સુંદર શાંત તટ પર તપ કરવા લાગ્યા. તપની પ્રવૃત્તિમાં સુદીર્ઘ સમય પર્યંત સંલગ્ન રહેવાથી અને એક જ આસન પર એક સ્થળે બેસવાથી એમના શરીર પર માટીના થર જામી ગયા, લતાઓ ફેલાઇ ગઇ, અને કીડીઓએ દર બનાવ્યા. બાહ્ય જગતનું લેશ પણ ભાન ના હોવાથી એમને દેહાધ્યાસની નિવૃત્તિના પરિણામે એનું જ્ઞાન ના રહ્યું.

એ અદભુત અવસ્થામાં કેટલોક વખત વીતી ગયો ત્યારે સેના સહિત શિકાર માટે નીકળેલા રાજા શર્યાતિ એ સુંદર સરોવર પાસે આવી પહોંચ્યા. એમની સાથે એમની સ્ત્રીઓ અને રાજકન્યા સુકન્યા પણ હતી. સુકન્યા પોતાની સખીમંડળી સાથે અજ્ઞાતવસ્થામાં ક્રીડા કરતી મહર્ષિ ચ્યવનના તપસ્થળ પાસે પહોંચી ગઇ.

એણે માટીના થરની વચ્ચેથી મહર્ષિની તેજસ્વી આંખને જોઇ. એને સમજાયું નહિ કે એ શું છે. મહાભારતકારે જણાવ્યું કે એ પહેલાં વનમાં સુંદર ચિત્તાકર્ષક વસ્ત્રોને અને અદભુત આભૂષણોને પહેરીને વિહરતી સુકન્યાને નિરખીને દેહભાનમાં આવેલા મહર્ષિનું મન મોહિત થયું. એમણે એ સર્વાંગસુંદરી રાજકન્યાને બોલાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ એણે એમના ક્ષીણ સ્વરને ના સાંભળ્યો.

એ વર્ણન દ્વારા મહાભારતકારે સૂચવ્યું છે કે બહારથી દીર્ઘ તથા કઠોર તપ કરનારા મુનિના મનમાં પણ, જો એ સારી રીતે શુદ્ધ ના થયું હોય તો, મોહાદિ વિકારો જાગી શકે છે. મનની સંપૂર્ણ શુદ્ધિ તથા કાયાપલટ ના થાય ત્યાં સુધી કોઇને પરમપવિત્ર પ્રેમ નિર્લિપ્તતા અને શાંતિ નથી મળતી. એને માટે જીવનમાં પરમાત્માના પરમપવિત્ર પ્રેમ અથવા અલૌકિક અનુભવાત્મક આત્મજ્ઞાન દ્વારા સર્વાત્મભાવને જગાવવાની આવશ્યકતા છે. તો જ નિર્વિકાર બનાય, દૃષ્ટિ દૈવી બને, અને વ્યવહાર પણ વિશદ થાય.

સુકન્યાએ કુતૂહલવશ અને અજ્ઞાનથી પ્રેરાઇને મહર્ષિની તેજસ્વી આંખમાં કાંટાને ભોંકી દીધો. મહર્ષિની આંખ ફૂટી ગઇ. આંખ ફૂટી જવાથી એમની પીડાનો પાર રહ્યો નહીં. એમણે કુપિત બનીને રાજાની સેનાનાં મળમૂત્રને બંધ કરી દીધાં.

સૈનિકોને સંકટમાં સપડાયલા જોઇને રાજાએ શક્ય કારણની તપાસ કરી. સુકન્યાએ એમને ચિંતાતુર દેખીને વીતેલી વાત કહી બતાવી તેથી એ પેલા સરોવરસ્થળ પર પહોંચી ગયા. ત્યાં ચ્યવનઋષિનું દર્શન થયું.

રાજાએ એમની ક્ષમા માગી.

મહર્ષિએ કહ્યું કે તમારી કન્યાએ ઉન્માત્તાવસ્થામાં પડીને ઘોર અનાદરપૂર્વક મારી આંખનો નાશ કર્યો હોવાથી એ કન્યાને મેળવ્યા સિવાય મને શાંતિ નહિ થાય. મારા ક્રોધશમનનો બીજો કોઇ જ ઉપાય નથી.

રાજાએ વિશેષ વિચાર્યા વિના કે કોઇ પ્રકારની આનાકાની કર્યા વિના પોતાની સુપુત્રી સુકન્યાનું લગ્ન મહર્ષિ ચ્યવન સાથે કરી દીધું. સુકન્યાને પત્નીરૂપે પામીને મહર્ષિની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં. રાજાએ પોતાના સ્વસ્થ સૈનિકો સાથે નગર પ્રતિ પ્રયાણ કર્યું. સુકન્યા કોઇપણ પ્રકારના અસંતોષ વિના પતિની પ્રીતિ તથા નિષ્ઠાપૂર્વક સેવા કરવા લાગી.

માનવને ક્ષુબ્ધ, વિક્ષુબ્ધ, વિકારી અને અશાંત કોણ કરે છે ? એની આંખ ? ના. આંખથી જે અવલોકવાનું હતું તે પરમાત્માના પવિત્રતમ પ્રેમ પ્રતિબિંબને અવલોકવાને બદલે બીજું જ અવલોક્યું તો એ આંખ નષ્ટ થઇ તોપણ એની પાછળનું મન તો જીવતું જ રહ્યું. એને લીધે મુનિએ સુકન્યાની પૂર્વકામનાના અનુસંધાનમાં એની માગણી કરી. આંખ ફૂટી જાય એટલે વિકાર અને વાસના મટે છે એવું થોડું જ છે ? જેને માટે કામના થયેલી એ સુકન્યા દ્વારા જ આંખ ફૂટેલી. એ ઘટના આમ તો વૈરાગ્ય જગાવે એવી હતી. તોપણ ઋષિએ વૈરાગ્યવશ બનવાને બદલે એની જ કામના કરી. મનને મુક્તિ અને બંધનનું, શાંતિ અને અશાંતિનું, કારણ કહ્યું છે એ યથાર્થ જ છે. તપ આત્માના આલોક દ્વારા એ મનને મંગલ કરી શકે તો જ એની મહાનતા છે, એનું મૂલ્ય છે, નહિ તો એ અપૂર્ણ છે.

કથા આગળ ચાલે છે.

સુકન્યા એકવાર સરોવરમાં સ્નાન કરીને કિનારા પર ઊભેલી ત્યારે એને જોઇને દેવોના આયુર્વેદાચાર્ય અશ્વિનીકુમાર મોહિત બની ગયા. બંને અશ્વિનીકુમારે એને મહર્ષિ ચ્યવન જેવા વૃદ્ધ પુરુષને પરિત્યાગીને પોતાની સાથે આવવા જણાવ્યું પરંતુ સુકન્યાએ પતિભક્તિથી પ્રેરાઇને એમની માગણીનો અસ્વીકાર કર્યો. અશ્વિનીકુમારે મહર્ષિ ચ્યવનને સર્વાંગસુંદર અને નવયુવાન કરી દેવાની તૈયારી બતાવી. એમની શરત એવી હતી કે એ પછી સુકન્યાએ એમનામાંથી કોઇ એકની પતિ તરીકે પસંદગી કરવી.

સુકન્યાએ ચ્યવન ઋષિની અનુમતિથી એને માટે હા પાડી.

અશ્વિનીકુમારોની સૂચનાનુસાર મહર્ષિ ચ્યવને સરોવરમાં પ્રવેશ કર્યો. અશ્વિનીકુમારે એને વિલક્ષણ બનાવેલું. અશ્વિનીકુમાર પણ એમાં પ્રવેશ્યા. સ્વલ્પ સમય પછી એમાંથી દિવ્ય સ્વરૂપવાળા ત્રણ નવયૌવનવાળા એકસરખા પુરુષોએ બહાર આવીને પોતાની અંદરથી કોઇ એકને પતિ તરીકે પસંદ કરવા જણાવ્યું. મહર્ષિ ચ્યવનની સંપૂર્ણ કાયાપલટ થઇ ગયેલી. એમની અંધાવસ્થા અને વૃદ્ધાવસ્થા દૂર થયેલી છતાં પણ, સુકન્યાએ પોતાની પવિત્ર પતિભક્તિને લીધે એમને ઓળખી કાઢયા અને અપનાવ્યા.

એની નિષ્ઠા જોઇને અશ્વિનીકુમાર પ્રસન્ન થયા.

રાજા શર્યાતિને અશ્વિનીકુમારના અલૌકિક અનુગ્રહની અને સુપુત્રી સુકન્યાની શુદ્ધ સ્નેહસંયુત સેવાભાવનાની વાત સાંભળીને સ્વાભાવિક રીતે જ સંતોષ થયો.

અશ્વિનીકુમારની શરીરને સર્વાંગસુંદર બનાવવાની એ શક્તિ કેવી વિલક્ષણ હતી ? આધુનિક આયુર્વેદને અને વિજ્ઞાનને એવી અસામાન્ય શક્તિ પ્રાપ્તિની વાર છે. માનવને વૃદ્ધાવસ્થા તથા વ્યાધિમાંથી મુક્ત કરવા અને અજર અથવા અખંડ યૌવનવાન બનાવવાના એ મનોરથ સેવે છે, પ્રયોગો પણ કરે છે,

તોપણ એની સિદ્ધિ હજુ દૂર દેખાય છે. અશ્વિનીકુમારમાં એવી શક્તિસિદ્ધિ હોવા છતાં સુકન્યા જેવી આત્મશુદ્ધિ નહોતી. માટે તો એમણે એનાથી મોહાઇને એની આગળ અનુચિત માગણી મૂકી. ભૌતિક અને આત્મિક ઉભયવિધ વિકાસનો સમન્વય સધાય તો તો કહેવું જ શું ? જીવન સાચા અર્થમાં સુખી, શાંત, સંપૂર્ણ, સાર્થક બની જાય.

☼ ☼ ☼ ☼ ☼

## ૯૭. શિબિનો સમર્પણભાવ

પ્રાચીન કાળમાં યમુના નદીની સમીપે વહેતી જલા તથા ઉપજલા નામની બે નદીઓ.

એ નદીઓના તપઃપૂત તટપ્રદેશ પર રાજા ઉશીનર અથવા શિબિએ સુપ્રસિદ્ધ સુવિશાળ યજ્ઞ કરેલો.

એ યજ્ઞનો યશ ઇન્દ્રલોકપર્યંત પહોંચેલો.

એનાથી પ્રભાવિત થઇને ઇન્દ્ર અને અગ્નિદેવ બંને દેવોએ રાજાની, નિષ્ઠાની કે લોકોત્તર યોગ્યતાની કસોટી કરવાનો નિર્ણય કરીને એની રાજ્યસભામાં પ્રવેશ કર્યો.

ઇન્દ્રે પોતાની વિશેષ શક્તિથી બાજ પક્ષીનું રૂપ લીધું અને અગ્નિએ હોલાનું.

બાજપક્ષીના ભયથી દોડતો અને શરણ શોધતો હોલો અતિશય આર્ત અથવા આકુળવ્યાકુળ બનીને આશ્રય શોધતો હોય તેમ રાજાના ખોળામાં જઇને લપાઇ ગયો.

બાજ પક્ષી હોલાને પકડવાની ઇચ્છા હોવા છતાં, બીજો કોઇ વિકલ્પ ના હોવાથી, નિરુપાય બનીને એ ઘટનાને દૂરથી નિહાળવા લાગ્યું.

બાજ પક્ષીએ રાજાને કહેવા માંડયું કે આ હોલો મારું ભક્ષ્ય થવા માટે નિર્માયલો છે. હું ક્ષુધાર્ત છું. માટે તું ધર્મવિરુદ્ધ કાર્ય કરીને હોલાને રક્ષણ ના આપ.

રાજાએ જણાવ્યું કે આ હોલો તારાથી ગભરાઇ, ડરી, ત્રાસીને પોતાનું સંરક્ષણ કરવાની કામનાથી પ્રેરાઇને મારી પાસે પહોંચ્યો છે. એની કાયા કંપી રહી છે. શરણાગતની સંભાળ રાખવી અને રક્ષા કરવી એ મારું કર્તવ્ય છે. એનો પરિત્યાગ મારાથી કદી પણ નહિ કરી શકાય.

બાજ પક્ષી બોલ્યું કે પ્રાણીઓ આહારથી જ ઉત્પન્ન થાય છે, પોષણ પામે છે, ને જીવે છે. આહાર સિવાય કોઇ વધારે વખત સુધી જીવી ના શકે. મને આહાર નહિ મળે તો મારો પ્રાણ શરીરને છોડીને આજે જ જતો રહેશે. હું મરી જઇશ એટલે મારાં સ્ત્રીપુત્રાદિ પણ નાશ પામશે. એવી રીતે એક હોલાને બચાવવા જતાં તું બીજા કેટલાય જીવોનો નાશ નોતરશે. એ પાપકર્મ કાંઇ જેવું તેવું નહિ હોય. જે ધર્મ બીજા ધર્મને બાધક હોય તે ધર્મ નથી પરંતુ અધર્મ છે. બે ધર્મ વચ્ચે વિરોધ જણાય ત્યારે બંનેમાંથી મુખ્ય અને અમુખ્ય અથવા પ્રધાન અને ગૌણ ધર્મનો નિર્ણય કરવો, અને જેનાથી બાધ આવતો ના હોય એવા ધર્મનું આચરણ કરવું જોઇએ.

રાજએ આશ્ચર્યોદગાર કાઢતાં કહ્યું કે તારી વાણી મધુમયી અને કલ્યાણકારક છે. તું પક્ષીરાજ ગરુડ લાગે છે. તું ધર્મજ્ઞ હોઇને ધર્મસંબંધી વિવિધ વાતો કરે છે. તો પણ શરણાગતના ત્યાગની ભલામણ કરે છે એ જાણીને મને આશ્ચર્ય લાગે છે. તારે આહારની જ અનિવાર્ય આવશ્યકતા હોય તો તારી સમક્ષ બીજા કોઇપણ વૈકલ્પિક આહારને રજૂ કરી દઉં. બાકી આ હોલાનો ત્યાગ તો મારાથી કદાપિ નહિ થઇ શકે.

બાજ પક્ષીએ જણાવ્યું કે મારે બીજા કોઇ વૈકલ્પિક આહારની આવશ્યકતા નથી. દેવોએ મારે માટે આ હોલાનો આહાર નક્કી કર્યો છે તે જ બરાબર છે. બાજ પક્ષી હોલાને ખાય છે એ પરંપરા પ્રાચીન કાળથી ચાલી આવે છે. મારાથી એ પરંપરાનો પરિત્યાગ નહિ થઇ શકે.

રાજાએ જણાવ્યું કે હું તને શિબિઓનું સમૃદ્ધ રાજ્ય અથવા તું જે માગે તે બધું આપું, પરંતુ આ દીનહીન શરણાગત હોલાને તો નહિ જ આપું.

બાજ પક્ષીએ રાજાને જણાવ્યું કે તને હોલા પર જો એટલો બધો પ્રેમ હોય તો હોલાના વજન જેટલું માંસ તારા શરીરમાંથી કાપીને ત્રાજવાના એક પલ્લામાં મૂક. તારું માંસ હોલાના વજન બરાબર થશે એટલે એને ગ્રહણ કરીને હું હોલાને છોડી દઇશ. એથી મને સંતોષ થશે.

બાજ પક્ષીનો પ્રસ્તાવ રાજાને ખૂબ જ પસંદ પડ્યો. એણે એ પ્રસ્તાવને અનુસરવાની તૈયારી બતાવી.

રાજાએ ત્રાજવાના એક પલ્લામાં હોલાને રાખીને બીજા પલ્લામાં પોતાના શરીરના માંસને કાપીને મૂકવા માંડયું.

પરંતુ માંસને વારંવાર કાપીને મૂકવા છતાં પણ તે હોલાના વજન બરાબર ના થયું ત્યારે રાજાએ સહેજ પણ સંકોચ વિના પોતાના શરીરને ત્રાજવાના એ પલ્લામાં મૂકી દીધું.

કેવું અદભુત આત્મસમર્પણ ?

એને અવલોકીને બાજપક્ષીએ પોતાના રહસ્યનું ઉદઘાટન કરતાં કહ્યું કે હું ઇન્દ્ર છું અને આ હોલો અગ્નિ છે. અમે તારા ધર્મની કસોટી કરવા માટે આવેલા. તું એ કસોટીમાંથી સંપૂર્ણ સફળતાપૂર્વક પાર ઊતર્યો છે તેને માટે તને અભિનંદન ઘટે છે. તારી કિર્તિ આ લોકને વટાવી જશે અને પરમ ઉજ્જવળ તથા અક્ષય બનશે. મનુષ્યો જ્યાં સુધી તારી કથા કરશે ત્યાં સુધી તારો યશ તથા તારા લોકો અચળ રહેશે.

એમ કહીને ઇન્દ્ર અને અગ્નિ સ્વર્ગલોકમાં ગયા.

રાજા ઉશીનર કે શિબિને પણ છેવટે સ્વર્ગની પ્રાપ્તિ થઇ.

શરણાગતની સંભાળ કે સુરક્ષાનો સંદેશ ભારતીય સંસ્કૃતિનો મહામૂલ્યવાન મહત્વનો સંદેશ છે. એ સર્વશ્રેયસ્કર સનાતન સંદેશને મહાભારતની ઉપર્યુક્ત કથામાં સારી રીતે સમાવવામાં આવ્યો છે. શરણાગતની રક્ષા સર્વકાળે સર્વ રીતે કરવી અને જો આવશ્યકતા પડે તો પોતાના જીવનનું બલિદાન આપીને કે સમર્પણ કરીને પણ કરવી જોઇએ. અતિથિને દેવતુલ્ય માનવાનો અને અસાધારણ આદરભાવથી અવલોકવાનો મહામંત્ર ભારતના મહાપુરુષોએ પૂરો પાડયો છે. દીન, દુઃખી, આર્ત, અનાથને આશ્રય આપીને સર્વ પ્રકારે સહાયતા પહોંચાડવાનો પ્રેરક પદાર્થપાઠ પ્રદાન કર્યો છે. પ્રસ્તુત કથા એની પ્રાણવાન પ્રતીતિ કરાવે છે.

રાજા ઉશીનર કે શિબિની પેઠે બીજાની સુખાકારી, સાંતિ, સમૃદ્ધિ, સમુન્નતિ, સુરક્ષા માટે આપણે બનતું બધું જ કરી છૂટીએ એ આવશ્યક છે. સમસ્ત જીવન એવી રીતે સેવાનો મંગલમય મહાયજ્ઞ બની જાય તો કેટલું સારું ? એવું જીવન વિભુનું વરદાન થાય અને બીજાને માટે અસાધારણ અમોઘ આશીર્વાદરૂપ બની જાય.

રાજા ઉશીનર અથવા શિબિનો કથાપ્રસંગ જેમના હાથમાં શાસન, સત્તા, પદ કે અધિકાર છે તેમની જવાબદારી કેટલી મોટી છે, એમણે કેવી અસાધારણ સમર્પણ ભાવનાથી સંપન્ન બનવું જોઇએ, એના પ્રત્યે અદભુત અંગુલિનિર્દેશ કરે છે. જેમના હૈયામાં પોતાનું ને બીજાનું હિત વસે છે એવા શાસન, સત્તા, પદ

અથવા અધિકાર વગરના સામાન્ય માનવોએ પણ પોતપોતાની રીતે અન્યને ઉપયોગી થવા માટે બનતું બધું જ કરી છૂટવું જોઇએ. ઉપર્યુક્ત કથાપ્રસંગથી એવો સેવાસહાયતાસૂર પણ સાંભળવા મળે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૯૮. અષ્ટાવક્રનો વિજય

પરમજ્ઞાની મહર્ષિ અષ્ટાવક્રના નામથી કોઇક જ ધર્મસંસ્કૃતિ પ્રેમી અપરિચિત હશે.

મહાભારતમાં એ પરમપ્રતાપી મહામહિમામય મહાપુરુષના વિશદ વિરાટ વ્યક્તિત્વનો થોડોક પરિચય કરાવવામાં આવ્યો છે. એનું વિહંગાવલોકન રસપ્રદ તથા પ્રેરક થઇ પડશે.

મહાભારતના વનપર્વના ૧૨૩મા અધ્યાયના આરંભમાં જ વનમાં વિહરતા યુધિષ્ઠિરને પરમાત્માના પરમ કૃપાપાત્ર મહર્ષિ લોમશે જે કાંઇ કહ્યું છે તે ખાસ નોંધવા જેવું ને ચિરસ્મરણીય છે. એમનું કથન આ રહ્યું. :

"સંસારમાં મંત્રવિદ્યામાં કુશળ બુદ્ધિવાળા ઉદ્દાલક પુત્ર શ્વેતકેતુનાં વૃક્ષો તથા ફળોથી ભરેલા આ આશ્રમને નિહાળો. આ આશ્રમમાં શ્વેતકેતુએ સાક્ષાત્ સરસ્વતીનું દર્શન કરેલું. દેવી સરસ્વતીએ કૃપા કરીને વરદાન આપવાની તૈયારી બતાવી ત્યારે શ્વેતકેતુએ કહ્યું કે મને સઘળાં શાસ્ત્રોનું જ્ઞાન મળે એવો આશીર્વાદ આપો."

તમે તમારા ભાઇઓ સાથે ઉદ્દાલક મુનિના આ પવિત્ર એકાંત આહ્લાદક આશ્રમમાં પ્રવેશ કરો અને એ પરમપુણ્યાત્મા મહાત્માની ઉપાસના કરો.

"ઉદ્દાલકના પુત્ર શ્વેતકેતુ અને કહોડ મુનિના પરમપ્રતાપી પુત્ર અષ્ટાવક્ર બંને વર્તમાન યુગના સર્વશ્રેષ્ઠ બ્રહ્મવેત્તા મુનિઓ કહેવાય છે. એમની બરાબરી બીજા કોઇથી નથી કરી શકાય તેમ. એ મામા ભાણેજ થાય છે.

ઉત્તમ બ્રહ્મજ્ઞાની અષ્ટાવક્રે કિશોરાવસ્થામાં રાજા જનકના યજ્ઞમાં વાદવિવાદ કરીને તેના બંદીને હરાવીને નદીમાં ડૂબવા માટે બાધ્ય બનાવેલો.

એ પરમતપસ્વી તથા બ્રહ્મજ્ઞાની મહામુનિ અષ્ટાવક્ર ખૂબ જ પ્રભાવશાળી હતા. "

અષ્ટાવક્ર મુનિ જન્મથી જ આઠ અંગે વાંકા હતા તેના રહસ્યનું ઉદઘાટન કરતાં મહર્ષિ લોમશે જણાવ્યું :

"મહર્ષિ ઉદ્દાલકને કહોડ નામે એક વિખ્યાત નિયમનિષ્ઠ શિષ્ય હતો. તે ગુરુની સેવા કરતો તથા તેમની આજ્ઞાને અનુસરીને વર્તતો. તેણે સુદીર્ઘ સમય સુધી વેદાધ્યયન કર્યું અને ગુરુની સેવા કરી. ગુરુએ તેની સેવાને ઓળખીને તેને સર્વવિદ્યા આપી તથા પોતાની સુપુત્રી સુજાતાને તેની સાથે પરણાવી.

એ સુજાતાને અગ્નિના જેવો ગર્ભ રહ્યો. તે ગર્ભે અધ્યયન કરતા પોતાના પિતાને કહ્યું કે -

તમે આખી રાત આ અધ્યયન કરો છો પણ એ અધ્યયન બરાબર થતું નથી.

આમ મહર્ષિને શિષ્યોની વચ્ચે મહેણું માર્યું એટલે ઉદરમાં રહેલા તે ગર્ભને તેમણે ક્રોધપૂર્વક શાપ આપ્યો કે તું ઉદરમાં રહીને આવું વાંકું બોલે છે તેથી આઠ ઠેકાણે વાંકો થઇશ. એવી રીતે તે મહર્ષિ વાંકા જન્મ્યા અને અષ્ટાવક્ર નામથી પ્રસિદ્ધ થયા."

અષ્ટાવક્ર મુનિ માતાના ઉદરમાં હતા ત્યારે તેમની માતા સુજાતાએ પોતાના પતિ કહોડની આગળ ધનની ઇચ્છા પ્રદર્શિત કરી.

કહોડ મુનિ ધનની ઇચ્છાથી પ્રરાઇને જનક રાજા પાસે પહોંચ્યા.

ત્યાં બંદીએ એમને વાદવિવાદમાં હરાવીને સમીપવર્તી સરિતામાં નાખી દીધા.

એ વાત ઉદ્દાલકે તથા સુજાતાએ અષ્ટાવક્રના જન્મ પછી વરસો સુધી અષ્ટાવક્રથી ગુપ્ત રાખી પરંતુ એક દિવસ તેની માહિતી મળી ગઇ.

એ માહિતી મેળવીને અષ્ટાવક્રને અસાધારણ દુઃખ થયું - ખાસ કરીને પોતાના પિતાની દુર્ગતિની વાત સાંભળીને.

એમણે જનકરાજાને ત્યાં પહોંચીને બંદી સાથે શાસ્ત્રાર્થ કે વાદવિવાદ કરીને એને હરાવવાનો ને પોતાના પિતાનું પરિત્રાણ કરવાનો સંકલ્પ કર્યો.

આદર્શ સાચા પ્રાજ્ઞ પુત્રનું લક્ષણ એ જ છે. પિતા તથા માતા પ્રત્યેના પવિત્ર પ્રબળ પ્રેમથી પ્રેરાઇને તે તેમને શક્ય તેટલી સઘળી રીતે સહાયતા પહોંચાડવાની કે ઉપયોગી બનવાની કોશિશ કરે છે અને એમાં પોતાનું કલ્યાણ સમજે છે. સુપુત્ર માતાપિતાની સર્વ પ્રકારે સેવા કરે છે.

અષ્ટાવક્ર મુનિની અવસ્થા કેવળ બાર વરસની હતી ત્યારે તે શ્વેતકેતુની સાથે જનકરાજાની સભામાં જવા તૈયાર થયા. જનક રાજા સાથે એમને જે અસામાન્ય બુદ્ધિયુક્ત વાર્તાલાપ થયો તેનો સારાંશ આ પ્રમાણે છે -

રાજા જનક : સૂતાં કોણ આંખ મીંચતું નથી ? જન્મતાં કોણ ગતિ કરતું નથી ? કોને હૃદય નથી ? કોણ વેગથી વધે છે ?

મુનિ અષ્ટાવક્ર : સૂતાં મત્સ્ય આંખ નથી મીંચતું. જન્મ્યા પછી ઇંડું ગતિ નથી કરતું. પથ્થરને હૃદય નથી હોતું. નદી વેગથી વધતી જાય છે.

વિવેચકોએ એનો જે આધ્યાત્મિક અર્થ કરેલો છે તેને પણ વિચારી લઇએ.

પ્રથમ ચરણનો અર્થ :- શ્રુતિમાં ચૈતન્ય પુરુષને મહામત્સ્યની ઉપમા આપી છે. જેમ મહામત્સ્ય નદીના બંને કિનારામાં ફરવાથી થાકી જાય છે તેમ ચૈતન્ય પુરુષ પણ જાગ્રત અવસ્થામાં અને સ્વપ્નાવસ્થામાં, આ લોક તથા પરલોકમાં, ભ્રમણ કરવાથી થાકીને સુષુપ્તિ પામે છે. પરંતુ એ સુષુપ્તિ તથા પ્રલયમાં, કાર્ય તથા કારણસમૂહની જ્યારે હલનચલનાદિ શક્તિ સંપૂર્ણ રીતે ઉપરામ પામી જાય છે ત્યારે, આ એક ચૈતન્ય પુરુષ જ જેની દૃષ્ટાપણાની શક્તિ નાશ ના પામી હોય એવા રહે છે. એ સંબંધમાં શ્રુતિ પણ કહે છે કે દૃષ્ટાની દૃષ્ટિનો લોપ થતો જ નથી, કારણ કે તે અવિનાશી છે. જો દૃષ્ટાની દૃષ્ટિનો લોપ સ્વીકારીએ તો કરેલાંનો નાશ અને નહિ કરેલાંની પ્રાપ્તિરૂપી દોષ પ્રાપ્ત થાય અને " હું આટલો વખત સુખે સૂતો હતો " એવું જ્ઞાન પણ અનુભવ કરનારાના અભાવમાં થાય નહિ, તેથી ચૈતન્ય પુરુષનું જ્ઞાન અખંડ છે અને તે અવિનાશી છે, માટે અજન્મા છે. આ પ્રથમ ચરણનો અર્થ છે.

બીજા ચરણનો અર્થ :- ઉત્પન્ન થયેલું ઇંડું એટલે આ અખિલ બ્રહ્માંડ. ઉત્પન્ન થયા પછી પણ પોતાની મેળે હલનચલન કરતું નથી, પરંતુ તેને ચૈતન્ય પુરુષ જ ગતિમાન કરે છે.

ત્રીજા ચરણનો અર્થ :- અશ્મન્ એટલે પાષાણ અને યાસ્ક મુનિએ શ્મન્ નો અર્થ શરીર કરેલો છે. એટલે શ્મનરહિત તે અશ્મન્ - અર્થાત્ શરીરરહિત-દેહાભિમાનરહિત એવા યોગીનું હૃદય શોકનું સ્થાન હોતું

નથી. શ્રુતિ પણ એમ જ કહે છે કે શરીરાભિમાનરહિત યોગીને પ્રિય તથા અપ્રિયનો સ્પર્શ થતો નથી. દેહાભિમાન ગળી જાય છે ત્યારે યોગીના હૃદયના સર્વ શોકોને તરી જાય છે. અર્થાત્ મનરહિત જીવનમુક્ત થાય છે.

ચોથા ચરણનો અર્થ :- નદી એટલે ચિત્તરૂપી નદી સમજવી. યોગી જ્યારે સમાધિમાંથી ઊઠે છે અર્થાત્ બાહ્ય પ્રપંચમાં દૃષ્ટિ કરે છે ત્યારે તેની ચિત્તરૂપી નદી, સર્વ પ્રપંચરૂપી વેગથી વધી જાય છે. અર્થાત્ યોગીની દૃષ્ટિએ વ્યાવહારિક પ્રપંચ પણ સ્વપ્નના પ્રપંચની પેઠે દૃષ્ટિના સમકાળમાં જ ઉત્પન્ન થાય છે.

એ આખા શ્લોકમાં સંક્ષેપમાં દર્શાવ્યું છે કે દૃષ્ટાની દૃષ્ટિનો લોપ થતો નથી, દૃષ્ય પદાર્થ જડ છે, દેહનો સંગ ના કરનારાની મુક્તિ થાય છે, અને સંસાર મનોમય છે.

એ પછી મહામુનિ અષ્ટાવક્રે પોતાના પિતા કહોડને વાદવિવાદમાં હરાવનારા બંદી સાથે શાસ્ત્રાર્થનો આરંભ કર્યો.

બંદી બોલ્યો : એક જ અગ્નિ અનેક પ્રકારે પ્રજળે છે. એક જ સૂર્ય આ અખિલ વિશ્વને અજવાળે છે. એક જ દેવરાજ ઇન્દ્ર શત્રુઓને હણે છે; અને એક જ યમ પિતૃઓનો ઇશ્વર છે.

અષ્ટાવક્રે કહ્યું : ઇન્દ્ર અને અગ્નિ બે મિત્રની જેમ સાથે વિચરે છે. નારદ અને પર્વત બે દેવર્ષિઓ છે અશ્વિનીકુમાર બે છે. રથને બે પૈંડા છે. વિધાતાએ નીર્મેલાં ભાર્યા તથા પતિ સખ્યભાવથી સદા ફરે છે. બુદ્ધિ અને ચૈતન્ય બે વસ્તુ પરસ્પર મિત્રતા કરીને વિષયોનો અનુભવ કરે છે. કેવળ બુદ્ધિ કશું કરી શકતી નથી.

બંદી અને અષ્ટાવક્રનો એ સંવાદ આગળ ચાલતો રહ્યો.

છેવટે બંદીનો પરાજય થવાથી સૌ અષ્ટાવક્રને સન્માનવા લાગ્યા.

અષ્ટાવક્રે બંદીને પાણીમાં ડુબાડવાની સૂચના આપી.

રાજા વરુણના પુત્ર બંદીએ જણાવ્યું કે મારા પિતા વરુણને ત્યાં બાર વરસના યજ્ઞનો આરંભ થયો છે. એ યજ્ઞને માટે મેં તે ઉત્તમ બ્રાહ્મણોને મોકલી આપ્યા છે. વરુણના યજ્ઞને નિહાળીને તે સૌ પાછા ફરી રહ્યા છે.

થોડા વખતમાં તો મુનિ કહોડ બીજા પંડિતો સાથે પાણીમાંથી બહાર આવીને રાજા જનકની આગળ ઊભા રહ્યા.

કહોડે કહ્યું કે આટલા માટે જ પુરુષો પુત્રોને ઇચ્છે છે. હું જે નહોતો કરી શક્યો તે મારા પુત્રે કર્યું છે. જનક, તારું સર્વ પ્રકારે કલ્યાણ થાવ.

બંદીએ જનક રાજાની અનુમતિ મેળવીને સમુદ્રના પાણીમાં પ્રવેશ કર્યો.

આશ્રમમાં પાછા ફર્યા પછી અષ્ટાવક્રે પિતાના આદેશાનુસાર સમંગા નદીમાં સ્નાન કર્યું. એથી નદી પવિત્ર બની અને એમનાં અંગો સત્વર સરખાં થઇ ગયાં.

મહામુનિ અષ્ટાવક્ર તથા બંદી વચ્ચે જનક રાજાની સભામાં થયેલા વાદવિવાદને જાણવામાં જેમને ખાસ રસ હોય તેમની માહિતી માટે એ વિવાદની રજૂઆત અસ્થાને નહિ લેખાય.

બંદી: પ્રજા કર્મ કરીને ત્રણ જાતનાં જન્મ લે છે. ત્રણ વેદો સાથે મળીને વાજપેય યજ્ઞ કરે છે. અધ્વર્યુઓ ત્રણ કાળ યજ્ઞકર્મ કરે છે. લોકો ત્રણ છે અને જ્યોતિઓ પણ ત્રણ છે.

અષ્ટાવક્ર: આશ્રમો ચાર છે. ચાર વર્ણો યજ્ઞને વહે છે. દિશાઓ ચાર છે. વર્ણ ચાર છે. અને વાણી પણ સદા ચાર પાદવાળી કહેવાઇ છે.

બંદી: પાંચ અગ્નિ પદવાળો પંક્તિ નામનો છંદ છે. તેના પ્રત્યેક પદના આઠ અક્ષરો હોય છે. પાંચ યજ્ઞો છે. પાંચ ઇન્દ્રિયો છે. વેદમાં પાંચ શિખાવાળી અપ્સરાઓ કહેલી છે. (શરીરના આકારમાં પરિણામ પામેલાં જળપ્રધાન પ્રાણીઓમાં અનુસરનારી અપ્સરા ચિતશક્તિ છે. એને પ્રમાણ, વિપર્યય, નિદ્રા, સ્મૃતિ નામની તથા વિકલ્પ નામની પાંચ વૃત્તિઓ પાંચ શિખાઓ છે. )

લોકમાં પવિત્ર પાંચ નદો પ્રખ્યાત છે.

(પાંચ વિષયપ્રવાહનો સમૂહ પાંચ નદો કહેવાય છે.)

અષ્ટાવક્ર: કેટલાક અગ્નિહોત્ર લેતી વખતે છ ગાયોની દક્ષિણા આપવાનું કહે છે. સંવત્સરરૂપી કાળચક્રમાં છ ઋતુઓ છે. ઇન્દ્રિયો છ છે, કૃતિકાઓ છ છે. વેદોમાં સાદ્યસ્ક નામના છ યજ્ઞો કહ્યા છે.

બંદી: સાત ગ્રામ્ય પશુઓ છે. સાત વન્ય પશુઓ છે. સાત છંદો એક યજ્ઞને વહે છે. સાત ઋષિઓ છે. સન્માનના સાત પ્રકારો છે. વીણા સાત તારવાળી હોવાનું પ્રસિદ્ધ છે.

અષ્ટાવક્ર: શણની આઠ ગૂણો સેંકડો પરિમાણને ધારણ કરે છે. સિંહને મારનારા શરભને આઠ પગ છે. દેવતાઓમાં આઠ વસુઓ છે. યજ્ઞોમાં યજ્ઞસ્થંભને આઠ ખૂણાવાળો બતાવ્યો છે.

બંદી: પિતૃઓને માટેના યજ્ઞોમાં અગ્નિને જગાવવા માટેના મંત્રો નવ કહ્યા છે. સૃષ્ટિની ઉત્પત્તિ નવ પ્રકારની કહેલી છે. બૃહતી છંદમાં નવ અક્ષરો બતાવ્યા છે. એકથી નવના આંકડાંમાં સઘળી સંખ્યા આવી જાય છે.

અષ્ટાવક્ર: દિશા દસ કહી છે. દસવાર સો ગણવાથી સહસ્ત્ર કહેવાય છે. ગર્ભવતી દસ માસ સુધી ગર્ભને ધારણ કરે છે. તત્વનો ઉપદેશ આપનારા, દ્વેષ કરનારા, અને એના અધિકારી દસ છે.

બંદી: પશુઓને અગિયાર ઇન્દ્રિયોથી અનુભવતા અગિયાર વિષયો છે. યજ્ઞસ્થંભો અગિયાર હોય છે. પ્રાણધારીના વિકારો અગિયાર છે. સ્વર્ગના દેવોમાં રુદ્રો અગિયાર ગણાય છે.

અષ્ટાવક્ર: સંવત્સરના માસ બાર, જગતી છંદના પાદમાં બાર અક્ષર, પ્રાકૃત યજ્ઞ બાર દિવસનો, અને આદિત્યો બાર છે.

બંદી: ત્રયોદશીને સૌથી શ્રેષ્ઠ તિથિ કહી છે. પૃથ્વી તેર દ્વીપવાળી છે.

બંદી શ્લોકને સંપૂર્ણ ના કરી શક્યો એટલે એના શબ્દોની પૂર્તિ કરતાં અષ્ટાવક્રે જણાવ્યું :

કેશી તેરના યજ્ઞમાં વર્તે છે અને અતિછંદો તેર અક્ષરવાળા હોય છે.

એવી રીતે વાદવિવાદમાં અષ્ટાવક્રનો વિજય થયો.

☼ ☼ ☼ ☼ ☼

## ૯૯. ભીમ ને હનુમાનનો મેળાપ

મહાભારતના વનપર્વના ૧૪૬મા અધ્યાયમાં ભીમ તથા હનુમાનના મેળાપની વાત આવે છે.

એ વાત અતિશય આકર્ષક અને રસપ્રદ હોવાની સાથે સાથે આશ્ચર્યકારક પણ લાગે છે.

આશ્ચર્યકારક લાગવાનું એક મોટામાં મોટું મહત્વનું કારણ એ છે કે ભીમ અને હનુમાનનો પ્રાદુર્ભાવ સમય અથવા કર્તવ્યકાળ જુદો હતો. હનુમાને રામાયણ કાળમાં પ્રાદુર્ભાવ પામીને પોતાની પરમ પ્રેરક અલૌકિક લોકકલ્યાણલીલા કરી બતાવી તો ભીમે તે પછીના મહાભારતકાળમાં. એ ઉભય મહાવીરોનો મહામાનવોનો સમાગમ શી રીતે શક્ય બન્યો કે શક્ય બની શકે એવો સંશયાત્મક પ્રશ્ન કોઇના મનમાં પેદા થવાનો સંભવ છે. એમના સમાધાન માટે કહી શકાય કે રામાયણકાળમાં રામે તથા સતીએ આપેલા આશીર્વાદ અથવા વરદાનને લીધે હનુમાન દેશકાલાતીત અને અમર બની ગયેલાં. એને લીધે એ કોઇને પણ અને કોઇપણ કાળમાં દર્શન આપી શકે છે અને એમના અનંત અમોઘ અનુગ્રહ દ્વારા પોતાના વિશેષ કૃપાપાત્ર બનાવી શકે છે. એટલે તો આટલાં બધા વરસો પછી આજે પણ સાચા સાધકોને એમનાં દેવદૂર્લભ દર્શન સમાગમનો લાભ મળી શકે છે. એમના અદભુત અનુગ્રહને અનુભવનારા અનેક સાધકોના જીવનપ્રસંગો એની સાક્ષી પૂરે છે કે પ્રતીતિ કરાવે છે. એવા સ્વાનુભવસંપન્ન સ્વનામધન્ય સત્પુરુષોમાં સંતશિરોમણિ તુલસીદાસ મહારાજનો સમાવેશ કરી શકાય છે.

એટલા સ્પષ્ટીકરણ પછી ભીમ અને હનુમાનનો આકસ્મિક છતાં સુખદ સમાગમ ક્યાં કયા સંજોગોમાં થયો તથા એનું શું પરિણામ આવ્યું તેની વિચારણા કરી લઇએ.

યુધિષ્ઠિર અર્જુન સિવાયના પોતાના બંધુઓ સાથે વનમાં વિહરી રહેલા ત્યારે ઇશાન ખૂણામાં એકાએક પ્રબળ પવન શરૂ થયો.

તે પવનના પ્રભાવથી સૂર્ય જેવી કાંતિવાળું એક સહસ્ત્રદળ કમળ આવી પહોંચ્યું.

દ્રૌપદીએ પવનથી આવીને પૃથ્વી પર પડેલા એ અલૌકિક સુગંધવાળા સુંદર કમળને અવલોકીને આનંદ અનુભવીને ભીમને એવાં અનેક અલૌકિક, આકર્ષક, સર્વોત્તમ સુવાસસંપન્ન કમળપુષ્પોને લાવવા પ્રાર્થના કરી.

દ્રૌપદી એવી પ્રાર્થના કરીને એ અદભુત ચિત્તાકર્ષક કમળપુષ્પને લઇને યુધિષ્ઠિરને આપવા ગઇ.

યુધિષ્ઠિરને કમનીય કમળપુષ્પ ખૂબ જ પસંદ પડ્યું.

ભીમે દ્રૌપદીની આકાંક્ષાને અનુસરીને જે દિશામાંથી પેલું ચિત્તાકર્ષક કમનીય કમળ આવેલું તે દિશાપ્રતિ વધારે કમળપુષ્પોને લાવવા માટે પ્રયાણ કર્યું.

તે ધનુષ્ય તથા બાણને લઇને મૃગરાજ સિંહ અથવા મદઝરતા માતંગની માફક ચાલી નીકળ્યો.

દ્રૌપદીનું પ્રિય કરવાની કામનાથી પ્રેરાઇને, બાહુબળ પર આધાર રાખીને, ભય તથા મોહથી મુક્તિ મેળવીને, એણે આકાશને અડવાના મનોરથ કરનારા ઉત્તુંગ પ્રચંડ પર્વતોને પાર કરવા માંડયા.

પવિત્ર ગંધમાદન પર્વતની છટા તથા શોભાથી એનું મન સંમોહિત બની ગયું.

ત્યાં વિભિન્ન ફૂલોની ફોરમવાળો સુશીતળ વાયુ વાતો હતો. સંજીવનસ્પર્શથી એનો થાક ઊતરી ગયો અને એને નવજીવનની પ્રાપ્તિ થઇ.

યક્ષો, ગંધર્વો, દેવો તથા બ્રહ્મર્ષિઓથી સેવાયલા ગંધમાદન પર્વતને એ ચારે તરફથી અવલોકવા લાગ્યો.

પોતાને વળગેલાં વાદળોને લીધે એ આખોય પર્વત જાણે કે પાંખવાળો બનીને નાચી રહેલો.

એની અંદરનાં ઠેકઠેકાણે વહેતાં ઝરણાંનાં જળને લીધે તે પ્રચંડ સુંદર પર્વત મોતીની માળાથી મંડિત બન્યો હોય એવો આભાસ ઊભો કરતો.

ગુફાઓ, કુંજો, ઝરણાંઓ, વહેળાઓ, જળાશયો અને ખીણો વડે એ પર્વત મનોહર લાગતો. ત્યાં અપ્સરાઓના નૂપુરના રણકાઓથી મત્ત મયૂરો થનગન થનગન નાચી રહેલા. શિલાતલો અને પથ્થરો દિગ્ગજોના દંતશૂળની અણીઓથી ઘસાઇ ગયેલા. સરિતાઓનાં ઊંડાં પાણીથી તે પર્વતનું ઉપવસ્ત્ર જાણે કે ખસી ગયેલું. મોંમાં લીલાં તરણાંના કોળિયાવાળાં, ભયને ના જાણનારાં, અને સ્વસ્થતાથી સમીપમાં ફરી રહેલાં હરણાંઓ કુતૂહલથી ભીમને જોઇ રહેલાં. તે પોતાના વેગથી અનેક લતાઓનાં ઝુંડોને કંપાવતો હતો.

ઊંચા દેહવાળા, સુવર્ણ જેવી કાંતિવાળા, સિંહના જેવા બાંધાવાળા માતેલા હાથીના જેવા પરાક્રમવાળા, મદમસ્ત માતંગના જેવા વેગવાળા, મદમસ્ત હાથીના જેવી લાલ આંખવાળા, અને ઉન્મત્ત ગજેન્દ્રને પણ પાછા પાડનારા, તે યુવાન ભીમસેનને પોતાના પ્રિયતમોની પાસે બેઠેલી યક્ષો અને ગંધર્વોની પત્નીઓ એકાગ્રતાથી બીજો કોઇ ના જુએ એવી રીતે જોઇ રહી. સૌન્દર્યના અભિનવ અવતાર જેવો તે પાંડવ ગંધમાદનનાં રમણીય શિખરો ઉપર ક્રીડા કરતો ફરતો હતો.

ફૂલોથી ખીલી રહેલાં પર્વતશિખરો ઉપર એનું મન અને એની દૃષ્ટિ ચોંટી રહી.

વાયુવેગી વૃકોદર પર્વકાલના ઉત્પાતની જેમ પૃથ્વીને પગથી કંપાવતો અને હાથીનાં ટોળાઓને ત્રાસ પમાડતો આગળ ચાલ્યો. તે મહાબલવાન સિંહો, વાઘો અને મૃગોને મરડી નાખતો જતો હતો. એ બળવાન પાંડુનંદન મોટાં વૃક્ષોને ઉખેડતો અને ભોંય ભેગાં કરતો તથા વેલાઓને વેગપૂર્વક ખેંચતો આગળ વધતો હતો. હાથીની જેમ તે પર્વતનાં શિખરો ઉપર ચડવાનું કરતો હતો; વીજળીવાળા મેઘની જેમ મોટી ગર્જના કરતો હતો. ભીમની એ મહાગર્જનાથી જાગી ઊઠેલા વાઘો ગુફાને છોડી ગયા અને બીજાં વનવાસી પશુઓ સંતાઇ ગયાં. તેથી ગભરાયેલાં પંખીઓ ઊડી ગયાં. મૃગોના ટોળાં દોટ મૂકીને નાસી ગયાં, રીંછો વૃક્ષોને છોડીને ચાલ્યા ગયાં, સિંહો ગુફાઓને છોડી ગયાં. મહાસિંહો બગાસા ખાવા લાગ્યા, અને પાડાઓ આમતેમ જોવા લાગ્યા. તે ગર્જનાથી ત્રાસી ગયેલા હાથીઓથી વીંટળાઇને તે વનને છોડી બીજા મહાવનમાં ગયાં. વરાહ અને મૃગોનાં ટોળાં, વનમાં ફરતા પાડાઓ, વાઘો તથા શિયાળોના સમૂહો રોઝના ટોળાં સાથે બરાડા પાડવા લાગ્યાં. ચક્રવાકો, ચાતકો, હંસો, કારંવડો, જળકૂકડીઓ, પોપટો, નરકોકિલો અને ક્રૌંચો ભાન ખોઇ બેસી દિશદિશે ભાગી ગયાં. હાથણીઓએ ઉશ્કેરેલા કેટલાક ગર્વભર્યા હાથીઓ, સિંહો અને વાઘો ક્રોધમાં આવીને ભીમસેન સામે દોડયા.

ગંધમાદનનાં શિખરો ઉપર તે મહાબલવાને અનેક જોજન વિસ્તારવાળું અને અતિ રમણીય કેળનું વન જોયું. મદઝરતા મહાગજની જેમ મહાબળવાન અનેક વૃક્ષોને ભાંગતો તે વનને ડહોળી મૂકવાની

ઇચ્છાથી ત્યાં વેગપૂર્વક ધસ્યો. બળવાનોમાં શ્રેષ્ઠ ભીમે તાડ જેવા ઊંચા કેળના સ્થંભોને ઉખેડી નાખ્યા અને ચારેકોર ફેંકવા માંડયા. ગર્વભર્યા નરસિંહની જેમ તે મહાતેજસ્વીએ હુંકાર કર્યો.

ત્યાં તેણેએક રમણીય મહાસરોવર જોયું. તે સરોવરને તીરે તીરે સોનેરી કેળોની હારો ઊગી હતી અને તે મંદ મંદ પવનથી હાલીને જાણે એ શાંત અને ગંભીર સરોવરને પંખો નાખતી હતી. એ અનેક કમળોથી ભરેલા સરોવરમાં ઊતરીને તેમાં બંધનરહિત થયેલા ગજરાજની જેમ ક્રીડા કરવા લાગ્યો. અમાપ તેજસ્વી ભીમે તેમાં મનગમતી ક્રીડા કરી. પછી તે બહાર નીકળ્યો અને પર્વત ઉપરનાં અનેક વૃક્ષોવાળા વનમાં વેગથી ચાલવા લાગ્યો. તેણે સર્વશક્તિથી શંખનાદ કર્યો. તેની પ્રતિક્રિયારૂપે પર્વતની ગુફાઓમાં સૂતેલા સિંહોએ ભયંકર ગર્જના કરવા માંડી. એ સિંહનાદને સાંભળીને મદમસ્ત થયેલા ગજરાજોએ પણ મહાગર્જના કરી અને એથી આખો પર્વત ગર્જનાઓથી ગાજી ઊઠયો. તે ગર્જનાને સાંભળીને હનુમાને જાણ્યું કે ભીમસેન આવ્યો છે.

પોતાના ભાઇ ભીમની રક્ષા માટે તે કદલીવનથી શોભતા માર્ગમાં બેઠા અને તે સાંકડા માર્ગને રોકી રહ્યા. ભીમને શાપ કે અપમાન ના લાગે એવું વિચારીને હનુમાન એવી રીતે કદલીવનની વચમાં બેઠા.

એક ભારેખમ શિલાતલ ઉપર ભીમે વાનરોના અધિપતિને બેઠેલા જોયા. તે વીજળીના ઝબકારા જેવા, સામે જોવાય નહિ તેવા, અને વીજળીના ચમકારા જેવા પીળા વર્ણના હતાં. સાથિયાના આકારે વાળેલા હાથ પર તેમણે પોતાની પુષ્ટ અને ટૂંકી ગરદનને ટેકવી રાખેલી.

એમનું મુખમંડળ કિરણવાળા કમનીય ચંદ્ર જેવું જણાયું.

ભીમે એમની પાસે પહોંચીને ભયંકર સિંહનાદ કર્યો તેથી પશુપક્ષીઓ ભયભીત બન્યાં પરંતુ હનુમાન સંપૂર્ણ શાત રહ્યા. એમણે સ્મિતપૂર્વક ભીમને જણાવ્યું કે હું રુગ્ણાવસ્થામાં સુખથી સૂતેલો ત્યારે તેં મને શા માટે જાગ્રત કર્યો ? તારા જેવા બુદ્ધિમાનની પ્રવૃત્તિ તનમનવચનને દૂષિત કરનારાં ક્રૂર તથા ધર્મવિરોધી કાર્યોમાં કેમ થાય છે ? મને લાગે છે કે તું ધર્મને જાણતો નથી. સજ્જનોની સેવાના મર્મને સમજતો નથી; તેથી જ અલ્પબુદ્ધિ તથા મૂર્ખતાને લીધે પશુઓનો નાશ કરી રહ્યો છે. તું કોણ છે ? મનુષ્યોથી અને મનુષ્યોપયોગી પદાર્થોથી રહિત આવા એકાંત ઘોર અરણ્યમાં તું કેવી રીતે અને શા માટે આવ્યો છે ? તારે ક્યાં જવું છે ? અહીંથી આગળનો માર્ગ અતિશય દુર્ગમ છે. એના પર આગળ વધી શકાય તેમ નથી. આ દેવલોકનો માર્ગ છે અને માનવો માટે અગમ્ય છે. અહીંથી આગળ સિદ્ધગતિ સિવાય બીજી કોઇ ગતિથી જવાય તેમ નથી. તેથી તને અટકાવું છું. તને જો મારાં વચનો કલ્યાણકારક અને આદર્શ લાગતાં હોય તો આ અમૃતતુલ્ય ફળ અને મૂળનો આસ્વાદ લઇને અહીંથી આગળ વધવાના વિચારને માંડી વાળીને પાછો ફર.

ભીમે એ શબ્દોને સાંભળીને પૂછયું કે તું કોણ છે ? તારા આવા રૂપનું રહસ્ય શું છે ? હું કુરુકુળનો, ક્ષત્રિય વર્ણનો, ચંદ્રવંશી છું. પાંડુપુત્ર છું. માતા કુંતીના ઉદરમાં જન્મેલો છું. વાયુથી ઉત્પન્ન થયો છું મારું નામ ભીમસેન છે.

હનુમાને સ્મિત કરીને એને માર્ગ આપવાની ના પાડી.

ભીમે આગળ વધવાનો આગ્રહ ચાલુ રાખ્યો ત્યારે હનુમાને જણાવ્યું કે મારામાં ઊઠવાની સહેજ પણ શક્તિ નથી તારે જવું હોય તો મને ઓળંગીને જઇ શકે છે.

ભીમે કહ્યું કે દેહમાં નિર્ગુણ પરમાત્મા વ્યાપી રહ્યા છે. આત્મજ્ઞાનથી પામી શકાય એવા એ પરમાત્માનું હું અપમાન અથવા ઉલ્લંઘન નહિ કરું. એ લોકકર્તા પરમાત્માને હું જો શાસ્ત્રો દ્વારા ના જાણતો હોત તો હનુમાન જેવી રીતે સાગરને ઓળંગી ગયેલા તેવી રીતે તને અને આ પર્વતને ઓળંગી જાત.

હનુમાનની જિજ્ઞાસાના જવાબમાં ભીમસેને સ્પષ્ટીકરણ કર્યું કે સદગુણોને લીધે પ્રશંસાપાત્ર અને બળબુદ્ધિ તેમજ ધૈર્યની મૂર્તિ સરખા મારા ભાઇ વાનરેશ્વર હનુમાન રામાયણમાં ખૂબ જ પ્રસિદ્ધ છે. એ વાનરેન્દ્ર સો યોજન જેટલા સાગરને સહજ રીતે જ ઓળંગી ગયેલા. હું તેજ, બળ, યુદ્ધ તથા પરાક્રમમાં તેમના જેવો જ છું; એથી તને જીતી શકું તેમ છું. મને માર્ગ આપ અથવા મારી શક્તિનો સ્વાદ ચાખ. મારા આદેશાનુસાર નહિ કરે તો તને યમલોકમાં પહોંચાડી દઇશ.

ભીમનું અભિમાન અસાધારણ હતું. અભિમાન અમંગલ અને અનર્થકારક હોય છે. એનો અંત અકલ્યાણકારક થઇ પડે છે. એને નિર્મૂળ કરવા માટે હનુમાને હસીને જણાવ્યું કે મારામાં બેઠા થવાની શક્તિ નથી માટે મારા પર દયા લાવીને મારા પૂછડાને ખસેડીને જઇ શકે છે.

ભીમે હનુમાનના પૂછડાને ખસેડવાનો પ્રયાસ કર્યો, પોતાની સમગ્ર શક્તિને કામે લગાડીને આવશ્યકતાનુસાર કેન્દ્રિત કરી, તો પણ પોતાના પ્રયાસમાં સફળતા ના મેળવી. એનું શરીર પ્રસ્વેદથી લથપથ થઇ ગયું. એણે અતિશય લજ્જાવશ બનીને ક્ષમાયાચના કરીને હનુમાનને એમનો પરિચય પૂછ્યો.

હનુમાને એમની ઓળખાણ આપીને રામની કલ્યાણકારિણી કથા કહી. ભીમે સાગરને ઓળંગતી વખતે એમણે ધારેલા દિવ્ય સુવિશાળ સ્વરૂપને નિહાળવાની ઇચ્છા બતાવવાથી આરંભની ઔપચારિક આનાકાની પછી, એ મહામાનવે પોતાના એ વખતના દિવ્ય સ્વરૂપનું દર્શન કરાવ્યું. એના દર્શનથી ભીમ ભયભીત બન્યો એટલે એમણે એને સંકેલી લઇને ભીમને આલિંગન આપ્યું એથી ભીમનો થાક ઊતરી ગયો. એને નવજીવન મળ્યું.

હનુમાને એને આશીર્વાદ આપતાં કહ્યું કે તું જ્યારે શત્રુસેનામાં સિંહનાદ કરશે ત્યારે હું મારા નાદથી એ સિંહનાદ વધારી દઇશ. અર્જુનના ધ્વજ પર બેસીને હું પ્રતિસ્પર્ધીઓના પ્રાણને હણનારા દારુણ નાદને છોડીશ તેથી તેમનો સહેલાઇથી સંહાર કરી શકાશે.

ભીમને સ્વર્ણકમળનો માર્ગ બતાવીને હનુમાન ત્યાં જ અદૃશ્ય થઇ ગયા.

ભીમને માટે એમનો મેળાપ મંગલમય થઇ પડયો.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૦૦. અજગર સાથે વાર્તાલાપ

દસ હજાર હાથીઓના બળ જેટલું બળ ધરાવનાર ભીમ.

સંગ્રામમાં એનો સામનો કરવાનું કાર્ય અતિશય કપરું કહેવાતું. લગભગ અશક્ય કહેવાય એવું.

એણે પુલસ્ત્યપુત્ર કુબેરને રણમાં નોતરેલો, પડકારેલો અને કમળ સરોવર પર યક્ષોને તથા રાક્ષસોને પોતાના પ્રખર પરાક્રમથી પરાસ્ત કરીને મારી નાખેલા.

એવા પરમ પરાક્રમથી ભીમસેનને એકાંત અરણ્યમાં આગળ વધતાં એક વિશાળ અને અતિવિકરાળ કાયાવાળા અજગર આગળ અસહાય બનીને એના પાશમાં સપડાવું પડયું એ કેટલી બધી કરુણ અને વિચિત્ર વાત કહેવાય ? છતાં પણ એ વાત સંપૂર્ણ સાચી છે.

મહાભારતના વનપર્વના ૧૭૮મા અધ્યાયમાં એનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ ઉલ્લેખ ખૂબ જ રસપ્રદ હોવાથી એનું અવલોકન કરી લઇએ.

અરણ્યવાસના વખત દરમિયાન પાંડવો રાજર્ષિ વૃષપર્વાના આહ્લાદક આશ્રમમાં વાસ કરી રહેલા ત્યારે હાથમાં ધનુષ્યબાણ તથા તલવારને લઇને ભીમ વનના વિહારે નીકળ્યો.

વનમાં મહાભયંકર ગર્જનાઓ કરીને એ જુદાં જુદાં પ્રાણીઓને ત્રાસ આપવા માંડયો.

ત્યાં એણે ગિરિગુફાને રોકીને પડેલો, એક અત્યંત ભયંકર શરીરવાળો સર્પ જોયો.

એ ચટાપટાવાળો, કાબરચીતરો, અને હળદરના જેવા પીળા રંગવાળો હતો.

એનું વદન ગુફા જેવા આકારનું ને ચાર દાઢોથી શોભતું હતું.

એણે ક્રોધે ભરાઇને ભીમસેન તરફ દોડીને એના હાથને સ્પર્શ કર્યો કે તરત જ ભીમ એને મળેલા વરદાનને લીધે એકદમ અશક્ત અથવા અચેત બની ગયો.

ભીમે એના પ્રખર પાશમાંથી છૂટવાનો પ્રયાસ કરવા માંડયો પરંતુ એ પ્રયાસ નિષ્ફળ નીવડયો ત્યારે એને પૂછયું કે તું કોણ છે ને શું કરવા માગે છે ? હું ધર્મરાજનો નાનો ભાઇ ભીમસેન છું મારામાં દસ હજાર હાથીઓનું બળ હોવા છતાં તેં મને શી રીતે વશ કર્યો ? તારી પાસે કોઇ વિદ્યાબળ કે વરદાન છે ? તારા અસાધારણ પરાક્રમના રહસ્યની સમજ મને નથી પડતી.

ભીમના શબ્દોને સાંભળીને અજગરે સ્પષ્ટીકરણ કરતાં કહ્યું કે હું કેટલાય કાળથી ક્ષુધાતુર હોવાથી તને મારા ભક્ષ્ય તરીકે મેળવીને મને ખૂબ જ આનંદ થયો છે. શરીરધારીઓને પ્રાણ સૌથી પ્રિય હોય છે. મને મહર્ષિઓના કોપને લીધે આ અવસ્થાની પ્રાપ્તિ થઇ છે. હું શાપિત બન્યો છું. પહેલાં હું તારા પૂર્વજોના પૂર્વપુરુષ રાજર્ષિ નહુષ તરીકે પ્રસિદ્ધિ પામેલો. મેં તપથી, વિદ્યાથી, યજ્ઞથી, પરાક્રમથી તથા કુલીનતાથી ત્રિલોકના અનંત ઐશ્વર્યને પ્રાપ્ત કરેલું. એને લીધે મારા મદનો અંત ના રહ્યો. એ મદથી મત્ત બનીને મેં સહસ્ત્ર શ્રેષ્ઠ ઋષિઓ પાસે મારી પાલખી ઊંચકાવી. મહર્ષિઓના એવા અસાધારણ અપમાનને લીધે મહર્ષિ અગસ્ત્યે મને શાપ આપવાથી મારી આવી દયનીય દશા થઇ ગઇ. ખરેખર દૈવ ખરેખર ખૂબ જ બળવાન હોય છે. એ દૈવને લીધે જ આજે તું મારી પાસે આવી પહોંચ્યો છે અને મારો વંશજ હોવા છતાં હું તને મારવા માટે તૈયાર થયો છું. સ્વર્ગલોકમાંથી શાપને લીધે ભ્રષ્ટ થઇને વિમાનમાંથી નીચે પડતી વખતે મેં મુનિશ્રેષ્ઠ

અગસ્ત્યને શાપના નિવારણ માટે પ્રાર્થના કરતાં એમણે જણાવેલું કે તું થોડા વખત પછી શાપમાંથી મુક્તિ મેળવીશ. સત્યાસત્યના મર્મને સમજનારો જે પુરુષ તારા પ્રશ્નોના પ્રત્યુત્તર પૂરા પાડશે તે પુરુષ તારી શાપમુક્તિ માટે મદદરૂપ બનશે. તું જે પણ પ્રાણીને પકડશે તે તારાથી વધારે બળવાન હશે તો પણ તરત જ નિર્બળ અને અસહાય બની જશે. મહર્ષિ અગસ્ત્યના શાપથી હું પૃથ્વી પર પડ્યો છું તોપણ મને મારી પૂર્વસ્મૃતિ છોડી ગઇ નથી એટલે મેં જે કાંઇ અનુભવેલું તે સઘળું મારા સ્મરણમાં છે.

ભીમસેનને ભારે મૂંઝવણમાં મુકાવું પડયું.

એને એની સુરક્ષાનો કોઇ ઉપાય ના દેખાયો.

એને અરણ્યમાંથી સુદીર્ઘ સમયપર્યંત પાછો આવેલો ના નિહાળીને યુધિષ્ઠિરને ચિંતા થવાથી એ એની શોધ માટે નીકળ્યા.

દિવસો પછી એમને ભીમસેનનો પત્તો મેળવીને અસાધારણ દુઃખ થયું.

ભીમસેનને અજગરના પાશમાંથી મુક્ત કરવાનું કામ કપરું હતું. એને મુક્ત કરવા માટે એમણે અજગરને પ્રાર્થના કરી એટલે અજગરે જણાવ્યું કે મારા પ્રશ્નોના સંતોષકારક પ્રત્યુત્તરો પૂરાં પાડવામાં આવશે તો હું ભીમસેનને છોડી દઇશ.

યુધિષ્ઠિરે એને ઇચ્છાનુસાર પ્રશ્નો પૂછવાની અનુમતિ આપવાથી એમની વચ્ચે મહત્વનો અત્યંત રસિક વાર્તાલાપ થયો. એનો સારાંશ આ પ્રમાણે છેઃ

સર્પે પૂછયું : સર્વ દેવો, બ્રહ્મર્ષિઓ ધર્મની પ્રશંસા કરે છે, તે ધર્મનું સંક્ષેપમાં વર્ણન કરો.

યુધિષ્ઠિરે કહ્યું : સત્ય, દમ, તપ, શૌચ, સંતોષ, હ્રી, આર્જવ, જ્ઞાન, શમ, દયા અને ધ્યાન એ સનાતન ધર્મ છે.

નહુષે પૂછયું : સત્ય કોને કહેવાય ? તમે જે શમ કહ્યો તે કેવો હોય ? ઉત્તમ દયા કઇ કહેવાય છે ? અને ધ્યાન કોને કહે છે ?

યુધિષ્ઠિરે કહ્યું : પ્રાણીઓના હિતને સત્ય કહ્યું છે. મનનો નિગ્રહ તે દમ. સ્વધર્મ પ્રમાણે વર્તવું તે તપ. સંકરતાનો ત્યાગ તે શૌચ, વિષયનો ત્યાગ તે સંતોષ, નહિ કરવા જેવા કાર્યથી નિવૃત્તિ તે હ્રી. ટાઢ, તાપ વગેરે દ્વન્દ્વ સહન કરવા તે ક્ષમા, ચિત્તની સમતા તે આર્જવ. તત્વાર્થનો બોધ તે જ્ઞાન, ચિત્તની શાંતિ તે શમ, પ્રાણીઓના હિતની ઇચ્છા તે દયા અને મનની નિર્વિષયતા તેને ધ્યાન કહેવાય છે.

નહુષે પૂછયું : પુરુષોનો દુર્જય શત્રુ કયો ? અને મહાઅસાધુ કોને કહેવો ?

યુધિષ્ઠિરે કહ્યું : કામ એ દુર્જય શત્રુ છે, લોભ એ અનંતકાળનો વ્યાધિ છે, સર્વ પ્રાણી ઉપર દયા કરનારો તે સાધુ છે. અને નિર્દય મનુષ્ય અસાધુ છે.

નહુષે પૂછયું : મોહ કોને કહે છે ? માન એટલે શું ? આળસ કોને કહેવાય અને શોક કોને કહે છે ?

યુધિષ્ઠિરે કહ્યું : ધર્મસંબંધી મૂઢતા તે મોહ, પોતાના સંબંધમાં અભિમાન તે માન, ધર્મકૃત્ય ન કરવા તે આળસ અને અજ્ઞાન જ શોક કહેવાય છે.

નહુષે પૂછયું : મુનિઓએ સ્થૈર્ય કોને કહ્યું છે ? ધૈર્ય કોને કહ્યું છે ? મુખ્ય સ્નાન કયું છે ? અને દાન કોને કહે છે ?

યુધિષ્ઠિરે કહ્યું : સ્વધર્મમાં સ્થિરતા તે સ્થૈર્ય, ઇન્દ્રિયોનો નિગ્રહ તે ધૈર્ય, મનના મળનો ત્યાગ તે સ્નાન અને અભયદક્ષિણા તે દાન કહેવાય છે.

નહુષે પૂછયું : કયા પુરુષને પંડિત જાણવો ? મૂર્ખ કોને જાણવો ? સંસારનું કારણ શું ? મુખ્ય તાપ કયો ?

યુધિષ્ઠિરે કહ્યું : ધર્માત્માપુરુષને પંડિત જાણવો. નાસ્તિકને મૂર્ખ જાણવો, કામના એ સંસારનો હેતુ છે અને અદેખાઇ એ જ હૃદયમાં થનારો મુખ્ય તાપ છે.

નહુષે પૂછયું : અહંકાર કોને કહેવાય ? દંભ એટલે શું ? અસૂયા કોને કહી છે ? અને પૈશૂન્ય એટલે શું ?

યુધિષ્ઠિરે કહ્યું : મોહયુક્ત જ્ઞાન તે અહંકાર, ધર્મનો ધ્વજ ફરકાવવો તે દંભ, ધર્મનો દ્વેષ તે અસૂયા અને પારકાને દૂષણ આપવું તે પૈશૂન્ય છે.

નહુષે પૂછ્યું : હે રાજા ! ધર્મ ! અર્થ અને કામ એ પરસ્પર વિરોધી છે, તો તેમનો સંયોગ કેવી રીતે થાય ?

યુધિષ્ઠિરે કહ્યું : જે કુળમાં ભાર્યાથી ભર્તા અને ભર્તાથી ભાર્યા સંતુષ્ટ રહે છે તે કુળમાં નિત્ય ધર્મ, અર્થ અને કામ વૃદ્ધિ પામે છે. જ્યારે ભર્તા અને ભાર્યા પરસ્પર વશ થઇને અનુકૂળ રહે છે, ત્યારે ત્યાં ધર્મ અર્થ અને કામ એ ત્રણેનો મેળાપ થાય છે.

નહુષે પૂછયું : જાતિ, કુળ, આચાર, વેદાધ્યયન અને શાસ્ત્રપઠન એ સર્વમાંથી શાને લીધે બ્રાહ્મપણું આવે છે ?

યુધિષ્ઠિરે કહ્યું : હે તાત ! જાતિ, કુળ, સ્વાધ્યાય, શાસ્ત્રપઠન એ બ્રાહ્મણપણાને માટે કારણ નથી. પણ આચાર જ મુખ્ય કારણ છે. અનેક મુનિઓ તિર્યકયોનિમાં ઉત્પન્ન થયા હતા. તોપણ તેઓ સ્વધર્મના આચરણમાં તત્પર રહેવાથી આ લોકમાંથી બ્રહ્મલોકમાં ગયા છે. જે ધર્માચાર પ્રમાણે વર્તે છે, તેને જ ભણેલો અને પંડિત જાણવો, ધર્માચરણનું જ યત્નથી રક્ષણ કરવું. કારણ કે ધન તો આવે છે ને જાય છે. ધનથી ક્ષીણ થયેલો પુરુષ ક્ષીણ થતો નથી. પણ ધર્માચારથી ભ્રષ્ટ થયેલો પુરુષ જ ખરી રીતે નાશ પામે છે. કોઇ દુષ્ટ પુરુષ પોતાનું કુળ મોટું છે એમ જણાવે તો તેથી શો લાભ ? સુગંધવાળા પુષ્પોમાં કીડા ઉત્પન્ન થતા નથી શું ? સુંગધી પુષ્પમાં ઉત્પન્ન થવાથી તે કીડાનું જેમ ગૌરવ વધતું નથી તેમ દુષ્ટાચારવાળો સારા કુળમાં ઉત્પન્ન થાય તેથી તે સારો ગણાતો નથી. માટે આચાર જ બ્રાહ્મણનું લક્ષણ છે. ચાર વેદ ભણેલો બ્રાહ્મણ પણ જો દુરાચારી હોય તો તેને શૂદ્ર કરતાં પણ અધિક દૂષિત કહેલો છે. જે અગ્નિહોત્રપરાયણ, જિતેન્દ્રિય, નિત્ય સંતુષ્ટ, શુદ્ધ, તપસ્વી અને વેદાધ્યયનિષ્ઠ હોય, તેને દેવો બ્રાહ્મણ જાણે છે. જે ટાઢ, તાપ વિગેરે સર્વ દ્વન્દ્વને સહન કરનારો, ધીર, સર્વસંગથી રહિત, સર્વ પ્રાણીઓના હિતમાં તત્પર અને મિત્રભાવનાવાળો હોય છે તેને દેવો બ્રાહ્મણ જાણે છે. હે પુરુષશ્રેષ્ઠ ! જે હંમેશ પારકાના ગુણને શોધનારો અને દોષને કદી ના જોનારો, દીન ઉપર નિત્ય દયા કરનારો, સજ્જનો પ્રત્યે પ્રેમ રાખનારો અને પોતાની સ્ત્રી ઉપર જ પ્રીતિવાળો હોય છે તેને જ દેવો બ્રાહ્મણ તરીકે ઓળખે છે.

નહુષે પૂછયું : શ્રાદ્ધ અને દાનનો કાળ કયો ગણવો ?

યુધિષ્ઠિરે કહ્યું : જ્યારે શ્રોત્રિય અને ધ્યાનનિષ્ઠ બ્રાહ્મણ જોવામાં આવે, ત્યારે તે જ કાળ, શ્રાદ્ધને દાનને માટે ઉત્તમ છે. એવું મારું માનવું છે.

સર્પ બોલ્યો : હે રાજન ! જો બ્રાહ્મણ વર્તન ઉપરથી ઓળખાય એવો તમારો મત હોય જ્યાં સુધી ચારિત્ર્યની શુદ્ધિ નથી ત્યાં સુધી જાતિ મિથ્યા જ ગણાય ને ?

યુધિષ્ઠિર બોલ્યા : હે મહાસર્પ ! અહીં મનુષ્યોમાં સર્વ વર્ણોની ભેળસેળને લીધે જાતિની પરીક્ષા કરવી કઠિન છે. સર્વપુરુષો સર્વસ્ત્રીઓમાં સદા સંતાન પેદા કરે છે. સૌ મનુષ્યોનાં વાણી, મૈથુન, જન્મ અને મરણ સમાન જ છે. આ સંબંધમાં યે યજામહે (અમે યજ્ઞ કરીએ છીએ) એ વેદવાક્ય પ્રમાણરૂપ છે. આથી તત્વદર્શીઓ ચારિત્ર્યને જ મુખ્ય અને ઇષ્ટ માને છે. પુરુષને નાળછેદનની પહેલાં જાતકર્મનો સંસ્કાર કરવામાં આવે છે. ઉપનયનસંસ્કારમાં ગાયત્રી તેની માતા અને આચાર્ય તેનો પિતા ગણાય છે. જ્યાં સુધી એનો વેદજન્મ થયો નથી ત્યાં સુધી તે શૂદ્ર સમાન છે. જાતિ વિશેના સંશય સંબંધમાં સ્વાયંભુવ મનુએ એવું કહ્યું છે. સર્વવર્ણોની સંસ્કાર આદિ ક્રિયાઓ કર્યા છતાં તેમનામાં વર્ણસંકરતાની પ્રબળતા જ માનવી. આથી હે મહાસર્પ ! મુખ્ય તો ચારિત્ર્ય જ જોવાવું જોઇએ. એવા ચારિત્ર્યવાનને જ મેં બ્રાહ્મણ કહ્યો છે.

સર્પ બોલ્યો : હે યુધિષ્ઠિર ! તમે યથાર્થ તત્વવેત્તા છો. તમારાં વચનોને મેં સાંભળ્યા છે.

યુધિષ્ઠિર બોલ્યા : કયા કર્મથી માણસને ઉત્તમ ગતિ મળે ?

સર્પ બોલ્યો : હે ભારત ! સુપાત્રે દાન આપ્યાથી, પ્રિય વચનો કહેવાથી, સત્ય બોલવાથી અને અહિંસાધર્મમાં તત્પર રહેવાથી માણસ સ્વર્ગે જાય છે, એવું મારું માનવું છે.

યુધિષ્ઠિર બોલ્યા : હે સર્પ ! દાન અને સત્ય એ બેમાં મોટું શું ? અહિંસા અને પ્રિય વચન એ બેમાં મોટું નાનું શું ?

સર્પ બોલ્યો : દાન, સત્ય, તત્વ, અહિંસા, અને પ્રિય એ દરેકનું મોટાપણું અને નાનાપણું કાર્યના ગૌરવને આધારે જોવા છે. ક્યારેક દાનયોગ કરતાં સત્ય ચઢી જાય છે. ક્યારેક સત્યવચન કરતાં દાન ચઢી જાય છે. ક્યારેક પ્રિય વાક્ય કરતાં અહિંસા વધી જાય છે. તેમ જ ક્યારેક અહિંસા કરતાં પ્રિયવચન વધી જાય છે. કાર્યની અપેક્ષાએ તે તે વસ્તુંનું ગૌરવ અથવા લાઘવ ગણાય છે.

યુધિષ્ઠિર બોલ્યા : હે સર્પ ! શરીરનો નાશ થયા પછી માણસ કેવી રીતે સ્વર્ગમાં જાય છે ? તેને અવશ્ય મળનારું કર્મફળ કેવી રીતે મળે છે ? તે કેવી રીતે વિષયોને ભોગવે છે ?

સર્પ બોલ્યો : સ્વકર્મોએ કરીને માણસને મનુષ્યયોનિ, સ્વર્ગવાસ અને તિર્યગ્યોનિ એમ ત્રણ પ્રકારની ગતિઓ થતી જોવામાં આવી છે. તેમાં જે મનુષ્ય આળસ રાખ્યા વિના અહિંસાયુક્ત દાનાદિક કર્મો કરે છે તે મનુષ્યલોકમાંથી સ્વર્ગમાં જઇને સુખ ભોગવે છે. જે એથી ઊલટાં કર્મ કરે છે તે મનુષ્યયોનિમાં રહે છે અથવા તિર્ય્યયોનિમાં જાય છે. જે મનુષ્ય કામ અને ક્રોધથી ભરેલો છે તથા હિંસા અને લોભને આધીન છે તે મનુષ્યયોનિમાંથી ભ્રષ્ટ થઇને તિર્યગ્યોનિમાં જન્મ પામે છે. વળી માનવયોનિમાં જન્મ ધરવાને માટે તિર્યગ્યોનિથી પણ છુટકારો થાય છે એવું જોવામાં આવે છે. આમ કર્મ કરનારો જીવ આ ત્રણ ગતિઓમાં ફરે છે. બ્રાહ્મણ તો પોતાના આત્માને નિત્ય પરમાત્મામાં લીન રાખે છે. દેહાભિમાની જીવાત્મા બળવાન કર્મફળને કારણે વારંવાર જન્મ ધરે છે, અને સુખદુઃખને ભોગવે છે.

યુધિષ્ઠિર બોલ્યા : સ્વર્ગમાં રહેલા, અદભુત કર્મ કરનારા અને સર્વજ્ઞ એવા તમને ક્યાંથી મોહ થઇ આવ્યો ? તમે શાથી સર્પયોનિને પામ્યા ?

સર્પ બોલ્યો : માણસ સારો જ્ઞાની અને શૂર હોય, તો પણ સમૃદ્ધિ તેને ભુલાવી દે છે. સુખમાં રહેનારા સર્વ મનુષ્યો મૂર્છામાં પડે છે. ઐશ્વર્યના મોહથી હું મદથી ઘેરાઇ ગયો અને નીચે ગબડી પડ્યો. એકવાર અગસ્ત્યમુનિ મારી પાલખીએ જોડાયા હતા અને મેં તેમને પગથી લાત મારી હતી. આથી અગસ્ત્યે રોષે ભરાઇને મને કહ્યું કે તું નીચે પડ. સર્પ થઇ જા.

એ પ્રમાણે કહીને તે નહુષરાજે અજગરનું શરીર છોડી દીધું અને તરત જ દિવ્ય શરીરને ધારણ કરીને સ્વર્ગ માટે પ્રયાણ કર્યું. યુધિષ્ઠિર ભીમસેન તથા ધૌમ્યમુનિની સાથે આશ્રમે પાછા ગયા.

પાંડવો મહાબળવાન ભીમને ભયમાંથી મુક્ત થયેલો જોઇને અતિશય આનંદ પામ્યા.

અજગર સાથેના યુધિષ્ઠિરના એ વાર્તાલાપની વાત વાંચી વિચારીને કોઇને પ્રશ્ન થવાનો સંભવ છે કે અજગર એવી રીતે વાતચીત કરી શકે ? પરંતુ એ પ્રશ્નને ગૌણ ગણીને વાર્તાલાપના વિષયને જ લક્ષમાં લઇએ તો તેથી લાભ થશે. કથાના સારભાગને સમજવાનું શ્રેયસ્કર થઇ પડશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૦૧. કૌશિકની કથા

મહાભારતના વનપર્વના બસો પાંચમા અધ્યાયમાં કેટલાક નોંધપાત્ર વિચારોને રજૂ કરવામાં આવ્યા છે. તે વિચારોને વારંવાર વિચારવા કે વાગોળવા જેવા છે. આ રહ્યો એમનો સારાંશ :

"પતિવ્રતા સ્ત્રીઓનો મહિમા અવર્ણનીય અને અપાર છે. સઘળી પતિવ્રતા સ્ત્રીઓ સન્માનનીય છે. એ ઇન્દ્રિયોને સદા સંયમમાં રાખે છે, મનનો નિરોધ કરે છે, અને પતિને દેવની પેઠે માનીને તેના જ ચિંતનમનનમાં મગ્ન રહે છે.

"માતાપિતાની આજ્ઞાને સફળ કરનારો પુત્રજ ધર્મજ્ઞ કહેવાય છે."

"માતાપિતાને જે નિત્ય પ્રસન્ન રાખે છે તે આ લોક કે પરલોકમાં યશ કે સનાતન ધર્મને પ્રાપ્ત કરે છે."

"સ્ત્રીઓને માટે કોઇ યજ્ઞક્રિયાની, શ્રાદ્ધની કે ઉપવાસોની આવશ્યકતા નથી. તેમની પતિસેવાથી તે સ્વર્ગની પ્રાપ્તિ કરે છે."

વનપર્વમાં એવા વિચારોનું પ્રતિપાદન કરનારા કથા-પ્રસંગોનું આલેખન કરવામાં આવ્યું છે.

એ કથા પ્રસંગોનો પરિચય કરવા જેવો છે.

કૌશિક નામે એક ગૃહત્યાગી એકાંતવાસી બ્રાહ્મણ નવયુવાન.

વેદાધ્યયન કરનારો, તપસ્વી, ધર્મપરાયણ.

કોઇ કારણે માયાળુ માતાપિતાની અને સંસારની જવાબદારીઓને છોડીને બહાર નીકળી ગયેલો. ભિક્ષાન્ન પર નિર્વાહ કરી રહેલો.

એણે શિક્ષાદિ અંગો અને ઉપનિષદો સાથે વેદોનું અધ્યયન કરેલું.

એ બધું હોવા છતાં એના મન અને એની ઇન્દ્રિયો પર એનો પૂરો અધિકાર નહોતો એથી એનું મન અસ્વસ્થ રહેતું. અને પરમાત્માના ચિંતનમનનના અંતરંગ અભ્યાસક્રમમાં અનાયાસે નહોતું લાગતું.

એકવાર એ વહેલી સવારે પોતાના નિત્યકર્મમાંથી નિવૃત્ત થઇને એક વૃક્ષની નીચે બેસીને વેદપાઠ કરી રહેલો ત્યારે એ વૃક્ષ પર બેઠેલી કોઇક બગલીએ એની ઉપર વિષ્ટા કરી.

એથી અતિશય ક્રોધે ભરાઇને એણે એનું અમંગલ કરવાની કામનાથી પ્રેરાઇને એના પ્રત્યે દૃષ્ટિપાત કર્યો તો એના આશ્ચર્ય સાથે એ બગલી વૃક્ષ પરથી નિષ્પ્રાણ થઇને નીચે પડી. બગલીને એવી રીતે જડ બનીને જમીન પર પડેલી પેખીને કૌશિકને થયું કે મારાથી આજે એક અમંગલ કામ થઇ ગયું. એને પોતાની અસામાન્ય આત્મશક્તિનો પ્રથમવાર જ ખ્યાલ આવ્યો.

સમય પર તે પાસેના ગામમાં ભિક્ષા લેવા માટે પહોંચ્યો.

એક ઘર પાસે પહોંચીને એણે ભિક્ષા માટે માગણી કરી એટલે ઘરની બહાર વાસણને ઉટકનારી ગૃહિણીએ એને થોડા વખત માટે રાહ જોવાની સૂચના આપી. એ વખતે બહારથી એના પતિનું આગમન થતાં એને સત્કારીને એણે ભોજન કરાવવા માંડયું. એ દરમિયાન પેલા તપસ્વી કૌશિકને ભિક્ષા આપવાની વાતનું વિસ્મરણ થયું.

થોડા વખત પછી એને યાદ આવતાં એ ભિક્ષા લઇને બહાર આવી ત્યારે કૌશિકે ક્રોધે ભરાઇને એને ઠપકો આપ્યો. તે સ્ત્રીએ સ્વસ્થતાપૂર્વક સ્પષ્ટીકરણ કરતાં કહ્યું કે મારે મન મારા પતિ મહાદેવ છે. તે ભૂખ્યા અને થાકેલા આવેલા એટલે હું એમની સેવામાં રોકાયલી. એમની સેવાનો અનાદર કરવો એ અધર્મ કહેવાય.

એ સ્પષ્ટીકરણની અસર કૌશિક પર કશી ના પડી. એની ઉત્તેજના અખંડ રહી. એ ઉત્તેજનાને વશ થઇને એણે જણાવ્યું કે તેં બ્રાહ્મણોને હલકા પાડીને તારા પતિને શ્રેષ્ઠ માન્યો છે. ગૃહસ્થ ધર્મની વાત કરીને તું બ્રાહ્મણનું અપમાન કરે છે. ઇન્દ્ર પણ બ્રાહ્મણોને પ્રણામ કરે છે તો પછી સામાન્ય માનવી તો પ્રણામ કરે એમાં કહેવાનું શું ? તું જાણતી નથી કે બ્રાહ્મણો તો અગ્નિ જેવા હોય છે. તે સમસ્ત સૃષ્ટિને પણ બાળીને ખાખ કરી શકે છે.

સ્ત્રીએ કહ્યું તમે અકારણ ક્રોધ કરી રહ્યા છો. હું કાંઇ વનના વૃક્ષ પરની પેલી બગલી નથી કે તમારા ક્રોધાગ્નિથી ભસ્મીભૂત બની જઉં. માટે શાંતિ રાખો. હું પંડિત તથા દેવતુલ્ય બ્રાહ્મણોની અવજ્ઞા નથી કરતી. એમના ઓજસને હું જાણું છું. તમારે મને ક્ષમા પ્રદાન કરવી જોઇએ.

મને તો જે ધર્મ પતિસેવાથી યુક્ત છે તે જ રુચે છે. મારે માટે સર્વ દેવોમાં મારા સ્વામી જ પરમદેવ છે. હે દ્વિજોત્તમ ! હું કશા પણ ભેદ વિના તેમની સેવા કરવાના ધર્મને પાળું છું. હે બ્રાહ્મણ ! પતિસેવાનું કેવું ફળ છે તે તમે જુઓ. તમે રોષથી બગલીને બાળી નાખી છે એ મેં જાણી લીધું છે. હે દ્વિજવર ! ક્રોધ મનુષ્યોના શરીરમાં રહેલો શત્રુ છે. જે ક્રોધ અને મોહને છોડે છે તેને જ દેવો બ્રાહ્મણ જાણે છે. જે આ લોકમાં સત્યવચનો કહે છે, જે ગુરુને સંતોષ આપે છે, અને પોતાની હિંસા થયા છતાં જે સામાની હિંસા કરતો નથી, તેને દેવો બ્રાહ્મણ જાણે છે. જે જિતેન્દ્રિય છે, ધર્મપરાયણ છે, સ્વાધ્યાયનિષ્ઠ છે, પવિત્ર છે, અને જેણે કામ તથા ક્રોધને વશ કર્યા છે, તેને દેવો બ્રાહ્મણ કહે છે. જે ધર્મજ્ઞ અને વિદ્વાનને આ જગત આત્મવત્ લાગે છે, અને જે સ્વધર્મોને આચરે છે, તેને દેવો બ્રાહ્મણ જાણે છે. જે વેદનું અધ્યયન અને અધ્યાપન કરે છે, જે યજ્ઞ કરે છે અથવા કરાવે છે, તેમજ જે યથાશક્તિ દાન આપે છે, તેને દેવો બ્રાહ્મણ કહે છે. જે દાનશૂર દ્વિજશ્રેષ્ઠ બ્રહ્મચારી રહીને વેદાધ્યયન કરે છે, અને સહજ પણ અસાવધ ના થતાં સ્વાધ્યાયમાં તત્પર રહે છે, તેને દેવો બ્રાહ્મણ કહે છે.

સ્વાધ્યાય, ઇન્દ્રિયદમન, સરળતા અને ઇન્દ્રિયનિગ્રહ બ્રાહ્મણોનો શાશ્વત ધર્મ છે. તેમાં પણ ધર્મજ્ઞ મનુષ્યો સત્ય અને સરળતાને જ પરમધર્મ કહે છે.

આપ ધર્મજ્ઞ છો, સ્વાધ્યાયપરાયણ છો, અને પવિત્ર છો. છતાં ધર્મને યથાર્થ રીતે જાણતા નથી, એવું મારું માનવું છે.તમે જો પરમધર્મને જાણવા માગતા હો, તો મિથિલાપુરીમાં જાવ. એ ધર્મવ્યાધ માતપિતાની સેવા કરનારો છે, સત્યવાદી છે, જિતેન્દ્રિય છે, અને મિથિલામાં રહે છે. તે તમને ધર્મ વિશે સમજાવશે. મારાથી વધારે પડતું બોલાયું હોય તો તેને માટે મને ક્ષમા કરજો.

એ શબ્દોને સાંભળીને કૌશિકનો ક્રોધ શાંત થયો.

એને થયું કે આ સ્ત્રીને મારી વાતની - બગલીને ભસ્મ કરવાની વાતની, માહિતી આટલે દૂર રહેવા છતાં, અત્યારે ને અત્યારે કેવી રીતે મળી ? એ સાચેસાચ પરમ તપસ્વિની છે. મારે માટે પ્રણમ્ય તથા પૂજ્ય

છે. એનો પ્રતાપ આવો પ્રખર છે તો એ જેમને ગુરુતુલ્ય ગણે છે અથવા સન્માનીય સમજે છે તે ધર્મવ્યાધનો પ્રતાપ કેવો હશે ? એમને મારે અવશ્ય મળવું જોઇએ.

એ સ્ત્રીની રજા લઇને એ ત્યાંથી ચાલી નીકળ્યો.

એ કથાપ્રસંગ સ્ત્રીધર્મની મહાનતા પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે. સ્ત્રીને માટે ઘર મંદિર છે. એ પોતાના કર્માનુષ્ઠાનને કે ધર્મને વફાદાર રહે તો ઘરમાં રહીને સિદ્ધિ તથા શાંતિ પામી શકે છે. એવો ગર્ભિત ધ્વનિ એ કથાપ્રસંગમાં રહેલો છે. એ ધ્વનિ ઝીલવાની આવશ્યકતા છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૦૨. ધર્મવ્યાધનો મેળાપ

કેટલાંય વન, ગામડાં તથા નગરમાંથી પસાર થતો તપસ્વી કૌશિક છેવટે લાંબા વખતના પ્રવાસ પછી, મિથિલા નગરમાં આવી પહોંચ્યો.

મિથિલા નગરીમાં રાજા જનકનું રાજ્ય હતું.

એ નગરી અતિશય સુંદર હતી. એમાં ધર્મપરાયણ મનુષ્યો વાસ કરતા ને ઠેરઠેર ધર્મ સંબંધી મોટા મોટા મંગલ ઉત્સવો થતા,

ધર્મવ્યાધની માહિતી મેળવીને એ એમના સ્થાન પર પહોંચ્યો તો એને ભારે નવાઇ લાગી. અને પોતાની કલ્પના કરતા જુદું જ ચિત્ર જોવા મળ્યું.

એ નક્કી ના કરી શક્યો કે, ધર્મવ્યાધ આ જ હશે કે બીજા ? પેલી પતિવ્રતા સ્ત્રીએ આમની જ એક મહાપુરુષ તરીકે આટલી બધી પ્રશસ્તિ કરી હશે ?

એમનું બાહ્ય સ્વરૂપ જરા ભ્રાંતિજનક હતું. છતા પણ ધર્મવ્યાધ તો એ જ હતા. કસાઇ ખાનામાં બેસી એ માંસ વેચી રહ્યા હતા.

કૌશિક, મનમાં ભાતભાતની ને જાત જાતની શંકા-કુશંકા સાથે, એક તરફ એકાંતમાં બેસી ગયો.

એના આગમનનું પ્રયોજન જાણીને ધર્મવ્યાધે તરત જ એની પાસે આવીને વિનયપૂર્વક કહેવા માંડયું : 'ભગવન ! હું તમારું સ્વાગત કરું છું. તમારા ચરણમાં મારા પ્રણામ છે. તમે જેની શોધમાં આટલે સુધી આવવાનું કષ્ટ કર્યું છે તે ધર્મવ્યાધ હું જ છું. તમારું મંગલ હો ! હું તમારી શી સેવા કરું તેને માટે મને આજ્ઞા આપો. તમે અહીં શા માટે આવ્યા છો તે હું જાણું છું. પેલી પતિવ્રતા, ધર્મપરાયણ સ્ત્રીએ જ તમને અહીં મોકલ્યા છે તેની પણ મને ખબર છે.'

ધર્મવ્યાધના વચનને સાંભળીને બ્રાહ્મણ કૌશિક ભારે વિસ્મયમાં પડયો. એને થયું કે આ વળી બીજી નવાઇની વાત કહેવાય. ધર્મવ્યાધ પણ પેલી સ્ત્રીની જેમ જ દૈવી દૃષ્ટિથી સંપન્ન છે એ વાતની આ પ્રસંગ પરથી પ્રતીતિ થાય છે. એમનો પરિચય કરાવવા બદલ પોતે ઇશ્વરનો ઉપકાર માન્યો ને પોતાની જાતને બડભાગી માની.

ધર્મવ્યાધે કૌશિકને પોતાને ઘેર લઇ જઇને સમુચિત સત્કાર કર્યો. એના ચરણ ધોયા અને એને ઉત્તમ આસન આપ્યું.

આસન પર બિરાજમાન થઇને પોતાના મનની શંકાને રજૂ કરતા કૌશિકે કહ્યું કે માંસ વેચવાનું ઘોર કર્મ તમારે ના કરવું જોઇએ. એ કામ જોઇને મને ભારે દુઃખ થઇ રહ્યું છે. ત્યારે ધર્મવ્યાધે એનું સ્પષ્ટીકરણ કરતાં કહેવા માંડયું કે આ કામ મેં મારી મરજીથી શરૂ નથી કર્યું. હું પોતે ધર્મથી વિરુદ્ધનું કોઇ કામ નથી કરતો. પરંતુ આ ધંધો મારા કુટુંબમાં મારાં બાપદાદાના વખતથી ચાલ્યો આવે છે. આ કામ કરવા છતાં પણ હું મારા વૃદ્ધ માતાપિતાની સેવા કરું છું. સાચું બોલું છું, મારા ગજા પ્રમાણે દાન આપું છું, કોઇની નિંદા નથી કરતો, તથા દેવતા, અતિથિ અને સેવકોને જમાડીને જે કાંઇ બચે છે તેનાથી મારું જીવન ચલાવું છું. જનક રાજાના આખા રાજ્યમાં કોઇ માનવ ધર્મથી વિરુદ્ધ આચરણ નથી કરતો. બધા પોતપોતાના ધર્મનું પાલન

કર્યા કરે છે. ધર્મથી વિરુદ્ધ ચાલનાર જો પોતાનો પુત્ર હોય તો એને પણ રાજા જનક કઠોર દંડ દે છે, એટલે અધર્મના આચરણ માટે અવકાશ જ નથી રહેતો. હું પોતે કોઇ જીવની હિંસા નથી કરતો. બીજાએ મારેલા પ્રાણીઓનું માંસ વેચું છું. પરંતુ હું પોતે કદી પણ માંસ નથી ખાતો. સ્ત્રીસંગ પણ ઋતુકાળ દરમ્યાન જ કરું છું. દિવસે ઉપવાસ કરું છું તથા રાત્રે ભોજન. કોઇ મારી પ્રશંસા કરે છે, કોઇ નિંદા કરે છે, પરંતુ હું તો સૌની સાથે સારો વ્યવહાર કરીને સૌને પ્રસન્ન રાખું છું. ધર્મમાં દૃઢતા રાખવી. દ્વંદ્વોને સહન કરવા અને સૌ કોઇનું તેમની યોગ્યતાનુસાર સન્માન કરવું, એ મનુષ્યોચિત ગુણો ત્યાગના વિના નથી આવી શકતા.

કૌશિકને ધર્મવ્યાધનાં શાસ્ત્રસંમત ને વિવેકયુક્ત વચનો સાંભળીને ઘણો જ સંતોષ થયો. એ પછી કૌશિકે ધર્મવ્યાધને ધર્મ, તત્વજ્ઞાન તથા લૌકિક વ્યવહાર વિષે કેટલાક પ્રશ્નો પૂછયા. મૃત્યુ પછીની જીવની ગતિ વિષે પણ પૂછી જોયું. સત્વ, રજ ને તમ - ત્રણે ગુણોના સ્વરૂપ વિષે પણ પૂછી જોયું, અને એના પરિણામરૂપે કૌશિકને જ્યારે સંપૂર્ણ સંતોષ થયો ત્યારે જેમના લીધે સિદ્ધિ અને શાંતિ મળી છે તે મારાં માતાપિતા ઘરમાં છે, ચાલો તેમનાં પણ દર્શન કરાવું. એવું કહીને ધર્મવ્યાધ ઊભા થયા.

કૌશિક બ્રાહ્મણે ધર્મવ્યાધની સાથે ઘરમાં પ્રવેશ કર્યો તો ચાર ખંડવાળું, તાજો ચૂનો લગાડેલું ઘર જોઇને તે મુગ્ધ બની ગયો. ઘરમાં દેવોની સુંદર મૂર્તિઓ પણ હતી. ધૂપ તથા કેસરની સુવાસ ફેલાઇ રહી હતી. એક સુંદર આસન પર શ્વેત વસ્ત્રધારી, ધર્મવ્યાધના માતાપિતા ભોજનથી નિવૃત થઇને બેઠાં હતાં. ચંદન તથા પુષ્પોથી એમની પૂજા કરવામાં આવી હતી.

ધર્મવ્યાધે તેમના ચરણ પર મસ્તક મૂકીને દંડવત પ્રણામ કર્યા. એમણે એને આશીર્વાદ આપ્યા.

તે પછી વ્યાધે પોતાના માતપિતાને કૌશિકનો પરિચય કરાવ્યો. એમણે પણ કૌશિકનું સન્માન કર્યું, તથા કૌશિકના ખબરઅંતર પૂછયા.

ધર્મવ્યાધે કહ્યું : "આ માતાપિતા જ મારા મુખ્ય દેવતા છે. એમને માટે હું બનતું બધું જ કરું છું. મારે માટે ચાર વેદ તથા યજ્ઞ - બધું મારાં માતાપિતા જ છે. સ્ત્રી તથા સંતાનો સાથે હું એમની સેવા કરું છું. એમની કૃપાથી મારું જીવન સુખી છે અને મારા પર ઇશ્વરની કૃપા છે. તમે વેદોનો સ્વાધ્યાય કરવા માટે તમારા માતાપિતાની આજ્ઞા વિના જ ઘરનો ત્યાગ કર્યો છે, તે ઘણુ અનુચિત થયું છે. તમારા વિયોગથી તે વૃદ્ધ માબાપ આંધળા બની ગયા છે. માટે ઘેર જઇને તેમને પ્રસન્ન કરો. તમે તપસ્વી, મહાત્મા અને ધર્માનુરાગી છો, છતાં માતાપિતાની સેવા વિના બધું વ્યર્થ છે. માતાપિતાની સેવા જેવો કોઇ મોટો ધર્મ નથી. એ વાતમાં વિશ્વાસ રાખો."

કૌશિકની આંખ ઊઘડી ગઇ. એણે કહ્યું : "મારું સૌભાગ્ય છે કે હું અહીં આવ્યો ને મને તમારો સત્સંગ સાંપડયો. તમારા જેવા ધર્મપરાયણ પુરુષો સંસારમાં સાચે જ વિરલ છે. તમે મારો ઉદ્ધાર કર્યો છે. હવે હું તમારી સૂચના પ્રમાણે મારાં માતાપિતાની સેવા જરૂર કરીશ. અત્યાર સુધી હું મારા સાચા કર્તવ્યધર્મથી ભ્રષ્ટ થયો હતો."

કૌશિકે ધર્મવ્યાધની પ્રદક્ષિણા કરી અને ત્યાંથી પ્રસ્થાન કર્યું.

ઘેર જઇને એણે પોતાનાં વૃદ્ધ માતા-પિતાની સેવા કરી.

માતા-પિતા એથી પ્રસન્ન થયાં ને કૌશિકને શાંતિ મળી.

મહાભારતમાં માર્કેંડેય મુનિએ યુધિષ્ઠિરને કહેલા આ આખ્યાનનો સાર એટલો જ છે કે તપ, ત્યાગ, ભક્તિ, યોગ કે લોકસેવાના નામે માણસે પોતાના સ્વાભાવિક રીતે પ્રાપ્ત થયેલા કર્તવ્યથી વિમુખ નથી થવાનું. સિદ્ધિ, જરૂરી કર્મના કે ફરજોના ત્યાગમાં નથી સમાઇ, પરંતુ એમના અનુષ્ઠાનમાં સમાયેલી છે. આપણી ધર્માનુરાગી પ્રજા આ વાતને યાદ રાખશે ખરી ? એ વાતને યાદ રાખવાથી માણસને પોતાને તો લાભ થશે જ, પરંતુ બીજાને પણ મદદ મળશે. આપણાં ઘર, કુટુંબ તથા સમાજજીવનને ધર્મ કે ત્યાગને નામે બચાવી શકાશે. કૌશિક જેવાં સ્ત્રીપુરુષો આ વાતને ખાસ યાદ રાખે, એનો અમલ કરે, એ ખાસ ઇચ્છવા જેવું છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૦૩. ધર્મવ્યાધનો જન્માંતરવૃતાંત

કૌશિકમુનિને સત્ય ધર્મના સદ્દુપદેશ દ્વારા સાર્થક કરનારા ધર્મવ્યાધ એક અસાધારણ આત્મદર્શી દિવ્ય દૃષ્ટિસંપન્ન સિદ્ધ સત્પુરુષ હતા. એમના સ્વાનુભવસિદ્ધ વિશુદ્ધ જીવનવ્યવહારે અને અલૌકિક ધર્મોપદેશે કૌશિકને જે મંગલ માર્ગદર્શન આપ્યું. એને લીધે કૌશિકની ભ્રાંતિ ટળી ગઇ, કૌશિકને જીવનના અભિનવ દર્શનની પ્રાપ્તિ થઇ. એણે ઘેર જઇને પોતાનાં વૃદ્ધ માતાપિતાની સેવા કરવાનો સંકલ્પ કર્યો.

ધર્મવ્યાધની અદભુત મેધા અને આત્મનિષ્ઠાને અવલોકીને એને આશ્ચર્ય થયું એ આશ્ચર્યની અભિવ્યક્તિ કરતાં એણે ધર્મવ્યાધને જણાવ્યું કે તમારું આત્મજ્ઞાન અત્યંત અલૌકિક છે. હું તમને શૂદ્ર નથી સમજતો. કારણ કે સંસ્કારહીન શીલરહિત શૂદ્રની અંદર સૂક્ષ્મ સનાતન ધર્મનો ઉપદેશ આપવાની શક્તિ નથી હોતી. તમને કોઇક વિશેષ કારણને લીધે શૂદ્ર યોનિની પ્રાપ્તિ થઇ લાગે છે. એ કારણ પર તમારી દિવ્ય દૃષ્ટિની મદદથી પ્રકાશ પાડી શકશો તો મને સંતોષ થશે.

તપસ્વી કૌશિકની વિવેકયુક્ત વાત સાંભળીને ધર્મવ્યાધે પોતાના પૂર્વજન્મના વૃત્તાંતની રજૂઆત કરવા માંડી. એમણે પ્રસન્નતાપૂર્વક જણાવ્યું : કૌશિક ! પૂર્વજન્મમાં હું બ્રાહ્મણ હતો. મારા શાસ્ત્રજ્ઞાનસંપન્ન પૂજ્ય પિતાની પેઠે હું વેદવેદાંગમાં પારંગત હતો. તો પણ નિર્દોષ જીવન જીવી શક્યો નહીં. એ જન્મમાં ધનુર્વેદના નિષ્ણાત એક રાજા સાથે મારી મિત્રતા બંધાયલી. એમના સહવાસને લીધે મને પણ ધનુર્વિદ્યાના પૂર્ણ પ્રભુત્વની પ્રાપ્તિ થઇ. એકવાર એ રાજા પોતાના પ્રધાન યોદ્ધાઓ અને મંત્રીઓ સાથે વનમાં શિકાર માટે નીકળ્યા. મને પણ એમણે મારે માટેની મમતાને લીધે સાથે લીધો.

વનમાં વિહાર કરતાં અમે એક આહ્લાદક એકાંત આશ્રમ પાસે આવી પહોંચ્યા. એની આસપાસ રમનારાં અસંખ્ય મૃગોનો અમે શિકાર કર્યો. એ વખતે મારા અચાનક છૂટેલા બાણથી એક પરમ તપસ્વી ઋષિ ભયંકર રીતે ઘાયલ થયા ને ધરતી પર ઢળી પડયા. એમના મુખમાંથી કરુણ આર્ત ઉદગારો નીકળ્યા : મેં કોઇનો કોઇ પણ પ્રકારનો અપરાધ નથી કર્યો તો પણ આ ક્રૂર કુકર્મ કોણે કર્યું તે મને નથી સમજાતું.

મારા બાણથી કોઇક મૃગ મરાયું છે એવું માનીને હું એની પાસે ગયો તો ઋષિને ઘવાયલા જોઇને મને ખૂબ જ દુઃખ થયું. મારા પરિતાપનો ને મારી પીડાનો પાર રહ્યો નહીં. મારું હૃદય અને રોમરોમ રડવા લાગ્યું. મેં એ તરફડી રહેલા ઋષિની પશ્ચાતાપપૂર્વક ક્ષમા માગી. ઋષિએ અભિશાપ આપ્યો કે તું વ્યાધ થઈને શૂદ્ર યોનિમાં જન્મ લઇશ.

મેં એમની ક્ષમા માગતાં એમનાં અનુગ્રહની ફરી ફરી કામના કરી ત્યારે એમણે દયાથી દ્રવીભૂત બનીને જણાવ્યું કે મારો શાપ મિથ્યા તો નહિ થાય, પરંતુ શૂદ્ર યોનિમાં જન્મીને માતાપિતાની એકનિષ્ઠ સેવાના પ્રભાવથી પરમસિદ્ધિની પ્રાપ્તિથી તું તારા જીવનની ધન્યતાને અનુભવીશ. તને પૂર્વજન્મની સ્મૃતિ રહેશે, અને એ યોનિની સમાપ્તિ પછી પુનઃ બ્રાહ્મણશરીરની પ્રાપ્તિ થશે.

ઋષિના શરીરમાંથી બાણને બહાર કાઢીને મેં એમને આશ્રમમાં પહોંચાડયા. સદભાગ્યે એ મૃત્યુ પામવાને બદલે બચી ગયા. એથી મને શાંતિ થઇ.

ધર્મવ્યાધના પૂર્વજન્મનો એ વૃત્તાંત સૂચવે છે કે પૂર્વજન્મ તથા પુનર્જન્મ છે અને એમની માહિતી મળી શકે છે. સઘળું કર્માધીન હોવાથી માનવે ભૂલેચૂકે પણ કુકર્મમાં પ્રવૃત્ત ના થવું જોઇએ. ધર્મવ્યાધે પોતાના પૂર્વજીવનમાં પાપકર્મમાં પ્રવૃત્તિ કરી તો તેનું પરિણામ પ્રતિકૂળ અને પીડાજનક આવ્યું. એ હિંસક પાપપ્રવૃત્તિ - નિર્દોષ, નિસર્ગને ખોળે ખેલનારા, પશુઓની હત્યાની પ્રવૃત્તિ - સંગદોષના પરિણામે પેદા થયેલા બુદ્ધિદોષને લીધે, સ્વધર્મ કે કર્તવ્યભાનના વિસ્મરણથી થયેલી. એટલે સમજુ માનવે સદા સાવધ રહીને ને સદસદબુદ્ધિથી સમલંકૃત બનીને સંગદોષથી બચવું જોઇએ, એવો ગર્ભિત સારસંદેશ પણ ધર્મવ્યાધના એ જન્માંતર વૃત્તાંતમાં સમાયેલો છે. એ સંદેશ આજે પણ કામનો છે. સર્વકાળને સારુ શ્રેયસ્કર છે.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૦૪. ધર્મવ્યાધની ધર્મવાણી

મિથિલાનગરીમાં ધર્મરાજે તપસ્વી કૌશિકને જે વિસ્તૃત ધર્મોપદેશ આપ્યો એનો સમાવેશ મહાભારતના વનપર્વના બસો સાતથી તેરમા અધ્યાય સુધીમાં સુચારુરૂપે કરવામાં આવ્યો છે. એની રજૂઆત છેક જ સંક્ષેપમાં કરીએ તો અસ્થાને નહિ લેખાય. એ ધર્મવાણીનો સારાંશ આ રહ્યો :

હે ભગવન્ ! હું તમને વંદન કરું છું. હે દ્વિજવર ! તમે ભલે પધાર્યા. હું વ્યાધ છું. તમારું શું મંગલ કરું ? મને આજ્ઞા આપો. તે પતિવ્રતા સાધ્વીએ તમને કહ્યું હતું કે તમે મિથિલા જાઓ એ હું જાણું છું. વળી તમે જે અર્થે અહીં આવ્યા છો એ સઘળું હું જાણું છું.

આ મારો કુળપરંપરાનો ધંધો છે. હું મારા સ્વધર્મમાં રત રહું છું. તો તમે ક્રોધ કરશો નહિ. વિધાતાએ પહેલેથી મારે માટે જે સ્વકર્મ નિર્માણ કર્યું છે તેનું હું પાલન કરું છું, અને પ્રયત્નપૂર્વક વૃદ્ધ ગુરુજનોની સેવા કરું છું. હું સત્ય બોલું છું, કોઇની ઇર્ષ્યા કરતો નથી, અને શક્તિ પ્રમાણે દાન આપું છું. દેવો, અતિથિઓ, સેવકો આદિને ભોજન આપ્યા પછી વધેલું અન્ન જમું છું. કોઇના છિદ્રો ઉઘાડતો નથી અને કોઇની નિંદા કરતો નથી.

અહીં જનકના રાજમાં કોઇ પણ માણસ વિપરીત કર્મ કરનારો નથી. ચારે વર્ણ સ્વકર્મમાં તત્પર રહે છે. જનકરાજ તો પોતાનો પુત્ર પણ દુરાચારી અને શિક્ષાપાત્ર હોય તો તેને પણ સજા કરે છે. તે ધાર્મિક માણસને કશો ત્રાસ આપતો નથી. એ રાજાએ દૂતોની સુંદર વ્યવસ્થા કરી છે અને એ દૂતો દ્વારા તે સર્વની ધર્મપૂર્વક સંભાળ રાખે છે.

હું જાતે હિંસા કરતો નથી. નિત્ય બીજાઓએ મારેલાં ભૂંડો અને ભેંસોને વેચું છું. હું માંસ ખાતો નથી. ઋતુકાલે જ સ્ત્રીગમન કરું છું, અને માત્ર રાત્રે જ ભોજન લઉં છું.

શીલરહિત જણાતો માણસ પણ શીલવાન હોઇ શકે છે. પ્રાણીની હિંસા કર્યા કરતો માણસ પણ ધાર્મિક હોઇ શકે છે.

અહિંસા અને સત્યવચન પ્રાણીમાત્રને માટે પરમ હિતકારી છે. અહિંસા પરમધર્મ છે અને તે સત્યમાં સ્થિત રહે છે. સર્વ પ્રવૃત્તિઓ સત્યમાં સ્થિત કરીને જ રહે છે. સત્ય જ શ્રેષ્ઠ છે.

તૃપ્ત થયેલો માણસ જેમ સુખે સૂવે છે, અથવા પવનવિહોણા સ્થાનમાં કુશળ રીતે સળગાવેલો દીવો જેમ એકસરખો જલે છે, તેમ નિર્મળ થયેલા ચિત્તવાળો માણસ વૃત્તિક્ષોભને પામતો નથી પણ શાંત રહે છે; એ ચિત્તશુદ્ધિનું લક્ષણ છે.

વિશુદ્ધચિત્ત પુરુષે પહેલી તથા પાછલી રાતે મનને સદૈવ પરમાત્મામાં જોડવું, અલ્પ આહાર રાખવો, અને પોતાના અંતરમાં આત્માના દર્શન કરવાં. તે જેમ ઝગમગ બળતા દીવાથી બીજી વસ્તુઓને જુએ છે, તેમ મનરૂપી દીપકથી આત્માને જુએ છે. આમ નિર્ગુણ આત્માનાં દર્શન પામતાં જ તે મુક્તિ પામે છે.

દયા પરમધર્મ છે. ક્ષમા પરમબલ છે. આત્મજ્ઞાન પરમજ્ઞાન છે, અને સત્ય પરમવ્રત છે.

કોઇપણ પ્રાણીની હિંસા કરવી નહીં. સૌ કોઇ સાથે મૈત્રીમય રીતે વર્તવું અને કોઇની સાથે કોઇ રીતે વેર બાંધવું નહીં.

અજિત પરમાત્માને જીતવા ઇચ્છતા મુનિએ નિત્ય તપપરાયણ રહેવું, ઇન્દ્રિયદમન કરવું, અને ભોજ્ય પદાર્થો વિષે અનાસક્તિ રાખવી.

જે મનુષ્ય સુખ અને દુઃખ બંનેને ત્યાગે છે અને અત્યંત અનાસક્તિથી વર્તે છે, તે બ્રહ્મને પામે છે.

વનપર્વના બસો ચૌદમા અને બસો સોળમા અધ્યાયની ધર્મવાણી સંક્ષેપમાં આ પ્રમાણે છે :

માતાપિતા મારાં પરમ દેવરૂપ છે. દેવો પ્રત્યેનું મારું જે કર્તવ્ય છે તે તેમના પ્રત્યે બજાવું છું. જેમ ઇન્દ્ર આદિ તમામ તેત્રીસ દેવો સર્વલોકને માટે પૂજ્ય છે તે રીતે માતાપિતા મારે માટે પૂજ્ય છે. પંડિતો જે અગ્નિઓ, યજ્ઞો અને ચાર વેદો કહે છે તે સર્વ મારે માટે મારાં માતાપિતા છે.

પુત્ર અને પત્ની સાથે હું નિત્ય તેમની સેવા કરું છું. હું જ એમને સ્નાન કરાવું છું. ભોજન કરાવું છું. એમના ચરણને ધોઉં છું. એમને અનુકૂળ હોય એવાં જ વચનો બોલું છું. એમને માઠું લાગે તેવું વચન બોલતો નથી. એમને પ્રિય કાર્ય કરું છું. હું સર્વદા આળસરહિત બનીને એમની સેવા કરું છું.

અભ્યુદયને ઇચ્છનારાઓ માટે પાંચ ગુરુઓ હોય છે. પિતા, માતા, અગ્નિ, આત્મા અને ગુરુ. જે મનુષ્ય એ પાંચ ગુરુઓ સાથે યથાયોગ્ય વર્તન રાખે છે તેણે નિત્ય અગ્નિઓની સેવા કરી છે એમ ગણાય. ગૃહસ્થાશ્રમમાં રહેનારાઓ માટે આ સનાતન ધર્મ છે.

મનુષ્યે મનનું દુઃખ બુદ્ધિથી દૂર કરવું, અને શરીરનું દુઃખ ઓસડથી દૂર કરવું; પણ બાળકની જેમ મૂઢ થઇને બેસી ના રહેવું. અલ્પબુદ્ધિવાળા મનુષ્યો અનિષ્ટનો યોગ થતાં અને ઇષ્ટનો વિયોગ થતાં મનમાં દુઃખ કરે છે. સુખ આદિ સત્વાદિ ગુણોનાં કાર્યોને લીધે સર્વ પ્રાણીઓને સંયોગ અને વિયોગ થાય છે; પરંતુ એ માટે શોક કરવો યોગ્ય નથી.

માણસે ક્યારેય મનમાં ખેદ ના કરવો. કારણકે વિષાદ તો ભારે ઝેરી વિષ છે. ક્રોધી સર્પ જેમ બાળકને મારી નાખે છે તેમ ખેદ અજ્ઞાની મનુષ્યને મારી નાખે છે.

દુઃખમાંથી છૂટવાનો ઉપાય જ શોધવો જોઇએ. ખેદ કરવાને બદલે મનુષ્યે ઉપાય કરવા માટે લાગી જવું જોઇએ. દુઃખથી મુક્ત થઇને સુખી થવું જોઇએ.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૦૫. દ્રૌપદીનું વશીકરણ

મહાભારતના મહામહિમામય મંગલમય મહાગ્રંથમાં જુદાજુદા અનેક વિષયો પર પ્રકાશ પાથરવામાં આવ્યો છે. એ પ્રકાશ તે તે વિષયોના જિજ્ઞાસુઓ અથવા રસિકોને માટે અતિશય ઉપયોગી અને આશીર્વાદરૂપ ઠરે તેમ છે. વનપર્વના બસો તેત્રીસમા તથા બસો ચોત્રીસમા અધ્યાયમાં જે વિષયને આલેખવામાં આવ્યો છે તે વિષય ગૃહજીવનને સફળ તથા સુખશાંતિસંપન્ન બનાવવા માગતી પ્રત્યેક ગૃહિણીને માટે પ્રેરક અને મદદરૂપ છે. જે અપરણિતા હોય અને ભવિષ્યમાં લગ્નજીવનમાં પ્રવેશવાના સ્વપ્ના સેવતી હોય તેમને માટે પણ પરમશિક્ષાપ્રદ છે. એટલા માટે એનો ઉલ્લેખ કરી લઇએ.

પાંડવો વનવાસના વિપરીત વખતને બનતી સ્વસ્થતાપૂર્વક શાંતિથી વિતાવી રહેલા ત્યારે એકવાર દ્રૌપદીને એકાંતમાં મળવા માટે સત્રાજિતની સુપુત્રી, કૃષ્ણની ધર્મપત્ની સત્યભામા આવી પહોંચી.

એ ભગવાન કૃષ્ણ સાથે આવેલી.

એ દ્રૌપદીને મળીને પ્રસન્નતાને અનુભવતાં કહેવા લાગી કે તમે લોકપાલો જેવા અને દૃઢ નિયમપાલનવાળા વીર પાંડવો પર સત્તા ચલાવો છો અને એમને વશમાં રાખો છો, તેના રહસ્યને જાણવાની મને ઇચ્છા થાય છે. તે તમારા પર શા માટે કોપ નથી કરતા ? તે તમારે વશ રહે છે ને તમને જ જોયા કરે છે તેનું કારણ ? એનું કારણ કે રહસ્ય કોઇ વ્રતાચરણ, તપ, મંત્ર, ઔષધિ, વનસ્પતિ, વિદ્યા, જપ અથવા હોમમાં સમાયલું છે ? તમારા સુયશનું અને સૌભાગ્યનું મુખ્ય કારણ કયું છે તે હું જાણવા માગું છું. એથી હું પણ કૃષ્ણને વશ કરી શકીશ.

એટલું કહીને સત્યભામા શાંત રહી એટલે પરમભાગ્યવતી પ્રતિવ્રતા દ્રૌપદીએ સ્વસ્થચિત્તે શાંત સુમધુર સ્વરે જણાવ્યું કે તમે મને જે પ્રશ્ન પૂછયો છે તે ઉત્તમ સ્ત્રીઓના આચાર વિશેનો નથી પરંતુ અધમ સ્ત્રીઓના આચાર વિશેનો છે. મને એમના આચારમાં, એ આચારના રહસ્યમાં, અને એના શુભાશુભ પરિણામમાં કશો રસ નથી. તમે બુદ્ધિશાળી અને કૃષ્ણના પ્રિય પટરાણી છો. પોતાની પત્ની મંત્રોથી, ઔષધિથી, અને એવી બીજી બાહ્ય સાધનસામગ્રીથી પોતાની ઉપર પ્રભુત્વ પ્રસ્થાપવાનો પ્રયત્ન કરી રહી છે એવું જાણ્યા પછી પતિને ચિંતા, શંકા, અવિશ્વાસ અથવા ઉદ્વેગ થાય છે. એવા પુરુષને શાંતિ કેવી રીતે મળે અને સુખ પણ શી રીતે સાંપડી શકે ? પતિ મંત્રાદિ કર્મોથી પત્નીને આધીન થઇ શકે છે એવું હું નથી માનતી. એવાં કર્મોના પરિણામે કેટલીક વાર પતિને મહાભયંકર અથવા અસાધ્ય રોગો પણ થતા હોય છે. કેટલીક વાર તેજોદ્વેષી પ્રતિસ્પર્ધી શત્રુઓ ઔષધિઓ દ્વારા વિષપ્રદાન કરતા હોય છે. જીભથી ત્વચાથી સેવવાની વસ્તુઓમાં કોઇ વાર શત્રુઓ ચૂર્ણોને મેળવી દે છે. તે ચૂર્ણો ચોક્કસ રીતે અને સત્વર જીવ લઇ લે છે. એવી રીતે પતિને વશ કરવાના પ્રયત્નો કરવા જતાં સ્ત્રીઓ એમને જલોદર રોગવાળા, શ્વેત કેશવાળા, નપુંસક, મૂર્ખ અને બધિર બનાવી દે છે. એ અધમ સ્ત્રીઓ તે પછી અન્ય પુરુષોનો સંગ કરીને અધમ કર્મોને કરતી રહે છે, અને પોતાના પતિને પડતા મૂકે છે. મારાથી એવી અધમ સ્ત્રીઓના અનર્થકારક અશુભ આચારનું અનુરકણ કદાપિ ના કરી શકાય. એવું અનુકરણ કરવાની કલ્પના પણ ના કરી શકાય. સ્ત્રીએ સદા પોતાના પતિનું હિત સાધન કરવાનો જ આગ્રહ રાખવો જોઇએ.

દ્રૌપદી થોડાક સમય સુધી શાંત રહીને સત્યભામાને સંબોધીને એ જ વિષયના અનુસંધાનમાં આગળ કહેવા લાગી કે હું સદૈવ કામ ક્રોધ અને અહંકારને છોડીને પાંડવો અને તેમની પત્નીઓની એકાગ્રતાપૂર્વક સેવા કરું છું. ઇર્ષ્યાને દૂર રાખું છું. મનને સ્થિર રાખું છું. નિરભિમાનતા રાખું છું. પતિના ચિત્તની રક્ષા કરું છું અને તેમની સેવા કરું છું. મારા બોલવામાં, ઊભા રહેવામાં, જોવામાં, બેસવામાં, ચાલવામાં, અણસારમાં અથવા મારી ચેષ્ટામાં કોઇ અમંગલ ના આવે એની સદૈવ ચીવટ રાખું છું. અગ્નિ, સૂર્ય તથા ચંદ્ર સમાન, દૃષ્ટિ માત્રથી શત્રુઓનો નાશ કરી નાખનાર, મહા વીર્યવાન અને ઉગ્ર પ્રતાપધારી મહારથી પૃથાનંદનોની સેવા કરું છું. દેવ હો, મનુષ્ય હો, ગંધર્વ હો, યુવાન હો, સુંદર આભૂષણોવાળો હો, ધનવાન હો અને કામણગારો હો, પણ પતિ સિવાય કોઇ અન્ય પુરુષ મારા મનમાં નથી હોતો. પતિના જમ્યા પહેલાં હું જમતી નથી. તેમના વિલેપન કર્યા વિના હું વિલેપસ્નાન કરતી નથી, અને તેમના બેઠા પહેલાં બેસતી નથી. સર્વ સેવકાદિઓને જમાડયા પછી જ જમું છું. અને ત્યાર પછી જ શયન કરું છું. પતિ ખેતરથી, વનથી કે ગામથી ઘેર આવે છે, ત્યારે હું ઊભી થઇને તેમને આસન અને જળ આપીને તેમનું અભિવાદન કરું છું. વાસણકૂસણને ચકચકતાં રાખું છું. સમયસર ભોજન કરાવું છું. મનને નિયમમાં રાખું છું. ધાન્યની સાચવણી કરું છું, અને ઘરને વાળી ઝૂડીને સાફ રાખું છું.

હું તિરસ્કારભર્યું બોલતી નથી, તેમ દુષ્ટ સ્ત્રીઓનો સંગ કરતી નથી. સદૈવ આળસરહિત રહીને પતિને અનુકૂળ જ વર્તું છું. વિનોદના પ્રસંગ સિવાય હસતી નથી, વારે વારે બારણે આવીને ઊભી રહેતી નથી, અને ઘરના વાડાના ભાગમાં પણ લાંબા વખત સુધી રહેતી નથી. અતિહાસ્યને અને અતિરોષને છોડી દઉં છું. ક્રોધ થવાનું કારણ આપતી નથી. સદૈવ પતિસેવામાં પરાયણ રહું છું.

પતિનો વિયોગ મને રુચતો નથી. કુટુંબના કોઇ કાર્ય માટે પતિ પ્રવાસે જાય છે ત્યારે હું ફૂલમાળાઓને તથા અંગરાગોને અળગા રાખું છું, અને વ્રતચારિણી રહું છું. ત્યારે સ્વામી જેનું પાન કરતા નથી, સ્વામી જેનું સેવન કરતા નથી, અને સ્વામી જેનું ભોજન કરતા નથી, તે સર્વે સામગ્રીને હું છોડી દઉં છું. ત્યારે હું પતિના ઉપદેશ પ્રમાણે નિયમપૂર્વક વર્તું છું. સુંદર અલંકારો સજીને તથા અત્યંત સાવધાન રહીને પતિના પ્રિયહિતમાં પરાયણ રહું છું. વળી ભિક્ષા, બલિ, શ્રાદ્ધ અને પૂજ્યજનોને માનસત્કાર એ જે કુટુંબવિષયક ધર્મોને મારા સાસુએ મને પૂર્વે કહ્યા છે. તેમજ જે બીજાને હું જાણું છું, તે સર્વને જરા પણ આળસ કર્યા વિના રાતદિવસ અનુસરું છું. નિયમોને વિનયપૂર્વક ધારણ કરું છું.

સ્ત્રીને માટે પતિ દેવ છે, પતિ ગતિ છે, એના સિવાય બીજી કોઇ ગતિ જ નથી. ખાવાપીવાની કે બીજી કોઇ પણ બાબતમાં હું પતિની ઇચ્છાને ઓળંગતી નથી, તેમ ક્યારે પણ સાસુની નિંદા કરતી નથી. સદા નિયમવતી રહીને વર્તું છું. સાવધાની, નિત્ય કર્તવ્યશીલતા અને ગુરુજનોની સેવાને લીધે જ સ્વામી મારે વશ રહે છે. વીરજનની અને સત્યવાદિની મારાં સાસુ કુન્તીની હું પોતે જ સેવા કરું છું. હું જાતે જ તેમને ખાનપાન આપું છું અને વસ્ત્રોની વ્યવસ્થા કરું છું. વસ્ત્ર, ભૂષણ અને ભોજનની બાબતમાં હું એમની ક્યારે પણ ઉપરવટ જતી નથી. પૃથ્વી જેવાં એ પૃથાની હું ક્યારે પણ નિંદા કરતી નથી.

પૂર્વે યુધિષ્ઠિરભવને નિત્ય આઠ હજાર બ્રાહ્મણો સોનાના થાળમાં ભોજન કરતા હતા ત્યારે યુધિષ્ઠિર અઠયાસી હજાર સ્નાતક ગૃહસ્થીઓનું ભરણ પોષણ કરતા. ત્રીસ ત્રીસ દાસીઓ એ પ્રત્યેક બ્રાહ્મણની સેવામાં

રહેતી વળી બીજા દસ હજાર ઊર્ધ્વરેતા યતિઓને સારી રીતે રાંધેલું અન્ન સોનાના થાળમાં ભરીને પીરસવામાં આવતું. તે સર્વ વેદવાદી બ્રાહ્મણોને હું વૈશ્વદેવ થયા પછીનું પ્રથમ અન્ન આપતી હતી. તેમજ વસ્ત્ર, ભોજન અને ખાનપાન આપીને તેમને યથાયોગ્ય સન્માનતી હતી. યુધિષ્ઠિરને ત્યાં ત્યારે એક લાખ દાસીઓ હતી. તે ચૂડીઓ તથા બાજુબંધો તથા સોનાની કંઠીઓ પહેરતી. સુંદર શણગારો સજતી, મહામૂલ્યવાન માળાઓ ધારણ કરતી. અતિમૂલ્યવાન ઘરેણાંઓ પહેરતી. વર્ણમાં સુંદર હતી. શરીરે ચંદનના લેપ કરતી. મણિઓ તથા સુવર્ણને ઝગઝગાવતી અને નૃત્ય તથા ગીતમાં નિપુણ હતી હું તે સૌનાં નામ, રૂપ, ભોજન, વસ્ત્રો અને કર્યા ન કર્યા કામ વિશે માહિતી રાખતી. બીજી એક લાખ દાસીઓ હાથમાં થાળ રાખીને રાત દિવસ અતિથિઓને જમાડતી હતી. યુધિષ્ઠિરરાજ ઇન્દ્રપ્રસ્થમાં રહેતા હતા ત્યારે એક લાખ ઘોડાઓ અને એક લાખ હાથીઓ તેમની પાછળ ચાલતા. મહારાજ યુધિષ્ઠિર જ્યારે પૃથ્વીનું પાલન કરી રહ્યા હતા ત્યારે આ બધું હતું. હું એ સૌની ગણતરી રાખતી, તેમને કામકાજ બતાવતી, અને તેમની ફરિયાદો સાંભળતી. રાણીવાસના સર્વ માણસોનાં, બહારના સર્વ સેવકોનાં, ગોવાળિયાઓનાં, તેમજ ભરવાડોનાં કર્યા ન કર્યા કામોની પૂરી સંભાળ રાખતી. યુધિષ્ઠિર અને પાંડવોના ઐશ્વર્યને તેમજ તેમની આવક જાવકને હું એકલી જ જાણતી હતી. એ ભરતશ્રેષ્ઠોએ કુટુંબનો સર્વભાર મને સોંપ્યો હતો, અને અસ્ત્રશસ્ત્રની વિદ્યામાં પ્રીતિવાળા એ સૌ એનો અભ્યાસ કર્યા કરતા. આમ દુરાત્માઓથી કેમે કરીને ના ઉપાડી શકાય એવો ભાર મારા ઉપર મુકાયો હતો અને હું સર્વ સુખોનો ત્યાગ કરીને તે ભારને રાતદિવસ વહ્યા કરતી. સદા ભરપૂર સાગર સમા અને કોઇથી લૂંટી ના શકાય એવા ખજાનાને હું જ સંભાળતી. દિવસ હોય કે રાત હોય, હું એ કુરુવંશીઓને સર્વ પ્રકારે સહાય કરું છું. તેમની સેવામાં મને રાતદિવસ સરખાં લાગે છે.

હું નિત્ય પ્રાતઃકાલે સૌથી વહેલી ઊઠું છું. અને સૌથી છેલ્લી સૂઇ જઉં છું. આ જ મારું વશીકરણ છે. સ્વામીને વશ કરનારા આ જ મહાન વશીકરણને હું કરી જાણું છું. હું દુરાચારી સ્ત્રીઓના આચાર કરતી નથી, તેમ તે આચારની ઇચ્છા પણ રાખતી નથી.

°

દ્રૌપદીએ એ પ્રમાણે ધર્મયુક્ત વચનો કહ્યાં ત્યારે સત્યભામાએ એ ધર્મચારિણીને સત્કારીને કહ્યું કે હું તમારે પગે પડું છું. તમે મને ક્ષમા આપો. કેમ કે સખીઓ તો પરસ્પર જાણી જોઇને મશ્કરીમાં આવું કેટલુંક કહી નાંખે છે.

દ્રૌપદીએ જણાવ્યું કે સ્વામીના ચિત્તને આકર્ષવા માટે હું તેમને જે માર્ગ કહું છું તે માર્ગને અનુસરશો તો તમે તમારા પતિને બીજી કામિનીઓથી છોડાવી શકશો. દેવોમાં અને બીજા સર્વ લોકોમાં સ્ત્રીઓને માટે પતિના જેવું એકે દૈવત નથી. પતિ પ્રસન્ન થાય છે, તો સર્વ મનોરથો ફળે છે. તે કોપવશ થાય છે તો સર્વનાશ આવે છે. પતિના પ્રસન્ન થવાથી સ્ત્રીઓને સંતાન, વિવિધ ભોગો, શય્યાઓ, આસનો, ઉત્તમ દર્શનો, વસ્ત્રો, માળાઓ, સુગંધો, સ્વર્ગલોક અને પુષ્કળ કીર્તિ મળે છે. આ સંસારમાં સુખ કાંઇ સુખપૂર્વક મળતું નથી. સાધ્વી સ્ત્રી દુઃખ ભોગવીને જ સુખના પ્રસાદને પામે છે. તો તમે નિત્ય હૃદય, પ્રેમ અને સેવાપૂર્વક કૃષ્ણનું આરાધન કરો. તેમને ઉત્તમ આસનો આપો. મનોહર ફૂલમાળાઓ પહેરાવો. સરળ સૌજન્યથી પ્રસન્ન કરો. આથી કૃષ્ણ તમને જ વળગી રહેશે.

બારણે આવેલા પતિનો રવ સરખો સંભળાય તો તમારે ઊઠીને ઘરની વચ્ચે ઊભા રહેવું. પતિ ઘરમાં પ્રવેશેલા જણાય એટલે તમારે તેમને આસન અને પગ ધોવાનું જળ આપીને તેમની સેવા કરવી. જો દાસીને કોઇ કામે મોકલી હોય તો તમારે પોતે જ ઊઠીને સઘળાં કામ કરી લેવાં. તમારા પતિ તમારી સમક્ષ કાંઇ પણ વાત કરે અને તે ગુપ્ત ના હોય તો પણ તમારે તેને પેટમાં જ રાખી મૂકવી. જેઓ તમારા પતિના પ્રિય હોય, ભક્ત હોય અને હિતકારી હોય, તેમને તમે વિવિધ ઉપાયોથી ભોજન કરાવજો. પણ જેઓ તમારા પતિના દ્વેષી હોય, ઉપેક્ષાપાત્ર હોય, અહિતકારી હોય, અને જેઓ કપટ કરવાને તૈયાર રહેતા હોય, તે સૌથી દૂર રહેજો. બીજા પુરુષો સાથે તમારે મદ તથા પ્રમાદને છોડીને મનને સંયમમાં રાખીને મૌન ધારણ કરીને વર્તન રાખવું. પ્રદ્યુમ્ન અને સાંબ તમારા પુત્રો છે તો પણ તમારે ક્યારે પણ એમની સાથે એકાંતમાં ના બેસવું. મોટા કુળવાળી, પાપરહિત અને સતી સ્ત્રીઓ સાથે જ સખાપણું રાખવું. ક્રુર, ઉદ્ધત, ચોર, દુષ્ટ અને કુમાર્ગગામિની સ્ત્રીઓનો સંગ જ ના રાખવો.

આ માર્ગ યશ દેનારો, સૌભાગ્ય વધારનારો, સ્વાર્થ સાધનારો અને શત્રુને સંહારનારો છે. તમે મહામૂલ્યવાન માળાઓ, મહામોઘા અલંકારો, ઉત્તમોત્તમ અંગરાગો અને સુંદરતમ સુગંધોને ધારણ કરીને પતિની આરાધના કરો.

દ્રૌપદીનો સત્યભામા સાથેનો એ વ્યક્તિગત વાર્તાલાપ સૂચવે છે કે પવિત્ર પ્રેમ, કર્તવ્યનિષ્ઠા, સેવાભાવના અને વિમળ વ્યવહાર, સ્ત્રીમાત્રને માટે મહામૂલ્યવાન વશીકરણનું કામ કરે છે. સ્ત્રીને માટે જ શું કામ, પુરુષને માટે પણ એ જ વશીકરણનું અકસીર અમોલ સાધન બને છે. આદર્શ આચરણમાં અનંત શક્તિ સમાયલી છે. એટલા માટે આચારને ઉદાત્ત બનાવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

દ્રૌપદીનો વાર્તાલાપ સત્યભામાને માટે પ્રેરક થઇ પડયો.

સત્યભામાએ કૃષ્ણની સાથે રથમાં બેસવા માટે વિદાય લીધી ત્યારે દ્રૌપદીની પ્રશંસા કરીને હિંમતનાં, આશાનાં અને આશ્વાસનના વચનો કહ્યાં.

એણે દ્રૌપદીની પરમાદરપૂર્વક પ્રદક્ષિણા કરી.

યદુશ્રેષ્ઠ કૃષ્ણે પણ એને આશ્વાસન આપ્યું અને પાંડવોને પ્રેમપૂર્વક પાછા વાળ્યા.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૦૯. દ્રૌપદીને કૃષ્ણની સહાયતા

પાંડવો વનમાં દ્રૌપદી સાથે વસીને પોતાના સમયને નગરમાં સુખોપભોગની સામગ્રી વચ્ચે વસતા હોય તેમ, અસાધારણ સુખ શાંતિપૂર્વક પસાર કરી રહેલા.

એમની એવી માહિતી મોળવીને દુર્યોધનની પીડાનો પાર ના રહ્યો.

એને એમને માટે પહેલેથી જ વેરવૃત્તિ હતી તે વેરવૃત્તિમાં વધારો થયો.

કર્ણ, શકુનિ તથા દુઃશાસન સાથે મળીને એ એમની વિપત્તિને વધારવાના વિવિધ વિચારો કરવા લાગ્યો.

એ સમય દરમિયાન એકવાર પરમ તપસ્વીશ્રેષ્ઠ મહામુનિ દુર્વાસા પોતાના દસ હજાર શિષ્યો સાથે એની પાસે આવી પહોંચ્યા.

તે પરમ તપસ્વીશ્રેષ્ઠ મુનિને આવેલા જોઇને દુર્યોધને પોતાના ભાઇઓની સાથે રહીને નમ્રતાથી અને મનને વશ રાખીને તેમને આતિથ્યસત્કાર સ્વીકારવા આમંત્રણ આપ્યું.

તેમણે તેમનું વિધિપૂર્વક પૂજન કર્યું.

તે પોતે જ સેવકની જેમ તેમની સેવામાં રહ્યો.

મુનિશ્રેષ્ઠ દુર્વાસા ત્યાં કેટલાક દિવસ રહ્યા.

દુર્વાસા શાપ આપશે એવી ભીતિથી રાજા દુર્યોધન દિવસ અને રાત ખડે પગે રહીને તેમની સેવા કરતો રહ્યો.

હે નૃપતિ ! હું ભૂખ્યો છું. મને જલ્દી અન્ન આપ. એમ કહીને દુર્વાસા સ્નાન માટે ચાલ્યા જતા અને મોડેથી પાછા વળતા. વળી આજે હું જમીશ નહીં, મને ભૂખ નથી, એમ કહીને પાછા અદૃશ્ય થઇ જતા. પરંતુ પાછા અકસ્માત્ આવીને કહેતા કે તું અમને વહેલી તકે ભોજન કરાવ.

ક્યારેક દુર્યોધનના ધૈર્યની પરીક્ષા કરવા માટે તે મુનિવર મધ્યરાત્રિએ ઊઠીને પહેલાંની પેઠે ભોજન તૈયાર કરાવતા, પણ તેની નિંદા કરીને જમતા નહીં.

પોતે એવી રીતે વર્તે તો પણ રાજા દુર્યોધનના મનમાં કશી વિકૃતિ આવતી નથી, તેમ તેને ક્રોધ થતો નથી, એ જોઇને દુર્વાસા મુનિ પ્રસન્ન થયા.

તેમણે દુર્યોધનને વરદાન માગવા કહ્યું.

મહર્ષિ દુર્વાસાનાં વચનોને સાંભળીને દુર્યોધન પોતે નવો જન્મ પામ્યો હોય તેમ માનવા લાગ્યો. મુનિ પ્રસન્ન થાય તો તેમની પાસેથી શું માગવું તે વિષે એણે કર્ણ અને દુઃશાસન વિગેરે સાથે પહેલેથી જ મંત્રણા કરીને નિશ્ચય કરી લીધો હતો. આથી અત્યંત હર્ષમાં આવી જઇને તેણે વરદાન માંગ્યું કે હે બ્રહ્મન્ ! અમારા કુળમાં યુધિષ્ઠિર મહારાજ જયેષ્ઠ અને શ્રેષ્ઠ છે. તમે જેમ મારા અતિથિ થયા છો તેમ શિષ્યો સાથે તેમના પણ અતિથિ થાવ. તે ધર્માત્મા ગુણવાન અને શીલવાન છે, તે પોતાના ભાઇઓ સાથે વનમાં વસે છે. તમને મારા ઉપર કૃપાદૃષ્ટિ હોય તો તમે ત્યાં એવે વખતે જજો જ્યારે તે યશસ્વિની, સુકુમારી અને ઉત્તમ વર્ણવાળી રાજપુત્રી દ્રૌપદી, સર્વ બ્રાહ્મણોને તથા પોતાના પતિને ભોજન કરાવીને તેમજ પોતે ભોજન કરીને

સુખપૂર્વક વિશ્રાંતિ લેતી બેઠી હોય. એ સાંભળીને દુર્વાસા મુનિએ દુર્યોધનને કહ્યું કે તારી પ્રસન્નતા માટે હું એ પણ કરીશ.

એ પછી ઋષિ દુર્વાસા જેમ આવ્યા હતા તેમ ચાલ્યા ગયા.

તે વખતે દુર્યોધન પોતાને કૃતાર્થ થયેલો માનવા લાગ્યો.

એ પ્રસંગને કેટલોક કાળ વીતી ગયા પછી એકવાર મહર્ષિ દુર્વાસા કોઇને પણ પ્રથમથી જાણ કર્યા સિવાય પોતાના દસ હજાર શિષ્યો સાથે વનમાં પાંડવો પાસે પહોંચી ગયા.

એ વખતે પાંડવો દ્રૌપદી સાથે ભોજનવિધિથી નિવૃત થઇને બેઠેલા.

યુધિષ્ઠિરે એ મહામુનિને સામેથી આવતા જોઇને એમનું સમુચિત સ્વાગત કર્યું.

એમને આસન પર બેસાડીને વિધિપૂર્વક પૂજીને આતિથ્યને સ્વીકારવા આગ્રહ કર્યો એટલે એમણે એ આગ્રહપૂર્ણ આમંત્રણનો સ્વીકાર કર્યો.

એ એમના શિષ્યો સાથે ક્ષુધાર્ત હોવાથી બોલ્યા કે અમે સ્નાનાદિથી પરવારીને આવીએ એટલે અમને ભોજન કરાવજો.

યુધિષ્ઠિર એમના પ્રસ્તાવ સાથે સંમત થયા.

દુર્વાસા મુનિ પોતાના શિષ્યો સાથે સ્નાન કરવા ગયા. એમને વિચાર પણ ના આવ્યો કે પાંડવો આમ અકાળે આટલા બધા શિષ્યો સાથે પોતાનું આતિથ્ય કેવી રીતે કરી શકશે !

એ પોતાના શિષ્યો સાથે સરિતામાં સ્નાન કરી રહેલા ત્યારે એમના આતિથ્યની વાતને વિચારીને દ્રૌપદી ચિંતામાં પડી. એને થયું કે એ સૌનું આતિથ્ય સંતોષકારક કેવી રીતે કરી શકાશે ? અક્ષયપાત્રનો ઉપયોગ તો એકવાર થઇ ચૂકેલો.

એણે કૃષ્ણ ભગવાનનું અતિ ઉત્કટતાથી સ્નેહસહિત સ્મરણ કર્યું.

જીવનમાં જુદાં જુદાં સંકટ સમયે એમનું જ સ્મરણ-મનન-સ્તવન કામ લાગેલું.

એ દ્વારા એમની દેવદુર્લભ મહામૂલ્યવાન મદદ મળેલી.

એણે ભક્તપ્રાણ શરણાગતવત્સલ શ્રીકૃષ્ણનું ધ્યાન ધરતાં કહેવા માંડયું : હે બાહુ કૃષ્ણ ! હે દેવકીનંદન ! હે અવિનાશી ! હે વાસુદેવ ! હે જગન્નાથ ! હે વિનમ્રના દુઃખનાશન ! હે વિશ્વાત્મા ! હે વિશ્વજનક ! હે વિશ્વહર્તા ! હે પ્રભુ ! હે અવ્યય ! હે શરણાગત પાલક ! હે ગોપાલ ! હે પ્રજાપાલક ! હે પરાત્પર ! હું તમને નમન કરું છું. હે શ્રેષ્ઠાતિશ્રેષ્ઠ ! હે વરદાતા ! હે અનંત ! તમે અશરણના શરણ થાવ. હે પુરાણપુરુષ ! હે પ્રાણ અને મનોવૃત્તિના અવિષય ! હે સર્વાધ્યક્ષ ! હે પરમાધ્યક્ષ ! હું તમારે શરણે આવી છું. હે શરણાગત વત્સલ ! હે દેવ ! કૃપા કરીને મારું રક્ષણ કરો. હે નીલકમલના દલ જેવા શ્યામ ! હે પદ્મગર્ભના જેવા રાતાં લોચનવાળા ! હે પીતાંબરધારી ! હે ઝળહળતા કૌસ્તુભ ભૂષણ ધરનારા ! તમે પ્રાણીમાત્રના આદિ છો, અંત છો, અને તમે જ તેમના એકમાત્ર આધાર છો. તમે ઉત્તમોત્તમ જ્યોતિસ્વરૂપ છો, વિશ્વના આત્મા છો, અને સર્વતો મુખ છો. મહર્ષિઓ તમને જ પરમ બીજરૂપ કહે છે. તમે જ સર્વ સંપત્તિઓના ધામ છો. હે દેવેશ ! તમે જેના નાથ છો તેને કશી આપત્તિનો ભય જ નથી. પૂર્વે તમે મને સભામાં દુઃશાસનથી છોડાવી હતી તેમ આ સંકટમાંથી અત્યારે મારો ઉદ્ધાર કરજો.

દ્રૌપદીએ ભક્તવત્સલ શ્રીકૃષ્ણની એ પ્રમાણે સ્તુતિ કરી એટલે તે દેવાધિદેવ જગન્નાથ દ્રૌપદીનું સંકટ જાણી ગયા. સમીપે સૂતેલી રુકમણિને શયનમાં જ છોડીને એ અચિંત્ય ગતિવાળા સમર્થ નાથ શ્રી કેશવ ત્વરાથી આવ્યા. વાસુદેવને જોતાં જ દ્રૌપદીએ તેમને પરમ પ્રસન્નતાથી પ્રણામ કર્યા અને તેમને દુર્વાસા મુનિના આગમન સંબંધી સર્વ વાત કહી. એટલે શ્રીકૃષ્ણે તેને કહ્યું કે હે કૃષ્ણા ! મને કકડીને ભૂખ લાગી છે. તું મને સત્વર ભોજન કરાવ. બીજું બધું એ પછી કરજે.

એ વચનોને સાંભળીને દ્રૌપદી શરમાઇ ગઇ અને બોલી કે દેવ ! સૂર્યનારાયણે જે પાત્ર આપ્યું છે તેમાં મારા જમવા સુધી અન્ન રહે છે. મેં જમી લીધું છે એટલે હવે તેમાં અન્ન જ નથી.

આ સાંભળી કમલનયન શ્રીકૃષ્ણ ભગવાને દ્રૌપદીને કહ્યું કે કૃષ્ણા ! આ વિનોદનો વખત નથી. મને ભૂખ લાગી છે. જા, અક્ષયપાત્ર લઇ આવ.

આમ એ યદુકુલતિલકે આગ્રહ કરીને અક્ષયપાત્ર મંગાવ્યું. અક્ષયપાત્રની એક ધાર ઉપર ભાજીનું એક પાંદડું ચોટેલું. તે જોઇને કેશવે તેને પોતાના મોંમા મૂકીને કહ્યું કે વિશ્વના આત્મા શ્રી હરિ ઇશ્વર આથી પ્રસન્ન થાવ. યજ્ઞના ભોક્તાદેવ સંતુષ્ટ થાવ. પછી કલેશવિનાશન કૃષ્ણે સહદેવને કહ્યું કે તું મુનિઓને જમવા માટે બોલાવી લાવ.

સરિતામાં સ્નાન માટે ગયેલા દુર્વાસા આદિ સર્વ મુનિઓને જમવા માટે બોલાવવાને સહદેવ ગયો, ત્યારે મુનિઓ જળમાં ઊતરીને અઘમર્ષણ કરી રહેલા. તેમને પરમ તૃપ્તિપૂર્વક જમ્યાના ઓડકારો આવવા લાગ્યા.

એ સર્વ મુનિઓ દુર્વાસા સામે જોઇને બોલ્યા કે આપણે યુધિષ્ઠિરરાજને ભોજન તૈયાર કરાવવાનું કહીને સ્નાન કરવાને આવ્યા છીએ. પણ ગળા સુધી ધરાઇ ગયા છીએ તો હવે ત્યાં શું ખાઇ શકીશું ?

દુર્વાસા બોલ્યા કે યુધિષ્ઠિરની રસોઇ રઝળાવીને આપણે મહાન અપરાધ કર્યો છે. આપણને જોતાં જ પાંડવોની આંખમાં કોપ સળગી ઊઠે નહિ અને તેઓ આપણને બાળી નાખે નહીં તો સારું. અંબરીષના પ્રભાવને સંભારીને હું હરિચરણના આશ્રયી ભક્તજનોથી ડરું છું. વળી સર્વ પાંડવો મહાત્મા, ધર્મપરાયણ, શૂર, વિદ્યાનિપુણ, વ્રતનિષ્ઠ, તપોમય, સદાચારમય અને નિત્ય વાસુદેવપરાયણ છે. તેઓ ક્રોધ કરે તો અગ્નિ જેમ રૂના ઢગલાને બાળી નાખે છે તેમ આપણને બાળી નાંખે. આથી પાંડવોને કહ્યા વિના જ અહીંથી વિદાય થઇએ.

દુર્વાસા મુનિએ એ પ્રમાણે કહ્યું એટલે પાંડવોથી અત્યંત ભયભીત થયેલા તે સઘળા દશે દિશામાં દોટ મૂકીને નાસી ગયા. એ સહદેવના જોવામાં આવ્યા નહીં. ત્યાં રહેલા તપસીઓ પાસેથી તેણે સર્વવૃત્તાંત કહી સંભળાવ્યું. આમ છતાં પાંડવો તેમના પાછા આવવાની રાહ જોતા બેસી રહ્યા.

શ્રીકૃષ્ણે ત્યાં પ્રગટ થઇને જણાવ્યું કે પરમક્રોધી દુર્વાસા ઋષિ તરફથી આપત્તિ આવેલી જાણીને દ્રૌપદીએ મારું ચિંતન કર્યું એટલે હું સત્વર આવ્યો છું. તમને હવે જરા જેટલો પણ ભય નથી કેમકે તે તો પ્રથમથી જ વિદાય થયા છે. જેઓ ધર્મપરાયણ છે તેમને કદી પણ આપત્તિ નથી આવતી.

શ્રી કેશવે કહેલાં વચનોને સાંભળીને પાંડવોના મન સ્વસ્થ થયાં. તેઓ દ્રૌપદીસહ સંતાપમુક્ત થયા અને શ્રીકૃષ્ણને કહેવા લાગ્યાં કે ગોવિન્દ ! તમે અમારા નાથ છો. મહાસાગરમાં ડૂબકાં ખાતાં માણસો જેમ

નૌકાનો આશ્રય લઇને તરી જાય છે તેમ અમે તમારા સરખા તારણહારના આશ્રયથી દુસ્તર આપત્તિને પાર કરી ગયા છીએ.

એ પછી શ્રીકૃષ્ણ દ્વારકા નગરીમાં ગયા.

પાંડવો દ્રૌપદી સાથે વનમાં પ્રસન્નતાપૂર્વક વિહાર કરતાં વસવા લાગ્યા.

દુર્યોધને એમને માટે ઊભું કરેલું સંકટ એવી રીતે અનાયાસે ટળી ગયું.

જીવ જ્યારે પણ સંકટમાં સપડાય ત્યારે શિવનું, સર્વાન્તરયામી સર્વેશ્વર પરમાત્માનું, શરણ લે અને એમની સહાયતા માગે તો ? એ શરણ નિષ્ફળ ના જાય, એને એ સર્વાન્તરયામી સર્વેશ્વર શિવની સહાયતા અવશ્ય મળે, અને એનું સંકટ દૂર થાય. શિવની સહાયતા સદાય સાંપડી શકે તેમ છે. જીવે ફક્ત તેને માટેની તૈયારી કરવી જોઇએ. શિવપ્રતિ સાચા ભાવથી અભિમુખ બનવું અને એમની સહાયતા માટે પ્રાર્થવું જોઇએ.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૦૭. જયદ્રથ તથા દ્રૌપદી

પાંડવો પુષ્કળ મૃગોવાળા કામ્યક વનમાં દેવોની જેમ વિહાર કરતા હતા. તેઓ ચોમેર આવેલા જાતજાતના વનવિભાગોને તથા ઋતુકાળ પ્રમાણે થયેલાં સુંદર પુષ્પોથી રળિયામણી લાગતી અનેક વનરાજિઓને જોતા હતા. ઇન્દ્રના જેવા મૃગયાશીલ પાંડવો તે મહાવનમાં વિચરીને વિહાર કરતા હતા.

એકવાર ઉજ્જવલ તપસ્વી મહર્ષિ તૃણાબિન્દુની તથા ધૌમ્ય પુરોહિતની આજ્ઞાથી દ્રૌપદીને આશ્રમમાં મૂકીને શત્રુનું દમન કરનારા પુરુષસિંહ પાંડવો મૃગયા કરવા માટે એકી વખતે ચારે દિશાઓમાં વિદાય થયા.

એ વખતે સિંધુપ્રદેશનો રાજા મહાયશસ્વી વૃધક્ષત્રનો પુત્ર જયદ્રથ વિવાહની ઇચ્છાથી શાલ્વદેશ તરફ જઇ રહ્યો હતો. રાજાને યોગ્ય એવા મોટા રસાલાથી તે વીંટળાયેલો હતો. અનેક રાજાઓ સાથે તે કામ્યક વનમાં આવી પહોંચ્યો. ત્યાં તેણે દ્રૌપદીને નિર્જન વનમાં આશ્રમના આંગણામાં ઊભી રહેલી જોઇ. દેહકાંતિથી ઝગમગતી અને અનુપમ રૂપને ધારણ કરતી તે, વીજળી જેમ નીલમેઘને પ્રકાશમાન કરે તેમ, એ વનભાગને શોભાવી રહી હતી.

આ અપ્સરા હશે, દેવકન્યા હશે કે દેવે નીર્મેલી માયા હશે ? એમ વિચારમાં પડીને એ અનિન્દિતાને સૌ હાથ જોડીને જોવા લાગ્યા. સિંધુપ્રદેશનો તે રાજા, દુરાત્મા વૃધક્ષત્રનો પુત્ર જયદ્રથ, દ્રૌપદીને જોઇને વિસ્મય પામ્યો. કામથી મોહિત થઇને તેણે કોટિકાસ્ય રાજાને કહ્યું કે મને જો આ અતિસુંદર સ્ત્રી મળી જાય તો પછી મારે વિવાહનું કાંઇ જ પ્રયોજન રહે નહીં. હું તો એને લઇને પાછો સ્વસ્થાને ચાલ્યો જઇશ. આ સુંદરી જો મારો સ્વીકાર કરે તો એ શ્રેષ્ઠ સુંદરીને પામીને હું કૃતાર્થ થઉં. તું જા અને જાણી લાવ કે એનો સ્વામી કોણ છે ?

જયદ્રથના શબ્દોને સાંભળીને કુંડલધારી કોટિકાસ્ય રથમાંથી નીચે ઊતરી પડયો.

એણે દ્રૌપદીને અતિશય ઉત્સાહપૂર્વક પોતાનો અને જયદ્રથનો પરિચય પ્રદાન કર્યો.

દ્રૌપદીએ કદંબની ડાળીને છોડી દીધી, અને સ્ત્રીસહજ સંકોચને અનુભવીને પોતાના રેશમી વસ્ત્રને સરખું કરીને પોતાનો પરિચય આપવા માંડયો. એણે એમ પણ જણાવ્યું કે વનના વિવિધ વિભાગોમાં મૃગયા માટે ગયેલા પાંડવો પાછા ફરવાની તૈયારીમાં છે. એટલા માટે વાહનોને છોડીને અહીં ઊતરીને તમે સઘળા વિશ્રાંતિને અનુભવો અને પાંડવોના આદરસત્કારને ગ્રહણ કરો. યુધિષ્ઠિરને અતિથિ પ્રત્યે પ્રેમ હોવાથી, તે તમને પેખીને પ્રસન્નતા અનુભવશે.

દ્રૌપદી પર્ણશાળામાં પ્રવેશી એટલે કોટિકાસ્યે રાજાઓ પાસે પહોંચીને જયદ્રથને સઘળા સમાચાર કહી સંભળાવ્યા.

જયદ્રથનું મન દ્રૌપદીને દેખીને પ્રથમથી જ સંમોહિત થયેલું હોવાથી એણે અન્ય છ મિત્રો સાથે પર્ણશાળામાં પ્રવેશ કર્યો ને દ્રૌપદીને પોતાના રથમાં બેસીને પોતાની સાથે આવવા તથા અસીમ સુખનો અનુભવ કરવા જણાવ્યું. એણે એને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે દીન, લક્ષ્મીહીન, રાજ્યભ્રષ્ટ, બુદ્ધિરહિત, અરણ્યવાસી પાંડવોને વળગી રહેવાનું તારે માટે યોગ્ય નથી. બુદ્ધિશાળીની સ્ત્રી લક્ષ્મી વિનાના સ્વામીને નથી ભજતી. લક્ષ્મીનો નાશ થયા પછી સ્ત્રીએ પતિ સાથે ના રહેવું જોઇએ. પાંડવોની સંપત્તિ નાશ પામી છે અને

એ અનંત વરસો માટે રાજ્યથી ભ્રષ્ટ થયા છે. એમની સંગતિથી તારે કેવળ કલેશ જ ભોગવવાનો છે. માટે તું એમને છોડીને મારી બનીને સુખ ભોગવ. તું મારી સાથે સિંધું તથા સૌવીર દેશો પર સત્તા ચલાવ.

દ્રૌપદીએ એની મેલી મુરાદને સમજીને એને તિરસ્કારી કાઢયો.

એ સતી સ્ત્રી હોવાથી એવી રીતે કોઇના પ્રભાવમાં સહેલાઇથી પડે તેવી ન હતી.

એવી કલ્પના પણ એનાથી નહોતી કરાય તેમ.

પરંતુ એના સંજોગો વિપરીત હતા. અત્યારે એ એકલી અથવા અસહાય હતી.

એણે ધૌમ્ય પુરોહિતને બૂમ પાડી.

જયદ્રથે એના વસ્ત્રને પકડીને એને બળપૂર્વક ખેંચવા માંડી, પરંતુ એણે જયદ્રથને જોરથી ધક્કો માર્યો એટલે જયદ્રથ નીચે પડી ગયો.

જયદ્રથે એને ફરીથી પકડી લીધી.

દ્રૌપદી ધૌમ્યમુનિને પ્રણામ કરીને, કોઇ વિકલ્પ ના દેખાવાથી, નિરુપાયે રથમાં બેઠી.

ધૌમ્યમુનિએ દ્રૌપદીનું હરણ કરવાના કુવિચારને પડતો મૂકવા જયદ્રથને બનતી બધી રીતે સમજાવી જોયો પરંતુ જયદ્રથ ના માન્યો. એણે રથને આગળ ચલાવ્યો.

પાંડવોને અરણ્યમાંથી પાછા ફર્યા પછી દ્રૌપદીના હરણના સમાચાર સાંભળવા મળ્યા ત્યારે એમની પીડાનો પાર ના રહ્યો.

એ વધારે વિલંબ કરવાનો મૂકીને જયદ્રથની પાછળ પડયા.

થોડા વખત પછી એ જયદ્રથના રથની પાસે પહોંચી ગયા.

એમણે જયદ્રથની સેનાને ચારે તરફથી ઘેરી લઇને એના પર બાણોનો વરસાદ વરસાવીને અંધકારમાં ડુબાડી દીધી.

જયદ્રથે પોતાની સાથેના રાજાઓને પાંડવોનો સફળતાપૂર્વક પ્રતિકાર કરવા માટે આહ્વાન કર્યું.

યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ અને સહદેવને જોઇને રણભૂમિમાં સૈન્યોનો અતિ ભયંકર શોર થવા લાગ્યો. વ્યાઘ્રના જેવા એ બલોન્મત્ત પુરુષવ્યાઘ્રોને જોઇને શિબિ, સૌવીર તથા સિંધુદેશના યોદ્ધાઓ ખિન્ન થઇ ગયા.

ભીમ સોનાના ચિત્રવાળી, ઉત્તમ જાતની, લોઢાની બનાવેલી ગદાને પકડીને કાળથી પ્રેરાયેલો સિંધુરાજ જયદ્રથ તરફ ધસ્યો. કોટિકાસ્યે વચ્ચે પડીને વૃકોદરને મોટા રથસમૂહથી ઘેરી લીધો અને તેની સાથે યુદ્ધ કરવા માંડયું. વીરોના હાથથી છૂટેલાં શક્તિ, તોમર અને નારાચ આદિ અનેક અસ્ત્રોથી ભીમ ઘેરાઇ ગયો છતાં જરા પણ કંપ્યો નહિ. ભીમે સિંધુરાજની સેનાના અગ્રભાગે એક હાથીને, હાથી ઉપર સવાર થયેલા યોદ્ધાને, તેમજ ચૌદ પાળાઓને ગદાથી મારી નાંખ્યા. સૌવીરાધિપતિ જયદ્રથને શોધી રહેલા અર્જુને પર્વત પ્રદેશના પચાસ શૂરવીર મહારથીઓને મારી નાખ્યા. યુધિષ્ઠિરરાજે સૂવીરદેશના શ્રેષ્ઠ શસ્ત્રધારીઓને એક પલકવારમાં હણી નાખ્યા. નકુલ પણ હાથમાં તલવાર ધારણ કરીને, એકદમ રથમાંથી ઊતર્યો અને જાણે બીને વાવતો હોય તેમ પાળાઓના મસ્તકને વારંવાર ઉતારી નાખવા લાગ્યો. સહદેવ રથમાં રહીને જ

ગજયોદ્ધાઓની સાથે આગળ વધ્યો અને વૃક્ષો ઉપરથી મોરો પાડતો હોય તેમ નારાચ બાણોથી યોદ્ધાઓને નીચે પાડવા લાગ્યો.

પછી ત્રિગર્ત દેશનો રાજા હાથમાં ધનુષ સાથે રથમાંથી ઊતયો. તેણે પોતાની ગદા વડે યુધિષ્ઠિર રાજાના ચાર ઘોડાઓને મારી નાખ્યા. પગપાળા પાસે આવી રહેલા એ રાજાની છાતીને ધર્મરાજ યુધિષ્ઠિરે અર્ધચંદ્ર બાણ મૂકીને વીંધી નાંખી. હૃદય ભેદાઇ જવાથી તે વીર મોંમાથી લોહીની ઊલટી કરવા લાગ્યો. અને છિન્નમૂલ થયેલા વૃક્ષની જેમ પૃથાનંદન યુધિષ્ઠિરના મોં આગળ ઢળી પડ્યો.

બીજી તરફ ક્ષેમંકર અને મહામુખ, નકુલને તાકીને તીવ્ર બાણવર્ષાને વરસાવવા લાગ્યા. વર્ષાઋતુના મેઘની જેમ તોમરની વૃષ્ટિ કરી રહેલા એ બન્નેને માદ્રીના પુત્ર નકુલે એક વિપાઠ બાણ મૂકીને મારી નાખ્યા. તે સમયે હાથીની સવારીમાં નિષ્ણાત ત્રિગર્તદેશનો રાજા સુરથ નકુલના રથની પાસે પહોંચ્યો અને પોતાના હાથીની પાસે તે રથને દૂર ફેંકાવી દીધો. નિર્ભય નકુલ ઢાલ અને તલવારને હાથમાં લઇને રથમાંથી ઊતર્યો અને ઊંચે સ્થાને જઇને પહાડની જેમ અડોલ ઊભો રહ્યો પછી સુરથે અતિ લાંબી સૂંઢવાળા અને ક્રોધમાં આવેલા પોતાના શ્રેષ્ઠ હાથીને નકુલને મારવા માટે તેના તરફ દોડાવ્યો. પણ એ હાથી તેની પાસે આવ્યો કે તરત જ નકુલે તેની સૂંઢને તલવારથી મૂળમાંથી કાપી નાંખી. આથી ઘંટાઓથી વિભૂષિત થયેલો તે ગજ મોટી ચિચિયારી પાડીને ઊંધે માથે જમીન ઉપર ઢળી પડયો. તેણે સાથે મહાવતને પણ પટકી નાખ્યો. એ મહાન કર્મ કરીને શૂરવીર નકુલ ભીમસેનના રથમાં જઇને સ્વસ્થ થયો.

બીજી બાજુ યુદ્ધમાં આવતા કોટિકાસ્ય રાજાના અશ્વોને હાંકી રહેલા સારથિઓનું માથું ભીમે ક્ષુરબાણ મૂકીને ઉડાવી દીધું. મહાબાહુ ભીમે પોતાના સારથિને મારી નાખ્યો છે તે કોટિકાસ્ય રાજા કળી શક્યો નહીં. સારથિ હણાતાં તેના ઘોડાઓ રણાંગણમાં આમતેમ નાસભાગ કરવા લાગ્યા. સારથિ હણાવાથી વિમુખ થયેલા કોટિકાસ્ય પાસે જઇને પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ પાંડુપુત્ર ભીમે તેને મૂઠવાળા પ્રાસથી પૂરો કરી દીધો.

ધનંજયે પણ તીક્ષ્ણ ભલ્લબાણોને છોડીને સૌવીર દેશના બારે રાજપુત્રોનાં ધનુષ્ય તથા માથાં કાપી નાખ્યા. વળી એ અતિરથિએ શિબિ, ઇક્ષ્વાકુ, ત્રિગર્ત અને સિંધુ દેશના મુખ્ય યોદ્ધાઓને પણ બાણની ઝપટમાં આવતાં રણમાં ઉડાડી મૂક્યા.

પૃથ્વી જાણે માથાં વિનાનાં ધડોથી તેમજ ધડ વિનાનાં માથાંથી ઢંકાઇ ગઇ.

એ વીરપુરુષો માર્યા ગયા ત્યારે સિંધુરાજ જયદ્રથ અત્યંત ગભરાઇ ગયો અને દ્રૌપદીને છોડીને નાસી જવાનો વિચાર કરવા લાગ્યો. એણે દ્રૌપદીને ઉતારી મૂકીને પોતે જે માર્ગે આવ્યો હતો તે માર્ગે, જીવને બચાવવાની ઇચ્છાએ, વન તરફ નાસવા લાગ્યો. ધર્મરાજે દ્રૌપદીને ધૌમ્યની આગળ ચાલતી જોઇ. એટલે માદ્રીપુત્ર વીર સહદેવ પાસે તેને રથમાં બેસાડી પછી જયદ્રથે પીછેહઠ કરી. ત્યારે વૃકોદરે તેના નાસી રહેલા સૈન્યને પોતાનું નામ દઇને નારાચ બાણોથી હણવા માંડયું.

વ્યાકુળ ચિત્તવાળી દ્રૌપદીનો ક્રોધ સળગી ઊઠયો. તે કહેવા લાગી કે તમારે મારું પ્રિય કરવું જ હોય તો નરાધમ, નીચ, દુર્મતિ, કુળકલંક જયદ્રથને મારી જ નાંખવો જોઇએ. જે વેરી સ્ત્રીનું હરણ કરી જાય, તેમજ જે શત્રુ રાજ્યને પડાવી લે, તે કરગરીને હાથ જોડે તો પણ તેને સંગ્રામમાં કદી પણ છુટકારો આપવો ના

જોઇએ. કૃષ્ણાએ આ પ્રમાણે કહ્યું એટલે તે બે નરસિંહો જયદ્રથ તરફ ગયા અને યુધિષ્ઠિર દ્રૌપદીને લઇને પુરોહિત સાથે પાછા વળ્યા.

ભીમસેન અને અર્જુને શત્રુને એક કોશ દૂર નાસી ગયેલો સાંભળીને એની પાછળ પ્રયાણ કર્યું. નરવીર અર્જુને એ કોશ જેટલા દૂર ગયેલા જયદ્રથના ઘોડાઓને હણી નાખ્યા. દિવ્ય અસ્ત્રના જ્ઞાતા અને સંકટ સમયે પણ સંભ્રમરહિત રહેનારા અર્જુને અસ્ત્રોથી મંત્રેલા બાણો વડે એ દુષ્કર કર્મ કર્યું હતું પછી ભીમ અને ધનંજય એ બંને વીરો ઘોડાઓ હણાઇ જવાથી ભયભીત થયેલા, એકલા પડેલા અને વ્યાકુળચિત્ત બનેલા તે જયદ્રથ તરફ દોડ્યા. પોતાના અશ્વોને મરાયેલા જોઇને જયદ્રથ અત્યંત દુઃખ પામ્યો. ધનંજયને પ્રચંડ પરાક્રમભર્યાં કર્મો કરતો જોઇને તે વન તરફ દોડવા લાગ્યો. આમ પલાયન કરવામાં પરાક્રમ બતાવી રહેલા જયદ્રથને જોઇને મહાબાહુ અર્જુને તેની પૂંઠ પકડી.

આયુધને ઉગામીને આવી રહેલા ભીમ અને અર્જુનને જોઇને જયદ્રથ અત્યંત દુઃખાતુર થઇને જીવને બચાવવાની ઇચ્છાથી સાવધાન રહીને ઝડપથી દોડવા લાગ્યો પરંતુ બલવાન ભીમસેને રથમાંથી ઊતરીને દોડી રહેલા જયદ્રથની પાછળ દોટ મૂકી અને તેના કેશપાશને પકડી લીધો. ભીમે એને ભોંય પર પછાડ્યો. અને માથું પકડીને મારવા માંડયો. ફરીવાર હોશ આવતાં તેણે કૂદીને નાસી છૂટવાની ઇચ્છા કરી એટલે મહાબાહુ ભીમે વિલાપ કરતા જયદ્રથના માથા ઉપર પગથી પ્રહાર કર્યો. વળી તેને ઘૂંટણ નીચે દબાવીને મૂઠીથી મારવા માંડ્યો. અત્યંત પ્રહારથી પીડાઇને જયદ્રથ મૂર્છાવશ થઇ ગયો.

પછી વૃકોદરે જયદ્રથને ધૂત્કારીને કહ્યું કે મૂઢ ! તારે જીવતા રહેવાની ઇચ્છા હોય તો સાંભળ. તારે સભાઓમાં અને નાના મંડળોમાં હું પાંડવોનો દાસ છું એમ કહેવું. તને આ માન્ય હોય તો હું તને જીવનદાન આપું.

જયદ્રથે ભીમની શરતને કબૂલ કરી.

પૃથાપુત્ર વૃકોદરે ધૂળમાં રગદોળાયેલા, તરફડિયાં મારતા, બેભાન થયેલા જયદ્રથને બાંધીને રથમાં નાખ્યો. પછી પૃથાનંદન અર્જુનથી અનુસરાયેલો ભીમ તે રથમાં બેસીને આશ્રમે પહોંચ્યો. યુધિષ્ઠિરે એને છોડી મૂકવાની સૂચના કરી અને દ્રૌપદીએ પણ એમાં સૂર પૂરાવ્યો.

જયદ્રથને મુક્ત કરવામાં આવ્યો. એટલે એણે યુધિષ્ઠિર પાસે જઇને તેમને પ્રણામ કર્યા. વળી ત્યાં મુનિઓને બેઠેલા જોઇને તેણે તેમને પણ પ્રણામ કર્યા.

યુધિષ્ઠિરે તેને કહ્યું કે તને દાસપણામાંથી મુક્ત કર્યો છે. ફરી વાર આવું કુકર્મ કરીશ નહીં.

જયદ્રથ ગંગાદ્વારે ચાલ્યો ગયો. ત્યાં તેણે વિરૂપાક્ષ ઉમાપતિને શરણે જઇને પ્રચંડ તપસ્યા કરી. ત્રિલોચન ભગવાન વૃષભધ્વજ તેના ઉપર પ્રસન્ન થયા અને તેના પૂજનનો પ્રીતિપૂર્વક સ્વીકાર કર્યો. મહાદેવે તેને વરદાન આપ્યું.

જયદ્રથે ભગવાન શંકર પાસે માગેલું કે તમે એવી કૃપા કરો કે હું યુદ્ધમાં પાંડવોને સંપૂર્ણપણે જીતી લઉં.

ભગવાને જણાવ્યું કે એવી શક્યતા તો સહેજ પણ નથી. અર્જુન નર નામે સુરેશ્વર છે. એણે બદરીનાથમાં તપ કર્યું છે. નારાયણ સ્વયં એના સહાયક છે. મેં એને અલૌકિક પાશુપાસ્ત્ર અર્પણ કર્યું છે. એ

સમસ્ત લોકમાં અજેય છે. એને દેવો પણ નથી પહોંચી શકે તેમ. તું એના સિવાયના બીજા પાંડવોને રણમાં રોકી શકીશ એટલું વરદાન હું જરૂર આપું છું.

જયદ્રથની એ કથા સૂચવે છે કે માનવના મનના સુધાર સિવાય તેને માટે તીવ્ર તપ કે કોઇ પણ ધર્માનુષ્ઠાન કલ્યાણકારક નથી થતું. મનના શુદ્ધિકરણ સિવાય સંપૂર્ણ શાંતિ નથી સાંપડતી. એ કથા દ્રૌપદીની નિષ્ઠા, પવિત્રતા તથા તેજસ્વીતાનું સર્વોપયોગી આદર્શ ઉદાહરણ પૂરું પાડે છે.

સ્ત્રીની પાસે સઘળું હશે, ધન, ઐશ્વર્ય, સૌન્દર્ય, યૌવન, બળમાધુર્ય સઘળું, પરંતુ શીલ નહિ હોય તો તે સઘળું અધૂરું રહેવાનું અને સાર્થક નહિ ઠરવાનું; શ્રેયસ્કર પણ નહિ બનવાનું.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૦૮. રાવણાદિનું તપ

માનવોની મતિ જુદીજુદી હોય છે તેમ ગતિ પણ વિવિધ હોય છે. વિશાળ વિશ્વના અસંખ્ય માનવોમાં એક જ જાતના માનવો નથી મળતા. સૌની પ્રકૃતિ પૃથક્ પૃથક્ દેખાય છે, રુચિ અલગ અલગ જોવા મળે છે. વિચારશક્તિ વિવિધ તેમ પ્રવૃત્તિ પણ જુદી જુદી હોય છે. એને લીધે સૌના વ્યક્તિગત તથા સામૂહિક વિકાસ પણ વિવિધ દેખાય છે.

મહાભારતમાં એક જ પિતાના ત્રણ પુત્રોની વિવિધ વૃત્તિ, વિચારધારા, મતિ તથા પ્રવૃત્તિની કથા કહેવાયલી છે. એનું વિહંગાવલોકન કરી લઇએ.

ગંધમાદન પર્વતનો પવિત્ર હિમગિરિપ્રદેશ.

એ પર્વતના પાવન પ્રદેશમાં રાવણ, કુંભકર્ણ તથા વિભીષણ પોતાના પિતાની સાથે વાસ કરતા.

એ દિવસો દરમિયાન એક વાર એમણે પરમ સમૃદ્ધિશાળી કુબેરને પોતાના પિતા સાથે વિરાજેલો જોયો.

એ જોઇને એમને અતિશય ક્રોધ ચઢયો.

એમણે કઠોર તપશ્ચર્યા કરીને બ્રહ્માને પ્રસન્ન કરવાનો નિર્ણય કર્યો.

રાવણે એક પગે ઊભા રહીને પવનપ્રાશન દ્વારા પંચાગ્નિનું સેવન કરીને વરસો સુધી ભયંકર તપ કર્યું.

કુંભકર્ણ ધરતી પર શયન કરતો, નિયમિત આહાર રાખતો, અને વ્રત તથા નિયમમાં સંલગ્ન રહેતો.

વિભીષણ પૃથ્વી પર પડેલાં પાંદડાં ખાતો, ઉપવાસમાં પ્રીતિ રાખતો, અને સદાય જપપરાયણ રહેતો.

ત્રણેના તપના પ્રકારો જુદા હતા.

એવી રીતે તપનો આશ્રય લેતાં એક હજાર વરસ પૂરાં થયાં ત્યારે દશાનન રાવણે પોતાના મસ્તકને કાપીને અગ્નિમાં હોમ્યું.

એથી બ્રહ્મા પ્રસન્ન થયા.

બ્રહ્માએ એ ત્રણેને અમરત્વ સિવાયના કોઇ પણ ઇચ્છાનુસાર વરદાનને માગવા માટે જમાવ્યું અને રાવણને કહ્યું કે તેં અગ્નિમાં હોમેલાં બધાં જ મસ્તકો તને ફરી વાર મળશે, તારા શરીરને કુરૂપતાનો સ્પર્શ નહિ થાય, તું ઇચ્છાનુસાર રૂપને ધારણ કરી શકશે, અને સંગ્રામમાં શત્રુઓનો વિજેતા બનશે.

રાવણે બ્રહ્મા પાસે વરદાન માગતાં જમાવ્યું કે દેવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, અસુર, સર્પ, કિન્નર તથા ભૂતોથી મારો પરાજય ના થાય.

બ્રહ્માએ એની માગણીને સ્વીકારતાં કહ્યું કે તને મનુષ્ય સિવાય બીજા કોઇથી પણ ભય નહિ થાય. તારું કલ્યાણ થાવ.

બ્રહ્માના વચનને સાંભળીને રાવણને મૃત્યુંજય બન્યા જેટલો સંતોષ થયો. એ મનુષ્યોને અતિશય તુચ્છ સમજતો હોવાથી એમનો ભય એને સહેજ પણ નહોતો લાગતો.

કુંભકર્ણે તમોગુણથી ઘેરાયલી બુદ્ધિવાળો હોવાથી મહાનિદ્રાની માગણી કરી.

વિભીષણે માગ્યું કે મારા જીવનમાં ગમે તેવી અને તેટલી અસાધારણ આપત્તિ આવે તોપણ મારી મતિ મલિન ના થાય અને અધર્મમાં ના જાય. વળી મને કોઇની પાસેથી શીખ્યા સિવાય જ બ્રહ્માસ્ત્રનું જ્ઞાન થાય.

બ્રહ્માએ એની માગણીને માન્ય રાખીને જણાવ્યું કે તું રાક્ષસ યોનિમાં જન્મવા છતાં પણ અધર્મમાં બુદ્ધિ કરતો નથી એટલા માટે હું તને અમરત્વ આપું છું.

રાવણે અમરત્વને માગ્યું તોપણ તેને તે ના મળ્યું અને વિભીષણને ના માગવા છતાં પણ મળ્યું એ શું દર્શાવે છે ? એ જ કે અધિકાર સિવાય ઉત્તમ વસ્તુ નથી મળતી, અને કોઇ કારણે મળે છે તો કલ્યાણકારક નથી ઠરતી.

રાવણે વરદાન મેળવીને કુબેરને રણમાં હરાવીને લંકામાંથી બહાર કાઢયો.

કુબેર કિંપુરુષો, યક્ષો, ગંધર્વો તથા રાક્ષસો સાથે લંકાને છોડીને ગંધમાદન પર્વત પર જઇને રહેવા લાગ્યો.

રાવણે એના પર આક્રમણ કરીને એના પુષ્પક વિમાનને લઇ લીધું ત્યારે કુબેરે એને શાપ આપીને કહ્યું કે તું આ વિમાનમાં ફરી શકશે નહીં. એ વિમાન તને યુદ્ધમાં હણનારને જ લઇ જશે. હું તારો આદરણીય હોવા છતાં તું મારું અપમાન કરી રહ્યો છે તેથી થોડા વખતમાં જ નાશ પામશે.

કુબેરે વિભીષણ પર પ્રસન્ન બનીને એને યક્ષો તથા રાક્ષસોની સેનાઓનું સેનાપતિપદ આપ્યું.

રાવણનો રાજ્યાભિષેક થયો એટલે એણે દેવોના યક્ષોના રત્નભંડારોને હરી લીધા.

એ સૌને ત્રાસ આપતો તથા રડાવતો એથી રાવણ કહેવાયો.

તપશ્ચર્યામાં પ્રવૃત્ત થયેલા બંધુઓની ભાવના જુદી જુદી હોવાથી તેમને તપશ્ચર્યાનાં ફલ પણ જુદાં જુદાં મળ્યાં. એ ફળપ્રાપ્તિ પછીની પ્રવૃત્તિ પણ જુદી જુદી થવા લાગી. તપ મનની શુદ્ધિને સાધવામાં, મનને વશ કરવામાં, સંયમી અથવા ઉદાત્ત બનાવવામાં, અને પરમાત્માપરાયણ થવામાં મદદરૂપ ના થાય; સદબુદ્ધિથી સંપન્ન બનાવે નહીં; તો તે તપ આત્મિક અભ્યુત્થાનની દૃષ્ટિએ ઉપયોગી અથવા આશીર્વાદરૂપ ના બની શકે. તપ છેવટે તો માનવને સાચા અર્થમાં માનવ બનાવનારું અને પરમાત્માભિમુખ બનવા માટે મદદરૂપ થનારું બનવું જોઇએ. સાધક સદા માટે એનું ધ્યાન રાખે એ આવશ્યક અને આવકારદાયક લેખાશે.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૦૯. સાવિત્રીની કથા-૧

મહાભારતના વનપર્વના ૨૯૩મા અધ્યાયથી આરંભીને ૨૯૮મા અધ્યાયપર્યંત સાવિત્રી તથા સત્યવાનની કથા કહેવામાં આવી છે. એનો વિચાર ક્રમશઃ કરી લઇએ.

સાવિત્રીનો જન્મ કયા સંજોગોમાં થયો, તેના પ્રાદુર્ભાવ પાછળ કોનો અને કયા પ્રકારનો પુરુષાર્થ કામ કરી રહેલો, તે સવિશેષ ઉલ્લેખનીય છે. એ ઉલ્લેખ દ્વારા સાવિત્રીના લોકોત્તર જન્મ તથા કર્મનો સહેલાઇથી ખ્યાલ આવશે.

વનવાસના વિકટ વખત દરમિયાન યુધિષ્ઠિરે મહામુનિ માર્કંડેયને કહ્યું કે મને દ્રુપદનંદિનીને માટે જેટલો શોક થાય છે તેટલો મારી જાતને માટે નથી થતો. દુરાત્મા ધૃતરાષ્ટ્ર પુત્રોએ અમને દ્યુત દ્વારા કષ્ટ આપ્યું ત્યારે દ્રૌપદીએ અમને તારી લીધા. જયદ્રથે એનું બળાત્કારે હરણ કરેલું એના સરખી પતિવ્રતા પરમભાગ્યવતી સ્ત્રી પૂર્વે તમે કોઇ બીજી દેખી કે સાંભળી છે ?

મહામુનિ માર્કંડેયે યુધિષ્ઠિરની જિજ્ઞાસાના જવાબમાં સાવિત્રીની કલ્યાણકારક કથા કહી સંભળાવી. એના આરંભમાં સાવિત્રીની વાતને વર્ણવી.

મદ્રદેશમાં અશ્વપતિ નામે પરમ ધાર્મિક રાજા.

એ ધર્માત્મા, મહાત્મા, બ્રાહ્મણભક્ત, સત્યપ્રતિજ્ઞ, જિતેન્દ્રિય, ચતુર, યજ્ઞયાગાદિની અભિરુચિવાળો, નગરની તથા જનપદની જનતાને પ્રિય, સૌના હિતમાં રત, ક્ષમાવાન, સત્યવચની તથા જિતેન્દ્રિય હતો.

મોટી ઉંમર થવા છતાં પણ કોઇ સંતતિ ના હોવાથી તેને સંતાપ થયા કરતો.

એણે સંતાનની સંપ્રાપ્તિ માટે તીવ્ર નિયમવ્રતને ધારણ કરી, બ્રહ્મચર્યને પાળી, ઇન્દ્રિયોને સંયમમાં રાખી, સમય પર પરિમિત આહાર લેવાનો આરંભ કર્યો.

પરમ પવિત્ર સાવિત્રીમંત્રથી એક લાખ હવન કર્યા પછી તે આઠ ભાગવાળા દિવસમાં છઠ્ઠે છઠ્ઠે ભાગે પ્રમાણસર ભોજન કરવા લાગ્યો.

સંયમની એવી કષ્ટકારક કઠોર છતાં પણ સહજ સાધનાનું આનંદદાયક અનુષ્ઠાન કરતા વર્ષો વીતી ગયાં.

અઢારમું વરસ પૂરું થયું ત્યારે સાવિત્રીદેવીએ અગ્નિહોત્રમાંથી પ્રગટીને રાજા અશ્વપતિને દર્શનલાભ આપીને જણાવ્યું કે તારા વિશુદ્ધ બ્રહ્મચર્યવ્રતથી, ઇન્દ્રિયદમનથી, નિયમવ્રતથી તથા ભક્તિભાવથી પ્રસન્ન બનીને હું તારી સમક્ષ પ્રગટ થઇ છું. તું ઇચ્છાનુસાર વરદાન માગી લે.

રાજાએ સ્પષ્ટીકરણ કર્યું કે મેં સંતતિની ઇચ્છાથી પ્રેરાઇને જ ઉપાસના કરી છે. ત્યારે સાવિત્રીદેવીએ જણાવ્યું કે હું પિતામહ બ્રહ્માના આદેશાનુસાર આ વરદાન આપી રહી છું.

સાવિત્રીદેવીના તિરોધાન થયા પછી રાજાએ રાજધાનીમાં જઇને પ્રજાનું ધર્મપૂર્વક પાલન કરવા માંડયું.

સુયોગ્ય સમયે સાવિત્રીદેવીના અલૌકિક અનુગ્રહના પરિણામે એને ત્યાં જે કન્યારત્નનો જન્મ થયો તેનું નામ સમુચિત રીતે જ સાવિત્રી રાખવામાં આવ્યું.

સ્વયં સાવિત્રીદેવી જ જાણે કે એ કમનીય કન્યાના સ્વરૂપમાં પોતાના મહિમાને પ્રસરાવવા માટે પૃથ્વીપટ પર પ્રાદુર્ભાવ પામ્યાં.

તે કન્યા દિનપ્રતિદિન વૃદ્ધિ પામવા લાગી.

વખતના વીતવાની સાથે યુવાવસ્થામાં પ્રવેશી.

એના અસાધારણ આકર્ષણ અને સૌન્દર્યને નિહાળીને માનવો એને દેવકન્યા જ કહેવા લાગ્યા.

કમળદળના જેવાં નેત્રવાળી તે પરમ દેદીપ્યમાન કન્યાના લોકોત્તર લાવણ્યથી પ્રભાવિત થઇને હતપ્રભ અને સંકોચવશ બનીને કોઇએ એની સાથેના લગ્નને માટે માગણી જ ના કરી. કોઇ એને વરવા માટે આગળ આવ્યું નહિ.

એક દિવસ પુનિત પર્વ સમયે એ ઉપવાસ રાખી દેવ પાસે ગઇ. ત્યાં અગ્નિમાં વિધિપૂર્વક હોમ કરી, વિપ્રો પાસે સુચારુરૂપે સ્વસ્તિવાચન કરાવીને એ પોતાના પિતા પાસે પહોંચી.

પિતાના ચરણોમાં પ્રણામ કરી, પ્રસાદીનાં પુષ્પોને અર્પી, એ એક તરફ ઊભી રહી, એટલે પિતા અશ્વપતિએ એને જણાવ્યું કે તું મોટી થઇ છે છતાં પણ તારી કોઇ માગણી કરતું નથી એથી મને દુઃખ થાય છે. હવે વધારે સમય સુધી દુઃખી બનીને પ્રતીક્ષામાં બેસી રહેવાને બદલે, હું તને સ્વતંત્રતા આપું છું. એને અનુસરીને તારા સમાન કોઇક સદગુણસંપન્ન શીલવાન યુવાનને પતિ તરીકે પસંદ કરી લે. તું જેને પસંદ કરે તેની મને ખબર આપજે એટલે હું વિચાર કરી તેની સાથે તારું લગ્ન કરીશ.

રાજાએ વયોવૃદ્ધ મંત્રીઓને યાત્રાની તૈયારી કરવાનો આદેશ આપ્યો.

સાવિત્રી પિતાનાં ચરણોમાં પ્રણામ કરીને સુવર્ણના રથમાં વિરાજીને રાજર્ષિઓનાં રમણીય તપોવનમાં પ્રવેશી.

જુદાં જુદાં તીર્થસ્થાનોમાં શ્રેષ્ઠ દ્વિજોને દ્રવ્યમાન દેતાં તે જુદાં જુદા જુદા પ્રદેશવિશેષમાં વિચરવા લાગી.

°

### સાવિત્રીનો નિર્ણય

મદ્રાધિપતિ રાજા અશ્વપતિની સભામાં એક દિવસ દેવર્ષિ નારદે પ્રવેશ કર્યો.

રાજા અશ્વપતિએ એમનું સમુચિત સન્માન કર્યું.

તે વખતે વિવિધ તીર્થસ્થાનોમાં અને આશ્રમોમાં વિહાર કરીને સાવિત્રી સદબુદ્ધિ સંપન્ન મંત્રીઓની સાથે પિતાની પાસે પહોંચીને એમને અને દેવર્ષિ નારદને પ્રણામ કરીને ઊભી રહી.

પિતાના આદેશથી એણે પોતાની પરિસ્થિતિની સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે શાલ્વ દેશમાં દ્યુમત્સેન નામે પ્રસિદ્ધ ધર્માત્મા ક્ષત્રિય રાજા હતો. પાછલી અવસ્થામાં એ અંધ બનેલો. એ વખતે એનો પુત્ર બાલ્યાવસ્થામાં હોવાથી એના પડોશી પૂર્વવેરીએ એના રાજ્ય પર અધિકાર કરી લીધો એટલે રાજા દ્યુમત્સેન પત્ની તથા પુત્ર સાથે વનમાં ગયો. ત્યાં એણે કઠોર વ્રત-નિયમના પરિપાલનપૂર્વક તપશ્ચર્યા કરવા માંડી. એનો સુપુત્ર સત્યવાન મારે માટે સર્વપ્રકારે સુયોગ્ય છે એવું સમજીને હું એને મનથી વરી છું.

એ શબ્દો દ્વારા સાવિત્રીએ સૂચવ્યું કે પોતે જેને મનોમન વરી છે તે સત્યવાન કોઇ સામાન્ય વનવાસી તપસ્વીપુત્ર નથી પરંતુ સાત્વિક સદબુદ્ધિપરાયણ સદાચારી રાજપુત્ર છે, એટલે પોતાની પસંદગી પ્રત્યે કોઇ પ્રકારની શંકા કરવાનું કે સંકોચમાં પડવાનું કારણ નથી.

નારદજી બોલ્યા કે સાવિત્રીએ સત્યવાનની વરણી કરીને અજાણપણે ઘણું ખોટું કરી નાંખ્યું છે. એના પિતા અને માતા સત્ય બોલે છે એટલે બ્રાહ્મણોએ એનું નામ સત્યવાન રાખ્યું છે. બાલપણથી એને ઘોડાઓ પ્રિય છે અને એ માટીના ઘોડાઓ બનાવ્યા કરે છે. તે ચિત્રોમાં પણ ઘોડાઓ ચીતરે છે. આથી એને ચિત્રાશ્વ પણ કહેવામાં આવે છે.

રાજાએ પૂછ્યું કે રાજપુત્ર સત્યવાન તેજસ્વી, બુદ્ધિમાન, ક્ષમાવાન, શૂરવીર અને પિતૃવત્સલ છે ?

નારદજીએ જણાવ્યું કે એ સૂર્ય જેવો તેજસ્વી, બૃહસ્પતિ જેવો બુદ્ધિમાન, મહેન્દ્ર જેવો વીર અને પૃથ્વી જેવો ક્ષમાવાન છે. દાન આપવામાં સંસ્કૃતિના પુત્ર રંતિદેવ જેવો છે. ઉશીનર પુત્ર શિબિના જેવો સત્યવાદી ને બ્રાહ્મણભક્ત છે. યયાતિ જેવો ઉદાર અને ચંદ્ર જેવો પ્રિયદર્શન દ્યુમત્સેનનો એ બળવાન પુત્ર રૂપમાં અશ્વિનીકુમારો પૈકી એક જેવો છે. મનોનિગ્રહી છે. સૌમ્ય છે. શૂર છે અને સત્યનિષ્ઠ છે. સંયમિત ઇન્દ્રિયવાળો છે; મિત્રતાભર્યો છે, ઇર્ષ્યાથી મુક્ત છે. લજ્જાશીલ છે, અને કાંતિમાન છે. તેનામાં નિત્ય સરળતા રહેલી છે. અને તે નિશ્ચળ સ્થિતિવાળો છે. તપોવૃદ્ધ અને શીલવૃદ્ધ પુરુષો તેની પ્રશંસા કરે છે. પરંતુ એનો એક દોષ એના સર્વ ગુણોને ઢાંકી દે છે. તે દોષને પ્રયત્ન કરતાં પણ ટાળી શકાય એમ નથી. સત્યવાન આજથી એક વર્ષે આયુષ્ય પૂરું થવાથી મરણ પામશે.

રાજા અશ્વપતિએ દેવર્ષિ નારદની વાણીને સાંભળીને પુનર્વિચાર કરવા કહ્યું કિન્તુ સાવિત્રી પોતાના નિર્ણયમાં અડગ રહી.

એણે સ્પષ્ટ કર્યું કે સત્યવાન દીર્ઘાયુ હો કે અલ્પાયુ હો, ગુણવાન હો કે ગુણહીન હો, મેં એને એકવાર મારા સ્વામી કર્યા છે. હવે હું બીજાને વરીશ નહીં.

એની દૃઢતાને જોઇને નારદજીએ જણાવ્યું કે સાવિત્રીની બુદ્ધિ સ્થિર છે. સત્યવાનમાં જે ગુણો છે તે બીજા કોઇ પુરુષમાં નથી. માટે તમારી પુત્રી એને જ અર્પણ કરો.

નારદજી આકાશમાર્ગે સ્વર્ગમાં ગયા. અને રાજાએ પણ પોતાની પુત્રીના વિવાહની તૈયારીઓ કરવા માંડી.

સાવિત્રીની એ જીવનકથા એક અગત્યની હકીકત પ્રત્યે અંગૂલિનિર્દેશ કરે છે કે સાવિત્રીએ પોતાના ભાવિ પતિની પસંદગી વખતે ધન, વૈભવ, ઐશ્વર્ય કે સંપત્તિસામ્રાજ્યને પ્રાધાન્ય પ્રદાન કરવાને બદલે સદગુણ તથા સદાચારને જ મહત્વ આપ્યું. પતિની પાસે - લગ્નના ઉમેદવાર પાસે બહારનું બધું જ હોય, સૌન્દર્ય, યૌવન, ભૌતિક સુખસામગ્રી બધું જ, પરંતુ માનવતાનું આવશ્યક ઉત્તમ પ્રાણવાન પીઠબળ ના હોય તો શું કામનું ? એથી ઊલટું, એનામાં સદગુણ, સદાચાર અને માનવતાની મૂડી હોય તો મહત્વનું બધું છે એવું સમજી લેવું. એમાંથી સંપત્તિ તથા સુખશાંતિનું સર્જન આપોઆપ થતું રહેશે. એ પુરુષ જ મહામૂલ્યવાન સંપત્તિરૂપ બની રહેશે.

સત્યવાનનું આયુષ્ય ઓછું છે એવું જાણ્યા પછી પણ સાવિત્રીએ એને પોતાના પતિ તરીકે પસંદ કરવાનો આગ્રહ ચાલુ રાખ્યો એ એની સાચી સમજશક્તિ તથા નિષ્ઠા દર્શાવે છે. સામાન્ય રીતે પોતાના હિતનો, સુખશાંતિનો કે ચિર સૌભાગ્યનો વિચાર કરનારી કોઇ વ્યક્તિ - ખાસ કરીને સ્ત્રી - પોતાના જીવનસાથી તરીકે અલ્પાયુવાળી વ્યક્તિની પસંદગી ભાગ્યે જ કરે. સાવિત્રી પોતાની પસંદગીને વળગી રહી. એનું કારણ એનો અસાધારણ આત્મવિશ્વાસ અને ભવિષ્યની વ્યર્થ વધારે પડતી ચિંતા ના કરવાનો સ્વભાવ હોઇ શકે. જે હોય તે, પરંતુ સાવિત્રીની સંકલ્પશક્તિ અતિશય અસાધારણ કહેવાય. એ સંકલ્પશક્તિ પ્રતિકૂળતાની પૂર્વમાહિતીથી પણ હાલી કે ચળી ના શકી એ એની વિશિષ્ટતા.

°

**અરણ્યના આશ્રમમાં**

અશ્વપતિ પાસે અન્ય વિકલ્પ ના રહ્યો એટલે એણે વયોવૃદ્ધ દ્વિજો, ઋત્વિજો, પુરોહિતો તથા સાવિત્રી સાથે વન માટે પ્રસ્થાન કર્યું.

અરણ્યમાં દ્યુમત્સેનના આશ્રમમાં એણે કોઇ પણ પ્રકારના વાહન વિના જ પ્રવેશ કર્યો.

રાજા અશ્વપતિએ દ્યુમત્સેનની સમુચિત પૂજા કરીને પોતાના પૂજ્યભાવને પ્રગટ કર્યો. એટલે દ્યુમત્સેને એમનો સમુચિત સત્કાર કર્યો.

અશ્વપતિએ પોતાની ઓળખાણ આપીને સઘળી વાત કહીને સાવિત્રીને પૂત્રવધૂ તરીકે સ્વીકારવાની પ્રાર્થના કરી ત્યારે દ્યુમત્સેને કશું પણ ગુપ્ત રાખવાનો પ્રયત્ન કર્યા સિવાય પોતાની પરિસ્થિતિની સ્પષ્ટતા કરતાં કહ્યું કે અમે તો રાજ્યથી વંચિત થઇને વનમાં વસીએ છીએ અને નિયમપરાયણ બનીને તપસ્વીના ધર્મને આચરીએ છીએ. વનવાસને માટે અયોગ્ય તમારી પુત્રી આવા અનુકૂળતાઓ વગરના કષ્ટકારક આશ્રમમાં કેવી રીતે રહી શકશે ?

દ્યુમત્સેનના શબ્દોમાં એમની કોઇ પણ પ્રકારની બનાવટ કરવામાં નહિ માનનારી, સત્યનિષ્ઠ પ્રકૃતિનો પ્રાણવાન પ્રતિઘોષ પડે છે.

એ શબ્દોને સાંભળીને અશ્વપતિને નિરાશા ના થઇ. એણે એક સ્વાનુભવપૂર્ણ સરસ વાત કહી કે સુખ અને દુઃખ તો આવે છે ને જાય છે. એ વાતની મને અને સાવિત્રીને ખબર છે. હું તો તમારી પાસે નિર્ણય કરીને જ આવ્યો છું. માટે મારી આકાંક્ષાનો નાશ કરશો નહિ.

બંને રાજાઓએ સર્વ આશ્રમવાસી બ્રાહ્મણોને બોલાવીને વિધિપૂર્વક લગ્નકાર્ય કરાવ્યું.

અશ્વપતિ રાજા પોતાની પુત્રીનું કન્યાદાન દઈને તથા યથાયોગ્ય પહેરામણી આપીને પરમ આનંદ પામીને પોતાને ભવને ગયો.

સત્યવાન સર્વગુણસંપન્ન પત્નીને પામીને આનંદ પામ્યો. તેમ સાવિત્રી પણ પોતાના મનમાન્યા પતિને પામીને આનંદ પામી. પછી પિતાની વિદાય પછી સાવિત્રીએ પોતાનાં સર્વ આભૂષણોને અળગા કર્યા અને વલ્કલ તથા ગેરુઆ રંગના વસ્ત્રો પહેર્યા. તેણે સેવાથી, પરિચર્યાથી, સદગુણોથી, ઇન્દ્રિયદમનથી તેમજ સર્વને ઇષ્ટ એવા કાર્યસંપાદનથી સૌનો સંતોષ પ્રાપ્ત કર્યો. સાસુને શરીરની સેવાચાકરીથી તથા પહેરવા

ઓઢવાનાં વસ્ત્રોથી સંતોષ આપ્યો. તે જ રીતે સસરાને દેવને યોગ્ય સેવાસત્કારથી તથા સંયમપૂર્વકની વાણીથી સંતુષ્ટ કર્યા. વળી તેણે પોતાના પતિને પ્રિય ભાષણથી, નિપુણતાથી, શાંતિથી અને એકાન્ત ઉપચારોથી પૂરી પ્રસન્નતા આપી.

એવી રીતે આશ્રમમાં રહીને તપસ્યા કરતાં કરતાં તેમનો કેટલોક સમય ચાલ્યો ગયો. રાતદિવસ ઊભી ને ઊભી રહેતી તથા કરમાયા કરતી સાવિત્રીના મનમાં દેવર્ષિ નારદે કહેલું પેલું વચન નિરંતર ઘોળાયા જ કરતું હતું.

સાવિત્રી રાજા અશ્વપતિને ત્યાં અનંત ભોગવિલાસનાં અથવા સ્થૂળ સુખોપભોગનાં સાધનોની વચ્ચે વસેલી હોવાં છતાં, સ્વૈચ્છિક લગ્નપ્રસંગ પછી સત્યવાન સાથે સંયમી તથા સાદું જીવન જીવતાં શાંત એકાંત અરણ્યાશ્રમમાં રહેવા લાગી એ એનો પરમ ત્યાગભાવ દર્શાવે છે. એણે આભૂષણોને પરિત્યાગીને સામાન્ય વસ્ત્રોને ધારણ કરીને સ્નેહ અને સેવાથી સુવાસિત જીવન જીવવા માંડયું એ એની અસામાન્ય અપરિગ્રહવૃત્તિ, હળીમળીને રહેવાની ભાવના, ઊંડી સમજ તથા તિતિક્ષા સૂચવે છે. અન્ય સ્ત્રીઓને માટે એનું લોકોત્તર જીવનચરિત્ર પ્રેરક, આદર્શ અથવા ઉદાહરણ રૂપ છે.

સ્ત્રી અથવા પુરુષ પોતાના પૂર્વવાતાવરણના પ્રભાવને, વ્યક્તિગત ગમા-અણગમાને કે પૂર્વગ્રહને મૂકીને નવા પ્રાપ્ત થયેલા વાતાવરણ સાથે સુમેળ કે સંવાદ સાધવાની કળામાં કુશળ ના બને તો ઘર્ષણને નોતરે અને અસંતોષ અનુભવે. સદાને સારુ સુખશાંતિથી વંચિત રહે. એથી ઊલટું, સહાનુભૂતિ, સદભાવ અને સમભાવથી સંપન્ન બનીને પરિસ્થિતિ પિછાનીને શ્વાસ લેતાં શીખે તો સુખશાંતિથી સંપન્ન બનાવવાની સાથે સાથે સુસંપન્ન બનીને જીવનને ઉત્સવમય કરી શકે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧૦. સાવિત્રીની કથા-૨

લગ્નક્રિયાની સંપૂર્ણતા પછી સાવિત્રી સત્યવાન સાથે અરણ્યના એકાંતમાં રહેવા લાગી.

એના મનમાં એક તરફ અનંત આહલાદ હતો તો બીજી તરફ અસાધારણ અવસાદ.

આહલાદ પોતાની પસંદગી પ્રમાણેના પતિને પ્રાપ્ત કરવાનો અને અવસાદ દેવર્ષિ નારદે કહેલી ભવિષ્યવાણીને અનુસરીને આવી પડનારા એના સમીપવર્તી મૃત્યુનો.

દેવર્ષિ નારદના કથનાનુસાર એ મૃત્યુની ઘટનાને ચાર દિવસ શેષ રહ્યા ત્યારે એણે કઠોર ત્રિરાત્રવ્રતનો આરંભ કર્યો. એ વ્રત દરમિયાન ત્રણ દિવસ સુધી અનશનવ્રત કરવાનું હતું.

એના પિતા દ્યુમત્સેને એવા કઠોર અનશનવ્રતનું અનુષ્ઠાન ના કરવાની ભલામણ કરી તો પણ એ એના નિર્ણયમાં મક્કમ રહી. એનું મનોબળ અતિશય મજબૂત હતું.

એ જોઇને એમણે એને વ્રતની સંપૂર્ણ સુખદ સફળતા માટે આશીર્વાદ આપ્યો.

સત્યવાનના આયુષ્યનો અંતિમ દિવસ આવી પહોંચ્યો. એ દિવસે સાવિત્રીએ વહેલી સવારે નિત્ય ધર્મકર્મમાંથી પરવારીને વૃદ્ધો વડીલોને પ્રણામ કર્યાં.

તપોવનવાસી સઘળા સત્પુરુષોએ તથા તપસ્વીઓએ એને અખંડ સૌભાગ્યવતી થવાના આશીર્વાદ આપ્યા.

સાવિત્રી દેવર્ષિ નારદના શબ્દોને ભૂલી શકતી ન હતી.

સૂર્ય અસ્ત પામે અને પોતાની મનોકામના પૂર્ણ થાય તે પછી જ અનશનવ્રતને પૂરું કરવાનો એનો નિરધાર હોવાથી એ દિવસે પણ એને ભોજન ના કર્યું.

સત્યવાને આવશ્યક ફળ તથા ફૂલને લાવવા વનમાં જવાની તૈયારી કરી ત્યારે સાવિત્રીએ એની સાથે નીકળવાની તૈયારી બતાવી.

સત્યવાને આરંભમાં થોડીક આનાકાની કરી પરંતુ સાવિત્રીના દૃઢ સંકલ્પને જોઇને પાછળથી કશો વિરોધ કર્યો નહીં.

પરિણામે એ બંને વનમાં ચાલી નીકળ્યા.

સાવિત્રી સત્યવાનને એકલો પડવા દેવા નહોતી માગતી.

સત્યવાનના જીવનની રક્ષા માટે એને ઊંડેઊંડે શ્રદ્ધા હોવા છતાં કોઇપણ અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિને પહોંચી વળવાની એની માનસિક તૈયારી હતી.

એણે અરણ્યમાં વિવિધ પ્રકારનાં વૃક્ષો, પુષ્પો, ઝરણાં, ફળો, વિહંગો, કુદરતી દૃશ્યો તથા મયૂરોનાં નૃત્ય કરતાં વૃંદોને નિહાળ્યાં.

સમુદ્રની દિશામાં અભિસરણ કરતી સુંદર સરિતાઓને નિહાળી.

એ બધું અદભૂત હોવાં છતાં એને આનંદ નહોતું આપી શકતું.

સત્યવાનના અંત સમયની સ્મૃતિ એના મનમાંથી એક ક્ષણ માટે પણ નહોતી મટતી.

સત્યવાનનો કાળ એને પોતાનો કાળ લાગતો.

બને તેટલાં પ્રયત્ને એને હઠાવવા એ કૃતસંકલ્પ હતી.

સત્યવાને ફળોને વીણીને ટોપલી ભરી અને પછી લાકડાં ચીરવા માંડયા. લાકડાં ચીરતાં તેને પરસેવો થઇ આવ્યો ને પરિશ્રમને કારણે એના માથામાં વેદના થવા લાગી.

પરિશ્રમથી પીડાએલો સત્યવાન પોતાની પ્રિય પત્ની પાસે જઇને કહેવા લાગ્યો કે મારા માથામાં વેદના થાય છે અને મારા હૃદયમાં તથા ગાત્રોમાં દાહ છે. મને પોતાને ઠીક લાગતું નથી. મારું મસ્તક શૂલોથી ભોંકાઇ રહ્યું હોય એમ લાગે છે. હું સૂઇ જવા ઇચ્છું છું. મારામાં ઊભા રહેવાની પણ શક્તિ નથી.

સાવિત્રી પતિ પાસે પહોંચી ગઇ અને મસ્તકને ખોળામાં મૂકીને પૃથ્વી ઉપર બેઠી. નારદના વચનને વિચારી રહેલી એ તપસ્વિની તે મુહૂર્ત, ક્ષણ, વેળા અને દિવસનો મેળ મેળવવા લાગી. બે ઘડીમાં તેણે ત્યાં એક પુરુષને નિહાળ્યો. તેણે રાતાં વસ્ત્રો પહેરેલાં અને મુગટ ધારેલો. તેની કાંતિ સૂર્યના જેવી તેજથી ઝળહળતી. તેનો વર્ણ કાળો હતો. અને તેની આંખ લાલ હતી. હાથમાં તેણે પાશ રાખેલો. અને તે ભયંકર જણાતો. તે સત્યવાનની બાજુએ ઊભેલો. અને તેને જ જોયા કરતો.

તેને જોઇને સાવિત્રી સ્વામીના શિરને ધીમેથી ધરતી પર મૂકીને એકદમ ઊભી થઇ ગઇ અને બે હાથ જોડીને બોલી કે હું તમને કોઇ દેવતા જાણું છું. કેમ કે તમારું શરીર અમાનુષી છે. તમે કોણ છો ? અને શું કરવા ઇચ્છો છો ?

યમદેવે જણાવ્યું કે સાવિત્રી ! તું પતિવ્રતા તથા તપસ્વિની છે. તેથી તારી સાથે વાત કરું છું. તું મને યમ જાણ. તારા સ્વામી રાજપુત્ર સત્યવાનનું આયુષ્ય પૂરું થઇ ગયું છે. હું એને લઇ જઇશ.

સાવિત્રીએ જણાવ્યું કે સાંભળ્યું છે કે માણસોને લેવા માટે તમારા દૂતો આવે છે; તો હે પ્રભુ ! તમે પોતે જ કેમ આવ્યા ?

યમદેવે કહ્યું કે સત્યવાન ધર્મયુક્ત, રૂપવાન, ગુણસાગર હોવાથી મારા પુરુષો એને લઇ જવાને યોગ્ય નથી. એથી હું પોતે જ આવ્યો છું.

પ્રાણ ખેંચાય જવાથી સત્યવાનનું શરીર શ્વાસોશ્વાસરહિત, પ્રભાહીન, ચેષ્ટાશૂન્ય અને અપ્રિય દેખાવવાળું થઇ ગયું. પછી યમ તેના જીવને બાંધીને દક્ષિણ દિશા તરફ ચાલવા લાગ્યા. ત્યારે નિયમવ્રતમાં સારી રીતે સિદ્ધ થયેલી પરમ સૌભાગ્યવતી પતિવ્રતા દુઃખાતુર સાવિત્રી યમની પાછળ પાછળ જવા લાગી

યમદેવે સાવિત્રીને પાછી વળવા જણાવ્યું ત્યારે સાવિત્રી બોલી કે જ્યાં મારા પતિને લઇ જવામાં આવે અથવા જ્યાં તે પોતે જાય ત્યાં મારે જવું જ જોઇએ એ સનાતન ધર્મ છે. તપ, ગુરુભક્તિ, પતિપ્રેમ, વ્રત અને તમારો પ્રસાદ એ સર્વને લીધે મારી ગતિ કુંઠિત થતી નથી. તત્વદર્શી પંડિતો કહે છે કે સાત ડગલાં સાથે ચાલવાથી મૈત્રી થાય છે. તો એ મિત્રતાને આગળ કરીને હું જે કહું છું તેને સાંભળો. ઇન્દ્રિયાધીન મનુષ્યો નથી બ્રહ્મચર્ય રાખતા, નથી ગૃહસ્થાશ્રમના આવશ્યક યજ્ઞાદિ ધર્મો આચરતા, નથી વાનપ્રસ્થી થઇને વનવાસ સેવતા કે નથી સંન્યાસનો પરિશ્રમ પાળતા. પરંતુ જિતેન્દ્રિય મનુષ્યો તો ધર્મનું જ સેવન કરે છે. આથી સંતો ધર્મને જ પ્રધાન કહે છે. સંતોના મત પ્રમાણે એકાદ આશ્રમના ધર્મનું પણ સારી રીતે અનુષ્ઠાન કર્યું હોય, તો સર્વ આશ્રમોના ધર્મો તેને તે માર્ગે આવી મળે છે. એથી સંતો ધર્મને જ પ્રધાન કહે છે. અમે ગૃહસ્થાશ્રમધર્મનું પાલન કરીએ છીએ. માટે પતિનું હરણ કરીને તમે અમારા બંનેના ધર્મનો નાશ કરો નહિ.

યમદેવે કહ્યું કે તારી વાણી સાંભળીને હું પ્રસન્ન થયો છું. સત્યવાનના જીવિત સિવાય બીજાં ગમે તે વરદાનને માંગી લે હું તને તે વરદાન આપીશ.

સાવિત્રી બોલી કે મારા સસરા સ્વરાષ્ટ્રથી ભ્રષ્ટ થયા છે, વનમાં આશ્રમમાં વસ્યા છે, અને આંખે અંધ થયા છે તો તમારી કૃપાથી તેઓ આંખે દેખતા થાય. બળવાન રાજ્યપતિ બને અને અગ્નિ તથા સૂર્ય સરખા તેજસ્વી ઠરે.

યમદેવે સાવિત્રીને તે વરદાન આપીને જણાવ્યું કે તારી ઇચ્છા પૂરી થશે. હવે તું પાછી વળ કારણ કે તું ખૂબ જ શ્રમિત થઇ હોય એવું જણાય છે.

પરંતુ સાવિત્રી પાછી ના વળી.

એની અને યમદેવની વચ્ચેનો સંવાદ એ પછી પણ ચાલુ જ રહ્યો. એનો સારાંશ આ પ્રમાણે -

સાવિત્રી : સ્વામીની સંનિધિમાં મને શ્રમ નથી પડતો. મારી ગતિ નિશ્ચયાત્મક રીતે મારા સ્વામીની સાથે જ હોઇ શકે. મારા પતિને જ્યાં લઇ જશો ત્યાં હું આવીશ જ. સત્પુરુષોનો સમાગમ મહાભાગ્યે જ મળે છે ને નિષ્ફળ નથી જતો. તેથી સદા સત્પુરુષોનો સમાગમ કરવો જોઇએ.

યમદેવ : તારા શબ્દો મનને અનુકૂળ, જ્ઞાની જનોને પ્રિય લાગે તેવા, તથા યુક્તિપૂર્ણ છે. હું તેથી વિશેષ પ્રસન્નતા પામું છું. માટે સત્યવાનના જીવન વિનાના બીજા કોઇ પણ વરદાનને માંગી લે.

સાવિત્રી : મારા સસરાનું પૂર્વે પડાવી લેવાયેલું રાજ્ય એમને પાછું વળે, અને એ સ્વધર્મનો ત્યાગ કરે નહીં, એવું વરદાન આપો.

યમદેવ : એ રાજા સ્વલ્પ સમયમાં જ પોતાના રાજ્યને પાછું મેળવશે અને સદા સ્વધર્મની મર્યાદામાં રહીને વ્યવહાર કરશે. હજું તું બીજા વરદાનને માગી લે.

સાવિત્રી : મારા પિતાને પુત્ર નથી. તેમને વંશના વિસ્તારને વધારનારા સો પુત્ર થાય.

યમદેવ : તથાસ્તુ. હવે તું દૂર સુધી પહોંચી છે માટે પાછી ફર.

સાવિત્રી : મારા સ્વામીની સંનિધિને લીધે આ માર્ગ મને દૂર નથી લાગતો. મારું મન તો આનાથી પણ દૂર દોડી રહ્યું છે. તમે વિવસ્વાનના પરમપ્રતાપી પુત્ર છો, તેથી પંડિતો દ્વારા વૈવસ્વત પણ કહેવાવ છો. તમને ધર્મરાજ પણ કહે છે. માનવને જેવો વિશ્વાસ સત્પુરુષોમાં હોય છે તેવો પોતાની અંદર પણ હોતો નથી સઘળા મનુષ્યો સજ્જનોની પ્રીતિને સવિશેષ ઇચ્છે છે. પ્રાણીમાત્રને માટે મૈત્રીભાવના થવાથી વિશ્વાસ જાગે છે. સત્પુરુષોમાં એવો સુહૃદભાવ સ્વાભાવિક હોય છે. એથી જ મનુષ્યો સત્પુરુષો પર વિશ્વાસ રાખે છે.

યમદેવ : આવાં વચન તારા મુખથી પ્રથમવાર જ સાંભળું છું. એમને સાંભળીને હું પ્રસન્ન થયો છું. સત્યવાનના જીવન સિવાય કોઇ બીજું વરદાન માગી લે અને પાછી ફર.

સાવિત્રી : સત્યવાન દ્વારા મને બંને કુળોનો ઉદ્ધાર કરે એવા સો બળવાન પુત્રો થાય.

યમદેવ : તને બળ તથા વીર્યથી શોભતા સો પરમપ્રતાપી પુત્રો થશે. તથાસ્તુ. હવે તું પાછી વળ.

સાવિત્રી : સંતજનો શાશ્વત ધર્મવૃત્તિવાળા હોય છે. સંતો કલેશ પામતા નથી તેમ વ્યથા પણ ભોગવતા નથી. સંતોનો સંતો સાથેનો સમાગમ નિષ્ફળ જતો નથી. સંતોને સંતોનો ભય હોતો જ નથી. હે ધર્મરાજ ! સંતો જ સત્ય વડે સૂર્યને ગતિમાન કરે છે, સંતો જ તપ વડે ધરતીને ધારણ કરે છે. અને સંતો જ

ભૂત તથા ભવિષ્યના આધારરૂપ છે. માટે જ સંતો વચ્ચે રહેતાં દુઃખ પામતા નથી. સંતો પરોપકાર કરતી વખતે વળતા ઉપકાર તરફ દૃષ્ટિ રાખતા નથી. સત્પુરુષોની કૃપા કદી નિષ્ફળ જતી નથી. કૃપા, ધન તથા માન એ ત્રણ સાધુપુરુષોમાં નિત્ય રહેલાં છે. આથી જ સંતો રક્ષણ કરનારા હોય છે.

યમદેવ : હે પતિવ્રતા ! તું જેમ જેમ ધર્મયુક્ત, મનોરમ, સુંદર પદવાળું અને મહાન અર્થવાળું સંભાષણ કરે છે તેમ તેમ મને તારે માટે પ્રેમ થાય છે. આથી તું અન્ય અનુપમ વરદાન માગી લે.

સાવિત્રી : તમે મને પુત્રફળની પ્રાપ્તિ રૂપી વરદાન આપ્યું છે પણ જેમ અન્ય પુરુષથી સ્ત્રીને પુત્રપ્રાપ્તિ થાય તે પુણ્યહીન છે. મેં તો સત્યવાનથી મને પુત્રપ્રાપ્તિ થાય એવું વરદાન માંગ્યું છે. એથી હું વરદાન માંગું છું કે સત્યવાન જીવતા થાય. પતિ વિના હું તો મરેલી જ છું. સ્વામીના વિના મને સ્વર્ગની કામના નથી. સુખની કામના કરતી નથી, જીવવાની સ્પૃહા નથી રાખતી. એકવાર તમે મને સો પુત્રોનું વરદાન આપ્યું છે અને છતાં તમે જ મારા સ્વામીને લઇ જાવ છો ! હું વરદાન માગું છું કે સત્યવાન જીવંત બને અને તમારું વચન સત્ય ઠરે.

સાવિત્રીની વાણીને સાંભળીને યમદેવે તથાસ્તુ કહીને પોતાના પાશને છોડી દીધો અને પ્રસન્ન મનથી સાવિત્રીને જણાવ્યું કે ભદ્ર ! મેં તારા ભર્તાને મુક્ત કર્યો છે. તું એ નીરોગીને લઇને પાછી જા એટલે મારું આપેલું તે વરદાન સિદ્ધ થશે. સત્યવાન તારી સાથે ચારસો વર્ષનું આયુષ્ય ભોગવશે. યજ્ઞોના અનુષ્ઠાનો કરીને ધર્માનુચરણથી લોકમાં ખ્યાતિ પામશે. વળી તારા દ્વારા સો પુત્રોને પેદા કરશે. એ સર્વ રાજાઓ થશે. પુત્રો ને પૌત્રવાળા બનશે. અને તારા નામની આ લોકમાં સનાતન કાળ સુધી પ્રખ્યાતિ પામશે. તારી માતા માલવીને તારા પિતાથી સો પુત્રો થશે. તેઓ પુત્ર પૌત્રાદિરૂપે અખંડ સંતતિ પરંપરા ચાલુ રાખશે અને માલવને નામે પ્રસિદ્ધ થશે.

આ પ્રમાણે વરદાનો આપીને ધર્મરાજે સાવિત્રીને પાછી વાળી અને પોતે પોતાના ભવને ગયા. યમરાજના ગયા પછી સાવિત્રી પણ પોતાના પતિના પ્રાણને પામીને પોતાના પતિના મૃત ખોળિયા પાસે પહોંચી ગઇ. તેના મસ્તકને ખોળામાં મૂકીને જમીન ઉપર બેઠી. એવામાં સત્યવાનને ફરી ચૈતન્ય આવ્યું. જાણે પ્રવાસેથી પાછો આવ્યો હોય તેમ તે પ્રેમપૂર્વક સાવિત્રી તરફ વારંવાર જોઇ રહ્યો અને કહેવા લાગ્યો કે બહું વારથી સૂઇ રહ્યો હતો. તેં મને શા માટે ના જગાડ્યો ? પેલો શ્યામ પુરુષ મને ખેંચી જતો હતો તે હવે ક્યાં ગયો ?

સાવિત્રીએ સ્પષ્ટીકરણ કર્યું કે પ્રજાના નિયંતા ભગવાન યમદેવ ચાલ્યા ગયા છે. તમે નિદ્રામુક્ત થયા છો.

પછી જાગૃતિ આવતાં સત્યવાન સુખે સૂતેલા માણસની જેમ ઊભો થયો.

સાવિત્રીએ ઊઠીને પોતાનો અંબોડો વાળી લીધો અને સત્યવાનને બે હાથની મદદથી બેઠો કર્યો.

એ બંને ખૂબ જ મોડું થયું હોવાથી આશ્રમ તરફ ઉતાવળે પગલે ચાલવા લાગ્યાં.

એ જ સમયે મહાબળવાન દ્યુમત્સેનને ફરી દૃષ્ટિ મળી.

સાવિત્રી સત્યવાન સાથે પાછી આવી એ જોઇને સૌને આનંદ થયો.

સાવિત્રીના શ્રીમુખથી સત્યવાનના પુનર્જીવનની અને યમદેવ દ્વારા અપાયલાં અન્ય વરદાનોની વાત સાંભળીને સૌ આશ્ચર્યચકિત બની ગયાં. સૌએ સાવિત્રીનું સાદર સન્માન કર્યું.

દ્યુમત્સેનને ખોવાયેલું રાજ્ય અનાયાસે પાછું મળ્યું. એના રાજ્ય પર અધિકાર કરનારા રાજાને મંત્રીએ મારી નાખ્યો અને પ્રધાનમંડળે એને રાજા બનાવવાનો નિર્ણય કર્યો.

સત્યવાનનો યુવરાજપદે અભિષેક થયો.

બીજાં બધાં વરદાનો સમય પર સફળ થયાં.

એવી રીતે સાવિત્રીએ સૌનો સમુદ્ધાર કર્યો.

સાવિત્રીનું આખ્યાન અસાધારણ આત્મશ્રદ્ધા અને પરમાત્માની શ્રદ્ધાનું આખ્યાન છે. શીલ, સંયમ, સત્યપરાયણતાનું આખ્યાન છે. એક સદધર્મપરાયણ પતિવ્રતા સન્નારી કેવો ચમત્કાર કરી શકે છે, યમદેવને પ્રસન્ન કરીને મૃત્યુને પણ પાછું હઠાવી શકે છે, એવો પરમપ્રેરક પ્રેરણાસુર એ આખ્યાનમાં સમાયેલો છે. સ્ત્રી અબલા નથી, સબલા છે, નારાયણી છે, નારાયણી હતી, એની પ્રતીતિ એવી કલ્યાણકારક કથાઓ પરથી સહેલાઇથી થઇ રહે છે. એવી પ્રતીતિ દ્વારા તત્કાલીન ભારતીય સંસ્કૃતિ પ્રત્યે તથા તેની પ્રતિનિધિ સમી સ્ત્રી જાતિને માટે માન પેદા થાય છે. સ્ત્રી સમુદ્ધારિણી બની શકે છે એવો વિશ્વાસ વધે છે.

સાવિત્રીના આખ્યાનની ફળશ્રુતિને દર્શાવતાં મહાભારતકારે લખ્યું છે કે જે મનુષ્ય આ સર્વોત્તમ સાવિત્રી-આખ્યાનને સંપૂર્ણ ભક્તિ સહિત સાંભળશે તે પરમ સુખી થશે, તેના મનોરથો સિદ્ધ થશે, અને તેને દુઃખ આવશે જ નહિ. આપણે એના અનુસંધાનમાં જણાવીશું કે સાવિત્રીનું આખ્યાન મંદ પડેલી કે મરી પરવારેલી આત્મશ્રદ્ધાને એનો આત્મિક ચેતનાને જાગ્રત કરશે, નવપલ્લવિત બનાવશે, સ્ત્રીને પોતાના સ્વધર્મમાં પ્રેરશે, શીલવંતી કરશે, અને પુરુષના હાથની વિલાસપૂતળી બનાવવાને બદલે સાચી સહધર્મચારિણી બનાવીને અન્યને સુખ-શાંતિ-સમૃદ્ધિથી સંપન્ન અને અમૃતમય બનાવવાનું પરિબળ પૂરું પાડશે. એ જ એની સાચી ફળશ્રુતિ.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૧૧. દાનેશ્વરી કર્ણ

કુંતીપુત્ર કર્ણ મહાભારતકાળનો મહાન દાનેશ્વરી હતો.

એની સાથે સરખામણી કરી શકાય એવું દાનના ક્ષેત્રે બીજું કોઇ જ ન હતું.

સામાન્ય રીતે દાન આપનારાના સંબંધમાં એવું દેખાય છે કે તે બીજાને દાન આપે છે ખરા પરંતુ પોતાની સુરક્ષાનો વિચાર કરીને, એ સુરક્ષાને અલ્પ પણ આંચ ના આવે એવી રીતે, દાન કરે છે. પોતાના જીવનસર્વસ્વનું દાન કરનાર અને એ દાન પોતાને માટે હાનિકારક છે એવું જાણ્યા પછી પણ સંકલ્પાનુસાર દાન કરનાર જવલ્લે જ જડતા હોય છે. કર્ણની ગણના એવા અતિવિરલ અપવાદરૂપ દાનેશ્વરી મહાપુરુષોમાં કરાતી.

મહાભારતના નિર્દેશનુસાર એને જન્મની સાથે જ જે કવચ તથા કુંડળ પ્રાપ્ત થયેલાં તે એને જીવાદોરી સમાન હતાં. એ કવચ તથા કુંડળને લીધે એ યુદ્ધમાં અજેય હતો. છતાં પણ દાન આપવાના સત્ય સંકલ્પ વચનને વળગી રહીને દાનને લેનારના પ્રયોજનની પૂર્વમાહિતી મળવા છતાં એણે દાન આપી દીધું.

કર્ણની અસાધારણ દાનપ્રિયતાની એ કથાને મહાભારતના વનપર્વના વર્ણનાનુસાર વિચારી લઇએ. પાંડવોને વનવાસનાં બાર વર્ષ પૂરાં થયાં અને તેરમું વર્ષ બેઠું ત્યારે પાંડુનંદનોના હિતકારી ઇન્દ્ર કર્ણ પાસે ભિક્ષા માગવાને તૈયાર થયા.

ઇન્દ્રના એ વિચારને જાણી જઇને પ્રકાશરૂપી ધનવાળા સૂર્યદેવ કર્ણની પાસે પહોંચ્યા.

તે સમયે વીર, બ્રાહ્મણભક્ત, સત્યવાદી કર્ણ ઉત્તમ પ્રકારના બિછાનાવાળી મહામૂલ્યવાન શય્યામાં નિશ્ચિંતપણે સૂતો હતો. સૂર્યે તેને રાતે સ્વપ્નમાં દર્શન આપ્યાં. યોગની સમૃદ્ધિથી અનેક રૂપને ધારણ કરનારા સૂર્યે પરમકૃપાથી યુક્ત થઇને તથા પુત્ર પ્રત્યેના સ્નેહને લીધે વેદવેત્તા બ્રાહ્મણનું રૂપ લીધું અને કર્ણના હિતાર્થે તેને કહેવા માંડયું કે પાંડવોનું હિત કરવાની ઇચ્છાથી ઇન્દ્ર તારાં કુંડળ લઇ લેવા માટે બ્રાહ્મણના વેશે તારી પાસે આવશે તે તથા સમસ્ત જગત તારા સ્વભાવને જાણે છે કે સત્પુરુષો તારી પાસે ભિક્ષા માગે એટલે તું તેમને તે આપે જ છે. અને કોઇની પાસે તું યાચના કરતો નથી. તારી પાસેથી બ્રાહ્મણો ધન કે બીજું જે કાંઇ માગે છે તે તું તેમને આપે જ છે. તું કોઇને પણ પાછો કાઢતો નથી. તારા એ શીલને જાણીને ઇન્દ્ર પોતે જ તારી પાસે કવચ અને કુંડળની ભિક્ષા માગવા માટે આવનાર છે. ઇન્દ્ર યાચના કરે તો પણ તું તેને કુંડળો આપીશ નહીં. તું એને સમજાવી લેજે. એમ કરવામાં જ તારું પરમકલ્યાણ રહેલું છે. કુંડળ મેળવવા ઇચ્છતા પુરન્દરને તારે રત્નો, સ્ત્રીઓ, ગાયો અને વિવિધ પ્રકારનાં દ્રવ્યોથી તેમજ અનેક દાખલા દલીલોથી અટકાવવો અને કુંડળો આપવાં નહીં. તું જો જન્મ સાથે સાંપડેલાં એ કલ્યાણકારક કુંડળોને આપી દેશે તો તારું આયુષ્ય ક્ષીણ થશે અને તું મૃત્યુને અધીન થઇશ. તું જ્યાં સુધી કવચ અને કુંડળથી સંયુક્ત છે ત્યાં સુધી રિપુઓ તને રણમાં મારી શકે એમ નથી. એ બંને રત્નકુંડળો અમૃતમાંથી ઉદભવ્યા છે તેથી તને જો જીવન પ્રિય હોય તો એમનું રક્ષણ કરજે.

હું સહસ્ત્રકિરણ સૂર્ય છું. આ હું તને સ્નેહથી કહું છું. માટે મારાં વચનો અનુસાર કર એમાં જ તારું પરમકલ્યાણ છે.

કર્ણે કહ્યું કે હું જો આપને પ્રિય હોઉં તો આપ મને આ વ્રત પાળતાં અટકાવશો નહિ. ઇન્દ્ર જો પાંડુપુત્રોના હિતાર્થે બ્રાહ્મણનો વેશ લઇને મારી પાસે ભિક્ષા માગવા આવશે તો હું તેને મારાં કવચ તથા ઉત્તમ કુંડળો આપી દઇશ. એટલે ત્રણે લોકમાં પ્રસિદ્ધ થયેલી મારી કીર્તી નાશ પામશે નહીં. અપયશને આપનારા કર્મને કરીને પ્રાણરક્ષણ કરવું એ મારા જેવાને માટે યોગ્ય નથી. મારા જેવાને માટે તો યશવાળું અને લોકમાન્ય મરણ જ યોગ્ય છે.

મનુષ્યને માટે કીર્તિ જ આયુષ્ય છે. આથી હું શરીર સાથે મળેલાં એ કવચ તથા કુંડળો આપીને અક્ષય કીર્તિ સંપાદન કરીશ.

સૂર્યે જણાવ્યું કે તું જો કુંડળોથી યુક્ત હશે તો અર્જુન તને સંગ્રામમાં જીતી નહીં શકે. પછી ભલેને ઇન્દ્ર પોતે એનો સહાયક થયો હોય. તું જો રણમાં જીતવા ઇચ્છતો હોય તો તારે આ શુભ કુંડળો ઇન્દ્રને ના આપવાં.

કર્ણે કહ્યું કે આપ જાણો છો તેમ હું આપ ભગવાનનો ભક્ત છું. ભક્તિ વડે તમે મને જેવા પ્રિય છો તેવાં પત્ની, પુત્રો, સ્નેહી સંબંધીઓ અને મારો દેહ પણ મને પ્રિય નથી. હું જેટલો અસત્યથી ડરૂં છું તેટલો મૃત્યુથી ડરતો નથી. તમે મને પાંડુપુત્ર અર્જુનના સંબંધમાં કહ્યું છે પણ અર્જુન તરફથી મને થનારા ભય વિશે તમારા મનમાં જે સંતાપજનક દુઃખ છે તે દૂર થાવ. હું સંગ્રામમાં અર્જુનને જીતીશ જ. મેં જમદગ્નિપુત્ર પરશુરામ પાસેથી તથા મહાત્મા દ્રોણ પાસેથી અસ્ત્રવિદ્યા મેળવી છે. મારા તે મહાન અસ્ત્રબળને તમે જાણો છો.

કર્ણની દ્રઢતાને નિહાળીને અન્ય વિકલ્પ ના રહેતાં સૂર્યે જણાવ્યું કે જ્યાં સુધી એ કુંડળો તારી સાથે છે ત્યાં સુધી તું સર્વ પ્રણીઓથી અવધ્ય છે. આથી અર્જુનના હાથે તારો રણમાં વિનાશ થાય એટલા માટે ઇન્દ્ર તારાં કુંડળોને લઇ લેવા ઇચ્છે છે. આથી તું પણ તેમને કહેજે કે તમે મને શત્રુનો નાશ કરનારી અમોઘ શક્તિ આપો એટલે હું તમને એ કુંડળો અને ઉત્તમ કવચ આપીશ. તું એ શક્તિથી રણમાં રિપુઓને રોળી નાખી શકીશ. દેવરાજની એ શક્તિ સેંકડો અને હજારો શત્રુઓને હણ્યા વિના પાછી હાથમાં આવતી નથી.

એ પ્રમાણે કહીને સૂર્ય એકાએક અંતર્ધાન થઇ ગયા.

°

એ ઘટના પછી એક દિવસ દેવરાજ ઇન્દ્ર બ્રાહ્મણનો વેશ ધારણ કરીને કર્ણની પાસે પહોંચી ગયો.

કર્ણે ઇન્દ્રને દાન આપવાની તૈયારી બતાવતાં પૂછયું કે તમને સુવર્ણની કંઠીવાળી પ્રમદાઓ, ગાયો, અથવા ગોકુલો આપું ?

ઇન્દ્રે એના પ્રશ્નના પ્રત્યુત્તરમાં જણાવ્યું કે તમે જો સત્યવ્રતી હો તો તમારી કાયા પરનાં કવચ કુંડળ ઉતારીને મને અર્પણ કરો. મારે એના વિના બીજી કોઇ જ વસ્તુની ઇચ્છા નથી.

ઇન્દ્રના છૂપા વેશને ઓળખતાં કર્ણને વાર ના લાગી. એને સૂર્યનારાયણના શબ્દોની સ્મૃતિ થઇ. એણે જણાવ્યું કે પૃથ્વી, પ્રમદાઓ, ગાયો અને અનેક વરસો સુધી આજીવિકા ચાલે એવી જાગીરનું દાન દેવા માટે હું તૈયાર છું. તમે મારાં કવચ-કુંડળના બદલામાં તેમને માગી શકો છો. મારાં આ કવચ-કુંડળ જન્મની સાથે

જ આવેલાં છે અને અમૃતમાંથી પ્રાદુર્ભાવ પામ્યાં છે. એમને લીધે હું અહર્નિશ અવધ્ય છું. એથી હું એમનો ત્યાગ કરી શકું નહીં. એમનાથી અલગ થઇશ તો મારા શત્રુઓ મારો નાશ કરી નાખશે.

એટલા સ્પષ્ટીકરણ પછી પણ ઇન્દ્રે કવચ કુંડળ માટેની માગણી ચાલુ રાખી ત્યારે કર્ણે કહ્યું કે મેં તમને આરંભથી જ ઓળખી લીધા છે. હું તમને મિથ્યા વરદાન આપું એ શક્ય નથી તથા ન્યાયોચિત પણ નથી. તમે સાક્ષાત્ દેવરાજ છો, અન્ય પ્રાણીઓના ઇશ્વર અને ભૂતોના સર્જક છો. તેથી તમારે મને વરદાન આપવું જોઇએ. તમે મને તમારી અમોઘ શક્તિ આપો તો તેના બદલામાં હું તમને મારાં કવચકુંડળ આપી શકીશ.

ઇન્દ્રે સહેજ વિચાર કરીને કહ્યું કે તારાં કવચકુંડળના બદલામાં હું તને મારી અમોઘ શક્તિ આપું છું. એ અમોઘ શક્તિ સેંકડો શત્રુઓના સંહાર પછી જ મારી પાસે પાછી આવે છે. એ શક્તિ તારી સાથે લડનારા એક તેજસ્વી શત્રુને મારીને ફરી પાછી મારી પાસે પહોંચી જશે. તું જેને મારવાને ઇચ્છે છે તેનું તો વેદવેત્તાઓ જેમને વરાહ, અપરાજિત, નારાયણ અને અચિંત્ય કહે છે તે કૃષ્ણ પોતે રક્ષણ કરી રહ્યા છે.

કર્ણે કવચ કુંડળને કાઢવાથી પોતાની કાયામાં કોઇ પ્રકારની કુરૂપતા કે બિભત્સતા આવે નહીં એવી કરેલી માગણીને ઇન્દ્રે માન્ય રાખીને જણાવ્યું કે તારી કાયા કુરૂપ નહિ બને તેમજ તેમાં જખમ પણ નહિ રહે. તને તારા પિતાના જેવા જ વર્ણની તથા તેજની પ્રાપ્તિ થશે. તારી પાસે બીજાં શસ્ત્રો હશે અને તને વિજયની શંકા નહિ હોય ત્યારે પણ પ્રમાદવશ એ શક્તિ છોડશે તો તે શત્રુને બદલે તારા પર જ તૂટી પડશે.

ઇન્દ્રે કર્ણને એની અમોઘ શક્તિ અર્પણ કરી.

કર્ણે સુતીક્ષ્ણ શસ્ત્રની મદદથી કવચકુંડળને ઉતારી આપ્યાં.

એની ઉપર અંતરીક્ષમાંથી પુષ્પવૃષ્ટિ થઇ.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧૨. યક્ષ અને યુધિષ્ઠિર

યુધિષ્ઠિરે પોતાના પ્રિય બંધુઓ સાથે કામ્યક વનનો ત્યાગ કરીને પરમ રમણીય દ્વૈતવનમાં પુનઃ પ્રવેશ કર્યો.

એ રમ્ય વનમાં અસંખ્ય વિવિધ વૃક્ષો તથા સ્વાદિષ્ટ ફોરમવંતા ફળફૂલ અને મૂળ હતાં.

એ પરમ રમણીય વિશાળ વનમાં પાંડવો દ્રૌપદી સાથે રહેવા માંડયા ત્યારે તેમને માટે એક આકરી કસોટી કરનારી કલેશકારક ઘટના બની.

એ ઘટના રોચક તથા બોધપ્રદ હોવાથી વર્ણવી લઇએ.

કોઇક ધર્મકર્મપરાયણ તપસ્વી બ્રાહ્મણે એ વિશાળ વનના વૃક્ષ પર અગ્નિને ઉત્પન્ન કરવાનાં અરણીપાત્ર તથા મથનદંડ રાખેલાં તે વૃક્ષની સાથે માથું ઘસતા કોઇ હરણના શિંગડામાં ભરાઇ જવાથી, તે હરણ એ સાધનો સાથે કૂદતું કૂદતું અતિશય વેગપૂર્વક ભયભીત બનીને આશ્રમથી દૂર નીકળી ગયું.

હરણને યજ્ઞસાધનોનું હરણ કરતું જોઇને અગ્નિહોત્રના રક્ષણની ઇચ્છાથી પ્રેરાઇને પેલો બ્રાહ્મણ ત્યાં દોડી આવ્યો.

એણે પોતાના જીવનમાં આવી પડેલી એ અસાધારણ આપત્તિ સમયે શક્ય તેટલી સઘળી સહાયતા પહોંચાડવા માટે ધર્મરાજ યુધિષ્ઠિરને કાકલૂદીભરી પ્રાર્થના કરી.

એ પ્રાર્થનાને લક્ષ્યમાં લઇને યુધિષ્ઠિર અન્ય પાંડવો સાથે ધનુષબાણને લઇને એ હરણ પાછળ પડયા.

એમણે અરણ્યમાં દોડી રહેલા એ હરણને વિવિધ પ્રકારનાં બાણો મારીને પકડવાનો કે બાંધવાનો પ્રયત્ન કર્યો પરંતુ તે પ્રયત્ન વ્યર્થ ગયો.

હરણ એકાંત અરણ્યમાં આગળ ને આગળ દોડતું છેવટે અદૃશ્ય થઇ ગયું.

ક્ષુધા તૃષાથી ઘેરાયલા, પરિશ્રમથી પીડાયલા, પાંડવો પોતાનો પરિશ્રમ નિષ્ફળ ગયો છે એવા નિરાશાજનક અનુભવની અસર નીચે આવીને, એ વિશાળ ગહન વનમાં એક વિપુલ વટવૃક્ષની શીળી છાયામાં બેસી ગયા.

યુધિષ્ઠિરે નકુલને વૃક્ષ પર ચઢીને નજીકમાં કયાંય જલાશય દેખાય અથવા જળનો આશ્રય લઇને વિસ્તરેલાં વૃક્ષો દેખાય તો તપાસ કરવાનો આદેશ આપ્યો, એટલે નકુલે વૃક્ષ પર ચઢીને ચારે તરફ અવલોકીને યુધિષ્ઠિરને જણાવ્યું કે મને વિશાળ જલાશયની નજીકમાં અસંખ્ય વૃક્ષો દેખાય છે. ત્યાં સારસ પક્ષીઓના સ્વર પણ છૂટતા સંભળાય છે. એથી ત્યાં પાણી હોવું જ જોઇએ એવું ચોક્કસ અનુમાન કરી શકું છું.

યુધિષ્ઠિરે એને ત્યાં પહોંચીને પાણી પીને સૌને માટે પાણી લાવવાનું કામ સોંપ્યું.

એમના આદેશને અનુસરીને નકુલ જલાશયની દિશામાં દોડયો ને જોતજોતામાં અસાધારણ અનોખા ઉત્સાહપૂર્વક જલાશય પાસે પહોંચી ગયો.

સારસ પક્ષીઓથી સુશોભિત શુદ્ધ સુંદર જલાશયને નિહાળીને પરમ પ્રસન્નતા તથા સંતોષપૂર્વક એણે એની પાસે પહોંચીને એના પાણીને પીવાની ઇચ્છા કરી. એજ વખતે એકાએક આકાશવાણી સંભળાઇ. એ આકાશવાણી એક યક્ષની હતી. એની દ્વારા એને કહેવામાં આવ્યું કે તું સાહસ ના કરીશ. મેં પ્રથમથી જ એક નિયમ કર્યો છે કે મારા પ્રશ્નોના ઉત્તરો આપશે તે જ આ જલાશયના પાણીને પી શકશે.

નકુલે એ વાણીને લક્ષમાં લીધા સિવાય પાણીની તરસ લાગી હોવાથી પાણી પીવાનું પ્રારંભ્યું. પરિણામે તે પાણીને પીતાવેંત જ ધરતી પર ઢળી પડયો.

પાણી પાણીને ઠેકાણે રહ્યું.

નકુલને પાણી લઇને પાછા ફરતાં ધાર્યા કરતાં ઘણો વધારે વિલંબ થયો એટલે યુધિષ્ઠિરને સ્વાભાવિક રીતે જ ચિંતા થઇ.

એમણે સહદેવને નકુલની તપાસ કરવા અને એની સાથે શક્ય હોય તો પાણી લઇને પાછા ફરવા જણાવ્યું.

સહદેવે અરણ્યમાં આગળ વધતાં જળાશય પાસે પહોંચીને નકુલના શરીરને ધરતી પર ઢળી પડેલું જોયું અને અસાધારણ સંવેદન અનુભવ્યું.

એણે પાણી પીવાની તૈયારી કરી ત્યાં જ એકાએક પેલી આકાશવાણી થઇ.

એને નગણ્ય સમજીને એણે પાણી પીધું તો તે જ વખતે એનું શરીર અચેતન બનીને ધરતી પર ઢળી પડયું.

એ પછી આવ્યો અર્જુનનો વારો. યુધિષ્ઠિરની આજ્ઞાને શિરોધાર્ય ગણીને વિદ્રના વિજેતા અર્જુને ધનુષબાણ તથા તલવાર સાથે વનમાં પ્રયાણ કર્યું.

જલાશય પાસે મૃતાવસ્થામાં પડેલા પોતાના બંને બંધુઓને નિહાળીને એને ખૂબ જ દુઃખ થયું.

એને પણ આકાશવાણીનો એવો જ અનુભવ થયો ત્યારે એણે જણાવ્યું કે તું મારી આગળ પ્રત્યક્ષ થા તો મારાં તીક્ષ્ણ બાણોથી તારા ટુકડા કરી નાખું.

એણે અસ્ત્રવિદ્યાથી મંત્રેલા બાણોની ચારે તરફ વર્ષા વરસાવી. તો પણ યક્ષે સહેજ પણ ગભરાયા વિના એને આકાશવાણી દ્વારા કહ્યું કે તારાં બાણોનો મારા પર કશો જ પ્રભાવ નથી પડતો. તારે પાણી પીવું હોય તો આ પ્રકારના કોઇ જ બળ પ્રદર્શનની આવશ્યકતા નથી. મારા પ્રશ્નોના પ્રત્યુત્તર પ્રદાન કર્યા સિવાય જો તું આ પવિત્ર જલાશયનું પાણી પીશે તો તારી દશા પણ તારા બંધુઓ જેવી જ થશે.

પરંતુ એ અકળ અદભુત આકાશવાણીને અગત્ય ના આપીને અર્જુને અહંકારવશ થઇને પાણીને પીવાનો પ્રારંભ કર્યો. એ જ વખતે એનું શરીર આકાશવાણીના નિર્દેશાનુસાર ધરતી પર ઢળી પડયું.

યુધિષ્ઠિરની સૂચનાને અનુસરીને એ ત્રણે ભાઇઓની શોધમાં ગયેલા અને જલાશય પાસે પહોંચેલા ભીમસેનની પણ એવી જ દશા થઇ.

હવે યુધિષ્ઠિરને એમની માહિતી મેળવવા માટે ગયા સિવાય છૂટકો ના થયો.

યુધિષ્ઠિર કનકવર્ણી કુસુમોથી કમનીય, કમળપંક્તિથી વિભૂષિત સરવર પાસે પહોંચી ગયા.

ઇન્દ્રના જેવા ગૌરવવાળા પોતાના ભાઇઓને એના શાંત તટપ્રદેશ પર અચેતાવસ્થામાં પડેલા જોઇને એ અતિશય દુઃખી થયા. અને ચિંતામગ્ન બનીને વિવિધ પ્રકારે વિલાપ કરવા લાગ્યા.

એમણે સહેજ સ્વસ્થ થઇને સરોવરમાં પ્રવેશીને પાણી પીવાનો વિચાર કર્યો ત્યારે પાછી એ જ આકાશવાણી સાંભળવા મળી.

એને સાંભળીને યુધિષ્ઠિરે જણાવ્યું કે તમે પ્રથમથી અધિકારમાં લીધેલા પાણીની હું ઇચ્છા કરતો નથી. હું મારી બુદ્ધિ પ્રમાણે તમારા પ્રશ્નોના પ્રત્યુત્તરો પ્રદાન કરવાનો પ્રયાસ કરીશ. માટે તમે મને જે પૂછવું હોય તે પૂછી શકો છો.

એવી રીતે યક્ષ તથા યુધિષ્ઠિરનો સંવાદ શરૂ થયો.

એનો સારાંશ આ પ્રમાણે છે.

યક્ષ : આદિત્યને કોણ ઉદિત કરે છે ? એના આસપાસ કોણ છે ? એને કોણ અસ્ત પમાડે છે ? એ શામાં પ્રતિષ્ઠિત રહે છે ?

યુપધિષ્ઠિર : આદિત્યને બ્રહ્મ ઊંચે ઉદિત કરે છે. દેવો તેના સહાયકર્તા સાથીઓ છે. ધર્મ તેને અસ્ત પમાડે છે. અને સત્યના આધારે તે પ્રતિષ્ઠિત રહે છે.

યક્ષ : શાનાથી મનુષ્ય શ્રોત્રિય થાય છે ? શાનાથી તેને મહત્પ્રાપ્તિ થાય છે ? શાથી તે સહાયવાન થાય છે ? અને શાથી તે બુદ્ધિમાન બને છે ?

યુધિષ્ઠિર : વેદાધ્યાનથી મનુષ્ય શ્રોત્રિય થાય છે; તપથી તેને મહત્પ્રાપ્તિ થાય છે; ધૃતિથી તે સહાયવાન થાય છે અને વૃદ્ધોની સેવાથી બુદ્ધિમાન બને છે.

યક્ષ : બ્રાહ્મણોનું દેવત્વ શું છે ? તેમનામાં સત્પુરુષોના જેવો ધર્મ શો છે ? તેમનામાં મનુષ્યભાવ શો છે ? અને તેમનામાં દુર્જનોના જેવું આચરણ શું છે ?

યુધિષ્ઠિર : વેદોનો સ્વાધ્યાય એ બ્રહ્મણોનું દેવત્વ છે. તપસ્યા તેમનામાં સત્પુરુષોના જેવો ધર્મ છે. મરણ તેમનામાં મનુષ્યભાવ છે, અને નિંદા તેમનામાં દુર્જનોના જેવું આચરણ છે.

યક્ષ : ક્ષત્રિયોમાં દેવત્વ શું છે ? તેમનામાં સત્પુરુષોના જેવો ધર્મ કયો છે ? તેમનામાં મનુષ્યભાવ શો છે ? અને તેમનામાં દુર્જનોના જેવું આચરણ શું છે ?

યુધિષ્ઠિર : બાણ અને અસ્ત્રોનું ધારણ એ ક્ષત્રિયોમાં દેવત્વ છે. યજ્ઞ એ તેમનામાં સત્પુરુષોના જેવો ધર્મ છે. ભય તેમનામાં મનુષ્યભાવ છે અને શરણાગતનો ત્યાગ કરવો એ તેમનામાં દુર્જનોના જેવું આચરણ છે.

યક્ષ : આવપન (વાવણી) કરનારાઓને શી વસ્તુ શ્રેષ્ઠ છે ? નિવાપન (રોપણી) કરનારાઓને શી વસ્તુ ઉત્તમ છે ? પ્રતચિષ્ઠા ઇચ્છનારાઓને કઇ વસ્તુ શ્રેષ્ઠ છે ? અને પ્રજોત્પાદન કરનારાઓને કંઇ વસ્તુ ઉત્તમ છે ?

યુધિષ્ઠિર : આવપન કરનારાઓને વૃષ્ટિ શ્રેષ્ઠ છે; નિવાપન કરનારાઓને પુત્ર ઉત્તમ છે; પ્રતિષ્ઠા ઇચ્છનારાઓને ગાયો શ્રેષ્ઠ છે; અને પ્રજોત્પાદન કરનારાઓને પુત્ર ઉત્તમ છે.

યક્ષ : ઇન્દ્રિયોના વિષયોને અનુભવતો, બુદ્ધિમાન લોકથી પૂજાયેલો અને સર્વ પ્રાણીઓમાં માન પામેલો એવો કયો મનુષ્ય જીવતો છતાં મરેલો છે ?

યુધિષ્ઠિર : જે મનુષ્ય દેવ, અતિથિ, પોષ્યવર્ગ, પિતૃઓ અને પોતાનો પંડ એ પાંચને કાંઇ જ આપતો નથી તે જીવતો છતાં મરેલો છે.

યક્ષ : કોણ પૃથ્વી કરતાં પણ વિશેષ ભારે છે ? કોણ આકાશ કરતાં પણ વધારે ઉચ્ચ છે ? કોણ વાયુ કરતાં પણ વિશેષ શીઘ્ર છે ? કોણ તરણા કરતાં પણ વધારે તુચ્છ છે ?

યુધિષ્ઠિર : માતા પૃથ્વી કરતાં પણ વિશેષ ભારે છે. પિતા આકાશ કરતાં પણ વધારે ઉચ્ચ છે મન વાયુ કરતાં પણ વિશેષ શીઘ્ર છે. ચિંતા તરણા કરતાં પણ વધારે તુચ્છ છે.

યક્ષ : સૂતા છતાં પણ કોણ આંખ મીંચતું નથી ? જન્મ્યા પછી કોણ હલનચલન કરતું નથી ? કોને હૃદય હોતું નથી ? અને કોણ વેગથી વૃદ્ધિ પામે છે ?

યુધિષ્ઠિર : માછલા સૂતા છતાં પણ આંખ મીંચતાં નથી. ઇંડુ જન્મ્યા છતાં પણ ચાલતું નથી. પથ્થરને હૃદય હોતું નથી. નદી વેગથી વૃદ્ધિ પામે છે.

યક્ષઃ પ્રવાસે નીકળેલાનો મિત્ર કોણ ? ઘરમાં વસેલાનો મિત્ર કોણ ? રોગીનો મિત્ર કોણ ? અને મરણની તૈયારીવાળાનો મિત્ર કોણ ?

યુધિષ્ઠિર : વેપારીઓનો સાથ એ પ્રવાસે નીકળેલાનો મિત્ર છે. ભાર્યા ઘરમાં વસેલાનો મિત્ર છે. વૈદ્ય રોગીનો મિત્ર છે અને દાન મરણની તૈયારીવાળાનો મિત્ર છે.

યક્ષ : ભૂતમાત્રનો અતિથિ કોણ છે ? સનાતન ધર્મ કયો છે ? અમૃત શું છે ? અને આ સર્વ જગત શું છે ?

યુધિષ્ઠિર : અગ્નિ ભૂતમાત્રનો અતિથિ છે. મોક્ષધર્મ સનાતન ધર્મ છે. ગાયનું દૂધ અમૃત છે. વાયુ સર્વ જગત છે.

યક્ષ : કોણ એકલો વિચરે છે ? કોણ જન્મીને પાછો જન્મે છે ? ટાઢનું ઓસડ શું છે ? અને મહાન ભંડાર કયો છે ?

યુધિષ્ઠિર : સૂર્ય એકલો વિચરે છે. ચંદ્રમા જન્મીને પાછો જન્મે છે, અગ્નિ ટાઢનું ઓસડ છે અને ભૂમિ મહાન ભંડાર છે.

યક્ષ : ધર્મનું સ્થાન કયું છે ? યશનું મુખ્ય સ્થાન શું છે ? સ્વર્ગનું મુખ્ય સ્થાન શું છે ? અને સુખનું મુખ્ય સ્થાન શું છે ?

યુધિષ્ઠિર : દક્ષતા ધર્મનું મુખ્ય સ્થાન છે. દાન યશનું મુખ્ય સ્થાન છે. સત્ય સ્વર્ગનું મુખ્ય સ્થાન છે. અને શીલ સુખનું મુખ્ય સ્થાન છે.

યક્ષ : મનુષ્યનો આત્મા કોણ છે ? તેનો દેવથી પ્રાપ્ત થયેલો મિત્ર કોણ છે ? તેનું જીવનસાધન શું છે ? તેનો પરમ આશ્રય શો છે ?

યુધિષ્ઠિર : પુત્ર મનુષ્યનો આત્મા છે. ભાર્યા તેનો દૈવકૃત મિત્ર છે. મેઘ તેનું જીવનસાધન છે. દાન તેનો પરમ આશ્રય છે.

યક્ષ : ધનપ્રાપ્તિમાં ઉત્તમ સાધન કયું છે ? ધનોમાં ઉત્તમ ધન કયું છે ? લાભોમાં ઉત્તમ લાભ કયો છે ? અને સુખોમાં ઉત્તમ સુખ શું છે ?

યુધિષ્ઠિર : દક્ષતા ધનપ્રાપ્તિમાં ઉત્તમ સાધન છે. વિદ્યા ધનોમાં ઉત્તમ ધન છે. આરોગ્ય લાભોમાં ઉત્તમ લાભ છે. સંતોષ સુખોમાં ઉત્તમ સુખ છે.

યક્ષ : આ લોકમાં પરમ ધર્મ કયો છે ? સદા ફલદાયી ધર્મ કયો છે ? શો નિયમ રાખવાથી મનુષ્યને શોક કરવો પડતો નથી ? અને કોની સાથેની સંગતિ નિષ્ફળ જતી નથી ?

યુધિષ્ઠિર : પ્રાણી માત્રને અભયદાન એ લોકમાં પરમધર્મ છે. ત્રયીધર્મી (વેદોક્તધર્મ) સદા ફલદાયી ધર્મ છે. મનોનિગ્રહ રાખવાથી મનુષ્યને શોક કરવો પડતો નથી અને સત્પુરુષો સાથેની સંગતિ નિષ્ફળ જતી નથી.

યક્ષ : શું ત્યાગવાથી મનુષ્ય પ્રિય થાય છે ? શું ત્યાગવાથી તેને શોક કરવો રહેતો નથી ? શું ત્યાગવાથી તે ધનવાન થાય છે ? અને શું ત્યાગવાથી સુખી બને છે ?

યુધિષ્ઠિર : માનને તજવાથી મનુષ્ય પ્રિય થાય છે. ક્રોધને તજવાથી તેને શોક કરવો રહેતો નથી. કામને તજવાથી તે ધનવાન થાય છે. લોભને તજવાથી સુખી બને છે.

યક્ષ : શા માટે બ્રાહ્મણને દાન આપવું ? શા કાજે નટ-નર્તકોને ધન આપવું ? શા માટે સેવકાદિને દ્રવ્ય આપવું ? શા કાજે રાજાઓને કર આપવા ?

યુધિષ્ઠિર : ધર્મને કાજે બ્રાહ્મણને દાન આપવું. યશને કાજે નટ-નર્તકોને ધન આપવું. ભરણપોષણને માટે સેવકાદિને દ્રવ્ય આપવું. ભયને માટે રાજાઓને કર આપવા.

યક્ષ : આ લોક શાથી ઢંકાયેલો છે, શાથી તે પ્રકાશતો નથી ? શા કારણે તે મિત્રોનો ત્યાગ કરે છે ? અને શા કારણે તે સ્વર્ગે જતો નથી ?

યુધિષ્ઠિર : અજ્ઞાનથી આ લોક ઢંકાયેલો છે. તમોગુણથી તે પ્રકાશતો નથી. લોભના કારણથી તે મિત્રોને ત્યજે છે. સંગને કારણે તે સ્વર્ગે જતો નથી.

યક્ષ : કયો પુરુષ મરેલો ગણાય ? કયું રાષ્ટ્ર મરેલું ગણાય ? કયું શ્રાદ્ધ મરેલું ગણાય ? અને કયો યજ્ઞ મરેલો કહેવાય ?

યુધિષ્ઠિર : દરિદ્ર પુરુષ મરેલો ગણાય. અરાજક રાષ્ટ્ર મરેલું ગણાય. વેદવેત્તા બ્રાહ્મણ વિનાનું શ્રાદ્ધ મરેલું ગણાય. દક્ષિણા વિનાનો યજ્ઞ મરેલો મનાય.

યક્ષ : દિશા કઇ છે ? જળ શાને કહ્યું છે ? અન્ન શું છે ? શ્રાદ્ધનો કાળ કયો ? આ પ્રશ્નોના ઉત્તર આપ અને પછી પાણી પી તથા લઇ જા.

યુધિષ્ઠિર : સંતો માર્ગદર્શક દિશા છે. આકાશને જળ કહ્યું છે. ગાય અન્ન ગણાય છે. યાચના વિષ છે અને શ્રાદ્ધનો કાળ બ્રાહ્મણ છે. અથવા હે યક્ષ, તમે શું માનો છો ?

યક્ષ : તપનું લક્ષણ શું ? દમ કોને કહ્યો છે ? ઉત્તમ ક્ષમા કયી છે ? કોને લજ્જા કહી છે ?

યુધિષ્ઠિર : સ્વધર્મનું વર્તન તપનું લક્ષણ કહ્યું છે. મનના દમનને દમ કહ્યો છે. સુખદુઃખાદિ દ્વન્દ્વોને સહન કરવા એને ઉત્તમ ક્ષમા કહી છે. અકાર્યથી અટકવું એને લજ્જા કહી છે.

યક્ષ : કોને જ્ઞાન કહ્યું છે ? શાને શમ કહ્યો છે ? શાને પરમદયા કહી છે ? અને શાને આર્જવ કહ્યું છે?

યુધિષ્ઠિર : તત્વાર્થનો સારી રીતે બોધ એને જ્ઞાન કહ્યું છે. ચિત્તની પ્રશાંતતાને શમ કહ્યો છે. ભૂતમાત્રના સુખની ઇચ્છાને પરમ દયા કહી છે. ચિત્તની સમતાને આર્જવ કહ્યું છે.

યક્ષ : મનુષ્યને કયો શત્રુ દુર્જય છે ? કયો વ્યાધિ અંતકારી છે ? કોને સાધુ કહ્યો છે ? કોને અસાધુ ગણ્યો છે ?

યુધિષ્ઠિર : મનુષ્યને માટે ક્રોધ દુર્જય શત્રુ છે લોભ અંતકારી વ્યાધિ છે. પ્રાણીમાત્રના હિતમાં રહેનારને સાધુ કહ્યો છે. અને નિર્દય પુરુષને અસાધુ ગણ્યો છે.

યક્ષ : કોને મોહ કહ્યો છે ? કોને માન કહ્યું છે ? કોને આળસ કહેવાય ? અને કોને શોક કહ્યો છે ?

યુધિષ્ઠિર : ધર્મ વિશેના અજ્ઞાનને મોહ કહ્યો છે. આત્માભિમાનને માન કહ્યું છે. ધર્મમાં નિષ્ક્રિય રહેવું એને જ આળસ કહે છે. અજ્ઞાનને શોક સમજે છે.

યક્ષ : ઋષિઓએ શાને સ્થૈર્ય કહ્યું છે ? ધૈર્ય કહ્યું છે ? ઉત્તમ સ્નાન કયું કહ્યું છે ? કોને લોકમાં દાન કહે છે ?

યુધિષ્ઠિર : સ્વધર્મમાં સ્થિરતાને ઋષિઓએ સ્થૈર્ય કહ્યું છે ઇન્દ્રિયનિગ્રહને ધૈર્ય કહ્યું છે. મનના મેલના ત્યાગને ઉત્તમ સ્નાન કહ્યું છે અને પ્રાણીમાત્રના રક્ષણને આ લોકમાં દાન કહે છે.

યક્ષ : કયા પુરુષને પંડિત જાણવો ? કોને નાસ્તિક કહે છે ? મૂર્ખ કોણ છે ? કામ શું છે ? અને મત્સર કોને કહ્યો છે ?

યુધિષ્ઠિર : ધર્મવેત્તા પુરુષને પંડિત જાણવો. મૂર્ખને નાસ્તિક કહે છે. સંસારની વાસના કામ છે અને હૃદયના તાપને મત્સર કહ્યો છે.

યક્ષ : કોને અહંકાર કહ્યો છે ? દંભ કોને કહ્યો છે ? કોને પરમ દૈવ કહ્યું છે ? અને કોને પિશુનતા કહે છે ?

યુધિષ્ઠિર : અત્યંત અજ્ઞાનને અહંકાર કહ્યો છે. યશની ધજા ફરકાવવા કરેલા ધર્મને દંભ કહ્યો છે. દાનના ફળને પરમદૈવ કહ્યું છે. અને પારકાને દૂષણ આપવું એને પિશુનતા કહે છે.

યક્ષ : ધર્મ, અર્થ અને કામ પરસ્પર વિરોધી છે તો એ નિત્ય વિરોધીઓનો કેવી રીતે સંગમ થાય ?

યુધઇષ્ઠિર : જ્યારે ધર્મ અને ભાર્યા બન્ને પરસ્પર અનુકૂળ રહીને વર્તે છે. ત્યારે ધર્મ, અર્થ અને કામ એ ત્રણેનો એકત્ર સમાગમ થાય છે.

યક્ષ : હે ભરતોત્તમ ! શાથી અક્ષય નરક મળે છે ?

યુધિષ્ઠિર : જે પુરુષ યાચના કરનારા અકિંચન માનવને બોલાવીને પછી 'નથી' એમ કહે છે તે અક્ષય નરકમાં જાય છે. જે પુરુષ વેદો, ધર્મશાસ્ત્રો, બ્રાહ્મણો, દેવો અને પિતૃધર્મો સંબંધમાં મિથ્યા વર્તન રાખે છે તે અક્ષય નરકને પામે છે. જે મનુષ્ય પાસે ધન હોવાં છતાં લોભને લીધે તેનું દાન કરતો નથી, તેમ તેનો ઉપભોગ કરતો નથી અને જો કોઇને નિમંત્રણ આપ્યા પછી તેનો 'નથી' એમ કહે છે તે અક્ષય નરકનો વાસી થાય છે.

યક્ષ : કુળ, ચારિત્ર્ય, સ્વાધ્યાય અને વિદ્યા એમાંથી શા વડે બ્રાહ્મણત્વ મળે છે ?

યુધિષ્ઠિર : હે યક્ષ ! સાંભળ. બ્રાહ્મણત્વમાં કુળ, સ્વાધ્યાય કે વિદ્યા કારણરૂપ નથી, ચારિત્ર્ય જ નિસંશય કારણરૂપ છે. આથી બ્રાહ્મણે ચારિત્ર્યનું જ યત્નપૂર્વક રક્ષણ કરવું જોઇએ. જ્યાં સુધી તે ચારિત્ર્યભ્રષ્ટ થતો નથી ત્યાં સુધી હીન થતો નથી. પણ જ્યાં તે ચારિત્ર્યથી ભ્રષ્ટ થાય ત્યાં મૃતઃપાય બની જાય છે. અધ્યયન કરનારાઓ, અધ્યયન કરાવનારાઓ અને બીજા શાસ્ત્રવિચારકો એ સર્વે વ્યસનોને અધીન અજ્ઞાની છે. માત્ર જે ક્રિયાવાન શાસ્ત્રસંમત આચરણવાળો છે તે જ પંડિત છે. ચારે વેદોનું અધ્યયન કરનારો હોવા છતાં જો કોઇ દુરાચારી હોય તો તે શૂદ્ર કરતાં પણ નીચો છે. જે અગ્નિહોત્રપરાયણ અને જિતેન્દ્રિય છે તે જ બ્રાહ્મણ કહેવાય છે.

યક્ષ : પ્રિય વચન બોલનારાને શું મળે છે ? વિચારીને કાર્ય કરનારને શું મળે છે ? અનેક મિત્રો કરનારાને શું મળે છે ? અને ધર્મમાં રહેનારને શું મળે છે ?

યુધિષ્ઠિર : પ્રિય વચન બોલનારને સર્વની પ્રિયતા મળે છે. વિચારીને કાર્ય કરનારાને અધિકાધિક વિજય મળે છે. અનેક મિત્રો કરનારાને સુખવાસ મળે છે. અને ધર્મમાં રત રહેનારને ઉત્તમ ગતિ મળે છે.

યક્ષ : કોણ આનંદથી રહે છે ? આશ્ચર્ય શું છે ? માર્ગ કયો છે ? વાર્તા કઇ છે ? મારા આ ચાર પ્રશ્નોના ઉત્તર આપ; એટલે તારા ભાઇઓ સજીવન થશે.

યુધિષ્ઠિર : જે મનુષ્ય દેવાથી રહિત છે, જેને પ્રવાસે જવું પડતું નથી, અને જે દિવસના પાંચમા કે છઠ્ઠા ભાગે પોતાના જ ઘરમાં ભાજીપાલો રાંધીને ખાય છે, તે મનુષ્ય આનંદ કરે છે. આ સંસારમાં રોજરોજ પ્રાણીઓ યમલોકમાં જાય છે. છતાં બાકીના મનુષ્યો પોતાને અવિનાશી માને છે એથી બીજું આશ્ચર્ય શું હોઇ શકે ? તર્કથી નિર્ણય થતો નથી. શ્રુતિઓ ભિન્ન અર્થવાળી છે. તેના વ્યાખ્યાતા ઋષિ એક નથી કે જેના મતને પ્રમાણ મનાય અને ધર્મનું તત્વ ગુહામાં રાખેલું છે. અર્થાત્ ગૂઢ છે. આથી જે માર્ગે મહાજન જાય તે જ સામાન્ય જનોનો માર્ગ છે. આ મહાન મોહભરી કઢાઇમાં કાળ પોતે સૂર્યરૂપી અગ્નિથી ચેતાવેલાં રાત્રિ અને દિવસરૂપી ઇંધન વડે માંસ અને ઋતુરૂપી કડછીથી પ્રાણીઓને ઉપર નીચે કરીને જે રાંધે છે એને જ વાર્તા કહેવામાં આવે છે.

યક્ષ : તેં મારા પૂછેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપ્યા છે. હવે તું પુરુષની વ્યાખ્યા કર અને કહે કે કયો પુરુષ સર્વ સંપત્તિમાન છે ?

યુધિષ્ઠિર : પુણ્યકર્મ વડે મનુષ્યનો કીર્તિઘોષ સ્વર્ગ અને પૃથ્વીને સ્પર્શે છે. જ્યાં સુધી તેનો કીર્તિઘોષ રહે છે ત્યાં સુધી તે પુરુષ કહેવાય છે. જે નર પ્રિય અને અપ્રિય વિશે, સુખ અને દુઃખ વિશે, તેમજ ભૂત અને ભાવિને વિશે એક સમાન છે, તે પુરુષ સર્વસંપત્તિવાન કહેવાય છે.

યુધિષ્ઠિરને પૂછવાના યક્ષના પ્રશ્નો એવી રીતે પૂરા થયા.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૧૩. યુધિષ્ઠિરને યક્ષનાં વરદાન

યુધિષ્ઠિરે યક્ષના પ્રશ્નોના જે સંપૂર્ણ સંતોષકારક પ્રત્યુત્તરો પૂરા પાડ્યા તેમને સાંભળીને યક્ષને સંતોષ અને આનંદ થયો. યુધિષ્ઠિરની લોકોત્તર વિદ્વતાથી એ ખૂબ જ પ્રભાવિત થયો ને બોલ્યો કે તેં આદર્શ પુરુષની અથવા સર્વસંપત્તિશાળી પુરુષની જે વ્યાખ્યા આપી છે તેથી મારું મન ખૂબ જ પ્રસન્ન થયું છે. હું તને તારા કોઇ પણ એક ભાઇના જીવનદાનનું વરદાન આપું છું. માટે એને અનુસરીને કોઇ પણ એક ભાઇને જીવંત કરવાની માગણી કરી લે.

યુધિષ્ઠિરને માટે એ પ્રસ્તાવ નવો હતો; તોપણ એમની સદબુદ્ધિની વિવેકવતી જ્યોતિ સદા જાગ્રત હોવાથી એમણે તરત જ જણાવ્યું કે તમે મારા મૃત ભાઇઓમાંથી કોઇ એક જ ભાઇને તમારા કથનાનુસાર જીવતો કરવા માગતા હો તો, આ શ્યામ, રક્ત નેત્રવાળા, વિશાળ શાલવૃક્ષના જેવા ઊંચા, વિશાળ ખભા તથા મહાન બાહુવાળા, નકુલને જીવતો કરી દો.

યુધિષ્ઠિરની વાત યક્ષને માટે ખૂબ જ વિસ્મયજનક થઇ પડી.

એણે એના વિસ્મયને વ્યક્ત કરતાં કહ્યું કે તારી આ માગણી મને વિચિત્ર લાગે છે. તારે એના પર પુનર્વિચાર કરવો જોઇએ. તને ભીમસેન પર પ્રેમ છે. વળી ભીમસેન મહાબળવાન છે. અર્જુન અસ્ત્રવિદ્યામાં કુશળ હોઇને તમારા સૌને આધારરૂપ છે. તે છતાં પણ તેમને ગૌણ ગણીને તું તારી સાવકી માતા માદ્રીના પુત્ર નકુલને જીવંત કરવા ઇચ્છે છે એ મને ખરેખર આશ્ચર્યકારક લાગે છે.

યુધિષ્ઠિરે સ્પષ્ટતા કરતાં કહ્યું કે એમાં આશ્ચર્યકારક કશું જ નથી. માનવે હણેલો ધર્મ એને પોતાને હણે છે. એ જો ધર્મને રક્ષે છે ને પાળે છે તો ધર્મ પણ એનું સંરક્ષણ તથા પરિપાલન કરે છે. માટે અનુકૂળ કે પ્રતિકૂળ કોઇપણ સંજોગોમાં મારાથી ધર્મનો પરિત્યાગ નહિ થઇ શકે. પરમાર્થની દૃષ્ટિએ વિચારતાં સર્વ સમાનતા પરમધર્મ છે. હું સર્વસમાનતાને ઇચ્છુ છું. માનવો મને સદા ધર્મશીલ સમજે છે. માટે હું સ્વધર્મમાંથી ચલાયમાન નહિ બનું. મારા પિતાની કુંતી તથા માદ્રી બે પત્ની. એ બંને પુત્રવતી રહે એવી મારી ઇચ્છા છે. હું જીવતો રહીશ એટલે મારી માતા કુંતી પુત્રવતી કહેવાશે, પરંતુ માદ્રીનું શું ? માદ્રીના સહદેવ અને નકુલ બે પુત્રો છે તેમાં સૌથી નાનો નકુલ છે. તે જીવતો થાય તો માદ્રી પુત્રવતી રહી શકે. મારે માટે કુંતી તથા માદ્રી બંને પ્રિય છે. જેવી કુંતી છે તેવી જ માદ્રી છે. એ બંનેમાંથી મારે મને કોઇ ઓછું કે વધારે નથી. માટે તમે નકુલને જીવતો કરો તે બરાબર છે.

યક્ષની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં.

યુધિષ્ઠિરની સમતા, તટસ્થતા તથા ઉદાત્તતાથી એ અતિશય પ્રભાવિત થયો.

એમના વિના એવી વિવેકપૂર્ણ વિશાળતા બીજું કોણ રાખી શકે ?

એમની એ ઉદારતા, વિશાળતા તથા ઉદાત્ત ધર્મભાવના સત્વર શુભ પરિણામ પ્રદાન કરનારી થઇ પડી.

એથી સંતોષ પામીને યક્ષે જણાવ્યું કે તું સર્વસામાન્યતાને અર્થ તથા કામ કરતાં પણ ઉત્તમ અથવા મહત્વની માને છે તેથી હું તારા સઘળા ભાઇઓ જીવતા થાય એવું વરદાન આપું છું.

ધર્મભાવનાનું અને એની દ્વારા પ્રેરાયલા ધર્માચરણનું પરિણામ સદા સારું જ આવે છે. એને માટે ધીરજ, તપ, તિતિક્ષા તથા શ્રદ્ધા જોઇએ. જેનામાં એની સાથે સમુદાર સમુજ્જવળ સદબુદ્ધિ હોય છે તેનો જીવનમાર્ગ મોકળો, મધુમય અને મંગલ બને છે.

યક્ષનાં વચનથી પાંડવો સજીવન થઇને બેઠા થયા અને એક ક્ષણમાં જ ક્ષુધાતૃષાથી મુક્ત બન્યા. ત્યારે યુધિષ્ઠિરે પૂછયું કે સરોવરમાં એક પગે ઊભા રહેલા તમે અપરાજિત કયા દેવ છો ? મારા મતથી તમે યક્ષ નથી. તમે વસુઓ, રુદ્રો, મરુતોમાંથી કોઇ શ્રેષ્ઠ છો ? અથવા વજ્રને ધારણ કરનારા સ્વર્ગાધિપતિ ઇન્દ્ર છો ? મારા ભાઇઓ લાખ લાખ યોદ્ધાઓ સાથે બાથ ભીડે એવા છે. એમને ઢાળી દે તેવા કોઇ યોદ્ધાને હું જોતો નથી. મારા ભાઇઓ સુખભરી નિદ્રામાંથી જાગ્યા હોય તેવા સ્વસ્થ છે. તો તમે અમારા મિત્ર છો કે પિતા છો ?

યક્ષે જણાવ્યું કે હું તારો પિતા ધર્મ છું. તને મળવાની ઇચ્છાથી આવ્યો છું. યશ, સત્ય, દમ, શૌર્ય, આર્જવ, લજ્જા, અચપલતા, દાન, તપ અને બ્રહ્મચર્ય મારાં અંગો છે. અહિંસા, સમતા, શાંતિ, તપ, પવિત્રતા અને મત્સરરહિતતા મારી પ્રાપ્તિનાં દ્વારો છે. તું મને સદૈવ પ્રિય છે. આત્મદર્શનમાં સાધનભૂત એવી પાંચ વસ્તુઓ શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા અને સમાધિમાં તું પ્રીતિવાળો છે. તે એ ષટપદી ભૂખ, તરસ, શોક, મોહ, જરા અને મૃત્યુને જીતી છે. એમાંથી પહેલાં બે પદો ભૂખ તરસ મનુષ્યને જન્મની સાથે જ વળગે છે. વચલાં બે પદો શોક અને મોહ મધ્યવયમાં મળે છે, અને છેલ્લાં બે પદો જરા અને મૃત્યુ તેનામાં છેલ્લી ઉંમરમાં પ્રવેશે છે. તારી સર્વસમાનતાથી હું પ્રસન્ન થયો છું. વરદાન માગ. તને તે આપીશ. જે પુરુષો મારા ભક્તો છે તેમની દુર્ગતિ થતી જ નથી.

યુધિષ્ઠિરે કહ્યું કે મૃગ જે બ્રાહ્મણના અરણીપાત્રને લઇને ચાલ્યો ગયો છે તેના અગ્નિઓનો લોપ ના થાય એ પ્રથમ વરદાન આપો.

યક્ષ બોલ્યો કે મૃગના વેશથી મેં જ તારી પરીક્ષા કરવા માટે એ બ્રાહ્મણના અરણીપાત્ર સાથેના સાધનને હરી લીધેલું. તારું કલ્યાણ હો, તું બીજું વરદાન માગ.

યુધિષ્ઠિર બોલ્યા કે અરણ્યમાં વસતાં એમને બાર વરસ થઇ ગયા છે. હવે ગુપ્તવાસ માટેનું તેરમું વરસ આવી રહ્યું છે. તો અજ્ઞાતવાસમાં રહેલા અમને મનુષ્યો કયારેય ઓળખી શકે નહિ એવું કરો.

ભગવાન ધર્મે એ માટે આશીર્વાદ આપ્યો. એમણે એને આશ્વાસન આપતાં કહ્યું કે તમે આ તેરમા વર્ષે વિરાટનગરમાં ગુપ્ત રહેજો. મારી કૃપાથી તમને કોઇ ઓળખી શકશે નહિ. તમે મનમાં જે જે રૂપને ધારણ કરવાનો સંકલ્પ કરશો તે તે રૂપને સૌ ઇચ્છા પ્રમાણે ધારણ કરી શકશો. તને વરદાનો આપતાં મને તૃપ્તિ જ થતી નથી. માટે તું મહાન અને અજોડ એવું ત્રીજું વરદાન માગી લે.

યુધિષ્ઠિર બોલ્યા કે હું લોભ, મોહ અને ક્રોધ ઉપર વિજય મેળવું અને મારું મન દાન, તપ તથા સત્યમાં સતત તત્પર રહે.

ધર્મે જણાવ્યું કે એ ગુણોથી તો તું સ્વભાવથી યુક્ત છે. તું સાક્ષાત્ ધર્મ છે. છતાં તેં જેમ કહ્યું તેમ જ થશે.

ભગવાન ધર્મ એ પછી અંતરધાન થયા અને સુખે સૂઇને ઊઠેલા હોય તેમ પાંડવો એકમેકને મળ્યા.

યક્ષ અને યુધિષ્ઠિરના એ આખ્યાનના અંતે જણાવ્યું કે આ મહાન આખ્યાનનો જે મનુષ્યો જિતેન્દ્રિય અને સંયમી રહીને પાઠ કરશે તે પુત્રવાન અને પૌત્રવાન થઇને સો વરસનું આવરદા ભોગવશે. જે મનુષ્યો આ પવિત્ર આખ્યાનને સારી પેઠે સમજશે તેમના મન કદી પણ અધર્મમાં, મિત્રભેદમાં, પરધનને હરવામાં, પરસ્ત્રીના સમાગમમાં કે કૃપણતામાં રમશે નહિ.

યક્ષ અને યુધિષ્ઠિરના આખ્યાનની એ ફળશ્રુતિ સુસ્પષ્ટ રીતે સૂચવે છે કે મહાભારતકારનો મહાભારતમાં આલેખાયેલાં  એવાં આખ્યાનોનો ઉદ્દેશ કેવળ મનોરંજનનો કે અદભૂત ચમત્કૃતિજન્ય રસને પૂરો પાડવાનો નથી, કેવળ પઠન પાઠન કે ચિંતનમનનનો પણ નથી, પરંતુ એમના હાર્દને સુચારુરૂપે સમજીને જીવનને દોષરહિત તથા ઉજ્જવળ બનાવવાની પ્રેરણાથી માનવ પોતાના જીવનમાં મનુષ્યોચિત પવિત્ર પરિવર્તન લાવે. એક સમર્થ સફળ સંત સાહિત્યકાર એથી અધિક બીજું શું ઇચ્છે ?

ઉપર્યુક્ત ઉપાખ્યાનમાં નિરૂપાયલી યુધિષ્ઠિરની સદભાવના કેટલી બધી આદર્શ ઉદાત્ત અથવા અદભુત છે ? એ સદભાવનાથી પ્રેરાઇને એમણે ભીમ, અથવા અર્જુનને બદલે નકુલને પુનર્જીવન પ્રદાન કરવા માટે યક્ષની સમક્ષ માગણી કરી. પોતાની સાવકી માતા જીવતી હોય કે ના જીવતી હોય ત્યારે પણ તેના સંતાનો પ્રત્યે એવી રીતે સૌ કોઇ સદભાવ રાખે અને ભેદભાવરહિત આદર્શ વ્યવહાર કરે તો વ્યક્તિગત તથા સમષ્ટિગત જીવન વધારે સુસંવાદી, સુખમય, શાંત, સુમધુર બને એ નિઃશંક છે.

યક્ષ અને યુધિષ્ઠિરના એ આખ્યાનનો સમાવેશ મહાભારતના વનપર્વના અધ્યાય ૩૧૧ થી ૩૧૪ સુધીમાં કરવામાં આવ્યો છે.

☼ ☼ ☼ ☼ ☼

# વિરાટ પર્વ

## ૧૧૪.પ્રારંભ

માનવજીવનના પરમારાધ્ય, પરમ પ્રાપ્તવ્ય છે નારાયણ.

એ નારાયણ, પ્રત્યેકની અંદર અને બહાર તથા જગતના સ્વરૂપમાં જે કાંઇ દેખાય છે અથવા અનુભવાય છે એનો સ્વાંગ સજીને, સૌની સમક્ષ સમુપસ્થિત છે.

સ્વાનુભવસંપન્ન સંતોએ તથા શાસ્ત્રોએ એ વાતને સર્વસંમતિપૂર્વક એમની આગવી રીતે વર્ણવેલી છે.

સ્વાનુભૂતિના સુપરિણામે એને સૌ કોઇ પણ સમજી શકે છે.

મહાભારતના રચયિતા મહર્ષિ વ્યાસ એનું પ્રકારાંતરે સમર્થન કરતાં પ્રત્યેક પર્વના પ્રારંભમાં ભગવાન નારાયણને પરમ પ્રેમપૂર્વક પૂજ્યભાવે પ્રણામ કરે છે.

નારાયણને નમ્યા, નેહ કર્યા અને ઓળખ્યા વિના માનવ જે શાશ્વત સુખશાંતિને ઇચ્છે છે તે તેને ભાગ્યે જ મળી શકે. પૂર્ણતા તથા મુક્તિના મંગલમય મહામંદિરમાં પ્રવેશ પણ ના થઇ શકે. માટે જ પ્રારંભમાં નારાયણને નેહપૂણર્વક નમસ્કાર કરવામાં આવે છે. નારાયણં નમસ્કૃત્ય.

નારાયણનું સૌથી શક્તિશાળી પ્રાણવાન વિશિષ્ટ પ્રતિબિંબ ક્યાંય પડતું હોય તો તે નરમાં.

નર સૌમાં, પ્રાણીમાત્રમાં, ઉત્તમ છે. એનો મહિમા સૌથી મોટો છે.

નર જો સાચા અર્થમાં નર બને, નર રહે અને ઉત્તમ અથવા આદર્શ નર બનવાની કોશિશ કરે, તો નારાયણને સહેલાઇથી ઓળખી શકે. એનાથી આગળ વધીને સ્વયં નારાયણસ્વરૂપ બની શકે.

નરની સાર્થકતા કે ધન્યતા એમાં જ સમાયેલી છે.

નરનો પરમ પુરુષાર્થ એમાં જ રહેલો છે. એને માટે જ એનું જીવન છે.

એટલા માટે એને પણ નમસ્કાર કરવામાં આવે છેઃ નર ચૈવં નરોત્તમમ્.

શબ્દની સામ્રાજ્ઞી, અર્થની અધિષ્ઠાત્રી અથવા અનુશાસિની, દેવી સરસ્વતીને પણ કેમ ભુલાય ? એ પ્રત્યક્ષ પરમેશ્વરી છે. ભાષાના મધુમય માધ્યમ દ્વારા કે માધ્યમ સિવાય પણ એ એના અમોઘ ચમત્કૃતિજનક કલ્યાણકારક કાર્યને કરતી હોય છે. એ સૌના અને મનના મૂળમાં રહીને એની અલૌકિક રીતે આરંભમાં અસ્મિતાનો આવિર્ભાવ અને છેવટે સર્જનની વૈવિધ્યતાનો વિસ્તાર કરે છે. એની અદભુત શકિતને લક્ષમાં લઇને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ સરખા દેવો પણ એને વંદન કરે છે એમ કહેવાય છે. મહાભારતકાર એને પણ વંદન કરે છેઃ દેવી સરસ્વતીં ચૈવ.

મંગલાચરણ પરથી લાગે છે કે મહાભારતને જય નામથી પણ ઓળખવામાં આવતું હશે. જય નામ પાછળ વ્યંજના રહેલી છે. એમાં અધર્મ સામે ધર્મનો, અસત્ય સામે સત્યનો, અન્યાય સામે ન્યાયનો, આસુરી સંપતિ સામે દૈવી સંપત્તિનો વિજય છે. માટે તેનું જય નામ સાર્થક છે. એ જયગ્રંથનું લેખન, આલેખન, સર્જન નહિ કિન્તુ સંકીર્તન કરવામાં આવે છે. સત્યનું સંકીર્તન હોય, સન્માન હોય અને સંરક્ષણ હોય, સર્જન ના હોય. એટલે જ શ્લોકાંતે કહેવામાં આવ્યું છે – તતો જયમુદીરયેત્. અર્થાત હવે આપણે જયનું કે મહાભારત – મહાગ્રંથનું અક્ષરદેહમાં અંકિત, પવિત્ર, શ્રવણમંગલ સંકીર્તન આદરીએ.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧૫. દુર્ગાસ્તુતિ

અજ્ઞાતવાસમાં રહેવા માટે તૈયાર થયેલા પાંડવોએ અજ્ઞાતવાસ દરમિયાન પોતાની પ્રકૃતિ, રુચિ તથા પસંદગી પ્રમાણે કયા કયા કાર્યો કરવાં અને કોણે કયાં કેવી રીતે રહેવું તે નક્કી કર્યું.

દ્રૌપદીએ પણ એમને અનુસરી, એમની સાથે પરામર્શ કરીને, પોતાના ભાવિ કાર્યક્ષેત્રને પસંદ કર્યું.

સૌએ ધૌમ્યમુનિની સલાહને લક્ષમાં લઇને મત્સ્યદેશના વિરાટનગરમાં રહેવાની યોજના ઘડી.

સુયોગ્ય સમયે વીર પાંડવોએ તલવાર તથા ધનુષબાણને ધારણ કરી, પીઠ પાછળ ભાથાં બાંધી, ચામડાનાં મોજાં પહેરીને, યમુના નદી તરફ ચાલવા માંડયું.

બાર વરસના વખતને પૂરો કરીને સ્વરાજ્યને પાછું મેળવવાના મનોરથવાળા પાંડવો યમુનાના દક્ષિણ તટપ્રદેશ તરફ પગપાળા ચાલી નીકળ્યા.

પર્વતો તથા વનના વિકટ વાતાવરણમાં વાસ કરતા, માર્ગમા મૃગોનો શિકાર કરતા, પાંડવોએ દ્રૌપદી સાથે અન્ય દેશોમાંથી પસાર થઇને છેવટે મત્સ્ય દેશમાં પ્રવેશ કર્યો.

માર્ગના પ્રખર પરિશ્રમથી દ્રૌપદી સ્વાભાવિક રીતે જ થાકી ગયેલી.

રાજ્યની રાજધાનીનું નગર વિરાટનગર પાસે આવ્યું એટલે પાંડવોએ એમનાં આયુધોને કોઇક સુરક્ષિત સ્થળે મૂકીને નગરમાં પ્રવેશવાનો સંકલ્પ કર્યો.

પરંતુ આયુધોને કયાં રાખવાં એ પ્રશ્ન પેદા થયો.

અર્જુનના મહાન મહિમાવાળા ગાંડીવ ધનુષને સૌ કોઈ ઓળખી શકે તેમ હતું. એવી રીતે અર્જુન અને પાંડવો પણ ઓળખાઈ જાય તો વિચિત્ર સમસ્યા પેદા થાય. પાંડવોની પ્રતિજ્ઞા પ્રમાણે એ જો એમના અજ્ઞાતવાસ દરમિયાન ઓળખાઈ જાય તો એમને બીજાં બાર વરસનો વનવાસ ભોગવવો પડે. વનવાસની એ કલ્પના જ અતિશય કરુણ અથવા ભયંકર હતી.

એવી પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી અર્જુને માર્ગ કાઢયો. નગરની બહારના સ્મશાન પાસે ઊંચા ટેકરા પર એક વિરાટ ગહન શમીવૃક્ષ હતું. એની આજુબાજુ સાપ તથા વાઘથી ઘેરાયેલું વન વિસ્તરેલું હોવાથી એની પાસે કોઈ સહેલાઈથી આવી શકે તેમ નહોતું. અર્જુને એ શમીવૃક્ષ પર શસ્ત્રાસ્ત્રોને મૂકીને વિરાટનગરમાં પ્રવેશવાનો પ્રસ્તાવ મૂક્યો. એ પ્રસ્તાવ સૌને પસંદ પડયો.

યુધિષ્ઠિરના આદેશને અનુસરી નકુલે શમીવૃક્ષની બખોલોમાં ધનુષને મૂકીને તેમને મજબૂત પાશથી બાંધી દીધાં. પછી પાંડવોએ એના પર એક શબને બાંધ્યું જેથી એની ભયંકર દુર્ગંધથી કોઈ પણ પાસે ના આવે.

યુધિષ્ઠિરે પાંડવોના જય, જયંત, વિજય, જયત્સેન અને જગદબલ એવાં ગુહ્ય નામો પાડયાં.

એ પછી સૌએ તેરમા વરસે અજ્ઞાતવાસ માટે વિરાટનગરમાં શાંતિપૂર્વક પ્રવેશ કર્યો.

રમણીય વિરાટનગરમાં પ્રવેશતી વખતે યુધિષ્ઠિરે પરમ શ્રદ્ધાભક્તિપૂર્વક, યશોદાના ઉદરમાંથી પ્રાદુર્ભાવ પામેલાં, નારાયણને અતિશય પ્રિય, નંદગોપાલના કુળમાં જન્મેલાં, મંગલ અર્પનારાં, કુળનું સંવર્ધન કરનારાં, કંસને હઠાવનારાં, અસુરોનો અંત આણનારાં, શિલાખંડ પર પછાડતાં જ આકાશમાં ઊડી

જનારાં, વાસુદેવનાં બહેન, દિવ્ય સુવાસિત સુમનમાળાઓથી સુશોભિત, દિવ્ય વસ્ત્રને ધારનારાં, તલવાર તથા ઢાલને સજનારાં, ત્રિભુવનેશ્વરી દુર્ગાદેવીનું મનથી સ્તવન કર્યું.

મહાભારતકાર લખે છે કે જે મનુષ્યો પૃથ્વીના ભારને ઉતારનારાં, પુણ્યસ્વરૂપા તથા સદૈવ કલ્યાણમયી, કલ્યાણકારિણી એ દુર્ગાદેવીનું સ્નેહપૂર્વક સ્મરણ કરે છે તે મનષ્યોને કાદવમાં ખૂંચેલી દૂબળી ગાયની જેમ તે પાપતાપમાંથી તારી લે છે.

દેવીના દર્શનની આકાંક્ષાવાળા યુધિષ્ઠિરે પોતાના નાના ભાઈઓ સાથે વિવિધ સ્તોત્રાત્મક નામો વડે એ દેવીની વારંવાર સ્તુતિ કરવા માંડી.

એ સ્તુતિ આ રહી.

હે વરદાયિની ! હે કૃષ્ણા ! હે કુમારી ! હે બ્રહ્મચારિણી ! હે બાલસૂર્ય સમાન આકારવાળાં ! હે પૂર્ણચંદ્ર સમાન મુખવાળાં ! તમને નમસ્કાર હો !

હે ચતુર્ભુજા ! હે ચાર મુખવાળાં ! હે મોરપીચ્છનાં કંકણવાળાં ! કેયૂર અને બાજુબંધને ધારનારાં દેવી ! તમે નારાયણપત્ની લક્ષ્મી જેવા શોભો છો.

હે ખેચરી ! તમારું સ્વરૂપ અને તમારું સ્વરૂપ બ્રહ્મચર્ય વિશુધ્ધ છે. તમારા શરીરનો વર્ણ નીલમેઘના જેવો છે. તમારું મુખ સંકષણ સમાન છે. તમારા બાહુઓ ઈન્દ્રધ્વજ જેવા ઊંચા અને વિશાળ છે. તમે તમારા હાથોમાં પાત્ર, કમળ, ઘંટા, પાશ, ધનુષ્ય, મહાચક્ર આદિ વિવિધ આયુધોને ધારણ કરો છો.

પૃથ્વીમાં તમે જ વિશુધ્ધ સ્ત્રીરૂપ છો. કુંડળોથી ભરેલા બે કાનો વડે તમે અત્યંત શોભી રહ્યાં છો. દેવી, તમે ચંદ્રની સ્પર્ધા કરતા વદન સાથે વિચિત્ર મુકુટ સાથે સુશોભિત કેશબંધ સાથે વિરાજી રહ્યાં છો. સર્પના જેવા આકારવાળી ઝળહળતી કટિમેખલાને ધારણ કરવાથી તમે સર્પથી વીંટાયેલા મંદર પર્વતની જેમ શોભી રહ્યાં છો.

કૌમાર્યવ્રતને ધારણ કરીને તમે સ્વર્ગને પાવન કર્યું છે. દેવો તમારી સ્તુતિ કરે છે અને તમને પૂજે છે.

ત્રણે લોકના રક્ષણ અર્થે મહિષાસુરનું મર્દન કરનારાં દેવી ! તમે મારા ઉપર પ્રસન્ન થાવ. હે સુરશ્રેષ્ઠા ! તમે દયા કરો; કલ્યાણકારિણી બનો. તમે જયા છો, વિજયા છો, સંગ્રામમાં જયદાયિની છો અને વરદાત્રી છો. તો મને પણ વિજય આપો. હે કાલી ! કાલી ! મહાકાલી ! ગિરિશ્રેષ્ઠ વિંધ્ય ઉપર તમારું સનાતન સ્થાન છે. જે મનુષ્યો ત્યાં તમારી યાત્રાએ આવે છે તેમને તમે વરદાન આપો છો.

હે ભૂમિના ભારને ઉતારનારાં ! જે મનુષ્યો તમારું સ્મરણ કરે છે અને જેઓ તમને પ્રભાતે પ્રણામ કરે છે, તે મનુષ્યોને આ પૃથ્વીમાં કશું જ દુર્લભ રહેતું નથી. હે દુર્ગા ! તમે દુર્ગ(સંકટ) માંથી તારો છો. તેથી લોકો તમને દુર્ગા કહે છે. વનવગડામાં રખડી ગયેલા, મહાસાગરમાં ડૂબી ગયેલા, અને ચોર-ડાકુઓથી ઘેરાઈ ગયેલા માણસો માટે તમે જ પરમ આધાર છો. હે મહાદેવી ! જળતરણમાં અને વનોમાં તથા દુર્ગમસ્થાનોમાં જે મનુષ્યો તમારું સ્મરણ કરે છે તેઓ દુઃખ પામતા નથી.

તમે કીર્તિ છો, લક્ષ્મી છો, દ્યુતિ છો, સિદ્ધિ છો, લજ્જા છો, વિદ્યા છો, સંતતિ છો અને મતિ છો. તમે જ સંધ્યા અને રાત્રિ છો. પ્રભા અને નિદ્રા છો. જયોત્સ્ના અને કાંતિ છો. ક્ષમા અને દયા છો. તમારી પૂજા

કરવાથી તમે મનુષ્યોનાં બંધન, મોહ, પુત્રનાશ, ધનનાશ, વ્યાધિ, મૃત્યુ અને ભયનો નાશ કરો છો. આથી રાજયથી ભ્રષ્ટ થયેલો હું તમારે શરણે આવ્યો છું. હે દેવી ! હે સુરેશ્વરી ! હું મસ્તકને નમાવીને તમને પ્રણામ કરું છું. હે પદ્મપત્રનયના ! મારું રક્ષણ કરો. હે સત્યા ! તમે અમને સત્યરૂપે દર્શન આપો. હે દુર્ગા ! હે શરણાગતરક્ષિણી ! હે ભક્તવત્સલા ! મને આશ્રય આપો.

યુધિષ્ઠિરે એ પ્રમાણે સ્તુતિ કરી એટલે દેવીએ તેમને દર્શન આપ્યું અને કહ્યું કે સંગ્રામમાં થોડાક વખતમાં જ વિજય મળશે. મારી કૃપાથી તું કૌરવસેનાને પરાજય આપીને તથા તેનો નાશ કરીને રાજયને નિષ્કંટક કરશે અને પૃથ્વીને પુનઃ ભોગવશે. વળી તારા ભાઈઓ સાથે પુષ્કળ આનંદ પામશે. મારી કૃપાથી તને સુખ અને આરોગ્ય પ્રાપ્ત થશે. આ લોકમાં જે પુણ્યશીલ મનુષ્યો મારા આ સ્તોત્રનું સંકીર્તન કરશે તેમને હું પ્રસન્ન થઈ રાજય, દીર્ઘાયુ, સુંદર દેહ અને સંતતિ આપીશ. પ્રવાસમાં, નગરમાં, સંગ્રામમાં, શત્રુ તરફના સંકટમાં, ભયંકર વનમાં, સાગરમાં અને ગહનગિરિ ઉપર જે મનુષ્યો, તેં જેમ કર્યું છે તેમ, મારું સ્મરણ કરશે તેમને આ લોકમાં કશું પણ દુર્લભ રહેશે નહિ. જે મનુષ્ય આ ઉત્તમ સ્તોત્રને ભકિતપૂર્વક સાંભળશે અથવા તેનો પાઠ કરશે તેનાં સર્વ કાર્યો સિદ્ધ થશે. મારી કૃપાથી તમે સૌ વિરાટનગરમાં રહેશો ત્યારે કૌરવો કે ત્યાંનાં નિવાસીઓ તમને ઓળખી શકશે નહિ.

યુધિષ્ઠિરને એ પ્રમાણે કહીને તથા પાંડુનંદનોની રક્ષા કરીને તે વરદાયિની દેવી ત્યાં ને ત્યાં જ અંતર્ધાન થઈ ગયાં.

દેવીની સ્તુતિના પ્રભાવથી યુધિષ્ઠિરને વિના વિલંબ દેવદુર્લભ લાભ મળ્યો અને અમોઘ વરદાનોની પ્રાપ્તિ થઈ. જગદંબાનું શરણ તથા સ્મરણ સદા લાભકારક છે. એના અનુગ્રહથી કશું અશકય નથી રહેતું. એ અનુગ્રહનો અનુભવ જે ધારે તે કોઇચે આજે પણ કરી શકે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧૯.પાંડવોનો અજ્ઞાતવાસ

પૂર્વયોજનાને અનુસરીને યુધિષ્ઠિરે વૈડૂર્ય જડેલા સોનાના પાસાઓને વસ્ત્રમાં લપેટીને તથા વસ્ત્રને બગલમાં દબાવીને વિરાટનગરની રાજયસભામાં પ્રવેશ કર્યો.

પરમ યશસ્વી યુધિષ્ઠિર વિરાટરાજા પાસે પહોંચ્યા ત્યારે શક્તિ, સૌન્દર્ય અને અપૂર્વ ઓજસને લીધે અતિશય આકર્ષક દેખાયા.

ઘનઘટાથી ઘેરાયેલા સૂર્ય સરખા અથવા ભસ્મથી ઢંકાયેલા અગ્નિ જેવા યુધિષ્ઠિરને અવલોકીને વિરાટરાજાએ એક પ્રકારના અદમ્ય આકર્ષણનો અનુભવ કર્યો.

એણે પોતાની પાસે બેઠેલા મંત્રીઓને, દ્વિજોને, સૂતોને, વૈશ્યોને અને અન્ય સભાસદોને પૂછયું કે રાજાના જેવાં લક્ષણવાળો સભાની સામે જોઈ રહેલો આ પુરુષ કોણ છે ? આ મહાનુભાવની મુખાકૃતિ પૂર્ણ ચંદ્રના જેવી તેજસ્વી તથા ચિત્તાકર્ષક છે. એ બ્રાહ્મણ હોય એવું નથી લાગતું. મારી ધારણા પ્રમાણે તો એ અવનીનો અધિપતિ હોવો જોઈએ. એની પાસે કોઈ દાસ, હાથી કે રથ નથી તોપણ એ ઈન્દ્ર જેવો તેજસ્વી લાગે છે. એના અંગ પરનાં લક્ષણો દ્વારા સૂચિત થાય છે કે એ કોઈક મુગટધારી રાજવી છે. કોઈ મદોન્મત હાથી જેમ કમળના સરોવર પાસે પહોંચે તેમ લેશ પણ વ્યથા અથવા ભય કે સંકોચ સિવાય એ મારી પાસે આવી રહ્યો છે.

યુધિષ્ઠિર એની પાસે પહોંચ્યા અને બોલ્યા કે મારા સર્વસ્વનો નાશ થવાથી હું અહીં આજીવિકા માટે આવ્યો છું. હું અહીં આપની પાસે આપની ઈચ્છાનુસાર રહેવા માગું છું.

વિરાટરાજા યુધિષ્ઠિરને સત્કારીને પૂછયું કે, તમે કયા રાજાના રાજયમાંથી આવ્યા છો ? તમારું નામ અને ગોત્ર શું છે ? તમે કઈ વિદ્યા સિદ્ધ કરી છે ?

યુધિષ્ઠિરે જણાવ્યું કે હું પૂર્વે યુધિષ્ઠિરનો સખા હતો. હું વ્યાઘ્રપાત્ ગોત્રનો વિપ્ર છું. હું દ્યુતક્રીડામાં પાસા નાખવાની કળામાં કુશળ છું અને કંકના નામથી પ્રખ્યાત છું.

રાજાએ કહ્યું કે તમને હું તમારી ઈચ્છા પ્રમાણે વરદાન આપું છું. તમે મત્સ્યદેશ પર શાસન કરો. હું તમારે આધીન છું. મને દ્યુત રમનારા જુગારીઓ સદા માટે પ્રિય છે. તમે આ રાજયને માટે યોગ્ય છો.

યુધિષ્ઠિરે વિરાટરાજાની વાતથી પ્રસન્ન બનીને જણાવ્યું કે એકવાર દ્યુતમાં શરત બક્યા પછી હારનારા પુરુષ સાથે મારે કોઈ પ્રકારનો વિવાદ ના થવો જોઈએ. હારેલો પુરુષ મારી પાસેથી તેના જીતાયેલા ધનને લઈ જાય નહિ.

વિરાટરાજાએ નિર્ભયતાની બાંયધરી આપતાં સ્પષ્ટીકરણ કર્યું કે જે તમારું અપ્રિય આચરશે તેનો હું નાશ કરીશ. જો તે બ્રાહ્મણ હશે તો તેને દેશપાર કરીશ. હે પ્રજાજનો, તમે સૌ સાંભળો. આજથી આ કંક પણ મારી જેમ જ આ દેશનો સ્વામી છે. કંક, તમે મારા સખા છો. તમને મારાં વાહનો જેવાં જ વાહનો, પુષ્કળ વસ્ત્રો તથા આહારવિહારની સામગ્રી મળશે. તમે બહારનાં અને અંતઃપુરની અંદરના કામોને સદા જોતા રહેજો. તમારે માટે મેં મારા રાજપ્રાસાદદ્વારને ખુલ્લું મૂક્યું છે. તમને કોઈપણ સ્થળે જતા રોકવામાં નહિ આવે. આજીવિકાના કષ્ટને ભોગવતા જે માનવો તમને મળે ને વાત કરે તેમની તમે મને માહિતી આપજો

એટલે એમને હું બનતી બધી રીતે મદદ કરીશ. એ સંબંધી કોઈ પ્રકારનો સંશય ના રાખશો અને મારી આગળ કશો ભય ના સેવશો.

યુધિષ્ઠિરે વિરાટરાજા સાથે સમાગમ કરીને તેની પાસેથી એ પ્રમાણે વરદાન મેળવ્યું. પછી પરમ સન્માન પામેલા એમણે ત્યાં સૂખપૂર્વક રહેવા માંડ્યું. કોઈ પણ મનુષ્ય એમના અજ્ઞાતવાસ વિશેના એ ચરિત્રને જાણી શકયો નહિ.

પછી ભયંકર બળવાળો, કાંતિથી ઝગઝગતા સિંહના વિલાસ જેવા પરાક્રમવાળો અને ગિરિરાજ મેરુના જેવા સુદૃઢ શરીરવાળો ભીમસેન કાળાં વસ્ત્રોને ધારણ કરીને તથા હાથમાં કડછી, તાવેથો તેમજ ખુલ્લો ને ચળકતો ગજવેલનો છરો લઈને, રસોઈયાના વેશે, એ મસ્ત્યરાજ પાસે આવીને ઊભો રહ્યો. તે સૂર્યની જેમ પોતાના ઉત્તમ તેજથી આ લોકને જાણે કે પ્રકાશિત કરી રહ્યો હતો.

તેને જોઈને વિરાટરાજે એકઠા મળેલા પ્રજાજનોને હર્ષ પમાડતાં કહ્યું કે સિંહના જેવા ઊંચા ખભાવાળો, અત્યંત, સૌન્દર્યસંપન્ન શ્રેષ્ઠ નંદી જેવો આ યુવાન કોણ છે ? સૂર્ય જેવા આ પુરુષને મેં પૂર્વે જોયો નથી. આ નરસિંહે એના મનમાં શું ધાર્યું હશે તેની પણ હું સાચી કલ્પના નથી કરી શકતો. એને જોતાં જ મને વિચાર આવે છે કે, આ કોઈ ગંધર્વરાજ હશે કે ઈન્દ્ર હશે. એટલે હે નગરજનો ! આ મારી સામે કોણ ઊભો છે તેની તમે તપાસ કરો. તેની જે ઈચ્છા હોય તે તત્કાળ પૂરી થાય.

વિરાટરાજની આજ્ઞા પામીને એના જેવી શીઘ્ર ગતિવાળા પુરુષો ભીમસેન પાસે ગયા અને તેને વિરાટરાજના કહેવા પ્રમાણે પૂછયું.

મોટા મનવાળો ભીમ વિરાટરાજા પાસે ગયો અને તેને કહેવા લાગ્યો કે નરેન્દ્ર ! હું બલ્લવ નામનો રસોઈયો છું. ઉત્તમ શાકભાજી બનાવી શકું છું. તો તમે મને તે કામ પર રાખો.

વિરાટરાજાએ જણાવ્યું કે તું રસોઈયો છે એની મને શ્રધ્ધા નથી થતી. તું તો સહસ્ત્રલોચન ઈન્દ્રના જેવો શોભે છે. વળી તારાં તેજ, રૂપ અને પરાક્રમથી તું નરોમાં કોઈ મહાન નર હોય તેવો ઝળકે છે.

ભીમ બોલ્યો કે નરેશ ! હું રસોઈયો છું અને તમારી સેવા કરવા આવ્યો છું. મને સૂપ બનાવતાં સરસ આવડે છે. પૂર્વે યુધિષ્ઠિરરાજાએ મારી બનાવેલી સર્વ વાનગીઓના  સ્વાદ લીધા છે. બળમાં અને મલ્લયુદ્ધમાં કોઈ કયારેય મારો બરોબરિયો નથી. અરે ! સિંહો અને હાથીઓ સાથે પણ મેં ભેટો કર્યો છે. હે નિષ્પાપ ! હું તમારું સદૈવ પ્રિય કરીશ.

વિરાટરાજાએ કહ્યું કે હું તારું ઈચ્છેલું વરદાન આપું છું. તું જેવું બોલે છે તેવું કામ કરજે. બાકી એ કામ તારે માટે લાયક હોય એમ તો હું નથી માનતો. તું તો સમુદ્ર સુધીની ધરતીનો અધિપતિ થવાને યોગ્ય છે. આમ છતાં મેં તારી ઈચ્છા પ્રમાણે કર્યું છે. તો તું મારા રસોડામાં મુખ્ય અધિષ્ઠાતા થા. આ પહેલાં ત્યાં જે માણસો નિમાયેલા છે તે સૌનો હું તને અધ્યક્ષ નીમું છું.

એ પ્રમાણે ભીમ પાકશાળામાં નિમાયો ને વિરાટરાજાનો અત્યંત પ્રિય થયો. તે વિરાટદેશ રહેવા લાગ્યો તોપણ બીજા માણસો તેમજ ત્યાંના રાજસેવકો તેને જાણી શકયા નહિ.

યુધિષ્ઠિર તથા ભીમસેન વિરાટરાજાને ત્યાં સુરક્ષિત રીતે ગોઠવાઈ ગયા પછી દ્રૌપદી એમનો આશ્રય શોધવા માટે તૈયાર થઈ.

સુમધુર સંમોહક સ્મિત અને શ્યામલ લોચનવાળી દ્રૌપદીએ પોતાના સુંદર, કાળા, પાતળા, મુલાયમ, લાંબા કેશને ભેગા કરીને ગૂંથી લીધા.

પછી તે સુંદર મુલાયમ કેશલટને જમણી બાજુને ઢાંકી દઈને, મલિન વસ્ત્રને ધારણ કરીને, સૈરંધ્રીનો વેશ પહેરીને, એણે અતિશય દુઃખી અને અનાથ સ્ત્રીની જેમ વિરાટનગરીમાં ફરવા માંડયું.

નગરવાસી સ્ત્રીઓ અને પુરુષો આમતેમ ભટકી રહેલી કૃષ્ણાની પાછળ દોડવા લાગ્યાં.

દ્રૌપદીએ તેમની જિજ્ઞાસાના જવાબમાં જણાવ્યું કે હું સૈરંધ્રી છું અને આજીવિકા માટે અહીં આવી છું.

એ દરમિયાન કેકયરાજની પુત્રી અને વિરાટરાજાની અતિ માનીતી રાણીએ મહેલમાંથી નગરમાર્ગ તરફ જોતાં એ દ્રુપદપુત્રીને અનાથ અને અસહાય અવસ્થામાં જોઈને પોતાની પાસે બોલાવી.

દ્રૌપદીએ એને પોતાના આગમનનું કારણ કહ્યું ત્યારે વિરાટરાજાની રાણી સુદેષ્ણાએ કહ્યું કે તારા જેવી રૂપાળી સ્ત્રીઓ દાસી હોય જ નહી. તે તો અનેક દાસદાસીઓને આજ્ઞા આપનારી હોય. તું કોણ છે ? યક્ષી છે ? દેવી છે ? ગંધર્વી છે ? અપ્સરા છે ? દેવકન્યા છે ? નાગકન્યા છે ? નગરદેવતા છે ? વિદ્યાધરી છે ? કિન્નરી છે ? સાક્ષાત્ રોહિણી છે ? તું ઈન્દ્રાણી છે કે વારુણી છે ? ત્વષ્ટાની, ધાતાની કે પ્રજાપતિની પત્ની છે ? દેવોમાં વિખ્યાત એવી દેવીઓમાંથી કોઈક દેવી છે ?

દ્રૌપદી બોલી કે હું દેવી નથી, ગંધર્વી નથી, આસુરી નથી, તેમ રાક્ષસી પણ નથી. હું તો દાસીપણું કરનારી સૈરંધ્રી છું. હે શુભા ! હું વાળના સુંદર અંબોડા ગૂંથું છું. અંગરાગ માટે ઉત્તમ ચંદનાદિને ઘસી જાણું છું. અને મલ્લિકા, ઉત્પલ, પદ્મ તેમજ ચંપકની જાતજાતની અતિ મનોહર માળાઓ પરોવું છું. પૂર્વે હું કૃષ્ણની પ્રિય પટરાણી સત્યભામાની તેમજ કુરુવંશી પાંડુપુત્રોની પરમ સુંદર પત્ની કૃષ્ણાની સેવામાં હતી. આમ હું વિવિધ સ્થાનોમાં ફરું છું અને સુંદર ભોજન પામું છું. મને જેવાં અને જેટલાં વસ્ત્રો મળે છે તેવાં અને તેટલાંથી હું આનંદ માનું છું. દેવી દ્રૌપદીએ પોતે જ મારું નામ માલિની પાડયું છે.

સુદેષ્ણાએ સંતોષ સાથે જણાવ્યું કે હું તને ખૂબ જ માનપૂર્વક રાખું, પણ ન કરે નારાયણ ને રાજા તારી કામના કરે અને સૌ કોઈ મનથી તારા ઉપર આસકત થઈ જાય તો ? મારા મંદિરમાં ને રાજદરબારમાં જે જે સ્ત્રીઓ છે તે સર્વ તને આસક્તિપૂર્વક જોયા કરે છે. તો પછી તું કયા પરપુરુષને મોહિત ના કરે ? વિરાટરાજા તારા અલૌકિક રૂપને નિહાળીને કદાચ મારો ત્યાગ કરી દે. તે તારા થઈ જાય. તું જે આસક્ત પુરુષ ઉપર દૃષ્ટિપાત કરશે તે કામાધીન થઈ જશે. જે તને સતત જોયા કરશે તે કામને વશ થઈ જશે.

દ્રૌપદી બોલી કે વિરાટરાજ કે બીજો કોઈપણ પુરુષ મને કદાપિ મેળવી શકે એમ નથી. યુવાન ગંધર્વપુત્ર મારા પતિ છે. મહાબળવાન ગંધર્વરાજના પુત્ર નિત્ય મારી રક્ષા કરે છે. વળી હું છંછેડી ના શકાય એવી છું. જે મને એઠું ના આપે તથા મારી પાસે પગ ધોવડાવે નહીં તેને ત્યાં વાસ કરવાથી મારા ગંધર્વપતિ પ્રસન્ન રહેશે. પરંતુ જે પુરુષ મને બીજી સાધારણ સ્ત્રીઓ જેવી માનીને મારી અભિલાષા કરશે તે પુરુષ તે જ રાતે મરણ પામશે. કોઈપણ પુરુષ મને મારી પવિત્રતામાંથી ડગાવી શકે એમ નથી.

સુદેષ્ણાએ કહ્યું કે હું તને તારી ઈચ્છા પ્રમાણે રાખીશ. તારે કોઈના પગનો કે ઉચ્છિષ્ટ ભોજનનો સ્પર્શ કરવાનો અવસર નહીં આવે.

વિરાટરાજની રાણીએ કૃષ્ણાને સાંત્વન આપ્યું એટલે તે પતિવ્રતા અને ધર્મપરાયણા સતી તે નગરમાં રહેવા લાગી. ત્યાં તેને કોઈપણ ઓળખી શક્યું નહીં.

પછી સહદેવ ગોવાળનો ઉત્તમ વેશ લઈને ગોવાળિયાની બોલી બોલતો-બોલતો વિરાટરાજાની પાસે જવા નીકળ્યો.

તે રાજભવનની પાસેની ગૌશાળા પાસે જઈને ઊભો રહ્યો એટલે રાજા તેને જોઈને વિસ્મય પામ્યો અને તેણે પોતાના માણસોને તેની પાસે મોકલ્યા.

વિરાટરાજે મળીને તથા તેના પ્રશ્નને સાંભળીને સહદેવે જણાવ્યું કે હું અરિષ્ટનેમિ  નામનો વૈશ્ય છું. હું કુરુશ્રેષ્ઠોનો ગોપરીક્ષક હતો પરંતુ તે પૃથાપુત્રો ક્યાં છે તેની મને માહિતી નથી. આથી હું તમારી પાસે રહેવા ઈચ્છું છું, કારણ કે ઉદ્યોગ કર્યા વિના મનુષ્ય જીવી શકતો નથી.

વિરાટરાજે કહ્યુ કે તું તો બ્રાહ્મણ કે ક્ષત્રિય હોય એવો લાગે છે તારું રૂપ સમુદ્રપર્યંતની પૃથ્વીના રાજા જેવું લાગે છે. આ વૈશ્યકર્મ તારે માટે ઉચિત નથી. તું કયા રાજાના રાજ્યમાંથી આવ્યો છે ? તારી પાસે કઈ વિશિષ્ટતા છે ? અમારી સાથે કેવી રીતે રહેશે ? શું વેતન લેશે ?

સહદેવે જણાવ્યું કે પાંચ પાંડુપુત્રોમાં યુધિષ્ઠિર સૌથી મોટા છે. તેમને ત્યાં સો સોના એક એવા ગાયોનાં આઠ લાખ મંડળો હતાં. વળી બસો-બસોનાં એક એવાં બીજાં ગાયોનાં એક લાખ મંડળો હતાં. બીજી ગાયો પણ રહેતી. હું એ ગાયોનો પરીક્ષક હતો. લોકો મને તંતિપાલને નામે ઓળખતા. દશ દશ યોજનમાં રહેનારી ગાયોની, ભૂત, ભવિષ્ય અને વર્તમાનની જે કાંઈ સંખ્યા હોય તે મારાથી અજાણી નહોતી. યુધિષ્ઠિર મારા ગુણોને સારી રીતે જાણતા. તે મારાથી સંતુષ્ટ રહેતા, જે જે ઉપાયોથી ગાયોમાં વધારો થાય અને તેમને રોગ લાગે નહિ તે તે ઉપાયોને હું જાણું છું. મારામાં એ વિશેષતા છે. જેમના મૂત્રને સૂંઘવાથી વંધ્યા પણ પુત્રવતી થાય તે શુભ લક્ષણવાળા આખલાઓને પણ હું ઓળખી શકું છું.

વિરાટરાજે કહ્યું કે મારે ત્યાં એક જ વર્ણવાળી અને વિવિધ ગુણોવાળી ગાયોનાં એક લાખ મંડળો છે. હું તે સર્વને તથા તેમના રક્ષકોને તને સોંપું છું. એ સર્વ તારા અધિકારમાં રહેશે.

એ પ્રમાણે સહદેવ વિરાટરાજને મળીને ત્યાં જ રહેવા લાગ્યો. રાજાએ તેને તેની ઈચ્છાનુસાર જીવિકા પણ બાંધી આપી.

પછી ત્યાં સ્ત્રીઓના અલંકારોને ધારણ કરનારો એક રૂપસંપત્તિવાળો ભવ્ય પુરુષ કોટની નજીકમાં દેખાયો. તેણે કાને મોટાં કુંડળો પહેર્યાં હતાં અને હાથમાં શંખનાં બલૈયાં તેમજ સોનાનાં કડાં. એ અર્જુન હતો. એ વિરાટરાજાની સભા પાસે આવીને ઊભો રહ્યો.

વિરાટરાજની જિજ્ઞાસાના જવાબમાં અર્જુને જણાવ્યું કે હું ગાઉં છું, નાચું છું અને વાંજિંત્ર વગાડું છું. હું નૃત્યમાં નિપુણ અને ગીતમાં કુશળ છું તને મને ઉત્તરાની પાસે રાખો. હું એ દેવીનો નૃત્યશિક્ષક થઈશ. આ રૂપ મને કેવી રીતે મળ્યું તે કહેવાનું કશું પ્રયોજન નથી, કેમ કે એથી મારા શોકમાં વધારો થશે. મારું નામ બૃહન્નલા છે. મને મા-બાપ વિનાની પુત્રી કે તેવો પુત્ર માનો.

વિરાટરાજે બૃહન્નલાને નૃત્ય, વાદ્ય તથા વિવિધ કલાઓમાં કુશળ જોઈને પોતાના વિવિધ મંત્રીઓ સાથે મંત્રણા કરી. તરુણ સ્ત્રીઓ પાસે એની પરીક્ષા કરાવી અને એના નપુંસકપણાનો નિર્ણય કરાવ્યા પછી એને કન્યાગૃહમાં મોકલ્યો.

ધનંજય વિરાટરાજની પુત્રીને, તેની સખીઓને તેમજ તેની સખીઓને તેમજ તેની પરિચારિકાઓને ગાયનવાદન શીખવવા લાગ્યો. ત્યાં એ સર્વ કન્યાઓને પ્રિય થઈ પડયો અને કપટવેશથી તેમની સાથે રહેવા લાગ્યો.

એ પછી નકુલ વિરાટરાજની પાસે પહોંચી ગયો અને બોલ્યો કે, મહીપાલ ! તમારો જય હો ! તમારું મંગલ હો ! હું રાજાઓનો માનીતો નિપુણ અશ્વવેત્તા છું. તમારો અશ્વશિક્ષક થવા ઈચ્છું છું. પાંચ પાંડુપુત્રોમાં યુધિષ્ઠિર સૌથી મોટા છે. તેમણે મને એમના અશ્વનો અધ્યક્ષ નીમેલો. હું ઘોડાઓની જાતને ઓળખું છું અને તેમને પૂરી રીતે કેળવી શકું છું. ખોડવાળા ઘોડાઓને દૂર કરી શકું છું. તેમજ એમનું ઔષધ પણ જાણું છું મારી કેળવેલી ઘોડી નઠારી નીવડતી નથી તો પછી મારા કેળવેલા ઘોડાઓ તો નઠારા કેવી રીતે નીકળે ? પાંડુપુત્ર યુધિષ્ઠિર અને બીજા મને ગ્રંથિકના નામે બોલાવતા.

વિરાટરાજે તે ગંધર્વશ્રેષ્ઠ જેવા યુવાન નકુલને હર્ષપૂર્વક સત્કાર આપીને રાખ્યો. તે રાજાનો માનીતો થઈ પડયો. આમ છતાં કોઈ તેને કોઇ રીતે ઓળખી શક્યું નહી.

સમુદ્રપર્યંતની ધરતીના ધણી અને સફળ દર્શનવાળા પાંડવો અત્યંત દુઃખિત થવાથી પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે મત્સ્યદેશમાં વસ્યા અને સાવધાનીપૂર્વક પોતાના ગુપ્તવાસના દિવસોને વિતાવવા લાગ્યા.

પાંડવોના અજ્ઞાતવાસનો એ પ્રસંગ શું શીખવે છે ? એ જ કે માનવે ગમે તેવા પ્રતિકૂળ-પીડાજનક પ્રસંગ દરમિયાન પણ પોતાના મનોબળને મજબૂત રાખવું જોઈએ. મનને મક્કમ કરીને અને રાખીને ધીરજ, હિંમત તથા શાંતિપૂર્વક આગળનો માર્ગ વિચારવો જોઈએ અને રસ્તો કાઢવો જોઈએ. સ્થિરતાને સદા સતત રાખવી જોઈએ. કદી કોઈયે કારણે ભંગાઈ કે નંખાઈ જવું ના જોઈએ. માનવની સાચી કસોટી કપરા સંજોગોમાં જ થતી હોય છે. એ સંજોગો બદલાય છે પણ ખરા. માટે માનવે સદા આશાવાદી બનીને નિરાશાની વચ્ચે પણ નાસીપાસ થયા સિવાય કર્તવ્યની કેડી પર ઉત્તરોત્તર આગળ અને આગળ વધવું જોઈએ. વસુંધરા એવા વીર પુરુષોને માટે, મજબૂત મનોબળવાળા માનવો માટે છે. નિર્બળ કે કાયરને માટે એનો આનંદ નથી હોતો, એવું જે કહેવામાં આવ્યું છે તે સંપૂર્ણપણે સાચું છેઃ વીરભોગ્યા વસુંધરા.

પ્રસ્તુત પ્રસંગ એક અન્ય વસ્તુ પ્રત્યે પણ અંગુલિનિર્દેશ કરે છે. યુધિષ્ઠિર સત્યવાદી તથા ધર્માત્મા કહેવાતા તોપણ તેમને તથા બીજા પાંડવોને વિરાટરાજાની આગળ અજ્ઞાતવાસને માટે અસત્ય ભાષણ કરવું પડયું. અસત્ય ભાષણનો આધાર, એમને માટે ગુપ્ત રીતે લીધા સિવાય છૂટકો ન હતો, એવી એમની માન્યતા હતી.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧૭. જીમૂતનો નાશ

દ્યુતરહસ્યને જાણનારા પાંડુપુત્ર યુધિષ્ઠિર વિરાટરાજને દ્યુતસભામાં દોરી યથેચ્છ રીતે રમાડતા હતા. વિરાટરાજા ના જાણે તેમ પોતાનું જીતેલું ધન પોતાના ભાઈઓને યોગ્ય રીતે આપતા હતા. ભીમસેન, મત્સ્યરાજે તેને આપેલાં વિવિધ ભક્ષ્યો, યુધિષ્ઠિરને આપતો હતો. અર્જુન અંતઃપુરમાં મળેલા ઊતરેલાં જૂનાં વસ્ત્રો સર્વ પાંડવોને આપતો હતો. સહદેવ ગોવાળિયાના વેશમાં રહીને પાંડવોને દહીં, દૂધ અને ઘી આપતો. નકુલ અશ્વશિક્ષણનું કાર્ય કરીને નરપતિ વિરાટને પ્રસન્ન કરી ધન પામતો અને જે ધન મળતું તે પાંડવોને આપતો. તપસ્વિની દ્રૌપદી કોઈ પોતાને ઓળખી જાય નહીં એવી રીતે રહેતી. તે મહારથીઓ એકબીજાને સહાયક થઈને ગુપ્તપણે વિરાટનગરમાં વિચરતાં.

ચોથે મહિને મત્સ્યદેશમાં બ્રહ્માનો સુંદર અને સમૃદ્ધ મહોત્સવ આવ્યો.

બ્રહ્મસભામાં બ્રહ્માના ઉત્સવ માટે અને કૈલાસ સભામાં પશુપતિનાથના ઉત્સવ માટે જેમ દેવમંડળો આવે તેમ ત્યાં જુદી-જુદી દિશાઓમાંથી હજારો મલ્લો આવીને એકઠા થયા. તે મલ્લો મહાકાય અને મહાપરાક્રમી હતા.

રાજાએ તે સર્વનો સારી રીતે સત્કાર કર્યો.

રાજાની સમક્ષ આવીને તેમણે અખાડામાં અનેકવાર વિજય મેળવ્યો હતો.

તેમનામાં એક મહાન મલ્લે સર્વ મલ્લોને કુસ્તી માટે આમંત્રણ આપ્યું. પરંતુ અખાડામાં કુસ્તી ખેલવાને તૈયાર ઊભેલા તે મલ્લ સામે કોઈપણ ઊભો થયો નહીં. જયારે સર્વ મલ્લો નિસ્તેજ અને ઉદાસ થઈ ગયા ત્યારે મત્સ્યરાજે પોતાના પાકાધ્યક્ષ બલ્લવને તે મલ્લ સાથે લડવાની આજ્ઞા કરી.

પોતે રખે ઉઘાડો પડી જાય એવી આશંકાથી ભીમ યુધ્ધ કરવાને તૈયાર ન હતો. છતાં તેણે દુઃખપૂર્વક લડવાનો વિચાર કર્યો. કેમ કે, તે રાજાને ખુલ્લી રીતે ના કહી ના શક્યો.

ભીમ વાઘની પેઠે ધીરે ધીરે પગલાં ભગલાં ભરતો આવ્યો અને વિરાટરાજને વંદન કરીને મોટા અખાડામાં પેઠો. ભીમે કચ્છને કસીને લોકોને હર્ષ ઉપજાવ્યો અને વૃત્રાસુર જેવા તે પ્રસિદ્ધ પરાક્રમી જીમૂત નામના મલ્લને યુદ્ધનું આવાહન આપ્યું.

તે બંને અત્યંત ઉત્સાહી અને ભયંકર પરાક્રમી હતા.

બંને વચ્ચે વજ્ર અને પર્વત વચ્ચે થયેલા યુદ્ધ જેવું અતિ ભયંકર યુદ્ધ મંડાયું.

મદઝરતા મહાગજની જેમ તે બંને અત્યંત મસ્ત થઈ ગયા હતા. એકબીજાનાં અંગને જાતજાતની આંટીઓ નાંખી દબાવવાં અને તેમને છૂટા પાડવાં, હાથની મુષ્ટિઓનો પ્રહાર કરવો, અંગોને પરસ્પર અથડાવવાં અને તેમ કરીને એકબીજાને દૂર ફેંકી દેવા, જમીન ઉપર પછાડીને દબાવવો, ઊંચે ઉછાળીને રગડી નાખવો, સ્થાન ઉપરથી એકાએક હડસેલી દેવો, બેઉ હાથની મુઠ્ઠીઓ વાળીને છાતીમાં ચોટ મારવી, ખભે ઊંચકી લઇ ઊંધે માથે ભમાવી, નીચે પટકી પાડીને, તેની પાસે ત્રાહ્ય પોકારાવવી, આંગળીઓ ખુલ્લી રાખીને લપડાકો લગાવવી, સીધી રાખેલી મજબૂત આંગલીઓથી ક્રોધપૂર્વક પ્રહાર કરવો, નખો મારવા, ભયંકર પાટુઓ લગાવવી, તેમજ ઢીંચણો અને માથાને પથ્થર અથડાવા જેવો અવાજ થાય તેમ અથડાવવાં,

એવી એવી મલ્લવિદ્યાની રીતિથી એ શૂરવીરો વચ્ચે ઉત્સવના સમાજ આગળ યુદ્ધ ચાલ્યું. તે નિઃશસ્ત્ર અને શરીર, મન અને બાહુના બળ ઉપર નિર્ભર હતું, તો પણ ખૂબ જ ભયંકર નીવડ્યું. વુત્રાસુર અને ઇન્દ્ર વચ્ચેના યુદ્ધ જેવા બંને બળવાનો વચ્ચેના યુદ્ધમાં સર્વ પ્રેક્ષકો જીતનારને ઉત્સાહ આપનારા અવાજ કરવા લાગ્યા અને આનંદમાં આવી ગયા.

સુવિશાળ છાતીવાળા, લાંબા હાથવાળા અને મલ્લયુદ્ધમાં કુશળ તે બંને મોટી બૂમો પાડીને એકબીજાનો તિરસ્કાર કરવા લાગ્યા. તેમણે લોઢાની પરિઘ જેવા પોતાના બાહુઓથી એકબીજાને ભીડી લીધા. પછી હુંકાર કરતાં, સિંહ ગર્જના કરતાં હાથીને પકડીને ખેંચે તેમ ભીમસેને જીમૂત મલ્લને બે હાથે પકડીને ખેંચવા માંડયો. મહાબાહુ વીર્યવાન ભીમ તેને ઊંચકીને ઘુમાવવા લાગ્યો, ત્યારે મલ્લો અને મત્સ્ય દેશવાસીઓ અત્યંત આશ્ચર્ય પામ્યા. વૃકોદરે મલ્લને સો વાર ભમાવ્યો એટલે તે નિશ્ચેતન અને નિષ્પ્રાણ થઇ ગયો. ભીમે તેને પૃથ્વી પર પછાડીને રગડી નાખ્યો.

લોકપ્રસિદ્ધ વીર જીમૂત મરણ પામ્યો ત્યારે વિરાટરાજ પોતાના બાંધવો સહિત અત્યંત આનંદ પામ્યો. તેણે કુબેરની જેમ એ મહાન અખાડામાં બલ્લવને હર્ષપૂર્વક પુષ્કળ ધન આપ્યું.

ભીમે મત્સ્યરાજની ઉત્તમ પ્રીતિ સંપાદન કરી.

જ્યારે ભીમની બરાબરનો કોઇ પુરુષ મળતો નહીં ત્યારે રાજા તેને સિંહો, વાઘો અને હાથીઓ સાથે પણ કુસ્તી કરાવતો. વળી વિરાટરાજ અંતઃપુરમાં સ્ત્રીઓની વચ્ચે બિરાજીને એનું મત્ત અને મહાબળવાન સિંહો સાથે યુદ્ધ કરાવતો.

અર્જુન પણ ગીત અને નૃત્યની મદદથી રાણીવાસની સ્ત્રીઓને તેમજ વિરાટરાજને સંતોષ આપતો. વિવિધ સ્થળેથી આવેલા વેગવાન ઘોડાઓને કેળવીને નકુલે પણ વિરાટરાજને સંતુષ્ટ કર્યા. પ્રસન્ન થયેલા રાજાએ તેને પુષ્કળ ધન આપ્યું. પોતાના બળદોને સારી રીતે કેળવાયેલા જોઇને પુરુષસિંહ વિરાટે સહદેવને અનેકવિધ ધન આપ્યું. દ્રૌપદી સૌને ક્લેશ પામી રહેલા જોઇને મનમાં અત્યંત ખેદ પામતી ઊંડાઊંડા નિસાસા નાખતી.

પાંડવો વિરાટરાજનાં કાર્યો કરતા ગુપ્ત રીતે વસવા લાગ્યા.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૧૮. કીચકનો મોહ

પાંડવોના અને દ્રૌપદીના જીવનમાં પ્રતિકૂળ પ્રસંગોની પરંપરા પેદા થતી.

એમનો જીવનપ્રવાહ પ્રથમથી જ સરળ અને સુખમય નહોતો પરંતુ જટિલ તથા ક્લેશમય હતો.

તો પણ એની જટિલતા કે ક્લેશમયતા એમને સાલતી નહોતી.

એને લીધે એ નાહિંમત, નિરાશ કે નાસીપાસ નહોતા બન્યા.

એમનું ઘડતર જુદી જ માટીમાંથી થયેલું હોવાથી, પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી પણ માર્ગ કાઢતાં એ બનતી ધીરજ, આશા, શ્રદ્ધા અને હિંમતથી આગળ વધતા.

એટલે જ જીવનનો કંટકાકીર્ણ માર્ગ એમને માટે કુસુમકોમળ થઇ પડતો.

સુખ અને દુઃખને વધારે મહત્વ આપ્યા સિવાય એ એમના કાર્યની સિદ્ધિને મહત્વની માનતા.

જે મનસ્વી તેમજ કાર્યાર્થી હોય છે તે જીવનમાં આવતાં સુખદુઃખોને ગણકારતો નથી - મનસ્વી કાર્યાર્થી ન ગણયતિ સુખં ન ચ દુઃખમ્ - એ સુપ્રસિદ્ધ, શ્લોકપંક્તિ તેમના જીવનમાં મૂર્તિમંત થયેલી જોવા મળતી.

સામાન્ય અસામાન્ય મનુષ્યોને એમના જીવનમાંથી ઘણુંઘણું શીખવાનું હતું. આજે પણ શીખવાનું છે.

મત્સ્યદેશના વિરાટનગરમાં ગુપ્ત રીતે રહેતાં એમને લગભગ દસ માસ થઇ ગયા.

સેવા કરાવવાને યોગ્ય દ્રૌપદી રાણી સુદેષ્ણાની સ્નેહપૂર્વક સેવા કરતી ભૂતજીવનની સુખમય સંસ્મૃતિઓને યાદ કરીને અતિશય દુઃખી બનીને રહેતી હતી.

એના ઉત્તમ વિશદ વ્યવહારથી રાણી સુદેષ્ણા તો પૂર્ણપણે પ્રસન્ન હતી જ પરંતુ સાથેસાથે અંતઃપુરની અન્ય સ્ત્રીઓ પણ સંતુષ્ટ દેખાતી.

દિવસો પર દિવસો અને મહિના પછી મહિના પસાર થતા ગયા. અજ્ઞાતવાસનો મોટા ભાગનો સમય પસાર થઇ ગયો ત્યારે દ્રૌપદીના જીવનમાં એક અવનવીન, ચિરસ્મરણીય, એના શીલની કસોટી કરનારો અને એની દૈવી સત્વશીલતાની પ્રતીતિ કરાવનારો પ્રસંગ પેદા થયો.

વિરાટરાજનો મહાબળવાન સેનાપતિ કીચક દેવકન્યા જેવી કલ્પનાતીત કાંતિવાળી દ્રૌપદીને દેખીને કામવાસનાનો શિકાર બનીને એને મેળવવાનો મનોરથ કરવા માંડયો.

એણે કામમોહિત બની રાણી સુદેષ્ણા પાસે પહોંચીને કહેવા માંડયુ કે વિરાટરાજના રમણીય રાજભવનમાં મેં આજ સુધી આવી બીજી સુંદરી નથી જોઇ. આ રૂપસુંદરી પોતાના અદભૂત અનુપમ લાવણ્યથી સાક્ષાત્ લક્ષ્મી સમાન લાગે છે. ઉત્તમ પ્રકારની મદિરા જેમ ગંધથી માનવને ઉન્મત્ત કરી દે છે તેમ એ ભામિની પોતાના અલૌકિક સૌન્દર્ય અને આકર્ષણથી મારા ઉરને ઉન્મત્ત કરે છે. મારા મનની શાંતિ માટે એની પ્રાપ્તિ વિના બીજો કોઇ ઉપાય નથી દેખાતો. એણે મારા મનને વશ કર્યું છે. એને માટે દાસીપણું કરવાનું યોગ્ય નથી. એ સર્વશ્રેષ્ઠ સુંદરી મારા સર્વસ્વ પર સ્વામિત્વ ભોગવે તે જ બરાબર છે. અસંખ્ય હાથી, ઘોડા, રથથી સંપન્ન, પુષ્કળ મનુષ્યોવાળા, સુસમૃદ્ધ, વિવિધ ખાનપાનયુક્ત, સુવર્ણ તથા ચિત્રોથી અલંકૃત, મારા મનહર રાજમંદિરને એ સુંદરી ભલે શોભાવે. એ એની પ્રતીક્ષા કરે છે.

સુદેષ્ણા સાથે વાત કરીને કીચક દ્રૌપદી પાસે પહોંચ્યો અને એનાથી સંમોહિત બનીને બોલ્યો કે કલ્યાણી ! તું કોણ છે ? કોની છે ? હે સુંદરમુખી ! તું આ વિરાટનગરમાં આવી ? શોભના ! તારું રૂપ અનુપમ છે. તારી કાંતિ અનુપમ અને તારી સુકુમારતા શ્રેષ્ઠ છે. તારું મુખ ચંદ્રની જેમ નિર્મળ ભાસે છે. તારાં નેત્ર કમળપત્ર સરખાં સુંદર અને સુવિશાળ છે. હે સર્વાંગસુંદરી ! તારા શબ્દો કોયલના ટહુકા જેવા સુમધુર છે. પૃથ્વીમાં મેં તારા જેવી બીજી કોઇ સ્ત્રીને નથી જોઇ. તું કમળનિવાસિની કમળા કે સાક્ષાત્ ઐશ્વર્યદેવતા છે ? તું અનંગના અંગ સાથે વિહાર કરનારી અતીવ રૂપવતી રતિ છે ? તું ચંદ્રની પેઠે પ્રકાશે છે. તારા મુખચંદ્રને જોઇને કોણ કામવશ ના થઇ શકે ?

તારો લાભ ના થતાં હું મરી જઇશ માટે આત્મદાન આપીને મારો ઉદ્ધાર કર. તું સુખ ભોગવવાને યોગ્ય હોવાં છતાં અહીં સુખથી રહિત છે. તારે અહીં દુઃખમાં રહેવાનું હોય નહીં. તેથી મારી પાસેથી અનુપમ સુખની પ્રાપ્તિ કર.

તારું અદ્વિતીય રૂપ નિરર્થક વહ્યું જાય છે. પુષ્પોની શ્રેષ્ઠ સુંદર માળા જેમ પહેર્યા વિના શોભતી નથી તેમ તું શોભના હોવા છતાંયે શોભતી નથી. મારી આગળની સ્ત્રીઓનો હું તારે માટે ત્યાગ કરીશ, અથવા તેઓ દાસીઓ બનશે. હું તારો દાસ થઇને રહીશ. તારે અધીન રહીને વર્તીશ.

દ્રૌપદી બોલી કે સુતપુત્ર ! હું તો હલકા વર્ણની છું. સૈરન્ધ્રી છું. બીભત્સ છું, અને કેશ ઓળનારી છું. વળી પરસ્ત્રી છું. આથી તું જે પ્રાર્થના કરે છે તે અયોગ્ય છે. તારું કલ્યાણ થાવ. પ્રાણીમાત્રને પોતાની પત્ની પ્રિય હોય છે તેથી તું ધર્મનો વિચાર કર. તારે પરસ્ત્રીમાં કોઇ રીતે વૃત્તિ ના કરવી જોઇએ. જે પાપી મનનો મનુષ્ય મોહમાં પડીને મિથ્યા વસ્તુની અભિલાષા કરે છે તે ભયંકર અપકિર્તીને પામે છે અથવા પ્રાણસંકટના મહાભયમાં પડીને મરે છે.

સૈરન્ધ્રીએ એવી રીતે કહ્યું તો પણ કામથી મોહિત થયેલો અતિ નીચ બુદ્ધિનો દુરાત્મા કીચક પરસ્ત્રીગમનમાં રહેલા પ્રાણઘાતક તથા સર્વલોકમાં નિંદાયેલા અનેક દોષોને જાણવા છતાં ઇન્દ્રિયાધીન થઇને દ્રૌપદીને કહેવા લાગ્યો કે તારે લીધે હું મદનથી ઘેરાઇ ગયો છું. હું તારે આધીન છું અને પ્રિય બોલું છું. આમ છતાં તું મને ના પાડશે એટલે તારે પસ્તાવું પડશે. હું જ આ અખિલ રાજ્યનો સ્વામી છું. અને હું જ એનો વસાવનાર છું. વળી પરાક્રમમાં સમસ્ત પૃથ્વીમાં અજોડ છું. રૂપ, યૌવન, સૌભાગ્ય અને શ્રેષ્ઠ તથા સુંદર ભોગોમાં આ પૃથ્વીમાં બીજો કોઇ પુરુષ મારી બરાબરીનો નથી. તું મને ભજ અને અનુત્તમ ભોગોને ભોગવ.

કીચકે સાધ્વી દ્રૌપદીને એવાં અશુભ વચનો કહ્યાં ત્યારે તેનાં વચનોને તિરસ્કારી કાઢતાં તેણે કીચકને જણાવ્યું કે તું ગાંડો થા નહીં, જોજે, આજે જ તારો જીવ ના જાય ! તું જાણી લે કે પાંચ પ્રતાપી પુરુષો મારું ચારે બાજુથી રક્ષણ કરે છે. તું મને કદીય મેળવી શકીશ નહિ, કેમકે તે ગંધર્વ પુરુષો કોપ કરશે તો તારો નાશ જ થશે. મારો અપરાધ કરીને તું પૃથ્વીના પેટાળમાં ભરાઇ જશે, ઊંચે આકાશમાં ઊડી જશે, અથવા સમુદ્રની સામે પાર દોડી જશે તો પણ, મારા ગંધર્વ સંરક્ષકોના હાથમાંથી છૂટી શકશે નહીં. એ આકાશગમનની શક્તિવાળા દેવપુત્રો શત્રુઓનો ઘાણ કાઢી નાખે તેવા છે. પરસ્ત્રીથી દૂર રહેવાની અને તે દ્વારા જીવનને જીવંત રાખવાની દૈવી દૃષ્ટિ તારી પાસે છે જ નહીં.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧૯. કીચકનો દુર્વ્યવહાર

કીચક વિરાટરાજનો સેનાધ્યક્ષ હતો, અતિશય પરાક્રમી કહેવાતો, તોપણ દ્રૌપદીને દેખીને મોહિત બન્યો એ શું બતાવે છે ? માનવ શરીરશક્તિથી સંપન્ન હોય, મનોબળથી મંડિત હોય, બુદ્ધિમાન હોય, છતાં પણ કેટલીકવાર મનનો સ્વામી નથી હોતો, એને લીધે એ અશુભ તરફ વળે છે, અશુભ કરે છે, અને સમજાવ્યા છતાં પણ નથી સમજી શકતો. જીવનને સંપૂર્ણપણે સુખી અને શાંત બનાવવા માટે માનવે પોતાના આત્મબળને કેળવવું પડે છે. એ બળ કેળવાયા પછી એ અશુભનો શિકાર નથી બનતો. દ્રૌપદી એવા અસાધારણ આત્મબળથી અલંકૃત હોવાથી અશુભ વિચાર, ભાવ, સંકલ્પ કે વ્યવહારથી મુક્ત રહી શકી. કીચક અને દ્રૌપદી જીવનવિકાસની વિરોધાભાસી ભૂમિકાઓનું પ્રતિનિધિત્વ પૂરું પાડે છે. માનવ જો કીચકની ક્લેશકારક કામભૂમિકા પરથી આગળ વધીને દ્રૌપદીની દૃઢ મનોબળવાળી ભૂમિકા પર આરૂઢ થઇ શકે તો સુખી બને અને સમાજને પણ સુખી કરી શકે. માનવે શું બનવું, કીચક કે કૃષ્ણા, એ એના હાથમાં છે.

દ્રૌપદીએ કીચકને પોતાની રીતે સમજાવવાનો અને કુપંથ પરથી પાછા વાળવાનો પ્રયાસ કરી જોયો પરંતુ એ પ્રયાસ નિષ્ફળ નીવડ્યો.

કીચક સહેજ પણ ના સમજ્યો. એના પ્રાણમાં સદબુદ્ધિનો સૂર્યોદય ના પ્રગટયો.

એની વાસના એટલી બધી વિશાળ અને વિકરાળ બનેલી કે એનાથી ઉત્તેજિત અને અશાંત બનીને એ મહારાણી સુદેષ્ણા પાસે પહોંચીને એને ગમે તેમ કરીને પણ દ્રૌપદીને પોતાની પાસે મોકલવા માટે વિનવવા લાગ્યો.

એણે એને દ્રૌપદી પ્રત્યેના સંમોહની વાત કોઇ પણ પ્રકારના સંકોચ સિવાય કહી બતાવી.

સુદેષ્ણા કીચકની બહેન હતી. એણે કીચકનાં વિલાપવચનોને સાંભળીને એના પ્રત્યેની કરુણાથી પ્રેરાઇને એની પાસે દ્રૌપદીને પોતાના સેવાકાર્ય માટે મોકલવાનો નિર્ણય કર્યો.

એ નિર્ણયને સફળ કરવાની વ્યવસ્થિત યોજના બનાવી.

એ યોજનાને અનુસરીને એણે દ્રૌપદીને એક દિવસ કીચકની પાસે જઇને વિરાટરાજને માટે તૈયાર કરવામાં આવેલી વિશિષ્ટ પ્રકારની મદિરાને લાવવાનો આદેશ આપ્યો.

દ્રૌપદીએ કીચક પાસે જવાની આનાકાની કરી અને જણાવ્યું કે કીચક ખૂબજ નિર્લજ્જ છે. મેં તમારા પ્રાસાદમાં પ્રવેશ કરતી વખતે નક્કી કર્યું છે કે હું તમારે ત્યાં વસીને વ્યભિચારિણી કે સ્વેચ્છાચારિણી નહિ થઉં. મારી એ પૂર્વશરતને તમે નહિ ભૂલ્યાં હો. કીચક કામમોહિત તથા મૂર્ખ છે. મને જોતાં જ તે મારું અપમાન કરીને મારી સાથે દુર્વ્યવહાર કરવાનો પ્રયત્ન કરશે. હું એની પાસે નહિ જઉં. તમારી બીજી અનેક દાસીઓ છે. એમાંથી ગમે તેને મોકલીને તમારું કામ કરાવી શકો છો.

પરંતુ સુદેષ્ણાએ માન્યું નહિ.

એણે એને અનેક રીતે સમજાવીને એક ઢાંકણવાળું સુવર્ણપાત્ર આપીને કીચક પાસે મોકલી.

દ્રૌપદીએ કીચકને ત્યાં જતાં પહેલાં બે ઘડી સૂર્યોપાસના કરી.

સૂર્યે એથી સંતુષ્ટ બનીને એના રક્ષણ માટે એક ગુપ્ત રાક્ષસને આજ્ઞા કરી.

એ રાક્ષસ દ્રૌપદી સાથે રહેવા લાગ્યો.

દ્રૌપદીની ધારણા સાચી નીકળી. એને દેખીને કીચક ઉન્માદમાં આવી ગયો અને એણે મદિરાની માગણી કરી તો બોલ્યો કે મદિરાને પહોંચાડનારી બીજી દાસીઓ તો અનેક છે. તારે તે કામ નથી કરવાનું. તારે તો મારી બની મારા ભવનમાં રહીને મને આનંદ આપવાનો છે.

કીચકે દ્રૌપદીના જમણા હાથને પકડી લીધો.

દ્રૌપદી બોલી કે મેં મદોન્મત્ત થઇને મનમાં પણ મારા પતિને માટે કદી અભાવ અનુભવ્યો નથી. એને લીધે હું તને પાપીને વશ કરેલો અને પૃથ્વી પર ઘસડાતો જોઇશ.

કીચકે તેની સાડીનો પાલવ પકડ્યો.

તે રાજપુત્રીએ વારંવાર નિશ્વાસ નાંખીને એ આતતાયીને ધક્કો માર્યો. એથી તે કપાઇ ગયેલા મૂળવાળા વૃક્ષની જેમ નીચે પટકાઇ પડ્યો.

દ્રૌપદી કીચકને પૃથ્વી પર પાડીને ધ્રુજતી ધ્રુજતી યુધિષ્ઠિર બેઠા હતા તે સભાને શરણે ગઇ. પણ કીચકે દોડતી દ્રૌપદીનો ચોટલો ખેંચીને પકડયો અને રાજાના દેખતાં જ તેને પગ વડે લાત મારી. એ વખતે સૂર્યે જે રાક્ષસને દ્રૌપદીના રક્ષણ માટે યોજ્યો હતો તેણે પવનવેગે કીચકને દૂર ઉડાડી મૂક્યો.

રાક્ષસના બળનો ધક્કો લાગતાં જેમ મૂળ કપાઇ જવાથી વૃક્ષ ઢળી પડે તેમ કીચક જમીન પર ચક્કર ખાઇ બેભાન થઇને ઢળી પડ્યો.

સભામાં બેઠેલા ભીમસેન તથા યુધિષ્ઠિરે દ્રોપદીને નિહાળી. કીચકે તેનો જે પરાભવ કર્યો હતો તેને તેઓ સહન કરી શક્યા નહીં. ભીમ દુરાત્મા કીચકનો વધ કરવાને તૈયાર થયો. એણે રોષપૂર્વક દાંતને દાંતથી પીસવા માંડયા. એકદમ ક્રોધમાં આવીને તેણે એકાએક ઊભા થવાની ઇચ્છા કરી. યુધિષ્ઠિરે પોતાના અંગૂઠાથી ભીમના અંગૂઠાને દબાવ્યો અને તેને ઊઠતાં રોક્યો.

એટલામાં દ્રૌપદીએ સભાદ્વારે આવીને વિરાટરાજને પોતાની આપવીતી સંભળાવી.

વિરાટરાજાએ કહ્યું કે તમારી બેની વચ્ચે જે કજિયો થયો છે તે મારી પરોક્ષમાં થયો છે. આથી હું તે વિશે કાંઇ જાણતો નથી. વાતનું સાચુ સ્વરૂપ જાણ્યા વિના હું નિર્ણય આપવાની કુશળતા કેવી રીતે કરી બતાવી શકું ?

દ્રૌપદી રાણી સુદેષ્ણાના ભવન તરફ દોડી ગઇ. તે વખતે એના કેશ છૂટા થઇ ગયેલા. અને એની આંખ ક્રોધથી ઘેરાઇને લાલ બનેલી.

તેને જોઇ સુદેષ્ણાએ પૂછ્યું કે તને કોણે મારી ? તું શા માટે રડે છે ? કોણે આજે પોતાની ઉપર દુઃખ વહોરી લીધું ? તારું કોણે અપ્રિય કર્યું ?

દ્રૌપદીએ જણાવ્યું કે હું તમારે માટે સુરા લેવા ગઇ ત્યારે કીચકે મારું અપમાન કર્યું. રાજસભામાં રાજાના દેખતાં જ, નિર્જન વનમાં માર મારે તેમ, તેણે મને માર માર્યો.

સુદેષ્ણાએ જણાવ્યું કે તારી મરજી હશે તો હું કીચકનો નાશ કરાવીશ. કેમ કે કામમાં ઉન્મત્ત થઇને તેણે તારું અપમાન કર્યું છે.

દ્રૌપદી બોલી કે એ તો જેમનો એ અપરાધ કરી રહ્યો છે તેઓ જ એને મારી નાખશે. એ આજે જ યમલોકમાં પહોંચી જશે.

o

કીચકના દુર્વ્યવહારથી દ્રૌપદી અતિશય દુઃખી થઇ.

એ અતિશય સ્વમાની અને શીલવંતી હતી.

કોઇ એની છેડતી કરે, છેડતી કરવાનો પ્રયત્ન કરે, કે એની સાથે કોઇ પ્રકારનો દુર્વ્યવહાર કરે, એ એને લેશ પણ પસંદ નહોતું.

પોતાના અપમાનનો બદલો લેવા એ સદાય તૈયાર રહેતી.

કીચકના સંબંધમાં પણ એવું જ બન્યું.

એને કઠોરમાં કઠોર દંડ દેવાનો અને બને તો યમમંદિરમાં મોકલવાનો એણે સંકલ્પ કર્યો.

પોતાના નિવાસસ્થાનમાં જઇને સ્નાનદિથી નિવૃત્ત થયા પછી રાતે પથારીને પરિત્યાગીને એ ભીમસેન પાસે પહોંચી ગઇ.

એણે ભીમસેનને જગાડીને પોતાની સાથે કીચક દ્વારા કરવામાં આવેલા દુર્વ્યવહારની સઘળી હકીકત કહી સંભળાવી.

એ હકીકતને સાંભળીને અને દ્રૌપદીની કરુણ અસહાય અવસ્થાને અવલોકીને ભીમસેનના ક્રોધ, અફસોસ અને પ્રતિશોધ ભાવનો પાર ના રહ્યો.

એણે કીચકને યોગ્ય દંડ દેવાનો નિર્ણય કર્યો. દ્રૌપદી સાથે વિશ્વસનીય વાતચીત કરીને એણે કીચકના નાશની યોજના બનાવી દીધી.

કીચક સવારે રાજભવનમાં જઇને દ્રૌપદીને મળ્યો ત્યારે કહેવા લાગ્યો કે મેં રાજસભામાં રાજાની આગળ જ તને પાડી નાખીને લાત મારેલી તોપણ તું કોઇની મદદ મેળવી ના શકી. વિરાટ તો મત્સ્યદેશનો નામનો જ રાજા છે. સાચો રાજા તો હું સેનાપતિ જ છું. તેથી તું મારો સ્વીકાર કર. હું તારો દાસ થઇશ. તને પ્રતિદિન સો સોનામહોરો આપીશ, સો સો દાસદાસીઓ અને રથ આપીશ.

દ્રૌપદીએ એને પોતાની સાથેના એકાંત મેળાપની વાતને ગુપ્ત રાખવાની ભલામણ કરી.

એણે ભલામણનો સ્વીકાર કર્યો.

દ્રૌપદીએ એ દિવસે રાતે રાજાએ તૈયાર કરાવેલી નવી નૃત્યશાળામાં અંધારામાં મળવા જણાવ્યું તેથી કીચકની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં.

દ્રૌપદીનું મન આટલું વહેલું બદલાશે એવી એને કલ્પના પણ ન હતી.

એ પોતાને સૌથી વધારે સૌભાગ્યશાળી સમજવા લાગ્યો.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨૦. કીચકનો નાશ

માનવના મનમાં પેદા થતી અને વ્યાપતી વાસનાનું સ્વરૂપ જ એવું છે. એની અસર નીચે આવીને માનવ વિવેકાંધ બને છે, મોહાંધ થાય છે, લોભ તથા ક્રોધમાં સપડાય છે, અને શુભાશુભને સમજવાની સદબુદ્ધિથી રહિત બનીને ના કરવાનું કરી બેસે છે અને જે કરવાનું છે તે નથી કરતો. દુર્ભાગ્યને સદભાગ્ય સમજે છે અને સદભાગ્યને દુર્ભાગ્યમાં ખપાવે છે. એના વિચારો, ભાવો, વ્યવહારો, સઘળું વિકૃત બની જાય છે.

કીચકની અવસ્થા એવી જ હતી.

દ્રૌપદીએ એને રાતે એકાંતમાં મળવાની તૈયારી બતાવી એથી એને અનહદ આનંદ થયો.

એને સ્વર્ગલોકનું આમંત્રણ મળ્યું હોય એવું લાગ્યું.

એનું સારાસાર જ્ઞાન તો પ્રથમથી જ લુપ્ત થઇ ગયેલું.

એને માટે એ અડધો દિવસ આખા મહિના જેટલો લાંબો થઇ પડ્યો.

હર્ષમાં મગ્ન બનેલો કીચક સૈરન્ધ્રીનું સ્મરણ કરતાં પોતાના પ્રાસાદમાં પહોચ્યાં પછી પણ સૈરંન્ધ્રીના સ્વરૂપમાં સમુપસ્થિત થયેલા મરણને ઓળખી શક્યો નહીં.

અતિશય મદોન્મત્ત અથવા કામાંધ બનીને એણે ભાતભાતનાં સૌન્દર્યસાધનોથી શરીરને શણગારવા માંડયું.

બીજી બાજુ દ્રૌપદી ભીમસેન પાસે પાકશાળામાં પ્રવેશીને ઊભી રહી અને બોલી કે તમારી સૂચનાનુસાર મેં કીચકને નૃત્યશાળામાં મળવાનો કાર્યક્રમ ગોઠવ્યો છે. કીચક આજે રાતે એ નૃત્યશાળામાં એકલો આવશે ત્યારે તમે તેને મારી નાખજો. એ સુતપુત્ર અહંકારથી ઉન્મત્ત બનીને ગંધર્વોને તુચ્છ ગણે છે. એણે મારી સાથે ભયંકર દુર્વ્યવહાર કરીને મારું અસાધારણ અપમાન કર્યું છે. માટે એને દેહાંત દંડ દેવો જ બરાબર છે. શ્રીકૃષ્ણે કાલિયનાગને જેમ ધરામાંથી કઠોર બનીને બહાર ખેંચી કાઢેલો એમ એને આ લોકમાંથી ઘસડી કાઢજો.

ભીમસેને દ્રૌપદીને આશ્વાસન અને અભયવચન આપતાં જમાવ્યું કે ઇન્દ્રે જેવી રીતે વૃત્રાસુરનો નાશ કરેલો તેવી રીતે હું કીચકનો નાશ કરી નાખીશ. તું તે સંબંધી સહેજ પણ ચિંતા ના કરીશ. મત્સ્યદેશના યોદ્ધાઓ મારી સાથે યુદ્ધમાં ઊતરશે તો હું તેમને પણ પૂરા કરીશ. એ વાત પહેલેથી દુર્યોધનના જાણવામાં આવે તેમ હશે તો દુર્યોધનને પણ હણી નાખીને વસુંધરાને હાથ કરીશ. પછી ભલે યુધિષ્ઠિર મત્સ્યરાજની સેવા કર્યા કરે.

દ્રૌપદીએ એને અજ્ઞાતવાસની પ્રતિજ્ઞાનો ભંગ ના થાય એવી રીતે ખૂબ જ સંભાળપૂર્વક કીચકનો નાશ કરવાનું જણાવ્યું.

રાત પડી એટલે ભીમસેન આગળથી જઇને નૃત્યશાળામાં કોઇને ખબર ના પડે તેવી રીતે છુપાઇને બેસી ગયો.

સિંહ જેમ મૃગની રાહ જુએ તેમ તે ત્યાં કીચકની અતિશય આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરવા લાગ્યો.

કીચક પણ પૂર્વસંકેતને અનુસરીને સર્વ પ્રકારે સજ્જ થઇને, નક્કી કરેલા સમય પ્રમાણે, દ્રૌપદીને મળવાની ને માણવાની મહેચ્છાથી પ્રેરાઇને ત્યાં પહોંચી ગયો.

ઘોર અંધકારથી ભરેલી એ નૃત્યશાળામાંથી ધીમેધીમે આગળ વધતો એ ભીમસેન પાસે પહોંચીને ઊભો રહ્યો.

દ્રૌપદીના અતિઘોર અપમાનને યાદ કરીને ક્રોધથી બળી રહેલા, શય્યામાં સૂતેલા ભીમસેનને એણે હાથ અડાડ્યો.

એ સ્પર્શ જાદુઇ ઠર્યો.

કામમોહિત કીચક, ભીમનો સ્પર્શ થતાં જ મનમાં આનંદ પામ્યો અને મલકાતાં કહેવા લાગ્યો કે સુંદર ભ્રૂકુટિવાળી ! તારે માટે હું અનેકાનેક પ્રકારનું અઢળક ધન લાવ્યો છું. વળી ધન અને રત્નોથી ભરેલું, સેંકડો દાસીઓ અને સામગ્રીઓથી સજેલું, રૂપ અને લાવણ્યથી ભરેલી યુવતીઓથી ઝગમગતું, મારું ગૃહ તથા રતિક્રીડાથી વિરાજતું મારું અંતઃપુર તને અર્પણ કરું છું. મારા ઘરમાં રહેનારી સ્ત્રીઓ પણ આજે મારી એકાએક પ્રશંસા કરવા લાગી છે કે તમારા જેવા સુંદર વસ્ત્રોવાળો અને દેખાવડો બીજો કોઇ પણ પુરુષ નથી.

ભીમસેને સ્ત્રી જેવા સ્વરથી કહ્યું કે તારું સદભાગ્ય છે કે તું દેખાવડો છે. તું આપસ્તુતિ કરે છે એ પણ મહાભાગ્ય કહેવાય. પરન્તુ તને આવો સ્પર્શ તો પૂર્વે ક્યારેય નહિ થયો હોય. તું કામશાસ્ત્રમાં વિચક્ષણ અને ચતુર છે. એટલે તને સ્પર્શનું જ્ઞાન સારું હોય એમ જણાય છે. આ જગતમાં સ્ત્રીઓને પ્રીતિ કરાવનારો તારા જેવો બીજો કોઇ છે જ નહીં.

એ પ્રમાણે કહીને ભયંકર પરાક્રમ કરવાવાળો મહાબાહુ ભીમ એકદમ ઊભો થઇ ગયો. પછી એ કુન્તીનંદને તેને હસતાં હસતાં કહ્યું કે સિંહ જેમ મોટા હાથીને ઘસડી નાખે છે તેમ આજે હું તને પાપીને જમીન ઉપર ઘસડી નાખીશ તે તારી બેન જોશે. તું મરણશીલ થશે એટલે સૈરંધ્રીના પતિ પણ સુખમાં ફરશે.

પછી મહાબલવાન ભીમે કીચકના ફૂલથી ગૂંથેલા કેશને પકડી લીધા. આ રીતે તેનો વાળ ઉપર હાથ પડયો એટલે બળવાનશ્રેષ્ઠ કીચકે વેગપૂર્વક આંચકો મારીને તે કેશ છોડાવી નાખ્યા અને ભીમના બંને હાથોને પકડી લીધા. આ પ્રમાણે ક્રોધમાં આવેલા તે બંને નરસિંહો વચ્ચે બાહુયુદ્ધ મંડાયું. જેમ બે બળવાન હાથીઓ વસંતઋતુમાં એક હાથણીને માટે યુદ્ધ કરે તેમ કીચકોના મુખ્યનું અને નરોત્તમ ભીમનું એ યુદ્ધ ચાલવા લાગ્યું.

બળવાન કીચકે ભીમ ઉપર હુમલો કર્યો. તોપણ અડોલ પ્રતિજ્ઞાવાળો ભીમ એક ડગલું સરખુંય ચળ્યો નહીં. પછી તે બંને એકબીજાને બાથમાં લઇને ખેંચવા લાગ્યા. તે વખતે તે બંને મદભર્યા આખલા જેવા દેખાતા હતા.

સ્વાભાવિક રીતે બળવાન છતાં સ્પર્ધાને લીધે બલોન્મત્ત બનેલા સૂતપુત્ર કીચક અને પાંડુપુત્ર ભીમ તે નિર્જન સ્થળમાં મધરાતે એકબીજાને ઘસડવા લાગ્યા. બંનેએ ક્રોધે ભરાઇને સામસામી ગર્જના કરી, ત્યારે તે શ્રેષ્ઠ અને સુદૃઢ નૃત્ય ભવન પણ વારંવાર ધણધણી ઊઠયું.

ભીમે બંને હાથની હથેળીઓ વડે બળવાન કીચકને છાતીમાં ધક્કો માર્યો, છતાં રોષથી સળગી રહેલો કીચક પોતાને સ્થાનથી એક પગલું પણ પાછો ખસ્યો નહીં. આમ બે ઘડી સુધી તે સુતપુત્ર જમીન પર ઊભો રહીને ભીમના દુઃસહ વેગને સહન કરી રહ્યો પરંતુ પછી ભીમના બળથી પીડાઇને નિર્બળ થવા લાગ્યો.

કીચક બલહીન થઇ રહ્યો છે એવું જાણીને મહાબળવાન ભીમસેને કીચકના માથાને વેગપૂર્વક તેની જ નાભિમાં દાબી દીધું, અને અચેત થઇ ગયેલા એને જોરથી મસળી નાખ્યો.

વૃકોદરે પોતાના બે બાહુઓના પાશથી તેને બાંધી લીધો. કીચકે ભાંગી ગયેલા નગારાના જેવા અવાજે મોટા બરાડાઓ પાડવાં માંડયા અને બેભાન જેવો થઇ ગયા છતાં છૂટવા માટે તરફડિયાં માર્યા કર્યા. ભીમે તેને ભમાવ્યા કર્યો અને દ્રૌપદીના કોપની શાંતિ માટે તેની ગળચીને બે હાથથી જોરથી પકડીને દબાવી દીધી. આમ કીચકના સર્વ અંગો ભાંગી ગયાં. તેની આંખની કીકીઓ બહાર નીકળી પડી, અને તેનાં વસ્ત્રો સરી પડ્યાં.

પછી વીર ભીમે અગ્નિ સળગાવીને પાંચાલીને એ કીચક બતાવ્યો અને કહ્યું કે તું શીલ અને ગુણોથી સંપન્ન છે; જે કોઇ કુદૃષ્ટિથી તારી કામના કરશે તે આ કીચક જેમ અત્યારે મડદું થઇને શોભી રહ્યો છે તેમ મૃત્યુ પામશે.

પછી દ્રુપદપુત્રી કૃષ્ણાની વિદાય લઇને તે પાકશાળામાં ચાલ્યો ગયો.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨૧. દ્રૌપદીની રક્ષા

ધર્મ સદા સફળ થાય છે અને અધર્મ અસફળ.

ધર્મનો જય થાય છે અને અધર્મનો પરાજય.

અધર્મપરાયણ માનવને અશાંતિનો અનુભવ કરવો પડે છે, અમંગલમાંથી અને આફતમાંથી પસાર થવું પડે છે, તો કેટલીક વાર સર્વનાશ તથા સાર્વત્રિક કે સામૂહિક સર્વનાશની ગર્તામાં પડવું પડે છે.

ધર્મપરાયણ વ્યક્તિને આરંભમાં વિપત્તિ વેઠવી પડે તોપણ, એ વિપત્તિનો આખરે અંત આવે છે.

છેવટે સુખશાંતિની સંપ્રાપ્તિ થાય છે. ધર્માચરણ અને ધર્મની નિષ્ઠા જ એની રક્ષા કરે છે.

દ્રૌપદીની તથા કીચકની કથા એ સાર-વાતનું સમર્થન કરે છે.

મહાભારતના વિરાટપર્વની કથા આગળ ચાલે છે.

વિરાટપર્વના ૨૩માં અધ્યાયના આરંભમાં જ ઉલ્લેખ છે કે

**तस्मिनकाले समागम्य सर्वे तत्रास्य बांधवाः ।**

**रुरुदः कीचकं दृष्टवा परिवार्य समंततः ॥**

અર્થાત્ કીચકનો નાશ થયેલો જાણીને એના સઘળા ભાઇઓ ત્યાં ભેગા થઇ ગયા. કીચકને દેખીને તેના શરીરને ચારે તરફથી ઘેરી વળીને તે જોરશોરથી રડવા લાગ્યા.

જળમાંથી સ્થળમાં ખેંચી આણેલા કાચબાની જેમ તેનાં સર્વ અંગોને શરીરમાં સંકોચાઇ ગયેલાં જોઇને ત્રાસ પામી ગયા અને તેમના રુંવાડાં ઊભા થઇ ગયાં.

કીચકનો અગ્નિસંસ્કાર કરવાની ઇચ્છાથી તે સર્વબંધુઓ તેને બહાર લઇ જવાની તૈયારી કરવા લાગ્યા.

એટલામાં ત્યાં ભેગા મળેલા એ સુતપુત્રોએ દ્રૌપદીને નજીકમાં જ થાંભલાને અઢેલીને ઊભી રહેલી જોઇ. એટલે કીચકના એ નાના ભાઇઓ, ત્યાં ભેગા થયેલા સર્વ લોકોની સમક્ષ બોલી ઊઠ્યા કે એને જ કારણે કીચકનો નાશ થયો છે. એને મારશો નહીં, પણ કામી કીચકની સાથે બાળી મૂકો, કેમ કે મરણ પામેલા કીચકનું પણ પ્રિય કરવું જોઇએ.

તેમણે વિરાટરાજને કહ્યું કે આ સ્ત્રીને કારણે જ કીચક માર્યો ગયો છે. અમે એને કીચકની સાથે જ બાળી દેવા ઇચ્છીએ છીએ. માટે તમે અમને આજ્ઞા આપો.

સુતપુત્રોનાં પરાક્રમનો વિચાર કરીને વિરાટરાજે સૈરન્ધ્રીને સૂતપુત્ર કીચક સાથે બાળી મૂકવાની વાતને અનુમોદન આપ્યું એટલે કીચકોએ ગભરાઇ ગયેલી અને મૂંઝાઇ રહેલી દ્રૌપદી પાસે પહોંચીને તેને જોરથી પકડી લીધી. પછી તે સૌએ એને ઠાઠડી ઉપર નાંખીને સારી પેઠે બાંધી દીધી અને તેને ઉપાડીને સ્મશાન તરફ ચાલવા માંડયું. આમ સૂતપુત્રો પવિત્ર અને પતિવ્રતા દ્રૌપદીને લઇ જવા લાગ્યા ત્યારે તે દ્રૌપદી પોતાના નાથને મેળવવાની ઇચ્છાથી મોટે સાદે રડવા લાગી.

દ્રૌપદીના દીન વિલાપ વચનો સાંભળતાં વાર જ ભીમસેન વિચાર કરવા થોભ્યા વિના એકદમ પથારીમાંથી ઊભો થયો અને તેના તરફ દોડવા લાગ્યો. એણે ગંધર્વનો વેશ ધારણ કરેલો.

ભીમ કિલ્લાને કૂદી ગયો, નગરની બહાર નીકળ્યો, અને સૂતપુત્રોની આગળ જઇને ઊભો રહ્યો.

તે ચિતાની પાસે ગયો તો તેણે ત્યાં એક વૃક્ષને જોયું. તે તાડ જેવું ઊંચું હતું. તેની ડાળીઓ મોટી હતી. અને તે માથેથી સુકાયેલું. ભીમસેને તે વૃક્ષને હાથીની પેઠે બાથમાં લઇને પોતાના ખભે ચઢાવી દીધું. તે વૃક્ષને ઊંચકીને બળવાન ભીમે સૂતપુત્રો સામે હાથમાં દંડને ધારણ કરીને જેમ યમરાજ દોડે તેમ જોરથી ધસારો કર્યો. તે વખતે તેની સાથળોના વેગથી વડ, પીપળો અને ખાખરાનાં કેટલાય વૃક્ષો જમીન ઉપર પડીને લાંબા થઇ ગયાં. સિંહની જેમ ક્રોધપૂર્વક આવી રહેલા ભીમસેનને જોઇને તે સૂતપુત્રો એને ગંધર્વ માની ગભરાઇ ગયા અને ખેદ તથા ભયને લીધે કંપવા લાગ્યા.

દ્રૌપદીને મૂકીને બધા નગર તરફ દોડી જવા લાગ્યા.

તેમને નાસી જતા જોઇને વાયુનંદન બળવાન ભીમે, જેમ ઇન્દ્રે દાનવોને યમનું દ્વાર દેખાડી દીધું હતું તેમ, તે એક વૃક્ષથી એ એકસો પાંચ કીચકોને યમલોકના યાત્રી કરી દીધા. પછી કૃષ્ણાને બંધનમુક્ત કરીને આશ્વાસન આપ્યું અને કહ્યું કે તને નિર્દોષને સતાવે છે તે આમ મરણ પામે છે. તું હવે નગરમાં જા. તારે કશો પણ ભય નથી. હું પણ બીજે રસ્તેથી વિરાટરાજની પાકશાળામાં પહોંચી જઉં છું.

ભીમસેને મારી નાખેલા તે એકસોને પાંચ કીચકો કાપી નાખેલા વૃક્ષોવાળા મહાવનની જેમ ત્યાં જમીન ઉપર ઢળી પડ્યા એ પહેલાં તેણે પેલા સેનાપતિ કીચકને તો માર્યો જ હતો એટલે બધા મળીને એકસો ને છ કીચકો તેને હાથે મૃત્યુ પામ્યા.

એ મહાન આશ્ચર્યને જોઇને ત્યાં એકઠા થયેલાં સ્ત્રીપુરુષો પરમ વિસ્મય પામ્યાં અને ભયને લીધે એક શબ્દ પણ ના બોલી શક્યાં.

સૂતપુત્રોનો નાશ થયેલો જોઇને તે લોકોએ વિરાટરાજને ખબર આપી કે ગંધર્વોએ મહાબળવાન સૂતપુત્રોને મારી નાખ્યા છે, વળી સૈરન્ધ્રી છૂટી થઇ છે અને પાછી તમારા ભવનમાં આવી રહી છે; આથી તમારું સમસ્ત નગર ભયમાં આવી પડશે. સૈરન્ધ્રી અતીવ રૂપવતી છે અને ગંધર્વો અતીવ બળવાન. વળી પુરુષોને સ્ત્રીસંગ વિશે પ્રીતિ હોય છે. તેથી તમે તત્કાળ એવો ઉપાય કરો કે જેથી સૈરન્ધ્રીના દોષથી નગરનો વિનાશ થાય નહીં.

વિરાટરાજાએ પહેલાં તો સૂતપુત્રોની અંત્યેષ્ટિ ક્રિયા કરવાનું કહ્યું.

પછી ભયભીત થયેલા રાજાએ પોતાની પટરાણી સુદેષ્ણાને કહ્યું કે સૈરન્ધ્રી ઘેર આવે એટલે તું તેને કહેજે કે તું તારી ઇચ્છા પ્રમાણે ગમે ત્યાં જઇ શકે છે. રાજા ગંધર્વોથી ડરે છે. ગંધર્વો તારી રક્ષા કરે છે. એવી વાત કહેવાને રાજા હિંમત કરતા નથી પણ સ્ત્રીઓ તને કહે તેમાં દોષ નથી. આથી હું તને એમનો સંદેશો સંભળાવું છું.

દ્રૌપદી રાજભવનમાં પ્રવેશી એટલે રાણી સુદેષ્ણાએ રાજાનો સંદેશો સંભળાવ્યો.

સૈરન્ધ્રી બોલી કે વિરાટનરેશ મને કૃપા કરીને માત્ર તેર જ દિવસ રહેવા દો. તેટલા સમયમાં ગંધર્વો કૃતાર્થ થઇને મને લઇ જશે અને તમારું પ્રિય કરશે. વિરાટરાજનું અને તેમના પરિવારનું કલ્યાણ કરશે.

રાણી સુદેષ્ણાએ એની માગણીને માન્ય રાખી. વિરાટરાજે એને અનુમોદન આપ્યું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨૨. પાંડવોએ ગાયોને પાછી વાળી

દુર્યોધને પાંડવોની માહિતી મેળવવા મોકલેલા ગુપ્ત દૂતો જુદાં જુદાં ગામો, નગરો, સરિતાના શાંત તટપ્રદેશો, પર્વતમાળાઓ અને અરણ્યોમાં ફરી વળ્યા તોપણ પાંડવોની માહિતી ના મેળવી શક્યા અને નિરાશ થઇને પાછા ફર્યા.

એમણે દુર્યોધન સમક્ષ પોતાની નિરાશા પ્રગટ કરી તેથી દુર્યોધન ચિંતાતુર બન્યો.

એ દિવસો દરમિયાન એક પ્રસંગ બન્યો.

મત્સ્યદેશના તથા શાલ્વદેશોના રાજાઓએ ત્રિગર્તોને અનેકવાર દુઃખી કર્યા હતા. મત્સ્યરાજના સારથિ કીચકે પોતાના બળથી ત્રિગર્તરાજને અને તેના બંધુઓને વારંવાર પીડા આપી હતી. એથી ત્રિગર્તરાજ સુશર્માએ દુર્યોધનને કહ્યું કે તેજસ્વી મત્સ્યરાજે મારા રાજ્યને અનેક વાર રંજાડ્યું છે; ત્યારે બળવાન કીચક તેનો સેનાનાયક હતો. પણ હવે તો ક્રૂર, ક્રોધી, મહાદુરાત્મા, પૃથ્વી પર પ્રસિદ્ધ, પરાક્રમી, પાપકર્મી કીચકને ગાંધર્વોએ મારી નાખ્યો છે. કીચક મરી ગયો છે એટલે વિરાટરાજનો અહંકાર ઓગળી ગયો હશે; આધાર તૂટી ગયો હશે, અને ઉત્સાહ ઓસરી ગયો હશે. આથી તમને સૌને રુચે તો મારે તેના ઉપર ચઢાઇ કરવી જોઇએ. મને લાગે છે કે આ કાર્ય અવશ્ય કરવા જેવું છે. આપણે પુષ્કળ ધાન્યથી ભરેલા તેના રાજ્ય ઉપર ચઢાઇ કરીએ, એનાં રત્નોને તથા વિવિધ ધનોને હરી લાવીએ, અને ગામો, તથા દેશોને કબજે કરીને વહેંચી લઇએ. અથવા તેના નગરને ત્રાસ આપીએ. તેની અત્યંત સુંદર હજાર ગાયોનું હરણ કરીએ. આપણે સેનાના વિભાગ પાડીને તેના પુરુષાર્થને ગૂંગળાવી દઇએ. તેની સમગ્ર સેનાને હણી નાખીને તેને વશ કરીએ.

સુશર્માના શબ્દોને સાંભળીને કર્ણે દુર્યોધનને કહ્યું કે સુશર્માની વાત સમયોચિત, સુંદર અને આપણા હિતની છે. આપણે સેનાને સજ્જ કરીએ, સૈનિકના જુદા જુદા વિભાગો પાડીએ, અને ચઢાઇ કરવા નીકળીએ.

સૂર્યપુત્ર કર્ણનાં વચનને સાંભળીને દુર્યોધને પોતાની આજ્ઞામાં રહેનારા પોતાના ભાઇ દુઃશાસનને આજ્ઞા કરી કે તું વૃદ્ધો સાથે મંત્રણાઓ કરીને સેનાને સજ્જ કર. આપણે સૌ સાથે મળીને મત્સ્યદેશ ઉપર દક્ષિણ દિશાએથી ચઢાઇ લઇ જઇએ. મહારથી મહારાજ સુશર્મા ત્રિગર્ત યોદ્ધાઓ સાથે સમગ્ર સેનાદળને અને સંપૂર્ણ વાહનોને લઇને પોતાની નક્કી કરેલી દિશાએથી એ દેશ ઉપર આક્રમણ કરે. પ્રથમ સુશર્મા જ સેનાથી વીંટાઇને મત્સ્યદેશ ઉપર આક્રમણ કરશે અને પાછળથી બીજે દિવસે આપણે એકઠા મળીને મત્સ્યરાજના તે સુસમૃદ્ધ દેશ ઉપર ચઢાઇ કરીશું.

સુશર્માએ કૃષ્ણપક્ષની સાતમને દિવસે ગાયોનું હરણ કરવા વિરાટનગર પર ચઢાઇ કરી. બીજે દિવસે કૌરવોએ એકસાથે આવીને આક્રમણ કર્યું અને વિરાટરાજનાં હજારો ગોધણોને કબજે કર્યા.

તે વખતે કુંડળધારી ગોપોનો અધ્યક્ષ મહાવેગે નગરમાં આવ્યો.

મત્સ્યરાજને જોઇને તે રથમાંથી કૂદી પડ્યો.

વિરાટરાજની પાસે જઇને તેણે પ્રણામ કર્યા અને તેને સર્વ સમાચાર સંભળાવ્યા.

મત્સ્યનરેશે મત્સ્યયોદ્ધાઓની સેનાને તૈયાર કરી.

દેવ જેવા રૂપવાળા સેંકડો મહારથી યોદ્ધાઓ પોતપોતાનાં કવચોને પહેરીને યુદ્ધને માટે સજ્જ થઇ ગયાં.

રાજાની સૂચનાને અનુસરીને ચપળ મનવાળા શતાનીકે ધર્મરાજ, ભીમ, નકુલ અને સહદેવને પણ રથ આપ્યાં.

વિરાટરાજે ઉત્તમ કર્મવાળા પાંડવોને કોમળ અને કઠોર એવાં જાતજાતનાં કવચો આપ્યાં. શત્રુનાશન પાંડવો તે કવચોને પોતાનાં શરીર ઉપર ચઢાવીને સુસજ્જ થઇ ગયાં.

ચાર કુરુશ્રેષ્ઠ પાંડવો સોનાથી શણગારેલા રથોમાં બેસીને વિરાટરાજની પાછળ જવા લાગ્યા.

વિરાટરાજનું સૈન્ય ભારે શોભા આપી રહ્યું.

મત્સ્યદેશના શૂરા યોદ્ધાઓ નગરમાંથી બહાર નીકળ્યા અને સેનાને વ્યૂહબદ્ધ કરીને તેમણે સૂર્ય અસ્ત પામે તે પહેલાં જ ત્રિગર્તોને પકડી પાડયાં. ત્રિગર્તો અને મત્સ્યો ભારે ક્રોધમાં આવ્યા હતા. તેમને યુદ્ધ કરવા માટે ભારે મદ ચઢ્યો હતો. તે ગાયોને લઇ જવા આતુર હતા. તે એકબીજા સામે ગર્જના કરવા લાગ્યા.

પાળાઓ, રથીઓ, હાથી પર વિરાજેલા યોદ્ધાઓ તથા ઘોડેસવાર યોદ્ધાઓની સેનાના સમૂહવાળો એ સંગ્રામ દેવો અને અસુરો વચ્ચેના સંગ્રામ જેવો થઇ પડ્યો.

તેમાં એક સેના બીજી સેના ઉપર ધસતી હતી અને એકબીજાના સૈનિકોને કાપતી હતી. પૃથ્વી ઉપરથી એટલી બધી ધૂળ ઊડી કે ત્યાં કશું પણ દેખાતું નહોતું. પંખીઓ પણ સેનાઓની ધમાલથી ઊડેલી ધૂળથી ગૂંગળાઇને પૃથ્વી ઉપર પડવા લાગ્યાં. અંતરીક્ષમાં બાણો છવાઇ જવાથી સૂર્ય પણ ઢંકાઇ ગયો. આકાશ આગિયાઓથી ભરાઇ ગયું હોય તેમ શોભવા લાગ્યું.

રણસંગ્રામમાં આવેશમાં આવેલા યોદ્ધાઓ તલવારો, પટ્ટિશો, પ્રાસો, શક્તિઓ અને તોમરો વડે એકબીજાને હણવા લાગ્યા.

ત્યાં સંગ્રામમાં વિરાટરાજે પાંચસો રથીઓને, આઠસો અશ્વોને અને પાંચ મહારથીઓને હણી નાંખીને, રથને વિવિધ ગતિએ ચલાવીને, રણમાં સુવર્ણરથમાં બેઠેલા ત્રિગર્તરાજ સુશર્મા ઉપર ધસારો કર્યો. તે બંને મહાબળવાન યોદ્ધાઓ સામસામી ગર્જના કરી યુદ્ધ કરવા લાગ્યા. યુદ્ધમાં મહાબળવાન અને નરોમાં સિંહ જેવો ત્રિગર્તરાજ સુશર્મા દ્વિરથ યુદ્ધ માટે મત્સ્યરાજ પાસે આવી પહોંચ્યો. એ બંને ક્રોધાવિષ્ટ રથીઓ રથોને સામસામા રાખીને એકબીજા ઉપર તીવ્ર વેગથી બાણોને છોડવા લાગ્યાં.

ત્રિગર્તરાજ સુશર્માએ પોતાના નાના ભાઇઓને સાથે લઇને રથમંડળ સાથે વિરાટરાજ ઉપર બધી બાજુએથી ધસારો કર્યો.

મત્સ્યરાજની સર્વ સેનાને બલપૂર્વક છિન્નભિન્ન કરીને તથા તેને હરાવીને ઓજસ્વી મત્સ્યાધિપતિ વિરાટરાજ ઉપર એકદમ હલ્લો કર્યો. તેણે વિરાટના રથના બંને ઘોડાઓને તથા પાછળના અંગરક્ષકોને મારી નાખ્યા અને રથ વિનાના થયેલા મત્સ્યરાજને જીવતો પકડી લીધો. તેને પોતાના રથમાં નાખીને ત્યાંથી ઝડપી ગતિવાળા વાહનથી ચાલી નીકળ્યો. મહાબળવાન વિરાટરાજ રથરહિત થયો અને પકડાયો એટલે ત્રિગર્તોથી અતિશય ત્રાસ પામેલા મત્સ્યયોદ્ધાઓ ભયભીત થઇને નાસભાગ કરવા લાગ્યા.

એ વખતે યુધિષ્ઠિરે ભીમસેનને કહ્યું કે સુશર્માએ મત્સ્યરાજને પકડી લીધા છે. માટે તું તેમને મુક્ત કરાવ. આપણે સૌ તેમને ત્યાં સુખથી રહ્યા છીએ. તારે એ નિવાસનો બદલો વાળી આપવો જોઇએ.

ભીમે વિરાટરાજને મદદ કરવાનો નિર્ણય કર્યો.

ભીમસેને એક ઉત્તમ ધનુષ્ય લીધું અને ત્રિગર્તો ઉપર બાણવર્ષા કરવા માંડી. તે સુશર્માની પાછળ દોડ્યો.

સુશર્મા ધનુષ્યને લઇને પોતાના ભાઇઓની સાથે પાછો ફર્યો અને પળવારમાં તો તેના રથો ભીમસેનની સામે આવવા લાગ્યા.

ભીમસેને રથોના, હાથીઓના, ઘોડાઓના તથા શૂરવીર ધનુર્ધારીઓના સેંકડો સમૂહોને મારી નાખ્યા તથા ગદાને ધારણ કરીને ત્રિગર્તોના પાયદળોનો સંહાર કરી નાખ્યો.

સુશર્મા કાન સુધી ખેંચેલા ધનુષ્ય સાથે ફરી યુદ્ધમાં દેખાયો અને સુતીક્ષ્ણ બાણોને છોડવા લાગ્યો.

પાંડવોએ પોતાના અશ્વોને ત્રિગર્તો તરફ દોડાવ્યા અને ક્રોધમાં આવીને તે સર્વે તેમના ઉપર દિવ્ય અસ્ત્રોના પ્રયોગો કરવા લાગ્યા. પાંડવોએ ત્રિગર્તો તરફ પોતાના રથોને વાળેલા જોઇને વિરાટરાજની મહાસેના પણ પાછી રણમાં આવી અને વિરાટરાજના પુત્રે અત્યંત ક્રોધે ભરાઇને મહાઅદભુત યુદ્ધ કરવા માંડયું.

ગદાધારી વિરાટરાજ પોતે વૃદ્ધ હોવા છતાં યુવાનની જેમ ઘૂમવા લાગ્યો.

ત્રિગર્તરાજને પલાયન થતો જોઇને ભીમે તેને લડવા માટે લલકાર્યો.

સિંહ જેમ કોઇ ક્ષુદ્ર મૃગને પકડવા દોડે તેમ ભીમસેન પલાયન કરી જતા ત્રિગર્તરાજને પકડી લેવા માટે દોડયો.

તેને રોષપૂર્વક ઊંચો ઉછાળીને જમીન ઉપર પછાડીને રગદોળી નાખ્યો.

ત્રિગર્તરાજ મૂર્છિત થયો ત્યારે ત્રિગર્તરાજનું સૈન્ય ભયભીત થઇને નાસભાગ કરવા લાગ્યું. પછી પાંડુનંદનોએ સર્વ ગાયોને પાછી વાળી, સુશર્માને હરાવ્યો, અને તેનું સર્વ ધન હરી લીધું.

ભીમે પરાધીન થયેલા છતાં છૂટવાને માટે તરફડિયાં મારી રહેલા ત્રિગર્તરાજને પકડી કબજે કર્યો અને દોરડાથી બાંધી લીધો. પછી ધૂળથી રગદોળાયેલા, બેભાન બની ગયેલા સુશર્માને રથમાં નાખીને રણભૂમિની વચ્ચે ઊભેલા યુધિષ્ઠિર પાસે લઇ ગયો.

પાંડવોના જીવનમાં સંઘર્ષ, યુદ્ધ કે વિપત્તિના પ્રસંગો અવારનવાર આવતા. એમનો જન્મ જ પ્રતિકૂળ પરિસ્થિતિમાં થયેલો, ઉછેર પણ એવો જ કહી શકાય. અત્યાર સુધીના જીવનમાં એમને અનેકવિધ આપત્તિઓનો અનુભવ કરવો પડેલો. વિરાટનગરમાં અજ્ઞાતવાસનો વખત પૂરો થવાની તૈયારી હતી તે જ વખતે તેમના જીવનમાં એક એવો પ્રસંગ ઉપસ્થિત થયો જેને લીધે એમને એમની શક્તિનો નાછૂટકે, કોઇપણ અન્ય વિકલ્પ ના રહેવાથી, પ્રયોગ કરવો પડ્યો. એ પ્રસંગનો ઉલ્લેખ આપણે કરી લીધો.

હવે એ કથાનો પરિચય મહાભારતના આધાર પર વિશેષ પ્રમાણમાં કરી લઇએ.

ભીમસેને સુશર્માને જણાવ્યું કે તું મારી પાસેથી મુક્ત થઇને જીવતો રહેવા ઇચ્છતો હોય તો વિદ્વાનોની સભામાં તારે તારો દાસ તરીકે પરિચય પ્રદાન કરવો પડશે. મારી એ શરત માન્ય હોય તો જ હું તને જીવતદાન આપી શકું. યુદ્ધમાં જીતેલાનો એવો નિયમ છે.

યુધિષ્ઠિરે સુશર્માને છોડી દેવાનો અને કોઇ પણ પૂર્વશરત સિવાય છોડી દેવાનો આગ્રહયુક્ત આદેશ આપીને કહ્યું કે તું સુશર્માને જવા દે. એ વિરાટરાજનો દાસ થઇ જ ચૂક્યો છે.

એમણે સુશર્માને પણ જણાવ્યું કે હવે તમે મુક્ત છો. દાસ નથી. આવું કુકર્મ ફરી વાર કદી પણ કરશો નહિ.

સુશર્મા એ શબ્દોને સાંભળીને લજ્જાશીલ બની ગયો.

ભીમસેને એને છોડી દીધો એટલે એ વિરાટરાજને વંદીને વિદાય થયો.

એ પ્રસંગમાં યુધિષ્ઠિરની ઉદારતાનું, સહૃદયતાનું અને અસાધારણ ક્ષમાશીલતાનું પ્રતિબિંબ પડે છે.

એ પ્રતિબિંબ પ્રેરક ઠરે છે.

બંધાયલાને મુક્ત કરવામાં, અપમાનિતને માન ધરવામાં, મૃતઃપાયને જીવનદાન દેવામાં જે આનંદ છે, આત્મસંતોષ અથવા શાંતિ છે, તે તો એનો અનુભવ કરનાર જ જાણે છે. જે બદ્ધ, અપમાનિત, મૃતઃપાય હોય તે જ તેને અલ્પ પ્રમાણમાં સમજી શકે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨૩. પાંડવોની નિષ્કામતા

એ કથાનકમાં યુધિષ્ઠિરના વ્યક્તિત્વની એક બીજી વિશેષતા - નિર્લોભતા પણ પ્રકટ થાય છે.

સુશર્માના પરાભવનો પ્રસંગ પૂરો થયા પછી પોતાની કૃતજ્ઞતાને પ્રદર્શાવવા માટે, વિરાટરાજે યુધિષ્ઠિરાદિ પાંડવોનું પ્રચુર ધનથી તથા અન્ય રીતે અસાધારણ સ્વાગત સહિત સન્માન કર્યું.

વિરાટરાજે જણાવ્યું કે મારાં રત્નો તમારાં પણ છે. એમનો તમે બધા ઉપભોગ કરો. હું તમને શણગાર સજેલી કન્યાઓ તથા સંપત્તિ આપું છું. વળી તમારી આકાંક્ષાનુસાર બીજું જે પણ કહો તે આપવા તૈયાર છું. તમારા પરાક્રમથી જ હું સ્વાધીન બન્યો છું. અને સર્વપ્રકારે કુશળ છું. માટે તમે સૌ મત્સ્યદેશના સ્વામી બનીને શાસન કરો.

એ સાંભળીને પાંડવો બોલ્યા કે તમારી ઉદાત્ત સદભાવનાને માટે અમે તમને અભિનંદન આપીએ છીએ. તમને શત્રુના હાથમાંથી મુક્તિ મળી છે એથી અમને અનેરો આનંદ થાય છે. અમારે બીજું કાંઇ જ નથી જોઇતું.

વિરાટરાજે છેવટે યુધિષ્ઠિરને કહ્યું કે હું તમારો રાજ્યાભિષેક કરું. તમે મત્સ્યદેશના રાજા બનો. તમે જે માગશો તે પદાર્થ પૃથ્વીમાં દુર્લભ હશે તોપણ હું પ્રદાન કરીશ. તમે રત્નો, ગાયો, સુવર્ણ, મણિ, મોતી સૌને માટે યોગ્ય છો. હું તમને વંદન કરું છું. તમારા પ્રતાપથી જ મને રાજ્ય, સંપત્તિ તથા જીવનની પ્રાપ્તિ થઇ છે. હું શત્રુના બંધનમાં પડીને ગભરાઇ ગયેલો. તમે મને તેમાંથી મુક્તિ આપી છે.

યુધિષ્ઠિરે નિષ્કામતાનો ને નિર્લોભતાનો પરિચય પ્રદાન કરતાં કહ્યું કે મારે રાજ્ય કે બીજું કશું જ નથી જોઇતું. તમે સદા દયાપરાયણ અને સુખી બનો. તમારા દૂતોને રાજ્યમાં સર્વત્ર જયઘોષણા કરવા મોકલો.

વિરાટરાજ યુધિષ્ઠિરની અને બીજાની નિષ્કામતાથી ખૂબ જ પ્રભાવિત થયા.

એમણે દૂતોને, યુધિષ્ઠિરના સૂચનને લક્ષમાં લઇને આદેશ આપ્યો કે નગરમાં જઇને મારા સંગ્રામવિજયની વાતને જાહેર કરો. નગરમાંથી સુવિભૂષિત કુમારિકાઓ, નૃત્યાંગનાઓ અને વાદ્યકારો મને સન્માનવા માટે સામે આવે તેવી વ્યવસ્થા કરો.

વિરાટરાજના આદેશને અનુસરીને દૂતો નગરમાં જવા નીકળ્યા.

પાંડવો વિજયની એ આખી રાત દરમિયાન નગરથી દૂરસુદૂર સંગ્રામભૂમિમાં જ ધરતી પર સૂઇ રહેલા.

વિરાટરાજ કે બીજા કોઇ પણ એમને ઓળખી નહોતા શક્યા.

કોઇને એમને માટે કશી શંકા પણ નહોતી આવી.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨૪. અર્જુનની ઓળખાણ

પાંડવોના વિરાટનગરના એક વરસના અજ્ઞાતવાસના વિપરીત વખતની એ કથા મહાભારતના વિરાટપર્વના પાંત્રીસમા અધ્યાયથી આરંભાઇ આગળ ચાલે છે.

એનો રસાસ્વાદ લેવા જેવો છે.

રાજા સુશર્માએ ત્રિગર્તો સાથે મળીને વિરાટરાજની ગાયોનું હરણ કર્યું અને વિરાટરાજે પાંડવોના મદદથી તે ગાયોને પાછી વાળવાનો ને ત્રિગર્તોને હરાવવાનો સફળ પ્રયાસ કર્યો ત્યારે દુર્યોધને પોતાના પ્રધાનો સાથે વિરાટદેશ પર આક્રમણ કર્યું.

એની સાથે ભીષ્મ, દ્રોણ, કર્ણ, કૃપાચાર્ય, અશ્વત્થામા, શકુનિ, દુઃશાસન, વિવિંશતિ વિકર્ણ, ચિત્રસેન, દુર્મુખ, દુઃશલ અને અન્ય મહારથીઓ હતાં.

તેઓ સૌને વેરવિખેર કરી નાખીને ગોધન બળપૂર્વક હરી ગયા.

ચારે તરફથી રથસમૂહોનો ઘેરો ઘાલીને એમણે સાઠ હજાર ગાયોને હાંકવા માંડી.

મહાભારતના એ વર્ણન પરથી એ વખતના કલ્પનાતીત ગોધનનો ખ્યાલ આવે છે. એકલા વિરાટનગરમાં એ જમાનામાં સાઠ હજાર ગાયો હતી તો સમસ્ત વિરાટદેશમાં કેટલી બધી ગાયો હશે, અને વિરાટદેશની બહાર જુદા જુદા દેશોપ્રદેશોમાં કેટલું બધું અગણિત ગોધન હશે તે વિચારવા જેવું છે. સર્વત્ર સ્વાસ્થ્યવર્ધક ઘી-દૂધ પણ મળતાં હશે અને ગોધનની કતલ કરવા માટેનાં જાહેર કે ખાનગી કતલખાનાં પણ નહિ હોય.

આજના સંજોગો સાથે એ સંજોગો સરખાવવા જેવા છે.

મહાભારતની એ કરુણ કથા આગળ ચાલે છે.

દુર્યોધનના મહારથીઓએ નેસના ગોવાળોને મારવા માંડયા ત્યારે ગોવાળો ભયંકર ચીસો પાડવા લાગ્યા, એટલે ગોવાળોનો વડો ભયભીત થઇ ગયો અને રથમાં બેસીને નગર તરફ જવા નીકળ્યો.

નગરમાં પ્રવેશીને તે રાજાના રાજભવન પાસે પહોંચ્યો અને રથમાંથી શીઘ્ર ઊતરીને સમાચાર આપવાને અંદર ગયો. ત્યાં મત્સ્યરાજના ભૂમિંજય નામના અભિમાની પુત્રને જોઇને તેણે રાજનાં પશુઓના હરણની વાત કરીને જણાવ્યું કે કૌરવો તમારી સાઠ હજાર ગાયોને લઇ જાય છે તો તમે એ ગોધનને પાછું લાવવા તૈયારી કરો. તમે પોતે તત્કાલ રણમાં નીકળો, કેમકે મત્સ્યરાજે પોતાની ગેરહાજરીમાં તમને અહીંના રક્ષક નીમ્યા છે. એ નરપતિ રાજસભાની વચ્ચે તમારી પ્રસંશા કરે છે. અને કહે છે કે મારો પુત્ર મારા જેવો જ શૂરવીર, કુલધુરંધર, શાસ્ત્રમાં નિપુણ, યુદ્ધવીર છે. તમે મત્સ્યપતિના પુત્ર અને રાષ્ટ્રના પરમ આધારરૂપ છે.

ગોપોના અધિપતિએ અંતઃપુરમાં સ્ત્રીઓની વચ્ચે બેઠેલા એ ભૂમિંજય અથવા ઉત્તરને એવાં વચનો કહ્યાં ત્યારે તેણે જણાવ્યું કે મારી પાસે જો કોઇ અશ્વનિષ્ણાત સારથિ હોય તો હું આજ ઘડીએ ધનુષ્યને ધારણ કરીને ગાયોની પાછળ પડું. પણ મારો સારથિ થાય એવો કોઇ પુરુષ મારી નજરમાં આવતો નથી. તમે મારે માટે કોઇ યોગ્ય સારથિને શોધી કાઢો. મારો સારથિ મરણ પામ્યો છે.

કુરુઓ સૂના દેશમાં આવીને ગોધનને લઇને જાય છે પણ હું શું કરું ? કેમ કે હું ત્યારે ત્યાં ન હતો.

રાજપુત્ર ઉત્તરનાં એવા શબ્દોને સાંભળીને સર્વ વિષયોમાં કુશળ અર્જુને પોતાના અજ્ઞાતવાસના સમયને સમાપ્ત થયેલો સમજીને દ્રૌપદીને એકાંતમાં પ્રસન્નતાપૂર્વક કહ્યું કે કલ્યાણી ! તું ઉત્તરને કહેજે કે આ બૃહન્નલા પાંડુપુત્ર અર્જુનનો પ્રખ્યાત પ્રિય સારથિ હતો. મહાયુદ્ધમાં જઇને તે સિદ્ધ થયેલો છે. તે તમારો સારથિ થશે.

દ્રૌપદીના કહેવાથી ઉત્તરની નાની બહેન ઉત્તરાએ બૃહન્નલાના રૂપમાં રહેલા અર્જુનને ઉત્તરના સારથિ તરીકે કાર્ય કરવા માટે તૈયાર કર્યો. એવી રીતે ઉત્તરે અર્જુનને સારથિ બનાવીને યુદ્ધને માટે પ્રસ્થાન કર્યું.

અર્જુને પોતાના અશ્વોને કુરુઓની સુવિશાળ સેના તરફ ચલાવવા માંડ્યા એટલે વાયુ જેવા વેગવાળા અને સુવર્ણની માળાવાળા અશ્વો આકાશમાં ઊડતા હોય એમ, રથને લઇને દોડવા લાગ્યા.

ઉત્તરે અને અર્જુને સ્મશાનની પાસે પહોંચીને શમીવૃક્ષને નિહાળ્યું અને એની આસપાસ વ્યૂહબદ્ધ બનેલા સૈન્યને પણ.

એ વિરાટ સુસજ્જ સૈન્યને નિહાળીને વિરાટપુત્ર ઉત્તરને રોમાંચ થઇ આવ્યાં. એના પગ ઢીલા થઇ ગયા. એનો ઉત્સાહ ઓસરી ગયો.

એ ભયભીત બનીને ઉદ્વેગ પામ્યો.

અર્જુને એને પોતાની આગવી રીતે હિંમત આપી.

છતાં પણ કુંડળધારી ઉત્તર ગાયોને પાછી વાળવાના વિચારને તિલાંજલિ આપીને રથમાંથી કૂદી પડ્યો અને માન તથા ગર્વને છોડીને, ધનુષબાણને નીચે નાખીને ભયાતુર થઇને નાસવા લાગ્યો.

બૃહન્નલાના સ્વરૂપમાં રહેલા અર્જુને એની પાછળ દોડીને એને જોતજોતામાં પકડી પાડ્યો.

કુરુઓમાંના કેટલાકને એના પ્રભાવ તથા પરાક્રમ પરથી એ અર્જુન છે એવી શંકા થઇ.

કેટલાકને પ્રતીતિ પણ થઇ.

એમને લાગ્યું કે અર્જુન અજ્ઞાતવાસમાં આવા વિચિત્ર વેશમાં વિચરી રહ્યો છે અને એને સારથિ બનાવીને ઉત્તર યુદ્ધ માટે બહાર નીકળ્યો છે.

અર્જુને ઉત્તરને પકડ્યો તો ખરો પરંતુ એ યુદ્ધના વિચારથી વિલાપ કરવા લાગ્યો. અને બોલ્યો કે બૃહન્નલા, રથને પાછો વાળ. જીવતો નર સુખ પામે છે. હું તને શુદ્ધ સુવર્ણની સો સોનામહોરો આપીશ, સોનાથી મઢેલા આઠ તેજસ્વી વૈડૂર્યમણિઓ આપીશ, કનકના દંડવાળો, સારા અશ્વોવાળો રથ આપીશ, તથા દસ મદોન્મત્ત માતંગો અર્પણ કરીશ. તું મને છોડી દે ને ઘેર જવા દે.

અર્જુન એના શબ્દોને સાંભળીને હસ્યો, ને બોલ્યો કે તને શત્રુઓની સાથે લડવાનો ઉત્સાહ ના હોય તો તારે બદલે હું લડીશ. તું મારા રથના અશ્વોનું ધ્યાન રાખજે. વીર મહારથીઓથી રક્ષાયલી, સહેલાઇથી જીતી શકાય નહિ તેવી, આ ભયંકર સેના તરફ રથ ચલાવ. હું મારા અદભુત બાહુબળથી તારું ચારે તરફથી સંપૂર્ણપણે રક્ષણ કરીશ અને ગોધનને પાછું લાવીશ. તું મારો સારથિ થા.

અર્જુને જેમ તેમ કરીને ઉત્તરને રથમાં બેસાડી દીધો.

ઉત્તરને રથમાં બેસાડીને નપુંસક વેશમાં રહેલો ધનંજય રથમાં બેઠો અને શમીવૃક્ષ તરફ જવા લાગ્યો. તેને જોઇને ભીષ્મ અને દ્રૌણ આદિ સર્વશ્રેષ્ઠ કૌરવ મહારથીઓ, આ અર્જુન છે એવી બીકથી મનમાં થરથરી ઊઠ્યા.

દુર્યોધને વિચાર્યું કે જો આ પૃથાપુત્ર જ હશે તો તો મારો બેડો પાર જ થયો, કેમ કે પાંડવો ઓળખાઇ જશે એટલે ફરી વાર બાર વરસ વનવાસે વિચરશે. જો આ સ્ત્રીરૂપધારી કોઇ બીજો જ મનુષ્ય હશે તોપણ હું એને સુતીક્ષ્ણ બાણો વડે પૃથ્વી ઉપર પાડી દઇશ.

દુર્યોધને એવાં વચનો કહ્યાં એટલે ભીષ્મ, દ્રૌણ, કૃપાચાર્ય અને અશ્વત્થામાએ તેના પૌરુષની પ્રસંશા કરી.

પછી પૃથાપુત્ર અર્જુને શમીવૃક્ષ પાસે જઇને વિરાટપુત્ર ઉત્તરને સુકુમાર તથા સંગ્રામના સંબંધમાં અલ્પજ્ઞાનવાળો જાણીને તેને કહ્યું કે આ વૃક્ષ ઉપરથી તત્કાળ ધનુષ્યોને ઉતાર કેમ કે તારાં આ બાણો મારા સામર્થ્યને ઝીલી શકશે નહિ. મારા મોટા ભારને વહી શકશે નહિં અને હાથીઓનો નાશ કરી શકશે નહીં. વળી હું અહીં શત્રુઓ ઉપર વિજય મેળવવાનો પ્રયત્ન કરીશ ત્યારે તે મારા બળને જીરવી શકશે નહીં. આથી તું આ પુષ્કળ પાંદડાવાળા શમીવૃક્ષ ઉપર ચઢ. યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ અને સહદેવ એ પાંડુપુત્રોનાં ધનુષ્યો એ વૃક્ષમાં જ મૂકી રાખ્યાં છે. ત્યાં જ તેમની ધ્વજાઓ અને તેમનાં દિવ્ય કવચો છે. અર્જુનનું મહાપરાક્રમી ગાંડીવ ધનુષ્ય પણ ત્યાં જ રાખેલું છે. એ એકલું એક લાખ ધનુષ્યની બરાબરી કરનારું, રાષ્ટ્રની વૃદ્ધિ કરનારું છે. તે સુવર્ણથી મઢેલું દિવ્ય, સુવાળું, વિશાળ, છિદ્રરહિત, મોટા ભારને સહન કરવાને સમર્થ, દારુણ, સુંદર છે. યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ અને સહદેવનાં ધનુષ્યો પણ દૃઢ અને બળવાન છે.

ઉત્તર બોલ્યો કે મેં સાંભળ્યું છે કે આ વૃક્ષ ઉપર કોઇ મનુષ્યનું મડદું બાંધ્યું છે.

બૃહન્નલાએ કહ્યું કે તું ભય રાખીશ નહીં. એ તો ધનુષ્યો છે. એમાં મડદું નથી.

અર્જુને એ પ્રમાણે કહ્યું એટલે કુંડળધારી વિરાટપુત્ર ઉત્તર રથમાંથી કૂદી શમીવૃક્ષ ઉપર ચઢી ગયો. પછી શત્રુઘ્ન ધનંજયે રણમાં જ ઊભા રહીને એને આજ્ઞા આપી કે તું ઝાડની ટોચ ઉપરથી એ ધનુષ્યોને ઉતાર, વિલંબ કરીશ નહીં. એ ધનુષ્યોને જે ઝાડપાન વીંટળાયેલા હોય, તેમને પણ તું ઝટપટ હટાવી દે. એટલે ઉત્તરે વિશાળ વક્ષસ્થળવાળા પાંડુપુત્રોનાં મહામૂલ્યવાન ધનુષ્યોને ઉતાર્યા અને તેમને વળગેલાં પાંદડાઓ દૂર કરીને અર્જુન પાસે રજૂ કર્યા.

ઉત્તરના આગ્રહથી અર્જુને એ શસ્ત્રોની ઓળખાણ આપીને એની જિજ્ઞાસાના જવાબમાં જણાવ્યું કે હું પૃથાપુત્ર અર્જુન છું. તારા પિતાના સભાસદ છે તે યુધિષ્ઠિર છે. જે બલ્લવ તારા પિતાની રસોઇ રાંધે છે તે ભીમસેન છે, અશ્વરક્ષક નકુલ છે, ગોરક્ષક સહદેવ છે, અને જેને લીધે કીચકો માર્યા ગયા તે સૈરન્ધ્રી દ્રૌપદી છે.

ઉત્તર એ આકસ્મિક રીતે કરેલા રહસ્યોદઘાટનથી વિચારમાં પડ્યો ને વિશેષ પ્રતીતિ કરવા માટે બોલ્યો કે મેં પૃથાપુત્ર અર્જુનનાં દસ નામ સાંભળ્યા છે. એ બધાં નામોને તું કહી બતાવે તો મને તારી વાતમાં વિશ્વાસ થાય.

અર્જુને પોતાનાં દસ નામો કહી બતાવ્યા.

અર્જુન, ફાલ્ગુન, જિષ્ણુ, કિરીટી, શ્વેતવાહન, બીભત્સુ, વિજય, કૃષ્ણ, સવ્યસાચી અને ધનંજય.

ઉત્તરના પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે અર્જુને એ સઘળાં નામોનું અર્થઘટન કરી બતાવ્યું.

હું સર્વ દેશોને જીતીને ધન લાવીને ધનની વચ્ચે ઊભો રહું છું માટે ધનંજય કહેવાઉં છું.

સંગ્રામમાં જઇને શૂરવીર રિપુઓને જીત્યા વિના પાછો ફરતો નથી માટે વિજય.

સંગ્રામમાં યુદ્ધ માટે જતી વખતે મારા રથને સુવર્ણના કવચવાળા શ્વેત અશ્વો જોડવામાં આવે છે એથી શ્વેતવાહન.

હિમાલયપ્રદેશની પાસે, દિવસ દરમિયાન, ઉત્તરફાલ્ગુની નક્ષત્રમાં જન્મ્યો હોવાથી ફાલ્ગુન. પૂર્વે હું દાનવશ્રેષ્ઠો સાથે યુદ્ધ કરતો હતો ત્યારે ઇન્દ્રે મારા મસ્તક પર સૂર્યસરખો તેજસ્વી મનહર મૂકેલો તેથી કિરીટી.

યુદ્ધ કરતી વખતે હું કદી પણ બીભત્સ કે નિંદ્ય કર્મ કરતો નથી તેથી દેવો અને મનુષ્યોમાં હું બીભત્સુ.

મારા બંને હાથો ગાંડીવને ખેંચવામાં કુશળ હોવાથી સવ્યસાચી.

સમુદ્રપર્યંતની સમસ્ત સૃષ્ટિમાં મારા જેવો બીજો કોઇ નથી. હું સમભાવવાળો છું અને શુદ્ધ કર્યા કરું છું એથી અર્જુન.

હું દુર્લભ દુર્ધર્ષ, શત્રુદમન, ઇન્દ્રપુત્ર હોવાથી દેવો અને મનુષ્યોમાં જિષ્ણુ.

બાલ્યાવસ્થામાં હું ઉજ્જવળ કૃષ્ણ વર્ણનો અને સૌનો પ્રિય હોવાથી પિતાએ પ્રીતિને લીધે મારું નામ કૃષ્ણ પાડેલું તેથી કૃષ્ણ.

ઉત્તરને એ સ્પષ્ટીકરણથી સંપૂર્ણ સંતોષ થયો.

એને કોઇ પ્રકારની શંકા ના રહી.

એણે અર્જુનને પ્રણામ કરીને પોતાની દ્વારા અજ્ઞાનવસ્થામાં થયેલા અપરાધ અથવા દુર્વ્યવહાર માટે સાચા દિલથી ક્ષમા માગી, અને જણાવ્યું કે હવે મારો ભય સંપૂર્ણપણે દૂર થયો છે; મને તમારા પ્રત્યોની વિશેષ પ્રીતિની પ્રાપ્તિ થઇ છે. તમે જે પ્રમાણે આદેશ આપશો તે પ્રમાણે હું તમારા શ્રદ્ધાભક્તિસંપન્ન આજ્ઞાંકિત શિષ્ય તરીકે રથને લઇ જઇશ.

પાંડવોના અજ્ઞાતવાસનો શકવર્તી સમય ત્યારે પૂરો થયેલો.

અર્જુનની આટલી મોડી પણ ઓળખાણ થઇ એને ભૂમિંજય અથવા ઉત્તરે પોતાનું સર્વશ્રેષ્ઠ સદભાગ્ય માન્યું.

ઉત્તરે અર્જુનની ઓળખાણથી આનંદ પામીને એના મનને મૂંઝવનારી એક બીજી શંકાને રજૂ કરી.

તમારું શરીર આવા સુયોગ્ય રૂપવાળું છે અને તમે સર્વ સુલક્ષણોથી સંપન્ન છો તોપણ કયા કર્મના ફળ વડે તમને નપુંસકપણું આવ્યું છે ? હું તો નપુંસકવેશે વિચરતા ગંધર્વરાજ જેવા તમને શૂલપાણિ શંકર અથવા ઇન્દ્રદેવ માનું છું.

અર્જુને જણાવ્યું કે મોટાભાઇની આજ્ઞાથી એક વર્ષ માટે હું નપુંસકવ્રતને પાળી રહ્યો છું. હું નપુંસક નથી, પણ ધર્મનિષ્ઠ અને પરતંત્ર હોવાથી આ દશામાં રહું છું. પરંતુ હવે મારું એ વ્રત પૂરું થઇ ગયું છે, અને એ આપત્તિમાંથી હું પાર ઊતર્યો છું.

ઉત્તરને એ સ્પષ્ટીકરણથી સંતોષ થયો.

પછી વીર્યવાન અર્જુને પોતાના બંને હાથ ઉપરથી ચૂડીઓને ઉતારી નાખી અને તેને ઠેકાણે પણછના આઘાતને રોકનારા સુવર્ણના ચિત્રવાળા પટાઓને બાંધી દીધા. વળી પોતાના કાળા વાંકડિયા કેશને સફેદ રૂમાલથી બાંધી દીધા. એવી રીતે પવિત્ર તથા સ્વસ્થમન બનીને એ શ્રેષ્ઠ રથમાં પૂર્વાભિમુખ બેસીને સર્વ અસ્ત્રોનું સ્મરણ કરવા લાગ્યો, એટલે તે સર્વ અસ્ત્રો એની આગળ હાજર થયા.

પૃથાપુત્રે તે સર્વને પ્રણામ કર્યાં, અને તેમને પોતાના હાથથી સ્પર્શ કરીને કહ્યું કે તમે સૌ મારા મનમાં નિવાસ કરો.

અસ્ત્રોનો સ્વીકાર કરવાથી તેનું વદન આનંદથી હસી રહ્યું. તેણે વેગપૂર્વક પણછ ચઢાવીને ગાંડીવ ધનુષ્યનો ટંકાર કર્યો. તેણે જ્યારે ધનુષ્યને ખેંચ્યું ત્યારે મહાપર્વત સાથે બીજો પર્વત અથડાય અને જેવો મહાધ્વનિ થાય તેવો મહાધ્વનિ એ ધનુષ્યમાથી પેદા થયો. તે મહાશબ્દ થતાં જ ભૂમિ ફાટવા લાગી, પુષ્કળ પવન ફૂંકાવા લાગ્યો, મોટી ઉલ્કાઓ પડવા લાગી, અને દિશાઓમાં અંધારું થવા લાગ્યું. અર્જુને પોતાના બાહુઓ વડે જે શ્રેષ્ઠ ધનુષ્યટંકાર  કર્યો તેને કુરુઓએ વજ્રપાતનો કડાકો થયેલો જાણ્યો.

અર્જુને ઉત્તરને સારથિ કર્યો, શમીવૃક્ષની પ્રદક્ષિણા કરી, અને સર્વ આયુધોને લઇને ત્યાંથી પ્રયાણ કર્યું. તેણે રથમાંથી સિંહધ્વજને ઉતારી લીધો, અને તેને શમીવૃક્ષના મૂળ આગળ મૂક્યો. પછી તેણે વિશ્વકર્માએ નિર્મેલી, દૈવી માયાવાળી અને શત્રુઓનો સંહાર કરે એવા પુચ્છવાળા વાનરના ચિહ્નવાળી સોનેરી ધ્વજાનું તથા અગ્નિદેવના પ્રસાદથી મળેલા રથનું મનમાં ચિંતન કર્યું. એટલે તરત જ સુંદર ધ્વજાવાળો, વિચિત્ર દેખાવવાળો, ભાથાઓ ભરેલો, મહાબળવાન, દિવ્ય રૂપવાળો, મનોરમ રથ આકાશમાંથી નીચે આવ્યો. અગ્નિદેવે પણ પોતાનું સ્મરણ થયેલું જાણીને સર્વભૂત મંડળીને તે રથના ધ્વજ ઉપર રહેવાનો આદેશ આપ્યો. અર્જુને રથની પ્રદક્ષિણા કરીને શંખનાદ કર્યો.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨૫. અર્જુને ગોધનને પાછું વાળ્યું

કૌરવો સાથેના ગોધનહરણના નિમિત્તથી આરંભાયેલા પાંડવોના યુદ્ધ વખતે પાંડવોના અજ્ઞાતવાસ સાથેનો વનવાસનો સમય પૂરો થયો હતો કે કેમ, તેવો પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે.

દુર્યોધને ભીષ્મ પિતામહને એવો પ્રશ્ન પૂછી જોયો.

ભીષ્મ પિતામહે એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં જણાવ્યું કે કલા, કાષ્ઠા, મુહૂર્ત, દિવસ, પક્ષ, માસ, નક્ષત્ર, ગ્રહ, ઋતુ અને સંવત્સર એ સૌના યોગથી કાળગણના થાય છે, અને એ રીતે કાળવિભાગ પ્રમાણે કાળચક્ર ચાલ્યા કરે છે. તેમાં કાળના અતિરેકથી અને નક્ષત્રોના વ્યતિક્રમને લીધે જે ભેદ પડે છે તે દૂર કરવાને માટે પ્રત્યેક પાંચ-પાંચ વર્ષે બબ્બે માસ ઉમેરવામાં આવે છે. એ રીતે જોતાં, પાંડવોને તેર વર્ષ ઉપર પાંચ મહિના અને બાર રાત વધારે થાય છે એવું મારું માનવું છે. એમણે જે પ્રતિજ્ઞા કરી હતી તે આખી અને યથાર્થ રીતે પાળી છે. એ વાતને ખાતરીપૂર્વક જાણ્યા પછી જ અર્જુન યુદ્ધ કરવા માટે સામે આવ્યો છે. પાંડવો ધર્મ અને અર્થમાં નિષ્ણાત છે, એટલે ધર્મના અપરાધમાં પડે જ ક્યાંથી ?

એના ટીકાકારે જણાવ્યું છે કે ચાંદ્ર, સાવન અને સૌર એવા ત્રણ પ્રકારના સંવત્સરો છે. તેમાં ચોવીસ પખવાડિયાંનો અને ત્રણસો ચોપન દિવસનો ચાંદ્ર સંવત્સર, ત્રણસો સાઠ દિવસનો સાવન સંવત્સર, અને ત્રણસો પાંસઠ દિવસ, પંદર ઘડી, એકત્રીસ પળ તથા ત્રીસ અક્ષર જેટલા તાળનો સૌર સંવત્સર ગણાય છે. ઘણે ભાગે જ્યોતિષીઓ સૌર સંવત્સરને અનુસરીને વર્ષ પ્રવેશાદિ કાર્ય કરે છે. સ્માર્ત વર્ધાપન વગેરેમાં ચાંદ્ર સંવત્સરને લેવાય છે, બાર વર્ષની પ્રતિજ્ઞા, વ્રત, સત્ર વિગેરેમાં સાવન સંવત્સરનો ઉપયોગ કરાય છે. આ પ્રમાણે વિશેષ છે, છતાં જ્યારે ચાંદ્ર સંવત્સરની ગણના કરીએ ત્યારે તેમાં સૌર સંવત્સરના દિવસાદિકની વૃદ્ધિ ગણાય, અને એ રીતે ગણતાં તેર વર્ષમાં ચાંદ્ર પાંચ માસ, બે દિવસ, સાડત્રીસ ઘડી અને પંદર અક્ષર અધિક થાય છે. પાંડવોનો વિજયાદશમીએ દ્યુતમાં પરાજય થયો. કૌરવો ગ્રીષ્મકાળમાં ગાયો લેવા આવ્યા તે વખતે વિજયાદશમીએ હારેલાં પાંડવોનાં તેર વર્ષો આવતી અશ્વિન સુદ દસમે પૂરાં થશે, એમ દુર્યોધનનું ધારવું હતું અને તેથી જ તે અર્જુનને વહેલો બહાર પડેલો જોઇને મનમાં રાજી થતો હતો. પરંતુ પાંડવો તો ચાંદ્ર સંવત્સર પ્રમાણે ગણના કરીને તેર વર્ષોને પૂરાં કરીને કૃતાર્થ થઇને બહાર પડ્યા હતા. પાંડવોએ વિજયાદશમીથી પાંચ માસ અને બાર દિવસ પહેલાં પ્રગટ થવું જોઇએ. તેમાં તેઓ અમાંત(ચંદ્ર) માસ પ્રમાણે ચૈત્ર વદ સાતમે પ્રગટ થયા, એટલે પ્રતિજ્ઞા પૂર્ણ થયા પછી પણ નવ દિવસ ઉપરાંત કઇંક અધિક સમયે પ્રગટ થયા એમ સમજાય છે.

ભીષ્મે જણાવ્યું કે તું સોનાના ચોથા ભાગને લઇને હસ્તિનાપુર તરફ ચાલ્યો જા; પછી સેનાનો બીજો ચોથો ભાગ આ ગાયો લઇને ત્યાં જાય. આમ સોનાનો અર્ધો ભાગ રહેશે તે વડે અમે પાંડુપુત્ર અર્જુન સાથે યુદ્ધ કરીશું. હું, દ્રોણ, કર્ણ, અશ્વત્થામા અને કૃપ યુદ્ધ કરવાનો નિશ્ચય કરીને આવેલા એ અર્જુન સામે યુદ્ધમાં ઝઝૂમીશું. પછી જોઇએ તો મત્સ્યરાજ આવે કે શતક્રમ ઇન્દ્ર આવે તોપણ કિનારા જેમ સાગરને અટકાવી રાખે છે તેમ, હું તેમને અટકાવી રાખીશ.

ભીષ્મની સલાહ સર્વને ગમી. દુર્યોધને તે જ પ્રમાણે કર્યું.

એવી રીતે દુર્યોધનને તથા ગોધનને વિદાય કર્યા પછી ભીષ્મે સેનાના અધિપતિઓને વ્યવસ્થિત ઊભા રાખ્યા અને વ્યૂહરચના કરવા માંડી.

મહાભારતના એ વિવરણનો તટસ્થ રીતે વિચાર કરતાં સમજાય છે કે ભીષ્મ પિતામહ, દ્રોણાચાર્ય તથા કૃપાચાર્ય જેવા એ સમયના સદબુદ્ધિસંપન્ન શૂરવીર સર્વહિતપરાયણ સત્પુરુષોમાંથી કોઇ પણ દુર્યોધનને વિરાટરાજાના બળજબરીથી હરણ કરાયલા ગોધનને છોડી દેવાની કે પાછું આપવાની સલાહ નથી આપતા. એ હકીકત એ જમાનાના પૂજ્યપુરુષો કે વડીલોની કરુણતા, ભ્રાંતિ તથા દુર્બુદ્ધિ બતાવે છે. પરધનને પથ્થર માનવાની મનોવૃત્તિ જે સમાજમાં પ્રગટે કે પાંગરે નહિ તે સમાજને સુસંસ્કૃત કે સર્વોત્તમ સમાજ ભાગ્યે જ કહી શકાય.

કૌરવોએ ભીષ્મના માર્ગદર્શન પ્રમાણે વ્યૂહરચના કરી એટલે અર્જુન રથના ઘોષથી દિશાઓને ગજાવતો ત્યાં પહોંચી ગયો.

અર્જુને શત્રુસેનાને અદભુત આક્રમણ દ્વારા અસ્તવ્યસ્ત કરી નાખી, ગાયોને પાછી મેળવી લીધી તથા ફરીવાર યુદ્ધ કરવાની ઇચ્છાથી દુર્યોધન પ્રતિ પ્રયાણ કર્યું.

ગાયોને મત્સ્યદેશ તરફ જતી જોઇને કુરુપ્રવીરોએ મુકુટધારી અર્જુનને કૃતાર્થ થયેલો માન્યો, અને તે બધા દુર્યોધન તરફ ધસી રહેલા અર્જુન પર તૂટી પડ્યા.

એવી રીતે ખેલાયેલા મહાભીષણ યુદ્ધમાં હારીને કર્ણ પલાયન થઇ ગયો, કૃપાચાર્ય નિષ્ફળ ગયા, દ્રોણાચાર્ય ઉત્તમ બાણોથી વીંધાઇને, ભાંગી ગયેલા કવચ તથા તૂટેલી ધજા સાથે, અતિવેગવાન ઘોડાઓને હંકારીને ઝડપથી નાસી ગયા, અને અશ્વત્થામા પણ અનેક પ્રકારના શસ્ત્રપ્રયોગો કરવા તથા લડવા છતાં પણ પરાજય પામ્યો.

યુદ્ધ માટે બીજી વાર આવેલો કર્ણ પણ ભયંકર રીતે ઘાયલ અને વેદનાગ્રસ્ત બનીને રણભૂમિને છોડીને ઉત્તર દિશા તરફ નાસવા માંડ્યો. દુઃશાસન અર્જુનના બાણોથી પીડાઇને પોતાના પ્રાણને બચાવવા માટે નાસી છૂટયો.

મહાબળવાન ભીષ્મપિતામહ બેભાન જેવા થઇ ગયા એટલે રથના ઘોડાઓને નિયમનમાં રાખનારો સારથિ તેમનું રક્ષણ કરવાની ઇચ્છાથી તેમને સમયસૂચકતા વાપરીને તરત જ દૂર લઇ ગયો.

ભીષ્મ સંગ્રામસ્થાન છોડી ગયા એટલે દુર્યોધને ધનુષ્ય લઇને ભીષણ ગર્જના કરતાં અર્જુન પર આક્રમણ કર્યું. પરંતુ થોડીવાર પછી ભયંકર રીતે ઘાયલ થઇને એ પણ રથને પાછો વાળીને નાસવા લાગ્યો.

અર્જુને યુદ્ધેચ્છાથી ફરીવાર આવેલા દુર્યોધનના રમણીય રત્નજડિત મુકુટને એક બાણ દ્વારા કાપી નાખ્યો; ગાંડીવના ટંકારથી વાતાવરણને ગજવી દીધું; દેવદત્ત નામનો શંખ વગાડ્યો; અને શત્રુના કાળજાને ચીરી નાખ્યાં. પછી ઉત્તરને જણાવ્યું કે હવે ઘોડાઓને પાછા વાળ. ગાયો પાછી મળી છે. શત્રુઓ હારી તથા નાસી ગયા છે. માટે નગરમાં જા.

અર્જુને ઉત્તરને પોતાના પરાક્રમની વાતને વિરાટરાજથી ગુપ્ત રાખવાની ને યુદ્ધમાં જીતીને ગાયોને પોતે જ પાછી વાળી છે એવું કહેવાની કરેલી ભલામણ ઉત્તરે માન્ય રાખી - અલબત્ત, નાછૂટકે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨૯. ઉત્તરાનું લગ્ન

પોતાનો રણઉત્સાહી પુત્ર બૃહન્નલાને સારથિ કરીને એક રથમાં જ ગયો છે એ સાંભળીને વિરાટરાજ અત્યંત સંતાપમાં પડ્યા.

એટલામાં ઉત્તરે મોકલેલા શીઘ્રગામી દૂતોએ વિરાટનગરમાં આવીને ઉત્તરના થયેલા વિજયના સમાચાર આપ્યા. મંત્રીઓએ રાજાને તે ઉત્તમ વિજય વિશે, કુરુઓના પરાજય વિશે, તેમજ ઉત્તર પાસે આવે છે એ વિશે, સર્વ વૃતાંત સંભળાવ્યો, અને કહ્યું કે સર્વ ગાયો પાછી જીતી લેવાઇ છે, કુરુઓ હારી ગયા છે, અને ઉત્તર બૃહન્નલા સારથિ સાથે કુશળ છે.

એવામાં સુંદર સુગંધોથી તથા જાત જાતનાં ફૂલોથી સત્કાર પામેલો પ્રસન્ન રાજકુમાર ઉત્તર આનંદપૂર્વક નગરમાં આવ્યો. નગરજનોએ, દેશવાસીઓએ, તેમજ સ્ત્રીઓએ તેનું સુંદર સ્વાગત કર્યું. પછી રાજભવનના દ્વારે પહોંચતા તેણે પિતાને પોતાના શુભાગમનના સમાચાર મોકલાવ્યા, એટલે દ્વારપાળે ભવનમાં પ્રવેશીને વિરાટને જણાવ્યું કે રાજપુત્ર બૃહન્નલાની સાથે દરવાજા આગળ આવીને ઊભા રહ્યા છે.

મત્સ્યરાજે સવ્યસાચી અર્જુનના સાંભળતાં જ રણમાંથી આવેલા ઉત્તરની પ્રશંસા કરવા માંડી.

એને અભિનંદીને જણાવ્યું કે સાચે જ આજે તેં સર્વ શૂરવીર યોદ્ધાઓને ભયભીત કરીને યુદ્ધમાંથી નસાડયા છે. વાઘ જેમ માંસને પડાવી લે તેમ આપણું સર્વ ગોધન પાછું આણ્યું છે.

ઉત્તર બોલ્યો કે ગાયોને મેં જીતી નતી, અને શત્રુઓને મેં હરાવ્યા નથી. એ બધું તો વજ્ર જેવા દૃઢ શરીરવાળો તે યુવાન પોતે જ રથીના સ્થાન પર આવીને બેઠો હતો. તેણે જ ગાયોને જીતી છે, અને તેણે જ કુરુઓને પરાજિત કર્યો છે. એ સર્વકામ તે વીરે જ કર્યું છે. મેં નથી કર્યું.

ઉત્તરે એ મહાવીરના પ્રખર પરાક્રમને વર્ણવ્યું એટલે વિરાટે પૂછયું કે જેણે કુરુઓએ કબજે કરેલા મોટા ગોધનને પાછું આણ્યું છે તે મહાબાહુ અને મહાયશસ્વી વીર દેવપુત્ર ક્યાં છે ? હું એ મહાબલવાનને જોવા અને તેનો સત્કાર કરવા ઇચ્છું છું. કેમ કે એ દેવપુત્રે તારી અને મારી ગાયોનું રક્ષણ કર્યું છે.

ઉત્તર બોલ્યો કે એ મહાબળવાન દેવપુત્ર તો ત્યાં જ અદૃશ્ય થઇ ગયેલો. પણ હું માનું છું કે તે આવતી કાલે અથવા પરમદિવસે પ્રગટ થશે.

ઉત્તરે ત્યાં ગુપ્તવેશે રહેલા અર્જુનના સંબંધમાં આ પ્રમાણે કહ્યું તોપણ વિરાટરાજ તેને જાણી શક્યો નહીં.

પછી વિરાટરાજની આજ્ઞાથી અર્જુને પોતે યુદ્ધમાંથી આણેલાં વસ્ત્રો વિરાટપુત્રી ઉત્તરાને આપ્યાં. તે ભામિની પણ એ નવાં વિવિધ, મહામૂલાં વસ્ત્રોથી પ્રસન્નતા પામી.

ત્રીજે દિવસે પાંચ પાંડવોએ સ્નાન કર્યું, ઉજ્જવલ વસ્ત્રોને ધારણ કર્યા, સર્વ આભૂષણો સજ્યાં, અને યોગ્યકાળે અજ્ઞાતવાસના વ્રતની પૂર્ણાહુતિ કરી. પછી દ્વારે ઊભેલા મદોન્મત્ત માતંગની જેમ શોભી રહેલા તે મહારથીઓ યુધિષ્ઠિરને આગળ કરીને વિરાટરાજની સભામાં ગયાં. ત્યાં જઇને તે સર્વ પાંડવો રાજાઓ માટેનાં આસનો ઉપર બિરાજ્યા; અને વેદીઓમાં રહેલા અગ્નિની જેમ શોભવા લાગ્યા.

તે આસન ઉપર બેઠા ત્યારે વિરાટરાજ રાજકાર્યોને કરવા માટે તે સભામાં આવ્યા. ત્યાં અગ્નિની જેમ ઝળહળી રહેલા પાંડવોને જોઇને તે થોડી વાર વિચારમાં પડી ગયા. પછી કોપાયમાન થયેલા તે રાજાએ કંક તરફ જોઇને કહ્યું કે 'અરે ! તું તો દ્યુત રમનારો છે એટલા માટે મેં તને આ સભાનો સભાસદ નીમ્યો છે. તું ક્યાંથી આમ સારી પેઠે અલંકાર ધારણ કરીને રાજાના આસન ઉપર બેઠો છે ?'

વિરાટરાજનાં એ વ્યંગભરેલાં વચનોને સાંભળીને અર્જુને સ્મિત કર્યું ને કહ્યું કે આ પુરુષ તો ઇન્દ્રના અર્ધ આસન પર બિરાજવાને યોગ્ય છે, બ્રાહ્મણભક્ત છે, શાસ્ત્રજ્ઞ છે, ત્યાગી છે. યજ્ઞપ્રિય તથા દૃઢ વ્રતવાળા છે. એ મૂર્તિમંત ધર્મ છે ને શૂરવીરોમાં શ્રેષ્ઠ છે. બુદ્ધિમાં એ સૌથી અધિક છે અને તપનું આશ્રયસ્થાન છે. ત્રણે લોકના વિવિધ અસ્ત્રોને એ જાણે છે. દીર્ઘદર્શી, મહાતેજસ્વી અને નગરના તથા દેશના સર્વ લોકોને પ્રિય છે. વળી પાંડવોમાંના એ એક અતિરથી છે. એ મહર્ષિ સમાન છે. સર્વલોકોમાં વિખ્યાત છે, બલવાન, દ્યુતિમાન, દક્ષ, સત્યવાદી, જિતેન્દ્રિય અને ધનના સંચયથી ઇન્દ્ર તથા કુબેર જેવા છે. મહાતેજસ્વી મનુ લોકોનું રક્ષણ કરે છે તેમ આ મહાતેજસ્વી સર્વ પ્રજા ઉપર અનુગ્રહ કરનારા છે. કુરુઓમાં સિંહસમા આ ધર્મરાજ યુધિષ્ઠિર છે. ઊગતા સૂર્યની પ્રભાની જેમ એમની કીર્તિ લોકમાં નિત્ય વધતી રહે છે. આ ધર્મરાજા કુરુદેશમાં રહેતા હતા ત્યારે દશ હજાર વેગવાળા હાથીઓ અને સુવર્ણની માળાઓવાળા, ઉત્તમ ઘોડાઓ જોડેલા ત્રીસ હજાર રથો એમની પાછળ ચાલતા હતા. ઋષિઓ ઇન્દ્રની સ્તુતિ કરે તેમ ઉજ્જવળ મણિમય કુંડલો ધારણ કરનારા આઠસો સૂતો માગધોની સાથે એમની સ્તુતિ કરતા હતા. દેવો જેમ ધનપતિ કુબેરની સેવા કરે તેમ સર્વ રાજાઓ અને કુરુઓ કિંકરની પેઠે એમની સેવા કરતા હતા. ત્યારે આ સદાચારી રાજાના આશ્રયમાં એંશી હજાર સ્નાતક બ્રાહ્મણો આજીવિકા ચલાવતા હતા. આ સમર્થ રાજા વૃદ્ધ, અનાથ, અપંગ અને અંધ માણસોને પુત્રની જેમ પાળતા તેમ જ ધર્મપૂર્વક પાલન કરતા. એ મહાકૃપાળુ છે. બ્રાહ્મણભક્ત છે. એમના તીવ્ર તેજથી સમર્થ, દુર્યોધન, કર્ણ, સુબલપુત્ર શકુનિ અને તેના પક્ષવાળા સંતાપ પામ્યા કરે છે. એમના ગુણોની ગણના કરવી અશક્ય છે. એમને માટે રાજાનું આસન કેમ યોગ્ય ના ગણાય ?

વિરાટરાજે આશ્ચર્યચકિત અને આનંદમગ્ન બનીને બીજા પાંડવો વિશે પૂછયું. એટલે અર્જુને ભીમનો, સહદેવનો, નકુલનો, દ્રોપદીનો અને પોતાનો પરિચય પ્રદાન કર્યો.

એ પ્રમાણે અર્જુને પાંચે વીર પાંડવોની ઓળખાણ આપી. ત્યારે વિરાટપુત્ર ઉત્તરે અર્જુનના પરાક્રમનું વર્ણન કરવા માંડ્યું. અને પાંડવોની વિરાટરાજાને ઓળખાણ કરાવી.

વિરાટપુત્રે એ પછી અર્જુનના પરાક્રમ વિશે જણાવ્યું કે કેસરીસિંહ જેમ મૃગોનો સંહારક છે, તેમ આ અર્જુન શત્રુઓનો સંહારક છે. એ વીર મોટા મોટા રથીઓનો સામનો કરતાં રથસમૂહોમાં ઘૂમ્યો હતો. એણે જ ગાયોને જીતી છે અને કૌરવોને યુદ્ધમાં હરાવ્યા છે. એના શંખનાદથી મારા કાન બહેર મારી ગયા હતા.

ઉત્તરના ઉદગારોને સાંભળીને મત્સ્યરાજે ઉત્તર આપ્યો કે આપણે પ્રથમ તો પાંડુપુત્ર યુધિષ્ઠિરની પ્રસન્નતા મેળવવી ઘટે છે. આથી જો તું માન્ય રાખતો હોય તો હું ઉત્તરાનો અર્જુનની સાથે વિવાહ કરું. હું પણ શત્રુઓના હાથમાં સપડાઇ ગયો હતો પણ ભીમસેને મને છોડાવ્યો અને આપણી ગાયોને પાછી આણી. એમને લીધે જ આપણો વિજય થયો છે. તો આપણે સૌ મંત્રીઓની સાથે પાંડવોત્તમ કુંતીપુત્ર યુધિષ્ઠિરને તેમના

નાના ભાઇઓને પ્રસન્ન કરીએ. આપણાથી અજ્ઞાત રીતે પણ એ નરપતિને કંઇ કહેવાઇ ગયું હોય તો એ ધર્માત્મા પાંડુનંદન તેની ક્ષમા આપે.

પરમ સંતોષ પામેલા વિરાટરાજે પુત્રની સાથે વિચાર વિનિમય કરીને નિશ્ચય કર્યો અને રાજદંડ, રાજભંડાર તથા રાજનગર સાથે પોતાનું આખું રાજ્ય યુધિષ્ઠિરને અર્પણ કર્યું. પછી પાંડવોને અને ખાસ કરીને ધનંજયને ઉદ્દેશીને કહ્યું કે આજે હું ધન્ય છું. મારું પરમ ભાગ્ય છે.

વિરાટરાજને તેમનાં દર્શન કરતાં તૃપ્તિ જ ના થઇ. તેણે યુધિષ્ઠિરને કહ્યું કે તમે દુષ્ટાત્મા કૌરવો દ્વારા પકડાયા વિના અજ્ઞાતવાસનું કષ્ટ પાર કર્યું. તેને માટે તમને ધન્યવાદ ઘટે છે. આ રાજ્ય અને બીજું જે કાંઇ છે. તે બધું તમને અર્પણ કરું છું તેને તમે સ્વીકારો. અર્જુન મારી પુત્રી ઉત્તરાનો સ્વીકાર કરો. એ પુરુષશ્રેષ્ઠ તે રાજકન્યાનો ભર્તા થવાને યોગ્ય છે.

વિરાટરાજે એ પ્રમાણે કહ્યું ત્યારે ધર્મરાજે ધનંજય તરફ દૃષ્ટિપાત કર્યો. એટલે અર્જુને મત્સ્યરાજને કહ્યું કે હું તમારી પુત્રીને મારા પુત્રની ભાર્યા તરીકે સ્વીકારું છું. આપણા મત્સ્યવંશીઓ અને ભરતવંશીઓ વચ્ચે આવો સંબંધ બંધાય તે સર્વ પ્રકારે યોગ્ય જ છે.

વિરાટરાજે અર્જુનને પૂછયું કે તમે એને ભાર્યા તરીકે શા માટે નથી ઇચ્છતા ?

અર્જુને જણાવ્યું કે મારામાં પિતા જેવો ભાવ તથા વિશ્વાસ રાખનારી તમારી પુત્રી સાથે જાહેરમાં ને એકાંતમાં હું રહ્યો છું. હું નર્તક અને ગીતકુશળ હોવાથી તમારી પુત્રીને અતિશય પ્રિય હતો. તે મને આચાર્યની પેઠે આદર આપતી. તમારી નવયૌવના પુત્રી સાથે એવી રીતે હું એક વર્ષ સુધી રહ્યો છું. એથી હું તેની સાથે લગ્ન કરું તો તેથી તમને અથવા જનસમાજને ભારે શંકાનું કારણ મળે. એટલા માટે તમારી પુત્રીને મારી પુત્રવધૂ કરવાની માંગણી કરું છું. હું શુદ્ધ છું, જિતેન્દ્રિય છું અને મનોનિગ્રહી છું. એટલે મેં તમારી પુત્રીની પણ શુદ્ધિ કરી છે. જેમ પોતામાં અને પુત્રમાં ભેદ ગણાતો નથી તેમ પુત્રીમાં અને પુત્રવધૂમાં પણ ભેદ ગણાતો નથી. એવો સંબંધ કરવામાં મને લોકભયની શંકા નહીં રહે. અમારા બંનેની પવિત્રતા પણ પ્રગટ થશે. હું જનસમાજના અભિશાપથી અને મિથ્યા અપવાદથી ડરું છું. મારો પુત્ર અભિમન્યુ તમારી પુત્રીનો પતિ થવાને યોગ્ય જ છે.

વિરાટરાજને અર્જુનનો એ અભિનવ પ્રસ્તાવ પસંદ પડ્યો.

યુધિષ્ઠિરે તે વિવાહસંબંધને યોગ્ય સમયે ઊજવવાની આજ્ઞા કરી. એટલે કુન્તીનંદન યુધિષ્ઠિરે અને વિરાટે સર્વ મિત્રજનોને તથા વાસુદેવ શ્રીકૃષ્ણને નિમંત્રણ આપવા માટે દૂતોને રવાના કર્યા.

અજ્ઞાતવાસનું તેરમું વરસ પૂરું થઇ ગયું હોવાથી પાંડવો વિરાટનગર પાસેના ઉપપ્લવ્ય નામના નગરમાં રહેવા ગયા. અર્જુને વિશ્વાસુ દૂતોને મોકલીને અભિમન્યુને, જનાર્દનને અને બીજા યદુવંશીઓને આનર્ત દેશમાંથી બોલાવ્યા. યુધિષ્ઠિર ઉપર પ્રીતિ રાખનાર કાશીરાજ તથા શૈલ્ય બબ્બે અક્ષૌહિણી સેનાઓ સાથે ત્યાં પહોંચી ગયા. મહાબલવાન યજ્ઞસેન રાજા પણ અક્ષૌહિણી સેનાઓ સાથે આવી પહોંચ્યો. દ્રૌપદીના વીરપુત્રો, અપરાજિત શિખંડી, અને શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ ધૃષ્ટધુમ્ન પણ આવ્યા. તે સર્વ અક્ષૌહિણી સેનાના પાલક, યજ્ઞયાગાદિ કરનારા, પ્રચુર દક્ષિણાઓ આપનારા, વેદાધ્યયનથી સંપન્ન, શૂરવીર અને રણમાં પ્રાણને

ઓવારી નાખે એવા હતા. મત્સ્યરાજે તેમનો વિધિપૂર્વક સત્કાર કર્યો. અભિમન્યુ સાથે ઉત્તરાનો સંબંધ થવાથી તે પ્રસન્ન થયો.

અર્જુને પોતાના પુત્ર સુભદ્રાનંદન અભિમન્યુ માટે તે નિર્દોષ અંગવાળી વિરાટનંદિનીનો સ્વીકાર કર્યો. પછી ઇન્દ્રનું સ્વરૂપ ધારણ કરીને ઊભા રહેલા કુન્તીનંદન યુધિષ્ઠિર મહારાજે ઉત્તરાને પુત્રવધૂ તરીકે સ્વીકારી. આમ પૃથાનંદને ઉત્તરાનો પુત્રવધૂ તરીકે સ્વીકાર કર્યો. અને જનાર્દનને આગળ રાખીને સુભદ્રાનંદન અભિમન્યુના ઉત્તરા સાથે વિધિપૂર્વક લગ્ન કરાવ્યા. તે સમયે વિરાટરાજે અભિમન્યુને સાત હજાર પવનવેગી ઘોડાઓ, બસો મુખ્ય હાથીઓ તેમજ પુષ્કળ ધન આપ્યું.

વિવાહવિધિ પૂરો થયો પછી શ્રીકૃષ્ણ મોસાળામાં જે ધન લાવ્યા હતા તે બધું બ્રાહ્મણોને દાનમાં આપી દીધું. એ ધનમાં હજાર ગાયો હતી. રત્નો અને વિવિધ વસ્ત્રો, ઉત્તમોત્તમ આભૂષણો, વાહનો અને શયનો, મનગમતાં ભોજનો, જાતજાતનાં પીણાઓ હતાં.

એ વિવાહ પ્રસંગે સમસ્ત વિરાટનગર એક મહોત્સવરૂપ થઇ ગયું અને અતિશય શોભા ધારણ કરી રહ્યું.

મહાભારતનું વિરાટપર્વ એવી રીતે પરિસમાપ્તિ પામે છે. એની અંતિમ કથા સૂચવે છે કે સત્યનિષ્ઠ સદાચારી માનવને આરંભમાં આપત્તિ આવે તોપણ સુખસંપત્તિ તથા શાંતિ સાંપડે છે. એ આપત્તિ અલ્પકાલીન ઠરે છે; સનાતન નથી હોતી.

અર્જુને ઉત્તરા સાથે લગ્ન કરવાની અનિચ્છા દર્શાવી અને ઉત્તરાનું લગ્ન અભિમન્યુ સાથે કરવા માટે અનુમતિ આપી એ પ્રસંગ પણ ઓછો પ્રેરક નથી લાગતો. અર્જુને ઉત્તરાના ગુરુ તરીકે કાર્ય કરેલું. ગુરુપદ કેટલું બધું. પ્રશસ્ય, આદરપાત્ર અને શિષ્યા પ્રત્યે કેવી વૃત્તિ, દૃષ્ટિ કે પ્રવૃત્તિ રાખવી જોઇએ, એની ઉત્તમતા શેમાં છે, એનો ગર્ભિત સંદેશ કે પદાર્થપાઠ એ પ્રસંગમાંથી, સવિશેષ તો અર્જુનના ઉદગારોમાંથી, અનાયાસે મળી રહે છે. વર્તમાન સમયમાં પણ એ સંદેશ ઓછો અગત્યનો, આવશ્યક, આશીર્વાદરૂપ નથી લાગતો.

☼ ☼ ☼ ☼ ☼

# ઉદ્યોગ પર્વ

# ૧૨૭. શ્રીકૃષ્ણનું વ્યક્તિત્વ

પાંડવોના અજ્ઞાતવાસના વખતની સુખદ પરિસમાપ્તિ પછી ભગવાન કૃષ્ણે રાજા વિરાટ, દ્રુપદ અને અન્ય મમતાળુ મહાનુભવોની આગળ પાંડવોની વરસોની પ્રતિકૂળ પરિસ્થિતિનો ઈતિહાસ રજુ કર્યો. એની પાછળનો મુખ્ય આશય કૌરવો તથા પાંડવોના કથળેલા સંબંધોને અને ખાસ કરીને દુર્યોધનના દ્વેષપૂર્ણ માનસનો પરિપૂર્ણપણે પરિચય કરાવવાનો અને પાંડવોના ભાવિ કાર્યક્રમ વિશે આવશ્યક માર્ગદર્શન પૂરું પાડવાનો હતો.

ભગવાન કૃષ્ણના ઉદગારોનો સારાંશ આ પ્રમાણે હતો.

દ્યુતમાં શકુનિએ છળકપટ કરીને યુધિષ્ઠિરને જીતી લીધેલા, એમનું રાજ્ય હરી લીધેલું અને વનવાસની શરત કરેલી, તેની તમને માહિતી છે. પૃથ્વી જેવાં પાંચ તત્વોમાં જેમના રથોની ગતિ અસ્ખલિત રીતે થયા કરે છે ને જે સત્યમાં સ્થિર મનવાળા છે તે પાંડુપુત્રો તે જ વખતે વિપળનાય વિલંબ વિના પૃથ્વીને જીતી લઈ શકે તેમ હોવા છતાં, તેમણે તેર વરસ સુધી વનવાસ વેઠ્યો છે. મહાકષ્ટે પાર પડે એવું તેરમું વરસ પણ તમારે ત્યાં ગુપ્ત રૂપમાં રહીને પસાર કર્યું છે. એવી રીતે પાંડવો પારકાના સેવક થઈને એની આણમાં રહ્યા છે. પરંતુ હવે તેઓ પોતાનું રાજ્ય મેળવવા ઈચ્છે છે. તો હવે તમે ધર્મપુત્ર યુધિષ્ઠરનું તેમજ દુર્યોધનનું જેમાં હિત હોય અને કુરુશ્રેષ્ઠોને માટે જે ધર્મયુક્ત, ન્યાયયુક્ત તથા યશસ્કર હોય તે વિચારી કાઢો. અધર્મથી તો ધર્મરાજ દેવોનું રાજ્ય પણ નથી ઈચ્છતા. તે તો ધર્મ અને અર્થથી યુક્ત એવું એકાદ ગામનું જ રાજાપણું મળે તો તે પણ સ્વીકારી લેવા ઈચ્છે એમ છે.

ધૃતરાષ્ટ્રના પુત્રોએ રણભૂમિમાં પોતાના તેજ વડે યુધિષ્ઠરને હરાવ્યા નથી. પણ કપટકળા કરીને હરાવ્યા છે અને તેને લીધે યુધિષ્ઠરને અતિ અસહ્ય કષ્ટ પડ્યું છે. છતાં પણ યુધિષ્ઠિર પોતાના સ્નેહીઓ સાથે ધૃતરાષ્ટ્રના પુત્રોનું કલ્યાણ જ ઈચ્છે છે. પુરુષોમાં વીરશ્રેષ્ઠ પાંડુપુત્રો પોતે રાજાઓને પીડીને તથા પરાજય આપીને જે ધન આણ્યું છે તે જ ધનને મેળવવા ઈચ્છે છે. પાંડવો જ્યારે બાળક હતા ત્યારે ઉગ્ર પ્રકૃતિવાળા દુરાત્મા કૌરવોએ રાજ્ય હરણ કરવાની ઈચ્છાથી તેમને મારવા માટે કેવા ઉપાયો કર્યા હતા તે તમે જાણો છો. કૌરવોના એ વધેલા લોભને જોઈને, યુધિષ્ઠિરની ધર્મજ્ઞતાને જાણીને, તેમજ તેઓ પરસ્પરના સંબધીઓ છે તેનો વિચાર દૃષ્ટિ સમક્ષ રાખીને તમે સાથે મળીને યોગ્ય નિશ્ચય કરો. પાંડવોએ પોતાની પ્રતિજ્ઞાનું યથાર્થ પાલન કર્યું છે અને સર્વદા સત્યપરાયણ રહ્યા છે. હવે જો ધૃતરાષ્ટ્રના પુત્રો એમની સાથે પ્રતિજ્ઞા વિરુદ્ધ વર્તન કરે તો તેઓ એકઠા મળેલા ધૃતરાષ્ટ્રના પુત્રોનો નાશ કરે, ત્યારે પાંડવોના સંબંધીઓ પણ કૌરવોએ કરેલા અપકારને જાણીને પાંડવોને વીંટાઈ વળી તેમને સહાય કરે. કૌરવો જો યુદ્ધ કરી પાંડવોને પીડામાં નાંખે તો પાંડવો યુદ્ધમાં તેઓનો નાશ કરે. તમે કદાચ એમ માનો કે પાંડવો અલ્પ સંખ્યામાં છે, તેથી તેઓ જીતી શકે એમ નથી. પણ અમારા જેવા સર્વ સ્નેહીઓ-સંબધીઓ તેમને સાથે થઈને કૌરવોના વિનાશ માટે પ્રયત્ન કરશે. હજી દુર્યોધનનો શો મત છે ? તે શું કરવા ધારે છે તે યથાર્થ રીતે આપણે જાણ્યું નથી. એટલે એના વિચારને જાણ્યા વિના તમારે કયો વિચાર આરંભ કરવા યોગ્ય ગણાય ? માટે કૌરવોની

સાથે સમાધાન કરાવવા તથા યુધિષ્ઠિરને અર્ધું રાજ્ય અપાવવા અહીંથી ધર્મશીલ, પવિત્ર, કુલીન, પ્રમાદરહિત અને સમર્થ એવા કોઈ પુરુષને દૂત તરીકે કૌરવો પાસે મોકલો.

શ્રીકૃષ્ણનું એવું ધર્મથી યુક્ત, મધુર તથા સમતાભર્યું ભાષણ સાંભળીને એમના મોટાભાઈ બલરામે તેને સત્કાર્યું.

સાત્યકિએ તથા દ્રુપદે પણ એને અનુમોદન આપ્યું.

શ્રીકૃષ્ણે પોતાનો વિચારોને વ્યક્ત કરીને દ્વારકાપુરી તરફ પ્રયાણ કર્યું ત્યારે વિરાટરાજાની અનુમતિથી દ્રુપદે પુરોહિતને દૂત તરીકે હસ્તિનાપુર મોકલ્યો. પુરોહિતને છેવટની સૂચના આપતાં દ્રુપદે જણાવ્યું કે ધૃતરાષ્ટ્ર તમારી સંગતિને પામીને તમારાં ધર્મનીતિસંગત વચનોને માન્ય રાખશે. તમારા સર્વહિતકર સદુપદેશને સાંભળીને કૌરવોનાં મન ફરી જશે. તમને તો તેમનો લેશ પણ ભય નથી, કારણ કે તમે વેદવેત્તા બ્રાહ્મણ છો, દૂત કર્મમાં જોડાયા છો ને વૃદ્ધ છો. માટે તમે યુધિષ્ઠિરની કાર્યસિદ્ધિ માટે પ્રયાણ કરો. પુષ્ય નક્ષત્રમાં વિજય-મુહૂર્તમાં પ્રસ્થાન કરો.

દ્રુપદના એ ઉદગારો સૂચવે છે ને સ્પષ્ટ કરે છે કે મહાભારત કાળમાં અથવા મહાભારતની રચનાના કાળમાં નક્ષત્ર કે મુહૂર્તને લક્ષમાં લઈને શુભ પ્રવૃત્તિ કરવાની પ્રથા પ્રવર્તમાન હતી.

ઉપર્યુક્ત પ્રસંગમાં વ્યક્ત થયેલા શ્રીકૃષ્ણના વિચારો એમના વિશાળ વિશદ વિતરાગ દૃષ્ટિકોણને અને સમાધાનપ્રિય સ્વભાવને રજૂ કરે છે. કૌરવોએ પાંડવો સાથે દારુણ દુર્વ્યવહાર કર્યો હોવા છતાં પણ એ એમની વચ્ચે શાંતિમય, સ્વમાનયુક્ત, સુખદ સમાધાન થઈ શકે તો સારુ એવું ઈચ્છતા હતા. એ પ્રસંગ એમના વ્યક્તિત્વના મહત્વના મહામૂલ્યવાન પાસાને પ્રસ્તુત કરે છે. વેર વેરથી ના શમે પરંતુ પ્રેમથી જ ઘટે તથા મટે કે શાંત બની શકે, એવી એમની માન્યતા હતી.

એમના વિચારોમાં એનો પ્રતિઘોષ પડે છે.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૨૮ . અર્જુન અને દુર્યોધન

પુરોહિતને હસ્તિનાપુરમાં કૌરવો પાસે મોકલ્યા પછી પાંડવોએ જુદા જુદા રાજાઓને સાચી પરિસ્થિતિથી સુપરિચિત કરવા માટે એમની પાસે પોતાના દૂતોને મોકલ્યા.

દુર્યોધને પોતાના પરમવિશ્વાસુ ગુપ્તચરો દ્વારા પાંડવોની સઘળી માહિતી મેળવી લીધી.

શ્રીકૃષ્ણ પાંડવોની વિદાય લઇને દ્વારકાપુરી જવા વિદાય થયા છે એવું જાણીને એણે વાયુવેગે ઉત્તમ ઘોડાવાળા રથમાં બેસીને, થોડી છતાં શક્તિશાળી સેના સાથે, એમની શુભેચ્છા સાથે, આહ્લાદક અને અતિશય આકર્ષક આનર્તનગરીમાં પ્રવેશવા પ્રસ્થાન કર્યું.

પાંડુનંદન અર્જુને પણ એ જ દિવસે સર્વ શુભેચ્છોકોની સાથે પરામર્શ કરી, એમની શુભેચ્છા સાથે, આહ્લાદક અને અતિશય આકર્ષક આનર્તનગરીમાં પ્રવેશવા પ્રસ્થાન કર્યું.

એ બંને દ્વારકાપુરીમાં લગભગ એકસાથે પ્રવેશ્યા અને કૃષ્ણ પાસે પહોંચ્યા ત્યારે કૃષ્ણ નિદ્રાધીન હતા.

કૃષ્ણના શયનખંડમાં સૌથી પ્રથમ પ્રવેશી દુર્યોધને એમના ઉશીકા પાસેના એક ઉત્તમ આસન પર બેસવાનું પસંદ કર્યું.

અર્જુને એની પાછળ પ્રવેશીને, કૃષ્ણને પૂજ્યભાવે પ્રણામ કરીને, એમના પગ પાસે ઊભા રહેવાનું પસંદ કર્યું.

દુર્યોધનનો અને અર્જુનનો વ્યક્તિગત વિરોધાભાસી વ્યવહાર એમના વ્યક્તિત્વની વિભિન્નતાને રજૂ કરે છે. દુર્યોધનને રાજા તરીકેનું અસાધારણ અભિમાન હોવાથી એ અક્કડ રહ્યો,  કૃષ્ણને પગે ના લાગ્યો, ને કૃષ્ણના મસ્તક પાછળ બેસી ગયો. એની એ પ્રવૃત્તિ એના અંતઃસ્થ અહંકાર અને એમાંથી અનાયાસે ઉદભવેલા તેમજ પરિપુષ્ટિ પામેલા અવિનયની સૂચક અથવા પરિચાયક છે. એથી ઉલટું, અર્જુનની પ્રવૃત્તિ પરમ પ્રેમમય તથા નમ્ર છે. એનો વ્યવહાર એની સ્વભાવસહજ સરળતા, સહજતા, અને નિખાલસતાનો સૂચક છે. એ વધારે સારો અને સાચો લાગે છે.

સૂતેલી વ્યક્તિ જાગીને આંખ ઉઘાડે તો એની દૃષ્ટિ સૌથી પ્રથમ ક્યાં પડે ? સ્વાભાવિક રીતે જ સામેની વ્યક્તિ કે વસ્તુ પર.

કૃષ્ણના સંબધમાં એ વાત વાસ્તવિક કે યથાર્થ ઠરી.

એ જાગ્રત થયા એટલે એમની દૃષ્ટિ સૌથી પ્રથમ અર્જુન પર પડી.

કેટલી બધી દૈવી, પ્રેમમયી, કરુણાત્મિકા, પવિત્ર, પારદર્શક દૃષ્ટિ !

અર્જુને એથી ધન્યતા અનુભવી.

કૃષ્ણે ઉભયને આવકારીને સુયોગ્ય રીતે સત્કાર્યા.

એ પછી એમના આગમનના પ્રયોજન વિશે પૂછયું ત્યારે દુર્યોધને હળવાશથી હસતો હોય તેમ જણાવ્યું કે તમારે મારી સાથે અને અર્જુનની સાથે મિત્રતા છે. અમારી બન્ને સાથેનો તમારો સંબંધ પણ સરખો

છે. હું તમારી પાસે આજે પ્રથમવાર જ આવી રહ્યો છું. પરંપરાગત પ્રથાને અનુસરનારા સત્પુરુષો પ્રથમ આવનાર પક્ષને પ્રથમ પસંદગી આપતા હોય છે. તમે સમાજના સઘળા સત્પુરુષોમાં શ્રેષ્ઠ તથા સન્માનનીય ગણાવ છો. માટે સત્પુરુષોના પ્રસ્થાપિત પવિત્ર અસાધારણ આચારનું પાલન કરીને પાંડવો સાથેના ભાવિ સંભવિત સંગ્રામમાં મારા પક્ષમાં રહીને અમને સર્વ પ્રકારની સહાયતા પહોંચાડવાનું વચન આપો.

શ્રીકૃષ્ણે સ્મિતસહિત જણાવ્યું  કે તમે પ્રથમ આવ્યા છો એ વિશે મને શંકા નથી; પરંતું મેં તો પૃથાપુત્ર અર્જુનને જ પ્રથમ જોયો છે. તેથી હું તમને બંનેને સહાય કરીશ. પરંતુ બાળકોની ઇચ્છાને પ્રથમ પૂર્ણ કરવી એવી શ્રુતિ છે. તેથી તમારાથી નાના આ પૃથાપુત્ર અર્જુનની ઇચ્છાને પ્રથમ પૂર્ણ કરવી જોઇએ. મારી પાસે મારા જેવા સુદ્રઢ શક્તિશાળી શરીરવાળા નારાયણ નામથી પ્રખ્યાત થયેલા દશ કરોડ મહાન ગોવાળિયા છે. તે સર્વ સંગ્રામના સર્વોત્તમ યોદ્ધાઓ છે. આથી યુદ્ધમાં અસહ્ય એવા તે ગોપો એકલા સૈનિક થઇને રહેશે; તો બીજી તરફ શસ્ત્રોને ના ઉઠાવનારો અને સંગ્રામમાં યુદ્ધ ના કરનારો હું રહીશ. અર્જુન, આ બેમાંથી તને જે વધારે રુચતું હોય તે પ્રથમ માગી લે, કારણ ધર્મ પ્રમાણે પ્રથમ તારી ઇચ્છાને પૂર્ણ કરવી જોઇએ.

શ્રીકૃષ્ણે એ પ્રમાણે કહ્યું એટલે કુંતીપુત્ર ધનંજયે સર્વ ક્ષત્રિયોમાં તેમજ દેવો તથા દાનવોમાં અગ્રગણ્ય, અજન્મા છતાં સ્વેચ્છાથી જ મનુષ્યલોકમાં અવતરેલા, સાક્ષાત્ નારાયણ એવા શત્રુનાશન અને યુદ્ધમાં નહિ ઊતરનારા કેશવને જ માંગી લીધા.

અર્જુને તેમને માંગી લીધા એટલે દુર્યોધને સઘળા ગોવાળ સૈન્યને માંગી લીધું. દુર્યોધન હજારો અને લાખો યોદ્ધાઓને મેળવીને તથા કૃષ્ણને યોદ્ધાઓ વિનાના કરેલા જાણીને એવી રીતે અતિશય આનંદ પામ્યો.

પછી ભયંકર બળવાળો દુર્યોધન મહાબળવાન રોહિણીનંદન બલરામની પાસે ગયો. ત્યાં તેણે તેમને પોતાના આગમનનો હેતુ જણાવ્યો. ત્યારે શૂરસેનપૌત્ર બળરામે એને જણાવ્યું કે મેં તો એવો નિશ્ચય કર્યો છે કે મારે અર્જુનને પણ સહાય કરવી નહીં અને તને પણ સહાય કરવી નહીં. તું સર્વ રાજાઓથી પૂજાતા ભરતવંશમાં જન્મ્યો છે. માટે જા, ક્ષત્રિયધર્મને અનુસરીને યુદ્ધ કર.

બલદેવે એ પ્રમાણે કહ્યું ત્યારે દુર્યોધન તેમને ભેટ્યો અને શ્રીકૃષ્ણને સેના તથા શસ્ત્ર વિનાના ખાલી કરી નાખ્યા છે માટે યુદ્ધમાં પોતાનો જ જય છે એમ માનવા લાગ્યો.

તે પછી ધૃતરાષ્ટ્રપુત્ર દુર્યોધન રાજા કૃતવર્માની પાસે ગયો.

કૃતવર્માએ એને એક અક્ષૌહિણી સેના આપી.

દુર્યોધન તે સર્વશ્રેષ્ઠ સેનાથી વીંટળાઇ પ્રસન્ન થયો અને સ્નેહીઓને હર્ષ પમાડતો હસ્તિનાપુર ગયો.

દુર્યોધનના ગયા પછી પીતાંબરી જનાર્દન શ્રીકૃષ્ણે કિરીટધારી અર્જુનને પૂછ્યું કે હું યુદ્ધ કરવાનો નથી છતાં પણ તેં મને શા માટે માગી લીધો ?

અર્જુને જણાવ્યું કે હે પુરુષશ્રેષ્ઠ ! તમે તે સર્વને મારવા સમર્થ છો એમાં સંશય નથી. હું એકલો પણ તેમને હણવા સમર્થ છું. પરન્તુ જગતમાં તમે કીર્તિમાન હોવાથી તે યશ તમને પ્રાપ્ત થશે. હું યશની આકાંક્ષાવાળો હોવાથી મેં તમને માગી લીધા છે. તમે મારા સારથિ થાઓ એવો મારો સંકલ્પ છે. માટે મારી દીર્ઘકાલીન કામનાને પૂરી કરો,

શ્રીકૃષ્ણ અર્જુનના સારથિ થવા માટે તૈયાર થયા એથી અર્જુન આનંદ પામ્યો.

મહાભારતના ઉદ્યોગપર્વના સાતમા અધ્યાયનો એ પ્રસંગ શું દર્શાવે છે ? અર્જુનનો કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ અને વિશ્વાસ. એ અસાધારણ અમાપ પ્રેમ તથા વિશ્વાસને લીધે જ એણે કૃષ્ણને, યુદ્ધ ના કરવાની પ્રતિજ્ઞા કરી હોવા છતાં એમની સંપૂર્ણ શસ્ત્રાસ્ત્રસજ્જ નારાયણી સેનાના સંમોહ અથવા સમાકર્ષણને છોડી દઇને, પોતાના પક્ષમાં રહેવાની પ્રાર્થના કરીને રથના સારથિ તરીકે પસંદ કર્યા.

રથના સારથિ એટલે વધારે સૂક્ષ્મ રીતે વિચારીએ તો, જીવનરથના પણ સારથિ જ ને !

દુર્યોધનમાં એવો પ્રેમ અને વિશ્વાસ ના હોવાથી એણે સેનાને ગ્રહણ કરીને કૃષ્ણને છોડી દીધા.

સંસારમાં દુર્યોધનની પેઠે મોટા ભાગના માનવો પ્રેયને મહત્વનું માનીને શ્રેયને છોડી દે છે; દુન્યવી વિષયોની મોહિનીમાં પડીને સત્યને તિલાંજલી આપે છે.

એ દુર્યોધનની જેમ દુઃખી થાય છે. અંતતોગત્વા અધઃપતનને પામે છે.

બીજાને પણ અધઃપતન પમાડે છે.

દુર્યોધન અર્જુન જેવું ને જેટલું સમજી શકયો હોત તો ?

એ સમજી શકત તો મહાભારતનું મહાયુદ્ધ અને એની પહેલાંની કૌરવ-પાંડવ વચ્ચેની કટુતા ના થાત.

કૃષ્ણનો પ્રબળ પવિત્ર પ્રેમભાવ પણ કેવો કે અર્જુનની પ્રાર્થનાને લક્ષમાં લઇને એ એના સારથિ થવા માટે તૈયાર થયા.

સામાન્ય માનવની અંદર એવો નિર્વ્યાજ પ્રેમ ભાગ્યે જ હોઇ શકે.

માનવે અર્જુન બનવું કે દુર્યોધન બનવું એ એના હાથમાં છે.

કૃષ્ણ બનીને કોઇક વ્યક્તિ કે સમષ્ટિના જીવનરથના સફળ સારથિ થવાનું સદભાગ્ય તો કોઇ વિરલ પુરુષવિશેષને જ સાંપડી શકે.

એવા સર્વોત્તમ સદભાગ્યની સરાહના કોણ કેવી રીતે કરી શકે ?

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨૯. નહુષને શાપ મળ્યો

શ્રીમદ્ ભગવદ્ ગીતા જેવા સુપ્રસિદ્ધ ધર્મગ્રંથોમાં જણાવવામાં આવ્યું છે કે યજ્ઞયાગાદિ ધર્મક્રિયાઓના અનુષ્ઠાનના પરિણામે થનારી અસાધારણ પુણ્યપ્રાપ્તિથી સ્વર્ગલોકની પ્રાપ્તિ થઇ શકે છે. પરંતુ એ સ્વર્ગલોકનો સુખોપભોગથી કરેલો કે છલેલો નિવાસ સનાતન નથી. એ ચિરસ્થાયી હોય તોપણ અંતે અસ્થાયી છે. નિત્ય નથી કિન્તુ અનિત્ય છે. સ્વર્ગલોકમાં સાંપડનારું દેવપદ કે દેવોના અધીશ્વર તરીકેનું ઇન્દ્રપદ પણ ગમે તેટલું ઉત્તમ, આર્કષક અને મહાન હોવા છતાં પણ એક દિવસ નિશ્ચયાત્મક રીતે પરિસમાપ્તિ પર પહોંચે છે. સત્કર્મના સુપરિણામે સાંપડેલા પુણ્યનો ક્ષય થતાં પાછું મૃત્યુલોકમાં આવવું પડે છે. આત્મકલ્યાણની સર્વોચ્ચ સાધનાનું આગળનું અનુષ્ઠાન મૃત્યુલોકમાં જ કરવું રહે છે.

એના અનુસંધાનમાં એક બીજી વાત પણ યાદ રાખવા જેવી છે.

આત્મકલ્યાણની સર્વોચ્ચ સાધનાના સફળતાપૂર્વકના અનુષ્ઠાન માટે જીવનની વિશુદ્ધિ કે જીવનવ્યવહારની વિશદતા સચવાવી જોઇએ. જીવનની એવી વિશુદ્ધિ તથા જીવનવ્યવહારની ઉદાત્તતા સ્વર્ગાદિ સુખદ લોક સાથે સંબંધ રાખતી ના હોવાથી, કેવળ સ્વર્ગપ્રાપ્તિથી નથી મળતી. સ્વર્ગમાં વસનારા દેવો અને એમના અધીશ્વર ઇન્દ્રને પણ ભય હોઇ શકે, અહંકાર તથા રાગ-દ્રેષ હોઇ શકે, ચિંતા થઇ શકે, અને કામ-ધર્મવિરોધી કામ તથા ક્રોધના આવેગો સતાવી તેમજ અસ્વસ્થ બનાવી શકે, એમના વિચારો અને એમની વૃત્તિઓ અંકુશમાં ના પણ હોય. એમની અંદર નાની મોટી વાસનાઓનું તાંડવ ચાલતું હોય, અને જીવનવિકાસની દૃષ્ટિએ એમનું સ્થાન છેક સાધારણ હોય, એવું પણ બની શકે.

રાજા નહુષના જીવનવૃતાંત પરથી એ વાતની પ્રતીતિ થાય છે.

એ જીવનવૃતાંતનું વિહંગાવલોકન કરી લઇએ.

સ્વર્ગના દેવોએ સ્વર્ગમાં નહુષનો એની ઇચ્છા ના હોવાં છતાં પણ રાજા તરીકે અભિષેક કર્યો. તે વખતે નહુષ ધર્મને દૃષ્ટિ સમક્ષ રાખીને સર્વલોકનો અધિપતિ થયો.

નહુષરાજા ધર્માત્મા હતો તોપણ અતિદુર્લભ વરને મેળવીને તથા સ્વર્ગનું રાજ્ય પામીને કામાત્મા થઇ ગયો. તે દેવોના સર્વઉદ્યાનમાં, નંદનવનમાં, ઉપવનોમાં, કૈલાસ પર્વત ઉપર, હિમાલયની પીઠ ઉપર, મંદર પર્વત ઉપર, શ્વેતગિરિ ઉપર, સહ્યાદ્રિ ઉપર, મહેન્દ્રાચલ ઉપર, મલય પવર્ત ઉપર, સમુદ્રોમાં તેમજ નદીઓમાં અપ્સરાઓ તથા દેવકન્યાઓથી વીંટાઇને અનેક પ્રકારની ક્રીડાઓ કરવા લાગ્યો. કર્ણમધુર અને મનોહારિણી જાતજાતની દિવ્ય કથાઓ. વિવિધ વાદ્યો, તથા મીઠા સૂરવાળાં ગીતોને સાંભળવા લાગ્યો.

વિશ્વાવસુ, નારદ, ગંધર્વો, અપ્સરાના ગણો અને છ ઋતુઓ મૂતિમંત થઇને તે દેવરાજની ઉપાસના કરવા લાગ્યા. સુગંધવાળો, મનોહર તથા સુખકારક શીતળ વાયુ તેની આસપાસ વાવા લાગ્યો.

નહુષ એ પ્રમાણે ક્રીડા કરવામાં રત હતો ત્યારે ઇન્દ્રની પ્રિય પટરાણી ઇન્દ્રાણી ઉપર તેની દૃષ્ટિ પડી. તેને જોઇને નહુષ સર્વ સભાસદોને કહેવા લાગ્યો કે હું દેવોનો ઇન્દ્ર છું. અને સર્વલોકનો ઇશ્વર છું. તેમ છતાં

ઇન્દ્રની પટરાણી ઇન્દ્રાણી દેવી મારી પાસે કેમ આવતી નથી ? આજે એ શચીએ તત્કાળ મારે મંદિરે આવવું જોઈએ.

એ સાંભળીને ઇન્દ્રાણી મનમાં ખેદ પામી અને બૃહસ્પતિને કહેવા લાગી કે બ્રહ્મન ! તમે મારું રક્ષણ કરો. હું તમારે શરણે આવી છું. તમે મને પ્રારંભથી જ સર્વ સુલક્ષણોથી સંપન્ન દેવરાજ ઇન્દ્રની પ્રિય પત્ની, અત્યંત સુખ ભોગવનારી, અખંડ સૌભાગ્યવતી, એક પતિવાળી અને પતિવ્રતા કહેતા આવ્યા છો. તો તમારી તે વાણીને સત્ય કરો. તમે કદી પણ મિથ્યા બોલ્યા નથી.

બૃહસ્પતિએ ભયથી મૂઢ થયેલી ઈન્દ્રાણીને કહ્યું કે મેં તને જે કહ્યું છે તે સત્ય જ થશે. તું દેવરાજ ઇન્દ્રને થોડા વખતમાં જ પાછો આવેલો જોઈશ. હું તને થોડા જ સમયમાં ઈન્દ્રની સાથે મેળવી આપીશ.

ઈન્દ્રાણી અંગીરાના પુત્ર બૃહસ્પતિને શરણે ગઈ છે એવું સાંભળીને નહુષ ક્રોધથી ભભૂકી ઊઠ્યો.

નહુષને કોપ પામેલો જોઈને દેવો તથા ઋષિઓએ કહ્યું કે દેવરાજ ! તમે ક્રોધનો ત્યાગ કરો. તમારા ક્રોધથી અસુર, ગંધર્વ, કિન્નર અને મહાસર્પોની સાથે જગત ત્રાસ પામી ગયું છે. તમારા જેવા ક્રોધ કરતા નથી. દેવી ઈન્દ્રાણી ઈન્દ્રની પત્ની છે માટે તમે પરસ્ત્રીના સેવનરૂપ પાપથી તમારા મનને પાછું વાળો. તમે દેવતાઓના રાજા છો તો ધર્મથી પ્રજાનું પાલન કરો.

કામથી ઘેલા બનેલા દેવરાજ નહુષે તે વચનોને માન્યા નહીં.

નહુષ રાજા ધર્માત્મા હોવાં છતાં સંજોગો બદલાતાં સ્વર્ગનો અધીશ્વર બનીને સારાસારના વિચારને ખોઈ બેઠો અને ભાન ભૂલ્યો એ શું બતાવે છે ? એ જ કે પ્રત્યેક માનવે પોતાના જીવનમાં જાગ્રત રહેવાની અનિવાર્ય આવશ્યકતા છે. પ્રભુતા, પદ, પ્રતિષ્ઠા, ધન, યૌવન, સૌન્દર્ય, સત્તા, સિદ્ધિ તથા સુખોપભોગની સાનુકૂળ સર્વોત્તમ સામગ્રીને પામીને તો ખાસ. જે જાગ્રત હોય છે એ આગળ વધે છે ને પ્રમાદી પાછળ પડે છે. વિષયોમાં આસક્તિ કરનાર અથવા લપટાનાર ભાન ભૂલે છે અને પોતાના ધ્યેયને ચૂકે છે. એ સંબંધમાં રામાયાણમાં સુગ્રીવનું પાત્ર સારું ઉદાહરણ પૂરું પાડે છે. પ્રભુતાને પામીને રાવણ, સુગ્રીવ તથા વાલી મોહાંધ બનીને ભાન ભૂલી ગયા, પરંતુ હનુમાન, વિભીષણ અને રામ અચળ અથવા અલિપ્ત રહ્યા. માનવે કોના પદચિહ્ન પર ચાલવું છે તે નક્કી કરવાનું છે.

એક બીજી વાત. સમાજસેવકો, પદવીધરો, અધિકારીઓ અને શાસકોને માથે મોટી જવાબદારી રહેલી છે. આમજનતા એમના જીવનને જુએ છે ને માર્ગદર્શન મેળવે છે. એટલા માટે એમનો આચાર આદર્શ હોવો જોઈએ એ જ જો વ્યસની, વિકૃત, વિપથગામી બને તો પ્રજાને જીવનોપયોગી પવિત્ર પ્રેરણા કેવી રીતે આપી શકે ? વાડ જ ચીભડાંને ગળતી હોય તો પછી વાડીનું રક્ષણ કોણ કરે ?

નહુષ એટલો બધો મોહાંધ બની ગયો કે તેણે ઋષિઓની શિખામણને પણ ના માની. એણે પોતાના દુર્વિચારનો બચાવ કર્યો.

એના ક્રોધનો વિચાર કરીને દેવોએ બૃહસ્પતિ પાસે પહોંચીને એમને શરણે ગયેલી ઈન્દ્રાણીને છોડી દઈને નહુષને આપવા જણાવ્યું.

ઈન્દ્રાણીએ સાંભળીને રડવા માંડયું અને બૃહસ્પતિને પોતાનો પરિત્યાગ ના કરવાની પ્રાર્થના કરી.

એ પ્રાર્થનાના પ્રત્યુત્તરરૂપે બૃહસ્પતિએ સંભળાયેલા શબ્દોને યાદ કરવા જેવા છે.

"હે ઈન્દ્રાણી ! શરણે આવેલાનો ત્યાગ ના જ કરવો એવો મારો નિશ્ચય છે. તું ધર્મજ્ઞ અને સત્યશીલ છે. હું તારો ત્યાગ નહિં કરૂં. હે સુરશ્રેષ્ઠો ! એક તો હું આ કાર્ય કરવા ઈચ્છતો જ નથી. તેમાં વળી ધર્મવેત્તા, સત્યનિષ્ઠ, ધર્મની આજ્ઞાને જાણનારો, અને વિશેષમાં બ્રાહ્મણ છું, એટલે હું એવું કર્મ કરીશ નહીં. તમે આવ્યા તેવા પાછા જાઓ. ભયભીત શરણાગતને જે મનુષ્ય શત્રુના હાથમાં સોંપે છે તેનું વાવેલું બીજ ઊગવા કાળે ઊગતું નથી, તેના ક્ષેત્રમાં વરસાદ યોગ્ય સમયે વરસતો નથી, અને તે રક્ષણની ઈચ્છા કરે છે ત્યારે તેને કોઈ રક્ષા કરનારા સાંપડતા નથી. વળી જે મનુષ્ય ભયભીત શરણાગતને શત્રુના હાથમાં સોંપી દે છે તેનુ જમેલું અન્ન નકામું જાય છે; તેનું  મન નિર્બળ થઇ જાય છે; તેનું હલનચલન અટકી પડે છે; તે સ્વર્ગલોકમાંથી ભ્રષ્ટ થાય છે. અને દેવો તેના હવિર્ભાગને સ્વીકારતા નથી. વળી જે મનુષ્ય ભયભીત શરણાગતને શત્રુને હવાલે કરી દે છે તેની પ્રજા અકાળે મરે છે. પિતૃઓ તેનો સદા ત્યાગ કરે છે, અને ઈન્દ્રસહિત દેવો તેના ઉપર વજ્રનો પ્રહાર કરે છે. આ હું જાણું છું માટે ઈન્દ્રની પ્રિય પટરાણી અને લોકમાં ઈન્દ્રાણી નામથી પ્રસિદ્ધ થયેલી આ શચીને હું તમને નહીં જ આપું. જે રીતે આ દેવીનું હિત થાય અને જે રીતે મારૂં પણ હિત સચવાય તે રીતે તમે કરો. હું તમને ઈન્દ્રાણી તો આપીશ જ નહીં."

બૃહસ્પતિએ ઈન્દ્રાણી માટે નહુષ પાસેથી થોડાક સમયની અવધિ માગવા જણાવ્યું.

દેવોએ એથી સંતોષ પામીને ઈન્દ્રાણીને નહુષ પાસે જવા માટે પ્રાર્થના કરી. એમણે કહ્યું કે તમે આ સ્થાવરજંગમ જગતને ધારણ કર્યું છે. તમે નહુષની પાસે જાવ. તમારી કામના કરનારો એ અધર્મી નહુષ જોતજોતામાં વિનાશ પામશે અને ઈન્દ્રને પુન: સ્વર્ગના ઐશ્વર્યની પ્રાપ્તિ થશે.

ઈન્દ્રાણી સૌની સલાહથી પોતાના કાર્યની સિદ્ધિ માટે નહુષ પાસે પહોંચી.

તરુણ વયવાળી સર્વાંગસુંદર ઈન્દ્રાણીને જોઈને દુરાત્મા નહુષ કામાવેશથી ભાન ભૂલીને અતિશય આનંદમાં આવી ગયો. એણે પોતાને પતિ તરીકે સ્વીકારવાની ઈન્દ્રાણીને આજ્ઞા કરી.

ઈન્દ્રાણી ભયભીત બની.

એની કાયા કંપવા લાગી.

એણે ભયંકર દેખાવવાળા નહુષ પાસે થોડી મુદત માંગીને જણાવ્યું કે ઈન્દ્રને શું થયું છે અથવા તે ક્યાં છે તેની માહિતી નથી મળતી. તેમને માટેની શોધ નિષ્ફળ જશે તો હું તમારી પાસે અવશ્ય આવીશ.

ઈન્દ્રાણીના ઉદગારોથી સંતોષ પામેલા નહુષે એને વિદાય કરી એટલે એ ફરી પાછી બૃહસ્પતિ પાસે પહોંચી ગઈ.

દેવો ઈન્દ્રની માહિતી મેળવવા વિષ્ણુ પાસે પહોંચીને પ્રાર્થવા લાગ્યા તો વિષ્ણુએ એમને જણાવ્યું - ઈન્દ્રે વૃત્રાસુરનો નાશ કર્યો છે. તેથી તેને બ્રહ્મહત્યા લાગી છે. તે પવિત્ર અશ્વમેઘ યજ્ઞથી મારૂં યજન કરશે. એટલે સર્વ ભયથી મુક્તિ મેળવીને ઈન્દ્રપદની પ્રાપ્તિ કરશે. અને દુર્મતિ નહુષ પોતાના કર્મોના પરિણામે નાશ પામશે. તમે હતાશ બન્યા વિના હવે થોડાક સમય સુધી પ્રતિક્ષા કરો.

વિષ્ણુની અમૃતવાણીથી પ્રેરણા તથા પ્રોત્સાહન પામીને દેવો ઈન્દ્ર જ્યાં છુપાયો હતો ત્યાં ગયા.

એમણે અશ્વમેઘ યજ્ઞ કર્યો.

એને લીધે ઈન્દ્ર તાપ પાપથી મુકત બનીને પોતાના મૂળ સ્વરૂપનું જ્ઞાન પામ્યો.

નહુષને પોતાના સ્થાન પર જોઈને બળદૈત્યને હણનારો એ ઈન્દ્ર કંપી ઊઠયો. એટલે તે શચીપતિ ઈન્દ્રદેવ પાછો અલોપ થઇ ગયો અને સમયની વાટ જોતો રહી સર્વ પ્રાણીઓથી અદૃશ્ય થઇને જ્યાં ત્યાં વિચરવા લાગ્યો.

આમ ઈન્દ્ર જ્યારે ફરી અદૃશ્ય થઇ ગયો ત્યારે ઈન્દ્રાણી અત્યંત દુઃખી થઈ અને શોકયુક્ત થઈને વિલાપ કરવા લાગી.

તે બોલી કે જો મેં દાન કર્યું હોય, ગુરુઓને સંતોષ્યા હોય અને જો મારામાં સત્ય હોય તો મારે એક જ પતિ રહો.

એ શબ્દો ઈન્દ્રાણીની ઈન્દ્ર પ્રત્યેની નિષ્ઠા બતાવે છે. ઈન્દ્રાણી ખૂબ જ પવિત્ર, સિદ્ધાંતનિષ્ઠ તથા પતિવ્રતા હતી એની પ્રતીતિ કરાવે છે. સમય સમય પર બદલતા જતા માનસિક વાયુમંડળવાળા, નિરકુંશ ભોગવિલાસ ભાવથી ભરેલા, વિરોધી વાતાવરણની વચ્ચે વસીને, યૌવનાવસ્થામાં, સિદ્ધાંતનિષ્ઠ અને સંયમી રહેવાનું કામ કેટલું કપરું છે તે સહેલાઈથી કલ્પી કે સમજી શકાશે.

માનવની સાચી રક્ષા એણે પાળેલો અથવા આચરેલો ધર્મ જ કરે એ વાતમાં વિશ્વાસ રાખીએ તો કહી શકાય કે ઈન્દ્રાણીની રક્ષા આખરે એના પતિવ્રતા તરીકેના ધર્મપાલનથી જ થઈ શકી. એ રક્ષા કેવી રીતે થઈ તે જાણવા જેવું છે.

ઈન્દ્રાણીએ દેવી ઉપશ્રુતિની ઉપાસનાથી એ દેવીની પ્રસન્ન કરીને ગુપ્ત રૂપે રહેનારા ઈન્દ્રનો સંપર્ક સાધીને સઘળી પરિસ્થિતિને વર્ણવીને પોતાની ને સ્વર્ગલોકની સુરક્ષા તથા નહુષના નાશ માટે પ્રાર્થના કરી.

ઈન્દ્રએ તેને જણાવ્યું કે નહુષ અતિશય બળવાન હોવાથી આ સમય બળપ્રદર્શનનો નથી. એનો નાશ માટે હું તને એક ગુપ્ત યુક્તિ બતાવુ છું. તું નહુષને એકાંતમાં મળીને કહેજે કે તમે દિવ્ય પાલખીમાં બેસીને તે પાલખીને શ્રેષ્ઠ ઋષિઓની પાસે ઊંચકાવીને મારી પાસે આવો તો હું પ્રસન્ન થઈને સર્વપણે તમારી બનીશ.

ઈન્દ્રાણીએ નહુષ પાસે પહોંચીને તેવી માંગણી કરી.

નહુષ કામવિમોહિત હતો. કામવિમોહિત કે કામાંધ માનવ શું નથી કરતો ? તેની બુદ્ધિ વધારે ભાગે ભ્રષ્ટ થઈ જાય છે, તે સારાસારના વિવેકને ખોઈ બેસે છે, અને અનુચિત કર્મને ઉચિત સમજીને કરવા માંડે છે. જે ઉચિત હોય છે તેને અનુચિત માને છે.

નહુષે શચીની માંગણીને મંજૂર રાખી.

નહુષ તે સુંદર મુખવાળી દેવીને વિદાય કરી. પછી બ્રાહ્મણનો નિરાદર કરનારા, બળથી ઉન્મત્ત થયેલા, મદના જોરે છકી ગયેલા, અને ફાવે તેમ વર્તનારા તે નહુષે નિયમનિષ્ઠ ઋષિઓને પાલખીએ જોડયા. એ દુષ્ટાત્મા ઋષિઓ પાસે પાલખી ઉપાડાવવા લાગ્યો.

મહાભાગ્યશાળી દેવર્ષિઓ અને નિર્મળ બ્રહ્મર્ષિઓ એ પાપકર્મ કરનારા નહુષની પાલખી ઊંચકતાં શ્રમથી લોથપોથ થઈ ગયા.

અધર્મથી મુઢ બનેલા નહુષે પગ વડે અગસ્ત્ય મુનિના મસ્તકનો સ્પર્શ કર્યો તેથી તે રાજાનું તેજ હણાઈ ગયું તે ઐશ્વર્યરહિત થઈ ગયો. પછી અજ્ઞાનમાં ડુબેલા તથા અત્યંત પીડિત થયેલા નહુષને મહામુનિ

અગસ્ત્યે કહ્યું કે તું પૂર્વજોએ કરેલાં અને બ્રહ્મર્ષિઓએ આચરેલાં નિર્દોષ કર્મોને દોષ આપે છે. તે તારા પગ વડે મારા મસ્તકનો સ્પર્શ કર્યો છે. વળી હે મૂઢ ! તુ બ્રહ્મતુલ્ય ઋષિઓને વાહન કરીને તેમની પાસે પાલખી ઉંચકાવે છે. તેથી સર્વ રીતે ભ્રષ્ટ, કાંતિરહિત, તથા ક્ષીણપુણ્ય થઈને સ્વર્ગમાંથી પૃથ્વી પર પડ. ત્યાં તુ મહાસર્પ અજગરના રૂપને ધારણ કરીને દશ હજાર વર્ષ પર્યંત ફરીશ અને તે સમય પૂર્ણ થશે ત્યારે પાછો સ્વર્ગમાં આવીશ.

એ પ્રમાણે તે દુરાત્મા દેવરાજ્યથી ભ્રષ્ટ થયો. બ્રાહ્મણોને કાંટાની પેઠે સાલનારો તે નાશ પામ્યો.

પછી ગંધર્વો અને અપ્સરાઓના સમુહોની સ્તુતિ પામી રહેલો ઈન્દ્ર શુભ લક્ષણવાળા ઐરાવત હાથી ઉપર બેઠો. અત્યંત મહાતેજસ્વી અગ્નિ, મહર્ષિ બૃહસ્પતિ, યમ, વરૂણ, ધનપતિ કુબેર, સર્વ દેવો, ગંધર્વો અને અપ્સરાઓથી વીંટાળાઇને એ સ્વર્ગે ગયો. ત્યાં તે ઈન્દ્રાણીને મળીને પરમાનંદ પામ્યો અને સર્વલોકનું પાલન કરવા લાગ્યો. અંગિરામુનિએ ત્યાં પહોંચીને અથર્વવેદના મંત્રોથી તે દેવેન્દ્રની સ્તુતિ કરી.

દેવોનો તથા તપોધન ઋષિઓનો સત્કાર કરીને ઈન્દ્ર અતિશય આનંદ પામ્યો અને ધર્મથી પ્રજાનું પાલન કરવા લાગ્યો.

મહાભારતના ઉદ્યોગપર્વમાં આલેખાયેલી ઈન્દ્ર અને નહુષની ઉપર્યુક્ત કથા યુધિષ્ઠિરને શલ્ય દ્વારા કહેવાઇ છે. પ્રતિકુળતામાં, દુર્દિનમાં તથા દુ:ખમાં માનવ મોટે ભાગે ડરી, ડગી ને નિરાશ થઇ જાય છે. એવા વિષમ વિપરીત વખત દરમિયાન એની અગ્નિપરીક્ષા થાય છે. એવે વખતે એને એના જેવા દુ:ખી તથા દુ:ખમાંથી માર્ગ કાઢનારા માનવોના જ્વલંત જીવનમાંથી પ્રેરણા મળે છે. કથાની સુખદ સમાપ્તિ સમયે શલ્યે યુધિષ્ઠિરને કહેલા શબ્દોને એ સંદર્ભમાં ખાસ યાદ કરવા જેવા છે. શલ્યે કહ્યું કે એ પ્રમાણે ઈન્દ્રે પોતાની પત્ની સાથે દુ:ખ ભોગવીને શત્રુઓના નાશની ઈચ્છાથી ગુપ્તવાસ પણ કરેલો. માટે તમે પણ દ્રોપદી તથા બંધુઓની સાથે જે કષ્ટ વેઠ્યું છે તેથી દુ:ખી થશો નહીં: તમને રાજ્ય મળશે. જેવી રીતે દુરાચારી પાપાત્મા નહુષ મહામુનિ અગસ્ત્યના શાપથી હણાઈને નાશ પામ્યો તેવી રીતે તમારા શત્રુઓ પણ છેવટે વિનાશ પામશે. પછી તમે સમુદ્રપર્યંતની પૃથ્વીનો ઉપભોગ કરશો.

યુધિષ્ઠિરના કહેવાથી શલ્યે યુદ્ધમાં કર્ણનું સારથિપણું કરતી વખતે કર્ણના તેજની હાનિ થાય એવી રીતે અર્જુનની પ્રશંસા કરવાની બાંયધરી આપીને પોતાની સેના સાથે દુર્યોધન પાસે જવા માટે વિદાય લીધી.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩૦. વિદુરનીતિ - ૧

મહાભારતના ઉદ્યોગપર્વમાં વિદુરે ધૃતરાષ્ટ્રને જે ઉપદેશ આપ્યો છે તે ઉપદેશ વિસ્તારપૂર્વક રજૂ કરાયો છે. તેને વિદુરનીતિનું નામ આપવામાં આવ્યું છે. એ અતિશય વિસ્તૃત ધર્મોપદેશને અક્ષરશઃ રજુ કરીએ તો અતિવિસ્તાર થાય. એ અતિવિસ્તાર અસ્થાને પણ લાગે એટલે વધારે પડતા વિસ્તારદોષને ટાળવા અને છતાં પણ એ અગત્યના ઉપદેશથી સુપરિચિત થવા માટે, એ નીતિવિષયક સદ્દુપદેશને છેક જ સંક્ષેપમાં રજુ કરવાનું ઉચિત માન્યું છે.

વિદુરનીતિનો એ સર્વોપયોગી સારસંક્ષેપ આ રહ્યો :

યુધિષ્ઠર સર્વ લક્ષણોથી યુક્ત છે. તેથી ત્રણે લોકના અધિપતિ થવાને યોગ્ય છે.

તમારે તેમને રાજ્ય કરવાને પ્રાર્થના કરવી જોઈએ. તેને બદલે તમે તેમને વનમાં કાઢ્યા છે. તમે આંખે અંધ છો. એટલે ધર્માત્મા અને ધર્મનિપુણ છતાં રાજ્યભાગના અધિકારી નથી. આમ છતાં મૃદુતા, દયાળુતા, ધર્મ, સત્ય તથા પરાક્રમ જેવા ગુણોને લીધે અને તમારા વડીલપણા તરફ જોઈને યુધિષ્ઠિર રાજ્યના અધિકારી છતાં પુષ્કળ સંકટોને સહન કરે છે. હે રાજા ! તમે દુર્યોધન, શકુનિ, કર્ણ અને દુઃશાસનને રાજ્યસત્તા સોંપીને કેવી રીતે ઐશ્વર્ય ઈચ્છો છો ?

પંડિત તો એને જ કહેવાય છે કે જેને આત્મજ્ઞાન, ઉત્તમ ઉદ્યોગ, સહનશીલતા અને ધર્મપરાયણતા પુરુષાર્થથી ભ્રષ્ટ કરતાં નથી. જે પ્રશંસાપાત્ર કામો કરે છે અને નિંદાપાત્ર કામો કરતો નથી, જે આસ્તિક, શ્રદ્ધાવાન છે તેને પંડિતનાં લક્ષણવાળો જાણવો. ક્રોધ, હર્ષ, અન્યની અવજ્ઞા, લજ્જા, અકડાઈ અને આત્મશ્લાઘા જેને પુરુષાર્થથી ભ્રષ્ટ કરતા નથી તે જ પંડિત કહેવાય છે.

જેની બુદ્ધિ સંસારમાં રહેલી છતાં ધર્મ તથા અર્થને અનુસરીને ચાલે છે અને જે આ લોકના સુખરૂપ કામ કરતાં અર્થને સ્વીકારે છે, તેને પંડિત કહેવાય છે.

પંડિત બુદ્ધિવાળા પુરુષો પોતાની શક્તિ પ્રમાણે કામ કરવાની ઇચ્છા રાખે છે. યથાશક્તિ કામ કરે છે, અને તેઓ કોઇનું પણ અપમાન કરતા નથી.

પંડિત બુદ્ધિવાળા પુરુષો અપ્રાપ્ય વસ્તુની અભિલાષા કરતા નથી. નાશ પામેલી વસ્તુનો શોક કરવા ઇચ્છતા નથી. અને આપત્તિમાં મુંઝાતા નથી. જે નિર્ધારપૂર્વક કાર્યને આરંભે છે, કાર્યની વચ્ચે અટકી પડતો નથી, સમયને ફોકટ જવા દેતો નથી અને મનને વશ રાખે છે તે જ પંડિત કહેવાય છે.

જે પોતાના સન્માનથી રાજી થતો નથી, અપમાનથી તપી ઉઠતો નથી પણ ગંગાની ધારાની પેઠે ગંભીર રહે છે, તે પંડિત કહેવાય છે.

જેની વાણી અસ્ખલિત વહેનારી છે, જે લોકકથાનો જાણકાર છે, તર્કશીલ પ્રતિભાશક્તિવાળો છે અને ગ્રંથને બરાબર સમજાવી શકે છે તે પંડિત કહેવાય છે. શાસ્ત્ર જેની બુદ્ધિને અનુસરે છે, અને જે શિષ્ટની મર્યાદાને ઓળંગતો નથી તે પંડિતની સંજ્ઞાને પામે છે.

જે પોતે કરવાનાં કામો સેવક વિગેરે પાસે કરાવે છે, જે જ્યાં ત્યાં શંકા કરે છે તે મુર્ખ છે.

જે વણબોલાવ્યો અંદર આવે છે, વણપૂછ્યે બોલબોલ કરે છે, અવિશ્વાસુ પર વિશ્વાસ રાખે છે તે અધમ મનુષ્ય મૂઢ બુદ્ધિવાળો છે. જે બીજાના દોષોને જોઈને તેની નિંદા કરે છે. છતાં પોતે જ તેવું દોષમય વર્તન રાખે છે, અને જે અસમર્થ છતાં ક્રોધ કરે છે તે પુરુષ મુર્ખ શિરોમણિ છે.

જે મનુષ્ય પોતાના સેવક આદિ પરિવારને બાકાત રાખીને પોતે સારું સારું ભોજન જમે છે અને સારાં સારાં વસ્ત્રો પહેરે છે તેના કરતાં વધારે ઘાતકી બીજો કોણ છે ?

ધનુષધારીએ છોડેલું બાણ કોઈને મારે કે ના મારે પરંતુ બુદ્ધિમાને યોજેલી બુદ્ધિ તો રાજા સાથે રાષ્ટ્રનો પણ નાશ કરી નાખે. એક બુદ્ધિ વડે બે કાર્ય તથા અકાર્યનો નિશ્ચય કરો; ત્રણ મિત્ર, ઉદાસીન તથા શત્રુને ચાર સામ, દાન, ભેદ તથા દંડથી વશ કરો. પાંચ જ્ઞાનેન્દ્રિયો ઉપર જય મેળવો. છ સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ તથા આશ્રયને સમજી લો અને સાત સ્ત્રીસંગ, દ્યુત, મૃગયા, મદ્યપાન, કઠોર વાણી, ક્રુર દંડ, તથા દ્રવ્યનો અપવ્યયનો ત્યાગ કરો. આમ કરીને તમે સુખી થાઓ.

જેમ સમુદ્રને તરવા માટે નૌકા જ એકમાત્ર વાહન છે. તેમ સત્યભાષણ એ જ સ્વર્ગની એક અદ્વિતીય સીડી છે, અને સત્ય-બ્રહ્મ જ મોક્ષનું એક અદ્વિતીય સાધન છે.

ક્ષમા મહાન બળ છે. અશક્તોને માટે ક્ષમા ગુણરૂપ છે તો સમર્થો માટે ભૂષણરૂપ છે. ક્ષમા જગતમાં વશીકરણ છે. ક્ષમા વડે શું સાધ્ય થતું નથી ?

કઠોર વાણી ના બોલવી ને દુષ્ટની પૂજા ના કરવી એ બે કર્મોને કરનારો મનુષ્ય આ લોકમાં વિશેષ શોભે છે.

ગૃહસ્થ હોઈને નિરુદ્યોગી રહેનાર અને ભિક્ષુક સંન્યાસી થઈને કાર્ય કરનાર એ બંને વિપરીત કર્મ કરવાથી શોભતા નથી.

ધનવાન હોવા છતાં જે દાતા નથી અને દરિદ્રી હોવા છતાં જે તપસ્વી નથી એ બંનેને ગળે મજબુત શિલા બાંધીને પાણીમાં ડુબાડી દેવા.

પરદ્રવ્યનું હરણ, પરસ્ત્રીની છેડતી અને હિતૈષીનો નાશ એ ત્રણ દોષ નાશકારક છે.

જે ભક્ત છે, જે સેવક છે, 'હું તમારો છું.' એ પ્રમાણે કહે છે એ ત્રણે જો શરણે આવ્યા હોય તો પોતાની વિષમ સ્થિતિમાં પણ તેમનો ત્યાગ કરવો નહીં.

પિતા, માતા, અગ્નિ, આત્મા અને ગુરુ એ પાંચ અગ્નિની પેઠે ઉપાસના કરવા યોગ્ય છે. માટે મનુષ્યે તેમની પ્રયત્નપૂર્વક સેવા કરવી.

પાંચ ઈન્દ્રિયવાળા મનુષ્યની જો એક ઈન્દ્રિય પણ છિદ્રવાળી વિષયપરાયણ હોય તો તૂટેલી પખાલમાંથી ટપકી જતાં પાણીની જેમ તેની બુદ્ધિ પણ એ છિદ્ર દ્વારા બહાર ટપકી જાય છે.

જગતમાં ઐશ્વર્ય મેળવવાની ઈચ્છાવાળા પુરુષે નિદ્રા, તંદ્રા, ભય, ક્રોધ, આળસ અને દીર્ઘસૂત્રપણું - એ છ દોષોનો ત્યાગ કરવો જોઈએ.

સત્ય, દાન, ઉદ્યોગપણું, ઈર્ષ્યારહિતતા, ક્ષમા અને ધૈર્ય - એ છ ગુણોને પુરુષે કદાપિ છોડવા નહીં.

હે રાજન્ ! આરોગ્ય, કરજ વિનાની સ્થિતિ, સ્વસ્થાનમાં નિવાસ, સારા મનુષ્યોની સંગતિ, પોતાને અનુકૂળ જીવિકા તથા નિર્ભયવાસ - આ છ જીવલોકનાં સુખ છે. ઈર્ષ્યાખોર, દયાળુ, અસંતોષી, ક્રોધી, નિત્ય શંકાશીલ અને પારકાના ભાગ્ય પર જીવનારો - એ છયે નિત્ય દુઃખી છે.

સ્ત્રીસંગ, દ્યુત, મૃગયા, મદ્યપાન, કઠોર વાણી, કઠોર શિક્ષા અને પૈસાની ખુવારી લાવનાર સાત દોષોને ત્યજવા, કારણ કે બરાબર સ્થિર થયેલા પણ એ દોષથી વિનાશ પામે છે.

બુદ્ધિ, કુલીનતા, ઈન્દ્રિયનિગ્રહ, શાસ્ત્રનું જ્ઞાન, પરાક્રમ, પરિમિત ભાષણ, યથાશક્તિ દાન અને કૃતજ્ઞતા એ આઠ ગુણો પુરુષને દિપાવે છે.

આ શરીરરૂપી ઘરને નવ દ્વાર, બે નેત્ર, બે નાસિકાપુટ, બે કાન, એક મુખ, એક મુત્રદ્વાર અને એક મળદ્વાર છે. અવિદ્યા, કામ અને કર્મ એ ત્રણ થાંભલા છે. શબ્દાદિ પાંચ વિષયો એના સાક્ષી છે. અને જીવ એમાં ઘરનાં ધણી તરીકે નિવાસ કરે છે. જે વિદ્વાન આ ઘરને યથાર્થ રીતે જાણે છે તે સર્વોતમ બ્રહ્મવેત્તા છે.

જે મનુષ્ય આશ્રિતજનોને વહેંચી આપ્યા પછી પોતે માપસર ભોજન કરે છે, જે અમાપ કામ કરીને માપની ઊંઘ લે છે, અને શત્રુઓ યાચના કરે તો તેમને પણ આપે  છે, તે વશચિત્તવાળા મનુષ્યને અનર્થો છોડી જાય છે. જે મનુષ્યના કરવા ધારેલા કામને તથા અપકારને બીજા લોકો જરા પણ જાણતા નથી અને જે મંત્રણાને ગુપ્ત રાખીને સારી રીતે કાર્યને પાર પાડે છે તેનું કામ જરા-સરખું પણ બગડતું નથી. જે સર્વ પ્રાણીને શાંતિ મળે એ હેતુથી યત્ન કરે છે, સાચો છે, માન આપનારો અને શુદ્ધ ભાવવાળો છે, તે પોતાની જ્ઞાતિમાં ઉત્તમ, ખાણમાં ઉત્પન્ન થયેલા તેજસ્વી મહામણિની જેમ, અત્યંત પ્રસિદ્ધિ પામે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩૧. વિદુરનીતિ- ૨

જે કર્મો કપટભરેલા હોય અને અયોગ્ય ઉપાયોથી સિદ્ધ થતાં હોય તેમની અંદર મનને ના રાખવું. તેવાં કર્મો કદી પણ ભૂલેચૂકે ના કરવાં.

પોતાને રાજ્ય મળ્યું છે એટલે કાંઇ ફાવે તેમ ના વર્તાય. કેમ કે વૃદ્ધાવસ્થા જેમ ઉત્તમ રૂપનો નાશ કરે છે તેમ અવિનય લક્ષ્મીનો નાશ કરે છે.

જે રાજા સજ્જનોએ આચરેલા ધર્મ પ્રમાણે ચાલે છે, તેના રાજ્યકાળમાં પૃથ્વી ધનથી ભરપૂર અને ઐશ્વર્યને વધારનારી થઇને વૃદ્ધિ પામે છે. પરન્તુ જો રાજા ધર્મનો ત્યાગ કરે અને અધર્મથી વર્તે તો તે જ પૃથ્વી અગ્નિમાં નાખેલા ચામડાની પેઠે સંકોચાઇ જાય છે.

સારા કુળમાં જન્મેલો મનુષ્ય પણ દુરાચારી હોય, તો તે માનને માટે યોગ્ય નથી. પણ નીચ કુળમાં જન્મેલો મનુષ્ય પણ જો સદાચારી હોય તો શ્રેષ્ઠ છે. જે મનુષ્ય પારકા ધનની, રૂપની, પરાક્રમની, કુળની, વંશની, સુખની, સૌભાગ્યની અને સન્માનની ઇર્ષ્યા કરે છે તેને પાર વિનાની પીડા રહે છે.

પુરુષનું શરીર રથ છે. આત્મા સારથિ છે. ઇન્દ્રિયો ઘોડા છે. જેમ કેળવેલા સારા ઘોડાઓવાળા રથમાં બેસીને રથી સુખે પ્રયાણ કરે છે, તેમ સાવધાન ધીરપુરુષ, ઇન્દ્રિયરૂપી ઘોડાઓને વશ રાખીને સુખથી આયુષ્ય પસાર કરે છે, પણ સ્વાધીન ના રહેનારા ઉદ્ધત ઘોડાઓ જેમ સારથિનો માર્ગમાં નાશ કરે છે તેમ વશ ના રાખેલી એ ઇન્દ્રિયો આત્માને પણ નાશ પમાડે છે.

સૂકાં લાકડાંની સાથે રહીને જેમ લીલું લાકડું પણ બળી જાય છે તેમ પાપ કરનારાની સંગતિથી નિષ્પાપ મનુષ્યને પણ પાપીના જેટલી શિક્ષા થાય છે. આથી પાપીઓનો સંગ કરવો નહીં.

દેવો ગોવાળોની પેઠે હાથમાં લાકડી લઇને રક્ષણ કરતા નથી; પણ તેઓ જેનું રક્ષણ કરવા ઇચ્છે છે તેની બુદ્ધિમાં વધારો કરે છે. પુરુષ જેમ જેમ કલ્યાણકર્મ કરવામાં મન જોડે છે તેમ તેમ તેના સર્વ અર્થો સિદ્ધ થાય છે.

શૂરાની પરીક્ષા ભયને પ્રસંગે થાય છે. ધીરજની પરીક્ષા આર્થિક આપત્તિમાં થાય છે. મિત્રોની પરીક્ષા સંકટમાં થાય છે. અને શત્રુઓની પરીક્ષા આપત્તિમાં થાય છે. વૃદ્ધાવસ્થા રૂપને હરે છે. આશા ધૈર્યને હરે છે. મૃત્યુ પ્રાણને હરે છે. ઇર્ષ્યા ધર્માચરણને હરે છે. ક્રોધ લક્ષ્મીને હરે છે. નીચની સેવા શીલને હરે છે. કામ લજ્જાને હરે છે અને અભિમાન સર્વ કાંઇને હરી લે છે.

જે કામ કરવાથી રાત્રે સુખે રહેવાય તે કામ દિવસે જ કરી લેવું. જે કામ કરવાથી ચોમાસાના ચાર મહિનામાં સુખે રહેવાય તે કામ આગલા આઠ મહિનામાં જ કરી લેવું. ઊતરતી વય પ્રાપ્ત થતાં જે કાર્ય કરવાથી સુખે રહેવાય તે કાર્ય આગલી વયમાં જ કરી લેવું. પણ જે કામથી મૃત્યુ પછી સુખ સાંપડે તે કામ તો આખા જીવન સુધી કર્યા જ કરવું.

કોઇ ગાળો દે તો પણ તેને સામી ગાળ દેવી નહીં. આમ જે ગાળને સહન કરે છે તેનો ક્રોધ જ ગાળ દેનારને બાળી મૂકે છે, તેમ તેના પુણ્યને પ્રાપ્ત થાય છે. કોઇને ગાળ આપવી નહીં. કોઇનું અપમાન કરવું

નહીં. મિત્રનો દ્રોહ કરવો નહીં. નીચની સેવા કરવી નહીં. અભિમાની થવું નહીં. હીન આચરણ કરવું નહીં અને કઠોર તથા રોષભરી વાણી બોલવી નહીં.

વસ્ત્ર જેવા રંગનો સંગ કરે તેવા રંગવાળું થાય છે. તેમ મનુષ્ય પણ સાધુ, અસાધુ, તપસ્વી તથા ચોર એ પૈકી જેની સંગતિ કરે છે તેના જેવો થાય છે.

જે સર્વનું કલ્યાણ ઇચ્છે છે અને કોઇના અકલ્યાણની કલ્પના સરખી કરતો નથી, જે સત્ય બોલે છે, કોમળભાવ રાખે છે, અને ઇન્દ્રિયોને વશમાં રાખે છે તે ઉત્તમ પુરુષ છે.

જેઓનું સદાચરણ ચલિત થતું નથી, જેઓનું આચરણ માતાપિતાને દુઃખી કરતું નથી, જેઓ પ્રસન્નચિત્ત ધર્માચરણ કરે છે, કુળની કીર્તિ વધારવા ઇચ્છે છે અને અસત્યનો ત્યાગ કરે છે, તેઓને મહાકુલીન જાણવા.

સંતાપથી રૂપ નાશ પામે છે. બળ નાશ પામે છે. જ્ઞાન નાશ પામે છે. અને વ્યાધિ આવે છે.

પાચ જ્ઞાનેન્દ્રિયો અને છઠ્ઠું મન, એ છ ઇન્દ્રિયો ચંચળ છે. તેમાંથી જે જે ઇન્દ્રિયો વિષયમાં આસક્ત થાય છે, તે તે ઇન્દ્રિય દ્વારા પુરુષની બુદ્ધિ નિત્ય પાણી ભરેલા ઘડામાંથી પાણીની પેઠે ઝરી જાય છે.

હે રાજન ! મીઠું મીઠું બોલનારા પુરુષો તો જ્યાં ત્યાં સદૈવ સહેજે મળી આવે છે. પરંતુ કડવું છતાં હિતકારી કહેનાર અને સાંભળનાર તો દુર્લભ હોય છે.

દ્યુત મનુષ્યોને વેર કરાવનારું છે. એવું પૂર્વકલ્પમાં જોવામાં આવ્યું છે. માટે બુદ્ધિમાન મનુષ્યે ગમ્મત માટે પણ દ્યુત રમવું નહીં.

ગર્વરહિત, સામર્થ્યવાન, શીઘ્ર કામ કરનાર, દયાળુ, મીઠા સ્વભાવનો, બીજાથી ના ફૂટી જનારો, નીરોગી અને યુક્તિભરેલું તથા મહાન અર્થવાળું બોલનારો એ આઠ ગુણોથી જે સંપન્ન હોય તેને દૂત કહે છે.

બુદ્ધિ, કુલીનતા, શાસ્ત્રજ્ઞાન, ઇન્દ્રિયનિગ્રહ, પરાક્રમ, અલ્પ ભાષણ, યથાશક્તિ દાન અને કૃતજ્ઞતા આ આઠ ગુણો પુરુષને દીપાવે છે.

મારા મત પ્રમાણે ધૃતરાષ્ટ્રપુત્રો વનરૂપ છે. અને પાંડવો તેમાંના વાઘ છે. માટે તમે વાઘ સાથે વનનો નાશ કરશો નહીં. અને વનમાંથી વાઘનો નાશ થાય નહીં. વાઘ વિના વન રહેતું નથી અને વન વિના વાઘ રહેતા નથી, કારણ કે વાઘોથી વનનું રક્ષણ થાય છે. અને વન વાઘોનું રક્ષણ કરે છે.

દુષ્ટ બુદ્ધિવાળા લોકો બીજાના દોષો જોવાની ઇચ્છા રાખે છે તેવી તેઓના ઉત્તમ ગુણો જાણવાની ઇચ્છા રાખતા નથી.

છેતરપિંડી ના કરવી. દાન આપવું. ઠરાવેલી મર્યાદાનું પાલન કરવું અને મીઠી વાણી બોલવી, એટલાથી સૌને પોતાના પક્ષમાં કરી લેવાય છે.

જીવન પાણીના પરપોટા જેવું છે. એટલે જે કામ કરવાથી મૃત્યુશય્યા પર પડ્યા પડ્યા પશ્ચાતાપ કરવો પડે તે કામ પ્રથમથી જ કરવું નહીં.

જે મનુષ્ય નિત્ય અભિવંદન કરવાના સ્વભાવવાળો હોય છે તથા વૃદ્ધોની સેવા કરે છે તેનાં કીર્તિ, આયુષ્ય તથા બળ એ ચાર સારી રીતે વૃદ્ધિ પામે છે.

આ પૃથ્વીમાં જે કાંઇ સુવર્ણ છે, ડાંગર આદિ ધાન્ય છે, પશુઓ છે, અને સ્ત્રીઓ છે તે બધું કોઇ એકને મળે તોપણ તેને તૃપ્તિ થતી નથી એ જોઇને ડાહ્યો મનુષ્ય મોહ પામતો નથી.

આશા ધૈર્યનો નાશ કરે છે, કાળ સમૃદ્ધિનો નાશ કરે છે. ક્રોધ લક્ષ્મીનો નાશ કરે છે. કૃપણતા યશનો નાશ કરે છે. અરક્ષણ પશુઓનો નાશ કરે છે, અને કોપાયમાન થયેલો બ્રાહ્મણ આખા દેશનો નાશ કરે છે.

કામ, ભય, લોભથી જીવિતને માટે કદી ધર્મનો ત્યાગ કરવો નહીં. ધર્મ નિત્ય છે અને સુખદુઃખ અનિત્ય છે. તેમજ જીવ નિત્ય છે અને તેના કારણરૂપ અવિદ્યા-અજ્ઞાન અનિત્ય છે. માટે તમે અનિત્યનો ત્યાગ કરીને નિત્ય વસ્તુમાં નિષ્ઠા રાખો અને સંતુષ્ટ રહો.

કયું કાર્ય કરવું અને કયું ના કરવું એ સંબંધમાં જે મનુષ્ય જ્ઞાનમાં, ધર્મમાં, વિદ્યામાં અને વયમાં વૃદ્ધ એવા પોતાના સંબંધીને માન આપીને તથા પ્રસન્ન કરીને પૂછે છે તે કોઇ દિવસ મૂંઝાતો નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩૨. સનત્સુજાત ઋષિનો સદ્‌ઉપદેશ

મહાભારતના મહાગ્રંથના ઉદ્યોગપર્વમાં અધ્યાય બેતાલીસથી છેતાલીસ સુધી ધૃતરાષ્ટ્રને અપાયેલા ઋષિ સનત્સુજાતના સદ્‌ઉપદેશનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વિદુરે તીવ્ર વ્રતધારી સનત્સુજાત ઋષિનું ચિંતન કર્યું એટલે ઋષિએ પોતાનું ચિંતન થયેલું જાણીને વિદુરને દર્શન આપ્યું. વિદુરે ઋષિનો સત્કાર કર્યો અને તેમને કહ્યું કે ભગવન્ ! ધૃતરાષ્ટ્રના મનમાં કાંઈક શંકા થઈ છે. તેનું સમાધાન મારાથી થાય એમ નથી; તો તમે જ એમનું સુખદ સમાધાન કરો એ યોગ્ય છે.

ધૃતરાષ્ટ્રે વિદુરનાં વચનોને સારી રીતે અભિનંદીને પોતે પરબ્રહ્મરૂપ થવાની ઈચ્છાથી એકાંતમાં સનત્સુજાતને બ્રહ્મવિદ્યા વિશે પૂછવાનો પ્રારંભ કર્યો. એવી રીતે થયેલા વાર્તાલાપનો સારભાગ અતિશય પ્રેરક છે. એ સારભાગનો આસ્વાદ લેવા જેવો છે.

ધૃતરાષ્ટ્રે : તમે દૃઢતાપૂર્વક કહો છો કે મૃત્યુ નથી પરંતુ દેવોએ તથા અસુરોએ મૃત્યુરહિત થવા માટે બ્રહ્મચર્ય પાળ્યુ હતું; ત્યારે એમાં સત્ય શું છે ?

સનત્સુજાત : મૃત્યુ છે અને તે કર્મ વડે દૂર કરાય છે એવો એક પક્ષ છે. બીજી બાજુ મુત્યુ જ નથી એવો બીજો પક્ષ છે. હું પ્રમાદ એટલે આત્મતત્વના અજ્ઞાનને મુત્યુ અને અપ્રમાદ અથવા જ્ઞાનને મોક્ષ કહું છું.

અસુરો પ્રમાદથી જ મુત્યુને વશ થયા અને સુરો અપ્રમાદથી બ્રહ્મરૂપ થયા છે.

કર્મફળના ભોગમાં પ્રીતિવાળા જીવો ભોગ આપનારા કર્મનો ઉદય થતાં સ્વર્ગાદિ લોકમાં જાય છે. પરંતુ મુત્યુને તરતા નથી. બ્રહ્મપ્રાપ્તિ કરાવનારા અષ્ટાંગયોગનો લાભ ના થવાથી જીવ કેવળ ભોગની લાલસા વડે દેવ, મનુષ્ય તથા પશુપક્ષીની યોનિઓમાં જનમ્યા કરે છે.

ધીરપુરુષ આત્માનું ચિંતન કર્યા કરે છે. પાસે આવેલા વિષયો તરફ તે તુચ્છ બુદ્ધિ રાખે છે અને તેનું ચિંતન ના કરતાં તેનો નાશ કરે છે. જે પુરુષ આ પ્રમાણે વિવેકી થઈને કામનાઓનો નાશ કરે છે એને મૃત્યુ અથવા અજ્ઞાન યમની પેઠે ગળી જતું નથી.

*

અનિત્ય ફળને માટે પ્રયત્ન ના કરનારા પુરુષને દેવો માન આપે છે. માટે તે માનપાત્ર ગણાય છે. બીજાઓ પોતાને માન આપે તોપણ જ્ઞાની પુરુષે પોતાને માનપાત્ર ગણવો નહિં અને પોતાનું અપમાન થતાં સંતાપ પણ કરવો નહીં.

આ લોકમાં અધર્મ કરવામાં કુશળ, માયામાં નિપુણ અને માન્ય પુરુષોનું અપમાન કરનારા મૂઢ લોકો માન્યપુરુષને માન આપતા નથી.

સંતપુરુષો બ્રહ્મસુખની પ્રાપ્તિ માટે ઘણી જાતનાં સાધનો કહે છે; પરંતુ તે ધારણ કરવાં કઠિન છે. તે સાધનોમાં સત્ય, સરળતા, લજ્જા, ઈન્દ્રિયનિગ્રહ, શૌર્ય અને વિદ્યા – એ છ મોહને મટાડનારા છે

ધૃતરાષ્ટ્ર : ઋગ્વેદ, યર્જુર્વેદ, સામવેદને જાણતો હોય તે પાપો કરવાથી પાપ વડે લેપાય છે કે નહીં ?

સનત્સુજાત : સામવેદ, યજુર્વેદ અને ઋગ્વેદ વાણી અને મનના નિગ્રહ કરવા અસમર્થ પુરુષનું પાપકર્મથી રક્ષણ કરી શકતા નથી.

માયા વડે વર્તનાર માયાવી પુરુષને વેદો પાપથી તારતા નથી, પણ પાંખ આવ્યા પછી પક્ષીઓ જેમ માળાનો ત્યાગ કરે છે, તેમ સર્વ વેદો પણ તે માયાવી પુરુષનો અંતકાળે ત્યાગ કરે છે.

*

આત્મા તરીકે પ્રસિદ્ધ છતાં આત્માથી ભિન્ન એવા પાંચકોશોમાં આત્માને શોધવો એ ક્લેશસાધ્ય છે. તપસ્વી એટલે ધ્યાન કરનારો પુરુષ. એ આત્માને વેદમાં ના શોધતાં કેવળ ધ્યાનથી જ તે પ્રભુનું દર્શન કરે છે.

*

બુદ્ધિમાં મન લીન થયા પછી ચિંતનરહિત અવસ્થાની અનુભૂતિ થાય છે તે વિદ્યા બ્રહ્મચર્યથી પ્રાપ્ત થઈ શકે છે.

*

જે આચાર્ય વાણી વડે બ્રહ્મનો ઉપદેશ કરીને તેના ફળરૂપ મોક્ષને આપે છે અને બ્રાહ્મણાદિ વર્ણોને સત્ય ચિદાત્માથી વ્યાપ્ત કરી દે છે, તે આચાર્યને માતા તથા પિતા માનવા અને તેના કરેલા ઉપકારને જાણીને તેનો દ્રોહ કરવો નહીં .

*

શિષ્યે ગુરુને નિત્ય પ્રણામ કરવા, પવિત્ર તથા સાવધાન રહીને સ્વાધ્યાયની ઈચ્છા કરવી, અભિમાન કરવું નહીં અને રોષ ધારણ કરવો નહીં. આ બ્રહ્મચર્યનો પ્રથમ પાદ કહેવાય છે.

કર્મ, મન, વાણી, ધન અને પ્રાણ વડે પણ આચાર્યનું પ્રિય કરવું, એ બ્રહ્મચર્યનો બીજો પાદ કહેવાય છે.

*

હે રાજન્ ! પુણ્યકર્મ કરવાથી સત્યનો જય થતો નથી, અર્થાત્ બ્રહ્મની પ્રાપ્તિ થતી નથી. અજ્ઞાની મનુષ્ય હોમ કરે અથવા યજન કરે તોપણ તેનાથી તે મોક્ષ પામતો નથી અને અંતકાળે આનંદ પણ અનુભવતો નથી.

*

ઇન્દ્રિયોના વ્યાપારને રોકી દઈને એકલા બ્રહ્મની ઉપાસના કરવી; મનથી પણ ચેષ્ટા કરવી નહીં. વળી કોઈ સારી સ્તુતિ કરે તેથી પ્રસન્ન થવું નહીં, તેમ કોઈ નિંદા કરે તેથી રોષ કરવો નહીં.

*

જીવનમુક્તને અનુભવ થાય છે કે હું ત્રણે કાળમાં અસત એવા દેહાદિક ધર્મવાળો નથી; માટે મને મૃત્યુ અને જન્મલાભ પણ નથી. આમ જ્યારે મને બંધન નથી ત્યારે મોક્ષ પણ કોનાથી હોય ?

*

ચોતરફ પાણીથી ભરેલા મોટા સરોવરમાંથી મનુષ્ય જેમ જરૂર જેટલા જળથી સ્નાન, પાન વગેરે કાર્યને સિદ્ધ કરે છે તેમ આત્મવેત્તા પુરુષ પણ સર્વ વેદોમાંથી સારમાત્રને ગ્રહણ કરીને કૃતાર્થ થાય છે.

*

આત્મા સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે, સુમના એટલે દિવ્યચક્ષુવાળા છે, અને સર્વ પ્રાણીઓમાં અંતર્યામીરૂપે જાગ્રત છે. તે સર્વ પ્રાણીઓના હૃદયકમળમાં રહેલાં છે, એમ જ્ઞાનીઓ જાણે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩૩. શ્રીકૃષ્ણનાં નામો

મહાભારતના ઉદ્યોગપર્વના સિત્તેરમા અધ્યાયમાં શ્રીકૃષ્ણનાં જુદાંજુદાં નામોનું અને એ નામોના ભાવાર્થોનું વર્ણન કરવામાં આવ્યું છે. એ વર્ણન અતિશય રોચક અથવા રસપ્રદ છે.

એ વર્ણન ધૃતરાષ્ટ્રની જિજ્ઞાસાના જવાબરૂપે સંજય દ્વારા કરવામાં આવ્યું છે.

એનો રસાસ્વાદ આનંદદાયક અને ઉપયોગી થઇ પડશે, અસ્થાને નહિ મનાય.

એના પરથી મહાભારતકાર શ્રીકૃષ્ણને કેવી વિશિષ્ટ દિવ્ય દૃષ્ટિથી દેખે છે એનો અનાયાસે ખ્યાલ આવશે અને કૃષ્ણની પેઠે એમને માટે પણ માન પેદા થશે.

ધૃતરાષ્ટ્રના પ્રશ્નના પ્રત્યુત્તરમાં સંજયે જણાવ્યું કે મેં શ્રીકૃષ્ણના નામોનો વ્યુત્પત્તિથી થતો શુભ અર્થ સાંભળ્યો છે. તે વિશે મારી માહિતી તથા સમજશક્તિ પ્રમાણે તમને જણાવીશ; કારણ કે ભગવાન કેશવ વાણી અને મનથી અતીત અથવા અગોચર છે.

પ્રાણીમાત્રના વસનરૂપ એટલે માયાથી આવરણ કરનારા અથવા જગતને વાસ આપનારા હોવાથી, વસુત્વ એટલે તેજોમય હોવાથી, તેમજ દેવતાઓના કારણરૂપ હોવાથી, એ શ્રીકૃષ્ણ વાસુદેવ કહેવાય છે. વળી સર્વવ્યાપક હોવાથી વિષ્ણુ કહેવાય છે.

મા એટલે આત્માની ઉપાધિરૂપ બુદ્ધિવૃત્તિને તે મૌન, ધ્યાન અને યોગથી ધવન કે દૂર કરે છે. તેથી તમે તેને માધવ જાણો.

મધુ એટલે પૃથ્વી આદિ તત્વોના સંહારકર્તા હોવાથી, અથવા તે તત્વો એમનામાં લય પામે છે તેથી તે મધુહા કહેવાય છે.

મધુ નામના દૈત્યના નાશકર્તા હોવાથી કે સુદન હોવાથી શ્રી કૃષ્ણ મધુસુદન કહેવાય છે.

કૃષિ શબ્દ સત્તાવાચક અને ણ સુખવાચક હોવાથી એ બંને ધાતુના અર્થરૂપ સત્તા અને આનંદના સંબંધથી યદુવંશી વિષ્ણુ કૃષ્ણ નામને પ્રાપ્ત થયા છે.

નિત્ય, અક્ષય અને અવિનાશી એવું પુંડરીક એટલે હૃદયકમળ પ્રભુનું નિવાસસ્થાન છે. છતાં તે હૃદયકમળના જરા, નાસ વગેરે દોષોથી તે ક્ષીણ થતા નથી માટે તે પુંડરીકાક્ષ કહેવાય છે.

દસ્યુ એટલે પ્રજાપીડક ચોર વગેરે જનોને પીડા કરે છે તેથી જનાર્દન કહેવાય છે.

સત્વથી ભ્રષ્ટ થતા નથી તેમ સત્વ તેમનાથી દૂર થતું નથી તેથી સત્વત અથવા સાત્વત મનાય છે.

વૃષભ એટલે ધર્મભાસક - વેદ એ જ એમનું ઇક્ષણી એટલે જ્ઞાનનું દ્વાર છે તેથી તે વૃષભેક્ષણી ગણાય છે.

યુદ્ધવિજયી શ્રીકૃષ્ણ કોઇ જનક દ્વારા ઉત્પન્ન થતા નથી તેથી એમને અજ કહેવામાં આવે છે.

તે વ્યાપક પ્રભુ દેવોમાં એટલે ઇન્દ્રિયોમાં પ્રકાશમાન છે તથા દમસંપન્ન અર્થાત્ દમનશાળી છે તેથી દામોદર કહેવાય છે.

જેનાથી હર્ષ થાય તે હૃષીક એટલે વૃત્તિસુખ, સ્વરૂપાનંદ અને ઐશ્વર્ય એ ત્રણે કૃષ્ણમાં છે. તેથી તે હૃષીકેશ કહેવાય છે.

ભગવાન પોતાના બે બાહુ દ્વારા સ્વર્ગ તથા પૃથ્વીને ધારણ કરી રહેલા છે તેથી મહાબાહુ કહેવાય છે.

તે કદી અધઃ એટલે સંસારમાં પડતા નથી. નક્ષીયતે તેથી અધોક્ષજ કહેવાય છે.

નરોના તે અયન એટલે આશ્રય છે તેથી નારાયણ કહેવાય છે.

એ ઇશ્વર પુરુ એટલે પૂર્ણ કરનારા અને સઃ એટલે લય કરનારા હોવાથી પુરુષ છે અને પુરુષ હોઇને ઉત્તમ છે માટે પુરુષોત્તમ કહેવાય છે.

ભગવાન સર્વ કાર્ય તથા કારણના, ઉત્પત્તિ અને પ્રલયના સ્થાનરૂપ છે. તથા સર્વદા સર્વના જ્ઞાનવાળા છે તેથી તેમને સર્વ કહે છે.

શ્રીકૃષ્ણ સત્યમાં રહેલા છે અને સત્ય એમનામાં રહેલું છે. વળી એ ગોવિંદ વ્યાવહારિક સત્ય કરતાં પણ પરમ સત્યરૂપ છે તેથી એમનું નામ સત્ય પણ કહેવાય છે.

એ દેવ સર્વત્ર વ્યાપક છે તેથી વિષ્ણુ કહેવાય છે.

સર્વને જીતનારા છે તેથી જિષ્ણુ કહેવાય છે.

પ્રભુ આશ્વત એટલે અંત વિનાના હોવાથી અનંત ગણાય છે.

ગો એટલે ઇન્દ્રિયોના પ્રકાશક હોવાથી ગોવિંદ તરીકે ગણાય છે.

વાસ્તવિક રીતે આ જગત મિથ્યારૂપ છે. છતાં પ્રભુ પોતાની સત્તા તથા સ્ફુર્તિ આપીને તેને સત્ય જેવું કરે છે, અને તેનાથી લોકોને મોહિત કરે છે. એ નિત્ય, ધર્મરૂપ, મહાબાહુ, મધુસૂદન અચ્યુત ભગવાન કૃષ્ણ કુરુકુળનો સંહાર ના થાય એટલા માટે કૃપા કરીને અહીં પધારવાના છે.

સંજય દ્વારા કરાયેલા શ્રીકૃષ્ણના નામોના એ રહસ્યવર્ણનથી ધૃતરાષ્ટ્રને સંપૂર્ણ સંતોષ થયો અને એમની લોકોત્તરતા અથવા અસાધારણ યોગ્યતા વિશે સંદેહ ના રહ્યો.

ધૃતરાષ્ટ્રને એવા મહાન અતિમહાન પરબ્રહ્મસ્વરૂપ શ્રીકૃષ્ણના દેવદુર્લભ દર્શનનો લાભ પોતે પ્રજ્ઞાચક્ષુ હોવાથી આ જન્મમાં નહિ પામી શકે એ વિચારથી ખેદ પણ થયો.

કૃષ્ણની લોકોત્તરતાની પ્રતીતિ થયા પછી એમણે કાઢેલા ઉદગારો ખાસ નોંધવા જેવા આ રહ્યા

ચક્ષુષ્મતાં વૈ સ્પૃહયામિ સંજય,<br>
દ્રશ્યંતિ યે વાસુદેવં સમીપે,<br>
વિભ્રાજમાનં વપુષા પરેણ<br>
પ્રકાશયંતં પ્રદિશો દિશશ્ચ. ...ઉદ્યોગપર્વ,અધ્યાય ૭૧; શ્લોક ૧.

"હે સંજય, જે નેત્રવાન છે તેમના પરમ સદભાગ્યની હું પ્રશંસા કરું છું, કારણ કે તે સૌ ચૈતન્યસ્વરૂપથી દૈદીપ્યમાન, દિશાઓ તથા પ્રદિશાઓને પ્રકાશિત કરી રહેલા વાસુદેવના પ્રત્યક્ષ દર્શનનો લાભ મેળવશે."

"સાત્વતરૂપે પ્રાગટય પામેલા, વિશ્વમાં એકલવીર એવા, યાદવોના અગ્રણી, યાદવોમાં સિંહ સમા, શત્રુઓને હણનારા, રિપુઓને ક્ષોભ પમાડનારા, અરિદલોના યશને હરનારા, શત્રુનાશન, વરેણ્ય અને મહાત્મા એવા એ વૃષ્ણિશ્રેષ્ઠ શ્રીકૃષ્ણ જ્યારે ભરતવંશીઓએ સત્કારવા જેવી, શ્રોતાજનોનું કલ્યાણ કરનારી, ઐશ્વર્યની

ઇચ્છાવાળાઓને ગ્રહણ કરવા યોગ્ય અને મરવાને તૈયાર થયેલા લોકોથી નહીં ગ્રહણ કરાતી એવી પ્રીતિભરી વાણી બોલીને મારા પુત્રોને મોહિત કરશે, ત્યારે એકઠા મળેલા સર્વ કુરુઓ તેમનાં દર્શન કરશે."

"હું અત્યંત આદરપાત્ર સનાતન ઋષિ, આત્મવેત્તા, વાણીના સમુદ્ર, સંન્યાસીઓથી સુખપૂર્વક ગ્રહણ કરાય એવા, મર્યાદાને ના તોડનારા, સુંદર પાંખવાળા ગરુડરૂપ, પ્રજાનો સંહાર કરનારા, ત્રિભુવનના આધાર, હજારો મસ્તકવાળા, પુરાણપુરુષ, આદિ, મધ્ય તથા અંતથી રહિત, અનંત કીર્તિવાળા કર્મબીજના ધારક, અજન્મા, નિત્ય તથા વિરાટ તેમજ શ્રેષ્ઠ શ્રીકૃષ્ણને શરણે જાઉં છું."

"ત્રણે લોકના સર્જક, દેવો, અસુરો, નાગો તથા રાક્ષસો વગેરેને ઉત્પન્ન કરનારા, રાજાઓમાં તથા વિદ્વાનોમાં શ્રેષ્ઠ તે ઇન્દ્રના નાનાભાઇ ઉપેન્દ્ર રૂપધારી શ્રીકૃષ્ણને હું શરણે જઉં છું. એ મારી ઉપર એમના અનંત અનુગ્રહને વરસાવે."

☼ ☼ ☼ ☼ ☼

# ૧૩૪. વિદુરને ત્યાં શ્રીકૃષ્ણ

મહાપુરુષો માનવતાનું મંડન કરતા તથા પવિત્રતાથી પ્રભાવિત થતા હોય છે.

એમને બહારનો દેખાવ, દંભ, ધનવૈભવ, અધિકાર અને ઐશ્વર્ય એટલા અગત્યનાં અથવા આદરપાત્ર નથી લાગતાં.

સદવિચાર અને સદાચારનું મહત્વ વિશેષ લાગે છે.

એ હોય છે ત્યાં એમનાં અંતર આકર્ષાય છે.

રામકૃષ્ણ પરમહંસદેવનું મન-અંતર સ્વામી વિવેકાનંદ-એ વખતના નરેન્દ્રને માટે આકર્ષાતું અને પ્રેમથી પરિપ્લાવિત બનતું.

નરેન્દ્રે એકવાર કહેલું પણ ખરું કે તમને મારા પ્રત્યે આટલો બધો અનુરાગ અને આવી અસાધારણ મમતા થાય છે તેથી તમારો જીવ મારામાં રહી જશે તો, ભરતને મૃગની મમતાથી દુર્ગતિ પ્રાપ્ત થયેલી તેમ દુર્ગતિની પ્રાપ્તિ થશે.

રામકૃષ્ણદેવે તે વિશે જગદંબાને પૂછી જોયું.

જગદંબાએ જણાવ્યું કે તું સમાધિમાં હોય છે ત્યારે તારું મન સંપૂર્ણપણે શાંત હોય છે. પરંતુ સમાધિમાંથી જાગે છે ત્યારે તે મન, જે સત્વગુણી તથા સવિશેષ ભાવભક્તિવાળું હોય છે એવા સુસંસ્કારી આત્માઓ પ્રત્યે, સ્વાભાવિક રીતે જ આકર્ષાય છે. નરેન્દ્રને માટેના પ્રેમ અને આકર્ષણનું કારણ એ જ છે. એમાં કશું ખોટું કે હાનિકારક નથી.

જગદંબાના એ સ્પષ્ટીકરણથી રામકૃષ્ણદેવના મનનું સુખદ સમાધાન થયું.

પાછળથી એમણે એ વિશે નરેન્દ્રને વાત કરી તો નરેન્દ્રને પણ નિરાંત વળી.

ભગવાન ભાવના ભૂખ્યા છે એવું કહેવાય છે.

તે ભાવને જુએ છે, મહત્વનો માને છે, માન આપે છે, અને ભાવિક પર વિશેષ પ્રેમ રાખીને એની પાસે પહોંચવાનું પસંદ કરે છે.

એના માનવંતા મહેમાન પણ બને છે.

કૃષ્ણ એ જ ન્યાયે ભક્ત, જ્ઞાની, સદાચારી વિદુરના મહેમાન બનેલા.

એ એમની અહેતુકી કરુણા કે કૃપા હતી.

એની પાછળ વિદુરનો પ્રેમ તો હતો જ. પાર વિનાનો પ્રેમ.

ભક્તકવિ સૂરદાસે એ પ્રેમની પ્રશસ્તિ કરતાં ગાયું છે -

સબસે ઊંચી પ્રેમસગાઇ,
દુર્યોધનકો મેવા ત્યાગો,
સાગ વિદુર ઘર પાઇ ... સબસે ઊંચી પ્રેમસગાઇ.

કવિએ પોતાની રીતે પરંપરાગત લોકકથાના આધાર પર થોડીક કલ્પના કરી છે. તોપણ એમણે માનવના પવિત્ર પ્રબળ પ્રેમને અર્પેલી એ શબ્દાંજલિ સાચી છે.

મહાભારતકાર પોતાની મૌલિક રીતે એનું જે રહસ્યોદઘાટન કરે છે તે જોઇ લઇએ. એમાં કહ્યું છે કે -

શ્રીકૃષ્ણ પ્રાતઃકાળમાં ઊઠી સર્વ નિત્યકર્મ કર્યું, અને બ્રાહ્મણોની આજ્ઞા લઇને હસ્તિનાપુર તરફ પ્રયાણ આદર્યું.

તેમને વળાવવા માટે ગયેલા સર્વ વૃકસ્થલવાસી લોકો, પ્રયાણ કરી રહેલા એ મહાબાહુ અને મહાબળવાન શ્રીકૃષ્ણની આજ્ઞા લઇને પાછા વળ્યા.

શ્રીકૃષ્ણને આવતાં સાંભળીને ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય અને આભૂષણો તથા વસ્ત્રોથી સારી રીતે શણગારેલા ધૃતરાષ્ટ્રના દુર્યોધન સિવાયના સર્વ પુત્રો તેમને લેવા સામા ગયા.

શ્રીકૃષ્ણના દર્શનની ઇચ્છાવાળા અનેક નગરજનો અનેક જાતનાં વાહનોમાં બેસીને અને કેટલાક પગે ચાલીને સામે ગયા.

માર્ગમાં શ્રીકૃષ્ણ પવિત્ર કર્મવાળા ભીષ્મને, દ્રોણને અને ધૃતરાષ્ટ્રના પુત્રોને મળ્યા અને તેમની સાથે નગરમાં આવ્યા.

શ્રીકૃષ્ણના સન્માનને માટે નગરને શણગારવામાં આવેલું. અનેક રત્નરૂપ વસ્તુઓથી રાજમાર્ગ ભરી દેવામાં આવેલો.

તે વખતે વાસુદેવનાં દર્શનની ઇચ્છાથી સ્ત્રીઓ, વૃદ્ધો અને બાળકો સર્વ કોઇ બહાર નીકળ્યાં. ઘરમાં કોઇ જ રહ્યું નહીં. શ્રીકૃષ્ણ નગરમાં પ્રવેશ કરીને રાજમાર્ગ ઉપર આવ્યા તે વખતે નગરજનોએ પૃથ્વી પર પડીને તેમને પ્રણામ કર્યા અને તેમની સ્તુતિ કરવા માંડી. મોટાં મોટાં ઘરો પણ સુંદર સ્ત્રીઓથી ભરાઇ ગયેલાં, અને તેના ભાર વડે જાણે જમીન પર ઝુકી જતાં હોય તેવાં દેખાતા. રાજમાર્ગ મનુષ્યોથી એટલો બધો ભરાઇ ગયો કે વાસુદેવના વેગવાળા ઘોડાની ગતિ પણ અટકી ગઇ.

શત્રુનાશક કમળનયન શ્રીકૃષ્ણ આસપાસ આવેલાં રાજમંદિરોથી સુશોભિત ધૃતરાષ્ટ્રના પાંડુવર્ણા રાજમહેલમાં પ્રવેશ્યા. રાજમહેલના ત્રણ દ્વારને ઓળંગીને એ ધૃતરાષ્ટ્ર રાજાની પાસે પહોંચ્યા.

શ્રીકૃષ્ણ પાસે આવ્યા એટલે મહાયશસ્વી અંધ ધૃતરાષ્ટ્રરાજા, દ્રોણ તથા ભીષ્મની સાથે ઊઠીને ઊભા થયા. કૃપાચાર્ય, સોમદત્ત અને મહારાજા બાહ્લીક પણ જનાર્દનને માન આપવા માટે આસન ઉપરથી ઊઠીને ઊભા થઇ ગયા.

શ્રીકૃષ્ણે યશસ્વી ધૃતરાષ્ટ્ર પાસે પહોંચીને વાણી વડે તેમનું તથા ભીષ્મનું સન્માન કર્યું.

એ પ્રમાણે ધર્માનુસાર ક્રમથી તેમનું પૂજન કર્યા પછી લક્ષ્મીપતિ મધુસૂદને બીજા રાજાઓને પણ તેમની ઉંમરના પ્રમાણમાં ભેટીને માન આપ્યું.

પછી શ્રીકૃષ્ણે દ્રોણને, તેમના યશસ્વી પુત્ર અશ્વત્થામાને, બાહ્લીકને, કૃપાચાર્યને તથા સોમદત્તને મળ્યા.

ત્યાં સુવર્ણનું એક ભવ્ય જ્યોતિર્મય મોટું સિંહાસન હતું તેના ઉપર શ્રીકૃષ્ણ ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી બેઠા તે સમયે ધૃતરાષ્ટ્રના પુરોહિતોએ શ્રીકૃષ્ણનું પૂજન કર્યું.

ધૃતરાષ્ટ્રે શત્રુદમન મહાયશસ્વી શ્રીકૃષ્ણનું પૂજન-અર્ચન કર્યું. તે પછી રિપુદમન માધવ ધૃતરાષ્ટ્રરાજની આજ્ઞા લઇને તથા કુરુસભામાં સર્વ કૌરવોને યોગ્ય રીતે મળીને ત્યાંથી નીકળ્યા અને વિદુરના મનહર મહેલમાં ગયા.

ત્યાં વિદુરે સર્વ પવિત્ર મંગલ પદાર્થોને લઇને જનાર્દનની સામે આવીને સર્વ કામનાઓથી સેવાતા તે યદુકુલભૂષણની પૂજા કરીને કહ્યું કે તમારાં દર્શનથી મને જે આનંદ થયો છે તે મારે તમને શા માટે કહેવો જોઇએ ? કારણ કે તમે દેહધારીઓના અંતરાત્મા જ છો.

એવું કહ્યા પછી સર્વધર્મને જાણનારા વિદુરે અતિથિ સત્કારને પામેલા મધુસૂદનને પાંડુપુત્રોના કુશળ સમાચાર પૂછયા. વળી બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ વિદુરે પ્રીતિયુક્ત, સામા ઉપકારની આશા રાખ્યા વિના ઉપકાર કરનારા, ધર્માર્થપરાયણ, રોષરહિત અને ધીમાન શ્રીકૃષ્ણને પાંડવોનો સર્વ વૃતાંત વિસ્તારથી પૂછયો, અને પ્રત્યક્ષ પેખનારા શ્રીકૃષ્ણે તે સર્વ વૃતાંત વિદુરને કહી સંભળાવ્યો.

શત્રુદમન જનાર્દન વિદુરને મળ્યા બાદ પાછલે પહોરે પોતાનાં ફોઇ કુંતીની પાસે ગયા.

વિદુરને ત્યાં શ્રીકૃષ્ણ પધાર્યા તેનું કારણ વિદુરની સંપત્તિ, સુખસમૃદ્ધિ કે સાહ્યબી નહોતું પરંતુ સાત્વિકતા, શીલસંપત્તિ તથા પવિત્ર પ્રીતિ હતું. એને લક્ષમાં લઇને એ અર્જુનના રથના સારથિ થવા માટે પણ તૈયાર થયેલા.

પ્રેમકે બસ અર્જુનરથ હાંક્યો
ભૂલ ગયે ઠકુરાઇ;
સબસે ઊંચી પ્રેમસગાઇ

પ્રચલિત લોકકથામાં ક્યાંક એવું પણ આવે છે કે વિદુર કૃષ્ણની પધરામણી વખતે ઘરમાં નહોતા ત્યારે તેમની સ્ત્રીએ કૃષ્ણને સન્માનીને એમની આગળ બેસીને ભાવવિભોર દશામાં એમને કેળાંની છાલ આપી તે છાલને કૃષ્ણ ખાતા રહ્યા. વિદુરે પાછળથી ઘરમાં આવ્યા પછી એ દૃશ્ય દેખીને સ્ત્રીને ઠપકો આપ્યો ત્યારે એ ભાવજગતમાંથી જાગીને વાસ્તવિક વાતને સમજી શકી.

કૃષ્ણ તો પ્રેમથી સમર્પાયેલી એની છાલનો આસ્વાદ અનુભવીને એની પ્રશંસા કરતા હતા.

એ પ્રેમને જ અગત્ય આપતા હતા.

એ કથા મહાભારતમાં નથી મળતી.

એવી કેટલીય કથાઓ અથવા ઉપકથાઓ પાછળથી પ્રવાહિત થઇ હોય એ બનવા જોગ છે. છતાં પણ એનો મુખ્ય ધ્વનિ, મધ્યવર્તી ભાવ કે વિચાર એ જ છે કે ભગવાન ભક્તના ભાવને જ પ્રાધાન્ય પ્રદાન કરે છે અને એથી પ્રસન્ન બને છે. છેવટે તો ભાવ જ ફળે છે.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૩૫. દુર્યોધન અને વિદુર

મહાભારતના ઉદ્યોગપર્વમાં બે પરસ્પર વિરોધી પ્રકૃતિવાળાં પાત્રો દેખાય છે. એક પાત્ર વિદુરનું છે અને બીજું દુર્યોધનનું. બંનેની લાગણી, વૃત્તિ, બુદ્ધિ તથા દૃષ્ટિ જુદી જુદી છે. એક સાત્વિકતાનું સુપ્રભાત છે તો બીજું અવિદ્યાયુક્ત અહંકારથી આવૃત્ત તમોગુણની ઘોર અંધારી રાત. એકની દિવ્યતા પ્રગટ થયેલી છે તો બીજાની દબાયલી, અવિકસિત. એકને ભગવાન કૃષ્ણ પ્રત્યે પ્રેમ છે તો બીજાને દ્વેષ, તિરસ્કાર, અણગમો. એને લીધે બંનેના એમની પ્રત્યેના વ્યવહારમાં પણ વિરોધ દેખાય છે. મહાભારતકારે એનું વર્ણન સારી રીતે કરી બતાવ્યું છે. એ વર્ણન વિચારવા જેવું છે.

એને વિચારીને માનવે પોતે વિદુર થવું કે દુર્યોધન બનવું તે નક્કી કરવાનું છે. જે અસત્ય, અન્યાય, અધર્મમાંથી મુક્તિ મેળવે તે વિદુર. એમાં રત રહે કે રાચે તે દુર્યોધન. વિદુર શુદ્ધ છે અને દુર્યોધન અશુદ્ધ. વિદુર જ્ઞાની છે તો દુર્યોધન અજ્ઞાની. વિદુર પ્રભુપ્રેમી છે તો દુર્યોધન વિષયપ્રેમી. વિદુર નમ્ર તથા નિઃસ્વાર્થ છે તો દુર્યોધન અહંકારી અને સ્વાર્થી.

દુર્યોધનને મળવા માટે કૃષ્ણ એને ત્યાં ગયા. એ વખતનું મહાભારતકારે કરેલું વિવરણ જોઇ જઇએ. મહાભારતકાર લખે છે કે શત્રુઓને દમનારા, દુષ્ટજનોને દંડ દેનારા, ઇન્દ્રિયોના અધીશ્વર શ્રીકૃષ્ણ કુંતીની રજા લઇને તથા પ્રદક્ષિણા કરીને ઇન્દ્રના મહાલય જેવા પરમશોભાસંપન્ન, ચિત્રવિચિત્ર આસનોથી અલંકૃત, દુર્યોધનના મહેલમાં દાખલ થયા. દ્વારપાળોના અંતરાય સિવાય તે મહેલનાં ત્રણે દ્વારોને ઓળંગી ગયા, અને પાણીથી ભરેલા મેઘના જેવા દેખાવવાળા, પર્વતના શિખર સરખા ઊંચા અને લક્ષ્મીથી ઝળકતા તે રાજમહેલ પર ચઢી ગયા.

ત્યાં એમણે હજારો રાજાઓ અને કૌરવોથી ઘેરાઇને સિંહાસન ઉપર બેઠેલા મહાબાહુ દુર્યોધનને જોયો.

દુર્યોધનની સમીપમાં દુઃશાસનને, કર્ણને, તથા સુબલના પુત્ર શકુનિને પણ આસન ઉપર બેઠેલા જોયા.

યાદવવંશી શ્રીકૃષ્ણને પાસે આવેલા જોઇને મહાયશસ્વી દુર્યોધન એ મધુસૂદનને માન આપવા માટે, પોતાના પ્રધાનોની સાથે ઊભો થયો.

શ્રીકૃષ્ણ પ્રથમ અમાત્યોસહિત દુર્યોધનને મળ્યા અને પછી ઉંમરના પ્રમાણમાં બીજા રાજાઓને પણ મળ્યા. ત્યાં જાતજાતનાં પાથરણાંઓથી પાથરેલા, સારી રીતે તૈયાર કરેલા, એક સુવર્ણમય પલંગ ઉપર બેઠા.

સર્વ રાજાઓ તથા કૌરવો નિર્મળ સૂર્યના જેવી કાંતિવાળા ગોવિંદની સેવા કરવા લાગ્યા.

દુર્યોધને વિજયીઓમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણને ભોજનને માટે આમંત્રણ આપ્યું, પરંતુ કેશવે તે સત્કાર્યું નહીં. એટલે દુર્યોધને ઉપરથી મૃદુ પણ અંદરથી શઠતા ભરેલાં વાક્યો વડે કહ્યું કે તમારે માટેનાં અનેક પ્રકારના ખાનપાન, વસ્ત્રો, શય્યાઓ વગેરે લાવવામાં આવ્યાં છે, છતાં તમે તેનો શા માટે અસ્વીકાર કરો છો ? તમે બંને પક્ષને સહાય આપનારા તથા બંને પક્ષના હિતમાં તત્પર છો. વળી ધૃતરાષ્ટ્રના સંબંધી અને પ્રીતિપાત્ર

છો. ધર્મ અને અર્થના તત્વને સુચારુરૂપે સંપૂર્ણરૂપે સમજો છો. તો હે ચક્રગદાધર ! હું આનું કારણ સાંભળવા ઇચ્છું છું.

કૃષ્ણે જણાવ્યું કે દૂતો પોતાનું કાર્ય સિદ્ધ થયા પછી જ ભોજન કરે છે તથા સત્કારને સ્વીકારે છે. એથી મારું કાર્ય સિદ્ધ થાય એટલે મારો અને મારા મંત્રીઓનો સત્કાર કરજો.

દુર્યોધને તેમને કહ્યું કે તમારે અમારી સાથે આવું અયોગ્ય વર્તન રાખવું યોગ્ય નથી. તમે તમારા કાર્યમાં સફળ થાવ કે નિષ્ફળ થાવ, અમે તો સંબંધને લીધે જ તમારો સત્કાર કરવાનો યત્ન કરીએ છીએ. તમે તે સ્વીકારતા નથી એટલે અમે શું કરી શકીએ ? અમે પ્રીતિથી તમારી પૂજા કરીએ છીએ પણ તમે તેનો અનાદર કરો છો.

શ્રીકૃષ્ણે દુર્યોધનની તરફ જોઇને જાણે હસતા હોય તેમ ઉત્તર આપ્યો કે હું કામથી, ક્રોધથી, દ્વેષથી, ધનના કારણથી, કપટથી કે લોભથી ધર્મનો કોઇ પણ રીતે ત્યાગ કરું તેમ નથી. હે રાજન્ ! ઉત્તમ પ્રીતિવાળા માનવના અન્નનું ભોજન કરાય કે આપત્તિમાં આવી પડયા હોઇએ તો પારકાના અન્નનું ભોજન કરાય. પરંતુ તમે અમારા ઉપર ઉત્તમ પ્રીતિ ધરાવતા નથી, અને અમે અન્ન ના મળે એવી આપત્તિમાં પણ પડયા નથી. પાંડવો સ્નેહીઓને અનુસરનારા છે, તમારા બંધુઓ છે, અને સર્વ ગુણોથી સંપન્ન છે, છતાં તમે તેમનો જન્મથી આરંભીને દ્વેષ કરો છો. પાંડવોનો કારણ વિના દ્વેષ કરવો અયોગ્ય છે. પાંડવો સર્વદા ધર્મમાં રત છે. જે પુરુષ તેમનો દ્વેષ કરે છે, તે મારો દ્વેષ કરે છે. અને જે પુરુષ એમને અનુસરે છે, તે મને જ અનુસરે છે. કારણ કે ધર્માચરણ કરનારા પાંડવોની સાથે હું એકરૂપ થઇ ગયો છું. જે પુરુષ કામક્રોધને અધીન થઇને ગુણવાન પુરુષોનો દ્વેષ કરે છે, અને વિરોધ કરવા ઇચ્છે છે. તેને વિદ્વાનો અધમ પુરુષ કહે છે. જે પુરુષ ઉત્તમ ગુણવાળા સંબંધીઓ તરફ દોષદૃષ્ટિથી અથવા ધનહરણ કરવાની દાનતથી જુએ છે, તે ક્રોધી અને અવશ અંતઃકરણવાળા પુરુષની પાસે લક્ષ્મી લાંબા સમય સુધી રહેતી નથી. બીજી બાજુ જે પુરુષ પોતાના મનને અપ્રિય છતાં પણ ગુણસંપન્ન પુરુષોને પ્રિય વર્તનથી વશ કરી લે છે, તેનો યશ ચિરકાળ સુદી ટકી રહે છે. તમારું અન્ન દુષ્ટોના સંબંધવાળું છે માટે મારે માટે ખાવા યોગ્ય નથી. મારે માત્ર વિદુરનું અન્ન જમવું જોઇએ એવો મારા મનનો નિશ્ચય છે.

દુર્યોધનને એ પ્રમાણે કહીને શ્રીકૃષ્ણ દુર્યોધનના મહેલમાંથી બહાર નીકળ્યા. ઉદાર મનવાળા શ્રીકૃષ્ણ ત્યાંથી નીકળીને વિદુરના ઘેર રહેવા માટે ગયા.

વિદુરે અપરાજિત યદુનંદનનો સર્વપ્રકારની પ્રિયવસ્તુઓને અર્પણ કરીને સત્કાર કર્યો.

શ્રીકૃષ્ણે એમનો સહર્ષ સ્વીકાર કર્યો.

દુર્યોધનની છળભરેલી ભાષા એમને ભરમાવી ના શકી, વિદુરના સાચા સ્નેહ અને સેવાભાવથી એ સંતૃપ્તિ પામ્યા.

દુર્યોધને કૃષ્ણના શુભાગમનના સમાચારને સાંભળીને એ પોતાની પાસે પધારે ત્યારે એમને કેદ કરવાનો વિચાર કરેલો.

એ વિચારને એણે મંત્રીઓ તથા ધૃતરાષ્ટ્રની આગળ રજૂ કરેલો.

ધૃતરાષ્ટ્રે તથા ભીષ્મે એ વિચારનો વિરોધ કરેલો.

કૃષ્ણ પોતાની પાસે પાંડવોના દૂત તરીકે આવવાના હતા. એમને કેદ કરવાનો વિચાર પણ ધર્મથી, નીતિની પ્રસ્થાપિત પરંપરાગત પ્રણાલિકાથી અને માનવતાથી વિરોધી છે એ વાતનું દુર્યોધનને વિસ્મરણ થયેલું.

કૃષ્ણને કેદ કરીને પાંડવોને નિરાધાર બનાવવાની યોજના હતી.

પરંતુ.....એ યોજના ના ફળી. એટલું એનું સદભાગ્ય કહેવાય.

વિદુરમાં અને દુર્યોધનમાં એવી રીતે આકાશ-પાતાળ જેટલો તફાવત હતો. એથી જ કૃષ્ણે નિર્મળ મનના વિદુરના અતિથિ બનવાનું પસંદ કર્યું.

એક રીતે વિચારતાં એ વિદુરની પવિત્રતા તથા પ્રીતિનો પ્રત્યક્ષ પુરસ્કાર હતો.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩૬. કૃષ્ણનું કલ્યાણકર્મ

કૌરવો તથા પાંડવો વચ્ચે કુરુક્ષેત્રની ભૂમિમાં જે મહાભારતનું મહાભયંકર મહાયુદ્ધ ફાટી નીકળ્યું તે સર્વસંહારક મહાભીષણ મહાયુદ્ધને અટકાવવા કૃષ્ણ પોતાનાથી બનતું બધું જ કરી છૂટેલા.

પાંડવોના સંદેશવાહક કે વિષ્ટિકાર બનીને એ કૌરવોની સભામાં જઇને જે કાંઇ બોલેલા તે ખાસ યાદ રાખવા જેવું છે. એમના એ કથનનો સારાંશ આ રહ્યોઃ

હે ભારત ! હે ધૃતરાષ્ટ્ર ! વીર પુરુષોનો વિનાશ વહોર્યા વિના કૌરવ-પાંડવોની વચ્ચે સુલેહ થાય એવી માગણી કરવા માટે હું અહીં આવ્યો છું. હે રાજન ! મારે તમારા હિતને માટે આ વિના બીજું કોઇ વચન કહેવાનું નથી; કેમ કે તમે જાણવા યોગ્ય સર્વ જાણો જ છો.

હે રાજન ! આજે કુરુકુળ સર્વ રાજ્યોમાં શ્રેષ્ઠ છે, શાસ્ત્રજ્ઞાન તથા સદવર્તનથી સંપન્ન છે, અને સર્વગુણોથી ઝળકી રહ્યું છે. પારકાના સુખને માટે યત્નરૂપી દયા, પારકાના દુઃખ જોવાથી ત્રાસરૂપી અનુકંપા, પારકાનું દુઃખ મટાડવાના યત્નરૂપી કારુણ્ય, પારકાને દુઃખ ના આપવારૂપી આનૃશંસ્ય, સરળતા, ક્ષમા અને સત્ય એ બધું કુરુવંશીઓમાં બીજાઓના કરતા વિશેષ છે. આવા સદગુણસંપન્ન મહાન અને પ્રતિષ્ઠિત કુળમાં ખાસ કરીને તમારા જ નિમિત્તે દયા વિગેરેથી વિરુદ્ધ વિપરીત વર્તન થાય તે કુરુકુળને યોગ્ય નથી.

તમે કુરુઓના વડીલ હોવાથી તમારે આ કુળમાં જે કોઇ ગુપ્ત રીતે અથવા જાહેર રીતે અયોગ્ય વર્તન કરતા હોય તેમને રોકીને મર્યાદામાં રાખવા જોઇએ.

તમારા અસભ્ય, અમર્યાદ અને લોભથી ભાન ભૂલી ગયેલા દુર્યોધન જેવા પુત્રો, ધર્મ તથા અર્થને પાછળ નાંખીને, પોતાના બંધુઓ સાથે ક્રુરની પેઠે વર્તે છે. તમે એ બધું જાણો છો.

આ મહાભયંકર આપત્તિ કૌરવોમાંથી જ પ્રગટ થઇ છે. અને જો તેની તરફ બેદરકારી રાખવામાં આવશે તો તે આખી પૃથ્વીનો નાશ કરશે. તમે જો કુળના નાશની ઇચ્છા ના રાખતા હો તો એ આપત્તિને શાંત કરી શકાય તેમ છે. બંને પક્ષમાં શાંતિ કરવી કઠિન નથી એમ હું માનું છું. એ શાંતિ તમારે તથા મારે અધીન છે. તમે તમારા પુત્રોને મર્યાદામાં રાખો એટલે હું પાંડવોને મર્યાદામાં રાખીશ.

અનુયાયીઓ સહિત તમારા પુત્રોએ તમારી આજ્ઞા પ્રમાણે વર્તવું જોઇએ. કારણ કે તમારી આજ્ઞામાં રહેવાથી તેમનું મહાન હિત છે. પાંડવોનું પણ હિત છે.

તમારી આજ્ઞાને તમારા પુત્રો પાળે એવી શુભેચ્છાથી પ્રેરાઇને હું સંધિને માટે પ્રયત્ન કરું છું. તેમાં મારું પણ હિત છે.

હે રાજા ! તમે વેરને નિષ્ફળ સમજીને મૈત્રી કરો. તેમ કરવાથી ભરતવંશી વીરો તમારા સહાયકો થશે. પ્રયત્ન કરવાથી પણ પાંડવો જેવા સહાયકો મળી શકે તેમ નથી. માટે તમે પાંડવોની સાથે સંધિ કરી તેમના સંરક્ષણ હેઠળ ધર્માથનું સેવન કરો. પાંડવોથી રક્ષાતા તમને દેવો સહિત ઇન્દ્ર પણ જીતવાને સમર્થ થશે નહીં. તો સામાન્ય રાજા તો ક્યાંથી જીતી શકે ?

તમે જો કૌરવો તથા પાંડવોની સાથે થશો તો મહાન લોકેશ્વરપણાને પામશો, અને શત્રુઓ તમારો પરાભવ કરી શકશે નહીં. સમાન અને તમારાથી શ્રેષ્ઠ રાજાઓ પણ તમારી સંધિ કરશે. તમે પુત્રો, પૌત્રો, પિતાઓ અને સ્નેહીઓથી સુરક્ષિત થઇને સુખમાં જીવન ગાળી શકશો. તમે પાંડવોને આગળ કરીને તેમનો પૂર્વની પેઠે સત્કાર કરશો તો નિષ્કંટક સમગ્ર પૃથ્વીને ભોગવશો. તમે પાંડવો અને પોતાના પુત્રોની સાથે બીજા શત્રુઓનો પરાભવ કરશો એ જ તમારો સંપૂર્ણ સ્વાર્થ છે. જો તમે તમારા પુત્રો, મંત્રીઓ અને પાંડવોની સાથે સલાહ કરશો તો પાંડવોએ સંપાદન કરેલી પૃથ્વીને પણ ભોગવશો.

યુદ્ધ કરવામાં તો ભારે વિનાશ જ દેખાય છે.

સંગ્રામમાં મહાબળવાન પાંડવો અથવા તમારા પુત્રો હણાશે તેથી તમે કેવા સુખને મેળવશો ? પાંડવો અને તમારા પુત્રો શૂરા છે. અસ્ત્રવિદ્યામાં કુશળ છે અને યુદ્ધની આકાંક્ષાવાળા છે. માટે તમે તેને મહાભયમાંથી બચાવી લો.

પૃથ્વી ઉપરના સર્વરાજાઓ એકઠા થયા છે, તેઓ ક્રોધને અધીન થઇને આ પ્રજાનો સંહાર કરી નાખશે. તમે આ લોકોનું રક્ષણ કરો. પ્રજા નાશ ના પામે તેમ કરો, તમે સત્વગુણ ધારણ કરશો તો સર્વ બચી જશે.

પાંડવો બાળક હતા ત્યારે તમારી તેમના ઉપર જેવી પ્રીતિ હતી તેવી જ પ્રીતિ તમારી છેલ્લી અવસ્થામાં પણ તમે રાખો. અને તેમની સાથે સંધિ કરો. પિતા વિનાના પાંડવોને તમે જ ઉછેર્યા હતા. માટે અત્યારે પણ ન્યાય પ્રમાણે તેમનું તથા પુત્રોનું પાલન કરો.

પાંડવો આજ સુધી ધર્મ તરફ દૃષ્ટિ રાખીને મૌન બેઠા છે. પાંડવોને રાજ્યભાગ આપવા વિના બીજું શું કહી શકાય તેમ છે ?

હે ભરતશ્રેષ્ઠ ! તમે ક્રોધને અધીન ના થાવ. પાંડવોને તેમનો રાજ્યભાગ આપીને તમે કૃતાર્થ બનો તથા પુત્રોની સાથે વૈભવ ભોગવો.

હું તો તમારું અને તેમનું કલ્યાણ ઇચ્છું છું.

શત્રુદમન પાંડવો તો તમારી સેવા કરવા અને યુદ્ધ કરવા પણ તૈયાર છે. માટે એ બેમાંથી તમને જે વધારે અનુકૂળ લાગે તેને સ્વીકારો.

શ્રીકૃષ્ણના વિચારોને ભીષ્મે, દ્રોણે, તથા ગાંધારીએ પણ ટેકો આપ્યો. અન્ય રાજાઓએ પણ અનુમોદન આપ્યું. એમણે અને ધૃતરાષ્ટ્રે, દુર્યોધનને, કર્ણને અને શકુનિને સમજાવી જોયા, પરંતુ એમણે ના માન્યું.

દુર્યોધનનું અંતર લેશ પણ ના પીગળ્યું.

ધૃતરાષ્ટ્રના કહેવાથી કૃષ્ણે દુર્યોધનને સમજાવવાનો અને કુકર્મમાંથી પાછા વાળવાનો પ્રયાસ કરી જોયો. એમણે દુર્યોધનને ઉદ્દેશીને જણાવ્યું કે -

દુર્યોધન, તું ઉત્તમ કુળમાં જન્મેલો હોવાથી તારે ઉત્તમ કામ જ કરવું જોઇએ. તું શાસ્ત્ર, સદાચાર તથા સદગુણોથી સંપન્ન છે. તું જેવું કામ કરવા ધારે છે તેવું કામ તો દુષ્ટ કુળમાં ઉત્પન્ન થયેલા, દુરાત્મા, ક્રૂર અને નિર્લજ્જ લોકો જ કરી શકે.

આલોકમાં સત્પુરુષોની પ્રવૃત્તિ ધર્મ તથા અર્થવાળી જોવામાં આવે છે, અને દુર્જનોની પ્રવૃત્તિ તેથી વિપરીત. તારામાં એવી વિપરીત વૃત્તિ વારંવાર જણાય છે.

તારો જે આગ્રહ છે તે અધર્મરૂપ, ભયંકર પ્રાણહારી, મહાન અનિષ્ટકારી, અકારણ અને પાછળથી ટાળી ના શકાય તેવો છે. તે અનર્થકારક આગ્રહનો ત્યાગ કરવાથી તું તારૂં પોતાનું, તારા ભાઇઓનું, સેવકોનું તથા મિત્રોનું કલ્યાણ કરીશ.

તું મહાબુદ્ધિમાન, શૂરા, અસાધારણ ઉત્સાહવાળા, વિદ્વાન અને સંયમી પાંડવોની સાથે સંધિ કર.

તું કુલીન છે, લજ્જાશીલ છે, શાસ્ત્રસંપન્ન છે, અને દયાળુ છે. માટે પિતાની અને માતાની આજ્ઞામાં રહે. પિતા જે ઉપદેશ કરે છે તેને જ્ઞાનીપુરુષો કલ્યાણકારક માને છે. કોઇપણ મનુષ્ય જ્યારે મોટી આપત્તિમાં પડી જાય છે ત્યારે પિતાના શબ્દોને સંભારે છે. તારા પિતાને પાંડવોની સાથે સલાહ કરવી રુચે છે તેમજ મંત્રીઓને પણ રુચે છે.

જે પુરુષ બુદ્ધિના મોહને લીધે કલ્યાણકારક વચનોને સ્વીકારતો નથી તે દીર્ઘસૂત્રી મનુષ્યને કાર્યનો નાશ પામતાં પશ્ચાતાપ કરવો પડે છે. પરન્તુ જે મનુષ્ય કલ્યાણકારક વાતને સાંભળીને પોતાનો મત છોડીને પ્રથમથી જ તેને સ્વીકારે છે તે આ લોકમાં સુખ ભોગવે છે.

તેં જન્મથી આરંભીને પાંડવોને નિત્ય દુઃખ દીધું છે, છતાં એ કુન્તીનંદનો તારા ઉપર કદી કોપ કરતા નથી કારણ કે તેઓ ધર્માત્મા છે. તેં જન્મથી જ પાંડવોને કપટથી છેતર્યા છે, છતાં પણ યશસ્વી પાંડવો તારી સાથે સારી રીતે જ વર્ત્યા છે. તારે પણ તેમની સાથે તે જ પ્રમાણે વર્તવું જોઇએ.

તું સર્વ રાજાઓમાં પ્રખ્યાત તથા મહાઉજ્જવલ એવા સામ્રાજ્યને નીચ ઉપાયથી હાથ કરવા ઇચ્છે છે. પોતાની સાથે સારી રીતે વર્તનારાની સાથે પણ જો મનુષ્ય કપટભર્યું વર્તન રાખે તો જેમ કુહાડી વનનો નાશ કરે છે તેમ તે મનુષ્ય પણ પોતાનો જ નાશ કરે છે.

તું પાંડવોએ મેળવેલી ભૂમિને ભોગવી રહ્યો છે; છતાં પણ પાંડવોને જ પાછળ રાખીને બીજાઓથી રક્ષણ ઇચ્છે છે. રાજાઓના સમગ્ર સૈન્યમાંથી કોઇ એવા પુરુષને બતાવ કે જે અર્જુનની સામે યુદ્ધમાં જઇને ક્ષેમકુશળ પાછો આવે.

સંગ્રામમાં મનુષ્યોનો નાશ કરવાથી તને શું ફળ મળશે ?

તું પાંડવોની સાથે સલાહ કરીશ એટલે તે મહારથીઓ તને જ યુવરાજપદે અને તારા પિતા ધૃતરાષ્ટ્રને મહારાજાના પદે સ્થાપશે. તું આપમેળે આવતી લક્ષ્મીનો અનાદર કર નહીં. પાંડવોને અર્ધું રાજ્ય આપીને મહાન રાજ્યલક્ષ્મીને પામ. પાંડવો સાથે સલાહ કર. સ્નેહીઓના વચનને માન આપ, અને મિત્રોની પ્રીતિ સંપાદન કર. એટલે ચિરકાળ સુધી તારૂં કલ્યાણ થશે.

દુર્યોધને શ્રીકૃષ્ણને કહ્યું કે તમારે બરાબર વિચારીને બોલવું જોઇએ. તમે કઠોર શબ્દોને બોલીને મારી નિંદા કરો છો.

હું વિચાર કરું છું તો પણ મારો કોઇપણ જાતનો મહાઅપરાધ અથવા અતિસૂક્ષ્મ અપરાધ પણ મારા જોવામાં આવતો નથી. પાંડવો રાજીખુશીથી દ્યુત રમ્યા હતા અને તેમાં શકુનિથી પોતાનું રાજ્ય હારી ગયા તેમાં મારો શો અપરાધ ?

પાંડવો અસમર્થ છે તોપણ શક્તિવાળા હોય તેમ ઉત્સાહથી શત્રુની પેઠે અમારી સાથે કેમ વિરોધ કરે છે ? અમે તેમનું શું બગાડયું છે ?

અમે તેઓના ઉત્કટ પરાક્રમથી અથવા વચનથી ભયભીત થઇ, રાજ્ય છોડીને માથું નમાવીએ તેવા નથી. અરે, સાક્ષાત્ ઇન્દ્રને પણ અમે ભયથી ના નમીએ, તો પછી પાંડવોની તો વાત જ શી ?

અમે સ્વધર્મનું પાલન કરતાં સંગ્રામમાં કદાચ શસ્ત્રથી મરણ પામીશું તો તે પણ અમને સ્વર્ગ આપનારું જ સાબિત થશે.

મારા પિતાએ પાંડવોને જે રાજ્યભાગ આપવા પૂર્વે કબૂલ્યું હતું તે હું જીવું છું ત્યાં સુધી ફરી કદી પણ પાંડવોને મળે તેમ નથી.

હું બાળક હતો તે વખતે અજ્ઞાનને અથવા ભયને લીધે પાંડવોને રાજ્ય અપાયું હતું, પણ તે પાંડવોને પાછું મળે તેમ નથી. તીક્ષ્ણ સોયની અણીથી વીંધાય તેટલી જમીન પણ અમારે પાંડવોને પાછી આપવી નથી.

કૃષ્ણે દુર્યોધનને બનતી બધી રીતે સમજાવી જોયો. બીજા હિતચિંતકોએ પણ સમજાવી જોયો. તોપણ દુર્યોધન માન્યો નહિ.

એમણે પોતાને પકડવાની યોજના ઘડી છે એ જાણીને, કૃષ્ણે જણાવ્યું કે તું મને એકલો અને અસહાય સમજીને કેદ કરવાની ઇચ્છા રાખે છે પરંતુ તારી ઇચ્છા સ્વપ્ને પણ પૂરી નહિ થાય. હું એકલો અથવા અસહાય નથી. સઘળા પાંડવો, અંધકો, આદિત્યો, યાદવો, રુદ્રો, વસુઓ, અને મહર્ષિઓ મારા જ આશ્રયે રહેલા છે.

એવું કહીને શ્રીકૃષ્ણે મુક્તહાસ્ય કર્યું.

એ વખતે એમના અંગપ્રત્યંગમાંથી વીજળી જેવા રૂપવાળા, અગ્નિની જ્વાળા જેવા અંગૂઠા સમાન આકૃતિવાળા, તેજસ્વી દેવો પ્રકટ્યા.

એમના લલાટમાંથી બ્રહ્મા, વક્ષઃસ્થળમાંથી રુદ્ર, બાહુમાંથી લોકપાલ, મુખમાંથી અગ્નિ અને અન્ય અંગોમાંથી આદિત્યો, સાધ્યો, વસ્તુઓ, અશ્વિનીકુમારો, ઇન્દ્રસહિત વાયુઓ, વિશ્વદેવો, યક્ષો-ગંધર્વો તથા રાક્ષસો પ્રકટ થયા.

બે બાહુમાંથી બળરામ અને અર્જુનનો આવિર્ભાવ થયો.

પીઠમાંથી યુધિષ્ઠિર, ભીમ, નકુલ તથા સહદેવ પ્રકટ્યા.

અસાધારણ શસ્ત્રાસ્ત્રોથી અલંકૃત અંધકો અને પ્રદ્યુમ્ન જેવા યાદવો એમના અગ્રભાગમાંથી પ્રકટ બન્યા.

એમના બાહુઓમાં અનેક આયુધો દેખાયાં.

એમના નેત્રોમાંથી, કાનમાંથી, નાકમાંથી અને રોમરોમમાંથી મહાભયંકર ધુમાડાના ગોટાઓની સાથે અગ્નિની અનંત જ્વાળાઓ નીકળવા લાગી.

શ્રીકૃષ્ણના એવા ભયંકર રૂપને નિહાળીને રાજાઓનાં ચિત્ત આકુળવ્યાકુળ થઇ ગયાં અને તેમણે નેત્રોને બંધ કરી દીધાં. તે વખતે માત્ર દ્રોણ, ભીષ્મ, મહાબુદ્ધિમાન વિદુર, મહાભાગ્યશાળી સંજય અને

તપોધન ઋષિઓએ આંખને બંધ કરી નહીં; કારણ કે જનાર્દન ભગવાને તેમને વિશ્વરૂપ જોવા માટે દિવ્ય દૃષ્ટિ આપેલી. એ સભાસ્થાનમાં માધવનું એ મહાન અસાધારણ આશ્ચર્ય જોઇને દેવોનાં દુંદુભિઓ વાગવા લાગ્યાં અને આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ થવા માંડી.

ધૃતરાષ્ટ્રે પ્રાર્થના કરી કે તમે મારા ઉપર કૃપા કરો. હું આપનાં દર્શન કરવાની ઇચ્છા રાખું છું. તમારું દર્શન થયા પછી મારાં નેત્રો પાછાં જતા રહે એવી પણ હું માગણી કરું છું. કારણ કે તમારું દર્શન કર્યા પછી તે નેત્રોથી હું બીજાને જોવાની ઇચ્છા નથી કરતો.

શ્રીકૃષ્ણે ધૃતરાષ્ટ્રને કહ્યું કે તમને બે નેત્રોની પ્રાપ્તિ થાવ.

એવું કહેતાંની સાથે જ ત્યાં મોટું આશ્ચર્ય થયું. વિશ્વરૂપના દર્શનની ઇચ્છાથી ધૃતરાષ્ટ્રને વાસુદેવની કૃપાથી બન્ને નેત્રો પ્રાપ્ત થયા.

સભામાં બેઠેલા ધૃતરાષ્ટ્રને નેત્રો પ્રાપ્ત થયેલા જોઇને ઋષિઓ અને રાજાઓ આશ્ચર્ય પામ્યા અને મધુસૂદનની સ્તુતિ કરવા લાગ્યા.

તે સમયે આખી પૃથ્વી ચલિત થઇ ગઇ, સમુદ્ર પણ ખળભળી ઊઠ્યો. અને રાજાઓ પરમ આશ્ચર્ય પામ્યા.

તે પછી શત્રુઓનું દમન કરનારા શ્રીકૃષ્ણે પોતાના દિવ્યદેહને તથા તે દિવ્ય, અદભુત, ચિત્રવિચિત્ર સંપત્તિને સમેટી લીધી અને એ ઋષિઓની આજ્ઞા લઇને, સાત્યકિ તથા કૃતવર્માના હાથને પકડીને સભાસ્થાનમાંથી બહાર નીકળ્યા. નારદ જેવા ઋષિઓ પણ ત્યાંથી અંતર્હિત થઇને ચાલ્યા ગયા.

રથમાં બેસીને પ્રયાણ કરવા તૈયાર થયેલા શ્રીકૃષ્ણની પાસે પહોંચીને મહારાજા ધૃતરાષ્ટ્ર બોલ્યા કે પુત્રો ઉપર મારો કેટલો પ્રભાવ છે તે તમે તમારી નજરે જોયું છે. તમારે માટે કશું અજાણ્યું નથી. હું કુરુકુળમાં ઉત્પન્ન થયેલાઓમાં સલાહસંપ થાય એવી ઇચ્છા રાખું છું. અને યત્ન પણ કરું છું. છતાંય મારી આ અવસ્થા છે.

કૃષ્ણે કરાવેલા એમના અલૌકિક દર્શનના એ પ્રસંગ પરથી પ્રતીતિ થાય છે કે એમની શક્તિ અસાધારણ હતી. કુરુક્ષેત્રના યુદ્ધમેદાનમાં અર્જુનને કરાવેલા અલૌકિક વિરાટ વિશ્વરૂપદર્શનના અનુભવ પહેલાંનો એ અલૌકિક અનુભવ એમની અનંત આત્મશક્તિ તરફ અંગુલિનિર્દેશ કરે છે.

એ શક્તિની સહાયતાથી એમણે ધૃતરાષ્ટ્રની પ્રાર્થનાને લક્ષમાં લઇને એમને દૃષ્ટિનું કામચલાઉ વખતને માટે પણ દાન કર્યું. તોપણ એ ધૃતરાષ્ટ્રને, દુર્યોધનને તથા કૌરવોને પાંડવોને ન્યાય કરવા માટે તૈયાર ના કરી શક્યા. એના પરથી કૌરવોની ઘોર જડતા, સંકુચિતતા તથા સ્વાર્થવૃત્તિનો ખ્યાલ આવે છે. દુર્યોધનના અમર્યાદ અહંકારની, અજ્ઞાનની અને અધર્મની કલ્પના પણ સહેલાઇથી કરી શકાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩૭. કૃષ્ણ તથા કર્ણ

કૌરવો તથા પાંડવોના વર્તમાન સંબંધો સુધરે, એમની વચ્ચે કુસંપને બદલે સંપ અને દ્વેષને બદલે સ્નેહ થાય, તેમ જ તેવી રીતે તેના સુખદ સપરિણામ ભાવિ ઘર્ષણ કે સંગ્રામની શક્યતા ના રહે, તેને માટે શ્રીકૃષ્ણે એક બીજો પ્રાણવાન પ્રયત્ન કરી જોયો.

કર્ણને સમજાવવાનો.

કર્ણને સમજાવવાના એ પ્રેમપૂર્ણ પ્રામાણિક પ્રયત્નનું વિહંગાવલોકન કરી લઇએ.

મહાભારતના ઉદ્યોગપર્વના ૧૪૦ થી ૧૪૩મા અધ્યાયોમાં કૃષ્ણના એ પ્રયત્નનું અને કર્ણની પ્રતિક્રિયાનું વિશદ વર્ણન કરવામાં આવ્યું છે.

એ વર્ણનનું વિવરણ રસપ્રદ અને જ્ઞાનવર્ધક થઇ પડે તેમ છે.

કૃષ્ણને સારી પેઠે ખબર હતી કે દુર્યોધન તથા કર્ણની વચ્ચે ઘનિષ્ઠ મિત્રતા છે. કર્ણ દુર્યોધનના સલાહકારોમાંનો એક હોવાથી દુર્યોધન એની સલાહ પ્રમાણે ચાલે છે એ વાતની પણ એમને માહિતી હતી. એટલે કર્ણને જો યુદ્ધની નિરર્થકતા સંબંધી સફળતાપૂર્વક સમજાવી શકાય તો, કર્ણ દુર્યોધનને યુદ્ધનો વિચાર ના કરવા અને પાંડવો સાથે ન્યાયોચિત વ્યવહાર કરીને, એમને રાજ્યનો જરૂરી ભાગ પાછો સોંપીને સદા માટે સંપના વાતાવરણને ઊભું કરવા માટે તૈયાર કરી શકે. એવી રીતે કૌરવો તથા પાંડવોની વચ્ચેના સર્વસંહારક સામૂહિક સંગ્રામની સંભાવના ટળી જાય, અને એ બંને પરસ્પર સુખશાંતિપૂર્વક રહીને પોતાનું શ્રેય સાધી શકે.

કૃષ્ણની દૃષ્ટિ, ભાવના કે કલ્પના એવી વિશાળ હતી.

એથી પ્રેરાઇને એમણે કર્ણને પોતાની રીતે સમજાવવાનો પ્રયત્ન કરી જોયો.

કર્ણને રથમાં બેસાડીને એક દિવસ એ હસ્તિનાપુરમાંથી બહાર નીકળ્યા.

હસ્તિનાપુરની બહારના શાંત એકાંત પાવન પ્રદેશમાં એમણે કર્ણને સંબોધીને ખૂબ જ સંવેદનસહિત સ્નેહપૂર્વક કહેવા માંડયું કે કર્ણ ! રાધાપુત્ર ! તેં વેદમાં પારંગત બ્રાહ્મણોની ઉપાસના કરી છે, તથા નિયમપરાયણ રહીને, ઇર્ષારહિત થઇને, તત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે પંડિતોને પ્રશ્નો પણ પૂછયા છે. તું સનાતન વેદવાદને જાણે છે. તું ધર્મશાસ્ત્રના સૂક્ષ્મ સિદ્ધાંતોથી પણ સુપરિચિત છે. જે કન્યાને લગ્ન પહેલાં પુત્ર થયો હોય, અથવા લગ્ન વખતે જે પુત્ર તેના ઉદરમાં હોય, તે બંને પુત્રોને કાનીન કહે છે. એવી કન્યા સાથે લગ્નસંબંધીથી જોડાનાર પુરુષ તે પુત્રના પિતા તરીકે ઓળખાય છે. શાસ્ત્રને જાણનાર એ પ્રમાણે કહેતા હોય છે. તું પણ એવી રીતે જ ઉત્પન્ન થયો છે માટે ધર્મથી પાંડુનો પુત્ર છે.

ધર્મશાસ્ત્રના નિયમ પ્રમાણે પાંડવોમાં સૌથી મોટો હોવાથી તું એવી રીતે સ્વાભાવિક રીતે જ રાજા બની શકીશ.

પાંડવો તારા પિતૃપક્ષમાં અને યાદવો માતૃપક્ષમાં છે.

એ બંને પક્ષો એવી રીતે તારા છે.

તું આજે અહીંથી મારી સાથે આવશે એટલે પાંડવો તને યુધિષ્ઠિર કરતાં આગળ જન્મેલા મોટાભાઇ તરીકે માનીને માન આપશે.

પાંચ પાંડવો, દ્રૌપદીના પાંચ પુત્રો તથા સુભદ્રાનંદન અજિત અભિમન્યુ, એ સઘળા તારા ચરણમાં પરમપૂજ્યભાવે પ્રણામ કરશે. વળી પાંડવોને માટે આવેલા રાજાઓ, રાજપુત્રો અને સર્વ અંધક તથા યાદવો પણ તારા ચરણમાં નમન કરશે. રાજાઓ અને રાજકન્યાઓ સોનાના, રૂપાના તેમજ માટીના ઘડાઓમાં તીર્થજળને ભરી લાવશે. તેમાં ઔષધિઓ, સર્વ બીજો, સર્વ રત્નો તથા લતાઓને નાખશે અને તારો અભિષેક કરશે, વળી દ્રૌપદી પણ વર્ષનો છઠ્ઠો ભાગ એટલે બે માસ તારી સેવામાં રહેશે. સંયમી મનવાળા દ્વિજશ્રેષ્ઠ ધૌમ્ય અગ્નિમાં હોમ કરશે, અને આજે જ ચાર વેદ જાણનારા બ્રાહ્મણો તારો અભિષેક કરે એમ હું ઇચ્છું છું.

ધર્માત્મા તથા ઉત્તમ વ્રતવાળા ધર્મપુત્ર યુધિષ્ઠિરરાજ તારા યુવરાજ બનશે. એ કુંતીપુત્ર યુધિષ્ઠિર હાથમાં શ્વેત ચામરને પકડીને તારી પાછળ રથમાં બેસશે, ત્યારે અભિષેક પામેલા તારા મસ્તક ઉપર મહાબળવાન કુંતીપુત્ર ભીમસેન મોટા શ્વેતછત્રને ધારણ કરશે. વળી ત્યારે સેંકડો ઘૂઘરીઓના શબ્દવાળા, શ્વેત ઘોડાઓ જોડેલા, તારા રથને અર્જુન હાંકશે. અભિમન્યુ નિત્ય તારી પાસે જ રહેશે. નકુલ, સહદેવ, દ્રૌપદીના પાંચ પુત્રો, પાંચાલો, મહારથી શિખંડી, હું, સર્વ અંધકો, યાદવો, સર્વ તારા અનુયાયી થશે.

તું જપ, હોમ તથા અનેક પ્રકારનાં મંગળકાર્યો કરતો પાંડવભાઇઓની સાથે રાજ્યનો ઉપભોગ કર.

તું નક્ષત્રોથી વીંટાયેલા ચંદ્રમાની પેઠે પાંડવોથી વીંટાઇને રાજ્ય કર અને કુંતીને આનંદ આપ. તારા મિત્રો રાજી બનો, શત્રુઓ વ્યથા પામો, અને આજે પાંડવભાઇઓની સાથે તારા બંધુપ્રેમનું અનુસંધાન સધાવ.

શ્રીકૃષ્ણના વચનોને સાંભળીને કર્ણે કહ્યું કે તમે મને જે કહ્યું છે તે પ્રેમથી, મિત્રતાથી અને મારા કલ્યાણની ઇચ્છાથી જ કહ્યું છે. ધર્મશાસ્ત્રના નિયમ પ્રમાણે અને તમે માનો છો તેમ ધર્મ વડે હું પાંડુનો પુત્ર છું, એ જાણું છું. કુંતીએ કન્યાવસ્થામાં સૂર્યથી મારો જન્મ થયા પછી સૂર્યનાં વચનથી મને છોડી દીધેલો.

અધિરથ સૂત મને જોતાં જ પોતાને ઘેર લઇ ગયો અને સ્નેહપૂર્વક તેણે મને રાધા દાસીને સોંપ્યો.

અધિરથ સૂત મને પોતાનો જ પુત્ર ગણે છે, અને હું પણ સ્નેહને લીધે તેને પિતા તરીકે જ જાણું છું.

હું યૌવન આવતાં સૂતના કુળમાંની કન્યાને પરણી શક્યો છું.

હું આખી પૃથ્વીના લાભથી, સુવર્ણના ઢગલાઓથી, હર્ષથી અથવા ભયથી, તેમના સ્નેહનો ત્યાગ કરવા માગતો નથી. વળી મેં દુર્યોધનના આશ્રયથી ધૃતરાષ્ટ્રના કુળમાં તેર વરસ સુધી નિષ્કંટક રાજ્યને ભોગવ્યું છે.

દુર્યોધને મને મિત્ર તરીકે મેળવીને શસ્ત્ર ઉઠાવવાનો ઉત્સાહ ધારણ કર્યો છે, અને પાંડવોની સાથે વિરોધ કર્યો છે. સંગ્રામ શરૂ થયા પછી અર્જુનની સાથે દ્વન્દ્વયુદ્ધમાં આગળ કરવા દુર્યોધને મને જ નક્કી કરી રાખ્યો છે. હું વધ, બંધન, ભય અથવા લોભને લીધે પણ બુદ્ધિમાન દુર્યોધનનું અમંગલ થાય એવું વર્તન કરવા નથી ઇચ્છતો.

આપણી વચ્ચે થયેલી ગુપ્તવાતને તમે અહીં જ છોડી દેજો. કારણ કે યુધિષ્ઠિર જો હું કુંતીનો પહેલા ખોળાનો પુત્ર છું એમ જાણશે તો પછી રાજ્ય ગ્રહણ નહીં કરે. વળી મને તે મહાન સમૃદ્ધિયુક્ત રાજ્ય મળે તો

પણ હું તો તે દુર્યોધનને જ આપવાનો છું. હું ઇચ્છું કે કૃષ્ણ જેના નેતા છે, અર્જુન જેનો યોદ્ધો છે, તે ધર્માત્મા યુધિષ્ઠિર જ રાજા બને.

મેં દુર્યોધનને સારું લગાડવા માટે પાંડવોને જે કડવાં વચનો કહ્યાં છે તે દુષ્કર્મથી હું સંતાપ પામું છું.

શ્રીકૃષ્ણે કહ્યું કે તું રાજ્યપ્રાપ્તિના ઉપાયને સ્વીકારતો નથી અને મારી આપેલી પૃથ્વીનું રાજ્ય કરવા ઇચ્છતો નથી ત્યારે પાંડવોનો અવશ્ય જય થશે એમાં કોઇ પણ જાતનો સંદેહ નથી.

તું અહીંથી જઇને દ્રોણને, ભીષ્મને તથા કૃપાચાર્યને કહેજે કે આજથી સાતમે દિવસે અમાવાસ્યા આવશે તે તિથિએ સંગ્રામની યોજના કરો.

દુર્યોધનને અધીન થઇને તેને અનુસરનારા રાજાઓ અને રાજપુત્રો શસ્ત્રથી મરણ પામીને ઉત્તમ ગતિ પામશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩૮. કર્ણ અને કુંતી

શ્રીકૃષ્ણ કર્ણને સમજાવીને પાંડવોના પક્ષમાં પ્રવેશ કરાવવાના કાર્યમાં સફળ ના થઇ શક્યા તે પછી કુંતીએ કર્ણની પાસે પહોંચીને એના જન્મની સત્ય હકીકતથી માહિતગાર કરવાનો ને પાંડવો પ્રત્યે વાળવાનો પ્રયત્ન કરી જોયો.

એ પ્રયત્ન પ્રામાણિક તથા પ્રેમપૂર્વકનો હોવાં છતાં સમયસરનો હોવાને બદલે મોડો હતો.

તટસ્થાપૂર્વક વિચારતાં એવું લાગ્યા વિના નથી રહેતું.

કુંતીએ કર્ણની આગળ એના જન્મનું રહસ્યોદઘાટન દ્રૌપદીના સ્વયંવર વખતે કે તે પહેલાં જ કર્યું હોત તો પરિસ્થિતિ કદાચ જુદી હોત. પાંડવોને પણ એવા રહસ્યોદઘાટનથી લાભ થયો હોત.

પરંતુ હવે તો ઘણું મોડું થઇ ગયેલું.

છતાં પણ કુંતીએ માતા તરીકેના મમત્વ તથા સંવેદનથી પ્રેરાઇને પ્રયત્ન કરી જોયો.

એ પ્રયત્ન પાર વિનાની શક્યતાઓથી ભરેલો અને મૂલ્યવાન હતો.

કર્ણના જન્મની ગૂઢ રહસ્યવાતને એટલાં બધાં વરસો સુધી અંતરમાં સંઘરી રાખીને અન્યને અજ્ઞાત રાખીને જીવવામાં કુંતીને કાંઇ ઓછું કષ્ટ નહિ પડયું હોય; ઓછું તપ નહિ કરવું પડયું હોય.

એ પોતાના કાર્યને પાર પાડવા માટે પવિત્ર ગંગાતટ પર પહોંચી ગઇ.

ત્યાં ગંગાતીર પર એણે દયાળુ તથા સત્ય પ્રતિજ્ઞાવાળા પોતાના પુત્રના વેદાધ્યયનનો ઘોષ સાંભળ્યો. કર્ણ ઊંચા હાથ રાખીને, પૂર્વ તરફ મુખ કરીને, ઊભો રહીને જપ કરતો હતો. તેના એ જપની સમાપ્તિની વાટ જોતી તપસ્વિની કુંતી, પોતાના કાર્યને માટે તેની પાછળ જઇને ઊભી રહી.

નિયમિત વ્રતવાળો કર્ણ દિવસના પાછલા ભાગ સુધી જપ કરીને પાછો ફર્યો ત્યારે કુંતીને અવલોકીને આશ્ચર્ય પામ્યો. તેને તેણે બે હાથ જોડીને પ્રણામ કર્યા.

કુંતીએ કર્ણને કહ્યું કે તું કુંતીનો પુત્ર છે; રાધાનો પુત્ર નથી. અધિરથ તારા પિતા નથી. તું સૂતકુળમાં જન્મ્યો નથી. તું તારા સાચા ભાઇઓને ઓળખ્યા વિના અજ્ઞાનથી ધૃતરાષ્ટ્રના પુત્રોની સેવા કરે છે તે યોગ્ય નથી. પુત્રે અનન્ય દૃષ્ટિવાળી માતાને સંતોષવી એ જ એનો પરમ ધર્મ છે. પૂર્વે અર્જુને સંપાદન કરેલી પણ પછી દુષ્ટ કૌરવોએ લોભથી હરી લીધેલી યુધિષ્ઠિરની રાજ્યલક્ષ્મીને તું પાછી કૌરવો પાસેથી ખૂંચવી લઇને તેનો ઉપભોગ કર. કર્ણ અને અર્જુનની જોડી થાય તો કશું પણ અસંભવ નહીં રહે.

કુંતીએ એ પ્રમાણે કહ્યું ત્યારે કર્ણે સૂર્યમંડળમાંથી નીકળેલી સૂર્યે ઉચ્ચારેલી વાણીને સાંભળી કે કર્ણ ! પૃથાએ સત્ય વાત કહી છે. તું માતાના વચન પ્રમાણે ચાલ. તે પ્રમાણે આચરણ કરવાથી તારું કલ્યાણ થશે.

તોપણ સત્યધૈર્યવાળા કર્ણની બુદ્ધિ ડગી નહીં.

એણે કુંતીને જણાવ્યું કે હવે તારી આજ્ઞા પ્રમાણે વર્તવાથી અધર્મ થશે. હું ક્ષત્રિય જાતિમાં ઉત્પન્ન થયો હતો તો પણ તારે લીધે મને ક્ષત્રિયોની સત્ક્રિયાનો લાભ ના મળ્યો. જ્યારે મને ક્ષત્રિયોને યોગ્ય સંસ્કાર કરવાનો સમય હતો ત્યારે તેં મારો ત્યાગ કર્યો. હવે સંસ્કારનો સમય વીતી ગયા પછી આજે તું પોતાના

કાર્યને માટે મને પ્રેરણા કરે છે ! પૂર્વે તેં પ્રથમથી જ માતાની પેઠે મારું હિત કર્યું નહીં; અને આજે કેવળ પોતાના હિતને માટે તું મને પુત્ર તરીકે બોલાવે છે. હવે યુદ્ધ સમય સમીપ આવતાં હું ભાઇ તરીકે પ્રકટ થઇને પાંડવોની પાસે જઉં તો ક્ષત્રિયમંડળ મને શું કહેશે ? ધૃતરાષ્ટ્રના પુત્રોએ આજ સુધી મને સર્વ વૈભવો અર્પણ કર્યા છે અને મારું સારી રીતે સન્માન કર્યું છે. તે ઉપકારને હું કેવી રીતે નિષ્ફળ કરું ? તેમના મનોરથને હું કેવી રીતે ભાંગી નાખું ?

દુર્યોધનથી આજીવિકા મેળવનારાઓ માટે તેના ઋણમાંથી છૂટવાનો આ સમય છે. એ સમયમાં મારે પણ પ્રાણની દરકાર ના રાખતાં તેનું ઋણ અદા કરવું જોઇએ. અસ્થિર ચિત્તવાળા પાપી મનુષ્યો સ્વામીએ તેમને સારી રીતે પોષણ આપીને કૃતાર્થ કર્યો હોય તો પણ સ્વામીનું કાર્ય આવી પડતાં તેના તરફ દૃષ્ટિ રાખતા નથી અને વિરુદ્ધ થઇને બેસે છે. તે નિમકહરામ સ્વામીદ્રોહી તથા પાપીઓને આ લોકમાં સુખ નથી સાંપડતું; તથા પરલોક પણ નથી મળતો. હું ધૃતરાષ્ટ્રના પુત્રોને માટે સંપૂર્ણ બુદ્ધિબળ અને શક્તિનો આશ્રય કરીને તારા પુત્રોની સાથે યુદ્ધ કરીશ.

તો પણ તારો ઉદ્યોગ મિથ્યા નહીં થાય એટલું વચન આપું છું. સંગ્રામમાં તારા વધ કરવા યોગ્ય અને હણી શકાય એવા પુત્રોને પણ હું મારીશ નહીં. યુધિષ્ઠિરની સેનામાં એક અર્જુન સિવાય બીજાની સાથે હું યુદ્ધ નહીં કરું. માત્ર અર્જુનની સાથે જ યુદ્ધ કરીશ. કારણ કે સંગ્રામમાં અર્જુનને મારવાથી મારું જીવન સફળ થશે; અને અર્જુનને હાથે હું મરીશ તો મને યશ મળશે. આમ તારા પાંચ પુત્રો કાયમ રહેશે. અર્જુન મરશે તો મારી સાથે તારા પાંચ પુત્રો કાયમ રહેશે અને હું મરીશ તો અર્જુન સાથે પાંચ જીવતા રહેશે.

કર્ણના એવાં વચનોને સાંભળીને કુંતી કર્ણને આલિંગન આપીને બોલી કે કર્ણ ! તું કહે છે તેમ જ થશે. કૌરવોનો સંહાર થશે, કારણ કે દૈવ અતિ બળવાન છે. તેં તારા ચાર ભાઇઓને યુદ્ધમાં જતા કરવાનું અભયવચન આપ્યું છે તેનું તું યથાર્થ રીતે પાલન કરજે. તારું આરોગ્ય અખંડ રહો અને કલ્યાણ થાવ.

કર્ણના કુંતી સાથેના સંવાદ પરથી સમજાય છે કે કર્ણને કુંતીએ પ્રથમથી જ ત્યાગવાને બદલે, કે એના આવિર્ભાવને અંધકારમાં રાખવાને બદલે, પાળ્યોપોષ્યો હોત કે પાછળથી પણ સત્ય વાતથી સુપરિચિત કર્યો હોત તો કર્ણનું મન જરૂર બદલાયું હોત. હવે તો કર્ણ પોતાને પોષનાર ને બધી રીતે બળવાન બનવા માટે મદદ કરનારા દુર્યોધનને વળગી રહેવા માગે છે. એના દૃષ્ટિબિંદુને એણે સ્પષ્ટ કર્યું છે. એ છતાં પણ એ એની મહાનતા છે કે એણે અર્જુન સિવાયના અન્ય પાંડવો સાથે યુદ્ધ કરવાના અને એમને મારવાના મનોરથોનો ત્યાગ કર્યો. એ ત્યાગ કાંઇ નાનોસૂનો ન હતો.

કર્ણના વ્યક્તિત્વની એ વિશેષતા હતી. એની ઉદાતત્તા, ઉદારતા તથા વિશાળતા.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩૯. બલરામની તીર્થયાત્રા

મહાભારતના મહાભીષણ મહાયુદ્ધની પૂર્વભૂમિકા એવી રીતે તૈયાર થઇ.

પાંડવસૈન્યના સાત સેનાપતિ તરીકે દ્રુપદ, વિરાટ, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, સાત્યકિ, ધૃષ્ટકેતુ અને સહદેવને નીમવામાં આવ્યા.

સૈન્યના સરસેનાપતિ તરીકે ધૃષ્ટદ્યુમ્નની નિયુક્તિ થઇ.

કૌરવસૈન્યના અગિયાર સેનાપતિ તરીકે પસંદગી પામેલા વીરયોદ્ધાઓ આ પ્રમાણે હતાઃ દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, શલ્ય, સિંધુદેશનો રાજા જયદ્રથ, કૃતવર્મા, કાંબોજ સુદક્ષિણ, અશ્વત્થામા, કર્ણ, ભૂરિશ્રવા, શકુનિ અને મહાબળવાન બાહલીક.

એ સૌના સરસેનાપતિ તરીકે ભીષ્મપિતામહ પસંદગી પામ્યા.

એ વખતે કૃષ્ણના મોટાભાઇ બલરામનો અભિગમ કેવો હતો તે ખાસ જાણવા જેવું છે.

તે મહાવિનાશક યુદ્ધને સમીપમાં આવી પહોંચેલું જોઇને નીલવર્ણનાં રેશમી વસ્ત્રોને પહેરનારા, કૈલાસના શિખર જેવા ભવ્ય, પ્રચંડ બાહુવાળા, ખેલ કરતા સિંહના જેવી ગતિવાળા અને મદ વડે આંખના લાલ છેડાવાળા બલરામ પાંડવોની છાવણીમાં પહોંચ્યા.

તેમની સાથે વાઘ જેવા બળવાન અક્રુર, ગદ, સાંબ, ઉદ્ધવ, રુકમણીપુત્ર, આહુકના પુત્રો તથા ચારુદેષ્ણ જેવા યાદવવંશી વીરો હતા.

મરુદ ગણો જેમ ઇન્દ્રનું રક્ષણ કરે તેમ તેઓ તેમનું રક્ષણ કરતા હતાં.

બલદેવને જોતાં જ ધર્મરાજા, મહાકાંતિમાન કેશવ, ગાંડીવધારી અર્જુન, ભયંકર કર્મ કરનારા ભીમસેન અને બીજા જે કોઇ રાજાઓ ત્યાં હતા તે સર્વે ઊભા થયા. તેમણે બલરામનો સત્કાર કર્યો. વાસુદેવ વિગેરે સૌએ તેમને પ્રણામ કર્યા.

શત્રુદમન બલરામે પણ વૃદ્ધ વિરાટને તથા દ્રુપદને પ્રણામ કર્યા. પછી તે યુધિષ્ઠિરની સાથે આસન ઉપર બેઠા. એટલે સર્વ રાજાઓ પણ એમની આસપાસ બેઠા.

તે સમયે રોહિણીનંદન બલરામ શ્રીકૃષ્ણ તરફ જોઇને બોલ્યા કે હવે આ દારુણયુદ્ધ આરંભાશે અને તેમાં અસંખ્ય વીરપુરુષોનો મહાભયંકર સંહાર થશે. હું આ કાર્યને ખરેખર દૈવે કરેલું માનું છું; અને તે કોઇથી પણ ફેરવી શકાય તેવું નથી. આથી હું ઇચ્છું છું કે તમે સર્વ સંબંધીઓ સાથે યુદ્ધસાગરમાંથી પાર ઊતરો અને હું તમને સર્વને રોગરહિત, નહિ ઘવાયેલા શરીરવાળા, અને યુદ્ધમાં વિજયી થયેલા જોઉં. આ એકઠા મળેલા પૃથ્વીના ક્ષત્રિયો ખરેખર કાળ વડે પરિપક્વ થઇ ગયા છે એટલે અહીં માંસ તથા રુધિરનો કાદવ થઇ જાય એવો ભયંકર વિનાશ થશે. મેં વાસુદેવને એકાંતમાં વારંવાર કહ્યું હતું કે તું આપણા સંબંધીઓમાં સમાનવૃત્તિથી વર્તજે. આપણે માટે તો જેવા પાંડવો છે તેવો જ રાજા દુર્યોધન પણ છે. તેને પણ સહાય કરવી જોઇએ. કારણ કે તે પણ વારંવાર સહાય માટે વિનતિ કરવા આવે છે. છતાં પણ મધુસૂદને મારું કહેલું કર્યું નથી. એક અર્જુન તરફ જોઇને તેણે પોતાનું તન, મન, ધન તેમને જ અર્પણ કરી દીધું છે. આ ઉપરથી

અવશ્ય પાંડવોનો જય થશે, એમ હું માનું છું. વાસુદેવનો પણ એવો જ આગ્રહ જણાય છે. હું કૃષ્ણની ઇચ્છાને અનુસરું છું. ગદાયુદ્ધમાં કુશળ ભીમ અને દુર્યોધન બંને વીરો મારા શિષ્યો છે. અને તેથી તે બંને પ્રત્યે મારો સમાન સ્નેહ છે. કૌરવોનો મારા દેખતાં નાશ થાય અને તેને હું જોઇ રહું એ વાત અશક્ય છે. માટે હું સરસ્વતીના તીર્થોનું સેવન કરવા માટે પ્રયાણ કરું છું.

એ પ્રમાણે કહીને બલરામે પાંડવોની રજા લઇને તથા વળાવવા આવેલા શ્રીકૃષ્ણને પાછા વાળીને, તીર્થયાત્રા માટે પ્રયાણ કર્યું.

બલરામે તીર્થયાત્રા માટે પ્રયાણ કર્યું અને કૌરવો-પાંડવોના ભાવિ યુદ્ધમાં ભાગ ના લેવાનો નિર્ણય કર્યો એ શું સૂચવે છે ? એ જ કે મહાભારતના મહાયુદ્ધમાં એ તટસ્થ રહેવાનો સંકલ્પ કરી ચૂકેલા. એ સંકલ્પને એ અનુસર્યા. એવો જ સંકલ્પ પાંડવો અને કૌરવોના શસ્ત્રાસ્ત્ર વિદ્યાગુરુ દ્રોણ તથા કૃપાચાર્યે અને વડીલ, પરમહિતચિંતક જેવા ભીષ્મપિતામહે પણ કર્યો હોત તો ? તો મહાભારત યુદ્ધનું પરિણામ જુદું જ આવત. યુદ્ધનો આરંભ દુર્યોધનની દુર્બુદ્ધિને લીધે થયો એ વાતને યથાર્થ માનીએ તો પણ, યુદ્ધને આરંભવા માટે દુર્યોધનને ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય જેવા પરમશક્તિશાળી મહારથીઓની મદદનો વિશ્વાસ પણ મહત્વના પ્રેરક પરિબળ તરીકે કામ કરી ગયો, એ વાત નિર્વિવાદ છે.

પોતાને જે આદર્શ અથવા અભિનંદનીય ના લાગતું હોય તે કાર્યને કરવું તો નહીં જ પરંતુ એને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર પણ ના આપવો એવી નીતિ જો સમાજના સમજુ માનવો અપનાવે તો મોટાભાગનાં ઘર્ષણો તથા યુદ્ધો અથવા અન્યાયકાર્યો દૂર થઇ જાય.

☼ ☼ ☼ ☼ ☼

# ભીષ્મ પર્વ

# ૧૪૦. મહાભારતયુદ્ધની વિશિષ્ટતા

વર્તમાનકાળમાં જે નાનામોટાં યુદ્ધો થાય છે અને ભૂતકાળમાં જે યુદ્ધો થયાં હતાં તેમનો તટસ્થ રીતે વિચાર કરવાથી સમજાય છે કે તેમનાં કરતાં મહાભારતનું મહાયુદ્ધ કાંઇક અંશે જુદું પડી આવતું હતું.

એ યુદ્ધ વિપક્ષો વચ્ચેની પારસ્પરિક વાટાઘાટોના સઘળા દરવાજા બંધ થઇ ગયા તે પછી, અન્ય કોઇ વિકલ્પ ના રહેવાથી, છેવટના એકમાત્ર સાધન તરીકે, આદર્શ અથવા સિદ્ધાંતની સુરક્ષા માટે, કરવામાં આવેલું. એવી રીતે એ ધર્મયુદ્ધ અથવા કૌરવોના અધર્મના સામેનું યુદ્ધ તો હતું જ, પરંતુ એની સાથે ધર્મ કે નીતિના સર્વસામાન્ય સિદ્ધાંતો કે નિયમોની મર્યાદામાં રહીને કરાયલું યુદ્ધ પણ હતું, એ વાતની પ્રતીતિ મહાભારતના ભીષ્મપર્વના પ્રથમ અધ્યાયના વિવરણ પરથી સહેલાઇથી થઇ રહે છે.

એ વિવરણમાં જણાવવામાં આવે છે કે -

કૌરવો, પાંડવો તથા સોમકોએ મળીને યુદ્ધના નિયમો કર્યા તેમજ ધર્મોના આ પ્રમાણે નિર્ણયો બાંધ્યા.

શાસ્ત્રવિહિત યુદ્ધ બંધ પડે એટલે આપણી વચ્ચે પરસ્પર પ્રીતિ જ રહે.

સમાન બળવાળાએ સમાન બળવાળા સાથે જ યુદ્ધ કરવું અને કોઇની પણ સાથે અન્યાયપૂર્વક યુદ્ધ કરવું નહીં.

વાણીથી યુદ્ધ ચાલતું હોય તો વાણીથી જ ઉત્તર આપવો.

જેઓ સેનાની વચ્ચેથી બહાર નીકળી ગયા હોય તેમને ક્યારેય હણવા નહીં.

રથી સાથે રથીએ યુદ્ધ કરવું. ગજારોહી સાથે ગજારોહીએ યુદ્ધ કરવું. ઘોડેસવાર સાથે ઘોડેસવારે યુદ્ધ કરવું અને પદાતિએ પદાતિ સાથે યુદ્ધ કરવું.

યોગ્યતા, ઇચ્છા, ઉત્સાહ અને બળમાં યોગ્ય હોય એવા યોદ્ધાને આમંત્રીને એના પર પ્રહાર કરવો પણ વિશ્વાસે રહેલાને અને વિહ્વલ થયેલાને પ્રહાર કરવો નહીં.

અન્યની સાથે જોડાયેલાને, શરણે આવેલાને, યુદ્ધથી વિમુખ બનેલાને, શસ્ત્રહીન અને કવચરહિત થયેલાને, ક્યારેય હણવો નહીં.

સુતોને, રાવતોને, શાસ્ત્રો લાવી આપનારાઓને, તેમ જ ભેરી અને શંખ વગાડનારાઓને કદી પણ મારવા નહીં.

એ ઉપરાંત અત્યારના યુદ્ધની પેઠે મહાભારતનું એ યુદ્ધ રાતે નહોતું લડાતું. સંધ્યા સાથે યુદ્ધ બંધ કરવામાં આવતું. એમાં સ્ત્રીઓ ભાગ નહોતી લેતી. સવાર પડતાં યોદ્ધાઓ પોતપોતાના નિત્યકર્મથી નિવૃત્ત થઇને એનો આશ્રય લેતાં.

યુદ્ધ જ્યાં ત્યાં નહોતું કરાતું. એને માટે બન્ને પ્રતિસ્પર્ધી પક્ષોની સંમતિથી અથવા અન્યથા એક યુદ્ધસ્થાનને નક્કી કરવામાં આવતું. નગરો અને ગામોની વિશાળ વસતિને એની અસરથી દૂર રાખવામાં આવતી. યુદ્ધ પૂરું થયા પછી સૈનિકો ઘવાયેલા યોદ્ધાઓને જોવા જતા.

આજે તો યુદ્ધના કોઇ નિશ્ચિત નિયમો જ નથી રહ્યા એમ કહીએ તો ચાલે. એટલે આજનાં યુદ્ધો મોટે ભાગે આસુરી થયાં છે. એમાં હોસ્પિટલો, પાણી તથા વીજળીના પુરવઠાનાં સાધનો, ઉભા પાક, સ્કુલો અને નગરોનો નાશ કરવામાં આવે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪૧. મહર્ષિ વ્યાસની દિવ્ય શક્તિ

તપશ્ચર્યાના એકધારા અનુષ્ઠાનથી અથવા આત્મવિકાસની સાધનાના સર્વોત્તમ સુમેરુ શિખર સર કરવાથી માનવની મહામૂલ્યવાન સુષુપ્ત શક્તિઓ ખીલી ઉઠે છે.

એ શક્તિઓના ઓછાવત્તા પરિચયમાં આવનારા એમના શ્રવણ, સ્મરણ અને અનુભવથી આશ્ચર્યચક્તિ અથવા મંત્રમુગ્ધ બને છે.

એવી અસાધારણ શક્તિઓ કોઇની પાસે હોઇ શકે કે કેમ તે સંબંધી સંભ્રમમાં પણ પડે છે.

એવી અસાધારણ શક્તિઓનું વર્ણન ધર્મગ્રંથોમાં કરવામાં આવ્યું છે અને મહાપુરુષોના જીવનમાં પણ જોવા મળે છે.

દૂરનાં દૃશ્યોને દેખી શકાય, દૂરના શબ્દોને સાંભળી શકાય, અને પોતાના સંદેશને દૂર-સુદૂર સુધી પહોંચાડી કે સંભળાવી શકાય, એવી શક્યતાને સાર્થક કરતી અથવા વાસ્તવિક ઠરાવતી ટેલિવિઝનની, ટેલિફોનની તથા ટેલિગ્રામની શોધ કરીને વિજ્ઞાને શક્તિની સંપ્રાપ્તિની એ દિશામાં રહેલી શક્યતા પ્રત્યે અંગુલિનિર્દેશ કરી બતાવ્યો છે.

જે બાહ્ય સાધનોની સહાયતાથી સાધી શકાય તેની સિદ્ધિ અંતરંગ સાધનાત્મક અભ્યાસક્રમની મદદથી પણ થઇ શકે. એમાં ના માનવા જેવું કશું નથી.

મહાભારતમાં વર્ણવ્યા પ્રમાણે મહર્ષિ વ્યાસ એવી સવિશેષ શક્તિથી સંપન્ન હતા.

એથી આગળ વધીને કહીએ તો કહી શકાય કે એમની શક્તિ એથી પણ અધિક હતી.

એ બીજાને એવી વિશિષ્ટ શક્તિથી સંપન્ન કરી શકતા.

માનવે - કોઇ પણ મહામાનવે સ્વયં શક્તિથી સંપન્ન થવું એ એક વાત છે અને અન્યને અનુગ્રહથી અથવા આશીર્વાદથી એ શક્તિથી સંપન્ન બનાવવા એ બીજી જ વાત છે.

એ વસ્તુ સૌમાં જોવા નથી મળતી.

મહર્ષિ વ્યાસની એવી અલૌકિક આત્મશક્તિનો ઉલ્લેખ મહાભારતના ભીષ્મપર્વના પ્રારંભમાં સારી રીતે કરવામાં આવ્યો છે. એમાં કહેવામાં આવ્યું છે કે

સર્વ વેદવેત્તાઓમાં શ્રેષ્ઠ, સત્યવતીના સુપુત્ર, ભગવાન મહર્ષિ વ્યાસે પૂર્વ તથા પશ્ચિમ દિશામાં ઊભેલાં સૈન્યોને જોયાં.

ततः पूर्वापरे सैन्ये समीक्ष्य भगवाननृषिः ।

सर्ववेदविदां श्रेष्ठो व्यासः सत्यवतीसुतः ॥ અધ્યાય ૨, શ્લોક ૧

ભૂત, વર્તમાન તથા ભવિષ્યને જાણનારા મહર્ષિ વ્યાસ ભાવિ મહાસંગ્રામમાં થનારા ઘોર વિનાશને વિલોકવા લાગ્યા.

એમણે પોતાના પુત્રોના-ખાસ કરીને દુર્યોધનના અસાધારણ અનર્થકારક અન્યાયને વિચારી રહેલા, શોકમાં મગ્ન બનેલા, દુઃખી થયેલા ધૃતરાષ્ટ્રને એકાંતમાં જણાવ્યું કે તારા પુત્રો તથા બીજા રાજાઓ કાળથી ઘેરાઇ ગયા છે. એકબીજાની સામે યુદ્ધે ચઢીને તે સર્વસંહારની મહાભયંકર અતૃપ્ત અગ્નિજ્વાળાને જગાવી

બેઠા છે. એમના વિનાશને વિચારીને કાળની ગતિ બદલાઇ છે અને વિપરીત છે એવું સમજીને તું શોક ના કરીશ.

તું જો સંગ્રામને જોવા ઇચ્છતો હોય તો હું તને દૈવી દૃષ્ટિદાન કરું છું. તેની મદદથી ત્યાં ચાલી રહેલા યુદ્ધને પ્રત્યક્ષ પેખી શકાશે.

ધૃતરાષ્ટ્રે કહ્યું કે સગાવહાલાના વધને જોવાની મને રુચિ નથી એટલે મારે દિવ્ય દૃષ્ટિ નથી જોઇતી. તમારા તેજના પ્રભાવથી હું એ યુદ્ધના સમાચારને સાંભળવાની ઇચ્છા રાખું છું.

ધૃતરાષ્ટ્રે એ રીતે યુદ્ધને જોવાની અનિચ્છા બતાવી, અને તેને સાંભળવા માટે ઇચ્છા કરી ત્યારે વરદાન આપવામાં સમર્થ મહર્ષિ વ્યાસે સંજયને અમોઘ આશીર્વાદ આપ્યો અને અલૌકિક વરદાન પ્રદાન કર્યું.

એમણે સ્પષ્ટીકરણ કર્યું કે સંજય તને યુદ્ધના સર્વ સમાચારો સંભળાવશે. સમગ્ર સંગ્રામમાં એને એકે વાત પરોક્ષ રહેશે નહીં. હે રાજન્ ! સંજયને દિવ્યદૃષ્ટિ રહેશે. તે સર્વજ્ઞ થશે. અને તે તને યુદ્ધનો સર્વ વૃતાંત કહેશે. ખુલ્લામાં થયું હશે કે ખાનગીમાં થયું હશે, દિવસે થયું હશે કે રાતે થયું હશે; અરે માત્ર મનમાં જ ધાર્યું હશે; એ બધું જ સંજય જાણી લેશે. સંજયને કોઇ શસ્ત્રો છેદી ના શકશે. કોઇ શ્રમ પણ બાધા ના કરી શકશે. યુદ્ધમાંથી એ જીવતો છૂટી આવશે. હું સર્વ કૌરવ-પાંડવોના કિર્તિગાનને વિસ્તારીશ. તું શોક કરીશ નહીં. એ થવા કાળ છે એનો શોક કરવો યોગ્ય નથી. વળી તે ટાળ્યું ટળે એમ નથી. જ્યાં ધર્મ હશે ત્યાં જ વિજય રહેશે.

કુરુઓના પ્રપિતામહ મહાભાગ્યવંતા વ્યાસ ભગવાને ધૃતરાષ્ટ્રને એ પ્રમાણે કહ્યું અને જણાવ્યું કે આ યુદ્ધમાં મહાસંહાર થશે. કેમકે હું અહીં એવાં ભયંકર ચિન્હોને જોઇ રહ્યો છું. બાજો, ગીધો, કાગડાઓ, કંકો અને બગલાઓ ઝાડની ટોચો ઉપર ઊતરે છે, અને ટોળાબંધ જમાવ કરે છે. યુદ્ધથી આનંદમાં આવેલાં એ પક્ષીઓ રણભૂમિ તરફ ટાંપ્યા કરે છે. તેથી માંસાહારી પ્રાણીઓ, હાથીઓ અને ઘોડાઓના માંસો ખાશે જ ખાશે. ભયંકર અને ભયસૂચક કંક પક્ષીઓ ચીરી નાખતી ચિચિયારીઓ કરે છે તથા રણભૂમિની વચ્ચે થઇને દક્ષિણ દિશા તરફ ચાલ્યા જાય છે. પૂર્વપશ્ચિમના બન્ને સંધ્યાકાળે, સૂર્યના ઉદય અને અસ્તની વેળાએ, હું સૂર્યને માથા વિનાના ધડોથી ઘેરાયેલો જોંઉ છું. એ સંધ્યા સમયે શ્વેત, રક્ત અને કૃષ્ણ એમ ત્રણ વર્ણવાળાં વીજળીભર્યા કૂંડાળા સૂર્યને આવરી રહ્યા છે. તિથિક્ષયના યોગવાળી અમાસે મેં સૂર્ય-ચંદ્રના સંયોગવાળા નક્ષત્રને રાત-દિવસ પાપગ્રહથી ઘેરાયેલું જોયું છે; અને તે ભયકારક થશે. અનેક શૂરવીર રાજપુત્રો, રાજાઓ, અને પૃથ્વીનાથો કપાઇને ભૂમિને આવરીને પથારી કરશે. પૃથ્વી હજારો પૃથ્વીપાલોનાં લોહીનું પાલન કરશે.

મારા કથનને સાંભળીને તમે એવો સમયોચિત વ્યવસાય કરો કે જેથી આ સમસ્ત લોક નાશ પામે નહીં.

આપણને વિચાર થાય કે એવી અલૌકિક આત્મશક્તિથી સંપન્ન મહર્ષિ વ્યાસ અને ભગવાન કૃષ્ણ પણ મહાભારતના મહા ભયંકર યુદ્ધને નિવારી શક્યા નહીં. પરંતુ એ જ સૂચવે છે કે કાળનું કારણ છે. માનવનાં કર્મો તેના સુખદુઃખના કારણ બને છે એ જો સુધરવા ના માગે તો એને કોઇ સુધારી ના શકે.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૪૨. અર્જુનનો વિશ્વાસ

મહાભારતની પ્રાચીન પરંપરાગત કથાને અનુસરીને કહીએ તો, કુરુક્ષેત્રના પરમ-પ્રખ્યાત ઐતિહાસિક મેદાનમાં થયેલા કૌરવ-પાંડવોના મહાભયંકર યુદ્ધ પહેલાં અર્જુનને વિષાદ થયેલો. એ વિષાદને દૂર કરવા ભગવાન કૃષ્ણે શરણાગત આર્ત અર્જુનને ભગવદ્-ગીતાનો જ્ઞાનગર્ભિત શાંતિપ્રદાયક સંદેશ પૂરો પાડયો. એ કથા સુપ્રસિદ્ધ છે. પરંતુ મહાભારત એ કથાના પૂર્વારંભમાં એક બીજી, બહુજન સમાજમાં અજ્ઞાત છતાં પણ અગત્યની કથા તરફ અંગુલિનિર્દેશ કરે છે. એ આશ્ચર્યકારક અંગુલિનિર્દેશ યુધિષ્ઠિરને થયેલા વિષાદ પ્રત્યે કરવામાં આવ્યો છે.

યુધિષ્ઠિરના વિષાદની એ વાત યુધિષ્ઠિરના વ્યકતિત્વને વિચારતાં સહેલાઇથી સમજાય તેવી છે. યુધિષ્ઠિર શાંત, સાત્વિક, સુવિચારશીલ તથા સંવેદનવાળા હતા. એમને એક અથવા બીજા કારણે ઉપરામતા અને વિષાદ થાય એ સ્વાભાવિક છે.

મહાભારતકારે એ વિષાદને વર્ણવતાં જણાવ્યું કે ધૃતરાષ્ટ્રપુત્રોની એકઠી થયેલી શસ્ત્રસજ્જ મહાન સેનાને અવલોકીને કુંતીપુત્ર યુધિષ્ઠિરને વિષાદ થયો.

**बृहतीं धार्तराष्ट्रस्य सेनां दृष्टवा समुद्यताम् ।**
**विषादमगमद्राजा कुमतीपुत्रो युधिष्ठिरः ॥**

ભીષ્મ પર્વ, અધ્યાય ૨૧, શ્લોક ૧

યુધિષ્ઠિરને થયેલા વિષાદનું કારણ કૌરવોના વિશાળ, અતિવિશાળ સૈન્યનું અવલોકન હતું. યુધિષ્ઠિરના કોમળ ચિત્તતંત્ર પર એ સૈન્યાવલોકનની પ્રબળ તથા પ્રતિકૂળ પ્રતિક્રિયા પડી.

એમણે સહજ ભાષામાં કહીએ તો ઊંડા ભયની અથવા આશંકાની લાગણી અનુભવી.

ભીષ્મે રચેલા કૌરવસેનાના અભેદ્ય નામના વ્યૂહને એમણે સાચેસાચ અભેદ્ય જ માની લીધો, અને અર્જુનને સાશંક બનીને કહ્યું પણ ખરું કે હે ધનંજય, હે મહાબાહુ, ભીષ્મ પિતામહ જેવા પરમપ્રતાપી મહાબળવાન મહાયોદ્ધાથી સુશોભિત તથા સુરક્ષિત ધૃતરાષ્ટ્રપુત્રો સાથે આપણે કેવી રીતે લડી શકીશું ? શત્રુઓના સર્વસંહાર કરનારા અનંત તેજવાળા ભીષ્મે આ અચળ અથવા અભેદ્ય વ્યૂહને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે રચેલો છે. એ અમોઘ વ્યૂહમાંથી આપણે શી રીતે છૂટી શકીશું ? આપણા સૈનિકો અસાધારણ સંશયમાં પડી ગયા છે.

અર્જુનને વિષાદમુક્ત બનાવવા માટે ભગવાન કૃષ્ણે ઉપદેશ આપ્યો તેમ, યુધિષ્ઠિરને એમના એ સંશયજનક વિષાદ તથા ભયમાંથી મુક્તિ મેળવવા માટે અર્જુને મહામૂલ્યવાન મદદ કરી.

એ જ અર્જુન પાછળથી વિષાદગ્રસ્ત બની ગયો એ વિધિની કેવી કરુણતા, વિડંબના કે વિચિત્રતા કહેવાય ?

પરંતુ હાલ તો અર્જુને યુધિષ્ઠિર સાથે કરેલા સંભાષણને યાદ કરીએ.

અર્જુને યુધિષ્ઠિરને જણાવ્યું કે વિશેષ પ્રજ્ઞાવાળા, ગુણવાળા તથા વીરતાવાળા ઘણા માનવોને થોડા માનવો કેવી રીતે જીતી શકે છે તે જાણવા જેવું છે. તમે અસૂયારહિત છો તો હું તમને એનું કારણ કહું છું. તે કારણને નારદઋષિ, ભીષ્મ અને દ્રોણાચાર્ય જાણે છે. પૂર્વે, દેવાસુર સંગ્રામમાં પિતામહ બ્રહ્માએ મહેન્દ્ર આદિ દેવોને ઉદ્દેશીને કહ્યું છે કે વિજય ઇચ્છનારાઓ બળથી અને વીર્યથી એવો વિજય પામતા નથી, જેવો સત્યથી, દયાળુતાથી, ધર્મથી અને ઉદ્યમથી પામે છે. તમે ધર્મ તથા અધર્મના સ્વરૂપને યથાર્થ રીતે સમજીને વિજયનો ઉત્તમ લોભ રાખો અને અહંકારને દૂર કરીને યુદ્ધ કરે. કેમ કે જ્યાં ધર્મ છે ત્યાં જય જ છે. યુદ્ધમાં આપણો ચોક્કસ વિજય જ થશે. વળી દેવર્ષિ નારદે કહ્યું છે જ્યાં કૃષ્ણ છે ત્યાં જય જ છે. જય તો કૃષ્ણનો દાસ છે, અને તે તેમની પાછળ પાછળ જાય છે.

જેમ વિજય કૃષ્ણનો એક ગુણ છે, તેમ વિનમ્રતા એમનો બીજો ગુણ છે. ગોવિંદ અનંત તેજવાળા છે. શત્રુઓના સમૂહમાં પણ વ્યથારહિત છે. એ તો સનાતન પુરુષ છે. તેથી જ્યાં કૃષ્ણ છે ત્યાં જય જ છે. પૂર્વે, અક્ષત આયુધવાળા આ વિષ્ણુએ હરિરૂપે અવતારી સુરો તથા અસુરોને પુછયું હતું કે, કોણ જીતશે ? ત્યારે 'અમે શી રીતે જીતવાના !' એમ કહેનારા દેવો જ જીત્યા હતાં. એ હરિના પ્રસાદથી જ ઇન્દ્રાદિ દેવો ત્રિલોકને પામ્યા હતાં. મને લાગે છે કે તમારે ચિંતા કરવાનું કોઇ જ કારણ નથી. વિશ્વભોક્તા ત્રૈલોક્યનાથ હરિ પોતે જ તમારા વિજયની અભિલાષા રાખે છે.

અર્જુનના વાર્તાલાપને સાંભળીને યુધિષ્ઠિરનો વિષાદ દૂર થયો.

એ વાર્તાલાપ દર્શાવે છે કે અર્જુનને ભગવાન કૃષ્ણની ઉપસ્થિતિ, અનુગ્રહ-શક્તિ અને અનુકંપામાં અપાર વિશ્વાસ હતો. એના ઉદગારોમાં એ વિશ્વાસનો રણકો હતો. એ જ વસ્તુ એને માટે અને સમસ્ત પાંડવપક્ષને માટે તારક થઇ પડી.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪૩. દુર્ગાસ્તોત્ર

સંગ્રામમાં સંપૂર્ણ સફળતા મેળવવા અથવા વિજય પ્રાપ્ત કરવા પ્રાચીનકાળમાં દૈવી શક્તિની કૃપાને પામવાનું આવશ્યક મનાતું. દૈવી શક્તિની શરણાગતિભાવ સાથેની પૂજા, ઉપાસના કે સ્તુતિ કેટલેક અંશે અનિવાર્ય લેખાતી.

મહાભારતના મહાભયંકર સંગ્રામને માટે કૌરવોના સુવિશાળ શક્તિશાળી સૈન્યને સુસજ્જ થયેલું નિહાળીને, ભગવાન કૃષ્ણે અર્જુનને પ્રતિસ્પર્ધીઓના પરાજય તથા પાંડવસૈન્યના વિજય માટે દુર્ગાસ્તોત્રનું પારાયણ કે જયગાન કરવાનો આદેશ આપ્યો.

એ આદેશને અનુસરીને અર્જુને દુર્ગાસ્તોત્રનો પાઠ કર્યો.

અર્જુને એના રથમાંથી નીચે ઉતરીને, બે હાથ જોડીને જે દુર્ગાસ્તોત્રનો પાઠ કર્યો તે સ્તોત્રપાઠ એના ભાવાર્થ સહિત આ પ્રમાણે છે--

नमस्ते सिद्धसेनानि आर्ये मंदरवासिनी ।
कुमारि कालि कापालि कपिले कृष्णपिंगले ॥

भद्रकालि नमस्तुभ्यं महाकालि नमोस्तु ते ।
चंडि चंडे नमस्तुभ्यं तारिणि वरवर्णिनि ॥

कात्यायनि महाभागे करालि विजये ज्ये ।
शिखिपिच्छध्वजधरे नानाभरणभूषते ॥

अट्टशूलप्रहरणे खड्गखेटकधारिणि ।
गोपेन्द्रस्यानुजे ज्येष्ठे नंदगोपकुलोदभवे ॥

महिषासूकप्रिये नित्यं कौशिक पीतवासिनी ।
अट्टहासे कोकमुखे नमोस्तेऽस्तु रणप्रिये ॥

उमे शाकंभरि श्वेते कृष्णे कैटभनाशिनि ।
हिरण्याक्षि विरूपाक्षि सुधूम्राक्षि नमोस्तु ते ॥

वेदश्रुतिमहापुण्ये ब्रह्मण्ये जातवेदसि ।
जंबूकटकचैत्येषु नित्यं सन्निहितालये ॥

त्वं ब्रह्मविद्या विद्यानां महानिद्रा च देहिनाम् ।
स्कंदमातर्भगवति दुर्गे कांतारवासिनि ॥

स्वाहाकारः स्वधा चैव कला काष्ठा सरस्वती ।

सावित्री वेदमाता च तथा वेदांत उच्चते ॥

स्तुताऽसि त्वं महादेवि विसुद्धनान्तरात्मना ।
ज्यो भवतु मे नित्यं त्वत्प्रसादद्रणाजिरे ॥

कांतारभयदुर्गेषु भक्तानां चालयेषु च ।
नित्यं वससि पाताले युद्धे जयसि दानवान् ॥

त्वं जंभनी मोहिनी च माया ह्रीः श्रीस्तथैव च ।
संध्या प्रभावती चैव सावित्री जननी तथा ॥

तुष्टिः पुष्टिर्धुतिदीप्तिश्चंद्रादित्यविवर्धिनी ।
भूतिर्भूतिमतां संख्ये वीक्ष्यसे सिद्धचारणै ॥

દુર્ગાસ્તોત્રના એ તેર શ્લોકોનો ભાવાર્થઃ-

હે સિદ્ધસેનાની ! હે આર્યા ! હે મન્દરવાસિની ! હે કુમારી ! હે કાલી ! હે કપિલા ! હે કૃષ્ણપિંગલા ! તમને મારા નમસ્કાર હો.

તમને નમસ્કાર હે ભદ્રકાલી ! તમને નમસ્કાર હે મહાકાલી ! હે ચંડી ! હે ચંડા ! હે તારિણી ! હે વરવર્ણિની ! તમને મારા નમસ્કાર હો.

હે કાત્યાયની ! હે મહાભાગા ! હે કરાલી ! હે વિજ્યા ! હે જ્યા ! હે મોરપીંછની ધજાને ધારણ કરનારાં ! હે વિવિધ આભૂષણથી વિભૂષિત થયેલાં ! હે અતિતીવ્ર શૂલરૂપી આયુધને ધારણ કરનારાં ! હે ખડગ તથા ખેટકને ધારણ કરનારાં ! હે ગોપેન્દ્ર શ્રીકૃષ્ણના નાના બહેન ! હે જયેષ્ઠા ! હે નંદગોપના કુલમાં જન્મેલાં ! હે મહિષાસુરના રક્તની નિત્ય પ્રીતિવાળાં ! હે કુશિક કુલમાં ઉત્પન્ન થયેલાં ! હે પિતાંબરધારિણી ! હે અટ્ટહાસવાળાં ! હે ચક્રના જેવા ગોળ મુખવાળાં ! હે રણપ્રિયા, તમને નમન હો.

હે ઉમા ! હે શાકંભરી ! હે શ્વેતા ! હે કૃષ્ણા ! હે કૈટભનાશિની ! હે હિરણ્યાક્ષી ! હે વિરૂપાક્ષી ! હે સુધૂમ્રાક્ષી ! તમને નમસ્કાર હો.

વેદશ્રુતિમાં મહાપુણ્યરૂપિણી ! બ્રહ્મસ્વરૂપિણી ! ભૂતકાળના જ્ઞાનવાળાં, જંબુદ્રીપની રાજધાનીઓમાં તથા દેવાલયોમાં નિવાસ કરનારા ! તમને મારા નમસ્કાર હો.

વિદ્યાઓમાં તમે બ્રહ્મવિદ્યા છો, દેહધારીઓમાં તમે મહાનિદ્રા (મુક્તિ) છો, હે સ્કંદજનની ! હે ભગવતી ! હે દુર્ગા ! હે કાન્તારવાસિની ! તમને મારાં નમસ્કાર હો.

તમે જ સ્વાહાકાર છો, સ્વધા છો, કલા છો, કાષ્ઠા છો, અને સરસ્વતી છો. તમે જ વેદમાતા સાવિત્રી છો, અને વેદાન્ત તરીકે વખણાવ છો.

હે મહાદેવી ! વિશુદ્ધ અંતઃકરણથી મેં તમારી સ્તુતિ કરી છે તો તમારી કૃપાથી રણસંગ્રામમાં મારો નિત્ય જય થાવ.

તમે વનોમાં, ભયસ્થાનોમાં, દુર્ગમ સ્થળોમાં અને ભક્તોના ધામમાં નિત્ય નિવાસ કરો છો. તમે પાતાલમાં રહીને નિત્ય દાનવોને યુદ્ધમાં જીતો છો.

તમે જ આળસ, મોહિની, માયા, હ્રી અને શ્રી છો. તમે જ સંધ્યા, પ્રભાવતી, સાવિત્રી અને જનની છો.

તુષ્ટિ, પુષ્ટિ, ધૃતિ, તેમ જ ચંદ્ર અને સૂર્યને વધારનારી દીપ્તિ તમે જ છો. તમે જ ઐશ્વર્યવાનોનું ઐશ્વર્ય છો. સિદ્ધો તથા ચારણો સંગ્રામમાં તમારાં જ દર્શન કરે છે.

પૃથાનંદન અર્જુનની ભક્તિને લક્ષમાં લઇને માનવો ઉપર વાત્સલ્ય રાખનારાં દેવી અંતરીક્ષમાં રહીને ગોવિંદની આગળ આવીને ઊભાં રહ્યાં અને કહેવા લાગ્યાં કે, હે પાંડવ ! તું થોડાં જ સમયમાં શત્રુઓને જીતી લેશે. તું નારાયણના સાથવાળો નર છે. રણમાં રિપુઓથી, અરે ! સ્વયં વજ્રધારી ઇન્દ્રથી પણ અજેય છે.

આમ કહી તે વરદાયિની દેવી એક ક્ષણમાં જ અંતર્ધાન થઇ ગયાં.

એ પ્રમાણે વરદાન પામીને કુન્તીપુત્ર અર્જુને પોતાનો વિજય નિશ્ચિત છે એમ માન્યું.

પછી એક રથમાં બેઠેલા શ્રીકૃષ્ણ અને અર્જુને પોતપોતાના દિવ્યશંખોને વગાડયા.

આ સ્તોત્રના પાઠના ફળ પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં કહ્યું કે જે મનુષ્ય પ્રભાતે ઊઠીને આ સ્તોત્રનો પાઠ કરે છે તેને યક્ષો, રાક્ષસો અને પિશાચોનો કદી ભય નથી રહેતો. તેને શત્રુઓ રહેતા નથી, અને સર્પાદિ પ્રાણીઓનો ભય રહેતો નથી. તેને વિવાદમાં વિજય મળે છે, અને તે બંધનમાં પડયા હોય તો તે બંધનમાંથી મુક્તિ મેળવે છે. તે સંકટને અવશ્ય તરી જાય છે. ચોરોથી મુક્ત થાય છે. સંગ્રામમાં નિત્ય વિજય પામે છે, અને નિર્ભેળ લક્ષ્મીને પ્રાપ્ત કરે છે. તે આરોગ્ય અને બળથી સંપન્ન થાય છે, તથા સો વરસનું આયુષ્ય મેળવે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪૪. ભગવદ્ ગીતાનો સમાવેશ

મહાભારતના ભીષ્મપર્વની અંતર્ગત ભગવદ્ ગીતા પર્વ જોવા મળે છે. એમાં ભગવદ્ ગીતાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ભગવદ્ ગીતાને લીધે મહાભારતનો મહિમા વધ્યો છે એવું કહીએ તો ચાલે.

ભગવદ્ ગીતા મહાભારતના મહાગ્રંથનું અનિવાર્ય, અતિશય અગત્યનું અંગ બની ગઇ છે એવું કહેવામાં કોઇ પ્રકારની અતિશયોક્તિ નથી થતી.

ભગવદ્ ગીતાની ભૂમિકા જાણીતી છે.

અર્જુનને કુરુક્ષેત્રના યુદ્ધમેદાનમાં એકઠી થયેલી કૌરવ-પાંડવની પ્રતિસ્પર્ધી સેનાને નિહાળીને વૈરાગ્ય થયો. એ વૈરાગ્ય વાસ્તવિક વૈરાગ્ય નહોતો; સ્મશાનવૈરાગ્ય હતો.

એની પાછળ વિવેક અથવા પ્રજ્ઞાનું પીઠબળ નહોતું; લાગણીવશતાનું તીવ્ર તાંડવ હતું.

એવી સંવેદનશીલતાને માટે અર્જુન કરતાં યુધિષ્ઠિરનું પાત્ર વિશેષ મનાય. તોપણ યુધિષ્ઠિર એની ઉર્મિ, લાગણી કે સંવેદનશીલતાથી મુક્ત રહ્યા.

અર્જુનને એની અત્યાધિક અસર થઇ.

એણે સમયાનુસાર સમુચિત માર્ગદર્શન માટે ભગવાન કૃષ્ણનું શરણ લીધું. સાચા દિલથી પ્રાર્થના કરી.

એ પ્રાર્થનાનો પ્રત્યુત્તર ભગવદ્ ગીતામાં જોવા મળે છે.

એ પ્રાણવાન પુનિત પ્રત્યુત્તરને પામીને અર્જુનનું મન મોહમુક્ત તથા શંકારહિત બન્યું, ભ્રાંતિરહિત થયું, અને એણે યુદ્ધ કરવાની તૈયારી બતાવી.

ગીતાની એ ભૂમિકા અને શક્તિ.

એના સંજીવનપ્રદાયક સદ્ઉપદેશમાં એવી અસાધારણ શક્યતા સમાયલી છે.

એનું સરવૈયું ભગવદ્ ગીતાની ભાષામાં નીચે પ્રમાણે કાઢી શકાયઃ

न योत्सत्य इति गोविंदमुकत्वा तूष्णीं बभूव ह ।

અધ્યાય ૨, શ્લોક ૯.

"મારે યુદ્ધ નથી કરવું, એવું શ્રીકૃષ્ણને કહીને અર્જુન શાંત બની ગયો."

यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे
शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ।

અધ્યાય ૨, શ્લોક ૭

"મારે માટે જે કલ્યાણકારક હોય તે મને નિશ્ચયાત્મક રીતે કહી દો. હું તમારે શરણે આવ્યો છું. મને ઉપદેશ આપવાની કૃપા કરો."

तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व,
जित्वा शत्रन् भुंक्ष्व राज्यं समुद्धम् ।

मयैवैते निहता; पूर्वमेव,
निमित्तमात्रं भव सव्यसाचिन् ॥
અધ્યાય ૧૧, શ્લોક ૩૩

"એટલા માટે હે અર્જુન, તું ઊભો થા, યશ મેળવ. શત્રુઓને જીતીને સમૃદ્ધ રાજ્યનો ઉપભોગ કર. મારા દ્વારા એ બધા પહેલેથી જ હણાઇ ગયા છે. તું તો કેવળ નિમિત્ત થા."

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ।
स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव ॥
અધ્યાય ૧૮, શ્લોક ૭૩

"હે અચ્યુત, આપના અનુગ્રહથી મારો મોહ મટી ગયો, મને સ્મૃતિ સાંપડી, મારા સંદેહ શમી ગયા. હું ઊભો થયો છું. આપના આદેશને એનુસરીશ."

ભગવદ્ ગીતાનો છેલ્લો શ્લોક માનવજાતિને અપાયલા સનાતન સંદેશ સમાન છે.

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥
અધ્યાય ૧૮, શ્લોક ૭૮

"જ્યાં યોગેશ્વર કૃષ્ણ અને કર્તવ્યનિષ્ઠ પુરુષાર્થપરાયણ ધનુર્ધર અર્જુન છે, ત્યાં સંપત્તિ, વિજય, વિભૂતિ અથવા રિદ્ધિસિદ્ધિ અને શાશ્વત સુનિશ્ચિત નીતિ રહે છે, એવો મારો અભિપ્રાય છે."

મહાભારતમાં ભગવદ્ ગીતાનો સમાવેશ ભીષ્મપર્વના ૨૫મા અધ્યાયથી આરંભીને ૪૨મા અધ્યાય સુધી કરાયેલો જોવા મળે છે.

ભગવદ્ ગીતાના મહિમાનું જયગાન ગાતાં સમુચિત રીતે જણાવવામાં આવ્યું છે કે ગીતાને સારી રીતે સમજીને ગાઇને આચારમાં અનુવાદિત કરવી જોઇએ. એવું કરવામાં આવે તો બીજાં શાસ્ત્રોનું કશું જ પ્રયોજન નથી રહેતું. ગીતા સૌના સારરૂપ છે. સર્વ શાસ્ત્રમયી છે. સ્વયં ભગવાન પદ્મનાભના મુખપદ્મમાંથી પ્રાદુર્ભાવ પામી છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪૫. મહાપુરુષોની ઉદારતા

મહાભારતના મહાભીષણ સંગ્રામના પ્રારંભ પહેલાં એક આશ્ચર્યકારક ઘટના બની.

મહાભારતમાં એ ઘટનાનું વર્ણન કરાયલું છે.

સાગર સમાન અવારનવાર ઊછળી રહેલી કૌરવ-પાંડવોની પ્રતિસ્પર્ધી સુવિશાળ સેનાઓને સંગ્રામને માટે સુસજ્જ થયેલી દેખીને યુધિષ્ઠિરે પોતાના કવચને છોડી નાખીને, ઉત્તમ અસાધારણ આયુધોને ઉતારી નાખ્યાં. એમણે રણમાંથી ઊતરી પડીને બે હાથ જોડીને પગપાળા જ ચાલવા માંડયું.

એમણે વાણીને સંયમમાં રાખીને તથા ભીષ્મ પિતામહ તરફ દૃષ્ટિ રાખીને પૂર્વાભિમુખે શત્રુસેનામાં જવા માંડયું.

તેમને એ પ્રમાણે જતા જોઇને ધનંજય રથમાંથી એકદમ નીચે ઊતરી પડયો, અને પોતાના ભાઇઓ સાથે તેમની પાછળ ચાલવા લાગ્યો.

ત્યારે ભગવાન વાસુદેવ પણ એમની પાછળ ચાલ્યા, એટલે બીજા મુખ્ય રાજવીઓ પણ ઉત્સુક ચિત્તે એમને અનુસરવા લાગ્યા.

અર્જુને પૂછ્યું કે તમે શું માંડયું છે ? અમને મુકીને તમે પગપાળા જ પૂર્વાભિમુખે શત્રુસેનામાં જઇ રહ્યા છો.

ભીમસેને જણાવ્યું કે કવચ અને આયુધને ઉતારીને અને સર્વ ભાઇઓને છોડીને, તમે કવચબદ્ધ એવી આ શત્રુસેનાઓમાં કેમ જાવ છો ?

નકુલે કહ્યું કે તમે આવી રીતે ચાલી નીકળ્યા છો તેથી મારું હૃદય ભયથી ભેદાઇ જાય છે.

સહદેવ બોલ્યો કે આ મહાભયંકર સંગ્રામની શરૂઆતમાં તમે અમને મૂકીને શત્રુઓ તરફ કેમ ચાલ્યા?

યુધિષ્ઠિર કશું જ બોલ્યા નહીં અને મૂંગા મૂંગા આગળ ચાલતા રહ્યા. ત્યારે મહા બુદ્ધિમાન મહા મનસ્વી વાસુદેવે તેમને જાણે હસતા હોય તેમ કહ્યું કે મેં યુધિષ્ઠિરના વિચારને કળી લીધો છે. એ ધર્મરાજ ભીષ્મ, દ્રોણ, ગૌતમવંશી કૃપ અને શલ્ય આદિ સર્વગુરુજનોની અનુમતિ વિના જ યુદ્ધ કરવા ઇચ્છે છે. જે મનુષ્ય ગુરુજનોની અનુમતિ વિના જ યુદ્ધ કરે છે તે મહાપુરુષોની ધૃણાને નોતરે છે; પરંતુ જે મનુષ્ય શાસ્ત્રાનુસાર સંમતિ મેળવીને મહાન પુરુષો સાથે યુદ્ધ કરે છે તેનો યુદ્ધમાં વિજય થાય છે.

ભાઇઓથી વીંટાયેલા યુધિષ્ઠિરે બાણો અને શક્તિઓથી સજ્જ થયેલી શત્રુસેનામાં પ્રવેશ કર્યો. એ સત્વર ભીષ્મ પાસે પહોંચી ગયા. એમણે યુદ્ધને માટે સજ્જ થઇ રહેલા શાન્તનું પુત્ર પિતામહ ભીષ્મના ચરણને બે હાથે સ્પર્શ કરીને શાંતિપૂર્વક જણાવ્યું કે અમે તમારી સાથે યુદ્ધ કરવાની ઇચ્છા રાખીએ છીએ. એને માટે હું તમારી અનુમતિ ઇચ્છું છું. તમે મને અનુજ્ઞા અને આશીર્વાદ આપો.

ભીષ્મે કહ્યું કે તું જો આ પ્રમાણે મારી પાસે ના આવ્યો હોત તો યુદ્ધમાં તારો પરાજય થશે એવો હું તને શાપ આપત. પણ હવે હું તારા ઉપર  પ્રસન્ન છું. તું ભલે યુદ્ધ કર અને વિજયમાળાની પ્રાપ્તિ કર. વળી સંગ્રામમાં તારી બીજી પણ જે કોઇ અભિલાષા હોય તે સફળ થાય. તું વરદાનને માંગી લે. તું મારી પાસેથી

શું આકાંક્ષા રાખે છે ? પુરુષ અર્થનો દાસ છે પણ અર્થ કોઇનો પણ દાસ નથી. કૌરવોએ મને અર્થથી બાંધી લીધો છે.

યુધિષ્ઠિરે પુછ્યું કે હું તમને અપરાજિતને સંગ્રામમાં કેવી રીતે જીતી શકું ? જો તમે ખરેખર મારા હિતને વિચારતા હો તો મને એ સંબધી સલાહ આપો.

ભીષ્મે જણાવ્યું કે યુદ્ધમાં મને જીતી શકે એવા કોઇને હું જોતો નથી વળી અત્યારે મારો મૃત્યુકાળ પણ નથી. માટે તું ફરી કોઇવાર આવજે.

યુધિષ્ઠિરે ભીષ્મના વચનને શિર નમાવીને સ્વીકાર્યુ, અને તેમને ફરી અભિવંદન કર્યા. પછી તે પોતાના ભાઇઓ સાથે દ્રોણાચાર્યના રથ તરફ ચાલ્યા.

દ્રોણને વંદન અને પ્રદક્ષિણા કરીને તેમણે જણાવ્યું કે ભગવન ! હું નિર્દોષ તમારી સાથે યુદ્ધ કરવાની ઇચ્છા રાખું છું. તમારી અનુજ્ઞા પામીને હું સર્વ રિપુઓને રણસંગ્રામમાં કેવી રીતે જીતી શકું ?

દ્રોણ બોલ્યા કે યુદ્ધનો નિશ્ચય કર્યા પછી જો તું મારી પાસે આમ આવ્યો ના હોત તો હું તારો સર્વથા પરાભવ થાય એવો તને શાપ આપત. હું તારી પર પ્રસન્ન છું. તેં મારું પૂજન કર્યું છે. હું તને અનુજ્ઞા આપું છું કે તું યુદ્ધ કર અને વિજય પામ. હું કૌરવોને માટે યુદ્ધ તો કરીશ જ. કિન્તુ વિજય તો તારો જ ઇચ્છીશ. હું તને આશીર્વાદ આપું છું કે તું રણમાં શત્રુઓનો નાશ કરીશ. જ્યાં ધર્મ છે જ્યાં શ્રીકૃષ્ણ છે ત્યાં જય છે. રથમાં બેઠેલા, બાણવર્ષા વરસાવતા, આવેશપૂર્વક યુદ્ધ કરી રહેલા, મને હણી શકે એવા કોઇ શત્રુને હું જોતો નથી. છતાં પણ મેં શસ્ત્રોને છોડયાં હોય અને હું રણસંગ્રામમાં અચેતન જેવો થઇ ગયો હોઉં ત્યારે, યોદ્ધાઓ મને હણી શકશે. જેના જેના વચન વિશે શ્રદ્ધા રાખી શકાય એવા પુરુષના મુખથી મહાન અપ્રિય વચનને સાંભળીને હું યુદ્ધમાં શસ્ત્ર ત્યાગ કરીશ.

દ્રોણના શબ્દોને સાંભળીને અને એમની અનુમતિ લઇને યુધિષ્ઠિર કૃપાચાર્ય તરફ ગયા.

કૃપાચાર્ય તથા શલ્યની અનુમતિ અને આશિષ મેળવીને યુધિષ્ઠિર પાછા વળ્યા. અને કૃષ્ણ કર્ણની પાસે પહોંચ્યા. એમણે કર્ણને ફરીવાર સમજાવી જોયો. કિન્તુ કર્ણ ના માન્યો.

યુયુત્સુ દુંદુભિઘોષ કરાવીને કૌરવોને છોડીને પાંડવોની સેનામાં ચાલ્યો ગયો. આથી યુધિષ્ઠિરરાજ પોતાના નાના ભાઇઓ સાથે અતિ આનંદ પામ્યા. અને તેમણે ફરીવાર કનકના જેવા ઉજ્જવળ કવચને ધારણ કર્યું.

વીરોએ હર્ષમાં આવીને સેંકડો અને હજારો મહાભેરીઓ વગાડી તેમજ ગાયના દૂધ જેવા ઉજળાં શંખોને બજાવ્યા.

ઉપર્યુક્ત પ્રસંગ દ્વારા ભીષ્મ તથા દ્રોણ તથા કૃપાચાર્ય જેવા મહાપુરુષોની ઉદારતા પ્રગટ થાય છે. યુધિષ્ઠિર પોતાના પ્રતિસ્પર્ધી હોવા છતાં એમણે એમને આશીર્વાદ આપ્યા એ એમની મહાનતા દર્શાવે છે. યુધિષ્ઠિરની એમને માટેની પૂજ્યભાવના પણ એ પ્રસંગમાં પ્રતિબિંબિત બને છે. મહાપુરુષોનું પૂજન સેવન નિરર્થક નથી જતું; સદા શ્રેયસ્કર થાય છે, એની પ્રતીતિ એ પ્રસંગ પરથી થઇ રહી છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪૬. યુધિષ્ઠિરનો વિષાદ

પ્રથમ દિવસે યુદ્ધના પ્રતિસ્પર્ધી કૌરવ-પાંડવ સૈન્યો પાછાં ફર્યાં ત્યારે ભીષ્મ પિતામહ યુદ્ધમાં અતિશય આવેશમય બનવાથી દુર્યોધનની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં. ધર્મરાજ યુધિષ્ઠિર પોતાના સર્વ ભાઇઓ તથા પક્ષના સઘળા સુપ્રસિદ્ધ રાજાઓની સાથે સત્વર જનાર્દન પાસે ગયા. ભીષ્મના પરાક્રમને પેખીને તેમને પોતાના પરાજયની શંકા થવાથી તે ભારે ચિંતામાં પડયા હતા.

તેમણે વૃષ્ણિભૂષણ શ્રીકૃષ્ણને કહેવા માંડયું કે ભયંકર પરાક્રમવાળા મહાન ધનુર્ધારી ભીષ્મને તો જુઓ ! ઉનાળામાં અગ્નિ જેમ ખેતરના ખડને ખાખ કરી નાખે છે તેમ તે બાણો વડે મારા સૈન્યનો સંહાર કરી રહ્યા છે. એ મહાત્મા પુરુષની સામે અમે આંખ પણ કેવી રીતે માંડી શકીએ ? આહુતિ પામેલા અગ્નિની જેમ એ મારા સૈન્યને ભસ્મીભૂત કરી રહ્યા છે. ધનુર્ધર અને મહાબળવાન એ નરસિંહને નિહાળીને તેમજ તેમનાં બાણોનો સ્વાદ ચાખીને મારું સૈન્ય સમરાંગણમાં નાસભાગ કરી મૂકે છે. સંગ્રામમાં કોપે ચઢેલા યમને, વજ્રપાણિ ઇન્દ્રને, પાશધારી વરુણને, ગદાધર કુબેરને જીતી શકાય, પણ મહાબળવાન તથા મહાતેજસ્વી ભીષ્મને તો જીતી શકાય જ નહીં. આ સ્થિતિમાં હું વગર નાવે ભીષ્મરૂપી અગાધ જળમાં ડૂબ્યો છું. હે કેશવ ! મારી બુદ્ધિની દુર્બળતાને લીધે હું ભીષ્મનો મેળાપ થતાં જ વનમાં ચાલ્યો જઇશ. એમ કરીને જીવતા રહેવામાં મારું શ્રેય સધાશે. હે કૃષ્ણ ! આ પૃથ્વીપાલોને હું ભીષ્મરૂપી કાળના મુખમાં મૂકવા ઇચ્છતો નથી. મહાન અસ્ત્રવેતા ભીષ્મ મારી આખી સેનાને સંહારી નાખશે. જેમ પતંગિયા પરમ પ્રજ્વલિત પાવકમાં ઝંપલાવીને નાશ પામે છે તેમ મારા સૈનિકો પણ સંગ્રામમાં ધસીને વિનાશને વહોરે છે. હે વાર્ષ્ણેય ! હું રાજ્યના લોભથી આજે વિનાશને આરે ઊભો રહ્યો છું, અને આ મારા વીર ભાઇઓ બાણોથી પીડાઇને કષ્ટ પામી રહ્યા છે. ભાઇભાઇના હેતથી તેઓ મારે માટે રાજ્યથી અને સુખોથી વંચિત થયા છે. હું જીવનનું જતન કરું છું. અને એ જીવન જ અત્યારે અશક્ય બન્યું છે. હવે તો હે કેશવ ! શેષ જીવન દરમિયાન હું તીવ્રતમ તપ જ તપીશ. મારા મિત્રોને રણમાં મરાવીશ નહીં. મહાબળવાન ભીષ્મ દિવ્ય અસ્ત્રોને છોડીને મારા અનેક રથીઓને અને અત્યુત્તમ યોદ્ધાઓને નિત્ય સંહારી નાંખે છે. હે માધવ ! મારું હિત કેવી રીતે થાય એમ છે એ કહો. આ સવ્યસાચી અર્જુન તો યુદ્ધમાં જાણે તટસ્થ જેવો થઇ ગયેલો લાગે છે. એક મહાબાહુ ભીમ જ ક્ષાત્રધર્મને યાદ રાખીને બાહુબળથી પરમ શક્તિપૂર્વક યુદ્ધ કરે છે. વીરપુરુષોના ઘાત કરનારી ગદા વડે એ ઉદારચિત્ત ભીમ રથો, અશ્વો, પુરુષો અને ગજોમાં પોતાના ઉત્સાહ પ્રમાણે અદભુત પરાક્રમ કરે છે. છતાં, એ એકલો સો વરસ સુધી આ પ્રમાણે યુદ્ધ કરે તો પણ શત્રુસેનાનો અંત લાવી શકે તેમ નથી. તમારો મિત્ર અર્જુન એક જ અસ્ત્રવેત્તા છે, પણ તે તો ભીષ્મ અને મહાત્મા દ્રોણ અમને બાળી રહ્યા છે છતાંય અમારી ઉપેક્ષા કરે છે. ભીષ્મ અને મહાત્મા દ્રોણે વારંવાર યોજેલાં એ દિવ્ય અસ્ત્રો સર્વે ક્ષત્રિયોને બાળી નાખશે. સર્વ રાજાઓની સાથે રહીને અત્યંત ક્રોધમાં આવેલા ભીષ્મ અમારો અવશ્ય નાશ કરી નાંખશે. એવું એમનું પરાક્રમ છે.

રણમાં દાવાગ્નિ જેવા ભીષ્મને ઠારે એવો કોઇ મેઘ જેવો મહારથી તો બતાવો. હે ગોવિંદ ! તમારી કૃપા હશે તો જ પાંડવો શત્રુઓનો નાશ કરી શકશે. તો જ તેઓ પોતાના રાજ્યને પામશે. અને તો જ તેઓ પોતાના બંધુઓ સાથે આનંદ ભોગવશે.

એમ કહીને ઉદારચિત્ત પૃથાનંદન યુધિષ્ઠિર શોકથી વ્યાકુળ થઇ ગયા અને શૂન્ય મનથી વિચાર કરવા લાગ્યા.

તેમને શોકાતુર થયેલા તેમજ દુઃખથી ભાન ખોઇ બેઠેલા જાણીને સર્વ પાંડવોને હર્ષ પમાડતાં ગોવિંદે કહ્યું કે તમે શોક ના કરો. આ લોકમાં પ્રસિદ્ધ ધનુર્ધરો તમારા ભાઇઓ શૂરવીર છે. હું તમારું પ્રિય કરનારો છું. મહાયશસ્વી સાત્યકિ છે, વિરાટરાજ છે, દ્રુપદરાજ છે, અને ધૃષ્ટધુમ્ન છે. એ સર્વ રાજાઓ સબળ છે. તે તમારા ભક્ત છે, અને તમારી કૃપાને ઇચ્છે છે. આ દ્રુપદનંદન ધૃષ્ટધુમ્ન સદાય તમારા હિતને ઇચ્છે છે. અને તમારું પ્રિય કરવા માટે તત્પર છે. એ મહાબળવાને તમારું સેનાપતિપદ સ્વીકાર્યું છે. વળી આ શિખંડી તો ભીષ્મના કાળરૂપે જ નિર્માયો છે.

કૃષ્ણનાં એ વચનોને સાંભળીને યુધિષ્ઠિરનો શોક મટી ગયો. અને એમને આશ્વાસન અને માર્ગદર્શન મળ્યું.

મહાભારતના ભીષ્મપર્વના પચાસમા અધ્યાયના આ પ્રસંગનો ઉલ્લેખ આપણે એટલા માટે કરી રહ્યા છીએ કે એના પરિશીલનથી કેટલોક મહત્વનો નવો પ્રકાશ પડી શકે છે. એ પ્રસંગ પુરવાર કરે છે કે મહાભારતના મહાયુદ્ધમાં પ્રથમ યુદ્ધદિવસની પરિસમાપ્તિ પછી યુધિષ્ઠિરને વિષાદ થયો હતો. યુધિષ્ઠિરને વૈરાગ્યભાવ જાગવાથી એમણે રાજ્યની આકાંક્ષાને તિલાંજલિ આપીને વનમાં જવાની ઇચ્છાની અભિવ્યક્તિ કરેલી. ભગવદગીતાના આરંભમાં પ્રથમ અધ્યાયમાં અર્જુનને વિષાદ થયો એવું વર્ણન કરાયલું છે. ત્યાં વિષાદગ્રસ્ત ચિંતામગ્ન વૈરાગ્યરત યુધિષ્ઠિરનું વર્ણન નથી કરાયું. પરન્તુ મહાભારતમાં યુધિષ્ઠિરના એવા વ્યક્તિત્વની પ્રતિચ્છબીને પ્રસ્તુત કરવામાં આવી છે. વિદ્વાનો કે વિચારકોને એના પરથી અવનવા પ્રકાશની પ્રાપ્તિ થઇ શકે તેમ છે.

એ પ્રસંગ એક અન્ય વસ્તુ પ્રત્યે પણ અંગુલિનિર્દેશ કરે છે. તે વસ્તુ મહાભારત યુદ્ધમાં ભજવાયલા શ્રીકૃષ્ણના ભાગની છે. શ્રીકૃષ્ણ યુદ્ધમાં પક્ષકાર નહોતા બનવાના, તો પણ સત્યના, ન્યાયના, નીતિના, માનવમંડિત મોરચાની મદદે ઊભા રહીને, એ પાંડવોને મંગલ માર્ગદર્શન આપી શક્યા, આશા, શ્રદ્ધા, ધીરજ, હિંમતથી સંપન્ન કરી શક્યા, અને પોતાની અલૌકિક આત્મશક્તિની સહાયતાથી એમને સલાહ સૂચનો આપીને એમની અમુલખ અસાધારણ અનેરી અસ્ક્યામત બની ગયા. દુર્યોધન એમના એવા મૂલ્યને નહોતો સમજી શક્યો. અર્જુન અને પાંડવો સમજી શકેલા.

પાંડવોને આશાન્વિત કરવામાં તેમજ વિજયી બનાવવામાં શ્રીકૃષ્ણનો ફાળો અતિશય મૂલ્યવાન, અમોઘ અને ઐતિહાસિક હતો. યુદ્ધો કેવળ શસ્ત્રોથી, સેનાપતિઓથી અને સેનાથી નથી જિતાતાં, બુદ્ધિબળથી, ચારિત્ર્યથી, સત્યની નિષ્ઠાથી, મહાપુરુષોના અથવા ઇશ્વરના આશીર્વાદથી, અને મંગલ માર્ગદર્શનથી પણ જીતાય છે. એ સંપૂર્ણપણે સાચું છે.

એટલે કે શ્રીકૃષ્ણ અર્જુનના રથના સારથિ થયા, તથા પાંડવો પ્રત્યે સહાનુભૂતિ અથવા અનુકંપા રાખતા થયા, ત્યારથી જ એમનો વિજય સુનિશ્ચિત બન્યો, એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી.

O

યુધિષ્ઠિરના વિષાદવર્ણનના ઉપર્યુક્ત ઘટનાપ્રસંગ પરથી એવી જિજ્ઞાસા જાગવાનો સંભવ છે કે મહાભારતના મહાભીષણ મહાયુદ્ધમાં સાચેસાચ કોને વિષાદ થયો - અર્જુનને કે યુધિષ્ઠિરને ? કે પછી તે બંનેને ? ભગવદ્ ગીતામાં અર્જુનને વિષાદગ્રસ્ત તરીકે વર્ણવવામાં આવ્યો છે અને યુદ્ધના બીજા દિવસે યુધિષ્ઠિરને વિષાદ થયો એવું મહાભારતમાં આલેખાયું છે. અર્જુન કરતાં યુધિષ્ઠિર એવા પ્રસંગે વહેલા વિષાદગ્રસ્ત બની જાય એ સહેલાઇથી સમજી શકાય તેવું છે. છતાં પણ વિષાદ ના જ થાય એવું માનવા-મનાવવાનું કોઇ કારણ નથી. અર્જુનનો વિષાદ પણ એકદમ અસંભવ નથી લાગતો. અર્જુનના વિષાદના પરિણામે શ્રીમદ્ ભગવદ્ ગીતાના ઉત્તમ ઉપદેશની સર્વહિતકર સૃષ્ટિ થઇ. યુધિષ્ઠિરના વિષાદમાંથી એવી કોઇ સુંદર સર્વોપયોગી સર્વોત્તમ સાહિત્યકૃતિ ના સરજી શકાઇ.

મહાભારતના યુદ્ધમેદાનમાં ભગવદ્ ગીતાનો સદ્દુપદેશ સાચેસાચ આપવામાં આવેલો ? એવો પ્રશ્ન પણ ગીતાના વાચકો તથા વિચારકો તરફથી વારંવાર પૂછવામાં આવે છે.

ભગવદ્ ગીતાનો સદ્દુપદેશ કવિતામાં તો નહિ જ અપાયો હોય એવું ચોક્કસપણે લાગે છે. જે પણ ઉપદેશ આપવામાં આવ્યો હશે તેને કવિતામાં પાછળથી મહાભારતકારે વણી લીધો હશે. યુધિષ્ઠિરના વિષાદ પરથી પ્રેરણા પામીને મહાભારતકારે અર્જુનના વિષાદની અને વિષાદના અંત માટેના ઉપર્યુક્ત ઉપદેશની કલ્પના કરી હોય એવું પણ બની શકે. મહાકવિ કાલિદાસના મેઘદૂતમાં મેઘને સંદેશાવાહક બનાવવાની વાત આવે છે. પરન્તુ એની પાછળ પ્રેમ છે, સંવેદન છે, સહાનુભૂતિ છે, આત્મીયતા છે. અર્જુનના વિષાદ પછી અપાયેલા વિસ્તૃત-અતિ વિસ્તૃત, વિવિધ વિષયો પરના વકતવ્યનું પણ એવું હોઇ શકે.

ભગવદ્ ગીતામાં અધ્યાયોની નામાવલિ અને પ્રત્યેક અધ્યાયના અંતે આવતુ 'ૐ તત્સદિતિ' જેવું વર્ણન શ્રીકૃષ્ણના મૂળ ઉપદેશમાં ના હોઇ શકે એ તો સહેજે સમજી શકાય તેમ છે.

ભગવદ્ ગીતાનો ઉપદેશ આપવાની અનિવાર્ય આવશ્યકતા હતી કે કેમ, અને તે ઉપદેશ અપાયો છે કે કેમ, એ પ્રશ્નને બાજુએ રાખીને વાસ્તવદર્શી બનીને વિચારીએ તો એટલું અવશ્ય કહી શકાય કે ભગવદ્ ગીતાનો ઉપદેશ જે પણ સ્વરૂપમાં વરસોથી વહેતો આવ્યો છે તે સ્વરૂપમાં સર્વોપયોગી અથવા સર્વશ્રેયસ્કર છે. એણે માનવમનને પુષ્કળ પ્રેરણા પુરી પાડી છે ને પ્રકાશ ધર્યો છે. પથપ્રદર્શન પહોંચાડયું છે. એની અવજ્ઞા કરવાનું આપણને આજે પણ પોસાય તેમ નથી. એનો જેટલો પણ લાભ લેવાય એટલો ઓછો છે.

મહાભારતકાર મન-વચન-કર્મથી સત્યના આગ્રહી, પ્રેમી, પક્ષપાતી હતાં. એ ભગવદ્ ગીતાના ઉપદેશની કપોલકલ્પના કરે એવું માનવા મનાવવા માટે મન ના પાડે છે. એ ઉપદેશની પાછળ વાસ્તવિકતાનો મૂલાધાર તો હશે જ. લેખકે એ મૂલાધારનો પોતાની આગવી રીતે વિસ્તાર કર્યો હોય એવું સંભવી શકે, તો પણ તેથી એની ઉપકારકતા અને યથાર્થતામાં કોઇ પ્રકારનો ફેર નથી પડતો.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪૭. કૃષ્ણ અને ભીષ્મ

ભગવાન કૃષ્ણે મહાભારતના મહાભીષણ સંગ્રામમાં શસ્ત્રાસ્ત્ર સાથે લડવાના વિચારને તિલાંજલિ આપીને કોઇના પક્ષમાં ના રહેવાનો સંકલ્પ કરેલો. તો પણ એ સંકલ્પને છોડવા માટે એમને એકાદ વાર કેવી રીતે વિવશ બનવું પડ્યું તે પણ વિચારી લઇએ.

પ્રસંગ છે ભીષ્મ પિતામહના પાંડવો સાથેના ભયંકર મહાયુદ્ધનો.

મહાભારતમાં એના પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં કહેવાયું છે કેઃ

મહાબાહુ પૃથાનંદનને પોતાની સામે સંગ્રામમાં સજ્જ થયેલો જોઇને, તથા યુધિષ્ઠિરની એ મહાન સેનાને પાછી આવેલી જોઇને, ભીષ્મે વારંવાર સિંહગર્જના કરી, અને ધનંજયના રથને સત્વર શરવર્ષા કરીને ઢાંકી દીધો. એવી રીતે એક ક્ષણમાં તે રથ પોતાના અશ્વો તથા સારથિ સાથે એ મહાન બાણવૃષ્ટિથી પૂરો છવાઇ ગયો, અને દેખાતો બંધ થયો, ત્યારે વાસુદેવે ભીષ્મના બાણોથી ઘેરાઇ ગયેલા પોતાના ઘોડાઓને લેશ પણ મૂંઝાયા વિના આગળ હંકાર્યા કર્યા.

પછી મેઘના ઘોષવાળા દિવ્ય ધનુષ્યને લઇને પૃથાનંદને ત્રણ બાણો છોડીને ભીષ્મના ચાપને તોડી પાડયું.

ધનુષ્ય છેદાઇ ગયું એટલે ભીષ્મે બીજા ધનુષ્યને ધારીને ક્ષણવારમાં જ સજ્જ કર્યું. તેમણે મેઘના જેવા નાદવાળા એ ધનુષ્યને બે હાથે તાણ્યું, ત્યાં તો અર્જુને ક્રોધમાં આવીને તેને પણ કાપી નાંખ્યું.

અર્જુનની એ ચપલતાની શાન્તનુનંદને પ્રશંસા કરીઃ પાર્થ ! તેં સરસ કર્યું. તને ધન્ય હો ! આવું મહાન કર્મ તું જ કરી શકે. હું તારા પર પ્રસન્ન થયો છું. તું મારી સાથે યુદ્ધ કર.

પૃથાનંદનની પ્રશંસા કરીને એ વીરે સંગ્રામમાં બીજા મહાન ધનુષ્યને ધારીને પાર્થના રથ ઉપર બાણોને છોડવા માંડયાં.

વાસુદેવે પણ ઘોડાઓને હાંકવાનું પોતાનું પરમ સામર્થ્ય પ્રકટ કર્યું અને સફળતાપૂર્વક રથનાં ચક્કરો લઇને ભીષ્મના બાણોને વ્યર્થ કરી નાખ્યાં.

પછી ભીષ્મે તીક્ષ્ણ બાણોને છોડીને વાસુદેવ તથા ધનંજયને સર્વાંગ સુદૃઢ રીતે વીંધવા માંડયા. અત્યંત ખિજાયેલા ભીષ્મે અતીવ ક્રોધમાં આવીને, સેંકડો ને હજારો બાણોને છોડીને કૃષ્ણની તથા અર્જુનની સર્વ દિશાઓને આવરી દીધી. ભીષ્મે ખડખડાટ હસીને તથા રોષમાં આવીને તીક્ષ્ણ બાણોનો મારો ચલાવ્યો, અને વૃષ્ણિભૂષણ કૃષ્ણને કંપાવી મૂક્યા.

ભીષ્મના ભયંકર પરાક્રમને પેખીને શ્રીકૃષ્ણ વિચારવા લાગ્યા કે યુધિષ્ઠિરની સેનામાં આમની તોલે આવે એવો કોઇ જ નથી. આ ભીષ્મ એક જ દિવસમાં દેવો અને દાનવોને રણમાં રોળી નાંખે એમ છે, તો પછી તે પાંડુપુત્રોને તેમનાં સૈન્યો અને અનુચરો સાથે સંહારી નાંખે એમાં શી નવાઇ છે ? પાંડુનંદનનું મહાન સૈન્ય તો નાસભાગ કરવા લાગ્યું છે. એ જોઇને કૌરવો આનંદમાં આવી ગયા છે અને પિતામહને જોઇને તેમની સામે દોડી રહ્યા છે. આથી હું પોતે જ પાંડવોના હિતાર્થે ભીષ્મને હણી નાંખીશ અને પાંડવોના ભારને

ઉતારી દઇશ. કેમ કે સંગ્રામમાં તીક્ષ્ણ બાણોના પ્રહારો થાય છે તોપણ, આ અર્જુન ભીષ્મ પ્રત્યેના આદરને લીધે રણમાં શું કરવું જોઇએ તે સમજતો નથી.

ભગવાન શ્રીકૃષ્ણ એવી રીતે વિચાર કરી રહ્યા હતા ત્યાં તે ક્રોધે ભરાયેલા ભીષ્મ પિતામહે પાર્થના રથ ઉપર બાણોની ઝડી વરસાવવા માંડી. તે શરસમૂહથી સર્વ દિશાઓ ઢંકાઇ ગઇ.

તે વખતે શાન્તનુનંદન ભીષ્મ પિતામહની આજ્ઞાથી દ્રોણ, વિકર્ણ, જયદ્રથ, ભૂરિશ્રવા, કૃતવર્મા, કૃપ, રાજા શ્રુતાયુ અને બીજા યોદ્ધાઓ વેગપૂર્વક કિરીટ ઉપર ધસી આવ્યા.

એમને એકસામટા ધસી આવતાં જોઇને કૃષ્ણે કહ્યું કે આજે ભીષ્મને અને દ્રોણને તેમના સમૂહો સાથે સંગ્રામમાં રથમાંથી પાડી નાંખુ છું. કૌરવોનો એક પણ રથી આજે સંગ્રામમાં મારાં હાથમાંથી છટકી શકવાનો નથી. હું આજે ઉગ્ર સુદર્શનચક્રને લઇને ભીષ્મના પ્રાણને હરી લઇશ. ભીષ્મ તથા દ્રોણ એ બે રથીશ્રેષ્ઠોને તેમના સમૂહો સાથે રણસંગ્રામમાં હણી નાખીને હું પાંડવોને પ્રસન્ન કરીશ. આજે હું ધૃતરાષ્ટ્રના પુત્રોને સંહારીને અજાતશત્રુ યુધિષ્ઠિરને રાજ્યપ્રાપ્તિ કરાવીશ.

શ્રીકૃષ્ણે ઘોડાઓની રાસને છોડી દીધી, રથમાંથી કૂદકો માર્યો, અને સુંદર નાભિવાળું, સૂર્યસમાન કાંતિવાળું, વજ્રસમા પ્રહારવાળું, અને અસ્ત્રાના જેવી ધારવાળું, સુદર્શનચક્ર હાથમાં લઇને વેગપૂર્વક ભીષ્મની સામે દોડવા માંડયું.

તે જોઇને શાન્તનુપુત્ર ભીષ્મે જરાય ગભરાયા વિના પોતાના ગાંડીવના જેવા ઘોષવાળા મહાધનુને બે હાથે તાણવા માંડયું અને અનંત પૌરુષવાળા ગોવિંદને સંગ્રામમાં સ્થિરચિત્તે કહેવા માંડયું કે હે દેવેશ ! આવો ! આવો, હે જગન્નિવાસ ! હું તમને નમું છું. હે માધવ ! તમને મારાં નમન હો ! હે ચક્રપાણિ ! હે લોકનાથ ! હે સર્વાધાર ! તમે મને સંગ્રામમાં આજે આ શ્રેષ્ઠ રથમાં ઢાળી દો. હે કૃષ્ણ ! તમારે હાથે મૃત્યુને ભેટીને મને આ લોકમાં તેમ જ પરલોકમાં શ્રેય જ સાંપડશે. હે વીર ! હે અંધકો અને વૃષ્ણિઓના નાથ ! તમારા મારી સામેના આ આક્રમણથી હું ત્રણે લોકમાં પ્રતિષ્ઠા પામ્યો છું.

કિરીટધારી અર્જુને ભીષ્મની સામે ઝડપથી ધસી રહેલા ભગવાન કૃષ્ણની પાછળ ઘસડાઇને તેમને જેમતેમ કરીને પકડી પાડયા, અને તેમના પગને પકડીને તેમને બળપૂર્વક અટકાવી દીધા.

શ્રીકૃષ્ણ ઊભા રહ્યા એટલે સુવર્ણમાળાથી શોભી રહેલો અર્જુન પ્રસન્ન થયો અને પ્રણિપાત કરીને બોલ્યો કે કેશવ, તમે કોપને સત્વર સમેટી લો. તમે જ પાંડવોના આધાર છો. હું મારા પુત્રો અને ભાઇઓના સોગંદ ખાઇને કહું છું કે હું મારી પ્રતિજ્ઞા પ્રમાણે કર્મ કરીશ જ. તમારી આજ્ઞાથી કૌરવોનો અંત આણીશ.

અર્જુનની પ્રતિજ્ઞાને તથા તેના સોગંદને સાંભળીને જનાર્દન પ્રસન્ન થયા, અને ચક્ર સાથે જ ફરી રથમાં બેઠાં. રણમાં રિપુઓને રોળનારા કૃષ્ણે ઘોડાઓની લગામને હાથમાં લીધી, પાંચજન્ય શંખને પકડ્યો, અને તેના નાદથી દિશાઓને ગજવી મૂકી.

શ્રીકૃષ્ણને જોઇને કુરુપ્રવીરોએ બૂમો પાડવા માંડી.

મહાભારતનો એ પ્રસંગ સૂચવે છે કે ભગવાન ભક્તને આધીન હોય છે. ભક્તની સુરક્ષા કે સહાયતા માટે એ સર્વકાંઇ કરે છે, કરી શકે છે. પાંડવોના પરિત્રાણ માટે એ પોતાની પ્રતિજ્ઞાને ગૌણ ગણીને સુદર્શનચક્ર સાથે ભીષ્મપિતામહ સામે દોડી ગયા.

પરન્તુ પાછા એ પોતાને સંભાળી શક્યા પણ ખરા.

એ એમની વિશેષતા.

ભીષ્મ પિતામહ એમને કેવી દૈવી દૃષ્ટિથી દેખતા હતા તે પણ એ પ્રસંગ પરથી સમજી શકાય છે. એ એમને માટે પરમાત્મા સ્વરૂપ હતા.

ભીષ્મની એવી સર્વોત્તમ સમજશક્તિ હોવાં છતાં એ પ્રતિપક્ષે રહીને યુદ્ધ કરી રહેલા, શ્રીકૃષ્ણને સર્વસંમર્પિત નહોતા થઇ શક્યા, એ કેવી કરુણતા છે !

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪૮. પાંડવોના વિજયનું રહસ્ય

મહાભારતના મહાયુદ્ધમાં કૌરવોની સરખામણીમાં પાંડવોની સૈન્યની અને શસ્ત્રની સ્થૂળ સંપત્તિ પ્રમાણમાં ઘણી ઓછી હતી. પાંડવો દુર્યોધનની કપટકળા જેવી કપટકળાથી પણ મુક્ત હતા. તોપણ યુદ્ધમાં દિનપ્રતિદિન ઉપરાઉપરી  વિજય મેળવતા રહ્યા અને કૌરવસેનાના પરમપ્રતાપી મહાયોદ્ધાઓનો સંહાર કરી શક્યા એ શું સૂચવે છે ? એનું કારણ શું ?

એ પ્રશ્ન ધૃતરાષ્ટ્રના મનમાં પણ અન્ય અનેકની પેઠે પેદા થયો.

ધૃતરાષ્ટ્રે એ પ્રશ્નને એક પ્રામાણિક જિજ્ઞાસુની જેમ સંજય આગળ રજૂ કર્યો.

પોતાના મનોમંથનને વ્યક્ત કરતાં ધૃતરાષ્ટ્રે જણાવ્યું કે દેવોને પણ અતિશય દુષ્કર એવી પાંડુકુમારોની પ્રવૃત્તિ વિશે સાંભળીને મને ખૂબ જ ભય લાગ્યો છે ને વિસ્મય ઊપજ્યો છે.

भयं मे समुहज्जातं विस्मयश्चैव संजय ।
श्रुत्वा पांडुकुमाराणां कर्म देवैः सुदुष्करम् ॥

મારા પુત્રોના પ્રખર પરાજય વિશે સાંભળીને મારા હૃદયમાં ફાળ પડી છે કે હવે શું થશે ? વિદુરના વચનો મને ચોક્કસ રીતે બાળીને ભસ્મ કરી નાખશે. દૈવયોગે બધું તે પ્રમાણે જ થઇ રહેતું જણાય છે. જે સેનાદળોમાં ભીષ્મ જેવા શસ્ત્રાસ્ત્રોના જ્ઞાતા, સર્વથી શ્રેષ્ઠ યોદ્ધાઓ છે તે સેનાદળોનો પણ પાંડવો સંહાર કરે છે. પરમ પ્રતાપવાન પાંડુપુત્રો શા માટે નથી મરાતા ? તેમને કોણે વરદાન આપ્યાં છે અથવા તે કયી વિદ્યામાં પારંગત છે ? આકાશના તારકવૃંદોની પેઠે તે નાશ પામતા નથી અને વધારામાં મારાં સૈન્યોનો સંહાર કરે છે તેથી મારી પીડાનો પાર રહેતો નથી. મારાથી તે સહન થતું નથી. પાંડુપુત્રો મરતા નથી ને મારા પુત્રો નાશ પામે છે તેનું કારણ શું ? ભીમ મારા સઘળા પુત્રોનો સંહાર કરી નાંખશે. રણભૂમિમાં મારા પુત્રોનું રક્ષણ કરી શકે એવો કોઇ વીર નથી દેખાતો. કૌરવોના પરાજયના કારણ વિશે તથા પાંડવોના અત્યાર સુધીના સફળતાસૂચક પરાક્રમના રહસ્ય વિશે હું તને પૂછી રહ્યો છું, તો તું તેનું સ્પષ્ટીકરણ કર.

સંજયે તેનું સ્પષ્ટીકરણ કરતાં કહ્યું કે પાંડવો નથી મંત્રપ્રયોગ કરતા, નથી માયા પાથરતા, તેમ જ નથી ડર બતાવતા. તે તો શક્તિશાળી છે અને સંગ્રામમાં ન્યાયપૂર્વક યુદ્ધ કરે છે. મહાયશને પ્રાર્થી રહેલા એ પૃથાનંદનો પોતાનાં આજીવિકા આદિ સર્વ કાર્યોને સદા ધર્મપૂર્વક જ આદરે છે. ધર્મથી સંપન્ન અને પરમલક્ષ્મીથી યુક્ત એ મહાબળવાન પાંડવો કદી યુદ્ધમાંથી પાછી પાની કરતા નથી. હે મહારાજ ! જ્યાં ધર્મ છે, ત્યાં જય છે, તેથી જ પૃથાપુત્રો રણમાં અવધ્ય છે. તમારા પુત્રો તો દુરાત્મા છે, નિરંતર પાપમાં ખૂંપેલા છે, નિષ્ઠુર છે, અને હલકાં કર્મ કરનારા છે. તેથી જ તેઓ સંગ્રામમાં પરાજય પામે છે. હે રાજન્ ! નીચ માણસોની જેમ તમારા પુત્રોએ પાંડુપુત્રો માટે અનેકાનેક નિર્દય કામો કર્યા છે. પાંડવોએ તમારા પુત્રોના તે સઘળાં અપકૃત્યોને ઉઘાડા પાડયાં નથી છતાં તમારા પુત્રો પાંડુનંદનોને નીચ જ ગણ્યા કરે છે. એ સતત રીતે કરાતા પાપકર્મનું અત્યારે અતિ ભયંકર ફળ મળી રહ્યું છે. તો હવે પુત્રો અને મિત્રો સાથે તમે તેને ભોગવો. કેમ કે સ્નેહીજનોએ સમજાવ્યા છતાં પણ તમે કાંઇ કાને ધર્યું નથી. મરણપથારીએ પડેલો મનુષ્ય

જેમ હિતકારી ઓસડને પાછુ ઠેલી દે છે તેમ તમે અમારાં હિતકારી વચનોને ગણકાર્યાં નથી અને તમારા પુત્રોના અભિપ્રાયને માનીને પાંડવો પરાજય પામ્યા છે એવું માન્યા કરો છો.

હે ભરતશ્રેષ્ઠ ! તમે મને પાંડવોના વિજય વિશે પૂછો છો તો તેના યથાર્થ કારણને ફરીથી સાંભળો. દુર્યોધનના પૂછવાથી ભીષ્મ પિતામહે આ સંબધમાં જે કહ્યું હતું તે હું તમને મારા સાંભળ્યા પ્રમાણે કહી સંભળાવું છું. પોતાના સર્વ મહારથી ભાઇઓ રણસંગ્રામમાં હારી ગયા છે, એ જોઇને કુરુવંશી દુર્યોધનનું ચિત્ત શોકથી મૂઢ બની ગયું હતું. રાતના સમયે મહાબુદ્ધિમાન ભીષ્મ પિતામહ પાસે તેણે વિનયપૂર્વક જઇને તેમને કહ્યું હતું કે તમે, આચાર્ય દ્રોણ, શલ્યરાજ, કૃપાચાર્ય, અશ્વત્થામા, કૃતવર્મા, સુદક્ષિણ, ભૂરિશ્રવા, વિકર્ણ અને વીર્યમાન ભગદત્ત સૌ મહાપ્રસિદ્ધ મહારથીઓ છે, તેમજ યુદ્ધમાં પોતાના પ્રાણ ઓવારી નાખે એવા કુલપુત્રો છે. તમે સૌ ત્રણેય લોકને પહોંચી શકો એમ છો; છતાં પાંડવોના પરાક્રમ આગળ ટક્કર ઝીલી શક્યા નથી. પાંડવોમાં એવું તે શું છે કે જેથી ક્ષણે ક્ષણે આપણને હાર આપે છે ?

ભીષ્મે દુર્યોધનને જણાવ્યું કે મેં તને ઘણી વાર કહ્યું છે છતાં પણ તે લક્ષમાં લીધું નથી. તું પાંડવોની સાથે સુલેહ કર. તારે માટે અને પૃથ્વી માટે એ જ કલ્યાણકારક છે. એ પ્રમાણે કરીને તું ભાઇઓ સાથે સુખી થા, શત્રુઓને તાપ આપ, સર્વ ભાઇઓને આનંદ પમાડ, અને આ પૃથ્વીનો ઉપભોગ કર.

શ્રીકૃષ્ણથી રક્ષાયેલા એ પાંડુપુત્રોને જીતી શકે એવો કોઇ પુરુષ આ લોકમાં થયો નથી, છે નહીં અને થશે પણ નહીં.

વિશુદ્ધ મનવાળા મુનિઓએ મને એક પ્રાચીન વૃતાંત કહ્યું છે. પૂર્વે એક વાર ગંધમાદન પર્વત ઉપર સર્વ દેવો અને ઋષિઓ એકઠા થઇને પ્રજાપતિ બ્રહ્માની સેવા કરતા હતા, તે સમયે એ સૌની વચ્ચે વિરાજેલા પ્રજાપતિએ આકાશમાં જ્યોતિથી ઝળહળી રહેલું એક શ્રેષ્ઠ વિમાન જોયું. ત્યાં એના રહસ્યને ધ્યાનપૂર્વક જાણીને તથા પ્રતીતિ પામીને બ્રહ્માએ હાથ જોડયા, અને પ્રસન્ન ચિત્તથી તે પરમપુરુષ પરમેશ્વરને નમસ્કાર કર્યા.

બ્રહ્માને ઊભા થયેલા જોઇને દેવો તથા ઋષિઓ પણ ઊભા થયા અને એ મહાન આશ્ચર્યને પ્રણામપૂર્વક જોવા લાગ્યા.

બ્રહ્માએ એ પરમાત્માનું યથાવિધિ પૂજન કર્યું તથા એમની આ પ્રમાણે સ્તુતિ કરવા માંડીઃ

તમે વિશ્વાવસુ છો, વિશ્વકર્મા છો, વશી છો, વિશ્વેશ્વર છો, વાસુદેવ છો, યોગાત્મા છો, અને પરમ દૈવતરૂપ છો. તેથી હું તમારે શરણે આવું છું.

હે યોગીશ્વર ! તમારો જય હો ! હે વિભુ તમારો જય હો ! જય હો ! હે યોગના પારગામી ! હે પદ્મગર્ભ ! હે વિશાલાક્ષ ! હે લોકેશ્વરના ઇશ્વર ! હે ભૂત, ભવિષ્ય અને વર્તમાનના નાથ ! હે સૌમ્ય સ્વરૂપ ! હે આત્માથી ઉત્પન્ન થનારા ! તમારો જય હો !

હે અસંખ્ય ગુણોના આધાર ! હે સર્વના આશ્રય, તમારો જય હો.

હે નિરામય ! હે વિશ્વેશ્વર ! હે મહાબાહુ ! હે લોકહિતતત્પર ! તમારો જય હો ! હે આદિવરાહ ! હે હરિકેશ ! હે વિભુ ! તમારો જય હો !

હે અમિત ! હે અવ્યય ! તમારો જય હો ! જય હો, હે વ્યક્ત સ્વરૂપ ! હે અવ્યક્ત સ્વરૂપ !

હે જિતેન્દ્રિય ! હે સત્ક્રિયાવાન ! હે અસંખ્યેય ! હે આત્મભાવના જ્ઞાતા ! હે ગંભીર કામનાઓના દાતા ! તમારો જય હો, હે અનંત ! તમારો જય હો ! હે વેદજ્ઞ ! તમારો જય હો ! હે નિત્ય ! હે ભૂતમાત્રના સ્રષ્ટા ! તમારો જય હો !

હે કૃતકાર્ય ! હે કૃતપ્રજ્ઞ ! હે ધર્મજ્ઞ ! હે વિજયદાતા ! તમારો જય હો ! હે ગુહ્ય આત્માવાળા ! હે સર્વયોગના આત્મા ! હે સ્ફુટ થયેલા સંભવવાળા ! હે ભૂતમાત્રના આદિ ! હે લોકતત્વના ઇશ ! હે સર્વભૂતોના સર્જનહાર ! હે આત્મયોગી ! હે મહાભાગ ! હે કલ્પનાન્તે સૃષ્ટિનો સંહાર કરવાને તત્પર ! હે સર્વોત્પાદક ! હે મનોભાવ ! હે વેદોના વિજયની પ્રિયતાવાળા ! હે નિસર્ગથી સૃષ્ટિને સર્જવામાં તત્પર ! હે કામેશ ! હે પરમેશ્વર ! હે અમૃતોદભવ ! હે સદભાવ ! હે મુક્તાત્મન્ ! હે વિજય પ્રદાતા ! હે પ્રજાપતિના પતિ ! હે દેવ ! હે પદ્મનાભ ! હે મહાબલ ! હે આત્મભૂત ! હે સત્વાત્મા ! તમારો જય જયકાર હો !

ધરાદેવી તમારા પાદ છે, દિશાઓ તમારા બાહુઓ છે, આકાશ તમારું મસ્તક છે, અહં તમારી મૂર્તિ છે, દેવો તમારી કાયા છે, અને સૂર્ય તથા ચંદ્ર તમારાં ચક્ષુ છે. તપ, સત્ય અને ધર્માત્મક કર્મ તમારું બલ છે. અગ્નિ તમારું તેજ છે. પવન તમારો શ્વાસ છે, અને જળ તમારા પરસેવામાંથી થયું છે. બે અશ્વિનો તમારા કાન છે. દેવી સરસ્વતી તમારી જિહ્વા છે, અને વેદો તમારું જ્ઞાન છે. આ અખિલ જગત તમારા જ આશ્રયે રહેલું છે. હે યોગ અને યોગીઓના ઇશ ! અમે તમારી સંખ્યાને જાણતા નથી, તમારા તેજને તથા પરાક્રમને અને બળને પણ જાણતા નથી. તેમ નથી જાણતા અમે તમારી ઉત્પત્તિને.

તમે પ્રાણીમાત્રની ગતિ છો, નેતા છો, તમે જ જગદગુરૂ છો.

તમારી કૃપાથી જ પૃથ્વી નિર્ભય થઇ છે. તો વિશાલાક્ષ ! તમે યદુઓના વંશવર્ધન રૂપે પ્રાકટય પામો. ધર્મની સંસ્થાપના, દૈત્યોના વધ અને જગતના ધારણને માટે મારી આ વિનતિને સ્વીકારો. હે પ્રભુ ! હે વાસુદેવ ! તમારી કૃપાથી જ મેં તમારા આ પરમ ગુહ્ય સ્તવનનું ગાન કર્યું છે.

તમે તમારા વિભાગ કરીને મનુષ્યપણાને પામો.

લોકેશ્વરના પણ ઇશ્વર તે પરમદેવ ભગવાને સ્નિગ્ધ ગંભીર વાણીમાં બ્રહ્માને ઉત્તર આપ્યો કે મેં તારા મનની સર્વ ઇચ્છાને જાણી લીધી છે. તારા મનની એ ધારણા પ્રમાણે જ થશે.

એમ કહીને તે ત્યાં ને ત્યાં જ અંતર્ધાન થઇ ગયા.

બ્રહ્માએ કહેલું એ કથા-કિર્તન સાંભળીને દેવો, ગાન્ધર્વો, મુનિઓ તેમ જ અપ્સરાઓ પણ પ્રસન્નતા પામ્યાં અને સ્વર્ગલોકમાં ચાલ્યાં ગયાં. વાસુદેવ સંબંધી પુરાતનકથા કહેતા શુદ્ધાત્મા ઋષિઓના સંમેલનમાં મેં આ વૃતાંત સાંભળ્યું છે. વળી હે ભરતશ્રેષ્ઠ ! જમદગ્નિપુત્ર પરશુરામ, ધીમાન માર્કંડેય, વ્યાસ અને નારદ પાસેથી પણ મેં એ સાંભળ્યું છે.

તું ગોવિંદનો તથા ધનંજય પાંડવનો દ્વેષ કરે છે તેથી હું તને અંધકારમાં ઘેરાયેલો અને ક્રૂર રાક્ષસ જેવો માનું છું. બાકી બીજો મનુષ્ય નારાયણ જેવા દેવોનો દ્વેષ કરે ?

એ સર્વમય છે અને રાગદ્વેષથી રહિત છે. જ્યાં કૃષ્ણ છે ત્યાં ધર્મ છે, અને જ્યાં ધર્મ છે ત્યાં જય છે. એ શ્રીકૃષ્ણના માહાત્મ્યના યોગથી પાંડુપુત્રોનું રક્ષણ થાય છે. વિજય પણ એ પાંડવોનો જ થશે. એ શ્રીકૃષ્ણ પાંડવોને સર્વદા કલ્યાણયુક્ત બુદ્ધિ આપે છે, સંગ્રામમાં સામર્થ્ય આપે છે, અને તેમને ભયથી રક્ષે છે.

ભીષ્મ પિતામહની એ કથા કૃષ્ણને પરાત્પર પરમપુરુષની પુનરાવૃત્તિ તરીકે ઓળખાવે છે.

ભીષ્મ પિતામહના શ્રીમુખથી કૃષ્ણના મહિમાની કલ્યાણકારિણી કથાને સાંભળ્યા પછી પણ દુર્યોધનનું મન બદલાયું નહીં. એ યુદ્ધની વિનાશક વાટથી પાછો વળ્યો નહીં.

સંજયે ધૃતરાષ્ટ્રને જે કાંઇ કહ્યું તે સઘળું સ્પષ્ટ હતું. યુદ્ધો કેવળ છળકપટ અને શસ્ત્રબળથી નથી જીતાતાં પરંતુ ન્યાયપરાયણતા, સત્યની નિષ્ઠા તથા પ્રભુપરાયણતાથી જીતાય છે. એવો એનો સારાંશ છે.

દુર્યોધન એવું સમજીને એને અનુસર્યો નહીં એટલે પરાજય પામ્યો. નાશ પામ્યો.

પાંડવો એ પ્રમાણે ચાલ્યા તેથી વિજય પામ્યા.

માનવમનમાં આજે પણ પાંડવ અને દુર્યોધન રહેલા છે. એકને લીધે સુખ, શાંતિ, સફળતા અને વિજય સાંપડે છે. અને બીજાને લીધે દુઃખ, અશાંતિ, નિષ્ફળતા નિરાશા તથા ઘોર પરાજયની પરંપરા.

મહાભારત યુદ્ધમાં થઇ રહેલા અને થયેલા પાંડવોના વિજયનું કારણ એમની સાત્વિકતા તથા સત્યનિષ્ઠાને પણ બતાવવામાં આવ્યું છે. જીવનના જટિલ મહાભારત જંગમાં પણ વિજય માટે એમની અનિવાર્ય આવશ્યકતા પડતી હોય છે. એને માટેના રથ, શસ્ત્ર, સામર્થ્ય જુદાં હોય છે. રામચરિતમાનસમાં રામને માટે જે કાંઇ કહેવામાં આવ્યું છે તે પાંડવોને પણ અને માનવમાત્રને લાગુ પડતું હોવાથી સવિશેષ સ્મરણીય લાગે છે.

રામચરિતમાનસના લંકાકાંડમાં રાવણને રથવાળો અને રામને રથ વિનાના નિહાળીને વિભીષણને દુઃખ, ચિંતા તથા નિરાશા થાય છે ત્યારે રામ એને જણાવે છે કે જેથી વિજય સાંપડે તે રથ તો જુદો જ છે. એ રથના પૈંડા ધૈર્ય અને સ્થૈર્ય છે. એના ધ્વજ તરીકે સત્ય તથા શીલ હોય છે. બળ, વિવેક, દમ, પરહિત, ક્ષમા, કૃપા, સમતાના રજ્જુથી તે બંધાયોલો હોય છે. ઇશ્વરસ્મરણના સારથિ, વૈરાગ્યના ચર્મ, સંતોષની તલવાર, દાનરૂપી પરશુ, સદબુદ્ધિની પ્રચંડ શક્તિ, અને વિજ્ઞાનરૂપી ધનુષ્યથી સુશોભિત હોય છે. પવિત્ર સ્થિર મનનું ભાથું અને શમ, યમ, નિયમનાં બાણથી સંપન્ન હોય છે. ગુરુ અને પંડિતની પૂજાના કવચને પહેરવામાં આવે છે; એ જ વિજયનો એકમાત્ર ઉપાય છે. હે સખા, જેનો એવો ધર્મમય રથ હોય છે, તેને ક્યાંયે કોઇએ શત્રુ જીતી શક્તા નથી. જેની પાસે એવો રથ હોય છે તે વીર, પરમ અજેય મનાતા, સંસારરૂપી રિપુને પણ જીતી શકે છે.

सुनहु सखा कह कृपानिधाना। जेहिं जय होइ सो स्यंदन आना ॥
सौरज धीरज तेहि रथ चाका। सत्य सील दृढ़ ध्वजा पताका ॥
बल बिबेक दम परहित घोरे। छमा कृपा समता रजु जोरे ॥
ईस भजनु सारथी सुजाना। बिरति चर्म संतोष कृपाना ॥
दान परसु बुधि सक्ति प्रचंड़ा। बर बिग्यान कठिन कोदंडा ॥
अमल अचल मन त्रोन समाना। सम जम नियम सिलीमुख नाना ॥

कवच अभेद बिप्र गुर पूजा। एहि सम बिजय उपाय न दूजा ॥
सखा धर्ममय अस रथ जाकें। जीतन कहँ न कतहुँ रिपु ताकें ॥

(दोहा)
महा अजय संसार रिपु जीति सकइ सो बीर।
जाकें अस रथ होइ दृढ़ सुनहु सखा मतिधीर ॥

પાંડવોના વિજયના રહસ્યની વાતને એ વિચારોમાં અજ્ઞાત રીતે વણી સેવામાં આવી છે.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૪૯. ભીષ્મના મરણનું રહસ્ય

મહાભારતનાં કેટલાંક પાત્રો અતિશય પ્રાણવાન, પરમપ્રતાપી અને અદભુત વ્યક્તિત્વવાળાં છે.

ભીષ્મપિતામહનું પરમ તેજસ્વી પાત્ર એમાંનું એક છે.

એ પાત્ર ખૂબ જ પ્રેરક છે.

સામાન્ય રીતે માનવમાત્રમાં જિજીવિષા રહેલી હોય છે. એને વધારે ને વધારે જીવવાનું ગમે છે. કોઇ એને મારે એ એને પસંદ પડતું નથી, અને પોતાને મારવા માંગનારની આગળ એ પોતાના મૃત્યુનો માર્ગ ભાગ્યે જ મોકળો કરતો દેખાય છે. પોતાના વ્યકતિગત વિનાશ કે મૃત્યુના રહસ્યનું ઉદઘાટન એ બીજાની આગળ ભાગ્યે જ કરતા હોય છે. એથી ઊલટું, મૃત્યુના રહસ્યને કે ઉપાયને જાણતો હોય તોપણ એ બીજાથી ગુપ્ત રાખે છે. એ સંદર્ભમાં ભીષ્મપિતામહનું વ્યક્તિત્વ અતિશય વિલક્ષણ છે. એ પોતાના મૃત્યુના રહસ્યને જાણતા હતા. એમના વિના એની માહિતી કોઇને નહોતી મળી. તોપણ યુધિષ્ઠિરાદિ એમની પાસે પહોંચ્યા ત્યારે એમણે એમની આગળ એનું ઉદઘાટન કર્યું. જેને મરણનો લેશપણ ભય ના હોય તથા જીવનનો રાગ ના હોય, અને જે શરણાગતવત્સલ હોય, તે જ તેવું કરી શકે. ભીષ્મપિતામહની એ કથાથી સુપરિચિત થવા માટે ભીષ્મપર્વના ૧૦૭મા અધ્યાયનું અવલોકન કરી જઇએ.

ભીષ્મપિતામહના ત્રાસથી ભય પામીને યુધિષ્ઠિરનું સૈન્ય વિહવળ થયું હતું અને હથિયાર છોડીને નાસવા માંડતું હતું. મહારથી ભીષ્મ અત્યંત કોપાયમાન થઇને તે સૈન્યને પીડતા હતા.

એ બધું જોઇ-વિચારીને રાજા યુધિષ્ઠિરે પોતાના સૈન્યને પાછા વાળવાનું પસંદ કર્યું.

સંગ્રામમાં ઘાયલ થયેલા સર્વ મહારથીઓ પોતપોતાનાં સૈન્યોને પાછાં વાળીને વિશ્રાંતિ લેવા લાગ્યા. પરંતુ તે દિવસના યુદ્ધમાં ભીષ્મપિતામહના અદભુત પરાક્રમનો વિચાર કરતા અને તેમનાં બાણોથી પીડિત થયેલા પાંડવયોદ્ધાઓને તે સમયે શાંતિ વળી નહીં.

તે સર્વ વીરો તે પ્રસંગે પોતાને માટે શું શ્રેયસ્કર થઇ પડશે તેનો વિચાર કરવા લાગ્યા. યુધિષ્ઠિરે ખૂબ જ વિચાર કરીને કૃષ્ણને ઉદ્દેશીને કહ્યું કે ભયંકર પરાક્રમને કરવાવાળા શૂરવીરશ્રેષ્ઠ ભીષ્મને તો જુઓ. હાથી જેમ ઘાસના વનને કચરી નાંખે છે તેમ એ મારા સૈન્યને કચરી નાખે છે. ક્રોધાયમાન થયેલા યમને, વજ્રધારી ઇન્દ્રને, પાશધારી વરૂણને, ગદાધારી કુબેરને યુદ્ધમાં જીતી શકાય, પણ હાથમાં ધનુષ્ય લઇને અત્યંત ક્રોધપૂર્વક તીવ્ર બાણોને છોડતા ભીષ્મને જીતવા શક્ય નથી.

ભીષ્મપિતામહે મને વચન આપ્યું છે કે હું તને યોગ્ય સલાહ આપીને સહાય કરીશ પણ તારે માટે યુદ્ધ નહીં કરું. તેમનું એ વચન હોવાથી તે મને સારી સલાહ આપશે. આપણે બધા એકત્ર થઇને તેમની પાસે જઇએ અને એમનો પોતાનો વધ શી રીતે થાય એ વિશે તેમને જ પૂછીએ. અમારા પિતા જ્યારે મરણ પામ્યા અને અમે બાળક હતા ત્યારથી જ તેમણે એમને ઉછેરીને મોટા કર્યા છે.

શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરના વિચારને માન્ય રાખ્યો એટલે પાંડવો શ્રીકૃષ્ણ સાથે મળીને ભીષ્મપિતામહ પાસે પહોંચ્યા. ભીષ્મના તંબૂ પાસે આવીને તેમણે પોતાનાં શસ્ત્રોને છોડી દીધાં અને અંદર દાખલ થઇને મસ્તક નમાવીને પ્રણામ કર્યા.

ભીષ્મે તેમને સત્કારીને કહ્યું કે બોલો મારે તમારી પ્રીતિને વધારનારું કયું કાર્ય કરવાનું છે ? તમારું અતિ દુષ્કર કાર્ય હશે તોપણ હું સંકોચ સિવાય કરી શકીશ.

યુધિષ્ઠિરે દીન થઇને પૂછયું કે હે સર્વજ્ઞ ! અમારો જય કેવી રીતે થાય ? અમને શું કરવાથી રાજ્ય મળે ? વળી તમે પોતે જ તમારા નાશનો ઉપાય કહી બતાવો. તમે બાણોનો વરસાદ વરસાવીને યુદ્ધમાં કેર વર્તાવી દીધો છે, અને મારી મોટી સેનાનો નાશ કરી નાખ્યો છે. માટે શું કરવાથી યુદ્ધમાં અમે તમને જીતી શકીએ, રાજ્યને પુનઃ પ્રાપ્ત કરી શકીએ, અને મારા સૈન્યનું કલ્યાણ થાય તે મને જણાવો.

ભીષ્મે યુધિષ્ઠિરની જિજ્ઞાસાના જવાબમાં જણાવ્યું કે જો હું હાથમાં ઉત્તમ ધનુષ્યને અને શસ્ત્રોને લઇને રણસંગ્રામમાં સજ્જ થયો હોઉં તો ઇન્દ્ર સહિત દેવો અને અસુરો પણ મને જીતી શકે નહીં. પણ જો હું શસ્ત્રોનો ત્યાગ કરું તો આ મહારથીઓ મારો નાશ કરી શકે. જેણે શસ્ત્રોને ફેંકી દીધાં હોય, જે રણભૂમિ પર પડી ગયો હોય, જેણે પોતાના કવચને તથા ધ્વજાને ઉતારી નાખ્યાં હોય, જે રણમાંથી નાસી જતો હોય, જે ભયભીત થયો હોય, જે મારે શરણે આવ્યો હોય, જે સ્ત્રી હોય અથવા સ્ત્રીના નામને ધારણ કરવાવાળો હોય, જે મૂર્છિત થયેલો હોય, જે એક પુત્રવાળો હોય, જે દુષ્ટ હોય એની સાથે યુદ્ધ કરવાનું મને નથી ગમતું. વળી અમાંગલિક ધ્વજાવાળા પુરુષને જોઇને હું કદી લડતો નથી. તમારા સૈન્યમાં શિખંડી નામે દ્રુપદરાજનો જે મહારથી પુત્ર છે, તે યુદ્ધમાં જય મેળવનાર, શૂરવીર અને અસહિષ્ણુ છે. શિખંડી પૂર્વે સ્ત્રી હતો અને આ જન્મમાં પુરુષપણાને પ્રાપ્ત થયો છે. એ શિખંડીને રણમાં પોતાની આગળ કરીને તીક્ષ્ણબાણથી અર્જુન મારા પર પ્રહાર કરે. અમાંગલિક ધ્વજાવાળા તથા વિશેષ કરીને પૂર્વજન્મમાં સ્ત્રી તરીકે જન્મેલા એ શિખંડી પર હું હાથમાં ધનુષ લઇને કદી પણ પ્રહાર કરવા નહીં ઇચ્છું. આ સમયનો લાભ લઇને પાંડુપુત્ર ધનંજય એકદમ ચારે બાજુથી બાણો વડે ભલે પ્રહાર કરે. મહાભાગ શ્રીકૃષ્ણ અથવા પાંડુપુત્ર અર્જુન સિવાય એવો કોઇ પણ પુરુષ આ ત્રણે લોકમાં મારા જોવામાં આવતો નથી, જે યુદ્ધમાં સજ્જ થયેલા મને હણી શકે. માટે શિખંડીને અથવા એ સિવાયના બીજા કોઇ અનુકૂળ પુરુષને આગળ કરીને અર્જુન શસ્ત્રસજ્જ થઇને અને હાથમાં ઉત્તમ ધનુષ્યને ધારણ કરીને ભલે મને મારી નાખે. એમ કરવાથી જ તમારો જય થશે. એમ કરવાથી યુદ્ધમાં તમારી સામે આવેલા સર્વ કૌરવોનો પણ સંહાર કરી શકાશે.

પાંડવો ભીષ્મપિતામહને વંદીને પોતાની છાવણી તરફ ગયા.

એમને ભીષ્મને માટે અભૂતપૂર્વ માન પેદા થયું. વાહ ભીષ્મપિતામહ ! આવું કઠોર કાર્ય તમારા સિવાય બીજું કોણ કરી શકે ?

કૃષ્ણે પાંડવોને પ્રેરણા તથા ઉત્સાહ આપીને એમને યુદ્ધ માટે તૈયાર કર્યા.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૫૦. અર્જુને ભીષ્મને ઉશીકું આપ્યું

મહાભારતમાં કહ્યા પ્રમાણે સવારે સૂર્યનો ઉદય થતાં ભેરી, મૃદંગ આનક જેવાં રણવાજિંત્રો વાગવા લાગ્યાં.

યુદ્ધના વિશાળ મેદાનમાં ઠેર ઠેર શ્વેતરંગના શંખો ફુંકાવા માંડયા.

પાંડવો શિખંડીને આગળ કરીને યુદ્ધ માટે નીકળી પડયા.

શત્રુઓને માટે મહાવિનાશક મહાવ્યૂહ રચીને પાંડવોએ શિખંડીને સઘળી સેનાની આગળ રાખેલો.

પાંડવ યોદ્ધાઓ શિખંડીની આસપાસ ઊભા રહીને એની રક્ષા કરી રહેલા.

શિખંડીએ ભીષ્મપિતામહને મારવાનો સંકલ્પ કરેલો.

ક્રોધાયમાન થયેલા સર્પ જેવા અને પ્રલયકાળના સાક્ષાત્ યમ જેવા જણાતા ભીષ્મને શિખંડીએ ત્રણ બાણોનો પ્રહાર કરીને છાતીમાં વીંધી નાંખ્યા. છતાં પણ તેની સાથે યુદ્ધ કરવા માટે નહીં ઇચ્છતા ભીષ્મપિતામહ ક્રોધપૂર્વક હસીને તેને કહેવા લાગ્યા કે તું મારા પર પ્રહાર કરે અથવા ના કરે; પરંતુ હું તારી સાથે યુદ્ધ કરવાનો નથી. વિધાતાએ તને પહેલાં જે સ્ત્રી તરીકે ઉત્પન્ન કરી હતી તે જ તું શિખંડિની છે.

ભીષ્મના શબ્દોને સાંભળીને શિખંડી ક્રોધથી તપી ઊઠ્યો અને કહેવા માંડયો કે તમને હું સારી રીતે ઓળખું છું. પરશુરામની સાથેનું તમારું યુદ્ધ પણ મારા સાંભળવામાં આવ્યું છે. તમારો દિવ્યપ્રભાવ મેં ઘણી વખત સાંભળ્યો છે. તમારા સ્વભાવને જાણવા છતાં હું પાંડવોનું પ્રિય કરવાને તથા મારી જાતને સફળ કરવાને આજે તમારી સાથે યુદ્ધ કરીશ. તમારી આગળ સત્યના સોગંદ ખાઇને કહું છું કે આજે હું તમને અવશ્ય મારીશ; માટે મારી વાતને સાંભળીને તમારે જે કરવું હોય તે કરો. આજે તમે મારા પર પ્રહાર કરો યા ના કરો, પણ હું તમને જીવતા છોડવાનો નથી. આજે તમે સારી રીતે આ સંસારનું છેલ્લું દર્શન કરી લો.

એ સંગ્રામમાં સેંકડો ને હજારો યોદ્ધાઓનો સંહાર કર્યા પછી ભીષ્મપિતામહના શરીર પર બે આંગળ જેટલી જગ્યા પણ ઘા વિનાની રહી નહોતી. અર્જુનના બાણોથી છિન્નભિન્ન થયેલા ભીષ્મપિતામહ સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં હતો એ સમયે, પૂર્વ તરફ રહેલા મસ્તકે રથ ઉપરથી નીચે પડયા.

ભીષ્મપિતામહને રથ પરથી પડતા જોઇને મહારથીઓનાં મન પણ તેમની સાથે જ પડી ગયાં. તેમનું શરીર અનેક બાણોના સમૂહથી ભરાઇ ગયું હતું એટલે તેઓ પૃથ્વીનો સ્પર્શ કરી શકતા ન હતા.

રથમાંથી પડેલા અને બાણશૈયામાં સૂતેલા એ મહાધનુર્ધર પુરુષશ્રેષ્ઠમાં દિવ્યભાવનો પ્રવેશ થયો. તે વખતે મંદ મંદ વરસાદ વરસવા લાગ્યો, તથા પૃથ્વી કંપવા લાગી. નીચે પડતાં ભીષ્મને જણાયું કે અત્યારે દક્ષિણાયનના સૂર્ય છે, તેથી આ અશુભ કાળ છે. એ પોતાના પ્રાણને ધારી રાખવા માટે સંપૂર્ણ સાવધ થયા.

ભીષ્મપિતામહે વિચાર્યું કે જ્યાં સુધી સૂર્ય દક્ષિણાયનમાં રહેશે ત્યાં સુધી હું મારા પ્રાણને છોડીશ નહીં. જ્યારે સૂર્ય ઉત્તરાયણના થશે ત્યારે જ હું મારા પુરાતન સ્થળે જઇ શકીશ. ઉત્તરાયણની રાહ જોઇને હું મારા પ્રાણને ધારી રાખીશ. હું મારી ઇચ્છા પ્રમાણે પ્રાણને ધારી શકું છું. મારા પિતાએ મને સ્વેચ્છામૃત્યુનું વરદાન આપ્યું છે. એ વરદાનના પ્રભાવથી હું મારા પ્રાણનો ત્યાગ કરવામાં સંપૂર્ણપણે સ્વતંત્ર છું.

ભીષ્મપિતામહને શરશય્યા પર સૂતેલા જોઇને પાંડવો અને સૃંજયો આનંદના સિંહનાદો કરવા લાગ્યા. કૌરવોમાં ખૂબ જ ગભરાટ ફેલાઇ રહ્યો. કૃપાચાર્ય અને દુર્યોધન નિઃશ્વાસ નાખીને રડવા લાગ્યા, તેમજ ઘણા વખત સુધી શોકમગ્ન બની ગયા.

પાંડવો વિજયને મેળવીને જાણે પરલોકમાં શ્રેષ્ઠ ગતિ પામ્યા હોય તેમ આનંદિત થઇને પોતાના મોટા મોટા શંખોને ફૂંકવા લાગ્યા. સોમકો અને પાંચાલો પણ હર્ષમાં આવી ગયા. તેમના આખા સૈન્યમાં હજારો વાજિંત્રો વાગી રહ્યાં.

કેટલાક યોદ્ધાઓ રુદન કરવા લાગ્યા, કેટલાક ત્યાંથી નાસી ગયા, અને બીજા કેટલાક આશ્ચર્યચકિત બની ગયા. કેટલાક યોદ્ધાઓ ક્ષાત્રધર્મની નિંદા કરવા તો કેટલાક ભીષ્મના વખાણ કરવા લાગ્યા.

પરમ બુદ્ધિમાન અને વીર્યવાન શાંતનુનંદન ભીષ્મ મહાઉપનિષદ તથા યોગમાર્ગનો આશ્રય કરીને, પ્રણવમંત્રના જપ કરીને, ઉત્તરાયણના સમયની પ્રતીક્ષા કરી રહ્યા.

છિન્નભિન્ન થયેલાં કવચ અને ધ્વજાવાળા શાંતનુપુત્ર ભીષ્મને જોઇને કૌરવો તથા પાંડવો તેમની આસપાસ વીંટાઇ વળ્યા. શાન્તનુનંદન ભીષ્મના પતન સમયે આકાશ અંધકારથી આવૃત થઇ ગયું, સૂર્ય ઝાંખો પડી ગયો, અને પૃથ્વી આર્તનાદ કરવા લાગી.

આચાર્ય દ્રોણને ભીષ્મના સમાચાર કહી સંભળાવ્યા ત્યારે તે અપ્રિય સમાચારને સાંભળીને એમને મૂર્છા આવી ગઇ.

રાજાઓ પોતાના કવચોને ઉતારીને ભીષ્મપિતામહ પાસે પહોંચવા લાગ્યા. બીજા યોદ્ધાઓ પણ યુદ્ધમાંથી વિરામ પામીને દેવો જેમ બ્રહ્મા પાસે જાય તેમ, ભીષ્મપિતામહ પાસે પહોંચીને ઊભા રહ્યા.

પોતાની સમક્ષ પ્રણામ કરીને ઊભેલા કૌરવોને તથા પાંડવોને જોઇને ભીષ્મપિતામહે કહ્યું કે મારા મસ્તકને ઊંચુ કરવા માટે મને ઉશીકું આપો.

તેમના શબ્દો સાંભળીને સર્વરાજાઓ સારાં સારાં સુંદર અને કોમળ ઉશીકાં લાવ્યા પરન્તુ ભીષ્મપિતામહે તે ઉશીકાંને લેવાની ઇચ્છા ના કરી. તેમણે તે ઉશીકાંને વીરશય્યાને યોગ્ય ના માન્યાં અને અર્જુનને વીરશય્યાને યોગ્ય લાગે એવું ઉશીકું લાવવા જણાવ્યું.

અર્જુને મંત્રપૂર્વક મહાવેગવાળાં ત્રણ તીક્ષ્ણબાણોને મૂકીને તેમના મસ્તકને ઊંચું કર્યું.

અર્જુન પોતાના અભિપ્રાયને સમજી ગયો એ જોઇને ધર્મના તાત્વિક અર્થને જાણનારા ધર્માત્મા ભરતશ્રેષ્ઠ ભીષ્મ તેના પર અત્યંત પ્રસન્ન થયા. તેમણે તેની પ્રશંસા કરી.

એમણે પોતાની સામે ઉભેલા રાજાઓ, રાજપુત્રો અને પાંડવોને જણાવ્યું કે સૂર્ય દક્ષિણાયનના મટીના ઉત્તરાયણના થશે ત્યાં સુધી હું આ શય્યામાં સૂઇ રહીશ. તે સમયે જે રાજાઓ મારી પાસે આવશે તે મને મળી શકશે. સાત ઘોડાઓથી જોડાયેલા, ઉત્તમ તેજવાળા, પોતાના રથ ઉપર બેસીને જ્યારે સૂર્યનારાયણ ઉત્તર દિશામાં જશે ત્યારે હું મારા પ્રિયજન જેવા પ્રાણનો પરિત્યાગ કરીશ. મારા નિવાસસ્થાન પાસે ખાઇઓ ખોદાવો. સેંકડો શરોમાં ખૂંપી ગયેલો હું ત્યાં સુધી સૂર્યની ઉપાસના કરીશ. તમે પારસ્પરિક વેરભાવને પરિત્યાગીને યુદ્ધને બંધ કરો.

ભીષ્મપિતામહ એ પ્રમાણે કહી રહ્યા હતા ત્યારે બાણોને ખેંચી કાઢવામાં કુશળ અને મહાવિદ્વાન ઉપાધ્યાયો પાસે સારી રીતે શિક્ષિત થયેલા વૈદ્યો ઉપચાર કરવાનાં સર્વ સાધનો સહિત ત્યાં આવી પહોંચ્યા.

તે વૈદ્યોને જોઇને ભીષ્મપિતામહે દુર્યોધનને કહ્યું કે આ વૈદ્યોને ધન આપીને તથા સત્કારીને વિદાય કરો. આવી સ્થિતિમાં મારે વૈદ્યોનું શું કામ છે ? ક્ષાત્રધર્મમાં જે ગતિ વખણાય છે તે પરમગતિને હું પામી ચૂક્યો છું. બાણશૈયામાં સૂતો છું એટલે ઉપચાર કરવા-કરાવવા એ મારો ધર્મ ના હોય. મારો અગ્નિસંસ્કાર પણ મારા શરીરમાં રહેલાં બાણોને કાઢ્યા વિના જ કરજો.

તેમના શબ્દોને સાંભળીને દુર્યોધને તે વૈદ્યોને યોગ્યતા પ્રમાણે ધનાદિથી સત્કારીને વિદાય આપી. ત્યાં ઊભેલા દેશદેશના રાજાઓ તે અમિત તેજવાળા ભીષ્મની પાસે જઇને તેમને વંદી ત્રણ વાર પ્રદક્ષિણા કરી.

સઘળા વીરો સાયંકાળ થતાં પોતપોતાના તંબૂઓ તરફ ગયા.

ભીષ્મપિતામહના પતનની પાછળ ભગવાન કૃષ્ણની અસામાન્ય શક્તિએ કાર્ય કરેલું, અથવા એમના મંગલ માર્ગદર્શને મહત્વનો ભાગ ભજવેલો એ સ્પષ્ટ રીતે સમજી શકાય છે. એટલે તો યુધિષ્ઠિરે પાછળથી તે માટે એમની પ્રશંસા કરીને એમને અભિનંદન આપ્યાં. પરન્તુ કૃષ્ણ તો નમ્ર જ રહ્યા. પોતાની પ્રશંસાથી પ્રભાવિત થયા નહીં.

ભીષ્મપિતામહનું મનોબળ કેટલું બધું અદભુત કહેવાય ? એમનું શરીર શરસમૂહથી ભરાઇ ગયેલું તોપણ એ કેવા સ્વસ્થ અને શાંત હતા ? અર્જુન પાસે એમણે વીરોચિત ઉશીકું માંગ્યું. અર્જુને એને પૂરું પાડયું. શરીરની અસહ્ય વેદનાને સહીને એ ઉત્તરાયણમાં શરીરત્યાગના સંકલ્પને વળગી રહ્યા. એમણે સૌને સર્વસંહારક સંગ્રામને તિલાંજલિ આપવાની ભલામણ કરી, પરન્તુ એ ભલામણ કોઇએ માની નહીં. પરિણામે યુદ્ધ ચાલું જ રહ્યું.

ભીષ્મપિતામહનું જીવન ઉજ્જવળ હતું. તેમ મૃત્યુ પણ ઉજ્જવળ કે મંગલ બનવા સરજાયેલું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫૧. ભીષ્મનો યુદ્ધને રોકવાનો પ્રયાસ

મહાભારતના મહાભીષણ મહાયુદ્ધના પ્રારંભ પહેલાં અને એના પ્રારંભ પછી, છેક પોતાના પરાજય પછી પણ શરશય્યા પર સૂતાં સૂતાં, ભીષ્મપિતામહે કૌરવ-પાંડવ પ્રત્યેના પ્રેમ અને કરુણાભાવથી પ્રેરાઇને, એમને મહાભયંકર યુદ્ધકર્મમાંથી પાછા વાળવા માટે પ્રામાણિક પ્રયત્નો કરી જોયેલા. પરન્તુ એ પ્રયત્નો સફળ થયેલા નહીં. પોતાના પ્રયત્નોના અનુસંધાનમાં એમણે કૌરવપક્ષ તરફથી લડવાનું પસંદ ના કર્યું હોય તો તેનું પરિણામ કદાચ જુદું આવત, પરન્તુ એમની એમના આશ્રયદાતાને અણીના વખતે છોડી ના દેવાની કૃતજ્ઞતાસૂચક નિમકહલાલ થવાની વિચારસણીએ એમને કૌરવો તરફથી યુદ્ધ કરવા તૈયાર કર્યા.

શરશય્યા પર સૂતાં સૂતાં એમણે દુર્યોધન તથા કર્ણને બંનેને સમજાવવાના પ્રયત્નો કર્યા. જો કે એ પ્રયત્નો વ્યર્થ ગયા તોપણ, મહાભારતકારે એની નોંધ લીધી છે. એમના એ અંતિમ પ્રયત્નોનું ભીષ્મપર્વના એકસો એકવીસમા અને એકસો બાવીસમા અધ્યાયોને અનુસરીને વિહંગાવલોકન કરી લઇએ.

મહાભારતકાર જણાવે છે કે રાત વીતી ગઇ અને સવાર થયું ત્યારે કૌરવપાંડવ પક્ષના સર્વ રાજાઓ પુનઃ ભીષ્મપિતામહની પાસે આવીને વંદન કરીને ઊભા રહ્યા.

તે વખતે હજારો કન્યાઓ ત્યાં જઇને ચંદનથી, ડાંગરથી અને પુષ્પમાળાઓથી શાંતનુપુત્ર ભીષ્મને વધાવવા લાગી. સ્ત્રીઓ, વૃદ્ધો, બાળકો વગેરે સામાન્ય માણસો પણ સૂર્યના દર્શન કરવા જાય તેમ એ શાન્તનુનંદનનાં દર્શન કરવા માટે જવા લાગ્યાં. સેંકડો વાજિંત્રો લઇને નટ લોકો, નૃત્ય કરનારા, અનેક ગવૈયાઓ તેમ જ બીજા કારીગરો પણ કુરુવૃદ્ધ પિતામહના દર્શનાર્થે આવવા માંડયા. કૌરવો અને પાંડવો પણ યુદ્ધ બંધ રાખીને, કવચો તથા આયુધોને ઉતારી નાખીને, તેમ જ પરસ્પર પ્રેમવાળા થઇને, પોતપોતાની અવસ્થા અને યોગ્યતા પ્રમાણે અનુક્રમે એમની આસપાસ બેસી ગયા.

સુતીક્ષ્ણ શરસમૂહથી અત્યંત સંતાપ પામી રહેલા અને સમસ્ત શરીરે સખત બળી રહેલા ભીષ્મપિતામહ ધીરજપૂર્વક પોતાની તીવ્ર વેદનાને નિયમમાં રાખી રહ્યા હતા. શરસમૂહના સંવેદનથી તે સર્પની પેઠે નિસાસા નાખતા અને રાજાઓની સામે જોઇને પાણી માટે માગણી કરવા લાગ્યા, ત્યારે તે ક્ષત્રિયો ચારે બાજુથી જાતજાતના ખાવાના પદાર્થો અને શીતળ જળના કળશોને લઇ આવ્યા.

તે પાણીને જોઇને શાંતનુપુત્ર ભીષ્મે કહ્યું કે હું હવે મનુષ્યકોટિથી દૂર થયો છું. તમારી સમક્ષ બાણશય્યામાં પડેલો છું. સૂર્યચંદ્રની નિવૃત્તિની પ્રતીક્ષા કરી રહ્યો છું. ત્યારે મારાથી આવા કોઇ પણ લૌકિક ભોગોને ભોગવી શકાય નહીં.

એમણે અર્જુનને બોલાવીને પોતાને પાણી પહોંચાડવાની પ્રાર્થના કરી એટલે રથીશ્રેષ્ઠ અર્જુને સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ ભરતશ્રેષ્ઠ ભીષ્મપિતામહની પ્રદક્ષિણા કરીને સૌની સમક્ષ મંત્રોચ્ચાર કરીને પર્જન્યાસ્ત્રના પ્રયોગ માટે દૈદીપ્યમાન બાણને ધનુષ્ય પર ચઢાવ્યું. તેણે તે બાણ વડે ભીષ્મની જમણી બાજુની પૃથ્વીને વીંધી એટલે તરત જ સુંદર, નિર્મળ, ઠંડી તથા અમૃત જેવા દિવ્યરસની સુગંધવાળી સલિલધારા પૃથ્વીમાંથી ઊછળવા લાગી.

અર્જુને તે શીતળ સલિલધારાથી ભીષ્મ પિતામહને તૃપ્ત કર્યા.

અર્જુનના તે પરમ પરાક્રમને પેખીને ત્યાં બેઠેલા રાજાઓ પરમ વિસ્મય પામ્યાં, કૌરવો ધ્રુજી ઊઠયા, અને બીજા રાજાઓ વિસ્મયપૂર્વક પોતાનાં ઉત્તરીય વસ્ત્રોને ઊંચા કરીને ફરકાવવા લાગ્યાં. ચારે બાજુ શંખ અને દુંદુભિઓનો તુમુલ ઘોષ થઇ રહ્યો. તૃપ્ત થયેલા ભીષ્મપિતામહ અર્જુનની પ્રશંસા કરીને કહેવા લાગ્યા કે તું આવું અદભુત કર્મ કરી બતાવે તેમાં કાંઇ આશ્ચર્ય નથી. નારદે તને પૂર્વે નરઋષિ તરીકે વર્ણવેલો છે. તું વાસુદેવની સહાયથી મહાન કર્મો કરી શકે તેમ છે. દેવરહસ્યને જાણનારા જાણે છે કે તું સર્વ ક્ષત્રિયોનો સાક્ષાત્ કાળ છે. તું ધનુર્ધરોમાં સર્વોચ્ચ અને પૃથ્વીના પુરુષોમાં શ્રેષ્ઠ છે. જેમ જગતનાં સર્વ પ્રાણીઓમાં મનુષ્ય, સર્વ પક્ષીઓમાં ગરુડ, સરિતાઓમાં સમુદ્ર, ચોપગામાં ગાય, સર્વ તેજોમાં સૂર્ય, પર્વતોમાં હિમાલય, ચારેય વર્ણોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે, તેમ તું સર્વ ધનુર્ધરોમાં શ્રેષ્ઠ છે.

એમણે દુર્યોધનને જણાવ્યું કે દુર્યોધન ! તેં તારી નજરે જોયું ને ? અર્જુને અમૃત સમાન સુગંધિત શીતળ જળધારાને પૃથ્વીમાંથી ઉત્પન્ન કરી આપી. આવું પરાક્રમ કરનારો આ લોકમાં બીજો કોઇ નથી. આ અર્જુનને કોઇ પણ રીતે યુદ્ધમાં જીતી શકાય તેમ નથી. માટે તેની સાથે તું સંધિ કરવામાં વિલંબ ના કર.

એવું કરવાથી જ તારું તેમ જ તારા કુળનું કલ્યાણ થશે. અર્જુનનું આ પરાક્રમ તને ચેતવવા માટે પુરતું છે. મારા મરણની સાથે પણ તમારામાં પ્રેમભાવ પ્રગટવા દે, અને બાકી રહેલાને નિરાંતે જીવવા દે. પાંડવોને એમનું અડધું રાજ્ય પાછું સોંપી દે. ધર્મરાજ યુધિષ્ઠિર ભલે ઇન્દ્રપ્રસ્થ તરફ જાય. તું મિત્રદ્રોહી ના થા. હું તને સત્ય કહું છું. કે જો તું મારા વચનને નહીં માને તો રાજાઓમાં નીચ ગણાશે, અને પાપી તરીકેની અપકીર્તિ પામશે. મોહથી ઘેરાયેલો તું મારા સમયોચિત સદ્ઉપદેશને મંદબુદ્ધિથી નહીં સ્વીકારે તો અંતે પસ્તાવું પડશે.

દુર્યોધને એ ઉપદેશ સાંભળ્યો પરન્તુ મરણપથારીએ પડેલા માણસને જેમ હિતાવહ ઔષધ ગમતું નથી તેમ તેને તે સદ્ઉપદેશ ના ગમ્યો.

ભીષ્મપિતામહે કર્ણને સમજાવવાનો પ્રયત્ન કરી જોયો.

ભીષ્મને રણભૂમિ પર ઘવાઇને પડેલા સાંભળીને પુરુષશ્રેષ્ઠ રાધાપુત્ર કર્ણ જરાક ભયભીત થઇને ઉતાવળે પગલે એમની પાસે પહોંચ્યો. આંખોને મીંચીને સૂતેલા વીર ભીષ્મને જોઇને કર્ણની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. તે ગદગદ્ કંઠે કહેવા લાગ્યો કે હું રાધાપુત્ર કર્ણ તમારાં દર્શને આવ્યો છું.

એ સાંભળીને ભીષ્મે પોતાની આંખ ઉઘાડી. એમણે આસપાસના ચોકીદારોને ખસી જવાનું કહ્યું અને પછી એકાંત પ્રદેશ જોઇને પિતા જેમ પુત્રને ભેટે તેમ એને એક હાથે આલિંગન આપીને જણાવ્યું કે તું આ સમયે મારી પાસે ના આવ્યો હોત તો તારું શ્રેય સધાત નહીં. તું કુંતીનો પુત્ર છે; રાધાનો પુત્ર નથી. તારો પિતા અધિરથ નથી; પણ સૂર્ય તારા જનક છે. દેવર્ષિ નારદ પાસેથી મેં આ વૃતાંત જાણ્યું છે. વળી કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ પાસેથી પણ મેં એ પ્રમાણે સાંભળ્યું છે. માટે એ વૃતાંત નિઃસંશય સત્ય છે. કુંતીએ કન્યાવસ્થામાં ધર્મનો લોપ કરીને તને ઉત્પન્ન કર્યો હતો તેથી તેમ જ વધારામાં તેં નીચ પુરુષોનો આશ્રય કર્યો હોવાથી, તારી બુદ્ધિ ગુણવાનો તરફ દ્વેષ અને મત્સરવાળી થઇ છે. તારી એ તુચ્છ બુદ્ધિને લીધે જ હું તને કુરુસભામાં કઠોર વાક્યો સંભળાવતો હતો. તારા, યુદ્ધમાં શત્રુઓથી સહન ના થઇ શકે એવા, પૃથ્વીપ્રસિદ્ધ પરાક્રમને હું સારી રીતે જાણું છું. વળી તારી બ્રાહ્મણો તરફની ભક્તિ, તારું શૌર્ય અને દાન કરવામાં તારી

અતિ ઉત્કૃષ્ટ સ્થિતિ પણ હું જાણું છું. હે દેવ સમાન કર્ણ ! પુરુષોમાં તારા સમાન બીજો કોઇ નથી. બાણ યોજવામાં, અસ્ત્રોનું સંધાન કરવામાં, હસ્તકૌશલમાં તથા અસ્ત્રોના બળમાં તું અર્જુન અને શ્રીકૃષ્ણ જેવો જ કુશળ છે. પૂર્વે કાશીનગરમાં જઇને ધનુષ્યને ધારણ કરીને, તેં એકલે હાથે કુરુરાજ દુર્યોધનને કન્યા અપાવવા માટે યુદ્ધમાં ઘણા રાજાઓનો સંહાર કરેલો. મહાબળવાન અને દુર્જય રાજા જરાસંધ પણ યુદ્ધમાં તારી તોલે આવી શક્યો નહોતો.

તારા પ્રત્યેનો મારો પૂર્વકોપ આજે દૂર થયો છે. થવાનું હતું તે થઇ ગયું કારણ કે દેવને પુરુષાર્થ કર્યા છતાં પણ ઓળંગી શકાતું નથી. વીર પાંડવો તારા સહોદર ભાઇઓ છે. માટે મારું તથા તારું પ્રિય કરવા ઇચ્છતો હોય તો તેમની સાથે સમાધાન કર. મારા મરણની સાથે તમારા વેરની સમાપ્તિ થાય અને પૃથ્વીના સર્વ રાજાઓ કુશળતા પામે.

કર્ણે કહ્યું કે હું કુંતીપુત્ર છું; સુતપુત્ર નથી. મને કુંતીએ જન્મ આપીને તજી દીધો છે, અને અધિરથ સુતે ઉછેરીને મોટો કર્યો છે. મેં દુર્યોધનના ઐશ્વર્યનો ઉપભોગ કરીને અત્યાર સુધી મોજશોખ કર્યો છે. તો હવે હું એના અન્નને હરામ કરવા નથી માગતો.

શ્રીકૃષ્ણ જેમ અર્જુનને માટે દૃઢ વ્રત લઇને બેઠા છે તેમ મેં પણ મારા શરીર, ધન, સ્ત્રી, પુત્ર તથા યશને દુર્યોધન માટે ઓવારી નાખ્યા છે. દુર્યોધનનો આશ્રય કરીને મેં પાંડવોને કોપાવ્યા છે. પાંડવો તથા વાસુદેવને મનુષ્યોથી જીતાય તેમ નથી. તોપણ અમે એમની સાથે લડીશું. મારું મન સાક્ષી પૂરે છે કે હું પાંડવોને જીતી શકીશ. આ દારૂણ વેર હવે છૂટે તેમ નથી. માટે મારા ક્ષાત્રધર્મમાં રહીને હું પ્રસન્ન મનથી ધનંજયની સાથે યુદ્ધ કરીશ. તમારી આજ્ઞા લીધા પછી જ મારો યુદ્ધ કરવાનો વિચાર છે. માટે તમે મને તેમ કરવાની આજ્ઞા આપો. મારાથી કાંઇ ના બોલવાનું બોલાયું હોય, ઉતાવળથી અથવા ચાપલ્યથી વિપરીત આચરણ થયું હોય, તો તે સઘળાની મને ક્ષમા આપો.

કર્ણના શબ્દોને સાંભળીને ભીષ્મપિતામહ પાસે બીજો કોઇયે વિકલ્પ ના રહ્યો. એમણે એને યુદ્ધની આજ્ઞા આપી.

ઉપર્યુક્ત પ્રસંગ અર્જુનની અલૌકિક શક્તિને પ્રદર્શાવે છે. એ અલૌકિક શક્તિની સહાયતાથી અર્જુને ભીષ્મપિતામહને માટે પૃથ્વીમાંથી પાણી પ્રગટાવ્યું. ભારતના ધનુર્ધરો કેવી આશ્ચર્યચકિત કરાવતી અલૌકિક શક્તિઓ ધરાવતા હતા એનું એ નાનું સરખું ઉદાહરણ છે. અગ્નિ પ્રગટાવવો, વરસાદ વરસાવવો, એવી એવી અનેક શક્તિઓ એ ધનુર્ધરો ધરાવતા.

ઉપર્યુક્ત પ્રસંગમાં ભાવિના વિધાનની વાત કરીને ભીષ્મ તથા કર્ણ પોતાની લાચારી બતાવે છે. એની સાથે સાથે જેનું અનાજ ખાધું છે એનું કર્મ કુકર્મ હોય તોપણ એનો વિરોધ ના કરવો અને એને સર્વ પ્રકારે છેવટ સુધી સાથ આપવો જોઇએ એવી દલીલોને દોહરાવવામાં આવે છે. એવી દલીલો વ્યક્તિ તથા સમષ્ટિની સુખાકારી કે શાંતિ-સમુન્નતિને માટે કેટલે અંશે શ્રેયસ્કર છે તે વિચારવા જેવું છે. અસત્યનો આશ્રય ના લેવો અને અસત્યને આશ્રય ના આપવો એ બંને પ્રકારના નિયમોની સામાજિક સ્વાસ્થ્ય માટે અનિવાર્ય આવશ્યકતા હોય છે. હોવી જોઇએ.

# દ્રોણ પર્વ

# ૧૫૨. સંજયનું વ્યક્તિત્વ

મહારાજા ધૃતરાષ્ટ્રને ભીષ્મ પિતામહના પરાજય અને મૃત્યુના સમાચાર સાંભળીને સ્વાભાવિક રીતે જ શોક થયો.

એમના દિલમાં દુઃખનો દાવાનલ પેદા થયો. એમનું ચિત્ત અતિશય ચિંતાતુર બની ગયું.

ક્ષણવાર તો એમને સમજાયું નહિ કે શું કરવું. એ કિંકર્તવ્યમૂઢ અને અશાંત બની ગયા.

એ પરિસ્થિતિ કાંઇ નવી અથવા અણધારી નહોતી. એમને એની કલ્પના તો હતી જ. તોપણ કુરુક્ષેત્રના મહાભયંકર યુદ્ધમેદાનમાં ભીષ્મ પિતામહના પડવાથી એમને અતિ અસહ્ય આઘાત લાગ્યો.

રણસંગ્રામમાં વિજય મેળવવાનું એમનું દિવાસ્વપ્ન નષ્ટ થવા માંડયું.

કુરુક્ષેત્રના યુદ્ધમેદાનના સઘળા સમાચાર એમને સંજય પાસેથી સાંપડતા.

મહર્ષિ વ્યાસે સંજયને એવો અમોઘ આશીર્વાદ આપેલો કે તે યુદ્ધમેદાનની પ્રવૃત્તિઓને દૂર રહીને પણ પેખી શકે, અને એ ઉપરાંત, ત્યાંના સંભાષણ કે સંવાદને સાંભળી શકે.

મહાપુરુષોના આશીર્વાદ અસાધારણ હોય છે એ નિઃશંક છે.

સંજયને અને સૌને એનો અનુભવ થયો.

મહર્ષિ વ્યાસના અસીમ અનુગ્રહથી સંજયને કદાચ દૂરદર્શનની તથા દૂરશ્રવણની સવિશેષ શક્તિ સાંપડી હશે. એમાં ના માનવા જેવું કશું જ નથી.

એને લીધે એ હસ્તિનાપુરમાં રહીને પણ દૂર સુદૂર રહેલા કુરુક્ષેત્રના ઘટનાચક્રથી માહિતગાર રહીને ધૃતરાષ્ટ્રને માહિતગાર રાખી શક્યો હશે.

પરંતુ મહાભારતના દ્રોણપર્વના આરંભમાં પ્રથમ અધ્યાયમાં એક નોંધપાત્ર ઉલ્લેખ કરાયેલો જોવા મળે છે. એમાં અસંદિગ્ધ સ્વરોમાં જણાવવામાં આવ્યું છે કે ભીષ્મ પિતામહનો વિચાર કરીને ધૃતરાષ્ટ્રને અહર્નિશ અખંડ રીતે અસામાન્ય અસહ્ય વ્યથાનો અનુભવ થઇ રહેલો ત્યારે વિશુદ્ધ હૃદયનો સંજય રાતે સંગ્રામની દૂરસ્થ છાવણીમાંથી હસ્તિનાપુરમાં પાછો આવી પહોંચ્યો. એવી રીતે પાછા પધારેલા સંજયને ધૃતરાષ્ટ્રે સંગ્રામના તાજા સમાચાર વિશે પૂછવા માંડયું.( શ્લોક ૬-૭)

મહાભારતના એ વિશદ વર્ણન પરથી સુસ્પષ્ટ થાય છે કે સંજય કોઇ પણ પ્રકારના બાહ્ય વ્યવધાન વિના, ઇચ્છાનુસાર યુદ્ધભૂમિમાં જઇ શકતો, ત્યાંની પ્રત્યેક પરિસ્થિતિથી કે પ્રવૃત્તિથી પરિચિત રહેતો, અને એનો ઇતિહાસ ધૃતરાષ્ટ્રની આગળ રજૂ કરતો.

સંજયને આવાગમનની એવી સર્વસંમત અનુમતિ મળેલી.

મહાભારતના એ વર્ણનથી સંજયના વ્યક્તિત્વને જુદી રીતે જોવાનો ને મૂલવવાનો માપદંડ મળે છે. એને માટે જ આપણે એના પ્રત્યે અંગુલિનિર્દેશ કર્યો છે.

એ વર્ણનમાં સંજયને વિશુદ્ધ હૃદયનો કહ્યો છે તે ખૂબ જ સૂચક છે. વિશુદ્ધ હૃદયવાળા પુરુષ પર જ મહાપુરુષોની કૃપા થાય. એવો પુરુષ સૌ કોઇનો વિશ્વાસપાત્ર પણ બની જાય.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫૩. યુધિષ્ઠિરને પકડવાનો વિચાર

ભીષ્મ પિતામહ ઘોર પરાજય પામીને અતિભયંકર રીતે ઘાયલ બનીને શરશય્યા પર જ સૂઇ ગયા તે સમયે દુર્યોધન પોતાની પ્રતિશોધ ભાવના તથા યુદ્ધનીતિ પર પુનર્વિચાર કરી શક્યો હોત. એને માટે એ સમય આવશ્યક આત્મસુધાર કરવાનો અને જીવનવ્યવહારને બદલવાનો હતો.

પરંતુ દુર્યોધન એવું ના કરી શક્યો.

એટલું એનું કમભાગ્ય.

કૌરવોનું પણ કમભાગ્ય.

ભીષ્મ પિતામહના શરશય્યા શયન પછી પણ દુર્યોધનને યુદ્ધ કર્મ પરથી ઉપરામતા ના થઇ.

એની અનુમતિથી દ્રોણાચાર્યને કૌરવ સેનાના મુખ્ય સેનાપતિ બનાવવામાં આવ્યા.

સેનાપતિના પદનો સ્વીકાર કર્યા પછી મહારથી દ્રોણાચાર્યે દુર્યોધનને જણાવ્યું કે કૌરવોમાં શ્રેષ્ઠ ગંગાનંદન ભીષ્મ પિતામહ પછી તેં મને આજે સેનાપતિપદે નીમ્યો છે; માટે તું તે કર્મના યોગ્ય ફળને મેળવી લે. તારી કઇ કામનાને હું સંપૂર્ણ કરું ? મારી પાસેથી તારી ઇચ્છામાં આવે તે માંગી લે.

દુર્યોધને કર્ણ તથા દુઃશાસન સાથે મંત્રણા કરીને વિજયીશ્રેષ્ઠ દુર્ધર્ષ આચાર્યને જણાવ્યું કે મને વર આપતા હો તો હું એ જ માગું છું કે તમે રથીશ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજાને જીવતો પકડીને અહીં મારી પાસે લઇ આવો.

કૌરવોના એ આદર્શ આચાર્યે એ શબ્દોને સાંભળીને સઘળી સેનાને હર્ષ ઉપજાવતાં જણાવ્યું કે કુંતીનો પુત્ર યુધિષ્ઠિર ધન્યવાદને પાત્ર છે; કારણ કે તું તેને પકડવાને ઇચ્છે છે પણ મારી નાખવા માગતો નથી. ધર્મરાજનો કોઇ શત્રુ નથી તેથી જ તું તેને જીવતો પકડવા ઇચ્છે છે. આવી ઇચ્છાથી તું તારા કુળની રક્ષા કરે છે, અથવા યુદ્ધમાં પાંડવોને જીતીને તથા તેમને રાજ્ય પાછું સોંપીને તું પરસ્પર સંપ કરવા ઇચ્છે છે. કુંતીપુત્ર રાજા યુધિષ્ઠિરને ધન્ય છે, તેનો જન્મ સાર્થક છે, અને તે અજાતશત્રુ કહેવાય છે તે પણ સત્ય છે કારણ કે તું એના પર આટલો બધો સ્નેહ રાખે છે.

દ્રોણાચાર્યે એ પ્રમાણે કહ્યું ત્યારે દુર્યોધન આનંદમાં આવીને બોલી ઊઠ્યો કે આચાર્ય ! યુધિષ્ઠિરનો વધ કરવાથી યુદ્ધમાં મારો વિજય થવાનો નથી. જો કદાચ યુધિષ્ઠિરને મારી નાખવામાં આવે તો પાંડવો અમને બધાને અવશ્ય મારી નાખે. દેવો પણ પાંડવોને રણમાં હણી શકે તેમ નથી. એટલે તેમનામાંથી બાકી રહે તે અમને જીવતા ના રહેવા દે. પરંતુ સત્ય પ્રતિજ્ઞાવાળા યુધિષ્ઠિરને મારી આગળ પકડીને લાવવામાં આવે તો ફરીથી તેને જુગારમાં જીતીને જંગલમાં કાઢીએ; અને એમ એને અનુસરવામાં પાંડવો પણ જંગલમાં ચાલ્યા જાય. આથી હું ધર્મરાજને કોઇ પણ રીતે મારવા ઇચ્છતો નથી.

દ્રોણે થોડી વાર વિચારીને જણાવ્યું કે જો આ યુદ્ધમાં વીર અર્જુન પાંડવશ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજનું રક્ષણ નહીં કરે તો તું માની લેજે કે યુધિષ્ઠિર તારે વશ થયો જ છે. ઇન્દ્ર સહિત દેવાસુરો પણ અર્જુનને રણમાં જીતી શકે તેમ નથી. માટે હું એ અર્જુનની આંખ આગળ યુધિષ્ઠિરને પકડી લાવવાની હિંમત નહીં કરી શકું. અર્જુન મારો શિષ્ય છે. હું પોતે જ તેનો પહેલો ગુરુ છું. તે તરુણ છે, પુણ્યશાળી છે, અને જય મેળવવો અથવા

મરવું એવા નિશ્ચયવાળો છે. વળી તેણે ઇન્દ્ર તથા રુદ્ર પાસેથી દિવ્ય અસ્ત્રોને મેળવેલાં છે, અને તારા પર ક્રોધે ભરાયો છે. કોઇ ઉપાયે તે અર્જુનને યુદ્ધમાંથી દૂર કરી શકાય તો તારે સમજી લેવું કે તેં ધર્મરાજને જીત્યો છે. હે પુરુષશ્રેષ્ઠ ! જો યુધિષ્ઠિરને પકડવામાં જય છે અને તેને મારી નાખવાથી જય નથી તો આ જ ઉપાયથી તેને પકડી શકાશે. જો અર્જુનને યુદ્ધમાંથી દૂર કરવામાં આવશે તો આજે જ હું સત્યધર્મપરાયણ યુધિષ્ઠિરને કેદ પકડીને તારે સ્વાધીન કરીશ. અર્જુનની ઉપસ્થિતિમાં તો ઇન્દ્ર સહિત દેવો અને અસુરો પણ યુદ્ધમાં યુધિષ્ઠિરને કેદ પકડી શકે તેમ નથી.

દ્રોણાચાર્યે યુધિષ્ઠિરને પકડવા માટે એવી રીતે પ્રતિજ્ઞા કરી ત્યારે દુર્યોધન અને અન્ય કૌરવો યુધિષ્ઠિરને પકડાયેલો જ માની બેઠા. દુર્યોધન જાણતો હતો કે દ્રોણાચાર્યને પાંડવો ઉપર પ્રીતિ છે તેથી તેમની પ્રતિજ્ઞાને સ્થિર કરવા માટે તેમણે યુધિષ્ઠિરને પકડવાના વિચારને સર્વત્ર ફેલાવી દીધો.

જેનો સર્વનાશ સમીપ હોય છે તેની સન્મતિનું શરૂઆતમાં હરણ થાય છે. તેને પોતાની સુખાકારી, શાંતિ, સમૃદ્ધિ, તથા સમુન્નતિની સાધના નથી રુચતી. એ અમંગલ, અનર્થકારક માર્ગે જ આગળ વધે છે અને અન્યને આગળ વધારે છે. દુર્યોધનની દશા એવી જ હતી. એના પાત્ર દ્વારા મહાભારત માનવમાત્રને દુર્બુદ્ધિમાંથી મુક્તિ મેળવવાનો અને દુષ્કર્મોને દફનાવી દેવાનો સનાતન સંદેશો આપે છે. એ સંદેશાને સાંભળનાર અને ઝીલનાર ધન્ય બનશે.

દ્રોણાચાર્યે યુધિષ્ઠિરને પકડવા માટે છળભરી પ્રતિજ્ઞા કરી ત્યારે સઘળા સૈનિકો સર્વત્ર સિંહનાદો કરવા લાગ્યા. દ્રોણાચાર્યે કરેલી એ પ્રતિજ્ઞાને ધર્મરાજે પોતાના હિતેચ્છુ ગુપ્તચરો દ્વારા તરત જ જાણી લીધી અને પોતાના સર્વ ભાઇઓને તથા બીજા બધાઓને એકઠા કરીને અર્જુનને એ વિશે જણાવ્યું.

અર્જુને યુધિષ્ઠિરની વાત સાંભળીને સ્પષ્ટીકરણ કર્યું કે મારે આચાર્યનો વધ કરવાનો ના હોય તેમ તમારો ત્યાગ પણ કરવાનો ના હોય. કદાચ યુદ્ધમાં મારા પ્રાણનો ત્યાગ કરું પણ આચાર્યથી વિરુદ્ધ વર્તનારો ના જ બનું. દુર્યોધન તમને સંગ્રામમાં કેદ પકડીને રાજ્ય ઇચ્છે છે. પણ તેની ઇચ્છા કદી પૂરી નહીં થાય. કદાચ નક્ષત્રો સહિત આકાશ નીચે તૂટી પડે, પૃથ્વીના ટુકડા થઇ જાય તોપણ હું જીવતો હોઉં અને દ્રોણાચાર્ય તમને પકડી શકે એ નહીં જ બને. રણમાં જો ઇન્દ્ર પોતે પણ કદાચ તેને સહાય કરશે અથવા દેવો સહિત વિષ્ણુ પણ કદાચ આ યુદ્ધમાં ઉતરી આવશે તોપણ હું જ્યાં સુધી જીવતો છું, ત્યાં સુધી દ્રોણાચાર્ય તમને કેદ કરી શકશે નહીં. માટે તમારે ભય રાખવાનું કારણ નથી. દ્રોણાચાર્ય સર્વ અસ્ત્રધારીઓમાં તથા શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ છે તોપણ હું તમને વિશ્વાસપૂર્વક કહું છું કે તમારે ભય રાખવો નહીં. વળી એક બીજી વાત પણ જાણી લો કે મારી પ્રતિજ્ઞા અફર હોય છે. મને યાદ નથી કે હું કદી અસત્ય બોલ્યો હોઉં, કદી પરાજય પામ્યો હોઉં. મને એવી પણ માહિતી નથી કે મેં લીધેલી પ્રતિજ્ઞાને કદી પણ મિથ્યા કરી હોય.

અર્જુનના ઉદગારોને સાંભળીને યુધિષ્ઠિરને નિરાંત થઇ.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫૪. જયદ્રથનું તપ

પાંડવોના વનવાસનાં વરસો દરમિયાન જયદ્રથે દ્રૌપદીનું હરણ કર્યું ત્યારે ભીમસેને તેનો પરાજય કર્યો હતો. એ અપમાનનો બદલો લેવા માટે તેણે અભિમાનથી વરદાનની ઇચ્છા કરીને પ્રખર તપ કરવા માંડયું. ઇન્દ્રિયોના પ્રિય આકર્ષક વિષયો તરફથી ઇન્દ્રિયોને પાછી વાળી લઇને તેણે ભૂખ, તરસ, તાપ વગેરેને સહન કર્યા. તેનું શરીર અતિશય કૃશ થઇ જવાથી તેની બધી નાડીઓ દેખાવા લાગી.

તેણે સનાતન બ્રહ્મ અથવા ૐકારનું ઉચ્ચારણ કરીને શંકર ભગવાનની આરાધના કરવા માંડી.

એની અદભુત આરાધનાથી ભક્તો પર અનુકંપા કરનારા ભગવાન શંકરે છેવટે તેના પર કૃપા કરી.

ભગવાન શંકરે સ્વપ્નમાં આવીને જયદ્રથને કહ્યું કે જયદ્રથ ! હું તારા પર પ્રસન્ન થયો છું માટે તું વરદાન માંગ.

ભગવાન શંકરે જ્યારે એ પ્રમાણે કહ્યું ત્યારે નિયમનિષ્ઠ જયદ્રથે બન્ને હાથ જોડી નમસ્કાર કરીને જણાવ્યું કે યુદ્ધમાં હું એકલો જ કેવળ એક રથની મદદથી ભયંકર વીર્ય અને પરાક્રમવાળા સઘળા પાંડવોને અટકાવી કે પાછા વાળી શકું એવું વરદાન આપો.

ભગવાન શંકરે જણાવ્યું કે હું તને વરદાન આપું છું કે તું અર્જુન સિવાયના ચાર પાંડુપુત્રોને યુદ્ધમાં અટકાવી શકશે.

ભગવાન શંકરના એ વચનોને સાંભળીને રાજા જયદ્રથે આનંદ અનુભવ્યો. એ પછી એ તરત જ જાગી ગયો. તે વરદાનના પ્રભાવથી અને દિવ્ય અસ્ત્રના બળથી જયદ્રથે મહાભારતના મહાસંગ્રામમાં એકલે હાથે પાંડવોની વિશાળ શસ્ત્રસજ્જ સેનાને આગળ વધતી અટકાવી તેના ધનુષ્યના ટંકારથી શત્રુપક્ષના ક્ષત્રિયોને ભય અને કૌરવોના સૈન્યને પરમ હર્ષ થયો.

જયદ્રથના તીવ્રતમ તપના અને એના પરિણામે થયેલા ભગવાન શંકરના અસાધારણ અનુગ્રહના એ કથાપ્રસંગને શાંતિપૂર્વક વિચારવા જેવો છે. માનવ તપ કરે છે, જપ કરે છે, અને સાધનાને નામે એવા અન્ય આધ્યાત્મિક અભ્યાસક્રમનો અથવા અનુષ્ઠાનનો આધાર લે છે. પરન્તુ એનું મન નિર્મળ ના હોય અને રાગદ્વેષાદિ અશુદ્ધિઓથી ભરેલું હોય તો એને શાંતિ મળતી નથી અને એનું કલ્યાણ પણ નથી થતું. એ આત્મશાંતિ અને આત્મકલ્યાણ માટે તપ કરતો જ નથી. તપ પહેલાં, તપ દરમિયાન તથા તપ પછી પણ એનું મન એવું જ મલિન રહે છે. મન સાત્વિક કે શુદ્ધ હોય છે તો જ માનવ પોતાના અને બીજાના પરિત્રાણ કે ઉત્કર્ષને માટે તપ કરી શકે છે. જે તપ કે જપ પોતાના કે બીજાના આત્મિક અભ્યુદયનું સાધન ના બને તે જપ કે તપ આશીર્વાદરૂપ બનવાને બદલે અભિશાપરૂપ અથવા અમંગલરૂપ જ ઠરે.

જયદ્રથનું મન નિર્મળ હોત તો તપ દ્વારા વધારે નિર્મળ બન્યું હોત અને એણે શંકર ભગવાન પાસે જીવનની વિશુદ્ધિનું, વાસનારહિતતાનું અને કૌરવ-પાંડવોની પારસ્પરિક પ્રીતિનું વરદાન માંગ્યું હોત. ભક્તિ માગી હોત. એ સંગ્રામમાં કોઇનો શત્રુ બનવાને બદલે જીવનસંગ્રામમાં અને રણમેદાનમાં પણ સૌનો સુહૃદ જ રહ્યો હોત.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫૫. પાશુપતાસ્ત્રની પ્રાપ્તિ

મહાભારતના મહાભીષણ યુદ્ધમેદાનમાં અર્જુનપુત્ર અભિમન્યુનો અધર્મપૂર્વક કહી શકાય તેવી રીતે અંત આવ્યો અને એને માટે પરમ પરાક્રમી સિંધુરાજ જયદ્રથ નિમિત્ત બન્યો.

અભિમન્યુના અંતના એ અતિદુઃખદ શોકયુક્ત સમાચારને સાંભળીને અર્જુનના દુઃખનો પાર રહ્યો નહીં.

એનું કાળજું ક્રંદન કરી ઊઠ્યું. જાણે કે કપાઇ ગયું.

દિલમાં દાવાનલ પેદા થયો.

એ નિશ્વાસ નાખી બેભાન થઇને ધરતી પર ઢળી પડયો.

એને ભાન આવ્યું ત્યારે એ કંપવા તથા નિઃશ્વાસ નાખવા અને ધ્રુસકે ધ્રુસકે રુદન કરવા માંડયો. એણે ઉન્મત્તની પેઠે સૌના તરફ જોઇને જણાવ્યું કે હું તમારા બધાની સમક્ષ સત્ય પ્રતિજ્ઞા કરું છું કે આવતી કાલે હું જયદ્રથનો વધ કરીશ.

જો મરણના ભયથી ત્રાસ પામીને તે કૌરવોને છોડી જાય નહીં, પુરુષોત્તમ શ્રીકૃષ્ણને શરણે જાય નહીં, અથવા યુધિષ્ઠિરને શરણે આવે નહીં, તો આવતી કાલે હું એનો વધ કરીશ. તેણે કૌરવોનું પ્રિય કરવા ધાર્યું છે તે મારા સ્નેહને ભૂલી ગયો છે, અને એક બાળકનો વધ કરવામાં કારણભૂત બન્યો છે. માટે એ પાપી જયદ્રથનો આવતી કાલે અવશ્ય વધ કરીશ. તેનું રક્ષણ કરવાની ઇચ્છાથી જે કોઇ કાલે મારી સામે યુદ્ધ કરશે તે દ્રોણાચાર્ય કે કૃપાચાર્ય હશે તોપણ હું તેમને બાણોને છોડીને ઢાંકી દઇશ. આવતીકાલના યુદ્ધમાં જો હું જયદ્રથનો વધ ના કરું તો શૂરવીર પુરુષોને પ્રિય એવા પુણ્યશાળીઓને મળતા દિવ્યલોકને નહીં પામું. જો હું આવતી કાલે જયદ્રથનો વધ ના કરું તો માતાપિતાનો ઘાત કરનારા, ગુરુની સ્ત્રી સાથે વ્યભિચાર કરનારા, ચાડિયા, સત્પુરુષોની અસૂયા કરનારા, નિંદા તથા વિશ્વાસઘાત કરનારા, બીજાએ ભોગવેલી સ્ત્રીનો સ્વીકાર કરનારા, પાપની પ્રશંસા કરનારા, બ્રહ્મહત્યા અને ગોહત્યા કરનારા પુરુષોને નરક આદિ જે લોકની પ્રાપ્તિ થાય છે તેને હું પામું.

જો હું આવતી કાલે સૂર્યાસ્ત સુધીમાં એ પાપીને ના મારી શકું તો અહીં જ અતિભયંકર અગ્નિમાં પ્રવેશ કરીશ. અસુરો, દેવો, મનુષ્યો, પક્ષીઓ, સર્પો, પિનરો, રાક્ષસો, બ્રહ્મર્ષિઓ, દેવર્ષિઓ અથવા આ જગતમાં જે કોઇ ચરાચર પ્રાણી છે તેમનામાંના કોઇપણ મારા એ શત્રુનું રક્ષણ કરવાને સમર્થ નથી. જો કદાચ તે રસાતળમાં પેસી જશે, આકાશમાં પ્રવેશશે, દેવનગરમાં દાખલ થશે, અથવા દૈત્યોના નગરમાં ભરાશે તો પણ હું અભિમન્યુના એ શત્રુનું મસ્તક આવતી કાલે સો બાણોથી છેદી નાંખીશ.

અર્જુને એવી પ્રતિજ્ઞા કરી એટલે તે સ્થળે સત્વર હજારો વાદ્યોના ઘોષો થયા અને પાંડવોનો સિંહનાદ થઇ રહ્યો.

વિજયની લાલસાવાળા પાંડવોના ભયંકર શબ્દને સાંભળીને તથા ગુપ્તચરોએ જણાવેલી અર્જુનની પ્રતિજ્ઞાની વાત જાણીને જયદ્રથનું હૃદય શોકથી મૂઢ થઇ ગયું. રાજાઓની સભામાં જઇને એ સર્વ રાજાઓની આગળ વિલાપ કરવા લાગ્યો.

દ્રોણાચાર્યે સમજાવીને ધીરજ આપી એટલે એણે ભયનો ત્યાગ કરીને યુદ્ધ કરવાનો સંકલ્પ કર્યો.

અર્જુને સિંધુરાજ જયદ્રથનો વધ કરવાની પ્રતિજ્ઞા કરી ત્યારે શ્રીકૃષ્ણે એને ઉદ્દેશીને જણાવ્યું કે તેં તારા ભાઇઓની સંમતિ લીધા વિના જયદ્રથના વધની પ્રતિજ્ઞા કરી નાખી છે. તેમ મારી સાથે વિચારવિમર્શ કર્યો નથી અને મોટામાં મોટો ભાર ઉપાડી લીધો છે. તો આપણે લોકોમાં હાંસીપાત્ર કેમ નહીં થઇએ ? મેં દુર્યોધનની છાવણીમાં આપણા દૂતોને મોકલ્યા હતા.

મને મળેલી માહિતી પ્રમાણે રાજા દુર્યોધને જયદ્રથનું રક્ષણ કરવા માટે દ્રોણાચાર્યની પ્રાર્થના કરી અને દ્રોણાચાર્યે તેને માટે યોગ્ય ઉપાય કર્યો છે.

શ્રીકૃષ્ણે પરિસ્થિતિની ગંભીરતાને સમજી જઇને અર્જુનને યુદ્ધમાં વિજયી બનાવવાનો અને એની પ્રતિજ્ઞાને સફળ કરવાનો નિર્ણય કર્યો. તેને માટેની યોજના પણ બનાવી.

અર્જુન પોતાની પ્રતિજ્ઞાનું સ્મરણ કરતાં નિદ્રાવશ થઇ ગયો.

એને એક સ્વપ્ન દેખાયું. તેમાં તેણે ગરુડધ્વજ શ્રીકૃષ્ણને પોતાની પાસે આવેલા જોયા. ગોવિંદને આસન આપીને અર્જુન આસન પર નહીં બેસતાં સામે ઊભો રહ્યો. તે પછી મહાતેજસ્વી શ્રીકૃષ્ણ આસન પર બિરાજ્યા, અને અર્જુનના નિશ્ચયને જાણી લઇને બોલ્યા કે, તું મનમાં ખેદ ના કર, કારણ કે કાળ દુર્જેય છે. તે કાળ જ સર્વ ભૂતોને ભાવિ કર્તવ્યમાં પ્રવર્તાવે છે.

અર્જુને જણાવ્યું કે મેં જયદ્રથનો વધ કરવા માટે પ્રતિજ્ઞા કરી છે. મારા પુત્રનો નાશ કરનાર તે દુરાત્માને હું આવતી કાલે મારી નાખીશ. કૌરવો મારી પ્રતિજ્ઞાનો ભંગ કરવા માટે સિંધુરાજ જયદ્રથને સર્વ મહારથીઓના રક્ષણ નીચે સમસ્ત સૈન્યની પાછળ રાખશે. તેમની પાસે અતિ દુર્જય અગિયાર અક્ષૌહિણી સેના છે. તેમાંની કેટલીક સેનાઓ બાકી રહી છે. એ અક્ષૌહિણી સેનાથી તથા મહારથીઓથી ઘેરાયેલા દુષ્ટાત્મા સિંધુરાજાને જોઇ પણ કેમ શકાશે ? તો પછી મારી પ્રતિજ્ઞા કેવી રીતે પાર પડશે ? મારા જેવા પુરુષની પ્રતિજ્ઞાનો ભંગ થાય તો જીવી પણ કેમ શકાય ?

અર્જુનના શોકના કારણને જાણીને ગરુડના ચિહ્નવાળી ધ્વજાવાળા શ્રીકૃષ્ણ જલસ્પર્શ કરીને પૂર્વાભિમુખ બેઠા અને બોલ્યા કે પાશુપત નામનું એક સનાતન પરમ શસ્ત્ર છે તે અસ્ત્રથી પૂર્વે ભગવાન શંકરે યુદ્ધમાં સર્વ દૈત્યોનો સંહાર કરેલો; એ અસ્ત્રનું તને જ્ઞાન હોય તો તું કાલે જયદ્રથનો વધ કરી શકીશ. તને એ શસ્ત્રનું જ્ઞાન ના હોય તો તું મનથી મહાદેવને શરણે જા. મનમાં તેમનું ધ્યાન ધરીને શાંત થઇને બેસી રહે. એટલે તારા પર તેમની કૃપા થશે, અને તે મહાન અસ્ત્રને તું પામી શકશે.

શ્રીકૃષ્ણનાં વચનોને સાંભળીને અર્જુન પૃથ્વી પર એકાગ્ર થઇને બેઠો અને મનથી મહેશ્વરને શરણે ગયો.

એવી રીતે ધ્યાન કરતાં કરતાં બ્રાહ્મમુહૂર્ત થયું. એટલે અર્જુન પોતાને શ્રીકૃષ્ણ સાથે આકાશમાં જતો જોવા લાગ્યો.

જોતજોતામાં તો તે હિમાલયના પવિત્ર શિખરને કે મણિમાન પર્વતને નિહાળવા લાગ્યો. એ પર્વત અનેક જ્યોતિર્ગણોથી વ્યાપેલો અને સિદ્ધ ચારણોના આશ્રયરૂપ હતો. અર્જુન વાયુસમાન વેગવાળી ગતિથી શ્રીકૃષ્ણની સાથે અનંત આકાશમાં પહોંચી ગયો. તે વખતે શ્રીકૃષ્ણે તેના જમણા હાથને પકડયો હતો. અર્જુન

અદભુત દેખાવના પદાર્થોને જોતો આગળ જતો હતો. એણે સ્વલ્પ સમયમાં ઉત્તર દિશામાં શ્વેતગિરિને નિહાળ્યો. વળી કુબેરના ઉપવનમાં કમળોથી શોભતું સરોવર જોયું અને ઉત્તમ ગંગા નદીને નિહાળી.

અનેક પ્રકારના નામરૂપવાળા પર્વત પ્રદેશો પરથી પસાર થયા પછી તેણે છેક ગિરિશિખરની ટોચ પર બેઠેલા, નિત્ય તપ કરનારા ભગવાન મહેશ્વરના દર્શન કર્યા. પોતાના તેજથી તે દેવ હજારો સૂર્યની પેઠે ઝળહળી રહ્યા હતા. તે ત્રિશૂળધારી જટાધારી ગૌર હતા. તેમણે વલ્કલ વસ્ત્રોને ધારણ કરેલાં.

ધર્માત્મા વાસુદેવે તેમનું દર્શન કરીને અર્જુનની સાથે ૐકારરૂપ સનાતન બ્રહ્મનું ઉચ્ચારણ કરતાં કરતાં પોતાના મસ્તકને પૃથ્વી પર મૂકીને પ્રણામ કર્યા.

એ બન્નેને પોતાની પાસે આવેલા જોઇને મનમાં પ્રસન્ન થયેલા શંકરે તેમને સત્કારીને વરદાન માગવા જણાવ્યું ત્યારે શ્રીકૃષ્ણે અને અર્જુને ભક્તિપૂર્વક દિવ્યસ્તોત્રથી તેમની સ્તુતિ કરવા માંડી.

પાંડવોના અથવા એમના પ્રતિનિધિ જેવા અર્જુનના જીવનમાં શ્રીકૃષ્ણનું સ્થાન કેવું અનિવાર્ય અથવા અનુપમ હતું અને શ્રીકૃષ્ણની પવિત્ર પ્રેરણા એમના જીવનમાં કેવી અદભુત રીતે કાર્ય કરી રહેલી એની કલ્પના પ્રસ્તુત પ્રસંગ પરથી સહેલાઇથી કરી શકાશે. શ્રીકૃષ્ણ પાંડવોના અને અર્જુનના પ્રધાન પથપ્રદર્શક, પ્રેરક અથવા તો પ્રાણ હતા એવું કહીએ તો એમાં અલ્પ પણ અતિશયોક્તિ નથી થતી.

ભગવાન કૃષ્ણે અને અર્જુને કરેલી ભગવાન શંકરની દ્રોણપર્વના ૮૦મા અધ્યાયમાં સ્થાન પામેલી સ્તુતિ આ પ્રમાણે-

नमो भवाय शर्वाय रुद्राय वरदाय च,
पशूनां पतये नित्यमुग्राय च कपर्दिने.
महादेवाय भीमाय त्र्यंबकाय च शांतये,
इशानाय मखघ्नाय नमोऽस्तवन्धकथातिने.
विलोहिताय धूम्राय व्याधायानपराजिते,
नित्यं नीलशिखंडाय शूलिने दिव्यचक्षुषे.
होत्रे पोत्रे त्रिनेत्राय व्याधाय वसुरेतसे,
अचिंत्यायांबिकाभर्त्रे सर्वदेवस्तुताय च.
वृषध्वजाय मुंडाय जटिने ब्रह्मचारिणे,
तप्यमानाय सलिले ब्रह्मण्यायजिताय च.
विश्वात्मने विश्वसूजे विश्वमावृत्य तिष्ठते
नमो नमस्ते सेव्याय भूतानां प्रभवे सदा.
ब्रह्मावक्त्राय सर्वाय शंकराय शिवाय च,
नमोऽस्तु वाचस्पतये प्रजानां पतये नमः
नमो विश्वस्य पतये महतां पतये नमः
नमः सहस्त्रशिरसे सहस्त्रभुज मृत्यवे.
सहस्त्रनेत्रपादाय नमोऽसंख्येय कर्मणे,
नमो हिरण्यावर्णाय हिरण्यकवचाय च.

भक्तानुकंपिने नित्यं सिध्यतां नो वरः प्रभो.

એ સ્તુતિનો ભાવાર્થ આ પ્રમાણે-

સર્વના પ્રભુ, સર્વના સંહર્તા, રુદ્ર, વરદાતા, પશુઓના પતિ, ઉગ્ર, જટાધારી મહેશ્વરને અમારા નમસ્કાર હો.

મહાન દેવ, ભીમ, ત્રિનેત્ર, શમપ્રધાન, અસ્ખલિત ઇચ્છાવાળા, પ્રજાપતિ દક્ષના યજ્ઞનો નાશ કરનારા, અને અંધકાસુરનો સંહાર કરનારા શ્રી શંકરને અમારા નમસ્કાર હો.

કાર્તિક સ્વામીના પિતા, નીલકંઠ, પ્રજાઓના વિધાતા, પિનાક ધનુષ્યને ધારણ કરનારા, હવિષ્ય યોગ્ય હોવાથી હાવિષ્ય, સત્યસ્વરૂપ સર્વવ્યાપક શ્રી શંકરને નમસ્કાર હો.

વિલોહિત, ધૂમ્ર, મૃગસ્વરૂપ બ્રહ્મદેવની પાછળ પારધિના સ્વરૂપને ધારણ કરનારા, અપરાજિત, નિત્ય, નીલકેશ, ત્રિશૂલધારી, દિવ્ય દૃષ્ટિવાળા;

હોતાસ્વરૂપ, યજ્ઞિય ઋત્વિજસ્વરૂપ, ત્રિનેત્ર, વ્યાધ સ્વરૂપ, પરમશક્તિ સ્વરૂપ, અચિંત્ય, પાર્વતીપતિ, સર્વના પોષક, સર્વ દેવોથી સ્તુતિ કરાયેલા,

વૃષભધ્વજ, દીક્ષિત હોવાથી મુંડ, જટાધારી, વીર્યનું ધારણ કરનારા હોવાથી બ્રહ્મચારી, જળમાં તપશ્ચર્યા કરનારા, બ્રહ્મવેત્તા, અજિત;

વિશ્વરૂપ, વિશ્વના સ્ત્રષ્ટા, સમસ્ત વિશ્વમાં વ્યાપક, સેવવા યોગ્ય, સર્વભૂતોના પ્રભુ આપને સદા અમારા નમસ્કાર હો, નમસ્કાર હો.

વેદરૂપી મુખવાળા, સર્વવ્યાપક, સુખકારક, મંગલસ્વરૂપ, વાણીના પતિ, પ્રજાઓના સ્વામી શ્રી શંકરને અમારા નમસ્કાર હો.

વિશ્વના પતિ, મહત્તત્વાદિકના પતિ, હજાર મસ્તકવાળા, હજાર ભુજાઓવાળા તથા મૃત્યુસ્વરૂપ એવા શ્રીમહેશ્વરને અમારા નમસ્કાર હો.

હજાર લોચન અને ચરણવાળા, અસંખ્ય પરાક્રમો કરનારા, સુવર્ણસમાન વર્ણવાળા, સુવર્ણના કવચને ધારણ કરનારા, ભક્તો પર અનુકંપા વરસાવનારા, શ્રીમહેશ્વરને અમારા નમસ્કાર હો. હે પ્રભુ ! અમને આપેલા વરદાનની સદા સિદ્ધિ થાવ.

પ્રસન્ન ચિત્તવાળો અર્જુન હાથ જોડીને પ્રફુલ્લિત નેત્રે સમગ્ર તેજના ભંડાર ભગવાન શંકરનું દર્શન કરવા લાગ્યો.

એણે મનથી શ્રીકૃષ્ણનું તથા શંકરનું પૂજન કર્યું, અને 'હું દિવ્ય અસ્ત્રની ઇચ્છા રાખું છું' એમ ભગવાન શકંરને કહ્યું.

ભગવાન શકંરે જણાવ્યું કે અહીં પાસે એક દિવ્ય અમૃતમય સરોવર છે. તેમાં મેં મારાં દિવ્ય ધનુષ્યબાણને રાખી મૂક્યાં છે. એ ધનુષ્યબાણથી મેં યુદ્ધમાં દૈત્યોનો સંહાર કર્યો હતો. તમે એ સરોવરમાંથી એ ઉત્તમ ધનુષ્યબાણને લઇ આવો.

એ બંનેએ મનમાં લેશ પણ ગભરાયા વિના મહાદેવે બતાવેલા એ પવિત્ર સરોવર તરફ પ્રયાણ કર્યું.

તેમણે પાણીમાં એક ભયંકર સર્પને જોયો. વળી તે જ સ્થળે એક હજાર ફેણવાળો બીજો સર્પ પણ જોવામાં આવ્યો. તે સર્પ મુખમાંથી મોટી મોટી જ્વાળાઓ કાઢતો હતો, અને અગ્નિસમાન તેજસ્વી દેખાતો હતો. શ્રીકૃષ્ણે અને અર્જુને તે સરોવરના જળનું આચમન કર્યું. મનથી શિવને નમસ્કાર કરી અને હાથ જોડીને તે સર્પોની પાસે ઊભા રહ્યા.

ભગવાન મહાદેવના મહાત્મયથી એ બંને સર્પોએ પોતાનું સ્વરૂપ છોડી દીધું. તે સર્પો શત્રુઓનો નાશ કરે તેવાં ધનુષ્ય અને બાણના સ્વરૂપમાં ફેરવાઇ ગયા. તે જોઇને તે બંને પ્રસન્ન થયાં. તેમણે ઉત્તમ કાંતિવાળાં એ ધનુષ્યબાણને ધારણ કર્યાં, અને ભગવાન શંકરને અર્પણ કર્યાં. તે વખતે શ્રી શંકરના એક અંગમાંથી પિંગળા નેત્રવાળા, તપના ક્ષેત્રરૂપ અને બળવાન એવા એક બ્રહ્મચારીનો આવિર્ભાવ થયો. તેણે તે ધનુષ્યને ધારણ કરીને વીરાસને બેસીને મંત્રવિધિપૂર્વક તેની ઉપર બાણનું અનુસંધાન કર્યું.

અચિંત્ય પરાક્રમવાળા અર્જુને ધનુષ્યની પ્રત્યંચાનું આકર્ષણ, ધનુષ્યનું મુઠીમાં ધારણ, શરના અનુસંધાનને, સંપૂર્ણ રીતે જોઇ લીધું. પછી મહાદેવે ઉચ્ચારેલા મંત્રનું શ્રવણ કરીને એ અસ્ત્રને ગ્રહણ કર્યું.

શંકર ભગવાને પ્રસન્ન થઇને અર્જુનને વરદાન આપ્યું.

પોતાની પ્રતિજ્ઞાને સંપૂર્ણ કરવામાં સમર્થ તથા દિવ્ય એવા એ ઘોર પાશુપતાસ્ત્રને શ્રી શંકર ભગવાન પાસેથી મેળવીને અર્જુન રોમાંચિત થઇ ગયો અને પોતાના કાર્યને પરિપૂર્ણ થયેલું માનવા લાગ્યો.

ભગવાન શંકરની આજ્ઞા મેળવીને પરમપ્રસન્ન બનીને વીર અર્જુન તથા કેશવ પોતાની છાવણીમાં આવી પહોંચ્યાં.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫૬. જયદ્રથનો નાશ

મહાભારતના મહાભયંકર સંગ્રામમાં અર્જુને ચાલુ કરેલા મહાસ્ત્રોના અતિ દુસ્તર અને મહાઘોર પ્રવાહમાં મોટા મોટા યોદ્ધાઓ તણાઇ ગયા. અર્જુનનું એ મહાન સમરાંગણ મૃત્યુની સંહારભૂમિ જેવું જણાતું હતું. તેમાં અનેકનાં મુખો કપાઇ ગયાં હતાં, અનેકના બાહુઓ છેદાઇ ગયા હતા. તેમાં ભુજાઓ હાથ વિનાની થઇ હતી, અને હાથો આંગળીઓ વિનાના થયા હતા. તેમાં હાથીઓની સૂંઢોના અગ્રભાગો કપાઇ ગયા હતા; અને મદમસ્ત માતંગોના દંતશૂળો વહેરાઇ ગયા હતાં. તેમાં રથો ભાંગીને ભૂકો થઇ ગયા હતાં. વળી તેમાં આતરડાં નીકળી પડ્યાં હતાં, પગો કપાઇ ગયા હતા, અને સેંકડો અને હજારો અવયવ તરફડતા હતા તથા નિશ્ચેષ્ટ થઇ પડયા હતાં. ભયંકર કર્મ કરવા તત્પર થયેલા અર્જુને પોતાના અસ્ત્રો વડે બીજા વીર પુરુષોના અસ્ત્રોને ઝીલી લીધાં અને તેમની સામે પોતાનું રૌદ્રસ્વરૂપ પ્રગટ કર્યું. અર્જુન મોટા મોટા મહારથીઓને વટાવીને આગળ વધી રહ્યો હતો. જેમ સર્વભૂતો મધ્યાહ્નકાળે આકાશમાં પ્રખરપણે તપતા સૂર્યને જોઇ શક્તા નથી તેમ સૈનિકો તેને ત્યારે જોઇ શક્તા નહતા.

નારાચ નામના બાણોને છોડીને તે સર્વને જાણે કે મોહ ઉપજાવતો હતો અને જયદ્રથનો વધ કરવાની ઇચ્છાથી સર્વ મહારથીઓનું ઉલંઘન કરીને આગળ વધ્યે જતો હતો.

મહાધનુર્ધર અર્જુન તે સમયે બાણને ક્યારે લેતો, ક્યારે સાંધતો, ક્યારે છોડતો હતો તે જોઇ શકાતું ન હતું.

રણમાં સર્વ દિશાઓમાં ઊભેલા મહારથીઓને કંદબના પુષ્પો સરખા ગણીને અર્જુન જયદ્રથ તરફ ધસ્યો અને ચોસઠ બાણોને છોડીને તેણે તેને વીંધી નાખ્યો.

અર્જુનને જયદ્રથ સામે ગયેલો જોઇને યોદ્ધાઓ નિરાશ થઇ ગયા અને રણમાંથી નિવૃત થઇને પાછાં ફર્યા.

જે યોદ્ધો અર્જુન સામે યુદ્ધ કરવા જતો હતો તેના શરીર પર પ્રાણઘાતક બાણો પડતાં હતાં. એ પ્રમાણે કૌરવોના ચતુરંગી સૈન્યને વ્યાકુળ કરી દઇને અર્જુન જયદ્રથની સામે ધસી ગયો. તેણે અશ્વત્થામાને પચાસ બાણોથી અને વૃષસેનને ત્રણ બાણોથી વીંધી નાખ્યાં. વળી કૃપાચાર્યને નવ બાણોનો પ્રહાર કર્યો. શૈલ્યને સોળ બાણોથી, કર્ણને બત્રીસ બાણોથી અને સિંધુરાજાને ચોસઠ બાણોથી વીંધી નાંખીને સિંહની પેઠે ગર્જના કરી. જ્યારે ગાંડીવ ધનુર્ધારી અર્જુને એ પ્રમાણે સિંધુરાજાને વીંધી નાખ્યો ત્યારે તે અત્યંત ક્રોધાયમાન થઇ ગયો. અંકુશથી પ્રહાર કરેલા હાથીની પેઠે તે અર્જુનના બાણ પ્રહારને સહી શક્યો નહીં. વરાહના ચિહ્નવાળી ધ્વજાવાળા એ રાજાએ ગીધપક્ષીનાં પીંછાં બાંધેલાં, કોપેલા સર્પ સરખાં ઝેરી અને સરાણ પર ઘસીને સાફ કરેલાં સીધી ગતિનાં બાણો અર્જુનના રથ સામે ધનુષ્યને કાન સુધી ખેંચી ખેંચીને ફેંકવા માંડયાં. તેણે ત્રણ બાણોથી ગોવિંદને વીંધી નાખ્યા અને નારાચ નામના બીજાં બાણોનો અર્જુનને પ્રહાર કર્યો. બીજાં આઠ બાણો વડે તેના ઘોડાઓને વીંધી નાખ્યા અને એક બાણથી તેના ધ્વજ પર પણ પ્રહાર કર્યો.

અર્જુને તત્કાળ સિંધુરાજાએ છોડેલાં તે બાણોને કાપી નાખ્યાં. તેણે એકી સાથે બે બાણો છોડયાં. એક બાણથી તેણે સિંધુરાજાના સારથિના મસ્તકને શરીર પરથી છેદી નાંખ્યું, તો બીજા બાણથી તેના સુશોભિત ધ્વજને પણ કાપી નાંખ્યો.

એ જ સમયે સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં હતો, એટલે શ્રીકૃષ્ણ પાંડુપુત્ર અર્જુનને કહેવા લાગ્યા કે જીવનની ઇચ્છાવાળા સિંધુરાજાને કૌરવોના છ વીર મહારથીઓએ પોતાની વચમાં રાખ્યો છે. અને તે પણ ભયભીત થઇને મધ્યમાં જ ઊભો છે. આ છ મહારથીઓને રણમાં પરાજય આપ્યા વિના નિષ્કપટરીતે સિંધુરાજાનો વધ થઇ શકશે નહીં. આથી હું અહીં સૂર્યનું આવરણ કરવા માટે યોગનું વિધાન કરીશ, એટલે તે સિંધુરાજા સૂર્યને અસ્ત પોમેલો જોશે પછી તે દુરાચારી હર્ષપૂર્વક પોતાના જીવનની ઇચ્છા રાખીને તારો વિનાશ કરવા તૈયાર થઇ આવશે અને કોઇ રીતે પોતાનું રક્ષણ કરવા પ્રયત્ન નહીં કરે. તું એ વખતે એના પર પ્રહાર કરજે. પણ યાદ રાખજે કે સૂર્ય અસ્ત થયો છે એમ માનીને તું બેદરકાર ના રહેતો.

અર્જુનની અનુમતિથી શ્રીકૃષ્ણે સૂર્યને ઢાંકી દેવા માટે અંધકાર પ્રકટ કર્યો. યોગીઓના ઇશ્વર અને યોગયુક્ત હરિએ એ વખતે યોગનો વિસ્તાર કર્યો.

સૂર્યને અસ્ત પામેલો જાણીને કૌરવપક્ષના યોદ્ધાઓ હવે અર્જુનનો નાશ થશે એમ માનીને હર્ષમાં આવી ગયાં.

સિંધુરાજા જ્યારે અસ્ત પામેલા સૂર્યને નિહાળી રહ્યો હતો ત્યારે શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે જયદ્રથનો નાશ કરવા માટે આજ સમય છે માટે તું એના મસ્તકને શીઘ્ર કાપી નાંખ અને તારી પ્રતિજ્ઞાને સફળ કર.

કેશવના એ વચનોને સાંભળીને પ્રતાપી પાંડુપુત્ર અર્જુન, સૂર્ય અને અગ્નિસરખાં બાણો વડે કૌરવસૈન્યનો નાશ કરવા લાગ્યો. તેણે કૃપાચાર્યને વીસ બાણોનો, કર્ણને પચાસ બાણોનો, શલ્ય તથા દુર્યોધનને છ છ બાણોનો, વૃષસેનને આઠ બાણોનો, અને સિંધુરાજાને સાઠ બાણોનો પ્રહાર કર્યો, અને જયદ્રથ સામે ધસારો કર્યો. અર્જુનને સમીપમાં પહોચેલો જોઇને જયદ્રથના રક્ષક યોદ્ધાઓ પરમ સંશયમાં આવી પડયાં, અને અર્જુનને વીંધવા લાગ્યાં.

અર્જુને કૌરવોના સૈન્યને હણી નાખવાની ઇચ્છાથી બાણોની વર્ષા વરસાવવા માંડી, ત્યારે કૌરવ યોદ્ધાઓ ભયભીત થઇને સિંધુરાજાને રણમાં છોડી ગયાં.

અર્જુનનું ભયંકર બાણ જયદ્રથના મસ્તકને સમંતપંચકની બહાર જ્યાં જયદ્રથના પિતા વૃદ્ધક્ષત્ર તપશ્ચર્યા કરતાં હતાં ત્યાં લઇ ગયું.

અર્જુનના બાણે સિંધુરાજનું કાળાકેશવાળું અને કુંડળવાળું તે મસ્તક સંધ્યાપાસના કરતા વૃદ્ધક્ષત્રના ખોળામાં ધીમે રહીને પાળ્યું. પોતાના ખોળામાં પોતાના પુત્રનું સુંદર કુંડળવાળું મસ્તક આવી પડ્યું છે એ વાતની રાજા વૃદ્ધક્ષત્રને ખબર પણ ના પડી. એ જપ જપીને ઊભો થયો કે તરત જ તે મસ્તક પૃથ્વી પર આવી પડ્યું. પોતાના પુત્રનું એ મસ્તક જ્યારે પૃથ્વી પર પડ્યું ત્યારે તે રાજાના મસ્તકના પણ સો ટુકડા થઇ ગયા. તે વખતે સર્વ યોદ્ધાઓ વિસ્મય પામ્યાં અને વાસુદેવ શ્રીકૃષ્ણના તથા મહારથી અર્જુનના વખાણ કરવા લાગ્યાં. એ પ્રમાણે અર્જુને જ્યારે જયદ્રથનો વધ કર્યો ત્યારે શ્રીકૃષ્ણે તે અંધકારને સમેટી લીધો. તે પછી જ

કૌરવોના જાણવામાં આવ્યું કે સૂર્યનો વાસ્તવિક અસ્ત થયો જ ન હતો, પણ એ તો શ્રીકૃષ્ણે રચેલી માયા જ હતી.

અર્જુને જ્યારે જયદ્રથને મારી નાંખ્યો ત્યારે મહાબાહુ કેશવે અને શત્રુતાપન અર્જુને પોતપોતાના દિવ્ય શંખોને વગાડયા.

તે પ્રખર ધ્વનિને સાંભળીને ધર્મરાજ યુધિષ્ઠિરે માની લીધું કે અર્જુને સિંધુરાજાને માર્યો છે. તેમણે પણ વાજિંત્રો વગડાવીને પોતાના યોદ્ધાઓને હર્ષ ઉપજાવ્યો અને દ્રોણ સામે સંગ્રામ કરવાની ઇચ્છાથી તેના પર ચઢાઇ કરી.

રાજા જયદ્રથના વધની એ વાતને વાંચનારા તટસ્થ વિચારક પર એવી પ્રતિક્રિયા પડવાનો સંભવ છે કે જયદ્રથનો વધ એને અને એની સાથેના અન્ય કૌરવ યોદ્ધાઓને ભૂલવામાં નાંખીને કપટપૂર્વક કરવામાં આવેલો. એના કપટપૂર્વકના વધ માટે ભગવાન કૃષ્ણ જેવા લોકોત્તર મહાપુરુષ નિમિત્તરૂપ બનેલા એ આખીય વાતને વિચારીને આપણે કહી શકીએ કે જયદ્રથનો નાશ છળકપટપૂર્વક કરાવવામાં નહોતો આવ્યો, પરન્તુ યુક્તિ-પ્રયુક્તિપૂર્વક કરાવવામાં આવેલો, અને એને માટેની આવશ્યક ભૂમિકાના નિર્માણ માટે ભગવાન કૃષ્ણે એમની અસામાન્ય અલૌકિક યોગશક્તિનો - પાંડવો પ્રત્યેની પ્રામાણિક પ્રીતિ અને અનુંકંપાથી પ્રેરાઇને - આધાર લીધેલો. એ યોગશક્તિને લીધે એમણે સૂર્યાસ્ત થયો એવો આભાસ ઊભો કરેલો. એમાં કોઇ પ્રકારની છેતરપીંડી નહોતી પરંતુ પરમ ચાતુરી અથવા બુદ્ધિમત્તા રહેલી.

ભગવાન કૃષ્ણ અર્જુનના સારથિ બનીને કુરુક્ષેત્રના યુદ્ધ મેદાનમાં પ્રવેશેલા અને સંગ્રામમાં પક્ષકાર બનીને શસ્ત્રાસ્ત્રોની સહાયતાથી સક્રિય ભાગ ના લેવાનું જાહેર કરી ચૂકેલા તોપણ જયદ્રથે બાણ મારીને એમને પણ ઘાયલ કરેલા એ ખાસ નોંધવા જેવું છે. યુદ્ધ જ્યારે એવી રીતે નીતિના સર્વસામાન્ય નિયમોને નેવે મુકીને કરાતું હોય ત્યારે પોતાની અને પોતાની સાથે સંકળાયેલાની સુરક્ષા સારું પોતાની લોકોત્તર શક્તિનો ઉપયોગ કરવાનું કામ ભગવાન કૃષ્ણને એમના સંજોગોને અનુલક્ષીને ઉચિત લાગ્યું હશે એ કલ્પી કે સહેલાઇથી સમજી શકાય તેમ છે.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૫૭. દ્રોણાચાર્ય મૃત્યુ પામ્યા

મહાભારતના મહાભયંકર સંગ્રામ દરમિયાન દ્રોણાચાર્યની સાથે યુદ્ધ થયું ત્યારે રાતે પણ યુદ્ધવિરામ ના થયો. રાતે દીપક પ્રગટાવીને યુદ્ધને ચાલુ રાખવામાં આવ્યું. એ ઘટના આશ્ચર્યકારક હોવા છતાં પણ સાચી હતી.

દેવાસુર સંગ્રામમાં કોપાયમાન ઇન્દ્રે જેમ દાનવોનો સંહાર કરી નાખેલો તેમ દ્રોણાચાર્યે પોતાની ધનુર્વિદ્યાના પાર વિનાના પ્રયોગો કરીને અને અન્ય અનેક શસ્ત્રાસ્ત્રો દ્વારા પાંચાલોનો ક્ષય કરી નાખ્યો.

એમના અદૃષ્ટપૂર્વ અદભુત પરાક્રમથી પાંડવો પણ નિરાશ તથા ભયભીત બની ગયા અને ચિંતા કરવા લાગ્યા.

દ્રોણાચાર્યનો પ્રતિકાર અને પરાજય સહજ ના લાગ્યો.

ભગવાન કૃષ્ણ પણ એમના પરાક્રમને પેખીને વિચારમાં પડયા.

એ પાંડવોના પરમહિતૈષી હોવાથી મનોમન વિચારીને અર્જુનને કહેવા લાગ્યા કે શિશિર ઋતુની આખરે પ્રદીપ્ત બનેલો પાવક જેમ ઘાસની ગંજીને બાળી નાંખે છે તેમ ઉત્તમોત્તમ શસ્ત્રાસ્ત્રોથી સુપરિચિત દ્રોણાચાર્ય સૌનો નાશ કરી નાખશે. યુદ્ધમાં કોઇપણ યોદ્ધો દ્રોણાચાર્યની સામે એકીટસે અવલોકવા પણ સમર્થ નથી તો તેમની સાથે યુદ્ધ કરીને તેમને જીતી શકે તેમ નથી. ધનુર્ધરોમાં શ્રેષ્ઠ દ્રોણાચાર્યના હાથમાં જ્યાં સુધી ધનુષ્ય છે ત્યાં સુધી ઇન્દ્ર સહિત દેવો પણ તેમને સંગ્રામમાં જીતી શકે તેમ નથી. પરંતુ જો તેમને સંગ્રામમાં શસ્ત્રરહિત કરવામાં આવે તો સામાન્ય શસ્ત્રસજ્જ માનવ પણ તેમનો નાશ કરવા શક્તિમાન બની શકે. માટે ધર્મના પ્રચલિત વિચારોને પડતા મૂકીને વિજયના ઉપાયને શોધી કાઢવો જોઇએ. અશ્વત્થામાનું મૃત્યુ થયું છે એવી માહિતી મળે તો પોતાના પુત્ર અશ્વત્થામા પર અતિશય પ્રેમ અને મમતા હોવાથી, દ્રોણાચાર્ય યુદ્ધ નહિ કરે. એટલે આપણામાંના કોઇએ એમની પાસે પહોંચીને જણાવવું જોઇએ કે અશ્વત્થામા યુદ્ધમાં મરાયો છે.

શ્રીકૃષ્ણનો એ પ્રસ્તાવ અર્જુનને પસંદ પડ્યો નહીં.

યુધિષ્ઠિરને પણ એમની વાત ઉત્તમ અથવા અનુકરણીય ના લાગી.

બીજા યોદ્ધાઓને એ યુક્તિ ગમી ગઇ.

ભીમસેનને એ યુક્તિ સ્વીકાર્ય લાગી. એને સાંભળીને એની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં.

એ પછીનું ઘટનાચક્ર બન્યું પણ એવું કે ભીમસેને યુદ્ધમેદાનમાં અશ્વત્થામા નામના એક મહાબળવાન હાથીને ગદાના પ્રહારથી મારી નાખ્યો.

એ હાથી માલવદેશના ઇન્દ્રવર્મા નામના રાજાનો હતો અને શત્રુઓનો સંહાર કરવા માટેના પ્રખર પરાક્રમવાળો.

એનો નાશ કરીને ભીમ રણમેદાનમાં અતિશય સંકોચ સાથે દ્રોણાચાર્ય પાસે પહોંચીને મોટેથી બૂમો પાડીને કહેવા લાગ્યો કે અશ્વત્થામા હણાયો; અશ્વત્થામા હણાયો.

ભીમસેનના એ અપ્રિય શબ્દોને સાંભળીને દ્રોણાચાર્યને અતિશય સંકોચ થયો. એમનું મન નિરાશ થઇ ગયું અને શરીર શિથિલ બન્યું.

પરંતુ એકાદ ક્ષણ પછી તે સ્વસ્થચિત્ત બનીને વિચારવા લાગ્યા કે ભીમની વાત અસત્ય હોવી જોઇએ. અશ્વત્થામા અસાધારણ પરાક્રમી હોવાથી સંગ્રામમાં સહેલાઇથી મૃત્યુ ના પામી શકે. એ હજુ જીવતો જ હોવો જોઇએ.

એમણે પુનઃ સંપૂર્ણ શસ્ત્રસજ્જ થઇને પોતાના આક્રમણનો આરંભ કર્યો.

પોતાના કાળસ્વરૂપ ધૃષ્ટદ્યુમ્નને મારી નાખવાની ઇચ્છાથી એ આગળ ધસ્યા અને એમણે એક હજાર તીક્ષ્ણ બાણોની તેના પર વૃષ્ટિ કરી. સામેથી પાંચાલોના વીસ હજાર શૂરા યોદ્ધાઓ પણ સંગ્રામમાં એ રીતે ઘૂમી રહેલા દ્રોણાચાર્ય પર સર્વ તરફથી બાણવૃષ્ટિ કરવા લાગ્યા.

પરન્તુ મહારથી શત્રુતાપન દ્રોણાચાર્યે પાંચાલોનાં તે સર્વ બાણોનો નાશ કરી નાખ્યો, અને તે શૂરવીર પાંચાલોનો સંહાર કરી નાખવા માટે બ્રહ્માસ્ત્રને પ્રગટ કર્યું.

એ અસ્ત્રથી સર્વ સૈનિકોનો સંહાર કરતા તે દ્રોણાચાર્ય અતિશય તેજસ્વી દેખાવા લાગ્યા.

એ જોઇને હવ્યવાહ આદિ ઋષિઓ ત્યાં સત્વર આવી પહોંચ્યા. વિશ્વામિત્ર, જમદગ્નિ, ભરદ્વાજ, ગૌતમ, વસિષ્ઠ, કશ્યપ, અત્રિ, સિક્ત, પૃશ્નિ, ગર્ગ, વાલખિલ્ય, મરીચિપ, ભૃગુ, અંગિરા અને સૂક્ષ્મ તથા બીજા કેટલાક મહર્ષિઓ દ્રોણાચાર્યને બ્રહ્મલોકમાં લઇ જવાની ઇચ્છાથી ત્યાં આવી પહોંચ્યા.

એ દ્રોણાચાર્યને ઉદ્દેશીને કહેવા લાગ્યા કે તમે અધર્મથી યુદ્ધ કર્યું છે. હવે તમારો અંતકાળ સમીપ છે. માટે રણમાં આયુધનો ત્યાગ કરો તમે વેદો અને વેદોનાં અંગોને યથાર્થ જાણો છો, સત્યધર્મમાં આસક્ત રહેનારા છો, અને બ્રાહ્મણ છો; માટે તમને આવું ક્રૂર કર્મ ઘટતું નથી. આ મનુષ્યલોકમાં રહેવા માટેનો તમારો સમય હવે પૂરો થયો છે. તમે અસ્ત્રને નહીં જાણનારા સંખ્યાબંધ પુરુષોને બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરીને રણભૂમિ પર બાળી નાખ્યા છે. તમારું તે કર્મ ઉત્તમ નથી.

મહર્ષિઓનાં વચનોને સાંભળી, ભીમસેનના વચનનો વિચાર કરીને, અને પોતાના કાળસ્વરૂપ ધૃષ્ટદ્યુમ્નને સામે ઊભેલો જોઇને દ્રોણાચાર્યનું મન ઉત્સાહરહિત બની ગયું. પોતાના પુત્રના મરણ સંબંધમાં તેમને સંદેહ થયો. તેમને ગભરામણ થવા લાગી. તેમણે યુધિષ્ઠિરને પૂછયું કે શું અશ્વત્થામા હણાયો છે ?

દ્રોણાચાર્યને વિશ્વાસ હતો કે યુધિષ્ઠિર ત્રિલોકના ઐશ્વર્ય માટે પણ કદી અસત્ય નહીં બોલે.

પરન્તુ શ્રીકૃષ્ણ અને ભીમસેનની સૂચનાથી યુધિષ્ઠિર દ્રોણાચાર્ય સાંભળે તેમ મોટા સ્વરથી બોલ્યા કે અશ્વત્થામા હણાયો છે; પરન્તુ પાછળથી અતિશય ધીમેથી અસ્પષ્ટ રીતે બોલ્યા કે માનવ અથવા હાથી પણ હોય.

રાજા યુધિષ્ઠિરનો રથ પ્રથમ સત્યના પ્રભાવથી પૃથ્વીથી ચાર ચાર આંગળ ઊંચો રહીને ચાલતો હતો; પણ તેમણે અસત્ય ભાષણ કર્યું એટલે તરત જ તેમનો રથ પૃથ્વીનો સ્પર્શ કરી રહ્યો, અને તેમના ઘોડાઓ પણ પૃથ્વીનો સ્પર્શ કરી રહ્યા.

યુધિષ્ઠિરના શોકજનક શબ્દોને સાંભળીને દ્રોણાચાર્ય પુત્રના વિરહદુઃખને લીધે સંતાપ પામ્યા અને ખૂબ જ નિરાશ થયા. તેમનું ચિત્ત અત્યંત ઉદાસ થઇ ગયું. એ એટલા બધા ઉદ્વિગ્ન બન્યા કે ધૃષ્ટદ્યુમ્નને સામે ઊભેલો જોઇને પણ પ્રથમની પેઠે યુદ્ધ કરી શક્યા નહીં.

દ્રોણાચાર્યને પરમ ઉદવેગ પામેલા અને શોકથી ખિન્ન થયેલા જોઇને, ધૃષ્ટદ્યુમ્ન તેમની સામે આવ્યો. ધૃષ્ટદ્યુમ્નને રાજા દ્રુપદે મહાયજ્ઞમાં દ્રોણાચાર્યનો વિનાશ કરવા માટે પ્રદીપ્ત અગ્નિ પાસેથી પ્રાપ્ત કરેલો.

એણે ધનુષ્યમાં અગ્નિની પેઠે ચળકતા અને સર્પની પેઠે ઝેરી દિવ્ય અજર બાણને ચઢાવ્યું.

ધૃષ્ટદ્યુમ્ને ચઢાવેલા એ દિવ્યબાણને જોઇને દ્રોણાચાર્ય પોતાના શરીરનો અંત આવેલો માનવા લાગ્યા.

તેનો પ્રતિકાર કરવા માટે એ પોતાનો બનતો પ્રયત્ન કરવા લાગ્યા. પરન્તુ એમનાં અલૌકિક દિવ્ય અસ્ત્રો એ વેળા પ્રકટ ના થયાં.

દ્રોણાચાર્યને લડતાં લડતાં ચાર દિવસ તથા એક રાત્રિ વીતી ગઇ હતી. પાંચમા દિવસનો ત્રણ મુહૂર્ત જેટલો કાળ વ્યતીત થયો ત્યાં તેમનાં બાણો ખૂટી પડયાં.

દ્રોણાચાર્યે અને ધૃષ્ટદ્યુમ્ને એકમેકની સાથે ભયંકર રીતે લડવા માંડયું ત્યારે ભીમસેને ફરી વાર જણાવ્યું કે ધર્મરાજાએ તમને તમારા પુત્રના મરણ વિશે જે વાક્ય કહ્યું છે તે સત્ય છે, તેમાં શંકા કરવી ઉચિત નથી.

ભીમસેનના શબ્દોને સાંભળીને દ્રોણાચાર્યે ધનુષ્યને ફેંકી દીધું.

તેમણે પોતાનાં સર્વ શસ્ત્રોનો ત્યાગ કર્યો અને અશ્વત્થામાને મોટેથી બોલાવવા માંડયા. પછી છેવટે યોગધારણાનો આશ્રય કરીને તે રથની બેઠક પર બેસી ગયા અને તેમણે સર્વને અભય પ્રદાન કર્યું. એ અવસરનો લાભ લઇને ધૃષ્ટદ્યુમ્ન બાણ સાથેના પોતાના ધનુષ્યને રથમાં મૂકી દઇને નીચે ઊતર્યો અને હાથમાં તલવાર લઇને દ્રોણાચાર્યની સામે ધસી ગયો.

દ્રોણાચાર્યે યોગમાર્ગનો આશ્રય કરીને ભગવાન વિષ્ણુનું શરણ લીધું.

ધૃષ્ટદ્યુમ્ને તેમના મસ્તકને તલવારથી અલગ કર્યુ એટલે મસ્તકહીન બનેલું તે ધડ રણભૂમિ પર ગબડી પડયું.

દ્રોણાચાર્યનો વિનાશ કરીને ધૃષ્ટદ્યુમ્ન હર્ષમાં આવી ગયો અને તલવારને ઘુમાવતો સિંહનાદો કરવા લાગ્યો.

દ્રોણાચાર્યની ઉંમર પંચ્યાશી વર્ષની હતી. તેમને કાન સુધી પળિયાં આવી ગયાં હતાં, અને તેઓ રંગે શ્યામ હતાં.

દ્રોણાચાર્યના મૃત્યુની મહાભારતમાં કહેવાયેલી એ કથા અતિશય કરુણ છે. એમાં બે વસ્તુઓ ખાસ લક્ષમાં લેવા જેવી લાગે છેઃ એક તો દ્રોણાચાર્યે ભીમસેનના અશ્વત્થામાના મરણના સમાચારને ચકાસ્યા નહિ, યુધિષ્ઠિરની વાતને પણ વધારે પડતા વિશ્વાસને લીધે માની લીધી તે વસ્તુ; અને બીજી વસ્તુ મહર્ષિઓએ પણ દ્રોણાચાર્ય પાસે પ્રગટીને બ્રહ્માસ્ત્રના પ્રયોગને સ્થગિત કરવા કહ્યું ત્યારે એમને એમનો પ્રતાપી પુત્ર અશ્વત્થામા નથી હણાયો એ સંબંધી સહેજ પણ સંકેત ના આપ્યો તે. શ્રીકૃષ્ણ, ભીમસેન અને યુધિષ્ઠિરની

પ્રવૃત્તિ તો પ્રત્યક્ષ છે. તેનું પરિણામ પણ સ્પષ્ટ છે. મહાભારતકાર સંશયરહિત શબ્દોમાં સ્પષ્ટ રીતે નોંધે છે કે યુધિષ્ઠિરનો રથ સત્યપાલનવ્રતના પ્રભાવથી પહેલાં પૃથ્વીથી ચાર આંગળ ઉપર ચાલતો પરંતુ અસત્યભાષણને લીધે, કુદરતે દંડ દીધો હોય તેમ, પૃથ્વી પર ચાલવા લાગ્યો અને એમના રથના ઘોડાઓ પણ પૃથ્વીને સ્પર્શીને ચાલવા લાગ્યા. યુધિષ્ઠિરનો યશરૂપી રથ પણ એવી રીતે ગગનગામી જેવો હતો તે થોડોક નીચે, અપયશની ધરતી પર ઊતરી ગયો.

મહાભારતકાર એવી રીતે અસત્યનું અનુમોદન નથી કરતા, અસત્યનો મહિમા કે યશ પણ નથી ગાતા; પરંતુ એથી ઊલટું, અસત્યથી થતી હાનિને દર્શાવે છે, અસત્યાચરણના અશુભ પરિણામ અસંદિગ્ધ ભાષાપ્રયોગ દ્વારા સુનિશ્ચિત અંગુલિનિર્દેશ કરે છે, અને વ્યક્તિગત તથા સમષ્ટિગત જીવનમાં સત્યની સંપ્રતિષ્ઠાને માટે પ્રાણવાન પ્રેરણા પૂરી પાડે છે. સમર્થન અથવા સંકીર્તન અસત્યનું નહિ કિન્તુ સત્યનું જ કરે છે. એ દૃષ્ટિબિંદુ ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫૮. ભગવાન શંકરની સ્તુતિ

પરમપ્રતાપી દ્રોણાચાર્યના મૃત્યુ પછી સંગ્રામભૂમિમાં સ્વેચ્છાએ આવી પહોંચેલા મહર્ષિ વ્યાસને અર્જુને પોતાના લોકોત્તર અને ઉત્તરોત્તર વિજયનું કારણ પૂછયું અને એક અતિશય આશ્ચર્યકારક વાતનું રહસ્યોદઘાટન કરતાં જણાવ્યું કે સંગ્રામમાં શત્રુયોદ્ધાઓ પર શરની વૃષ્ટિ કરતી વખતે હું મારી આગળ એક અગ્નિ જેવા પરમ તેજસ્વી પુરુષને ચાલતો જોતો. પરમ તેજોમય ત્રિશૂળને લઇને તે પુરુષ જે દિશામાં આગળ વધતા તે દિશામાં મારા દ્વારા પ્રતિસ્પર્ધી યોદ્ધાઓનો સંહાર થતો. યુદ્ધમાં સઘળા શત્રુઓને એમણે જ મારી નાખ્યા હોવા છતાં માનવો અજ્ઞાનને લીધે માને છે કે એમનો નાશ મેં કર્યો છે. તે ત્રિશૂળધારી, સૂર્યસમાન પ્રકાશવાળા મહાપુરુષ કોણ હતા ?

મહર્ષિ વ્યાસે જણાવ્યું કે તે મહાપુરુષ ભગવાન શંકર હતા.

મહર્ષિ વ્યાસે એ વખતે કરેલી ભગવાન શંકરની સ્તુતિ અથવા પ્રશસ્તિ મનનીય હોવાથી એનો સારાંશ અહીં રજૂ કરીએ તો એ અસ્થાને નહિ ગણાય. એ સારાંશ આ રહ્યોઃ

प्रजापतीनां प्रथमं तैजसं प्रभुम्,
भुवनं भूर्भुवं देवं सर्वलोकेश्वरं प्रभुम्;
इशानं वरदं पार्थ दृष्टिवानसि शंकरम्,
तं गच्छ शरणं देवं वरदं भुवनेश्वरम्.

महादेवं महात्मानमीशानं जटिलं विभुम्
त्र्यक्षं महाभुजं रुद्रं शिखिनं चीरवाससम्,
महादेवं हरं स्थाणुं वरदं भुवनेश्वरम्
जगत्प्रधानमजितं जगत्प्रीतिधीश्वरम्.

जगद्योनिं जगदबीजं जयितं जगतो गतिम्
विश्वात्मानं विश्वसूजं विश्वमूर्तिं यशस्विनम्.
विश्वेश्वरं विश्वनरं कर्माणामीश्वरं प्रभुम्
शंभुं स्वयंभुं भूतेशं भूतभव्यभवोदभवम्.

योगं योगेश्वरं सर्वं सर्वलोकेश्वरम्
सर्वश्रेष्ठं जगच्छ्रेष्ठं वरिष्ठं परमेष्ठिनम्.

शाश्वतं भूधरं देवं सर्ववागीश्वरम्
सुदुर्जयं जगन्नाथं जन्ममृत्युजरातिगम्
दातारं चैव भक्तानां प्रसादविहितान् वरान्.
ये भक्ता वरदं देवं शिवं रुद्रमुमापतिम्

अनन्यभावेन सदा सर्वेशं समुपासते,
इहलोके सुखं प्राप्य ते यांति परमां गतिम्

रुद्रय शितिकंठाय कनिष्ठाय सुवर्चसे
कपर्दिने करालाय हर्यक्षवरदाय च.
याम्यायाव्यक्तकेशाय सदवत्ते शंकराय च
काम्याय हरिनेत्राय स्थाणवे पुरुषाय च
हरिकेशाय मुंडाय कृशायोत्तारणाय च
भास्कराय सुतीर्थाय देवदेवाय रंहसे.
बहुरूपाय सर्वाय प्रियाय प्रियवाससे
उष्णीषिणे सुवकत्राय सहस्त्राक्षाय मीद्वषे.
गिरिशाय प्रशान्ताय यतपे चारवाससे
हिरण्यबाहवे राज्ञे उग्राय पतये दिशाम्.

पर्जन्यपतये चैव भूतानां पतये नमः
वृक्षाणां पतये चैव गवां च पतये नमः

स वै रुद्रः स चशिवः सोऽग्निः सर्वश्च सर्ववित्
स चेन्द्रस्चैव वायुश्च सोऽश्विनौ च स विद्युतः

स भवः स च पर्जन्यो महादेवः सनातनः
स चंद्रमाः स चेशानः स सूर्यो वरुणश्च सः
स कालः सोऽन्तको मृत्युः स यमो रात्र्यहानि तु,
मासार्धमासा ऋतवः संध्ये सवंत्सरश्च सः
धाता च स विधाता च विश्वात्माविश्व कर्म कृत,
सर्वांसां देवतानां च धारयत्यवपुर्वपुः

इद्दशश्च महादेवो भूयांश्च भगवानजः
न हि सर्वे मया शक्या वक्तुं भगवतो गुणाः
आपि वर्षसहस्त्रेण सततं पांडुनंदन.

सर्वग्रहैर्गृहीतान्वै सर्वपापसमन्वितान्
स मोचयति सुप्रीतः शरण्यः शरणागतान्
आयुरारोग्यमैश्वर्यं वित्तं कामांश्च पुष्कलान्
स ददाति मनुष्येभ्यः स चैवाक्षिपते पुनः
धन्यं यशस्यमायुष्यं पुण्यं वेदेश्च संपतिम्

देवदेवस्य ते पार्थ व्याख्यातं शतरुद्रियम्.
सर्वार्थसाधनं पुण्यं सर्वकिल्मिषनाशम्
सर्वपापप्रशमनं सर्वदुःखभयापहम्.
चरितं महात्मनो नित्यं सांग्रामिकमिदं स्मृतम्
पठन्वै शतरुद्रियं श्रृण्वंश्च सततोत्थितः
भक्तो विश्वेश्वरं देवं मानुषेषु च यः सदा
वरान् कामान् स लभते प्रसन्ने त्र्यंबके नरः

એ શ્લોકોના ભાવાર્થ આ પ્રમાણે---

તે પ્રજાપતિઓના આદિ, સર્વના અંતર્યામી, સ્વર્ગ, પૃથ્વી અને આકાશસ્વરૂપ, સર્વલોકના ઇશ્વર અને પ્રભુ છે. તે વરદાતા અને સર્વના નિયંતા છે. તું તેમને શરણે જા.

તે મહાન દેવ છે, મહાન આત્મા છે, સર્વના નિયંતા છે, જટાધારી છે, સર્વવ્યાપક છે, ત્રિનેત્રધારી છે, મોટી ભુજાવાળા છે, રુદ્ર સ્વરૂપ છે, શિખાધારી છે, અને વલ્કલ વસ્ત્રને પહેરનારા છે. મહાદિવ્ય છે. સૃષ્ટિના સંહર્તા છે, અચળ સ્વભાવના, ઇષ્ટ વરોને આપનારા, ભુવનવ્યાપક, જગતમાં મુખ્ય, અજિત, જગતને આનંદ આપનારા, ઇશ્વરથી પણ અધિક છે.

તે નિરુપાધિક ચિન્માત્રસ્વરૂપ છે, જગતના બીજરૂપ છે, જગતના માતાપિતા સ્વરૂપ છે, જયકર્તા છે, જગતના શરણરૂપ છે, વિશ્વના આત્મારૂપ છે, વિશ્વના સ્ત્રષ્ટા છે, વિશ્વમૂર્તિ છે, અને યશસ્વી છે.

તે વિશ્વના ઇશ્વર, વિશ્વના નેતા, કર્મોના નિયંતા, સર્વના પ્રભુ, કલ્યાણકારક, સ્વયંભૂ, ભૂતોના ઇશ્વર અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાનના ઉત્પાદક છે.

તે યોગસ્વરૂપ, યોગેશ્વર, સર્વસ્વરૂપ, સર્વ લોકોના ઇશ્વરના પણ ઇશ્વર, સર્વના કરતાં શ્રેષ્ઠ, જગતમાં વરિષ્ઠ, અને પરમ સ્થાનમાં રહેનારા છે.

તે સનાતન, પૃથ્વીને ધારણ કરનારા, દિવ્ય, સર્વ વાણીઓના ઇશ્વરના પણ ઇશ્વર, અધિકાર રહિત પુરુષોથી અત્યંત દુષ્પ્રાપ્ય, જગતના નાથ અને જન્મ, મૃત્યુ તથા જરાને ઉલ્લંઘી ગયા છે.

તે પોતાના પરમ ભક્તોને કૃપા કરીને ઇચ્છિત વરદાનને આપનારા છે.

જે ભક્તપુરુષો વરદ, રુદ્ર, ઉમાપતિ અને સર્વના ઇશ ભગવાન શંકરને અનન્ય ભાવથી ઉપાસે છે તે આ લોકમાં પરમસુખને પામીને અંતે પરમગતિને પામી લે છે.

નમન હો તે રુદ્રને, નીલકંઠને, સૂક્ષ્મ સ્વરૂપને, અતિશય તેજસ્વીને, જટાજુટધારીને, કરાલ સ્વરૂપને, અને કુબેરને વર આપનારાને. નમન હો તે કાલમૂર્તિને, માયા વડે વિચિત્ર પ્રકારોના અવતારો ધરનારને, સદાચારી ભક્તને સુખ પ્રદાન કરનારાને, કામના કરવા યોગ્યને, નીલનેત્રવાળાને, અચલ સ્વભાવવાળાને અને પરમપુરુષ સ્વરૂપને.

નમસ્કાર હો તે શ્યામ કેશવાળાને, તપશ્ચર્યામાં જ એકનિષ્ઠાવાળા હોવાથી કૃશ થયેલાને, સંસારથી તારનારાને, પ્રદીપ્ત સ્વરૂપને, ઉત્તમ તીર્થસ્વરૂપને, દેવોના પણ દેવ અને વેગવાળાને.

નમસ્કાર હો તે અનેક સ્વરૂપવાળાને, ચંદ્રને પ્રિય કરનારને, મસ્તકે મુકુટ ધરનારને, સુંદર મુખવાળાને, હજારો નેત્રોવાળાને, અને વૃષ્ટિ કરનારને. કૈલાસ પર્વતમાં નિવાસ કરનારાને, શાંતસ્વરૂપને, સર્વપાલકને, વલ્કલ વસ્ત્રને પહેરનારાને, સુવર્ણના અલંકારોથી શોભાયમાન બાહુઓવાળાને, ઉગ્ર સ્વરૂપને અને દિશાઓના પતિને નમન હો.

મેઘરાજાના પતિને અને સર્વભૂતોના પતિને, વૃક્ષોના પતિઓને અને સર્વ વાણીઓના પતિને નમસ્કાર.

તે ભગવાન જ રુદ્ર સ્વરૂપ, શિવ સ્વરૂપ, અગ્નિ સ્વરૂપ, સર્વ સ્વરૂપ અને સર્વવેત્તા છે. એ જ ઇન્દ્ર સ્વરૂપ, વાયુ સ્વરૂપ, અશ્વિનીકુમાર સ્વરૂપ, અને વીજળી સ્વરૂપ છે. એ જ ભવ સ્વરૂપ અને મેઘ સ્વરૂપ છે, એ જ સનાતન મહાદેવ ચંદ્ર સ્વરૂપ છે. સર્વના નિયંતા છે, સૂર્ય સ્વરૂપ અને વરૂણ સ્વરૂપ છે.

તે જ કાલ છે. તે જ અંતક છે. તે જ મૃત્યુ છે, યમ છે, રાત્રિ છે, દિવસ છે, માસ છે, અર્ધમાસ છે, ઋતુઓ છે. બન્ને સંધ્યાઓ છે, અને સંવત્સર છે.

તે જ ભગવાન પોતે શરીરધર્મથી રહિત છે. છતાં માયા દ્વારા સર્વ દેવોનાં અને સર્વ ભૂતોનાં શરીરને ધારણ કરે છે.

ભગવાન મહાદેવ અજન્મા છે, એટલું જ નહીં પણ મેં વર્ણવેલા ગુણો કરતાં પણ અધિક ગુણવાન છે. તે ભગવાનના સર્વ ગુણોનું મારાથી વર્ણન થઇ શકે તેમ નથી. એક હજાર વરસ સુધી હું તેમના ગુણોને નિરંતર ગાયા કરું તો પણ તેનો પાર ના આવે.

શરણે આવેલા ભક્તજનો ઉપર કૃપા કરનારા તે પરમેશ્વર પ્રસન્ન થાય તો ક્રૂર ગ્રહોના પંજામાં સપડાયેલા અને સર્વ જાતનાં પાપોથી યુક્ત પોતાના શરણાગત ભક્તોને મુક્ત કરે છે, તે જ પ્રભુ મનુષ્યોને આયુષ્ય, આરોગ્ય, ઐશ્વર્ય, ધન અને બીજા સર્વ મનોરથોથી તૃપ્ત કરે છે, અને જો ક્રોધાયમાન થાય તો પાછા પણ લઇ લે છે.

તે મહાદેવનું આ શતરુદ્રિય નામનું સ્તોત્ર મેં કહ્યું છે. તે સ્તોત્ર ધન, યશ અને આયુષ્યને આપનારું તથા વેદ જેવું પવિત્ર છે. વળી અર્થોને સિદ્ધ કરનારું, સર્વ પાપોની શાંતિ કરનારું, તથા સર્વ દુઃખો અને ભયનો વિનાશ કરનારું છે.

જે પુરુષ નિત્ય પ્રાતઃકાળે ઊઠીને આ સ્તોત્રનું પઠન તથા શ્રવણ કરે છે, તેમજ એ વિશ્વેશ્વર દેવની ભક્તિ કરે છે, તે શંકર ભગવાનને પ્રસન્ન કરીને સઘળા મનોરથોને મેળવી લે છે.

☼ ☼ ☼ ☼ ☼

# કર્ણ પર્વ

અને

# શલ્ય પર્વ

## ૧૫૯. પરશુરામના શાપનું સ્મરણ

મહાભારતમાં કર્ણનું પાત્ર અતિશય કરુણ પાત્ર તરીકે જોવા મળે છે.

કર્ણને કુંતીએ જન્મની સાથે જ છોડી દીધો. એને એના જન્મ તથા મૂળ માતાપિતાના રહસ્યજ્ઞાનથી વંચિત રહેવું પડયું એ એના જીવનની જેવીતેવી કરુણતા ના કહેવાય.

એને આરંભથી જ દુર્યોધનનો સ્નેહ તથા સંગ મળ્યો એને બદલે યુધિષ્ઠિર, અર્જુન કે કૃષ્ણનો સ્નેહ કે સંગ સાંપડયો હોત તો પરિસ્થિતિ જુદી હોત. એનું સદભાગ્ય સોળે કળાએ ખીલી ઊઠત. એનું જીવન વધારે ઉજ્જવળ, સત્યનિષ્ઠ તથા શ્રેયસ્કર બનત.

પરશુરામને ગુરૂ માનીને એમની પાસેથી શસ્ત્રાસ્ત્રવિદ્યા શીખતી વખતે ગુરૂની સેવાભાવનાથી પ્રેરાઇને સારૂં કરવા છતાં પણ એને શાપ મળ્યો.

મહાભારતના યુદ્ધમાં અવારનવાર અપમાનિત કરીને, અનુચિત શબ્દોને સંભળાવીને, ઉત્સાહને વધારવાને બદલે ઘટાડી નાખનારો શલ્ય સરખો શત્રુતા ભરેલો સારથિ મળ્યો.

એણે યુદ્ધ વખતે કટુ તથા વિરોધી વચનો સાંભળીને કર્ણના સામર્થ્ય તથા ઉત્સાહને ઓગાળી નાખવાનું કૃષ્ણ, અર્જુન અને યુધિષ્ઠિરને વચન આપેલું.

એ વચન એણે યાદ રાખ્યું અને પાળી બતાવ્યું.

યુદ્ધ દરમિયાન એણે કર્ણ પર કટુ વિપરીત વચનોનો વરસાદ વરસાવ્યો ત્યારે કર્ણને પોતાના ગુરૂ પરશુરામનો શાપપ્રસંગ યાદ આવ્યો.

ગુરૂ પરશુરામના આશ્રમની એ મંગલ દુઃખદ ઘટના એના મનની આંખ આગળ આવીને ઊભી રહી.

યુદ્ધમેદાનમાં શલ્યે કર્ણને જણાવ્યું કે હમણાં જ ઉત્તમ રથમાં બેઠેલા પરાક્રમી કૃષ્ણ અને અર્જુનને તું અહીં રણક્ષેત્રમાં જોઇશ. જો તું મારા કહેવા પ્રમાણે કરતો હોય તો બુદ્ધિનો આશ્રય કરીને શ્રીકૃષ્ણ તથા અર્જુનનું શરણ લે. જ્યારે તું યુદ્ધમાં પરાક્રમ કરી રહેલા કૃષ્ણ તથા અર્જુનને એક રથમાં બેઠેલાં જોઇશ ત્યારે તારી વાણી વિરમી જશે. વળી જ્યારે અર્જુન સેંકડો બાણો મારીને તારા ગર્વનો નાશ કરશે ત્યારે તારામાં તથા તેનામાં કેટલું અંતર છે તે તારા જોવામાં આવશે. તે બન્ને પુરુષશ્રેષ્ઠો દેવો, અસુરો તથા મનુષ્યોમાં વિખ્યાત છે. પતંગિયું જેમ મુર્ખાઇથી સૂર્ય તથા અગ્નિનું અપમાન કરે છે તેમ તું તે બંન્નેનું અપમાન ના કર. સૂર્ય તથા ચંદ્ર જગતમાં સર્વના પ્રકાશક તરીકે પ્રસિદ્ધ છે, તેમ કૃષ્ણ તથા અર્જુન પણ તેજસ્વિતામાં પૃથ્વીમાં પ્રસિદ્ધ છે. તું તો મનુષ્યોમાં એક પતંગિયા જેવો જ છે. માટે હે સુતપુત્ર ! તું શ્રીકૃષ્ણ અને અર્જુનની અવગણના ના કરતો. તે બંન્ને પુરુષોમાં સિંહ સરખા છે. હવે ખોટી બડાઇ ના કરતાં મૂંગો બનીને બેસી રહે.

મદ્રરાજ શલ્યના તે અપ્રિય શબ્દોને સાંભળ્યા પછી કર્ણને તેના પર અવિશ્વાસ પેદા થયો, અને તેણે શલ્યને કહેવા માંડ્યું કે અર્જુન તથા કૃષ્ણ કેવા બળવાન છે તથા તેમનાં બળ તથા શસ્ત્રાસ્ત્રો કેવાં શક્તિશાળી છે તે બધું જેટલું મારા જાણવામાં છે તેટલું તારા જાણવામાં નથી. છતાં પણ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ ગણાતા અર્જુન તથા શ્રીકૃષ્ણ સામે નિર્ભય થઇને આજે હું યુદ્ધ કરીશ. પરન્તુ આ સમયે સ્મરણમાં આવેલો મારા ગુરૂ બ્રાહ્મણશ્રેષ્ઠ પરશુરામનો શાપ મને અત્યંત સંતાપ ઉપજાવે છે.

શલ્યના શબ્દો કર્ણને ક્રોધાતુર બનાવે એવા કટુ હોવાં છતાં કર્ણ કાંઇક શાંત રહ્યો. યુદ્ધની એવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં કર્ણનું મન પરશુરામ પાસે પહોંચી ગયું.

કર્ણ એ વખતે અલૌકિક અસાધારણ શસ્ત્રાસ્ત્રોના અભ્યાસ માટે પરશુરામ પાસે બ્રાહ્મણવેશે રહેતો હતો.

પરશુરામ એના પર પુષ્કળ પ્રેમ તથા વિશ્વાસ રાખતા.

એ વિશ્વાસ તથા પ્રેમથી પ્રેરાઇને એને ગુણમાં ગુણ અસ્ત્રવિદ્યાનું જ્ઞાન આપતા.

એકવાર તેઓ કર્ણના સાથળ પર મસ્તક મૂકીને નિદ્રાધીન બનેલા ત્યારે ત્યાં એક ભ્રમર આવ્યો.

ભ્રમરે એમની અને કર્ણની આજુબાજુ ઊડવા માંડયું અને છેવટે કર્ણના સાથળ પર ડંખ માર્યો.

એ ડંખની વેદના અતિભયંકર અને અસહ્ય હોવા છતાં પણ કર્ણ એને સહન કરીને શાંત રહ્યો. પોતાના પ્રિય અને પૂજ્ય ગુરૂ પરશુરામની નિદ્રામાં ભંગ ના પડે તેનું તેણે ધ્યાન રાખ્યું.

એના સાથળમાંથી રક્તનો પ્રવાહ વહેવા માંડયો તોપણ એ તિતિક્ષાની મૂર્તિ જેવો શાંત જ રહ્યો.

પરશુરામે જ્યારે જાગ્યા પછી એ દૃશ્યને નિહાળ્યું ત્યારે એને એની સેવાભાવના તથા તિતિક્ષા માટે અભિનંદન આપવાને બદલે એ કોપાયમાન બનીને બોલી ઊઠ્યા કે તું બ્રાહ્મણ નથી. બ્રાહ્મણમાં આવી અસામાન્ય સહનશક્તિ કે ધીરજ ના હોય. તું ખરેખર કઇ જ્ઞાતિનો છે તે મને જણાવી દે.

કર્ણે સૂતપુત્ર તરીકે પોતાનો પરિચય આપ્યો.

પરશુરામે એ સાંભળીને સત્વર શાપ આપ્યો કે તેં તારી સૂતજાતિને ગુપ્ત રાખીને છળપૂર્વક બ્રાહ્મણવેશને લઇને મારી પાસેથી બ્રહ્માસ્ત્રને પ્રાપ્ત કર્યું છે, પરન્તુ તે બ્રહ્માસ્ત્ર તારા સંરક્ષણના સાચા સમયે અથવા તારી પ્રતિજ્ઞાના પાલન સમયે તારા કામમાં નહિ આવી શકે. તારા મૃત્યુસમય સિવાયના બીજા સમયે તને તેની સ્મૃતિ રહેશે પણ મૃત્યુસમયે તે તારા ઉપયોગમાં નહિ આવે. બ્રાહ્મણ સિવાય કોઇ બીજા પુરુષમાં તે સ્થાયી નથી રહી શકતું.

પરશુરામનો એ શાપ કર્ણને માટે અતિશય અમંગલ થઇ પડ્યો.

પરશુરામે શાપ આપવામાં થોડીક ઉતાવળ કરી એવું લાગવાનો સંભવ છે. તો પણ જે થવાનું હતું તે થઇ ગયું. એનો કોઇ ઇલાજ નહોતો.

યુદ્ધમેદાનમાં કર્ણને લાગ્યું કે ભ્રમરનું રૂપ લઇને પોતાના સાથળમાં ડંખ મારીને ઇન્દ્રે જ વિઘ્ન નાખેલું.

તુમુલ તથા ભયંકર સંગ્રામ શરૂ થતાં અણીના વખતે એ બ્રહ્માસ્ત્રને પરશુરામના શાપના પરિણામરૂપે ભૂલી ગયો. એથી એની શક્તિ આપોઆપ ઓછી થઇ.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૬૦. ઋષિના શાપનું સ્મરણ

પરશુરામના શાપનું સ્મરણ થવા છતાં પણ કર્ણનો આત્મવિશ્વાસ અને યુદ્ધોત્સાહ એવો જ અનુપમ, અવર્ણનીય, અસાધારણ અને અખંડ હતો.

એનું મન જુદી જ ધાતુનું, જાણે કે અમાનવીય માટીમાંથી, બનેલું.

માટે તો એણે પોતાના સારથિ શલ્યને સંબોધીને જણાવ્યું કે, "ભરતવંશીઓમાં સર્વનો સંહાર કરનારો, મહાભયંકર અને ક્ષત્રિયોના વીરપુરુષોને તપાવી નાખનારો જે મહાબળવાન સંગ્રામ ઉત્પન્ન થયો છે તેમાં હું ખાતરીપૂર્વક માનું છું કે ઉગ્રધનુષ્યને ધારણ કરનારા, મહાબળવાન, ભયંકર, અસહ્ય પરાક્રમી અને સત્યપ્રતિજ્ઞાવાળા એ અર્જુનને હું મૃત્યુના મુખમાં મોકલી દઇશ. મારી પાસે એક અહિબાણ નામનું અસ્ત્ર છે તે અસ્ત્ર પરશુરામે આપેલા બ્રહ્માસ્ત્રથી ભિન્ન છે, અને તેમની પાસેથી જ મળેલું છે. એ અસ્ત્રના પ્રભાવથી હું મારા અસંખ્ય શત્રુઓનો રણમાં સંહાર કરી નાખીશ. પ્રતાપી, બળવાન, અસ્ત્રકુશળ, ઉગ્રધનુર્ધર, તેજસ્વી, ક્રુર, શૂરવીર, રૌદ્ર, તથા શત્રુઓને સહન કરનારા અર્જુનને રણમાં રોળી નાખીશ. મર્મને છેદી નાખનારાં તથા વીરપુરુષોનો સંહાર કરનારાં અનેક બાણોને ફેંકી રહેલા મહાધનુર્ધર અર્જુનને હું આગળ વધતો અટકાવીશ અને તેની સામે આજે યુદ્ધ કરીશ. જો કે અર્જુન અતિબળવાન છે, મોટાંમોટાં અસ્ત્રોને જાણનારો છે, સમુદ્રની પેઠે દુષ્પ્રાપ્ય અને ઉગ્ર છે, તથા બાણોનો ધોધ છોડીને રાજાઓને તેમાં ડૂબાડી દેનારો છે. તોપણ કિનારો જેમ સમુદ્રને સહન કરી શકે છે તેમ હું બાણોને છોડીને તેને સહન કરી શકીશ. હું પોતે પણ માનું છું કે અર્જુનના જેવો ઉત્તમ ધનુર્ધર જગતમાં બીજો એક પણ નથી. તેણે દેવો તથા અસુરોને પણ યુદ્ધમાં જીત્યા છે. એ જ અર્જુન સાથે મારું અતિઘોર યુદ્ધ થશે. અતિશય અભિમાની અર્જુન મોટાંમોટાં દૈવી અસ્ત્રોને ફેંકતા મારી સામે યુદ્ધ કરવાની ઇચ્છાથી ચઢી આવશે. પરન્તુ હું એનાં અસ્ત્રોનો અસ્ત્રો વડે જ નાશ કરી નાખીશ અને બીજાં ઉત્તમ બાણો મારીને તેને રણમાં રોળી નાખીશ. અર્જુન સાક્ષાત્ સૂર્યની પેઠે દેદીપ્યમાન છે, તેમજ સર્વ દિશાઓને તપાવી મૂકનારા સૂર્યસરખો ઉગ્ર છે. છતાં મેઘમંડળ જેમ સૂર્યને ઢાંકી દે છે તેમ હું પણ તેને મારા બાણો વડે ઢાંકી દઇશ. બાણોનો વરસાદ વરસાવીને એને યુદ્ધક્ષેત્રમાં શાંત કરી દઇશ. હિમાલય પર્વત જેમ પવન સામે ટક્કર ઝીલે છે તેમ હું પણ યુદ્ધમાં તેની સામે ટક્કર ઝીલીશ."

"મારા રથનું પૈડું બરાબર સંકટ સમયે પૃથ્વીમાં નહિ પેસી જાય તો મારા અલૌકિક અસ્ત્રની અસરમાંથી અર્જુન પણ અલિપ્ત નહિ રહી શકે. હું દંડધારી કાળથી, પાશધારી વરુણથી, ગદાધારી કુબેરથી, વજ્રધારી ઇન્દ્રથી, અથવા એમના સિવાયના બીજા કોઇ પણ શસ્ત્રાસ્ત્રધારી શત્રુથી ડરતો નથી."

કર્ણને એ વખતે એક બીજા શાપપ્રસંગનું સ્મરણ થઇ આવ્યું.

એકવાર એ પોતાના વિજયધનુષ્યને લઇને ધનુર્વિદ્યાના પ્રયોગો કરતો વનમાં વિહાર કરતો હતો.

એ સ્વૈરવિહાર દરમિયાન એના બાણથી, પ્રમાદ અને અજ્ઞાનને લીધે, કોઇક ઋષિની હોમધેનુના વાછરડાનો નાશ થયો.

એને લીધે ઋષિએ એને શાપ આપતાં જણાવ્યું કે તેં તારા બાણના પ્રયોગથી ભયંકર પ્રમાદના પરિણામે મારા પ્રિય નિર્દોષ વાછરડાનું મૃત્યુ નિપજાવ્યું છે તેથી સંગ્રામમાં લડતી વખતે ખરેખરા સંકટ સમયે તારા રથનું પૈડું રણભૂમિ પર ખાડામાં ખૂંપી જશે અને એ પ્રસંગ તારે માટે અતિશય અમંગલ ઠરશે.

બ્રહ્મર્ષિના એ શાપથી કર્ણને ભય લાગ્યો.

એમને પ્રસન્ન કરવા માટે એણે એક હજાર ગાયો તથા છસો બળદોને આપવાની તૈયારી બતાવી તોપણ એમની પ્રસન્નતા ના પામી શકાઇ ત્યારે ઇસ-સરખા દાંતવાળા સાતસો હાથીઓને અને સેંકડો દાસદાસીઓને આપવાની ઉત્સુકતા દર્શાવી, પરન્તુ એનો પ્રભાવ પણ ઋષિ પર ના પડયો.

કર્ણે પોતાના પ્રયાસને ચાલુ રાખીને શ્વેત રંગના વાછરડાઓ સાથે કાળા રંગની ચૌદ હજાર ગાયોને સ્વીકારવાની પ્રાર્થના કરી, પરન્તુ એની અસર પણ કશી ના થઇ ત્યારે સઘળી કામનાઓની પૂર્તિ કરનારા પદાર્થોથી ભરપૂર સુંદર સુસમૃદ્ધ ઘર તથા પોતાની પાસેના સમગ્ર ધનભંડારની ભેટ આપવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. પરન્તુ તે પ્રસ્તાવ પણ નિરર્થક ઠર્યો.

ઋષિએ દૃઢતાપૂર્વક જણાવ્યું કે મારું કથન કદાપિ મિથ્યા નહિ થાય. ઋષિઓના યોગક્ષેમનો નિર્વાહ કરનારાં સાધનોનો હવે તું કદી પણ નાશ ના કરતો. તેં કરેલા ગોહત્યાના પ્રાયશ્ચિતરૂપે તને જે શાપની પ્રાપ્તિ થઇ છે તે શાપને તારે ભોગવવો જ પડશે. તે સિવાય તને તેમાંથી મુક્તિ નહિ મળી શકે. મારા શાપને કોઇપણ પુરુષ મિથ્યા કે નિરર્થક નહિ કરી શકે.

કર્ણ નિરુત્તર રહ્યો.

શાપના સ્મરણથી એ સ્વભાવિક રીતે જ સંવેદનશીલ બની ગયો.

શાપ મિથ્યા થઇ શકશે ? એના મનમાં પ્રશ્ન પેદા થયો.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૬૧. સત્ય તથા ધર્મવિષયક વિચારો

મહાભારતના કર્ણપર્વના ૬૯મા અધ્યાયમાં શ્રીકૃષ્ણ દ્વારા સત્યાસત્ય કે ધર્માધર્મના નિર્ણયવિષયક વ્યક્ત કરાયેલા વિચારો રસમય હોવાથી ખાસ વિચારવા જેવા છે.

શ્રીકૃષ્ણે અર્જુનને ઉદબોધીને જણાવ્યું કે -

"સત્યવક્તા પુરુષ પરમ સત્પુરુષ તરીકે જ ગણાય છે. કારણ કે સત્ય કરતાં બીજું કાંઇ પણ ઉત્તમ નથી. પરન્તુ સત્યનું યથાર્થ સ્વરૂપ જાણવું કઠિન છે. કોઇ સ્થળે અસત્યને પણ સત્ય તરીકે માનવું પડે છે, અને સત્યને અસત્ય તરીકે ગણવું પડે છે. આથી જ વિવાહ સમયે, રતિ પ્રસંગે, કોઇનો પ્રાણ જતો હોય ત્યારે, સર્વ ધન લુંટાઇ જતું હોય ત્યારે, તેમજ બ્રાહ્મણને માટે અસત્ય ભાષણ કરવું પડે; એ પાંચ અસત્યને પાપરૂપ ગણવામાં આવતાં નથી. વળી જ્યારે આપણું સર્વસ્વ લૂંટાઇ જતું હોય ત્યારે અસત્ય બોલવું જોઇએ, કારણ કે તેવે પ્રસંગે અસત્યનું પરિણામ સત્યરૂપે આવે છે અને સત્યનું પરિણામ અસત્યરૂપે આવે છે. આ પ્રમાણે સત્યાસત્યનો નિર્ણય નહીં સમજનારો અજ્ઞાની પુરુષ સર્વસ્થળે કેવળ સત્યને જ વળગી રહે છે. પરન્તુ કોઇ વાર તેનું પરિણામ અસત્ય-અધર્મ ભરેલું જ પ્રાપ્ત થાય છે. માટે પરિણામ તરફ દૃષ્ટિ કરીને સત્ય હોય છતાં તે અસત્ય તરીકે સ્વીકારવું જોઇએ અને અસત્ય હોય છતાં સત્ય તરીકે માનવું જોઇએ. આ રીતે જ સત્ય તથા અસત્યનો નિશ્ચય કરીને પુરુષ ધર્મવેત્તા થઇ શકે છે."

એ પછી શ્રીકૃષ્ણે એક કથા કહી સંભળાવી.

પૂર્વે બલાક નામનો એક પારધિ હતો. તેને હિંસા કરવાની આંતરિક ઇચ્છા ન હતી તોપણ તે પુત્ર તથા સ્ત્રી આદિ કુટુંબની આજીવિકા માટે નિત્ય મૃગોને મારતો હતો અને તે દ્વારા પોતાનાં વૃદ્ધ માતાપિતાનું તથા બીજાં આશ્રિતોનું ભરણપોષણ કરતો હતો. તે પોતાના ધર્મમાં આસક્ત રહેતો, નિત્ય સત્યવચન બોલતો, અને કોઇની અદેખાઇ કરતો નહોતો.

એક દિવસે તે મૃગનો શિકાર કરવા માટે વનમાં ગયો પણ કોઇ સ્થળે તેના હાથમાં મૃગ આવ્યું નહીં. એવામાં એણે કોઇ અંધ શિકારી પશુને પાણી પીતું જોયું, એ પશુને તેણે કદી પણ જોયું ન હતું તો પણ તેણે બાણ મારીને તે પશુને મારી નાંખ્યું. આમ તે પશુ મરણ પામ્યું એટલે તરત જ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઇ, અને જોતજોતામાં તો અપ્સરાઓનાં ગીત-વાજિંત્રોથી ગાજી રહેલું એક સુંદર વિમાન તે પારધિને લઇ જવા માટે સ્વર્ગમાંથી ઊતરી આવ્યું.

તે પારધિએ જે પશુને મારી નાખ્યું તે સર્વ ભૂતોનો વિનાશ કરવા માટે જ જન્મ્યું હતું. તપશ્ચર્યા કરીને એણે વરદાન મેળવ્યું હતું અને બ્રહ્માએ પોતે એને અંધ કરેલું. પારધિએ સર્વ પ્રાણીઓના વિનાશ કરવાનો નિશ્ચયવાળા તે પશુને મારી નાખ્યું તેથી તે પારધિ સ્વર્ગલોકમાં ગયો. આમ ધર્મનું સ્વરૂપ અતિશય ગહન છે.

શ્રીકૃષ્ણે એક અન્ય કથા પણ કહી સંભળાવી.

તપસ્વીઓમાં ઉત્તમ અને વેદાદિ શાસ્ત્રોમાં પારંગત કૌશિક નામનો બ્રાહ્મણ એક ગામની નજીક, નદીઓના સંગમસ્થળે, આશ્રમ બાંધીને રહેતો હતો.

તે બ્રાહ્મણે સત્યનું વ્રત લીધું હતું. તેથી તે સત્યવાદી તરીકે પ્રસિદ્ધિ પામેલો.

એક દિવસ કેટલાક મુસાફરો ચોરના ભયથી એના આશ્રમમાં આવીને વૃક્ષોની ઘટામાં છુપાઇ ગયા. તેમને પગલે પગલે પેલા ચોર લોકો પણ ક્રોધે ભરાઇને આશ્રમમાં આવી પહોંચ્યા અને એમની તપાસ કરવા લાગ્યા.

તે ત્યાં રહેનારા સત્યવાદી કૌશિક પાસે પહોંચીને પૂછવા લાગ્યા કે અહીં ઘણા માણસો આવ્યા હતા તે ક્યાં ગયા ? આપ સત્યવાદી છો તેથી અમે તમને પૂછીએ છીએ. માટે આપ જાણતા હો તો કહો.

કૌશિકે તેમને સાચી માહિતી આપી દીધી; એટલે પેલા ક્રૂર લૂંટારાઓએ તે મુસાફરોને પકડીને મારી નાખ્યા.

કૌશિક બ્રાહ્મણે સત્ય વચનને વળગી રહીને દુષ્ટ વાણી કહીને મહાન અધર્મ કર્યો હતો, તેથી તે કષ્ટદાયક ઘોર નરકમાં ગયો, કારણ કે તે સૂક્ષ્મ ધર્મોના રહસ્યને સમજતો ન હતો.

જે પુરુષે શાસ્ત્રનો અલ્પ અભ્યાસ કર્યો હોય છે, અને તેથી જ જે ધર્મોના વિભાગને બરાબર સમજતો હોતો નથી, તેવો મૂઢ પુરુષ પોતાના ધાર્મિક સંશયના સંબંધમાં પોતાનાથી વૃદ્ધવયના પુરુષોને પૂછતો નથી, અને પરિણામે તે મહાન નરકમાં જ પડે છે.

કેટલાક લોકો વેદમાંથી જ ધર્મનો નિશ્ચય કરવો એમ કહેતા હોય છે. તારા વિચારો તે લોકોને અનુસરતા હોય તો પણ હું તારા એ વિચારોને દૂષિત ઠરાવતો નથી; પરન્તુ મારે તને કહેવું જોઇએ કે વેદમાં સર્વ જાતના સૂક્ષ્મ ધર્મોનું પ્રતિપાદન કરવામાં આવ્યું નથી.

ધર્મનું મૂળ તત્વ પ્રાણીઓનો ઉત્કર્ષ થાય તે માટે જ હોય છે.

જે કર્મ અહિંસાથી યુક્ત હોય તેનું નામ ધર્મ. ધર્મનું પ્રવચન એ હેતુથી જ કરવામાં આવ્યું છે કે હિંસા કરનારા પુરુષોને હાથે બીજાં પ્રાણીઓની હિંસા ના થાય. માટે જ વિદ્વાનો ધર્મ શબ્દની વ્યાખ્યા કરતાં કહે છે કે જે કોઇ કર્મ સર્વનું ધારણ કરે, પ્રજાઓનું રક્ષણ કરે, તેનું નામ ધર્મ.

પરન્તુ કેવળ વ્યાખ્યા પર જ આધાર રાખીને ધર્મના યથાર્થ સ્વરૂપને જાણી શકાતું નથી.

વેદાનુકૂળ હોય અને બીજાને સુખકારક હોય તેવું જે કર્મ તેનું નામ ધર્મ.

શાસ્ત્ર કહે છે કે પ્રાણનાશનો પ્રસંગ આવી પડયો હોય, વિવાહ તૂટી જવાની તૈયારી પર હોય, સર્વ જ્ઞાતિઓનો વિનાશ ઉપસ્થિત થયો હોય, અને ઉપહાસનો પ્રસંગ ચાલતો હોય, તે વેળા અસત્ય વચન પણ અસત્ય ગણાતું નથી. ધર્મના તત્વાર્થને જાણનારા વિદ્વાનો પણ તેવે પ્રસંગે બોલવામાં આવેલા અસત્યને અધર્મ તરીકે ગણતા નથી. કોઇ મનુષ્ય ચોરલોકોના હાથમાં સપડાઇ ગયો હોય તો જૂઠા જૂઠા સોગંદો ખાઇને પણ તેણે તેમના હાથમાંથી છૂટી જવું. તેવે પ્રસંગે વિચાર કર્યા વિના અસત્ય ભાષણ કરવું તે જ શ્રેયસ્કર હોય છે, અને તે અસત્ય ભાષણ સત્ય તરીકે જ ગણાય છે.

ધર્મને અર્થે અસત્ય ભાષણ કરીને પુરુષ અસત્યવક્તા થતો નથી.

મહાભારતમાં વ્યક્ત થયેલા ભગવાન કૃષ્ણના કે એમને નિમિત્ત બનાવીને રજૂ કરાયેલા મહાભારતકારના પોતાના એ વિચારો ખરેખર વિચારણીય છે. જે સત્ય વ્રત તરીકે પાળે છે તે તો તેને સર્વ સ્થળે સર્વ સંજોગોમાં વળગી જ રહેશે. એની અને એની દ્વારા અન્યની રક્ષા સત્ય જ કરશે. એનું

સત્યપાલનવ્રત દેશકાળનિરપેક્ષ અને બિનશરતી હશે. પરન્તુ જે એવા અખંડ સત્યપાલનવ્રતી નથી તે સત્યના કથન કે પાલનમાં સંજોગોને અનુલક્ષીને સ્વૈચ્છિક બાંધછોડ કરશે. માનવની બંને પ્રકારની ભૂમિકા, વિકાસની અવસ્થા અથવા વિચારસરણીનો નિર્દેશ શાસ્ત્રોમાં કરવામાં આવ્યો છે. પોતપોતાની અવસ્થાનુસાર માનવે સત્યપાલનમાં પ્રવૃત્ત રહેવું જોઇએ, એવા તારતમ્યને તારવી શકાય.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૬૨. અશ્વત્થામા દુર્યોધનને સમજાવે છે

દુર્યોધનના હાથે, દુર્બુદ્ધિને લીધે, યુદ્ધનો મહાભયંકર જ્વાળામુખી જાગી ઊઠ્યો.

એ જ્વાળામુખીએ અનેક યોદ્ધાઓનો ભોગ લીધો.

દુર્બુદ્ધિથી પ્રેરાઇને નાનીમોટી ભૂલ કરનારો માનવ તે ભૂલને સમયસર સુધારી લે તો તે તેનો ગુણ ગણાય.

દુર્યોધન પોતાની ભયંકર ભૂલને સુધારી શક્યો હોત. એની પાસે એને માટેના અસંખ્ય અવસરો આવેલા, પરન્તુ એમનો લાભ એનાથી ના લઇ શકાયો.

પરિણામે સંગ્રામનો સર્વસંહારક જ્વાળામુખી દિનપ્રતિદિન અનેકવિધ આતંક મચાવતો ગયો.

એના શમન માટે અથવા દુર્યોધનને સમજાવવા માટે દ્રોણાચાર્યના પરમપ્રતાપી પુત્ર અશ્વત્થામાએ પણ પ્રયત્ન કરી જોયો. પરંતુ એ પણ નિષ્ફળ નિવડયો.

કર્ણપર્વના ૮૮મા અધ્યાયમાં જણાવ્યા પ્રમાણે અશ્વત્થામાએ દુર્યોધનને કહ્યું કે દુર્યોધન ! તમે હવે પ્રસન્ન થઇને પાંડવોની સાથે જેમ બને તેમ સત્વર સંધિ કરી લો. વિરોધ કરવાનું બંધ કરો. ધિક્કાર હો આ વિગ્રહને ! બ્રહ્મા સરખા મહાતેજસ્વી અને મોટાંમોટાં અસ્ત્રોને જાણનારા ગુરુ દ્રોણાચાર્ય રણમાં માર્યા ગયા છે; તેમજ ભીષ્મપિતામહ જેવા મહારથીઓ હણાઇ ગયા છે. હું તથા મારા મામા કૃપાચાર્ય તો રણમાં અવધ્ય છીએ; માટે તમારો પોતાનો નિરર્થક નાશ ના થવા દેવા માટે પાંડવોની સાથે રહીને ચિરકાળ પર્યંત રાજ્ય કરો. અર્જુનને હું જ યુદ્ધ કરતાં વારીશ એટલે તે શાંત થઇ જશે. શ્રીકૃષ્ણને તો પ્રથમથી જ યુદ્ધ કરવાની ઇચ્છા નથી. રાજા યુધિષ્ઠિર પણ સર્વપ્રાણીઓનું હિત કરવામાં જ તત્પર રહેનારા છે. ભીમસેન, નકુલ ને સહદેવ યુધિષ્ઠિરને વશ રહેનારા છે. માટે તમારી ઇચ્છા હોય તો પાંડવો સાથે સંધિ કરો. તેમ કરવાથી સઘળી પ્રજા સુખ પામશે. બાકી રહેલા તમારા બાંધવો પોતપોતાનાં નગરોમાં જશે અને સર્વ સૈનિકો યુદ્ધમાંથી નિવૃત્ત થશે.

તમે મારા વચનને નહીં સાંભળો તો શત્રુઓના હાથે યુદ્ધમાં મરણ પામશો. પાછળથી પશ્ચાતાપ કરશો. આ યુદ્ધમાં અર્જુને એકલાએ જે પરાક્રમ કર્યું છે તેને તમે તથા સર્વ જગતે જોયું છે. તેવું પરાક્રમ ઇન્દ્ર, યમ, ભગવાન, બ્રહ્મા કે કુબેર પણ કરી શકે તેમ નથી. અર્જુન પોતાના ગુણને લીધે જગતમાં સર્વોત્તમ હોવાથી મારાં વચનોનું ઉલ્લંઘન કરશે નહીં, એટલું જ નહીં પણ તમારા વિચારોને અનુકૂળ આવે તેમ કરશે. માટે હવે તમે પ્રસન્ન બનીને પાંડવો સાથે સંધિ કરી લો.

મને પોતાને તમારે માટે માન છે, તથા તમારા પર સદાને માટે પરમ સ્નેહ છે. તેથી આ અણીના સમયે હું તમને સલાહ આપું છું. તમે જો મારી સલાહનો સ્વીકાર કરશો તો કર્ણને પણ હું યુદ્ધ કરતાં અટકાવીશ.

વિદ્વાનો કહે છે કે મિત્રો ચાર પ્રકારના હોય છેઃ એક તો સહજમિત્ર; બીજો સામથી વશ કરેલો મિત્ર; ત્રીજો ધનથી વશ કરેલો મિત્ર; અને ચોથો પ્રતાપથી વશ કરેલો મિત્ર. પાંડવો સ્વાભાવિક રીતે જ તમારા બાંધવો છે. તેમને સામ ઉપાયથી જીતી લો.

તમે જો પ્રસન્ન થાશો અને પાંડવો સાથે મિત્રતા કરશો તો જગતનું મહાન હિત કરેલું કહેવાશે.

અશ્વત્થામાએ એ પ્રમાણે હિતવચનો કહ્યા એટલે મનમાં ખિન્ન થયેલા દુર્યોધને તે વચનોનો વિચાર કરીને નિઃશ્વાસ નાખ્યો અને કહ્યું કે તમે કહો છો તેમ જ છે તો પણ હું તમને વિનતિપૂર્વક કહું છું તે પણ તમારે સાંભળવું જોઇએ. દુષ્ટ બુદ્ધિના ભીમસેને સિંહની પેઠે દુઃશાસનને મારી નાખ્યા પછી હવે દુર્યોધનને મારી નાખીને તેના મસ્તકને મારા પગ નીચે કચરીશ એવું વચન કહ્યું છે તે મારા હૃદયમાં પ્રવેશી ગયું છે. વળી મહાપ્રચંડ વાયુ જેમ મહાગિરિ મેરુ સામે ટક્કર ઝીલી શકે તેમ નથી. તો પછી શા માટે સંધિ કરવી જોઇએ ? કુંતીના પુત્રો મેં કરેલાં વેરકર્મોનો વિચાર કરીને કદી શાંત નહીં થાય. આજે અર્જુન ઘણો થાકી ગયો છે એટલે કર્ણ તેનો વધ કરી શકશે.

અશ્વત્થામાને એવું કહીને તેના મનનું સમાધાન કર્યું. દુર્યોધને સૈનિકોને યુદ્ધ કરવાની આજ્ઞા કરી.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૯૩. કર્ણનું મૃત્યુ

મહાભારતના મહાભયંકર યુદ્ધમેદાનમાં અર્જુન અને કર્ણનું ભીષણ-અતિભીષણ યુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે અર્જુનના શરપ્રહારથી કર્ણની દશા ખૂબ જ કફોડી બની ગઇ. એ અતિશય ઘવાઇ ગયો અને લથડિયું ખાઇને રણમેદાનમાં રથમાં મૂર્છિત બનીને ઢળી પડ્યો. એની મુઠ્ઠી ઢીલી પડી જવાથી એનું ધનુષ્ય એમાંથી સરકીને નીચે પડી ગયું.

કર્ણને એવી દયનીય દીન દશામાં દેખીને વીરપુરુષોના આદર્શને અનુસરનારા અર્જુને એની સાથેના સંગ્રામને સ્થગિત કરવાનો વિચાર કર્યો ત્યારે શ્રીકૃષ્ણે એને આપેલું માર્ગદર્શન ખાસ માનનીય છે. એ માર્ગદર્શન આ રહ્યું :

હે પાંડુપુત્ર ! તું પ્રમાદ કેમ કરે છે ? દોષોને જાણનારા વિદ્વાન પુરુષો પણ પોતાના શત્રુઓ અત્યંત દુર્બળ થઇ ગયા હોય તો તેમને ફરીવાર બળવાન થવા દેવાની એક ક્ષણવાર પણ રાહ જોતા નથી. તેમને દુર્બળ અવસ્થામાં જ મારી નાખે છે; કારણ કે વિશેષતયા સંકટના સમયમાં શત્રુઓને મારીને બુદ્ધિમાન પુરુષ ધર્મ તથા યશને મેળવી શકે છે. માટે જગતમાં સર્વશ્રેષ્ઠ વીર તરીકે પંકાયલા તારા સદાના શત્રુ કર્ણનો આ સમયે જ એકદમ નાશ કરી નાખવા માટે ઉતાવળ કર. આ કર્ણ સ્વસ્થ થશે કે તરત જ પૂર્વની પેઠે તારી સામે ધસી આવશે. માટે એને મારી નાખ.

અર્જુને શ્રીકૃષ્ણના માર્ગદર્શનને મંગલ માન્યું અને માન્ય રાખ્યું.

એણે ઉત્તમ પ્રકારના બાણો ચલાવીને કર્ણને વીંધવા માંડ્યો.

કર્ણે પણ ધૈર્યને ધારણ કરીને કોપાયમાન થયેલા સર્પોના જેવાં તીક્ષ્ણ બાણોને ફેંકવા માંડયા.

તેણે કાપેલા સર્પની પેઠે સુસવાટ કરનારાં છ બાણોથી શ્રીકૃષ્ણને વીંધી નાખ્યા.

અસ્ત્રોનો પ્રયોગ કરીને કર્ણ અર્જુનના અસ્ત્રોનું વારણ કર્યે જતો. અને અર્જુનને પણ મારતો રહેતો. એનાં અસ્ત્રોથી અર્જુનને પીડા પામેલો પેખીને શ્રીકૃષ્ણ બોલી ઊઠ્યા કે તું ઉપરાઉપરી અસ્ત્રોનો પ્રયોગ કરીને કર્ણના રથ પાસે પહોંચીને તેના પર શરવર્ષા કર.

એ વખતે કર્ણના રથના પૈડાંને પૃથ્વી વધારે ને વધારે ગળી જવા લાગી ત્યારે કર્ણ પોતાના રથ પરથી નીચે ઊતરી પડ્યો અને બંને હાથે રથના પૈડાંને પકડીને પૃથ્વીમાંથી બહાર ખેંચી કાઢવાનો પ્રયત્ન કરવા લાગ્યો તોપણ રથનું પૈડું બહાર ના નીકળ્યું.

એણે અર્જુનને જણાવ્યું કે તું એક મુહૂર્ત માટે યુદ્ધને બંધ રાખ. મારા રથનું પૈડું પૃથ્વીમાં ખૂંપી ગયું છે. હું તેને પૃથ્વીમાંથી બહાર કાઢું. આ જગતમાં તું એક મહાન પુરુષ તરીકે પ્રસિદ્ધ અને યુદ્ધકળામાં સર્વના કરતાં શ્રેષ્ઠ છે. સત્પુરુષોના વ્રતમાં સ્થિર રહેનારા શૂરવીર પુરુષો જેના કેશ વીખરાઇ ગયા હોય, જે યુદ્ધમાંથી પલાયન કરી જતો હોય, જે બ્રાહ્મણ જાતિનો હોય, જેણે પોતાની સામે હાથ જોડ્યા હોય, જે પોતાને શરણે આવ્યો હોય, જેણે શસ્ત્રોનો ત્યાગ કર્યો હોય, જે જીવિતની યાચના કરતો હોય, જે બાણ વિનાનો હોય, જેનું કવચ તુટી ગયું હોય, જેનાં આયુધો નીચે પડી ગયા હોય અથવા યુદ્ધમાં નાશ પામ્યા હોય તેવા શત્રુઓ પર પ્રહાર નથી કરતા. મને મારવો યોગ્ય નથી. કારણ કે તું રથમાં બેઠો છે અને હું પૃથ્વી પર આવી વિકળ

અવસ્થામાં ઊભો છું. હું શ્રીકૃષ્ણ કે તારાથી ડરતો નથી. પરંતુ તું મહાન કુળની વૃદ્ધિ કરનારો એક ક્ષત્રિય પુત્ર હોવાથી તને કહું છું કે એક ક્ષણભર માટે થોભી જા.

કર્ણે સત્પુરુષોના ધર્મની વાત કરી એટલે શ્રીકૃષ્ણે એને ઉદ્દેશીને જણાવ્યું કે તારા અહોભાગ્યની વાત છે કે તું આ સમયે ધર્મને સંભારે છે. પણ સામાન્ય નિયમ એવો હોય છે કે નીચ પુરુષો જ્યારે સંકટમાં ડૂબી જાય છે ત્યારે મોટેભાગે દૈવની જ નિંદા કરે છે અને પોતાના નીચ કૃત્યોની નિંદા કરતા નથી. માત્ર એક જ વસ્ત્રવાળી દ્રૌપદીને તેં, દુર્યોધને, દુઃશાસને તથા સુબલપુત્ર શકુનિએ સભામાં પકડી મંગાવેલી તે વખતે તને ધર્મ દેખાયો ન હતો ? પાસાઓને ખોલી નહીં જાણનારા યુધિષ્ઠિરને જ્યારે ભરસભામાં દ્યુત રમાડયા અને દ્યુત વિષયના સંપૂર્ણ જ્ઞાનને લીધે શકુનિએ જ્યારે તેમને જીતી લીધા ત્યારે ધર્મ ક્યાં ગયો હતો ? હે કર્ણ ! બાર વરસનો વનવાસ વીતી ગયો હતો તોપણ તેરમે વરસે પાંડવોને તેં રાજ્ય આપ્યું ન હતું તે વખતે તારો ધર્મ ક્યાં ગયો હતો ? વળી તારા મત પ્રમાણે ચાલીને રાજા દુર્યોધને ભીમસેનને સર્પો કરડાવ્યા તથા ઝેરવાળાં ભોજન જમાડ્યાં; તે વખતે તારો ધર્મ ક્યાં ગયો હતો ? વારણાવતમાં કપટથી બનાવેલા લાક્ષાગૃહમાં પાંડવો નિદ્રાધીન હતા છતાં તેં લાક્ષાગૃહને સળગાવી મૂક્યું હતું ત્યારે તારો ધર્મ ક્યાં ગયો હતો ? દ્રૌપદી રજસ્વલા હતી અને દુઃશાસનના હાથમાં સપડાઇ ને ઊભી હતી તેને જોઇને તું સભા વચ્ચે ખડખડાટ હસ્યો હતો; તે વેળા તારો ધર્મ ક્યાં ગયેલો ? દુષ્ટ પુરુષો નિરપરાધીની દ્રૌપદીને દુઃખ દઇ રહ્યા હતા છતાં તું ઊભો ઊભો જોઇ રહ્યો હતો તે સમયે તારો ધર્મ ક્યાં ગયેલો ? વળી હે રાધાપુત્ર ! ગજગામિની કૃષ્ણાને 'હે કૃષ્ણા ! પાંડવોનો હવે વિનાશ થઇ ગયો છે. તેઓ સદાને માટે નરકમાં જ પડ્યા છે; માટે તું કોઇ બીજા પતિને પસંદ કરી લે' એવું કહીને તું તેની સામે નિરખી રહ્યો હતો, તે વખતે તારો ધર્મ ક્યાં ગયો હતો ? વળી ઓ કર્ણ ! રાજ્યલોભને લીધે શકુનિનો આશ્રય કરીને જ્યારે તેં પાંડવોને જુગાર રમવા બોલાવ્યા હતા, ત્યારે તારો ધર્મ ક્યાં ગયો હતો ! યુદ્ધમાં જ્યારે અનેક મહારથીઓએ બાળક અભિમન્યુને ચોતરફથી ઘેરી લઇને મારી નાખ્યો ત્યારે ધર્મ ક્યાં ગયો હતો ? જો એ વખતે ધર્મ ન હતો તો અત્યારે ધર્મની મોટીમોટી વાતો કરવાથી શું વળવાનું છે ? આજે તું જીવતો છૂટી નહીં શકે.

પાંડવો પોતાના બાહુબળથી શત્રુઓનો સંહાર કરીને પોતાના રાજ્યને પાછું મેળવશે. હંમેશા ધર્મની છાયામાં શ્વાસ લેનારા એ પુરુષસિંહો ધૃતરાષ્ટ્રના સઘળા પુત્રોનો સંહાર કરશે.

શ્રીકૃષ્ણના શબ્દોને સાંભળીને કર્ણે લજ્જાને લીધે મસ્તક નમાવી દીધું.

એણે ધનુષ્યને ઉઠાવીને અર્જુન સાથે લડવા માંડયું.

શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે કર્ણ પાછો રથ પર બેસે તે પહેલાં બાણ મારીને તેના મસ્તકને કાપી નાખ.

અર્જુને ઉત્તમ અંજલિક બાણને મારીને કર્ણનું મસ્તક કાપી નાખ્યું.

કર્ણના શરીરમાંથી પરમ પ્રખર તેજ બહાર નીકળ્યું અને આકાશપ્રદેશમાં પ્રસરીને છેવટે સૂર્યમંડળમાં પ્રવેશ પામ્યું.

કર્ણને મરણ પામેલો જોઇને પાંડવપક્ષના યોદ્ધાઓ ઉચ્ચસ્વરે શંખો વગાડવા લાગ્યા. હર્ષમાં આવી ગયેલા શ્રીકૃષ્ણ અને અર્જુન પણ શંખનાદ કરવા લાગ્યા.

કર્ણ મરાયો એટલે ભયભીત થયેલા અને યુદ્ધમાં ભયંકર રીતે વીંધાઇ ગયેલા કૌરવો અર્જુનના જાજ્વલ્યમાન સ્વરૂપવાળા મહાન ધ્વજને જોતાં જોતાં રણમાંથી પલાયન કરી ગયા.

દુર્યોધનની પીડાનો પાર રહ્યો નહીં.

કર્ણે જીવનના અંત સમયને સમીપ સમજીને ધર્મને યાદ કરીને ધર્મની વાત કરી પરંતુ એ ધર્મનું આચરણ એણે શ્રીકૃષ્ણના કથનાનુસાર પ્રથમથી જ કર્યું હોત તો ? એ ધર્માચરણ એની મહામૂલ્યવાન મૂડી બનીને એની પળેપળ રક્ષા કરત. એને માટે અભેદ કવચ બનત. ધર્મની વાતો કરનારા અને પોતાની પીડા, પ્રતિકૂળતા તથા દુર્દશાને માટે ધર્મને દોષ દેનારા કેટલાકવાર ભૂલી જાય છે કે પોતે ધર્મમય જીવન ભાગ્યે જ જીવે છે. જીવ્યા હોય છે, અને અધિકતર અધર્મને માટે જ આગળ વધ્યા કે વધતા હોય છે. ધર્મ સદા સંરક્ષક તથા તારણહાર બને છે એ સત્યમાં શંકા નથી કરવાની. એમાં વિશ્વાસ સાથે આગળ વધવાનું છે. એથી સરવાળે લાભ જ પહોંચશે, હાનિ નહીં થાય. મહાભારતનું યુદ્ધ સત્પુરુષોના શ્રેષ્ઠ સિદ્ધાંતોને સાચવીને લડાયું હતું અને શ્રીકૃષ્ણે, અર્જુને અને પાંડવોએ સર્વત્ર ધર્મ જ આચરેલો કે કેમ એ સંબંધી શંકા થવાનો સંભવ છે. એ શંકા સાચી હોય શકે છે તોપણ એ યુદ્ધ પાંડવોના પોતાના જીવનધર્મની રક્ષા માટે લડાયેલું અને અનીતિ અથવા અધર્મના અંત માટે એની સામે આરંભાયેલું, એટલું તો નિઃસશંય કહી શકાય તેમ છે. યુદ્ધની નીતિ કે પદ્ધતિ વિવાદાસ્પદ હોઇ શકે; ધર્મે અધર્મનો પ્રતિકાર કરવો જોઇએ એ સિદ્ધાંત વિવાદાસ્પદ નથી લાગતો.

કર્ણનો મૃત્યુસમય સમીપ આવ્યો ત્યારે મહાભારતમાં વર્ણવ્યા પ્રમાણે તે પરશુરામે આપેલા બ્રહ્માસ્ત્રને ભૂલી ગયો, તેનો રથ ડોલવા લાગ્યો અને તેનું પૈડું પૃથ્વીમાં પ્રવેશ્યું તેથી તે વિહ્વળ બનીને કહેવા લાગ્યો કે ધર્મવેત્તા મહર્ષિઓ જણાવે છે કે જે પુરુષ સર્વત્ર ધર્મને જ મહત્વનો માને છે તે પુરુષનું ધર્મ રક્ષણ કરે છે. ધર્મજ્ઞ મહાપુરુષોના એવા અનુભવસિદ્ધ અભિપ્રાયને અનુસરીને અમે શાસ્ત્રાનુસાર સદા ધર્માચરણ કરવાનો પ્રયત્ન કર્યો છે તો પણ ધર્મ જ અમારો નાશ કરી રહ્યો છે. માટે હું માનું છું કે ધર્મ તેના ભક્તોનું પરિપાલન નથી કરતો.

કર્ણના એ ઉદગારો કેટલા બધા આધાર વિનાના હતા તે સહેલાઇથી સમજી શકાય છે.

માનવ કોઇવાર સ્વાર્થ, લોભ, લાલસા, અહંકારને લીધે ધર્મને સમજવામાં ભૂલ કરી બેસે અને ધર્મને અધર્મમાં અથવા અધર્મને ધર્મમાં ખપાવે, પરંતુ ધર્મની દૃષ્ટિ સદા સત્યવતી હોય છે. પોતાના સ્થાન અને સ્વરૂપને ઓળખવામાં કે સમજવામાં તે સહેજ પણ ભૂલ નથી કરતો. એ એના કર્તવ્યનું પાલન કોઇ એને પુરસ્કરે કે ના પુરસ્કરે તોપણ સ્વાભાવિક રીતે, નિરપેક્ષપણે કરતો જ રહે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૬૪. કૃપાચાર્યની સલાહ

કર્ણના મૃત્યુ પછી વયોવૃદ્ધ કૃપાચાર્યે દુર્યોધનને સલાહ આપતાં જણાવ્યું કે -

આ યુદ્ધક્ષેત્રમાં ચોતરફથી જે અતિઘોર સંગ્રામ શરૂ થયો છે તેને આજે સત્તર દિવસ વીતી ગયા છે. વાયુએ વીખેરી નાખેલાં શરદઋતુનાં મેઘમંડળોની પેઠે તમારાં સૈન્યો ચારે તરફ વીખરાઇ ગયાં છે.

આપણામાં તેવો ક્યો પુરુષ છે જે અર્જુનનો પરાજય કરી શકે ? અર્જુનની પાસે અનેક જાતનાં અલૌકિક અસ્ત્રો છે. એના ગાંડિવ ધનુષ્યનો ટંકાર માત્ર અમારા ધૈર્યનો નાશ કરી નાખે છે.

હે પૃથ્વીનાથ ! સભાની વચ્ચે ભીમસેને જે વચન કહ્યું હતું તે વચનને તેણે સફળ કર્યું છે અને હજી પણ સફળ કરશે.

પાંડવો સત્પુરુષ છે અને નિર્દોષ છે, છતાં પણ તમે તેમને વિના કારણે અનેક કુકૃત્યો દ્વારા અસંખ્ય સંકટો આપ્યાં છે. તેનું જ તમને ફળ મળ્યું છે. તમે કેવળ તમારે માટે સૌનો સંહાર કરાવ્યો છે. અને આખરે તમારો પોતાનો જીવ પણ સંશયમાં આવી પડ્યો છે. હવે તમે તમારા આત્માનું રક્ષણ કરો; કારણ કે આત્મા જ સર્વ અનુકૂળ સંયોગનું પાત્ર કહેવાય છે. એ પાત્ર જો ભાંગી પડે છે તો તેમાં રહેલો પદાર્થ પણ દિશાઓમાં વેરાઇ જાય છે. બૃહસ્પતિનો નીતિશાસ્ત્રનો નિશ્ચય છે કે ઓછા બળવાળા અથવા સમાન બળવાળા રાજાએ પોતાના શત્રુની સાથે સંધિ કરવી અને અધિક બળવાન રાજાએ શત્રુની સાથે યુદ્ધ કરવું. આપણે બળમાં અને શક્તિમાં પાંડવોથી ઊતરતા છીએ. માટે પાંડવોની સાથે આ સમયે સંધિ કરવી તે જ યોગ્ય છે. જે રાજા કલ્યાણકારી કાર્યને કરી જાણતો નથી તેમજ પોતાનું કલ્યાણ કરી જાણનારા વૃદ્ધોની અવગણના કરે છે તે રાજા સત્વર રાજ્યથી ભ્રષ્ટ થાય છે. તેનું કલ્યાણ નથી થતું. પ્રવર્તમાન પરિસ્થિતિમાં યુધિષ્ઠિરને નમી પડીને આપણે રાજ્ય મેળવીએ તેમાં જ આપણું શ્રેય રહેલું છે. મૂર્ખાઇથી યુદ્ધ કરીને પરાજય પામવામાં શ્રેય રહેલું નથી. ધૃતરાષ્ટ્ર તથા શ્રીકૃષ્ણની આજ્ઞાથી કૃપાશીલ રાજા યુધિષ્ઠિર તમને રાજગાદી પર બેસાડશે. શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને, અર્જુનને તથા ભીમસેનને જે કાંઇ કહે છે તેને બધા અનુસરે છે. હું માનું છું કે શ્રીકૃષ્ણ ધૃતરાષ્ટ્રના વચનનું ઉલ્લંઘન નહીં કરે તેમ યુધિષ્ઠિર પણ શ્રીકૃષ્ણના વચનનું ઉલ્લંઘન નહીં કરે.

પાંડવો સાથે યુદ્ધ કરવામાં લાભ નથી.

કૃપાચાર્યે એવી સલાહ આપી પરંતુ દુર્યોધને તેને ના માની. એણે યુદ્ધને પૂરું કરવાનો જ નિર્ણય કર્યો. ડૂબતા માણસને પાણીમાથી બહાર કાઢવાનો કોઇ પ્રયાસ કરે, પરંતુ તેની મદદ મેળવવાનો ઇન્કાર કરવામાં આવે તો તે શું કરે ?

☼ ☼ ☼ ☼ ☼

## ૧૬૫. દુર્યોધન ધરતી પર ઢળી પડ્યો

પોતાની સુવિશાળ સેનાનો સંપૂર્ણપણે સંહાર થયેલો જોઇને દુર્યોધન હાથમાં ગદા લઇને પાણીના એક વિશાળ ઊંડા ધરા તરફ પગપાળો ચાલી નીકળ્યો.

દુર્યોધને પોતાની માયાનો આશ્રય લઇને અતિવિશાળ જળાશયમાં પ્રવેશ કર્યો છે એવા સમાચાર સંજયને સાંપડયા. સંજય અને દુર્યોધન ત્યાં મળ્યા પણ ખરા.

સંજય દ્વારા એ માહિતી કૃપાચાર્યને, કૃતવર્માને અને અશ્વત્થામાને મળવાથી એ ત્રણે દુર્યોધનને મળ્યા.

દુર્યોધનનો અને એમનો વાર્તાલાપ કેટલાક પારધિઓએ સાંભળ્યો. એ પારધિઓ ભીમસેનને માંસ પહોંચાડવાનું કામ કરતા. એમને ભીમસેને દુર્યોધનની માહિતી મેળવવાનું કાર્ય પણ સોંપેલું.

એમણે ધનપ્રાપ્તિની લાલસાથી દુર્યોધનના જળાશયમાં સંતાયાના સમાચાર ભીમસેનને પહોંચાડી દીધા. ભીમસેન દ્વારા એ સમાચાર શ્રીકૃષ્ણને અને પાંડવોને પણ પહોંચી ગયા.

પાંડવો દુર્યોધનની સાથે યુદ્ધ કરવા માટે તૈયાર થઇને દ્વૈપાયન હ્રદ નામના એ વિશાળ જળાશય પાસે પહોંચી ગયા.

યુધિષ્ઠિરે દુર્યોધનને વિવિધ વચનપ્રહારથી વિહ્વળ બનાવીને યુદ્ધ કરવા માટે જળાશયમાંથી બહાર આવવા બાધ્ય બનાવ્યો.

દુર્યોધનની માગણીને માન્ય રાખીને એને દ્વંદ્વયુદ્ધની તૈયારી રૂપે સોનાનું કવચ અને સોનાનો મુગટ આપવામાં આવ્યો.

દુર્યોધન જ્યારે સર્વ યુદ્ધસામગ્રીથી સજ્જ થયો ત્યારે તેણે હાથમાં ગદા લઇને પાંડવોને કહ્યું કે તમારામાંથી ગમે તે એક મારી સાથે ગદાયુદ્ધ કરો. હું સહદેવ, ભીમસેન, નકુલ, અર્જુન અથવા યુધિષ્ઠિર સાથે યુદ્ધ કરવા તૈયાર છું. મને ખાતરી છે કે હું તેમને જીતીશ. આજે હું સુવર્ણના પાટાઓથી બાંધેલી મારી ગદાથી મારા વેરનો અંત આણીશ. ગદાયુદ્ધમાં મારા સરખો બીજો એક પણ પુરુષ નથી. તમને બધાને હું ગદાથી મારી નાખીશ. તમે બધા અથવા બીજો કોઇ પણ મારી સામે ન્યાયપૂર્વકનું ગદાયુદ્ધ કરવાને સમર્થ નથી. જેને મારી સાથે યુદ્ધ કરવાની ઇચ્છા હોય તે હાથમાં ગદાને લઇ લો.

શ્રીકૃષ્ણની અનુમતિથી ભીમસેને દુર્યોધન સાથે ગદાયુદ્ધ કરવાની તૈયારી બતાવી.

દુર્યોધને તેર વરસ સુધી લોઢાના પુરુષ સાથે ગદાયુદ્ધનો અભ્યાસ કરેલો. તોપણ તે જાણ્યા પછી પણ, ભીમસેન તેની સાથે લડવા માટે તૈયાર થયો.

એ અતિદારુણ ગદાયુદ્ધના આરંભની તૈયારી થઇ રહેલી; પાંડવો પ્રેક્ષક તરીકે આજુબાજુ બેસી ગયેલા; ત્યારે પોતાના બન્ને શિષ્યોનું ગદાયુદ્ધ આરંભવાનું છે એવું દેવર્ષિ નારદ પાસેથી સાંભળીને હળના આયુધવાળા બલરામ તે સ્થળે આવી પહોંચ્યા.

તેમને જોતાંની સાથે જ પાંડવો તથા શ્રીકૃષ્ણ અત્યંત પ્રસન્ન થયા અને તેમની પાસે પહોંચીને તેમનું આતિથ્ય કરીને તેમની વિધિપૂર્વક પૂજા કરવા લાગ્યા.

દુર્યોધન અને ભીમસેન હાથમાં ગદાઓ લઇને યુદ્ધભૂમિ પર શોભી રહ્યા હતા.

બળવાન ભીમસેને તથા દુર્યોધને પોતપોતાની ગદાઓને ઊંચી કરીને બળદેવને માન આપ્યું.

બળદેવે મોટા મોટા ક્ષત્રિયોનું પ્રતિપૂજન કર્યું તેમ જ પ્રત્યેક સાથે તેની ઉંમર પ્રમાણે વાતચીત કરી. તે શ્રીકૃષ્ણ તથા સાત્યકિને પ્રેમથી ભેટી પડ્યા.

બળરામની સૂચનાનુસાર કુરુક્ષેત્રના સમંતપંચક ક્ષેત્રમાં દુર્યોધન અને ભીમનું ગદાયુદ્ધ આરંભાયું. એ વખતે બાહ્ય પ્રકૃતિ પર પડેલી પ્રતિક્રિયાને કાવ્યોપમ તથા રોચક રીતે વર્ણવતાં મહાભારતકાર જણાવે છે કે -

પરમ વીર્યવાન દુર્યોધને મોટા આખલાની પેઠે હર્ષનાદ કરીને મેઘની ગર્જના જેવા સિંહનાદ સાથે ભીમસેનને યુદ્ધ માટે આહ્‌વાન કર્યું ત્યારે જુદી જુદી જાતના ભયંકર અપશુકનો થવા લાગ્યા.

ગગનમાં થતા ગડગડાટો સાથે તોફાની વાયુઓ વાવા લાગ્યા, ધૂળની વૃષ્ટિ થવા લાગી, અને દિશાઓ અંધકારથી છવાઇ ગઇ. અતિપ્રચંડ શબ્દો કરનારા, રૂવાં ઊભાં કરી નાખે તેવા, તુમુલ સુસવાટા કરનારા પવનો છૂટી નીકળ્યા, અને આકાશ જાણે ફાડી નાખતી હોય તેવા કડકડાટ કરતી સેંકડો ઉલ્કાઓ પૃથ્વી પર પડવા લાગી.

પર્વ વિના રાહુ સૂર્યમંડળનો ગ્રાસ કરવા લાગ્યો, અને વનો તથા વૃક્ષોની સાથે ડોલવા લાગેલી પૃથ્વી કંપવા લાગી.

ઝીણી રેતીને ખેંચી લાવનારા પ્રદીપ્ત પવનો ફૂંકાવા લાગ્યા, અને પર્વતોનાં શિખરો પૃથ્વી પર તૂટી પડવા લાગ્યાં.

અનેક આકારનાં મૃગો દશે દિશામાં નાસી જવા લાગ્યાં અને પ્રદીપ્ત મુખોવાળી ઘોર દેખાવની મહાદારુણ શિયાળો સુદીર્ઘ સ્વરથી રડવા લાગી. રોમાંચજનક મહાઘોર કડકડાટો થવા લાગ્યા અને સળગી ઊઠેલી દિશામાં અશુભસૂચક મૃગો દેખાવા લાગ્યાં.

જળાશયોનાં જળ આપોઆપ વૃદ્ધિ પામીને ચારે બાજુ ઊછળવા લાગ્યા, અને કોઇ શરીરધારીએ નહીં કરેલા મહાપ્રચંડ શબ્દો સર્વ તરફ સંભળાવા લાગ્યા.

પાંડવોના હાથીઓ ગર્જનાઓ કરવા, ઘોડાઓ વારંવાર હણહણાટ કરવા અને શસ્ત્રો ચળકવા માંડયા.

દુર્યોધન અને ભીમના ગદાયુદ્ધને જોઇને શ્રીકૃષ્ણે અર્જુનને જણાવ્યું કે ભીમસેન ધર્મ તરફ દૃષ્ટિ રાખીને જ જો યુદ્ધ કરશે તો દુર્યોધનને જીતી શકશે નહીં. તે અધર્મથી યુદ્ધ કરશે તો જ દુર્યોધનને મારી શકશે. દ્યૂત રમાયા પછી ભીમસેને સભા વચ્ચે પ્રતિજ્ઞા કરી છે કે દુર્યોધનના બન્ને સાથળોને હું ગદા વડે યુદ્ધમાં ભાંગી નાખીશ. એ પ્રતિજ્ઞાને પણ એણે પાળવાની છે.

શ્રીકૃષ્ણના શબ્દોને સાંભળીને અર્જુને ભીમસેન જોઇ શકે તેમ પોતાના ડાબા સાથળ પર હાથ પછાડયો. અર્જુને કરેલી એ સંજ્ઞાને ભીમસેન સમજી ગયો.

ચારે તરફ ફરી રહેલા દુર્યોધનના સાથળો પર ભીમસેને તેને છેતરવા માટે ઊંચે ઊછળીને ગદાનો પ્રહાર કર્યો એટલે તે વજ્રતુલ્ય ગદાએ દુર્યોધનના સુદૃઢ સાથળોને ભાંગી નાંખ્યાં. પુરુષોમાં વ્યાઘ્ર સરખો વીર દુર્યોધન એ જ પળે પૃથ્વી પર ઢળી પડયો.

દુર્યોધન જ્યારે પૃથ્વી પર પડ્યો ત્યારે કડાકા ને ભડાકા સાથે વાયુ વાવા લાગ્યા, ધૂળની વૃષ્ટિ વરસવા લાગી, અને વૃક્ષો તથા પર્વતો સહિત પૃથ્વી કંપી ઊઠી. ઘોર વીજળીઓ પડવા લાગી, અને મેઘ લોહીનો વરસાદ વરસાવવા લાગ્યા. અંતરિક્ષમાં યક્ષો, રાક્ષસો તથા પિશાચોની ગર્જનાઓ સંભળાવા લાગી.

અનેક હાથપગવાળાં ઘોર દેખાવનાં ભયંકર ધડો નૃત્ય કરવા લાગ્યાં. દિશાઓ તેમનાથી વ્યાપ્ત થઇ ગઇ. ધરાઓ તથા કૂવાઓમાંથી પાણીને બદલે લોહી નીકળવા માંડયું. નદીઓ વેગપૂર્વક ઊલટા પ્રવાહે વહેવા લાગી. સ્ત્રીઓ પુરુષરૂપ થઇ ગઇ અને પુરુષો સ્ત્રીરૂપ થઇ ગયા.

મહાભારતના મહાયુદ્ધની સર્વ સંહારક અગ્નિજ્વાળાને સળગાવવા માટે નિમિત્ત બનનારા દુર્યોધન પર જીવનનો એવી રીતે કામચલાઉ પડદો પડી ગયો. વ્યક્તિ વિદાય થઇ, વ્યક્તિઓ જતી રહી, અને સુખદ કે દુઃખદ સ્મૃતિઓ રહી. 'કરે તેવું પામે અને વાવે તેવું લણે'ના સુવિખ્યાત સિદ્ધાંત પ્રમાણે જે અન્યનો નાશ કરવા માગતો હતો તેનો પોતાનો જ નાશ થયો. અને અશાંતિ આપનારને પોતાને જ અશાંતિ મળી. શાસ્ત્રો કહે છે, સૂચવે છે, કે કર અને જો. સારું કરીને સારું મેળવ અને ખરાબ કરીને ખરાબ. જેવી જેની બુદ્ધિ તેવી તેની પ્રવૃત્તિ, તેવી તેની સૃષ્ટિ.

સંગ્રામો પોતાની પાછળ શું છોડી જાય છે ? અસંતોષ, કટુતા, વેર, સર્વનાશ. એ કરનાર કે કરાવનાર કોઇનેય માટે કલ્યાણકારક નથી થતા. શ્રેયસ્કર બને છે વેરને બદલે પ્રેમ, કુસંપને બદલે સંપ, અન્યાયને બદલે ન્યાય, શોષણને બદલે પોષણ. મહાભારતના યુદ્ધે એ બતાવી આપ્યું. આજની પ્રજાએ એમાંથી પદાર્થપાઠ લેવાનો છે. જે લેશે તે સુખી થશે. સુખી કરશે. શાંતિ મેળવશે. શાંતિ દેશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૬૬. પ્રતિક્રિયા

દુર્યોધનના મૃત્યુની પ્રતિક્રિયા ભીમસેન તથા યુધિષ્ઠિર પર કેવી જુદી જુદી પડી તે જાણવા જેવું છે. એ પ્રતિક્રિયા વિરોધાભાસી હતી. એનું કારણ એ ઉભયના વિભિન્ન વિચાર, ભાવ અને અભિગમમાં રહેલું.

ભીમસેને પૃથ્વી પર પડેલા દુર્યોધનની ગદાને ઉઠાવી લીધી અને દુર્યોધનના મસ્તકને ડાબા પગની લાત મારીને તિરસ્કાર તથા વિદ્વેષનાં વચનો કહ્યાં.

ભીમસેને હર્ષોન્માદથી ઉન્મત્ત બનીને દુર્યોધનના મસ્તક પર પગ મૂકીને નાચવા માંડયું ત્યારે સોમક રાજાઓએ એના એ કૃત્યને અભિનંદવાને બદલે વખોડી કાઢયું. યુધિષ્ઠિરે પણ એની એ પાશવી પ્રવૃત્તિને નાપસંદ કરીને એને જણાવ્યું કે :

તું તારા વેરના ઋણમાંથી હવે મુક્ત થયો છે. તથા શુભ તથા અશુભ કર્મ કરીને તેં તારી પ્રતિજ્ઞાને પૂર્ણ કરી છે. માટે હવે શાંતિ રાખ. દુર્યોધનના મસ્તકને લાતો ના માર. ધર્મવિરુદ્ધનું વર્તન ના કર. દુર્યોધન પણ એક રાજા છે. આપણો સંબંધી છે. તેં તેને માર્યો છે તો હવે આવું વર્તન કરવું ન્યાયયુક્ત નથી. અગિયાર અક્ષૌહિણી સેનાનો પતિ, કુરુઓનો નાથ દુર્યોધન આપણો કુટુંબી છે. માટે તું એને પગથી સ્પર્શ ના કર. તેના બંધુઓ અને અમાત્યો માર્યા ગયા છે. તે સ્વયં સૈન્યથી ભ્રષ્ટ થયો છે, અને યુદ્ધમાં હણાયો છે. તેથી સર્વ પ્રકારે શોચનીય છે, ઉપહાસપાત્ર નથી. એને પિંડ આપનારો કોઇ બાકી રહ્યો નથી. એ તારો ભાઇ હોવાથી તારું આ કૃત્ય ન્યાયોચિત નથી. મનુષ્યો તને ધાર્મિક કહે છે, તો તું આ મૃત રાજાના મસ્તક પર પગ કેમ મૂકે છે ?

ભીમસેનને એમ કહીને આંસુથી ભરેલા કંઠવાળા યુધિષ્ઠિરે દુર્યોધનની પાસે પહોંચીને જણાવ્યું કે, પૂર્વે કરેલાં મહાઘોર કર્મોનો સર્વે પ્રાણીઓએ અવશ્ય ઉપભોગ કરવો પડે છે. તું તારા પોતાના અપરાધથી, લોભથી, મદથી અને અજ્ઞાનથી આવા મહાન સંકટને પામ્યો. પોતાના મિત્રોનો, ભાઇઓનો, પુત્રોનો, પૌત્રોનો તથા બીજા સંબંધીઓનો સંહાર કરાવીને આખરે તું પણ મરણ પામ્યો. દૈવની ગતિ દુસ્તર છે.

યુધિષ્ઠિર એ રીતે સુદીર્ઘ સમય સુધી વિલાપ કરતા રહ્યા.

એ પ્રસંગ સૂચવે છે કે યુધિષ્ઠિરનું મન સર્વાવસ્થામાં સદસદબુદ્ધિથી સંપન્ન રહેતું. એ સારાસારનો વિવેક કરીને તે પ્રમાણે વર્તી શકતા. માનવે એવી રીતે વિવેકી બનવાનું અને જીવનના જટિલ સંગ્રામમાં સ્થિર થતાં તથા રહેતાં શીખવાનું છે.

દુર્યોધનના દુઃખદ અંતની પ્રતિક્રિયા બળદેવ પર કેવી પડી તે પણ જાણવા જેવું છે.

ભીમસેને દુર્યોધનના મસ્તક પર લાત મારી તે જોઇને યોદ્ધાઓમાં શ્રેષ્ઠ બળવાન બળદેવ અત્યંત કોપી ઊઠ્યા. તેમણે ભીમસેનને ધિક્કારીને જણાવ્યું કે, આ ધર્મયુદ્ધમાં ભીમસેને દુર્યોધનની નાભિના નીચેના ભાગમાં જે પ્રહાર કર્યો છે તે ધિક્કારપાત્ર છે. ભીમસેને આ ગદાયુદ્ધમાં જેવું અયોગ્ય

કૃત્ય કર્યું છે તેવું બીજા કોઇ પણ ગદાયુદ્ધમાં અમે જોયું નથી. યુદ્ધશાસ્ત્રનો એવો નિયમ છે કે ગદાયુદ્ધમાં નાભિની નીચેના ભાગમાં પ્રહાર ના કરવો, છતાં પણ શાસ્ત્રના નિયમને નેવે મૂકીને મૂર્ખ ભીમસેન પોતાની ઇચ્છા પ્રમાણે વર્ત્યો છે.

તેમણે ક્રોધથી લાલચોળ થઇ ગયેલાં નેત્રે દુર્યોધન સામે જોઇને જણાવ્યું કે કૃષ્ણ ! મારી સમાનતા ધરાવનારો દુર્યોધન એકલો જ રણમાં પડ્યો છે એમ ના સમજવું, કારણ કે આશ્રિતની દુર્બળતાને લીધે આશ્રયનો પણ તિરસ્કાર કરવામાં આવે છે.

એવું કહીને બળવાન બળદેવ હળને ઉગામીને ભીમસેન સામે દોડવા લાગ્યા.

શ્રીકૃષ્ણે પોતાના બંને બાહુઓ વડે મહાપ્રયત્નથી તેમને પકડી રાખ્યા.

તેમણે બળદેવને શાંત પાડવા પોતાની રીતે સમજાવવા પ્રયત્ન કર્યો, છતાં પણ એ માન્યા નહીં.

તેમણે કહ્યું કે ધર્માત્મા રાજા દુર્યોધનનો અધર્મથી વધ કરીને ભીમસેન અધર્મયુદ્ધ કરનારા તરીકે જગતમાં પ્રસિદ્ધ પામશે. ધૃતરાષ્ટ્રનો પુત્ર રાજા દુર્યોધન ધર્માત્મા હતો અને તેણે ધર્મયુદ્ધ કર્યું છે; માટે મરણ પામ્યા પછી તેને સનાતન ગતિ પ્રાપ્ત થશે.

એમ કહીને કૈલાસ સમાન શ્વેત વર્ણના પરમપ્રતાપી બળદેવ રથમાં બેસીને દ્વારિકા તરફ ચાલી નીકળ્યા. તેમના દ્વારિકાગમન પછી પાંચાલો, શ્રીકૃષ્ણ અને પાંડવો અત્યંત ઉદાસ થઇ ગયા.

o

એક વિશેષ વાતનો ઉલ્લેખ પણ કરવા જેવો છે.

ભીમસેને દુર્યોધનના મસ્તક પર વિજયોન્માદમાં આવીને લાત મારી એ અનુચિત વ્યવહારનો શ્રીકૃષ્ણે વિરોધ કરેલો અને વિદ્વેષવૃત્તિને ત્યાગીને એને સત્પુરુષને છાજે તેવી રીતે વર્તવા માટે જણાવેલું.

એ ઘટનાને શ્રીકૃષ્ણના ઉદાત્ત વિશદ વ્યક્તિત્વની પરિચાયક જેવી કહી શકાય.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૬૭. અર્જુનનો રથ બળી ગયો

દુર્યોધનના દેહાંત પછી પાંડવો શ્રીકૃષ્ણ સાથે દુર્યોધન સિવાયની એની છાવણીમાં પ્રવેશ્યા ત્યારે એ આખીય છાવણી ઉત્સવ વિનાના શહેર સરખી શૂન્ય દેખાઇ.

પાણીનો ધરો હોવા છતાં એમાં નાગ નહોતો. એવી એ નિર્ભય લાગી.

એ છાવણીમાં સ્ત્રીઓ, કંચુકિઓ અને વયોવૃદ્ધ અનુભવી અમાત્યો દેખાયા.

કાષાય રંગના મલિન વસ્ત્રોને ધારણ કરનારા દુર્યોધનના સેવકો એમની સેવામાં પ્રણામપૂર્વક ઉપસ્થિત થયા.

છાવણી પાસે પહોંચીને પાંડવો પોતાના રમણીય રથોમાંથી ઊતરી પડયા ત્યારે શ્રીકૃષ્ણે અર્જુનને રથમાંથી ઊતરી જઇને ગાંડીવને અને બંને અક્ષય ભાથાને સત્વરે છોડી દેવાનો આદેશ આપ્યો.

અર્જુને એમના આદેશનું સત્વરે અનુસરણ કર્યું એટલે એ પોતે પણ રથમાંથી નીચે ઊતર્યા.

એ વખતે અર્જુનના રથના ધ્વજમાં રહેલો અલૌકિક  વાનરવીર અદૃશ્ય થઇ ગયો.

દ્રોણાચાર્યનાં અને કર્ણના અલૌકિક અસ્ત્રોથી અપ્રગટ રીતે બળી ગયેલો અર્જુનનો એ મનહર મહારથ અગ્નિના સંબંધ સિવાય જ ક્ષણવાર સૌને આશ્ચર્યચકિત કરતાં સળગવા લાગ્યો.

જોતજોતામાં તો એ આખોય રથ ભાથા, લગામ, ઘોડા, ધૂંસરી સાથે ભસ્મીભૂત થઇને પૃથ્વી પર પડ્યો.

અર્જુને એના કારણે જાણવાની ઇચ્છા દર્શાવવાથી શ્રીકૃષ્ણે એનું રહસ્યોદઘાટન કરતાં જણાવ્યું કે આ રથ અનેક પ્રકારનાં અલૌકિક અસ્ત્રોથી પ્રથમથી જ બળી ગયેલો, પરંતુ હું એના પર બેઠેલો તેથી ભસ્મીભૂત નહોતો થયો. હું એના પરથી નીચે ઊતર્યો એટલે એ બ્રહ્માસ્ત્રના તેજથી બળીને ભસ્મ થઇ ગયો. તારું કાર્ય આજે પરિપૂર્ણ થયેલું હોવાથી મેં તે રથને છોડી દીધો છે.

શ્રીકૃષ્ણે સ્મિત કરીને ત્યાં ઊભેલા યુધિષ્ઠિરને જણાવ્યું કે હું અર્જુન સાથે ઉપલબ્ધ નગરમાં આવેલો ત્યારે તમે મને કહેલું કે અર્જુન તમારો ભાઇ તથા મિત્ર હોવાથી તમારે એની સઘળી આપત્તિઓમાંથી રક્ષા કરવી. તમારી એ માગણીને મેં માન્ય રાખેલી. એને લીધે મેં અર્જુનની એના બંધુઓ સાથે રક્ષા કરી છે, અને શૂરવીરોનો સંહાર કરનારા આ અતિઘોર સર્વસંહારક સંગ્રામમાંથી તે સહેલાઇથી સુરક્ષિત રીતે મુક્ત થયો છે.

શ્રીકૃષ્ણના એ ઉદગારો કેટલા બધા સૂચક હતા ? અર્જુને સંપૂર્ણ શ્રદ્ધાભક્તિ-શરણાગતિથી કૃષ્ણનું શરણ લઇને કૃષ્ણને પોતાના રથના સારથિ બનાવ્યા તો કૃષ્ણે એની છેવટ સુધી રક્ષા કરી, સંભાળ રાખી. જીવ સાચા દિલથી શિવનું શરણ લે તો તેની સંભાળ પણ શિવ રાખે જ. એ એને સર્વપ્રકારે સુખી તથા વિજયી બનાવે.

મહાભારતનું ઉપર્યુક્ત અન્ય વર્ણન સૂચવે છે કે યુદ્ધમાં યુદ્ધની શિબિરોમાં યોદ્ધાઓની સ્ત્રીઓ પણ રહેતી.

કાષાય રંગના વસ્ત્રોનો એ વખતે શોકસૂચક વસ્ત્રો તરીકે પણ ઉપયોગ કરવામાં આવતો એ હકીકતની અથવા સામાજિક મરણોત્તર પ્રથાની પુષ્ટિ પણ ઉપર્યુક્ત વર્ણન પરથી થઇ રહે છે.

બંધુજન, આપ્તજન કે મિત્રની સદા માટે અને સંપૂર્ણપણે સંભાળ રાખવાના તથા સુરક્ષા કરવાના પરમ આદર્શને શ્રીકૃષ્ણ કેટલો બધો મહત્વનો માનતા એનો અંગુલિનિર્દેશ પણ એમાંથી પ્રાપ્ત થાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૬૮. ગાંધારીને સાંત્વન

દુર્યોધનના સ્વર્ગવાસ પછી શ્રીકૃષ્ણે હસ્તિનાપુરમાં ગાંધારી પાસે જવાનું શા માટે પસંદ કર્યું તે પણ જાણવા જેવું છે.

ભીમસેને મહાબળવાન દુર્યોધનને ગદાયુદ્ધના નિયમનો ભંગ કરીને મારી નાખ્યો તે જોઇને યુધિષ્ઠિર ખૂબ ભયભીત થયા. તેથી તેમણે વિચાર કર્યો કે મહાભાગ્યશાળી ગાંધારી મહાતપસ્વિની છે અને પોતાના તપના પ્રભાવથી ત્રણે લોકને પણ બાળી નાખવા સમર્થ છે. ક્રોધથી બળી રહેલી ગાંધારીને જો પ્રથમથી જ શાંત પાડવામાં આવે તો ઠીક થાય. અમે તેના પુત્રનો અન્યાયથી વધ કર્યો છે એ વાતને સાંભળીને એ જો ક્રોધાયમાન થઇ જશે તો પોતાના માનસિક અગ્નિથી અમને બાળીને ભસ્મ કરી નાખશે.

એવો વિચાર કરીને ગાંધારીને શાંત પાડવા માટે યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણને હસ્તિનાપુર મોકલ્યા.

શ્રીકૃષ્ણ રથમાં બેસીને હસ્તિનાપુર તરફ ચાલી નીકળ્યા.

ધૃતરાષ્ટ્રને પ્રથમથી જ ખબર આપીને શ્રીકૃષ્ણ રાજમહેલ પાસે રથ પરથી નીચે ઊતર્યા, અને લેશ પણ ગભરાયા વિના ધૃતરાષ્ટ્રના મહેલમાં પ્રવેશ્યા. ત્યાં તેમની પહેલાં જ મહર્ષિ વેદવ્યાસ આવી પહોંચેલા. શ્રીકૃષ્ણે તેમનાં પ્રથમ દર્શન કરીને તેમનો તથા ધૃતરાષ્ટ્રનો ચરણસ્પર્શ કર્યો, અને વ્યગ્ર થયા વિના ગાંધારીને પણ વંદન કર્યા.

એમણે દુર્યોધનનો શોક પ્રદર્શાવીને ધૃતરાષ્ટ્રને તથા ગાંધારીને આશ્વાસન આપ્યું, અને કહ્યું કે તમારા કથનને માન્યું હોત તો દુર્યોધન દુઃખી થાત નહીં. હવે તો જે થયું તે ખરું. તમારા તપનું બળ એટલું બધું છે કે તમે માત્ર ક્રોધથી પ્રદીપ્ત થયેલાં નેત્રોથી સચરાચર પૃથ્વીને ક્ષણવારમાં બાળી નાખવા સમર્થ છો. તો પણ પાંડવોના નાશનો વિચાર ના કરશો.

શ્રીકૃષ્ણના શબ્દોને સાંભળીને ગાંધારીને સાંત્વન સાપડ્યું. એનો ક્રોધ શાંત થયો.

ભગવાન શ્રીકૃષ્ણના સંમોહનમય વ્યક્તિત્વનો પરિચય એ પ્રસંગ પરથી પ્રાપ્ત થાય છે. એમણે જો શાંતિપૂર્વક શબ્દોથી ગાંધારીને ના સમજાવી હોત તો એ પાંડવોનો ક્રોધાતુર થઇને સર્વનાશ કરી નાખત. પરન્તુ શ્રીકૃષ્ણે પાંડવોને ઉગારી લીધા, એ એમની પાંડવો પ્રત્યેની અસાધારણ અનુકંપા હતી.

☼ ☼ ☼ ☼ ☼

# સૌપ્તિક પર્વ

અને

# સ્ત્રી પર્વ

## ૧૬૯. અશ્વત્થામાનો ભયંકર નિર્ણય

મહાભારતની કથા આગળ ચાલે છે.

દુર્યોધનની આજ્ઞાનુસાર કૃપાચાર્યે અશ્વત્થામાનો સેનાપતિપદે અભિષેક કર્યો તે પછી કૃપાચાર્ય, કૃતવર્મા અને અશ્વત્થામા પાંડવોની છાવણીથી થોડે દૂર પૂર્વદિશામાં જઇને એક વનમાં પ્રવેશ્યા.

વનમાં પ્રવેશ કરીને તેમણે ચારે તરફ દૃષ્ટિ કરી તો હજારો શાખાઓવાળું એક વડનું વૃક્ષ દેખાયું.

તે મહારથીઓ એ વડના વિશાળ વૃક્ષ પાસે પહેંચીને પોતપોતાના રથો પરથી નીચે ઊતરી પડ્યા અને ઘોડાઓને છૂટા કરી દઇને વિધિપૂર્વક સ્નાન કરીને સંધ્યોપાસના કરવા લાગ્યા. એટલામાં તો સૂર્ય અસ્તાચળની પાછળ જઇ પહોંચ્યો.

રાત્રિનો આરંભ થઇ ચૂક્યો એટલે દુઃખ અને શોકથી આકુળ થયેલા કૃતવર્મા, કૃપાચાર્ય અને અશ્વત્થામા એકમેકની પાસે બેસીને કૌરવો અને પાંડવોના ઘોર સંહારનો શોક કરવા લાગ્યા.

કૃપાચાર્ય તથા કૃતવર્મા નિદ્રાવશ થઇ ગયા.

ક્રોધ અને અમર્ષને વશ થયેલા અશ્વત્થામાને નિદ્રા ના આવવાથી તે ભયંકર દેખાવવાળા વનને જોવા લાગ્યો. વનપ્રદેશને જોતાં જોતાં તેણે પેલા વડના વિશાળ વૃક્ષને કાગડાઓથી ભરેલું જોયું. તે વૃક્ષ ઉપર હજારો કાગડાઓ જુદી જુદી શાખાપ્રશાખાઓનો આશ્રય કરીને સુખપૂર્વક નિદ્રાવશ થયેલા.

થોડીવાર પછી ત્યાં એક ઘુવડ આવ્યું અને વડની શાખાઓ તરફ જોવા લાગ્યું.

તે ઘુવડે પ્રત્યેક શાખા પર બેસીને ત્યાં સૂતેલા કાગડાઓને મારવા માંડયા. તેણે કેટલાકની પાંખો ને પીંખી નાખી, કેટલાકના મસ્તકો કાપી નાખ્યાં, કેટલાકના પગોને ભાંગી નાખ્યા. જે જે કાગડાઓ તેની દૃષ્ટિએ પડ્યા તે બધાને એ બળવાન ઘુવડે એક ક્ષણવારમાં મારી નાખ્યા. તેથી એ આખોયે વડ કાગડાઓનાં શરીરોથી તથા શરીરોના અવયવોથી છવાઇ ગયો. એવી રીતે પોતાના શત્રુ-કાગડાઓનો સંહાર કરીને તે ઘુવડે પોતાના પૂર્વવેરનો બદલો લીધો.

એ ઘટનાને નિહાળીને અશ્વત્થામાએ પણ તેવી રીતે પોતાના શત્રુઓનું વેર વાળવા માટે મનમાં સંકલ્પ કર્યો. એણે વિચાર્યું કે આ પક્ષીએ મને આ પ્રમાણે જ મારા શત્રુઓ સામે યુદ્ધ કરવાનો ઉપદેશ આપ્યો છે. શત્રુઓનો સંહાર કરવા માટે મને અત્યારનો જ સમય સુયોગ્ય જણાય છે. પાંડવો વિજય મેળવીને પ્રકાશી રહ્યા છે, બળવાન છે, ઉત્સાહી છે, મોટા યોદ્ધાઓ છે, તેથી બીજા કોઇ ઉપાયથી હું તેમનો નાશ નહીં કરી શકું. રાજા દુર્યોધન આગળ મેં તેમનો વધ કરવાની પ્રતિજ્ઞા કરી છે. જો હું તેમની સામે ન્યાયપૂર્વક યુદ્ધ કરીશ તો મારે પ્રાણનો ત્યાગ કરવો પડશે. માટે આવું કપટ કરવાથી મારું કાર્ય સિદ્ધ થશે, અને શત્રુઓનો સર્વનાશ થઇ જશે. વળી જે માર્ગ સંશયાત્મક હોય તેના કરતાં જે માર્ગ સંશયરહિત હોય તેનો જ આશ્રય લેવો જોઇએ. પાંડવોએ પણ ડગલે ને પગલે ધૃણાપાત્ર, નિંદનીય, કપટભરેલાં કાર્યો જ કરેલાં છે.

એવી રીતે વિચારીને અશ્વત્થામાએ રાતે નિદ્રાવશ થયેલા પાંડવોનો તથા પાંચાલોનો વિનાશ કરવા માટે મનમાં નિશ્ચય કર્યો. એવી ક્રૂરબુદ્ધિનો આશ્રય કરીને તેણે તે સંબંધમાં વારંવાર મનન કર્યું. પછી પોતાના મામા કૃપાચાર્યને તથા કૃતવર્માને જગાડ્યા.

કૃપાચાર્ય અને કૃતવર્મા બન્ને અશ્વત્થામાના સંકલ્પને જાણીને શરમાઇ ગયા. કાંઇપણ ઉત્તર આપી શક્યા નહીં. તેમની અવસ્થાને અવલોકીને અશ્વત્થામા એક મુહૂર્તભર વિચારમાં પડી ગયો અને બોલ્યો કે મહાબળવાન સર્વશ્રેષ્ઠ રાજા દુર્યોધનને શત્રુઓએ કપટ કરીને મારી નાખ્યો. પાંડવોએ કૌરવોનો મહાસંહાર કરી નાખ્યો છે. માત્ર આપણે ત્રણ જ એ ઘોર સંહારમાંથી બચી ગયા છીએ. હવે પ્રવર્તમાન પરિસ્થિતિમાં મારો સંકલ્પ સમુચિત છે.

કૃપાચાર્ય અને કૃતવર્માએ અશ્વત્થમાને એમની રીતે વારંવાર સમજાવી જોયો તો પણ એ માન્યો નહીં. એના સંકલ્પને એ વળગી જ રહ્યો.

ઘુવડ અને કાગડાઓની એ ઘટના પ્રમાણમાં ઘણી નાની, સાધારણ અને પ્રાકૃતિક હોવાં છતાં અશ્વત્થામાએ એમાંથી કેવી પાશવી પ્રેરણાની પ્રાપ્તિ કરી તે સ્પષ્ટ છે. અશ્વત્થામા અધિક સમજદાર, તટસ્થ અને રાગદ્વેષરહિત હોત તો ઘુવડના કર્મને કુકર્મ માનીને એ કઠોર કુકર્મનું અનુકરણ કરવાનો નિર્ણય ના કરત, પરંતુ એવા કુકર્મથી, એના વિચારથી પણ દૂર રહેત, ઘટના એક જ જાતની હોય પરન્તુ માનવ પોતાની રીતે એમાંથી પૃથક્ પૃથક્ પ્રકારની પ્રેરણા પામી શકે છે. એથી જ કોઇ વાર એ પ્રેરણા કલ્યાણકારક નીવડે છે તો કોઇક વાર અકલ્યાણકારક.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૭૦. અશ્વત્થામાનું ભયંકર કર્મ

રાતના શાંત સમયે અશ્વત્થામાનું અંતર અશાંત બની ગયું. અતિશય અશાંત.

એણે રથને ઘોડા જોડીને પાંડવોની છાવણીમાં જવાની તૈયારી કરી ત્યારે કૃપાચાર્યે અને કૃતવર્માએ એને સંગ્રામમાં પોતાના સંપૂર્ણ સક્રિય સહયોગની ખાતરી આપીને શાંત પાડવાનો પ્રયાસ કર્યો, પરંતુ એ સહેજ પણ શાંત ના થયો. એણે પોતાના પ્રતિશોધભાવને પ્રગટ કરતાં જણાવ્યું કે અસંખ્ય યોદ્ધાઓને સુતીક્ષ્ણ બાણોથી મારી નાખીને મારા પિતાએ શસ્ત્રોનો ત્યાગ કર્યો હતો ત્યારે ધૃષ્ટદ્યુમ્ને તેમને મારી નાખ્યા હતા. ધર્મને તિલાંજલિ આપનારા તે પંચાલ રાજાના પાપી પુત્રને હું તેવું પાપકર્મ કરીને જ આજે મારી નાખીશ. પાપી ધૃષ્ટદ્યુમ્નને હું શસ્ત્રોનો પ્રહાર કર્યા વિના કેવળ પશુની પેઠે જ છૂંદી નાખીશ. તમે પણ સત્વર કવચ પહેરી લો, તલવાર ધનુષ્યને હાથમાં લઇ લો, અને પાંડવોની છાવણીના દ્વાર પાસે ઊભા રહીને મારી રાહ જુઓ.

અશ્વત્થામા એવું કહીને રથમાં બેસી ગયો. કૃપાચાર્ય અને કૃતવર્માએ પણ એનું અનુકરણ કર્યું. તે ત્રણે જ્યારે પૂર્વદિશા તરફ ચાલી નીકળ્યા ત્યારે યજ્ઞવેદિકામાં હુતદ્રવ્યનો હોમ કરવાથી પ્રદીપ્ત થયેલા પાવક પેઠે પ્રકાશવા લાગ્યા. તે ત્રણે પાંડવોની છાવણી તરફ જવા લાગ્યા. એ છાવણીમાં સૌ નિદ્રાધીન હતા. થોડા વખતમાં તો તે ત્રણે પાંડવોની છાવણીના દ્વાર આગળ આવીને ઊભા રહ્યા.

ત્યાં મહાપ્રચંડ શરીરવાળું, સૂર્ય તથા ચંદ્ર સમાન તેજસ્વી, રોમાંચિત કરે તેવું કોઇ અદભુત પુરુષાકાર પ્રાણી છાવણીના દ્વાર આગળ ઊભેલું દેખાયું. તેણે રુધિરની ધારાઓથી ભીંજાયેલા વ્યાઘ્રચર્મને પહેર્યું હતું; કાળા મૃગનું ચર્મ ઓઢ્યું હતું અને સર્પના યજ્ઞોપવીતને ધારણ કરેલું. તેનું શરીર શસ્ત્રોથી સજ્જ અને તેનું મુખ મોટી મોટી જ્વાળાઓથી વ્યાપ્ત હતું. એની મુખમાંથી, નાસિકામાંથી, બે કાનમાંથી તથા હજારો નેત્રોમાંથી મોટી મોટી જ્વાળાઓ પ્રકટ થઇ રહી હતી. વળી તેનાં તેજસ્વી કિરણોમાંથી શંખ, ચક્ર તથા ગદાને ધારણ કરનારા સેંકડો શ્રીકૃષ્ણો પ્રકટ થઇ રહ્યા હતા. લોકોને ભય ઉપજાવે એવા એ અદભુત પ્રાણીને જોઇને પણ અશ્વત્થામા ડર્યો નહીં. તે તેના પર અલૌકિક અસ્ત્રોની વૃષ્ટિ કરવા માંડયો. તે પ્રાણી અશ્વત્થામાએ મૂકેલાં અસ્ત્રોને ગળી જવા લાગ્યું. પોતાના અસ્ત્રોને વ્યર્થ થયેલાં જોઇને અશ્વત્થામાએ પ્રદીપ્ત અગ્નિની શિખાસરખી એક રથશક્તિ મારી, પણ એ પ્રદીપ્ત રથશક્તિ તે પ્રાણીના શરીર સાથે અથડાઇને પૃથ્વી પર વિખરાઇ ગઇ. અશ્વત્થામાએ સુવર્ણની મૂઠવાળી તથા આકાશ સમાન વર્ણવાળી તેજસ્વી તલવાર મારી, પરન્તુ અશ્વત્થામાની તે તલવાર તે પ્રાણી પાસે આવીને ક્યાંક અદૃશ્ય થઇ ગઇ. ક્રોધાતુર અશ્વત્થામાએ તેને ગદા મારી. તે ગદાને પણ તે પ્રાણી ગળી ગયું. હવે અશ્વત્થામાની પાસે એક પણ આયુધ ના રહ્યું. તેણે સર્વત્ર જોવા માંડ્યું. તો આકાશને કેવળ જનાર્દનથી જ ઊભરાઇ રહેલું જોયું. અતિશય અદભુત એ દ્રશ્યને જોયા પછી આયુધહીન થયેલા અશ્વત્થામાને તરત જ કૃપાચાર્યનાં વાક્યો યાદ આવ્યાં.

એણે વિચાર્યું કે હું અધર્માચરણ કરવા તૈયાર થયો એટલે મારા પર આ ભય આવી પડ્યો છે. દ્રોણાચાર્યનો પુત્ર કદી પણ યુદ્ધમાંથી પાછો નહી ફરે. છતાં પણ મારે જો આજે પાછા ફરવું પડશે તો તે દૈવને લીધે જ. મારી સન્મુખ ઊભેલું અને ઉદય પામેલા દૈવદંડ સરખું ભયંકર આ મહાઅદભુત પ્રાણી કોણ છે ? હું

તેને નથી જાણી શકતો. મારી બુદ્ધિ મલિન થઇ તેનું જ પરિણામ છે. તે મારો વિનાશ કરવા માટે સમર્થ છે. મારા ઇષ્ટદેવ ભગવાન શંકરનું શરણ લીધા વિના આ સંકટમાંથી હું મુક્તિ મેળવી શકું તેમ નથી.

અશ્વત્થામાએ રથમાંથી ઊતરીને શંકર ભગવાનને પ્રણામ કરીને તેમની સ્તુતિ કરી.

અશ્વત્થામાની સ્તુતિ સાંભળીને ભગવાન શંકરે પોતાના યોગબળથી એના અભિપ્રાયને જાણી લઇને માયાનો વિસ્તાર કર્યો. જોતજોતામાં તો અશ્વત્થામાની આગળ એક સુવર્ણની વેદિકા પ્રકટ થઇ. તે વેદિકામાં ભડભડાટ અગ્નિ બળી રહ્યો હતો, અને પોતાની જ્વાળાઓથી સર્વ દિશાઓને તથા આકાશને ભરી દેતો હતો.

અશ્વત્થામા અગ્નિવાળી વેદિકા પર આરૂઢ થઇને પોતાના શરીરની દરકાર કર્યા વિના આત્મસમર્પણ કરવા માટે અગ્નિમાં બેસી ગયો. ત્યારે ભગવાન શંકર સાક્ષાત્ પ્રકટ થયા. ભગવાન શંકરે એને એક ઉત્તમ તલવાર આપી અને તેનાં શરીરમાં પ્રવેશ કર્યો. ભગવાન શંકરનો શરીરમાં પ્રવેશ થતાં જ અશ્વત્થામા તેજસ્વી બની ગયો.

અશ્વત્થામાએ પાંડવોની વિશાળ છાવણીમાં કોઇ અજ્ઞાત દ્વારથી પ્રવેશ કર્યો અને નિર્ભય થઇને શત્રુઓ પર હુમલો કરવાની તૈયારી કરી. અશ્વત્થામા પ્રથમથી જ પાંડવોની છાવણીના ગુપ્તપ્રદેશોને જાણતો હોવાથી તેણે ધૃષ્ટદ્યુમ્નના તંબૂ તરફ જવા માંડ્યું.

અશ્વત્થામાએ લાત મારીને ધૃષ્ટદ્યુમ્નને ઉઠાડ્યો.

તેજસ્વી અશ્વત્થામા ધૃષ્ટદ્યુમ્નને પશુમારથી જ યમલોકમાં મોકલી દઇને તંબુમાંથી બહાર નીકળ્યો અને પોતાના સુંદર રથમાં બેસી ગયો.

મહારથી અશ્વત્થામા તંબૂમાંથી બહાર નીકળી ગયો એટલે ધૃષ્ટદ્યુમ્નની સ્ત્રીએ તથા રક્ષકોએ પોતાના રાજાને મરણ પામેલો જોઇને કોલાહલ મચાવી મૂક્યો અને શોક કરવા માંડ્યો.

અશ્વત્થામાએ આગળ વધીને ઉત્તમૌજને, યુધામન્યુને અને અન્ય અનેક મહારથીઓને અને નિદ્રાધીન સામાન્ય સૌનિકોને પણ મારી  નાખ્યા.

અશ્વત્થામાનું સ્વરૂપ ત્યારે રાક્ષસ જેવું થઇ ગયેલું.

એણે પોતાની તલવારથી દ્રૌપદીના સામનો કરનારા શૂરવીર પુત્રોનો અને શિખંડીનો પણ નાશ કર્યો.

રાત્રીનો અડધો સમય સમાપ્ત થયો ત્યાં સુધીમાં તો એણે પાંડવોના અસંખ્ય સૈનિકોને યમસદનમાં મોકલી દીધા.

અશ્વત્થામા પ્રથમ નિદ્રાધીન મનુષ્યોવાળી છાવણીમાં જેમ ચૂપચાપ પ્રવેશેલો એ જ રીતે સર્વનો સંહાર કર્યા પછી પણ ચૂપચાપ ત્યાંથી બહાર નીકળ્યો. છાવણીમાંથી બહાર નીકળીને કૃપાચાર્યને તથા કૃતવર્માને મળ્યો. તેણે તેમને હર્ષ પમાડતાં પોતે કરેલા કર્મનું વર્ણન કર્યું.

તે બન્નેએ પણ તેને જણાવ્યું કે અમે હજારો પાંચાલોને તથા સૃંજયોને કાપી નાખ્યા છે.

પાંડવો, શ્રીકૃષ્ણ અને સાત્યકિ તે રાતે છાવણીમાં ન હતા તેથી જ અશ્વત્થામાએ એ કર્મને સિદ્ધ કરેલું.

પાંચાલોનો તથા દ્રૌપદીના સર્વ પુત્રોનો એ રીતે વધ કરીને ત્રણે મહારથીઓ દુર્યોધન જે સ્થળે ઘાયલ થઇને પડ્યો હતો તે સ્થળે આવી પહોંચ્યા.

દુર્યોધનનો પ્રાણ હજી ટકી રહેલો.

સાથળો ભાંગી ગયેલાં હોવાથી બેભાન સ્થિતિમાં પડેલા રાજા દુર્યોધનને અશ્વત્થામાએ કહ્યું કે પાંચ પાંડવો, કૃષ્ણ અને સાત્યકિ જ પાંડવપક્ષમાં બચવા પામ્યા છે, અને કૌરવપક્ષમાં કૃપાચાર્ય, કૃતવર્મા અને હું એમ ત્રણ પુરુષો બચવા પામ્યા છીએ. દ્રૌપદીના સર્વપુત્રો હણાયા છે, ધૃષ્ટદ્યુમ્નના બધા પુત્રો માર્યા ગયા છે, પાંચાલો મરી પરવાર્યા છે, અને યુદ્ધમાંથી બચેલા મત્સ્યયોદ્ધાઓ પણ મૃત્યુને પામી ચૂક્યા છે. પાંડવોએ અનીતિ કરી હતી તેનું મેં વેર લીધું છે.

અશ્વત્થામાના શબ્દો સાંભળીને દુર્યોધને જણાવ્યું કે તમે જે કાર્ય કર્યું છે તે ભીષ્મે, કર્ણે અથવા તમારા પિતાએ પણ નહોતું કર્યું. તમારું કલ્યાણ થાવ. હવે આપણો સમાગમ સ્વર્ગલોકમાં જ થશે.

એવું કહીને દુર્યોધને પ્રાણત્યાગ કર્યો.

અશ્વત્થામા, કૃપાચાર્ય તથા કૃતવર્મા પોતપોતાના રથોમાં બેસીને ત્વરાથી નગર તરફ નાસી ગયા.

વેરભાવને જીવન દરમિયાન સેવનાર જો તેને મૃત્યુ પહેલાં પરિત્યાગે તો તેને તે કલ્યાણકારક કહેવાય. દુર્યોધન એવું કલ્યાણકાર્ય ના કરી શક્યો. અશ્વત્થામા, કૃપાચાર્ય કે કૃતવર્મા પણ એકલા પડયા તોપણ વેરને બદલે પ્રેમનો પદાર્થપાઠ ના શીખી શક્યા.

☼ ☼ ☼ ☼ ☼



## ૧૭૧. અશ્વત્થામાના મણિની પ્રાપ્તિ

સવારનો શાંત સોનેરી સમય થતાં ધૃષ્ટદ્યુમ્નના સારથિએ યુધિષ્ઠિર પાસે પહોંચીને રાતે છાવણીમાં મચાવાયેલા અશ્વત્થામાના અસાધારણ આંતકના સમાચાર સંભળાવ્યા.

એ કરૂણાતિકરુણ સમાચારને સાંભળીને યુધિષ્ઠિરની પીડાનો પાર રહ્યો નહીં.

એમના માથા પર જાણે આકાશ તૂટી પડ્યું.

ખાસ કરીને દ્રૌપદીના પુત્રોના અને દ્રુપદના પુત્રોના સંહારના સમાચાર એમને માટે અતિશય વેદનાજનક, અશાંતિકારક અને અસહ્ય થઇ પડવાથી તેઓ સ્વલ્પ સમયને માટે અચેત બની ગયા.

જ્યારે ભાનમાં આવ્યા ત્યારે પણ એ ભયંકર મર્મભેદક વિલાપ કરવા લાગ્યા.

એમના શોક તથા પશ્ચાતાપનો અંત ન હતો.

ઉપલવ્ય નગરમાંથી સૂર્યસમાન પરમપ્રકાશમય રથમાં નકુલ સાથે આવેલી દ્રૌપદી પણ એ સઘળા શોક સમાચારને સાંભળીને રડવા કકળવા લાગી અને ચિત્તની સમતુલાને ખોઇને પૃથ્વી પર પડી ગઇ.

ભાનમાં આવ્યા પછી પોતાના અસહ્ય શોકને વિવિધ પ્રકારે વ્યક્ત કરીને એણે છેવટે યુધિષ્ઠિરને જણાવ્યું કે તમે એ પાપી અશ્વત્થામાને આજે યુદ્ધમાં પરાક્રમપ્રદર્શન દ્વારા સપરિવાર સંહારી નાખો નહિ, અને એના અસાધારણ પાપકર્મનું આજે જ ફળ આપો નહિ, તો યુદ્ધક્ષેત્રમાં હું અનશનવ્રતને ધારણ કરીને બેસી જઇશ.

દ્રૌપદીના કઠોર નિર્ણયથી યુધિષ્ઠિરનું હૈયુ હાલી ઉઠ્યું એમણે એને જણાવ્યું કે અશ્વત્થામા અહીંથી ઘણે દૂર મહાઘોર વનમાં ચાલ્યો ગયો છે. અમે તેને યુદ્ધમાં મારીશું. એ વાતની તને કેવી રીતે ખબર પડશે ?

દ્રૌપદીએ જણાવ્યું કે દ્રૌણપુત્ર અશ્વત્થામાના મસ્તક પર તેના જન્મની સાથે જ ઉત્પન્ન થયેલો એક મણિ રહે છે. તમે યુદ્ધમાં એ પાપીને મારી નાંખીને એના મણિને મારી પાસે લાવો. તે મણિને જોઇને હું જાણીશ કે અશ્વત્થામા મરી ગયો છે. એ મણિને તમારા મસ્તક પર ધારણ કરાવીને જ મને નિરાંત થશે.

દ્રૌપદીએ ભીમસેનને પણ અશ્વત્થમાના નાશ માટે પ્રાર્થના અને આજ્ઞા કરી. એના વિલાપને સાંભળીને ભીમસેને અશ્વત્થામાના નાશનો નિર્ધાર કર્યો. એ સુવર્ણજડિત રથમાં નકુલને સારથિ બનાવીને બેસી ગયો.

તે પોતાની છાવણીમાંથી નીકળીને અશ્વત્થામાનો રથ જે માર્ગે થઇને આગળ ગયો હતો તે માર્ગમાં તેના ચિન્હોને ઓળખી કાઢીને સત્વર આગળ જવા લાગ્યો.

ભીમસેનના પ્રયાણ પછી શ્રીકૃષ્ણ અર્જુન અને યુધિષ્ઠિર સાથે રથમાં વિરાજીને એની રક્ષા માટે વિદાય થયા.

પુરુષોમાં વ્યાઘ્ર સરખા તે મહાપુરુષો મહાધનુર્ધારી ભીમસેન પાસે પહોંચી ગયા અને તેને આગળ જતાં અટકાવવા લાગ્યાં. પરન્તુ ભીમસેન તે ત્રણે મહાપુરુષોના દેખતાં જ ઘોડાઓને અતિવેગથી દોડાવીને ગંગા નદીના તીર તરફ જવા લાગ્યો.

ત્યાં ગંગાના તીર પર પાણીની પાસેના પ્રદેશમાં ઋષિઓની સાથે બેઠેલા યશસ્વી મહાત્મા વેદવ્યાસને જોયા. વળી તેમની પાસે જ આખા શરીરે ધૂળથી ખરડાયેલા ક્રૂરકર્મી અશ્વત્થામાને શરીર ઉપર ઘી લગાડીને તથા દર્ભની સળીઓનાં વસ્ત્રોને પહેરીને બેઠેલો જોયો.

ભીમસેને એને અવલોકીને આહ્વાન આપ્યું અને હાથમાં બાણ ચઢાવેલું ધનુષ્ય લઇને તે તેની સામે દોડી ગયો.

હાથમાં ભયંકર ધનુષ્યને ધારણ કરનારા ભીમસેનને તથા તેની પાછળ જ શ્રીકૃષ્ણના રથમાં બેઠેલા તેનાં ભાઇઓને જોઇને અશ્વત્થામા ગભરાઇ ગયો. તે સમયે તેણે બ્રહ્માસ્ત્રોનો પ્રયોગ કરવાનું જ યોગ્ય માન્યું. મનમાં ધૈર્ય ધરીને અશ્વત્થામાએ પોતાના ડાબા હાથથી દર્ભની સળીને ગ્રહણ કરીને દિવ્ય બ્રહ્માસ્ત્રનું ચિંતન કર્યું.

એણે એ દિવ્ય અલૌકિક અસ્ત્રને છોડ્યું કે તરત જ પ્રલયકાળના યમની પેઠે ત્રણે લોકોનો સંહાર ઇચ્છતો હોય તેવો પ્રજ્વલિત અગ્નિ તે દર્ભની સળીમાંથી પ્રકટવા લાગ્યો.

અશ્વત્થામાનું અસ્ત્ર બળવા લાગ્યું ત્યારે તેના તેજવર્તુલમાં દેવર્ષિ નારદે અને મહર્ષિ વ્યાસે દર્શન આપીને એ મહાભયંકર શસ્ત્રને શાંત પાડવાનો આદેશ આપ્યો.

તે બન્ને મહામુનિઓને જોઇને અર્જુન પોતાના દિવ્ય અસ્ત્રને પાછું ખેંચી લેવા તૈયાર થયો. તેણે બે હાથ જોડીને જણાવ્યું કે મારા અસ્ત્રનો પ્રયોગ અશ્વત્થામાના અસ્ત્રની શાંતિ માટે જ થયેલો છે, આપની આજ્ઞા પ્રમાણે હું જો મારા અસ્ત્રનો ઉપસંહાર કરી લઇશ તો અશ્વત્થામા પોતાના અસ્ત્રના તેજથી અમને બાળીને ભસ્મ કરી નાખશે.

અર્જુને પોતાનું અસ્ત્ર પાછું વાળી લીધું.

જે પુરુષ બ્રહ્મચર્ય વ્રતને પાળનારો હોય છે તે જ તે અસ્ત્રનો ઉપસંહાર કરી શકે છે.

અશ્વત્થામા પોતાના અસ્ત્રનો ઉપસંહાર કરવા અશક્ત બન્યો ત્યારે દીન થઇને તેણે મહર્ષિ વ્યાસને કહ્યું કે હુ મહાઘોર સંકટમાં આવી પડ્યો હતો. મારા પ્રાણનું રક્ષણ કરવા ઇચ્છતો હતો તેથી ભીમસેનના ભયને લીધે જ મેં આ અસ્ત્રનો પ્રયોગ કર્યો છે. ભીમસેને દુર્યોધનનો વધ કરવાની ઇચ્છાથી સદાચારનો ભંગ કર્યો છે. પાંડવોના વિનાશ માટેનું છોડેલું આ અસ્ત્ર આજે સર્વ પાંડવોને જીવનરહિત કરશે. પાંડવોના વધની ઇચ્છા રાખીને મેં આ અસ્ત્રનો પ્રયોગ કર્યો છે. મને લાગે છે કે મેં રોષે ઘેરાયેલા ચિત્તથી આ એક પાપકર્મ જ કર્યું છે, પરંતુ હવે તેનો કોઇ ઉપાય જ નથી.

મહર્ષિ વ્યાસે કહ્યું કે જે દેશમાં એક બ્રહ્માસ્ત્રનો બીજા બ્રહ્માસ્ત્રથી નાશ કરવામાં આવે છે તે દેશમાં બાર વર્ષ પર્યંત વૃષ્ટિ થતી નથી. મહાસમર્થ મહાબાહુ અર્જુને મનમાં પ્રજાનું હિતચિંતન કરીને તારા અસ્ત્રોનો નાશ કર્યો નથી અને પોતાના અસ્ત્રને પાછું વાળી લીધું છે. પાંડવોની, તારી અને દેશની રક્ષા થવી જોઇએ. માટે તું આ દિવ્યઅસ્ત્રોનો ઉપસંહાર કરી લે. અર્જુન તને અધર્મથી જીતવા નથી માંગતો. માટે તારા મસ્તક પરના મણિને પાંડવોને આપી દે. તે મણિ લઇને પાંડવો તને પ્રાણદાન આપશે.

અશ્વત્થામાએ કહ્યું કે પાંડવોએ અને કૌરવોએ જે ધન અને રત્નો સંપાદન કર્યા છે તે સર્વના કરતાં મારો મણિ અધિક મૂલ્યવાન છે. આ મણિને મસ્તકે બાંધવાથી શસ્ત્રોનો, વ્યાધિઓનો, ક્ષુધાનો, દેવોનો,

દાનવોનો કે સર્પોનો ભય નથી રહેતો. રાક્ષસોનો કે લૂંટારાઓનો ભય પણ નથી રહેતો. આ મણિમાં આવી શક્તિ હોવાથી મારે તેનો ત્યાગ ના કરવો જોઇએ; પરન્તુ આપની આજ્ઞા મારે પાળવી જોઇએ. મેં છોડેલી દર્ભની શલાકા પાંડવોની સ્ત્રીના ગર્ભ પર પડશે, કારણ કે તે અમોઘ અને ઉત્તમ એવા બ્રહ્માસ્ત્રથી મંત્રેલી છે. બ્રહ્માસ્ત્રનો ઉપસંહાર કરવા હું સમર્થ નથી, એથી એને હું પાંડવોની કોઇ એક સ્ત્રીના ગર્ભ ઉપર નાંખુ છું.

અશ્વત્થામાએ યુદ્ધમાં એ અલૌકિક બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો ત્યારે શ્રીકૃષ્ણે એને જણાવ્યું કે અર્જુનની પુત્રવધૂ વિરાટપુત્રી ઉત્તરા જ્યારે ઉપલવ્ય નગરમાં હતી ત્યારે એક વ્રતનિષ્ઠ બ્રાહ્મણે તેને કહ્યું હતું કે તને એક પુત્ર થશે અને તે પુત્ર જ્યારે ગર્ભમાં હશે ત્યારે જ સર્વ કૌરવોનો નાશ થશે. તેનું પરીક્ષિત નામ જગતમાં પ્રસિદ્ધ થશે. તે સત્પુરુષનું વચન સત્ય થશે. પાંડવોનો તે પુત્ર વંશની વૃદ્ધિ કરનારો થશે.

અશ્વત્થામાએ અત્યંત કોપાયમાન બનીને કહ્યું કે મારું વચન કદી પણ અન્યથા નહીં થાય. તમે વિરાટપુત્રીના ગર્ભની રક્ષા કરવા ઇચ્છો છો, પરન્તુ તેની રક્ષા નહીં થઇ શકે.

શ્રીકૃષ્ણે કહ્યું કે તારું બ્રહ્માસ્ત્ર અમોઘ હોવાથી તે ગર્ભ પર પડશે અને ગર્ભ મૃત્યુ પામશે. પરંતુ તે મરણ પામેલો ગર્ભ પુનઃ જીવન પામીને લાંબા આયુષ્યને ભોગવશે. તને તારા પાપકર્મનું ફળ અવશ્ય મળશે. તું ત્રણ હજાર વર્ષ પર્યંત આ પૃથ્વી પર ભટક્યા કરીશ. તને કોઇની સાથે સંભાષણ કરવાનું ભાગ્ય પણ નહીં મળે. કેવળ નિર્જન પ્રદેશમાં કોઇની સહાય વિના તું એકલો જ ભટક્યા કરીશ. તારા શરીરમાંથી પરુની તથા લોહીની દુર્ગંધ નીકળ્યા કરશે અને તું મહાગહન અરણ્યનો જ આશ્રય કરનારો થઇશ. વળી તું પાપાત્મા સર્વ વ્યાધિઓથી યુક્ત થઇને મહાઘોર જંગલોમાં રઝળ્યા કરીશ. તું જેનો વધ કરવા ઇચ્છે છે તે પરીક્ષિત તેની યોગ્ય વયે પહોંચ્યા પછી સંપૂર્ણ બ્રહ્મચર્યને પાળીને કૃપાચાર્યની પાસેથી સર્વ જાતનાં અસ્ત્રોને પ્રાપ્ત કરશે, ક્ષાત્રધર્મપરાયણ રહેશે, અને એક ધર્માત્મા પુરુષ તરીકે સાઠ વર્ષ પર્યંત પૃથ્વીનું પાલન કરશે. પાંડવોના સ્વર્ગારોહણ પછી પરીક્ષિત તારા દેખતાં કુરુઓનો રાજા થશે અને મહારાજા પરીક્ષિત તરીકે પ્રખ્યાતિ પામશે.

અશ્વત્થામાએ પાંડવોને મણિ અર્પણ કરી દીધો અને પોતે મનમાં ઉદાસ થઇને વનમાં ચાલ્યો ગયો.

પાંડવો તે મણિને લઇને શ્રીકૃષ્ણને આગળ કરીને મહામુનિ વ્યાસને તથા નારદને વંદન કર્યા પછી દ્રૌપદી પાસે પહોચ્યા.

દ્રૌપદીએ સઘળા સમાચારને સાંભળીને જણાવ્યું કે આ મણિને યુધિષ્ઠિર પોતાના શિર પર ધારણ કરે.

રાજા યુધિષ્ઠિરે તે મણિને ગુરુની પ્રસાદી માનીને તથા દ્રૌપદીના વચનને માન આપીને પોતાના મસ્તક પર ધારણ કર્યો એટલે દ્રૌપદીએ અનશનવ્રતનો ત્યાગ કર્યો.

અશ્વત્થામાના મણિમાં કેટલી બધી શક્તિ સમાયલી તેનો ખ્યાલ એના પોતાના મણિવિષયક વર્ણન દ્વારા સંપૂર્ણપણે આવી શકે છે. એ મણિનો એને ત્યાગ કરવો પડ્યો ત્યારે કેવું દારુણ દુઃખ થયું હશે ? પરંતુ એને માટે એના વિના બીજો કોઇ વિકલ્પ નહોતો. આજે કોઇ કોઇવાર કેટલાક પ્રવાસીઓ વાતો કરે છે કે અમે શૂલપાણેશ્વરની ઝાડીમાં અશ્વત્થામાને માથે માખણ મૂકીને ફરતો જોયો. પરન્તુ અશ્વત્થાને તો ત્રણ હજાર વર્ષ પર્યંત જ પૃથ્વી પરનાં એકાંત અરણ્યોમાં રહેવાનું કહ્યું છે એ ખાસ યાદ રાખવા જેવું છે. મહાભારતના

શ્રીકૃષ્ણના એ ઉદગારોને પ્રમાણભૂત માનીએ (અને ના માનવાનું કોઇ જ કારણ નથી) તો અશ્વત્થામા ત્રણ હજારથી વધારે વરસો વીત્યા હોવાથી હવે એ રૂપે ના હોઇ શકે એ દેખીતું છે.

બ્રહ્માસ્ત્રની પ્રતિક્રિયાની પ્રબળતાનું વર્ણન પણ મહાભારતે પોતાની વિશિષ્ટ રીતે કરી બતાવ્યું છે. બે બ્રહ્માસ્ત્ર અથડાય તો બાર વરસ સુધી વરસાદ ના વરસે અને એવાં અનેક અમંગલ ઉદભવે. એવું સમજીને એમના પ્રયોગમાંથી પ્રયોગવીરોને પાછા વાળવાના પ્રયત્નો પ્રારંભાયા. એ પ્રયત્નો સફળ થયા. આજે સર્વસંહારક અનેકવિધ અસ્ત્રોની અભિવૃદ્ધિ થઇ શકે છે અને થતી રહી છે, ત્યારે એમના આવિષ્કાર અને પ્રયોગ કરનારા કે કરવા માગનારા એમના અમંગલને અનુમાનીને એમના આવિષ્કારોને અને પ્રયોગોને તિલાંજલિ આપો એ ઇચ્છવા જેવું છે. એથી સંસારની મહામૂલ્યવાન શકવર્તી સેવા થયેલી મનાશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૭૨. વિદુરનું આશ્વાસન

પોતાના પરમપ્રિય પુત્ર દુર્યોધનના અને સમસ્ત કૌરવકુળના નાશ પછી ધૃતરાષ્ટ્રને અતિશય શોક થયો. એમણે પોતે પ્રમાદ અને મમતાવશ બનીને જે ભયંકર ભૂલ કરેલી તે - દુર્યોધનને કુમાર્ગેથી પાછા ના વાળવાની - ભૂલના એમને ભોગ બનવું પડેલું.

વિદૂરે એમને આશ્વાસન આપ્યું.

એ આશ્વાસનના કેટલાક ઉદગારો ઉલ્લેખનીય હોવાથી અહીં રજૂ કરીએ.

"પ્રાણીઓને માટે અંતે આ જ ગતિ નિર્માણ થઇ છે. સંગ્રહ કરેલા સર્વ પદાર્થો અંતે નાશવંત છે, સર્વ ઉન્નતિનું પરિણામ અંતે અવનતિરૂપ જ હોય છે. સર્વ સંયોગો અંતે વિયોગમાં પરિણામ પામે છે, અને સર્વ કોઇનું જીવન અંતે મરણરૂપે પરિણમે છે."

"સંસારમાં યૌવન અનિત્ય છે, રૂપ અનિત્ય છે, દ્રવ્યસંગ્રહ, આરોગ્ય અને પોતાના પ્રિયજનોની સાથેનો સહવાસ પણ અનિત્ય છે. પંડિત પુરૂષે તે પદાર્થોની પ્રીતિ કરવી નહીં."

"માટીનું કોઇ વાસણ ચાકડા ઉપર ચઢતાં જ નાશ પામે છે, કોઇ ચાકડા ઉપર ચઢયા પછી ઘડાતું ઘડાતું નાશ પામે છે. કોઇ ઘડાઇ રહ્યા પછી દોરા વતી કાપીને નીચે ઉતારતાં નાશ પામે છે. કોઇ ઉતાર્યા પછી નીચે પડીને નાશ પામે છે. કોઇ ભીનું ને ભીનું જ ભાંગી જાય છે, કોઇ સુકાયા પછી ભાંગે છે, કોઇ નિભાડામાં પકાવતાં પકાવતાં ભાંગી પડે છે, તો કોઇ નિભાડામાંથી બહાર કાઢીને નીચે ઉતારતાં ભાંગી પડે છે. તે જ પ્રમાણે પ્રાણીઓના શરીરો પણ ગર્ભમાં વિનાશ પામે છે. કોઇ જન્મ્યા પછી તરત નાશ પામે છે. કોઇ જન્મ્યા પછી એક દિવસને અંતરે નષ્ટ થાય છે. કોઇ જન્મ્યા પછી અર્ધમાસને અંતરે નષ્ટ થાય છે. કોઇ એક માસ વીત્યા પછી નાશ પામે છે. કોઇ એક વર્ષ પછી, કોઇ બે વર્ષ પછી, કોઇ યૌવન અવસ્થામાં આવીને, કોઇ મધ્યમ અવસ્થામાં આવીને કે વૃદ્ધાવસ્થામા આવીને વિનાશને પામે છે. સર્વ પ્રાણીઓ પોતપોતાનાં પ્રાચીન કર્મોને અનુસરીને જન્મ ધરે છે અને સમય પૂરો થતાં મરણને પામે છે. આવી અનાદિકાળની સ્વભાવસિદ્ધ પરંપરા છે."

"એક મહાન અરણ્યમાં એક બ્રાહ્મણ જઇ પહોંચ્યો. એ અરણ્ય મોટી મોટી ગર્જનાઓ કરનારા સિંહ, વાઘ, હાથી, રીંછ આદિ અનેક ભયંકર પશુઓથી ભરેલું તેમજ મહાઉગ્ર આકૃતિવાળા માંસાહારી પ્રાણીઓથી વ્યાપ્ત હતું. તે ત્રાસજનક મહાવનને જોઇને તે બ્રાહ્મણના હૃદયમાં અત્યંત ઉદવેગ થવા લાગ્યો."

"તેણે ત્યાં એક ભયંકર સ્ત્રીને પોતાના બંન્ને બાહુઓને લંબાવીને ફરતી જોઇ. પર્વતો સમાન પ્રચંડ શરીરોવાળા અને પાંચ પાંચ મસ્તકોને ધારણ કરનારા મોટા મોટા સર્પોને જોયા. એ વનના મધ્ય પ્રદેશમાં એક કૂવો હતો. તે ઘાસથી વીંટાયેલી મજબૂત લતાઓથી છેક ઢંકાઇ ગયો હતો. પેલો બ્રાહ્મણ એ કૂવામાં ગબડી પડ્યો. પરન્તુ એમાં આસપાસ અનેક લતાઓ ઊગી નીકલી હતી. બ્રાહ્મણ લતાઓનાં એ ગૂંચળાઓમાં ગૂંચવાઇ ગયો. તેના પગ ઊંચા રહી ગયા, મસ્તક નીચું રહી ગયું, અને તે કૂવામાં અધ્ધર લટકી રહ્યો. તેના મસ્તક નીચે તેણે કૂવામાં એક મહાબળવાન મોટો સર્પ જોયો. વળી કૂવાના મુખ પાસે જ મોટો હાથી જોયો. તે હાથીને છ મુખ હતાં; તે અર્ધો કાળો અને અર્ધો ધોળો હતો. તે બાર પગો વડે ધીમે ધીમે ચાલતો હતો,

અને આજુબાજુ અનેક વેલાઓથી તથા વૃક્ષોથી ઢંકાયેલો. તે કૂવામાં ઊગી નીકળેલાં વૃક્ષોની શાખાપ્રશાખાઓમાં જુદી જુદી આકૃતિવાળા અનેક ભમરાઓ બેઠેલા. તે બધા ભમરાઓનાં સ્વરૂપ ભયંકર હતાં. તે મધપૂડાને ઢાંકી રહીને બેસી રહેલા, અને મધની ઇચ્છા કરતા હતા. તે મધપૂડામાંથી અનેક મધધારાઓ ઝરી રહેલી. તે મધધારાઓને કૂવામાં લટકી રહેલો બ્રાહ્મણ એકસરખી રીતે પીધા કરતો તે બ્રાહ્મણ મહાસંકટમાં આવી પડેલો તોપણ નિરંતર મધપાન કરતાં કરતાં તેની તૃષ્ણા જરા પણ શાંત થતી ન હતી.

"જે લતાઓના આધારે તે લટકી રહ્યો હતો તે લતાઓનાં મૂળિયાને કાળા અને ધોળા રંગના ઉંદરો કોચી ખાતા હતા. આમ તે મહાભયંકર વનમાં આવી ચઢેલા એ બ્રાહ્મણને ભયંકર શિકારી પશુઓનો, પરમ ઉગ્ર સ્ત્રીનો, કૂવામાં નીચેના ભાગમાં રહેલા મોટા સર્પનો, કૂવાના મોઢા ઉપર ઊભેલા હાથીનો, પોતે જેના આધારે લટકી રહ્યો હતો તે વૃક્ષને ઉંદરોના કાપવાથી તૂટી પડવાનો, અને મધનો લોભ હોવાને લીધે ભમરાઓના કરડવાનો ભય હતો, છતાં પણ પોતાના જીવનની આશામાં ખેદ થતો નહોતો."

"મેં તમને જે કાંઇ કહ્યું તે તો મોક્ષવેત્તા પુરુષોએ વર્ણવેલું એક દૃષ્ટાંત છે. તે રૂપક દ્વારા જ્ઞાન મેળવીને મનુષ્ય પુણ્યમાર્ગે ચાલે છે.

જે ઘોર વનનું વર્ણન કરવામાં આવ્યું તેને ગહન સંસાર સમજવો. વનનાં શિકારી પશુઓને સંસારના વ્યાધિઓ સમજવા. અરણ્યમાં મહાપ્રચંડ શરીરવાળી જે સ્ત્રી વર્ણવી હતી, તેને વિદ્વાનો વૃદ્ધાવસ્થા કહે છે. તે વૃદ્ધાવસ્થા મનુષ્યોના રૂપનો તથા વર્ણનો વિનાશ કરે છે. અરણ્યમા જે કૂવાનું વર્ણન કરવામાં આવ્યું તેને પ્રાણીઓનું શરીર સમજવું. એ કૂવાના નીચેના ભાગમાં જે મોટો સર્પ હોય તેને કાળ સમજવો. તે કાળ સર્વ ભૂતોનો અંતક છે અને સર્વ પ્રાણીઓના સર્વસ્વનું હરણ કરનારો છે. કૂવાના મધ્યપ્રદેશમાં લતાઓના ગૂંચળાઓમાં તે મનુષ્ય લટકી રહ્યો હતો તેને પ્રાણીઓની જીવિતાશા સમજવી. કૂવાના ઉપરના ભાગમાં મુખબંધન પર જે હાથી ઊભેલો તેને સંવત્સર સમજવો. તે હાથીના બાર પગ તે સંવત્સરના બાર મહિના સમજવા. કૂવામાં પુરુષ જેના આધારે લટકી રહેલો તે વૃક્ષના મૂળિયાને કોચી ખાનારા કાળાધોળા ઉંદરોને રાત્રિદિવસ સમજવા. વૃક્ષના ભમરાઓ એટલે કામવાસનાઓ. કૂવામાં મધધારાઓ ઝરતી હતી તેમને કામવાસનાઓના રસ સમજવા. તે રસાસ્વાદમાં મનુષ્યો લીન રહે છે. સંસારચક્રના એવા પરિવર્તનને વિદ્વાનો જ સમજી શકે છે અને તેવા વિદ્વાનો જ યોગ્યરૂપી તલવારની મદદથી સંસારચક્રને તોડી નાખે છે."

સંજયે પણ ધૃતરાષ્ટ્રને આશ્વાસન આપતાં જણાવ્યું કે તમે પુત્રપ્રેમને લીધે તેનું પ્રિય કરવાની ઇચ્છા કરી હતી અને તેથી જ તમને આવો પશ્ચાતાપ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે. માટે હવે તમારે શોક કરવો યોગ્ય નથી. જેમ કોઇ મનુષ્ય કેવળ મધ તરફ જ દૃષ્ટિ રાખીને તેને લેવા જતાં પર્વતના શિખર પરથી પડી જવાનું જોતો નથી, અને મધના લોભથી પડી જઇને અંતે પશ્ચાતાપ કરે છે, તેમ તમે પણ આરંભમાં વિચાર કર્યા વિના હવે પશ્ચાતાપ કરો છો. શોક કરનારા મનુષ્યને અર્થપ્રાપ્તિ થતી નથી; અન્ય કોઇ ફળ મળતું નથી; લક્ષ્મી મળતી નથી; મોક્ષ મળતો નથી. જે પુરુષ પોતે જ અગ્નિને ઉત્પન્ન કરે છે અને એ અગ્નિને વસ્ત્રથી ઢાંકી દેવા જતાં બળી જાય છે તેમજ તેથી મનમાં પશ્ચાતાપ કરે છે તે પુરુષ પંડિત નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૭૩. યુદ્ધોત્તર પ્રતિક્રિયા

કૌરવકુળના સર્વસંહારના સમાચાર સાંભળીને ધૃતરાષ્ટ્ર અતિશય શોકમગ્ન બની ગયાં. રડવા તથા કકળવા લાગ્યા.

અમને મહર્ષિ વ્યાસે પણ આશ્વાસન આપ્યું.

વિદૂરની સૂચના તથા પ્રેરણાથી એ કૌરવોની મરણોત્તર ક્રિયા કરવા માટે તૈયાર થઇને કૌરવકુળની કેટલીક સ્ત્રીઓ અને કુંતી તથા દ્રૌપદી સાથે હસ્તિનાપુરની બહાર નીકળ્યા.

એમને મળવા માટે શ્રીકૃષ્ણ સાત્યકિ, યુયુત્સુ તથા પાંડવો સાથે આવી પહોંચ્યા.

ધૃતરાષ્ટ્ર એ પ્રસંગે પણ પોતાના વેર તથા પ્રતિશોધભાવને ભૂલી કે શાંત કરી ના શક્યા.

એ આંખથી અંધ તો હતા જ પરંતુ વિવેકાંધ પણ પુરવાર થયા.

એમનો ક્રોધ તેમજ પ્રતિશોધભાવ પરાકાષ્ઠા પર પહોંચી ગયો.

પુત્રોના નાશથી વિહ્વળ થઇને તથા શોકાતુર બનીને તે મનમાં પ્રીતિ ન હતી તો પણ શિષ્ટાચારને અનુસરીને, પુત્રોનો નાશ કરનાર યુધિષ્ઠિરને ભેટ્યા. પછી એમણે અગ્નિની પેઠે ભીમસેનને બાળી નાખવાની ઇચ્છા કરી. તેમનો ક્રોધાગ્નિ શોકરૂપી વાયુના પ્રચંડ પ્રહારથી ભડભડાટ બળવા અને ભીમસેનરૂપી અરણ્યને બાળી નાખવા ઇચ્છતો હોય તેમ દેખાવા લાગ્યો. પરંતુ શ્રીકૃષ્ણ ભીમસેન પ્રત્યેના એમના અશુભ આશયને પ્રથમથી જ સમજી ગયા હતા. તેથી તેમણે ભીમસેનને એક તરફ હટાવી દઇને ભીમસેનની લોખંડની મૂર્તિને ધૃતરાષ્ટ્રના બાહુપાશમાં ગોઠવી દીધી. શ્રીકૃષ્ણ મહાબુદ્ધિમાન અને ચતુર હોવાથી ધૃતરાષ્ટ્રના દુષ્ટ અમંગલ આશયને પ્રથમથી જ જાણી ગયેલા. એમણે દુર્યોધને ઘડાવેલી ભીમસેનની લોહમય મૂર્તિને મંગાવી રાખેલી. એ મૂર્તિને ધૃતરાષ્ટ્રની આગળ ધરી દીધી.

ધૃતરાષ્ટ્રે ભીમસેનની એ લોહમય મૂર્તિને સત્ય ભીમસેન માનીને જોરથી આલિંગન આપ્યું એટલે એ મૂર્તિના ભાંગીને ભુક્કા થઇ ગયા. ધૃતરાષ્ટ્રમાં દસ હજાર હાથીઓના બળ જેટલું બળ હતું. પરંતુ તે કર્મને લીધે તેમની છાતીમાં ભયંકર વેદના થવા લાગી, મુખમાંથી લોહી નીકળવા લાગ્યું, અને જોતજોતામાં તો સમસ્ત શરીરે લોહીલુહાણ થઇને તે પૃથ્વી પર પડવા લાગ્યા.

સમીપમાં ઊભેલા સંજયે તેમને પકડી રાખ્યા અને શાંત પાડવા માંડ્યા.

એ સહેજ સ્વસ્થ થયા એટલે શ્રીકૃષ્ણે એમની આગળ ભીમસેનની લોહમૂર્તિના નાશની સત્ય વાતને પ્રગટ કરી અને જણાવ્યું કે ભીમસેનની લોહમય પ્રતિમાને મેં પ્રથમથી જ મંગાવી રાખેલી. તેને તમારી આગળ ધરી દીધેલી. તમારું મન સંતાનોના શોકથી સંતપ્ત બનેલું અને અધર્મમય થયેલું તેથી તમે ભીમસેનને મારી નાખવાની ઇચ્છા કરેલી, પરંતુ તમે કદાચ ભીમસેનને મારી નાખત તોપણ, તમારા પુત્રો કોઇ રીતે જીવતા ના થાત. માટે શોકમુક્ત બનો અને વેરને તિલાંજલિ આપો.

જે રાજા બુદ્ધિને સ્થિર કરીને પોતાના દોષોને તથા દેશકાળના વિભાગને જાણે છે, તે રાજા પરમ શ્રેયને પામે છે. પરંતુ જે રાજા સુહૃદવર્ગના કહેવા છતાં હિત, અહિત અથવા કલ્યાણની વાતનો સ્વીકાર કરતો નથી, અને અનીતિને માર્ગે આગળ ચાલે છે, તે રાજા આપત્તિમાં આવી પડે છે અને શોક કરે છે.

તમારું વર્તન બીજા પ્રકારના રાજા જેવું હતું. તમારો આત્મા તમને પોતાને આધીન ન હતો. તમે કેવળ દુર્યોધનને જ વશ થઇ રહ્યા હતા. તમારા પર આ સમયે જે આપત્તિ આવી છે તેમાં તમારો પોતાનો જ અપરાધ કારણભૂત છે. તો પછી ભીમસેનને મારી નાખવા શા માટે ઇચ્છો છો ? જે ક્ષુદ્ર દુર્યોધને પાંડવો સાથેની સ્પર્ધાને લીધે પાંચાલીને સભામાં ઘસડી મંગાવેલી તે દુર્યોધનને કેવળ વેરનો બદલો લેવા ભીમસેને મારી નાખ્યો છે. તમે તમારા પોતાના દુરાત્મા પુત્રના અપરાધ તરફ દૃષ્ટિ કરો. તમે નિર્દોષ પાંડવોનો પરિત્યાગ કર્યો હતો.

શ્રીકૃષ્ણના શબ્દોને સાંભળીને ધૃતરાષ્ટ્રનો ક્રોધ શાંત થયો.

હવે મહાભારતમાં વર્ણવેલી ગાંધારીની પ્રતિક્રિયાથી પણ પરિચિત થઇએ.

પાંડવો ધૃતરાષ્ટ્રની આજ્ઞા લઇને શ્રીકૃષ્ણ સાથે ગાંધારી પાસે પહોંચ્યા.

યુધિષ્ઠિરને પોતાની પાસે આવેલા જાણીને પુત્રોના શોકથી સંતપ્ત ગાંધારીએ શાપ આપવાની ઇચ્છા કરી પરંતુ પાંડવો પ્રત્યેના એના અશુભ અભિપ્રાયને પ્રથમથી જ જાણી લઇને મહર્ષિ વ્યાસ મનસમાન વેગને ધારણ કરીને એ પ્રદેશમાં આવી પહોંચ્યા. ભગવાન વેદવ્યાસ સર્વ પ્રાણીઓના હૈયામાં રહેલા આશયને દિવ્યદૃષ્ટિથી જોઇ શક્તા હતા; અને તેથી જ ગાંધારીનો અભિપ્રાય તેમના જાણવામાં આવી ગયો હતો. તેમણે ગાંધારીને હિતવચનો કહેવા માંડ્યા. તે દ્વારા શાંતિ પ્રવર્તાવી.

ભીમસેને પણ કેટલાંક સમયોચિત સ્પષ્ટીકરણ કરીને ગાંધારીને ડંખરહિત કરવાનો પ્રયત્ન કર્યો.

તેણે જણાવ્યું કે દુઃશાસનનું રુધિર મારા અધરોષ્ઠથી આગળ મારા મુખમાં ગયું જ નથી. માત્ર મારા બે હાથ જ તેના રુધિરથી ખરડાયેલા. એ વાતને સૂર્યપુત્ર કર્ણ સારી પેઠે જાણતો હતો. પૂર્વે જુગાર રમાઇ ગયા પછી દુઃશાસને દ્રૌપદીનો ચોટલો પકડીને તેને જ્યારે સભામાં ઘસડી હતી ત્યારે ક્રોધાવેશને લીધે હું પ્રતિજ્ઞાવચન બોલ્યો હતો તે મારા હૃદયમાં ઘોળાયા કરતા. પ્રતિજ્ઞાવચનનું જો હું પાલન ના કરું તો ક્ષાત્રધર્મથી ભ્રષ્ટ થયેલો ગણાઉં અને મારે ચિરકાળપર્યંત નરકવાસ કરવો પડે. એથી જ મેં એવું કામ કર્યું હતું. માટે મારા પર દોષદૃષ્ટિ કરવી યોગ્ય નથી.

ગાંધારી બોલી કે મારા પુત્રોના કાળરૂપ તેં મારા એક જ પુત્રને બાકી રાખીને જો ક્ષાત્રધર્મનું પાલન કર્યું હોત તો મને આવું દુઃખ ના થાત.

પુત્રોના તથા પૌત્રોના નાશથી અતિ આતુર બનેલી ગાંધારીએ ક્રોધપૂર્વક પૂછ્યું કે યુધિષ્ઠિર ક્યાં છે ?

યુધિષ્ઠિર બે હાથ જોડીને તેમની પાસે પહોંચ્યા, અને બોલ્યા કે તમારા પુત્રોનો નાશ કરનારો યુધિષ્ઠિર આ રહ્યો. યુધિષ્ઠિર જ્યારે શરીરને નમાવીને તેમના ચરણે પડવા ગયા ત્યારે દીર્ઘદૃષ્ટિવાળી ધર્મજ્ઞ દેવી ગાંધારીએ નેત્રો પર બાંધેલા વસ્ત્રના અંતરમાંથી રાજાની આંગળીઓનાં ટેરવાં ઉપર દૃષ્ટિપાત કર્યો એટલે તરત જ રાજા યુધિષ્ઠિરના સુંદર નખ એકદમ શ્યામ થઇ ગયા.

એ જોઇને અર્જુન કૃષ્ણની પાછળ છુપાઇ ગયો. પાંડવો નાસભાગ કરવા લાગ્યા. ત્યારે દેવી ગાંધારીનો ક્રોધ દૂર થયો. અને એણે માતાની પેઠે તેમને શાંત પાડ્યા.

ધૃતરાષ્ટ્રની તથા ગાંધારીની યુદ્ધોત્તર પ્રતિક્રિયાનું એ વર્ણન સૂચવે છે કે સંગ્રામો નાના હોય કે મોટા, તોપણ પોતાની પાછળ પ્રતિશોધભાવ, પીડા અને અશાંતિને મૂકી જાય છે. જીતનાર અને હારનાર કોઇને

પણ સંપૂર્ણ શાંતિ નથી આપતા. સદા માટે અકલ્યાણકારક ઠરે છે. માટે પ્રયાસ તો એવા કરવા જોઇએ કે એ થાય જ નહીં અને થયા હોય તો સત્વર શમી જાય. એમની પાછળની પ્રેરકવૃત્તિ, સ્વાર્થ, લોભ, મોહ, અહંકાર, દ્વેષાદિમાંથી મુક્તિ મેળવવામાં આવે તો માનવ એમની વિઘાતક અસરમાંથી બચી શકે અને બીજાને બચાવી શકે.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૭૪. ગાંધારીનો શાપ અને ઉત્તરક્રિયા

ગાંધારીએ પોતાના પુત્રો, સ્વજનો અને અન્ય યોદ્ધાઓના સ્વર્ગવાસના સમાચારથી અતિશય શોકાતુર અને ઉદ્વિગ્ન બનીને યુદ્ધભૂમિનું અવલોકન કર્યું.

એ અવલોકન અત્યંત કરુણ થઇ પડ્યું.

રણભૂમિમાં દુર્યોધન, દુઃશાસન, વિકર્ણ, અભિમન્યુ, કર્ણ, જયદ્રથ, ભીષ્મપિતામહ, ભરિશ્રવા તથા દ્રોણાચાર્ય જેવા લોકોત્તર કૌરવયોદ્ધાઓને કાળના ગ્રાસ થયેલા જોઇને એનું કાળજું કકળવા લાગ્યું.

એને જીવન નિરર્થક અથવા નિરસ દેખાયું.

એણે શ્રીકૃષ્ણને કરુણાર્દ્ર સ્વરે કહેવા માંડયું કે તમારી સાથે રહેનારા પાંડવો ખરેખર અવધ્ય જ છે. તેથી દ્રોણાચાર્ય, ભીષ્મ, કર્ણ, કૃપાચાર્ય, દુર્યોધન, અશ્વત્થામા, જયદ્રથ, સોમદત્ત, વિકર્ણ અને શૂરવીર કૃતવર્માના સપાટામાંથી છૂટી ગયા છે. અરેરે ! કાળનો પલટો તો જુઓ. જે શૂરવીરો શસ્ત્રોના વેગથી સાક્ષાત દેવોને પણ મારી શકે તેવા સમર્થ હતા તે યુદ્ધમાં માર્યા ગયા છે. દેવને કોઇ પણ કાર્ય કરવામાં પરિશ્રમ પડતો નથી. કારણ કે આ શૂર ક્ષત્રિય વીરો સામાન્ય ક્ષત્રિયોના હાથે પણ માર્યા ગયા છે. તમે પ્રથમ જ્યારે સંધિ કરવાની ઇચ્છા સાથે હસ્તિનાપુરમાં આવેલા અને ત્યાંથી નિષ્ફળ થઇને ઉપલવ્યનગર તરફ પાછા ગયેલા ત્યારે જ મારા બળવાન પુત્રો મરણને પામી ચૂકેલા. શાંતનુકુમાર ભીષ્મે તથા મહાબુદ્ધિમાન વિદુરે મને ત્યારે જણાવેલું કે ગાંધારી તમારા પુત્રો પરના સ્નેહને હવે છોડી દેજો. એમની એ ભવિષ્યવાણી સાચી હતી. માટે તો મારા પુત્રો જોતજોતામાં નાશ પામ્યા.

શ્રીકૃષ્ણને એવું કહીને શોકથી મૂર્છિત થયેલી ગાંધારી ધૈર્યરહિત થઇને ધરતી પર ઢળી પડી. તેના વિજ્ઞાનનો નાશ થઇ ગયો. તે પુત્રોના શોકમાં ડૂબી ગઇ. તેની ઇન્દ્રિયો વ્યાકુળ થઇ ગઇ. આ સર્વસંહારનો સર્વદોષ શ્રીકૃષ્ણનો જ છે એમ માનીને અતિશય કોપાયમાન બનીને બોલી કે પાંડવો અને કૌરવો પરસ્પર વેર કરીને મૃત્યુ પામ્યા તોપણ તમે શા માટે તેમના નાશની ઉપેક્ષા કરી ? તમે શક્તિમાન હતા, તમારી પાસે અનેક સેવકો હતા; તમારી પાસે મહાન સૈન્ય હતું; અને શાસ્ત્રકુશળતા તથા વાકપટુતાને લીધે તમે ઉભય પક્ષનું સમાધાન કરવામાં સમર્થ હતા, છતાં પણ તમે જાણી જોઇને કુરુઓના નાશની ઉપેક્ષા કરી છે. માટે તેના ફળને જરૂર પામશો. મેં મારા પતિની સેવા દ્વારા આજ પર્યંત જે તપોબળને પ્રાપ્ત કર્યું છે તે દુર્લભ તપોબળના સામર્થ્યથી તમને શાપ આપું છું કે પરસ્પર બંધુ સંબંધથી જોડાયેલા કૌરવ પાંડવો અન્યોન્યનો સંહાર કરવા તત્પર થયા ત્યારે તમે તેમની ઉપેક્ષા કરી છે, માટે તમે પણ તમારા બંધુઓનો સંહાર કરનારા થઇ પડશો. આજથી છત્રીસમે વરસે તમારા સર્વ બંધુઓ, મંત્રીઓ તથા પુત્રોનો નાશ થઇ જશે અને તમે પોતે પણ વનમાં વિચરશો. તમે અનાથ પેઠે અજ્ઞાત થઇ જશો. અને લોકોમાં તમારી ઓળખ પણ નહીં પડે. અંતે અતિનિંદ્ય રીતે મરણ પામશો. ભરતકુળની સ્ત્રીઓ પોતાના પુત્રોનો, સંબંધીઓનો તથા બાંધવોનો નાશ થવાથી રોકકળ કરે છે તેમ, તમારા યાદવકુળની સ્ત્રીઓ તેવાં જ હેતુથી રોકકળ કરશે.

ગાંધારીના ઘોર શાપ વચનને સાંભળીને શ્રીકૃષ્ણે સ્મિત કરીને જણાવ્યું કે જેને માટે મેં પ્રથમથી જ નિશ્ચય કરેલો તે કાર્યને તમે શાપ દ્વારા સિદ્ધ કર્યો છે. હું જાણું છું કે યાદવો તેવા દૈવીયોગથી જ નાશ

પામવાના છે. યાદવકુળનો નાશ કરી શકે તેવો મારા વિના બીજો એક પણ પુરુષ આ જગતમાં નથી. મનુષ્ય દેવો કે દાનવો પણ યાદવોનો નાશ કરવા સમર્થ નથી. તેઓ પરસ્પર યુદ્ધ કરીને જ નાશ પામશે. ભગવાન કૃષ્ણે કહ્યું કે હવે શોકને દૂર કરો. કૌરવો કેવળ તમારા અપરાધથી નાશ પામ્યા છે. દુર્યોધન દુરાત્મા હતો, ઇર્ષાળુ હતો, અત્યંત અભિમાની અને પાપી હતો. તોપણ તમે તેનું સન્માન કરતાં અને તેને સૌથી સારો માનતા. સર્વની સાથે વેર કરનાર અને વૃદ્ધપુરુષોનું પણ અપમાન કરનારા એ ક્રુર પુરુષને સારો માનીને તમે પોતે જ દોષનો મારા પર આરોપ કરવાની શા માટે પ્રવૃત્તિ કરો છો ? જે મનુષ્ય પોતાના મરી ગયેલા અથવા નાસી ગયેલા સંબંધીનો શોક કરે છે તે ઘણું જ દુઃખ પામે છે.

શોકસંતપ્ત ગાંધારીએ શ્રીકૃષ્ણને શાપ આપ્યો તોપણ શ્રીકૃષ્ણ સ્વસ્થ અને શાંત રહ્યા અને સ્મિતને સાચવી શક્યા એ શું સૂચવે છે ? એ જ કે એ સંસારમાં હતા તોપણ સંસારની પ્રતિક્રિયાથી પર હતા. મનના, ઇન્દ્રિયોના સ્વામી, પ્રકૃતિના નિયંતા, પ્રભુ અથવા અધિષ્ઠાતા હતા માટે જ એ અચળ રહ્યા નહીં તો ગાંધારીને સામે શાપ આપી શકત. ગાંધારીનું વ્યક્તિત્વ એમની આગળ સાંસારિક અને સાધારણ લાગે છે. માનવની સાત્વિકતા શીલસંપત્તિ અને શાંતિની કસોટી અનૂકૂળતામાં થાય છે તેના કરતા પ્રતિકૂળતા દરમિયાન વધારે થતી હોય છે. શ્રીકૃષ્ણ પરિસ્થિતિથી પર હતા. પર રહ્યા. મહામાનવો એવા જ હોય છે.

ધૃતરાષ્ટ્રની જિજ્ઞાસાના જવાબમાં યુધિષ્ઠિરે જણાવ્યું કે મહાભારતના મહાયુદ્ધમાં છાસઠ કરોડ, એક લાખ અને ત્રીસ હજાર યોદ્ધાઓ મરણ પામ્યા. તેમાં ચોવીસ હજાર, એકસો ને પાંસઠ યોદ્ધાઓ તો બંને પક્ષમાંથી કોઇના જાણીતા ન હતા.

યુધિષ્ઠિરે તેમની ગતિનું પણ મરણોત્તર વર્ણન કર્યું.

તેમને તીર્થયાત્રા પ્રસંગે તેવું વિશિષ્ટ જ્ઞાન પણ દેવર્ષિ લોમશનાં દર્શનથી અને સમાગમથી પ્રાપ્ત થયેલું.

ધૃતરાષ્ટ્રના આદેશ અનુસાર યુધિષ્ઠિરે સૌની ઉત્તર ક્રિયા કરાવી.

તેમણે કર્ણની ક્રિયા કરાવીને કહ્યું કે મેં પાપીએ મારા મોટા ભાઇ કર્ણને મારી માતા કુંતીના ગુપ્તમંત્રને નહીં જાણવાથી મરાવી નાખ્યો છે. માટે હું કહું છું કે કોઇ પણ સ્ત્રીના હૃદયમાં હવે પછી કોઇ પણ ગુપ્ત વાત ટકી શકે નહીં.

એ પછી એ ગંગાસ્નાન માટે વિદાય થયા.

મહાભારતના મહાયુદ્ધમાં કૌરવપાંડવોના કેટલા બધા યોદ્ધાઓ મરાયા ? એનો છાસઠ કરોડ, એક લાખ, ત્રીસ હજારનો જે ચોક્કસ આંકડો યુધિષ્ઠિર દ્વારા આપવામાં આવ્યો એ આંકડા પરથી અનુમાન થાય છે કે એ વખતે એટલે કે મહાભારતના મહાભીષણ યુદ્ધકાળ દરમ્યાન સમસ્ત દેશની વસ્તી એથી પણ વધારે, ખૂબ જ વધારે હોવી જોઇએ. છાસઠ કોટિનો અર્થ છાસઠ પ્રકાર કરવામાં આવે તો તે વર્ણનને બીજી રીતે વાંચી વિચારી શકાય. પરંતુ કરોડનો નિર્દેશ હજાર તથા લાખની પહેલા આવતો હોવાતી એ નિર્દેશ સંખ્યાસૂચક નથી પરંતુ પ્રકારસૂચક છે એવું માનવાનું મન સહેલાઇથી ના થાય એવું છે.

યુધિષ્ઠિરમાં આવેલી એવા સુનિશ્ચિત સંખ્યાજ્ઞાનની અને યોદ્ધાઓની મરણોત્તર ગતિના જ્ઞાનની શક્તિ મહામુનિ લોમશના અલૌકિક અનુગ્રહથી આવિર્ભાવ પામેલી એવા સ્પષ્ટીકરણ દ્વારા લોકોત્તર મહાપુરુષોના દર્શન સમાગમ શુભાશીર્વાદના અમોઘ અસીમ સામર્થ્ય પ્રત્યે અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે.

યુદ્ધમાં મૃત્યુ પામેલા વિરોધી વીરયોદ્ધાઓની પણ વિધિપૂર્વક ઉત્તરક્રિયા કરીને યુધિષ્ઠિરે દર્શાવ્યું કે એમની માનવતા મરી પરવારી નહોતી. સંઘર્ષ સિદ્ધાંતને માટે અન્યાય, અશુભ, અનાચાર સામે હોઇ શકે, પરંતુ તેમાં તથા તે પછી માનવતાનો મૃત્યુઘંટ ના વાગવા દેવાય. માનવે તો દાનવ બનવાને બદલે દાનવતાને દફનાવી દઇને માનવ જ રહેવું જોઇએ.

☼ ☼ ☼ ☼ ☼

# શાંતિ પર્વ

# ૧૭૫. શંખ અને લિખિત

મહાભારતના શાંતિપર્વમાં આવેલા રાજધર્માનુસાર પર્વના ૨૩મા અધ્યાયમાં શંખ અને લિખિતની ઉપકથા કહેવામાં આવી છે. એના પ્રત્યે અંગુલિનિર્દેશ કરી લઇએ.

શંખ અને લિખિત બે ભાઇ હતા.

તેઓ બહુદા નામની નદી પાસે પુષ્પો અને ફળોથી ભરેલા વૃક્ષોવાળા બે આશ્રમોમાં તીક્ષ્ણ વ્રતને ધારણ કરીને રહેતા હતા.

એક દિવસ લિખિત ફરતો ફરતો શંખના આશ્રમમાં પહોંચ્યો; પણ દૈવેચ્છાએ તે વખતે શંખ આશ્રમમાંથી બહાર ગયેલો.

લિખિત પોતાના ભાઇ શંખના આશ્રમમાં આવીને સારાં પાકેલાં ફળોને જોઇને તે ફળોને નિરાંતે બેસીને ખાવા લાગ્યો.

તે સમયે શંખ આશ્રમમાં આવી પહોંચ્યો અને તેણે લિખિતને ફલાહાર કરતો જોઇને સઘળી વાતને જાણીને જણાવ્યું કે તેં તારી મેળે ફળને તોડીને ચોરીનું જ કર્મ કર્યું છે, માટે રાજા પાસે જઇને કહે કે મેં કોઇને પૂછ્યા વિના ફળો તોડીને ચોરીનું કર્મ કર્યું છે. મને ચોર જાણીને તમે સ્વધર્મનું પાલન કરો અને ચોરને જે શિક્ષા કરવામાં આવતી હોય તે મને પણ કરો.

શંખના વચનોને માન્ય કરીને લિખિત રાજા સુદ્યુમ્નની પાસે જવા નીકળ્યો.

રાજા સુદ્યુમ્ન પ્રધાનોને સાથે લઇને પગે ચાલતો લિખિતની સામે આવ્યો અને મહાધર્મવેત્તા લિખિતને એના આગમનનું પ્રયોજન પૂછ્યું.

લિખિતે જણાવ્યું કે મેં મારા મોટાભાઇની આજ્ઞા લીધા વિના તેના આશ્રમમાંથી ફળ તોડીને ખાધાં છે. મેં ચોરીનું કર્મ કર્યું છે. હું ચોર છું. માટે ચોરને જે શિક્ષા થવી જોઇએ તે જ શિક્ષા મને સત્વર કરો.

સુદ્યુમ્ન રાજાએ લિખિતને ઘણો ઘણો સમજાવ્યો છતાં તેણે ચોરીની શિક્ષા વિના બીજું કાંઇ પણ માંગ્યું નહીં. તેથી લાચાર રાજાએ લિખિતના બંને હાથ કપાવી નાખ્યા. એ રીતે રાજાએ જ્યારે શિક્ષા કરી ત્યારે લિખિત ત્યાંથી પોતાના મોટાભાઇના આશ્રમમાં આવ્યો અને દુઃખી થઇને બોલ્યો કે મારી દુર્બુદ્ધિને લીધે આ પ્રમાણે શિક્ષા થઇ છે માટે હવે મારા અપરાધને આપ ક્ષમા કરો.

શંખે કહ્યું કે તને શિક્ષા થઇ છે છતાં તું મારા ઉપર દોષારોપણ કરતો નથી તેથી મને તારા પર લેશ પણ ક્રોધ થતો નથી. તેં ધર્મનું ઉલ્લંઘન કરેલું તેથી તને આવી શિક્ષા થઇ. પરંતુ હવે તું સત્વર બાહુદા નદી પર જઇને વિધિપૂર્વક દેવોનું, ઋષિઓનું, પિતૃઓનું તર્પણ કર. તારા મનને કદી પણ અધર્મ તરફ જવા દઇશ નહીં.

શંખના શબ્દો સાંભળીને લિખિત બહુદા નદી પર ગયો. ત્યાં જઇને એણે પવિત્ર નદીમાં સ્નાન કરીને તર્પણક્રિયા માટે આરંભ કર્યો કે તરત જ તેના ઠૂંઠા બાહુઓમાંથી કમળ સરખા નવા હાથ પ્રગટ થઇ ગયા. તે જોઇને તેને ઘણો જ વિસ્મય થયો.

શંખે એ જોઇને કહ્યું કે મેં મારા તપના પ્રભાવથી આ બધું કર્યું છે. તેમાં શંકા ના કરીશ. દૈવ સર્વ કાંઇ કરી શકે છે.

લિખિત બોલ્યો કે તમારા તપનું આટલું બધું સામર્થ્ય છે તો પછી તમે મને પ્રથમ જ કેમ પવિત્ર ના કર્યો ?

શંખે કહ્યું કે તું કહે છે તે બરાબર હોવાં છતાં મારે તેમ કરવું યોગ્ય ન હતું. મારાથી તને કદી પણ શિક્ષા કરી શકાય નહીં. કારણ કે અપરાધીઓને શિક્ષા કરવાનો ધર્મ રાજાઓને જ છે; બ્રાહ્મણોને નથી. રાજા સુદ્યુમ્ન તને શિક્ષા કરીને સ્વધર્મના પાલનને લીધે પવિત્ર થયો છે. અને તું પણ એ શિક્ષાને સ્વીકારીને પિતૃઓની સાથે પવિત્ર થયો છે.

મહાભારતની એ ઉપકથા સૂચવે છે કે એ કાળ દરમિયાન ચોરીના દંડ તરીકે કઠોર શિક્ષા ફરમાવવામાં આવતી. લિખિતે પોતાના વડીલબંધુ શંખના આશ્રમનાં ફળોને એની અનુપસ્થિતિમાં એને પૂછ્યા વગર આરોગ્યાં એને ચોરીનું કર્મ ગણીને કેટલો કઠોર દંડ કરવામાં આવ્યો ? રાજાની અનિચ્છા છતાં એ દંડને માંગી લેવામાં આવ્યો. અત્યારે તો સમાજમાં જુદી જુદી જાતની ચોરીઓ થાય છે. પોતાના હકનું ના હોય તેવું લેવાય છે ને ભોગવાય છે. એ બધી ચોરી ચોરી માનવા-મનાવવામાં પણ નથી આવતી. માનવ એવી બધી ચોરીઓમાંથી મુક્તિ મેળવે તો સમાજ સ્વસ્થ બની શકે.

શંખે લિખિતના હાથને પાછા લાવી દીધા એ બતાવે છે કે તે વખતે તપ, સત્યસંકલ્પ અને ધર્માચરણનો મહિમા ખૂબ જ હતો. એ સદાને સારું શ્રેયસ્કર હોય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૭૯. કૃષ્ણની અલૌકિકતા

મહાભારતના ઉલ્લેખાનુસાર સંગ્રામમાં કૌરવો પર વિજય મેળવ્યા પછી યુધિષ્ઠિર પાંડવો તથા દ્રૌપદી સાથે હસ્તિનાપુરમાં પ્રવેશ્યા ત્યારે એમનું અભૂતપૂર્વ સ્વાગત કરવામાં આવ્યું.

એ પછી એક ધન્ય દિવસે એમનો વિધિપૂર્વક રાજ્યાભિષેક થયો.

ભાગ્યચક્રનું એ અવનવું પ્રેરક પરિવર્તન.

ભાગ્યચક્ર એવી રીતે શુભાશુભ પરિવર્તન પામ્યા કરે છે.

શુભ પરિવર્તન સુખ આપે છે અને અશુભ પરિવર્તન દુઃખ.

જીવન સુખ તથા દુઃખના, શાંતિ અને અશાંતિના, લાભાલાભના, જયપરાજયના, અને જન્મમરણના અથવા સર્જન-વિસર્જનના સંગમસ્થળ સમાન છે.

કોઇ એને પામીને પ્રસન્નતાને અનુભવે છે તો કોઇ અપ્રસન્નતાને.

કોઇ હસે છે તો કોઇ રડે છે.

કોઇ આગળ વધે છે તો કોઇ પાછળ પડે છે.

કોઇ એને આશીર્વાદરૂપ સમજે છે તો કોઇ અભિશાપસ્વરૂપ.

રાજ્યાભિષેકને લીધે જીવનને મંગલ મહોત્સવમય માનીને યુધિષ્ઠિર સૌનો સમુચિત સત્કાર કરીને શ્રીકૃષ્ણ પાસે પહોંચ્યા ત્યારે શ્રીકૃષ્ણ મણિ તથા સુવર્ણથી સુશોભિત સુંદર પલંગ પર પ્રસન્નતા તથા શાંતિપૂર્વક વિરાજેલા.

એ જાજ્વલ્યમાન શરીરવાળા અને દિવ્ય અલંકારોથી સુશોભિત જણાતા હતા. તેમણે પીતાંબરને ધારણ કર્યું હતું. તેમના વક્ષઃસ્થળમાં જાણે સુવર્ણમાં જડ્યો હોય તેવો કૌસ્તુભમણિ વિરાજી રહ્યો હતો. એ ઉદયાચલના શિખર ઉપર આરૂઢ થયેલા સૂર્યદેવ જેવા શોભી રહેલા.

શ્રીકૃષ્ણને વિચારલીન થયેલા જોઇને યુધિષ્ઠિરે પૂછયું કે આપ વિચારમગ્ન થયા છો ? તમે જાગૃતિ, સ્વપ્ન અને સુષુપ્તિથી પર રહેલા ચોથા તુરીય માર્ગમાં સ્થિત થયા છો. તમે સૂક્ષ્મ શરીરે ક્યાંક ગયા હો એવું લાગે છે. તમે કાષ્ઠ, ભીંત કે શિલાની પેઠે નિશ્ચેષ્ટ દેખાવ છો. વાયુરહિત પ્રદેશમાં રહેલો દીપક જેમ સ્થિર થઇને પ્રકાશે છે તેમ તમે પણ સ્થિર થઇ ગયા છો, અને પાષાણની પેઠે નિશ્ચલ દેખાવ છો. હું આપને શરણે આવી યાચના કરું છું કે, આપ જે વિચારમાં મગ્ન થયા છો તે જો ગુપ્ત ન હોય તથા મારે સાંભળવા યોગ્ય હોય તો મને કહો અને મારો સંશય દૂર કરો.

યુધિષ્ઠિરની પ્રાર્થનાને લક્ષમાં લઇને શ્રીકૃષ્ણ બોલ્યા કે શાંત થયેલા અગ્નિની પેઠે બાણશય્યામાં પોઢેલા ભીષ્મે મારું ધ્યાન કર્યું તેથી મારું મન તેની પાસે પહોંચી ગયું. ભીષ્મ પિતામહના ધનુષની દોરીના ટંકારને સાક્ષાત્ દેવરાજ પણ સહન કરી શકતો ન હતો તે ભીષ્મની પાસે હું મન દ્વારા ગયો હતો, જેણે પૂર્વે સમસ્ત રાજમંડળને બળપૂર્વક જીતીને કાશીરાજની અંબા, અંબાલિકા અને અંબિકા નામની ત્રણ રાજકન્યાઓનું હરણ કર્યું હતું. અને તે પૈકી બે કન્યાઓ પોતાના ભાઇ સાથે પરણાવી હતી. તે ભીષ્મની પાસે હું મન દ્વારા ગયો હતો. જેણે તેવીસ દિવસ સુધી પોતાના ગુરુ પરશુરામ સાથે યુદ્ધ કરીને તેમને હંફાવ્યા હતા;

તે ભીષ્મની પાસે હું મન દ્વારા ગયો હતો. પિતામહ ભીષ્મ ઇન્દ્રિયોને, મનને અને બુદ્ધિને મારામાં સ્થાપીને મારે શરણે આવ્યા હતા. તેથી મારું મન તેમની પાસે ગયું હતું.

ભીષ્મ પોતાનાં સુકૃત્યોને લીધે સ્વર્ગારોહણ કરશે ત્યારે પૃથ્વી અજ્ઞાનરૂપી અંધકારથી વ્યાપ્ત થઇ જશે. માટે ગંગાપુત્ર ભીષ્મ સ્વર્ગારોહણ કરે તે પહેલાં તમે તેમની પાસે પહોંચીને તેમનાં ચરણમાં મસ્તક નમાવીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષના સંબંધમાં પ્રશ્નો પૂછો. બ્રાહ્મણાદિ ત્રણ વર્ણો માટેના યજ્ઞાદિ વિશિષ્ટ ધર્મો પૂછો, બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ તથા સંન્યાસ એ ચારે આશ્રમોના ધર્મોને અને સમગ્ર રાજધર્મોને પૂછો. ભીષ્મનો અસ્ત થશે ત્યારે સર્વ પ્રકારના જ્ઞાનોનો પણ અસ્ત થશે માટે તેમની પાસે પહોંચીને જ્ઞાનોપદેશને ગ્રહણ કરો.

યુધિષ્ઠિરે જણાવ્યું કે મારા ઉપર અનુગ્રહ કરવાનો આપનો સંકલ્પ હોય તો અમે બધા આપને અગ્રેસર કરીને ભીષ્મની પાસે જઇએ. આપ અમારા અગ્રેસર બનો. ભગવાન સૂર્યદેવ ઉત્તરાયણના થશે એટલે ભીષ્મ પિતામહ દિવ્યલોકમાં પ્રયાણ કરશે માટે આપનું દર્શન કરવાને તે યોગ્ય છે.

યુધિષ્ઠિરની પ્રાર્થનાના પ્રત્યુત્તરમાં શ્રીકૃષ્ણ અગ્રેસર થઇને ભીષ્મ પાસે જવા તૈયાર થયા.

ભગવાન શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને ભીષ્મ પિતામહ પાસે પહોંચીને એમના જ્ઞાનામૃતનો લાભ લેવાનો આદેશ આપ્યો, એનો અર્થ એવો થાય છે કે શ્રીકૃષ્ણ ગુણદર્શી અને ગુણાનુરાગી હતા. જ્ઞાનના પ્રશંસક અથવા પૂજારી હતા. યુધિષ્ઠિર એમની પાસે પહોંચ્યા ત્યારે એ સમાધિદશામાં લીન જેવા હતા અને મનથી ભીષ્મ પિતામહ પાસે પહોંચી ગયેલા. એ ઘટના દર્શાવે છે કે એમની પાસે દૂર-સુ-દૂર પહોંચી જવાની અસાધારણ આત્મશક્તિ હતી. યુધિષ્ઠિરે પ્રાર્થના કરી તો એના પ્રત્યુત્તર રૂપે એ પણ ભીષ્મની પાસે પહોંચવા માટે તૈયાર થયા. એ પ્રસંગ પરથી એમની અસાધારણ નમ્રતા અને વડીલો કે ગુરુજનો અથવા પ્રાજ્ઞ પુરુષો પ્રત્યેની અસીમ શ્રદ્ધાને પ્રગટ કરે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૭૭. ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ

સૂર્ય ઉત્તરાયણના થતાં ભીષ્મ પિતામહે સાવધાન બનીને મનને આત્મામાં સ્થિર કર્યું.

તે વખતે એ પરમપ્રકાશિત પ્રભાકરની પેઠે પ્રકાશમય દેખાયા.

એમની પાસે અનેક પ્રાતઃસ્મરણીય પરમાત્માના પરમ કૃપાપાત્ર ઋષિઓ આવી પહોંચ્યા.

એ સૌની સમુપસ્થિતિમાં એમણે શરશય્યા પર સૂતાંસૂતાં બે હાથ જોડીને વિશુદ્ધ અંતઃકરણથી ભગવાન કૃષ્ણનું ધ્યાન કર્યું અને એમની સ્તુતિ કરવા માંડી.

ભીષ્મ પિતામહની ભક્તિભાવનાને યોગબળ દ્વારા જાણી લઇને ભગવાન કૃષ્ણે એમની પાસે પહોંચીને એમને અલૌકિક આત્મજ્ઞાન પ્રદાન કર્યું.

પોતાની અસાધારણ આત્મશક્તિથી અનુગ્રહની એવી સૂક્ષ્મ વર્ષા વરસાવ્યા પછી શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરાદિ સત્પુરુષો સાથે સ્થૂળરૂપે એમની સમક્ષ ઉપસ્થિત થયા.

ભીષ્મ પિતામહે શરશય્યા પરથી ધ્યાનમગ્ન બનીને કરેલી શ્રીકૃષ્ણના સ્તુતિ અતિશય આહ્લાદક અને રોચક છે. એ સ્તુતિ પુરવાર કરે છે કે ભીષ્મ પિતામહ શ્રીકૃષ્ણને કેવળ માનવ નહોતા માનતા પરંતુ પરમાત્મા સમજતા હતા. એમની પ્રેમપ્રશસ્તિમાં એમની એ ભાવનાના પ્રતિધ્વનિ પડેલા છે.

એ સ્તુતિ અથવા પ્રેમપ્રશસ્તિનો આંશિક પરિચય પ્રાપ્ત કરીએ તો એ અસ્થાને નહિ લેખાય.

એ આંશિક પરિચય આ રહ્યોઃ (અધ્યાય ૪૭)

आरिराधयिषुः कृष्णं वाचं जिगदिषामि याम् ।
तया व्याससमासिन्या प्रीयतां पुरुषोत्तमः ॥१६॥
शुचिं शुचिपदं हंसं तत्पदं परमेष्ठिनम् ।
मुकत्वा सर्वात्मनात्मनं तं प्रपद्य प्रजापतिम् ॥१७॥
अनाद्यत् परं ब्रह्म न देवा नर्षयो विदुः ।
एकोऽयं वेद भगवान् धाता नारायणो हरिः ॥१८॥
य़स्मिन् विश्वानि भूतानि तिष्ठंतिच विशंतिच ।
गुणभूतानि भूतेशे सूत्रे मणिगणा इव ॥२१॥
अतिवाप्निन्द्रकर्माणमणिसूर्याति तेजसम् ।
अतिबुद्धीन्द्रियात्मानं तं प्रपद्ये प्रजापतिम् ॥३१॥
पुराणे पुरुषं प्रोक्तं ब्रह्म प्रोक्तं युगादिषि ।
क्षये संकर्षणं प्रोक्तं तमुपास्यमुपास्मोह ॥३२॥
ऋतमेकाक्षरं ब्रह्म यत्तत् सदसतोः परम्
अनादिमध्यपर्यन्तं न देवा नर्षयो विदु ।
यं सुरासुरगंधर्वाः सिद्धा ऋषिमहोरगाः ॥३५॥
प्रयता नित्यमर्चन्ति परमं दुखभेषजम् ।

अनादिनिधनं देवमात्मयोनिं सनातनम् ॥३६॥
यः शेते योगमास्याय पर्यके नागभूषिते ।
फणासहस्त्ररचिते तस्मै निद्रात्मने नमः ॥४८॥
अपुण्यपुण्योपरमे यं पुनर्भवनिर्भया ।
शांताः संन्यासिनेः यान्ति तस्मै मोक्षात्मने नमः ॥५५॥
यं न देवा न गंधर्वा न दैत्या न च दानवाः ।
तत्वतो हि विजानंति तस्मै मोक्षात्मने नमः ॥७४॥
यस्मिन्सर्वं यतः सर्व यः सर्वं सर्वतश्च यः ।
यश्च सर्वमयो नित्यं तस्मै सर्वात्मने नमः ॥८३॥
विश्वकर्मन् नमस्तेऽस्तु विश्वात्मन् विश्वसंभव ।
अपवर्गस्थ भूतानां पंचानां परतः स्थित ॥८४॥
नमो ब्रह्मण्देवाय गोब्राह्मणहिताय च ।
जगद्विताय कृष्णाय गोविंदाय नमोनमः ॥९४॥
त्वां प्रपन्नाय भक्ताय गतिमिष्टां जिगीषवे ।
य च्छ्रेयः पुंडरीकाक्षः तदधयायस्व सुरोत्तम ॥९७॥
इति विद्यातपोयोनिरयोनिर्विष्णुरीडितः ।
वाग्यज्ञेनर्चितो देवः प्रीयतां मे जनार्दनः ॥९८॥
नारायणः परं ब्रह्म नारायणः परं तपः ।
नारायणः परा देवः सर्वं नारायणः सदा ॥९९॥

એ શ્લોકોનો ભાવાર્થ આ પ્રમાણેઃ

શ્રીકૃષ્ણની આરાધના કરવાની ઇચ્છાથી હું જે વાણીનો ઉચ્ચાર કરું છું તે વિસ્તૃત અથવા સંક્ષિપ્ત વાણીથી પુરુષોત્તમ શ્રીકૃષ્ણ મારા પર પ્રસન્ન થાવ.

સ્વ-પર દોષથી રહિત, દોષશૂન્ય માર્ગ દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય, સર્વના કરતાં અધિક શક્તિમાન, તત્વમસિ એ મહાવાક્યના તત્ પદના અર્થભૂત-ઇશ્વર, સર્વના આત્મારૂપ તથા હિરણ્યગર્ભ સ્વરૂપ શ્રીકૃષ્ણને સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ શરીરના અહંભાવનો ત્યાગ કરીને હું શરણે જઉં છું.

આદિ તથા અંતરહિત જે પરબ્રહ્મને દેવો કે ઋષિઓ જાણતા નથી તે પરબ્રહ્મને સર્વના ઉત્પાદક તથા સંહારક ભગવાન નારાયણ જાણે છે.

સર્વ ભૂતોના નિયંતા એવા જે પરમાત્મામાં માળાના મણકાઓ જેમ સૂત્રમાં ગૂંથાઇને રહે છે તેમ સત્વાદિ ગુણવાળા આ સર્વ સ્થાવર જંગમ ભૂતસમુદાયો રહેલા છે, તથા અંતે-સૃષ્ટિના પ્રલય સમયે, તે પરમાત્મામાં લીન થઇ જાય છે.

વાયુ તથા ઇન્દ્રના કરતાં પણ અધિક પરાક્રમી, સૂર્યના કરતાં પણ અધિક તેજસ્વી અને બુદ્ધિ, ઇન્દ્રિય તથા મનથી અગોચર એવા પ્રજાપતિ શ્રીકૃષ્ણને હું શરણે જાઉં છું.

જેને સૃષ્ટિના આરંભમાં 'પુરુષ' નામથી તથા બ્રહ્મ નામથી કહ્યા છે, તથા સૃષ્ટિના પ્રલય સમયે સંકર્ષણ નામથી વર્ણવ્યા છે તે ઉપાસના કરવા યોગ્ય શ્રીકૃષ્ણ ભગવાનની અમે ઉપાસના કરીએ છીએ.

સત્યસ્વરૂપ, કાર્યકારણથી પર, આદિ, મધ્ય અને અંતથી રહિત તથા એકાક્ષર બ્રહ્મ સ્વરૂપ જે ભગવાનને દેવો તથા ઋષિઓ પણ જાણી શકતા નથી તેને શરણે જાઉં છું.

દુઃખના પરમ ઔષધરૂપ, આદિ અને અંતરહિત, સ્વયંભૂ તથા સનાતન એવા જે દેવની દેવો અસુરો, ગંધર્વો, સિદ્ધો ઋષિઓ અને નાગરાજાઓ પ્રયત્નશીલ થઇને નિત્ય પૂજા કર્યા કરે છે, તે દેવને હું શરણે જઉં છું.

જે યોગની ધારણા કરીને હજારો ફણાઓથી યુક્ત શેષનાગરૂપી ભવ્ય પલંગ પર શયન કરે છે તે નિદ્રાત્મા ભગવાનને હું નમસ્કાર કરું છું.

પુણ્યપાપની નિવૃત્તિ થઇ ગયા પછી પુનર્જન્મના ભયથી મુક્ત થયેલા શાંત સંન્યાસીઓ જેને પામે છે તે મોક્ષરૂપ પરમાત્માને હું નમસ્કાર કરું છું.

દેવો, ગંધર્વો, દૈત્યો કે દાનવો જેને યથાર્થ રીતે જાણી શક્તા નથી તે સૂક્ષ્મમૂર્તિ પરમાત્માને હું નમન કરું છું.

જેનામાં આ સર્વ જગત નિવાસ કરી રહ્યું છે, જેનાથી સર્વ જગતની ઉત્પત્તિ થાય છે, જે સર્વસ્વરૂપ છે, જે સર્વત્ર વ્યાપક છે, જે નિત્ય સર્વમય છે, તે સર્વસ્વરૂપ પરમાત્માને નમસ્કાર કરું છું.

હે વિશ્વસૃષ્ટા ! હું તમને નમસ્કાર કરું છું. હે વિશ્વાત્મન્ ! હે વિશ્વોત્પાદક ! હે મોક્ષસ્વરૂપ ! હે પાંચેય ભૂતોથી પર રહેલા ! તમને હું નમસ્કાર કરું છું.

હે કમળ સમાન નેત્રવાળા ઉત્તમદેવ ! હું આપનો ભક્ત છું. ઇષ્ટગતિ મેળવવા ઇચ્છું છું અને આપને શરણે આવેલો છું. માટે મારા શ્રેયસ્કર માર્ગનું તમે ચિંતન કરો.

આ રીતે વિદ્યા અને તપના કારણભૂત શ્રી વિષ્ણુનું મેં સ્તવન કર્યું છે, તથા વાણીરૂપી યજ્ઞ દ્વારા પૂજન કર્યું છે. તેથી જનાર્દન શ્રી વિષ્ણુદેવ મારા પર પ્રસન્ન બનો.

નારાયણ પરબ્રહ્મસ્વરૂપ છે. નારાયણ જ પરમદેવ છે, તથા સર્વદા સર્વવસ્તુ નારાયણસ્વરૂપ જ છે.

ગાયો, બ્રાહ્મણો તથા સર્વજગતનું હિત કરનાર, વેદવાણીનું રક્ષણ કરનાર તથા બ્રહ્મનિષ્ઠ જ્ઞાની પુરુષોના પરમ ઇષ્ટદેવ શ્રીકૃષ્ણને મારા અનેકવાર નમસ્કાર હો.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૭૮. શ્રીકૃષ્ણનું ભીષ્મને વરદાન

શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરાદિ પાંડવો, કૃપાચાર્ય તથા સાત્યકિ સાથે ઓઘવતી નદીના વિશાળ તટ પર વિસ્તરેલા કુરૂક્ષેત્રના પુણ્યપ્રદેશમાં જઇ પહોંચ્યા.

પોતપોતાના રમણીય રથમાંથી નીચે ઉતરીને પગપાળા ચાલીને, એ સઘળા શરશય્યા પર શયન કરી રહેલા ભીષ્મ પિતામહની પાસે પહોંચી ગયા.

શ્રીકૃષ્ણે એમને કુશળ સમાચાર પૂછ્યા તથા એમની સાથે જ્ઞાનયુક્ત વિવિધ વાર્તાલાપ કર્યો.

એમણે એમને ઉપસંહારમાં જણાવ્યું કે તમારા વર્તમાન જીવનના ત્રીસ દિવસો હવે શેષ રહ્યા છે. તે ત્રીસ દિવસોમાં સો દિવસો દરમિયાન કરી શકાય તેટલું સત્કર્મ કરીને, તમારા પાર્થિવ શરીરને છોડીને તમે દિવ્યલોકમાં પ્રયાણ કરશો. તમારા દિવ્યલોકના પ્રયાણ પછી જગતનાં વિજ્ઞાનોનો સર્વ પ્રકારે નાશ થશે. એ હકીકતને સમજી લઇને આ સઘળા તમારી પાસેથી ધર્માધર્મનું ગૂઢ વિવેચન સાંભળવા અહીં એકઠા થયા છે. માટે સ્વજનોના સ્વર્ગવાસથી શોકિત યુધિષ્ઠિરને ધર્મ અને અર્થવિષયક સર્વોત્તમ શાસ્ત્રસંમત સ્વાનુભવસંપન્ન સદ્દુપદેશ આપીને સંપૂર્ણપણે શોકમુક્ત કરો.

શ્રીકૃષ્ણના શબ્દો સાંભળીને ભીષ્મ પિતામહ હર્ષમાં મગ્ન બનીને બોલ્યા કે હું તમારી ઉપસ્થિતિમાં શું અને કેવી રીતે બોલી શકું ?

બાણોના પ્રહારને લીધે મારું મન વ્યથિત થઇ ગયું છે, શરીરના સર્વ અવયવોમાં ભારે વેદના થાય છે, અને મારી બુદ્ધિ પ્રસન્નતારહિત થઇ ગઇ છે. વિષ તથા અગ્નિ સમાન દાહ કરનારાં આ બાણોના પ્રહારને લીધે મને એટલી બધી પીડા થાય છે કે કોઇ જાતનું સંભાષણ કરવા માટે મારી પ્રતિભા કામ જ કરી શકતી નથી. મારામાં કોઇ જાતની સ્કુર્તિ જ નથી.

મારું બળ મને જાણે છોડી જતું હોય તેમ લાગે છે. મારા પ્રાણો ઉતાવળ કરી રહ્યા છે. મારા મર્મભાગોમાં બળતરા થઇ રહી છે, અને મારું ચિત્ત ભ્રમિત થઇ ગયું છે. હું એટલો બધો શક્તિહીન થઇ ગયો છું કે અવિચ્છિન્ન રીતે બોલી શકતો નથી. માટે કૃપા કરી મને ક્ષમા કરો. તમારી સમક્ષ બોલતાં બૃહસ્પતિને પણ ભય ઉત્પન્ન થાય તો પછી મારી શી વિસાત ? મને દિશાઓનું, આકાશનું, પૃથ્વીનું પણ ભાન નથી. હું તો કેવળ તમારા વીર્યપ્રભાવથી આ સ્થિતિમાં પણ જીવી રહ્યો છું. માટે તમે જ ધર્મરાજાને જે કાંઇ હિતોપદેશ આપવો હોય તે આપો. તમે શાસ્ત્રોના પણ શાસ્ત્ર છો.

શ્રીકૃષ્ણે કહ્યું કે તમે જે કહ્યું તે યોગ્ય જ છે. હું તમને પ્રસન્નતાપૂર્વક વરદાન આપું છું. મારા પ્રસાદથી તમને ગ્લાનિ, મૂર્છા, દાહ, વ્યથા, ક્ષુધા કે તૃષા કોઇ જાતની અસર કરી શકશે નહીં. વળી હે નિર્દોષ ભીષ્મ ! તમારા અંતઃકરણમાં સર્વ પ્રકારનાં જ્ઞાન સ્કુરશે અને તમારી બુદ્ધિ કોઇ વિષયમાં પણ સ્ખલન નહીં પામે. તમારું મન નિત્ય સત્વગુણમાં સ્થિર રહેશે, અને મેઘમંડળથી મુક્ત થયેલા ચંદ્રની જેમ રજોગુણ તથા તમોગુણથી મુક્ત રહીને નિર્મળ થશે. તમે જે કાંઇ ધર્મવિષયક અથવા અર્થવિષયક ચિંતન કરશો તેમાં તમારી બુદ્ધિ સર્વોત્તમ રીતે આગળ વધશે. નિર્મળ જળમાં માછલી જેમ સર્વ પદાર્થોને જાઇ શકે છે - તમે જન્મમરણ પામતી પ્રજાઓને જ્ઞાનદૃષ્ટિ દ્વારા યથાર્થ રીતે જોઇ શકશો.

તે પછી વ્યાસાદિ મહર્ષિઓએ ઋગવેદ, યજુર્વેદ અને સામવેદનાં મંત્રવચનોથી શ્રીકૃષ્ણની સ્તુતિ કરી.

શ્રીકૃષ્ણ તથા પાંડવો ભીષ્મ પિતામહની આજ્ઞા લઇને તેમની પ્રદક્ષિણા કરીને પોતપોતાના સુંદર રથો પર બેઠા, અને હસ્તિનાપુરમાં પ્રવેશ કરીને રાજપ્રાસાદમાં વિશ્રામ કરવા લાગ્યા.

મહાભારતનો એ પ્રસંગ શ્રીકૃષ્ણની લોકોત્તર શક્તિ પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે. એ અસામાન્ય અલૌકિક શક્તિને લીધે જ એ ભીષ્મ પિતામહને ક્લેશમુક્ત કરી શક્યા. શ્રીકૃષ્ણના વ્યક્તિત્વને સંપૂર્ણપણે સમજવા માટે એ પ્રસંગનું પરિશીલન ઉપયોગી થઇ પડે તેવું છે.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૭૯. ભીષ્મ પિતામહ પાસે

મહાભારતના શાંતિપર્વની અંતર્ગત આવેલા રાજધર્માનુશાસન પર્વના ૫૩માં અધ્યાયના આરંભમાં કરાયેલું વર્ણન ભગવાન શ્રીકૃષ્ણની દિનચર્યા સાથે આંશિક સંબંધ ધરાવતું હોવાથી સવિશેષ મહત્વ ધરાવે છે. એ દૃષ્ટિએ એના પ્રત્યે અંગુલિનિર્દેશ કરીએ તો એ અસ્થાને નહિ લેખાય.

એ વર્ણન પ્રમાણે મધુસૂદન શ્રીકૃષ્ણ હસ્તિનાપુરમાં પ્રવેશીને રાતે શયનમંદિરમાં નિદ્રાધીન થયા અને અર્ધપ્રહર જેટલી રાત શેષ રહી ત્યારે જાગ્રત થયા.

એમણે સઘળી જ્ઞાનેન્દ્રિયોને તથા બુદ્ધિને સ્થિર કરીને ધ્યાનમાં પ્રવેશીને પરબ્રહ્મ પરમાત્માની અંદર પોતાના મનને મુક્ત કર્યું.

તે ધ્યાનાદિક ક્રિયા થઇ રહી એટલે સ્તુતિની પદ્ધતિને તથા પુરાણને જાણનારા, સારી પેઠે કેળવાયેલા, પ્રાભાતિક મંગલપાઠકો જગતના સ્ત્રષ્ટા પ્રજાના પતિ શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા.

મૃદંગ વગાડનારા ગવૈયાઓ મંગલપાઠો ભણવા લાગ્યા, પ્રભાતિયાં ગાવા લાગ્યા, અને બીજા હજારો વાદક પુરુષો શંખ, મૃદંગ જેવાં વાદ્યો વગાડવા લાગ્યા.

વીણા, પણવ, વાંસળી જેવા વાજિંત્રોનો અતિ મનોહર સ્વર જાણે શ્રીકૃષ્ણના રાજમહેલનો વિસ્તીર્ણ હાસ્યધ્વનિ હોય તેમ, સર્વ તરફ સંભળાવા લાગ્યો.

શ્રીકૃષ્ણે સ્નાન કર્યું. ગુપ્તમંત્રનો જપ કર્યો. અને અગ્ન્યાધાન કરીને નિત્યકર્મના અંગભૂત હોમ કર્યો. એ પછી એમણે ચારે વેદોને જાણનારા એક હજાર બ્રાહ્મણોને એકેક હજાર ગાયોનું દાન આપ્યું, અને બ્રાહ્મણો દ્વારા સ્વસ્તિવચન કરાવ્યું.

એ પછી એમની સૂચના પ્રમાણે યુધિષ્ઠિરે અર્જુન સાથે ભીષ્મ પિતામહ પાસે પહોંચવા માટે પ્રયાણ કર્યું.

સારથિ દારુકે બલાહક, મેઘપુષ્પ, શૈબ્ય અને સુગ્રીવ નામના શ્રીકૃષ્ણના ઘોડાઓને હંકાર્યા એટલે તે મહાબળવાન ઘોડાઓ આકાશને ગળી જતા હોય તેમ અતિશય વેગથી પૃથ્વીને ખરીઓથી ખોદી નાખતા આગળ વધવા લાગ્યા.

જોતજોતામાં તો મહાસમર્થ ભીષ્મ બાણશય્યામાં પોઢયા હતા ત્યાં કુરુક્ષેત્રમાં તે મહાપુરુષો આવી પહોંચ્યા.

ભીષ્મ પિતામહના દર્શન થતાંની સાથે જ શ્રીકૃષ્ણ, યુધિષ્ઠિર, ભીમસેન, નકુલ, સહદેવ તથા સાત્યકિ પોતપોતના રથોમાંથી ઊતરી પડયા.

ભીષ્મ પિતામહ વીરશય્યામાં સૂતા હતા ત્યારે નારદજી જેવા કેટલાયે ઋષિઓ કુરુક્ષેત્રમાં આવ્યા હતા.

દિવ્ય જ્ઞાનસંપન્ન દેવર્ષિ નારદે પાંડવોને તથા યુદ્ધના અંતે બચી ગયેલા રાજાઓને જણાવ્યું કે ભીષ્મને તમારે જે વિષયના પ્રશ્નો પૂછવા હોય તે પૂછી લો કારણ કે તેઓ સૂર્યની પેઠે અસ્ત પામવાની તૈયારી પર છે. તેઓ પ્રાણત્યાગ કરવા ઇચ્છે છે.

દેવર્ષિ નારદે એ પ્રમાણે કહ્યું ત્યારે સર્વ રાજાઓ પોતપોતાના પ્રશ્નો પૂછવા માટે ભીષ્મ સમીપે ગયા.

યુધિષ્ઠિરની વિનતિને માન આપીને શ્રીકૃષ્ણે ભીષ્મ પિતામહની પાસે પહોંચીને તેમના કુશળ સમાચાર પૂછ્યા તો ભીષ્મે જણાવ્યું કે મારા શરીરમાં દાહ, મોહ, શ્રમ, દુઃખ, ગ્લાનિ અને વ્યથા થતાં હતાં તે તમારી કૃપાથી નાશ પામ્યાં છે. હે પરમ તેજસ્વી પ્રભુ ! ભૂતકાળના, ભવિષ્યના તથા વર્તમાનકાળના સર્વ વિષયોને હું હાથમાં રહેલા ફળની પેઠે પ્રત્યક્ષ જોઇ શકું છું. હે અચ્યુત ! તમારા વરપ્રદાનના પ્રભાવથી વેદ અને વેદાંતમાં કહેલા ધર્મોનુ જ્ઞાન હું સારી પેઠે જાણી શક્યો છું. હે જનાર્દન ! શિષ્ટપુરુષોએ જે ધર્મનું પ્રવચન કર્યું છે તે મારા હૃદયમાં જ છે; અને દેશ તથા જાતિ તથા કુળના ધર્મોનું પણ મને જ્ઞાન થઇ ગયું છે. ચારે આશ્રમોના ધર્મોમાં જે અર્થ રહ્યો છે, તે તથા રાજાઓના સમગ્ર ધર્મોને પણ હું જાણી શક્યો છું. માટે હે જનાર્દન ! હવે જે વિષયના સંબંધમાં જે કાંઇ કહેવું હશે તે બધું હું કહી શકીશ. કારણ કે તમારા અનુગ્રહથી મારા અંતઃકરણમાં શુભ બુદ્ધિએ નિવાસ કર્યો છે. તમારા ધ્યાનના બળથી હું એક તરુણ મનુષ્યના જેવો બળવાન બની ગયો છું. તમારી કૃપાથી સર્વ વિષયોનો શ્રેયસ્કર ઉપદેશ આપવા સમર્થ છું. પરંતુ તમે પોતે જ યુધિષ્ઠિરને કલ્યાણમાર્ગનો ઉપદેશ કેમ નથી આપતા ?

શ્રીકૃષ્ણે જણાવ્યું કે હું જ યશનું તથા શ્રેયનું મૂળ છું. સર્વ સત્-અસત્ પદાર્થોની મારામાંથી જ ઉત્પત્તિ થઇ છે. ચંદ્રના કિરણો શીતળ હોય છે એમ કહેવાથી કોને વિસ્મય થાય ? મારા યશની પરિપૂર્ણતાના સંબંધમાં કોને આશ્ચર્ય થાય છે ? પરંતુ મારે તમારા યશને વિશ્વમાં વિસ્તારવો છે. માટે જ મેં તમને વિશાળ બુદ્ધિ અર્પણ કરી છે. જ્યાં સુધી પૃથ્વી અચળ રહેશે ત્યાં સુધી તમારી કિર્તી પણ અક્ષય કહીને સર્વલોકમાં સંચાર કરશે. યુધિષ્ઠિરને તમે જે હિતોપદેશ આપશો તે વેદવચનની પેઠે સર્વસામાન્ય થઇને પૃથ્વી પર સ્થિર રહેશે. તમારા તે હિતોપદેશને પ્રમાણ માનીને જે મનુષ્ય પોતાના અંતઃકરણને પરમાત્માની સાથે જોડી દે તે મનુષ્ય પોતાના મરણ પછી સર્વ પ્રકારનાં પુણ્યફળોનો અનુભવ કરશે. તમારી કિર્તી જગતમાં વિસ્તારને પામે. એવો વિચાર કરીને મેં તમારામાં દિવ્યબુદ્ધિને સ્થાપિત કરી છે; યુદ્ધમાંથી ઊગરેલા રાજાઓ પોતાના ધાર્મિક સંશયો સાથે તમારી આસપાસ બેસી ગયા છે; માટે તેમને ધર્મોપદેશ આપો, તમે વયોવૃદ્ધ છો. શાસ્ત્રોક્ત આચાર અને જ્ઞાનથી સંપન્ન છો, તથા વર્ણાશ્રમના ધર્મોમાં તથા રાજાઓના ધર્મોમાં કુશળ છો. જન્મથી આરંભીને આજ દિન પર્યંત તમારામાં કોઇ પણ જાતનું પાપ કોઇ પણ વ્યક્તિના જોવામાં આવ્યું નથી. તેમ જ સર્વ રાજાઓ પણ તમને સર્વ ધર્મોના જ્ઞાતા જાણે છે. માટે તે રાજાઓને પિતા જેમ પુત્રને નીતિનું શિક્ષણ આપે તેમ તમે ધર્મનું શિક્ષણ આપો.

શ્રીકૃષ્ણના આદેશને અનુસરીને ભીષ્મ પિતામહ યુધિષ્ઠિરના જિજ્ઞાસામૂલક ધર્મવિષયક પ્રશ્નોના પ્રત્યુત્તર આપવા તૈયાર થયા.

શ્રીકૃષ્ણે પોતે સઘળા પ્રશ્નોના સંતોષકારક પ્રત્યુત્તરો પ્રદાન કરી શકે તેમ હોવા છતાં ભીષ્મ પિતામહના યશને વિસ્તારવા માગતા હતા. એની સ્પષ્ટતા એમણે પોતે જ કરી. એ વસ્તુ કેટલી બધી રોચક તથા પ્રેરક છે. મહાપુરુષો અન્યના ગુણદર્શનથી પ્રસન્નતા પામે છે, પોતાના યશને બદલે અન્યના યશને વધારવાની ઇચ્છા રાખે છે, ને પ્રવૃત્તિ કરે છે. શ્રીકૃષ્ણના ઉદગારો પરથી અને એ ઉદગારો પછીની પવિત્ર પ્રવૃત્તિ પછી એ સ્પષ્ટ થાય છે.


શ્રીકૃષ્ણની અલૌકિક શક્તિને લીધે ભીષ્મ પિતામહને સંજીવન સાંપડ્યું. એની પ્રતીતિ ભીષ્મના પોતાના શબ્દો પરથી થઇ રહે છે.

શ્રીકૃષ્ણે વર્ણવેલી ભીષ્મ પિતામહના વ્યક્તિત્વની વિશદતા અને દેવર્ષિ નારદે એમના સંબંધમાં ભાખેલી ભવિષ્યવાણી ખાસ નોંધપાત્ર છે.

☼ ☼ ☼ ☼ ☼

# [ સમાપ્ત ]

## About the Author



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી 'મા' ના દર્શન માટે વિરહાતુર પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહિંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, દસ ઉપનિષદ, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદભૂત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

* * *

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas)

**ગદ્યકાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite

**ગીતો** હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) ▪ ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર)

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ ▪ સાંઈ સંગીત

**મહાકાવ્યો** રામાયણ દર્શન ▪ શ્રીરામ કથામૃત ▪ કૃષ્ણ રુકમિણી ▪ ગાંધી ગૌરવ ▪

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪

**પદ્યાનુવાદ** રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન

**પ્રવચનો** અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ

**પ્રસંગો** ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**પ્રવાસ** તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન


**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ

**વાર્તાઓ** રોશની

**નાટક** રામનું હૃદય

*

## Shri Yogeshwarji : An introduction



(15th August, 1921 – 18th March 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

* ૐ *